પંચાશક પ્રકરણ ગુજરાતી ભાવાનુવાદ

સમર્થ શાસ્ત્રકાર પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરિવિરચિત

સમર્થ ટીકાકાર પૂજ્ય આચાર્ય શ્રી યશોભદ્રસૂરિવિરચિત

પંચાશક પ્રકરણ

ગુજરાતી ભાવાનુવાદ

* સંપાદક *

મુનિ ધર્મરત્નવિજય ગણી

Manav Kalyan Sansthan

॥ શ્રી શત્રુંજયતીર્થ મંડન શ્રી આદિનાથાય નમઃ ॥
॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ ઐં નમઃ ॥

સમર્થ શાસ્ત્રકાર પૂજ્યઆચાર્ય શ્રી હરિભદ્રસૂરિવિરચિત
સમર્થ ટીકાકાર પૂજ્ય આચાર્ય શ્રી યશોભદ્રસૂરિવિરચિત

પંચાશક પ્રકરણ
ગુજરાતી ભાવાનુવાદ

-: સંપાદક :-
મુનિ ધર્મરત્નવિજય ગણી

-: પ્રકાશક :-
માનવ કલ્યાણ સંસ્થાન - અમદાવાદ.

ગ્રંથનામ : પંચાશક પ્રકરણ

ગ્રંથકર્તા : પ્રાતઃ સ્મરણીય સમર્થ શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિ મહારાજા

ટીક્કાર : સમર્થ ટીકાકાર શ્રી યશોભદ્રસૂરિ મહારાજા

ગ્રંથવિષય : સાધુધર્મ અને શ્રાવકધર્મનું વર્ણન

વિશેષતા : જેસલમેરના પ્રાચીન તાડપત્રીય પ્રતના આધારે
સંશોધિત થયેલ ગ્રંથનો સરળ ગુજરાતી ભાષામાં
પ્રથમ વાર ભાવાનુવાદ.

સંશોધક- સંપાદક : મુનિધર્મરત્નવિજય ગણી

સંસ્કરણ : પ્રથમ

પ્રતિકૃતિ : ૭૫૦ પત્ર : ૪૧૨+૨૮

વિમોચન : વિ.સં. ૨૦૭૫ મૂલ્ય : ૨૦૦/-

પ્રકાશક : માનવ કલ્યાણ સંસ્થાન - અમદાવાદ.

પ્રાપ્તિસ્થાન

માનવ કલ્યાણ સંસ્થાન મયૂરભાઈ અમદાવાદ - ૯૮૯૮૧ ૫૪૪૨૨.
શ્રી રામચન્દ્રસૂરિ પાઠશાળા સાબરમતી અમદાવાદ - ૦૭૯-૨૭૫૧૬૫૧૩
જિતુભાઈ - મલાડ - ૯૮૯૨૫ ૬૩૪૧૩, ભૂપેન્દ્રભાઈ - બોરીવલી - ૯૯૬૯૯ ૪૬૮૯૭,
કેતનભાઈ - સુરત - ૯૮૨૫૯ ૧૮૨૨૦.

માનવ કલ્યાણ સંસ્થાન દ્વારા પ્રકાશિત પુસ્તકો

સંસ્કૃત-પ્રાકૃત

૧. ઓઘનિર્યુક્તિ મૂળ પ્રાકૃત
૨. ઓઘનિર્યુક્તિ શ્રી દ્રોણાચાર્યટીકા સહિત-(બૃહત્સંસ્કરણ)
૩. ઓઘનિર્યુક્તિ શ્રી દ્રોણાચાર્ય ટીકા સહિત (લઘુસંસ્કરણ)
૪. ઓઘનિર્યુક્તિ શ્રી માણિક્યશેખરસૂરિ ટીકા સહિત
૫. પંચાશક પ્રકરણ શ્રી યશોભદ્રસૂરિ ટીકા
૬. અર્હન્નામસહસ્ત્રકમ્ ઉપા. દેવવિજયગણિસ્વોપજ્ઞ ટીકા વગેરે સ્તોત્ર.
૭. જંબૂ અજ્ઝયણ-જંબૂચરિતમ
૮. પંચકલ્યાણ (સ્તોત્ર વગેરે)

ગુજરાતી-હિન્દી

૧. પંચાશક પ્રકરણ શ્રીયશોભદ્રસૂરિટીકાનું ભાષાંતર
૨. અર્થ સોપાન શ્રેણી - ગુજરાતી (પાઠશાળા માટેનો કોર્સ)
૩. અર્થ સોપાન શ્રેણી - ગુ.ભા. હિન્દી લિપિ (પાઠશાળા માટેનો કોર્સ)
૪. અર્થ સોપાન શ્રેણી - હિન્દી (પાઠશાળા માટેનો કોર્સ)
૫. સમાધિ સે સિદ્ધિ - હિન્દી
૬. શ્રીપાર્શ્વનાથ પૂર્વભવવર્ણન - હિન્દી
૭. પધારો સાહેબજી - ગુજરાતી
૮. પધારો સાહેબજી - હિન્દી
૯. ભક્તામર સ્તોત્ર - ત્રણ પદ્યાનુવાદ સાથે
૧૦. અંતરાય કર્મ નિવારણ પૂજા - અર્થ સાથે
૧૧. શ્રાવક વ્રત દર્પણ - ગુજરાતી
૧૨. શ્રાવક વ્રત દર્પણ - હિન્દી
૧૩. આદર્શ પાઠશાળા - (પાઠશાળા સંચાલનોપયોગી)
૧૪. ત્રિભુવન સંસ્કારશ્રેણી ચિત્રપુસ્તિકા

પ્રકાશકીય

આગમવેદી પુરુષોમાં શ્રેષ્ઠ, ચૌદસો પ્રકરણોના પ્રણેતા, આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે સાધુધર્મ અને શ્રાવકધર્મને જણાવવા પંચાશક પ્રકરણ નામના ગ્રંથની રચના કરી જેના ઉપર ગીતાર્થ શિરોમણી આચાર્યશ્રી યશોભદ્રસૂરિજીએ ટીકા રચી હતી.

સમગ્ર ભારતવર્ષમાં આ ગ્રંથની એક માત્ર અતિપ્રાચીન તાડપત્રીયપ્રતિ જેસલમેરમાં છે. આ ગ્રંથનું સંશોધન અને સંપાદન કાર્ય પ.પૂ.પ્રવચન પ્રભાવક આ.શ્રી.વિ. કીર્તિયશસૂરીશ્વરજી મહારાજાના માર્ગદર્શનાનુસાર પ.પૂ. પ્રશાન્તમૂર્તિ આ.શ્રી.વિ બોધિરત્નસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન મુનિપ્રવરશ્રી ધર્મરત્નવિજય ગણીએ કરેલ. જે ગ્રંથ વિ.સં. ૨૦૭૦ માં ટીકા સાથે પ્રાકૃત-સંસ્કૃત ભાષામાં અમે પ્રકાશિત કરેલ.

હમણાં પ.પૂ. ધર્મરત્નવિજયજી ગણિવરની પ્રેરણાથી શ્રુતસાધનામાં મગ્ન એવા સાધ્વીજી ભગવંતે સમગ્ર ગ્રંથનો ભાવાનુવાદ કરેલ છે. જેનું સંમાર્જન, શુદ્ધિકરણ પૂજ્યશ્રીએ કરીને અમને પ્રથમવાર આ ગ્રંથનો ભાનવાનુવાદ પ્રકાશિત કરવાનો લાભ આપ્યો છે તે બદલ અમારી સંસ્થા તેમની ઋણી છે.

આ ગ્રંથનું છાપકામ ખંતપૂર્વક કરી આપવા બદલ ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

પંચાશક પ્રકરણ ગુજરાતી ભાવાનુવાદનું સારી રીતે અધ્યયન કરી શ્રાવકધર્મની વિધિપૂર્વક આરાધના કરીને તથા સાધુધર્મનું નિર્મલ પાલન કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને સર્વ કર્મોનો ક્ષય કરીને પરમ પદના ભોક્તા બનીએ એ જ મંગલ કામના.

માનવ કલ્યાણ સંસ્થાન

વિષય માર્ગદર્શિકા

૧. પ્રકાશકીય	૩
૨. વિષય માર્ગદર્શિકા	૪-૨૩
૩. શ્રુતભક્તિ અનુમોદના	૨૪
૪. ગ્રંથ અને ગ્રંથકાર પ.પૂ.આ.શ્રી મોક્ષરતિસૂરિજી મ.	૨૫
૫. પંચાશક પ્રકરણ	૨૬

અનુક્રમણિકા

ગાથા	વિષય	પાના નં.
૧. શ્રાવક ધર્મવિધિ પઞ્ચાશક		૧-૩૦
૧.	મંગલ, અભિધેય આદિનું પ્રતિપાદન, ધર્મનું સ્વરૂપ અને ફળ	
૨.	શ્રાવકની વ્યાખ્યા	
૩.	સમ્યક્ત્વનું સ્વરૂપ અને ફળ	
૪.	સમ્યક્ત્વના લિંગ	
૫-૬	સમ્યક્ત્વની હાજરીમાં વ્રતોની ભજનાનું કારણ	
૭.	અણુવ્રતો અને ઉત્તરગુણો	
૮.	પ્રથમ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતનું સ્વરૂપ	
૯.	ગુરુ પાસે વિધિપૂર્વક ધર્મશ્રવણ કરી વ્રતોને સ્વીકારે.	
૧૦.	પ્રથમ અણુવ્રતના પાંચ અતિચારો	
૧૧-૧૨	બીજા સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રતનું સ્વરૂપ અને તેના પાંચ અતિચારો	
૧૩-૧૪	ત્રીજા સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતનું સ્વરૂપ અને તેના પાંચ અતિચારો	
૧૫-૧૬	ચોથા સ્વદારા સંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રતનું સ્વરૂપ અને તેના પાંચ અતિચારો	
૧૭-૧૮	પાંચમા પરિગ્રહ પરિમાણવ્રતનું સ્વરૂપ અને તેના પાંચ અતિચારો	
૧૯-૨૦	પ્રથમ ગુણવ્રત દિગ્પરિમાણવ્રતનું સ્વરૂપ અને તેના પાંચ અતિચારો	
૨૧-૨૨	બીજા ગુણવ્રત ભોગોપભોગ પરિમાણનું સ્વરૂપ અને તેના વીસ અતિચારો	
૨૩-૨૪	ત્રીજા ગુણવ્રત અનર્થદંડ વિરમણનું સ્વરૂપ અને તેના પાંચ અતિચારો	
૨૫-૨૬	પ્રથમ સામાયિક શિક્ષાવ્રતનું સ્વરૂપ અને તેના પાંચ અતિચારો	
૨૭-૨૮	બીજા દેશાવગાશિક શિક્ષાવ્રતનું સ્વરૂપ અને તેના પાંચ અતિચારો	
૨૯-૩૦	ત્રીજા પૌષધોપવાસ શિક્ષાવ્રતનું સ્વરૂપ અને તેના પાંચ અતિચારો	
૩૧-૩૨	ચોથા અતિથિસંવિભાગ શિક્ષાવ્રતનું સ્વરૂપ અને તેના પાંચ અતિચારો	
૩૩	અતિચારોનો ત્યાગ શા માટે ?	
૩૪	સમ્યક્ત્વ અને વ્રતસમ્બન્ધી ઉપાય-રક્ષાદિ વિષયો	
૩૫	સમ્યક્ત્વ અને વ્રતોના પરિણામ અને પતનના લિંગો	
૩૬-૩૮	સમ્યક્ત્વ અને વ્રતોના પરિણામની સ્થિરતાના ઉપાયો	
૩૯	અણુવ્રતાદિનો કાળ	

૪૦. સંલેખનાનો નિયમ ન હોવાનું કારણ
૪૧. શ્રાવક ક્યાં વસે ?
૪૨. શ્રાવકના નવકારસ્મરણાદિ સવારના દૈનિક કર્તવ્યો
૪૩-૪૪ જિનપૂજાદિ કર્તવ્ય
૪૫ શ્રાવકના સન્ધ્યાકાળના કર્તવ્ય
૪૬-૫૦ મૈથુનનો ત્યાગ, તત્ત્વચિંતન અને તેનું ફળ.

૨ જિનદીક્ષાવિધિ પઞ્ચાશક ૩૧-૪૭

૧ જિનદીક્ષાવિધિના કથનની પ્રતિજ્ઞા
૨ જિનદીક્ષાનું સ્વરૂપ
૩ જિનદીક્ષાની ભાવથી પ્રાપ્તિ કોને ક્યારે થાય ?
૪ જિનદીક્ષાના અધિકારી કોણ ?
૫-૭ દીક્ષારાગના ત્રણ લક્ષણો
૮-૧૦ લોકવિરુદ્ધ કાર્યો
૧૧ સુગુરુનું સ્વરૂપ અને તેના યોગના ચિહ્નો
૧૨-૧૪ વાયુકુમારાદિ દેવોનું આહ્વાન તથા તેમના કાર્યોની માનસિક કલ્પના
૧૫-૧૬ વૈમાનિકાદિ દેવોનું આહ્વાન, સમવસરણના ત્રણ ગઢની તથા તોરણાદિની રચના
૧૭. ત્રિભુવનગુરુની સ્થાપના
૧૮-૨૨ બાર પર્ષદાના સ્થાન, તિર્યંચ પ્રાણીઓ અને દેવવાહનોની સ્થાપના.
૨૩ દીક્ષાર્થીનું આગમન
૨૪ દીક્ષાર્થીને વિધિનું કથન
૨૫ પુષ્પપાતવિધિ દ્વારા તેની શુભાશુભગતિનું જ્ઞાન
૨૬ શબ્દોચ્ચારાદિ દ્વારા તેની શુભાશુભગતિનું જ્ઞાન
૨૭ પુષ્પપાતવિધિ, આલોચના ચાર શરણાદિ સ્વીકાર
૨૮ યોગ્યને સમ્યગ્દર્શન આરોપણ અને પ્રશંસાદિ કરવા.
૨૯ શિષ્યનું શુદ્ધ ભાવથી ગુરુને આત્મનિવેદન
૩૦ આત્મનિવેદન જ ગુરુભક્તિ અને તેનો મહિમા
૩૧ આત્મનિવેદન ઉત્કૃષ્ટ દાન-ધર્મનું બીજ
૩૨ જિનાજ્ઞાનુસાર પ્રવર્તતા ગુરુને અધિકરણદોષ નહિ.
૩૩ શિષ્યને દાનાદિ ઉપદેશ
૩૪ દીક્ષાવિધાનને યોગ્ય ગુરુ-શિષ્યના લક્ષણો
૩૫ વિધિપૂર્વક દીક્ષા સ્વીકારનારની પ્રશંસા
૩૬ દીક્ષાસ્વીકાર પછી દીક્ષિતનું કર્તવ્ય
૩૭ સમ્યગ્ દીક્ષાના લિંગો
૩૮ અધિકૃતગુણોની વૃદ્ધિ કઈ રીતે થાય ?
૩૯ સાધર્મિક પ્રેમની વૃદ્ધિ કઈ રીતે થાય ?
૪૦ બોધવૃદ્ધિ કઈ રીતે થાય ?
૪૧ ગુરુભક્તિવૃદ્ધિ કઈ રીતે થાય ?

૪૨ અધિકૃતગુણોની વૃદ્ધિ આદિ દીક્ષાગુણોનું અનન્તર ફળ
૪૩ અધિકૃતગુણોની વૃદ્ધિ આદિ દીક્ષાગુણોનું પરસ્પર-અંતિમ ફળ
૪૪ દીક્ષાવિધાનની સમ્યગ્ વિચારણા, સકૃદ્બન્ધકના કદાગ્રહનો ત્યાગ.

૩. ચૈત્યવંદનવિધિ પચ્ચાશક ૪૮-૭૦

૧ મુદ્રાઓની રચનાથી પરિશુદ્ધ ત્રણ પ્રકારે ચૈત્યવંદન
૨ ચૈત્યવંદનના ત્રણ પ્રકારો
૩ અપુનર્બન્ધકાદિને ભાવભેદથી ત્રણ પ્રકારે વંદના
૪ અપુનર્બન્ધકના ત્રણ લક્ષણો
૫ સમ્યગ્દષ્ટિના ત્રણ લિંગો
૬ દેશવિરત-સર્વવિરત સ્વરૂપ
૭ અપુનર્બન્ધકાદિ જ ભાવવન્દનાના અધિકારી
૮ સકૃદ્બન્ધક આદિને અપ્રધાન દ્રવ્યવંદના
૯ દ્રવ્યવંદના અને ભાવવંદનાના લક્ષણો
૧૦ કાળ, વિધિ આદિ લક્ષણો વડે દ્રવ્ય-ભાવવન્દનામાં ભેદ
૧૨ અપુનર્બન્ધકના મોક્ષહેતુ રૂપ શુભભાવને અમૃતની ઉપમા
૧૩ મન્ત્રાદિથી વન્દનાની અધિકતા
૧૪ ચૈત્યવંદનથી મોક્ષની સિદ્ધિ
૧૫ ચૈત્યવંદનથી આલોકસંબંધી લાભ
૧૬ મોક્ષમાર્ગદુર્ગગ્રહણરૂપ ભાવચૈત્યવંદન
૧૭ નમુત્થુણં આદિ સૂત્રો બોલવાની મુદ્રા
૧૮ પંચાંગ પ્રણિપાત
૧૯ યોગમુદ્રાનું સ્વરૂપ
૨૦ જિનમુદ્રાનું સ્વરૂપ
૨૧ મુક્તાશુક્તિમુદ્રાનું સ્વરૂપ
૨૨-૨૩ ક્રિયા આદિ પાંચમાં ઉપયોગ
૨૪-૨૫ પરમ આદરપૂર્વક કરેલ અનુષ્ઠાનનું માહાત્મ્ય અને તેનું ફળ
૨૬-૨૭ જિજ્ઞાસાશુદ્ધ વંદનાનું લક્ષણ અને સમ્યગ્જ્ઞાનાદિ પ્રાપ્તિનું કારણ
૨૮ અપુનર્બન્ધક આદિ જીવોને શુદ્ધ વંદના
૨૯-૩૦ યથાપ્રવૃત્ત્યાદિ ત્રણ કરણ
૩૧ શુદ્ધવંદના જ મોક્ષનું કારણ
૩૨ ભાવચૈત્યવંદનથી મોક્ષગમન ફલ
૩૩ વંદનમાત્રથી મોક્ષ નહીં.
૩૪-૩૭ શુદ્ધ-અશુદ્ધ વંદનાના વિચારમાં શુદ્ધ-અશુદ્ધ રૂપિયાનું દૃષ્ટાન્ત
૩૮-૩૯ પ્રથમ દ્વિતીય પ્રકારની વંદના શુભ અને મોક્ષ આપનાર
૪૦-૪૧ ત્રીજા-ચોથા પ્રકારની વંદના સંક્લેશબહુલ જીવોને દુર્ગતિદાયક
૪૨-૪૩ મતાન્તરે લૌકિક વંદના-સંગતિ
૪૪ જૈનવંદનાની વિશિષ્ટતા

૪૫ લૌકિકવંદના મૃષાવાદથી યુક્ત
૪૬-૪૭ શુભવન્દના અભવ્યો ન પામે, આસન્ન ભવ્યો જ પામે.
૪૮ આસન્નભવ્યના લક્ષણો
૪૯-૫૦ વિધિપૂર્વક વંદનમાં ઉદ્યમ અને ગ્લાનને ઔષધપ્રદાનદૃષ્ટાંત દ્વારા કુગ્રહત્યાગ.

૪ પૂજાવિધિ પંચાશક ૭૧-૯૪

૧ પૂજાવિધિકથનપ્રતિજ્ઞા
૨ વિધિની ઉપાદેયતા
૩ વિધિની દ્વારગાથા
૪ ત્રિકાળપૂજા કૃષિની જેમ બહુફલા
૫ આજીવિકાને બાધા ન થાય તે કાળે પૂજા કરવી.
૬-૭ પૂજાના અપવાદિકવિધાનનો હેતુ
૮ "જિનપૂજા નિત્ય કરવી." આ અભિગ્રહનો લાભ
૯ દ્રવ્યથી અને ભાવથી શુદ્ધિપૂર્વક પૂજા
૧૦ જયણાપૂર્વક કરાતું સ્નાનાદિ-શુભભાવનું કારણ
૧૧ ભૂમિનિરીક્ષણ આદિ યતના
૧૨ પૂજામાં આરંભની શંકા અને સમાધાન
૧૩ ભાવશુદ્ધિરહિત પૂજાથી અનેક દોષોની પ્રાપ્તિ
૧૪-૧૫ સુગંધી ચંદન સુવર્ણ-મોતીની માલા વગેરે ઉત્તમ દ્રવ્યોથી પોતાની સંપત્તિ પ્રમાણે જિનપૂજા કરવી.
૧૬-૧૭ ઉત્તમદ્રવ્યોથી પૂજા કરવાનો હેતુ, પરલોકના કાર્યની પ્રધાનતા.
૧૮ સ્વસંપત્તિ અનુસાર વિશિષ્ટદ્રવ્યોથી પૂજા કરવી.
૧૯-૨૦ પૂજાવિધિ નિરૂપણ.
૨૧-૨૨ આદરપૂર્વક પૂજા કરવાથી જ ફળપ્રાપ્તિમાં રાજાનું દૃષ્ટાન્ત.
૨૩ વિધિપૂર્વક પૂજા કરવાથી બહુમાન.
૨૪ સ્તુતિસ્તોત્રાદિ દ્વાર
૨૫-૨૬ સ્તુત્યાદિના અર્થજ્ઞાનથી અવશ્ય કુશલ પરિણામ, રત્નનું દૃષ્ટાંત.
૨૭-૨૮ અસ્ખલિતાદિ ગુણયુક્ત ચૈત્યવંદન એટલે કર્મરૂપી ઝેરનો નાશ કરનાર પરમ મન્ત્ર.
૨૯ ચૈત્યવંદન પૂર્ણ થતાં પ્રણિધાન કરવું. તેનું ફળ
૩૦ શુભભાવનું કારણ હોવાથી પ્રણિધાન નિદાન નથી.
૩૧ પ્રણિધાન વગર ઈષ્ટસિદ્ધિ ન થાય.
૩૨ પ્રણિધાન કરવાથી સિદ્ધિ
૩૩-૩૪ ભવનિર્વેદાદિ આઠ પ્રાર્થના
૩૫ પ્રાર્થનાના અધિકારી.
૩૬ પ્રણિધાન સૂત્રસંગત હોવાથી નિદાન નથી.
૩૭-૩૯ શું તીર્થંકરપણાની પ્રાર્થના નિદાનરૂપ છે ? શંકા અને સમાધાન
૪૦ પ્રાસંગિકવર્ણનનો ઉપસંહાર
૪૧-૪૩ પૂજામાં જીવહિંસાદોષની શંકા અને કૂવાના દૃષ્ટાંતથી નિર્દોષતાની સિદ્ધિ.
૪૪ પૂજાથી પૂજકને આવશ્ય લાભ.

૪૫-૪૬ પૂજામાં પ્રવૃત્તિ ન કરવી તે મૂઢતા છે, આથી ગૃહસ્થે વિધિપૂર્વક પૂજા કરવી.
૪૭ જલમાં બિંદુના ઉદાહરણથી પૂજા અક્ષયફલા.
૪૮-૪૯ જિનપૂજાનો સંકલ્પ પણ મહાન -દરિદ્રવૃદ્ધાને પૂજાના સંકલ્પથી દેવગતિ મળી.
૫૦ ઉપસંહાર-આગમ પ્રમાણે આચરણ કરવું.

૫ પ્રત્યાખ્યાનવિધિ પચ્ચાશક **૯૫-૧૨૫**

૧-૨ પ્રત્યાખ્યાનવિધિના કથનની પ્રતિજ્ઞા, પ્રત્યાખ્યાનના એકાર્થક શબ્દો અને વિષય.
૩ પ્રતિદિન ઉપયોગી નવકારશી આદિ ૧૦ કાળપ્રત્યાખ્યાનનું વિધાન.
૪ ગ્રહણ આદિ સાત દ્વાર વડે કાળપ્રત્યાખ્યાનની પ્રતિજ્ઞા.
૫-૭ ગ્રહણવિધિ અને જ્ઞાયકાદિ ભાંગા
૮-૧૧ નવકારશી આદિ પ્રત્યાખ્યાનના આગારોનું વર્ણન.
૧૨ પ્રત્યાખ્યાનમાં આગાર રાખવાનું પ્રયોજન.
૧૩-૧૪ સાધુપણામાં પ્રત્યાખ્યાન નિરર્થક છે. શંકા અને સમાધાન
૧૫ પ્રત્યાખ્યાન ભેદથી ગ્રહણ કરેલ સામાયિકને બાધક નથી.
૧૬-૧૭ સર્વવિરતિ સામાયિકમાં આગારો કેમ નથી એવી શંકા.
૧૮-૧૯ સામાયિક આશંસારૂપ નથી અને જીવનપર્યંતની પ્રતિજ્ઞા હોવાથી અપવાદ નથી.
૨૦ અયોગ્યને સામાયિકનો નિષેધ અને તેનો અપવાદ.
૨૧-૨૩ નવકારશી આદિ પ્રત્યાખ્યાનમાં આગારો સામાયિકને બાધક નથી.
૨૪ સામાયિક સાગાર હોવું જોઈએ. શંકા અને સમાધાન
૨૫-૨૬ અશનાદિ ચાર પ્રકારની જ્ઞપ્તિનું કારણ.
૨૭-૩૧ અશનાદિ ચાર ભેદોનું નિરૂપણ.
૩૨ તિવિહાર આદિ ભેદવાળું પ્રત્યાખ્યાન.
૩૩-૩૪ તિવિહારનું પ્રત્યાખ્યાન સાધુને યોગ્ય-શંકા અને સમાધાન.
૩૫ દુવિહારનું પ્રત્યાખ્યાન સાધુને અયોગ્ય-શંકા અને સમાધાન.
૩૬ પાલનરૂપવિધિ આદિ દ્વારા ભોજન
૩૭-૩૮ સાધુભોજન વિધિ નિરૂપણ.
૩૯ પ્રત્યાખ્યાતાને બીજાઓને આહારના દાન-ઉપદેશ દોષ નથી.
૪૦ પ્રત્યાખ્યાતા આચાર્ય આદિ માટે અશનાદિ લાવી આપે.
૪૧ અસમર્થ શ્રાદ્ધકુળો બતાવે.
૪૨-૪૩ શ્રાવકોને પણ આહાર-દાન તથા ગરીબ શ્રાવક દિશાના સંબંધ આદિ ભેદથી દાન કરે.
૪૪ વિધિપાલનથી અનુબન્ધભાવ
૪૫-૪૬ ગુર્વાજ્ઞાની પ્રધાનતા અને ગુર્વાજ્ઞાભંગમાં સર્વત્ર અનર્થ
૪૭-૪૯ અવિદ્યમાન વસ્તુનું શું પ્રત્યાખ્યાન કરાય ? આ શંકાનું શકટદૃષ્ટાંતથી સમાધાન.
૫૦ અધિકારીજીવનું પ્રત્યાખ્યાન સફળ બને.

૬. સ્તવનવિધિ પચ્ચાશક **૧૨૫-૧૪૮**

૧-૨ સ્તવનવિધિકથનની પ્રતિજ્ઞા, સ્તવના ભેદોનું નિરૂપણ.
૩ જિનભવન, જિનગુણગાન વગેરે દ્રવ્યસ્તવ
૪ આશયદોષથી દૂષિત અનુષ્ઠાન ભાવસ્તવનું (ચારિત્રનું) કારણ ન બને.

૫ દ્રવ્યસ્તવ ભાવસ્તવના રાગનું કારણ
૬ આપ્તની આજ્ઞાથી વિપરીતપ્રવૃત્તિ દ્રવ્યસ્તવ કેમ નથી.
૭ આ શંકાનું સમાધાન
૮ ઉચિત અનુષ્ઠાન આજ્ઞાપાલન સ્વરૂપ જ હોય.
૯ ઔચિત્યાદિરહિત અનુષ્ઠાન દ્રવ્યસ્તવ નહીં.
૧૦ ભાવસ્તવ-દ્રવ્યસ્તવનો કાર્યકારણભાવ.
૧૧-૧૪ દ્રવ્યપદાર્થનિરૂપણ-દૃષ્ટાંત અંગારમર્દક.
૧૫ અપ્રધાનદ્રવ્યસ્તવનું ફળ
૧૬-૧૭ જિનભવન વગેરે અનુષ્ઠાન ઉચિત હોવાથી દ્રવ્યસ્તવ કેમ થાય ? શંકા અને સમાધાન.
૧૮-૧૯ યતિયોગની અપેક્ષાએ દ્રવ્યસ્તવની અસારતાનું નિરૂપણ.
૨૦ સર્વપ્રકારે દોષરૂપ કલંકરહિત હોવાથી સાધુયોગ સર્વપ્રકારે ઉપાદેય.
૨૧-૨૨ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની વિશેષતાનું દૃષ્ટાંતપૂર્વક નિરૂપણ.
૨૩ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું ફળનિરૂપણ.
૨૪ ભાવસ્તવનું નિરૂપણ
૨૫ સંપૂર્ણ આજ્ઞાપાલન ભાવસાધુ સિવાય બીજો કોઈ કરી ન શકે.
૨૬ અન્ય આચાર્યોના મતે ભાવસ્તવની મહાનતા
૨૭-૨૮ દ્રવ્યસ્તવ-ભાવસ્તવની પરસ્પર સાપેક્ષતા
૨૯ શાસ્ત્રાધારે દ્રવ્યસ્તવની અનુમોદના સાધુને સંગત
૩૦ પૂજન-સત્કારનું દ્રવ્યસ્તવ તરીકે નિરૂપણ
૩૧ સમવસરણમાં બલિ આદિના વિધાન દ્વારા દ્રવ્યસ્તવ ભગવાનને અનુમત.
૩૨ મોક્ષને પ્રતિકૂળ ક્રિયાની અનુમતિ સાધુઓ ન આપે.
૩૩ ગૃહસ્થોને ભાવસ્તવ વિના દ્રવ્યસ્તવ ન હોય.
૩૪ ભાવસ્તવ કાર્યને ઈચ્છનાર ગૃહસ્થને દ્રવ્યસ્તવ કારણ ઈચ્છાયેલ જ છે.
૩૫-૩૬ ભોગસુખોનો નિષેધ કરનાર પ્રભુને જિનભવન નિર્માણ અનિષેધ કરવા દ્વારા અનુમત છે.
૩૭ ઉપચારવિનય પણ તીર્થંકર વિષે દ્રવ્યસ્તવ સ્વરૂપ છે.
૩૮-૩૯ ''पूअणवत्तियाए'' ઈત્યાદિ પદોચ્ચારણથી સાધુને પણ દ્રવ્યસ્તવ સંગત.
૪૦ સાધુઓને સાક્ષાત્ દ્રવ્યસ્તવના નિષેધનું કારણ.
૪૧-૪૨ શ્રાવકોને સાક્ષાત્ દ્રવ્યસ્તવનું કૂપદૃષ્ટાંતથી વિધાન
૪૩ જિનભવનનિર્માણ આદિ પણ દ્રવ્યસ્તવ
૪૪ સાધુને દ્રવ્યસ્તવના નિષેધની શંકા.
૪૫ વજ્રસ્વામીના દૃષ્ટાંતથી સમાધાન
૪૬ આજ્ઞાપારતન્ત્ર્યરૂપ ભાવવાળો દ્રવ્યસ્તવ સુપરિશુદ્ધ જાણવો.
૪૭ સુવિશુદ્ધ દ્રવ્યસ્તવ શાસનપ્રભાવનાનો હેતુ.
૪૮ વિધિતત્પર જીવોને દ્રવ્યસ્તવમાં ભાવ સ્વાનુભવસિદ્ધ
૪૯ પ્રસ્તુતવિષયનો ઉપસંહાર
૫૦ સ્વભૂમિકાનુસાર દ્રવ્યસ્તવ-ભાવસ્તવ કરવા.

૭. જિનભવનવિધિ પઞ્ચાશક ૧૪૮-૧૭૦

૧ જિનભવનવિધિના કથનની પ્રતિજ્ઞા
૨ અયોગ્ય જીવ જિનભવન કરાવે તો દોષ લાગે.
૩ જિનવચનનું પાલન એ જ ધર્મ
૪-૫ જિનભવનનિર્માણના અધિકારી ગૃહસ્થનું નિરૂપણ
૬-૭ અધિકારી ગૃહસ્થ મંદિરનિર્માણ કરી સ્વ-પરનું હિત કરનારો બને.
૮ પ્રશંસાદિ શુભભાવ ચોરના દૃષ્ટાંતથી સમકિતનું બીજ બને.
૯ જિનમંદિર નિર્માણવિધિ - દ્વારગાથા
૧૦ દ્રવ્ય અને ભાવથી શુદ્ધભૂમિનું નિરૂપણ
૧૧-૧૨ અયોગ્ય સ્થાને દેરાસર કરાવવામાં અનેક દોષો.
૧૩ સશલ્યભૂમિ દોષકારક હોવાથી ભૂમિશુદ્ધિ કરવી.
૧૪-૧૫ ધાર્મિક જીવે કોઈને પણ અપ્રીતિ ન કરવી. ઉદાહરણ વર્ધમાનસ્વામી.
૧૬ અજ્ઞાનતા આદિને કારણે અપ્રીતિ વખતે સ્વદોષની વિચારણા.
૧૭ કાષ્ઠાદિ દળશુદ્ધિનિરૂપણ
૧૮ દળની શુદ્ધિ-અશુદ્ધિને જાણવાનો ઉપાય.
૧૯ શુકન-અપશુકનનું સ્વરૂપ
૨૦ દળસંબંધી જ શેષવિધિનું નિરૂપણ
૨૧ સલાટ વગેરેને ઠગવા નહિ પરંતુ અધિક પગાર આપવો.
૨૨-૨૪ નોકરોને અધિક ધન આપવાથી થતું આલોક અને પરલોક સંબંધી સુંદર ફળ.
૨૫-૨૮ શુભપરિણામવૃદ્ધિ દ્વાર નિરૂપણ
૨૯-૩૦ ધર્મનો સાર જયણા
૩૧ યતનામાં વર્તતો જીવ આરાધક
૩૨ ખેતી વગેરે મોટા આરંભોની નિવૃત્તિ કરાવનારી યતના.
૩૩-૩૪ મંદિરનિર્માણકાર્ય દેખ-રેખ રાખવા રૂપ યતના નિવૃત્તિપ્રધાન બની.
૩૫-૩૭ ઋષભરાજાએ શિલ્પાદિ કળા સાવદ્ય શા માટે દર્શાવી ? શંકા અને સમાધાન.
૩૮-૪૧ ભગવાને દર્શાવેલ શિલ્પાદિ વિધાનની નાગાદિ રક્ષણ દૃષ્ટાંત દ્વારા નિર્દોષતા સિદ્ધ.
૪૨ જયણા દ્વારનો ઉપસંહાર
૪૩ દેરાસરની પ્રતિષ્ઠાનું વિધાન
૪૪ દેરાસર કરાવવાનું ફળ
૪૫ જિનબિંબ પ્રતિષ્ઠાની ભાવનાનું ફળ.
૪૬ સાધુદર્શનની ભાવનાનું ફળ
૪૭ અન્યજીવોના પ્રતિબોધની ભાવનાનું ફળ
૪૮-૪૯ સ્થિરશુભચિંતારૂપ ભાવથી ચારિત્રનું વિશુદ્ધ પાલન કરી આરાધક.
૫૦ પૂજક સાત આઠ ભવોમાં ચારિત્ર પાળી મોક્ષ પામે.

૮. જિનબિંબપ્રતિષ્ઠાવિધિ પઞ્ચાશક ૧૭૦-૧૯૦

૧ મંગલ, જિનબિંબપ્રતિષ્ઠાવિધિ કથન
૨ જિનબિંબ કરાવવાની વિધિનું કથન

૩-૬ જિનબિંબને કરાવનારની શુદ્ધબુદ્ધિનું નિરૂપણ.
૭ જિનબિંબને કરાવવાનો વિધિ.
૮ દોષિતશિલ્પીને મૂલ્ય આપવાનો વિધિ
૯ મૂલ્ય નક્કી કરવામાં દેવદ્રવ્યભક્ષણરૂપ મહાદોષ
૧૦ પોતાને કે પરને અશુભફળ આપનાર કાર્ય ન કરવું.
૧૧ આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરતાં વિપરીત થાય તે દોષ નહીં.
૧૨ વિપરીત થવા છતાં આજ્ઞાપાલકના શુદ્ધપરિણામનું કારણ.
૧૩ સ્વમતિથી કરાતી સઘળી પ્રવૃત્તિ આજ્ઞાબાહ્ય હોવાથી સંસારફળા
૧૪ જિનભવન આદિમાં આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પ્રવર્તેલા લોકોને ઠપકો.
૧૫ ભાવશુદ્ધિપૂર્વક આજ્ઞાનુસાર પ્રવૃત્તિનું વિધાન.
૧૬ શુભમુહૂર્તે દેરાસરમાં જિનબિંબનો પ્રવેશ, પ્રતિષ્ઠાવિધિનિરૂપણ
૧૭ ક્ષેત્રશુદ્ધિ અને સત્કારાદિ કર્તવ્યનિરૂપણ
૧૮ પ્રતિષ્ઠામાં સર્વ દિક્પાલ અને લોકપાલ દેવોની પૂજા કરવી.
૧૯-૨૦ અસંયમી દેવોનું પૂજન કરવાનો હેતુ
૨૧ અધિવાસનનું પ્રતિપાદન
૨૨-૨૩ બિમ્બ પાસે કળશો અને મંગલદીવા વગેરેની સ્થાપના
૨૪ અધિવાસનદિવસે ચંદનાદિનું વિલેપન
૨૫ સુંદરવસ્ત્રોથી સજજ ચાર સ્ત્રીઓ પોંખણા કરે
૨૬ સુંદરવસ્ત્રોનું પરિધાન કલ્યાણકારી કેમ થાય ?
૨૭ સુંદરવસ્ત્રોનું પરિધાન પુણ્યબંધનું કારણ
૨૮ પોંખણાનું આલોકમાં મળતું ફળ
૨૯-૩૦ અધિવાસનની બીજી વિધિનું નિરૂપણ
૩૧ પ્રતિષ્ઠા વખતે ઉત્કૃષ્ટ પૂજા કરવાનું કારણ.
૩૨ પૂજા વગેરે કર્યા પછી કરવાનું વિધાન
૩૩ પ્રતિષ્ઠા પછી કરવાનો વિધિ
૩૪-૩૫ સિદ્ધ આદિની તથા મેરુપર્વત આદિની ઉપમાથી મંગલગાથાઓ બોલવી.
૩૬ મંગલગાથાઓ શુભનું જ કારણ છે.
૩૭ મંગલગાથાવિષયક મતાન્તર નિરૂપણ.
૩૮-૩૯ પ્રતિષ્ઠા પછી યથાશક્તિ સંઘપૂજા.
૪૦ સંઘ તીર્થંકરને નમનીય-આગમસાક્ષી
૪૧ સંઘપૂજાથી સર્વગુણી વ્યક્તિની પૂજા.
૪૨ સંઘના એક ભાગની પૂજાથી સમસ્ત સંઘપૂજા.
૪૩-૪૪ સંઘપૂજાની પ્રશંસા
૪૫ સંઘપૂજાનો મહીમા
૪૬ સંઘપૂજા પ્રકરણનો ઉપસંહાર
૪૭ સ્વજન અને સાધર્મિકની વિશેષરૂપે લોકપૂજા કરવી.
૪૮ પ્રતિષ્ઠા થયા પછી અષ્ટાહ્નિક મહોત્સવ કરવો.

૪૯ કંકણમોચન વિધિનિરૂપણ.
૫૦ ઉપસંહાર

૯. જિનયાત્રવિધાન પચ્ચાશક ૧૯૦-૨૦૮

૧ મંગલ, જિનયાત્રાવિધિકથન.
૨ સમ્યગ્દર્શન મોક્ષનું પ્રધાન કારણ, તેના આઠ આચારો.
૩ નિઃશંકિત વગેરે આઠ આચારોનું પ્રયોજન
૪ જિનયાત્રાનો શબ્દાર્થ
૫ જિનયાત્રાદ્વારનું નિરૂપણ.
૬ તીર્થકરના દૃષ્ટાંતથી દાનદ્વારનું નિરૂપણ
૭ તપદ્વાર-એકાસણાદિ તપનું વિધાન
૮ દેવેન્દ્રની જેમ સર્વોત્તમ શરીરવિભૂષા કરવી.
૯ ઉચિતગીત-વાદ્યદ્વારનિરૂપણ
૧૦ સ્તુતિ સ્તોત્રદ્વારનિરૂપણ
૧૧-૧૨ પ્રેક્ષણકાદિદ્વારનિરૂપણ
૧૩ પ્રસ્તુતવિષયક આગમમાં કહેલી વિધિનું નિરૂપણ
૧૪ રાજાના અવગ્રહની યાચનાથી થતા લાભો
૧૫ રાજકુલમાં ગમનાદિથી થતા લાભો.
૧૬ રાજાને ઉપદેશ આપવાનો વિધિ.
૧૭-૨૦ ઉપદેશવિધિનું વિશેષનિરૂપણ.
૨૧ આચાર્ય ન હોય ત્યારે શ્રાવકોના કર્તવ્યનું નિરૂપણ
૨૨-૨૩ અમારી પાળનાર કસાઈ આદિને દાનાદિ આપવાનો વિધિ અને તેનાથી થતા લાભ.
૨૪ જિનશાસનની પ્રશંસા સમ્યગ્દર્શનનું કારણ.
૨૫ આચાર્ય-શ્રાવક અસમર્થ હોય ત્યારે કરવાનો વિધિ.
૨૬-૨૭ પૂર્વમહર્ષિ ઉપર બહુમાનધારણ કરવું અને પોતાની અધન્યતા માનવી.
૨૮ પૂર્વ મહાપુરુષો ઉપર બહુમાન કરવાનું ફળ
૨૯ દાનાદિ નિરૂપણનો ઉપસંહાર
૩૦-૩૧ પંચકલ્યાણકોનું સ્વરૂપ અને ફળ-નિરૂપણ.
૩૨ દેવેન્દ્રાદિ જિનયાત્રા, સ્નાત્ર વગેરે દ્વારા કલ્યાણકો ઉજવે.
૩૩ મનુષ્યોએ પણ જિનયાત્રાદિ પૂર્વક કલ્યાણકો ઉજવવા જોઈએ.
૩૪-૩૫ શ્રીવર્ધમાનસ્વામીના પાંચ કલ્યાણકના દિવસો.
૩૬ શ્રીઆદિનાથ વગેરે તીર્થંકરોના પાંચ કલ્યાણકો જાણવા આરાધવા.
૩૭-૩૮ કલ્યાણકદિવસોમાં જિનયાત્રા કરવાથી થતા લાભો.
૩૯ વિશુદ્ધ માર્ગાનુસારીભાવથી પ્રાપ્ત થતા ફળનું નિરૂપણ.
૪૦ આવા પ્રકારની ફળપ્રાપ્તિનું કારણ
૪૧ માર્ગાનુસારી જીવની અશુભક્રિયા નિરનુબંધા શાથી ?
૪૨ કલ્યાણકદિવસોમાં અન્ય વિશેષ કાર્યોનું વિધાન
૪૩ કલ્યાણક દિવસોમાં મહોત્સવનું મહાન ફળ

૪૪ ઉત્તમ પુરુષોનું અનુકરણ કરવું.
૪૫ આગમકથિત કલ્યાણકમહોત્સવ કરવાનું વિધાન
૪૬ મહોત્સવ ન કરવાથી થતા દોષો.
૪૭ જિનાજ્ઞાની અવજ્ઞા કરીને લોકરૂઢિથી કરાતા મહોત્સવનો નિષેધ.
૪૮ લોકદૃષ્ટિથી મહોત્સવ કરવો એ ભગવાનની મહાન આશાતના.
૪૯ સર્વસાધારણ ઉપદેશ
૫૦ જિનાજ્ઞાનુસાર યાત્રા કરવાનું વિધાન.

૧૦. ઉપાસક પ્રતિમા પઞ્ચાશક ૨૦૮-૨૨૮

૧ મંગલ, શ્રાવકપ્રતિમાના કથનની પ્રતિજ્ઞા
૨-૩ દર્શન આદિ શ્રાવકની અગિયાર પ્રતિમાના નામ.
૪-૫ દર્શનપ્રતિમાના સ્વરૂપનું નિરૂપણ
૬ દર્શનપ્રતિમાને સ્વીકારનાર જીવના લક્ષણો
૭ પ્રતિમાશબ્દના શરીરાર્થની વિચારણા
૮ બાકીની પ્રતિમાઓમાં પણ પ્રતિમાશબ્દનો શરીર અર્થ છે.
૯ અણુવ્રતોના સ્વરૂપની વિચારણા
૧૦ અણુવ્રતોની વિદ્યમાનતામાં ધર્મશ્રવણાદિ ગુણોની પ્રાપ્તિ
૧૧ સામાયિક શબ્દનો અર્થ
૧૨ સામાયિક ઉત્તમ ગુણસ્થાન છે.
૧૩ ભાવસામાયિકમાં મનદુષ્પ્રણિધાનાદિ દોષોનો અભાવ
૧૪ પૌષધપ્રતિમાના સ્વરૂપનું નિરૂપણ
૧૫ પૌષધના ભેદોનું નિરૂપણ.
૧૬ પૌષધવ્રતના પાંચ અતિચારોનો ત્યાગ
૧૭ કાયોત્સર્ગપ્રતિમાના સ્વરૂપનું નિરૂપણ.
૧૮ શેષ દિવસોમાં કાયોત્સર્ગ પ્રતિમાધારીના આચારનું નિરૂપણ
૧૯ પ્રતિમાધારીની કાયોત્સર્ગમાં વિચારણા
૨૦ છઠ્ઠી અબ્રહ્મવર્જન પ્રતિમાનું સ્વરૂપ
૨૧ ચિત્તની સ્થિરતાના ઉપાયો.
૨૨ છઠ્ઠી પ્રતિમાનો સમય છ માસ
૨૩-૨૫ સાતમી સચિત્તવર્જન પ્રતિમાનું સ્વરૂપ નિરૂપણ
૨૬ આઠમી આરંભવર્જન પ્રતિમાનું સ્વરૂપ નિરૂપણ
૨૭-૨૮ સ્વયં આરંભ ન કરવાનું કારણ અને તેના ગુણનું નિરૂપણ
૨૯-૩૧ નવમી પ્રેષ્યવર્જન પ્રતિમાનું સ્વરૂપ અને તત્ત્વ નિરૂપણ.
૩૨-૩૪ દશમી ઉદ્દિષ્ટવર્જન પ્રતિમાનું અને તદ્ધારકનું સ્વરૂપ નિરૂપણ
૩૫-૩૭ અગિયારમી શ્રમણભૂત પ્રતિમાનું સ્વરૂપ નિરૂપણ
૩૮ અગિયારમી પ્રતિમાનો સમય
૩૯-૪૦ પ્રતિમા અનુષ્ઠાન દીક્ષાગ્રહણનો હેતુ.
૪૧ દીક્ષાની યોગ્યતાના નિર્ણય અંગે વિચારણા

૪૨ યોગ્યતાના નિર્ણયપૂર્વક થયેલી દીક્ષાના લાભ.
૪૩ ઉક્તવિચારવિષયક આગમ સંમતિ
૪૪ શ્રમણશબ્દની વ્યાખ્યા
૪૫-૪૭ પ્રતિમાસેવન વિના પણ કર્મના ક્ષયોપશમથી યથોક્ત દીક્ષાનું નિરૂપણ
૪૮ પ્રવ્રાજનસૂત્રમાં દીક્ષા, મુંડન યોગના નિષેધનું વિવરણ.
૪૯ પ્રતિમાસેવન વિના પણ દીક્ષા યથાર્થ થાય તો પ્રતિમાસેવન શા માટે ? સમાધાન.
૫૦ જૈનેતરમત દ્વારા પ્રતિમાપૂર્વક દીક્ષાની યોગ્યતાનું સમર્થન.

૧૧ સાધુધર્મવિધિ પઞ્ચાશક ૨૨૯-૨૪૯

૧ મંગલ, સાધુધર્મકથનપ્રતિજ્ઞા
૨ સાધુનું વર્ણન
૩-૪ સર્વવિરતિ ચારિત્રના પાંચ પ્રકારો.
૫ સામાયિકનું લક્ષણ
૬ સામાયિક જ્ઞાન-દર્શન સહિત જ હોય.
૭ માસતુસ આદિને પણ ગુરુપારતન્ત્ર્યથી જ્ઞાન દર્શન હોય.
૮ સાધુધર્મનું નિરૂપણ
૯ અગીતાર્થને પણ શુભ અનુષ્ઠાનોનું પાલન સિદ્ધ
૧૦ અગીતાર્થને સદંધની જેમ હિતમાં પ્રવર્તન
૧૧ સદન્ધ દૃષ્ટાંતનો ભાવાર્થ
૧૨ આજ્ઞામાં રુચિવાળાને જ ચારિત્ર-સહેતુ નિરૂપણ
૧૩ ગુરુકુલ ન છોડવું-એ શ્રેષ્ઠ જિનાજ્ઞા
૧૪ ગુરુકુળને છોડવાથી જિનાજ્ઞાભંગ
૧૫ જિનાજ્ઞાત્યાગથી ઉભયલોકનું અહિત
૧૬ ગુરુકુળમાં વસવાથી થતા લાભો
૧૭ ગુરુકુળમાં યથાશક્તિ આજ્ઞાની આરાધનાથી ભાવની પૂર્ણતા
૧૮ આગમમાં કૂલવધૂ વગેરે દૃષ્ટાંતોનું નિરૂપણ.
૧૯ ક્ષમા આદિ દશ પ્રકારના સાધુધર્મનું નિરૂપણ.
૨૦-૨૧ ગુરુકુળવાસના ત્યાગથી ગુણાદિવૃદ્ધિનો તથા ક્ષમાદિગુણોનો અભાવ.
૨૨ ગુરુકુળમાં વસવાથી અનેક ગુણોનો લાભ.
૨૩ ગુરુકુળના ત્યાગમાં ગુણવ્યાઘાત અને દોષપ્રાપ્તિ.
૨૪ ગુરુકુળવાસના ત્યાગના નિષેધનો વિષયવિભાગ.
૨૫ દશવૈકાલિકસૂત્રોક્ત એકાકી વિહારનિરૂપણ
૨૬ ઉક્ત સૂત્રદ્વારા વિશેષવિષયનિરૂપણ.
૨૭-૩૦ દશવૈકાલિક સૂત્રનું વિધાન વિશિષ્ટસાધુવિષયક. તે સિદ્ધ કરવા જાત-અજાતકલ્પનું વર્ણન.
૩૧ એકાકીને ભિક્ષાચર્યામાં અનેક દોષ, સંઘાટકભિક્ષાનું વિધાન.
૩૨ અગીતાર્થોના સ્વતન્ત્રવિહારનો નિષેધ
૩૩ દશવૈકાલિકસૂત્રનું વિશેષવિષયકનિરૂપણ.
૩૪ સૂત્ર સ્પષ્ટ જ હોય ત્યારે વિચારણા શા માટે ? શંકાનું સમાધાન.

૩૫ મૂલગુણોથી રહિત ગુરુ યોગ્ય નથી.
૩૬ ગુરુકુળના અત્યાગીઓની ઉત્તમતા.
૩૭-૩૮ ગુરુકુળને છોડનારા કાગડાના દૃષ્ટાંતથી સાધુ નથી.
૩૯ ગુરકુળત્યાગીના બહુમાનથી ઉન્માર્ગની અનુમોદના અનિષ્ટફળવાળી.
૪૦ જિનાજ્ઞામાં રહેલા સાધુઓનું ગુણવર્ણન
૪૧ સાધુઓના ઉત્સર્ગ-અપવાદના સમ્યગ્બોધનું નિરૂપણ.
૪૨ સાધુઓના દ્રવ્યાદિપ્રતિબંધરહિતતા તથા મૈત્ર્યાદિગુણ.
૪૩ પૂર્વોક્ત ગુણવાળા જ સાધુઓ, તે ગુણોથી રહિત સાધ્વાભાસ.
૪૪ સમ્યગ્જ્ઞાન-દર્શન હોય તો જ વિશુદ્ધ ચારિત્ર.
૪૫ નિશ્ચય-વ્યવહારનયમતે ચારિત્રના વિઘાતનું નિરૂપણ.
૪૬ પૂર્વોક્ત નિશ્ચયનયનું વિવરણ.
૪૭-૪૮ વ્યવહારનયસંમત જ્ઞાનાદિનાશના વિકલ્પની સ્પષ્ટતા.
૪૯ ભાવસાધુનું લક્ષણ.
૫૦ સાધુધર્મપાલનથી મોક્ષપ્રાપ્તિ.

૧૨. સાધુસામાચારી પઞ્ચાશક **૨૫૦-૨૭૧**

૧ મંગલ, ઈચ્છાકાર આદિ દશ પ્રકારની સાધુ સમાચારી
૨-૩ ઈચ્છાકાર આદિ દશ સામાચારીના નામ
૪ ઈચ્છાકાર સામાચારીનો વિષયનિર્દેશ.
૫ બીજા સાધુ પાસે કાર્ય કરાવવામાં વિષયવિભાગ
૬ કાર્ય કરવા આદિ વિષયમાં ઈચ્છાકારનું વિધાન
૭ ઈચ્છાકારસામાચારીનું ફળ નિરૂપણ
૮ આજ્ઞા અને બળાત્કારનો નિષેધ
૯ પ્રજ્ઞાપનીય અને યોગ્ય શિષ્યને આજ્ઞા-બળાત્કારથી પ્રવૃત્તિ કરાય.
૧૦ મિથ્યાકાર દ્વારનું નિરૂપણ.
૧૧ તીવ્ર શુદ્ધ ભાવથી મિચ્છા મિ દુક્કડં આપવું.
૧૨-૧૩ મિચ્છા મિ દુક્કડં પદનો અક્ષરાર્થ.
૧૪ તથાકાર યથોદિત ગુરુના વચનમાં કરવો
૧૫ તથાકારનો વિષયનિર્દેશ
૧૬ ગુરુવિશેષ પ્રત્યે તથાકારવિધિનું નિરૂપણ.
૧૭ ભવભીરુ ગુરુના વચનનો અતથાકાર મિથ્યાત્વ છે.
૧૮-૧૯ આવશ્યકી સામાચારીનું નિરૂપણ.
૨૦-૨૧ અશુદ્ધ આવશ્યકીનું વિવરણ-આગમસાક્ષી
૨૨ નૈષેધિકી સામાચારીનું નિરૂપણ
૨૩ અવગ્રહ ભૂમિમાં પ્રવેશતા નૈષેધિકી કરવાનો હેતુ
૨૪ દેવાદિની અવગ્રહભૂમિનો પ્રયત્નથી પરિભોગ કરવો-સદૃષ્ટાંત વિવરણ
૨૫ ભાવનિસીહિનું વિવરણ.
૨૬ આપૃચ્છના સામાચારીનું નિરૂપણ

૨૭-૨૮ ગુરુને પૂછીને કરેલ કાર્ય કલ્યાણકારી બને, તેની વિવેચના
૨૯ આથી બહુવેલ આદિના ક્રમથી દરેક કાર્યમાં આપૃચ્છના
૩૦ પ્રતિપૃચ્છા સામાચારીનું નિરૂપણ.
૩૧-૩૨ પ્રતિપૃચ્છા કરવાના કારણો.
૩૩ પ્રતિપૃચ્છાવિષયક મતાંતર
૩૪ છંદના સામાચારીનું નિરૂપણ
૩૫ વિશિષ્ટ સાધુઓ જ છંદનાના અધિકારી
૩૬ છંદનાવિષયક શંકા અને સમાધાન.
૩૭ છંદનાફળવિષયક શંકા અને સમાધાન.
૩૮ નિમન્ત્રણા સામાચારીનું નિરૂપણ
૩૯ નિમન્ત્રણાનું પ્રયોજન-કથન
૪૦ સાધુઓના કર્તવ્યની ઉપમા અને ફળવર્ણન
૪૧ નિમન્ત્રણાનું વિશેષ નિરૂપણ
૪૨-૪૩ ઉપસમ્પદ સામાચારીના મુખ્ય ત્રણ અને પેટા બાવીસ ભેદોનું વર્ણન
૪૪ ઉપસંપદાસામાચારીનું વિધિનિરૂપણ
૪૫ વર્તનાદિ પદોનો અર્થ
૪૬ ગ્રહણ આદિ પદોનું નિરૂપણ
૪૭ વૈયાવચ્ચ અને તપના વિકલ્પોનું નિરૂપણ
૪૮ દશધા સામાચારીના આરાધકનું સ્વરૂપ
૪૯ દશ સામાચારીના પાલનનું ફળકથન
૫૦ સ્વાગ્રહવાળા અનુષ્ઠાનો સંસારભ્રમણ કરાવે.

૧૩ પિંડવિધાન પઞ્ચાશક ૨૭૨-૨૯૨

૧. મંગલ, પિંડવિધાન
૨. પિંડનું સ્વરૂપ અને તેના ગ્રહણનો હેતુ
૩. ઉદ્ગમ આદિ ભિક્ષાના બેંતાલીશ દોષ
૪. ઉદ્ગમના એકાર્થક શબ્દો અને તેનો વિશેષાર્થ
૫-૬. આધાકર્મ આદિ સોળ ઉદ્ગમ દોષોના નામ-વ્યાખ્યા
૭ આધાકર્મનું લક્ષણ
૮. ઔદ્દેશિકદોષનું સ્વરૂપ
૯ પૂતિ અને મિશ્રદોષનું સ્વરૂપ
૧૦ સ્થાપના અને પ્રાભૃતિકાદોષનું સ્વરૂપ
૧૧ પ્રાદુષ્કરણ અને ક્રીતદોષનું સ્વરૂપ
૧૨. પ્રામિત્ય અને પરાવર્તિતદોષનું સ્વરૂપ
૧૩. અભ્યાહૃત અને ઉદ્ભિન્નદોષનું સ્વરૂપ
૧૪. માલાપહૃત અને આચ્છેદ્યદોષનું સ્વરૂપ
૧૫. અનિસૃષ્ટ અને અધ્યવપૂરકદોષનું સ્વરૂપ
૧૬. વિશુદ્ધિકોટિ અને અવિશુદ્ધિકોટિનો અર્થ અને તેના ભેદ

૧૭ ઉત્પાદનના એકાર્થક શબ્દો અને આહારના ઉત્પાદનનો અધિકાર
૧૮-૧૯ ધાત્રી આદિ સોળ ઉત્પાદન દોષોના નામ-વ્યાખ્યા.
૨૦-૨૪ ધાત્રી વગેરે સોળ દોષોનું વિવરણ
૨૫ એષણાના સમાનાર્થી શબ્દો અને આહારની એષણાનો અધિકાર
૨૬. શંકિત વગેરે દશ એષણા દોષોના નામ-વ્યાખ્યા.
૨૭-૨૯ શંકિત વગેરે દશ દોષોનું વિવરણ
૩૦ કયા સાધુને પરમાર્થથી શુદ્ધ પિંડ હોય ?
૩૧ ઉપર્યુક્ત વિષયનું જ આગમપાઠથી સમર્થન
૩૨ દોષપરિજ્ઞાનના કારણોનું વિવરણ
૩૩ પિંડશબ્દની જેમ ભિક્ષા શબ્દ પણ સાધુને જ સંગત છે.
૩૪ ઔદ્દેશિકાદિદોષરહિત ભિક્ષા શક્ય નથી. પૂર્વપક્ષ
૩૫-૩૬ પુણ્યાર્થ પ્રવૃત્તિ હોવાથી અકૃત અકારિતાદિ ગુણવાળી ભિક્ષા યુક્તિયુક્ત નથી.
૩૭ ઉત્તરપક્ષ-પિંડવિષયક સંકલ્પદોષ નિરૂપણ.
૩૮ આહારસંબંધી પૂર્વપક્ષદૂષણ નિરાકરણ
૩૯ ગૃહસ્થના દાનપરિણામનું નિરૂપણ
૪૦ માત્ર દાનપરિણામ દુષ્ટ ન હોવાના કારણો
૪૧ ઉપર્યુક્ત વિષયનું વિશેષકથન
૪૨ શિષ્ટઘરોમાં પુણ્યાર્થ આરંભ-શંકાનું સમાધાન
૪૩. નિર્દોષ ભિક્ષા દુષ્કર છે-શંકાનું સમાધાન
૪૪-૪૫ અશુદ્ધાહારગ્રહણમાં કર્મવાદીની શંકા અને સમાધાન
૪૬ પ્રસ્તુતવિષયનો ઉપસંહાર
૪૭ ઉદ્ગમાદિદોષોના કર્તાનું નિરૂપણ
૪૮-૪૯ ભોજનમાંડલીના સંયોજનાદિ પાંચ દોષોના નામ-વિવરણ
૫૦. ૪૭ દોષોના ત્યાગીનો જલ્દી મોક્ષ.

૧૪. શીલાંગવિધિ પઞ્ચાશક ૨૯૩-૩૧૧

૧ મંગલ, શીલાંગકથનપ્રતિજ્ઞા
૨ ભાવસાધુને અઢાર હજાર શીલાંગ હોય.
૩ યોગ આદિના સંયોગથી ૧૮,૦૦૦ શીલાંગ થાય.
૪-૯ યોગ-આદિના વિશેષનિરૂપણ દ્વારા ૧૮૦૦૦ શીલાંગોના ભાંગા
૧૦ ૧૮૦૦૦ ભાંગાઓના નિરૂપણનું રહસ્ય
૧૧-૧૨ ઉપર્યુક્ત ગાથાર્થનું સમર્થન કરી અનુમાન પ્રયોગ.
૧૩ ઉક્તાર્થનું જ વિશેષ વિવરણ
૧૪ ઉક્તવિષયનું જ દૃષ્ટાંત સહિત નિરૂપણ
૧૫ ઉક્તવિષયનું જ દાર્ષ્ટાન્તિક નિરૂપણ
૧૬ આજ્ઞાથી હિંસાદિમાં પ્રવૃત્ત સાધુ વૈદ્યના દૃષ્ટાંતથી અપ્રવૃત્ત જ છે.
૧૭ દ્રવ્યહિંસાદિ પ્રવૃત્તિ સાધુના વિરતિપરિણામને બાધક નથી.
૧૮-૧૯ ઉત્સૂત્રપ્રવૃત્તિ વિરતિભાવને ખંડિત ક્યારે કરે તેનું નિરૂપણ

૨૦ અગીતાર્થના સ્વતંત્રવિહારનો નિષેધ
૨૧. ગીતાર્થનિશ્રિતને સૂત્રવિરુદ્ધપ્રવૃત્તિ ન હોય
૨૨. ગીતાર્થયુક્ત અગીતાર્થની ઉત્સૂત્રપ્રવૃત્તિ ન થવાનું કારણ
૨૩ ઉપસંહાર-આજ્ઞાપરતંત્રની બાહ્યપ્રવૃત્તિ વિરતિને ખંડિત ન કરે.
૨૪ અટ્ઠાઈજ્જેસુ સૂત્રમાં ૧૮૦૦૦ શીલાંગધારક જ વંદનીય કહ્યા.
૨૫-૨૯ શીલાંગપાલન કઠિન હોવાથી મહાન વ્યક્તિ જ કરી શકે, તૈલપાત્રધારક અને રાધાવેધકનું દૃષ્ટાન્ત.
૩૦ પૂર્વોક્તવિષયમાં પૂ. ભદ્રબાહુસ્વામીની સંમતિ.
૩૧ શાસ્ત્રોક્તગુણવાળા ભાવસાધુ છે-અનુમાનપ્રયોગ
૩૨ સુવર્ણના આઠ ગુણોનું વર્ણન
૩૩-૩૪ સુવર્ણતુલ્યસાધુના આઠગુણોનું નિરૂપણ
૩૫. સાધુ-વ્યતિરેકદૃષ્ટાંતથી નિરૂપણ
૩૬. યથોક્તસુવર્ણની પરીક્ષાનું નિરૂપણ
૩૭. તાત્ત્વિક સાધુમાં કષ વગેરેથી શુદ્ધિનું નિરૂપણ
૩૮. વ્યતિરેકથી તાત્ત્વિકસાધુનું નિરૂપણ
૩૯. અતાત્ત્વિક સુવર્ણલક્ષણવિવરણ
૪૦. દાર્ષ્ટાન્તિકમાં તાત્ત્વિક સાધુનું નિરૂપણ
૪૧-૪૨ વ્યતિરેકથી અતાત્ત્વિક સાધુનું નિરૂપણ
૪૩ સાધુસંબંધી કષ વગેરે પરીક્ષા વિષે મતાંતર
૪૪ આગમોક્ત સાધુના ગુણોથી તાત્ત્વિક સાધુ બને.
૪૫ ભાવસાધુઓને સંપૂર્ણ ૧૮,૦૦૦ શીલાંગ હોય.
૪૬ શીલાંગધારક અને શીલાંગરહિત સાધુની ભાવી સ્થિતિનું નિરૂપણ
૪૭. ગ્રૈવેયકોપપાતદૃષ્ટાંતથી ભાવરહિત ક્રિયા પરમાર્થથી ક્રિયા નથી.
૪૮ દૃષ્ટાન્તના અર્થનું વિવરણ.
૪૯ અતત્ત્વમાં અભિનિવેશવાળી ક્રિયા વિદ્વાનોને અભિમત નથી.
૫૦ મોક્ષાર્થે ભાવયુક્ત ક્રિયામાં પ્રયત્ન કરવો.

૧૫ આલોચનાવિધિ પઞ્ચાશક ૩૧૨-૩૩૧

૧ મંગલ, આલોચનાવિધિકથન
૨ આલોચનાનો અર્થ
૩ આલોચનાથી થતા લાભનું નિરૂપણ
૪ પશ્ચાત્તાપથી આલોચનાની સાર્થકતાનું નિરૂપણ
૫ અવિધિથી કરેલ આલોચનાની નિષ્ફળતા
૬-૭ ઉપર્યુક્ત વિષયનું જ વિશદ નિરૂપણ
૮ ભાવપૂર્વક આલોચનાનું વિધાન
૯-૧૦ વિશેષ આલોચનાના કાળનું નિરૂપણ
૧૧ પક્ખી આદિમાં આલોચના કરવાનું કારણ
૧૨-૧૩ આલોચના કરનાર યોગ્ય જીવનું વિવરણ
૧૪-૧૫ આલોચનાચાર્યના લક્ષણો

૧૬-૧૭ આલોચનાના ક્રમનું નિરૂપણ
૧૮ ભાવનિરૂપણ
૧૯ પ્રશસ્તદ્રવ્યાદિમાં આલોચના કરવાનું કારણ
૨૦ પ્રશસ્તદ્રવ્ય આદિનું નિરૂપણ
૨૧ શુભદ્રવ્યાદિના સમૂહમાં પ્રયત્નરૂપ જિનાજ્ઞા
૨૨ આલોચના કરવા યોગ્ય દોષોનું વિવરણ
૨૩ કાળ આદિ જ્ઞાનાચારના આઠ પ્રકારો
૨૪ નિશંકિત આદિ દર્શનાચારના આઠ પ્રકારો
૨૫ ઈર્યાસમિતિ આદિ ચારિત્રાચારના આઠ પ્રકારો
૨૬ અનશન આદિ તપાચારના બાર પ્રકારો
૨૭ કાયવીર્ય આદિ વીર્યાચારના ત્રણ પ્રકારો
૨૮ જ્ઞાનાચાર આદિ આચારમાં અકાળે વાચના વગેરે અતિચારોની આલોચના
૨૯ અથવા મહાવ્રતના અને ઉત્સૂત્રના અતિચારોની આલોચના
૩૦ પ્રાણાતિપાતવિરમણથી રાત્રિભોજનવિરમણ સુધીનાં છ વ્રતો મૂલગુણ
૩૧ પિણ્ડવિશુદ્ધિથી અભિગ્રહ સુધીના ગુણો ઉત્તરગુણ
૩૨ પૃથ્વી આદિનો સંઘટ્ટો વગેરે મૂલગુણના અતિચારો
૩૩ અકલ્પ્ય અશનાદિનું ભક્ષણ વગેરે ઉત્તરગુણના અતિચારો
૩૪ ઉક્ત અતિચારો તથા વિપરીત પ્રરૂપણા વગેરે સર્વ અતિચારોની આલોચના કરવી
૩૫ સંવેગપ્રધાનચિત્તને બનાવીને આલોચના શિષ્ય કરે.
૩૬ ભાવશલ્યનું લક્ષણ
૩૭-૩૮ શલ્યોદ્ધાર ન કરવાથી થતાં વિપાકોનું દર્શન
૩૯ અવિધિથી આલોચના કરનાર સશલ્ય જાણવા.
૪૦ ઉક્તાર્થનું ચિકિત્સકદૃષ્ટાંતથી નિરૂપણ
૪૧ ગીતાર્થગુરુની તપાસનું વિધાન
૪૨ સશલ્યજીવોનું દીર્ઘકાળ સંસારભ્રમણ
૪૩ શલ્યોદ્ધાર કરનારા જીવો મોક્ષને પામે છે.
૪૪-૪૭ શલ્યોદ્ધારની મહત્તાને જાણીને સંવેગને ઉત્પન્ન કરીને આલોચનાની વિધિ કરે.
૪૮ સારી રીતે કરેલી આલોચનાનું લક્ષણ
૪૯ સફળ આલોચકના ગુણો
૫૦ જિનકથિત લોકોત્તમસંજ્ઞામાં સતત પ્રયત્ન કરવો.

૧૬ પ્રાયશ્ચિત્તવિધિ પઞ્ચાશક ૩૩૨-૩૫૩

૧ મંગલ, પ્રાયશ્ચિત્તકથનવિધિ પ્રતિજ્ઞા.
૨ પ્રાયશ્ચિત્તના આલોચના આદિ દશ પ્રકારો
૩ પ્રાયશ્ચિત્તનો શબ્દાર્થ
૪ યથાર્થ પ્રાયશ્ચિત્ત કરનારના ગુણોનું વર્ણન
૫-૬ ઉક્તાર્થનું વિશેષવિવરણ
૭ દ્રવ્યવ્રણના દૃષ્ટાંતથી ભાવવ્રણની ચિકિત્સાની યોજના

૮-૧૩ દ્રવ્યવ્રણના પ્રકારો અને તેની ચિકિત્સાનું નિરૂપણ
૧૪ ભાવવ્રણનું સ્વરૂપ
૧૫ ભાવવ્રણની ચિકિત્સા અને રહસ્ય સૂક્ષ્મબુદ્ધિગમ્ય
૧૬-૧૮ ભાવવ્રણની ચિકિત્સાનું વિશદ નિરૂપણ
૧૯ છેદ પ્રાયશ્ચિત્તથી અપરાધની શુદ્ધિ થવાનાં કારણો
૨૦ મૂળ આદિ પ્રાયશ્ચિત્તમાં ચારિત્રપુરુષના અભાવે વ્રણચિંતા નથી.
૨૧ મૂળ પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ
૨૨ અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ
૨૩ પારંચિક પ્રાયશ્ચિત્તના કારણોનું નિરૂપણ
૨૪-૨૫ ઉક્તવિષયમાં જ મતાન્તર વિવરણ અને તેનું સમર્થન
૨૬ આગમ આદિ પાંચ પ્રકારના વ્યવહારનું નિરૂપણ
૨૭ પ્રતિસેવા, પુરુષ આદિના ભેદથી આગમમાં અનેક પ્રકારનું પ્રાયશ્ચિત્ત
૨૮ જિનાજ્ઞાની વિરાધનાથી અશુભ ભાવ થાય.
૨૯ વિશિષ્ટ શુભ ભાવ જ યથાર્થ પ્રાયશ્ચિત્ત જાણવો.
૩૦ અશુભભાવથી વિશેષ અધિક શુભભાવ પ્રાયશ્ચિત છે
૩૧ માત્ર શુભભાવથી કર્મનાશ ન થતાં બ્રાહ્મીને સ્ત્રીપણાનો દોષ
૩૨-૩૩ વિશિષ્ટ શુભભાવોત્પત્તિના ત્રણ કારણો અને તેના પુરુષાર્થનું વિધાન.
૩૪ વિશિષ્ટ શુભભાવરૂપ પ્રાયશ્ચિત્તથી થતાં લાભો.
૩૫ પ્રાયશ્ચિત્તથી નિકાચિત કર્મક્ષય અને કર્મોના અનુબંધનો વિચ્છેદ
૩૬ પૂર્વપક્ષ-ભિક્ષાચર્યા આદિ વિહિત અનુષ્ઠાનોમાં પ્રાયશ્ચિત્ત અયોગ્ય
૩૭ વિહિતઅનુષ્ઠાન પણ દોષિત છે તો તેનું વિધાન કેમ ? પૂર્વપક્ષ
૩૮ ઉત્તરપક્ષ-વિહિત અનુષ્ઠાનસંબંધી પ્રાયશ્ચિતનું કારણ
૩૯ સાધક જીવને પણ સૂક્ષ્મવિરાધનાની સંગતિનું નિરૂપણ
૪૦-૪૪ પૂર્વાચાર્યકથિત ભિન્ન ગુણસ્થાનોમાં જીવને કર્મબંધનિરૂપણ
૪૫ ઉક્તવિષયની પ્રસ્તુત વિષયમાં યોજના
૪૬ આ જ વિષયમાં પરમતની આશંકા અને સમાધાન
૪૭ અથવા પ્રાયશ્ચિત્તનું આગમોક્ત અનુષ્ઠાનરૂપે નિરૂપણ
૪૮ સંપૂર્ણ દીક્ષા ભવાંતરમાં કરેલ પાપોનું પ્રાયશ્ચિત્ત છે.
૪૯ પાપનું પ્રાયઃ અકરણ સારી રીતે કરેલ પ્રાયશ્ચિત્તનું લક્ષણ છે.
૫૦ નિશ્ચયનયના મતે મતાન્તરની સંગતિ

૧૭ સ્થિતાસ્થિતકલ્પ પઞ્ચાશક ૩૫૪-૩૭૪

૧ મંગલ, સ્થિતાદિકલ્પકથનપ્રતિજ્ઞા
૨ સ્થિતકલ્પનું સ્વરૂપ અને પ્રકાર
૩. સ્થિતકલ્પ ત્રીજા ઔષધતુલ્ય હોવાથી નિત્ય આચરવો.
૪-૫ ત્રીજા ઔષધના દૃષ્ટાંતથી સ્થિતકલ્પના રસાયણત્વની સિદ્ધિ
૬ કલ્પના સામાન્યથી દશ પ્રકારો
૭ અસ્થિતકલ્પનું નિરૂપણ

૮ આચેલક આદિ છ પદોમાં મધ્યમજિનસાધુઓનાં અસ્થિતકલ્પનું નિરૂપણ
૯-૧૦ શય્યાતરપિંડ આદિ ચાર પદોમાં મધ્યમજિનસાધુઓનાં સ્થિતકલ્પનું નિરૂપણ
૧૧-૧૨ સ્થિત-અસ્થિત કલ્પનો વિભાગ કરી આચેલકકલ્પનું નિરૂપણ
૧૩ પહેલા-છેલ્લા જિનના સાધુઓમાં અચેલકપણાની સિદ્ધિ
૧૪-૧૬ ઔદ્દેશિક=આધાકર્મકલ્પના વિભાગનું વિવરણ
૧૭ શય્યાતરપિંડનું સ્વરૂપ
૧૮ મોટા દોષો થતા હોવાથી સર્વસાધુઓને શય્યાતરપિંડનો નિષેધ
૧૯ શય્યાતરપિણ્ડના નિષેધનો પરમાર્થ
૨૦ રાજપિંડના પ્રત્યેક વિભાગનું નિરૂપણ
૨૧ રાજપિંડગ્રહણમાં અનેક દોષો
૨૨ રાજપિંડના આઠ પ્રકારનું નિરૂપણ
૨૩ કૃતિકર્મનું સ્વરૂપ અને પ્રકાર
૨૪ દીર્ઘપર્યાયવાળા સાધ્વીઓએ પણ સાધુઓને વંદન કરવાનો હેતુ
૨૫ વંદન કરવા યોગ્યને વંદન ન કરવામાં થતાં દોષો
૨૬ મહાવ્રતોનું સ્વરૂપ
૨૭ મધ્યમજિનના સાધુઓને ચાર મહાવ્રતરૂપ કલ્પનું કારણ
૨૮ વચનભેદથી બે પ્રકારનો કલ્પ હોવા છતાં યુક્તિથી એકરૂપ જ છે.
૨૯ જ્યેષ્ઠનું સ્વરૂપ
૩૦ ઉપસ્થાપના=વડી દીક્ષાની વિધિ
૩૧ પિતા-પુત્ર વગેરેમાં વડીદીક્ષામાં જ્યેષ્ઠ કરવા અંગેનું નિરૂપણ
૩૨ પ્રતિક્રમણનું સ્વરૂપ અને તેના કારણો
૩૩ ઈરિયાવહિયા અને પ્રતિક્રમણ કરવાનાં નિમિત્તો
૩૪ મધ્યમજિનાદિના સાધુઓને દોષ લાગે ત્યારે જ પ્રતિક્રમણ
૩૫ માસકલ્પનું સ્વરૂપ
૩૬ પહેલા-છેલ્લા જિનના સાધુઓને માસકલ્પ ન કરવામાં અનેક દોષો.
૩૭ માસકલ્પનું દ્રવ્ય અને ભાવથી વિધાન
૩૮-૩૯ પર્યુષણાકલ્પનું સ્વરૂપ અને ઉત્કૃષ્ટ આદિ કાળથી ભેદનિરૂપણ
૪૦ મધ્યમજિનના સાધુઓનું અવસ્થાને
૪૧-૪૨ દશકલ્પમાં સ્થિત-અસ્થિત વિભાગનું ત્રીજા ઔષધદૃષ્ટાંતથી સહેતુક નિરૂપણ.
૪૩ દુર્વિશોધ્યતા આદિના કારણ
૪૪ સાધુઓ સરળતા આદિ સ્વભાવવાળા હોવાનું કારણ
૪૫ સરળતા-જડતા વગેરે સ્વભાવવાળા ચારિત્ર અયોગ્ય-પૂર્વપક્ષ
૪૬-૪૭ ઉત્તરપક્ષ-વજ્રના દૃષ્ટાંતથી વિસ્મૃતિથી સ્ખલના થાય, વ્રતભંગ ન થાય.
૪૮ વક્ર-જડ સાધુઓને ચારિત્રની સિદ્ધિનું વિવરણ
૪૯ ઉક્તાર્થનું વ્યતિરેકનિરૂપણ
૫૦ સંજ્વલનકષાયના ઉદયથી અતિચારો
૫૧ લિંગધારીના ગુણો
૫૨ ભાવસાધુનું સ્વરૂપ

૧૮ ભિક્ષુપ્રતિમા પઞ્ચાશક ૩૭૪-૩૯૫

૧ મંગલ, પ્રતિમાકલ્પકથનપ્રતિજ્ઞા
૨ પ્રતિમાનું સ્વરૂપ અને સંખ્યાવર્ણન
૩ બાર સાધુની પ્રતિમાઓનું કાળમાન
૪-૬ પ્રતિમાઓને સ્વીકારનાર સાધુના લક્ષણો
૭-૧૨ સાધુ અભિગ્રહવાળી મહાપ્રતિમાને સ્વીકારે ભિક્ષા, ઉપસર્ગ અને પરીષહોને સહન કરે. અપ્રમત્તપણે ઘોર સાધના કરે.
૧૩ માસકલ્પ પૂર્ણ થતાં કરવાના વિધિનું સકારણ નિરૂપણ
૧૪-૧૫ આઠમી પ્રતિમાનું નિરૂપણ
૧૬ નવમી પ્રતિમાનું વિવરણ
૧૭. દશમી પ્રતિમાનું વર્ણન
૧૮ અગિયારમી પ્રતિમાનું નિરૂપણ
૧૯-૨૦ બારમી પ્રતિમાનું વિવરણ
૨૧ પ્રતિમાકલ્પનો સ્વીકાર ગુરુલાઘવની વિચારણાથી રહિત છે. - પૂર્વપક્ષ
૨૨ ગચ્છવાસમાં ગુરુપારતન્ત્ર્ય વગેરે અનેક લાભોનું નિરૂપણ
૨૩ પ્રતિમાધારીને અલ્પભોજનથી શરીરને પીડા સંગત નથી
૨૪ પ્રતિમાકલ્પ પરમાર્થરહિત હોવાથી વિશિષ્ટ લાભનું કારણ નથી.
૨૫ ઉત્તરપક્ષ-પ્રતિમાકલ્પ વિશિષ્ટ સાધુઓ માટે ગુરુલાઘવ વિચારણાપૂર્વકનો છે.
૨૬-૨૯ લૂતારોગ અને સર્પદંશના દૃષ્ટાન્ત દ્વારા પ્રતિમાકલ્પની સાર્થકતા
૩૦ પ્રતિમાકલ્પમાં ગુરુલાઘવવિચારનું વિવરણ
૩૧ વિપરીત કરવામાં દોષપ્રાપ્તિ
૩૨ પ્રતિમાકલ્પમાં ગુરુલાઘવની વિચારણા ન્યાયસંગત
૩૩-૩૪ ગચ્છ બાધારહિત હોય તો જ પ્રતિમાકલ્પના સ્વીકારનું વિધાન
૩૫-૩૬ દીક્ષાપ્રદાન શ્રેષ્ઠ ઉપકાર હોવાથી પ્રતિમાકલ્પનો સ્પષ્ટ નિષેધ
૩૭ કર્મવ્યાધિની ચિકિત્સા માટે પ્રવ્રજ્યારૂપ સાધુની અન્યઅવસ્થા
૩૮ અન્ય અવસ્થાજનક ક્લિષ્ટકર્મનું ક્ષપણ પ્રતિમાકલ્પથી જ શક્ય.
૩૯ ઉક્તહેતુથી અંત-પ્રાન્તભોજીની પીડા દીનતારહિત હોવાથી સંગત
૪૦ પ્રતિમાધારીને કાયપીડામાં અદીનતાનું કારણ
૪૧ ઉપાયાન્તરથી કર્મક્ષય સંભવ છે, તો કાયપીડારૂપ પ્રતિમાકલ્પ શા માટે ? શંકાનું સમાધાન.
૪૨ સ્થવિરકલ્પથી જ વિચિત્રકર્મક્ષય થાય તો પ્રતિમાકલ્પસ્વીકાર અસંગત બને.
૪૩ પરમાર્થરહિતના દૂષણનો મતાંતરથી નિરાકરણ
૪૪ પ્રતિમાકલ્પ આગમોક્ત અને યુક્તિસંગત
૪૫ પરસ્પર સાપેક્ષ સદાગમ અને યુક્તિ અર્થનિર્ણયનું કારણ.
૪૬ પ્રતિમાકલ્પના શેષવિષયોનું વર્ણન
૪૭ પ્રતિમાસંબંધી ઉપદેશ
૪૮ અભિગ્રહનું સ્વરૂપ અને કરવાનું વિધાન
૪૯ અભિગ્રહ ન કરવામાં દોષકથન
૫૦ આજ્ઞાનુસાર અભિગ્રહના પાલનથી શીઘ્ર મોક્ષપ્રાપ્તિ

૧૯ તપોવિધિ પઞ્ચાશક ૩૯૬-૪૧૨

૧	મંગલ, તપકથનપ્રતિજ્ઞા
૨	અનશન આદિ છ બાહ્યતપનું વિવરણ
૩	પ્રાયશ્ચિત્ત આદિ છ અભ્યંતર તપનું વર્ણન
૪-૫	પ્રકીર્ણક તપનું સ્વરૂપ
૬-૭	તીર્થંકરનિર્ગમતપનું નિરૂપણ
૮	તીર્થંકર નિર્ગમનતપની વિધિનું નિરૂપણ
૯-૧૦	ઉક્તાર્થમાં મતાંતરનું વિવરણ
૧૧	તીર્થંકરોને પ્રથમભિક્ષાની પ્રાપ્તિનું વર્ણન
૧૨-૧૪	તીર્થંકરજ્ઞાનોત્પત્તિતપનું વર્ણન
૧૫-૧૬	તીર્થંકરમોક્ષગમનતપનું વર્ણન
૧૭	તીર્થંકરનિર્વાણસ્થાનનું નિરૂપણ
૧૮	ચાન્દ્રાયણ તપનું સ્વરૂપ
૧૯	ચાન્દ્રાયણ પ્રતિમાના બે પ્રકાર પ્રથમ યવમધ્યાપ્રતિમાનું વર્ણન
૨૦	બીજી વજ્રમધ્યાપ્રતિમાનું વર્ણન
૨૧	ચાન્દ્રાયણ તપમાં ભિક્ષાનું પ્રમાણ
૨૨	ચાન્દ્રયણતપની સફળતાનાં કારણો
૨૩	રોહિણી આદિ વિવિધ તપોનું નિરૂપણ
૨૪	રોહિણી આદિ અધિષ્ઠાયક દેવતાનું નિરૂપણ
૨૫	અનેક દેશોમાં પ્રસિદ્ધ વિવિધ તપોનું વર્ણન
૨૬	તપની સફળતા માટે ગુણો
૨૭	કષાયનિરોધલક્ષણ તપથી માર્ગાનુસારી ભાવ દ્વારા ચારિત્રની પ્રાપ્તિ
૨૮-૨૯	સર્વાંગસુંદર વગેરે તપ અભ્યાસીજીવોને મોક્ષમાર્ગનું કારણ
૩૦-૩૧	સર્વાંગસુંદર આદિ તપવિશેષનું વર્ણન
૩૨	નિરુજશિખ તપનું વર્ણન
૩૩	પરમભૂષણ તપનું વર્ણન
૩૪	આયાતિજનક તપનું વર્ણન
૩૫-૩૬	સૌભાગ્યકલ્પવૃક્ષ તપનું વર્ણન
૩૭	મુગ્ધજીવોને આ તપથી થતા લાભ
૩૮	ઇન્દ્રિયજય વગેરે તપોનો નિર્દેશ
૩૯	આગમમાં આ તપો દેખાતા નથી - આ શંકાનું સમાધાન
૪૦	દર્શન-જ્ઞાન-ચારિત્ર તપનું વર્ણન
૪૧	સર્વાંગસુંદર આદિ તપ નિદાનરૂપ છે- શંકાનું સમાધાન
૪૨	આ તપો વિષયાદિથી શુદ્ધ હોવાથી મોક્ષનું કારણ છે. મતાંતર
૪૩	આ તપો વિષયશુદ્ધ હોવાથી બોધિપ્રાર્થના તુલ્ય સર્વથા સંગત છે.
૪૪	આ તપો નિદાનરહિત હોવાથી નિર્દોષ છે, અને તેની આચરણાનો ઉપદેશ.

શ્રુતભક્તિ અનુમોદના
પંચાશક પ્રકરણ - ભાવાનુવાદ

શ્રીમતી ચન્દ્રાવતી બાલુભાઈ ખીમચંદ
રીલીજીયસ ટ્રસ્ટ રત્નપુરી -મલાડ-ઈસ્ટ

જ્ઞાનખાતાની ઉપજમાંથી આ ગ્રંથ પ્રકાશનનો લાભ લીધેલ છે.

ગ્રંથપ્રકાશનમાં સહાયક :-
૧. એક સદ્‌ગૃહસ્થ પરિવાર - ભિવંડી
૨. કીર્તિબેન રાકેશજી બાફના - ભાયંદર

આપે કરેલી શ્રુતભક્તિની હાર્દિક અનુમોદના કરીએ છીએ અને ભવિષ્યમાં પણ આપ ઉત્તરોત્તર ઉત્તમકક્ષાની શ્રુતભક્તિ કરતાં રહો એવી શુભેચ્છા પાઠવીએ છીએ.

લિ.
માનવ કલ્યાણ સંસ્થાન - અમદાવાદ.

श्री सङ्घज्ञाननिधिप्रकाशितस्यऽस्य ग्रन्थस्य श्रावकगणेन स्वामित्वकरणपूर्वं सम्पूर्णमूल्यं ज्ञाननिधौ समर्पणीयम् । समुचितं शुल्कं समर्प्य चैष पठनीयः ।

ગ્રંથ અને ગ્રંથકાર :-

પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય મોક્ષરતિસૂરીશ્વરજી મહારાજા

શ્રી સંઘમાં પ્રસિદ્ધ **શ્રી પંચાશક** ગ્રંથની અપ્રકાશિત પૂ.આચાર્ય **શ્રીયશોભદ્રસૂરિવૃત્તિ**ના પ્રકાશન પછી હવે એનો **સરળ ભાવાનુવાદ** પ્રકાશિત થઈ રહ્યો છે, તેથી એનો અભ્યાસ વધશે એવી પૂરી આશા છે.

સમર્થ શાસ્ત્રકાર, સર્વજ્ઞ-વાણી-મર્મજ્ઞ, ગીતાર્થાગ્રણી પૂ.આ.ભ.**શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મ.ના ગ્રંથોમાં વિષયોનું વૈવિધ્ય પણ છે, અને વિષયોનું સર્વાંગીણ સ્પષ્ટીકરણ પણ છે, ૧૨૫૦ વર્ષો પછી આજે પણ જિનાગમોનાં રહસ્યો ઉકેલવા અને હેય-ઉપાદેયનો સુરેખ વિવેક કેળવવા હજારો કલ્યાણકામી વિદ્વાનો એમના ગ્રંથોને પ્રાથમિકતા આપે છે, આ બતાવે છે કે એમનું ચિંતન કેટલું કાળજયી અને વ્યાપક સ્તરે ઉપયોગી છે....

સમકાલીન સમસ્યાઓનું સમાધાન તો કોઈ પણ વિદ્વાન શોધી આપે, પણ એમણે તો ભવિષ્યકાલીન ભૂલભુલામણીને જાણે અગાઉથી જાણી લીધેલી અને એમાંથી નીકળવાના રસ્તા ખુલ્લા મુકી દીધેલા. **ઉપમિતિકાર શ્રી સિદ્ધર્ષિ ગણિવરે** તો લખ્યું જ છે ને, **अनागतं परिज्ञाय.....**

યોગદૃષ્ટિ સમુચ્ચય, **યોગશતક**, **યોગબિન્દુ**, **શાસ્ત્રવાર્તા સમુચ્ચય**, **અષ્ટક પ્રકરણ**, જેવા એમના ગ્રંથોમાં સારસંચય શૈલી અને દાર્શનિક ચર્ચા જોવા મળે છે, જ્યારે આ **પંચાશક** ગ્રંથમાં મુખ્યત્વે આચારમાર્ગનું વર્ણન મળે છે અને એ પણ કંઈક વિસ્તારપૂર્વક....

એમની દાર્શનિક પ્રતિભાથી અંજાયેલા વિદ્વાનો જ્યારે એમની **'समराईच्च कहा'** જેવી રસાળ, ભાવવાહી અને હૃદયસ્પર્શી રચના જુએ છે તો આશ્ચર્યચકિત થઈ જાય છે. માની નથી શકતા તેઓ, કે કોઈ તર્ક-કર્કશ વિદ્વાન આટલી મૃદુ કોમલ કથા પણ લખી શકે છે. ઉપલબ્ધ ગ્રંથોની ગુણવત્તા અને બે આંકડામાં સમેટાઈ જતી સંખ્યા તરફ નજર માંડીએ ત્યારે ઈતિહાસપ્રસિદ્ધ **૧૪૪૪** નો આંકડો એક તરફ મનને પ્રભાવિત કરી દે છે તો બીજી તરફ હૃદયને ખિન્ન કરી મુકે છે.

अनुसिद्धसेनं कवयः । એવું કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્યજી** લખે છે. આપણે જો એવું કહીશું કે **अनुहरिभद्रं ग्रन्थकाराः** । અર્થાત્ ગ્રંથકારોમાં સૌથી આગળ પૂ.આ.ભ.**શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મ. છે. ! તો લગભગ ખોટા નહીં પડીએ.

શ્રી પંચાશક સટીક ગ્રંથના અનુવાદનું આ શ્રમસાધ્ય, અભ્યાસપૂર્ણ વિરાટ કાર્ય એક **વિદુષી સાધ્વીજી ભગવંતે** કર્યું છે. એમની નિઃસ્પૃહતાને શત-શત વંદન, કે એમણે પોતાનું નામ પ્રગટ કરવાની ના પાડી છે.

વિદ્વદ્વર્ય **ગણિવર્ય શ્રી ધર્મરત્નવિજયજી**ને ગ્રંથના સંશોધનમાં વ્યસ્ત રહેવું જેટલું ગમે છે, એટલું જ એમને પોતાના હૃદય-મનના સંશોધનમાં મસ્ત રહેવું ગમે છે. પ્રાચીન ગ્રંથો અને પોતાનો આત્મા, બંનેની શુદ્ધિ માટેના અથાક પ્રયત્નો એમના જીવનમાં સમાંતરે ચાલી રહ્યા છે.

આશા છે, અભ્યાસુ વર્ગ આ પુસ્તકના ઉપયોગ દ્વારા ગ્રંથકાર, વૃત્તિકાર, ભાવાનુવાદકાર અને સંપાદકનો શ્રમ સવિશેષ સાર્થક કરશે.

વિજય મોક્ષરતિસૂરિ

વિ.સં.૨૦૭૫ વૈ.વ.૫, મુલુંડ-મુંબઈ

॥ શ્રી શત્રુંજયતીર્થ મંડન શ્રી આદિનાથાય નમઃ ॥
॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ ઐં નમઃ ॥

પંચાશક પ્રકરણ

મહાસાગરમાં પ્રવેશ કરવા, તરવા માટે જેમ વહાણની = નાની હોડીની જરૂર છે, એમ વિશાળ જિનાગમરૂપી મહાસાગરમાં પ્રવેશ કરવા માટે પ્રકરણોની - નૂતન ગ્રન્થોની જરૂર છે.

પ્રાચીનગ્રન્થો બહુ મોટા હોય, અત્યંત ગહન હોય, સાધક તેનો અભ્યાસ કરવા જાય તો કાંતો કંઈ સમજાય નહિ, કાંતો ઉંધુ સમજાય, કાંતો ઓછું સમજાય, આવું કાંઈ જ ન થાય એ માટે તેનું ઘડતર જરૂરી છે, સાધકને જ્ઞાનાભ્યાસ સુંદર રીતે થાય એ માટે પ્રકરણ ગ્રંથો અત્યંત ઉપયોગી છે. વાચકપ્રવર **ઉમાસ્વાતિજી** મહારાજે સાધકોને સરળતાથી તત્ત્વજ્ઞાન પમાડવા **તત્ત્વાર્થસૂત્ર** આદિ ૫૦૦ પ્રકરણ ગ્રંથોની રચના કરી. તેમના જ પગલે પગલે સમર્થ શાસ્ત્રકાર **હરિભદ્રસૂરિજી** મહારાજે **પંચાશક, ઉપદેશ પદ** આદિ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી. શ્રાવકધર્મ અને સાધુધર્મના વિષયને પૂજ્યશ્રીએ **પંચાશક પ્રકરણ** ગ્રંથ દ્વારા પ્રસ્તુત કરેલ છે. આ ગ્રંથમાં કુલ ૧૯ વિષયો છે. દરેક વિષયને પ્રાયઃ ૫૦ ગાથા દ્વારા વર્ણવ્યો છે માટે ૫૦ ગાથાના આ વિષયને **પંચાશક** નામથી ગ્રંથકાર ઓળખાવે છે.

આ **પંચાશક પ્રકરણ** ઉપર પૂ.આ.**યશોભદ્રસૂરિજી**એ ટીકા બનાવેલ જેની એક માત્ર તાડપત્રપ્રત **જેસલમેરમાં** હતી તેના આધારે સંશોધન કરીને ૫ વર્ષ પૂર્વે ગ્રંથ પ્રકાશિત કરેલ. તાડપત્રમાં ૧૮ પંચાશકની ૪૬ ગાથા સુધીની ટીકા હતી. ત્યારપછીની પૂ.નવાંગીવૃત્તિકાર આ. અભયદેવસૂરિજી મ. ની પ્રકાશિત ટીકા (૧૮-૪૭ થી ૧૯-૪૪) સંપૂર્ણ ગ્રંથની તે પુસ્તકમાં મુકી હતી. આ ટીકાનો ગુજરાતી અનુવાદ પ.પૂ.ગીતાર્થ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રાજશેખરસૂરિજી** મહારાજે કરેલ. બાકીના ગ્રંથનો તે અનુવાદ અત્રે સાભાર રજૂ કરવામાં કરવામાં આવેલ છે. આ ગ્રંથનો ગુજરાતી ભાવાનુવાદ કરવામાં આવે તો અનેક સાધકોને ઉત્તમ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય. આવી ભાવનાથી મેં ભાવાનુવાદ માટે શ્રુતજ્ઞાનસાધનામાં અત્યંત નિપુણ એવા **સાધ્વીજી ભગવંત**ને પ્રેરણા કરી, અને ઉપયોગપૂર્વક ધીરતાથી સમગ્ર ગ્રન્થનો ગુજરાતી ભાષામાં ભાવાનુવાદ તેમણે કર્યો. જેમાં મૂળ ગાથા તેની સંસ્કૃત છાયા, ગાથાનો અર્થ અને ટીકાનો અર્થ, તથા અમુક સ્થળે ટિપ્પણ કરેલા છે નામના અને પ્રસિદ્ધિથી અત્યંત નિર્લેપ એવા સાધ્વીજી ભગવંતે પોતાનું નામ જાહેર ન કરવા મને આગ્રહપૂર્વક વિનંતિ કરી છે. તેમણે કરેલ અનુવાદમાં ટીકાર્થ અન્વયાર્થ ક્રમ પ્રમાણે ન હતો, અભ્યાસુને સરળતા થાય માટે ટીકાર્થને ક્રમાનુસાર ગોઠવ્યો, તથા જરૂરી સુધારા કર્યા. આમ, **પંચાશક ગ્રંથ**ની પૂજ્ય **યશોભદ્રસૂરિજી** મ.ની ટીકાનું અધ્યયન ભાવાનુવાદને કારણે સમસ્ત સંઘમાં સરળતાથી થશે.

પંચાશક ગ્રંથના રચયિતા પૂજ્ય **હરિભદ્રસૂરિજી** મહારાજા તથા ટીકાકાર પૂજ્ય **યશોભદ્રસૂરિજી** મહારાજાનું જીવન ચરિત્ર તથા **પંચાશક ગ્રન્થ**નું વિસ્તૃત વિષય વર્ણન પૂર્વે **પંચાશક પ્રકરણ** - સંસ્કૃત ટીકા પૂ. **યશોભદ્રસૂરિજી** મ.નું પુસ્તક અમે સંશોધન કરેલ તેમાં ગુજરાતી ભાષામાં જણાવ્યું છે. જીજ્ઞાસુએ ત્યાંથી તે વિગતો જાણવી. આ ગ્રંથમાં દરેક પંચાશકના વિષયને દર્શાવવા ગાથાનુસાર ગુજરાતી ભાષામાં વિસ્તૃત અનુક્રમણિકા બનાવી છે. જે અભ્યાસુ તથા સંશોધકવર્ગને ખૂબ ઉપયોગી પૂરવાર થશે.

પંચાશક ગ્રંથના ભાવાનુવાદ પ્રુફ તપાસવામાં સહાયક

૧. પ.પૂ. પ્રવચનપ્રભાવક આ.શ્રી.વિ.**કીર્તિયશસૂરિજી** મહારાજાના પ્રશિષ્ય મુનિ **કૃતિયશવિજયજી** મહારાજ
૨. પરમ પૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી શ્રી **જયાશ્રીજી** મહારાજાના પ્રશિષ્યા સાધ્વીજી **કૈવલ્યદર્શનાશ્રીજી** મહારાજ, તથા સાધ્વીજી **મૃદુદર્શનાશ્રીજી** મહારાજ
૩. **બોરીવલી** તથા **લાલબાગના સુશ્રાવકો**

આ ગ્રંથ સાધુ ધર્મ અને શ્રાવકધર્મની આરાધનાને જણાવનારો છે. તેનું વિશદ અધ્યયન કરી સ્વભૂમિકાનુસાર ઉત્તમ આરાધના કરી પરમ પદના ભોક્તા બનો એ જ શુભ ભાવના

લિ.
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય
બોધિરત્નસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય
મુનિ ધર્મરત્નવિજય ગણી.

શ્રી પંચાશકપ્રકરણ - ગુજરાતી ભાવાનુવાદ.

ગ્રંથકાર :- સમર્થશાસ્ત્રકાર પ્રાતઃસ્મરણીય આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજ

ટીકાકાર - પરમ પૂજ્ય આચાર્યશ્રી યશોભદ્રસૂરિ મહારાજ

શ્રી અરિહંતપદનું ધ્યાન ધરીને
સદ્‌ગુરુવરચરણામ્બુજ નમીને
હંસવાહિનીનું સ્મરણ કરીને
જિનવચનામૃત હૈયે ધરીને
યાકિનીમહત્તરાસૂનુએ ગ્રંથે વિરચ્યા
યશોભદ્રસૂરીશ્વરે ટીકાએ ગ્રંથ્યા
શ્રી પંચાશકગ્રંથના જે પરમ રહસ્યો
તેનો ગુર્જરાનુવાદ વિરચવા ઈચ્છ્યો.
એવડી મુજમાં છે નહિ મતિ
દેવગુરુકૃપા મુજને દેજો શક્તિ
તો પણ તેહમાં જે રહી ગઈ ક્ષતિ
એહ પ્રમાર્જવા ગુરુવરને વિનંતિ.
જિમ જિનશાસન છે જયવંતુ
સિદ્ધિક્ષેત્ર છે જિમ શાશ્વતુ
જિમ સિદ્ધાચલ તીર્થ છે પુન્યવંતુ
એહ સવિ ઉપમા એ ગ્રન્થ ધરંતુ.

<u>પ્રથમ શ્રાવકધર્મવિધિ પંચાશક</u> ॥

[ટીકાકૃન્મઙ્ગલમ્]

सर्वातिशयसम्पन्नमनादिनिधनं स्फुटम् ।
जैनं जयति रागादि-विच्छेदचतुरं वचः ॥ १ ॥

भूत्यै सरस्वति ! न ईश्वरि ! देवि ! भूयाः,
यस्यां प्रसादवशतो रुचिनिर्मलत्वम् ।
वाचां भवत्यवितथाऽमलिनप्रबन्धम् ।
विद्वद्भिरर्चितगुणं गुणवद्भिरग्र्यम् ॥ २ ॥

ટીકાર્થ- ટીકાકાર મહર્ષિ શ્રી **યશોભદ્રસૂરીશ્વરજી** મહારાજા શ્રી **પંચાશકપ્રકરણ**ની ટીકાના પ્રારંભમાં મંગલ કરે છેઃ-

સર્વ અતિશયોથી યુક્ત, શાશ્વત, અસંદિગ્ધ, રાગાદિનો નાશ કરવામાં ચતુર જિનેશ્વરદેવનું વચન જય પામે છે, અર્થાત્ સર્વોત્કૃષ્ટપણે વર્તે છે. (૧)

જેની કૃપાના વશથી વાણીનું ગુણવાન વિદ્વાનો વડે પ્રશંસા કરાયેલા ગુણથી યુક્ત, (**अग्रयम्**=) શ્રેષ્ઠ પ્રકારનું, રુચિકર એવું નિર્મળપણું થાય છે. જે નિર્મળતાના પ્રભાવે સાહિત્યકારો (**अवितथ**=) સત્ય (**अमलिन**=) દોષરહિત કાવ્યાદિપ્રબંધનું સર્જન કરે છે તે **હે સરસ્વતી** ! હે સ્વામિની ! હે દેવી ! તું અમારી આબાદીના માટે થા.

અર્થાત્ ટીકાકાર મહર્ષિ **સરસ્વતી** દેવીની કૃપાથી પોતાની આ (પ્રબંધ=) સાહિત્યરચનાને (અવિતથ=) પારમાર્થિક, (અમલિન=) નિર્દોષ અને વિદ્વાનો વડે પ્રશંસનીય બનાવવા માટે ઉત્કૃષ્ટ પ્રકારની (નિર્મળ=) અક્લિષ્ટ (રુચિ=) દીપ્તિમતી વાણીને ઇચ્છે છે.

હવે ધર્મના અધિકારીનું *અને ધર્મના ફળનું વર્ણન કરે છે* :- અહીં જેઓને જન્માન્તરથી સંચિત કરાયેલો સાનુબંધ પુણ્યનો અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય છે તથા નિર્મળ પ્રજ્ઞાથી જેઓનું ચિત્ત અતિશય વિશુદ્ધ કરાયેલું છે. તેમજ જેઓ નિરંતર સુખસંપત્તિથી યુક્ત છે તેવા મહાત્માઓએ તેમજ બીજા પણ મનુષ્યો કે જેઓ જન્મ-જરા-મરણરૂપી પાણીથી ભરેલા અપાર સંસારસમુદ્રની મધ્યમાં રહેલાં છે, વળી રાગ-દ્વેષ અને મોહથી જેમના અધ્યવસાયો અતિશય ક્લિષ્ટ બનેલા છે અને જેઓ અનેક પ્રકારની શારીરિક, માનસિક હજારો આપત્તિથી પીડિત છે તેઓએ પણ અર્થ અને કામને વિષે આદર રાખવાનો છોડીને સકલ કલ્યાણની પરંપરાને આપવામાં સમર્થ, ચિંતામણિરત્ન તથા કલ્પવૃક્ષ સમાન, નિરુપમ-અવ્યાબાધ-સ્વાભાવિક-એકાન્તિક-આત્યન્તિક સુખથી ભરપૂર એવા મોક્ષના કારણભૂત તેમજ આલોક અને પરલોકમાં શાંતિના કારણભૂત એવા ધર્મમાં જ આદર કરવો યુક્ત છે. કારણકે વિદ્વાન પુરુષોએ કહ્યું છે કે-

"જે કારણથી ધર્મ વડે આ લોકમાં આબાદી પ્રાપ્ત થાય છે અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે તે કારણથી કલ્યાણની ઈચ્છાવાળાએ હંમેશા તે ધર્મને જ સેવવો જોઈએ."

***જ્ઞાનનું માહાત્મ્ય બતાવે** છે.*

સકલ મનુષ્ય-દેવ અને મહર્ષિ વડે પૂજનીય, સકલ પ્રાણીઓનું હિત કરવામાં તત્પર સ્વભાવવાળા, સર્વ અવસ્થામાં સુંદર, (આ બધા જ વિશેષણો તીર્થંકર પરમાત્મામાં તેમજ ધર્મમાં એમ બંનેમાં ઘટે છે.) જગતમાં સર્વોત્કૃષ્ટ પુણ્યરાશિના ઉદયવાળા ભગવાન તીર્થંકર પરમાત્માના જેવા સુગૃહીત નામધારી (પ્રાતઃ સ્મરણીય), મહિમાવંત તેમજ પ્રવાહની અપેક્ષાએ શાશ્વત એવા તે ધર્મનું મૂળ આગમના નિર્મળ બોધસ્વરૂપ સમ્યગ્જ્ઞાન છે. - કહ્યું છે કે :-

"જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી જીવને હેયોપાદેય વસ્તુ સંબંધી જે ***નિશ્ચે સમ્યગ્*** બોધ થાય છે. તે જ્ઞાન કહેવાય છે."

વિશિષ્ટ પ્રકારના પ્રજ્ઞાના અતિશયને ધારણ કરનારા ગંભીર-ઉદાર આશયવાળા, અતીન્દ્રિય અર્થને જાણનારા, શ્રી તીર્થંકર પરમાત્માના પછી (શ્રીસંઘમાં) તરત જ જેમનું સ્થાન છે એવા શ્રી ગણધર

ભગવંતો વડે તેમજ તેમના શિષ્યો વડે તે આગમના વિષય-વિષયી વિભાગની અપેક્ષાએ ત્રણ ભેદ કહેવાયા છે.

(૧) અર્થાગમ, (૨) જ્ઞાનાગમ અને (૩) વચનાગમ.

(૧) ***અર્થાગમ*** - અર્થ એટલે પદાર્થ, આગમમાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે તે પદાર્થને અર્થાગમ કહેવામાં આવે છે. સામાન્યનયની અપેક્ષાએ પરમાર્થથી સત્ જીવ અને અજીવ એ બે પદાર્થો અર્થાગમ છે કારણકે તેમાં જગતના સર્વ વ્યક્તિરૂપ પદાર્થ અર્થાત્ દરેકે દરેક પદાર્થનો સંગ્રહ (= સમાવેશ) થઈ જાય છે. વિશેષનયની અપેક્ષાએ સમય (=કાળ) અને પાંચ અસ્તિકાય, જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય) એ છ દ્રવ્યો (જેમનું વર્ણન આગમમાં કરવામા આવ્યું છે) તે અર્થાગમ છે.

(૨) ***જ્ઞાનાગમ***- આગમથી જ્ઞેય પદાર્થોનો જે વિવેચનાત્મક (પરિચ્છેદાત્મક) બોધ (અપ્રતિલબ્ધિ) થાય છે તેને જ્ઞાનાગમ કહેવાય છે. તે બોધ આગમમાં વર્ણવેલા દ્રવ્ય અને પર્યાયના સ્વભાવવિષયક અને વસ્તુવિષયક હોય છે. તેમાં આગમનો પ્રસિદ્ધ વસ્તુવિષય એ અભિલાપ્ય પદાર્થોના ધર્મો જણાવવાનો છે અને સ્વભાવવિષય એ દરેક પદાર્થનું સજાતીય વિજાતીય પદાર્થથી વ્યાવૃત્ત (ભિન્ન) અસાધારણ લક્ષણ જણાવવાનો છે :

(૩) ***વચનાગમ***- સ્વ-પર શાસ્ત્રોના જાણકાર, અતિપ્રકૃષ્ટ દીર્ઘમતિના ક્ષયોપશમવાળા પૂજ્યપાદ ચૌદપૂર્વધર આદિ (શાસ્ત્રકારો)ના વચનો એ વચનાગમ છે. આ વચનાગમ એ સકલ શાસ્ત્રોમાં વ્યાપક છે અર્થાત્ સકલ શાસ્ત્રોનો એમાં સમાવેશ થઈ જાય છે, પ્રજ્ઞાપનીય પદાર્થોના અનંતમાં ભાગના જ અભિલાપ્ય પદાર્થોના ધર્મોનું એમાં સમાનપરિણામવાચક શબ્દો વડે નિરૂપણ કરાયેલું છે. (પોતપોતાની અર્થક્રિયા કરવામાં જે સમર્થ હોય તે જ પદાર્થ કહેવાય છે. ત્રણેય કાળના વિષયભૂત ઘટ આદિ પદાર્થોમાં જે અર્થક્રિયા સામર્થ્યરૂપ ઘટત્વ આદિ સામાન્ય ધર્મ રહેલો છે તેના વાચક હોવાથી શબ્દોને સમાનપરિણામપાતી કહેવામાં આવે છે.)

વળી આ વચનાગમ એ સર્વ વ્યવહારનું કારણ છે, હેય-ઉપાદેય અને ઉપેક્ષણીય પદાર્થોનું નિરૂપણ કરનાર છે. પંડિતોને માટે આદરણીય છે, અતિશય કુશળતાથી વર્ણવેલું હોવાથી તેમાં નિર્વિવાદપણે સર્વ વેદ્ય અને વેદકનું સ્વરૂપ બુદ્ધિ સમક્ષ સ્ફુરાયમાન થતું હોય છે. વળી સ્વ-પરસિદ્ધાન્તના ઉપદેશનું તેમાં અવ્યભિચારીપણે વર્ણન હોય છે. (સ્વ-પર સિદ્ધાંતોનો તેમાં તત્ત્વદૃષ્ટિવડે સમન્વય કરેલો હોવાથી) તે પરમાર્થથી તો એકરૂપ જ છે. કારણકે અજ્ઞાનના કારણે ઊભો થતો વિસંવાદ તત્ત્વદૃષ્ટિવાળામાં હોતો નથી.

વળી આ વચનાગમમાં શિષ્ટ પુરુષોને માન્ય, મૂળાગમને અનુસરનારા, નિષ્કલંક, પંડિત પુરુષોએ પ્રજ્ઞાવડે સમાલોચન કરેલા, સર્વ પ્રાણીઓના હિતને અવિરોધી એવા અનુષ્ઠાનોનું નિરૂપણ હોય છે. વળી તે વિદ્વાન પુરુષોને મહોદયના આનંદનો હેતુ છે, સર્વ શાસ્ત્રોના રહસ્યમય બોધને પ્રસારનાર છે. વાગીશ્વરદેવતાથી અધિષ્ઠિત, અડતાલીશ હજાર દિવ્યકોશથી ભરપૂર પ્રાભૃત. આ પ્રાભૃત જે ચૌદપૂર્વને ધરનારા પૂજ્ય પુરુષો છે. તેમને તે અતિપ્રતીત જ છે.

(આગમના આ ત્રણ ભેદોમાં જ્ઞાનાગમ અને વચનાગમનો વિષય અર્થાગમ છે. વચનાગમ એ વિષયી જ છે. જ્યારે જ્ઞાનાગમ એ અર્થાગમની અપેક્ષાએ વિષયી છે અને વચનાગમની અપેક્ષાએ વિષય છે.)

હવે સર્વ અંગ-ઉપાંગ અને પ્રકીર્ણકો જેમાંથી ઉદ્ધૃત કરાયા છે તે, સમગ્ર આશ્ચર્યના નિધાનભૂત શાશ્વત એવા આ આગમના અંશમાત્ર અર્થનો વિષય કરીને જ સર્વ પણ સ્વ-પર સિદ્ધાન્તના વચનો રચાયેલા છે એમ પરમ માધ્યસ્થભાવથી માનતા આચાર્યભગવંતે પરમ કરુણામય હિતની ઈચ્છાથી પ્રેરાઈને શ્રોતાને સદનુષ્ઠાનના અવન્ધ્યકારણસ્વરૂપ, આલોક અને પરલોકમાં સુખને આપનાર, ધર્મનું પ્રથમ નિમિત્ત એવું આત્મીય વિજ્ઞાન સદંશ નિશ્ચયરૂપ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરાવવાની ઈચ્છાથી આ પ્રાકૃત-પ્રકરણની રચના કરી છે.

તે ધર્મના બે પ્રકાર છે. (૧) ગૃહસ્થ ધર્મ અને (૨) સાધુધર્મ. તેમાં (સાધુધર્મ કરતાં) ગૃહસ્થધર્મમાં ઘણા વધારે જીવોની પ્રવૃત્તિરૂપ પ્રત્યાસત્તિ હોવાના કારણે તેમજ સાધુધર્મની પહેલા ગૃહસ્થધર્મનું પાલન કરવામાં આવતું હોવાના કારણે આચાર્ય ભગવંતે સૌ પ્રથમ દશ પ્રકરણોમાં ગૃહસ્થધર્મનું વર્ણન કર્યું છે. તે ગૃહસ્થધર્મમાં નિષ્ણાત બનેલા અને તેમાંના નિરવદ્ય શુભક્રિયાઓના અભ્યાસી એવા તેઓ ત્યારપછી સુખપૂર્વક જ સાધુધર્મસંબંધી પાલન જ્ઞાનપૂર્વક કરી શકશે માટે ગૃહસ્થધર્મનું વર્ણન કર્યા બાદ સાધુધર્મનું વર્ણન કર્યું છે.

આ પ્રમાણે બંને ધર્મનો ક્રમ જેમણે વ્યવસ્થિત(= નિશ્ચિત) કર્યો છે તે આચાર્ય ભગવંતશ્રી પ્રથમ ગૃહસ્થધર્મનું નિરૂપણ કરવાની ઈચ્છાથી 'શ્રાવકધર્મવિધિ' નામનું પ્રથમ પંચાશક વર્ણવે છે :-

તેમાં પોતાને ઈષ્ટ વિશિષ્ટ દેવતાને નમસ્કાર કરવાપૂર્વક પ્રયોજન અભિધેય અને સંબંધ એ ત્રણને જણાવનારી આ પ્રથમ ગાથા કહે છે -

नमिऊण वद्धमाणं, सावगधम्मं समासओ वोच्छं ।
सम्मत्ताईभावत्थसंगयं सुत्तणीईए ॥ १ ॥ १/१

छाया :- नत्वा वर्धमानं श्रावकधर्मं समासतो वक्ष्ये ।
सम्यक्त्वादिभावार्थसङ्गतं सूत्रनीत्या ॥ १ ॥

ગાથાર્થ :- શ્રી **વર્ધમાનસ્વામી**ને નમસ્કાર કરીને સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ભાવોરૂપી પદાર્થોથી યુક્ત શ્રાવકધર્મને શ્રી ગણધરપ્રણીત સૂત્રોના અનુસારે હું સંક્ષેપથી કહીશ.

ટીકાર્થ :-'નત્વા'= પ્રણામ કરીને **'વર્ધમાનં'**= મહાવીરસ્વામીને **' શ્રાવકધર્મં'**= જેનું સ્વરૂપ હવે પછી કહેવાના છે તે શ્રાવકના ધર્મને **'સમ્મત્તાઈભાવત્થસંગયં'**= વિશિષ્ટ લક્ષણવાળા સમ્યક્ત્વ આદિ ભાવરૂપી પદાર્થોથી યુક્ત (એવા શ્રાવકધર્મને) **'સુત્તનીત્યા'**= આગમની નીતિ વડે **'સમાસતઃ'**= સંક્ષેપથી **'વક્ષ્યે'**= કહીશ.

આ શ્લોકમાં **'નત્વા વર્ધમાનમ્'** આ પદો વડે દેવતાને નમસ્કાર કહેવાયો છે. તેમનામાં અર્હત્પણું ગુણોના કારણે છે અને દેવતાપણું મોક્ષપદની પ્રાપ્તિના કારણે છે. અર્થાત્ સર્વગુણસંપન્નતાના કારણે તેઓ અષ્ટપ્રાતિહાર્યાદિ પૂજાને અર્હત્= યોગ્ય બન્યા છે અને મોક્ષમાં ગયા છે માટે જ તે દેવ છે. **'સમાસતો વક્ષ્યે'** આ પદો વડે સંક્ષેપથી નિરૂપણ કરવાનું જણાવ્યું છે. **'સૂત્રનીત્યા'** આ પદ દ્વારા શિષ્યો માટેનું આ પ્રકરણ રચનાનું પ્રયોજન કહ્યું છે આગમના અનુસારે ધર્મનું વર્ણન કરવાથી શિષ્યોને આ પ્રકરણ દ્વારા આગમનો બોધ કરાવવાનું પ્રયોજન છે.

વળી 'સૂત્રનીતિથી' એ શિષ્યો માટે પ્રવૃત્તિનું પ્રયોજન એ રીતે બનશે કે સ્વમતિને અનુસારે જો કહેવામાં આવે તો વ્યભિચારની શંકાથી શિષ્યો આ પ્રકરણના શ્રવણમાં પ્રવૃત્તિ ન કરત પરંતુ આગમના અનુસારે કીધેલું હોવાથી જ શિષ્યો એનું શ્રવણ કરશે.

'**श्रावकधर्मम्**' આ પદ દ્વારા અભિધેય કહેવાયું છે,

આમાં તર્કાનુસારીને પ્રકરણ-પ્રયોજન સ્વરૂપ ઉપાય-ઉપેય લક્ષણસંબંધ સામર્થ્યથી ગર્ભિત રીતે જણાવાયો છે. અર્થાત્ શબ્દસમૂહની વિશિષ્ટ રચનારૂપ આ પ્રકરણ એ ઉપાય છે. શિષ્યોને તેના અર્થનું પ્રતિપાદન કરવારૂપ જે પ્રયોજન તે ઉપેય છે. કહ્યું છે કે- "આ પ્રકરણનું આ ફળ (પ્રયોજન) છે એ પ્રમાણેનો જે યોગ= જોડાણ એ સંબંધ કહેવાય છે. આમ સંબંધ એ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે છતાં પણ પ્રયોજનની અન્તર્ગત તે કહેવાઈ જતો હોવાથી (કેટલાક પ્રકરણકારો વડે તે સંબંધ પૃથક્ સાક્ષાત્ કહેવા ઈચ્છાતો નથી ॥૧॥ ૧/૧

"श्रावकधर्मने हुं कहीश" એમ ઉપરના શ્લોકમાં જે કહ્યું, તેમાં જેનો આ ધર્મ છે તે શ્રાવક કોણ છે ?

તે જણાવે છે :-

परलोगहियं सम्मं, जो जिणवयणं सुणेइ उवउत्तो ।
अइतिव्वकम्मविगमा, सुक्कोसो सावगो एत्थ ॥ २ ॥ १/२

छाया :- परलोकहितं सम्यक् यो जिनवचनं श्रृणोति उपयुक्तः ।
अतितीव्रकर्मविगमात् सोत्कर्षः श्रावकोऽत्र ॥ २ ॥"

ગાથાર્થ :- પરલોક માટે હિતકર (તથા) અવિપરીત એવા જિનવચનને અતિતીવ્ર કર્મનો નાશ થવાથી ઉપયોગપૂર્વક જે સાંભળે છે તે અહીં ઉત્કૃષ્ટ શ્રાવક કહેવાય છે.

ટીકાર્થ :- '**जो**'= જે પુરુષ, '**परलोगहियं**'= પરલોક માટે હિતકર, '**सम्मं**'= સમ્યગ્ અર્થાત્ અવિપરીત, '**जिणवयणं**'= જિનવચનને અર્થાત્ સ્વાધ્યાય (શ્રુતધર્મ) અને ચારિત્રધર્મ સ્વરૂપ જિનધર્મને, '**उवउत्तो**'= ઉપયોગપૂર્વક, અર્થાત્ ઉપાદેય બુદ્ધિથી '**सुणेइ**'= સાંભળે છે. '**अइतिव्वकम्मविगमा**'= અતિક્લિષ્ટ મિથ્યાત્વમોહનીય કર્મનો નાશ થવાથી '**सुक्कोसो**'= સમ્યગ્દૃષ્ટિપણાથી તે ઉત્કૃષ્ટ '**सावगो**'= શ્રાવક '**एत्थ**'= અહીં (કહેવાય છે.)

'**सम्मं**'નો જિનવચનના વિશેષણરૂપે સંબંધ કરાય તો અવિપરીત એવું જિનવચન એવો અર્થ થાય છે. જો તેનો '**सुणेइ**' સાથે ક્રિયાવિશેષણરૂપે સંબંધ કરાય તો સમ્યગ્ રીતે અર્થાત્ અશઠપણાથી સાંભળે છે એવો અર્થ થાય છે. (અશઠપણાથી= પ્રત્યનીકપણાથી નહિ પણ તત્ત્વને જાણવાની જિજ્ઞાસાથી સાંભળે છે). ॥ २ ॥ १/२

તે વળી સમ્યક્ત્વ શું છે ? જેના સંબંધથી આ શ્રાવક કહેવાય છે, તે જણાવે છે :-

तत्तत्थसद्दहाणं, सम्मत्तमसग्गहो न एयम्मि ।
मिच्छत्तखओवसमा, सुस्सूसाई उ हुंति दढं ॥ ३ ॥ १/३

छाया :- तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वमसद्ग्रहो न एतस्मिन् ।
मिथ्यात्त्वक्षयोपशमात् शुश्रूषादयस्तु भवन्ति दृढम् ॥ ३ ॥

ગાથાર્થ :- જિનોક્ત જીવાદિપદાર્થોની શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે. તે સમ્યક્ત્વ હોય ત્યારે મિથ્યાત્વનો ક્ષયોપશમ હોવાથી મિથ્યાગ્રહ હોતો નથી. શુશ્રૂષા વગેરે ગુણો દૃઢ રીતે હોય છે.

ટીકાર્થ :- '**तत्तत्थसद्दहाणं**'= જિનોક્ત જીવાદિ નવતત્ત્વોમાં શ્રદ્ધા '**सम्मत्तं**'= સમ્યક્ત્વ કહેવાય છે. '**असग्गहो**'= વિપરીત-મિથ્યા બોધ, '**न एयम्मि**'= સમ્યક્ત્વ હોય ત્યારે નથી હોતો. '**मिच्छत्तखओवसमा**'= મિથ્યાત્વના ક્ષયોપશમથી '**सुस्सूसाई**'= શુશ્રૂષા-શ્રવણ-ગ્રહણ-ધારણા વગેરે ગુણો '**दढं**'= દૃઢ રીતે '**हुंति**'= હોય છે.

'**तत्त्वार्थश्रद्धानम्**' એ પદ દ્વારા સમ્યક્ત્વનું સ્વરૂપ-લક્ષણ કહેવાયું છે. '**असद्ग्रहो नैतस्मिन्**'= એ પદો દ્વારા સમ્યક્ત્વની હાજરીમાં થતો અનર્થનો નાશ કહેવાય છે. '**शुश्रूषादयस्तु भवन्ति**' એ પદો દ્વારા સમ્યક્ત્વથી પ્રાપ્ત થતા અર્થની સિદ્ધિ કહેવાઈ છે, અનર્થનો નાશ થયા બાદ અર્થની સિદ્ધિ થાય છે માટે આ પ્રમાણે ઉપન્યાસ કર્યો છે. અર્થાત્ પ્રથમ અનર્થના નાશની વાત કરી છે, પછીથી અર્થની સિદ્ધિની વાત કરી છે.

तत्त्वार्थश्रद्धानम् = तत्त्वानाम् अर्थान् श्रद्धानाम् = तात्त्विक એવા જીવાદિ પદાર્થોની શ્રદ્ધા અથવા तत्त्वेन अर्थानाम् श्रद्धानम् = तत्त्वथी અર્થાત્ 'આ આમ જ છે' એવા ભાવથી પદાર્થોની શ્રદ્ધા આમ બે રીતે અર્થ કરી શકાય છે ॥૩॥ ૧/૩

સમ્યક્ત્વના અવિનાભાવી લિંગ કહે છે :-

सुस्सूस धम्मराओ, गुरुदेवाणं जहासमाहीए ।
वेयावच्चे नियमो, वय पडिवत्तीए भयणा उ ॥ ४ ॥ १/४

છાયા :- शुश्रूषा धर्मरागो गुरुदेवानां यथासमाधिना ।
वैयावृत्त्ये नियमो व्रतप्रतिपत्तौ भजना तु ॥ ४ ॥

ગાથાર્થ :- સમ્યક્ત્વ હોય ત્યારે શુશ્રૂષા, ધર્મરાગ તથા ગુરુ અને દેવની વેયાવચ્ચનો યથાસમાધિ નિયમ - આ ત્રણ ગુણો હોય છે, પણ વ્રતોના સ્વીકારમાં ભજના છે.

ટીકાર્થ :- '**सुस्सूस**'= ધર્મશાસ્ત્રને સાંભળવાની ઈચ્છા, '**धम्मराओ**'= ધર્મનો અભિલાષ અર્થાત્ ચારિત્રધર્મ ઉપર રાગ, '**गुरुदेवाणं**'= પૂજા અને નમસ્કારને યોગ્ય એવા દેવ અને ગુરુની '**जहासमाहीए**'= સમાધિને અનુસારે, પોતાની માનસિક સ્વસ્થતા જળવાય એ રીતે '**वेयावच्चे**'= વ્યાવૃત્તનો ભાવ કે ક્રિયા તે વેયાવચ્ચ. તેનો અર્થાત્ ભક્તિ, પ્રણામ, પૂજા વિષયનો '**नियमो**'= અભિગ્રહ, અવશ્યંભાવ અર્થાત્ અવશ્ય કરવું તે, '**वयपडिवत्तीए**'= (સમ્યક્ત્વ હોય ત્યારે) વ્રતોના સ્વીકારમાં, '**भयणा उ**'= ભજના, વિકલ્પ-વ્રતનો સ્વીકાર હોય અથવા ન હોય. **॥ ૪ ॥ ૧/૪**

ભજનાનું કારણ કહે છે :-

जं सा अहिगयराओ, कम्मखओवसमओ ण य तओ वि ।
होइ परिणामभेया, लहुं ति तम्हा इहं भयणा ॥ ५ ॥१/५

છાયા :- यत् सा अधिकतरात् कर्मक्षयोपशमतो न च ततोऽपि ।
भवति परिणामभेदाद् लध्विति तस्मादिह भजना ॥ ५ ॥

ગાથાર્થ :- કારણકે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરતાં વધારે કર્મના ક્ષયોપશમથી વ્રતનો સ્વીકાર થાય છે. જે ક્ષયોપશમથી વ્રતનો સ્વીકાર થાય છે. તે ક્ષયોપશમ જીવોની પરિણતિના ભેદના કારણે જલ્દીથી થતો નથી. આથી વ્રતપ્રાપ્તિમાં ભજના છે.

टीकार्थ :- ''**जं**''= જે કારણથી '**सा**'= વ્રતની પ્રાપ્તિ અર્થાત્ વિરતિ, '**अहिगयराओ**'= સમ્યક્ત્વના પ્રાપ્તિકાળની અપેક્ષાએ ઘણા વધારે, '**कम्मखओवसमओ**'= જ્ઞાનાવરણીય આદિ કર્મના ક્ષયોપશમથી થાય છે. '**तओ वि**'= ''આ પણ'' અર્થાત્ સમ્યક્ત્વપ્રાપ્તિના હેતુભૂત એવો કર્મક્ષયોપશમ પણ '**परिणामभेया**'= જીવની પરિણતિના ભેદથી, સમ્યક્ત્વ હોવા છતાં પણ વ્રતનો પરિણામ ન આવતો હોવાથી, **'लहुं ति**'= જલ્દીથી જ '**तम्हा इहं**'= તે કારણથી વ્રતપ્રતિપત્તિમાં '**भयणा**'= અનિયમ-નિયમનો અભાવ છે. શુશ્રૂષાદિમાં તો નિયમ હોય જ છે અર્થાત્ તે અવશ્યંભાવી હોય છે.

'**तओ वि न य होइ**'= આ વાક્યના બે અર્થ થઈ શકે છે. (૧) **तओ वि**= આ સમ્યક્ત્વપ્રાપ્તિના હેતુભૂત કર્મક્ષયોપશમ તે વ્રતપ્રાપ્તિનો હેતુ બનતો નથી. (૨) '**तओ वि**'= વ્રતપ્રાપ્તિના હેતુભૂત કર્મક્ષયોપશમ તે સમ્યક્ત્વની પ્રાપ્તિના કાળે થતો નથી. આ બે જ કારણોથી વ્રતની પ્રાપ્તિમાં ભજના છે. ॥ ૫ ॥ ૧/૫

सम्मा पलियपुहत्ते, अवगए कम्माण भावओ हुंति ।

वयपभिईणि भवण्णवतरंडतुल्लाणि णियमेण ॥ ६ ॥ १/६

छाया :- सम्यक्त्वात् पल्यपृथक्त्वेऽपगते कर्मणां भावतो भवन्ति ।

व्रतप्रभृतीनि भवार्णवतरण्डतुल्यानि नियमेन ॥ ६॥

गाथार्थ :- સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી (આયુષ્ય સિવાયના મોહનીય આદિ સાત) કર્મોની બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે સંસારસાગર તરવા નાવ સમાન વ્રત વગેરે અવશ્યપણે હોય છે.

टीकार्थ :- '**सम्मा**'= સમ્યક્ત્વની પ્રાપ્તિના કાળ બાદ, '**पलियपुहत्ते**'= શાસ્ત્રમાં પ્રસિદ્ધ પલ્યોપમ પૃથક્ત્વ અર્થાત્ બેથી નવ પલ્યોપમ '**अवगए**'= નષ્ટ થયા બાદ ''**कम्माण**''= દેશવિરતિમાં બાધક કર્મોની સ્થિતિને સ્વાભાવિક રીતે એટલા (પલ્યોપમ પૃથક્ત્વ) કાળે ભોગવવા દ્વારા અથવા તો સ્થિતિઘાત દ્વારા ક્ષય કરવાથી, ''**भावओ**''= આંતરિક પરિણામરૂપ ભાવને આશ્રયીને ''**भवण्णवतरंडतुल्लाणि**''= સંસારસમુદ્ર તરવામાં નાવ સમાન ''**वयपभिईणि**''= તેવા પ્રકારના દેશચારિત્રમોહનીયના ક્ષયોપશમથી થતા અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત આદિ વ્રતો, ''**नियमेण**''= અવશ્ય ''**हुंति**''= થાય છે.

આ કારણે સમ્યક્ત્વ પ્રાપ્ત થવા છતાં તે અવસરે વ્રતની પ્રાપ્તિમાં ભજના છે. ॥ ૬ ॥ ૧/૬

'વ્રત વગેરે' એમ કહ્યું હતું, તે વ્રતોને જ કહે છે :-

पंच उ अणुव्वयाइं, थूलगपाणवहविरमणाईणि ।

उत्तरगुणा तु अण्णे, दिसिव्वयाई इमेसिं तु ॥ ७ ॥ १/७

छाया :- पञ्च तु अणुव्रतानि स्थूलक-प्राणवध-विरमणादीनि ।

उत्तरगुणास्तु अन्ये दिग्व्रतादयः एषां तु ॥ ७ ॥

गाथार्थ :- સ્થૂલપ્રાણવધવિરમણ આદિ શ્રાવકના પાંચ અણુવ્રતો છે અને દિગ્વ્રત આદિ બીજા ઉત્તરગુણો છે.

टीकार्थ :- ''**थूलगपाणवहविरमणाईणि**''= સ્થૂલપ્રાણાતિપાતવિરતિ આદિ ''**पंच उ**''= પાંચ જ, ''**अणुव्वयाइं**''= મહાવ્રતની અપેક્ષાએ નાના હોવાથી અણુવ્રતો છે. ''**उत्तरगुणा**''= અણુવ્રતના ઉત્તરગુણો ''**तु**''= અને ''**अण्णे**''= બીજા ''**दिसिव्वयाई**''= દિગ્વ્રત આદિ. આદિ શબ્દથી શિક્ષાવ્રતનું ગ્રહણ કરાયું છે, '**इमेसिं तु**'= જે શ્રાવકોના ધર્મને કહેવાની વિવક્ષા છે તે શ્રાવકોના આ વ્રતો છે.

અણુવ્રત શ્રાવકધર્મરૂપ વૃક્ષના મૂળ સમાન હોવાથી મૂળગુણ કહેવાય છે અને તે અણુવ્રતોની પુષ્ટિ કરનાર હોવાથી દિગ્વ્રતાદિ સાત ઉત્તરગુણ કહેવાય છે.

અણુવ્રતો- મહાવ્રતોની અપેક્ષાએ નાના હોવાથી તે અણુવ્રત કહેવાય છે અથવા સાધુની અપેક્ષાએ શ્રાવકો નાના હોવાથી ''અણુ= નાના ના વ્રતો'' એમ સમાસ કરીને અણુવ્રત કહેવાય છે. અથવા ''અણુ= અનુ= પાછળ''- સાધુધર્મની પ્રરૂપણા કર્યા બાદ શ્રાવકના વ્રતોની પ્રરૂપણા કરાતી હોવાથી તે અણુવ્રત કહેવાય છે. ॥ ૭ ॥ ૧/૭

પ્રથમ અણુવ્રતને આશ્રયીને કહે છે :-

थूलगपाणवहस्सा, विरई दुविहो य सो वहो होइ ।
संकप्पारंभेहिं वज्जइ संकप्पओ विहिणा ॥ ८ ॥ १/८

छाया :- स्थूलकप्राणवधस्य विरतिः द्विविधश्च स वधो भवति ।
सङ्कल्पारम्भैः वर्जयति सङ्कल्पतो विधिना ॥ ८ ॥

गाथार्थ :- સ્થૂલ પ્રાણીઓના વધની વિરતિ તે પ્રથમ અણુવ્રત છે. તે વધ સંકલ્પથી અને આરંભથી એમ બે પ્રકારે થાય છે. શ્રાવક વિધિપૂર્વક સંકલ્પથી પ્રાણવધનો ત્યાગ કરે છે.

टीकार्थ :- '**थूलगपाणवहस्सा**'= શાસ્ત્રમાં પ્રસિદ્ધ સ્થૂલ પ્રાણીઓના વધની '**विरई**'= નિવૃત્તિ (ત્યાગ) તે પહેલું અણુવ્રત છે. '**दुविहो य**'= અને બે પ્રકારે '**सो वहो होइ**'= તે વધ થાય છે. '**संकप्पारंभेहि**'= સંકલ્પ એટલે પ્રાણીને મારવાની બુદ્ધિ વડે અને આરંભ એટલે મારવાની બુદ્ધિ ન હોવા છતાં ગૃહકાર્યો કરવામાં અનાયાસે થતી પ્રાણીઓની પીડા અને હિંસા, તેનો '**वज्जइ**'= ત્યાગ કરે છે 'વધ' શબ્દનો સાક્ષાત્ ઉલ્લેખ નથી પણ સામર્થ્યથી તે ગમ્ય છે. '**संकप्पओ**'= સંકલ્પને આશ્રયીને આરંભને આશ્રયીને નહિ કારણકે આરંભમાં તો શ્રાવક પ્રવૃત્ત જ છે. '**विहिणा**'= શાસ્ત્રમાં કહેલી વિધિપૂર્વક- સંકલ્પથી થતા વધને વિધિપૂર્વક તજે છે એમ અહીં સંબંધ જોડવો. ॥૮॥ ૧/૮

પ્રાણીવધ વર્જનીય છે, એમ સ્વીકારીને અર્થાત્ તે ત્યજવા યોગ્ય છે એમ માનીને પછી તે શું કરે છે? તે કહે છે :

गुरुमूले सुयधम्मो, संविग्गो इत्तरं व इयरं वा ।
वज्जित्तु तओ सम्मं, वज्जेइ इमे य अइयारे ॥ ९ ॥ १/९

छाया :- गुरुमूले श्रुतधर्मः संविग्नः इत्वरं वा इतरं वा ।
वर्जयित्वा तकः सम्यक् वर्जयति इमान् च अतिचारान् ॥ ९ ॥

गाथार्थ :- ગુરુની પાસે જેણે ધર્મ સાંભળ્યો છે એવો, સંવિગ્ન શ્રાવક થોડા સમય પર્યંત કે જીવનપર્યંત પ્રાણીવધનું પચ્ચક્ખાણ કરીને નીચે ગાથામાં કહેવાશે તે આ અતિચારોનો ભાવથી ત્યાગ કરે.

टीकार्थ :- '**गुरुमूले**'= ગુરુની પાસે '**सा**'= તે શ્રાવક '**सुयधम्मो**'= સાંભળ્યો છે- જાણ્યો છે ધર્મ જેણે

એવો '**संविग्गो**'= સંસારથી ભયભીત થયેલો '**इत्तरं व**'= ચોમાસું આદિ અમુક નિયત અલ્પકાળ પર્યંત અથવા '**इयरं वा**'= જીવનપર્યંત '**वज्जित्तु**'= વધને તજીને '**तओ**'= વિરતિ (પચ્ચખ્ખાણ) લીધા પછી '**सम्मं**'= ભાવપૂર્વક '**इमे य**'= આ હમણા કહેવાશે તે વર્જનીય એવા '**अइयारे**'= અતિચારોને '**वज्जेइ**'= ત્યજે છે. ॥ ९ ॥ १/९

પ્રથમ અણુવ્રતના અતિચારોને 'તે કરવા યોગ્ય નથી' એ રીતે નિષેધ દ્વારા બતાવતા કહે છે :-

बंधवहछविच्छेयं, अइभारं भत्तपाणवोच्छेयं ।
कोहाइदूसियमणो, गोमणुयाईण णो कुणइ ॥ १० ॥ १/१०

છાયા :- बन्धवधं छविच्छेदमतिभारं भक्तपानव्यवच्छेदम् ।
क्रोधादिदूषितमनाः गोमनुजादीनां न करोति ॥ १० ॥

ગાથાર્થ :- સ્થૂલપ્રાણિવધનો ત્યાગ કરનાર શ્રાવક, ક્રોધ આદિથી દૂષિતમનવાળો થઈને બળદ-મનુષ્ય આદિનો બંધ-વધ-છવિચ્છેદ-અતિભાર અને ભક્તપાનવિચ્છેદ કરતો નથી.

ટીકાર્થ :- '**कोहाइदूसियमणो**'= ક્રોધાદિ કષાયથી કલુષિત ચિત્તવાળો '**बंधवहछविच्छेयं**'= બંધ એટલે (દામ=) વસ્ત્રો મોટો પટ્ટો તથા (**रज्जू**=) દોરડા આદિથી બાંધવું, વધ એટલે ચાબુક લાકડી આદિથી મારવું, છવિ એટલે શરીર તેનો છેદ કરવો તે છવિચ્છેદ કહેવાયઃ- બંધ, વધ અને છવિચ્છેદનો સમાહારદ્વન્દ્વ સમાસ કર્યો છે. '**अइभारं**'= અતિશય ભાર ઉપડાવવો, '**गोमणुयाईण**'= બળદ, મનુષ્ય આદિને '**भत्तपाणवोच्छेयं**'= આહાર, પાણી ન આપવા. આદિ શબ્દથી ભેંસ, બકરી, ઘેટા આદિનું ગ્રહણ કરવું. આ અતિચારો '**नो कुखणइ**'= કરતો નથી, આ ક્રિયાપદ વધ આદિ દરેક અતિચારમાં જોડવુંઃ '**वज्जेइ**'= આ ક્રિયાપદની પૂર્વની ગાથામાંથી અનુવૃત્તિ ચાલી આવતી હોવા છતાં ફરીથી આ ગાથામાં '**नो कुणइ**' એ ક્રિયાપદ લખવાનું કારણ આ અતિચારોનો અતિશય ત્યાગ કરવાનું ભારપૂર્વક જણાવવા માટે છે. ॥ १० ॥ १/१०

અતિચાર સહિત પ્રથમ અણુવ્રત કહેવાયું, હવે બીજું અણુવ્રત કહે છે :-

थूलमुसावायस्स य, विरई सो पंचहा समासेणं ।
कण्णागोभोमालिय, णासहरण कूडसक्खिवज्जे ॥ ११ ॥ १/११

છાયા :- स्थूलमृषावादस्य च विरतिः स पञ्चधा समासेन ।

कन्यागोभूम्यलीकं न्यासहरणकूटसाक्ष्ये ॥ ११ ॥

ગાથાર્થ :- મૃષાવાદના સંક્ષેપથી કન્યા-અસત્ય, ગાય-અસત્ય, ભૂમિ-અસત્ય, ન્યાસાપહરણ અને ખોટી સાક્ષી પૂરવી એ પાંચ પ્રકાર છે, આ પાંચ અસત્યનો ત્યાગ એ સ્થૂલમૃષાવાદ વિરમણ વ્રત છે.

ટીકાર્થ :- '**थूलमुसावायस्स य**'= આગમમાં પ્રસિદ્ધ સ્થૂલમૃષાવાદનો '**विरई**'= ત્યાગ, '**सो**'= મૃષાવાદ, '**पंचहा समासेणं**'= સંક્ષેપથી પાંચ પ્રકારે છે દ્વિપદ-ચતુષ્પદ અને અપદ સંબંધી તે મૃષાવાદ હોય છે એમ માનતા ગ્રંથકાર ઉપલક્ષણથી તેને જણાવે છે. '**कण्णागोभोमालिय**'= કન્યા સંબંધી અસત્ય, ગાય સંબંધી અસત્ય અને ભૂમિ સંબંધી અસત્ય, કન્યાના ઉપલક્ષણથી કુમાર આદિ બધા જ બે પગવાળા પ્રાણીવિશેષનું ગ્રહણ થાય છે. ગાયના ઉપલક્ષણથી બધા જ ચાર પગવાળા પ્રાણીવિશેષનું ગ્રહણ થાય છે. ભૂમિના ઉપલક્ષણથી સર્વ પૃથ્વી-પાણી-તેજ-વાયુ અને વનસ્પતિની જાતિનું ગ્રહણ થાય છે.

'**णासहरण**'= બીજાએ વિશ્વાસથી મૂકેલી ધન આદિ વસ્તુ કે જે તેને પાછી સોંપવાની હોય છે. તે થાપણ કહેવાય છે. તેને પાછી ન આપવી તે ન્યાસાપહરણ કહેવાય છે. તેને પાછી ન આપવી એ ચોરી છે તે અદત્તાદાન વિરમણ વ્રતનો વિષય છે, તેનું આ વ્રતમાં ગ્રહણ નથી થતું. પણ તે માટે જે જૂઠું બોલવું કે 'તમે મને આ થાપણ આપી નથી' તે આ મૃષાવાદવિરમણવ્રતનો વિષય છે, તેનું અહીં ગ્રહણ કરવું. '**कूडसक्खिज्जे**'= ખોટી સાક્ષી આપવી. તે લોકપ્રસિદ્ધ જ છે. મૃષાવાદના આ પાંચ પ્રકાર છે. (''અહીં 'જાતિ' શબ્દ સ્વરૂપ અર્થમાં છે.'')

ઉપલક્ષણ= ધ્વનિત કરવું, સૂચિત કરવું. **स्वप्रतिपादकत्वे सति स्वेतरप्रतिपादकत्वम्** । અર્થાત્ જેનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો હોય તેનું પ્રતિપાદન કરવાની સાથે તેના સદૃશ અથવા તેની સાથે સંબંધ ધરાવતી બીજી વસ્તુનું પ્રતિપાદન કરવું તે. એ બીજી વસ્તુ તેના વડે સૂચિત કરાતી હોય છે. ॥ ૧૧ ॥ ૧/૧૧

આ જ અણુવ્રતના વર્જવા યોગ્ય અતિચારોને કહે છે :-

इह सहसाऽब्भक्खाणं रहसा य सदारमन्तभेयं च ।
मोसोवएसयं कूडलेहकरणं च वज्जेइ ॥ १२ ॥ १/१२

छाया :- इह सहसाभ्याख्यानं रहसा च स्वदारमन्त्रभेदञ्च ।
मृषोपदेशकं कूटलेखकरणं च वर्जयति ॥ १२ ॥

ગાથાર્થ :- આ અણુવ્રતમાં સહસા-અભ્યાખ્યાન, રહસ્ય-અભ્યાખ્યાન, સ્વદારમંત્રભેદ, અસત્ય ઉપદેશ અને કૂટલેખકરણ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

ટીકાર્થ :- '**सहसा**'= વિચાર્યા વગર, '**अब्भक्खाणं**'= અવિદ્યમાન દોષોનો આરોપ મૂકવો. દા. ત. વિચાર્યા વગર જ કોઈને 'તું ચોર છે' વગેરે કહેવું. '**रहसा य**'= એકાંતમાં થયેલ, તેના વડે આળ આપવું. દા. ત. 'આ માણસ વડે એકાંતમાં આમ કરાયું' એમ ખોટું આળ આપવું. (એકાંતમાં વાતો કરતા માણસોને જોઈને બીજાને કહેવું કે, ''આ લોકો રાજ્યવિરુદ્ધ મસલત કરે છે, વગેરે''), '**सदारमंतभेयं च**'= પોતાની પત્નીએ વિશ્વાસથી પોતાને કહેલી વાત બીજાને કહી દેવી. '**मोसोवएसयं**'= 'વિવાદમાં તારે આ પ્રમાણે કહેવું' એમ બીજાને જૂઠું બોલવાની સલાહ આપવી. '**कूडलेहकरणं च**'= ભ્રાન્તિજનક ખોટો લેખ લખવો. આ અતિચારોનો '**वज्जेइ**'= ત્યાગ કરે. ॥ ૧૨ ॥ ૧/૧૨

અતિચાર સહિત બીજું અણુવ્રત કહેવાયું, હવે ત્રીજા અણુવ્રતને વિષયભેદ વડે નિરૂપણ કરતાં કહે છેઃ-

थूलादत्तादाणे, विरई तं दुविह मो विनिद्दिट्ठं ।
सच्चिताचित्तेसुं, लवणहिरण्णाइवत्थुगयं ॥ १३ ॥ १/१३

छाया :- स्थूलादत्तादाने विरतिः तद् द्विविधं विनिर्दिष्टम् ।
सचित्ताचित्तेषु लवणहिरण्यादिवस्तुगतम् ॥ १३ ॥

ગાથાર્થ :- સ્થૂલઅદત્તાદાનની વિરતિ એ ત્રીજું અણુવ્રત છે. તે મીઠું વગેરે સચિત્તવસ્તુસંબંધી અને સુવર્ણ વગેરે અચિત્તવસ્તુસંબંધી એમ બે પ્રકારે કહ્યું છે.

ટીકાર્થ :- '**थूलादत्तादाणे**'= શાસ્ત્રપ્રસિદ્ધ સ્થૂલ અદત્તાદાનમાં (ચોરીમાં) '**विरइ**'= ત્યાગ. આ ત્રીજું અદત્તાદાન નામનું અણુવ્રત છે. '**मो**'= આ અવ્યય પાદપૂર્તિ માટે છે. '**तं दुविह**'= તે બે પ્રકારે '**विनिद्दिट्ठं**'= કહ્યું છે. '**सच्चिताचित्तेसुं**'= સચિત્ત અને અચિત્ત વસ્તુના વિષયમાં દૃષ્ટાંતથી બતાવે છે-

'**लवणहिरण्णाइवत्थुगयं**'= મીઠું અને સુવર્ણ આદિ વસ્તુ સંબંધી- મીઠું એ સચિત્ત છે અને સુવર્ણ એ અચિત્ત છે. આદિ શબ્દથી સચિત્ત અને અચિત્ત બધી જ વસ્તુનું ગ્રહણ કરવું. આમ ચોરીનો વિષય સચિત્તવસ્તુ અને અચિત્તવસ્તુ એમ બે પ્રકારે હોવાથી વિષયભેદે ત્રીજા વ્રતના પણ બે પ્રકાર કહ્યાં છે. ॥ ૧૩ ॥ ૧/૧૩

અણુવ્રતના વર્જવા યોગ્ય અતિચારોને કહે છે :-

वज्जइ इह तेनाहड तक्करजोगं विरुद्धरज्जं च ।
कूडतुलकूडमाणं, तप्पडिरूवं च ववहारं ॥ १४ ॥ १/१४

છાયા :- वर्जयति इह स्तेनाहृततस्करयोगं विरुद्धराज्यं च ।
कूटतुलाकूटमानं तत्प्रतिरूपञ्च व्यवहारम् ॥ १४ ॥

ગાથાર્થ :- શ્રાવક ત્રીજા અણુવ્રતમાં સ્તેનાહૃત, તસ્કરપ્રયોગ, વિરુદ્ધરાજ્યાતિક્રમ કૂટતુલ-કૂટમાન અને તત્પ્રતિરૂપવ્યવહાર આ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

ટીકાર્થ :- '**वज्जइ इह**'= તૃતીય અણુવ્રતમાં ત્યજે છે. '**तेनाहडतक्करजोगं**'= સ્તેનાહૃત અને તસ્કરપ્રયોગ- શબ્દનો સમાહાર દ્વન્દ્વ સમાસ છે. સ્તેનાહૃત એટલે ચોરે ચોરી લાવેલું, દા.ત. દેશાન્તરથી ચોરી લાવેલા કેસર આદિ દ્રવ્યો જે ઓછી કિંમતે ખાનગીમાં ગુપ્ત રીતે અપાતા હોય તેને કાણકયથી ખરીદે તો સ્તેનાહૃત અતિચાર લાગે છે. પરંતુ '**लोकव्यवहारपतित्वम्**'= અર્થાત્ ચોરીનો માલ જે પ્રગટ રીતે બજારમાં બજારૂ ભાવે વેચાતો હોય તો તેને ખરીદવામાં આ અતિચાર લાગતો નથી.

તસ્કરપ્રયોગ- **तत् + कृ** ધાતુથી '**तद्ग्रहणतोः कर-पत्योश्चौरदेवतयोः**'= આ સૂત્રથી નિપાતન કરીને તસ્કર શબ્દ બને છે. **तत्** એટલે ચોરીને **करोति**= જે નિરંતર કરે છે, પણ બીજા ખેતી આદિ કાર્ય નથી કરતો તે તસ્કર કહેવાય છે. તેમને '**जोगं प्रयोगः**'= એટલે ચોરી કરવા માટે પ્રેરણા કરવી કે 'તમે ચોરી લાવો, એ માલ હું ખરીદી લઈશ' આ તસ્કરપ્રયોગ નામનો અતિચાર છે.

'**विरुद्धरज्जं च**'= વિરુદ્ધરાજ્યાતિક્રમ= પોતાના દેશના રાજાનો નિષેધ હોવા છતાં તેમની આજ્ઞાથી ઉપરવટ થઈને શત્રુરાજાના સૈન્યમાં અથવા દેશમાં વેપાર માટે જવું તે. '**कूडतुलकूडमाणं**'= ત્રાજવાના કાંટાને લેવડદેવડ માટે ઊંચા-નીચા કરીને ખોટી રીતે માલને જોખવો તે કૂટતુલ નામનો અતિચાર છે. ધાન્ય કે તેલ વગેરે પ્રવાહીને માપવાના માપા ખોટા રાખીને લોકોને ઠગે તે કૂટમાન નામનો અતિચાર છે.

'**तप्पडिरूवं च ववहारं**'= **तत्** એટલે અસલી વસ્તુ **प्रतिरूप** એટલે સમાન. અર્થાત્ અસલી વસ્તુમાં નકલી વસ્તુની ભેળસેળ કરવી તે. ઘીમાં ચરબીને, તેલમાં ભેંસનું મૂત્ર તથા ચોખામાં પલંજને ભેળવે (પલંજ એ ચોખાને મળતું કોઈ હલકું ધાન્ય અથવા તો હલકી જાતના ચોખા અથવા તો ચોખાનું ભૂસું હશે.) ॥ ૧૪ ॥ ૧/૧૪

અતિચાર સહિત ત્રીજું અણુવ્રત કહેવાયું હવે ચોથું અણુવ્રત કહે છે :

परदारस्स य विरई, ओरालविउव्विभेयओ दुविहं ।
एयमिह मुणेयव्वं, सदारसंतोस मो एत्थ ॥ १५ ॥ १/१५

છાયા :- परदाराणां च विरतिः ओरालविकुर्व्वभेदतो द्विविधम् ।
एतदिह ज्ञातव्यं स्वदारसन्तोषोऽत्र ॥ १५ ॥

ગાથાર્થ :- પરસ્ત્રીનો ત્યાગ અથવા સ્વસ્ત્રીએ સંતોષમાં ચોથું અણુવ્રત જાણવું. પરસ્ત્રીના ઔદારિક અને વૈક્રિય એમ બે ભેદ છે.

ટીકાર્થ:- '**परदारस्स य विरई**'= પરસ્ત્રીનો ત્યાગ એ ચોથું અણુવ્રત છે. '**ओरालविउव्विभेदओ**'= ઔદારિક અને વૈક્રિયના ભેદથી '**दुविहं**'= બે પ્રકારે '**एयमिह**'= પરસ્ત્રી અહીં પરસ્ત્રીવર્જન વ્રતમાં '**मुणेयव्वं**'= જાણવી. '**सदारसंतोस**'= સ્વસ્ત્રી સંતોષ '**मो**'= પાદપૂર્તિ માટે છે. '**एत्थ**'= આ ચોથા અણુવ્રતમાં છે. કોઈક શ્રાવક પરસ્ત્રીનું વર્જન કરે છે તો કોઈક શ્રાવક સ્વસ્ત્રીસંતોષરૂપે આ વ્રતને ગ્રહણ કરે છે.

પરસ્ત્રી- પોતાના, સિવાયના પુરુષો, દેવો કે તિર્યંચો, તેમની પરણેલી કે ભાડે રાખેલી સ્ત્રી તે પરસ્ત્રી કહેવાય છે. પરસ્ત્રીવર્જન વ્રતમાં વેશ્યાનો ત્યાગ કરવામાં નથી આવતો. સ્વદારાસંતોષ વ્રતમાં વેશ્યાનો ત્યાગ થાય છે. ઔદારિક શરીરધારી મનુષ્ય અને તિર્યંચની સ્ત્રીઓ છે. વૈક્રિયશરીરધારી દેવી અને વિદ્યાધરી સ્ત્રીઓ છે. **॥૧૫॥૧/૧૫**

તે બંને પ્રકારના ચોથા અણુવ્રતના અતિચારો કહે છે :-

वज्जइ इत्तरिअपरिग्गहियागमणं अणंगकीडं च ।
परवीवाहक्करणं, कामे तिव्वाभिलासं च ॥ १६ ॥ १/१६

छाया :- वर्जयति इत्वर्यपरिगृहीतागमनमनङ्गक्रीडाञ्च ।
परविवाहकरणं कामे तीव्राभिलाषञ्च ॥ १६ ॥

ગાથાર્થ :- શ્રાવક ચોથા અણુવ્રતમાં ઈત્વરપરિગૃહીતાગમન, અપરિગૃહીતાગમન, અનંગક્રીડા, પરવિવાહકરણ અને તીવ્રકામાભિલાષ આ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

ટીકાર્થ :- '**इत्तरिअपरिग्गहियागमणं**'= ઈત્વરી એટલે થોડા કાળ માટે રહેનારી, હંમેશા રહેનારી નહિ. થોડા સમય માટે ભાડું આપીને જેને રાખી હોય તે ઈત્વરિકા કહેવાય છે. જેણે બીજા પાસેથી મૂલ્ય નથી લીધું એવી વેશ્યા તથા નાથ વિનાની વિધવા, ત્યક્ત, કુમારિકા વગેરે કુલાંગના તે અપરિગૃહીતા કહેવાય છે. ઈત્વરિકા અને અપરિગૃહિતા આ બે શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને પછી તેઓનું '**गमनं**'= આસેવન કરવું એમ ષષ્ઠી તત્પુરુષ સમાસ કર્યો છે. '**अणंगकीडं च**'= કામશાસ્ત્રના ઉપદેશથી તથા '**विक्षेपकरण**'= ચામડા વગેરેથી બનાવેલા પુરુષલિંગ જેવા કૃત્રિમ સાધનોથી વિષયચેષ્ટા કરવી તે. (મૈથુનની અપેક્ષાએ સ્ત્રીયોનિ, મેહન એ અંગ કહેવાય છે. તે સિવાયના સ્તન, બગલ, મુખ આદિ અવયવો અનંગ કહેવાય છે. તેને વિષે વિષયચેષ્ટા કરવી તે અનંગક્રીડા છે.)

'**परवीवाहक्करणं**'= શ્રાવકે પોતાના સંતાનો સિવાય બીજાઓનો કન્યાફળની ઈચ્છાથી (કે સ્નેહાદિથી) વિવાહ કરવો તે અતિચાર છે. મિથ્યાદૃષ્ટિઓ કન્યાદાન કરનારને મહાપુણ્ય માને છે. એ પુણ્યને પ્રાપ્ત કરવાની ઈચ્છા તે કન્યાફળઈચ્છા છે. '**कामे**'= કામવિષયક '**तिव्वाभिलासं च**'= રાત અને દિવસ તેના જ અધ્યવસાય કરવા તે.

સ્વદારસંતોષ રૂપે જે શ્રાવકે વ્રત લીધું હોય તેને આ પાંચે ય અતિચાર લાગે છે. પણ પરસ્ત્રીવર્જનરૂપે જેણે વ્રત લીધું હોય તેને પહેલા બે અતિચાર સિવાયના છેલ્લા ત્રણ અતિચાર લાગે છે. આ અતિચારોને '**वज्जइ**'= તજે છે.॥ **૧૬ ॥ ૧/૧૬**

અતિચાર સહિત ચોથું અણુવ્રત કહેવાયું. હવે પાંચમું અણુવ્રત કહે છે :-

इच्छापरिमाणं खलु, असदारंभविणिवित्तिसंजणगं ।
खेत्ताइवत्थुविसयं, वित्तादविरोहओ चित्तं ॥ १७ ॥ १/१७

छाया :- इच्छापरिमाणं खलु असदारम्भविनिवृत्तिसञ्जनकम् ।
क्षेत्रादिवस्तुविषयं वित्ताद्यविरोधतः चित्रम् ॥ १७ ॥

ગાથાર્થ :- ક્ષેત્ર આદિ વસ્તુ સંબંધી ઈચ્છાનું પરિમાણ કરવું તે ઈચ્છાપરિમાણ (પરિગ્રહ પરિમાણ) અણુવ્રત છે. આ વ્રત અશુભ આરંભોની નિવૃત્તિ કરાવનાર છે. વિદ્યા-પાત્રતા આદિથી અવિરોધી (અનુરૂપ) અનેક પ્રકારનું છે.

ટીકાર્થ :- '**इच्छापरिमाणं**'= પરિગ્રહ-સંગ્રહ કરાતી વસ્તુ સંબંધી ઈચ્છાનું પરિમાણ કરવું અર્થાત્ તેની '**इयत्ता**'= સીમિત સંખ્યાનો નિશ્ચય કરવો. '**खलु**'= વાક્યાલંકાર માટે છે. '**असदारंभ**'= અશોભન-અનુચિત-પ્રાણીઓનો ઉપઘાત (હિંસાદિ) કરનારા પાપકાર્યોથી '**विणिवित्तिसंजणगं**'= વિરતિ (નિવૃત્તિ)ને કરનાર છે. '**खेत्ताइवत्थुविसयं**'= જેનો પરિગ્રહ કરવામાં આવે છે તે ક્ષેત્ર, ધન, ધાન્ય આદિ વસ્તુ સંબંધી '**वित्तादविरोहओ**'= વિદ્યા-પાત્રતાદિને અવિરોધી અર્થાત્ અનુરૂપ. (**चित्तादविरोहओ**- આ પાઠાન્તર છે. મન, વિત્ત, (ધન) દેશ, વંશાદિને અનુરૂપ) '**चित्तं**'= અનેક પ્રકારનું છે. (મન એટલે ઈચ્છાને અનુસારે વ્રત લેવાય છે. વળી ધનનો પોતાને કેટલો સંભવ છે તે અનુસારે આ વ્રત લેવાય છે. વળી તે તે દેશના રિવાજને અનુસારે અર્થાત્ અમુક દેશમાં ધાન્ય-પશુ વગેરેનો સંગ્રહ કરાતો હોય. તો તેને અનુસરે વ્રત લેવાય છે. વળી વંશ એટલે રાજકુળ, બ્રાહ્મણ, વણિક આદિ કુળને અનુસારે રાજ્ય આદિ સંભવિત વસ્તુસંબંધી વ્રત લેવાય છે. આથી આ વ્રતના અનેક પ્રકારો છે.) ॥૧૭॥ ૧/૧૭

ઈચ્છાપરિમાણવ્રતના વર્જવા યોગ્ય અતિચાર કહેવાય છેઃ-

खित्ताइहिरण्णाई, धणाइदुपयाइकुप्पमाणकमे ।
जोयणपयाणबंधणकारणभावेहिं नो कुणइ ॥ १८ ॥ १/१८

छाया :- क्षेत्रादिहिरण्यादि धणादिद्विपदादिकुप्यमानक्रमान् ।
योजनप्रदानबन्धनकारणभावैः न करोति ॥ १८ ॥

ગાથાર્થ :- પાંચમું અણુવ્રત લેનાર શ્રાવક ક્ષેત્ર આદિ, સુવર્ણ આદિ, ધન આદિ, દ્વિપદ આદિ અને દુષ્ય આદિ પાંચના પરિમાણનો અનુક્રમે યોજન, પ્રદાન, બંધન, કારણ અને ભાવથી અતિક્રમ (= ઉલ્લંઘન) કરતો નથી. અર્થાત્ ધારેલા પરિમાણથી વધારે રાખતો નથી.

ટીકાર્થ :- '**खित्ताइ**'= ખેતર. તેના ત્રણ પ્રકાર છે. (૧) સેતુ= જેમાં કુવા-વાવ આદિના પાણીથી ખેતી થાય તે.(૨) કેતુ = જેમાં વરસાદના પાણીથી ખેતી થાય તે અને (૩) ઉભય (સેતુ-કેતુ)= જેમાં કુવા આદિ તથા વરસાદના પાણીથી ખેતી થાય તે.

'આદિ' શબ્દથી વાસ્તુનું ગ્રહણ થાય છે. વાસ્તુ= ઘર તેના ત્રણ પ્રકાર છે. (૧) ખાત- જે જમીનની અંદર હોય તે ભોંયરું વગેરે, (૨) ઉચ્છ્રિત= જે જમીન ઉપર હોય તે ઘર, દુકાન વગેરે અને (૩) ખાતોચ્છ્રિત= ભોંયરા સહિતનું મકાન વગેરે.

'**हिरण्णाई**'= ઘડેલું કે નહિ ઘડેલું રૂપું' આદિ' શબ્દથી સુવર્ણનું ગ્રહણ થાય છે. '**धणाइ**'= ત્રાજવાથી

જોખવામાં આવતાં ખાંડ, ગોળ, આદિ,- '**आदि**' શબ્દથી ધાન્યનું ગ્રહણ થાય છે. '**दुपयाइ**'= બે પગવાળા માણસ,હંસ, મોર તથા બે પૈડાવાળી ગાડી વગેરે. '**आदि**' શબ્દથી ચાર પગવાળા પશુનું ગ્રહણ થાય છે. '**कुप्प**'= માટીતાંબા-લોઢા વગેરેની બધી ઘરવખરી. આ ક્ષેત્ર આદિ પદોનો દ્વન્દ્વ સમાસ કરીને પછી '**माण**'= શબ્દ સાથે તેનો ષષ્ઠી તત્પુરુષ સમાસ કર્યો છે. આ ક્ષેત્રાદિનું '**माण**'= પ્રમાણ (જે પોતે વ્રતનો સ્વીકાર કરતી વખતે ધાર્યું હોય) તેનો '**कमे**'= અતિક્રમ અર્થાત્ ઉલ્લંઘન '**नो कुणइ**'= કરે નહિ. કયા કયા પ્રકાર વડે ન કરે તે કહે છે- (૧) '**जोयणं**'= જોડવું. વ્રતને ગ્રહણ કરતી વખતે ખેતર અને ઘરની જે સંખ્યા નિશ્ચિત કરી હોય તેના કરતા વધારે ખેતર કે ઘર રાખવાની ઈચ્છાથી તેની પાસેના જ ખેતર કે ઘર ખરીદીને વચ્ચેની વાડ કે ભીંત તોડી નાંખીને બંનેને ભેગા કરી નાખે તો અતિચાર લાગે. આમાં તેણે ખેતર આદિની સંખ્યામાં વધારો નથી કર્યો પણ તેના વિસ્તારમાં વધારો કરીને પછી ફરતી વાડ કરી નાંખી છે. આ રીતે પરિમાણનો અતિક્રમ કર્યો છે. ક્ષેત્રવાસ્તુ-પ્રમાણનો અતિક્રમ આમ 'યોજન' *વડે જ થાય છે.*

(૨) '**पयाणं**'= હિરણ્ય સુવર્ણના પરિમાણનો અતિક્રમ 'પ્રદાન' વડે થાય છે. શ્રાવકે ચાર માસ આદિ સમય માટે અમુક પ્રમાણનું જ સુવર્ણ આદિ રાખવાનો અભિગ્રહ લીધો હોય, તે દરમ્યાન રાજા આદિ કોઈની પાસેથી નિયમ કરતાં વધારે સુવર્ણાદિ મળે તો તે સ્વીકારીને કોઈ બીજા માણસને આપીને કહે કે ચાર મહિના સુધી તું આને રાખ, ત્યાર પછી હું લઈ લઈશ- આમ હિરણ્યાદિના પરિમાણનો પ્રદાન વડે અતિચાર લાગે છે.

(૩) '**बंधणं**'= ધન-ધાન્યસંબંધી જે પોતે પરિમાણ કર્યું હોય તેના કરતાં અધિક પોતાના પરિવારના માટે કોઈ આપતો હોય તો તેને દોરીથી (**संयमनं**=) બાંધીને, (**लांछितं**=) ચિહ્ન કરીને, (**मुद्रितं**=) મહોર મારીને તેના ત્યાં જ રખાવે કે આ તું બીજાને આપતો નહિ, મારો અભિગ્રહ પૂર્ણ થયા બાદ હું લઈ જઈશ. આ ધનધાન્યસંબંધી બંધન નામનો અતિચાર છે. કારણ કે વાસ્તવિક રીતે સામર્થ્યથી તો તેણે સ્વીકારેલું જ છે.

(૪) '**कारणं**'= કર્તાને પ્રેરણા કરવી તે. દ્વિપદ અથવા ચતુષ્પદને ગર્ભાધાન કરાવવું તે. ગાય આદિ ગર્ભાધાન કરે છે, શ્રાવક ગોકુલાદિમાંની ગાયો સાથે સાંઢનો સંયોગ કરાવે. સંયોગથી તે ગર્ભાધાન કરાવે છે આમ શ્રાવક તેનો પ્રયોજક (પ્રેરક) બને છે. શ્રાવકને વર્ષ આદિ અમુક કાળ પૂરતો અમુક સંખ્યામાં જ પશુ આદિ રાખવાનો અભિગ્રહ હોય, તો તે ધારેલી સંખ્યા કરતાં પશુની સંખ્યા વધી ન જાય માટે ગાયાદિને એવી રીતે ગર્ભાધાન કરાવે કે પોતાના અભિગૃહીત કાળની મર્યાદા પૂર્ણ થયા બાદ તેની પ્રસૂતિ થાય. અથવા તો લેણાનું દ્રવ્ય વસુલ કરવા રૂપે દેવાદાર પાસેથી સાક્ષાત્ પશુ આદિને ગ્રહણ કરીને, આ મારે દ્રવ્યનું કારણ થશે અર્થાત્ આનાથી મને દ્રવ્યની પ્રાપ્તિ થશે એમ માનતો પરંતુ વ્રતભંગના ભયથી તે પશુ આદિને બીજાના ઘેર રાખે તો અતિચાર લાગે છે. આમ 'કારણ' વડે દ્વિપદાદિના પરિમાણમાં અતિચાર લાગે છે.

(૫) '**भावेन**'= તેના સંબંધી સંકલ્પ તે ભાવ છે. માટી-લોખંડ આદિની ઘરને ઉપયોગી વસ્તુ અભિગ્રહ કરેલા પ્રમાણથી વધી જતી હોવાના કારણે અત્યારે લઈ શકાય એમ નથી. પણ સારી હોવાથી અભિગ્રહના કાળની મર્યાદા પૂર્ણ થયા બાદ તે લેવાની ઈચ્છાથી, 'તમે આ વસ્તુ બીજા કોઈને આપશો નહિ, મારો અભિગ્રહ પૂર્ણ થયા બાદ હું જ લઈશ' એમ સંકલ્પપૂર્વક બીજાની પાસે રખાવે છે તો ઈચ્છાપરિમાણવ્રતમાં અતિચાર લાગે છે.

આ બધા પ્રકારો વડે શ્રાવક આ અણુવ્રતમાં અતિચાર લગાડે નહિ. (અતિચાર એટલે ભંગાભંગ- વ્રતની સાપેક્ષતા રાખવાથી બાહ્યદૃષ્ટિએ આમાં વ્રતનો ભંગ થતો નથી પણ લોભના કારણે અંતરંગ દૃષ્ટિએ તો વ્રતનો ભંગ થાય જ છે. માટે ભંગાભંગરૂપ અતિચાર છે.) ॥૧૮॥૧/૧૮

અણુવ્રતો કહેવાયા. હવે ગુણવ્રતોમાનું પ્રથમ ગુણવ્રત કહે છેઃ-

उड्ढाहोतिरियदिसिं, चाउम्मासाइकालमाणेणं ।
गमणपरिमाणकरणं, गुणव्वयं होइ विण्णेयं ॥ १९ ॥ १/१९

ગાથાર્થ :- ચાર મહિના વગેરે કાળ સુધી ઉપર, નીચે અને તીર્છું આટલી હદથી વધારે જવું નહિ એ રીતે ગતિનું પરિમાણ કરવું તે દિશાપરિમાણરૂપ પ્રથમ ગુણવ્રત જાણવું.

ટીકાર્થ :- '**उड्ढाहोतिरियदिसिं**'= ઉર્ધ્વ, અધો, તીર્છું એમ બધી દિશામાં '**चाउम्मासाइकालमाणेणं**'= ચાર મહિના આદિ કાળના વિશેષ અભિગ્રહરૂપે '**गमणपरिमाणकरणं**'= ગતિનું પરિમાણ કરવું. તે પ્રથમ '**गुणव्वयं**'= ગુણવ્રત '**होइ**'= થાય છે. '**विण्णेयं**'= એમ જાણવું. ॥ ૧૯ ॥ ૧/૧૯

આ વ્રતમાં ત્યજવા યોગ્ય અતિચારો કહે છે :-

वज्जइ उड्ढाइक्कममाणयणप्पेसणोभयविसुद्धं ।
तह चेव खेत्तवुड्ढिं कहंचि सइअंतरद्धं च ॥ २० ॥ १/२०

છાયા :- वर्जयति ऊर्ध्वादिक्रममानयनप्रेषणोभयविशुद्धम् ।
तथैव क्षेत्रवृद्धिं कथञ्चित् स्मृत्यन्तर्धानञ्च ॥ २० ॥

ગાથાર્થ :- શ્રાવક છઠ્ઠા વ્રતમાં ત્યાગ કરેલા ક્ષેત્રમાં (ક) સ્વયં જવાનો (ખ) તે ક્ષેત્રમાંથી બીજાની પાસે વસ્તુ મંગાવવાનો, (ગ) તે ક્ષેત્રમાં બીજા દ્વારા વસ્તુ મોકલવાનો અને (ઘ) બીજા દ્વારા વસ્તુ મંગાવવાનો અને સાથે મોકલવાનો એમ બંનેનો ત્યાગ કરીને (૧) ઊર્ધ્વદિશાપ્રમાણાતિક્રમ, (૨) અધોદિશાપ્રમાણાતિક્રમ અને (૩) તિર્યગ્ દિશાપ્રમાણાતિક્રમ એ ત્રણ અતિચારોનો તથા (૪) ક્ષેત્રવૃદ્ધિ અને (૫) સ્મૃતિ-અંતર્ધાન એમ બધા મળીને પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

ટીકાર્થ :- '**उड्ढाइक्कमं**'= ઉર્ધ્વ, અધો, તિર્યગ્ અતિક્રમને આમ કહેવા દ્વારા (૧) ઉર્ધ્વદિશાપ્રમાણાતિક્રમ, (૨) અધોદિશાપ્રમાણાતિક્રમ અને (૩) તિર્યગ્દિશાપ્રમાણાતિક્રમ એ ત્રણ અતિચારોનો સંગ્રહ કરાયો છે, '**आणयण**'= બીજા ગામમાંથી (અભિગૃહીત ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાંથી) મંગાવવું, **पेसण**'= બીજા દ્વારા તે ક્ષેત્રમાં મોકલવું, '**उभयं**'= તે ક્ષેત્રમાં જ એકસાથે મંગાવવું અને મોકલવું. '**विसुद्धं**'= તે દોષોથી રહિત અર્થાત્ અભિગૃહીત ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાંથી મંગાવવા આદિ દોષોથી રહિત, '**तह चेव खेत्तवुड्ढिं**'= બીજી દિશામાં એક યોજનાદિના પ્રક્ષેપ કરવા દ્વારા ક્ષેત્રવૃદ્ધિ કરવી. દા. ત. ધારો કે પૂર્વ અને પશ્ચિમ એમ બંને દિશામાં સો સો યોજન ધાર્યા હોય તેમાં પૂર્વ દિશામાં વધારે યોજનની જરૂર પડવાથી પશ્ચિમ દિશાના સો યોજનમાંથી એટલા યોજન ઓછા કરીને પૂર્વ દિશામાં વધારી દે. આમ બંનેના ભેગા મળીને બસો યોજન જ થયા. પણ પૂર્વ દિશામાં ધારેલા કરતાં વધારે યોજન થયા એ અતિચાર છે. '**कहिंचि**'= પ્રમાદાદિને કારણે કોઈ રીતે '**सइअंतरद्धं च**'= સ્મૃતિનું અંતર્ધાન- વ્યવધાનભ્રંશ થવાથી અર્થાત્ કેટલા યોજન પોતે ધાર્યા તે ભૂલી જવાથી. આ પાંચ અતિચારોને '**वज्जइ**'= ત્યજે છે. ॥ ૨૦ ॥૧/૨૦

અતિચાર સહિત પ્રથમ ગુણવ્રત કીધું હવે બીજું ગુણવ્રત કહે છે :-

वज्जणमणंतगुंबरिअच्चंगाणं च भोगओ माणं ।
कम्मयओ खरकम्माइयाण अवरं इमं भणियं ॥ २१ ॥ १/२१

छाया :- **वर्जनमनन्तकोदुम्बर्यत्यङ्गानां च भोगतो मानम् ।**
कर्मकतः खरकर्मादीनामपरमिदं भणितम् ॥ २१ ॥

गाथार्थ :- ભોજનને આશ્રયીને અનંતકાય, ઉદુંબર અને અત્યંગોનું પરિમાણ કરવું, કર્મને આશ્રયીને કઠોર કર્મ આદિનું પરિમાણ કરવું તે બીજું ગુણવ્રત કહ્યું છે.

ટીકાર્થ :- '**अणंतगुंबरिअच्चंगाणं**'= સઘળી જાતના કંદ વગેરે ૩૨ જાતના અનંતકાયના તથા વડ, પીપળો, ઉંબર, પ્લક્ષ, અને કાકોદુંબરી એ પાંચ વૃક્ષના ફળ જે ઉદુંબર કહેવાય છે, તેના, અને અત્યંગ એટલે વિશિષ્ટ ભોગોપભોગના, કારણો કે અવયવો દા. ત. મધ, મદિરા, માંસ વગેરે તથા રાત્રિભોજન, પુષ્પમાળા સ્ત્રી વગેરે, '**च**'= આ 'ચ' શબ્દ ભિન્નક્રમવાળો છે. અર્થાત્ તેનો સંબંધ '**माणं**'= શબ્દની પછી જોડવાનો છે. '**भोगओ माणं च**'= ભોગનું પરિમાણ કરવું.- આ ભોજનને આશ્રયીને ભોગનું પરિમાણ કહેવાયુ. '**कम्मयओ**'= કર્મને આશ્રયીને '**खरकम्माइयाण**'= અંગારકર્મ આદિ તથા લુહાર આદિના કર્મ જેવા કઠોર કર્મનું પરિમાણ કરવું એ '**अवरं इमं भणियं**'= બીજું ગુણવ્રત કહ્યું છે '**वज्जणं**'= વર્જન કરવું,

આ ગુણવ્રતનું નામ ઉપભોગ પરિમાણ-પરિભોગ પરિમાણ વ્રત છે. જે એક વખત ભોગવી શકાય અથવા શરીરની અંદર જે ભોગવી શકાય તે આહાર આદિ ઉપભોગ કહેવાય છે. અને જે વારંવાર ભોગવી શકાય અથવા શરીરની બહાર ભોગવી શકાય તે વસ્ત્ર, પુષ્પમાળા વગેરે પરિભોગ કહેવાય છે. તેમનું તથા વેપાર આદિ કર્મથી આ ઉપભોગ-પરિભોગની વસ્તુઓ પ્રાપ્ત થાય છે. માટે તે કર્મનું પરિમાણ પણ આ બીજા ગુણવ્રતમાં કરવામાં આવે છે. ॥ २१ ॥ १/२१

આ ભોગ અને કર્મવિષયક ગુણવ્રતમાં તજવા યોગ્ય અતિચાર કહે છેઃ-

सचित्तं पडिबद्धं, अपउल-दुप्पउल-तुच्छभक्खणयं ।
वज्जइ कम्मयओ वि हु, एत्थं इंगालकम्माइं ॥ २२ ॥ १ /२२

छाया :- **सच्चित्तं प्रतिबद्धं अपक्वदुष्पक्वतुच्छभक्षणकम् ।**
वर्जयति कर्मकतोऽपि च इत्थं अङ्गारकर्मादि ॥ २२ ॥

गाथार्थ :- શ્રાવક આ બીજા ગુણવ્રતમાં સચિત્ત, સચિત્તસંબદ્ધ, અપક્વ, દુષ્પક્વ અને તુચ્છ એ પાંચ પ્રકારનો આહાર કરવો એ ભોજન સંબંધી પાંચ અતિચારનો તથા અંગારકર્મ આદિ પંદર પ્રકારનો વ્યવસાય કરવો એ કર્મ સંબંધી પંદર અતિચારનો ત્યાગ કરે છે.

ટીકાર્થ :- '**सचित्तं**'= આગમમાં પ્રસિદ્ધ એવા જીવસહિત ફળ આદિ, '**पडिबद्धं**'= (સચિત્તથી જોડાયેલી અચિત્ત વસ્તુ)- સચિત્ત ઠળિયાવાળા પાકા ફળો વગેરે, '**अपउल**'= નહિ રાંધેલા ચણા આદિ ધાન્ય, '**दुप्पउल**'= અર્ધ પકાવેલા ધાન્યાદિ, '**तुच्छभक्खणयं**'= નિસ્સાર આહાર (જેનાથી વિશેષ તૃપ્તિ ન થાય- પેટ ન ભરાય એવો આહાર)- **अपउल आदि** શબ્દોનો દ્વન્દ્વ સમાસ કર્યો છે. તેમનું '**भक्खणयं**'= ભક્ષણ ન કરે. ભોજનને આશ્રયીને અતિચારો કહેવાયા. '**कम्मयओ वि**'= કર્મથી પણ '**हु**'= આ શબ્દ પાદપૂર્તિ માટે છે. '**एत्थं**'= આ અણુવ્રતમાં '**इंगालकम्माइं**'= ઘણા પાપના આરંભવાળા અંગારકર્મ આદિ પંદર ભેદવાળા વ્યવસાયો તથા ઉપલક્ષણથી બીજા પણ ઘણા પાપકારી આરંભવાળા વ્યવસાયોનો '**वज्जइ**'= ત્યાગ કરે. ॥ २२ ॥ १/२२

બીજું ગુણવ્રત કહેવાયું. હવે અનર્થદંડવિરતિ નામનું ત્રીજું ગુણવ્રત કહે છે :-

तहऽणत्थदंडविरई, अण्णं स चउव्विहो अवज्झाणे ।
पमयायरिए हिंसप्पयाण पावोवएसे य ॥ २३ ॥ १/२३

छाया :- तथाऽनर्थदण्डविरतिः अन्यत् स चतुर्विधः अपध्याने ।
प्रमादाचरिते हिंस्रप्रदानं पापोपदेशे च ॥ २३ ॥

ગાથાર્થ :- તથા ત્રીજું ગુણવ્રત અનર્થદંડવિરતિ છે. તે અપધ્યાન, પ્રમાદાચરણ, હિંસાપ્રદાન અને પાપોપદેશ એમ ચાર પ્રકારે છે.

ટીકાર્થ :- '**तहऽणत्थदंडविरई**'= તથા અનર્થદંડની વિરતિ તે '**अण्णं**'= ત્રીજું ગુણવ્રત છે. '**सो**'= તે અનર્થદંડ '**चउव्विहो**'= ચાર પ્રકારે છે (૧) '**अवज्झाणे**'= નિરર્થક અશુભ વિચારો કરવા, (૨) '**पमयायरिए**'= (મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા) આ પાંચ પ્રકારના પ્રમાદનું આસેવન કરવું. '**हिंसप्पयाणपावोवएसे य**'= '**हिंसप्पयाण**' અને '**पावोवएस**'= આ બે શબ્દોનો સમાહાર દ્વન્દ્વ સમાસ છે. '**हिंसप्पयाण**'= હિંસા કરવાના સ્વભાવવાળા હોય તે હિંસ્ર કહેવાય. પ્રાણીને ઉપઘાત કરનારા આવા શસ્ત્ર, અગ્નિ, વિષ વગેરે હિંસક ઉપકરણો બીજાને આપવા તે. '**पावोवएसे य**'= પાપવિષયક બીજાને ઉપદેશ આપવો. દા.ત. ખેતર ખેડો, બળદને દમો- એમ બીજાને પાપકાર્યોમાં પ્રોત્સાહિત કરવો તે. ॥ ૨૩ ॥ ૧/૨૩

ત્રીજા ગુણવ્રતમાં વર્જનીય અતિચારો કહે છે :-

कंदप्पं कुक्कुइयं, मोहरियं संजुयाहिगरणं च ।
उवभोगपरीभोगाइरेगयं चेत्थ वज्जेइ ॥ २४ ॥ १/२४

छाया :- कन्दर्पं कौत्कुच्यं मौखर्यं संयुताधिकरणञ्च ।
उपभोगपरिभोगातिरेकतां चात्र वर्जयति ॥ २४ ॥

ગાથાર્થ :- શ્રાવક ત્રીજા ગુણવ્રતમાં કંદર્પ, કૌત્કુય્ય, મૌખર્ય, સંયુક્તાધિકરણ અને ઉપભોગપરિભોગાતિરેકતા એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

ટીકાર્થ- '**कंदप्पं**'= કંદર્પ એટલે કામ, એ કામના હેતુભૂત એવી હાસ્યાદિ ચેષ્ટાઓ પણ કંદર્પ કહેવાય છે. તેને '**कुक्कुइयं**'= **कुत्कुच** શબ્દને ભાવ અર્થમાં પ્રત્યય લાગીને **कौत्कुच्य** શબ્દ બને છે. ભાંડ લોકોના જેવી મુખ, આંખ વગેરેને વિકૃત કરવારૂપ અનાર્ય ચેષ્ટા કરવી તેને, '**मोहरियं**'= વિચાર્યા વગર અસંબદ્ધ બોલવું તેને '**संजुयाहिगरणं**'= ખાંડણીયું, સાંબેલું જેવા જીવહિંસા કરનારા સાધનો તે અધિકરણ કહેવાય. તેને સંયુક્ત એટલે જોડેલા તૈયાર રાખવા તેને '**उवभोगपरीभोगाइरेगयं**'= જીવહિંસા જેનાથી થતી હોય એવી ઉપભોગ-પરિભોગની સામગ્રીને જરૂર કરતાં વધારે રાખવી તેને '**चेत्थ**'= અહીં આ ત્રીજા ગુણવ્રતમાં '**वज्जेइ**'= ત્યજે.

આમાં કંદર્પ, કૌત્કુચ્ય અને ઉપભોગપરિભોગાતિરેકતા એ ત્રણ અતિચારો પ્રમાદાચરણરૂપ છે. મૌખર્ય એ પાપોપદેશરૂપ છે અને સંયુક્તાધિકરણ એ હિંસાપ્રદાનરૂપ અતિચાર છે. ॥ ૨૪ ॥ ૧/૨૪

ત્રણ ગુણવ્રતો કહેવાયા. હવે શિક્ષાપદમાં સામાયિકવ્રતને કહે છે :-

सिक्खावयं तु एत्थं, सामाइय मो तयं तु विण्णेयं ।
सावज्जेयरजोगाणं वज्जणासेवणारूवं ॥ २५ ॥ १/२५

छायाः- **शिक्षाव्रतं तु अत्र सामायिकं तकं तु विज्ञेयम् ।**
सावद्येतरयोगानां वर्जनासेवनारूपम् ॥ २५ ॥

ગાથાર્થ :- શ્રાવકધર્મમાં પહેલું શિક્ષાવ્રત સામાયિક છે. (અમુક કાળ સુધી) પાપવાળા કાર્યોનો ત્યાગ કરવો અને પાપરહિત કાર્યો કરવા તે સામાયિક છે.

ટીકાર્થ :- '**सिक्खावयं**'= શિક્ષાવ્રત '**तु एत्थं**'= અહીં શ્રાવકધર્મમાં કહેવાય છે. '**सामाइय**'= સામાયિક '**मो**'=એ પાદપૂર્તિ માટે નિપાત છે, '**तयं**'= તે સામાયિક '**विण्णेयं**'= જાણવું. તે સામાયિક વિધિ અને પ્રતિષેધ સ્વરૂપ છે તે કહે છે. '**सावज्जेयरजोगाणं**'= '**सावज्ज**'= સાવદ્ય-પાપવાળા '**इयर**'= સાવદ્યથી બીજા અર્થાત્, નિરવદ્ય-પાપરહિત, '**जोगाणं**'= વ્યાપાર અર્થાત્ કાર્યો. '**वज्जणासेवणारूवं**'= વર્જના = ત્યાગ અને આસેવના= સેવા કરવા તે સ્વરૂપ છે. અનુક્રમે પાપવૃત્તિનો ત્યાગ અને પાપરહિત પ્રવૃત્તિનું તેમાં આસેવન હોય છે. ॥ ૨૫ ॥ ૧/૨૫

આ સામાયિકવ્રતમાં વર્જવા યોગ્ય અતિચારો કહે છે :-

मणवयणकायदुप्पणिहाणं इह जत्तओ विवज्जेइ ।
सइअकरणयं अणवट्ठियस्स तह करणयं चेव ॥ २६ ॥ १/२६

छाया :- **मनोवचनकायदुष्प्रणिधानं इह यत्नतो विवर्जयति ।**
स्मृत्यकरणकं अनवस्थितस्य तथा करणकं चैव ॥ २६ ॥

ગાથાર્થ :- શ્રાવક સામાયિકમાં મન, વચન, અને કાયાનું દુષ્પ્રણિધાન, સ્મૃતિઅકરણ અને અનવસ્થિતકરણ (અનાદર) આ પાંચ અતિચારોનો કાળજીપૂર્વક ત્યાગ કરે છે.

ટીકાર્થ :-'**इह**'= આ સામાયિકમાં '**मणवयणकायदुप्पणिहाणं**'= મન, વચન અને કાયાનું દુષ્પ્રણિધાન '**जत्तओ**'= પરમ આદરથી '**विवज्जेइ**'= તજે છે. દુષ્પ્રણિધાનનું લક્ષણ અને ફળ આ છે કે જ્યારે મન-શરીર અને વાણી ત્રણે ય એકીસાથે અથવા ક્રમસર કષાયોની સાથે જોડાય છે અર્થાત્ કષાયથી ગ્રસ્ત બને છે ત્યારે તે ત્રણે ય યોગ દુષ્પ્રણિધાન છે. એમ પંડિતો વડે સંક્ષેપથી કહેવાય છે. (કષાયો વડે સર્જન કરાતો યોગ દુષ્પ્રણિધાન છે.)

મનોમય દુષ્પ્રણિધાનથી માણસ શાસ્ત્રમાં વર્ણવેલા દોષોમાં પ્રવૃત્ત મનવાળો હોય છે. અપરાધ કર્યા પછી પણ પશ્ચાત્તાપ કરતો નથી અને હંમેશા બીજાઓના પરિહાસની ઈચ્છા કરે છે. ॥ ૧ ॥

માયાવી વચનો દ્વારા મિથ્યાત્વનું પોષણ કરનાર જે બોલાતું વચન અનેક જીવોનું પતન કરનાર થાય તથા મારા વડે જે વચન નિરર્થક બોલાતું હોય તેવું વચન એ વચનદુષ્પ્રણિધાન કહેવાય છે ॥ ૨ ॥

વેષ અને વિડંબના માત્ર નહિ પરંતુ શયનમાં સુતેલું પણ બાળક જે આંખની પાંપણને પણ ફરકાવે છે તે કાયિક દુષ્પ્રણિધાન કહેવાય છે ॥ ૩ ॥

'**सइअकरणयं**'= અત્યારે મારે સામાયિક કરવાનું છે અથવા મેં સામાયિક કર્યું કે નહિ એ પ્રમાદના

કારણે ભૂલી જવું તે, સ્મૃતિઅકરણ દોષ છે. સ્મૃતિ અર્થાત્ ઉપયોગપૂર્વકનું જ સર્વ ધર્માનુષ્ઠાન મોક્ષનું કારણ બને છે માટે આ દોષને છોડે છે. '**अणवट्ठियस्स**'= અસ્થિરતાથી ગમે તેમ મન ફાવે તે રીતે '**तह करणयं**'= સામાયિકને કરવું. આ દોષને પણ છોડે. '**चेव**'= આ શબ્દ સમુચ્ચય અર્થમાં છે. (સામાયિકને વહેલા પારી લે તે અનવસ્થિત દોષ છે. તેનો સામાયિકમાં ત્યાગ કરે છે.) ॥ २६ ॥ १/२६

प्रथम शिक्षाव्रत कहेवायुं. हवे बीजुं कहे छे :-

दिसिवयगहियस्स दिसापरिमाणस्सेह पइदिणं जं तु ।
परिमाणकरणमेयं, अवरं खलु होइ विण्णेयं ॥ २७ ॥ १/२७

छाया :- दिग्व्रतगृहीतस्य दिशापरिमाणस्येह प्रतिदिनं यत्तु ।
परिमाणकरणमेतद् अपरं खलु भवति विज्ञेयम् ॥ २७ ॥

गाथार्थ :- છઠ્ઠા દિશાપરિમાણવ્રતમાં લીધેલા દિશાપરિમાણનું પ્રતિદિન પરિમાણ કરવું (સંક્ષેપ કરવો) તે દેશાવગાસિક નામનું બીજું શિક્ષાવ્રત જાણવું.

टीकार्थ :- '**जं तु**'= જે વળી '**दिसिवयगहियस्स दिसापरिमाणस्स**'= દિશાપરિમાણવ્રતમાં નક્કી કરેલા દિશાના મોટા પરિમાણમાંથી '**इह**'= આ વ્રતમાં '**पइदिणं**'= દર રોજ '**परिमाणकरणं**'= સંક્ષેપ કરવો તે '**एयं**'= આ '**अवरं**'= બીજું શિક્ષાવ્રત '**खलु**'= આ શબ્દ વાક્યાલંકાર માટે છે. '**होइ**'= છે તે '**विण्णेयं**'= જાણવું. ॥ २७ ॥ १/२७

आ देशावगासिक व्रतना वर्जवा योग्य अतियारो कहे छे :-

वज्जइ इह आणयणप्पओग पेसप्पओगयं चेव ।
सद्दाणुरूववायं, तह बहिया पोग्गलक्खेवं ॥ २८ ॥ १/२८

छाया :- वर्जयति इह आनयनप्रयोगं प्रेष्यप्रयोगकं चैव ।
शब्दानुरूपपातं तथा बहिस्तात् पुद्गलक्षेपम् ॥ २८ ॥

गाथार्थ :- શ્રાવક દેશાવગાસિક વ્રતમાં આનયનપ્રયોગ, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને બહાર પુદ્ગલપ્રક્ષેપ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

टीकार्थ :- '**इह**'= બીજા શિક્ષાવ્રતમાં '**आणयणप्पओग**'= પોતે નક્કી કરેલા ક્ષેત્રથી બહાર રહેલા ગામ આદિથી બીજાની પાસે ગાય આદિને મંગાવવી તે. '**पेसप्पओगयं**'= આદેશ કરીને બહાર મોકલવા યોગ્ય સેવક-નોકર વગેરે પ્રેષ્ય કહેવાય છે. પોતે નક્કી કરેલા ક્ષેત્રની બહાર કોઈ કામ કરવા તેને મોકલવો '**चेव**'= અને '**सद्दाणुरूववायं**'= **શબ્દાનુપાત** એટલે પરિજનને પોતાની હાજરી ત્યાં છે એમ જણાવવા માટે મોટા અવાજે શ્વાસ લેવો વગેરે શબ્દ કરવો. **રૂપાનુપાત** એટલે મર્યાદિત ક્ષેત્રની બહાર રહેલી વ્યક્તિનું કોઈ કામ હોય તો તે દેખે એ રીતે ઊભા રહેવું જેથી પોતાને દેખે. '**तह**'= તથા '**बहिया**'= નક્કી કરેલા ક્ષેત્રની બહાર '**पोग्गलक्खेवं**'= કાંકરો વગેરે ફેંકવો, જેથી એ વ્યક્તિ પોતાની પાસે આવે તે. '**वज्जइ**'= પાંચ અતિચારોને ત્યજે છે. ॥ २८ ॥ १/२८

अतियारसहित बीजुं शिक्षाव्रत कहेवायुं. हवे त्रीजुं शिक्षाव्रत कहे छेः-

आहारदेहसक्कारबंभऽवावारपोसहो अण्णं ।
देसे सव्वे य इमं, चरमे सामाइयं नियमा ॥ २९ ॥ १/२९

छाया :- आहारदेहसत्कारब्रह्माऽव्यापारपौषधश्च अन्यत् ।
देशे सर्वे च इदं चरमे सामायिकं नियमात् ॥ २९ ॥

गाथार्थ :- આહારપૌષધ, શરીરસત્કારપૌષધ, બ્રહ્મચર્યપૌષધ અને અવ્યાપારપૌષધરૂપ આ ત્રીજું શિક્ષાવ્રત દેશથી અને સર્વથી એમ બે રીતે હોય છે. તેમાં ચોથા અવ્યાપારપૌષધમાં સામાયિક નિયમા હોય છે.

ટીકાર્થ :- '**आहारदेहसक्कारबंभवावारपोसहो**'= આહાર, શરીરનો સત્કાર, બ્રહ્મચર્ય અને અવ્યાપાર એમ દ્વન્દ્વસમાસ કરીને પછી ''તેઓને વિષે પૌષધ'' એમ સપ્તમી તત્પુરુષ સમાસ કર્યો છે. પોષ= ધર્મની પુષ્ટિને ધત્તે= ધારણ કરે છે- અર્થાત્ ધર્મની પુષ્ટિને કરનાર એવું પૌષધ નામનું વિશિષ્ટ વ્રત તે પર્વતિથિના દિવસે (અવશ્ય) કરાય છે. '**अण्णं**'= ત્રીજું શિક્ષાવ્રત '**देसे**'= દેશથી પૌષધવ્રત '**सव्वे य**'= અને સર્વથી પૌષધવ્રત '**इमं**'= આ આહાર પૌષધ આદિ ચારે ય પૌષધવ્રતના પ્રકારો દેશથી અને સર્વથી એમ બે બે ભેદવાળા છે. '**चरमे**'= શ્લોકમાં આહારાદિ પૌષધને જે ક્રમથી રજુ કર્યા છે તદનુસાર છેલ્લા અર્થાત્ અવ્યાપાર પૌષધમાં '**सामाइयं नियमा**'= નિયમા સામાયિક હોય છે.

જો સામાયિક ન લે તો તેના ફળથી વંચિત રહે છે. સર્વથી જે અવ્યાપારરૂપ પૌષધવ્રત છે તેમાં સર્વ પ્રકારના પાપવ્યાપારોનો ત્યાગ કરાય છે. આથી તેમાં સામાયિક અવશ્ય કરવાનું હોય છે.- આ સિવાયના બીજા સાત ભેદોમાં સામાયિક કરે અથવા ન પણ કરે. અત્યારે તો પૌષધવ્રત સામાયિક સાથે જ કરવામાં આવે છે. ॥ ૨૯ ॥ ૧/૨૯

આ પૌષધવ્રતના અતિચારોને કહે છે :-

अप्पडिदुप्पडिलेहियऽपमज्जसेज्जाइ वज्जई एत्थ ।
सम्मं च अणणुपालणमाहाराईसु सव्वेसु ॥ ३० ॥ १/३०

छाया :- अप्रतिदुष्प्रतिलेखिताप्रमार्जितशय्यादि वर्जयति अत्र ।
सम्यक् च अननुपालनमाहारादिषु सर्वेषु ॥ ३० ॥

गाथार्थ :- શ્રાવક પૌષધમાં અપ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક, દુષ્પ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક, અપ્રમાર્જિત શય્યાસંસ્તારક, દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તારક અને આહારપૌષધવ્રત આદિ સર્વ પૌષધોનું સમ્યગ્ અનનુપાલન એ પાંચ અતિચારોને ત્યજે છે.

ટીકાર્થ :- '**अप्पडिदुप्पडिलेहियऽपमज्जसेज्जाइ**'= (૧) અપ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક એટલે ચક્ષુથી નહિ જોયેલા શય્યા-સંસ્તારક (**शय्या** એટલે શરીર પ્રમાણ સંથારો અથવા પૌષધશાળા,- **संस्तारक**- એટલે અઢી હાથ સંથારો, (૨) દુષ્પ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક, એટલે બરાબર ઉપયોગપૂર્વક નહિ જોયેલા શય્યાસંસ્તારક; (૩) **अप्रमार्जित** એટલે રજોહરણ ચરવળાથી નહિ પ્રમાર્જેલા શય્યાસંસ્તારક, (૪) દુષ્પ્રમાર્જિત એટલે ઉપયોગપૂર્વક બરાબર નહિ પ્રમાર્જેલા શય્યાસંસ્તારક, '**एत्थ**'= પૌષધમાં '**सम्मं**'= ભાવપૂર્વક (૫) '**अणणुपालनं**'= વ્રતનુ સંરક્ષણ ન કરવું અર્થાત્ સમ્યગ્ વિધિપૂર્વક પાલન ન કરવું. '**आहाराईसु सव्वेसु**'= આહારપૌષધ આદિ બધા જ પૌષધના પ્રકારમાં '.....**सेज्जाइ**' માં આદિ શબ્દથી દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તારક સ્વરૂપ ચોથા અતિચારનું ગ્રહણ કરાય છે. વળી શય્યા આદિથી સંસ્તારક (સંથારા પીઠ-પાટલાનું ગ્રહણ પણ કરાય છે.) '**वज्जेइ**'= ત્યજે છે. ॥ ૩૦ ॥ ૧/૩૦

त्रीजुं शिक्षाव्रत अतिचार सहित कहेवायुं. हवे चोथुं शिक्षाव्रत कहे छे :-

अण्णाईणं सुद्धाण, कप्पणिज्जाण देसकालजुयं ।
दाणं जईणमुचियं, गिहीण सिक्खावयं भणियं ॥ ३१ ॥ १/३१

छाया :- अन्नादीनां शुद्धानां कल्पनीयानां देशकालयुतम् ।
दानं यतीनामुचितं गृहीणां शिक्षाव्रतं भणितम् ॥ ३१ ॥

गाथार्थ :- साधुओने शुद्ध अने कल्पनीय अन्नादिनुं देशकाळने उचित दान करवुं ते श्रावकनुं चोथुं शिक्षाव्रत कह्युं छे.

टीकार्थ :- '**अण्णाइणं**'= भोजन, पाणी (वस्त्र, औषध) वगेरेनुं '**सुद्धाण**'= न्यायथी मेळवेल (ब्राह्मण, क्षत्रिय, वैश्य, शूद्रोनो पोतपोतानी जातिने उचित शुद्ध व्यवसाय ते न्याय छे, ए रीते प्राप्त करेलुं ते न्यायप्राप्त कहेवाय छे.) '**कप्पणिज्जाण**'= साधुने योग्य उद्गमादिदोषरहित, '**देसकालजुतं**'= अवसरयुक्त अर्थात् अवसरे आपेलुं.- देशकाळ= अवसर अथवा देशकाळ= ते ते क्षेत्र अने ते ते शियाळो- उनाळो आदि काळ.- देशकाळयुक्त एटले क्षेत्र, काळ अने अवसरने उचित. '**दाणं**'= आपवु. '**जइणं**'= साधुओने '**उचियं**'= **भर्त्तव्यानुरोधेन**= भरणपोषण करवा योग्य, घरना सभ्योनी; **अनुरोध**= अनुमति संमति; अर्थात् घरना सभ्योनी ईच्छानुसारे. '**गिहीण**'= गृहस्थोनुं '**सिक्खावयं**'= शिक्षाव्रत '**भणियं**'= कह्युं छे.

पौषधना पारणे करवामां आवतुं आ चोथुं अतिथिसंविभाग नामनुं शिक्षाव्रत छे. कारणके पौषधमां एवो नियम छे के पौषधना पारणे अवश्य साधुने दान दईने पछी ज श्रावक भोजन करे, अन्यथा भोजन न करे. पौषध सिवायना दिवसोमां नियम नथी कारण के त्यारे साधुने दान आपीने पछी भोजन करे अथवा भोजन करीने पछी साधुने दान आपे अथवा तो घरना सभ्यो पासे पण दान अपावरावे. (पोते दान आपे एवो नियम नहीं.) ॥३१॥१/३१॥

आ अतिथिसंविभाग व्रतना अतिचार कहे छे :-

सच्चित्तणिक्खिवणयं वज्जइ सच्चित्तपिहणयं चेय ।
कालाइक्कम परववएसं मच्छरिययं चेव ॥ ३२ ॥ १/३२

छाया :- सचित्तनिक्षेपणकं वर्जयति सचित्तपिधानकं चैव ।
कालातिक्रमः परव्यपदेशं मत्सरिकतां चैव ॥ ३२ ॥

गाथार्थ :- श्रावक अतिथिसंविभागव्रतमां सचित्तनिक्षेप, सचित्तपिधान, कालातिक्रम, परव्यपदेश अने मात्सर्य ए पांच अतिचारोनो त्याग करे छे.

टीकार्थ :- '**सच्चित्तणिक्खिवणयं**'= साधुने दान आपवा योग्य वस्तुने प्रमादथी सचित्त पृथ्वी आदि उपर मूकवी '**सच्चित्तपिहणयं चेव**'= घी-आदिना उघाडा पात्रने सचित्त बिजोरुं आदि फळ वडे ढांकवुं, '**कालाइक्कम**'= दान आपवानो काळ वीती गया पछी- साधुए भोजन करी लीधा पछी निमंत्रण करवुं, '**परववएसं**'= साधुने दान आपवा योग्य किंमती वस्तु नहि आपवानी बुद्धिथी ते पारकी छे एम कहेवुं, वास्तविक रीते पारकी ज वस्तु होय छतां साधुने नहि आपवानी बुद्धिथी साधुए पूछ्युं न होय छतां ते

પ્રમાણે જણાવવું એ અતિચાર છે. '**मच्छरिययं चेव**'= બીજા દાતાર સંબંધી માત્સર્યથી અર્થાત્ મારા કરતાં નિર્ધન હોવા છતાં પણ તે દાન આપે છે તો હું કેમ ન આપું ? એમ બીજાની ઈર્ષ્યાથી દાન આપવું. આ અતિચારોને '**वज्जइ**'= ત્યજે છે. ॥ ૩૨ ॥ ૧/૩૨

અતિચાર સહિત ચોથું શિક્ષાવ્રત કહેવાયું. હવે પરિશુદ્ધ એવા સર્વ વ્રતોમાં અતિચારનો સંભવ નથી એમ કહે છે :-

एत्थं पुण अइयारा, णो परिसुद्धेसु होंति सव्वेसु ।

अक्खंडविरतिभावा वज्जइ सव्वत्थऽओ भणियं ॥ ३३ ॥ १/३३

છાયા :- अत्र पुनोऽतिचाराः न परिशुद्धेषु भवन्ति सर्वेषु ।

अखण्डविरतिभावाद् वर्जयति सर्वत्र अतो भणितम् ॥ ३३ ॥

ગાથાર્થ :- દેશવિરતિના અખંડ પરિણામથી વ્રતો નિર્મળ હોવાથી વ્રતોમાં અતિચારો થતા નથી. આથી અતિચારના વર્ણનમાં સર્વ સ્થાને 'ત્યાગ કરે છે' એમ કહ્યું છે.

ટીકાર્થ :- '**एत्थं**'= આ વ્રતોના વિષયમાં '**पुण अइयारा**'= આગળ કહેવાયેલા અતિચારો '**परिसुद्धेसु**'= ભાવશુદ્ધિથી યુક્ત વ્રતોમાં '**होंति**'= હોતા '**न**'= નથી. '**सव्वेसु**'= બધા જ વ્રતોમાં '**अक्खंडविरतिभावा**'= સંપૂર્ણ દેશવિરતિનો પરિણામ હોવાથી '**सव्वत्थ**'= બધા જ વ્રતોમાં '**वज्जइ**'= ત્યજે છે એમ '**अतो**'= આથી '**भणियं**'= પહેલા કહેવાયું છે.

'**वज्जइ**'ની પછી '**इति**' શબ્દ અધ્યાહાર સમજવો. તેથી ત્યજે છે એ પ્રમાણે તેનો અર્થ સંગત થાય છે. ॥૩૩॥૧/૩૩

આ પ્રમાણે સંપૂર્ણ વ્રતના સ્વરૂપને કહીને હવે તે વ્રત સંબંધી જાણવા યોગ્ય ઉપાયાદિને વર્ણવતાં કહે છે :-

सुत्तादुपायरक्खणगहणपयत्तविसया मुणेयव्वा ।

कुंभारचक्कभामगडंडाहरणेण धीरेहिं ॥ ३४ ॥ १/३४

છાયા :- सूत्रादुपाय-रक्षण-ग्रहण-प्रयत्नविषया ज्ञातव्याः ।

कुम्भारचक्र-भ्रामक-दण्डोदाहरणेन धीरैः ॥ ३४ ॥

ગાથાર્થ :- બુદ્ધિમાન શ્રાવકોએ વ્રતસંબંધી ઉપાય, રક્ષણ, ગ્રહણ, પ્રયત્ન અને વિષય એ પાંચ બાબતો કુંભારના ચક્રને ભમાવનાર દંડના ઉદાહરણથી આગમમાંથી જાણવી.

ટીકાર્થ :- '**सुत्ताद्**'= જ્ઞેય પદાર્થો અને અનુષ્ઠાન (ક્રિયા)ના વિષયયુક્ત એવા આગમથી, કારણકે આગમથી જણાયેલા પદાર્થો જ્યારે આચરણમાં મૂકવામાં આવે છે ત્યારે પુરુષની ક્રિયાનો વિષય બને છે આમ આગમ વડે જ પુરુષો જ્ઞાન અને ક્રિયામાં પ્રવર્તે છે. આથી તે ઉપાયાદિનું પ્રવર્તક આગમ છે. '**उवायरक्खणगहणपयत्तविसया**'= તે ઉપાય, રક્ષણ, ગ્રહણ, પ્રયત્ન અને વિષય '**मुणेयव्वा**'= જાણવા. અહીં પ્રધાનતાને અનુલક્ષીને ગાથામાં ઉપાય-રક્ષણ વગેરેનો આ પ્રમાણે ક્રમ જણાવાયો છે બાકી તેમની પ્રાપ્તિ પશ્ચાનુપૂર્વી ક્રમથી થાય છે. પ્રથમ તો તે તે અણુવ્રત સંબંધી જે જે વિષય હોય તે જાણવો જોઈએ કે કયું વ્રત કયા વિષયમાં રહેલું છે. (દા. ત. પ્રથમ અણુવ્રતનો વિષય સંકલ્પિત

નિરપરાધી ત્રસજીવો છે). વિષયને જાણ્યા પછી આગમથી વિરુદ્ધ એવા મન-વચન અને ચેષ્ટાનો ત્યાગ કરવા દ્વારા તે વ્રતને ગ્રહણ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરાય. અણુવ્રતને ગ્રહણ કરતા પહેલાનો જીવનો એક પ્રકારનો વિશિષ્ટ ગુણ તે પ્રયત્ન છે. ત્યારબાદ પ્રયત્નથી યોગ્યતા પ્રાપ્ત કરેલા શ્રાવકને અણુવ્રતનું ગ્રહણ થાય છે, તે તે અણુવ્રતમાં જે કરવાનું હોય તેનો સ્વીકાર કરવો અર્થાત્ પ્રતિજ્ઞા કરવી તેને અણુવ્રત ગ્રહણ કર્યું એમ કહેવાય છે, ત્યારપછી અણુવ્રતને સ્વીકારનાર શ્રાવકે તે અણુવ્રતની ક્રિયા, અનુકૂળ માર્ગને આચરવા દ્વારા તે વ્રતનું રક્ષણ એટલે પાલન કરવાનું હોય છે. આ અનુપાલન તે શ્રાવકે પ્રતિદિન હંમેશ માટે રોજેરોજ આચરવા યોગ્ય શિષ્ટાચાર સ્વરૂપ છે, જેમકે સવારે ઊઠતી વખતે નવકાર મહામંત્ર ગણવો વગેરે. રક્ષણની પછી ઉપાય સેવવાનો હોય છે. તે વ્રતનું જ સતત પાલન ચાલુ રહે તેવી પરલોકને અવિરુદ્ધ, શાસ્ત્રને સંમત વિશિષ્ટ નીતિ તે ઉપાય છે. જેમકે શ્રાવકે (લાભોચિત=) પોતાની આવકને અનુસારે ધનને દાન-ભોગ-નિધિ-વેપાર આદિમાં નિપુણતાપૂર્વક વિભાજિત કરવું, આવી વિશિષ્ટ નીતિઓ તે ઉપાય છે. આ ઉપાયાદિને કેવી રીતે જાણવા તે કહે છે- '**कुंभारचक्कभामगडंडाहरणेण**'= કુંભારના ચક્રને ભમાવનાર દંડનું આમાં ઉદાહરણ છે, જેમકે સર્વ પણ લૌકિક પરીક્ષકો વડે જણાય છે કે પ્રતિક્ષણ ભ્રમણ કરતા કુંભારના ચક્રના બધા જ અવયવો અર્થાત્ આખું ય ચક્ર એ તેના જુદા જુદા કોઈપણ ભાગમાં રહેલા, ભ્રમણના કારણભૂત દંડથી ઉત્પન્ન થયેલા વેગ નામના સંસ્કારથી જ રોકાયા સિવાય પ્રવૃત્તિ કરી રહ્યા છે તેમ આ ઉપાય, રક્ષણ વગેરે પાંચે ય બાબતો સૂત્રથી જ પ્રવર્તે છે. એમ આ ચક્રને ભ્રમણ કરાવનાર દંડના ઉદાહરણથી '**धीरेहिं**'= વિદ્વાન પુરુષોએ જાણવું. આમ કહેવા દ્વારા જણાવે છે કે વ્રતના પરિણામ અને પાલનની ઇચ્છાવાળા શ્રાવકે સર્વ પ્રકારે આગમમાં જ પ્રયત્ન કરવો જોઈએ. ॥ ૩૪ ॥ ૧/૩૪

આથી જ કહે છે :-

गहणादुवरि पयत्ता, होइ असन्तो वि विरइपरिणामो ।
अकुसलकम्मोदयओ, पडइ अवण्णाइ लिंगमिह ॥ ३५ ॥ १/३५

छाया :- ग्रहणादुपरि प्रयत्नाद् भवति असन्नपि विरतिपरिणामः ।
अकुशलकर्मोदयतः पतति अवज्ञादि लिङ्गमिह ॥ ३५ ॥

ગાથાર્થ :- વ્રતને ગ્રહણ કર્યા પછી પ્રયત્ન કરવાથી પહેલા નહિ જાગેલો પણ વિરતિનો પરિણામ જાગે છે. અને અશુભકર્મના ઉદયથી પહેલા જાગેલો પણ વિરતિનો પરિણામ પડી જાય છે. વિરતિ પરિણામના પતનનું લિંગ અવજ્ઞાદિ છે.

ટીકાર્થ :- '**गहणादुवरि**'= અણુવ્રતને ગ્રહણ કર્યા પછી '**पयत्ता**'= સૂત્રથી ઉત્પન્ન થયેલા, વિશિષ્ટ ક્રિયાના કારણભૂત અપ્રમાદથી '**असन्तो वि**'= પૂર્વ અવસ્થામાં (વ્રતને ગ્રહણ કરતી વખતે) અવિદ્યમાન એવો પણ '**विरइ परिणामो**'= દેશવિરતિનો પરિણામ '**होइ**'= થાય છે. '**अकुसलकम्मोदयओ**'= દેશચારિત્રાવરણીય કર્મના ઉદયથી '**पडइ**'= પૂર્વાવસ્થામાં વિદ્યમાન હોવા છતાં પડી જાય છે. '**अवण्णाइ**'= અનાદર કરવો તે અવજ્ઞા કહેવાય. આદિ શબ્દથી અબહુમાન આદિનું ગ્રહણ થાય છે. તે અવજ્ઞાદિ' '**इह**'= આ દેશવિરતિના પ્રસ્તુત પરિણામના પતનમાં '**लिंग**'= ચિહ્ન જાણવું. ॥ ૩૫ ॥ ૧/૩૫

તે પ્રયત્નનું પ્રતિપાદન કરવા માટે અપ્રમાદ સેવવો જોઈએ એમ ગ્રંથકાર કહે છે :-

तम्हा णिच्चसतीए, बहुमाणेणं च अहिगयगुणम्मि ।

पडिवक्खदुगंछाए, परिणइआलोयणेणं च ॥ ३६ ॥ १/३६

છાયા :- तस्मात् नित्यस्मृत्या बहुमानेन च अधिकृतगुणे ।

प्रतिपक्षजुगुप्सया परिणति-आलोचनेन च ॥ ३६ ॥

तित्थंकरभत्तीए, सुसाहुजणपज्जुवासणाए य ।

उत्तरगुणसद्धाए य, एत्थ सया होइ जइयव्वं ॥ ३७ ॥ १/३७

છાયા :- तीर्थङ्करभक्त्या सुसाधुजनपर्युपासनया च ।

उत्तरगुणश्रद्धया च अत्र सदा भवति यतितव्यम् ॥ ३७ ॥

ગાથાર્થ :- તે કારણથી (૧) લીધેલા વ્રતનું સદા સ્મરણ કરવું જોઈએ. (૨) તેના ઉપર અંતરનું બહુમાન રાખવું જોઈએ. (૩) તેનાથી વિરોધી દોષો ઉપર જુગુપ્સાભાવ રાખવો જોઈએ. (૪) તેની પરિણતિ અર્થાત્ અનિત્યપણાની વિચારણા કરવી જોઈએ. (૫) તીર્થંકરની ભક્તિ કરવી જોઈએ. (૬) સુસાધુ ભગવંતોની સેવા કરવી જોઈએ. (૭) તેનાથી અધિક ગુણની ઇચ્છા રાખવી જોઈએ. આ રીતે વ્રતના પાલનમાં સદા પ્રયત્ન કરવો જોઈએ.

ટીકાર્થ :- '**तम्हा**'= તે કારણથી '**निच्चसतीए**'= ગ્રહણ કરેલા અણુવ્રતને નિત્ય સ્મરણ કરવા દ્વારા, '**बहुमाणेणं च**'= અન્તઃકરણના શુભ ભાવ વડે. '**अहिगयगुणम्मि**'= સ્વીકારેલા વ્રતસ્વરૂપ ગુણને વિશે '**पडिवक्ख**'= સ્વીકારેલા અહિંસા ગુણોની અપેક્ષાએ વિરોધી એવા હિંસા વગેરે દોષો પ્રતિપક્ષી કહેવાય. તેમની '**दुगंछाए**'= જુગુપ્સા એટલે તેમનો ત્યાગ કરવો અર્થાત્ દ્રવ્યથી અને ભાવથી સ્વયં તેમને નહિ આચરવા વડે અહીં પ્રતિપક્ષી હિંસા આદિનો ત્યાગ કરવો એવો અર્થ પ્રતિપક્ષજુગુપ્સા કરવાનો છે પણ હિંસા આદિની પ્રવૃત્તિ કરનાર માણસોની નિંદા કરવી એવો તેનો અર્થ કરવાનો નથી. કારણ કે પારકી નિંદા કરવી એ પરપરિવાદસ્વરૂપ સોળમું પાપસ્થાનક છે. કષાયનું શુદ્ધિકરણ કરનાર માટે પરનિંદા એ ત્યાજ્ય છે. કહ્યું છે કે-

જો અન્ય લોકોની નિંદા કરવાથી સાધકના કાર્યો સિદ્ધ થતા હોય તો આલોકમાં સત્ય, શૌચ, બ્રહ્મચર્યાદિ, ગુણોને પામવા કોને આદર થાય ?

'**परिणइआलोयणेणं च**'= જીવને (તથાભાવ=) દેવ, મનુષ્ય પશુ આદિ તે તે જુદા જુદા સ્વરૂપે બનતા જોઈને તથા અજીવને (તથાભાવ=) સ્તંભ, ઘડો, વસ્ત્ર આદિ તે તે જુદા સ્વરૂપે બનતા જોઈને '**परिणतेः**'= પર્યાયથી તેમના અનિત્ય પરિણામની વિચારણા કરવી તે. શ્રી **અભયદેવસૂરીશ્વરજી** મ. ની. ટીકામાં પરિણતિનો અર્થ 'વિપાક' એવો કર્યો છે. વ્રતપાલનના શુભવિપાકો અને વ્રતભંગના અશુભ વિપાકનો વિચાર કરવો તેને પરિણતિઆલોચન કહ્યું છે. તેના વડે,

'**तित्थंकरभत्तीए**'= જિનેશ્વરદેવની પૂજા કરવાના અતિશય અભિલાષરૂપ તીર્થંકરની ભક્તિ વડે, '**सुसाहुजणपज्जुवासणाए य**'= સદ્ગુરુ આદિની સેવા વડે, '**उत्तरगुणसद्धाए य**'= પોતે પ્રાપ્ત કરેલા ગુણસ્થાનકથી પછીના ઉપરના વધારે ચઢીયાતા, ગુણસ્થાનકને પ્રાપ્ત કરવાની ઇચ્છા વડે '**एत्थ**'= અણુવ્રતપાલનમાં '**सया**'= હંમેશા '**होइ जइयव्वं**'= પ્રયત્ન કરવો જોઈએ. **॥ ૩૬ ॥ ૧/૩૬ ॥ ૩૭ ॥ ૧/૩૭**

एवमसंतो वि इमो, जायइ जाओ य न पडइ कयाई ।
ता एत्थं बुद्धिमया, अपमाओ होइ कायव्वो ॥ ३८ ॥ १/३८

छाया :- एवमसन्नपि अयं जायते जातोऽपि न पतति कदाचित् ।
तस्मात् अत्र बुद्धिमता अप्रमादो भवति कर्तव्यः ॥ ३८ ॥

गाथार्थ :- આ પ્રમાણે પ્રયત્ન કરવાથી દેશવિરતિનો પહેલા નહિ થયેલો પરિણામ થાય છે અને થયેલો પરિણામ ક્યારે પણ જતો નથી. આથી બુદ્ધિમાન પુરુષે આમાં પ્રયત્ન કરવો જોઈએ.

टीकार्थ :- '**एवं**'= આ પ્રમાણે પ્રયત્ન કરનારને '**असंतो वि इमो**'= પહેલા અવિદ્યમાન એવો દેશવિરતિનો પરિણામ '**जायइ**'= ઉત્પન્ન થાય છે. '**जाओ य**'= અને ઉત્પન્ન થયેલો '**कयाई**'= ક્યારેય પણ '**न पडइ**'= પડતો નથી. '**ता**'= તેથી '**एत्थ**'= વ્રતના નિત્ય સ્મરણાદિ તેના ઉપાયમાં '**बुद्धिमया**'= બુદ્ધિમાન પુરુષે '**अपमाओ**'= અતિશય પ્રયત્ન '**होइ कायव्वो**'= કરવો જોઈએ. ॥ ३८ ॥ १/३८ ॥

અણુવ્રતોમાં કયા વ્રતો જીવન પર્યંતના છે અને કયા વ્રતો થોડા સમય સુધીના છે તેનો વિભાગ બતાવતા કહે છે :-

एत्थ उ सावगधम्मे, पायमणुव्वयगुणव्वयाइं च ।
आवकहियाइं सिक्खावयाइं पुण इत्तराइं ति ॥ ३९ ॥ १/३९

छाया :- अत्र तु श्रावकधर्मे प्रायः अणुव्रतगुणव्रतानि च ।
यावत्कथिकानि शिक्षाव्रतानि पुन इत्वराणीति ॥ ३९ ॥

गाथार्थ :- આ શ્રાવકધર્મમાં પાંચ અણુવ્રતો અને ત્રણ ગુણવ્રતો પ્રાયઃ જીવનપર્યંતના હોય છે. શિક્ષાવ્રતો થોડા સમય સુધીના હોય છે.

टीकार्थ :- '**एत्थ उ**'= આ પ્રસ્તુત '**सावगधम्मे**'= પહેલા કહેવાયેલા બાર વ્રત સ્વરૂપ શ્રાવકધર્મમાં '**पायं**'=ઘણું કરીને '**अणुव्वयगुणव्वयाइं च**'= અણુવ્રતો અને ગુણવ્રતો '**आवकहियाइं**'= જાવજ્જીવના છે પ્રાયઃનું ગ્રહણ કરેલું હોવાથી તે નિયમા જાવજ્જીવના જ હોય છે એવું નથી કારણ કે ચાર મહિના આદિ અમુક મર્યાદિત સમય માટે પણ તેનો સ્વીકાર કરાય છે. '**सिक्खावयाइं**'= સામાયિક આદિ શિક્ષાવ્રતો '**पुण इत्तराइं ति**'= ઈત્વરાદિક એટલે થોડા સમય પૂરતા હોય છે. કારણ કે સામાયિક અને દેશાવગાસિક પ્રતિદિન હોય છે તેથી તેનું પચ્ચક્ખાણ ફરી ફરી કરાય છે અને પૌષધ તેમજ અતિથિ-સંવિભાગ નિયત દિવસે કરવાના હોય છે. ॥ ३९ ॥ १/३९

શ્રાવકધર્મના પાલન બાદ અંતસમયે કરાતી સંલેખનાનું વર્ણન નથી કર્યું તેનું કારણ કહે છે :-

संलेहणा य अंते, ण निओगा जेण पव्वयइ कोइ ।
तम्हा नो इह भणिया, विहिसेसमिमस्स वोच्छामि ॥ ४० ॥ १/४०

छाया :- संलेखना च अन्ते न नियोगाद् येन प्रव्रजति कोऽपि ।
तस्मान् न इह भणिता विधिशेषमस्य वक्ष्यामि ॥ ४० ॥

गाथार्थ :- શ્રાવકને જીવનના અંતે સંલેખના હોય જ એવો નિયમ નથી. કારણકે કોઈ શ્રાવક દીક્ષા લે. આથી અહીં સંલેખનાનું વર્ણન કર્યું નથી. શ્રાવકનો બાકીનો વિધિ હવે કહીશ.

टीकार्थ :- '**संलेहणा य**'= સંલેખના '**अंते**'= શ્રાવકધર્મના અંતે '**न निओगा**'= નિયમા હોતી નથી.

'**जेण**'= જે કારણથી '**पव्वयइ कोइ**'= કોઈક શ્રાવકધર્મના અંતે દીક્ષા લે છે. '**तम्हा**'= તે કારણથી '**नो इह भणिया**'= આ શ્રાવકધર્મના અધિકારમાં તેને કીધી નથી. '**विहिसेसं**'= વ્રતપાલનના ઉપાયરૂપ બાકીના કર્તવ્યો '**इमस्स**'= શ્રાવકના '**वोच्छामि**'= કહીશ. ॥ ૪૦ ॥ ૧/૪૦

निवसेज्ज तत्थ सड्ढो, साहूणं जत्थ होइ संपाओ ।
चेइयघराइं जम्मि उ, तदण्णसाहम्मिया चेव ॥ ४१ ॥ १/४१

छाया :- **निवसेत् तत्र श्राद्धः साधूनां यत्र भवति सम्पातः ।**
चैत्यगृहाणि यस्मिन् च तदन्यसाधर्मिकाश्चैव ॥ ४१ ॥

ગાથાર્થ :- જ્યાં સાધુઓનું આગમન થતું હોય, જ્યાં જિનમંદિરો હોય તથા જ્યાં સાધર્મિકો વસતા હોય ત્યાં જ શ્રાવક વસે.

ટીકાર્થ :- '**निवसेज्ज**'= નિવાસ કરે '**तत्थ**'= તે ક્ષેત્રમાં '**सड्ढो**'= જેનામાં ધર્મવિષયક શ્રદ્ધા છે તે શ્રાદ્ધ એટલે શ્રાવક '**साहूणं**'= યતિઓનો '**जत्थ**'= જે ક્ષેત્રમાં '**होइ संपाओ**'= સમાગમ થાય છે. '**चेइयघराइं**'= જિનમંદિરો '**जम्मि उ**'= જ્યાં '**तदण्णसाहम्मिया चेव**'= તેના સિવાયના બીજા સાધર્મિકો વસતા હોય. ॥ ૪૧ ॥ ૧/૪૧

હવે શ્રાવકના જ રાત્રિ અને દિવસના કર્તવ્યોને આઠ ગાથામાં કહે છે :-

नवकारेण विबोहो, अणुसरणं सावओ वयाइं मे ।
जोगो चिइवंदणमो, पच्चक्खाणं च विहिपुव्वं ॥ ४२ ॥ १/४२

छाया :- **नमस्कारेण विबोधोऽनुस्मरणं श्रावको व्रतानि मम ।**
योगः चैत्यवंदनं प्रत्याख्यानं च विधिपूर्वकम् ॥ ४२ ॥

ગાથાર્થ :- (૧) શ્રાવક નવકાર ગણતાં ઊઠે, (૨) ત્યારપછી હું શ્રાવક છું, મારે અમુક વ્રતો છે એમ વિચારે, (૩) ત્યારપછી (યોગ=) મળમૂત્રનો ત્યાગ વગેરે શરીરસંબંધી ક્રિયા કરે, (૪) ત્યારપછી વિધિપૂર્વક ચૈત્યવંદન કરે, (૫) ત્યારબાદ વિધિપૂર્વક પચ્ચક્ખાણ કરે.

ટીકાર્થ :- શરીરનિર્વાહના કારણભૂત નિદ્રા લીધા બાદ '**नवकारेण**'= પંચમંગળસ્વરૂપ નવકારમંત્રને ગણવા વડે '**विबोहो**'= જાગે. '**सावओ**'= હું શ્રાવક છું. અમુક ગુરુભગવંતનો શિષ્ય છું, અમુક મારું કુળ છે વગેરે '**वयाइं मे**'= મેં વ્રતો બધા લીધા છે તેમાં કોઈ અતિચાર લાગ્યા નથી ને '**अणुसरणं**'= સ્મરણ કરે. એમ વિચારે. '**जोगो**'= શરીર નિર્વાહના કારણભૂત મળમૂત્રનો ત્યાગ વગેરે શારીરિક ક્રિયાઓ કરે. ત્યારબાદ '**चिइवंदण**'= પોતાના ઘરમાં જ ચૈત્યવંદન કરે, '**मो**'= અવ્યય ગાથાપૂર્તિ માટે છે. '**पच्चक्खाणं च**'= ચૈત્યવંદન કર્યા પછી નવકારશી પોરિસી આદિ યથાશક્તિ પચ્ચક્ખાણને '**विहिपुव्वं**'= આગમમાં કહેલી વિધિપૂર્વક કરે. ॥ ૪૨ ॥ ૧/૪૨

तह चेईहरगमणं, सक्कारो वंदणं गुरुसगासे ।
पच्चक्खाणं सवणं, जइपुच्छा उचियकरणिज्जं ॥ ४३ ॥ १/४३

छाया :- **तथा चैत्यगृहगमनं, सत्कारो वन्दनं गुरुसकाशे ।**
प्रत्याख्यानं श्रवणं यतिपृच्छा उचितकरणीयम् ॥ ४३ ॥

ગાથાર્થ :- (૬) ત્યારબાદ જિનમંદિરે જાય. (૭) જિનપ્રતિમાનો પૂજા વગેરે સત્કાર કરે. (૮) પછી ચૈત્યવંદન કરે. (૯) પછી ગુરુની પાસે પચ્ચક્ખાણ કરે. (૧૦) ગુરુની પાસે આગમનું શ્રવણ કરે. (૧૧) પછી સાધુઓને પૃચ્છા કરે. (૧૨) પછી ઉચિત કર્તવ્ય કરે.

ટીકાર્થ :- '**तह**'= તથા '**चेईहरगमणं**'= ગામમાં ચૈત્યગૃહ હોય તો ત્યાં જાય. (**चैत्यगृह**= ચૈત્ય એટલે દેરાસર અને તેની પાસે આરાધનાદિ કરવા માટેનું સ્થાન જ્યાં વ્યાખ્યાન-સામાયિકાદિ થતા હોય તે) '**सक्कारो**'= પ્રતિમાજીની પુષ્પો, સુગંધી માળા આદિથી પૂજા સત્કાર કરે. '**वंदणं**'= ચૈત્યવંદન કરે. '**गुरुसगासे**'= ગુરુભગવંતની પાસે '**पच्चक्खाणं**'= જે પહેલા પોતે સ્વયં લીધું છે તે જ અથવા તો તેનાથી વધારે વિશિષ્ટ પચ્ચક્ખાણ કરે. '**सवणं**'= ગુરુભગવંતની પાસે આગમનું શ્રવણ કરે. '**जइपुच्छा**'= પછી સાધુભગવંતોને કોઈ કામકાજ, જરૂરિયાત હોય તો તે સંબંધી પૃચ્છા કરે, 'કોઈ બિમાર સાધુઓને ઔષધાદિની જરૂર છે ? વગેરે પૂછે. '**उचियकरणिज्जं**'= અવશ્ય કરવા યોગ્ય ઉચિત કાર્ય હોય તેને કરે- 'તે કરે' એ અધ્યાહાર છે. ॥ ૪૩ ॥ ૧/૪૩

ત્યારબાદ :-

अविरुद्धो ववहारो काले तह भोयणं च संवरणं ।
चेइहरागमसवणं, सक्कारो वंदणाई य ॥ ४४ ॥ १/४४

છાયા :- अविरुद्धो व्यवहारः काले तथा भोजनं च संवरणम् ।
चैत्यगृहागमश्रवणं सत्कारो वन्दनादि च ॥ ४४ ॥

ગાથાર્થ :- (૧૩) અવિરુદ્ધ વ્યવહાર કરે. (૧૪) પછી કાળે ભોજન કરે. (૧૫) પછી પચ્ચક્ખાણ કરે. (૧૬) પછી જિનમંદિરે જાય. (૧૭) આગમનું શ્રવણ કરે. (૧૮) પૂજા કરે. (૧૯) પછી ચૈત્યવંદનાદિ કરે.

ટીકાર્થ :- '**अविरुद्धो**'= લોકવ્યવહારથી અવિરોધી (પંદર કર્માદાનનો ત્યાગ કરીને) જીવનનિર્વાહના માટે '**ववहारो**'= વેપાર-નોકરી વગેરે કરે. '**काले**'= અવસરે-સમયસર '**तह भोयणं च**'= શરીરને અનુકૂળ ભોજન કરે. '**संवरणं**'= 'ગંઠિસહિઅં' આદિ પચ્ચક્ખાણને કરે. '**चेइहरागम**'= બીજું કોઈ કામકાજ ન હોય તો ચૈત્યગૃહમાં જાય. '**सवणं**'= અને ત્યાં ફરીથી આગમનું શ્રવણ કરે '**सक्कारो**'= ઉચિત સમયે ચૈત્યોની સંધ્યાપૂજા કરે. '**वंदणाई य**'= ચૈત્યવંદના આદિ કરે આદિ શબ્દથી કુશળ પ્રણિધાન-પ્રણામ વગેરેનું ગ્રહણ થાય છે. ॥ ૪૪ ॥ ૧/૪૪

जइविस्सामणमुचिओ, जोगो नवकारचिंतणाईओ ।
गिहगमणं विहिसुवणं, सरणं गुरुदेवयाईणं ॥ ४५ ॥ १/४५

છાયા :- यतिविश्रामणमुचितो योगः नमस्कारचिन्तनादिकः ।
गृहगमनं विधिस्वपनं स्मरणं गुरुदेवतादीनाम् ॥ ४५ ॥

ગાથાર્થ :- (૨૦) પછી સાધુભગવંતોની વિશ્રામણા કરે. (૨૧) પછી નવકાર મંત્ર ગણવા વગેરે ઉચિત પ્રવૃત્તિ કરે. (૨૨) પછી પોતાના ઘેર જાય. (૨૩) પછી વિધિપૂર્વક શયન કરે. સૂતાં પહેલા ગુરુ અને દેવ આદિનું સ્મરણ કરે.

ટીકાર્થ :- '**जइ**'= સાધુ ભગવંતોની '**विस्सामणं**'= વિશ્રામણા કરે.= થાકેલા હોય તેમના પગ દાબવા વગેરે વેયાવચ્ચ કરવા દ્વારા તેમનો થાક ઉતારે, '**उचिओ जोगो**'= ઉચિત ધર્મપ્રવૃત્તિ '**नवकार**

चिंतणाईओ'= નવકારમંત્ર ગણે, આદિ શબ્દથી સ્વાધ્યાય ધ્યાન આદિ પ્રવૃત્તિનું ગ્રહણ થાય છે, અર્થાત્ નવકારવાળી ગણે, સ્વાધ્યાય કરે, ધ્યાન કરે, પછી ચૈત્યગૃહેથી '**गिहगमणं**'= પોતાના ઘેર જાય, (ઘેર જઈને સ્વપરિવારને ધર્મદેશના આપે.) '**विहिसुवणं**'= નવકારમંત્ર ગણવા, સર્વ જીવોને ખમાવવા વગેરે કાર્યો કરીને વિધિપૂર્વક શયન કરે, '**सरणं**'= મનમાં સ્મરણ કરે '**गुरुदेवयाईणं**'= ધર્મગુરુ અને વીતરાગ પરમાત્મા આદિનું વિશેષથી સૂતાં પહેલાં સ્મરણ કરે, આદિ શબ્દથી સમ્યગ્દષ્ટિ દેવતા અને ભદ્રક પ્રકૃતિવાળા ચારે નિકાયના દેવતાઓનું ગ્રહણ થાય છે. ॥ ૪૫ ॥ ૧/૪૫

अब्बंभे पुण विरई, मोहदुगंछा सतत्तचिंता य ।
इत्थीकडेवराणं, तव्विरएसुं च बहुमाणो ॥ ४६ ॥

છાયા :- अब्रह्मणि पुनर्विरतिः मोहजुगुप्सा स्वतत्त्वचिन्ता च ।
स्त्रीकलेवराणां तद्विरतेषु च बहुमानः ॥ ४६ ॥ १/४६

ગાથાર્થ :- (૨૪) અબ્રહ્મનો ત્યાગ કરે, (૨૫) મોહની નિંદા કરે, (૨૬) સ્ત્રી-શરીરના સ્વરૂપને વિચારે, (૨૭) અબ્રહ્મનો ત્યાગ કરનારાઓ ઉપર આંતરિક પ્રેમ રાખે.

ટીકાર્થ :- '**अब्बंभे**'= સ્ત્રીને ભોગવવા સ્વરૂપ અબ્રહ્મચર્યમાં '**पुण विरई**'= ભાવથી અને ક્રિયાથી એમ બંને રીતે નિવૃત્તિ કરે. '**मोहदुगंछा**'= 'આ મોહ અત્યંત (દુરન્ત=) દુઃખદાયી છે અથવા (દુરન્ત=) દુઃખે તેનો અંત લાવી શકાય એવો છે એમ ભાવના ભાવવી અને યથાશક્તિ મોહના ભેદોનો ત્યાગ કરવો.' '**सतत्तचिन्ता य**'= સ્વરૂપનું ચિંતવન કરવુ, '**इत्थीकडेवराणं**'= સ્ત્રીના શરીરનું દુર્ગંધી મલિન પદાર્થો-માંસ-લોહી-વિષ્ટા આદિથી ભરપૂર હોવા પણાનું '**तव्विरएसुं च**'= ભાવથી સ્ત્રીના શરીરથી વિરક્ત થયેલા સાધુઓને વિશે '**बहुमाणो**'= આંતરિક પ્રીતિને કરવી. ॥ ૪૬ ॥ ૧/૪૬

सुत्तविउद्धस्स पुणो, सुहुमपयत्थेसु चित्तविण्णासो ।
भवठिइणिरूवणे वा, अहिगरणोवसमचित्ते वा ॥ ४७ ॥ १/४७

છાયા :- सुप्तविबुद्धस्य पुनः सूक्ष्मपदार्थेषु चित्तविन्यासः ।
भवस्थितिनिरूपणे वा अधिकरणोपशमचित्ते वा ॥ ४७ ॥

ગાથાર્થ :- નિદ્રામાંથી જાગી ગયેલો શ્રાવક સૂક્ષ્મપદાર્થોની વિચારણા કરે અથવા સંસારનું સ્વરૂપ વિચારે અથવા અધિકરણના ત્યાગની ભાવના ક્યારે થશે ? એમ વિચારે.

ટીકાર્થ :- '**सुत्तविउद्धस्स**'= રાત્રિમાં પહેલા સૂતો હતો તેમાંથી પછી જાગેલો, '**पुणो**'= નિદ્રા દૂર થયા પછી '**सुहुमपयत्थेसु**'= સૂક્ષ્મદૃષ્ટિથી વિદ્વાનપુરુષોએ નિરૂપણ કરેલા સ્વ-પર શાસ્ત્રમાં પ્રસિદ્ધ બંધ-મોક્ષ આદિ પદાર્થોમાં '**चित्तविण्णासो**'= મનને સ્થાપે. અર્થાત્ વિચારે. '**भवठिइणिरूवणे वा**'= સતત જન્મ-જરા-મરણસ્વરૂપ સંસારના સ્વરૂપમાં મનને સ્થાપે, '**चित्तविन्यास**'= નો દરેકની સાથે સંબંધ જોડવો. '**अहिगरण**'= જેનાથી જીવ નરકાદિ દુર્ગતિમાં લઈ જવાય તે જીવહિંસાદિ અધિકરણ કહેવાય. તેના '**उवसमे**'= ત્યાગનો '**चित्ते**'= અભિપ્રાયમાં, અથવા અધિકરણ એટલે કલહ-કંકાસ તેના ત્યાગમાં (તે કેવી રીતે ક્યારે દૂર થશે એમ વિચારવામાં) મનને સ્થાપે. ॥ ૪૭ ॥ ૧/૪૭

आउयपरिहाणीए, असमंजसचेट्ठियाण व विवागे ।
खणलाभदीवणाए धम्मगुणेसुं च विविहेसु ॥ ४८ ॥ १/४८

છાયા :- **आयुःपरिहाणौ असमञ्जसचेष्टितानां वा विपाके ।**
क्षणलाभदीपनायां धर्मगुणेषु च विविधेषु ॥ ४८ ॥

बाहगदोसविवक्खे, धम्मायरिए य उज्जयविहारे ।
एमाइचित्तणासो, संवेगरसायणं देइ ॥ ४९ ॥ १/४९ ।

છાયા :- **बाधकदोषविपक्षे धर्माचार्ये च उद्यतविहारे ।**
एवमादिचित्तन्यासः संवेगरसायनं ददाति ॥ ४९ ॥

ગાથાર્થ :- પ્રતિક્ષણ થતી આયુષ્યની હાનિને વિચારે, અનુચિત ચેષ્ટાના વિપાકને વિચારે, ક્ષણલાભદીપનાને વિચારે, વિવિધ ધર્મગુણોને વિચારે.

ગાથાર્થ :- બાધક બનતા દોષોથી વિપક્ષની વિચારણા કરે, ધર્માચાર્ય સંબંધી વિચારે, સાધુઓના ઉદ્યત વિહાર સંબંધી વિચારે આવી વિચારણા સંવેગ રસાયણને આપે છે.

ટીકાર્થ :- '**आउयपरिहाणीए**'= પ્રતિસમય આયુષ્ય ઘટી રહ્યું છે એમ વિચારે '**असमंजस**'= લોકવિરુદ્ધ તથા ધર્મવિરુદ્ધ '**चेट्ठियाण**'= મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓના '**विवागे**'= પરિણામને, જેમકે અશુભ ચેષ્ટાઓનો ફળવિપાક સ્વયમેવ જીવે જ ભોગવવો પડે છે એમ વિચારે. '**खणलाभदीवणाए**'= સમ્યગ્જ્ઞાનાદિ પ્રવૃત્તિના કારણભૂત શુભ અધ્યવસાયનો લાભ ક્ષણવાર માટે જ થાય છે. અર્થાત્ દુર્લભ છે માટે તેને ઉદીપ્ત કરવામાં- પ્રગટ કરવામાં ચિત્તને સ્થાપે. '**धम्मगुणेसुं**'= આગમમાં પ્રસિદ્ધ સ્વાધ્યાય, ધ્યાન, અહિંસાદિને વિષે '**विविहेसु**'= વિધિ અને પ્રતિષેધ એમ વિવિધરૂપે જેમનું શાસ્ત્રમાં વર્ણન કરવામાં આવ્યું છે તેવા જેમકે સ્વાધ્યાય-ધ્યાનાદિ વિધિરૂપે ધર્મગુણ છે જ્યારે હિંસાનો ત્યાગ એ પ્રતિષેધરૂપે ધર્મગુણ છે.

ચક્ષણ= અવસર-મનુષ્યભવ, જૈનધર્મ વગેરે મળેલા આ અવસર તેનો લાભ= ફરીથી તેની પ્રાપ્તિ અતિદુર્લભ છે એમ વિચારવું તે ક્ષણલાભદીપના છે. ક્ષણલાભદીપનાનો આમ વિવિધ રીતે અર્થ થઈ શકે છે. **॥ ૪૮ ॥ ૧/૪૮**

'**बाहगदोस**'= અર્થ, કામ, સ્નેહરાગ આદિ જે જે દોષો વડે તે ધર્માધિકારી પુરુષ પીડાતો હોય તે બાધકદોષ કહેવાય છે. '**विवक्खे**'= તેમની પ્રતિપક્ષી ભાવનાઓ ભાવે. કહ્યું છે કે- **पंचवस्तु- ८९१.**

જો પોતાને ધનમાં રાગ હોય તો તે ધનને મેળવવામાં, તેનું રક્ષણ કરવામાં તથા તેના નાશમાં કેટલો બધો સંક્લેશ થાય છે, એમ વિચારવું. હવે ધન એ ધર્મનું કારણ છે માટે ધન મેળવવું જોઈએ એમ વિચાર આવે તો ધર્મ માટે ધન મેળવવા કરતાં ધન ન કમાવવું એ જ ઉત્તમ છે એમ વિચારવું. '**धम्मायरिए**'= ધર્મનો ઉપદેશ આપીને સૌ પ્રથમ પોતાને જેમણે સમ્યગ્દર્શન પમાડ્યું હોય તે ધર્માચાર્ય કહેવાય. આગમમાં કહ્યું છે કે- "પોતાને જેણે ધર્મનો ઉપદેશ આપીને ધર્મ-પમાડ્યો હોય તે ગૃહસ્થ હોય અથવા સાધુ હોય પણ તે તેનો ગુરુ-ધર્માચાર્ય છે. તેમના માટે એમ વિચારે કે, 'સકલ કલ્યાણના કારણભૂત આ ગુરુ મારા પરમ ઉપકારી છે.' '**उज्जयविहारे**'= '**उद्यतानां विहारः**' અથવા '**उद्यतो विहारः**' આમ બે પ્રકારે સમાસનો વિગ્રહ થાય છે. ઉદ્યત એટલે પ્રયત્નશીલ અપ્રમત્ત એવા સાધુભગવંતોનો જે 'વિહાર'= સાધ્વાચાર તે ઉદ્યતવિહાર કહેવાય છે. શ્રાવક વિચારે કે, 'મારે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને અપ્રમત્તપણે સાધ્વાચાર પાળવાનો છે !' '**एमाइ**'= આ બે ગાથામાં જે જે પદોનો સપ્તમી વિભક્તિથી

નિર્દેશ કરાયો છે તે બધામાં, એમ જણાવવા માટે, '**एषां**'= એમ બહુવચન કર્યું છે. '**चित्तणासो**'= ચિત્તને સ્થાપવાનું ફળ બતાવતાં કહે છેઃ- '**संवेगरसायणं**'= સંવેગરૂપી રસાયન અર્થાત્ ઔષધવિશેષ, '**देइ**'= આપે છે. (સંવેગ= સંસારનો નિર્વેદ અથવા મોક્ષનો અનુરાગ) જેમ રસાયણનું સેવન કરવાથી શરીર દૃઢ થવાથી આયુષ્ય વધે છે તેમ સંવેગથી ધર્મમાં સ્થિરતા આદિ દૃઢતા આવે છે, માટે તેની ઉપમા આપી છે. ॥ ૪૯ ॥ ૧/૪૯

આ પ્રમાણે નવકારનો પાઠ કરતાં ઉઠવાથી માંડીને બીજા દિવસે જાગવા સુધીનો વિધિ કહીને હવે સૂચન કરે છે કે આ વિધિનું જ હંમેશા આવર્તન કરાય છેઃ-

गोसे भणिओ य विही, इय अणवरयं तु चेट्ठमाणस्स ।
भवविरहबीयभूओ, जायइ चारित्तपरिणामो ॥५०॥१/५०

छाया :- **गोसे भणितश्च विधि इति अनवरतं तु चेष्टमानस्य ।**
भवविरहबीजभूतो जायते चारित्रपरिणामः ॥ ५० ॥

ગાથાર્થ :- પ્રાતઃકાળનો વિધિ (૪૨મી ગાથામાં) કહેવાઇ ગયો છે. આ પ્રમાણે નિરંતર પ્રવૃત્તિ કરનાર શ્રાવકને સંસારના વિયોગના કારણભૂત એવો ચારિત્રનો પરિણામ થાય છે.

ટીકાર્થ :- '**गोसे**'= પ્રભાતમાં '**भणिओ य विही**'= જે વિધિ કહેવાયો છે તે જ વિધિ જાણવો. '**इय**'= આ પ્રમાણે '**अणवरयं तु**'= સતત '**चेट्ठमाणस्स**'= પ્રવૃત્તિ કરનારને '**भवविरहबीयभूओ**'= સંસારના વિયોગના કારણભૂત '**चारित्तपरिणामो**'= ચારિત્રનો પરિણામ જાગે એવો ક્ષયોપશમ '**जायइ**'= થાય છે. ॥૫૦॥૧/૫૦

॥ પ્રથમ શ્રાવકધર્મવિધિ પંચાશક સંપૂર્ણ થયું. ॥

• • •

॥ द्वितीयं जिन दीक्षाविधि- पञ्चाशकम् ॥

આ પ્રમાણે શ્રાવકસંબંધી ધર્મની વિધિ કહીને હવે સિંહાવલોકિતન્યાયથી શ્રાવકની પૂર્વભૂમિકામાં રહેલા સકૃદ્બંધક અને અપુનર્બંધક સંબંધી દીક્ષાની વિધિને આશ્રયીને કહે છે :-

(સિંહ ચાલતી વખતે આગળ જોતો જોતો ચાલે છે તેમ થોડી થોડી વારે પાછળ પણ દૃષ્ટિપાત કરતો કરતો ચાલે છે તેમ અહીંયા ગ્રંથકારમહર્ષિ શ્રાવકધર્મવિધિનું કથન કર્યા બાદ તેની પછીની ભૂમિકામાં રહેલ સાધુધર્મવિધિનું કથન કરતાં પહેલાં શ્રાવકની પૂર્વભૂમિકામાં રહેલા સકૃદ્બંધક આદિનું કથન કરે છે તે સિંહાવલોકિત ન્યાય છે.)

नमिऊण महावीरं, जिणदिक्खाए विहिं पवक्खामि ।
वयणाउ निउणनयजुयं, भव्वाहियट्ठाय लेसेण ॥५१॥२/१

छाया :- नत्वा महावीरं जिनदीक्षाया विधिं प्रवक्ष्यामि ।
वचनात् निपुणनययुतं भव्यहितार्थाय लेशेन ॥ १ ॥

ગાથાર્થ :- ભગવાન શ્રી **મહાવીરસ્વામીને** નમસ્કાર કરીને ભવ્યજીવોના હિત માટે જિનવચનના અનુસારે જિનદીક્ષાની સૂક્ષ્મનીતિગર્ભિત વિધિ સંક્ષેપથી કહીશ.

ટીકાર્થ :- '**महावीरं**'= મહાન (વીર્ય=) પરાક્રમથી શોભતા હોવાથી જે **મહાવીર** કહેવાય છે, તેમને '**नमिऊण**'= નમસ્કાર કરીને '**वयणाउ**'= આગમમાંથી '**निउणनयजुयं**'= સૂક્ષ્મ નીતિથી યુક્ત '**भव्वाहियट्ठाय**'= તેવા પ્રકારના ભવ્યજીવના ઉપકારને માટે '**लेसेण**'= સંક્ષેપથી '**जिणदिक्खाए**'= જેનો પ્રસ્તુતમાં અધિકાર ચાલે છે તે જિનદીક્ષાની '**विहिं**'= વિધિને-ઉપાયને '**पवक्खामि**'= કહીશ. ॥ ૫૧ ॥ ૨/૧

દીક્ષાનું સ્વરૂપ કહે છે :-

दिक्खा मुंडणमेत्थं, तं पुण चित्तस्स होइ विण्णेयं ।
ण हि अप्पसंतचित्तो, धम्मऽहिगारी जओ होइ ॥५२॥२/२

छाया :- दीक्षा मुण्डनमत्र तत् पुनः चित्तस्य भवति विज्ञेयम् ।
न हि अप्रशान्तचित्तो धर्माधिकारी यतो भवति ॥ २ ॥

ગાથાર્થ :- અહીં દીક્ષા એટલે ચિત્તનું મુંડન જાણવું. કારણકે અપ્રશાંતચિત્તવાળો જીવ ધર્મનો અધિકારી બનતો નથી.

ટીકાર્થ :- '**दिक्खा**' '**मुंडणं**'= "**दीक्षा-मौण्ड्य-इज्या-उपनयन-नियम-व्रतादेशेषु-** [**पा॰ धा॰ ६०९**] **પાણિનિના ધાતુપાઠથી** દીક્ષા ધાતુ મુંડન અર્થમાં છે. દીક્ષા એટલે મુંડન, '**तं पुण**'= તે મુંડન '**चित्तस्स**'= ચિત્તનું '**होइ**'= હોય છે. તે '**विण्णेयं**'= જાણવું. ઉત્કટ ક્રોધાદિ કષાયનું આમાં મુંડન કરાતું હોવાથી '**जओ**'= જે કારણથી '**अप्पसंतचित्तो**'= ક્રોધાદિથી દૂષિત ચિત્તવાળો '**धम्मऽहिगारी**'= ધર્માધિકારી '**न हि होइ**'= બનતો નથી. '**अप्पसत्तचित्तो**'= એનો પાઠાંતર છે. તેનો અર્થ સ્વલ્પ સત્ત્વયુક્ત ચિત્તવાળો એ પ્રમાણે થાય છે." આપત્તિમાં (**अवैक्लव्यकर**=) જરા પણ ગભરાટ નહિ કરનાર પરંતુ (**अध्यवसानकर**=) દૃઢ નિશ્ચયપૂર્વક પ્રયત્ન કરાવનાર સત્ત્વગુણ છે." એવું સત્ત્વનું લક્ષણ શાસ્ત્રકારોએ કહ્યું છે. અર્થાત્ ગમે

એવી આપત્તિ આવે પણ તેનાથી ગભરાયા વગર સત્ત્વશીલ પુરુષો દૃઢ નિશ્ચયપૂર્વક તે આપત્તિને દૂર કરવાનો પ્રયત્ન કરતા હોય છે. જે ચિત્તમાં સત્ત્વ અલ્પ હોય તે અલ્પસત્ત્વવાળું ચિત્ત કહેવાય છે. અલ્પસત્ત્વવાળું ચિત્ત જે માણસનું છે તે અલ્પસત્ત્વચિત્તવાળો કહેવાય. બાકીનો અર્થ અપ્રશાંતચિત્ત એ પાઠની જેમ જ કરવાનો છે. ॥ ૫૨ ॥ ૨/૨

અપ્રશાંતચિત્તવાળો અથવા અલ્પસત્ત્વચિત્તવાળો કયા કારણે ધર્માધિકારી નથી બનતો જેના લીધે તેને આ દીક્ષાનો અસંભવ છે એ કારણ જણાવે છે :-

चरमम्मि चेव भणिया, एसा खलु पुग्गलाण परियट्टे ।
सुद्धसहावस्स तहा-विसुज्झमाणस्स जीवस्स ॥ ५३ ॥ २/३

છાયા :- चरमे चैव भणिता एषा खलु पुद्गलानां परिवर्त्ते ।
शुद्धस्वभावस्य तथा-विशुद्ध्यमानस्य जीवस्य ॥ ३ ॥

ગાથાર્થ :- (જિનોએ) નિર્મળ બનેલા અને વિશુદ્ધ બનતા જીવને છેલ્લા જ પુદ્ગલપરાવર્તમાં આ દીક્ષા કહી છે.

ટીકાર્થ :- '**एसा खलु**'= આ દીક્ષા '**चरमम्मि चेव**'= સર્વથી છેલ્લા '**पुग्गलाण परियट्टे**'= શાસ્ત્રમાં પ્રસિદ્ધ પુદ્ગલપરાવર્તમાં '**सुद्धसहावस्स**'= નિર્મળ સ્વભાવવાળાને '**तहा-विसुज्झमाणस्स**'=તત્કાળ ઉચિત ચિત્તની વિશુદ્ધિને અનુભવનારને '**जीवस्स**'= આત્માને '**भणिया**'= કહી છે. તેથી આવો જીવ જ જેના કર્મમળ લગભગ ક્ષીણ થઈ ગયા છે, લઘુકર્મી છે. તેને તે જ ધર્મનો અધિકારી દીક્ષાને યોગ્ય છે. ॥ ૫૩ ॥ ૨/૩

દીક્ષાનો અધિકારી કોણ હોય તે કહે છે :-

दिक्खाए चेव रागो, लोगविरुद्धाण चेव चागो त्ति ।
सुंदरगुरुजोगो वि य, जस्स तओ एत्थ उचिओ त्ति ॥ ५४ ॥ २/४

છાયા :- दीक्षायां चैव रागः लोकविरुद्धानां चैव त्याग इति ।
सुन्दरगुरुयोगोऽपि च यस्य तकोऽत्र उचित इति ॥ ४ ॥

ગાથાર્થ :- જેને દીક્ષા ઉપર જ રાગ છે. જેણે લોકવિરુદ્ધ કાર્યોનો અવશ્ય ત્યાગ કર્યો છે, જેને સદ્ગુરુનો યોગ થયો છે તે દીક્ષાનો અધિકારી છે.

ટીકાર્થ :- '**दिक्खाए चेव**'= દીક્ષામાં જ '**रागो**'= હવે પછીની ગાથાઓમાં કહેવામાં આવશે તેવો અનુરાગ '**लोगविरुद्धाण चेव**'= હવે પછીની ગાથાઓમાં કહેવામાં આવશે તેવો લોકવિરુદ્ધ કાર્યોનો '**चागो त्ति**'= ત્યાગ '**सुंदर**'= સમ્યક્જ્ઞાન અને સમ્યક્ક્રિયા-આચારથી યુક્ત હોય એવા '**गुरु**'= ગુરુભગવંતની સાથે '**जोगो**'= ઉચિત સંબંધ '**जस्स**'= જે જીવને છે '**तओ**'= તે જીવ '**एत्थ**'= દીક્ષામાં '**उचिओ त्ति**'= યોગ્ય છે. ॥ ૫૪ ॥ ૨/૪

ત્રણ ગાથા વડે અનુરાગનું વર્ણન કરે છે :-

पयईए सोऊण व, दट्ठूणं व केइ दिक्खिए जीवे ।
मग्गं समायरन्ते, धम्मियजणबहुमए निच्चं ॥ ५५ ॥ २/५

छाया :- प्रकृत्या श्रुत्वा वा दृष्ट्वा वा कांश्चित् दीक्षितान् जीवान् ।
मार्गं समाचरतः धार्मिकजनबहुमतान् नित्यम् ॥ ५ ॥

एईए चेव सद्धा जायइ पावेज्ज कहमहं एयं ।
भवजलहिमहानावं निरवेक्खा साणुबंधा य ॥५६॥ २/६

छाया :- एतस्यामेव श्रद्धा जायते प्राप्नुयां कथमहमेतत् ।
भवजलधिमहानावं निरपेक्षा सानुबन्धा च ॥ ६ ॥

विग्घाणं चाभावो, भावे वि य चित्तथेज्जमच्चत्थं ।
एयं दिक्खारागो, निद्दिट्ठं समयकेऊहिं ॥५७॥ २/७

छाया :- विघ्नानां चाभावो भावेऽपि च चित्तस्थैर्यमत्यर्थम् ।
एतद् दीक्षारागो निर्दिष्टः समयकेतुभिः ॥ ७ ॥

ગાથાર્થ :- પ્રકૃતિથી, સાંભળીને તથા માર્ગને આચરતા હોય અને ધાર્મિકલોકને સંમત હોય એવા કોઈક દીક્ષિત જીવોને જોઈને ભવરૂપસમુદ્રને તરવા માટે વહાણ સમાન આ દીક્ષાને હું કેવી રીતે પામું? એમ દીક્ષામાં જ નિરપેક્ષ અને સાનુબંધ રુચિ થાય છે. ॥ ૫૫-૫૬ ॥

દીક્ષાના સ્વીકારમાં વિઘ્નોનો અભાવ, તથા વિઘ્નો આવવા છતાં દીક્ષામાં ચિત્તની અતિશય સ્થિરતા- આને સિદ્ધાંતના જ્ઞાતાઓએ દીક્ષારાગ કહ્યો છે. ॥ ૫૭ ॥

ટીકાર્થ :- '**पयईए**'= સ્વભાવથી '**सोऊण व**'= દીક્ષાના ગુણોને સાંભળીને '**मग्गं**'= માર્ગને '**समायरन्ते**'= આચરતાં હોય '**धम्मियजण**'= ધર્મને આચરે છે તે ધાર્મિક કહેવાય. એવા ધાર્મિક માણસોને '**बहुमए**'= સમ્મત હોય એવા '**केइ दिक्खिए जीवे**'= કોઈક દીક્ષિત જીવોને '**दट्ठुण व**'= જોઈને '**निच्चं**'= હંમેશા ॥ ૫૫ ॥ ૨/૫

'**एयं**'= આ દીક્ષાને, '**कहमहं**'= હું કેવી રીતે ? '**पावेज्ज**'= પ્રાપ્ત કરું જ '**एईए चेव**'= એવી આ દીક્ષામાં '**सद्धा**'= રુચિ '**जायइ**'= થાય છે. જે દીક્ષા '**भवजलहिनावं**'= સંસારસમુદ્રમાંથી (**तरणाव्यभिचारिणीम्**=) અવશ્ય તારનાર મહાન વહાણ સમાન છે વળી આ શ્રદ્ધા '**निरवेक्खा**'= કોઈપણ સાંસારિક ફળની અપેક્ષા વગરની '**साणुबंधा य**'= અનુબંધ સહિત અર્થાત્ ભવિષ્યકાળમાં જેની પરંપરા ચાલુ રહે, વિચ્છેદ ન પામે એવી હોય છે. ॥ ૫૬ ॥ ૨/૬

'**च**'= અને '**विग्घाण**'= ઉપદ્રવોનો '**अभावो**'= પુન્યના ઉદયથી અભાવ અને (શ્રદ્ધાના શુભભાવથી પણ વિઘ્નો જો સોપક્રમી હોય તો નષ્ટ થઈ જાય છે.) કદાચ '**भावे वि य**'= (નિરુપક્રમી પાપના ઉદયથી વિઘ્નો આવે તો પણ '**अच्चत्थं**'= અત્યંત '**चित्तथेज्जं**'= ચિત્તની દૃઢતા '**एयं**'= આ પૂર્વે કહેલો '**समयकेऊहिं**'= શાસ્ત્રજ્ઞો વડે '**दिक्खारागो**'= દીક્ષારાગ '**निद्दिट्ठं**'= કહેવાયો છે. ॥ ૫૭ ॥ ૨/૭

ત્રણ ગાથા વડે લોકવિરુદ્ધનું વર્ણન કરે છે :-

सव्वस्स चेव निंदा, विसेसओ तह य गुणसमिद्धाणं ।
उजुधम्मकरणहसणं, रीढा जणपूयणिज्जाणं ॥५८॥ २/८

छाया :- सर्वस्य चैव निन्दा विशेषतः तथा च गुणसमृद्धानाम् ।
ऋजुधर्मकरणहसनं रीढा जनपूजनीयानाम् ॥ ८ ॥

बहुजनविरुद्धसंगो, देसादायारलंघणं चेव ।
उव्वणभोगो य तहा, दाणादि वि पगडमण्णे तु ॥ ५९ ॥ २/९

छाया :- बहुजनविरुद्धसङ्गो देशाद्याचारलङ्घनं चैव ।
उल्बणभोगश्च तथा दानाद्यपि प्रकटमन्ये तु ॥ ९ ॥

साहुवसणम्मि तोसो, सति सामत्थम्मि अपडियारो य ।
एमाइयाणि एत्थं, लोगविरुद्धाणि णेयाणि ॥ ६० ॥ २/१० तिगं

छाया :- साधुव्यसने तोषः सति सामर्थ्येऽप्रतिकारश्च ।
एतदादीन्यत्र लोकविरुद्धानि ज्ञेयानि ॥ १० ॥ त्रिकम्

गाथार्थ :- કોઈની પણ નિંદા કરવી એ લોકવિરુદ્ધ છે. તથા ગુણવાન માણસોની નિંદા કરવી એ વિશેષથી લોકવિરુદ્ધ છે મંદબુદ્ધિવાળાની ધર્મક્રિયાની મશ્કરી કરવી એ લોકવિરુદ્ધ છે. લોકોમાં પૂજ્ય ગણાતા હોય તેમની અવજ્ઞા કરવી તે લોકવિરુદ્ધ છે. ॥ ૫૮ ॥

ઘણા લોકો જેની વિરુદ્ધ હોય તેનો સંગ કરવો એ લોકવિરુદ્ધ છે. દેશ આદિના આચારોનું ઉલ્લંઘન કરવું તેમજ અતિશય ભોગ ભોગવવા એ લોકવિરુદ્ધ છે અનુચિત દાનાદિ પણ લોકવિરુદ્ધ છે. અન્ય આચાર્યના મતે દાનાદિની જાહેરાત કરવી તે લોકવિરુદ્ધ છે ॥ ૫૯ ॥

શિષ્ટપુરુષોની આપત્તિમાં આનંદ પામવો તથા શક્તિ હોવા છતાં તે આપત્તિનો પ્રતિકાર ન કરવો, વગેરે અહીં લોકવિરુદ્ધ કાર્યો જાણવા. ॥ ૬૦ ॥

ટીકાર્થ :- '**सव्वस्स चेव**'= પ્રાણીમાત્રની '**निंदा**'= જુગુપ્સા એ લોકવિરુદ્ધ છે. '**तह य**'= તથા '**विसेसओ**'= વિશેષથી '**गुणसमिद्धाणं**'= જ્ઞાનાદિ ઘણા ગુણોથી સમૃદ્ધ આચાર્ય આદિની, '**उजु**'= સરળ આશયવાળા જીવોની '**धम्मकरण**'= સામાન્યપણે (પોતાની બુદ્ધિ અનુસાર) કરાતી ધર્મક્રિયાની '**हसणं**'= પરાભવ બુદ્ધિથી મશ્કરી '**जणपूयणिज्जाणं**'= માતા-પિતા આદિ લોકપૂજ્યોની '**रीढा**'= અવજ્ઞા કરવી. ॥ ૫૮ ॥ ૨/૮

'**बहुजनविरुद्ध संगो**'= ઘણા લોકોની સાથે જેમને વિરોધ હોય તેમનો સંગ કરવો. '**देसादायारं लंघणं चेव**'= દેશ તથા આદિ શબ્દથી કુળ, ગામ વગેરેમાં પ્રસિદ્ધ (યોગ્ય) આચારનું ઉલ્લંઘન કરવું '**उव्वणभोगो य**'= દેશ, કાળ, વૈભવ, વય, અવસ્થા આદિને અનુચિત ભોગ (વસ્ત્ર, પુષ્પ આદિથી શરીરની શોભા કરવી.) '**दाणादि वि**'= દેશ, કાળ, વૈભવ આદિને અનુચિત દાન વગેરે પણ (લોકવિરુદ્ધ) છે. '**पगडं**'= (દાનાદિ કરીને) જાહેરાત કરવી. '**अण्णे तु**'= અન્ય આચાર્યના મતે લોકવિરુદ્ધ= તેવા પ્રકારના શિષ્ટલોકોને અસંમત છે. ॥ ૫૯ ॥ ૨/૯

'**साहु**'= શિષ્ટપુરુષોની '**वसणम्मि**'= આપત્તિમાં '**तोसो**'= આનંદ પામવો '**सति सामत्थम्मि**'= આપત્તિ દૂર કરવાની શક્તિ હોવા છતાં '**अपडियारो य**'= તે દૂર કરવા માટે પ્રયત્ન ન કરવો, આપત્તિને દૂર કરવામાં ઢીલાશ કરવી. '**एमाइयाणि**'= વગેરે '**एत्थं**'= અહીં વિદ્વાનલોકમાં પ્રસિદ્ધ '**लोगविरुद्धाणि**'= લોકવિરુદ્ધ '**णेयाणि**'= જાણવા. ॥ ૬૦ ॥ ૨/૧૦

હવે સુંદરગુરુયોગને કહે છે :-

नाणाइजुओ य गुरु, सुविणे उदगादितारणं तत्तो ।
अचलाइरोहणं वा, तहेव वालाइरक्खा वा ॥ ६१ ॥ २/११

छाया :- ज्ञानादियुतश्च गुरुः स्वप्ने उदगादितारणं ततः ।
अचलादिरोहणं वा तथैव व्यालादिरक्षा वा ॥ ११ ॥

गाथार्थ :- જે જ્ઞાનાદિથી યુક્ત છે તે જ ગુરુ છે. ગુરુની સહાયથી પોતે પાણી વગેરેને તરી ગયો, પર્વત આદિ ઉપર ચઢી ગયો અથવા સર્પ આદિથી બચી ગયો એ પ્રમાણે સ્વપ્નમાં જુએ તો હવે પોતાને સુગુરુનો યોગ થશે એમ સૂચિત થાય છે.

ટીકાર્થ :- '**णाणाइजुओ य**'= જ્ઞાન, દર્શન અને ચારિત્રથી યુક્ત હોય તે જ '**गुरु**'= ગુરુ છે. '**सुविणे**'= નિદ્રામાં થતા મનોવિજ્ઞાન સ્વરૂપ સ્વપ્નમાં '**उदगादितारणं**'= પાણી, અગ્નિ આદિ આપત્તિમાંથી પોતે તરી ગયો '**तत्तो**'=તે ગુરુની સહાયથી-સ્વપ્નમાં આ પ્રમાણે દેખે કે પાણી આદિમાં ડૂબતાં પોતાને ગુરુએ બચાવી લીધો તેમણે પાણી-અગ્નિ આદિના આક્રમણનું નિવારણ કર્યું. '**अचलाइ**'= પર્વત, મહેલ, વૃક્ષ, શિખર ઉપર પોતાને ચડાવ્યો, '**तत्तो।**'= આ શબ્દનો સંબંધ દરેકની સાથે છે. '**तहेव**'= તથા '**वालाइरक्खा वा**'= સ્વપ્નમાં ગુરુથી જ સર્પ, હાથી વગેરેથી પોતાની રક્ષા કરાતી દેખે- આવો સુગુરુનો યોગ કહેવાયો છે. સ્વપ્નમાં આવું દેખવું એ સુગુરુનો યોગ થશે એમ જણાવે છે માટે કારણમાં કાર્યનો ઉપચાર કરીને આવા સ્વપ્નને જ સુગુરુનો યોગ કીધો છે. ॥ ૬૧ ॥ ૨/૧૧

આ પ્રમાણે દીક્ષાનું અધિકારીપણું જણાવીને હવે તે વિશિષ્ટકાળે તેનું દીક્ષા માટે આગમનને જણાવવા માટે તે અવસરે કરવામાં આવતી સમવસરણની રચનાનું વર્ણન કરે છેઃ-

वाउकुमाराईणं, आहवणं नियनिएहिं मन्तेहिं।
मुत्तासुत्तीए किल, पच्छा तक्कम्मकरणं तु ॥ ६२ ॥ २/१२

छाया :- वायुकुमारादीनामाह्वानं निजनिजैः मन्त्रैः ।
मुक्ताशुक्त्या किल पश्चात् तत्कर्मकरणं तु ॥ १२ ॥

वाउकुमाराहवणे, पमज्जणं तत्थ सुपरिसुद्धं तु।
गंधोदगदाणं पुण, मेहकुमाराहवणपुव्वं ॥ ६३ ॥ २/१३

छाया :- वायुकुमाराह्वाने प्रमार्जनं तत्र सुपरिशुद्धन्तु ।

गन्धोदकदानं पुनः मेघकुमाराह्वानपूर्वम् ॥ १३ ॥

गाथार्थ :- વાયુકુમાર આદિના પોતપોતાના મંત્રો વડે મુક્તાશુક્તિમુદ્રા વડે વાયુકુમાર આદિ દેવતાઓનું આહ્વાન કરવું. પછી તે તે દેવતાઓનું કાર્ય કરવું. ॥ ૬૨ ॥

વાયુકુમાર દેવતાનું આહ્વાન કર્યા પછી સમવસરણની ભૂમિને પ્રમાર્જના કરવા દ્વારા અત્યંત શુદ્ધ કરવી પછી મેઘકુમારદેવનું આહ્વાન કરીને ત્યાં સુગંધી જળનો છંટકાવ કરવો. ॥ ૬૩ ॥

ટીકાર્થ :- '**वाउकुमाराईणं**'= શાસ્ત્રમાં પ્રસિદ્ધ વાયુકુમાર આદિ દેવોનું '**आहवणं**'= આમંત્રણ કરવું '**णियनिएहिं मंतेहिं**'= સંપ્રદાય પ્રમાણે મળેલા, પ્રારંભમાં ૐ નમઃ પૂર્વક તે તે દેવોનું નામ કહીને અંતે સ્વાહા પદવાળા તે તે દેવોના પોતપોતાના મંત્રો વડે, '**मुत्तासुत्तीए**'= મોતીની ઉત્પત્તિ જેમાં થાય છે. તે છીપલીના આકારવાળી મુદ્રા વડે '**किल**'= આ અવ્યય આપ્તસંપ્રદાયનો સૂચક છે. '**पच्छा**'= પછી '**तक्कम्मकरणं तु**'= વાયુકુમારાદિ દેવતાનું કાર્ય કરવું.

[અ. ટી. માં જણાવ્યું છે કે '**किल**' અવ્યય એ આહ્વાનનું અતાત્ત્વિકપણું સૂચવવા માટે છે. આહ્વાનથી તે દેવો આવવાનો સંભવ નથી માટે તે દેવોનું માત્ર સ્મરણ કરાય છે.] ॥ ૬૨ ॥ ૨/૧૨

'**वाउकुमाराहवणे**'= વાયુકુમારદેવના આહ્વાન પછી '**पमज्जणं तत्थ**'= સમવસરણની ભૂમિકાનીશુદ્ધિ કરવી. '**सुपरिसुद्धं**'= મારા આમંત્રણથી વાયુકુમારદેવો સમવસરણની ભૂમિ શુદ્ધ કરી રહ્યાં છે, એવી માનસિક કલ્પના દ્વારા પ્રમાર્જન કરીને તે ભૂમિને અત્યંત શુદ્ધ કરવી. અહીં '**कर्तव्यम्**'= કરવી એ પદ અધ્યાહારથી સમજી લેવું. '**मेहकुमाराहवणपुव्वं**'= મેઘકુમારદેવના આહ્વાન પૂર્વક '**गंधोदगदाणं**'= સુગંધી જળનો છંટકાવ કરવો. કારણકે તીર્થંકર પરમાત્માના સમવસરણમાં પણ તેઓ જ તે કાર્ય કરે છે. ॥ ૬૩ ॥ ૨/૧૩

उउदेवीणाहवणे, गंधड्ढा होइ कुसुमवुट्ठि त्ति ।
अग्गिकुमाराहवणे, धूवं एगे इहं बेन्ति ॥ ६४ ॥ २/१४

છાયા :- ऋतुदेवीनामाह्वाने गन्धाढ्या भवति कुसुमवृष्टिरिति ।
अग्निकुमाराह्वाने धूपमेके इह ब्रुवते ॥ १४ ॥

ગાથાર્થ :- ઋતુદેવીનું આહ્વાન કરીને સુગંધી કુસુમની વૃષ્ટિ કરવી. અગ્નિકુમારનું આહ્વાન કરીને અગ્નિનું સ્થાપન કરવું આ બાબતમાં કેટલાક આચાર્યો કહે છે કે સુગંધી ધૂપને સ્થાપવો.

ટીકાર્થ :- '**उउदेवीण**'= વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર નામની છ ઋતુદેવીનું '**आहवणे**'= આહ્વાન કરીને '**गंधड्ढा**'= સુગંધી '**कुसुमवुट्ठि त्ति**'= કુસુમની વૃષ્ટિ '**होइ**'= થાય છે. '**अग्गिकुमाराहवणे**'= અગ્નિકુમારદેવનું આહ્વાન કરીને '**धूवं**'= અગ્નિ સ્થાપવો '**एगे**'= કોઈ શાસ્ત્રકાર '**इहं**'= આ સ્થાને ધૂપને '**बेन्ति**'= કહે છે. બીજા આચાર્ય કહે છે કે સુગંધી ધૂપ સ્થાપવો. ॥ ૬૪ ॥ ૨/૧૪

वेमाणियजोइसभवणवासियाहवणपुव्वगं तत्तो ।
पागारतिगण्णासो, मणिकंचणरुप्पवण्णाणं ॥ ६५ ॥ २/१५

છાયા :- वैमानिक-ज्योतिष-भवनवासिताह्वानपूर्वकं ततः ।
प्राकारत्रिकन्यासः मणिकाञ्चनरुप्यवर्णानाम् ॥ १५ ॥

ગાથાર્થ :- ત્યારપછી વૈમાનિક, જ્યોતિષ અને ભવનપતિદેવના આહ્વાનપૂર્વક મણિ, સુવર્ણ અને રૂપાના જેવા વર્ણવાળા ત્રણ ગઢની સ્થાપના કરવી.

ટીકાર્થ :- '**तत्तो**'= ત્યારપછી, '**वेमाणियजोइसभवणवासियाहवणपुव्वगं**'= વૈમાનિક, જ્યોતિષ અને ભવનપતિદેવના આહ્વાનપૂર્વક ક્રમની અપેક્ષાએ અભ્યન્તર, મધ્યમ અને બાહ્યરૂપ '**मणिकंचणरुप्पवण्णाणं**'= મણિ, સુવર્ણ અને રૂપાના જેવા વર્ણવાળા '**पागारतिगण्णासो**'= ત્રણ ગઢની સ્થાપના કરવી. અભ્યંતર મણિનો ગઢ વૈમાનિક દેવો, મધ્યમ સુવર્ણનો ગઢ જ્યોતિષી દેવો અને બાહ્ય રૂપાનો ગઢ ભવનપતિ દેવો બનાવે છે. ॥ ૬૫ ॥ ૨/૧૫.

वंतरगाहवणाओ, तोरणमाईण होइ विण्णासो ।
चितितरुसीहासणछत्तचक्कधयमाइयाणं च ॥ ६६ ॥ २/१६

છાયા :- व्यन्तरकाह्वानात् तोरणादीनां भवति विन्यासः ।
चैत्यतरुसिंहासन-छत्र-चक्र-ध्वजादीकानां च ॥ १६ ॥

ગાથાર્થ :- વ્યંતરદેવના આહ્વાનપૂર્વક તોરણ આદિની અને અશોકવૃક્ષ, સિંહાસન, છત્ર, ધર્મચક અને ધ્વજ આદિની રચના કરાય છે.

ટીકાર્થ :- '**वंतरगाहवणाओ**'= વ્યંતરદેવના આહ્વાનપૂર્વક '**तोरणमाईण**'= તોરણ આદિની- 'આદિ'

શબ્દથી પીઠ, દેવચ્છંદો, પુષ્કરિણી આદિનું ગ્રહણ કરવું. '**चितितरुसीहासणछत्तचक्कधयमाइयाणं च**'= અશોકવૃક્ષ, સિંહાસન, છત્ર, ધર્મચક્ર, ધ્વજ આદિની, 'આદિ' શબ્દથી કમળ અને ચામરનું ગ્રહણ કરવું. '**विण्णासो**'= રચના '**होइ**'= થાય છે. કારણકે તીર્થંકર પરમાત્માના સમવસરણમાં વ્યંતરદેવો તેની રચના કરે છે. ॥ ૬૬ ॥ ૨/૧૬

भुवणगुरुणो य ठवणा, सयलजगपियामहस्स तो सम्मं ।
उक्किट्ठवण्णगोवरि, समवसरणबिंबरूवस्स ॥ ६७ ॥ २/१७

છાયા :- भुवनगुरोश्च स्थापना सकलजग-पितामहस्य ततः सम्यक् ।
उत्कृष्टवर्णकोपरि समवसरणबिम्बरूपस्य ॥ १७ ॥

ગાથાર્થ :- ત્યારપછી ઉત્તમ જાતિના ચંદનની (પીઠિકાની) ઉપર ભગવાનની દેશનાભૂમિ સમવસરણમાં વ્યવસ્થિત પ્રતિમા સ્વરૂપ સકલ જગતના પિતામહ એવા ત્રણભુવનના ગુરુની-જિનબિંબની સમ્યગ્ સ્થાપના કરવી.

ટીકાર્થ :- '**भुवणगुरुणो**'= ત્રણ લોકના નાથ ભગવંતની '**ठवणा**'= સદ્ભાવ **સ્થાપના** (આકૃતિવાળી જે સ્થાપના હોય તે સદ્ભાવસ્થાપના કહેવાય છે. આકૃતિ વગરનાં કોડા આદિમાં જે સ્થાપના કરાય છે તે અસદ્ભાવસ્થાપના કહેવાય છે.) '**सयलजगपियामहस्स**'= ધર્મ એ જગતનું પાલન કરતો હોવાથી જગતનો પિતા કહેવાય છે અને તે ધર્મના સ્થાપક જિનેશ્વરદેવ હોવાથી જિનેશ્વરદેવ એ પિતાના પિતા અર્થાત્ પિતામહ-દાદા કહેવાય છે. અથવા જગતના પિતામહ એ **બ્રહ્મા ઋષભદેવ** છે. કહ્યું છે કે -

ભરતચક્રવર્તી એ (પ્રજાનું પાલન કરનાર હોવાથી) પ્રજાના પિતા છે. એ **ભરત**ના પિતા હોવાથી આપ (**ઋષભદેવ**) એ જગતના પિતામહ (**બ્રહ્મા**) છો. હિંસાનો ત્યાગ કરવા દ્વારા આપ **વિષ્ણુ** છો અને જગતને આનંદ આપનાર હોવાથી આપ **શંકર** છો. જિનેશ્વરદેવ એ અપેક્ષાએ **બ્રહ્મા, વિષ્ણુ,** અને **શંકર** પણ છે. **કામદેવ** આદિ લૌકિક સર્વ દેવો કરતાં જિનેશ્વરદેવ એ ભિન્નસ્વરૂપવાળા છે. (**शं करोति**= **शङ्करः**- शम्= આનંદ) તેવા જગત્ના પિતામહને. '**समवसरणबिंबरूवस्स**'= સમવસરણમાં રહેલી પ્રતિમાસ્વરૂપ. '**उक्किट्ठ**'= ઉત્કૃષ્ટ '**वण्णगोवरि**'= ચંદનની (પીઠિકા) ઉપર. સ્થાપવા. 'વર્ણક'નો અર્થ ચંદન થાય છે' એમ શબ્દકોષાદિમાં કહ્યું છે. 'ત્યજી દીધું છે માળા, ચંદનનું વિલેપન જેણે' એમ ચંદનના અર્થમાં 'વર્ણક' શબ્દનો પ્રયોગ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. (વર્ણક શબ્દનો અર્થ ચંદન થાય છે એમ દર્શાવવા ટીકાકાર મહર્ષિએ આ સાક્ષીપાઠ આપ્યો છે.) ॥ ૬૭ ॥ ૨/૧૭

एयस्स पुव्वदक्खिणभागेणं मग्गओ गणहरस्स ।
मुणिवसभाणं वेमाणिणीण तह साहुणीणं च ॥ ६८ ॥ २/१८

છાયા :- एतस्य पूर्वदक्षिणभागेन मार्गतः गणधरस्य ।
मुनिवृषभानां वैमानिनीनां तथा साध्वीनां च ॥ १८ ॥

ગાથાર્થ :- સમવસરણમાં (પહેલા ગઢમાં) ભગવાનથી અગ્નિખૂણામાં ગણધરોની. તેમની પાછળ અતિશયયુક્ત મુનિઓ તથા અતિશય વગરના મુનિઓની, તેમની પાછળ વૈમાનિક દેવીની, તેમની પાછળ સાધ્વીની સ્થાપના કરવી. '**विन्यास**' શબ્દનો અહીં સંબંધ છે.

ટીકાર્થ :- '**पुव्वदक्खिणभागेणं**'= અગ્નિ ખૂણામાં '**एयस्स**'= ભુવનગુરુની '**मग्गओ**'= પાછળ '**गणधरस्स**'= ગણધરની '**मुणिवसभाणं**'= અતિશયયુક્ત તેમજ બીજા સાધુઓની '**वेमाणिणीण**'=

વૈમાનિક દેવીની '**तह**'= તથા '**साहुणीणं**'= સાધ્વીની સ્થાપના કરવી એમ વિન્યાસ શબ્દનો સંબંધ કરવો. ॥ ६८ ॥ २/१८

इय अवरदक्खिणेणं, देवीणं ठावणा मुणेयव्वा ।
भवणवइवाणमंतर - जोइससंबंधिणीणं ति ॥ ६९ ॥ २/१९

छाया :- **इति अपरदक्षिणेन देवीनां स्थापना ज्ञातव्या ।**
भवनपति-वाणमन्तर-ज्योतिष-सम्बन्धिनीनामिति ॥ १९ ॥

ગાથાર્થ :- એ પ્રમાણે નૈઋત્ય ખૂણામાં ક્રમશઃ ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષદેવીની સ્થાપના કરવી.

ટીકાર્થ :- '**इय**'= આ ત્રણ પર્ષદાની સ્થાપનાની જેમ '**अवरदक्खिणेणं**'= નૈઋત્યખૂણામાં '**देवीणं**'= દેવીની '**भवणवइवाणमंतर**' - **जोइससंबंधिणीणं**'= ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષદેવીના ક્રમથી '**ठावणा**'= સ્થાપના '**मुणेयव्वा**'= જાણવી. ॥ ६९ ॥ २/१९

भवणवइवाणमंतरजोइसियाणं च एत्थ देवाणं ।
अवरुत्तरेण नवरं, निद्दिट्ठा समयकेऊहिं ॥ ७० ॥ २/२०

छाया :- **भवनपति - वानमन्तर - ज्योतिष्काणां चात्र देवानाम् ।**
अपरोत्तरेण केवलं निर्दिष्टा समयकेतुभिः ॥ २० ॥

ગાથાર્થ :- અહીં વાયવ્યખૂણામાં શાસ્ત્રજ્ઞોએ ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષ દેવોની સ્થાપના કહી છે.

ટીકાર્થઃ- '**एत्थ**'= અહીં સમવસરણમાં '**अवरुत्तरेण**'= વાયવ્યખૂણામાં '**भवणवइवाणमंतरजोइ-सियाणं**'= ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષ '**देवाणं**'= દેવોની સ્થાપના '**णवरं**'= ફક્ત '**समयकेऊहिं**'= આગમના જાણકારોએ '**निद्दिट्ठा**'= કહી છે. ॥ ७० ॥ २/२०

वेमाणियदेवाणं, नराण नारीगणाण य पसत्था ।
पुव्वुत्तरेण ठवणा, सव्वेसिं णियवण्णेहिं ॥ ७१ ॥ २/२१

छाया :- **वैमानिकदेवानां नराणां नारीगणानां च प्रशस्ताः ।**
पूर्वोत्तरेण स्थापना सर्वेषां निजकवर्णैः ॥ २१ ॥

ગાથાર્થ :- ઈશાનખૂણામાં વૈમાનિકદેવો, મનુષ્યો અને મનુષ્યની સ્ત્રીઓની પ્રશસ્ત સ્થાપના કરવી. બધા દેવોની સ્થાપના તેમના પોતપોતાના વર્ણ પ્રમાણે કરવી.

ટીકાર્થ :- '**पुव्वुत्तरेण**'= ઈશાનખૂણામાં '**वेमाणियदेवाणं**'= વૈમાનિક દેવોની '**नराण**'= મનુષ્યોની '**नारीगणाण**'= મનુષ્યની સ્ત્રીઓની '**पसत्था**'= પ્રશસ્ત '**ठवणा**'= સ્થાપના કરવી. '**सव्वेसिं**'= બધા દેવોની સ્થાપના '**णियवण्णेहिं**'= પોતપોતાના લાલ, પીળો, સફેદ વગેરે વર્ણવડે કરવી, ભવનપતિ અને વ્યંતરો પાંચ વર્ણના હોય છે. જ્યોતિષદેવો લાલવર્ણના હોય છે. અને વૈમાનિકો, લાલ, પીળા, અને સફેદ વર્ણવાળા હોય છે. ॥ ७१ ॥ २/२१

अहिणउलमयमयाहिवपमुहाणं तह य तिरियसत्ताणं ।
बितियंतरम्मि एसा, तइए पुण देवजाणाणं ॥ ७२ ॥ २/२२

छाया :- अहि-नकुल-मृग-मृगाधिपप्रमुखाणां तथा च तिर्यक्सत्त्वानाम् ।
द्वितीयान्तरे एषा तृतीये पुनः देवयानानाम् ॥ २२ ॥

गाथार्थ :- સમવસરણના બીજા ગઢમાં સર્પ-નોળિયો, હરણ-સિંહ વગેરે તિર્યંચ પ્રાણીઓની તેવા પ્રકારે સ્થાપના કરવી. ત્રીજા ગઢની અંદર દેવોના વાહનોની સ્થાપના કરવી.

ટીકાર્થ :- '**अहिणउलमयमयाहिवपमुहाणं**'= સર્પ-નોળિયો, હરણ-સિંહ આદિ શબ્દથી ઘોડો-પાડો વગેરે '**तह य**'= તેવા પ્રકારે અર્થાત્ પરસ્પર વિરોધ પ્રમાણે અથવા દેવોની જેમ પોતપોતાના વર્ણ પ્રમાણે '**तिरियसत्ताणं**'= તિર્યંચ પ્રાણીઓની '**बितियंतरम्मि**'= બીજા ગઢની અંદર '**तइए पुण**'= ત્રીજા ગઢની અંદર '**देवजाणाणं**'= હંસ, મોર આદિ અનેક આકારવાળા દેવવિમાનોની '**एसा**'= સ્થાપના કરવી. ॥ ૭૨ ॥ ૨/૨૨

रइयम्मि समोसरणे, एवं भत्तिविहवाणुसारेणं ।
सूइभूओ उ पदोसे, अहिगयजीवो इहं एइ ॥७३॥२/२३

छाया :- रचिते समोवसरणे एवं भक्तिविभवानुसारेण ।
शुचिभूतस्तु प्रदोषे अधिगतजीव इह एति ॥ २३ ॥

गाथार्थ :- આ પ્રમાણે ભક્તિ અને વૈભવના અનુસારે સમવસરણની રચના કર્યા બાદ પવિત્ર થયેલો દીક્ષાને યોગ્ય જીવ દિવસના અંતે - રાત્રિના પ્રથમ પ્રહરમાં સમવસરણની પાસે આવે છે.

ટીકાર્થ :- '**एवं**'= આ પ્રમાણે '**समोसरणे**'= સમવસરણ '**रइयम्मि**'= રચ્યા બાદ '**भत्तिविहवाणुसारेणं**'= ભક્તિ અને વૈભવના અનુસારે '**सूइभूओ उ**'= દ્રવ્યથી સ્નાન, ચંદનનું વિલેપન, શ્વેત વસ્ત્રનું પરિધાન આદિ વડે પવિત્ર થયેલો અને ભાવથી શુભ અધ્યવસાયથી પવિત્ર થયેલો '**पदोसे**'= રાત્રિના પ્રથમ પ્રહરે-દિવસના અંતે '**अहिगयजीवो**'= દીક્ષાને યોગ્ય જીવ '**इहं**'= સમવસરણના સ્થાને '**एइ**'= પ્રવેશે છે. ॥ ૭૩ ॥ ૨/૨૩

સમવસરણના સ્થાને પ્રવેશેલા જીવને શેનું કથન કરવું ? તે જણાવે છે :-

भुवणगुरुगुणक्खाणा, तम्मी संजायतिव्वसद्धस्स ।
विहिसाहणमोहेणं, तओ पवेसो तहिं एवं ॥७४॥२/२४

छाया :- भुवनगुरुगुणाख्यानात् तस्मिन् सञ्जाततीव्रश्रद्धस्य ।
विधिसाघनमोघेन ततः प्रवेशः तस्मिन्नेवम् ॥ २४ ॥

गाथार्थ :- પછી જિનેશ્વરદેવના ગુણોને કહેવાથી જિનેશ્વરદેવ પ્રત્યે તીવ્ર શ્રદ્ધાળુ બનેલા તેને સામાન્યથી વિધિ કહેવી. પછી તેને સમવસરણમાં પ્રવેશ કરાવવો.

ટીકાર્થ :- '**भुवणगुरुगुण**'= જિનેશ્વરદેવના આત્મસ્વરૂપની સાથે સંબંધ ધરાવતા એવા ક્ષાયિકસમ્યક્ત્વ-કેવલજ્ઞાન કેવલદર્શન આદિ ગુણો તેમજ સર્વજીવો કરતાં અતિશયિત એવા ચોત્રીસ અતિશયમાંના દેહની સુગંધિતા વગેરે ગુણોનું '**अक्खाणा**'= તેની સમક્ષ કથન કરવાથી '**तम्मी**'= તે ભુવનગુરુ ભગવંતને '**विहिसाहणं**'= વિશે '**संजायतिव्वसद्धस्स**'=પ્રગટ થયેલી તીવ્ર શ્રદ્ધાવાળા તેને '**ओघेणं**'= સામાન્યથી વિધિનું કથન '**तओ**'= ત્યારપછી '**एवं**'= હવે પછી કહેવામાં આવનારી વિધિ વડે '**तहि**'= સમવસરણમાં '**पवेसो**'= પ્રવેશ કરાવવો. ॥ ૭૪ ॥ ૨/૨૪

સમવસરણમાં પ્રવેશ કરવાની વિધિનું કથન-

वरगंधपुप्फदाणं, सियवत्थेणं तहच्छिठवणं च ।

आगइगइविण्णाणं, इमस्स तह पुप्फपाएण ॥ ७५ ॥ २/२५

છાયા :- वरगन्धपुष्पदानं सितवस्त्रेण तथाक्षिस्थगनञ्च ।

आगति-गति-विज्ञानम् अस्य तथा पुष्पपातेन ॥ २५ ॥

ગાથાર્થ :- તેના હાથમાં સુગંધી પુષ્પો આપવા, શ્વેત વસ્ત્ર વડે તેની આંખોને ઢાંકી દેવી. (આંખે પાટો બાંધવો.) પછી તેની ગમન-આગમન ચેષ્ટાનું જ્ઞાન કરવું, તેમજ પુષ્પના પતન વડે તેની ગતિ આગતિનું જ્ઞાન કરવું.

ટીકાર્થ :- '**वरगंधपुप्फदाणं**'= તેના હાથમાં સુગંધી પુષ્પો આપવા. '**सियवत्थेणं**'= મંત્રથી સંસ્કારેલા મંગલકારી શ્વેત વસ્ત્ર વડે '**तहच्छिठवणं च**'= તે પ્રકારે (તેને પીડા ન થાય તે રીતે) બે આંખોને ઢાંકી દેવી. પછી અમુક કાળ સુધી તેની '**आगइगइ**'= ગમન-આગમનરૂપ વિશિષ્ટ ચેષ્ટાનું અર્થાત્ પૂર્વે જે પગલા વડે ગયો એ જ પગલા વડે તે પાછો ફરે છે ? કે બીજા પગલા વડે પાછો ફરે છે ? તે સંબંધી '**विण्णाणं**'= તે પાટો બાંધેલા પુરુષવિષયક નિમિત્તજ્ઞાન જાણવું; '**तह**'= તથા '**पुप्फपाएणं**'= તેના હાથમાં રહેલા પુષ્પોના પતન દ્વારા અથવા 'પુય' એટલે શરીર તેનું 'પાતિ'= રક્ષણ કરે છે આ વ્યુત્પત્તિથી પુષ્પનો અર્થ ઉર્ધ્વગામી જીવ એવો થાય છે. પ્રાકૃતમાં દીર્ઘ એવા 'પા'નો હ્રસ્વ 'પ' બન્યો છે. તે જીવનો પૃથ્વી ઉપર શયન આદિ વિશિષ્ટ ચેષ્ટા વડે જ્ઞાન કરવું કે તે દેવ આદિ ગતિમાંથી આવ્યો છે અને વિશિષ્ટ દેવલોકમાં ઉત્પન્ન થવાનો છે એમ તે કઈ ગતિમાંથી આવ્યો છે ? અને કઈ ગતિમાં જવાનો છે ? તેનું જ્ઞાન કરવું અથવા '**पुष्प विकसने**' [**पा. धा. ११२२**] એ ધાતુથી **पुष्पति = विकसति पुष्पम्** । અર્થાત્ સંકોચવિકાસથી યુક્ત શરીર. તે શરીરની ક્રિયાવિશેષ વડે તે જીવની ગતિ આગતિનું જ્ઞાન કરવું. આ ગતિઆગતિનું જ્ઞાન સાંપ્રદાયિક સ્વ-પર શાસ્ત્રોમાંથી જાણવું અને પરમસૂક્ષ્મદૃષ્ટિવાદના સંદર્ભથી યુક્ત **'अंगविद्या'** આદિ ગ્રંથોમાં તે પ્રસિદ્ધ છે. **॥ ૭૫ ॥ ૨/૨૫**

अभिवाहरणा अण्णे, नियजोगपवित्तिओ य केइ त्ति ।

दीवादिजलणभेया, तहुत्तरसुजोगओ चेव ॥ ७६ ॥ २/२६

છાયા :- अभिव्याहरणादन्ये निजयोगप्रवृत्तितश्च केचिदिति ।

दीपादिज्वलनभेदात् तथोत्तरसुयोगतश्चैव ॥ २६ ॥

ગાથાર્થ :- અન્ય આચાર્યો- શાસ્ત્રના ઉદ્દેશાદિના ઉચ્ચાર ઉપરથી, કેટલાક આચાર્યો - પોતાના મન-વચન અને કાયાની પ્રવૃત્તિ ઉપરથી, દીપક આદિના પ્રકાશ ઉપરથી તેમજ દીક્ષા પછીના શુભ યોગ ઊપરથી દીક્ષાર્થીની શુભાશુભ ગતિનું જ્ઞાન થાય છે એમ કહે છે.

ટીકાર્થ :- '**अभिवाहरणा**'= શાસ્ત્રના ઉદ્દેશાદિના અસ્ખલિત કે સ્ખલિત ઉચ્ચાર ઉપરથી દીક્ષાર્થીની શુભાશુભ ગતિનું જ્ઞાન થાય છે એમ કહે છે. '**अण्णे**'= બીજા આચાર્યો માને છે કે પૂર્વે કહેલી '**नियजोगपवित्तिओ**'= પોતાના અથવા ગુરુ ભગવંતના (દીક્ષા આપનાર આચાર્ય ભગવંતના તે સમયના) શુભાશુભ મન-વચન કાયાના વ્યાપાર ઉપરથી દીક્ષાર્થીની શુભાશુભગતિનું જ્ઞાન થાય છે. '**केइ त्ति**'=

કેટલાક આચાર્ય ભગવંતો કહે છે. '**दीवादिजलणभेया**'= દીપક આદિ- 'આદિ શબ્દથી આહુતિ - અગ્નિ વગેરેનું ગ્રહણ થાય છે. તે દીપક આદિ અધિક પ્રકાશે તો શુભગતિ અને ઝાંખી પડી જાય તો અશુભગતિનું સૂચન થાય છે એમ કેટલાક આચાર્ય ભગવંતો કહે છે.' '**तहुत्तरसुजोगओ चेव**'= સહજનિમિત્ત સ્વરૂપ એવા દીક્ષા પછીના વિવિધ પ્રકારના શુભ વ્યાપાર ઉપરથી શુભાશુભનું જ્ઞાન થાય છે. ॥ ૭૬ ॥ ૨/૨૬

बाहिं तु पुप्फपाए, वियडणचउसरणगमणमाईणि ।

काराविज्जइ एसो, वारतिगमुवरि पडिसेहो ॥ ७७ ॥ २ /२७

छाया :- बहिस्तु पुष्पपाते विकटन-चतुःशरण-गमनादीनि ।

कारापयति एषो वारत्रिकमुपरि प्रतिषेधः ॥ २७ ॥

गाथार्थ :- પુષ્પ જો સમવસરણની બહાર પડે તો આલોચના, ચતુઃશરણ ગમન આદિ વિધિ કરાવવી, આ વિધિ ત્રણ વખત કરાવ્યા પછી નિષેધ કરવો.

टीकार्थ :- '**बाहिं तु**'= સમવસરણમાં સ્થાપેલા જિનબિંબની બહાર અથવા તો સમવસરણમાં ઉત્તમ-મધ્યમ સ્થાનથી બહાર '**पुप्फपाए**'= તે દીક્ષાર્થીએ નાંખેલા પુષ્પ પડે તો '**वियडण**'= આલોચન કરવું અર્થાત્ આચાર્ય ભગવંતે પોતાના અભિપ્રાયનું નિવેદન કરવું (અ. ટી. માં- શંકા આદિ દોષોની આલોચના કરવી.) તથા અરિહંતનું, સિદ્ધનું, સાધુનું અને કેવલીપ્રરૂપિત ધર્મનું એમ ચાર શરણા સ્વીકારવા 'આદિ' શબ્દથી દુષ્કૃતની ગર્હા કરાવવી વગેરેનું ગ્રહણ કરવું. આ '**चउसरणगमणमाईणि**'= ચતુઃશરણગમન આદિ જૈનાગમમાં [ચતુઃશરણ ગમણાદિ= ચાર શરણ નો સ્વીકાર, દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના-ચતુઃશરણ પયન્ના આગમમાં આ વિષય વર્ણવ્યો છે.] પ્રસિદ્ધ છે. '**एसो**'= દીક્ષાર્થી જીવને આ વિધિ '**वारतिगं**'= ત્રણ વખત '**काराविज्जइ**'= કરાવાય છે. '**उवरि**'= તે પછી '**पडिसेहो**'= તેને દીક્ષા આપવાનો નિષેધ કરવામાં આવે છે. પરંતુ ચોથી વખત ચતુઃશરણગમનાદિ કરાવવામાં આવતા નથી. ॥ ૭૭ ॥ ૨/૨૭

परिसुद्धस्स उ तह पुप्फपायजोगेण दंसणं पच्छा ।

ठिइसाहणमुववूहण, हरिसाइपलोयणं चेव ॥ ७८ ॥ २/२८

छाया :- परिशुद्धस्य तु तथा पुष्पपातयोगेन दर्शनं पश्चात् ।

स्थितिसाधनमुपबृंहणं हर्षादिप्रलोकनं चैव ॥ २८ ॥

गाथार्थ :- સમવસરણમાં પુષ્પો પડવાથી દીક્ષા માટે જેની યોગ્યતા સિદ્ધ થાય છે. તે જીવને પછી ભગવાનના દર્શન કરાવવા-પછી સ્થિતિસાધન કરવું. તેની પ્રશંસા કરવી, હર્ષ આદિનું નિરીક્ષણ કરવું.

टीकार्थ :- '**परिसुद्धस्स**'= તેવા પ્રકારની નિમિત્તની શુદ્ધિવાળાને '**उ**'= પુનઃ '**तह**'= તથા '**पुप्फपायजोगेण**'=અનુકૂળ પુષ્પપતનની પ્રવૃત્તિથી અર્થાત્ સમવસરણની અંદર પુષ્પ પડવાથી '**पच्छा**'= પછીથી '**दंसणं**'= આંખ ઉપરના પાટો કાઢી નાંખવાથી તેને ભગવાનનું દર્શન થાય છે. 'તેને થાય છે' એ અધ્યાહાર છે. (અ.ટી. માં તેને સમ્યગ્દર્શનનું આરોપણ કરવામાં આવે છે. ત્યાં 'દર્શન' શબ્દનો અર્થ 'સમ્યગ્દર્શન' કરવામાં આવ્યો છે. આ દીક્ષા એ સમ્યગ્દર્શનના આરોપણની દીક્ષા છે.)

'**ઠિइसाहणं**'= સમ્યક્ત્વના આરોપણ કર્યા પૂર્વે આવી મર્યાદા છે કે "આંખે પાટો બંધાવીને તેની પાસે પુષ્પપાત કરાવવો વગેરે, માટે તારે બીજી કોઈ શંકા કરવી નહિ". આમ તેને મર્યાદાનું કથન કરવું. '**उववूहण**'= 'તું ધન્ય છે, ધર્મનો અધિકારી છે, તારા ક્લેશ હવે ક્ષીણપ્રાયઃ થઈ ગયા છે વગેરે, આમ તેની પ્રશંસા કરવી. '**हरिसाइपलोयणं चेव**'= ગુરુએ તે દીક્ષાર્થીને દીક્ષા પ્રાપ્ત થવાથી થતાં હર્ષ, અત્યન્ત વિસ્મય આદિ ભાવોનું અવલોકન કરવું. ॥ ૭૮ ॥ ૨/૨૮

अह तिपयाहिणपुव्वं, सम्मं सुद्धेण चित्तरयणेण ।
गुरुणो निवेयणं सव्वहेव दढमप्पणो एत्थ ॥ ७९ ॥ २/२९

છાયા :- अथ त्रिपदक्षिणापूर्वं सम्यक् शुद्धेन चित्तरत्नेन ।
गुरोर्निवेदनं सर्वथैव दृढमात्मनः अत्र ॥ २९ ॥

ગાથાર્થ :- પછી શિષ્યે ગુરુને ત્રણ પ્રદક્ષિણા આપીને શુદ્ધ ચિત્તરત્નવડે સમ્યગ્ સંપૂર્ણપણે ગુરુને દઢ આત્મનિવેદન કરવું.

ટીકાર્થ :- '**अह**'= હવે પછી '**अप्पणो**'= પોતાની '**एत्थ**'= દીક્ષા થયા બાદ '**तिपयाहिणपुव्वं**'= ગુરુને ત્રણ વખત પ્રદક્ષિણા આપીને '**सम्मं सुद्धेण**'=શુદ્ધ ભાવવાળા '**चित्तरयणेण**'= મનરૂપી ચિંતામણિરત્ન વડે '**गुरुणो**'= ગુરુભગવંતને '**दढं**'= અત્યંત '**निवेयणं सव्वहेव**'= સંપૂર્ણપણે ધન-પશુની સંપત્તિ-પરિવાર આદિનું નિવેદન કરવું અર્થાત્ જરાપણ છુપાવ્યા વગર પોતાની બધી જ સંપત્તિ ગુરુભગવંતને જણાવવી, તેમને સમર્પણ કરવી. [ગુરુ તે સ્વીકારવાના નથી પણ જો તેમને સમર્પણ કર્યું હોય તો શાસનના કાર્ય માટે જરૂર પડ્યે તેનો ઉપયોગ કરી શકાય માટે તેમને નિવેદન કરવું જોઈએ.] ॥ ૭૯ ॥ ૨/૨૯

एसा खलु गुरुभत्ती, उक्कोसो एस दाणधम्मो उ ।
भावविसुद्धीए दढं, इहरा वि य बीयमेयस्स ॥ ८० ॥ २/३०

છાયા :- एसा खलु गुरुभक्तिरुत्कर्ष एषो दानधर्मस्तु ।
भावविशुद्ध्या दृढं इतरथाऽपि च बीजमेतस्य ॥ ३० ॥

ગાથાર્થ :- આત્મનિવેદન જ ગુરુભક્તિ છે. અત્યંત ભાવવિશુદ્ધિથી કરાતું આત્મનિવેદન જ ઉત્કૃષ્ટ દાનધર્મ છે. ભાવવિશુદ્ધિ વિના પણ કરાતું આત્મનિવેદન ઉત્કૃષ્ટ દાનધર્મનું અથવા ભાવવિશુદ્ધિનું બીજ બને છે.

ગાથાર્થ :- '**एस**'= સર્વથા ગુરુભગવંતને નિવેદન કરવું. '**एसा खलु**'= આ જ '**गुरुभत्ती**'= ગુરુભક્તિ છે. '**भावविसुद्धीए**'= ભાવની વિશુદ્ધિ વડે '**दढं**'= અત્યંત '**उक्कोसो**'= ઉત્કૃષ્ટ '**दाणधम्मो उ**'= દાનધર્મ છે. '**इहरा वि**'= તથા પ્રકારની ભાવશુદ્ધિ વિના પણ કરાતું ગુરુનિવેદન '**एयस्स**'= ઉત્કૃષ્ટ દાનધર્મનું અથવા ભાવવિશુદ્ધિનું '**बीयं**'= બીજ બને છે. ॥ ૮૦ ॥ ૨/૩૦

जं उत्तमचरियमिणं, सोउं पि अणुत्तमा णं पारेन्ति ।
ता एयसगासाओ, य उ पगरिसो होइ एयस्स ॥ ८१ ॥ २/३१

છાયા :- यदुत्तमचरितमिदं श्रोतुमपि अनुत्तमा न पारयन्ति ।
तद् एतत्सकाशात् तु उत्कर्षो भवति एतस्य ॥ ३१ ॥

ગાથાર્થ :- ગુરુને આત્મનિવેદન કરવારૂપ આ ઉત્તમપુરુષના આચરણને અસત્પુરુષો સાંભળી પણ શકતા નથી. આથી આ આત્મનિવેદનરૂપ દાનધર્મથી ભાવશુદ્ધિનો પ્રકર્ષ થાય છે.

ટીકાર્થ :- '**जं**'= જે કારણથી '**इणं**'= આ આત્મનિવેદન કરવું તે '**उत्तमचरियं**'= ઉત્તમપુરુષનું આચરણ '**अणुत्तमा**'= અસત્પુરુષો '**सोउं पि**'= સાંભળવાને પણ '**न पारेंति**'= તેવા પ્રકારના વીર્યના અભાવથી શક્તિમાન થતા નથી. '**ता**'= તે કારણથી '**एयसगासाओ**'= આ આત્મનિવેદનરૂપ દાનધર્મથી '**उ**'= વળી '**एयस्स**'= પ્રસ્તુત ભાવશુદ્ધિનો '**पगरिसो**'= પ્રકર્ષ '**होइ**'= થાય છે. (ભાવશુદ્ધિ રહિત કરાતું પણ આત્મનિવેદન આગળ જતાં ભાવશુદ્ધિનું કારણ બને છે માટે તેને પૂર્વગાથામાં બીજ છે એમ કહ્યું છે.) ॥ ૮૧ ॥ ૨/૩૧

દીક્ષાર્થીએ સમર્પિત કરેલા ધન આદિને સ્વીકારતા ગુરુને અધિકરણ દોષ લાગશે એ આશંકાને દૂર કરવા માટે કહે છે :-

गुरुणो वि नाहिगरणं, ममत्तरहियस्स एत्थ वत्थुंमि ।
तब्भावसुद्धिहेउं, आणाए पयट्टमाणस्स ॥ ८२ ॥ २/३२

છાયા :- गुरोरपि नाधिकरणं ममत्वरहितस्य अत्र वस्तुनि ।
तद्भावशुद्धिहेतुम् आज्ञया प्रवर्तमानस्य ॥ ३२ ॥

ગાથાર્થ :- દીક્ષિતની ભાવશુદ્ધિને માટે જિનેશ્વરદેવની આજ્ઞાથી પ્રવૃત્તિ કરતાં મમત્વરહિત ગુરુભગવંતને આ આત્મનિવેદન સ્વીકારવામાં અધિકરણ દોષ લાગતો નથી.

ટીકાર્થ :- '**तब्भावसुद्धिहेउं**'= દીક્ષિતના ભાવની શુદ્ધિને માટે '**ममत्तरहियस्स**'= લોભ અને અહંકાર વગરના '**आणाए**'= આગમને અનુસારે '**पयट्टमाणस्स**'= પ્રવૃત્તિ કરનાર '**गुरुणोऽवि**'= ગુરુ ભગવંતને પણ '**एत्थ वत्थुंमि**'= આ દીક્ષિતે આત્મનિવેદન કરેલ તેના ધન-પરિવાર આદિ વસ્તુમાં, પરંતુ અહીં વસ્તુનો અર્થ દાન પરિગ્રહ એવો ન કરવો '**णाहिगरणं**'= આરંભની પ્રવૃત્તિરૂપ અધિકરણ દોષ નથી; અર્થાત્ શિષ્ય અને તેના વિત્તાદિનો સ્વીકાર ગુરુને પરિગ્રહ કે અધિકરણરૂપ બનતો નથી. ॥ ૮૨ ॥ ૨/૩૨

नाऊण य तब्भावं, जह होइ इमस्स धम्मवुड्ढि त्ति ।
दाणादुवदेसाओ, अणेण तह एत्थ जइयव्वं ॥ ८३ ॥ २/३३

છાયા :- ज्ञात्वा च तद्भावं यथा भवति अस्य भाववृद्धिरिति ।
दानाद्युपदेशादनेन तथा अत्र यतितव्यम् ॥ ३३ ॥

ગાથાર્થ :- દીક્ષા આપ્યા પછી દીક્ષિતના પરિણામને જાણીને જે રીતે તેનામાં ધર્મની ભાવના વધે એ રીતે આચાર્યે દાન આદિના ઉપદેશ વગેરેમાં પ્રયત્ન કરવો.

ટીકાર્થ :- '**तब्भावं**'= દીક્ષિતના ઉદાર આશયરૂપ ભાવને અથવા દાન, તપ આદિ વિષયક તેના ભાવને અર્થાત્ તેને દાન આદિ શેમાં વધારે પ્રીતિ (રસ) છે તે ભાવને '**णाऊण**'= જાણીને '**जह**'= ચૈત્યની પૂજા, સાધુની પૂજા આદિ જે રીતે '**इमस्स**'= દીક્ષિતને '**दाणादुवदेसाओ**'= દાનાદિ વિષયમાં, 'આદિ' શબ્દથી શીલ-તપ-ભાવનાનું ગ્રહણ થાય છે. અર્થાત્ દાનાદિના વિષયમાં ઉપદેશ આપવા દ્વારા '**धम्मवुड्ढि**'= ધર્મની સમૃદ્ધિ '**होइ**'= થાય. '**तह**'= તે પ્રમાણે '**एत्थ**'= અહીં '**अणेण**'= ગુરુએ '**जइयव्वं**'= પ્રયત્ન કરવો. ॥ ૮૩ ॥ ૨/૩૩

હવે દીક્ષાને આશ્રયીને ગુરુ અને શિષ્ય બંનેના પણ ભાવ અને પ્રયત્નનું સમાનપણું બતાવે છે :-

नाणाइगुणजुओ खलु, निरभिस्संगो पयत्थरसिगो य ।
इय जयइ न पुण अण्णो, गुरु वि एयारिसो चेव ॥ ८४ ॥ २/३४

छाया :- ज्ञानादिगुणयुतः खलु निरभिष्वङ्गः पदार्थरसिकश्च ।
इति जयति न पुनोऽन्यो गुरुरपि एतादृशश्चैव ॥ ३४ ॥

गाथार्थ :- જે જીવ જ્ઞાનાદિગુણથી યુક્ત હોય નિઃસ્પૃહ હોય અને પદાર્થરસિક હોય તે જ જીવ આ રીતે પ્રયત્ન કરે, અન્ય નહિ, ગુરુ પણ એવા જ હોય.

ટીકાર્થ :- '**णाणाइगुणजुओ**'= સમ્યગ્જ્ઞાનાદિસંપન્ન '**णिरभिस्संगो**'= બાહ્યદ્રવ્યથી નિઃસ્પૃહ '**पयत्थरसिगो य**'= આગમમાં કહેલા પદાર્થોમાં પ્રીતિયુક્ત હોય તે જ '**खलु**'= નિશ્ચે '**इय**'= આ પ્રમાણે '**जयइ**'= પ્રયત્ન કરે છે પરંતુ '**न पुण अण्णो**'= અનધિકારી હોવાથી બીજો નહિ. '**गुरु वि**'= ગુરુ પણ '**एयारिसो चेव**'= આવા ગુણયુક્ત જ હોય છે. અને તે અનુકૂળપણાથી જ દીક્ષિતને પરિતોષ આપવામાં સમર્થ હોય છે. ॥ ૮૪ ॥ ૨/૩૪

હવે દીક્ષાની પ્રાપ્તિ વડે જીવ પ્રશંસનીય બને છે તે કહે છે :-

धण्णाणमेयजोगो, धण्णा चेट्ठंति एयणीईए ।
धण्णा बहुमण्णंते, धण्णा जे न प्पदूसन्ति ॥ ८५ ॥ २/३५

छाया :- धन्यानामेतद्योगो धन्याः चेष्टन्त एतन्नीत्या ।
धन्या बहुमन्यन्ते धन्या ये न प्रदूष्यन्ति ॥ ३५ ॥

गाथार्थ :- ધન્યજીવોને આની પ્રાપ્તિ થાય છે, ધન્ય જીવો આ નીતિથી પ્રવર્તે છે, ધન્યજીવો આમાં બહુમાન રાખે છે, જે જીવો દીક્ષા ઉપર દ્વેષ કરતા નથી તે પણ ધન્ય છે.

ટીકાર્થ :- '**धण्णाणं**'= ધન્ય જીવોને '**एयजोगो**'= દીક્ષાની પ્રાપ્તિ અથવા ગુરુનો યોગ થાય છે. '**एयनीईए**'= પૂર્વ કહેલી નીતિથી '**चेट्ठंति**'= પ્રવૃત્તિ કરે છે. તેમજ '**बहुमण्णंते**'= એમાં બહુમાન કરે છે. તેમજ '**जे**'= જેઓ '**न प्पदूसन्ति**'= આમાં ચિત્તનો વિકાર પામતા નથી. અર્થાત્ દ્વેષ કરતા નથી તેઓ ધન્ય છે. આમાં '**अस्याम्**' શબ્દ અધ્યાહાર સમજવાનો છે. ॥ ૮૫ ॥ ૨/૩૫

દીક્ષા પછીની વિધિ કહે છે :-

दाणमह जहासत्ती, सद्धासंवेगकमजुयं नियमा ।
विहवाणुसारओ तह, जणोवयारो य उचिओ त्ति ॥ ८६ ॥ २/३६

छाया :- दानमथ यथाशक्ति श्रद्धासंवेगक्रमयुतं नियमात् ।
विभवानुसारतः तथा जनोपचारश्च उचित इति ॥ ३६ ॥

गाथार्थ :- દીક્ષા થયા પછી દીક્ષિતે પોતાની શક્તિ પ્રમાણે શ્રદ્ધા અને સંવેગથી ક્રમપૂર્વકનું દાન અવશ્ય કરવું જોઈએ. તથા વૈભવના અનુસારે ઉચિત લોકોપચાર કરવો જોઈએ.

ટીકાર્થ :- '**अह**'= હવે '**जहासत्ती**'= શક્તિના અનુસારે અર્થાત્ પોતાના ભાવ અને ધનને અનુરૂપ '**सद्धा**'= ધર્માનુરાગ '**संवेग**'= મોક્ષાભિલાષ '**कमजुयं**'= દાનમાં આપવાની વસ્તુના ક્રમ પ્રમાણે '**दाणं**'= દાન '**नियमा**'= અવશ્ય કરવું જોઈએ. અર્થાત્ સાધુભગવંતને પ્રથમ ઉત્તમ વસ્તુ વહોરાવે પછી ક્રમસર મધ્યમ વસ્તુ વહોરાવે એમ લોકમાં રૂઢ ક્રમને સાચવે. અથવા પ્રથમ આચાર્ય ભગવંતને પછી ઉપાધ્યાય

ભગવંતને એમ મોટાના ક્રમથી વહોરાવે. આમ દાન આપતી વખતે બંને રીતે ક્રમને સાચવે, '**तह**'= તથા '**विभवाणुसारओ**'= પોતાના વૈભવની અપેક્ષાએ '**जणोवयारो य**'= સ્વજનાદિ લોકની પૂજા કરવી. '**उचिओ त्ति**'= સ્વજનાદિની યોગ્યતા વિવિધ રીતે હોય છે. આથી જે વિશેષ પૂજ્ય હોય તેમની વિશેષ પૂજા કરવી. બધાની એકસરખી પૂજા ન હોય. ॥ ૮૬ ॥ ૨/૩૬

દીક્ષાનું જ લિંગ કહે છે :-

अहिगयगुणसाहम्मियपीईबोहगुरुभत्तिवुड्ढी य ।
लिंगं अव्वभिचारी, पइदियहं सम्मदिक्खाए ॥ ८७ ॥ २/३७

છાયા :- अधिगत-गुण-साधर्मिक-प्रीतिबोधगुरुभक्तिवृद्धिश्च ।
लिङ्गमव्यभिचारी प्रतिदिवसं सम्यग् दीक्षया ॥ ३७ ॥

ગાથાર્થ :- દરરોજ અધિકૃતગુણોમાં, સાધર્મિક પ્રીતિમાં, બોધમાં અને ગુરુભક્તિમાં વૃદ્ધિ થતી જાય એ સમ્યગ્-દીક્ષાનું નિર્દોષ લિંગ છે.

ટીકાર્થ :- '**अहिगयगुण**'= સમ્યક્ત્વની દીક્ષા સમયે પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વાદિ તથા તેના સહચરિત ગુણોમાં '**साहम्मियपीई**'= સાધર્મિક બંધુઓ પરની પ્રીતિમાં '**बोह**'= તત્ત્વના બોધમાં '**गुरुभत्ति**'= ગુરુભગવંતની ભક્તિમાં '**पइदियहं**'= પ્રતિદિન '**वुड्ढी य**'= વૃદ્ધિ થાય તે '**सम्मदिक्खाए**'= શોભન દીક્ષાનું '**अव्यभिचारी**'= અવિસંવાદી '**लिंग**'= ચિહ્ન છે. ॥ ૮૭ ॥ ૨/૩૭

અધિકૃતગુણમાં વૃદ્ધિ કેવી રીતે થાય છે ? તે કહે છે :-

परिशुद्धभावओ तह, कम्मखओवसमजोगओ होइ ।
अहिगयगुणवुड्ढी खलु, कारणओ कज्जभावेणं ॥ ८८ ॥ २/३८

છાયા :- परिसुद्धभावतः तथा कर्मक्षयोपशमयोगतो भवति ।
अधिगतगुणवृद्धिः खलु कारणतः कार्यभावेन ॥ ३८ ॥

ગાથાર્થ :- પરિશુદ્ધભાવથી અને કર્મના ક્ષયોપશમથી સમ્યગ્ દર્શનાદિ ગુણોની વૃદ્ધિ અવશ્ય થાય છે. કેમકે કારણથી કાર્ય થાય છે.

ટીકાર્થ :- '**परिसुद्धभावओ**'= જીવવીર્યથી પ્રાપ્ત થયેલા વિશુદ્ધ અધ્યવસાયથી, '**तह**'= તથા '**कम्मखओवसम-जोगओ**'= અધિકૃત ગુણના આવરણભૂત કર્મના તથા શુદ્ધભાવના સહકારી અને ભાવની સ્થિરતામાં કારણભૂત એવા કર્મના ક્ષયોપશમથી '**अहिगयगुणवुड्ढी**'= અધિકૃત ગુણની વૃદ્ધિ '**खलु**'= નિશ્ચે '**होइ**'= થાય છે. કયા ન્યાયથી થાય ? તે કહે છે. '**कारणओ**'= કારણથી '**कज्जभावेणं**'= કાર્ય થાય છે એ ન્યાયથી ગુણવૃદ્ધિનું કારણ જીવવીર્ય અને કર્મનો ક્ષયોપશમ છે. હંમેશા કારણ એ પોતાનું ફલ આપવામાં વિસંવાદી બનતું નથી. તે ફળ આપે જ છે. માટે તેનાથી ગુણવૃદ્ધિ થાય છે એમ સિદ્ધ થાય છે. ॥ ૮૮ ॥ ૨/૩૮

સાધર્મિકપ્રીતિની વૃદ્ધિ કેવી રીતે થાય છે ? તે કહે છે :-

धम्मम्मि य बहुमाणा, पहाणभावेण तयणुरागाओ ।
साहम्मियपीतीए, उ हंदि वुड्ढी धुवा होइ ॥ ८९ ॥ २/३९

છાયા :- धर्मे च बहुमानात् प्रधानभावेन तदनुरागात् ।
साधर्मिकप्रीतेः तु हन्दि वृद्धिः ध्रुवा भवति ॥ ३९ ॥

ગાથાર્થ :- દીક્ષિતને ધર્મમાં બહુમાન હોવાથી, ધર્મને જ તે પ્રાધાન્ય આપતો હોવાથી (ધર્મપ્રધાનજીવનવાળા) સાધર્મિકજનમાં તેને અનુરાગ થાય છે આથી તેને નિયમા સાધર્મિકપ્રીતિમાં વૃદ્ધિ થાય છે એમ જાણો.

ટીકાર્થ :- '**धम्मम्मि**'= ધર્મના વિષયમાં '**बहुमाणा**'= બહુમાન હોવાથી '**पहाणभावेण**'= ધર્મના જ પ્રાધાન્યપણાથી અર્થાત્ ધર્મને જ તે પ્રાધાન્ય આપતો હોવાથી '**तदणुरागाओ**'= સાધર્મિકસંબંધી અનુરાગથી અથવા ધર્મસંબંધી અનુરાગથી '**साहम्मियपीतीए**'= વિશિષ્ટ ફળને આપનારી સાધર્મિકપ્રીતિની '**वुड्ढी**'= વૃદ્ધિ '**धुवा**'= નિયમા '**होइ**'= થાય છે. '**हंदि**'= આ પ્રમાણે નક્કી જાણ. ॥ ૮૯ ॥ ૨/૩૯

બોધની વૃદ્ધિ કેવી રીતે થાય છે ? તે કહે છે :-

विहियाणुट्ठाणाओ, पाएणं सव्वकम्मखओवसमो ।
नाणावरणावगमा, नियमेणं बोहवुड्ढी त्ति ॥ ९० ॥ २/४०

છાયા :- विहितानुष्ठानात् प्रायेण सर्वकर्मक्षयोपशमात् ।
ज्ञानावरणापगमात् नियमेन बोधवृद्धिरिति ॥ ४० ॥

ગાથાર્થ :- શાસ્ત્રવિહિત સદનુષ્ઠાન કરવાથી પ્રાયઃ સર્વ કર્મનો ક્ષયોપશમ થાય છે. તેનાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી નિયમા તેને બોધની વૃદ્ધિ થાય છે.

ટીકાર્થ :- '**विहियाणुट्ठाणाओ**'= શાસ્ત્રવિહિત સદનુષ્ઠાન કરવાથી '**पाएणं**'= પ્રાયઃ બહુલતાથી '**सव्वकम्मखओवसमो**'= જે કારણથી મોહનીયકર્મ, અંતરાયકર્મ અને જ્ઞાનાવરણીય કર્મ આદિ કર્મનો ક્ષયોપશમ થાય છે. તેથી '**नाणावरणावगमा**'= જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થવાથી '**णियमेणं**'= નિશ્ચિત '**बोहवुड्ढी त्ति**'= જ્ઞાનની વૃદ્ધિ થાય છે. ॥ ૯૦ ॥ ૨/૪૦.

ગુરુભક્તિની વૃદ્ધિ કેવી રીતે થાય છે ? તે કહે છે :-

कल्लाणसंपयाए, इमीए हेऊ जओ गुरू परमो ।
इय बोहभावओ, च्चिय जायइ गुरुभत्तिवुड्ढी वि ॥ ९१ ॥ २/४१

છાયા :- कल्याणसम्पदोऽस्या हेतुर्यतो गुरुः परमः ।
इति बोधभावत एव जायते गुरुभक्तिवृद्धिरपि ॥ ४१ ॥

ગાથાર્થ :- આ કલ્યાણસંપત્તિનું મુખ્ય કારણ ગુરુ છે આવો બોધ થવાથી જ ગુરુભક્તિની પણ વૃદ્ધિ થાય છે.

ટીકાર્થ :- '**जओ**'= જે કારણથી '**इमीए**'= આ '**कल्लाणसंपयाए**'= (આલોક અને પરલોક સંબંધી) કલ્યાણની પ્રાપ્તિનું '**गुरु**'= ગુરુભગવંત '**परमो**'= મુખ્ય '**हेऊ**'= કારણ છે. '**इय**'= એ પ્રમાણે '**बोहभावओ**'= બોધ થવાથી '**गुरुभत्तिवुड्ढी वि**'= ગુરુની સેવાભક્તિની સમૃદ્ધિ પણ '**जायइ**'= થાય છે. '**च्चिय**'= જ. ॥ ૯૧ ॥ ૨/૪૧

इय कल्लाणी एसो, कमेण दिक्खागुणे महासत्तो ।
सम्मं समायरन्तो, पावइ तह परमदिक्खं पि ॥ ९२ ॥ २/४२

છાયા :- इति कल्याणी एष क्रमेण दीक्षागुणान् महासत्त्वः ।
सम्यक् समाचरन् प्राप्नोति तथा परमदीक्षामपि ॥ ४२ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે મહાસત્ત્વશાળી પુણ્યવંત દીક્ષાર્થી જીવ સમ્યગ્ ભાવપૂર્વક દીક્ષાગુણોને સારી રીતે આચરતો ક્રમે કરીને સર્વવિરતિદીક્ષાને પણ પામે છે.

ટીકાર્થ :- '**इय**'= આ પ્રમાણે '**एसो**'= આ '**कल्लाणी**'= પુણ્યવાન '**महासत्तो**'= મહાસત્ત્વશાળી દીક્ષાર્થી જીવ '**कमेण**'= ક્રમે કરીને '**दिक्खागुणे**'= દીક્ષાગુણોને '**सम्मं**'= ભાવપૂર્વક સમ્યક્ '**समायरंतो**'= આચરતો '**तह**'= તથા '**परमदिक्खं पि**'= સર્વવિરતિદીક્ષાને પણ '**पावइ**'= પ્રાપ્ત કરે છે. ॥ ૯૨ ॥ ૨/૪૨

હવે દીક્ષાનું પરંપર ફળ કહે છે :-

गरहियमिच्छायारो, भावेणं जीवमुत्तिमणुहविउं।
नीसेसकम्ममुक्को, उवेइ तह परममुत्तिं पि ॥ ९३ ॥ २/४३

છાયા :- गर्हितमिथ्याचारः भावेन जीवमुक्तिमनुभूय ।
निःशेषकर्ममुक्तः उपैति तथा परममुक्तिमपि ॥ ४३ ॥

ગાથાર્થ :- ભાવપૂર્વક મિથ્યા-આચારનો જેણે ત્યાગ કર્યો છે એવો આ દીક્ષાર્થી જીવ જીવન્મુક્તિને અનુભવતો સઘળા કર્મથી મુક્ત બનેલો તે પ્રકારે સિદ્ધિપદને પણ પ્રાપ્ત કરે છે.

ટીકાર્થ :- મિથ્યાચારનું લક્ષણ આ પ્રમાણે છેઃ-

"જે મૂઢ આત્મા બાહ્યદૃષ્ટિએ ઇંદ્રિયોને તેના વિષયોથી સંયમિત કરીને પછી મનથી તે ઇંદ્રિયોના વિષયોનું સ્મરણ-ઇચ્છા કરતો રહે છે તે જીવ મિથ્યાચારવાળો કહેવાય છે. ॥ ૧ ॥ **[भगवद् गीता अ. ૩. श्लो. ६.]**" તેવા '**गरहियमिच्छायारो**'= મિથ્યા આચારનો ત્યાગ કરનાર, '**भावेणं**'= અંતઃકરણથી '**जीवमुत्तिं**'= નિઃસંગતાથી જીવતા જ અર્થાત્ આ શરીરમાં રહેલો જ મુક્તિને '**अणुहविउं**'= અનુભવીને '**तह**'= તથા '**नीसेसकम्ममुक्को**'= સકલ કર્મથી મુક્ત થયેલો '**परममुत्तिं पि**'= સિદ્ધિપદસ્વરૂપ પરમમુક્તિને '**उवेइ**'= પામે છે ॥ ૯૩ ॥ ૨/૪૩॥

દીક્ષાનું ફળવિધાન કહે છે :-

दिक्खाविहाणमेयं, भाविज्जंतं तु तंतनीईए।
सइअपुणबंधगाणं, कुग्गहविरहं लहुं कुणइ ॥ ९४ ॥ २ /४४

છાયા :- दीक्षाविधानमेतद् भाव्यमानन्तु तन्त्रनीत्या ।
सकृदपुनर्बन्धकानां कुग्रहविरहं लघु करोति ॥ ४४ ॥

ગાથાર્થ :- આ જિનદીક્ષાવિધિ આગમ અનુસારે વિચારાતી સકૃદ્બંધક અને અપુનર્બંધકના કદાગ્રહનો ત્યાગ જલ્દી કરે છે. અથવા સકૃદ્બંધક અને અપુનર્બંધક જીવ વડે આગમ અનુસારે વિચારાતું આ જિનદીક્ષાવિધાન તેમના કદાગ્રહનો ત્યાગ જલ્દી કરે છે.

ટીકાર્થ :- '**दिक्खाविहाणं**'= પૂર્વ કહેલી દીક્ષાવિધિ '**एयं**'= આ '**भाविज्जंतं**'= વિચાર કરાતી અથવા અભ્યાસ કરાતી '**तंतनीईए**'= આગમના અનુસારે '**सइअपुणबंधगाणं**'= આગમમાં પ્રસિદ્ધ સકૃદ્બંધક અને અપુનર્બંધકના અથવા સકૃદ્બંધક અને અપુનર્બંધક વડે વિચારાતી તેમના '**कुग्गहविरहं**'= કુત્સિત અભિનિવેશનો-અસદ્ અભિનિવેશનો ત્યાગ '**लहुं**'= શીઘ્ર '**कुणइ**'= કરે છે. ॥ ૯૪ ॥ ૨ /૪૪

॥ બીજું દીક્ષાવિધાનપંચાશક પૂર્ણ થયું. ॥

• • •

॥ तृतीयं चैत्यवन्दनविधि-पञ्चाशकम् ॥

પ્રસ્તુત જિનદીક્ષા પછી તરત જ ચૈત્યવંદન કરવાનું હોય છે આથી તેનું નિરૂપણ કરવા માટે આ પંચાશક કહે છે :-

नमिऊण वद्धमाणं, सम्मं वोच्छामि वंदणविहाणं ।
उक्कोसाइतिभेयं, मुद्दाविण्णासपरिसुद्धं ॥ ९५ ॥ ३/१

છાયા :- नत्वा वर्धमानं सम्यग् वक्ष्यामि वन्दनविधानम् ।
उत्कृष्टादित्रिभेदं मुद्राविन्यासपरिशुद्धम् ॥ १ ॥

ગાથાર્થ :- શ્રી **વર્ધમાનસ્વામીને** નમસ્કાર કરીને મુદ્રાની રચનાથી પરિશુદ્ધ ઉત્કૃષ્ટ આદિ ત્રણ ભેદવાળું **ચૈત્યવંદનવિધાન** સમ્યગ્ આગમના અનુસારે કહીશ.

ટીકાર્થ :- આનું પણ પ્રયોજનાદિ સર્વ પૂર્વની માફક કહેવું. '**वद्धमाणं**'= માતાપિતાએ જેમનું નામ **વર્ધમાન** પાડ્યું છે તે **વર્ધમાનસ્વામીને**, **શ્રી કલ્પસૂત્ર- સૂત્ર-૧૦૮** માં કહ્યું છે કે **'મહાવીરસ્વામીનું** માતાપિતાએ પાડેલું નામ **વર્ધમાન** હતું.' '**नमिऊण**'= નમસ્કાર કરીને '**वंदणविहाणं**'= ચૈત્યવંદનની વિધિ '**सम्मं**'= આગમના અનુસારે '**वोच्छामि**'= કહીશ. '**उक्कोसाइतिभेयं**'= પાઠ અને ક્રિયાના ઓછા વધારેપણાને આશ્રયીને ઉત્કૃષ્ટ-મધ્યમ અને જઘન્ય એમ હવે પછી કહેવામાં આવશે તે ત્રણ ભેદવાળું-પણ આમાં ભાવને આશ્રયીને ઉત્કૃષ્ટ-મધ્યમાદિ ભેદ પાડ્યા નથી. કારણકે સ્વલ્પ પણ નાનું પણ ચૈત્યવંદન ભાવને આશ્રયીને ઉત્કૃષ્ટ હોઈ શકે છે. '**मुद्दाविण्णासपरिसुद्धं**'= આગળ વર્ણવવામાં આવનારી ત્રણ મુદ્રા વડે પરિશુદ્ધ એવી ચૈત્યવંદન વિધિ કહીશ. ॥ ૯૫ ॥ ૩/૧

તે જ ત્રણ ભેદોને કહે છે :-

नवकारेण जहन्ना, दंडगथुइजुयल मज्झिमा णेया ।
संपुण्णा उक्कोसा, विहिणा खलु वंदणा तिविहा ॥ ९६ ॥ ३/२

છાયા :- नवकारेण जघन्या दण्डकस्तुतियुगलं मध्यमा ज्ञेया ।
सम्पूर्णा उत्कृष्टविधिना खलु वन्दना त्रिविधा ॥ २ ॥

ગાથાર્થ :- નમસ્કારથી જઘન્યવંદના, દંડક અને સ્તુતિરૂપ યુગલથી મધ્યમવંદના, સંપૂર્ણવંદના ઉત્કૃષ્ટવંદના જાણવી. આમ વિધિપૂર્વક કરાતી વંદના ત્રણ પ્રકારની જાણવી.

ટીકાર્થ :- '**नवकारेण**'= એક સ્તુતિ બોલવાપૂર્વક નમસ્કાર કરવો એ '**जहन्ना**'= સ્વલ્પ-જઘન્ય વંદના '**दंडगथुइजुयल**'= એક પ્રણિપાતદંડક - શક્રસ્તવ અને એક સ્તુતિ એ બે મળીને મધ્યમવંદના થાય. અથવા પાંચ દંડક અને સ્તુતિયુગલ એટલે શાસ્ત્રની પરિભાષા પ્રમાણે ચાર સ્તુતિ વડે મધ્યમ વંદના (૧) **શક્રસ્તવ**= નમોત્થુણં સૂત્ર, (૨) **નામસ્તવ**= લોગસ્સ સૂત્ર, (૩) **ચૈત્યસ્તવ**= અરિહંત ચેઈયાણં સૂત્ર, (૪) **શ્રુતસ્તવ**= પુક્ખરવરદીવઢ્ઢે સૂત્ર અને (૫) **સિદ્ધસ્તવ**= સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર, આ પાંચ દંડક વડે થોયનો એક જોડો એટલે ચાર **સ્તુતિ**= આ મધ્યમ વંદના કહેવાય.) '**मज्झिमा**'= મધ્યમ વંદના '**णेया**'=જાણવી. '**संपुण्णा**'= છેલ્લે જેમાં જયવીયરાય સૂત્ર બોલવામાં આવે છે તે (અત્યારે જેમાં બે થોયના જોડા બોલવામાં આવે છે.) અર્થાત્ આઠ સ્તુતિવાળી '**उक्कोसा**'= ઉત્કૃષ્ટ વંદના હોય છે. '**विहिणा**'= વિધિપૂર્વક '**खलु**'= નિશ્ચે '**वंदणा**'= વંદના '**तिविहा**'= આ રીતે ત્રણ પ્રકારની જ છે. ॥ ૯૬ ॥ ૩/૨

બીજા પ્રકારને આશ્રયીને કહે છે :-

अहवा वि भावभेया, ओहेण अपुणबंधगाईणं ।
सव्वा वि तिहा णेया, सेसाणमिमी न जं समए ॥ ९७ ॥ ३/३

छाया :- अथवाऽपि भावभेदाद् ओघेन अपुनर्बन्धकादीनाम् ।
सर्वाऽपि त्रिधा ज्ञेया शेषाणामियं न यत् समये ॥ ३ ॥

ગાથાર્થ :- અથવા ભાવના ભેદથી સામાન્યપણે અપુનર્બંધક આદિ જીવોને ત્રણે પ્રકારની બધી જ વંદના જાણવી. એ સિવાયના બીજા જીવોને આ વંદના નથી કારણ કે શાસ્ત્રમાં કહી નથી.

ટીકાર્થ :- '**अहवा वि**'= અથવા '**भावभेया**'= વંદનાના અધિકારી જીવોના (ગુણસ્થાનક વિશેષથી પ્રાપ્ત થયેલા અથવા પ્રમોદમાત્રરૂપ) અધ્યવસાય વિશેષથી '**ओहेण**'= સામાન્યથી (પાઠ, ક્રિયા આદિની અલ્પતા આદિની વિવક્ષા વગર) '**अपुणबंधगाईणं**'= અપુનર્બંધક આદિનું, 'આદિ' શબ્દથી સમ્યગ્દૃષ્ટિ, દેશચારિત્રી અને સર્વચારિત્રીનું ગ્રહણ થાય છે. '**सव्वा वि**'= જઘન્ય આદિ બધી પણ '**तिहा**'= ત્રણે ય પ્રકારની વંદના '**णेया**'= જાણવી. '**सेसाणं**'= અપુનર્બંધકથી પૂર્વ અવસ્થામાં રહેલા સકૃદ્બંધક-માર્ગપતિત-માર્ગાભિમુખ આદિ બિનઅધિકારી જીવોમાં યોગ્યતા ન હોવાથી '**इमी**'= આ ચૈત્યવંદના '**न**'= હોતી જ નથી. '**जं**'= કારણ કે '**समए**'= સિદ્ધાંતમાં '**प्रतिपादिता**' આ શબ્દ અધ્યાહાર છે. અર્થાત્ શાસ્ત્રમાં કહી નથી. ॥ ९७ ॥ ३/३

હવે અપુનર્બંધકનું લક્ષણ કહે છે :-

पावं ण तिव्वभावा कुणइ न बहु मन्नए भवं घोरं ।
उचियट्ठिइं च सेवइ, सव्वत्थ वि अपुणबंधो त्ति ॥ ९८ ॥ ३/४

छाया :- पापं न तीव्रभावात् करोति न बहुमन्यते भवं घोरम् ।
उचितस्थितिं च सेवते सर्वत्रापि अपुनर्बन्ध इति ॥ ४ ॥

ગાથાર્થ :- અપુનર્બન્ધક જીવ તીવ્ર ભાવથી પાપ કરતો નથી. ભયંકર સંસાર ઉપર બહુમાન રાખતો નથી. અને સર્વત્ર ઉચિતસ્થિતિને સેવે છે.

ટીકાર્થ :- '**पावं**'= હિંસા આદિને '**तिव्वभावा**'= ગાઢ સંક્લિષ્ટ અધ્યવસાયથી '**न कुणइ**'= કરતો નથી, તેવા પ્રકારના કર્મના દોષથી સામાન્યથી મંદ પરિણામથી પાપ કરે છે. '**भवं घोरं**'= ભયંકર સંસાર ઉપર '**न बहु मन्नए**'= બહુમાન રાખતો નથી. સંસારમાં પરિભ્રમણના કારણોથી તેનું ચિત્ત વિરામ પામ્યું હોવાથી તે તીર્થંકર આદિ ઉત્તમપુરુષોની આશાતનાનો ત્યાગ કરે છે. '**सव्वत्थ वि**'= પોતાનાથી હીનકક્ષામાં રહેલા જીવોને વિશે 'આદિ' શબ્દથી સમાનકક્ષાવાળા તથા ઉચ્ચકક્ષામાં રહેલા જીવો સમજવા. તેમને વિશે '**उचियट्ठिइं च**'= યથોચિત ઉપકાર કરવા દ્વારા ઉચિતસ્થિતિને (મર્યાદાપૂર્વકના આચારને) '**सेवइ**'= આચરે છે. '**अपुणबंधो त्ति**'= અપુનર્બંધક જીવ આ લિંગો વડે ઓળખવો. ॥ ९८ ॥ ३/४

સમ્યગ્દૃષ્ટિના લિંગો કહે છે :-

सुस्सूस धम्मराओ, गुरुदेवाणं जहासमाहीए ।
वेयावच्चे नियमो, सम्मद्दिट्ठिस्स लिंगाइं ॥ ९९ ॥ ३/५

છાયા :- **शुश्रूषा धर्मरागो गुरुदेवानां यथासमाधिः ।**
वैयावृत्ये नियमः सम्यग्दृष्टेर्लिङ्गानि ॥ ५ ॥

ગાથાર્થ :- શુશ્રૂષા, ધર્મરાગ, યથાસમાધિ દેવ અને ગુરુના વૈયાવચ્ચનો નિયમ આ સમ્યગ્દૃષ્ટિના લિંગો છે.

ટીકાર્થ :- '**सुस्सूस**'= સંગીતના રાગી માણસને કિન્નરદેવના ગીત સાંભળવાની જેટલી ઈચ્છા હોય તેના કરતાં સમ્યગ્દૃષ્ટિ જીવને ધર્મશાસ્ત્ર સાંભળવાની ઈચ્છા અધિક હોય છે. '**धम्मराओ**'= અટવી પસાર કરીને આવેલા દરિદ્ર ભૂખ્યા બ્રાહ્મણને ઘેબર ખાવાનો અભિલાષ હોય એના કરતાં અધિક, સમ્યગ્દૃષ્ટિને ધર્માનુષ્ઠાન કરવાનો રાગ હોય છે. ધર્મને જાણવાની જિજ્ઞાસા જાગ્યા પછી આ શુશ્રૂષા નામનો ગુણ આવે છે. '**गुरुदेवाणं**'= પરમ પૂજ્ય દેવ અને ગુરુની '**जहासमाहीए**'= તેઓની પૂજા કરતાં અથવા તેઓની આજ્ઞાનું પાલન કરતાં પોતાની સમાધિ જળવાઈ રહે, પોતાના આત્માને પીડા ન થાય એ રીતે '**वेयावच्चे**'= વેયાવચ્ચનો '**व्यावृत्त**' શબ્દને ભાવ અથવા કર્મ અર્થમાં પ્રત્યય લાગીને વૈયાવચ્ચ શબ્દ બન્યો છે. '**नियमो**'= પોતે નક્કી કરેલા સમય માટે આ અવશ્ય કરવું જ એવો નિયમ હોય છે આ ત્રણ '**सम्मद्दिट्ठिस्स**'= સમ્યગ્દૃષ્ટિના '**लिंगाइं**'= લિંગો છે. ॥ ૯૯ ॥ ૩/૫

ચારિત્રીનાં લિંગો કહે છે :-

मग्गणुसारी सड्ढो, पण्णवणिज्जो कियापरो चेव ।
गुणरागी सक्कारंभसंगओ तह य चारित्ती ॥ १०० ॥ ३/६

છાયા :- **मार्गानुसारी श्राद्धः प्रज्ञापनीयः क्रियापरः चैव ।**
गुणरागी शक्यारम्भसङ्गतः तथा च चारित्री ॥ ६ ॥

ગાથાર્થ :- ચારિત્રી માર્ગાનુસારી, શ્રદ્ધાળુ, પ્રજ્ઞાપનીય, ક્રિયાતત્પર, ગુણરાગી અને શક્યઆરંભથી યુક્ત હોય છે.

ટીકાર્થ :- '**मग्गणुसारी**'= માર્ગાનુસારી અહીં માર્ગ એટલે તાત્ત્વિકમાર્ગ સમજવાનો છે. ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થયો હોવાના કારણે તે સ્વાભાવિક રીતે જ તત્ત્વને અનુકૂળ પ્રવૃત્તિવાળો હોય છે, તત્ત્વની પ્રાપ્તિ માટે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ એ અવન્ધ્ય કારણ છે. તથા '**सड्ढो**'= શ્રદ્ધાળુ હોય, તાત્ત્વિક શ્રદ્ધામાં વિઘ્નભૂત દર્શનમોહનીય કર્મનો અતિશય ક્ષયોપશમ થયો હોવાથી તે શ્રદ્ધાળુ હોય છે. '**पण्णवणिज्जो**'= પ્રજ્ઞાપનીય હોય. તેનામાં માર્ગાનુસારીપણું અને શ્રદ્ધાળુપણું આ બે ગુણો હોવાથી તે કદાગ્રહથી મુક્ત હોય છે. તેથી ગીતાર્થ વડે સુખેથી સરળતાથી સમજાવી શકાય એવો હોય છે. '**कियापरो चेव**'= માર્ગાનુસારીપણું આદિ ગુણોના કારણે તે સ્વાધ્યાય-ધ્યાન-અહિંસાદિ સત્ ક્રિયા કરવામાં ઉદ્યમી હોય છે. '**गुणरागी**'= વિશુદ્ધ આશયવાળો હોવાથી તે પ્રસ્તુત માર્ગાનુસારી વગેરે ચારિત્રીના ગુણોનો તેમજ સમ્યગ્દૃષ્ટિના શુશ્રૂષા આદિ ગુણોનો અનુરાગી હોય છે. '**सक्कारंभसंगओ**'= તે કદાપિ નિષ્ફળ પ્રવૃત્તિ કરતો નથી, પણ પોતાનાથી જે શક્ય હોય તે જ પ્રવૃત્તિ કરે છે. અશક્ય હોય તેવી પ્રવૃત્તિ કરતો નથી. '**तह य चारित्ती**'= ચારિત્રી આવા ગુણવાળો હોય છે. ॥ ૧૦૦ ॥ ૩/૬

एतेऽहिगारिणो इह, न उ सेसा दव्वओ वि जं एसा ।
इयरीए जोग्गयाए, सेसा ण उ अप्पहाण त्ति ॥ १०१ ॥ ७/७

છાયા :- **एते अधिकारिण इह न तु शेषा द्रव्यतोऽपि यदेषा ।**
इतरस्या योग्यतायां सैषा न तु अप्रधाना इति ॥ ७ ॥

ગાથાર્થ :- અહીં વંદનાના અપુનર્બંધકાદિ જીવો અધિકારી છે. તે સિવાયના સકૃદ્‌બંધકાદિ જીવો વંદના માટે અધિકારી નથી. કારણ કે ભવિષ્યમાં ભાવવંદના પ્રાપ્ત કરાવવાની જેનામાં યોગ્યતા રહેલી હોય એવી જ વંદનાને દ્રવ્યવંદના કહેવાય છે. સકૃદ્‌બંધકાદિની વંદના (ભાવવંદનાને પ્રાપ્ત કરાવવાની યોગ્યતા વગરની હોવાથી) અપ્રધાન છે માટે તે દ્રવ્યવંદના પણ નથી.

ટીકાર્થ :- '**एते**'= આ અપુનર્બંધક, સમ્યગ્‌દૃષ્ટિ અને ચારિત્રી ત્રણ જીવો '**इह**'= વંદનામાં '**अहिगारिणो**'= અધિકારી છે. '**सेसा**'= સકૃદ્‌બંધકાદિ દીર્ઘસંસારીજીવો કે જેઓ 'તીવ્ર ભાવે પાપ કરે છે' વગેરે લક્ષણોથી જાણી શકાય છે. '**न उ**'= તેઓ અધિકારી નથી. '**जं**'= જે કારણથી '**दव्वओ वि**'= દ્રવ્યથી પણ '**एसा**'= આ વંદના '**इयरीए**'= ભાવવંદનાની '**जोग्गयाए**'= યોગ્યતા રહેલી હોય તો જ થાય છે. '**सेसा**'= દીર્ઘસંસારી સકૃદ્‌બંધકાદિ જીવોની વંદના '**अप्पहाण त्ति**'= અપ્રધાન હોવાથી '**ण उ**'= દ્રવ્યવંદના નથી. યોગ્યતાવાચી 'દ્રવ્ય' શબ્દનો પ્રયોગ તેમાં કરાતો નથી એવો ભાવ છે. જેનામાં ભાવવંદનાની યોગ્યતા રહેલી હોય તે વંદના પ્રધાન દ્રવ્યવંદના કહેવાય છે અને જેનામાં ભાવવંદનાની યોગ્યતા રહેલી નથી તે વંદના અપ્રધાન દ્રવ્યવંદના કહેવાય છે. ॥ १०१ ॥ ३/७

न य अपुणबंधगाओ, परेण इह जोग्गया वि जुत्त त्ति ।
न य न परेण वि एसा, जमभव्वाणं पि निद्दिट्ठा ॥ १०२ ॥ ३/८

छाया :- न च अपुनर्बन्धकात् परेणेह योग्यताऽपि युक्तेति ।
न च न परेणापि एषा यदभव्यानामपि निर्दिष्टा ॥ ८ ॥

ગાથાર્થ :- અપુનર્બંધકની પૂર્વાવસ્થામાં રહેલા સકૃદ્‌બંધકાદિ જીવોમાં ભાવવંદનાની યોગ્યતા પણ ઘટતી નથી. પરંતુ પૂર્વાવસ્થાવાળા જીવોને સામાન્યથી (અપ્રધાન) દ્રવ્યવંદના હોય છે. કારણ કે આગમમાં અભવ્યોને પણ દ્રવ્યવંદના કહેલી છે.

ગાથાર્થ :- '**अपुणबंधगाओ**'= અપુનર્બંધકથી '**परेण**'= પૂર્વાવસ્થામાં '**इह**'= ભાવવંદનાની '**जोग्गया वि**'= યોગ્યતા પણ સંસારકાળ તેમનો દીર્ઘ હોવાથી '**जुत्त त्ति**'= ઘટતી '**न य**'= નથી. '**परेण वि**'= પૂર્વાવસ્થામાં '**एसा**'= સામાન્યથી શબ્દ અને ક્રિયારૂપ અપ્રધાન દ્રવ્યવંદના '**न य न**'= નથી એમ નહિ અર્થાત્‌ છે. '**जं**'= કારણ કે '**अभव्वाणं पि**'= અભવ્યોને પણ તે '**निद्दिट्ठा**'= આગમમાં કહેલી છે. સકૃદ્‌બંધક આદિ જીવોને દ્રવ્યવંદના હોય છે ખરી, પણ તે અપ્રધાન દ્રવ્યવંદના હોય છે કારણ કે તેમાંથી ભાવવંદના પ્રાપ્ત થવાની નથી. જ્યારે અપુનર્બંધક જીવોને દ્રવ્યવંદના છે પણ તે પ્રધાન દ્રવ્યવંદના છે. કારણકે તેમાંથી ભાવવંદનાની પ્રાપ્તિ થવાની છે. ॥१०२॥३/८

અપ્રધાન દ્રવ્યવંદનાના કયા લિંગો જણાવે છે ? :-

लिंगाण तीए भावो, न तदत्थालोयणं न गुणरागो ।
नो विम्हओ न भवभयमिव वच्चासो य दोण्हं पि ॥ १०३ ॥ ३/९

छाया :- लिंगानां तस्यां भावो न तदर्थालोचनं न गुणरागः ।
नो विस्मयो न भवभयमिति व्यत्यासश्च द्वयोरपि ॥ ९ ॥

ગાથાર્થ :- સામાન્ય અથવા અપ્રધાન દ્રવ્યવંદનામાં આ લિંગો હોય છે. (૧) વંદનાના સૂત્રોના અર્થની વિચારણા નથી હોતી. (૨) વંદનાના ભાવ અને ક્રિયા ઉપર ગુણાનુરાગ નથી હોતો. (૩) વંદના પ્રત્યે અહોભાવ નથી હોતો. (૪) સંસારનો ભય નથી હોતો. આ પ્રમાણે દ્રવ્યવંદનામાં વંદના

સંબંધી ભાવ અને ક્રિયા બંનેનો ભાવવંદના કરતાં વિપર્યય હોય છે.

ટીકાર્થ :- '**तीए**'= સામાન્ય અપ્રધાન દ્રવ્યવંદનામાં '**लिंगाण**'= આ લિંગોનો '**भावो**'= સદ્‌ભાવ જાણવો. '**ण तदत्थालोयणं**'= વંદનાના સૂત્રોના અર્થની વિચારણા નથી હોતી. '**न गुणरागो**'= વંદનાના વિષયભૂત અરિહંતાદિમાં તથા તેની ક્રિયામાં ગુણાનુરાગ નથી હોતો. '**णो विम्हओ**'= અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતાં પૂર્વે કદી નહિ પ્રાપ્ત થયેલી આ વંદના મને અત્યારે પ્રાપ્ત થાય છે એવી ચિત્તની પ્રસન્નતા નથી હોતી. '**न भवभयं**'= વંદનાની વિરાધના કરવાથી સંસાર વધી જશે એવો ભય નથી હોતો. '**इय**'= આ પ્રમાણે '**दोण्हं पि**'= વંદનાસંબંધી ભાવ અને ક્રિયા એ બંનેનો '**वच्चासो**'= ભાવવંદના કરતાં દ્રવ્યવંદનામાં વિપર્યય હોય છે. ॥ ૧૦૩ ॥ ૩/૯

હવે દ્રવ્ય-ભાવ વંદનાનો ભેદ કહેવાની ઈચ્છાથી કહે છે :-

वेलाए विहाणम्मि य, तग्गयचित्ताइणा य विण्णेओ ।
तव्वुड्ढिभावऽभावेहि, तह य दव्वेयरविसेसो ॥ १०४ ॥ ३/१०

છાયા :- वेलया विधाने च तद्‌गतचित्तादिना च विज्ञेयः ।
तद्‌वृद्धिभावाभावाभ्यां तथा च द्रव्येतरविशेषः ॥ १० ॥

ગાથાર્થ :- કાલ, વિધિ, તદ્‌ગતચિત્ત વગેરેથી તથા તેની (વંદનાની) વૃદ્ધિથી અને ભાવ(સમ્યક્ત્વ)ના સદ્‌ભાવથી દ્રવ્યવંદના અને ભાવવંદનામાં ભેદ છે.

ટીકાર્થ :- '**वेलाए**'= (સૂત્રમાં કહેલા) નિયત સંધ્યાદિ સમયરૂપ કાળ વડે '**विहाणंमि य**'= સમુચિત વાણી અને ચેષ્ટારૂપ વિધિ વડે (ચૈત્યવંદનાના સૂત્રોનો શુદ્ધ ઉચ્ચાર તેમજ તે તે સમયે કરવા યોગ્ય મુદ્રારૂપ ચેષ્ટા) '**तग्गयचित्ताइणा**'= ચૈત્યવંદનામાં ચિત્ત રાખવું અર્થાત્‌ ઉપયોગ રાખવો. આદિ શબ્દથી લેશ્યા અને સૂત્રના અર્થમાં ઉપયોગ વગેરેનું ગ્રહણ થાય છે. '**तव्वुड्ढिभावऽभावेहि**'= **तद्‌वृद्धिश्च भावाभावश्च इति तद्‌वृद्धिभावाभावौ ताभ्याम् इति-** આ પ્રમાણે અહીં દ્વન્દ્વ સમાસ છે. '**तव्वुड्ढि**'= વંદનાની વૃદ્ધિ અર્થાત્‌ પ્રતિદિવસ-રોજ તે કરવારૂપ વૃદ્ધિ વડે '**भावाभावेहि**'= 'ભાવ' એટલે સમ્યક્ત્વ તેનો 'ભાવ' એટલે સદ્‌ભાવ, તેના વડે '**तह य**'= આ પ્રમાણે '**दव्वेयरविसेसो**'= દ્રવ્યવંદના અને ભાવવંદનાનો ભેદ '**विण्णेओ**'= જાણવો. અહીં વાક્યનો અર્થ આ પ્રમાણે કરવોઃ- વંદના જો શાસ્ત્રમાં કહેલા નિયત કાળે, સંપૂર્ણ વિધિપૂર્વક અને તેમાં જ ઉપયોગ રાખવા પૂર્વક કરવામાં આવે અને હંમેશા એ અનુષ્ઠાન વધારે ને વધારે કરવાનું મન થાય તેમજ સમ્યક્ત્વનો સદ્‌ભાવ હોય તો તે ભાવવંદના બને છે પણ આ બધાની જો એમાં ખામી હોય અથવા આનાથી તે વિપરીત હોય તો તે દ્રવ્યવંદના બને છે. ભાવવંદનાથી દ્રવ્યવંદનામાં આટલો ભેદ છે. ॥ ૧૦૪ ॥ ૩/૧૦

વૃદ્ધિ પામતી ચૈત્યવંદનાની ભાવનાને આશ્રયીને અપુનર્બંધકાદિના અધિકારીપણાનો નિર્દેશ કરવા વડે આદિમાં જ ભાવવૃદ્ધિની પ્રશંસા શાથી કરાય છે ? તે જણાવે છે :-

सइ संजाओ भावो, पायं भावंतरं जओ कुणइ ।
ता एयमेत्थ पवरं, लिंगं सइ भाववुड्ढीए ॥ १०५ ॥ ३/११

છાયા :- सकृत् सञ्जातो भावः प्रायः भावान्तरं यतः करोति ।
तदेतदत्र प्रवरं लिङ्गं सकृद् भाववृद्धेः ॥ ११ ॥

ગાથાર્થ :- પ્રાયઃ એક વખત ઉત્પન્ન થયેલો શુભ ભાવ બીજા અધિક શુભભાવને ઉત્પન્ન કરે છે આથી અહીં ભાવવૃદ્ધિનું હંમેશ માટે શ્રેષ્ઠ લિંગ એ એક વખત ઉત્પન્ન થયેલો શુભભાવ જ છે.

ટીકાર્થ :- '**जओ**'= જે કારણથી '**सइ**'= એક વખત '**संजाओ**'= ઉત્પન્ન થયેલો '**भावो**'= વિશિષ્ટ શુભભાવ '**पायं**'= પ્રાયઃ '**भावंतरं**'= બીજા અધિક શુભભાવને '**कुणइ**'= કરે છે. એક વખત ભાવ જાગ્યો હોય તો તેમાંથી અધિક ભાવ જાગે છે પણ ભાવ જો જાગ્યો જ ન હોય તો અધિક ભાવ જાગે જ નહિ. '**ता**'= તેથી '**एयं**'= આ એક વખત ઉત્પન્ન થયેલો શુભભાવ એ '**एत्थ**'= આ ભાવવંદનામાં અથવા હમણાં કહેવાયેલા તેના લિંગોમાં '**पवरं**'= શ્રેષ્ઠ '**लिगं**'= લિંગ છે. '**सइ**'= સદાકાળ માટે '**भाववुड्ढीए**'= હવે પછી થનારી ભાવવૃદ્ધિનું કારણ એક વખત ઉત્પન્ન થયેલો શુભ ભાવ છે. આથી એક વખત પણ જો શુભભાવ ઉત્પન્ન ન થયો હોય તો કારણનો અભાવ હોવાથી તેના કાર્યરૂપ ભાવવૃદ્ધિ થશે નહિ. ॥ १०५ ॥ ३/११

પ્રથમ ઉત્પન્ન થયેલા ભાવની આ પ્રમાણે પ્રશંસા કેમ કરાય છે ? તે કહે છે :-

अमए देहगए जह, अपरिणयम्मि वि सुहा उ भाव त्ति ।
तह मोक्खहेउ अमए, अण्णेहि वि हंदि निद्दिट्ठा ॥ १०६ ॥ ३/१२

છાયા :- अमृते देहगते यथा अपरिणतेऽपि शुभास्तु भावा इति ।
तथा मोक्षहेतुरमृते अन्यैरपि हन्दि निर्दिष्टाः ॥ १२ ॥

ગાથાર્થ :- જેમ શરીરમાં ગયેલું અમૃત હજી રસ-લોહી આદિ ધાતુરૂપે પરિણમ્યું ન હોય છતાં પણ શરીરમાં તેની શુભ અસરો ઉત્પન્ન થાય છે. તેમ મોક્ષના હેતુભૂત શુભભાવરૂપ અમૃત પ્રાપ્ત થવાથી તેમાંથી બીજા શુભભાવો ઉત્પન્ન થાય છે. અન્યતીર્થિકોએ પણ આ પ્રમાણે શુભ ભાવોની ઉત્પત્તિ કહેલી છે.

ટીકાર્થ :- '**अमए**'= શુભ-પુદ્ગલના પરિણામરૂપ અમૃત '**देहगए**'= શરીરમાં વ્યાપ્યા પછી '**जह**'= જેમ '**अपरिणयम्मि वि**'= હજી પચ્યું ન હોવા છતાં અર્થાત્ રસ-લોહીરૂપે હજી પરિણામ પામ્યું ન હોવાથી પચ્યા પછી જે અજરામરત્વરૂપ પોતાનું કાર્ય તે અત્યારે ન કરતું હોવા છતાં '**सुहा उ**'= શુભ જ '**भाव त्ति**'= દેહનું સૌષ્ઠવ તથા આરોગ્ય આદિ શુભ ભાવો ઉત્પન્ન કરે છે. '**तह**'= તે પ્રમાણે '**मोक्खहेउ**'= મોક્ષના કારણભૂત '**अमए**'= શુભભાવરૂપ અમૃત એક વખત પ્રાપ્ત થાય પછી બીજા શુભ ભાવોને તે ઉત્પન્ન કરે જ છે. '**अण्णेहि**'= બીજા તીર્થિકો (**पतंजलि**) આદિ વડે '**हंदि**'= નિશ્ચે '**णिद्दिट्ठा**'= શુભ ભાવોની ઉત્પત્તિ આ રીતે જ કહેવાઈ છે. ॥१०६॥ ३/१२

ભાવવંદનામાં અપુનર્બંધક-સમ્યગ્દૃષ્ટિ અને ચારિત્રીને વિશિષ્ટ પ્રયત્ન હોય છે તે કહે છે :-

मंताइविहाणम्मि वि, जायइ कल्लाणिणो तहिं जत्तो ।
एत्तोऽहिगभावाओ, भवस्स इमीऐ अहिगो त्ति ॥ १०७ ॥ ३/१३

છાયા :- मन्त्रादिविधानेऽपि जायते कल्याणिनः तत्र यत्नः ।
इतोऽधिकभावाद् भव्यस्य अस्यामधिक इति ॥ १३ ॥

ગાથાર્થ :- જેનો અવશ્ય અભ્યુદય થવાનો છે તેવા કલ્યાણી પુરુષને મંત્રાદિમાં તેમજ મંત્ર આદિની વિધિમાં પણ આદર હોય છે. તેના કરતાં પ્રકૃષ્ટ અધ્યવસાયથી ભવ્યજીવને આ ભાવવંદનમાં અધિક આદર હોય છે.

ગાથાર્થ :- '**कल्लाणिणो**'= વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર પુણ્યશાળીને '**तहिं**'= મંત્ર આદિમાં '**मंताइविहाणम्मि**

वि'= મંત્ર અને વિદ્યા આદિની અવંધ્યફળ આપનારી એવી પૂર્વસેવા અને ઉત્તરસેવારૂપ વિધિમાં પણ '**जत्तो**'= પ્રયત્ન, આદર '**जायइ**'= થાય છે. '**एत्तो**'= મંત્રાદિ વિધિ કરતાં '**अहिगभावाओ**'= પ્રકૃષ્ટ અધ્યવસાયથી '**भवस्स**'= ભવ્ય જીવને, વંદનાના અધિકારી જીવને '**इमीऐ**'= આ ભાવવંદનામાં '**अहिगो त्ति**'= અધિક પ્રયત્ન હોય છે. ॥ ૧૦૭ ॥ ૩/૧૩

ભાવવંદનામાં અધિક ભાવ શાથી થાય છે ? તે કહે છે :-

एईइ परमसिद्धी, जायइ जं ता दढं तओ अहिगा ।
जत्तम्मि वि अहिगत्तं, भव्वस्सेयाणुसारेण ॥ १०८ ॥ ३/१४

છાયા :- एतया परमसिद्धिर्जायते यत् तद् दृढं ततोऽधिका ।
यत्नेऽपि अधिकत्वं भव्यस्यैतदनुसारेण ॥ १४ ॥

ગાથાર્થ :- મંત્રાદિથી પ્રાપ્ત થતી સિદ્ધિ કરતાં આ ભાવવંદનાથી અધિક એવી મોક્ષની સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેથી ભવ્યજીવને તદનુસારે તેના પ્રયત્નમાં પણ અધિકપણું હોય છે.

ગાથાર્થ :- '**जं**'= જે કારણથી '**तओ**'= મંત્રાદિથી '**अहिगा**'= અધિક પ્રકર્ષવાળી '**एईइ**'= પ્રસ્તુત ભાવવંદનાથી '**परमसिद्धी**'= મોક્ષસ્વરૂપ આત્યન્તિકી પ્રધાન સિદ્ધિ '**जायइ**'= થાય છે. '**ता**'= તેથી '**भव्वस्स**'= ભવ્ય અધિકારી જીવને '**जत्तम्मि वि**'= યત્નમાં પણ '**दढं**'= અત્યંત '**अहिगत्तं**'= અધિકપણું '**एयाणुसारेणं**'= પ્રધાન એવી ફળની સિદ્ધિના અનુસારે અથવા અધિક ભાવના અનુસારે હોય છે. ॥ ૧૦૮ ॥ ૩/૧૪

વંદનામાં કરાયેલા પ્રયત્નનું ફળ કહે છે :-

पायं इमीए जत्ते, न होइ इहलोगिया वि हाणि त्ति ।
निरुवक्कमभावाओ, भावो वि हु तीए छेयकरो ॥ १०९ ॥ ३/१५

છાયા :- प्रायोऽस्यां यत्ने न भवति इहलौकिकापि हानिरिति ।
निरुपक्रमभावाद् भावोऽपि खलु तस्याः छेदकरः ॥ १५ ॥

ગાથાર્થ :- આ ભાવવંદનામાં વિધિપૂર્વક પ્રયત્ન કરવામાં આવે તો પ્રાયઃ આલોકમાં પણ ધનધાન્યાદિ સંબંધી કોઈપણ જાતની હાનિ સંભવતી નથી. નિકાચિત પાપકર્મના ઉદયથી કદાચ હાનિ થાય તો પણ તેનો અહીંયા જ અંત આવી જાય છે અર્થાત્ ભાવવંદનાથી બંધાયેલા પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવે ફરીથી ભવિષ્યમાં તેને કદાપિ હાનિ આવતી નથી.

ટીકાર્થ :- '**पायं**'= ઘણું કરીને '**इमीऐ**'= આ વંદનામાં '**जत्ते**'= યત્ન કરવામાં આવે તો અર્થાત્ ઉચિત કાળ, વિધિ આદિ જો કાળજીપૂર્વક જાળવવામાં આવે તો '**इहलोगिया वि**'= આલોક સંબંધી પણ '**हाणि त्ति**'= તેવા પ્રકારના પુણ્યકર્મના સામર્થ્યથી ધનધાન્યાદિ સંબંધી હાનિ '**ण होइ**'= થતી નથી. '**णिरुवक्कमभावाओ**'= નિકાચિત પાપકર્મના ઉદયથી '**भावोऽवि**'= ધન ધાન્યાદિની હાનિ થવા છતાં પણ '**तीइ**'= તે હાનિનો '**छेयकरो**'= અંત લાવનાર હોય છે. આનો તાત્પર્યાર્થ એ છે કે પૂર્વજન્મમાં બાંધેલા નિકાચિત પાપકર્મના ઉદયથી કદાચ તેને આલોકમાં ધનધાન્યાદિની હાનિ થાય તો પણ ઉત્તમભાવથી કરેલ ચૈત્યવંદનાથી જે શુભ પુણ્ય બંધાયું છે તેના સામર્થ્યથી ચિત્તની સ્વસ્થતા - પ્રસન્નતા અવશ્ય જળવાય છે, આપત્તિના કાળમાં પણ દીનતા, વ્યાકુળતા, ચિંતા, આદિ દોષો પ્રગટતા નથી. ભાવવંદનાથી બંધાયેલ પુણ્ય

અનુબંધની શક્તિવાળું હોવાથી એ નિકાચિત પાપકર્મનો અહીં જ અંત આવી જશે, જેથી પરલોકમાં તેને ફરીથી આવી ધનધાન્યાદિની હાનિ પ્રાપ્ત થશે નહિ. ॥ १०९ ॥ ३/१५

આ જ વસ્તુનું અન્યતીર્થિકોની પરિભાષા વડે સમર્થન કરતાં કહે છે :-

मोक्खद्धदुग्गगहणं, एयं तं सेसगाण वि पसिद्धं ।
भावेयव्वमिणं खलु, सम्मं ति कयं पसंगेणं ॥ ११० ॥ ३/१६

छाया :- मोक्षाध्वदुर्गग्रहणमेतत् तत् शेषकाणामपि प्रसिद्धम् ।
भावयितव्यमिदं खलु सम्यगिति कृतं प्रसङ्गेन ॥ १६ ॥

ગાથાર્થ :- અન્યદર્શનોમાં પણ મોક્ષમાર્ગદુર્ગગ્રહણ તરીકે જે પ્રસિદ્ધ છે તે આ ભાવચૈત્યવંદન જ છે. અન્યદર્શનકારો વડે મોક્ષમાર્ગદુર્ગગ્રહણની જે ઉપમા આને આપવામાં આવેલ છે તે સત્ય છે એમ વિચારવું. પ્રસંગથી સર્યું.

ટીકાર્થ :- '**मोक्खद्ध**'= મોક્ષમાર્ગથી પ્રવર્તેલા પુરુષને '**दुग्गगहणं**'= દુર્ગનો આશ્રય કરવો, જેમ માર્ગમાં ચોર આદિના ત્રાસથી પરાભૂત થયેલો મુસાફર જો કોઈ પર્વત, વન કે કિલ્લા વગેરેનો આશ્રય કરે તો ચોર આદિથી કરવામાં આવતી આપત્તિથી બચી જાય છે કારણકે કિલ્લામાં રહેલા તેને ચોર આદિ હેરાન કરી શકતા નથી. આ સદૃશતાથી ભાવવંદનાને મોક્ષમાર્ગદુર્ગગ્રહણની ઉપમા આપવામાં આવી છે. અર્થાત્ ભવ્યજીવને માટે આ ભાવવંદના એ દુર્ગનો આશ્રય કરવા સમાન છે. એનાથી એવું જબરદસ્ત સાનુબંધ પુણ્ય બંધાય છે કે મોક્ષમાર્ગમાં ગતિ કરવામાં હવે તેને કોઈ પણ પાપકર્મ અંતરાય કરી શકતા નથી. '**एयं**'= પ્રસ્તુત ભાવવંદન, પોતાની પરિભાષાથી '**सेसगाण वि**'= અન્યદર્શનકારોને '**पसिद्धं**'= પ્રસિદ્ધ છે. '**इणं खलु**'= આ નિશ્ચે '**भावेयव्वं**'= વિચારવા યોગ્ય છે. આગમના અભ્યાસથી નષ્ટ થઈ ગયો છે અજ્ઞાનરૂપી મળ જેમાંથી તેવી નિર્મળ બુદ્ધિથી માધ્યસ્થ્યભાવનું આલંબન લઈને વિચારવું જોઈએ. અન્યદર્શનકારોએ કહ્યું છે માટે એ ખોટું જ હોય એવું માત્સર્ય ન રાખવું પણ તેમનું આ વચન '**सम्मं ति**'= અવિપરીત હોવાથી સત્ય છે એમ વિચારવું.'**पसंगेणं**'= વધારે કહેવાથી '**कयं**'= સર્યું. - કારણકે થોડા જ વચનથી આ વાત સમજાઈ જાય તેમ છે. ॥ ११० ॥ ३/१६

આ પ્રમાણે દ્રવ્યવંદના તથા ભાવવંદનાની વિધિને પરિસમાપ્ત કરીને હવે, પ્રસ્તુત મુદ્રાવિન્યાસની શુદ્ધિને કહે છે :-

पंचंगो पणिवाओ, थयपाढो होइ जोगमुद्दाए ।
वंदण जिणमुद्दाए, पणिहाणं मुत्तसुत्तीए ॥ १११ ॥ ३/१७

छाया :- पञ्चाङ्गः प्रणिपातः स्तवपाठो भवति योगमुद्रया ।
वन्दनं जिनमुद्रया प्रणिधानं मुक्ताशुक्त्या ॥ १७ ॥

ગાથાર્થ :- પ્રણિપાતસૂત્ર પંચાંગમુદ્રાથી બોલવું જોઈએ. સ્તવસૂત્રનો પાઠ યોગમુદ્રાથી કરવો. વંદનસૂત્રો જિનમુદ્રાથી બોલવા, પ્રણિધાનસૂત્ર મુક્તાશુક્તિ મુદ્રાથી બોલવું.

ટીકાર્થ :- '**पंचंगो पणिवाओ**'= હવે પછી કહેવામાં આવશે તે પંચાંગ પ્રણિપાત '**थयपाढो**'= સ્તોત્રપાઠ '**होइ**'= હોય છે '**जोगमुद्दाए**'= હવે પછી કહેવામાં આવશે તે યોગમુદ્રા વડે '**वंदण**'= વંદનસૂત્ર '**जिणमुद्दाए**'= આગળ જેનું વર્ણન કરવામાં આવશે તે જિનમુદ્રા વડે '**पणिहाणं**'= ચિત્તની

એકાગ્રતાનો પરિણામ એ પ્રણિધાન છે. અહીંયા પ્રમત્ત અને અપ્રમત્ત વિવિધ સ્વરૂપવાળું વચનમય અને મનોમય પ્રણિધાન પુરુષની યોગ્યતાની અપેક્ષાએ ગ્રહણ કરાય છે. તે '**मुत्तसुत्तीए**'= મુક્તાશુક્તિ મુદ્રા વડે કરવું. '**विधेयम्**' એ શબ્દ અધ્યાહાર છે. ॥ ૧૧૧ ॥ ૩/૧૭

पंचांगप्रणिपातनी व्याख्या कहे छे :-

दो जाणू दोण्णि करा, पंचमंगं होइ उत्तमंगं तु ।
सम्मं संपणिवाओ, णेओ पंचंगपणिवाओ ॥ ११२ ॥ ३/१८

छाया :- द्वे जानुनी द्वौ करौ पञ्चमकं भवति उत्तमाङ्गं तु ।
सम्यक् संप्रणिपातो ज्ञेयः पञ्चाङ्गप्रणिपातः ॥ १८ ॥

गाथार्थ :- બે ઢીંચણ, બે હાથ અને પાંચમું મસ્તક આ પાંચ અંગોને સમ્યગ્, ભૂમિ ઉપર સ્થાપીને કરાતો પ્રણામ એ પંચાંગ પ્રણિપાત છે.

टीकार्थ :- '**दो जाणू**'= બે ઢીંચણ '**दोण्णि करा**'= બે હાથ '**पंचमंगं**'= પાંચમું અંગ '**उत्तमंगं तु**'= મસ્તક '**होइ**'= હોય છે. '**सम्मं**'= સમ્યગ્ સારી રીતે સુશ્લિષ્ટપણે સ્થાપવા વડે '**संपणिवाओ**'= નિર્દોષ પ્રણામ '**णेओ**'= જાણવો '**पंचंगणिवाओ**'= પંચાંગ પ્રણિપાત= આ પાંચ અંગોને ભૂમિ પર સ્થાપીને કરાતો પ્રણિપાત તે પંચાંગપ્રણિપાત કહેવાય છે. ॥ ૧૧૨ ॥ ૩/૧૮

हवे योगमुद्राने कहे छे :-

अण्णोण्णंतरिअंगुलिकोसाकारेहि दोहि हत्थेहिं ।
पिट्ठोवरि कोप्परसंठिएहि तह जोगमुद्द त्ति ॥ ११३ ॥ ३/१९

छाया :- अन्योन्यान्तरिताङ्गुलिकोशाकाराभ्यां द्वाभ्यां हस्ताभ्याम् ।
पेट्टोपरि कूर्परसंस्थिताभ्यां तथा योगमुद्रेति ॥ १९ ॥

गाथार्थ :- બન્ને હાથની આંગળીઓને એકબીજાની વચ્ચે રાખીને હથેળીનો આકાર કમળના ડોડા જેવો કરવાથી અને બંને હાથની કોણીઓ પેટની ઉપર રાખવાથી યોગમુદ્રા થાય છે.

टीकार्थ :- '**अण्णोण्णंतरिअंगुलि-कोसाकारेहि**'= પરસ્પર એકબીજા હાથની આંગળીઓની વચ્ચે આંગળીઓને રાખીને કમળના ડોડા જેવા આકારવાળા '**दोहिं हत्थेहिं**'= બે હાથ વડે '**पिट्ठोवरि**'= પેટની ઉપર '**कोप्परसंठिएहि**'= જેમની કોણીઓ રાખવામાં આવી છે તેવા (બે હાથવડે) '**तह**'= તે રીતે '**जोगमुद्द त्ति**'= યોગમુદ્રા, યોગવિષય મુદ્રા ઇતિ યોગમુદ્રા આ પ્રમાણે સમાસનો વિગ્રહ કરવો. '**योग**'= ધ્યાન. યોગનો અર્થ ધ્યાન થાય છે એ બાબતનું સમર્થન કરવા માટે **योगदृष्टि समुच्चयनी** ગાથા **૧૦૧**નો પાઠ આપતા કહે છે કે-

"આગમ વડે, (અનુમાન=) તર્ક વડે અને (યોગાભ્યાસરસ=) ધ્યાન વડે આ ત્રણ પ્રકારે બુદ્ધિને કેળવનાર જીવ ઉત્તમ તત્ત્વને પ્રાપ્ત કરે છે."

અથવા **योग**=ધર્મપ્રવૃત્તિ, તેમાં કરાતી '**मुद्दा**'=બે હાથની આંગળીઓને પરસ્પર એકબીજાની વચ્ચે રાખવાથી બનતી રચનારૂપ મુદ્રા '**विज्ञेया**' શબ્દ અહીં અધ્યાહાર છે. જાણવી. ॥ ૧૧૩ ॥ ૩/૧૯

हवे जिनमुद्रा कहे छे :-

चत्तारि अंगुलाइं पुरओ ऊणाइं जत्थ पच्छिमओ ।
पायाणं उस्सग्गो, एसा पुण होइ जिणमुद्दा ॥ ११४ ॥ ३/२०

छाया :- चत्वारि अङ्गुलानि पुरत ऊनानि यत्र पश्चिमतः ।
पादयोरुत्सर्ग एषा पुनर्भवति जिनमुद्रा ॥ २० ॥

गाथार्थ :- જે મુદ્રામાં બે પગની વચ્ચે આગળથી પોતાના ચાર આંગળનું અંતર અને પાછળના (પાનીના) ભાગમાં કાંઇક ન્યુન ચાર આંગળનું અંતર રાખવામાં આવે છે તે રીતે કરાતો કાયોત્સર્ગ એ જિનમુદ્રા છે.

टीकार्थ :- '**जत्थ**'= જે મુદ્રામાં '**पुरओ**'= આગળના ભાગમાં '**चत्तारि अंगुलाइं**'= પોતાના જ ચાર આંગળ '**पच्छिमओ**'= પાછળના ભાગમાં '**ऊणाइं**'= કાંઇક ન્યુન (ચાર આંગળ) '**पायाणं**'= બે પગની વચ્ચે અંતર રાખીને '**उस्सग्गो**'=કાયોત્સર્ગ '**होइ**'= હોય છે. '**एसा**'= પગની આવી રચનાવાળી આ '**जिणमुद्दा**'= જિનમુદ્રા છે જે આ રીતે કાયોત્સર્ગ કરાય છે તે જ જિનમુદ્રા કહેવાય છે. **॥ ११४ ॥ ३/२०**

હવે મુક્તાશુક્તિ મુદ્રા કહે છે :-

मुत्तासुत्ती मुद्दा, समा जहिं होति गब्भिआ हत्था ।
ते पुण ललाडदेसे, लग्गा अण्णे अलग्ग त्ति ॥ ११५ ॥ ३/२१

छाया :- मुक्ताशुक्ति मुद्रा समौ यस्यां भवतः गर्भितौ हस्तौ ।
तौ पुनर्ललाटदेशे लग्नौ अन्ये अलग्नाविति ॥ २१ ॥

गाथार्थ :- જે મુદ્રામાં બે હાથની આંગળીઓ પરસ્પર સામસામી રાખવામાં આવે છે, વચ્ચેથી હથેળીઓ પોલી રાખવામાં આવે છે, અને બે હાથ લલાટે લગાડવામાં આવે છે અથવા બીજા આચાર્યોના મતે લલાટથી દૂર રાખવામાં આવે છે તે મુક્તાશુક્તિ મુદ્રા છે.

टीकार्थ :- '**समा**'= સીધા અર્થાત્ આંગળીઓ બંને હાથની એકબીજાની સામસામી રાખવામાં આવે છે. પરંતુ વિષમ નહિ, અર્થાત્ આંગળીઓ એકબીજાથી આંતરિત રાખવામાં આવતી નથી, એ રીતે સીધા '**दोऽवि**'= બંને પણ '**गब्भिया**'= સર્વથા ચપ્પટ નહિ પણ પોલા '**हत्था**'= હાથ '**जहिं**'= જે મુદ્રામાં '**होन्ति**'= હોય છે. '**ते मुत्तासुत्ती मुद्दा**'= મુક્તાશુક્તિ મુદ્રા '**ते पुण**'= તે હાથ વળી '**ललाडदेसे**'= લલાટે-કપાળમાં '**लग्गा**'= લગાડેલા '**अण्णे**'= બીજા આચાર્યો '**अलग्गत्ति**'= નહિ લગાડેલા એમ (કહે છે.)॥ **११५ ॥ ३/२१**

મુક્તાશક્તિ મુદ્રા વડે પ્રણિધાન કરવું એમ કહેવાયું. વંદનામાં તે પ્રણિધાનનો વિષય કયો છે ? તે કહેવા માટે કહે છે :-

सव्वत्थ वि पणिहाणं, तग्गयकिरियाभिहाणवण्णेसु ।
अत्थे विसए य तहा, दिट्ठंतो छिन्नजालाए ॥ ११६ ॥ ३/२२

छाया :- सर्वत्रापि प्रणिधानं तद्गतक्रियाभिधानवर्णेषु ।
अर्थे विषये च तथा दृष्टान्तः छिन्नज्वालया ॥ २२ ॥

गाथार्थ :- સંપૂર્ણ ચૈત્યવંદનામાં પ્રણિધાન રાખવું જોઇએ. ચૈત્યવંદના સંબંધી ક્રિયા, ઉચ્ચાર, અક્ષરો,

અર્થ અને આલંબનમાં પ્રણિધાન રાખવું જોઈએ. આ વિષયમાં છિન્ન જવાળાનું દૃષ્ટાંત છે.

ટીકાર્થ :- '**सव्वत्थ वि**'= વંદનાના સ્વરૂપ, આલંબન આદિ બધામાં જ '**पणिहाणं**'= એકાગ્રતા '**विधेयम्**'= કરવી. આ અધ્યાહાર છે. '**तग्गयकिरियाभिहाणवण्णेसु**'= **तद्गयकिरिया** '**तद्गती चासौ क्रिया च**'= એમ કર્મધારય સમાસ છે. અર્થાત્ વંદના સંબંધી ક્રિયામાં '**अभिहाणं**'= વિશિષ્ટ ઉચ્ચાર- વંદનાના સૂત્રોના વર્ણોના ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત વગેરે ઉચ્ચારમાં '**वण्णेसु**'= ચૈત્યવંદનાના સૂત્રોના અક્ષરોમાં '**अत्थे**'= વંદનાના સૂત્રોના અર્થમાં '**विसए य**'= ભાવના આલંબનભૂત પ્રતિમા આદિમાં, આ પ્રણિધાન કરવામાં સાધ્યાર્થની ઉપમા માટે કયું દૃષ્ટાન્ત છે ? તે કહે છેઃ- '**दिट्ठंतो**'= દૃષ્ટાંત '**छिन्नजालाए**'= છિન્ન જવાળા વડે, ઈંધનને સ્પર્શતી જે જવાળા હોય છે તે મૂળ જવાળા કહેવાય છે. આ મૂળ જવાળાથી છૂટી પડેલી જવાળા એ છિન્ન જવાળા કહેવાય છે. મૂળ જવાળાના ક્ષેત્રથી થોડું અંતર રાખીને ઉપર પોતાના ક્ષેત્રમાં બળતી એવી તે પ્રતિનિયત કે અપ્રતિનિયત પોતાનો જેટલો કાળ હોય ત્યાં સુધી જ પ્રકાશે છે, અધિક કે ઓછા કાળમાં કે અધિક કે ઓછા ક્ષેત્રમાં પ્રકાશતી નથી. આ પ્રણિધાન પણ એના જેવું જ છે, તે વંદનાના પોતાના વિષયભૂત એવા ક્રિયા, અભિધાન આદિમાં જ પ્રવર્તે છે, તેની સાથે જ સંબંધ રાખે છે પરંતુ તે સિવાય રૂપાદિ વિષયો કે કષાયોમાં તે પ્રવર્તતું નથી કારણ કે વંદના સિવાય બીજા કોઈને તેનું મન સ્પર્શતું નથી. વળી વંદનાની અવસ્થામાં જ એ પ્રણિધાન સંભવે છે. તે સિવાયના કાળમાં નહિ માટે પ્રણિધાનને છિન્નજવાળાની ઉપમા આપી છે. ॥ ૧૧૬ ॥ ૩/૨૨

જો પ્રણિધાનપૂર્વક વંદના કરવામાં આવે તો એ સંપૂર્ણ ભાવવંદના બને કે નહિ ? એ શંકાનો પ્રત્યુત્તર આપતા કહે છે :-

न य तत्थ वि तदणूणं, हंदि अभावो न ओवलंभो वि ।
चित्तस्स वि विण्णेओ, एवं सेसोवओगेसु ॥ ११७ ॥ ३/२३

छाया :- न च तत्रापि तदन्यूनं हन्दि अभावो न उपलम्भोऽपि ।
चित्तस्यापि विज्ञेय एवं शेषोपयोगेषु ॥ २३ ॥

ગાથાર્થ :- પ્રણિધાનપૂર્વક કરવા છતાં વંદના એ સંપૂર્ણ ભાવવંદના બનતી નથી કારણ કે જો સમ્યક્ત્વ ન હોય તો ચિત્તનો માત્ર ઉપયોગ એ સંપૂર્ણ ભાવવંદનાનું કારણ બનતો નથી. આમ ઉપયોગપૂર્વક કરાતા દરેક અનુષ્ઠાન વિશે જાણવું.

ટીકાર્થ :- '**तत्थ वि**'= ઉપર વર્ણવેલું પ્રણિધાન હોવા છતાં પણ '**तद्**'= ભાવવંદન '**अणूणं**'= પરિપૂર્ણ, '**न य**'= નથી જ બનતું, ચિત્તના ઉપયોગ માત્રથી જ તે ભાવવંદન બનતું નથી- શાથી નથી બનતું ? એ કારણ જણાવે છે- '**अभावो**'= ભાવરહિત- અહીં 'ભાવ' શબ્દથી સમ્યક્ત્વનું ગ્રહણ કરાય છે અર્થાત્ સમ્યક્ત્વરહિત '**ओवलंभो वि चित्तस्स**'= ચિત્ત સંબંધી ઉપયોગ પણ '**न य**'= ભાવવંદન નથી જ બનતો '**विण्णेओ**'= જાણવું. સમ્યગ્દર્શનના અભાવમાં ઉપયોગપૂર્વકનું અનુષ્ઠાન પણ દ્રવ્ય અનુષ્ઠાન કહેવાય છે, ભાવઅનુષ્ઠાન સમ્યગ્દૃષ્ટિ જીવને જ હોય છે એમ ઇચ્છાય છે. માત્ર ચૈત્યવંદનામાં જ ઉપયોગસંબંધી વાત લાગુ પડે છે એવું નથી પરંતુ બધા જ અનુષ્ઠાનોમાં આ ન્યાય લાગુ પડે છે એમ બતાવતા કહે છે- '**एवं**'= આ પ્રમાણે '**सेसोवओगेसु**'= પૂર્વે કહેલા '**अपि**' શબ્દનો અહીં સંબંધ

જોડવાનો છે, બાકીના ઉપયોગોમાં પણ આ જ ન્યાય છે. અર્થાત્ દ્રવ્યાવશ્યક ભાવઆવશ્યક આદિ શાસ્ત્રમાં કહેલા બધા જ વ્યાપારોમાં ખાલી ઉપયોગ હોવા માત્રથી જ ભાવઅનુષ્ઠાન બનતું નથી પરંતુ સમ્યગ્દૃષ્ટિનું જ ઉપયોગપૂર્વકનું અનુષ્ઠાન ભાવઅનુષ્ઠાન બને છે એમ તાત્પર્ય સમજવું. ॥ ૧૧૭ ॥ ૩/૨૩

એક વખત ઉત્પન્ન થયેલો ભાવ એ બીજા અધિક ભાવને ઉત્પન્ન કરે છે એમ અગ્યારમી ગાથામાં કહેવામાં આવ્યું છે અથવા ભાવરહિત ઉપયોગ એ અનુપયોગ જ છે એમ પહેલા કહેવાયું તો શા માટે આ ભાવની આ પ્રમાણે પ્રશંસા કરાય છે ? તે કહે છે :-

खाओवसमिगभावे, दढजत्तकयं सुहं अणुट्ठाणं ।
परिवडियं पि हु जायइ, पुणो वि तब्भाववुड्ढिकरं ॥ ११८ ॥ ३/२४.

छाया :- क्षायोपशमिकभावे दृढयत्नकृतं शुभमनुष्ठानम् ।
प्रतिपतितमपि खलु जायते पुनरपि तद्भाववृद्धिकरम् ॥ २४ ॥

ગાથાર્થ :- ક્ષાયોપશમિક ભાવમાં પરમ આદરપૂર્વક કરેલું શુભ અનુષ્ઠાન એ કાળક્રમે કદાચ બંધ થઈ જાય તો પણ ફરી કાળાંતરે અવશ્ય ક્ષાયોપશમિક ભાવના અધ્યવસાયોની વૃદ્ધિ કરનારું થાય છે.

ટીકાર્થ :- '**खाओवसमिगभावे**'= કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલા ક્ષાયોપશમિક અધ્યવસાયમાં '**दढजत्तकयं**'= બળવાલું, પ્રયત્નથી કરાયેલું '**सुहं अणुट्ठाणं**'= ચૈત્યવંદનાદિ કુશળ અનુષ્ઠાન '**परिवडियं पि**'= કથંચિત્ કર્મના દોષથી ભાવ અને ક્રિયા બંનેથી ભ્રષ્ટ થયેલું '**पुणो वि**'= કાળાંતરે પણ ફરીથી '**तब्भाववुड्ढिकरं**'= તે ક્ષાયોપશમિક વંદનાદિ ભાવોની વૃદ્ધિને કરનાર '**जायइ**'= થાય છે આ કારણથી જ ભાવની પ્રશંસા કરાય છે. ॥ ૧૧૮ ॥ ૩/૨૪

કહેલા અર્થને દૃઢ કરવા માટે કહે છે :-

अणुहवसिद्धं एयं, पायं तहजोगभावियमईणं ।
सम्ममवधारियव्वं, बुहेहिं लोगुत्तममईए ॥ ११९ ॥ ३/२५

छाया :- अनुभवसिद्धमेतत् प्रायः तथा योगभावितमतीनाम् ।
सम्यगवधारयितव्यं बुधैः लोकोत्तममत्या ॥ २५ ॥

ગાથાર્થ :- વિશિષ્ટ ધર્માનુષ્ઠાનથી ભાવિત બુદ્ધિવાળા જીવોને આ પૂર્વોક્ત વાત અનુભવસિદ્ધ છે કે પરમ આદરથી કરેલું શુભ અનુષ્ઠાન ફરીથી પણ તેના ભાવની કાળાંતરે પ્રાયઃ વૃદ્ધિ કરે છે. વિદ્વાનોએ આ બાબતને જિનપ્રવચનાનુસારી બુદ્ધિ વડે સમ્યગ્ વિચારવી.

ટીકાર્થ :- '**एयं**'= "પરમ આદરપૂર્વક કરેલું શુભ અનુષ્ઠાન કાળાન્તરે ફરીથી પણ પ્રાપ્ત થાય છે" આ પૂર્વે કહેવાયેલી બાબત '**पायं**'= ઘણું કરીને '**तहजोगभावियमईणं**'= વિશિષ્ટ ધર્મવ્યાપારથી વાસિત બુદ્ધિવાળા જીવોને '**अणुहवसिद्धं**'= પોતાના અનુભવથી સિદ્ધ છે. '**बुहेहिं**'= વિદ્વાનો વડે '**लोगुत्तममईए**'= સમ્યગ્જ્ઞાનથી ગર્ભિત અર્થાત્ જિનપ્રવચનાનુસારી બુદ્ધિ વડે '**सम्मम्**'= સમ્યગ્ '**अवधारियव्वं**'= નિશ્ચય કરાય. ॥ ૧૧૯ ॥ ૩/૨૫

ભાવવંદનાનું અનંતર લિંગ શું છે ? તે કહે છે :-

जिण्णासा वि हु एत्थं, लिंगं एयाए हंदि सुद्धाए ।
निव्वाणंगनिमित्तं, सिद्धा एसा तयट्ठीणं ॥ १२० ॥ ३/२६

छाया :- जिज्ञासाऽपि खल्वत्र लिङ्गमेतस्या हन्दि शुद्धायाः ।
निर्वाणाङ्गनिमित्तं सिद्धा एषा तदर्थिनाम् ॥ २६ ॥

गाथार्थ :- પ્રતિનિયતકાળે ચૈત્યવંદન કરવું, તદ્‌ગતચિત્ત આદિની જેમ જિજ્ઞાસા પણ ભાવવંદનાનું લિંગ છે, વંદનાના અર્થી અથવા તો મોક્ષના અર્થી જીવો માટે આ વંદના અથવા તો જિજ્ઞાસા એ મોક્ષના કારણભૂત સમ્યગ્‌જ્ઞાનાદિના નિમિત્ત તરીકે સિદ્ધ છે.

ટીકાર્થ :- '**जिण्णासा**'= ચૈત્યવંદનની જિજ્ઞાસા '**वि**'= પણ, '**अपि**'= શબ્દથી પૂર્વે કહેવાયેલા (વેલાવિધાન=) પ્રતિનિયતકાળે ચૈત્યવંદન કરવું તથા ('तद्‌गतचित्त'=)ચૈત્યવંદનાના સૂત્રાર્થ એકાગ્રતા આદિ લિંગોનું ગ્રહણ થાય છે. અર્થાત્ 'વેલાવિધાન' આદિ જેમ વંદનાના લિંગો છે તેમ જિજ્ઞાસા પણ એનું લિંગ છે. '**एत्थं**'= આ વંદનાના અધિકારમાં '**एसा**'= વંદના અથવા જિજ્ઞાસા '**लिंगं**'= ચિહ્ન છે, '**तयत्थीणं**'= વંદનાના અર્થીઓને અથવા મોક્ષના અર્થીઓને '**एयाए सुद्धाए**'= શુદ્ધ ભાવવંદનનું '**निव्वाणंगनिमित्तं**'= મોક્ષના કારણભૂત એવા સમ્યગ્‌જ્ઞાનાદિનું નિમિત્ત '**सिद्धा**'= સિદ્ધ છે. ॥ ૧૨૦ ॥ ૩/૨૬

આ પ્રમાણે જિજ્ઞાસાની પ્રશંસા કેમ કરાય છે ? તે કહે છે:-

धिइ सद्धासुहविविदिस-भेया जं पायसो उ जोणि त्ति ।
सण्णाणादुदयम्मी, पइट्ठिया जोगसत्थेसुं ॥ १२१ ॥ ३/२७

छाया :- धृतिश्रद्धा सुखाविविदिषाभेदा यत् प्रायसस्तु योनिरिति ।
सज्ज्ञानाद्युदये प्रतिष्ठिता योगशास्त्रेषु ॥ २७ ॥

गाथार्थ :- કારણ કે યોગગ્રંથોમાં સમ્યગ્‌જ્ઞાનાદિના ઉદયમાં પ્રાયઃ ધૃતિ, શ્રદ્ધા, સુખા અને વિવિદિષા એ કારણ છે એમ પ્રતિષ્ઠિત કરાયું છે.

ટીકાર્થ :- '**धिइसद्धासुहविविदिसभेया**'=**धृति**= ઉદ્વેગ આદિ ચિત્તના દોષોના ત્યાગથી પ્રાપ્ત થતી ચિત્તની સ્વસ્થતા; **श्रद्धा**= તત્ત્વની રુચિ; **सुखा**= ઉત્સાહશક્તિના બીજરૂપ વિશિષ્ટ આહ્‌લાદ; **विविदिषा**= જિજ્ઞાસા; ધૃતિ, શ્રદ્ધા, સુખા અને વિવિદિષા એ ચારે ય શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને પછી ''આ ચારે ય ભેદ છે જે યોનિના'' એમ બહુવ્રીહિ સમાસ કર્યો છે, '**जं**'= કારણકે '**पायसो**'= પ્રાયઃ '**उ**'= નિશ્ચે '**जोणि त्ति**'= ધર્મયોનિ અર્થાત્ ધર્મનું મૂળ કારણ આ ધૃતિ વગેરે છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે ધૃતિ, શ્રદ્ધા, સુખા, વિવિદિષા અને વિજ્ઞપ્તિ એ તત્ત્વધર્મની યોનિ છે. '**जोगसत्थेसुं**'= યોગશાસ્ત્રોમાં '**सण्णाणादुदयम्मी**'= સમ્યગ્‌જ્ઞાનાદિની ઉત્પત્તિમાં ધૃતિ વગેરે કારણ છે તેમ '**पइट्ठिया**'= સિદ્ધ કરાયું છે. ॥ ૧૨૧ ॥ ૩/૨૭

આ જિજ્ઞાસા ક્યારે થાય છે ? તે કહે છે :-

पढमकरणोवरि तहा, अणभिणिविट्ठाण संगया एसा ।
तिविहं च सिद्धमेयं, पयडं समए जओ भणियं ॥ १२२ ॥ ३/२८

छाया :- प्रथमकरणोपरि तथा अनभिनिविष्टानां सङ्गता एषा ।
त्रिविधं च सिद्धमेतत् प्रकटं समये यतो भणितम् ॥ २८ ॥

ગાથાર્થ :- યથાપ્રવૃત્તકરણ નામના પ્રથમ કરણથી ઉપર રહેલા અને અતત્ત્વસંબંધી કદાગ્રહથી રહિત એવા અપુનર્બંધક આદિ જીવોને આ જિજ્ઞાસા ઘટે છે. કરણ ત્રણ પ્રકારના છે એ સિદ્ધ છે. કારણ કે શાસ્ત્રમાં પ્રગટ રીતે કહ્યું છે.

ટીકાર્થ :- '**पढमकरणोवरि**'= પ્રથમ યથાપ્રવૃત્તકરણની ઉપર રહેલા '**तहा**'= તથા '**अणभिणिविट्ठाण**'= કદાગ્રહથી રહિત જીવોને '**एसा**'= આ જિજ્ઞાસા '**संगया**'= ઘટે છે. '**एयं**'= આ કરણ '**पयडं**'= પ્રગટપણે '**समए**'= શાસ્ત્રમાં '**तिविहं च**'= ત્રણ પ્રકારનું '**सिद्धं**'= પ્રસિદ્ધ છે. '**जओ**'= કારણકે '**भणियं**'= કહ્યું છે. ॥ ૧૨૨ ॥ ૩/૨૮

ત્રણ પ્રકારના કરણ કહે છે:-

करणं अहापवत्तं, अपुव्वमणियट्टि चेव भव्वाणं ।
इयरेसिं पढमं चिय, भण्णइ करणं ति परिणामो ॥ १२३ ॥ ३/२९ ॥

છાયા :- करणं यथाप्रवृत्तमपूर्वमनिवृत्ति चैव भव्यानाम् ।
इतरेषां प्रथमं चैव भण्यते करणमिति परिणामः ॥ २९ ॥

ગાથાર્થ :- યથાપ્રવૃત્તકરણ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ આ ત્રણ કરણો ભવ્યજીવોને જ હોય છે. અભવ્યજીવોને એક યથાપ્રવૃત્તિકરણ જ હોય છે. જીવના અધ્યવસાયવિશેષને કરણ કહેવાય છે.

ટીકાર્થ :- '**करणं**'= કરણ એટલે જીવનો અધ્યવસાયવિશેષ. '**अहापवत्तं**'= અનાદિકાળથી સંસાર વ્યવહારમાં જે (યથા=) સ્વભાવિક રીતે (પવત્તં=) જે પ્રવૃત્ત થયેલું છે તે યથાપ્રવૃત્તકરણ. જેણે ગ્રંથિ નથી ભેદી એવા જીવને અપૂર્વકરણની પ્રાપ્તિ થાય એ પહેલાનું બધું જ યથાપ્રવૃત્ત કહેવાય છે. '**अपुव्वं**'= અપૂર્વકરણ- આ અપૂર્વકરણના બળથી જીવ ગ્રંથિને ભેદે છે. '**अणियट्टि**'= અનિવૃત્તિકરણ-સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવ્યા વગર જે નિવર્તન પામતું નથી માટે તેને અનિવૃત્તિકરણ કહે છે. આ કરણ સમ્યક્ત્વની પ્રાપ્તિની પૂર્વમાં જ હોય છે. અનિવૃત્તિકરણના મસ્તક ભાગમાં અર્થાત્ અંતે જીવ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. આ ત્રણ કરણ '**भव्वाणं**'= જેઓનો મોક્ષ થવાનો છે તે ભવ્યજીવો કહેવાય. તેમનું આખું નામ '**ભવ્યસિદ્ધિ**' છે, તેમાંથી '**સિદ્ધિ**' પદનો લોપ થવાથી '**ભવ્ય**' નામ બન્યું છે. અથવા તો ભવ્ય શબ્દનો અર્થ '**યોગ્ય**' એ પ્રમાણે કરાય છે, '**इयरेसिं**'= અભવ્ય જીવોને '**पढमं चिय**'= પ્રથમ યથાપ્રવૃત્તકરણ જ '**भण्णइ**'= કહેવાય છે. '**करणं ति**'= કરણ શબ્દનો અર્થ '**परिणामो**'= જીવનો અધ્યવસાય. અર્થાત્ જીવના આ અધ્યવસાયસ્થાનોને કરણ કહેવામાં આવે છે. ॥ ૧૨૩ ॥ ૩/૨૯ ॥

ત્રણ કરણનો વિભાગ બતાવતા કહે છે :-

जा गंठी ता पढमं, गंठिं समइच्छओ भवे बितियं ।
अणियट्टीकरणं पुण, सम्मत्तपुरक्कडे जीवे ॥ १२४ ॥ ३/३०

છાયા :- यावद् ग्रन्थिः तावत् प्रथमं ग्रन्थिं समतिगच्छतो भवेद् द्वितीयम् ।
अनिवृत्तिकरणं पुनः सम्यक्त्वपुरस्कृते जीवे ॥ ३० ॥

ગાથાર્થ :- ગ્રંથિ (=ગ્રંથિભેદદેશ) સુધી પહેલું યથાપ્રવૃત્તકરણ, ગ્રંથિને ભેદતાં બીજું અપૂર્વકરણ અને જીવ સમ્યક્ત્વની અભિમુખ બને ત્યારે (=ગ્રંથિભેદ થયા પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી) ત્રીજું અનિવૃત્તિકરણ હોય છે.

टीकार्थ :- '**जा गंठी**'= ગ્રંથિભેદના સ્થાનની '**ता**'= પૂર્વકાળમાં '**पढमं**'= પહેલું યથાપ્રવૃત્તકરણ '**गंठिं**'= ગાંઠ રાગદ્વેષના પરિણામસ્વરૂપ ગ્રંથિને '**समइच्छओ**'= ઓળંગનારને અર્થાત્ ભેદનારને '**बितियं**'= બીજું અપૂર્વકરણ '**भवे**'= હોય. '**अणियट्टीकरणं पुण**'= આ પહેલાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે તે અથવા શાસ્ત્રમાં વર્ણવેલા સ્વરૂપવાળું અનિવૃત્તિકરણ '**सम्मत्तपुरक्कडे**'= સમ્યક્ત્વની અભિમુખ થયેલા, [આ શબ્દમાં કૃત્પ્રત્યયાન્ત 'પુરસ્કૃત' શબ્દનો પૂર્વમાં પ્રયોગ હોવો જોઈએ. જેથી '**पुरक्कडसम्मत्त**' પ્રયોગ થવો જોઈએ, પરંતુ પૂર્વાપરનિપાતનો અનિયમ ગણીને આ પ્રમાણે પ્રયોગ કર્યો છે.] '**जीवे**'= આત્મામાં હોય છે. આ પ્રમાણે ત્રણ કરણો વર્ણવવામાં આવે છે. ॥ ૧૨૪ ॥ ૩/૩૦

इत्तो उ विभागाओ, अणादिभवदव्वलिंगओ चेव ।
णिउणं णिरूवियव्वा, एसा जह मोक्खहेउ त्ति ॥ १२५ ॥ ३/३१

छाया :- इतस्तु विभागादनादिभवद्रव्यलिङ्गतश्चैव ।
निपुणं निरूपयितव्या एषा यथा मोक्षहेतुरिति ॥ ३१ ॥

गाथार्थ :- આ પ્રમાણે કરણના વિભાગથી અર્થાત્ ગ્રંથિભેદ કર્યા પહેલા ભાવવંદનાનો અસંભવ હોવાથી તથા અનાદિ સંસારમાં અનંતીવાર દ્રવ્યલિંગની પ્રાપ્તિ થઈ હોવા છતાં જીવનો મોક્ષ થયો નથી એ જાણીને જે રીતે આ વંદના મોક્ષનું કારણરૂપ ભાવવંદના બને એ રીતે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું.

टीकार्थ :- '**इत्तो उ**'= આ પ્રમાણે કરણનો '**विभागाओ**'= વિભાગ હોવાથી- આમ કહેવા પાછળ અભિપ્રાય એ છે કે જેણે ગ્રંથિભેદ નથી કર્યો એવા જીવને ભાવવંદનાનો અસંભવ છે. '**अणादिभवदव्वलिंगओ चेव**'= અનાદિ સંસારમાં અનેક વખત જીવને દ્રવ્યલિંગ અર્થાત્ દ્રવ્યસાધુપણું પ્રાપ્ત થયેલું છે, અને તેમાં પ્રાયઃ બધા જ ક્રિયાનુષ્ઠાનો જીવે કરેલા છે. એ ક્રિયાનુષ્ઠાનમાં વંદનાનો પણ સમાવેશ થઈ જાય છે. પૂર્વે તેણે વંદના પણ અનેક વખત કરેલી છે. કહેવાનો ભાવ એ છે કે પૂર્વે જીવને વંદનાનું અનુષ્ઠાન નથી મળ્યું એવું નથી. '**एसा**'= આ વંદના '**जह**'= જે રીતે '**मोक्खहेउ**'= મોક્ષનું કારણ બને તે '**णिउणं**'= સૂક્ષ્મબુદ્ધિથી '**णिरूवियव्वा**'= વિચારવા યોગ્ય છે. ॥ ૧૨૫ ॥ ૩/૩૧

વંદનાને સૂક્ષ્મબુદ્ધિથી વિચારવાનું શા માટે કહે છે ? તે કહે છે :-

नो भावओ इमीए, परो वि हु अवड्ढपोग्गला अहिगो ।
संसारो जीवाणं, हंदि पसिद्धं जिणमयम्मि ॥ १२६ ॥ ३/३२

छाया :- नो भावतोऽस्यां परोऽपि खलु अपार्धपुद्गलाद् अधिकः ।
संसारो जीवानां हन्दि प्रसिद्धं जिनमते ॥ ३२ ॥

गाथार्थ :- ભાવથી વંદના આવ્યા પછી ઉત્કૃષ્ટથી પણ અર્ધપુદ્ગલ પરાવર્તથી અધિક સંસાર જીવને રહેતો નથી એમ જિનમતમાં નિશ્ચે પ્રસિદ્ધ છે.

टीकार्थ :- '**भावओ**'= ભાવથી '**इमीए**'= વંદના આવ્યા બાદ '**परोऽवि**'= ઉત્કૃષ્ટથી પણ '**हु**'= વાક્યાલંકારમાં છે. '**अवड्ढपोग्गला**'= શાસ્ત્રમાં પ્રસિદ્ધ અર્ધપુદ્ગલપરાવર્તથી '**अहिगो**'= અધિક, વધારે લાંબો '**संसारो**'= સંસાર '**जीवाणं**'= સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા જીવોને પણ સંસારમાં પરિભ્રમણ કરતા હોવા છતાં '**नो**'= નથી જ રહેતો '**जिणमयम्मि**'= જિનમતમાં આ વાત '**पसिद्धं**'= પ્રસિદ્ધ છે. માટે દીર્ઘસંસારી જીવોને આ ભાવવંદના સંભવતી નથી. ॥૧૨૬॥ ૩/૩૨

દ્રવ્યવંદના એ મોક્ષરૂપ ફળને આપતી નથી તે કહે છેઃ-

इयतंतजुत्तिओ खलु, निरूवियव्वा बुहेहिं एस त्ति ।
न हु सत्तामेत्तेणं, इमीए इह होति निव्वाणं ॥ १२७ ॥ ३/३३

छाया :- इति तन्त्रयुक्तितः खलु निरूपयितव्या बुधैः एषेति ।
न खलु सत्तामात्रेण अस्या इह भवति निर्वाणम् ॥ ३३ ॥

गाथार्थ :- આ પ્રમાણે વિદ્વાનોએ આગમથી અને યુક્તિથી એમ બંને રીતે આ વંદનાવિષયક સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું જોઈએ કે કઈ વંદના મોક્ષનું કારણ બને છે અને કઈ વંદના મોક્ષનું કારણ નથી બનતી.

टीकार्थ :- '**बुहेहिं**'= વિદ્વાનોએ '**इय**'= આ પ્રમાણે '**तंतजुत्तिओ**'= આગમની યુક્તિથી અથવા આગમથી અને યુક્તિથી '**खलु**'= નિશ્ચે '**इह**'= આ વંદનાના અધિકારમાં '**निरूवियव्वा**'= સૂક્ષ્મબુદ્ધિથી જાણવા પ્રયત્ન કરવો જોઈએ. '**एस त्ति**'= આ વંદના '**सत्तामेत्तेणं इमीए**'= વંદનાના સદ્ભાવમાત્રથી અર્થાત્ બોધિબીજ પડ્યા પહેલાંની કરાયેલી દ્રવ્યવંદનાથી '**निव्वाणं**'= મોક્ષ '**होइ**'= થતો '**ण हु**'= નથી જ. માટે અલ્પસંસારી જીવની વિશિષ્ટ પ્રકારની ભાવવંદના જ મોક્ષનું કારણ બને છે. એમ સિદ્ધ થાય છે. ॥ १२७ ॥ ३/३३

વળી અહીં વંદનાના વિષયમાં જ કાંઈક વિશેષ કહે છે :-

किंचेह छेयकूडग-रूवगनायं भणंति समयविऊ ।
तंतेसु चित्तभेयं, तं पि हु परिभावणीयं ति ॥ १२८ ॥ ३/३४

छाया :- किञ्चेह छेदकूटकरूपकज्ञातं भणन्ति समयविदः ।
तन्त्रेषु चित्रभेदं तदपि खलु परिभावनीयमिति ॥ ३४ ॥

गाथार्थ :- વળી આ વંદનાના વિષયમાં સિદ્ધાંતના જ્ઞાતાઓ શાસ્ત્રમાં વિવિધ પ્રકારનું સાચા અને ખોટાં રૂપિયાનું જે દૃષ્ટાંત કહે છે તે પણ અવશ્ય વિચારવું.

टीकार्थ :- '**किंचेह**'= વળી આ વંદનાના વિષયમાં '**समयविऊ**'= સિદ્ધાંતના જ્ઞાતાઓ '**तंतेसु**'= આગમોમાં '**चित्तभेयं**'= વિવિધ પ્રકારનું '**छेयकूडग-रूवगनायं**'= સાચા અને ખોટા રૂપિયાનું દૃષ્ટાંત '**छेय**'= લેવડદેવડના વ્યવહારને યોગ્ય, પોતાનું કાર્ય કરનાર ઉપયોગી સાચો (રૂપિયો) '**कूडग**'= ખોટો (રૂપિયો) લેવડ-દેવડના વ્યવહારમાં બિનઉપયોગી '**रूवग**'= રૂપિયો, તેનું '**नायं**'= દૃષ્ટાંત '**भणंति**'= પ્રરૂપે છે '**तं पि**'= તે દૃષ્ટાંત પણ '**हु**'= વાક્યાલંકારમાં છે. '**परिभावणीयं ति**'= સ્વરૂપથી યોગ્ય હોવાથી વિચારવા યોગ્ય છે. ॥ १२८ ॥ ३/३४

આ દૃષ્ટાંતને જ સ્પષ્ટ કરે છે :-

दव्वेणं टंकेण य, जुत्तो छेओ हु रूवगो होइ ।
टंकविहूणो दव्वे, वि न खलु एगंतछेओ त्ति ॥ १२९ ॥ ३/३५

छाया :- द्रव्येण टङ्केन च युक्तः छेकः खलु रूपको भवति ।
टङ्कविहीनो द्रव्येऽपि न खलु एकान्तछेक इति ॥ ३५ ॥

गाथार्थ :- સોનું-રૂપું આદિ દ્રવ્યથી અને છાપથી એમ બંનેથી યુક્ત રૂપિયો સાચો-શુદ્ધ રૂપિયો છે. (આ પ્રથમ ભાંગો છે. (બીજો ભાંગો)- સોનું-રૂપું આદિ દ્રવ્યથી યુક્ત છે પણ છાપ નથી એવો રૂપિયો એકાન્તે શુદ્ધ અર્થાત્ સાચો નથી.

ટીકાર્થ :- '**दव्वेणं**'= સોનું-રૂપું આદિ દ્રવ્યથી '**टंकेण य**'= રૂપિયામાં જે ચિત્ર આપવામાં આવે છે તેને છાપ કહેવામાં આવે છે તે છાપથી '**जुत्तो**'= યુક્ત '**छेओ**'= સાચો શુદ્ધ '**हु**'= જ '**रूवगो**'= રૂપિયો '**होइ**'= થાય છે. (આ પહેલો ભાંગો શુદ્ધ છે.) '**टंकविहूणो**'= છાપ વગરનો '**दव्वे वि**'= સોનું, રૂપું આદિ દ્રવ્ય હોવા છતાં '**एगंतछेओ त्ति**'= એકાંતશુદ્ધ અર્થાત્ વ્યવહારમાં ઉપયોગી એવો સાચો રૂપિયો '**न खलु**'= નથી થતો. (આ બીજો ભાંગો છે- દ્રવ્ય છે પણ છાપ નથી- રૂપિયા તરીકે તેનો વ્યવહાર થાય નહિ.) ॥ ૧૨૯ ॥ ૩/૩૫.

अद्दव्वे टंकेण वि, कूडो तेण वि विणा उ मुद्द त्ति ।
फलमेत्तो एवं चिय, मुद्धाण पयारणं मुत्तुं ॥ १३० ॥ ३/३६

છાયા :- अद्रव्ये टङ्केनापि कूटस्तेनापि विना तु मुद्रेति ।
फलमित एवमेव मुग्धानां प्रतारणं मुक्त्वा ॥ ३६ ॥

ગાથાર્થ :- (ત્રીજો ભાંગો)- છાપ છે પણ જો સોનું રૂપું દ્રવ્ય ન હોય તો તે ખોટો જ રૂપિયો છે. (ચોથો ભાંગો)- છાપ પણ નથી અને દ્રવ્ય પણ નથી તો તે માત્ર ચિહ્ન જ છે આ રૂપિયાના દૃષ્ટાંતમાં બતાવેલા ચાર ભાંગા પ્રમાણે વંદનાનું પણ ફળ હોય છે. ખોટા રૂપિયાનું માત્ર ભોળા અજ્ઞાની જીવોને છેતરવા સિવાય બીજું કોઈ જ ફળ નથી.

ટીકાર્થ :- '**अद्दव्वे**'= સોના-રૂપા સ્વરૂપ દ્રવ્યનો અભાવ હોય પણ '**टंकेण वि**'= છાપથી યુક્ત હોય આ રૂપિયો પણ ખોટો છે. આ ત્રીજો ભાંગો છે. '**तेण वि विणा**'= છાપ અને દ્રવ્ય બંનેથી રહિત રૂપિયો એ '**मुद्द त्ति**'= ચિહ્નમાત્ર છે. આ ચોથો ભાંગો છે. '**एत्तो**'= વંદનાનું '**फलं**'= ફળ '**एवं चिय**'= આ ચાર ભાંગાવાળા રૂપિયાની જેમ જ છે. પ્રથમ ભાંગામાં દ્રવ્ય અને છાપ બંને છે તેથી તેનાથી સંપૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે. પાછળના ત્રણ ભાંગાવાળા રૂપિયાથી ફળ મળતું નથી. બીજા ભાંગામાં દ્રવ્ય છે પણ છાપ નથી એથી થોડું ઓછું ફળ મળે છે. છેલ્લા બે ભાંગાથી બિલકુલ ફળ નથી મળતું. '**मुद्धाण**'= અજ્ઞાની જીવોને '**पयारणं**'= ઠગવા '**मोत्तुं**'= સિવાય, અજ્ઞાની ભોળા જીવો ખોટા રૂપિયાથી છેતરાય જ છે. ॥ ૧૩૦ ॥ ૩/૩૬.

तं पुण अणत्थफलदं, नेहाहिगयं जमणुवओगि त्ति ।
आयगयं चिय एत्थं, चिंतिज्जइ समयपरिसुद्धं ॥ १३१ ॥ ३/३७

છાયા :- तत्पुनरनर्थफलदं नेहाधिकृतं यदनुपयोगीति ।
आत्मगतमेवात्र चिन्त्यते समयपरिशुद्धम् ॥ ३७ ॥

ગાથાર્થ :- સ્વ અને પર ઉભયને અનિષ્ટફળ આપનાર વંદનાનો અહીં અધિકાર નથી, કારણકે અહીં બિનઉપયોગી છે અહીં તો આગમથી વિશુદ્ધ એવી આત્મસંબંધી વંદનાનો જ વિચાર કરાય છે.

ટીકાર્થ :- '**तं पुण**'= તે વંદનાનો '**अणत्थफलंयं**'= સ્વ અને પરને અનિષ્ટ ફળ આપનારનો '**इह**'= અહીયાં '**अहिगयं**'= અધિકાર '**न**'= નથી '**जं**'= કારણકે '**अणुवओगि त्ति**'= તે ઉપયોગી નથી, '**आयगयं**'= આત્મસંબંધી '**समयपरिसुद्धं**'= આગમથી વિશુદ્ધ '**चिय**'= જ '**एत्थं**'= અહીં '**चिंतिज्जइ**'= વંદનાનો વિચાર કરાય છે.

પોતાની જ વંદનાનો વિચાર કરવાનો છે, બીજા જીવોની વંદનાનો વિચાર કરવાનો નથી, બીજા જીવો અશુદ્ધ વંદના કરતા હોય તો તેની નિંદા કરવી નહિ, આ તાત્પર્ય છે. ॥ ૧૩૧ ॥ ૩/૩૭

આ પ્રમાણે સાચા-ખોટા રૂપિયાના દૃષ્ટાંતને વંદનામાં યોજે છે :-

भावेणं वण्णादिहिं, चेव सुद्धेहिं वंदणा छेया ।
मोक्खफल च्चिय एसा, जहोइयगुणा य नियमेणं ॥ १३२ ॥ ३/३८

छाया :- भावेन वर्णादिभिश्चैव शुद्धैर्वन्दना छेका ।
मोक्षफलैव एषा यथोदितगुणा च नियमेन ॥ ३८ ॥

ગાથાર્થ :- સમ્યક્ત્વસ્વરૂપ અને ઉપયોગસ્વરૂપ ભાવથી યુક્ત તથા સૂત્રોના અક્ષરોના શુદ્ધ ઉચ્ચારપૂર્વક કરાતી વંદના એ શુદ્ધ વંદના છે. આ વંદના શાસ્ત્રમાં કહેલા ગુણોથી યુક્ત અવશ્ય મોક્ષફળને આપનારી છે. આ પ્રથમ ભાંગાવાળી વંદના છે.

ટીકાર્થ :- '**भावेणं**'= સમ્યક્ત્વરૂપ ભાવથી અને ઉપયોગરૂપ ભાવથી યુક્ત '**वण्णादिहिं**'= સૂત્રોના અક્ષરોનો ઉચ્ચાર તથા અર્થ વડે '**सुद्धेहिं**'= શુદ્ધ અર્થાત્ ઉચ્ચાર અને અવિપરીત અર્થથી યુક્ત '**वंदणा**'= વંદના '**छेया**'= શુદ્ધ છે, પ્રશસ્ત છે. '**मोक्खफल च्चिय एसा**'= ભાવ અને ક્રિયાથી યુક્ત આ વંદના મોક્ષને જ આપે છે. તેનાથી સંસાર અલ્પ બને છે, વધતો નથી. '**जहोइयगुणा य**'= શાસ્ત્રમાં પ્રતિપાદન કરાયેલા ગુણોથી યુક્ત '**णियमेणं**'= નિશ્ચયથી- વંદનાથી વિઘ્નો દૂર થાય છે વગેરે જે ફળ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યું છે તે આ ભાવવંદનાથી નિયમા પ્રાપ્ત થાય છે. **॥ १३२ ॥ ३/३८**

भावेणं वण्णादिहिं, तहा उ जा होइ अपरिसुद्ध त्ति ।
बीयगरूवसमा खलु, एसा वि सुह त्ति निदिट्ठा ॥ १३३ ॥ ३/३९

छाया :- भावेन वर्णादिभिस्तथा तु या भवति अपरिशुद्धेति ।
द्वितीयरूपकसमा खलु एषाऽपि शुभेति निर्दिष्टा ॥ ३९ ॥

ગાથાર્થ :- બીજા ભાંગાના રૂપિયા સમાન જે વંદના સમ્યક્ત્વ અને ઉપયોગરૂપ ભાવથી યુક્ત છે પણ અશુદ્ધ સૂત્રોચ્ચાર અને વિપરીત અર્થ વડે અશુદ્ધ છે, દોષિત છે, તેને પણ શુભ કહેવામાં આવે છે.

ટીકાર્થ :- '**जा**'= જે વંદના '**बीयगरूवसमा**'= બીજા ભાંગામાંના રૂપિયા સમાન '**भावेणं**'= સમ્યક્ત્વાદિ ભાવથી યુક્ત હોય પણ '**वण्णादिहिं**'= સૂત્રાક્ષરના ઉચ્ચાર તથા અર્થ વડે '**अपरिसुद्ध त्ति**'= અસંપૂર્ણ-વિકૃત-દોષિત. '**होइ**'= હોય છે. '**खलु**'= નિશ્ચે '**एसा वि**'= આ વંદના પણ '**सुह त्ति**'= શુભ '**निदिट्ठा**'= કહેવાઈ છે. કારણ કે શુદ્ધ ક્રિયા ન હોવા છતાં તે સમ્યગ્ ભાવથી યુક્ત છે અને ક્રિયા કરતાં ભાવની પ્રધાનતા હોય છે. **॥ १३३ ॥ ३/३९.**

भावविहूणा वण्णाइएहिं सुद्धा वि कूडरूवसमा ।
उभयविहुणा णेया, मुद्दप्पाया अणिट्ठफला ॥ १३४ ॥ ३/४०

छाया :- भावविहीना वर्णादिभिः शुद्धाऽपि कूटरूपसमा ।
उभयविहीना ज्ञेया मुद्राप्राया अनिष्टफला ॥ ४० ॥

ગાથાર્થ :- જે વંદના સમ્યક્ત્વાદિ ભાવથી રહિત છે પણ સૂત્રોચ્ચાર આદિથી શુદ્ધ છે તે ત્રીજા ભાંગાના ખોટા રૂપિયા જેવી છે. જે વંદના ભાવ અને ક્રિયા બંનેથી રહિત છે તે ચોથા ભાંગાના રૂપિયા જેવી માત્ર મુદ્રા સદૃશ અનિષ્ટફળ આપનારી જાણવી.

ટીકાર્થ :- '**भावविहूणा**'= સમ્યક્ત્વાદિ ભાવથી રહિત '**वण्णाइएहिं**'= સૂત્રોચ્ચારરૂપ ક્રિયાથી '**सुद्धा वि**'= દોષરહિત હોવા છતાં પણ '**कूडरूवसमा**'= ત્રીજા ભાંગાવાળા ખોટા રૂપિયા સમાન, '**उभयविहुणा**'=

ચોથા ભાંગાના રૂપિયા સમાન જે ભાવ અને ક્રિયા બંનેથી રહિત છે તે '**मुद्दप्पाया**'= ચિહ્નમાત્ર જેવી અર્થાત્ પોતાનું કાર્ય નહિ કરનારી '**अणिट्ठफला**'= ઈષ્ટ ફળને નહિ આપનારી '**णेया**'= જાણવી. ॥ १३४ ॥ ३/४०

રૂપિયાના દૃષ્ટાંતમાં ટંક= છાપને વંદનામાં ક્રિયા સમજવાની છે અને દ્રવ્યને ઠેકાણે ભાવ સમજવાનો છે.

આ (મુદ્રા=) ખોટા રૂપિયા જેવી વંદના કયા જીવોને હોય છે ? તે કહે છે :-

होइ य पाएणेसा, किलिट्ठसत्ताण मंदबुद्धीणं ।
पाएण दुग्गइफला, विसेसओ दुस्समाए उ ॥ १३५ ॥ ३/४१

छाया :- भवति च प्रायेण एषा क्लिष्टसत्त्वानां मन्दबुद्धीनाम् ।
प्रायेण दुर्गतिफला विशेषतो दुष्षमायां तु ॥ ४१ ॥

ગાથાર્થ :- આ અશુદ્ધ વંદના પ્રાયઃ ક્લિષ્ટ અધ્યવસાયવાળા મંદબુદ્ધિવાળા જીવોને હોય છે. તે પ્રાયઃ દુર્ગતિરૂપ ફળ આપે છે. દુઃષમ નામના આ પાંચમા આરામાં વિશેષે કરીને આ વંદના હોય છે.

ટીકાર્થ :- '**एसा**'= આ અશુદ્ધ વંદના '**किलिट्ठसत्ताणं**'= બહુ ક્લેશવાળા પાપી જીવોને '**मंदबुद्धीणं**'= જડ બુદ્ધિવાળા જીવોને, '**होइ य पाएण**'= પ્રાયઃ કરીને હોય છે. '**पाएण**'= ઘણું કરીને '**दुग्गइफला**'= વિશિષ્ટ ફળરહિત હોવાથી દુર્ગતિના ફળને આપનારી '**विसेसओ**'= વિશેષે કરીને '**दुस्समाए उ**'= પાંચમાં દુઃષમ આરામાં કાળના દોષથી હોય છે. ॥ १३५ ॥ ३/४१

अण्णे उ लोगिगि च्चिय, एसा नामेण वंदणा जइणी ।
जं तीइ फलं तं चिय, इमीए न उ अहिगयं किंचि ॥ १३६ ॥ ३/४२

छाया :- अन्ये तु लौकिक्येव एषा नाम्ना वन्दना जैनी ।
यत् तस्याः फलं तदेव अस्या न तु अधिकृतं किञ्चित् ॥ ४२ ॥

ગાથાર્થ :- બીજાઓ કહે છે કે ત્રીજા-ચોથા ભાંગાવાળી વંદના એ લૌકિક વંદના જ છે. ખાલી નામમાત્રથી તે જૈનવંદના છે કારણ કે લૌકિક વંદનાથી જે ફળ મળે છે તે જ ફળ આ વંદનાથી મળે છે. જૈનવંદનાનું જે ફળ શાસ્ત્રમાં કહ્યું છે તેમાંનું કાંઈપણ ફળ આ વંદનાથી મળતું નથી.

ટીકાર્થ :- '**अण्णे उ**'= બીજા આચાર્યો વળી આમ માને છે - '**एसा**'= આ ભાવ-ક્રિયા રહિત એવી વંદના '**लोगिगि च्चिय**'= લૌકિકી વંદના જ છે. '**जइणी**'= અક્ષર અને ક્રિયાના સામ્યપણાથી જૈનવંદના જેવી હોવા છતાં '**णामेण**'= નામમાત્રથી જ '**वंदणा**'= વંદના છે. '**जं**'= કારણકે '**तीइ फलं**'= લૌકિક વંદનાનું જે ફળ છે '**तं चिय**'= તે જ ફળ '**इमीए**'= આ જૈનવંદનાનું છે. '**अहिगयं किंचि न उ**'= અધિકૃત કાંઈ ફળ નથી હોતું. શાસ્ત્રમાં જૈનવંદનાનું જે અભ્યુદય, મોક્ષ વગેરે ફળ કહ્યું છે તેમાંનું કાંઈ પણ ફળ મળતું નથી. સામાન્યથી લૌકિકવંદનાથી પણ કાંઈક મળે છે એમ ઈચ્છાય છે તેથી આ અશુદ્ધ વંદના તેના સદૃશ હોવાથી તેનાથી એ લૌકિક વંદના જેવું ફળ મળે છે પણ એનાથી અધિક બીજું ફળ મળતું નથી એમ ભાવાર્થ છે. ॥ १३६ ॥ ३/४२

આ પ્રમાણે અન્યાચાર્યના મતને આશ્રયીને જે કહેવાયું છે તે કથંચિત્ યોગ્ય છે એમ બતાવતા કહે છે :-

एयं पि जुज्जइ च्चिय, तदणारंभाउ तप्फलं व जओ ।
तप्पच्चवायभावो वि, हंदि तत्तो न जुत्त त्ति ॥ १३७ ॥ ३/४३

छाया :- एतदपि युज्यत एव तदनारम्भात् तत्फलमिव यतः ।
तत्प्रत्यपायभावोऽपि हन्दि ततो न युक्त इति ॥ ४३ ॥

गाथार्थ :- બીજા આચાર્યોનો આ મત પણ ઘટે જ છે કારણ કે જૈનવંદનાની હજી શરૂઆત જ થઈ નથી તેથી તેની આરાધનાજન્ય ફળ જેમ નથી મળતું તેમ તેની વિરાધનાજન્ય અનિષ્ટફળ પણ આ લૌકિક વંદનામાં ઘટતું નથી.

ટીકાર્થ :- '**एयं पि जुज्जइ च्चिय**'= અશુદ્ધ વંદનાનું આ લૌકિકપણું ઘટે જ છે. '**तदणारंभाउ**'= જૈનીવંદનાની શરૂઆત નહિ થઈ હોવાથી '**तप्फलं व**'= જૈનીવંદનાની આરાધનાથી જન્ય સ્વર્ગપ્રાપ્તિ ક્ષુદ્રોપદ્રવની હાનિ વગેરે ફળોની જેમ '**जओ**'= જે કારણથી '**तप्पच्चवायभावोऽवि**'= જૈની વંદનાની વિરાધનાજન્ય ઉન્માદ આદિ અનિષ્ટ ફળ પણ '**तत्तो**'= આ અશુદ્ધ વંદનાથી '**ण जुत्त त्ति**'= ઘટતું નથી.

આનો ભાવાર્થ એ છે કે જો જૈનીવંદનાનો પ્રારંભ થયો હોત તો તેની આરાધનાથી ઈષ્ટફળ અને વિરાધનાથી અનિષ્ટફળની પ્રાપ્તિ થાત. લૌકિક વંદનામાં તે ઈષ્ટાનિષ્ટ બંને પ્રકારના ફળનો અભાવ હોય છે માટે આ અશુદ્ધવંદના એ લૌકિકી જ છે, કારણ કે સમ્યગ્દષ્ટિ જીવ જો અશુદ્ધ ક્રિયા કરે તો તેને ઉન્માદ વગેરે અનિષ્ટફળની પ્રાપ્તિ થાય છે. આ વંદનાથી એ અનિષ્ટફળની પ્રાપ્તિ થતી નથી માટે આ વંદના એ જૈનીવંદના નથી. **॥ १३७ ॥ ३/४३**

હવે આ વિષયમાં યુક્તિ બતાવે છે :-

जमुभयजणणसहावा, एसा विहिणेयरेहिं न उ अण्णा ।
ता एयस्साभावे, इमीए एवं कहं बीयं ॥ १३८ ॥ ३/४४

छाया :- यदुभयजननस्वभावा एषा विधिनेतरैर्न तु अन्या ।
तदेतस्याभावेऽस्यामेवं कथं बीजम् ॥ ४४ ॥

गाथार्थ :- વિધિથી કરાયેલી જૈનવંદના ઈષ્ટફળને આપવાના સ્વભાવવાળી છે અને અવિધિથી કરાયેલી તે અનિષ્ટફળને આપવાના સ્વભાવવાળી છે. જ્યારે લૌકિકવંદના એ પ્રમાણે ઈષ્ટાનિષ્ટફળને આપવાના સ્વભાવવાળી નથી. આ અશુદ્ધવંદનામાં બંને પ્રકારના ફળનો અભાવ હોવાથી તેમાં જૈનીવંદનાનું બીજ ક્યાંથી સંભવે ?

ટીકાર્થ :- '**जं**'= જે કારણથી '**विहिण**'= શાસ્ત્રોક્ત વિધિપૂર્વક કરાતી '**उभयजणणसभावा**'= સામગ્રીના ભેદથી જૈનીવંદના આરાધનાવિરાધનાજન્ય ઈષ્ટાનિષ્ટફળને આપવાના સ્વભાવવાળી હોય છે. '**इयरेहिं**'= અનેક પ્રકારની અવિધિથી કરાતી '**ण उ अण्णा**'= લૌકિકવંદના તેવા સ્વભાવવાળી નથી તે ઈષ્ટાનિષ્ટનો હેતુ નથી. પરમાર્થથી મિથ્યાદૃષ્ટિની વંદનામાં જૈનીવંદનાના સ્વરૂપનો જ અભાવ હોય છે. '**ता**'= તેથી '**एयस्स**'= ઈષ્ટાનિષ્ટ બંને પ્રકારના ફળના '**अभावे**'= અભાવમાં '**इमीए**'= જૈનવંદનાનું તેનાથી વિપરીત એવી આ વંદનામાં '**एवं**'= ઉપર કહેલા ન્યાયથી '**कहं बीयं**'= બીજ ક્યાંથી સંભવે? **॥ १३८ ॥ ३/४४**

तम्हा उ तदाभासा, अण्णा एस ि ति नायओ णेया ।
मोसाभासाणुगया, तदत्थभावानिओगेणं ॥ १३९ ॥ ३/४५

छाया :- तस्मात्तु तदाभासा अन्यैषेति न्यायतो ज्ञेया ।
मृषाभाषानुगता तदर्थभावानियोगेन ॥ ४५ ॥

ગાથાર્થઃ- તેથી આ ન્યાયથી આ વંદના જૈનીવંદનાના સદૃશ લાગતી હોવા છતાં તેનાથી ભિન્ન લૌકિક વંદના જ જાણવી. વળી સૂત્રોચ્ચાર કરવા છતાં તેના અર્થમાં આ વંદના કરનારને શ્રદ્ધા આદિ ભાવ ન હોવાથી તે મૃષાવાદથી યુક્ત છે.

ટીકાર્થ :- '**णायओ**'= ઉપરના શ્લોકમાં બતાવેલી યુક્તિથી '**तम्हा**'= ઈષ્ટાનિષ્ટફળને નહિ આપનારી હોવાથી '**तदाभासा**'= જૈનીવંદના સદૃશ લાગે છે પરંતુ '**अण्णा एसं ति**'= આ વંદના તેનાથી ભિન્ન લૌકિક છે. '**तदत्थभावाणिओगेणं**'= '**तदर्थे**'= વંદનાના અર્થરૂપ વસ્તુમાં '**भाव**'= શ્રદ્ધા આદિ અધ્યવસાયનો '**अनियोग**'= અવ્યાપાર હોવાથી નિયમા '**मोसाभासाणुगया**'= મૃષાવાદથી યુક્ત '**णेया**'= જાણવી. ॥ ૧૩૯ ॥ ૩/૪૫

સમ્યગ્વંદનાની દુર્લભતાનું પ્રતિપાદન કરતાં કહે છે :-

सुहफलजणणसहावा, चिंतामणीमाइए वि नाभव्वा ।
पावंति किं पुणेयं, परमं परमपयबीयं ति ॥ १४० ॥ ३/४६

છાયા :- शुभफलजननस्वभावात् चिन्तामण्यादिकानपि नाभव्याः ।
प्राप्नुवन्ति किं पुनरेतां परमां परमपदबीजमिति ॥ ४६ ॥

ગાથાર્થ :- અભવ્ય- અયોગ્ય જીવો શુભ ફળને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા ચિંતામણિરત્ન આદિને પણ પ્રાપ્ત કરતા નથી, તો પછી મોક્ષનું બીજ હોવાથી શ્રેષ્ઠ એવી આ ભાવવંદનાને શું પ્રાપ્ત કરે ? અર્થાત્ પ્રાપ્ત ન કરે.

ટીકાર્થ :- '**सुहफलजणणसहावा**'= શુભ ફળને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા '**चिंतामणिमाइए वि**'= ચિંતામણિરત્ન આદિને પણ, આદિ શબ્દથી કલ્પવૃક્ષ કામધેનુ ગાય આદિ વિશિષ્ટ વસ્તુનું ગ્રહણ કરવું. '**पावंति नाभव्वा**'= અયોગ્ય જીવો તેમને પ્રાપ્ત કરતા નથી. (અહીં ચિંતામણિ આદિના વિષયમાં 'અભવ્ય' શબ્દનો અર્થ 'અયોગ્ય' એવો કરવો, જ્યારે ભાવવંદનના વિષયમાં એનો અર્થ અભવ્ય જીવો એવો કરવો. '**परमं**'= પ્રધાન-શ્રેષ્ઠ એવી '**परमपयबीयं ति**'= મોક્ષના કારણભૂત હોવાથી '**किं पुण**'= શું પ્રાપ્ત કરે ? અર્થાત્ પ્રાપ્ત ન કરે. '**इयं**'= આ ભાવવંદનાને તેથી ભવ્ય જીવો જ પ્રાપ્ત કરે છે. ॥ ૧૪૦ ॥ ૩/૪૬

આ વિષયમાં જ વિશેષતા બતાવતા કહે છે :-

भव्वा वि एत्थ णेया, जे आसन्ना न जातिमेत्तेणं ।
जमणाइ सुए भणियं, एयं न उ इट्ठफलजणगं ॥ १४१ ॥ ३/४७

છાયા :- भव्या अप्यत्र ज्ञेया ये आसन्ना न जातिमात्रेण ।
यदनादि श्रुते भणितमेतन्न तु इष्टफलजनकम् ॥ ४७ ॥

ગાથાર્થ :- અહીં ભવ્યોમાં પણ જે આસન્નભવ્યો છે તે જ આ ભાવવંદનાને પામે છે. ભવ્યત્વ જાતિમાત્રથી જાતિભવ્યો આ ભાવવંદનાને પામતા નથી. કારણકે સિદ્ધાંતમાં જે ભવ્યત્વને અનાદિકાલીન કહ્યું છે, તે આ જાતિભવ્યત્વ એ ઈષ્ટફળને આપતું નથી.

ટીકાર્થ :- '**एत्थ**'= અહીં '**भव्वा वि**'= ભવ્યો પણ '**जे**'= જે '**आसन्ना**'= નજીક, અર્થાત્ મુક્તિની

નજીક છે તે આસન્નભવ્યો એમ અર્થ સમજવો. '**णेया**'= જાણવા. '**जातिमेत्तेणं**'= ભવ્યત્વ એવી જાતિમાત્રથી-અર્થાત્ જાતિભવ્યો '**न**'= નહીં '**जम**'= જે કારણથી '**अणाइ**'= અનાદિભવ્યત્વ '**सुए**'= સિદ્ધાંતમાં '**भणियं**'= કહેલું છે. '**एयं**'= આ ભવ્યત્વ અર્થાત્ જાતિભવ્યત્વ '**इट्ठफलजणगं**'= ઈષ્ટફળને આપનાર **'ण उ**'= થતું નથી.

સામગ્રીની પ્રાપ્તિ ન થતી હોવાથી બધા જ ભવ્યોને મુક્તિની પ્રાપ્તિ થતી નથી, જાતિભવ્યજીવોને મુક્તિ માટેની સામગ્રી જ પ્રાપ્ત થતી નથી તેથી તેઓની કદાપિ મુક્તિ થતી નથી, યોગ્યતામાત્ર સ્વરૂપ ભવ્યત્વને માનવામાં આવે તો મોક્ષમાં જનાર કેટલાક માત્ર ભવ્યોને જ તે ઈષ્ટ ફળને પ્રાપ્ત કરાવે છે. જેઓ મોક્ષે જાય છે તેમનામાં સામાન્યથી ભવ્યત્વ છે અર્થાત્ જાતિભવ્યત્વ નથી, 'મોક્ષે જાય તે ભવ્ય' એમ કહેલું છે. અરિહંત ભગવંતોએ ભવ્યનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે કે શુદ્ધ જીવોને જેનાથી આત્યંતિક એવી સિદ્ધિથી પરમનિર્વૃતિ થાય તે ભવ્યત્વ છે. ॥ ૧૪૧ ॥ ૩/૪૭

તેથી આસન્નભવ્યોનું જ અહીં ગ્રહણ કરવું એમ કહે છે :-

विहिअपओसो जेसिं, आसन्ना ते वि सुद्धिपत्त त्ति ।
खुद्दमिगाणं पुण, सुद्धदेसणा सिंहनादसमा ॥ १४२ ॥ ३/४८

छाया :- विध्यप्रद्वेषो येषामासन्नास्तेऽपि शुद्धिप्राप्तेति ।
क्षुद्रमृगाणां पुनः शुद्धदेशना सिंहनादसमा ॥ ४८ ॥

ગાથાર્થ :- જે જીવોને વિધિ પ્રત્યે દ્વેષ નથી તે જીવો પણ શુદ્ધિને પામેલા હોવાથી આસન્નભવ્ય છે. ક્ષુદ્ર જીવોરૂપ હરણોને શુદ્ધદેશના સિંહનાદ સમાન ત્રાસજનક છે.

ટીકાર્થ :- '**जेसिं**'= જેઓને '**विहिअपओसो**'= વિધિનો અદ્વેષ (દ્વિષાભાવ) છે '**आसण्णा ते वि**'= તેઓ પણ આસન્નભવ્ય છે. '**सुद्धिपत्त त्ति**'= શુદ્ધિને પામેલા છે તેથી-વિધિ કરવા માટે વિશિષ્ટ ક્ષયોપશમ આવશ્યક હોવાથી વિધિનો અદ્વેષ પણ શુદ્ધિથી જ પ્રાપ્ત થતો હોવાથી તેઓ પણ આસન્નભવ્ય છે. **खुद्दमिगाणं**= હરણ જેવા ડરપોક ક્ષુદ્રજીવોને '**सुद्धदेसणा**'= કરાતી એવી વિધિમાર્ગસંબંધી દેશના '**सिंहणादसमा**'= ત્રાસજનક હોવાથી સિંહની ગર્જના સમાન થાય છે. જેથી શાસ્ત્રમાં કહ્યું છે કે 'શુદ્ધ દેશના એ ખરેખર ક્ષુદ્રજીવરૂપી હરણોના ટોળાને ત્રાસ આપનાર હોવાથી સિંહની ગર્જના સમાન છે.' ॥ ૧૪૨ ॥ ૩/૪૮

આથી પ્રજ્ઞાપકે તેઓને જેનાથી ઉપકાર થાય એવી જ દેશના આપવી યુક્ત છે. એવી દેશનાથી તેઓનો મોક્ષમાર્ગમાં પ્રવેશ થાય છે જે તેમના માટે હિતકર છે. આ પ્રમાણે પ્રજ્ઞાપકનો ઉપદેશ આપતા કહે છે :-

आलोचिऊण एवं, तंतं पुव्वावरेण सूरीहिं ।
विहिजत्तो कायव्वो, मुद्धाण हियट्ठया सम्मं ॥ १४३ ॥ ३/४९

छाया :- आलोच्य एवं तन्त्रं पूर्वापरेण सूरिभिः ।
विधियत्नः कर्तव्यो मुग्धानां हितार्थाय सम्यक् ॥ ४९ ॥

ગાથાર્થ :- આચાર્યોએ પૂર્વે કહ્યું તેમ પૂર્વાપરનો વિરોધ ન આવે તે રીતે શાસ્ત્રને વિચારીને મુગ્ધ જીવોના હિત માટે વંદનની વિધિમાં સમ્યગ્ ઉદ્યમ કરવો જોઈએ.

ટીકાર્થ :- '**एवं**'= આ પ્રમાણે '**तंतं**'= '**तनूयि विस्तारे**' ધાતુને '**त्र**' પ્રત્યય લાગીને '**तन्त्र**' શબ્દ બન્યો

છે, જેના વડે વિસ્તારથી અર્થો જણાવાય છે તે તન્ત્ર કહેવાય છે. આ વ્યુત્પત્તિથી તન્ત્ર શબ્દનો અર્થ સૂત્ર થાય છે. '**णुव्वावरेण**'= પૂર્વાપરનો વિરોધ ન આવે એ રીતે '**आलोचिऊण**'= વિચારીને '**सम्मं**'= અવિપરીત રીતે '**सूरीहिं**'= આચાર્યો વડે '**विहिजत्तो**'= વિધિમાં યત્ન '**कायव्वो**'= કરવો, તે સંબંધી ઉપદેશ આપવો. '**मुद्धाण**'= અજ્ઞાની જીવોનું '**हियट्ठया**'= હિત કરવા માટે.

જેઓ વિધિનું પાલન કરે છે, અથવા જેઓને વિધિમાં આદર-બહુમાન છે અથવા જેઓને તેમાં આદર નથી પણ છેવટે તેમાં દ્વેષ તો નથી જ એવા આસન્નભવ્ય જીવોને વિધિનો ઉપદેશ આપવો જોઈએ. કારણકે તેનાથી તેઓનું હિત થાય છે, પરંતુ જેમને વિધિ પ્રત્યે દ્વેષ છે તેવા ક્ષુદ્ર જીવોને વિધિનો ઉપદેશ આપવો નહિ કારણકે એનાથી તેમનું અહિત થાય છે. ॥ ૧૪૩ ॥ ૩/૪૯

વિધિમાં યત્ન કરવાનું શા માટે કહેવામાં આવે છે ? તે કહે છે :-

तिव्वगिलाणादीणं, भेसजदाणाइयाइं नायाइं ।
दट्ठव्वाइं इहं खलु, कुग्गहविरहेण धीरेहिं ॥ १४४ ॥ ३/५०

છાયા :- तीव्रग्लानादीनां भैषज्यदानादिकानि ज्ञातानि ।
द्रष्टव्यानि इह खलु कुग्रहविरहेण धीरैः ॥ ५० ॥

ગાથાર્થ :- પ્રસ્તુત વંદનામાં ધીર પુરુષોએ અશાસ્ત્રીય કદાગ્રહનો ત્યાગ કરીને અતિશયગ્લાન આદિને ઔષધપ્રદાન આદિના દૃષ્ટાંતો જોવા.

ટીકાર્થ :- '**तिव्वगिलाणदीणं**'= અતિશય બીમાર આદિના, 'આદિ' શબ્દથી અહીં મધ્યમ બીમાર અને જઘન્ય બીમારનું ગ્રહણ કરવું. '**भेसजदाणाइयाइ**'= ભેષજનું પ્રદાન આદિ, ''આદિ' શબ્દથી અહીં ઔષધ, પવન વગરનું સ્થાન, શ્રમ ન કરવો વગેરેનું ગ્રહણ થાય છે. '**कुग्गहविरहेण**'= કદાગ્રહનો ત્યાગ કરવા વડે '**धीरेहिं**'= ધીર વિદ્વાનો વડે '**नायाईं**'= દૃષ્ટાંતો '**इहं**'= વંદનાના આ અધિકારમાં '**खलु**'= નિશ્ચયથી '**दट्ठव्वाइं**'= જોવા. આ '**खलु**' શબ્દ ભિન્નક્રમવાળો છે અર્થાત્ '**इह**'ની સાથે તે લખેલો હોવા છતાં તેની સાથે તેનો અર્થ કરવાનો નથી. પરંતુ '**दट्ठव्वाईं**'ની સાથે તેનો અર્થ જોડવાનો છે. અર્થાત્ નિશ્ચે જોવા જ. કારણકે આ દૃષ્ટાંતો જોવા દ્વારા જ વિધિમાં યત્ન સમ્યગ્ રીતે કરી શકાશે. જે પ્રજ્ઞાપક ભિન્ન ભિન્ન કક્ષાવાળા પુરુષોને ઓળખી શકે છે તે જ તેમને અનુરૂપ દેશના વડે તેમનું હિત કરી શકે છે. જેમ તીવ્ર બીમારને જે ઔષધાદિ હિતકર બને છે તે જઘન્ય બીમારને હિતકર બનતું નથી. તેમ વંદનાના વિષયમાં પણ આસન્નભવ્ય આદિ વિશિષ્ટ પુરુષને ઓળખીને પછી તે પ્રમાણે તેને વિધિનો ઉપદેશ આપવામાં પ્રયત્ન કરવો યોગ્ય છે. ॥ ૧૪૪ ॥ ૩/૫૦

॥ ત્રીજું ચૈત્યવંદનવિધિ નામનું પંચાશક પૂર્ણ થયું. ॥

• • •

॥ ચોથું પૂજાવિધિ - પંચાશક ॥

વંદના કરવાને યોગ્ય અને વંદનામાં પ્રવૃત્ત થયેલા પુરુષે પૂજા કરવી યોગ્ય છે માટે હવે પૂજાવિધિ પ્રકરણ કહે છે :-

नमिऊण महावीरं, जिणपूजाए विहिं पवक्खामि ।
संखेवओ महत्थं, गुरूवएसाणुसारेण ॥ १४५ ॥ ४/१

छाया :- नत्वा महावीरं जिनपूजाया विधिं प्रवक्ष्यामि ।
सङ्क्षेपतो महार्थं गुरूपदेशानुसारेण ॥ १ ॥

ગાથાર્થ :- શ્રી **મહાવીરસ્વામી** ભગવાનને નમસ્કાર કરીને હું જિનપૂજાની મહાન અર્થવાળી વિધિને ગુરુભગવંતના ઉપદેશને અનુસારે સંક્ષેપથી કહીશ.

ટીકાર્થ :- '**महावीरं**'= **મહાવીરસ્વામી**ને '**नमिऊण**'= પ્રણામ કરીને (માતાપિતા વડે તેમનું **'વર્ધમાન'** એ નામ પાડવામાં આવ્યું છે પણ દેવોના દેવ ઇંદ્ર વડે તેમનું **'મહાવીર'** નામ પાડવામાં આવ્યું છે. આ **'મહાવીર'** નામ આગમમાં પ્રસિદ્ધ છે કારણ કે **શ્રી કલ્પસૂત્ર**માં પાઠ મળે છે કે, "દેવ-મનુષ્ય-અસુરલોકમાં શ્રમણ ભગવાન **મહાવીર** સ્તુતિ કરાય છે.") '**संखेवओ**'= સંક્ષેપથી '**महत्थं**'= જેનું મહાન અર્થ એટલે પ્રયોજન છે તે '**गुरूवएसाणुसारेण**'= આચાર્યના ઉપદેશના અનુસારે '**जिणपूजाए**'= જિનપ્રતિમાની પૂજાની '**विहिं**'= વિધિને '**पवक्खामि**'= કહીશ.

શાસ્ત્રમાં શ્રાવકધર્મના કર્તવ્યોનું વિધાન કરતી વખતે શ્રાવકને માટે જિનપૂજા એ મહાન ઉપકારક છે એમ પ્રતિપાદન કરવામાં આવ્યું જ છે. જિનપૂજા કરવાથી શ્રાવકને આ પ્રમાણે લાભ થાય છે :-

(૧) તીર્થંકર પરમાત્માના અતિશયોનું જ્ઞાન થાય છે, પોતે જેમની પૂજા કરી રહ્યો છે એ તીર્થંકર પરમાત્માનું સ્વરૂપ વિચારતા તેમના ૩૪ અતિશયોનું તથા સમવસરણની રચના અને આઠ મહાપ્રાતિહાર્ય વડે તેમની દેવો જે પૂજા કરે છે. તેનું જ્ઞાન થાય છે.

(૨) પૂજા કરવાથી શુભ ભાવની વૃદ્ધિ થવા દ્વારા મોક્ષમાર્ગમાં પ્રગતિ થાય છે.

(૩) સર્વ કામગુણની પ્રાપ્તિ થાય છે, '**काम**= શબ્દ, રૂપ અને **गुण**= રસ, ગંધ, સ્પર્શ- અર્થાત્ ભૌતિક ભોગોપભોગના સર્વ સાધનોની પ્રાપ્તિ થાય છે.

(૪) મન પ્રસન્ન થાય છે, નિર્મળ બને છે.

(૫) મૃત્યુ વખતે સમાધિ મળે છે.

(૬) સમકિત, દેશવિરતિ આદિ ગુણોનો ક્ષયોપશમ થાય છે, ગુણોની પ્રાપ્તિ થાય છે.

(૭) પરંપરાએ શિષ્યોનું હિત થાય છે. વડીલોને પૂજા કરતાં જોઈને તેમના આશ્રિતો પણ પૂજા કરવા પ્રેરાય છે એ રીતે તેમનું હિત થાય છે.

(૮) પૂજા કરતી વખતે જિનેશ્વરદેવના ગુણોની સ્મૃતિ થાય છે.

(૯) વિધિપૂર્વક કરાતી પૂજાને જોઈને સમકિતદૃષ્ટિ દેવો પ્રસન્ન થઈને સાન્નિધ્ય કરે છે.

(૧૦) દેવતાનું સાન્નિધ્ય જોઈને બીજા ભદ્રક જીવોને ભગવાનની પૂજા કરવામાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

(૧૧) દ્રવ્યપૂજામાં થતી હિંસા એ માત્ર સ્વરૂપહિંસા છે- દોષરૂપ નથી, જ્યારે એનાથી પ્રગટતા વિરતિના પરિણામથી સર્વથા હિંસાનો ત્યાગ થાય છે- આમ ગુરુલાઘવ- લાભાલાભની વિચારણા કરવાથી ક્ષયોપશમ વૃદ્ધિ પામે છે.

(૧૨) પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે.

(૧૩) કોઈક ભાગ્યશાળીને તેનાથી સર્વથા કર્મક્ષય થઈને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(૧૪) પરભવમાં બોધિ-જૈનધર્મની પ્રાપ્તિ થાય છે.

જિનપૂજા આવી ઉપકારક હોવાથી દુઃખરૂપી સમુદ્રમાંથી પાર પામવાની ઈચ્છાવાળા અને આત્યન્તિક એકાન્તિક હિતની ઈચ્છાવાળા શ્રાવકે સર્વલોકને પૂજ્ય એવા અરિહંત ભગવંતની પૂજા કરવી જોઈએ. ॥ ૧૪૫ ॥ ૪/૧

વિધિનું વર્ણન શા માટે કરાય છે ? તે કહે છે :-

विहिणा उ कीरमाणा, सव्व च्चिय फलवती हवति चेट्ठा ।
इहलोइया वि किं पुण, जिणपूया उभयलोगहिया ॥ १४६ ॥ ४/२

छाया :- विधिना तु क्रियमाणा सर्वैव फलवती भवति चेष्टा ।
ऐहलौकिक्यपि किं पुनः जिनपूजा उभयलोकहिता ॥ २ ॥

ગાથાર્થ :- માત્ર આ લોકમાં જ ફળ આપનારી ખેતી વગેરે સઘળી જ ક્રિયા જો વિધિપૂર્વક કરવામાં આવે તો જ સફળ બને છે તો ઉભયલોકમાં હિતકારી જિનપૂજા તો અવશ્ય વિધિપૂર્વક કરવામાં આવે તો જ સફળ બને.

ટીકાર્થ :- '**इहलोइया वि**'= આલોકસંબંધી પણ '**चेट्ठा**'= રાજસેવા, ખેતી વગેરે ક્રિયા '**विहिणा उ**'= વિધિ વડે જ, ઉપાય વડે જ '**कीरमाणा**'= કરાતી '**सव्व च्चिय**'= બધી જ '**फलवती**'= સફળ '**हवंति**'= થાય છે. તો '**उभयलोगहिया**'= આલોક અને પરલોક એમ ઉભયલોકમાં ફળ આપનારી હોવાથી ઉભયલોકમાં હિતકારી એવી '**जिणपूया**'= જિનપૂજા વિશે '**किं पुण**'= તો શું કહેવું ? ॥ ૧૪૬ ॥ ૪/૨

વિધિ જણાવે છે :-

काले सुइभूएणं, विसिट्ठपुप्फाइएहिं विहिणा उ ।
सारथुइथोत्तगरुई, जिणपूजा होइ कायव्वा ॥ १४७ ॥ ४/३

छाया :- काले शुचिभूतेन विशिष्टपुष्पादिभिः विधिना तु ।
सारस्तुतिस्तोत्रगुर्वी जिनपूजा भवति कर्तव्या ॥ ३ ॥

ગાથાર્થ :- પૂજાને માટે યોગ્ય શાસ્ત્રોક્ત કાળે પવિત્ર થઈને વિધિપૂર્વક વિશિષ્ટ પુષ્પો આદિથી અને ઉત્તમ સ્તુતિ-સ્તોત્રોથી વિસ્તૃત જિનપૂજા કરવી જોઈએ.

ટીકાર્થ :- '**सुइभूएणं**'= પવિત્ર થયેલા પૂજા માટે અધિકારી પુરુષ વડે '**काले**'= આગળ વર્ણન કરવામાં આવશે તે પૂજા માટેના યોગ્ય કાળે '**विसिट्ठपुप्फाइएहिं**'= યોગ્ય પુષ્પ-વસ્ત્ર આદિથી '**विहिणा**

उ'= શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે '**सारथुइथोत्तगरुई**'= શ્રેષ્ઠ એવા સ્તુતિ અને સ્તોત્રથી વિસ્તૃત, 'પુષ્પાદિ' શબ્દમાં આદિ શબ્દથી સ્તુતિ-સ્તોત્રનું ગ્રહણ થઈ જતું હોવા છતાં તેમનું પૃથગ્ ગ્રહણ કરવાનું કારણ એ છે કે તેમનાથી પૂજ્ય પ્રત્યે વિશેષ બહુમાન સંભવતું હોવાથી પૂજ્યોનું વિશેષ ગૌરવ થાય છે. એવી રૂઢિ છે- સ્તુતિ એક શ્લોક પ્રમાણ હોય છે, સ્તોત્ર અનેક શ્લોક પ્રમાણ હોય છે, '**जिणपूजा**'= જિનપૂજા '**होइ कायव्वा**'= કરવી જોઈએ. ॥ ૧૪૭ ॥ ૪/૩

હવે ઉપરની ગાથાના દરેક પદનું સંક્ષેપથી વ્યાખ્યાન કરે છે :-

कालम्मि कीरमाणं, किसिकम्मं बहुफलं जहा होइ ।
इय सव्व च्चिय किरिया, नियनियकालम्मि विण्णेया ॥ १४८ ॥ ४/४

छाया :- काले क्रियमाणं कृषिकर्म बहुफलं यथा भवति ।
इति सर्वैव क्रिया निजनिजकाले विज्ञेया ॥ ४ ॥

गाथार्थ :- જેમ યોગ્ય કાળે કરાતી ખેતી ઘણા ધાન્યને પકવનારી થાય છે. તેમ દરેકેદરેક ક્રિયાઓ પોતપોતાના યોગ્ય સમયે કરવાથી સફળ થાય છે એમ જાણવું.

टीकार्थ :- '**कालम्मि**'= પોતાને ઉચિત અવસરે '**कीरमाणं**'= કરાતું '**किसिकम्मं**'= લોકોમાં પ્રસિદ્ધ ખેતીનું કાર્ય '**बहुफलं**'= ઘણા ધાન્યને પકાવનાર '**जहा**'= જેમ '**होइ**'= થાય છે. '**इय**'= એ પ્રમાણે '**सव्व च्चिय**'= બધી જ '**किरिया**'= ક્રિયાઓ '**नियनियकालम्मि**'= પોતપોતાના ઉચિત અવસરે કરવાથી '**विण्णेया**'= સફળ થાય છે એમ જાણવું. ॥ ૧૪૮ ॥ ૪/૪

सो पुण इह विण्णेओ, संझाओ तिण्णि ताव ओहेण ।
वित्तिकिरियाऽविरुद्धो, अहवा जो जस्स जावइओ ॥ १४९ ॥ ४/५

छाया :- सः पुनरिह विज्ञेयः सन्ध्याः त्रीस्त्रः तावदोधेन ।
वृत्तिक्रियाऽविरुद्धोऽथवा यो यस्य यावत्कः ॥ ५ ॥

गाथार्थ :- ઉત્સર્ગથી પૂજા માટેનો યોગ્યકાળ ત્રણ સંધ્યા સમય જાણવો. અથવા અપવાદથી શ્રાવકને પોતાની આજીવિકાના સાધનભૂત ધંધો નોકરી આદિમાં વાંધો ન આવે તે સમય અને જેટલો સમય મળે એટલો જાણવો.

टीकार्थ :- '**ओहेण**'= સામાન્યથી ઉત્સર્ગમાર્ગે '**इह**'= પૂજામાં '**संझाओ तिण्णि**'= ત્રણ સંધ્યા સમય '**सो पुण**'= તે કાળ '**विण्णेओ**'= જાણવો. '**अहवा**'= અથવા અપવાદમાર્ગે '**वित्तिकिरियाऽविरुद्धो**'= '**वित्तिकिरिया**'= શિલ્પ, વેપાર વગેરે પોતાની આજીવિકાના ઉપાયોને બાધક ન બને તે, '**जो**'= જે સમય '**जस्स**'= અથવા પૂજા કરનાર શ્રાવકને '**जावइओ**'= પૂજા કરવાનો પરિણામ જેટલો સમય રહે એટલો સમય પૂજાનો જાણવો. ॥ ૧૪૯ ॥ ૪/૫

પોતાની આજીવિકાના ઉપાયોમાં વાંધો ન આવે એ સમયે પૂજા કરવાનું શા માટે પ્રશસ્ત ગણાય છે ? તે કહે છેઃ-

पुरिसेणं बुद्धिमया, सुहवुड्ढिं भावओ गणंतेणं ।
जत्तेणं होयव्वं, सुहाणुबंधप्पहाणेण ॥ १५० ॥ ४/६

छाया :- पुरुषेण बुद्धिमता शुभवृद्धिं भावतो गणयता ।
यत्नेन भवितव्यं शुभानुबन्धप्रधानेन ॥ ६ ॥

ગાથાર્થ :- પરમાર્થથી પોતાની સુખવૃદ્ધિને ઇચ્છતાં બુદ્ધિમાન પુરુષે એવો પ્રયત્ન કરવો જોઇએ કે જેથી કલ્યાણની પરંપરાનો વિચ્છેદ ન થાય, પરંતુ વૃદ્ધિ થાય.

ટીકાર્થ :- '**पुरिसेणं बुद्धिमया**'= બુદ્ધિમાન પુરુષે '**सुहवुड्ढि**'= પુણ્યની પુષ્ટિને (સુખની વૃદ્ધિને) '**भावतः**'= પરમાર્થથી '**गणंतेणं**'= ઇચ્છતા '**जत्तेणं**'= સર્વ આદરવાળા (પ્રયત્નવાળા) '**होयव्वं**'= થવું જોઇએ. '**सुहाणुबंधप्पहाणेण**'= કુશળના અનુબંધ (પરંપરા)માં તત્પર. અર્થાત્ જે રીતે પુણ્યની પરંપરા પ્રગટ થાય, તેનો વિચ્છેદ ન થાય એ રીતે યત્ન કરવો જોઇએ. અને તે કુશળની પરંપરા પોતાની આજીવિકાના ઉપાયોને વાંધો ન આવે એવા સમયે પૂજા કરવાથી જ પ્રાપ્ત થાય છે. ॥ ૧૫૦ ॥ ૪/૬

એનાથી ઉલ્ટું કરવામાં અર્થાત્ આજીવિકાને બાધ થાય તે સમયે પૂજા કરવાથી થતાં દોષને બતાવે છે :-

वित्तिवोच्छेयम्मि य, गिहिणो सीयंति सव्वकिरियाओ ।
निरवेक्खस्स उ जुत्तो, संपुण्णो संजमो चेव ॥ १५१ ॥ ४/७

छाया :- वृत्तिव्यवच्छेदे च गृहिणः सीदन्ति सर्वक्रियाः ।
निरपेक्षस्य तु युक्तः सम्पूर्णः संयमश्चैव ॥ ७ ॥

ગાથાર્થ :- આજીવિકાને બાધ થાય તે સમયે પૂજા કરવાથી, આજીવિકાનો વિચ્છેદ થાય છે. તેનાથી ગૃહસ્થની ધર્મની અને લોકવ્યવહારની બધી જ ક્રિયાઓ સીદાય છે. આજીવિકામાં નિઃસ્પૃહને તો સંપૂર્ણ સંયમ લેવું જ યોગ્ય છે.

ટીકાર્થ :- '**वित्तिवोच्छेयम्मि य**'= અને આજીવિકાના ઉપાયનો વિચ્છેદ થવાથી '**गिहिणो**'= ગૃહસ્થની '**सव्वकिरियाओ**'= ધાર્મિક અને લોકવ્યવહારની બધી જ ક્રિયાઓ '**सीयंति**'= સીદાય છે, પ્રવર્તતી નથી. '**निरवेक्खस्स**'= આજીવિકામાં અને સર્વ ક્રિયાઓમાં નિઃસ્પૃહ ગૃહસ્થ માટે તો '**संपुण्णो**'= સંપૂર્ણ '**संजमो चेव**'= સાધુધર્મ જ '**जुत्तो**'= યુક્ત છે, અર્થાત્ ગૃહસ્થ સાધુની જેમ આજીવિકા અને લોકવ્યવહારથી નિરપેક્ષ રહી શકે નહિ. ॥ ૧૫૧ ॥ ૪/૭

तासिं अविरोहेणं, आभिग्गहिओ इहं मतो कालो ।
तत्थावोच्छिण्णो जं, निच्चं तक्करणभावो त्ति ॥ १५२ ॥ ४/८

छाया :- तासामविरोधेनाभिग्राहिक इह मतः कालः ।
तत्राव्यवछिन्नो यन्नित्यं तत्करणभाव इति ॥ ८ ॥

ગાથાર્થ :- આજીવિકા આદિ સર્વ ક્રિયાઓમાં વિરોધ ન આવે તે રીતે જિનપૂજા કરવાનો અભિગ્રહ એ જ અહીં પૂજાનો કાળ સંમત છે. કારણ કે અભિગ્રહ હોય તો પ્રતિદિન પૂજા કરવાનો ભાવ અખંડ રહે છે.

ટીકાર્થ :- '**तासिं**'= તે સર્વ ક્રિયાઓમાં '**अविरोहेणं**'= બાધા ન આવે એ રીતે '**इह**'= જિનપૂજામાં '**आभिग्गहिओ**'= અભિગ્રહથી યુક્ત- અર્થાત્ પ્રતિનિયત '**कालो**'= અવસર '**मतो**'= સંમત છે. '**जं**'= જે કારણથી '**तत्थ**'= સામાન્ય રીતે કોઈપણ વસ્તુનો અભિગ્રહ હોય તો- અહીં કાલવિષયક અભિગ્રહ હોય તો '**अवोच्छिन्नो**'= નિરંતર તેની પ્રવૃત્તિ કરવાના અનુબંધવાળો '**निच्चं**'= હંમેશા '**तक्करणभावो त्ति**'= પૂજાને કરવાનો અધ્યવસાય અખંડ રહે છે. ॥ ૧૫૨ ॥ ૪/૮

(૪-૩) ગાથામાં 'પવિત્ર થઈને' એમ કહ્યું છે તેનું વિવરણ કરે છે :-

तत्थ सुइणा दुहा वि हु, दव्वे ण्हाएण सुद्धवत्थेण ।
भावे उ अवत्थोचिय- विसुद्धवित्तिप्पहाणेण ॥ १५३ ॥ ४/९

छाया :- तत्र शुचिना द्विधाऽपि खलु द्रव्ये स्नातेन शुद्धवस्त्रेण ।
भावे तु अवस्थोचितविशुद्धवृत्तिप्रधानेन ॥ ९ ॥

ગાથાર્થ :- તેમાં પૂજા કરનાર શ્રાવક દ્રવ્યથી અને ભાવથી એમ બંને પ્રકારે પવિત્ર બનેલો હોવો જોઈએ. દેશથી અથવા સર્વથી સ્નાન કરેલું હોય અને શુદ્ધ અથવા શ્વેત વસ્ત્રો પહેરેલા હોય તે દ્રવ્યથી પવિત્ર બનેલો છે અને પોતાની અવસ્થાને ઉચિત વિશુદ્ધ - લગભગ નિર્દોષ આજીવિકામાં પ્રયત્નશીલ શ્રાવક એ ભાવથી પવિત્ર છે.

ટીકાર્થ :- '**तत्थ**'= તેમાં અર્થાત્ ૪-૩ ગાથામાં જે '**शुचिभूतेन**'= દ્વાર કહ્યું છે તેમાં કઈ રીતે તે પવિત્ર બનેલો હોય તેનું વર્ણન કરે છે, '**सुइणा**'= પવિત્રતાથી યુક્ત '**दुहा वि**'= દ્રવ્યથી અને ભાવથી એમ બંને પ્રકારે '**दव्वे**'= દ્રવ્યશૌચમાં '**ण्हाएण**'= હાથ-પગ વગેરે અવયવો ધોયા તે દેશથી સ્નાન છે. અને સર્વ અવયવોને ધોવા તે સર્વસ્નાન છે. આ બંને પ્રકારમાંથી કોઈ એક વડે સ્નાન કરેલું હોય. '**सुद्धवत्थेण**'= શુદ્ધ અથવા શ્વેત વસ્ત્રો પહેરેલા હોય. '**भावे उ**'= ભાવશૌચમાં વળી '**अवत्थोचिय-विसुद्धवित्तिप्पहाणेण**'= દેશકાળ અને પુરુષસંબંધી અવસ્થાને અર્થાત્ પોતાની ભૂમિકાને યોગ્ય એવી વિશુદ્ધ-લગભગ નિર્દોષ આજીવિકાને માટે આદરવાળો અર્થાત્ પ્રયત્નશીલ હોય- આમ દ્રવ્ય અને ભાવ બંને પ્રકારે પવિત્ર બનીને શ્રાવકે પૂજા કરવી જોઈએ, એમ ભાવ છે. ॥ ૧૫૩ ॥ ૪/૯

હવે સ્નાન કરવામાં જીવોના વધનો સંભવ હોવાથી સ્નાન કરવું. એ દુષ્ટ છે એમ આશંકા કરીને કહે છે:-

ण्हाणाइ वि जयणाए, आरंभवओ गुणाय नियमेणं ।
सुहभावहेउओ खलु, विण्णेयं कूपणाएणं ॥ १५४ ॥ ४/१०

छाया :- स्नानाद्यपि यतनया आरम्भवतो गुणाय नियमेन ।
शुभभावहेतुतः खलु विज्ञेयं कूपज्ञातेन ॥ १० ॥

ગાથાર્થ :- આરંભવાળાને જયણાપૂર્વક સ્નાનાદિ પણ અવશ્ય લાભ માટે થાય છે કારણકે સ્નાનાદિ શુભભાવનું કારણ છે. આ વિષયમાં કૂવાનું દૃષ્ટાંત જાણવું.

ટીકાર્થ :- '**ण्हाणाइ वि**'= સ્નાનાદિ પણ '**जयणाए**'= ત્રસજીવની રક્ષારૂપ જયણાથી, શાસ્ત્રને અનુસારે જયણા કરનાર વડે '**आरंभवओ**'= ધન, સ્વજન, શરીર, ઘર આદિના નિમિત્તે આરંભ કરનાર શ્રાવકને '**सुहभावहेउओ**'= શુભભાવનો હેતુ હોવાથી જ '**नियमेणं**'= અવશ્ય '**गुणाय**'= ઉપકાર માટે થાય છે. '**कूपणाएणं**'= કૂવાના દૃષ્ટાંત વડે '**विण्णेयं**'= જાણવું.

સ્નાનાદિપૂર્વક પૂજા કરનારને શુભ ભાવ આવે છે એ દરેકને પોતાને અનુભવસિદ્ધ છે તેમ વિશિષ્ટલોકમાં પણ સિદ્ધ છે, માટે તેમાં કોઈપણ જાતનો વિવાદ નથી. કૂપનું ઉદાહરણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, જેમ કૂવો ખોદવામાં ખોદનારને તરસ લાગે છે, થાક લાગે છે અને શરીર તથા કપડાં મલિન થાય છે પરંતુ પછીથી તેમાંથી નીકળેલા પાણી વડે એ બધું જ નષ્ટ થઈ જાય છે. તેમ સ્નાનાદિમાં જોકે થોડો ઘણો આરંભનો સંભવ છે છતાં પણ તેમાંથી થતા શુભભાવવડે પૂજાના વિશુદ્ધ અધ્યવસાયવાળાને ઘણા

કર્મનો ક્ષય થતો હોવાથી તે મહાન ઉપકારક બને છે. આમ સ્નાનાદિને માટે કૂપખનનનું જે દૃષ્ટાંત આપ્યું છે તે સંગત છે. ॥ ૧૫૪ ॥ ૪/૧૦

પૂર્વે ૪-૩ ગાથામાં જયણા વડે સ્નાનાદિ કરવામાં આવે તો તે ગુણને માટે થાય છે. એમ જે કહ્યું છે તે જયણાને હવે કહે છે :-

भूमिपेहणजलछाणणाइ जयणा उ होइ ण्हाणाओ ।
एत्तो विसुद्धभावो अणुहवसिद्धो च्चिय बुहाणं ॥ १५५ ॥ ४/११

છાયા :- भूमिप्रेक्षण-जलच्छाणनादिः यतना तु भवति स्नानादौ ।
इतो विशुद्धभावोऽनुभवसिद्ध एव बुधानाम् ॥ ११ ॥

ગાથાર્થ :- સ્નાન જ્યાં કરવાનું હોય તે ભૂમિ જીવરહિત હોય એનું નિરીક્ષણ કરવું તથા પાણી ગાળવું વગેરે જયણા છે. આવી જયણા પાળવાથી વિશુદ્ધભાવ પ્રગટે છે એ વિદ્વાનોને અનુભવસિદ્ધ જ છે.

ટીકાર્થ :- '**भूमिपेहण**'= જ્યાં સ્નાન કરવું છે તે ભૂમિમાં કીડીના નગરા વગેરે જીવજંતુઓ ન હોય એનું નિરીક્ષણ કરવું જોઈએ. '**जलछाणणाइ**'= સ્નાન કરવા માટેનું પાણી ગાળીને લેવું જેથી પોરા વગેરે જીવોની હિંસા ન થાય. 'આદિ' શબ્દથી તેમાં આગંતુક માખી-મચ્છર વગેરે જીવો ન પડે તેની કાળજી રાખવી એ '**जयणा**'= જયણા '**होइ**'= છે. '**ण्हाणाओ**'= સ્નાન આદિમાં, અર્થાત્ સ્નાન-વિલેપન-પુષ્પમાળા આદિમાં પોરા વગેરે તેની અંદર ઉત્પન્ન થતા એવા યોનિજ જીવો અને માખી-મચ્છર વગેરે આગંતુક જીવો ન હોય એની જયણા રાખવી. '**एत्तो**'= આ જયણાથી '**विसुद्धभावो**'= પૂજા સંબંધી જ વિશુદ્ધ અધ્યવસાય '**बुहाणं**'= વિદ્વાનોને '**अणुहवसिद्धो**'= અનુભવસિદ્ધ '**च्चिय**'= જ છે. ॥ ૧૫૫ ॥ ૪/૧૧

પૂજા અવસરે આરંભના ભયથી સ્નાનાદિ પવિત્રતા જાળવવામાં ન આવે તો શું દોષ લાગે ? તે કહે છે :-

अन्नत्थारंभवओ, धम्मेऽणारंभओ अणाभोगो ।
लोए पवयणखिंसा, अबोहिबीयं ति दोसाय ॥ १५६ ॥ ४/१२

છાયા :- अन्यत्रारम्भवतो धर्मेऽनारम्भकोऽनाभोगः ।
लोके प्रवचनखिंसा अबोधिबीजमिति दोषाय ॥ १२ ॥

ગાથાર્થ :- સંસારના કાર્યોમાં આરંભ કરનાર ગૃહસ્થ જો ધર્મના કાર્યમાં આરંભ ન કરે તો એ તેની અજ્ઞાનતા છે. પૂજા કરતી વખતે જો સ્નાનાદિ પવિત્રતા જાળવવામાં ન આવે તો શાસનની નિંદા થાય જેનાથી અબોધિનું બીજ પડે છે આ દોષ છે.

ટીકાર્થ :- '**अन्नत्थ**'= પોતાના ઘરના કાર્યોમાં '**आरंभवओ**'= આરંભ કરનાર શ્રાવક '**धम्मे**'= ધર્મના કાર્યમાં '**अणारंभओ**'= આરંભ ન કરે તો '**अणाभोगो**'= તે શાસ્ત્રસંમત આરંભનો ત્યાગ કરતો હોવાથી અજ્ઞાની છે, શાસ્ત્રમાં કહ્યું હોવાથી તે પૂજાના અવસરે સ્નાનાદિ આરંભ કરે છે, કાંઈ પોતાની સ્વેચ્છાથી નથી કરતો, માટે એ આરંભનો ત્યાગ કરવો એ અજ્ઞાનતા છે, '**लोए**'= લોકમાં '**पवयणखिंसा**'= શાસનની નિંદા '**अबोहिबीयं ति**'= અબોધિનું બીજ છે આમ '**दोसाय**'= તે દોષ માટે થાય છે.

સર્વ વિશિષ્ટ લોકો શરીરની શુદ્ધિ કરીને જ દેવપૂજાદિ કાર્ય કરે છે તે લોકવ્યવહાર સાચવવામાં ન આવે

અને સ્નાન કર્યા વગર જો પૂજા કરવામાં આવે તો લોકોમાં જૈનશાસનની નિંદા થાય છે જે અબોધિનું બીજ છે. અર્થાત્ ભવાંતરમાં તેને જૈનશાસન મળતું નથી. આ દોષને ટાળવા માટે દ્રવ્યથી સ્નાનાદિથી પવિત્ર થઈને અને ભાવથી નિર્દોષ આજીવિકા દ્વારા પવિત્ર થઈને પૂજા કરવી જઈએ. ॥ ૧૫૬ ॥ ૪/૧૨

તેનો વિપક્ષ-અપવિત્રતાનો વ્યવચ્છેદ કરવા માટે કહે છે :-

अविसुद्धा वि हु वित्ती, एवं चिय होइ अहिगदोसा उ ।
तम्हा दुहा वि सुइणा, जिणपूया होइ कायव्वा ॥ १५७ ॥ ४/१३

छाया :- अविशुद्धाऽपि खलु वृत्तिरेवमेव भवति अधिकदोषा तु ।
तस्माद् द्विधाऽपि शुचिना जिनपूजा भवति कर्तव्या ॥ १३ ॥

ગાથાર્થ :- શ્રાવકને અનુચિત એવો સાવદ્ય આજીવિકાનો ઉપાય તે પણ આ જ પ્રમાણે અધિક દોષનું કારણ છે, માટે દ્રવ્યથી અને ભાવથી એમ બંને પ્રકારે પવિત્ર થઈને જિનપૂજા કરવી જોઈએ.

ટીકાર્થ :- '**अविसुद्धा वि**'= શ્રાવકની અવસ્થાને અર્થાત્ શ્રાવકપણાને અનુચિત એવો સાવદ્ય '**हु**'= વાક્યાલંકાર માટે છે. '**वित्ती**'= આજીવિકાનો ઉપાય '**एवं चिय**'= શાસનની નિંદા વગેરેની જેમ '**अहिगदोसा उ**'= ઘણા દોષોનું કારણ '**होइ**'= થાય છે. '**तम्हा**'= તેથી '**दुहा वि**'= દ્રવ્ય અને ભાવ એમ બંને પ્રકારે '**सुइणा**'= પવિત્ર શ્રાવકે '**जिणपूया**'= જિનપૂજા '**होइ कायव्वा**'= કરવી જોઈએ. ॥ ૧૫૭ ॥ ૪/૧૩

૪-૩ ગાથામાં વિશિષ્ટ પુષ્પ આદિથી પૂજા કરવાનું કહ્યું છે તે પુષ્પ આદિ દ્રવ્યોને વાચક ઉપર અનુગ્રહ કરવા માટે વ્યક્તિગત નામ ગણાવવાપૂર્વક જણાવે છે :-

गंधवरधूवसव्वोसहीहिं उदगाइएहिं चित्तेहिं ।
सुरहिविलेवणवरकुसुमदामबलिदीवएहिं च ॥ १५८ ॥ ४/१४

छाया :- गन्धवरधूपसर्वौषधिभिरुदकादिभिः चित्रैः ।
सुरभिविलेपन-वरकुसुमदाम-बलिदीपकैश्च ॥ १४ ॥

सिद्धत्थयदहिअक्खयगोरोयणमाइएहिं जहलाभं ।
कंचणमोत्तियरयणादिदामएहिं च विविहेहिं ॥ १५९ ॥ ४/१५ ॥ जुग्गं ॥

छाया :- सिद्धार्थकदधिअक्षतगोरोचनादिभिः यथालाभम् ।
कञ्चनमौक्तिकरत्नादिदामकैश्च विविधैः ॥ १५ ॥ युग्मम् ॥

ગાથાર્થ :- સુગંધી દ્રવ્યો, ઉત્તમ ધૂપ, સર્વ પ્રકારની સુગંધી ઔષધિઓ, જુદી જુદી જાતના પાણી વગેરે, સુગંધી ચંદન વગેરેનું વિલેપન, ઉત્તમ સુગંધી પુષ્પોની માળા, નૈવેદ્ય, દીપક, સરસવ, દહીં, ચોખા, ગોરોચન આદિ, સુવર્ણ મોતી, મણિ વગેરેની વિવિધ માળાઓ- આવા ઉત્તમ દ્રવ્યોથી પોતાની શક્તિને અનુસારે જિનપૂજા કરવી જોઈએ.

ટીકાર્થ :- '**गंध**'= વિશિષ્ટ સુગંધી દ્રવ્યો '**वरधूव**'= ઉત્તમ કાલાગરૂ વગેરે પ્રસિદ્ધ ધૂપ '**सव्वोसहीहिं**'= પ્રસિદ્ધ એવી સર્વૌષધિ અથવા સર્વ પ્રકારની સુગંધી ઔષધિ- 'ગંધ, વરધૂવ અને સર્વૌષધિ' આ ત્રણ શબ્દોનો દ્વન્દ્વસમાસ કરીને પછી તૃતીયા વિભક્તિ કરી છે અર્થાત્ આ ત્રણેય પ્રકારના દ્રવ્યોથી, તેમજ '**उदगाइएहिं चित्तेहिं**'= વિવિધ પ્રકારના પાણી વડે '**सुरहिविलेवण**'= ચંદનાદિ સુગંધી વિલેપન

'**वरकुसुमदाम**'= શ્રેષ્ઠ સુગંધી પુષ્પમાળા '**बलि**'= નૈવેદ્ય '**दीवएहिं**'= દીપક- 'સુરભિ વિલેપન, વરકુસુમ દામ, બલિ અને દીવ'- બધા શબ્દોનો દ્વન્દ્વસમાસ કરીને પછી તૃતીયા વિભક્તિ કરી છે અર્થાત્ આ બધા દ્રવ્યો વડે, તેમજ '**सिद्धत्थय**'= સરસવ, '**दहिअक्खय**'= દહીંથી મિશ્રિત ચોખા અથવા દહીં અને ચોખા '**गोरोयणमाइएहिं**'= ગાયના પિત્તમાંથી બનતું પ્રસિદ્ધ એવું ગોરોચન, 'આદિ' શબ્દથી બીજા પણ મંગળ ઉત્તમ દ્રવ્યોનું ગ્રહણ થાય છે.- આ સિદ્ધત્થય વગેરે શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને તેમના વડે એમ તૃતીયા વિભક્તિનો પ્રયોગ છે, **जहलाभं**= પોતાની સંપત્તિના અનુસારે '**कंचणमोत्तियरयणाइ-दामएहिं**'= કનકાવલિ, મુક્તાવલિ, રત્નાવલિ વગેરે '**विविहेहिं**'= વિવિધ પ્રકારની માળાઓ વડે- જિનપૂજા કરવી જોઈએ. ॥ ૧૫૮ ॥ ૪/૧૪, ॥ ૧૫૯ ॥ ૪/૧૫

પૂજામાં ઉત્તમપ્રકારના પુષ્પ આદિ દ્રવ્યોનો ઉપયોગ કરવાનું શા માટે કહેવાય છે ? તે જણાવે છે :-

पवरेहिं साहणेहिं, पायं भावो वि जायए पवरो ।
न य अण्णो उवओगो, एएसि सयाण लट्ठयरो ॥ १६० ॥ ४/१६

છાયા :- प्रवरैः साधनैः प्रायः भावोऽपि जायते प्रवरः ।
न च अन्य उपयोग एतेषां सतां लष्टतरः ॥ १६ ॥

ગાથાર્થ :- ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરવાથી પ્રાયઃ ભાવ પણ ઉત્તમ ઉત્પન્ન થાય છે તથા પુણ્યોદયથી મળેલી ઉત્તમ વસ્તુઓનો જિનપૂજા સિવાય બીજો કોઈ ઉત્તમ ઉપયોગ નથી.

ટીકાર્થ :- '**पवरेहिं**'= ઉત્કૃષ્ટ '**साहणेहिं**'= પૂજાના ઉપકરણ, દ્રવ્યો વડે '**पायं**'= ઘણું કરીને '**भावो वि**'= ભાવ પણ '**पवरो**'= ઉત્તમ '**जायए**'= થાય છે. કોઈ વખત અનુત્કૃષ્ટ દ્રવ્યો વડે પૂજા કરનારને પણ ઉત્કૃષ્ટ ક્ષયોપશમ વિશેષથી ઉત્તમ ભાવ આવે છે જ્યારે ક્લિષ્ટ કર્મના ઉદયવાળા કોઈકને ઉત્તમદ્રવ્યોથી પૂજા કરવા છતાં ઉત્તમ ભાવ પ્રગટતો નથી. માટે 'પ્રાયઃ' શબ્દનું ગ્રહણ કર્યું છે. લગભગ તો સહકારી કારણભૂત પૂજાના વિશિષ્ટ દ્રવ્યો વડે વિશિષ્ટ પ્રકારનો ઉત્તમ ભાવ આવે છે. કહ્યું છે કેઃ- ''જે કારણથી ઉત્તમગુણવાળા દ્રવ્યો વડે ભાવમાં અધિકપણું આવે છે આથી વ્યવહારનય દ્રવ્ય વડે વિપુલ નિર્જરા થાય એમ કહે છે.'' '**एएसि**'= ઉત્તમ દ્રવ્યોનો '**सयाण**'= વિદ્યમાન, પોતાને મળેલા એવા '**लट्ठयरो**'= વધારે સુંદર, વધારે ઈષ્ટ '**ण य अण्णो उवओगो**'= પોતાના ઈષ્ટફળની સિદ્ધિરૂપ ઉપયોગ વ્યાપાર આના કરતાં અર્થાત્ જિનપૂજા સિવાય બીજો નથી. ॥ ૧૬૦ ॥ ૪/૧૬.

ઉત્તમ ભાવને પ્રગટ કરવા માટે ઉત્તમ પ્રકારના પૂજાના દ્રવ્યોનો ઉપયોગ કરવાનો ઉપદેશ અપાય છે તો ભાવની આટલી બધી પ્રધાનતા શા માટે છે ? તે જણાવે છે :-

इयलोयपारलोइयकज्जाणं पारलोइयं अहिगं ।
तं पि हु भावपहाणं, सो वि य इय कज्जगम्मो त्ति ॥ १६१ ॥ ४/ १७

છાયા :- इहलोकपारलौकिककार्ययोः पारलौकिकमधिकम् ।
तदपि खलु भावप्रधानं सोऽपि च इति कार्यगम्य इति ॥ १७ ॥

ગાથાર્થ :- આલોક અને પરલોકના કાર્યોમાં પરલોકનું કાર્ય અધિક છે. તે પરલોકનું કાર્ય ભાવની પ્રધાનતાવાળું છે. તે ભાવ કાર્યથી જાણી શકાય છે.

ટીકાર્થ :- '**इयलोयपारलोइयकज्जाणं**'= આલોક અને પરલોકના કાર્યોની મધ્યમાં '**पारलोइयं**'=

પરલોકનું કાર્ય '**अहिगं**'= મુખ્ય છે કારણ કે વિદ્વાનોને મન આલોક કરતાં પરલોકની મુખ્યતા અધિક હોય છે- (આલોક એ અલ્પકાળ પૂરતો સીમિત છે. જ્યારે પરલોક એ લાંબો ભવિષ્યકાળ છે.) '**तं पि हु**'= તે પરલોક સંબંધી ધર્મકાર્ય '**भावपहाणं**'= ભાવની પ્રધાનતાવાળું છે. '**सो पुण**'= તે ભાવ પણ '**इय**'= આ પ્રમાણે '**कज्जगम्मो**'= કાર્યથી જાણી શકાય છે. અર્થાત્ પોતાની શક્તિના અનુસારે જો પૂજામાં ઉત્તમ દ્રવ્યોનો ઉપયોગ કરે તો તે વ્યક્તિમાં ઉત્તમ ભાવ રહેલો છે એમ જણાય છે જો તેને તીર્થંકર પરમાત્માના પ્રત્યે બહુમાન ન હોય તો તે પૂજા માટે ઉત્તમ દ્રવ્યો લાવે નહિ. '**त्ति**'= 'ઇતિ' શબ્દ હેતુ અથવા પરિસમાપ્તિના અર્થમાં છે. ॥ **१६१** ॥ **४/१७**

હવે આ વિષયનો ઉપસંહાર કરતાં કહે છે :-

ता नियविहवणुरूवं, विसिट्ठपुप्फाइएहिं जिणपूया ।
कायव्वा बुद्धिमया, तम्मी बहुमाणसारा य ॥ १६२ ॥ ४/१८

छाया :- तत् निजविभवानुरूपं विशिष्टपुष्पादिभिः जिनपूजा ।
कर्तव्या बुद्धिमता तस्मिन् बहुमानसारा च ॥ १८ ॥

गाथार्थ :- તેથી બુદ્ધિમાન પુરુષે સ્વસંપત્તિઅનુસાર વિશિષ્ટ પુષ્પ આદિથી અને જિનેશ્વરદેવ ઉપર બહુમાનપૂર્વક જિનપૂજા કરવી જોઈએ.

टीकार्थ :- '**ता**'= તેથી '**बुद्धिमया**'= બુદ્ધિમાન પુરુષે '**नियविहवणुरूवं**'= પોતાના વૈભવને સદૃશ- આ ક્રિયા વિશેષણ છે. '**विसिट्ठपुप्फाइएहिं**'= પૂર્વે કહેલા વિશિષ્ટ પુષ્પાદિ દ્રવ્યોથી '**जिणपूया**'= જિનપૂજા '**कायव्वा**'= કરવી જોઈએ. '**तम्मी**'= જિનેશ્વર ભગવાનના પ્રત્યે '**बहुमाणसारा य**'= અંતરંગ પ્રીતિવિશેષ એ બહુમાન છે. વિશિષ્ટ પ્રકારના બહુમાનથી વિશિષ્ટ પ્રકારના ફળની સિદ્ધિ થાય છે. ॥ **१६२** ॥ **४/१८**

४-७ ગાથામાં પૂજા 'વિધિપૂર્વક કરવી જોઈએ' એમ કહ્યું છે તે વિધિને હવે સંક્ષેપથી કહે છે :-

एसो चेव इह विही विसेसओ सव्वमेव जत्तेण ।
जह रेहइ तह सम्मं, कायव्वमणण्णचेट्ठेणं ॥ १६३ ॥ ४/१९

छाया :- एस एव इह विधिः विशेषतः सर्वमेव यत्नेन ।
यथा शोभते तथा सम्यक् कर्तव्यमनन्यचेष्टेन ॥ १९ ॥

गाथार्थ :- પૂજામાં સામાન્યથી તો અહીં સુધી [ચોથીથી અઢારમી ગાથા સુધીમાં] બતાવેલ વિધિ જ છે. વિશેષથી વિધિ આ છે કે પૂજા કરતી વખતે કાયાની બીજી બધી જ ચેષ્ટા છોડીને પૂર્વે કહેવામાં આવેલી બધી જ વિધિ ખૂબ જ આદરપૂર્વક જે રીતે શોભે તે રીતે ભાવપૂર્વક કરવી જોઈએ.

टीकार्थ :- '**एसो चेव**'= આ ચોથીથી અઢારમી ગાથા સુધીમાં બતાવવામાં આવેલ જ '**इह**'= પૂજામાં '**विही**'= વિધિ-ઉપદેશ-ઉપાય છે, '**विसेसओ**'= વિશેષથી વિધિ આ છે કે '**सव्वमेव**'= પૂર્વે કહેલી બધી જ વિધિ '**जत्तेण**'= આદરપૂર્વક '**जह रेहति तह**'= જે રીતે શોભે તે રીતે '**सम्मं**'= સમ્યક્ ભાવપૂર્વક '**अणण्णचेट्ठेणं**'= શરીર સંબંધી ખંજવાળવું વગેરે બીજી કોઈપણ ચેષ્ટા કરવાનું છોડીને '**कायव्वं**'= કરવી જોઈએ. પ્રતિમાજીને વિલેપન એવી રીતે કરવું તથા પુષ્પો અલંકાર આદિ એવી રીતે ચડાવવા કે જેથી તે સુંદર શોભાને આપે, શોભાયમાન લાગે. ॥ **१६३** ॥ **४/१९.**

वत्थेण बंधिऊण, नासं अहवा जहासमाहीए ।
वज्जेयव्वं तु तदा, देहम्मि वि कंडुयणमाई ॥ १६४ ॥ ४/२०

છાયા :- वस्त्रेण बद्ध्वा नासमथवा यथासमाधिः ।
वर्जयितव्यं तु तदा देहेऽपि कण्डूयनादिः ॥ २० ॥

ગાથાર્થ :- આઠ પડવાળા મુખકોશ વડે અથવા સમાધિ ટકે એ રીતે સામાન્યથી વસ્ત્ર વડે નાસિકા બાંધીને પૂજા કરવી જોઈએ. (જેથી દુર્ગંધી શ્વાસોચ્છ્વાસ, થૂંક આદિ પ્રભુને ન લાગે.) પૂજા કરતી વખતે પોતાના શરીરને ખંજવાળવું વગેરે ચેષ્ટાનો ત્યાગ કરવો જોઈએ.

ટીકાર્થ :- '**वत्थेण**'= વસ્ત્ર વડે '**णासं**'= નાસિકાને આઠ પડ વડે '**बंधिऊण**'= ઢાંકીને '**अहवा जहासमाहीए**'= અથવા ચિત્તની સ્વસ્થતા જળવાય એ રીતે સામાન્યથી (આઠ પડ વગરના પણ) વસ્ત્ર વડે બાંધીને '**तदा**'= જિનપૂજા કરતી વખતે '**देहम्मि वि**'= શરીરને વિશે '**कंडुयणमाई**'= ખંજવાળવું આદિનો '**वज्जेयव्वं**'= ત્યાગ કરવો, 'આદિ' શબ્દથી દેહનો સંસ્કાર, શોભા, શરીરને ચોળવું વગેરે ક્રિયાનું ગ્રહણ કરવું. **॥ १६४ ॥ ४/२०**

વિધિમાં યત્ન કરવાનું શા માટે પ્રશસ્ત ગણાય છે ? તે કહે છે :-

भिच्चा वि सामिणो इय, जत्तेण कुणंति जे उ सनिओगं ।
होंति फलभायणं ते, इयरेसि किलेसमेत्तं तु ॥ १६५ ॥ ४/२१

છાયા :- भृत्या अपि स्वामिन इति यत्नेन कुर्वन्ति ये तु स्वनियोगम् ।
भवन्ति फलभाजनं ते इतरेषां क्लेशमात्रं तु ॥ २१ ॥

ગાથાર્થ :- જે સેવકો પણ રાજા વગેરે પોતાના સ્વામીસંબંધી પોતાના વ્યાપારને આ રીતે આદરથી કરે છે તે સેવકો ફળના પાત્ર થાય છે. બીજાઓને માત્ર ક્લેશ જ પ્રાપ્ત થાય છે.

ગાથાર્થ :- '**जे उ**'= જે '**भिच्चा वि**'= સેવકો પણ '**सामिणो**'= રાજા વગેરે સ્વામીસંબંધી '**इय जत्तेण**'= આ પ્રમાણે યત્નપૂર્વક '**सणिओगं**'= (હજામત કરવી, શરીરને માલિશ કરવી વગેરે) પોતાની ક્રિયાને '**कुणंति**'= કરે છે '**ते**'= તે સેવકો '**फलभायणं**'= આ લોકસંબંધી યોગફળના પાત્ર '**होंति**'= થાય છે '**इयरेसि**'= બીજા સેવકો અવિનીત હોવાથી '**किलेसमेत्तं तु**'= માત્ર ક્લેશને જ પ્રાપ્ત કરે છે અર્થાત્ આલોકસંબંધી ફળને પ્રાપ્ત કરતા નથી.

રાજાની હજામત કરતી વખતે હજામ વસ્ત્ર વડે નાસિકાને બાંધે છે તો પછી ત્રણ લોકના સ્વામીની પૂજા કરતી વખતે તો આ બધી વિધિ સાચવવી જ જોઈએ. **॥ १६५ ॥ ४/२१**

भुवणगुरूण जिणाणं पि, विसेसओ एवमेव दट्ठव्वं ।
ता एवं चिय पूया, एयाण बुहेहिं कायव्वा ॥ १६६ ॥ ४/२२

છાયા :- भुवनगुरूणां जिनानां तु विशेषत एवमेव दृष्टव्यम् ।
तत एवमेव पूजा एषां बुधैः कर्तव्या ॥ २२ ॥

ગાથાર્થ :- જો સામાન્ય રાજા આદિનો આટલો વિનય કરવાનો છે તો પછી ત્રણ ભુવનના ગુરુ જિનેશ્વરદેવનો તો વિશેષથી વિનય કરવો જોઈએ, માટે વિદ્વાનોએ જિનેશ્વરદેવોની પૂજા આ રીતે આદરપૂર્વક યત્નથી વિધિ સાચવીને કરવી જોઈએ.

टीकार्थ :- '**भुवणगुरूण**'= ત્રણ ભુવનના ગુરુ '**जिणाणं तु**'= જિનેશ્વરદેવની '**विसेसओ**'= વિશેષથી પણ '**एवमेव**'= આ પ્રમાણે જ અર્થાત્ આદરથી પૂજાની વિધિમાં યત્ન કરનારને જ પૂજાનું ફળ મળે છે એમ '**दट्ठव्वं**'= જાણવું. '**ता**'= તેથી '**एयाण**'= જિનેશ્વરદેવોની '**बुहेहिं**'= વિદ્વાનોએ '**एवं चिय**'= યત્નથી વિધિપૂર્વક જ '**पूया**'= પૂજા '**कायव्वा**'= કરવી જોઈએ. ॥ १६६ ॥ ४/२२

४-१८ ગાથામાં જે 'तस्मिन् बहुमानसारा' એમ કહ્યું હતું તે બહુમાન વિશે કહે છે :-

बहुमाणोऽवि हु एवं, जायइ परमपयसाहगो नियमा ।
सारथुइथोत्तसहिया, तह य चितिवंदणाओ य ॥ १६७ ॥ ४/२३

छाया :- बहुमानोऽपि खलु एवं जायते परमपदसाधको नियमात् ।
सारस्तुतिस्तोत्रसहितात् तथा च चैत्यवन्दनाद् तु ॥ २३ ॥

गाथार्थ :- વિધિપૂર્વક પૂજા કરવાથી મોક્ષસાધક બહુમાન પણ અવશ્ય થાય છે. વળી સારભૂત સ્તુતિ-સ્તોત્રોથી સહિત ચૈત્યવંદનથી પણ બહુમાન થાય છે.

टीकार्थ :- '**एवं**'= આ પ્રમાણે વિધિપૂર્વક પૂજા કરનારને '**परमपयसाहगो**'= મુક્તિને સાધી આપનાર '**बहुमाणोऽवि**'= જિનેશ્વરદેવના પ્રત્યે આંતરિક પ્રીતિવિશેષરૂપ બહુમાન પણ '**नियमा**'= અવશ્ય '**जायइ**'= થાય છે. '**तह य**'= તે જ પ્રમાણે '**सारथुइथोत्तसहिया**'= સારભૂત એવા સ્તુતિ અને સ્તોત્ર સહિત '**चितिवंदणाओ य**'= ચૈત્યવંદનથી પણ બહુમાન થાય છે. ॥ १६७ ॥ ४/२३

सारभूत स्तुति-स्तोत्रनुं स्वरूप कहे छे :-

सारा पुण थुइथोत्ता, गंभीरपयत्थविरइया जे उ ।
सब्भूयगुणुक्कित्तणरूवा खलु ते जिणाणं तु ॥ १६८ ॥ ४/२४

छाया :- साराणि पुनः स्तुति-स्तोत्राणि गम्भीरपदार्थविरचितानि यानि तु ।
सद्भूतगुणोत्कीर्तनरूपाणि खलु तानि जिनानान्तु ॥ २४ ॥

गाथार्थ :- જે ગંભીર શબ્દો અને અર્થોથી રચાયેલા હોય તેમજ જેમાં જિનેશ્વરદેવોના સદ્ભૂત (સાચા) ગુણોનું કીર્તન હોય તેવા સ્તુતિ-સ્તોત્રો સારભૂત છે.

टीकार्थ :- '**गंभीरपयत्थविरइया**'= ગંભીર શબ્દો અને અર્થોથી જે રચાયા હોય અર્થાત્ ભરેલા હોય, 'પદો અને અર્થો'= પદાર્થો આ દ્વન્દ્વ સમાસ કર્યો છે પછી ''ગંભીર એવા પદાર્થો= ગંભીરપદાર્થો'' એમ કર્મધારય સમાસ કર્યો છે. ''ગંભીરપદાર્થો વડે રચાયેલા'' ગંભીરપદાર્થવિરચિતા''- આ તૃતીયા તત્પુરુષ સમાસ કર્યો છે. તુચ્છ શબ્દોનો નહિ પણ ગંભીર શબ્દોનો પ્રયોગ કર્યો હોય એ પદોનું ગંભીરપણું છે અને મહાન-બુદ્ધિશાળી કવિઓએ રચેલા હોવાથી સૂક્ષ્મ બુદ્ધિ વડે જેનો અર્થ સમજી શકાય એવો હોય તે અર્થનું ગંભીરપણું છે. '**जिणाणं तु**'= જિનેશ્વરદેવસંબંધી '**सब्भूयगुणुक्कित्तणरूवा**'= વિદ્યમાન સાચા નિરુપચરિત ગુણોનું કીર્તન કરવા સ્વરૂપ '**ते**'= તે '**सारा पुण**'= પ્રધાન-શ્રેષ્ઠ-સારભૂત '**थुइथोत्ता**'= સ્તુતિ અને સ્તોત્રો હોય છે.

આમ કહેવા દ્વારા સ્તુતિ-સ્તોત્રના વિષયભૂત એવા જિનેશ્વરદેવોનું માહાત્મ્ય બતાવે છે. મહાન વિષયભૂત એવા જિનેશ્વરદેવોને વિશે તેમના વાસ્તવિક ગુણોને આશ્રયીને કરાતું અનુષ્ઠાન જ કલ્યાણકારી થાય છે એ ન્યાય બતાવવા માટે આ પ્રમાણે કહ્યું છે. ॥ १६८ ॥ ४/२४

આવા સ્તુતિ-સ્તોત્રો શાથી પ્રશસ્ત ગણાય છે ? તે કહે છે :-

तेसिं अत्थाहिगमे, नियमेणं होइ कुसलपरिणामो ।
सुंदरभावा तेसिं, इयरम्मि वि रयणनाएणं ॥ १६९ ॥ ४/२५

छाया :- तेषामर्थाधिगमे नियमेन भवति कुशलपरिणामः ।
सुन्दरभावात् तेषामितरस्मिन्नपि रत्नज्ञातेन ॥ २५ ॥

ગાથાર્થ :- સ્તુતિ-સ્તોત્રોના અર્થનું જ્ઞાન થતાં અવશ્ય શુભ પરિણામ થાય છે. અર્થનું જ્ઞાન ન હોય તો પણ સ્તુતિ-સ્તોત્રો સુંદર હોવાથી રત્નના દૃષ્ટાંતથી શુભ પરિણામ થાય છે.

ટીકાર્થ :- '**तेसिं**'= તે સ્તુતિસ્તોત્રોના '**अत्थाहिगमे**'= અર્થનું જ્ઞાન થતાં સ્તુતિ કરનારને '**णियमेणं**'= અવશ્ય '**कुसलपरिणामो**'= શુભ ભાવ '**होइ**'= થાય છે. '**सुंदरभावा तेसिं**'= તે સ્તુતિ-સ્તોત્ર સુંદર હોવાથી '**इयरम्मि वि**'= તે સ્તુતિ-સ્તોત્રના અર્થનું જ્ઞાન ન હોય તેને પણ તેવા પ્રકારના સ્તોત્રની અપેક્ષાએ '**रयणणाएणं**'= રત્નના દૃષ્ટાંતથી શુભ ભાવ થાય છે. **॥ १६९ ॥ ४ / २५**

રત્નનું દૃષ્ટાંત કહે છે :-

जरसमणाई रयणा, अण्णायगुणा वि ते समिंति जहा ।
कम्मजराई थुइमाइया, वि तह भावरयणा उ ॥ १७० ॥ ४/२६

छाया :- ज्वरशमनादीनि रत्नानि अज्ञातगुणान्यपि तान् शमयन्ति यथा ।
कर्मज्वरादीनि स्तुत्यादीन्यपि तथा भावरत्नानि तु ॥ २६ ॥

ગાથાર્થ :- જ્વર આદિ રોગનું શમન કરનારા રત્નોના ગુણોનું જ્ઞાન ન હોય તો પણ તે રત્નો જ્વર આદિ રોગનું શમન કરે છે, તેમ ભાવરત્નરૂપ સ્તુતિ આદિ પણ અર્થના જ્ઞાન વિના કર્મરૂપી જ્વર આદિનું શમન કરે છે.

ટીકાર્થ :- '**जरसमणाई**'= જ્વરશમન કરવાના ગુણયુક્ત રત્નો, 'આદિ' શબ્દથી શૂળ શમન કરનારા રત્નોનું ગ્રહણ થાય છે. '**रयणा**'= રત્નો, જે પૃથ્વીકાય જીવોના શરીર છે. '**अण्णायगुणा**'= તેમના ગુણોનું જ્ઞાન ન હોવા છતાં '**ते**'= જ્વર, શૂળ આદિને '**समिंति**'= શમાવે છે '**जहा**'= જેમ આ રત્નનું દૃષ્ટાંત છે. તેને દાર્ષ્ટાન્તિક સ્તુતિ આદિમાં ઘટાવતાં કહે છે કે '**थुइमाइया वि**'= સ્તુતિ આદિ પણ '**कम्मजराई**'= કર્મરૂપી જ્વર આદિને, કર્મ એ અનર્થનો હેતુ છે તેથી તેને જ્વર આદિની ઉપમા આપી છે તેને '**तह**'= તે પ્રમાણે '**भावरयणा उ**'= ભાવરત્ન સદૃશ હોવાથી શમાવે છે. **॥ १७० ॥ ४/२६**

ता एयपुव्वगं चिय, पूयाए उवरि वंदणं णेयं ।
अक्खलियाइगुणजुयं, जहाऽऽगमं भावसारं तु ॥ १७१ ॥ ४/२७

छाया :- तद् एतत्पूर्वकमेव पूजाया उपरि वन्दनं ज्ञेयम् ।
अस्खलितादिगुणयुतं यथाऽऽगमं भावसारं तु ॥ २७ ॥

ગાથાર્થ :- તેથી પૂજા કર્યા પછી શુભ પરિણામ થાય એ માટે સ્તુતિ-સ્તોત્ર બોલવા પૂર્વક જ, આગમના અનુસારે અસ્ખલિતાદિ ગુણોથી યુક્ત ભાવપૂર્વક ચૈત્યવંદન કરવું જોઈએ.

ટીકાર્થ :- '**ता**'= તેથી '**एयपुव्वगं चिय**'= સ્તુતિ-સ્તોત્ર બોલવા પૂર્વક જ '**पूयाए उवरि**'= પૂજા કર્યા

પછી '**अक्खलियाइगुणजुयं**'= અસ્ખલિત, અમીલિત, અવ્યત્યામ્રેડિત, અહીનસ્વર આદિ ગુણોથી યુક્ત '**जहागमं**'= આગમનું ઉલ્લંઘન ન થાય એ રીતે '**भावसारं तु**'= ભાવપૂર્વક જ '**वंदणं**'= ચૈત્યવંદન કરવાનું '**णेयं**'= જાણવું.

અસ્ખલિત= ખચકાયા વિના બોલવું. જેમ ખેડૂત હળ ખેડે છે ત્યારે પથ્થર વગેરેના અવરોધથી હળ ખચકાય છે તેમ સૂત્રો બોલતાં ખચકાવું ન જોઈએ. **અમીલિત**= દરેક પદ છૂટું, છૂટું બોલવું. **'અવ્યત્યામ્રેડિત'**= સંપદા પ્રમાણે અટકીને બોલવું. **અહીનસ્વર**= ઉદાત્ત, અનુદાત્ત વગેરે સ્વરોનો શુદ્ધ ઉચ્ચાર કરવો. સ્વરને જેટલો લંબાવવાનો હોય તથા ઊંચા સ્વરે બોલવાનો હોય એ પ્રમાણે જ ઉચ્ચાર કરવો. ॥ ૧૭૧ ॥ ૪/૨૭

स्तुति-स्तोत्रपूर्वकनुं चैत्यवंदन भावपूर्वकनुं प्रशस्त केम गणाय छे. ते कहे छे :-

कम्मविसपरममंतो, एवं एयं ति बेंति सव्वण्णू ।
मुद्दा एत्थुस्सग्गो, अक्खोभो होइ जिणचिण्णो ॥ १७२ ॥ ४/२८

छाया :- कर्मविषपरममन्त्र एवमेतदिति ब्रुवते सर्वज्ञाः ।
मुद्रा अत्रोत्सर्गोऽक्षोभो भवति जिनचीर्णः ॥ २८ ॥

ગાથાર્થ :- પૂજા કર્યા બાદ સ્તુતિ-સ્તોત્રપૂર્વક કરાતું ચૈત્યવંદન એ કર્મરૂપ વિષનો નાશ કરવા માટે પરમ મંત્ર સમાન છે. એમ સર્વજ્ઞો કહે છે, ચૈત્યવંદનમાં મુદ્રા જિનોએ આચરેલી સ્થિર રહેવારૂપ કાયોત્સર્ગ મુદ્રા છે.

ટીકાર્થ :- '**एवं**'= ઉપર કહેલી યુક્તિથી '**एयं**'= આ ચૈત્યવંદન '**कम्मविसपरममंतो**'= કર્મરૂપી વિષનો નાશ કરનાર પરમ મંત્ર છે. જેમ મંત્રથી વિષનો નાશ થાય છે તેમ ચૈત્યવંદનથી કર્મનો નાશ થાય છે. માટે તેને પરમમંત્રની ઉપમા આપી છે. '**ति**'= આ પ્રમાણેનું વચન '**सव्वण्णू**'= સર્વજ્ઞ ભગવંતો '**बेंति**'= કહે છે. માટે ચૈત્યવંદન એ ખાસ ઉપાદેય છે, અર્થાત્ ખાસ કરવા જેવું છે. એમ કહેવાનો ભાવ છે. '**मुद्दा**'= શરીરના અવયવોની રચનારૂપ મુદ્રા, જેનું ઉલ્લંઘન ન કરવું જોઈએ. અર્થાત્ અવશ્ય કરવી જ જોઈએ અથવા ક્ષુદ્રસત્ત્વવાળાને તેવા પ્રકારના ચિહ્નસ્વરૂપ મુદ્રા '**एत्थ**'= ચૈત્યવંદનમાં '**उस्सग्गो**'= કાયોત્સર્ગ '**अक्खोभो**'= સ્થિર રહેવા સ્વરૂપ '**होइ**'= હોય છે, '**जिणचिण्णो**'= જિને આચરેલી-શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની મનઃપર્યાયજ્ઞાની અને કેવલજ્ઞાની આ બધાને જ જિન કહેવામાં આવે છે તેઓએ આચરેલી હોવાથી અને જિનકલ્પિકમુનિએ આચરેલી હોવાથી આ મુદ્રાને જિનમુદ્રા કહેવામાં આવે છે, '**चीर्णं प्रवासिव्रतम्**' આ સંસ્કૃતમાં પણ 'ચીર્ણ' શબ્દનો પ્રયોગ કરેલો જોવા મળે છે માટે તે અલાક્ષણિક નથી. ॥ ૧૭૨ ॥ ૪/૨૮

चैत्यवंदन पछीनी विधि कहे छे :-

एयस्स समत्तीए, कुसलं पणिहाणमो उ कायव्वं ।
तत्तो पवित्ति विग्घजय, सिद्धि तह य थिरीकरणं ॥ १७३ ॥ ४/२९

छाया :- एतस्य समाप्तौ कुशलं प्रणिधानं तु कर्तव्यम् ।
ततः प्रवृत्तिर्विघ्नजयः सिद्धिस्तथा च स्थिरीकरणम् ॥ २९ ॥

ગાથાર્થ :- ચૈત્યવંદન પૂર્ણ થયા પછી શુભ પ્રણિધાન અવશ્ય કરવું જોઈએ, તેનાથી પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને સ્થિરતા થાય છે.

ટીકાર્થ :- '**एयस्स**'= ચૈત્યવંદન '**समत्तीए**'= પૂર્ણ થયા બાદ '**कुसलं**'= શુભ, તે કુશળતાનું કારણ હોવાથી તેને કુશળ કહ્યું છે '**पणिहाणं**'= એકાગ્રતા '**मो**'= અવ્યય છે. '**तु**'= અવશ્ય '**कायव्वं**'= કુશળ પ્રણિધાન કરવું જોઈએ. '**तत्तो**'= તે પ્રણિધાનથી '**पवित्ति**'= ધર્મ વ્યાપારમાં પ્રશમપ્રધાન પ્રવૃત્તિ, '**विग्घजय**'= પ્રવૃત્તિ કરતી વખતે આવતા જઘન્ય, મધ્યમ, ઉત્તમ એ ત્રણ પ્રકારના વિઘ્નોનો જય '**सिद्धि**'= પ્રસ્તુત ધર્મ-વ્યાપારની સિદ્ધિ '**तह य**'= તથા '**थिरीकरणं**'= પોતાને અને બીજાને તે ધર્મયોગમાં સ્થિરતા, વગેરે ગુણો પ્રાપ્ત થાય છે.

જેમને ધર્મવ્યાપારમાં ભાવઅનુષ્ઠાન સ્વરૂપ પ્રવૃત્તિ આદિની ઈચ્છા હોય તેમણે પ્રણિધાન અવશ્ય કરવું જોઈએ- પ્રણિધાન કર્યા વગર પ્રવૃત્તિ આદિ ગુણોની પ્રાપ્તિ થતી નથી.

(પ્રણિધાન= એકાગ્રતાપૂર્વક શુભ પ્રાર્થના કે શુભ મનોરથ- શુભ મનોરથ થાય એટલે શક્તિ પ્રમાણે તેને સિદ્ધ કરવા માટે પ્રવૃત્તિ થાય. પછી પ્રણિધાનથી થયેલ શુભ ભાવથી તેમાં આવતા **વિઘ્નોનો પરાજય** થાય છે. અને કાર્યની **સિદ્ધિ** થાય છે. સિદ્ધિ થયા બાદ તેમાં સ્થિરતા આવે છે અને સ્થિર થયેલો આત્મા બીજાને પણ ધર્મકાર્યમાં સ્થિર કરવા સ્વરૂપ **વિનિયોગ** કરે છે. આમ પ્રવૃત્તિ આદિનું મૂળ પ્રણિધાન છે.) ॥ ૧૭૩ ॥ ૪/૨૯

પ્રાર્થનાસ્વરૂપ હોવાથી ભોગ આદિના નિયાણાની જેમ પ્રણિધાન પણ ન કરવું જોઈએ એ શંકાનો જવાબ આપતા કહે છે :-

एत्तो च्चिय न नियाणं, पणिहाणं बोहिपत्थणासरिसं ।
सुहभावहेउभावा, णेयं इहराऽपवित्ती उ ॥ १७४ ॥ ४/३०

છાયા :- अत एव न निदानं प्रणिधानं बोधिप्रार्थनासदृशम् ।
शुभभावहेतुभावाद् ज्ञेयमितरथाऽप्रवृत्तिस्तु ॥ ३० ॥

ગાથાર્થ :- આથી જ (પ્રવૃત્તિ આદિનો હેતુ હોવાથી જ) પ્રણિધાન એ નિયાણું નથી. શુભ ભાવનું કારણ હોવાથી તેને બોધિની પ્રાર્થના સદૃશ જાણવું. જો એમ ન હોત તો પ્રણિધાન કરાત જ નહિ.

ટીકાર્થ :- '**एत्तो च्चिय**'= પ્રવૃત્તિ આદિનો હેતુ હોવાથી જ '**पणिहाणं**'= કુશળ પ્રણિધાન '**न नियाणं**= નિયાણું નથી. કારણ કે રાગ-દ્વેષ-મોહથી ગર્ભિત ક્લિષ્ટ આશય વડે ભોગની આસક્તિથી જેમાં સાંસારિક ભોગસુખોની માંગણી (પ્રાર્થના) કરવામાં આવે છે તે નિયાણું કહેવાય છે, આ પ્રાર્થના એવી નથી. '**सुहभावहेउभावा**'= શુભ અધ્યવસાયનો હેતુ હોવાથી '**बोहिपत्थणासरिसं**'= શાસ્ત્રની નીતિ મુજબ આ પ્રણિધાન એ બોધિની પ્રાર્થના સદૃશ છે. જેમ બોધિની પ્રાર્થનાને શાસ્ત્રમાં નિયાણું કહેવામાં આવતું નથી તેમ આ પ્રણિધાન પણ નિયાણું નથી, કારણ કે કહ્યું છે કેઃ- બોધિબીજની પ્રાર્થનારૂપ વચન અસત્યામૃષા ભાષા છે, તથા ભક્તિપૂર્વક બોલાયેલી આ ભાષા છે. ખરેખર રાગદ્વેષરહિત વીતરાગ પરમાત્મા સમાધિ કે બોધિને આપતા નથી'', (**आवश्यक निर्युक्ति- गाथा- १०८५**) '**णेयं**'= જાણવું. '**इहरा**'= જો તે શુભ ભાવનો હેતુ ન હોત તો '**अपवित्ती उ**'= પ્રણિધાનમાં પ્રવૃત્તિ જ ન કરાત. શાસ્ત્રમાં તેનો નિષેધ જ કરવામાં આવત. ॥ ૧૭૪ ॥ ૪/૩૦

एवं तु इट्ठसिद्धी, दव्वपवित्ती उ अण्णहा नियमा ।
तम्हा अविरुद्धमिणं, णेयमवत्थंतरे उचिए ॥ १७५ ॥ ४/३१

छाया :- एवं तु इष्टसिद्धिः द्रव्यप्रवृत्तिस्त्वन्यथा नियमात् ।
तस्मादविरुद्धमिदं ज्ञेयमवस्थान्तरे उचिते ॥ ३१ ॥

गाथार्थ :- प्रणिधानसहित वंदना करवामां ज ईष्टनी सिद्धि थाय छे. प्रणिधानरहित वंदना ए अवश्य द्रव्यक्रिया छे. तेथी प्रणिधानने उचित अवस्थामां प्रणिधान करवुं ए संगत जाणवुं.

टीकार्थ :- '**एयं तु**'= प्रणिधानसहित ज वंदना करवाथी '**इट्ठसिद्धी**'= ईष्टनी सिद्धि थाय छे. '**अण्णहा**'= प्रणिधानरहित करातो वंदना ए '**नियमा**'= अवश्य '**दव्वपवित्ती उ**'= द्रव्यप्रधान प्रवृत्ति अर्थात् द्रव्यक्रिया ज छे. '**तम्हा**'= तेथी '**इणं**'= प्रणिधान ए '**अवत्थंतरे उचिए**'= आदिधार्मिक प्रणिधानने योग्य पुरुषनी अमुक विशिष्ट अवस्थामां '**अविरुद्धं**'= संगत '**णेयं**'= जाणवुं.

वैराग्य आदि जे गुणोनी प्रार्थना करवामां आवे छे ते गुणो प्राप्त न थया होय अथवा प्राप्त थया होय पण जो पूर्णपणे प्राप्त न थया होय ते अवस्थामां प्रणिधान करवुं उचित छे. ॥ १७५ ॥ ४/३१

ते प्रणिधान केवी रीते करवुं ? ए कहे छे :-

तं पुण संविग्गेणं, उवओगजुएण तिव्वसद्धाए ।
सिरणमियकरयलंजलि, इय कायव्वं पयत्तेणं ॥ १७६ ॥ ४/३२

छाया :- तत् पुनः संविग्नेन उपयोगयुतेन तीव्रश्रद्धया ।
शिरनमितकरतलाञ्जलिरिति कर्तव्यं प्रयत्नेन ॥ ३२ ॥

गाथार्थ :- संविग्न जीवे उपयोगपूर्वक तीव्र श्रद्धाथी मस्तके बे हाथनी अंजली करीने आदरपूर्वक नीचे प्रमाणे (उउ-उ४ गाथामां कहेवाशे ते प्रमाणे) प्रणिधान करवुं जोईए.

टीकार्थ :- '**संविग्गेणं**'= संसारभीरु अथवा मोक्षना अभिलाषी जीवे '**उपओगजुएण**'= सावधानपणे '**तिव्वसद्धाए**'= प्रार्थनाना विषयमां तीव्र अभिलाष वडे अथवा उत्कृष्ट धर्मश्रद्धाथी '**सिरणमियकरयलंजलि**'= मस्तक उपर हाथनी अंजली जोडाय एे रीते-आ क्रियाविशेषण छे, '**इय**'= आगळ कहेवामां आवनार अक्षरोनुं उच्चारण करवा द्वारा '**तं पुण**'= ते प्रणिधान '**पयत्तेणं**'= सर्व आदरपूर्वक '**कायव्वं**'= करवुं जोईए. ॥ १७६ ॥ ४/३२

जय वीयराय ! जगगुरू, होउ ममं तुह पभावओ भयवं! ।
भवनिव्वेओ मग्गाणुसारिया इट्ठफलसिद्धी ॥ १७७ ॥ ४/३३

छाया :- जय वीतराग! जगद्गुरो! भवतु मम तव प्रभावतो भगवन्! ।
भवनिर्वेदो मार्गानुसारिता इष्टफलसिद्धिः ॥ ३३ ॥

लोगविरुद्धच्चाओ, गुरुजणपूया परत्थकरणं च ।
सुहगुरुजोगो तव्वयणसेवणा आभवमखंडा ॥ १७८ ॥ ४/३४ जुग्गं ॥

छाया :- लोकविरूद्धत्यागो गुरूजनपूजा परार्थकरणञ्च ।
शुभगुरुयोगः तद्वचनसेवना आभवमखण्डा ॥ ३४ ॥ युग्मम् ॥

गाथार्थ :- हे वीतराग ! हे जगद्गुरु ! आप जय पामो हे भगवंत ! आपना प्रभावथी मने (१) भवनिर्वेद, (२) मार्गानुसारिता (उ) ईष्टफळसिद्धि (४) लोकविरुद्धनो त्याग, (५) गुरुजनपूजा (६)

પરાર્થકરણ, (૭) શુભગુરુનો યોગ અને (૮) મોક્ષ ન મળે ત્યાં સુધી અખંડ શુભગુરુવચનની સેવા પ્રાપ્ત થાઓ.

ટીકાર્થ :- '**जय**'= જય પામો, આ મંગળવચન છે. સકલ ક્ષુદ્ર ઉપદ્રવોના નાશ દ્વારા આપ જય પામો. '**वीयराय**'= રાગ-દ્વેષ-મોહ જેમના નષ્ટ થયા છે એવા હે વીતરાગ ! '**जगगुरु**'= જગત એટલે ચેતન અને જડ, સર્વ જ્ઞેય પદાર્થોનો યથાવસ્થિત ઉપદેશ આપતા હોવાથી ભગવાન જગદ્ગુરુ છે અથવા 'જગ' શબ્દની વ્યુત્પત્તિ 'जगन्ति' એ પ્રમાણે કરીને તેનો અર્થ હાલતાચાલતા 'ત્રસજીવો' એ પ્રમાણે કર્યો છે. [**मानवीयत्वात्**= જો કે અહીંયા મનુષ્યપણાથી સર્વ પણ મનુષ્યોનું (અવિરતિધરોનું પણ ગ્રહણ સંભવે છે છતાં પણ= ૧/૯ પંચાશક ગાથાની ટીકામાં કહેલી રીતિથી ''ધર્મનો જાણકાર અને ધર્મનો કરનાર સદા ધર્મપરાયણ'' એ વચનથી સર્વવિરતિધરનું જ ગુરુ શબ્દ વડે ગ્રહણ કરવું યોગ્ય છે. અ. ટી.] તેઓમાં માનવપણાથી અથવા ગુણો વડે અધિક હોવાથી ગુરુ તે જગદ્ગુરુ. '**भयवं**'= હે ભગવાન! '**तुह**'= તમારા '**पभावओ**'= સામર્થ્યથી '**भवनिव्वेओ**'= સંસાર પ્રત્યે નિર્વેદ-વૈરાગ્ય '**होउ ममं**'= મને પ્રાપ્ત થાઓ. '**मग्गाणुसारिया**'= મોક્ષમાર્ગને અનુસરવાપણું '**इट्ठफलसिद्धी**'= જે પ્રાપ્ત થવાથી ચિત્તનું સ્વાસ્થ્ય થાય એવી આ લોક સંબંધી (ધર્મને) અવિરોધી ફળની સિદ્ધિ- આમાં જીવનજરૂરિયાતની વસ્તુની ધર્મને બાધ ન આવે એવી નિષ્પાપ પ્રવૃત્તિથી માંગણી કરવામાં આવી છે, પણ મોજ-શોખ માટેની વસ્તુની માંગણી કરાતી નથી. ધર્મની પ્રાથમિક ભૂમિકામાં રહેલા આદિધાર્મિક જીવમાં વિશિષ્ટ પ્રકારનું સત્ત્વ ન હોવાથી તેનાથી ચિત્તની સમાધિ વગર ધર્મમાં પ્રવૃત્તિ થઈ શકતી નથી. ચિત્તની સમાધિ હોય તો જ તે નિરાકુલપણે ધર્મમાં પ્રવૃત્તિ કરી શકે છે માટે બીજા કોઈને પીડા ન થાય એમ નિરાબાધપણે તે આ ઈષ્ટફળની સિદ્ધિની માંગણી કરે છે.

'**लोगविरुद्धच्चाओ**'= લોકવિરુદ્ધનો ત્યાગ- (૧) સર્વલોકની નિંદા કરવી, (૨) સ્વચ્છ આશયથી ધર્મ કરનારની મશ્કરી કરવી, (૩) લોકોમાં પૂજનીય માણસોની અવજ્ઞા આશાતના કરવી- આ બધું લોકવિરુદ્ધ ગણાય છે, તેનો ત્યાગ કરવાની પ્રાર્થના છે. '**गुरुजणपूया**'= માતા-પિતા આદિ વડીલોની પૂજા '**परत्थकरणं च**'= પરોપકાર કરવો '**सुहगुरुजोगो**'= સદ્ગુરુભગવંતનો સંબંધ '**तव्वयणसेवणा**'= યથાશક્તિ તેમની આજ્ઞાનું પાલન '**आभवं**'= સંસારમાં રહું ત્યાં સુધી અથવા મરણપર્યંત '**अखंडा**'= સંપૂર્ણપણે- તમારા પ્રભાવથી આ બધું મને પ્રાપ્ત થાઓ એમ સંબંધ જોડવાનો છે. **॥ ૧૭૭ ॥ ૪/૩૩ ॥ ૧૭૮ ॥ ૪/૩૪ ॥**

આદિધાર્મિક જીવને આશ્રયીને આ પ્રણિધાન કહેવામાં આવ્યું છે. એમાંથી ઉપરની કક્ષાવાળા જીવોને તો ઉત્તરોત્તર ગુણોની વૃદ્ધિથી પોતપોતાના ગુણસ્થાનકને અનુરૂપ પ્રણિધાન હોય છે. આથી સામાન્યથી જ પ્રણિધાનને આશ્રયી કહે છે-

उचियं च इमं णेयं, तस्साभावम्मि तप्फलस्सऽण्णे ।
अपमत्तसंजयाणं, आराऽणभिसंगओ न परे ॥ १७९ ॥ ४/३५

છાયા :- उचितं च इदं ज्ञेयं तस्याभावे तत्फलस्यान्ये ।
अप्रमत्तसंयतेभ्य आरादनभिष्वङ्गतो न परस्मिन् ॥ ३५ ॥

ગાથાર્થ :- પ્રાર્થનીય ભવનિર્વેદાદિ ગુણોનો અભાવ હોય ત્યાં સુધી આ પ્રણિધાન યોગ્ય જાણવું. કેટલાક આચાર્યોનું કહેવું છે કે પ્રાર્થનીય ભવનિર્વેદાદિનાં ફળસ્વરૂપ અપ્રમત્તાવસ્થા વગેરે ઉચ્ચકક્ષા કે મોક્ષ ન મળે ત્યાં સુધી આ પ્રણિધાન યોગ્ય જાણવું. અપ્રમત્તાવસ્થાની પહેલાં આ પ્રણિધાન યોગ્ય જાણવું. અપ્રમત્ત વગેરે ગુણસ્થાનોમાં રાગ ન હોવાથી પ્રણિધાન યોગ્ય નથી.

टीकार्थ :- '**तस्साभावम्मि**'= પ્રાર્થનીય ભવનિર્વેદાદિ ગુણોના અભાવમાં '**तप्फलस्स**'= જેની માંગણી કરવામાં આવી છે તે ગુણો દ્વારા જે ફળ મેળવવું છે તે ફળની સિદ્ધિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી '**इमं**'= આ પ્રણિધાન '**उचियं च**'= યોગ્ય '**णेयं**'= જાણવું. '**अण्णे**'= કેટલાક આચાર્યો પ્રણિધાનને ઇચ્છે છે, જો કે સામાન્યથી એ ભવનિર્વેદ આદિ ગુણો પ્રાપ્ત થયેલા હોય પણ એ ગુણોની અનેક ભેદવાળી કક્ષાઓ હોય છે તેથી તેની વિશિષ્ટતમ કક્ષા પ્રાપ્ત થાય એ માટે પણ એ જ ગુણોની પ્રાર્થના કરવામાં આવે છે, અર્થાત્ તેના ફળરૂપ મોક્ષ વગેરે જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ પ્રણિધાન કરવામાં આવે છે. '**अपमत्तसंजयाणं आरा**'= અપ્રમત્તસંયતાવસ્થાની પૂર્વે અર્થાત્ પ્રમત્તસંયતાવસ્થા સુધી. '**अणभिसंगओ**'= રાગ ન હોવાથી '**न परे**'= પ્રમત્તસંયતાવસ્થા પછીની અપ્રમત્તસંયતાવસ્થામાં અપ્રમત્તસંયતોને પ્રણિધાનની આવશ્યકતા નથી; કારણ કે તેઓને રાગ ન હોવાથી કાંઈ માંગવાનું હોતું જ નથી. વળી તેઓ શાસ્ત્રવિહિત અનુષ્ઠાનોને આચરતા જ હોય છે અને શુભ અધ્યવસાયોમાં જ હંમેશા રહેતા હોય છે. ॥ ૧૭૯ ॥ ૪/૩૫

૪-૩૦ ગાથામાં જે કહેવામાં આવ્યું કે પ્રણિધાન એ નિયાણું ન કહેવાય તે વચનનું ભાવાર્થગર્ભિત નિગમન કરતા કહે છે -

मोक्खंगपत्थणा इय, न नियाणं तदुचियस्स विण्णेयं ।
सुत्ताणुमइत्तो जह, बोहीए पत्थणा माणं ॥ १८० ॥ ४/३६

छाया :- मोक्षाङ्गप्रार्थना इति न निदानं तदुचितस्य विज्ञेयम् ।
सूत्रानुमतितो यथा बोधेः प्रार्थना मानम् ॥ ३६ ॥

ગાથાર્થ :- પ્રણિધાનને યોગ્ય એવા છઠ્ઠા ગુણસ્થાનક સુધીના જીવની **જયવીયરાય** સૂત્રમાં કહેલી મોક્ષના કારણોની પ્રાર્થના એ નિયાણું નથી, કેમકે તે સૂત્રસંમત છે, જેમ બોધિની પ્રાર્થના પ્રમાણભૂત છે તેમ.

टीकार्थ :- '**मोक्खंगपत्थणा**'= આ સમ્યગ્જ્ઞાન અને પરોપકાર આદિ મોક્ષના કારણોની પ્રાર્થના છે '**इय**'= આથી '**न नियाणं**'= નિયાણું નથી, '**तदुचियस्स**'= પ્રણિધાનને ઉચિત પ્રમત્તગુણસ્થાનક સુધીના જીવને માટે '**विण्णेयं**'= એમ જાણવું. '**सुत्ताणुमइत्तो**'= આવા પ્રકારની પ્રાર્થના એ સૂત્રને સંમત હોવાથી અથવા સૂત્રને ઇષ્ટ હોવાથી '**जह**'= જેમ '**बोहीए पत्थणा**'= બોધિની પ્રાર્થના '**माणं**'= પ્રમાણભૂત છે. જો બધી જ પ્રાર્થના એ નિયાણુંરૂપ બનતી હોત તો સૂત્રમાં બોધિની પ્રાર્થના કરવામાં આવત નહિ. પરંતુ સૂત્રમાં તે પ્રાર્થના કરવામાં આવી છે. માટે તે પ્રમાણભૂત જ છે. ॥ ૧૮૦ ॥ ૪/૩૬

જો શુભભાવપૂર્વક કરાતી પ્રાર્થના એ નિયાણું બનતી ન હોય તો શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં તીર્થંકરવિષયક નિયાણું કરવાનો જે પ્રતિષેધ કરવામાં આવ્યો છે તે અયુક્ત કહેવાય એ આશંકાનો જવાબ આપે છે :-

एवं च दसादीसुं, तित्थयरम्मि वि नियाणपडिसेहो ।
जुत्तो भवपडिबद्धं, साभिस्संगं तयं जेण ॥ १८१ ॥ ४/३७

छाया :- एवं च दशादिषु तीर्थङ्करेऽपि निदान प्रतिषेधः ।
युक्तो भवप्रतिबद्धं साभिष्वङ्गं तकं येन ॥ ३७ ॥

ગાથાર્થ :- આમ રાગાદિથી કરાતી પ્રાર્થના એ નિયાણું બનતું હોવાથી જ **શ્રી દશાશ્રુતસ્કંધાદિ** સૂત્રમાં તીર્થંકર બનવા સંબંધી નિયાણું કરવાનો જે નિષેધ કરવામાં આવ્યો છે તે યુક્ત જ છે કારણકે તેમાં સાંસારિક ઋદ્ધિની આસક્તિ રહેલી છે.

ટીકાર્થ :- '**एवं च**'= રાગ-દ્વેષ-મોહથી યુક્ત ક્લિષ્ટ પરિણામવાળાની પ્રાર્થના નિયાણુંરૂપ હોવાથી '**दसादीसुं**'= **દશાશ્રુતસ્કંધ** તથા **ધ્યાનશતક** આદિ ગ્રંથોમાં '**तित्थयरम्मि वि**'= 'આ ધર્મના પ્રભાવથી હું તીર્થંકર થાઉં' એમ તીર્થંકરત્વની પ્રાપ્તિવિષયક પ્રાર્થના '**भवपडिबद्धं**'= કારણકે સંસારની સાથે સંબંધવાળું અર્થાત્ સાંસારિક રૂપ-સૌભાગ્ય આદિ પદાર્થોના વિષયોવાળું '**साभिस्संगं**'= એ તીર્થંકરપણાનું નિયાણું રાગવાળું હોય છે. '**नियाणपडिसेहो**'= નિયાણુંરૂપ હોવાથી તે ન કરાય એમ જે નિષેધ કરવામાં આવ્યો છે '**जुत्तो**'= તે યુક્ત છે.

આનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ- સમવસરણ, આઠ પ્રાતિહાર્ય, સુવર્ણના નવ કમળ ઉપર પગ મૂકીને ચાલવું વગેરે તીર્થંકરની ઋદ્ધિની ઇચ્છાથી જો તીર્થંકરત્વની પ્રાર્થના કરાતી હોય તો તે નિયાણુંરૂપ હોવાથી તેના નિષેધ કરાયો છે. બાકી એ સિવાયની તેમની પરોપકારીપણું વગેરે આધ્યાત્મિક ઋદ્ધિને અનુલક્ષીને જો તીર્થંકરત્વની પ્રાર્થના કરાતી હોય તો તેનો નિષેધ કરાતો નથી.॥ **૧૮૧ ॥ ૪/૩૭.**

આથી જ કહે છે :-

जं पुण निरभिस्संगं, धम्मा एसो अणेगसत्तहिओ ।
निरुवमसुहसंजणओ, अपुव्वचिंतामणीकप्पो ॥ १८२ ॥ ४/३८

છાયા :- यत्पुनर्निरभिष्वङ्ग धर्मादेषोऽनेकसत्त्वहितः ।
निरुपमसुखसञ्जनकोऽपूर्वचिन्तामणिकल्पः ॥ ३८ ॥

ता एयाणुट्ठाणं, हियमणुवहयं पहाणभावस्स ।
तम्मि पवित्तिस वं, अत्थापत्तीए तमदुट्ठं ॥ १८३ ॥ ४/३९ जुग्गं ॥

છાયા :- तदेतदनुष्ठानं हितमनुपहतं प्रधानभावस्य ।
तस्मिन् प्रवृत्तिस्वरूपं अर्थापत्त्या तददुष्टम् ॥ ३९ ॥ युग्मम् ॥

ગાથાર્થ :- રાગ વગર કરેલી તીર્થંકરપણાની પ્રાર્થના દુષ્ટ નથી. અર્હદ્વાત્સલ્ય આદિથી પ્રાપ્ત થયેલા શ્રેષ્ઠ પુણ્યના ઉદયરૂપ ધર્મથી અથવા તો જ્ઞાનયોગના પ્રકર્ષની પ્રાપ્તિરૂપ ધર્મથી આ તીર્થંકર બન્યા છે અથવા તો તીર્થંકર પરમાત્મા ભવ્યજીવોને ધર્મ માટે થાય છે અથવા તો ધર્મના ઉપદેશક છે, વળી તીર્થંકરપરમાત્મા અનેક જીવોનું હિત કરનારા છે, અનુપમ સુખને પ્રાપ્ત કરાવનારા છે અને અપૂર્વ ચિંતામણિરત્ન સમાન છે.

તેથી તીર્થંકરનું તીર્થસ્થાપનાનું અનુષ્ઠાન એ હિતકર અને અસ્ખલિત સામર્થ્યવાળું છે. આમ એ ઉદ્દેશથી તીર્થંકર બનવાની જે પ્રાર્થના કરાય છે તેમાં અર્થાપત્તિથી તો તેમનો પ્રધાનભાવ જે પરોપકારીપણું આદિ તે જ પ્રવૃત્તિરૂપ અર્થાત્ પ્રાર્થનાની પ્રવૃત્તિ કરવામાં કારણભૂત છે- વાસ્તવિક રીતે તેમના પરોપકારીપણા આદિની જ પ્રાર્થના કરવામાં આવે છે માટે તે દુષ્ટ નથી.

ટીકાર્થ :- '**जं पुण निरभिस्संगं**'= તીર્થંકરની સાંસારિક રૂપ સૌભાગ્ય આદિ ઋદ્ધિની નહિ પણ

તેમના પરોપકાર આદિ ગુણોની સમૃદ્ધિના માટે જે તીર્થંકરપણાની પ્રાર્થના કરાય છે તે દુષ્ટ નથી એમ સંબંધ જોડવાનો છે. નિરભિષ્વંગ અધ્યવસાયનું સ્વરૂપ કેવું છે ? તે કહે છે- '**धम्मा**'= અર્હદ્વાત્સલ્ય આદિ વીસસ્થાનકની આરાધના વડે બંધાયેલું તીર્થંકર નામકર્મરૂપ શ્રેષ્ઠ પુણ્યકર્મ તે રૂપ ધર્મથી ઊચ્ચ કોટિના જ્ઞાનયોગની પ્રાપ્તિરૂપ ધર્મથી '**एसो**'= આ તીર્થંકર ભગવાન, અથવા **'धम्मा एसो'**નો અર્થ એમ પણ કરી શકાય કે આ ભગવાન ભવ્યજીવોના ધર્મને માટે થાય છે. અથવા '**धम्माएसो**'= એમ બંને પદોને ભેગા ગણવાથી આવો અર્થ થાય કે ધર્મનો ઉપદેશ કરનાર હોવાથી ભગવાન 'ધર્મદિશ' છે '**अणेगसत्तहिओ**'= અનેક ભવ્ય પ્રાણીઓના હિતમાં તત્પર છે. '**निरुवमसुहसंजणओ**'= ભગવાનના બધા જ યોગો મોક્ષસુખના હેતુ હોવાથી તે નિરૂપમ એવા મોક્ષસુખના જનક-(ઉત્પન્ન કરનાર) છે. '**अपुव्वचिंतामणीकप्पो**'= ચિંતામણિરત્ન તો જે માંગવામાં આવે તે જ પદાર્થને આપે છે જ્યારે ભગવાન તો નહિ માંગેલા પદાર્થને પણ આપે છે માટે તે અપૂર્વ ચિંતામણિરત્ન સમાન છે.

'**ता**'= તેથી '**एयाणुट्ठाणं**'= તીર્થંકરપરમાત્માનું તીર્થની સ્થાપના કરવી વગેરે અનુષ્ઠાન '**हियं**'= હિતકારી છે, અનુકૂળ છે. '**अणुवहयं**'= અસ્ખલિત સામર્થ્યવાળું છે. '**पहाणभावस्स**'= પ્રધાનપણાની '**तम्मि**'= તે પરોપકારમાં જ એકનિષ્ઠ ભગવાનને વિશે '**पवित्तिसरूवं**'= પરોપકારની પ્રવૃત્તિ સ્વરૂપ '**अत्थापत्तीए**'= અર્થાપત્તિ ન્યાયથી- 'આ પ્રમાણે માનવામાં ન આવે તો એ વસ્તુ ઘટી શકે નહિ' એ ન્યાયની યુક્તિથી '**तमदुट्ठं**'= એ તીર્થંકરપણાની પ્રાર્થના એ દુષ્ટ નથી, નિયાણાનો જે પ્રતિષેધ કરવામાં આવ્યો છે રાગયુક્ત ચિત્તના વિષયવાળો છે. અર્થાત્ તીર્થંકરની સાંસારિક ઋદ્ધિના રાગથી કરાતી પ્રાર્થનાના વિષયવાળો છે. તેવી પ્રાર્થનાથી સંસારનો અનુબંધ પડતો હોવાથી તે દુષ્ટ છે માટે તેનો નિષેધ કરવામાં આવ્યો છે તેનાથી કદી પણ તીર્થંકરપણાની પ્રાપ્તિ થાય નહિ. કારણકે તીર્થંકરપણું નિરભિષ્વઙ્ગપણાથી જ પ્રાપ્ત કરીશકાય છે. નિયાણું કરીને કોઈ તીર્થંકર બનતા નથી, તીર્થંકરનાકર્મ એ મહાકલ્યાણકારી છે. નિયાણાથી તીર્થંકરનામકર્મ બંધાય જ નહિ. **॥ १८२ ॥ ४/३८ ॥ १८३ ॥ ४/३९**

આ પ્રમાણે બે ગાથા વડે વ્યાખ્યા કરીને હવે ઉપસંહાર કરે છે :-

कयमेत्थ पसंगेण, पूया एवं जिणाण कायव्वा ।
लद्धूण माणुसत्तं, परिसुद्धा सुत्तनीईए ॥ १८४ ॥ ४/४०

छाया :- कृतमत्र प्रसङ्गेन पूजा एवं जिनानां कर्तव्या ।
लब्ध्वा मानुषत्वं परिशुद्धा सूत्रनीत्या ॥ ४० ॥

ગાથાર્થ :- અહીં હવે વિસ્તાર કરવાથી સર્યું. મનુષ્યપણું પ્રાપ્ત કરીને આ પ્રમાણે આગમમાં કહેલી વિધિ મુજબ જિનની પરિશુદ્ધ પૂજા કરવી જોઈએ.

ટીકાર્થ :- '**कयमेत्थ पसंगेण**'= આ બાબતમાં વધારે વિસ્તાર કરવાથી સર્યું. અર્થાત્ વધારે વિસ્તાર કરવાની જરૂર નથી. '**माणुसत्तं**'= મનુષ્યપણું '**लद्धूण**'= પ્રાપ્ત કરીને '**पूया**'= પૂજા '**सुत्तनीईए**'= આગમમાં કહેલી વિધિ મુજબ '**परिसुद्धा**'= પરિશુદ્ધ '**एवं**'= આ પ્રમાણે '**जिणाण**'= જિનેશ્વરદેવની '**कायव्वा**'= કરવી જોઈએ. **॥ १८४ ॥ ४/४०**

પૂજામાં પાણી-વનસ્પતિ આદિ જીવોની હિંસાનો આરંભ થાય છે એમ આશંકા કરનાર કહે છે :-

पूयाए कायवहो, पडिकुट्ठो सो य णेव पुज्जाणं ।
उवगारिणि त्ति तो सा, परिसुद्धा कह णु होइ त्ति ॥ १८५ ॥ ४/४१

छाया :- **पूजायां कायवधः प्रतिक्रुष्टः स च नैव पूज्यानाम् ।**
उपकारिणीति तस्मात् सा परिशुद्धा कथं नु भवतीति ॥ ४१॥

गाथार्थ :- પૂજામાં જીવહિંસા થાય છે. તીર્થંકરોએ જીવહિંસાનો નિષેધ કર્યો છે. તથા તે પૂજ્યોને ઉપકારી થતી નથી, તેથી પૂજા નિર્દોષ-પરિશુદ્ધ કેવી રીતે હોય ?

ટીકાર્થ :- '**पूयाए**'= પૂજામાં અથવા પૂજાસંબંધી એમ ષષ્ઠી વિભક્તિ પણ હોઈ શકે. '**कायवहो**'= જીવનિકાયની હિંસા થાય છે. '**सो य**'= અને તે જીવહિંસા '**पडिकुट्ठो**'= નિષિદ્ધ છે '**पुज्जाणं**'= જિનેશ્વરોને '**उवगारिणि**'= ઉપકાર કરનારી '**णेव**'= નથી જ. તેવા પ્રકારના સાધુભગવંતને સાવદ્ય પણ ચિકિત્સાની ક્રિયા આરોગ્ય આપવા દ્વારા ઉપકારક બને, પણ જિનેશ્વરદેવોને આવી પૂજાથી કાંઈ જ ઉપકાર થતો નથી તો પછી શા માટે એવી સાવદ્ય પૂજા કરવી ? એમ કહેવાનો આશય છે. '**तो**'= તેથી '**सा**'= પૂજા '**परिसुद्धा**'= નિર્દોષ '**कह णु होइ त्ति**'= કેવી રીતે થાય ? અર્થાત્ તે કોઈપણ રીતે નિર્દોષ ન કહેવાય એમ પ્રશ્ન કરનારનો અભિપ્રાય છે. ॥ **१८५** ॥ **४/४१**

આ પ્રશ્નનો ઉત્તર આપે છે :-

भण्णइ जिणपूयाए, कायवहो जइवि होइ उ कहिंचि ।
तहवि तई परिसुद्धा, गिहीण कूवाहरणजोगा ॥ १८६ ॥ ४/४२

छाया :- **भण्यते जिनपूजायां कायवधो यद्यपि भवति तु कथञ्चित् ।**
तथापि तका परिशुद्धा गृहीणां कूपोदाहरणयोगात् ॥ ४२ ॥

गाथार्थ :- ઉત્તર આપે છે જો કે પૂજામાં કથંચિત્ જીવહિંસા થાય છે તો પણ ગૃહસ્થોને માટે કૂવો ખોદવાના દૃષ્ટાંતથી તે નિર્દોષ છે.

ટીકાર્થ :- '**भण्णइ**'= ઉત્તર અપાય છે. '**जिणपूयाए**'= વર્ણવવામાં આવેલી જિનપૂજા વડે '**कायवहो**'= પહેલા કહેવામાં આવેલી જીવહિંસા '**कहिंचि**'= કથંચિત્ '**जइवि होइ उ**'= જોકે થાય જ છે '**तहवि**'= તો પણ '**तई**'= તે પૂજા '**गिहीणा**'= આરંભમાં રક્ત એવા ગૃહસ્થો અધિકારી હોવાથી તેમના માટે '**कूवाहरणजोगा**'= કૂવો ખોદવાના ઉદાહરણથી '**परिसुद्धा**'= નિર્દોષ છે.

કૂવો ખોદનારને થાક, તૃષા અને મલિનતા વધે છે, એ પ્રારંભમાં થોડું નુકસાન છે પણ એનાથી થતો લાભ ઘણો મોટો છે. કારણકે એક વખત કૂવો ખોદાઈ ગયા પછી લાંબા કાળ સુધી તે ઘણા પ્રાણીઓને તેમાંથી નીકળતા પાણી દ્વારા ઉપકારક થાય છે. તેમ આ જિનપૂજા વિશિષ્ટ પ્રકારની કર્મની નિર્જરા આદિ ગુણને કરનારી છે. ॥ **१८६** ॥ **४/४२**

असदारंभपवत्ता, जं च गिही तेण तेसि विन्नेया ।
तन्निव्वित्तिफल च्चिय, एसा परिभावणीयमिदं ॥ १८७ ॥ ४/४३

छाया :- **असदारम्भप्रवृत्ताः यच्च गृहिणः तेन तेषां विज्ञेया ।**
तन्निवृत्तिफलैव एषा परिभावनीयमिदम् ॥ ४३ ॥

गाथार्थ :- ગૃહસ્થો અસદ્આરંભમાં પ્રવર્તેલા છે, તેથી તેમને જિનપૂજા એ અસદ્આરંભથી નિવૃત્તિ કરાવનારી છે એમ જાણવું. આ વિચારવું.

टीकार्थ :- '**जं च**'= જે કારણથી '**गिही**'= ગૃહસ્થો '**असदारंभपवत्ता**'= ગૃહ આદિના પાપવાળા આરંભમાં પ્રવૃત્તિ કરનારા હોય છે. '**तेण**'= તે કારણથી '**तेसि**'= તે ગૃહસ્થોને '**तन्निव्वत्तिफल च्चिय**'= જરૂર કરતાં અધિક એવા અશોભન આરંભને છોડવાનો પ્રયત્ન કરાવનારી '**एसा**'= આ જિનપૂજા '**विन्नेया**'= જાણવી '**परिभावणीयमिदं**'= આ પ્રમાણે વિચારવું.

પૂજા એ શુભ આરંભ છે. ગૃહસ્થ મિત્ર-પુત્રાદિના નિમિત્તે સ્વાભાવિક રીતે જ સાવદ્ય આરંભ કરતા હોય છે. પૂજા કરે એટલો વખત તો સાવદ્ય આરંભ છૂટી જાય છે. વળી પૂજા શાસ્ત્રોક્ત હોવાથી શુભ અધ્યવસાય વડે ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ કરાવે છે. આથી વળી ધાર્મિકપણાથી દેશકાળને અનુસારે તે સાવદ્ય આરંભને છોડતો જાય છે. આમ પૂજા તાત્કાલિક અને ભાવિમાં અસદ્આરંભની નિવૃત્તિ કરાવવાના ફળવાળી છે. ॥ १८७ ॥ ४/४३.

પૂજામાં કાયવધ થાય છે એમ ૪/૪૧ ગાથામાં કહેવામાં આવ્યું હતું તેનો નિષેધ કરવામાં આવ્યો. હવે તે પૂજા પૂજ્યોને ઉપકારી બનતી નથી. એમ કહેવામાં આવ્યું હતું તેનો નિષેધ કરવા માટે કહે છે :-

उवगाराभावम्मि वि, पुज्जाणं पूजगस्स उवगारो ।
मंतादिसरणजलणादिसेवणे जह तहेहं पि ॥ १८८ ॥ ४/४४

छाया :- उपकाराभावेऽपि पूज्यानां पूजकस्य उपकारः ।
मन्त्रादिस्मरणज्वलनादिसेवने यथा तथेहापि ॥ ४४ ॥

ગાથાર્થ :- પૂજાથી પૂજ્યોને ઉપકાર ન થતો હોવા છતાં પૂજા કરનારને લાભ થાય છે. જેવી રીતે મંત્ર વગેરેના સ્મરણમાં અને અગ્નિ આદિના સેવનમાં મંત્ર આદિને કોઈ લાભ ન થતો હોવા છતાં સ્મરણ કરનાર અને સેવન કરનારને લાભ થાય છે તેમ અહીં પણ જાણવું.

ટીકાર્થ :- '**उवगाराभावम्मि वि**'= પૂજાથી પૂજ્યોને આનંદ થવો વગેરે કોઈ વિશેષ લાભ ન થતો હોવા છતાં '**पुज्जाणं**'= મુખ્યવૃત્તિથી જિનેશ્વરદેવોને મોહનો ક્ષય થઈ ગયો હોવાથી અને તેમની પ્રતિમાને તે અચેતન હોવાથી (પૂજાથી આહ્લાદ આદિ થતા નથી.) '**पूजगस्स**'= પૂજા કરનાર ભવ્ય પ્રાણીને પોતાના '**उवगारो**'= વિશિષ્ટ પ્રકારના શુભ આશયથી તેમજ આ પૂજાનું અનુષ્ઠાન શાસ્ત્રોક્ત હોવાથી પૂજાથી મળતા ફળની પ્રાપ્તિ થાય જ છે. '**मंतादिसरणजलणादिसेवणे**' = મંત્ર આદિ સ્મરણ કરવામાં અને અગ્નિ આદિનું સેવન કરવામાં '**जह**'= જેમ તે મંત્ર આદિને કે અગ્નિ આદિને પોતાને કોઈ ઉપકાર થતો નથી પણ તેનું સ્મરણ કરનારને અને સેવન કરનારને તો ઉપકાર થાય જ છે. '**तह**'= તે જ પ્રમાણે '**इहं पि**'= આ પૂજાના વિષયમાં પૂજ્યને ભલે કોઈ ઉપકાર ન થતો હોય પણ પૂજા કરનારને તો ઉપકાર થાય જ છે. ॥ १८८ ॥ ४/४४

ગૃહસ્થોને માટે પૂજાનું અનુષ્ઠાન શાસ્ત્રોક્ત હોવા છતાં જેઓ તેમાં થતાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિના આરંભના કારણે પૂજા કરતાં નથી તેઓને કહે છે :-

देहादिनिमित्तं पि हु, जे कायवहम्मि तह पयट्टंति ।
जिणपूयाकायवहम्मि, तेसिमपवत्तणं मोहो ॥ १८९ ॥ ४/४५

छाया :- देहादिनिमित्तमपि खलु ये कायवधे तथा प्रवर्तन्ते ।
जिनपूजाकायवधे तेषामप्रवर्तनं मोहः ॥ ४५ ॥

ગાથાર્થ :- શરીર આદિના નિમિત્તે જેઓ જીવહિંસામાં તે તે પ્રકારે પ્રવૃત્તિ કરે છે તેઓ વડે જિનપૂજામાં થતી જીવહિંસામાં પ્રવૃત્તિ ન કરવી એ મૂઢતા છે.

ટીકાર્થ :- '**जे**'= જે ગૃહસ્થ હોવાથી '**देहादिनिमित्तं पि हु**'= શરીર, ઘર, પુત્ર, સ્ત્રી આદિના માટે '**तह**'= ભોજન, વસ્ત્ર, સ્નાન, વિલેપન આદિ તે તે ઉપાયો વડે '**कायवहम्मि**'= જીવહિંસામાં '**पयट्टंति**'= પ્રવૃત્તિને કરે છે. '**तेसिं**'= તે ગૃહસ્થોને '**जिणपूयाकायवहम्मि**'= જિનપૂજામાં થતી જીવહિંસા તે કારણે (વનસ્પતિ આદિના આરંભમાં) '**अपवत्तणं**'= સ્વયં પ્રવૃત્તિ ન કરવી અને બીજાને પ્રવૃત્તિ ન કરાવવી એ '**मोहो**'= મૂઢતા છે. શાસ્ત્રમાં કહેલી પૂજા કરવાના પોતે અધિકારી હોવા છતાં તેઓ પૂજા નથી કરતા એ તેમની મૂઢતા છે, અજ્ઞાન છે. ॥ ૧૮૯ ॥ ૪/૪૫

આ પ્રમાણે સાવદ્યના ત્યાગપૂર્વકની નિર્દોષ પૂજાની વિધિ કહીને તેનો ઉપસંહાર કરતા કહે છે :-

सुत्तभणिएण विहिणा, गिहिणा निव्वाणमिच्छमाणेणं ।
तम्हा जिणाण पूया, कायव्वा अप्पमत्तेणं ॥ १९० ॥ ४/४६

છાયા :- सूत्रभणितेन विधिना गृहिणा निर्वाणमिच्छता ।
तस्माद् जिनानां पूजा कर्तव्या अप्रमत्तेन ॥ ४६ ॥

ગાથાર્થ :- આથી મોક્ષની ઇચ્છાવાળા ગૃહસ્થે પ્રમાદનો ત્યાગ કરીને શાસ્ત્રમાં કહેલી વિધિ મુજબ જિનેશ્વરદેવની પૂજા કરવી જોઈએ.

ટીકાર્થ :- '**तम्हा**'= તેથી '**सुत्तभणिएण**'= આગમમાં કહેલી '**विहिणा**'= વિધિ મુજબ, ઉપદેશ મુજબ '**निव्वाणं**'= પરમપદ અથવા સુખની '**इच्छमाणेणं**'= ઇચ્છાવાળા '**गिहिणा**'= ગૃહસ્થે '**अप्पमत्तेणं**'= પ્રમાદને છોડીને શાસ્ત્રના અનુસારે, '**जिणाण पूया**'= જિનેશ્વરની પૂજા '**कायव्वा**'= કરવી જોઈએ. કારણકે **'विचारसार प्रकरण'- ८८२ गाथा**માં કહ્યું છે કેઃ-

'જે કારણથી છદ્મસ્થ જીવોને અહીયાં આગમ સિવાય બીજું કોઈ પ્રમાણ વિદ્યમાન નથી માટે એ આગમમાં જ પ્રયત્ન કરવો જોઈએ.' ॥ ૧૯૦ ॥ ૪/૪૬

હવે વિષયના માહાત્મ્યથી પૂજાનું વિશિષ્ટ ફળ કહે છેઃ-

एक्कं पि उदगबिंदुं, जह पक्खित्तं महासमुद्दम्मि ।
जायइ अक्खयमेवं, पूया जिणगुणसमुद्देसु ॥ १९१ ॥ ४/४७

છાયા :- एकोऽपि उदकबिन्दुर्यथा प्रक्षिप्तो महासमुद्रे ।
जायते अक्षय एवं पूजा जिनगुणसमुद्रेषु ॥ ४७ ॥

ગાથાર્થ :- જેમ મોટા સમુદ્રમાં નાંખેલુ પાણીનું એક પણ બિંદુ અક્ષય બની જાય છે તેમ જિનેશ્વરદેવના ગુણોરૂપી મહાસમુદ્રમાં પૂજા અક્ષય બની જાય છે. અર્થાત્ મોક્ષરૂપ અક્ષયફળને આપવાથી જિનપૂજા અક્ષય છે.

ટીકાર્થ :- '**जह**'= જે પ્રમાણે '**एक्कं पि**'= એક પણ '**उदगबिंदु**'= પાણીનું ટીપું-પ્રાકૃત હોવાથી નપુંસકલિંગમાં નિર્દેશ કર્યો છે. '**महासमुद्दम्मि**'= અસંખ્યાત યોજનવાળા પાણીથી ભરેલા **स्वयंभूरमण**

આદિ મહાસમુદ્રમાં '**पक्खित्तं**'= નાખેલું '**अक्खयं**'= અક્ષય '**जायइ**'= થાય છે; '**एवं**'= આ પ્રમાણે **जिणगुणसमुद्देसु**= જિનરૂપી ગુણસમુદ્રને વિષે કરાયેલી '**पूया**'= જિનપૂજા અક્ષય બની જાય છે. પૂજાનો વિષય જિનેશ્વરદેવ છે તેમના માહાત્મ્યથી પૂજા અક્ષય-અનંત એવા મોક્ષના ફળને આપનારી થાય છે. ॥ ૧૯૧ ॥ ૪/૪૭

હવે પૂજાની ઉપાદેયતા બતાવવા માટે તેના તાત્કાલિક અને ભવિષ્યમાં મળનારા ફળને બતાવતા કહે છે :-

उत्तमगुणबहुमाणो, पयमुत्तमसत्तमज्झयारम्मि ।
उत्तमधम्मपसिद्धी, पूयाए जिणवरिंदाणं ॥ १९२ ॥ ४/४८

छाया :- उत्तमगुणबहुमानः पदमुत्तमसत्त्वमध्यकारे ।
उत्तमधर्मप्रसिद्धिः पूजया जिनवरेन्द्राणाम् ॥ ४८ ॥

ગાથાર્થ :- જિનેશ્વરદેવની પૂજા કરવાથી ઉત્તમ ગુણોનું બહુમાન, ઉત્તમ જીવોમાં સ્થાન અને ઉત્તમધર્મની પ્રસિદ્ધિ થાય છે.

ટીકાર્થ :- '**उत्तमगुणबहुमाणो**'= કેવલજ્ઞાન-દર્શન-યથાખ્યાતચારિત્ર આદિ ઉત્તમ ગુણોને વિશે બહુમાન-વિશિષ્ટ પ્રીતિ થાય છે. '**उत्तमसत्तमज्झयारम्मि**'= દેવેન્દ્ર, નરેન્દ્ર, વિદ્યાધર, રાજા આદિની મધ્યમાં '**पयं**'= સ્થાન '**उत्तमधम्मपसिद्धी**'= સ્વર્ગ અને મોક્ષને આપવામાં સમર્થ એવા ધર્મની પ્રસિદ્ધિ - અથવા ક્ષમા આદિ દશ પ્રકારના ભાવધર્મની સિદ્ધિ '**जिणवरिंदाणं**'= જિનેશ્વરદેવોની '**पूयाए**'= પૂજાથી થાય છે. ॥ ૧૯૨ ॥ ૪/૪૮

પૂજાના ફળસંબંધી દૃષ્ટાંતને કહે છે:-

सुव्वइ दुग्गयनारी, जगगुरुणो सिंदुवारकुसुमेहिं ।
पूयापणिहाणेणं, उववण्णा तियसलोगम्मि ॥ १९३ ॥ ४/४९

छाया :- श्रूयते दुर्गतनारी जगद्गुरोः सिंदुवारकुसुमैः ।
पूजाप्रणिधानेन उपपन्ना त्रिदशलोके ॥ ४९ ॥

ગાથાર્થ :- જગતના ગુરુ જિનેશ્વરદેવની સિંદુવારના પુષ્પો વડે પૂજા કરવાની માત્ર ભાવનાથી પણ ગરીબ વૃદ્ધા સ્ત્રી દેવલોકમાં ઉત્પન્ન થઈ એવું શાસ્ત્રમાં દૃષ્ટાંત સંભળાય છે.

ટીકાર્થ :- '**सुव्वइ**'= શાસ્ત્રમાં સંભળાય છે. '**जगगुरुणो**'= ભગવાનની '**दुग्गयनारी**'= પૂજા કરવા માટે સુગંધી પુષ્પો પણ જેની પાસે નથી એવી ગરીબ સ્ત્રી '**सिंदुवारकुसुमेहिं**'= નદીના કાંઠે ઉગેલા સુગંધ વગરના સિંદુવારના પુષ્પો વડે '**पूयापणिहाणेणं**'= માત્ર પૂજા કરવાના શુભ અધ્યવસાય વડે પણ કોઈક કારણથી એ સમયે જ આયુષ્યનો ક્ષય થવાથી પૂજા ન કરવા છતાં **तियसलोगम्मि**= દેવલોકમાં '**उववन्ना**'= ઉત્પન્ન થઈ.

તે ગરીબ વૃદ્ધા સ્ત્રીને સમવસરણમાં રહેલા સમસ્ત દેવ; અસુર અને રાજાઓ વડે પૂજા કરાતાં ભગવાનને જોઈને એવો ભાવ જાગ્યો કે, ''પૂર્વજન્મમાં મેં કોઈ મહાપુરુષોની પૂજા નથી કરી તેથી આ જન્મમાં ગરીબ થઈ છું.'' આમ પોતાના અપરાધને વિચારતી તે દૂર કરવા માટે 'હવે હું ભગવાનની પૂજા કરું'' એમ ભક્તિપૂર્વક હૈયા વડે નજીકમાંથી મળતા એવા સિંદુવાર પુષ્પોની અંજલી ભરીને તે

અતિશય હર્ષથી ભગવાનની પૂજા કરવા માટે સમવસરણ તરફ ચાલી. આ શુભ અધ્યવસાયથી તેણે એ સમયે દેવ આયુષ્યનો બંધ કર્યો. તે પૂજા કરવા જતી હતી ત્યાં જ રસ્તામાં તેના આયુષ્યનો ક્ષય થવાથી ભગવાનની દ્રવ્યથી પૂજા ન કરી હોવા છતાં વધતાં એવા શુભ અધ્યવસાયથી હાથમાં રહેલા પુષ્પોની અંજલી વડે ભગવાનની ભાવથી પૂજા કરીને તે દેવલોકમાં ઉત્પન્ન થઈ. આમ ભાવથી કરેલી પૂજાનું ફળ પણ દેવલોકની પ્રાપ્તિ સ્વરૂપ છે માટે ભગવાનની પૂજા કરવી જોઈએ. ॥ ૧૯૩ ॥ ૪/૪૯

सम्मं नाऊण इमं, सुयाणुसारेण धीरपुरिसेहिं।
एवं चिय कायव्वं, अविरहियं सिद्धिकामेहिं ॥ १९४ ॥ ४/५०

छाया :- सम्यग् ज्ञात्वा इदं श्रुतानुसारेण धीरपुरुषैः ।
एवमेव कर्तव्यमविरहितं सिद्धिकामैः ॥ ५० ॥

गाथार्थ :- મોક્ષના અભિલાષી ધીર પુરુષોએ આ પૂજાવિધિને આગમથી બરાબર જાણીને આગમ પ્રમાણે હંમેશા પૂજા કરવી જોઈએ.

टीकार्थ :- '**इमं**'= આ પૂજાવિધિને '**सुयाणुसारेण**'= આગમના અનુસારે '**सम्मं**'= સારી રીતે '**नाऊण**'= જાણીને '**सिद्धिकामेहि**'= મોક્ષના અભિલાષી '**धीरपुरिसेहिं**'= વિદ્વાન પુરુષોએ '**एवं चिय**'= આગમમાં કહ્યા મુજબ જ '**अविरहियं**'= હંમેશા તે '**कायव्वं**'= કરવી. ॥ ૧૯૪ ॥ ૪/૫૦

॥ ચોથું પૂજાવિધિ નામનું પંચાશક પૂર્ણ થયું. ॥

● ● ●

॥ पञ्चमं प्रत्याख्यानविधि-पञ्चाशकम् ॥

જિનેશ્વરદેવની પૂજાવિધિ કહ્યા બાદ હવે ક્રમથી પ્રાપ્ત થયેલ પચ્ચક્ખાણની વિધિને કહે છે :-

नमिऊण वद्धमाणं, समासओ सुत्तजुत्तिओ वोच्छं।
पच्चक्खाणस्स विहिं, मंदमतिविबोहणट्ठाए ॥ १९५ ॥ ५/१

छाया :- नत्वा वर्धमानं समासतः सूत्रयुक्तितः वक्ष्ये ।
प्रत्याख्यानस्य विधिं मन्दमतिविबोधनार्थाय ॥ १ ॥

ગાથાર્થ :- ભગવાન શ્રી **વર્ધમાનસ્વામી**ને નમસ્કાર કરીને મંદબુદ્ધિવાળા જીવોના બોધને માટે પ્રત્યાખ્યાનની વિધિને હું આગમ અને યુક્તિના આધારે સંક્ષેપથી કહીશ.

ટીકાર્થ :- '**वद्धमाणं**'= પ્રકૃષ્ટ પુણ્યના ઉદયથી નિરંતર વધતા હોવાથી જેમનું **'વર્ધમાન'** એવું નામ છે એવા **મહાવીર સ્વામી**ને '**नमिऊण**'= નમસ્કાર કરીને '**मंदमतिविबोहणट्ठाए**'= મંદબુદ્ધિવાળા જીવોના બોધ માટે '**समासओ**'= સંક્ષેપથી '**सुत्तजुत्तिओ**'= આગમના આધારે '**पच्चक्खाणस्स**'= પચ્ચક્ખાણની '**विहिं**'= વિધિને '**वोच्छं**'= કહીશ. ॥ **૧૯૫**॥ ૫/૧

પ્રત્યાખ્યાન એટલે શું ? એ મંદબુદ્ધિવાળા જીવોના બોધને માટે કહે છે :-

पच्चक्खाणं नियमो, चरित्तधम्मो य होंति एगट्ठा।
मूलुत्तरगुणविसयं, चित्तमिणं वण्णियं समए ॥ १९६ ॥ ५/२

छाया :- प्रत्याख्यानं नियमश्चारित्रधर्मश्च भवन्ति एकार्थाः ।
मूलोत्तरगुणविषयं चित्रमिदं वर्णितं समये ॥ २ ॥

ગાથાર્થ :- પ્રત્યાખ્યાન, નિયમ અને ચારિત્રધર્મ એ ત્રણે ય સમાન અર્થવાળા પર્યાયવાચી શબ્દો છે. મૂળગુણસંબંધી અને ઉત્તરગુણસંબંધી આ પ્રત્યાખ્યાન શાસ્ત્રમાં અનેક પ્રકારે વર્ણવવામાં આવ્યું છે.

ટીકાર્થ :- '**पच्चक्खाणं**'= પ્રત્યાખ્યાન, '**नियमो**'= નિયમ '**चरित्तधम्मो य**'= અને ચારિત્રધર્મ '**होंति**' '**एगट्ठा**'= ત્રણે યનો 'નિવૃત્તિ' એ પ્રમાણે સમાન અર્થ થતો હોવાથી તે એકાર્થક-પર્યાયવાચી શબ્દો કહેવાય છે. '**मूलुत्तरगुणविसयं**'= મૂલગુણ અને ઉત્તરગુણના વિષયવાળું- પાંચ મહાવ્રતો એ સાધુના મૂળગુણો છે અને પાંચ અણુવ્રતો એ શ્રાવકના મૂળગુણો છે. પિંડવિશુદ્ધિ આદિ સાધુના ઉત્તરગુણો છે અને દિગ્વ્રત આદિ શ્રાવકના ઉત્તરગુણો છે. '**इणं**'= આ પ્રત્યાખ્યાન '**चित्तं**'= અનેક પ્રકારનું '**समए**'= શાસ્ત્રમાં '**वण्णियं**'= વર્ણવવામાં આવ્યું છે ॥ **૧૯૬** ॥ ૫/૨

इह पुण अद्धारूवं, नवकारादि पतिदिणुवओगि त्ति।
आहारगोयरं जइगिहीण, भणिमो इमं चेव ॥ १९७ ॥ ५/३

छाया :- इह पुनरद्धारूपं नवकारादि प्रतिदिनोपयोगीति ।
आहारगोचरं यतिगृहिणां भणाम इदं चैव ॥ ३ ॥

ગાથાર્થ :- નવકારશી આદિ આહારસંબંધી કાળપ્રત્યાખ્યાન સાધુ અને ગૃહસ્થને પ્રતિદિન ઉપયોગમાં આવતું હોવાથી આ પંચાશકમાં તેનું જ વર્ણન કરીએ છીએ.

टीकार्थ :- '**इह पुण**'= આ પંચાશકમાં '**अद्धारूवं णवकारादि**'= નવકારશી આદિ પચ્ચક્ખાણો અમુક નિયતસમયવાળા હોવાથી અદ્ધાપચ્ચક્ખાણ કહેવાય છે '**आहारगोयरं**'= આહારસંબંધી '**जइगिहीण**'= સાધુ અને શ્રાવકને '**पतिदिणुवओगि त्ति**'= દરરોજ માટે ઉપયોગી હોવાથી '**भणिमो**'= વર્ણન કરીએ છીએ '**इमं चेव**'= પ્રત્યાખ્યાનનો જ અધિકાર ચાલતો હોવાથી આ પ્રત્યાખ્યાનનું જ વર્ણન કરે છે.

श्री आवश्यकनिर्युक्ति આદિમાં અનાગત આદિ દશ પ્રકારના પ્રત્યાખ્યાનો બતાવ્યા છે તેમાં કાળપ્રત્યાખ્યાનના નવકારશી આદિ દશ ભેદ છે તેનું આ પંચાશકમાં વર્ણન કરાય છે. ॥ ૧૯૭ ॥ ૫/૩

પ્રત્યાખ્યાન સંબંધી દ્વારગાથાને કહે છે :-

गहणे आगारेसुं, सामइए चेव विहिसमाउत्तं ।
भेए भोगे सयंपालणाए अणुबंध भावे य ॥ १९८ ॥ ५/४ (दारगाहा)

छाया :- ग्रहणे आकारेषु सामायिक एव विधिसमायुक्तम् ।
भेदे भोगे स्वयंपालनायामनुबन्धभावे च ॥ ४ ॥ (द्वारगाथा)

गाथार्थ :- ગ્રહણ, આગાર, સામાયિક, ભેદ, ભોગ, સ્વયંપાલન અને અનુબંધ આ સાત વિષયોની વિધિથી યુક્ત કાળપ્રત્યાખ્યાનનું વર્ણન કરીશું. અર્થાત્ ગ્રહણ આદિ સાત દ્વારોનું અહીં વર્ણન કરાશે.

टीकार्थ :- '**गहणे**'= પ્રત્યાખ્યાનને ગ્રહણ કરવાની વિધિ બતાવતું દ્વાર, '**आगारेसुं**'= આગાર દ્વાર, '**सामइके**'= સામાયિક દ્વાર, '**चेव**'= નિશ્ચે '**विहिसमाउत्तं**'= વિધિથી યુક્ત '**भेए**'= બે પ્રકાર આદિ ભેદ દ્વાર, '**भोगे**'= પ્રત્યાખ્યાનની પછીથી કરવામાં આવનાર ભોજનવિધિ દ્વાર, '**सयंपालणाए**'= સ્વયંપાલના દ્વાર, '**अणुबंध**'= ભોજન કર્યા બાદ કરવામાં આવતો સ્વાધ્યાય આદિ અનુબંધ દ્વાર, '**भावे य**'= વિશુદ્ધ ભાવસ્વરૂપ, આ દરેક દ્વારમાં **'विधिसमायुक्तम्'**= વિધિપૂર્વકનું, આ વિશેષણ જોડવાનું છે. ॥ ૧૯૮ ॥ ૫/૪

આ દ્વારોનું સંક્ષેપથી વ્યાખ્યાન કરે છે :-

गिण्हति सयंगहीयं, काले विणएण सम्ममुवउत्तो ।
अणुभासंतो पइवत्थु, जाणगो जाणगसगासे ॥ १९९ ॥ ५/५

छाया :- गृह्णाति स्वयंगृहीतं काले विनयेन सम्यगुपयुक्तः ।
अनुभाषमाणः प्रतिवस्तु ज्ञायको ज्ञायकसकाशे ॥ ५ ॥

गाथार्थ :- પ્રત્યાખ્યાનના સ્વરૂપનો અર્થાત્ પોતાને જે જે વસ્તુનું પચ્ચક્ખાણ કરવું છે તેનો જાણકાર જીવ, પોતે સ્વયં લીધેલું પચ્ચક્ખાણ, પ્રત્યાખ્યાનના સ્વરૂપના જાણકાર એવા ગુરુની પાસે, ઉચિત કાળે, વિનયથી, ઉપયોગપૂર્વક, પ્રત્યાખ્યાનના સૂત્રનો મંદસ્વરે ઉચ્ચાર કરતો સમ્યક્ રીતે ગ્રહણ કરે.

टीकार्थ :- '**गिण्हति**'= પ્રત્યાખ્યાનને ગ્રહણ કરે છે '**सयंगहीयं**'= ઘરમાં જ શરીરની હાજત વગેરે પતાવ્યા બાદ ચૈત્યવંદન કર્યા બાદ જાતે જ ગ્રહણ કરેલું પચ્ચક્ખાણ '**काले**'= પ્રત્યાખ્યાનના ઉચિત કાળે, પ્રત્યાખ્યાન એ ભાવિકાળના વિષયવાળું હોય છે, ભૂતકાળ કે વર્તમાનકાળના વિષયવાળું હોતું નથી, કારણ કે 'ભવિષ્યસંબંધી' પાપકાર્યનો ત્યાગ કરવા '**अनागतं पच्चक्खामि**' એમ કહેવામાં આવે છે, ભૂતકાળસંબંધી પાપકાર્યની નિંદા કરવામાં આવે છે, વર્તમાનકાળ સંબંધી પાપકાર્યનો સંવર કરવામાં આવે છે, પચ્ચક્ખાણ તો ભવિષ્યકાળ સંબંધી જ હોય છે. '**विणएण**'= ગુરુભગવંતને વંદના કરવારૂપ

વિનય કરવા વડે '**सम्मं**'= સમ્યક્ રીતે- અર્થાત્ દેશકાળની અપેક્ષાએ ઔચિત્યને આશ્રયીને- અવસરોચિત તેને ગ્રહણ કરે, પરંતુ સ્વાધ્યાય-ધ્યાનાદિમાં વિઘ્નભૂત થાય એમ ગમે તે રીતે ગ્રહણ ન કરે. '**उवउत्तो**' પ્રત્યાખ્યાનના સૂત્રમાં જ ઉપયોગ રાખવા પૂર્વક ગ્રહણ કરે, એ સમયે પ્રત્યાખ્યાન સિવાય બીજામાં ઉપયોગ ન રાખે, કારણ કે ઉપયોગ વગર કરાતું અનુષ્ઠાન એ દ્રવ્યાનુષ્ઠાન ગણાય છે. '**अणुभासंतो**'= પચ્ચક્ખાણ આપનાર ગુરુભગવંત બોલે છે તેમની સાથે સંપૂર્ણ પ્રત્યાખ્યાનસૂત્રને ઉચ્ચારતો ગ્રહણ કરે- અર્થાત્ પોતે મંદસ્વરે પ્રત્યાખ્યાનસૂત્રને બોલતો હોય, '**पइवत्थु**'= જે જે વસ્તુના પચ્ચક્ખાણ કરવાના હોય તે તે દરેક વસ્તુ '**जाणगो**'= પ્રત્યાખ્યાનસૂત્રના અર્થનો પોતે જાણકાર હોય.'**जाणगसगासे**'= જાણકાર એવા સાધુની પાસે પચ્ચક્ખાણ ગ્રહણ કરે. ॥ **१९९** ॥ ५/५

एत्थं पुण चउभंगो, विण्णेओ जाणगेयरगओ उ ।
सुद्धासुद्धा पढमंतिमा उ सेसेसु उ विभासा ॥ २०० ॥ ५/६

छाया :- अत्र पुनश्चतुर्भङ्गो विज्ञेयो ज्ञायकेतरगतस्तु ।
शुद्धाशुद्धौ प्रथमान्तिमौ तु शेषयोस्तु विभाषा ॥ ६ ॥

गाथार्थ :- અહીં પ્રત્યાખ્યાનની ગ્રહણવિધિમાં જાણકાર અને અજાણકાર એ બે સંબંધી ચાર ભાંગા જાણવા. તેમાં પ્રથમ ભાંગો શુદ્ધ છે, ચોથો ભાંગો અશુદ્ધ છે. બાકીના ભાંગાઓમાં શુદ્ધાશુદ્ધનો વિકલ્પ છે.

टीकार्थ :- '**एत्थं पुण**'= આ પ્રત્યાખ્યાનની ગ્રહણવિધિના અધિકારમાં '**चउभंगो**'= ચાર પ્રકાર અર્થાત્ ભાંગા **चतुर्** અને **भंग** શબ્દનો કર્મધારય સમાસ કર્યો છે. અહીં '**चउभंगो**' શબ્દમાં જાતિ અર્થમાં એકવચન કરેલું છે, '**विण्णेओ**'= જાણવા. '**जाणगेयरगओ उ**'= પ્રત્યાખ્યાનના વિષયમાં કુશળ અને અકુશળ પુરુષસંબંધી '**सुद्धासुद्धा पढमंतिमा**'= પહેલો ભાંગો શુદ્ધ છે, ચોથો ભાંગો અશુદ્ધ છે. કારણ કે પહેલા ભાંગામાં સંપૂર્ણ વિધિ રહેલી છે; ચોથામાં અપૂર્ણ વિધિ છે. '**सेसेसु उ**'= બાકીના બીજા-ત્રીજા ભાંગામાં '**विभासा**'= શુદ્ધ-અશુદ્ધપણાનો વિકલ્પ છે. અર્થાત્ તે અમુક રીતે ગ્રહણ કરાય તો શુદ્ધ છે. અન્યથા અશુદ્ધ છે.

ચાર ભાંગા - (૧) પચ્ચક્ખાણ લેનાર જાણકાર છે, આપનાર પણ જાણકાર છે.

(૨) લેનાર જાણકાર નથી, પચ્ચક્ખાણ આપનાર જાણકાર છે.

(૩) લેનાર જાણકાર છે, પચ્ચક્ખાણ આપનાર જાણકાર નથી.

(૪) લેનાર જાણકાર નથી, પચ્ચક્ખાણ આપનાર જાણકાર નથી. ॥ **२००** ॥ ५/६

बिइए जाणावेउं, ओहेणं तइए जेट्ठगाइंमि ।
कारणओ उ ण दोसो, इहरा होइ त्ति गहणविही ॥ २०१ ॥ ५/७

छाया :- द्वितीये ज्ञापयित्वा ओघेन तृतीये ज्येष्ठकादौ ।
कारणतस्तु न दोष इतरथा भवतीति ग्रहणविधिः ॥ ७ ॥

गाथार्थ :- બીજા ભાંગામાં પ્રત્યાખ્યાન લેનારને પ્રત્યાખ્યાનસંબંધી સામાન્ય સમજણ આપીને પ્રત્યાખ્યાન કરાવે તો શુદ્ધ છે. ત્રીજા ભાંગામાં કારણસર અજ્ઞાન એવા પણ આચાર્ય ભગવંતના મોટા-ભાઈ આદિની પાસે પ્રત્યાખ્યાન લે તો શુદ્ધ છે- અન્યથા આ બે ભાંગા અશુદ્ધ છે. આ પ્રમાણે પ્રત્યાખ્યાન લેવાની વિધિ છે.

टीकार्थ :- '**बिइए**'= પ્રત્યાખ્યાન લેનાર જાણકાર નથી, આપનાર જાણકાર છે. એ બીજા ભાંગામાં '**जाणावेउं ओहेणं**'= સામાન્યથી પ્રત્યાખ્યાન સંબંધી તેને સમજણ આપીને પ્રત્યાખ્યાન કરાવે તો શુદ્ધ છે- કારણ કે પ્રત્યાખ્યાન દ્વારા જે વસ્તુનો પોતાને ત્યાગ કરવાનો છે તેની સમજણ જ જો તેને ન હોય તો તે તેનું પાલન બરાબર કેવી રીતે કરી શકે ? તે બાબતનું થોડું પણ તેને જ્ઞાન હોય તો તેનું તે પાલન કરી શકે, કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે - "સમજીને સ્વેચ્છાથી જે ત્યાગ કરવામાં આવે તે જ વિરતિ કહેવાય." '**तइए**'= જાણકાર અજાણકાર પાસે પ્રત્યાખ્યાન લે છે એ ત્રીજા ભાંગામાં '**जेट्ठगादिम्मि**'= આચાર્યના મોટા ભાઈ, મામા, પિતા, કાકા તથા 'આદિ' શબ્દથી કોઈ મહાતપસ્વી, રત્નાધિક વૃદ્ધ વગેરેનું ગ્રહણ થાય છે. તેમની પાસે '**कारणाओ उ**'= કારણસર લે તો જ '**न दोसो**'= શાસ્ત્રની બાધા વગેરે દોષ નથી. અહીં જ્યેષ્ઠ એ આચાર્યના પૂજ્ય હોવાથી તેમની પૂજા થાય અથવા તેમને અસંતોષ ન થાય, એ કારણે અજાણકાર એવા પણ તેમની પાસે પ્રત્યાખ્યાન લે તો દોષ નથી, અથવા પ્રત્યાખ્યાન આપનાર કોઈ જાણકારની હાજરી ન હોય તો વિનય ખાતર અજ્ઞાની એવા પણ વડીલની પાસે પ્રત્યાખ્યાન લે તો દોષ નથી, '**इहरा**'= અન્યથા આ બે ભાંગામાં '**होइ त्ति**'= દોષ લાગે જ છે. '**गहणविही**'= પ્રત્યાખ્યાનને ગ્રહણ કરવાની આ વિધિ છે.

બીજા ભાંગામાં પ્રત્યાખ્યાન લેનારને જે આયંબિલ આદિનું પ્રત્યાખ્યાન લેવું છે તેની સમજણ જો તેને ન હોય તો ગુરુ ભગવંતે તેને સમજણ આપવી જોઈએ. એ પ્રત્યાખ્યાન કેટલા સમયનું છે ? ક્યારે પૂર્ણ થાય ? તેમાં કઈ કઈ વસ્તુ ખપે ? કઈ કઈ ન ખપે ? વગેરે, આ બધી સમજણ જો તેને ન હોય તો પ્રત્યાખ્યાન લેવા છતાં તેને આંશિક પણ વિરતિ થઈ શકતી નથી. ॥ ૨૦૧ ॥ ૫/૭

૫/૪ ગાથામાં જે આગાર દ્વાર કહ્યું છે તેનો વિષયવિભાગ બતાવે છે :-

दो चेव णमोक्कारे, आगारा छच्च पोरिसीए उ ।
सत्तेव य पुरिमड्ढे, एक्कासणगम्मि अट्ठेव ॥ २०२ ॥ ५/८

छाया :- द्वौ चैव नमस्कारे आगारौ षट् च पौरुष्यां तु ।
सप्तैव च पुरिमार्द्धे एकाशनके अष्टैव ॥ ८ ॥

गाथार्थ :- નવકારશીના પ્રત્યાખ્યાનમાં બે જ આગાર, પોરિસીના પચ્ચક્ખાણમાં છ આગાર, પુરિમઢના પચ્ચક્ખાણમાં સાત આગાર અને એકાસણાના પ્રત્યાખ્યાનમાં આઠ આગાર હોય છે.

ટીકાર્થ :- '**दो चेव**'= બે જ '**नमोक्कारे**'= નવકારશીના પ્રત્યાખ્યાનમાં '**आगारा**'= આગારો- આગારનો અર્થ અપવાદવિશેષ છે. '**छच्च**'= છ જ '**पोरिसीए उ**'= પોરિસીના પચ્ચક્ખાણમાં '**सत्तेव य**'= સાત જ '**पुरिमड्ढे**'= પુરિમઢમાં, સૂર્યોદયથી બે પ્રહર સુધીનું પચ્ચક્ખાણ પુરિમઢ કહેવાય છે. '**एक्कासणगम्मि**'= ભોજન કરવા બેઠા પછી ભોજનની સમાપ્તિ થાય ત્યાં સુધી (पुत=) કુલા (બેસવાનો શરીરનો ભાગ) બેઠકના સ્થાનથી જરા પણ ખસે નહિ એ રીતે ભોજન કરવું તે એકાસણામાં, અથવા રાગ અને દ્વેષ વગર ભોજન કરવું તે એકાસણું- આગમમાં તે એકાસણાના નામથી પ્રસિદ્ધ છે જ્યારે લોક-લોકોત્તરમાં તે એકભક્તના નામથી પ્રસિદ્ધ છે. તેમાં '**अट्ठेव**'= આઠ જ આગાર આગમમાં કહ્યાં છે. અર્થાત્ એક વખત ભોજન કરવું તે એકાસણું અથવા એક જ આસને બેસીને ભોજન કરવું તે એકાસણું- તેના પ્રત્યાખ્યાનમાં આઠ આગાર છે. ॥ ૨૦૨ ॥ ૫/૮

सत्तेगट्ठाणस्स उ, अट्ठेवायंबिलम्मि आगारा ।
पंच अभत्तट्ठस्स उ, छप्पाणे चरिमे चत्तारि ॥ २०३ ॥ ५/९

छाया :- **सप्तैकस्थानस्य तु अष्टैवाचामाम्ले आगाराः ।**
पञ्च अभक्तार्थस्य तु षट् पाने चरिमे चत्वारः ॥ ९ ॥

गाथार्थ :- એકલઠાણામાં સાત આગાર, આયંબિલના પ્રત્યાખ્યાનમાં આઠ આગાર, ઉપવાસના પ્રત્યાખ્યાનમાં પાંચ આગાર, પાણીના પ્રત્યાખ્યાનમાં છ આગાર, અને ચરિમના પ્રત્યાખ્યાનમાં ચાર આગાર હોય છે.

ટીકાર્થ :- '**सत्ते**'= સાત આગાર '**एगट्ठाणस्स उ**'= એકલઠાણાના પ્રત્યાખ્યાનમાં હાથ અને મુખ સિવાય શરીરના બીજા કોઈ પણ અવયવોને હલાવવાનો નિષેધ છે. '**अट्ठेव**'= આઠ જ આગાર '**आयंबिलस्स**'= ગરમ પાણી-ઓસામણ-કાંજી સહિત ભાત વગેરે મીઠા વગરનું ભોજન જેમાં કરવામાં આવે છે તેને શાસ્ત્રમાં આયંબિલ કહેવામાં આવે છે. તેના પ્રત્યાખ્યાનમાં '**पंच**'= પાંચ '**आगारा**'= આગાર '**अभत्तट्ठस्स उ**'= જેમાં ભોજનનો અભિલાષ હોતો નથી અર્થાત્ જેમાં ભોજન કરવામાં નથી આવતું તે અભક્તાર્થ-ઉપવાસ કહેવાય. તેના પ્રત્યાખ્યાનમાં '**छ**'= છ આગાર '**पाणे**'= પાણીના પ્રત્યાખ્યાનમાં, જેમાં '**अच्छ**'= ત્રણ ઉકાળાવાળું ઊકાળેલું પાણી '**बहल**'= ધોવણનું પાણી '**लेप**'= ચીકાશવાળું પાણી '**अलेप**'= ચીકાશ વગરનું પાણી '**ससिक्थ**'= દાણાવાળું પાણી '**असिक्थ**'= દાણા વગરનું પાણી હોય. '**चरिमे**'= દિવસચરિમ અને ભવચરિમ (= અનશનનાં) પ્રત્યાખ્યાનમાં '**चत्तारि**'= શાસ્ત્રપ્રસિદ્ધ ચાર આગારો હોય છે. **॥ २०३ ॥ ५/९**

पंच चउरो अभिग्गहे, निव्विइए अट्ठ नव य आगारा ।
अप्पाउरणे पंच उ, हवंति सेसेसु चत्तारि ॥ २०४ ॥ ५/१०

छाया :- **पञ्च चत्वारः अभिग्रहे निर्विकृतिके अष्ट नव च आगाराः ।**
अप्रावरणे पञ्च तु भवन्ति शेषेषु चत्वारि ॥ १० ॥

गाथार्थ :- અભિગ્રહના પ્રત્યાખ્યાનમાં પાંચ અથવા ચાર આગાર હોય છે. નીવિના પ્રત્યાખ્યાનમાં આઠ અથવા નવ આગાર હોય છે. વસ્ત્રત્યાગના અભિગ્રહમાં પાંચ આગાર હોય છે, બાકીના અભિગ્રહમાં ચાર આગાર હોય છે.

ટીકાર્થ :- '**पंच**'= પાંચ '**चउरो**'= ચાર '**अभिग्गहे**'= અભિગ્રહના પ્રત્યાખ્યાનમાં, આ અભિગ્રહ માત્ર આહારસંબંધી જ નથી હોતો પણ તે ઉપરાંત બીજી વસ્તુ સંબંધી પણ હોય છે. પ્રત્યાખ્યાન લેનારને અમુક વસ્તુનો ત્યાગ કરવાની અભિલાષા થાય તો તે અભિગ્રહના પ્રત્યાખ્યાનમાં તે વસ્તુની ધારણા કરીને તેનો ત્યાગ કરે છે. 'અપ્રાવરણ' એટલે ચોલપટ્ટો નહિ પહેરવાનો કોઈ સાધુએ અભિગ્રહ લીધો હોય પણ જો ગૃહસ્થ ઉપાશ્રયમાં આવી જાય તો તે પ્રવચનની નિંદા ન થાય એ માટે 'ચોલપટ્ટાગાર'થી ચોલપટ્ટો ધારણ કરે છે. અર્થાત્ આ 'ચોલપટ્ટાગાર' નામનો પાંચમો આગાર જે અભિગ્રહના પ્રત્યાખ્યાનમાં છે તે પ્રવચનની પ્રશંસા માટે છે. '**निव्विइए**'= વિગઈના ત્યાગના પ્રત્યાખ્યાનને શાસ્ત્રમાં 'નીવિ' તરીકે કહેવામાં આવે છે તેમાં '**अट्ठ**'= આઠ '**नव य**'= નવ '**आगारा**'= આગારો-પિંડ વિગઈમાં 'ઉક્ખિત્તવિવેગેણં' એ નવમો આગાર હોય છે, દ્રવવિગઈમાં એ આગાર ન હોવાથી આઠ આગાર હોય છે. '**अप्पाउरणे**'= વસ્ત્રત્યાગના અભિગ્રહમાં '**पंच उ**'= પાંચ આગાર '**हवंति**'= હોય છે. '**सेसेसु**'= એ સિવાયના બાકીના અભિગ્રહમાં '**चत्तारि**'= ચાર આગાર હોય છે. **॥ २०४ ॥ ५/१०**

णवणीओगाहिमए, अद्दवदहिपिसियधयगुले चेव ।
णव आगारा तेसिं, सेसदवाणं च अट्ठेव ॥ २०५ ॥ ५/११

છાયા :- **नवनीतावगाहिमके अद्रवदधिपिशितघृतगुले चैव ।**
नव आगाराः तेषां शेषद्रवाणां च अष्टैव ॥ ११ ॥

ગાથાર્થ :- નીવિના પ્રત્યાખ્યાનમાં માખણ, પકવાન્ન ઘટ્ટ દહીં, માંસ, ગોળ, અને ઘી એ છ વિગઈમાં નવ આગાર છે અને બાકીની (મદિરા વગેરે) વિગઈમાં અને દહીં વગેરે દ્રવ વિગઈમાં આઠ આગાર છે.

ટીકાર્થ :- '**णवणीअ**'= માખણ '**ओगाहिमए**'= તેલ-ઘીમાં તળીને બનાવેલ પકવાન્ન ''**अवगाहेन**''= તેલ-ઘીમાં તળવા દ્વારા '**निवृत्तं**'= બનેલું= ''**अवगाहिम**'' આમાં અવગાહ શબ્દને '**भावप्रत्ययान्तादिम**'= એ સૂત્રથી **इम** પ્રત્યય લાગીને અવગાહિમ શબ્દ બન્યો છે. '**ड्डिम**' શબ્દ **इम** પ્રત્યય લાગીને બન્યો છે. ત્યારબાદ '**नवनीत**' અને '**अवगाहिम**' શબ્દનો દ્વન્દ્વ સમાસ કર્યો છે. તેમાં= '**णवणीओगाहिमए**'-'**अद्दवदहिपिसियधयगुले चेव**'= કઠણ દહીં, કઠણ માંસ, કઠણ ઘી અને કઠણ ગોળ- આ ગોળ વગેરે વિગઈનો ત્યાગ હોવા છતાં રોટલી વગેરે ઉપર તે મૂકેલા હોય તો કઠણ હોવાના કારણે તેને ઉપાડીને જુદો કરી શકાય છે. માટે તેમાં 'ઊક્ખિત્તવિવેગેણં' એ આગારનો સંભવ છે. '**नव आगारा**'= નવ આગાર છે. '**तेसिं**'= તેઓના '**सेसदवाणं च**'= ઉપર કહ્યા તે ગોળ આદિ સ્વરૂપથી દ્રવદ્રવ્યોમાં અને મદિરા આદિ બીજા દ્રવ્યોમાં- અર્થાત્ ઢીલા ગોળ, ઘી, દહીં આદિમાં અને મદિરા આદિમાં '**अट्ठेव**'= આઠ જ આગાર હોય છે. કારણ કે તે પ્રવાહી હોવાથી રોટલી વગેરે ખપતી વસ્તુ ઉપરથી તેમને ઉપાડીને જુદા કરી શકાતા નથી માટે તેમાં 'ઊક્ખિત્તવિવેગેણં' એ આગારનો સંભવ નથી. ॥ ૨૦૫ ॥ ૫/૧૧

પ્રત્યાખ્યાનમાં આગાર શા માટે રાખવામાં આવે છે ? તે કહે છે :-

वयभंगो गुरुदोसो, थेवस्स वि पालणा गुणकरी उ ।
गुरुलाघवं च णेयं, धम्मम्मि अओ उ आगारा ॥ २०६ ॥ ५/१२

છાયા :- **व्रतभङ्गो गुरुदोषः स्तोकस्यापि पालना गुणकरी तु ।**
गुरुलाघवं च ज्ञेयं धर्मे अतस्तु आगाराः ॥ १२ ॥

ગાથાર્થ :- વ્રતભંગમાં મોટા દોષો છે. નાના પણ નિયમનું પાલન લાભ કરનારું છે ધર્મમાં ગૌરવ-લાઘવ (લાભ-હાનિ) જાણવું જોઈએ. માટે પ્રત્યાખ્યાનમાં આગારો છે.

ટીકાર્થ :- '**वयभंगो**'= શાસ્ત્રના આધારે જે નિયમ લેવામાં આવે છે તેને વ્રત કહેવામાં આવે છે. તેનો ભંગ= નાશ અર્થાત્ લીધેલા વ્રતનું પાલન ન કરવું. '**गुरुदोसो**'= મોટો દોષ છે જેમાં તે ગુરુદોષ, એમ બહુવ્રીહિ સમાસ કર્યો અર્થાત્ મોટા દોષવાળો છે. '**थेवस्स वि**'= નાના પણ વ્રતનું '**पालणा**'= સંરક્ષણ કરવું- પાલન કરવું. '**गुणकरी उ**'= લાભ કરવાના સ્વભાવવાળી હોવાથી પાલના એ જ ગુણકારી છે. '**गुरुलाघवं च**'= જે કરવાથી ગુણોની વૃદ્ધિ થાય અને દોષોની હાનિ થાય તેને ગુરુલાઘવ કહેવામાં આવે છે. '**णेयं**'= જાણવું. '**धम्मम्मि**'= ધર્મના વિષયમાં એકાન્તે ઉત્સર્ગમાર્ગને ગ્રહણ કરવાથી વિશિષ્ટ ધર્મકાર્યોમાં હાનિ થતી હોવાથી તેનાથી અનેક પ્રાણીઓને અપકાર થાય છે માટે એવો એકાન્તમાર્ગ એ સારો નથી, લાભ કરનારો નથી. 'આગારો એ ગ્લાનાદિ-સાધાર્મિકજનોની વેયાવચ્ચાદિ કાર્યોમાં ઉપકારક બને છે' '**अओ**'= આથી '**आगारा**'= શાસ્ત્રમાં આગારોનું વર્ણન કરેલું છે. પ્રત્યાખ્યાનનો ભંગ ન થાય એ માટે શાસ્ત્રમાં પ્રત્યાખ્યાનમાં આગારો અપવાદરૂપે કહ્યાં છે. જ્ઞાની ભગવંતોની પ્રવૃત્તિ અવશ્ય સર્વ પ્રાણીને ઉપકાર કરનારી હોય છે. અને તે ઉત્સર્ગ-અપવાદ એમ બંને માર્ગના અવસરોચિત આરાધનથી જ શક્ય બને છે. આગમના અર્થનું રહસ્ય સમજ્યા વગર માત્ર ક્રિયાઓ કરવી, એ વિદ્વાનોને માન્ય નથી. માટે સર્વ પ્રાણીઓને અનુગ્રહ કરવા માટે પ્રત્યાખ્યાનમાં આગારો રાખવામાં આવે છે. ॥ ૨૦૬ ॥ ૫/૧૨

સર્વસાવદ્યયોગના ત્યાગસ્વરૂપ ભાવસામાયિકમાં રહેલા સાધુભગવંતને આ અમુક કાળ માટેના અમુક દ્રવ્યસંબંધી આહારના પ્રત્યાખ્યાનની શી જરૂર છે ? એનો કોઈ બીજો ગુણ નથી કે જે તેની અંદર ન આવે-(સાવદ્યયોગનાં પચ્ચક્ખાણમાં બધું આવી જાય.) આવી આશંકાનું સમાધાન કરવા કહે છે :-

सामइए वि हु सावज्जचागरूवे उ गुणकरं एयं ।
अपमायवुड्ढिजणगत्तणेण आणाउ विण्णेयं ॥ २०७ ॥ ५/१३

છાયા :- सामायिकेऽपि खलु सावद्यत्यागरूपे तु गुणकरमेतत् ।
अप्रमादवृद्धिजनकत्वेन आज्ञातो विज्ञेयम् ॥ १३ ॥

ગાથાર્થ :- સર્વ પાપવ્યાપારોના ત્યાગરૂપ સર્વવિરતિ સામાયિકમાં સાધુઓને પણ આહારનું પ્રત્યાખ્યાન એ ભગવાનની આજ્ઞા હોવાથી તથા અપ્રમાદની વૃદ્ધિનું કારણ હોવાથી લાભકારી જ છે.

ટીકાર્થ :- '**सावज्जचागरूवे**'= સર્વ પાપવ્યાપારના ત્યાગરૂપ '**सामइए वि**'= સર્વવિરતિ સામાયિકમાં પણ '**एयं**'= આ આહારનું પ્રત્યાખ્યાન '**अपमायवुड्ढिजणगत्तणेणं**'= અપ્રમાદની વૃદ્ધિ કરનાર હોવાથી '**गुणकरं**'= લાભ કરનાર છે- અવિરતસમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિ ગુણસ્થાનકમાં રહેલા શ્રાવકોને તો આ આહારનું પ્રત્યાખ્યાન લાભ કરનાર છે જ પણ સર્વવિરતિ સામાયિકવાળા સાધુભગવંતોને પણ આ લાભ કરનાર છે.

સાધુ ભગવંતોને અવસરોચિત આહારનું પ્રત્યાખ્યાન કરવા દ્વારા અપ્રમાદની વૃદ્ધિ થતી સ્પષ્ટ દેખાય જ છે. તો પછી સર્વ પ્રકારના આરંભ અને આહારમાં પ્રવર્તેલા ગૃહસ્થોને તો આ પ્રત્યાખ્યાનથી અપ્રમાદની વૃદ્ધિ થાય જ એ સ્પષ્ટ છે, તેઓ જો પ્રત્યાખ્યાન નહિ કરે તો સર્વત્ર પ્રમાદથી જ પ્રવૃત્તિ કરનારા છે. માટે જેટલા વિષયનું પ્રત્યાખ્યાન કરે છે તેટલી જ તેમને અપ્રમાદની વૃદ્ધિ થાય છે. '**आणाउ**'= ભગવાનની આજ્ઞાથી '**विण्णेयं**'= આ ગુણ કરનાર છે એમ જાણવું. **॥ ૨૦૭ ॥ ૫/૧૩**

एत्तो य अप्पमाओ, जायइ एत्थमिह अणुहवो पायं ।
विरतीसरणपहाणे, सुद्धपवित्तीसमिद्धिफलो ॥ २०८ ॥ ५/१४

છાયા :- इतश्च अप्रमादो जायते अत्रेह अनुभवः प्रायः ।
विरतिस्मरणप्रधानः शुद्धप्रवृत्तिसमृद्धिफलः ॥ १४ ॥

ગાથાર્થ :- પ્રત્યાખ્યાનથી સામાયિકમાં પ્રાયઃ અપ્રમાદની વૃદ્ધિ થાય છે. તેમાં અનુભવ એ પ્રમાણ છે. અપ્રમાદ એ પ્રાધાન્યપણે વિરતિનું સ્મરણ કરાવનાર છે. વળી અપ્રમાદના ફળરૂપે શુદ્ધપ્રવૃત્તિમાં વૃદ્ધિ થાય છે.

ટીકાર્થ :- '**एत्तो य**'= આ પ્રત્યાખ્યાનથી '**अप्पमाओ**'= આહારના ઉપભોગમાં અપ્રમાદ '**जायइ**'= થાય છે. '**एत्थं**'= આ પ્રમાણે '**इह**'= આ અપ્રમાદમાં '**अणुहवो**'= સ્વાનુભવ પ્રમાણ છે. '**पायं**'= પ્રાયઃ તે અપ્રમાદ કેવો છે ? તે કહે છે- '**विरतीसरणपहाणे**'= પ્રત્યાખ્યાનથી થયેલો અપ્રમાદ એ વિરતિનું સ્મરણ કરાવે છે માટે તે તેની પ્રધાનતાવાળો કહેવાય છે. '**सुद्धपवित्ती-समिद्धिफलो**'= વળી તે અપ્રમાદ શુદ્ધ ક્રિયાની વૃદ્ધિરૂપ ફળ આપે છે. અહીં 'શુદ્ધ' અને પ્રવૃત્તિ એ બે શબ્દોનો કર્મધારય સમાસ કર્યો છે પછી 'સમૃદ્ધિ' શબ્દની સાથે તેનો ષષ્ઠી તત્પુરુષ સમાસ કર્યો છે અને છેલ્લે 'શુદ્ધ પ્રવૃત્તિની વૃદ્ધિરૂપ ફળ છે જે અપ્રમાદનું એવો બહુવ્રીહિ સમાસ કર્યો છે.

[સાધુભગવંતોને રોગ, પ્રમાદ, સત્ત્વની હાનિ વગેરે કારણોથી અશુભ પ્રવૃત્તિ થવાનો સંભવ છે. પ્રત્યાખ્યાનના પ્રભાવે રોગ નાશ પામે છે, અપ્રમાદ પ્રગટે છે, સત્ત્વ વધે છે તેથી અશુભ પ્રવૃત્તિ અટકીને શુભ પ્રવૃત્તિ વધે છે. ॥ ૨૦૮ ॥ ૫/૧૪

સર્વ પાપપ્રવૃત્તિના ત્યાગરૂપ સામાયિક એ સર્વકાળસંબંધી અને સર્વદ્રવ્યસંબંધી હોય છે જ્યારે અદ્ધાપ્રત્યાખ્યાન તો અમુક જ કાળસંબંધી અને અમુક જ આહારસંબંધી હોય છે તો તે કરવાથી સામાયિકને બાધ કેમ ન થાય ? અર્થાત્ તેનાથી સામાયિકને બાધ થાય છે, આ શંકાનો જવાબ આપે છે:-

ण य सामाइयमेयं, बाहइ भेयगहणे वि सव्वत्थ ।
समभावपवित्तिणिवित्तिभावओ ठाणगमणं च ॥ २०९ ॥५/१५

છાયા :- न च सामायिकमेतद् बाधते भेदग्रहणेऽपि सर्वत्र ।
समभावप्रवृत्तिनिवृत्तिभावतः स्थानगमनं च ॥ १५ ॥

ગાથાર્થ :- આ અદ્ધાપ્રત્યાખ્યાન તિવિહાર આદિના ભેદથી ગ્રહણ કરાતું હોવા છતાં સ્થાન અને ગમનની જેમ આહારાદિ સર્વમાં સમભાવથી જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ થતી હોવાથી તે સામાયિકને બાધા પહોંચાડતું નથી.

ટીકાર્થ :- '**एयं**'= આહાર સંબંધી આ અદ્ધાપ્રત્યાખ્યાન '**भेयगहणे वि**'= તિવિહાર આદિ જુદા જુદા પ્રકારે ગ્રહણ કરવામાં આવતું હોવા છતાં '**सव्वत्थ**'= આહારાદિ '**समभावपवित्तिणिवित्तिभावओ**'= બધી જ વસ્તુમાં તે સમભાવથી જ પ્રવૃત્તિ અને નિવૃત્તિને કરે છે. તેવો સ્વભાવ હોવાથી '**ठाणगमणं च**'= સ્થાન અને ગમનની જેમ '**सामाइयं**'= સર્વવિરતિરૂપ સામાયિકને '**बाधते**'= બાધા '**न य**'= કરતું નથી.

ગમનને છોડીને સ્થાન કરાય છે અને સ્થાનને છોડવા દ્વારા ગમન કરાય છે, સાધુભગવંત આ સ્થાન અને ગમનને એવી રીતે કરે છે કે જેથી સમભાવમાં બાધા ન આવે, કારણકે તે સ્થાન કે ગમન જે કાંઈ કરે છે તેમાં તેઓને રાગ નથી હોતો અને જ્યારે તે સ્થાન કે ગમનને છોડે છે ત્યારે તેના ઉપરના દ્વેષથી તેને છોડતા નથી. આમ સમભાવના બાધક એવા રાગદ્વેષ તેમને હોતા નથી. તેઓ આહારાદિમાં પણ શાસ્ત્રની આજ્ઞાનુસાર જ પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરે છે. પોતાના સ્વેચ્છાચારથી તેઓ કાંઇપણ કરતાં નથી કે છોડતાં નથી. માત્ર દેશકાળના અનુસારે શાસ્ત્રમાં જે કરવાની આજ્ઞા છે તેને તેમ કરે છે અને જેને છોડવાની આજ્ઞા છે તેને તેઓ છોડે છે માટે ક્યાંય પણ તેઓને સમભાવમાં બાધા આવતી નથી. ॥ ૨૦૯ ॥ ૫/૧૫

આગારો એ એક પ્રકારનો અપવાદ છે. આહારનાં પ્રત્યાખ્યાનમાં આગારો કહેવામાં આવ્યા છે તો સામાયિકમાં આગારો કેમ કહેવામાં નથી આવ્યા ?

सामाइए आगारा, महल्लतरगे वि णेह पण्णत्ता ।
भणिया अप्पतरे वि हु, णवकाराइम्मि तुच्छमिणं ॥ २१० ॥५/१६

છાયા :- सामायिके आगारा महत्तरकेऽपि नेह प्रज्ञप्ताः ।
भणिता अल्पतरेऽपि खलु नवकारादौ तुच्छमिदम् ॥ १६ ॥

ગાથાર્થ :- અહીં મોટા પણ સામાયિકમાં આગારો કહ્યાં નથી અને નવકારશી આદિ નાના પ્રત્યાખ્યાનમાં આગારો કહ્યા છે એ યુક્તિરહિત અસાર છે. આમ વાદીનો પ્રશ્ન છે.

टीकार्थ :- '**सामाइए**'= સર્વવિરતિરૂપ સામાયિકમાં '**आगारा**'= પહેલા કહેવામાં આવેલા આગારો '**महल्लतरगे वि**'= દ્રવ્ય-કાળ-વિષયની અપેક્ષાએ મોટું હોવા છતાં '**नेह पण्णत्ता**'= અહીં કહેવામાં આવ્યા નથી, '**अप्पतरे वि**'= દ્રવ્ય-કાળ-વિષયની અપેક્ષાએ નાના પણ '**हु**'= આ શબ્દ વાક્યાલંકારમાં છે. '**नवकाराइम्मि**'= નવકારશી આદિ પ્રત્યાખ્યાનમાં '**भणिया**'= કીધાં છે '**तुच्छमिणं**'= યુક્તિરહિત હોવાથી અસાર છે.

પ્રશ્નકારનો ભાવ આ પ્રમાણે છે :- મહાન વિષયવાળા સામાયિકમાં જ આગારો કહેવા યુક્ત છે. અલ્પતર વિષયવાળા નવકારશી આદિ પ્રત્યાખ્યાનમાં આગારો કહેવાની જરૂર નથી. તો પછી અહીં વિપરીત કરવામાં આવેલું હોવાથી તે અસાર કેમ ન હોય ? અર્થાત્ અસાર જ છે. ॥ ૨૧૦ ॥ ૫/૧૬

વાદીના આ પ્રશ્નનું સમાધાન આપતા કહે છે :-

समभावे च्चिय तं जं जायइ सव्वत्थ आवकहियं च ।
ता तत्थ ण आगारा पण्णत्ता किमिह तुच्छं ति ॥ २११ ॥ ५/१७

छाया :- समभावे चैव तद् यज्जायते सर्वत्र यावत्कथितं च ।
तत् तत्र न आगाराः प्रज्ञप्ताः किमिह तुच्छमिति ॥ १७ ॥

गाथार्थ :- બધી વસ્તુમાં સમભાવ હોય ત્યારે જ સામાયિક હોય છે. અને તે જીવનપર્યંત હોય છે તેથી જિનેશ્વરદેવે આગારો કહ્યાં નથી, એમાં અસાર શું છે ? અર્થાત્ કાંઈ જ અસાર નથી.

ટીકાર્થ :- '**जं**'= જે કારણથી '**सव्वत्थ**'= ચેતન અચેતન સ્વરૂપ સર્વવસ્તુ સંબંધી '**समभावे च्चिय**'= રાગ-દ્વેષના અભાવવાળા અધ્યવસાય સ્વરૂપ સમભાવમાં જ સામાન્યથી '**तं**'= તે સર્વવિરતિ સામાયિક '**जायइ**'= સંભવે છે '**आवकहियं च**'= અને તે જીવનપર્યંતનું હોય છે '**ता**'= તેથી '**तत्थ**'= તે સામાયિકમાં '**ण आगारा**'= આગારો નથી '**पण्णत्ता**'= કહેલા '**इह**'= આમાં '**किं**'= શું '**तुच्छं ति**'= અસાર છે અર્થાત્ આમાં કાંઈ જ અસાર નથી.

[પ્રત્યાખ્યાનમાં અમુક છૂટ રાખે તો ભંગ થવાનો જેમાં સંભવ હોય તેમાં ભંગ ન થાય માટે એટલી છૂટ રાખીને તે પ્રત્યાખ્યાન લેવાય છે. આ છૂટ રાખવા માટે આગારો રખાય છે. પરંતુ સામાયિકમાં બધી જ વસ્તુ પ્રત્યે સમભાવ રાખવાનો છે. તેમાં અમુક પ્રત્યે સમભાવ ન રાખી શકાય તો સામાયિકનો ભંગ જ થઈ જાય છે માટે તેમાં "હું અમુક વસ્તુમાં સમભાવ રાખીશ અમુકમાં નહિ રાખું એવી છૂટ રાખે તો સમભાવનો ભંગ થવાથી સામાયિકનો ભંગ થઈ જ જાય છે. આમ તેમાં આગાર રાખવામાં કોઈ લાભ થતો ન હોવાથી આગાર કીધાં નથી.] ॥૨૧૧॥ ૫/૧૭

तं खलु णिरभिस्संगं, समयाए सव्वभावविसयं तु ।
कालावहिम्मि वि परं, भंगभया णावहित्तेण ॥ २१२ ॥ ५/१८

छाया :- तत् खलु निरभिष्वङ्गं समतया सर्वभावविषयं तु ।
कालावधावपि परं भङ्गभयात् नावधित्वेन ॥ १८ ॥

गाथार्थ :- સામાયિક આશંસાથી રહિત છે. અને સમતાના કારણે સર્વભાવોના વિષયવાળું છે. જીવનપર્યંત એમ કાળની જે અવધિ તેમાં કરવામાં આવે છે તે મૃત્યુ પછી ભંગ થવાના ભયથી કરવામાં આવી છે. પરંતુ આશંસા વડે મર્યાદાના હેતુથી કરવામાં આવતી નથી.

ટીકાર્થ :- '**तं खलु**'= તે સામાયિક '**निरभिस्संगं**'= આશંસાથી રહિત છે, અને '**समयाए**'= સમભાવ વડે '**सव्वभावविषयं तु**'= સર્વ પદાર્થના વિષયવાળું છે. વાદી પ્રશ્ન કરે છે કે- જો સામાયિક એ સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના વિષયવાળું છે અર્થાત્ જો એ સર્વકાળ માટે છે તો પછી તેમાં જીવનપર્યંત એમ કાળની અવધિ શા માટે કરવામાં આવે છે ? આ પ્રશ્નનું સમાધાન આપતા કહે છે કે- '**कालावहिम्मि वि**'= જીવનપર્યંત એ કાળની અવધિ પણ **परं**= માત્ર **भंगभया**= પ્રતિજ્ઞાના ભંગના ભયથી જ કરવામાં આવે છે '**नावहित्तेण**'= મર્યાદાના હેતુથી કરવામાં આવતી નથી.

સામાયિક પ્રત્યાખ્યાનમાં 'જીવનપર્યંત'ની અવધિ કરવાનું તાત્પર્ય સમજાવે છે :- સામાયિકના પ્રત્યાખ્યાનવાળાને મૃત્યુ પછી સર્વ સાવદ્યયોગની નિવૃત્તિ અનિષ્ટ છે તેથી "માત્ર આ જીવન પૂરતી જ મારે સર્વ સાવદ્યયોગની નિવૃત્તિ હો. મૃત્યુ પછી હું સર્વ ભોગ આદિને સેવીશ. આવી આશંસાથી તે પ્રત્યાખ્યાનમાં 'જીવનપર્યંત'ની અવધિ કરતો નથી, પણ "મૃત્યુ પછી મારા પ્રત્યાખ્યાનનો ભંગ ન થાય" એવા આશયથી તે જીવનપર્યંતની અવધિ કરે છે. કારણ કે મૃત્યુ પછી દેવ આદિ ગતિમાં ગયા પછી ત્યાં ભવસ્વભાવથી જ વિરતિનો સંભવ નથી તેમજ આત્માનું સ્વાધીનપણું નથી. જ્યાં સુધી આત્માનું સ્વાધીનપણું છે ત્યાં સુધીની જ પ્રતિજ્ઞા કરવી યોગ્ય છે. મૃત્યુ પછી કર્મની પરાધીનતા હોવાના કારણે પ્રત્યાખ્યાન પાળી શકાશે કે કેમ ? એ સંદેહ હોવાથી પંડિતોને એવી પ્રતિજ્ઞા કરવી યોગ્ય નથી. આ જીવનપર્યંત તો પોતે સ્વતંત્ર હોવાથી પ્રતિજ્ઞાના ભંગનો સંભવ ન હોવાથી પ્રતિજ્ઞા કરવામાં દોષ નથી. તેનો અધ્યવસાય એવો છે કે 'જીવનપર્યંત તો મારે આ પ્રતિજ્ઞા પાળવી જ છે.' ત્યારબાદ કર્મની પરાધીનતાથી જો કદાચ સાવદ્યયોગની વિરતિ ન પાળી શકે તો તેમાં તેને કોઈ દોષ લાગતો નથી. જ્યારે જ્યારે તે સામાયિક પરિણામને પામે છે ત્યારે તેને સર્વવિરતિ પાળવાનો અધ્યવસાય છે જ, એથી વિપરીત એવો અવિરતિનો અધ્યવસાય નથી જ. આમ 'જીવનપર્યંતની અવધિ કરવાથી સર્વવિરતિનું ગ્રહણ અને મોક્ષ થવા છતાં પ્રતિજ્ઞામાં ક્ષતિ આવતી નથી, કારણ કે આ ભવમાં કર્મની પરાધીનતા ન હોવાથી ઉપાડેલા પ્રતિજ્ઞાના ભારને યથોચિત નિર્વાહ કરવા દ્વારા હંમેશા સર્વવિરતિનું તેને ગ્રહણ છે જ, તેથી અવિરતિ આવતી નથી, તેને સર્વવિરતિ અત્યંત પ્રિય હોવાથી મૃત્યુ બાદ પણ સર્વવિરતિ પાળવાનો ભાવથી તો અધ્યવસાય છે જ. પરંતુ મૃત્યુ બાદ દેવ આદિના ભવમાં અવિરતિનો સંભવ હોવાથી પ્રતિજ્ઞાનો ભંગ થઈ જાય એ ભયથી તે જીવનપર્યંતની અવધિ કરે છે, ભોગની આશંસાથી આવી કાળની અવધિ તે કરતો નથી. આ સર્વવિરતિ સામાયિક સર્વ પદાર્થના વિષયવાળું છે. ॥ ૨૧૨ ॥ ૫/૧૮

સામાયિકમાં રહેલા નિરાશંસપણાનું વર્ણન કરવા માટે જ હવે આ ગાથા કહે છે :-

मरणजयज्झवसियसुहडभावतुल्लमिह हीणणाएण ।
अववायाण ण विसओ, भावेयव्वं पयत्तेण ॥ २१३ ॥ ५/१९

છાયા :- मरणजय- अध्यवसितसुभट-भावतुल्यमिह हीनज्ञातेन ।
अपवादानां न विषयो भावयितव्यं प्रयत्नेन ॥ १९ ॥

ગાથાર્થ :- યુદ્ધમાં લડતા સુભટને જેમ 'મરવું અથવા જય મેળવવો' એવો દૃઢ નિર્ણય હોય છે તેમ સામાયિકવાળા સાધુને પણ 'મરવું' અથવા કર્મશત્રુ ઉપર વિજય મેળવવો' એવો દૃઢ નિર્ણય હોય છે, માત્ર આ નિર્ણયની અપેક્ષાએ જ સામાયિકવાળા સાધુને સુભટના જેવો વર્ણવ્યો છે બાકી સાધુ કરતાં

સુભટ ઘણી જ નીચી કક્ષાનો છે. માટે આ સુભટનું દૃષ્ટાંત એ હીનદૃષ્ટાંત છે. સામાયિક એ (શાસ્ત્રમાં બતાવેલા અપવાદ સિવાયના) અપવાદનો વિષય નથી એમ પ્રયત્નપૂર્વક વિચારવું.

ટીકાર્થ :- '**मरणजयज्झवसियसुहडभावतुल्लं**'= 'મરવું અથવા જય પ્રાપ્ત કરવો' એવા નિશ્ચયવાળા સુભટના સંકલ્પ જેવો '**इह**'= આ અધિકૃત સામાયિકમાં સંકલ્પ છે. '**हीणणाएण**'= આ હીન દૃષ્ટાંત છે. સુભટ એ ક્રોધ આદિ કષાયથી કલુષિત ચિત્તવાળો હોય છે, વિષયોનો ઉપભોગ કરવાની ઇચ્છાવાળો હોય છે, શત્રુને મારવાની ઈચ્છાથી પ્રવૃત્તિ કરતો હોય છે, તથા પરોપકાર કરવાની અપેક્ષા વગરનો હોય છે. અને વિનયાદિગુણોથી રહિત હોય છે. એની અપેક્ષાએ ભાવસામાયિકવાળો સાધુ તો ઘણા વિશિષ્ટગુણોથી યુક્ત હોય છે, તે મહાકલ્યાણ કરવાના આશયવાળો હોય છે. શાસ્ત્રમાં કહેલા અનુષ્ઠાનમાં અપ્રમત્તપણે રાત અને દિવસ એકાગ્રચિત્તથી મહાપુરુષોએ આચરેલાં માર્ગને સેવવામાં તત્પર હોય છે, હંમેશા મોક્ષનો અભિલાષી હોય છે. આમ સુભટ કરતાં સામાયિકવાળો સાધુ ઘણો જ ઉત્તમ છે. માત્ર એ બંનેમાં સમાનતા એટલી જ છે કે સુભટ જેમ શરીરની અપેક્ષા રાખ્યા વગર મૃત્યુનો ભય છોડીને પરાક્રમ કરે છે તેમ સાધુ સાંસારિક સુખની અપેક્ષા રાખ્યા વગર મૃત્યુનો ભય છોડીને પરાક્રમ કરે છે, આમ ભાવસામાયિકવાળો સાધુ પરમાર્થથી સુભટતુલ્ય નથી પણ તેના કરતાં ઘણો જ ઉત્તમ હોવાથી તેને જે આ સુભટનું દૃષ્ટાંત આપ્યું છે તે હીનદૃષ્ટાંત છે.

'**अववायाण ण विसओ**'= (શાસ્ત્રમાં કહેલા અપવાદ સિવાયના બીજા) અપવાદો સામાયિકમાં હોતા નથી, શાસ્ત્રોક્ત સામાયિક એ ઉત્સર્ગ અને અપવાદ બંનેથી યુક્ત હોય છે. કારણ કે શાસ્ત્રમાં ઉત્સર્ગની જેમ અપવાદનું પણ વિધાન કરવામાં આવ્યું છે શાસ્ત્રની અપેક્ષા વગરનાને તો સામયિકનો સર્વદા અસંભવ જ છે. કારણકે શાસ્ત્રમાં કહેલા પ્રકાર સિવાયનું સામાયિક ક્યારેય પણ સંભવતું નથી. તેથી 'સામાયિક એ અપવાદનો વિષય નથી.' એમ જે ગાથામાં કહેવામાં આવ્યું છે તેનું તાત્પર્ય એ છે કે શાસ્ત્રમાં બતાવેલા અપવાદ સિવાયના બીજા અપવાદો આમાં સંભવતા નથી. '**भावेयव्वं पयत्तेण**'= સૂક્ષ્મબુદ્ધિથી આદરપૂર્વક એમ વિચારવું કે શાસ્ત્રમાં કહેલા અપવાદોનો નિષેધ કરવામાં આવ્યો નથી. કારણકે (ઉત્સર્ગની જેમ જ) અપવાદનો પણ સામાયિકની સાથે અવિનાભાવી સંબંધ છે. ॥ ૨૧૩ ॥ ૫/૧૯

एत्तो च्चिय पडिसेहो, दढं अजोग्गाण वण्णिओ समए।
एयस्स पाइणो वि हु, बीयं ति विही य अइसइणा ॥ २१४ ॥ ५/२०

छाया :- अत एव प्रतिषेधः दृढम् अयोग्यानां वर्णितः समये ।
एतस्य पातिनोऽपि खलु बीजमिति विधिश्च अतिशायिना ॥ २० ॥

ગાથાર્થ :- આથી જ અયોગ્ય એવા ભવાભિનંદી જીવોને સામાયિક આપવાનો શાસ્ત્રમાં અત્યંત નિષેધ કર્યો છે. અતિશયજ્ઞાની (**મહાવીરસ્વામી**એ) સામાયિકથી અવશ્ય પડનાર (ખેડૂત)ને પણ સામાયિક આપવાની પ્રવૃત્તિ કરી તે ભાવસામાયિકનું આ અવંધ્યકારણ થશે, એ હેતુથી કરી છે.

ટીકાર્થ :- '**एत्तो च्चिय**'= સામાયિક એ નિરભિષ્વંગ પરિણામરૂપ હોવાથી જ '**समए**'= શાસ્ત્રમાં '**अजोग्गाण**'= સંસારથી વૈરાગ્ય નહિ પામેલા ભવાભિનંદી અયોગ્ય જીવોને '**दढं**'= અત્યંત '**पडिसेहो**'= નિષેધ '**वण्णिओ**'= કરાયો છે.

હવે પ્રશ્ન કરે છે કે જેઓ જીવનપર્યંત સામાયિકનું પાલન કરવા માટે અસમર્થ છે એવા અયોગ્ય

જીવોને સામાયિક આપવામાં આવતું નથી, તો પછી જે અવશ્ય દીક્ષા છોડી દેવાનો છે એવા ખેડૂતના જીવને કેવલજ્ઞાની ભગવાને દીક્ષા શા માટે આપી ?-

આ પ્રશ્નનો જવાબ આપે છે કે '**एयस्स**'= આ સામાયિકથી '**पाइणो वि**'= અવશ્ય ભ્રષ્ટ થનાર હોવા છતાં (ખેડૂતને) '**हु**'= વાક્યાલંકારમાં છે. '**बीयं ति**'= ભાવ સામાયિકનું બીજ થશે એમ માનીને '**अइसइणा**'= કેવલજ્ઞાની વડે. '**विही य**'= સામાયિક અપાયું.

આ પદનો ભાવાર્થ :- અતિશયજ્ઞાની સર્વજ્ઞ ભગવાન **મહાવીરસ્વામીએ** ખેડૂતના જીવને, તે અવશ્ય દીક્ષા છોડી દેવાનો જ છે એમ જાણવા છતાં જે દીક્ષા આપી તેનું કારણ એ છે કે તેમણે કેવલજ્ઞાનથી જાણ્યું હતું કે આ જીવને (પૂર્વ=) આ જન્મમાં અવ્યક્તસામાયિકની સ્પર્શના દ્વારા તેવા પ્રકારનો સામાયિક પ્રત્યેનો દ્વેષ દૂર થઈ જવાથી કાલાન્તરે ભવાંતરમાં ચોક્કસ વ્યક્તસામાયિકની પ્રાપ્તિ થશે જ. આમ અત્યારનું તેનું અવ્યક્તસામાયિક એ ભવાંતરમાં તેને વ્યક્તસામાયિક અપાવનાર બીજભૂત હોવાથી અતિશયજ્ઞાની ભગવાને તેને દીક્ષા આપી.

અતિશયજ્ઞાની આ પ્રમાણે કરે તો તેમાં દોષ નથી, પણ જેમને અતિશયજ્ઞાન નથી તે દરેકે તો યોગ્ય જીવને જ સામાયિક આપવું જોઈએ, ગમે તે અયોગ્ય જીવને સામાયિક આપવું નહિ. કારણ કે એના માટે ઉત્તમ પુરુષો જ યોગ્ય છે. ॥ ૨૧૪ ॥ ૫/૨૦

જે સામાયિક સુભટભાવ તુલ્ય હોવાથી તેમાં આગારો નથી તો સામાયિકવાળાને નવકારશી આદિ પ્રત્યાખ્યાનમાં પણ આગારો યુક્ત નથી કારણ કે આગારો એ સુભટભાવતુલ્ય સામાયિકના ભાવોનો બાધક છે એ આશંકા કરીને ગ્રંથકાર કહે છે :-

तस्स उ पवेसणिग्गमवारणजोगेसु जह उ अववाया ।
मूलाबाहाए तहा, णवकाराइम्मि आगारा ॥ २१५ ॥ ५/२१

छाया :- तस्य तु प्रवेशनिर्गम-वारण-योगेषु यथा तु अपवादाः ।
मूलाबाधाया तथा नवकारादौ आगाराः ॥ २१ ॥

ગાથાર્થ :- સામાયિકવાળા સાધુની અમુક સ્થાનમાં પ્રવેશ કરવાની કે અમુક સ્થાનમાંથી બહાર નીકળવાની પ્રવૃત્તિને, અમુક યોગમાંથી નિવૃત્તિ કરવાની કે અમુક યોગમાં પ્રવૃત્તિ કરવાની વગેરે અપવાદિક પ્રવૃત્તિઓ જેમ તેના મૂળ સામાયિકભાવને બાધક નથી બનતી તેમ નવકારશી આદિ પ્રત્યાખ્યાનમાંના આગારો પણ તેના મૂળ સામાયિકભાવને બાધક બનતા નથી.

ટીકાર્થ :- '**तस्स उ**'= સામાયિકના '**पवेसनिग्गमवारणजोगेसु**'= '**पवेस**'= આલય= ઉપાશ્રયાદિ કોઈ સ્થાનમાં પ્રવેશ કરવો, '**णिग्गम**'= તે સ્થાનમાંથી બહાર નીકળવું, આ બંને ક્રિયા પરસ્પર વિરુદ્ધ હોવાથી એક જ સાધુ તે બંનેને એક સાથે કરી શકતો નથી. જ્યારે તે પ્રવેશ કરે છે ત્યારે તે નિર્ગમ નથી કરતો, જ્યારે તે નિર્ગમ કરે છે ત્યારે પ્રવેશ નથી કરતો કારણ કે આ બંને ક્રિયા પરસ્પર ત્યાગપૂર્વક સ્થિતિ કરનારી છે. અર્થાત્ તે બંનેમાંથી એકને છોડે તો બીજી કરી શકાય છે. '**वारण**'= નિષેધ, નિવૃત્તિ કરવી. '**जोग**'= વ્યાપાર કરવો, પ્રવૃત્તિ કરવી. આ નિવૃત્તિ અને પ્રવૃત્તિ બે ક્રિયા પરસ્પર વિરુદ્ધ હોવાથી બંનેને એકસાથે કરી શકાતી નથી, એકને છોડે તો બીજી કરી શકાય છે, અર્થાત્ આ પ્રવેશ-નિર્ગમ, નિવૃત્તિ-પ્રવૃત્તિરૂપ ક્રિયામાં વર્તમાન ભાવસામાયિકવાળા સાધુની '**जह उ**'=

જેમ '**अववाया**'= આ અપવાદિક-વૈકલ્પિક ક્રિયાઓ '**मूलाबाहाए**'= તેના મૂળ સામાયિકભાવને બાધા પહોંચાડતી નથી કારણ કે તે પોતે મધ્યસ્થ હોવાથી જે કાંઈ કરે છે તે બધું જ ઉદાસીનભાવથી જ કરે છે. સાધકજીવનમાં અનેક યોગની સાધના કરવાની હોય છે. તેમાં બે પરસ્પર વિરુદ્ધ યોગો એકસાથે સાધી શકાતા નથી. તેથી તે એક યોગમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે બીજા યોગમાંથી નિવૃત્તિ કરે છે. પણ તે મધ્યસ્થ હોવાથી જેમાં તે પ્રવૃત્તિ કરે છે તેમાં તેને રાગ નથી અને જેમાં પ્રવૃત્તિ નથી કરતો તેમાં તેને દ્વેષ નથી. પરંતુ બંનેમાં તેને ઉદાસીનભાવ જ છે, માટે તેના મૂળ સામાયિકભાવને હાનિ પહોંચતી નથી. '**तहा**'= તે જ પ્રમાણે '**नवकाराइम्मि**'= નવકારશી આદિ પ્રત્યાખ્યાનમાં '**आगारा**'= કરાતા આગારો તેના સર્વવિરતિ સામાયિકને બાધા કરતા નથી. કારણકે નવકારશી વગેરે પચ્ચક્ખાણો અપ્રમાદને વધારનારા હોવાથી ઈચ્છવા યોગ્ય છે.

શ્રી **અભયદેવસૂરીશ્વરજી** મ.ની ટીકામાંથી- મરવું અથવા વિજય મેળવવો. એવા ભાવવાળો સુભટ વિજયની ઈચ્છાથી જેમ યુદ્ધમાં પ્રવેશ કરે છે. તેમ ક્યારેક થોડો વખત તેમાંથી પાછા હઠીને, લડાઈ બંધ કરીને પૂરી તાકાત કેળવીને ફરી હલ્લો કરવાથી જો વિજય મેળવાય એમ હોય તો યુદ્ધમાંથી પણ હઠી જાય છે, યુદ્ધ થોડા વખત માટે બંધ કરે છે, આમ અનેક અપવાદોનું સેવન કરે છે પણ તે અપવાદો તેની **'મરવું અથવા વિજય મેળવવો'** એવી મૂળ પ્રતિજ્ઞાને બાધક નથી બનતા. એ જ રીતે પચ્ચક્ખાણના આગારો સાધુના સુભટભાવ તુલ્ય સામાયિકભાવને હાનિ પહોંચાડતા નથી, અને આગારો દ્વારા સેવવામાં આવતા અપવાદો તે મધ્યસ્થભાવે ઉદાસીનપણે સેવે છે, તે વખતે પણ તેને સમભાવ જ હોય છે. ॥ ૨૧૫ ॥ ૫/૨૧

હવે કોઈ પ્રશ્ન કરે છે કે રાગ-દ્વેષ આદિ કોઈક કાષાયિક પરિણામથી જ સાધુરૂપે આગારોથી પ્રાપ્ત થતા અપવાદોનું સેવન કરતો હોય માટે તેના સામાયિકભાવને એ સમયે હાનિ પહોંચશે જ.

આ પ્રશ્નનો ઉત્તર આપતા કહે છે :-

ण य तस्स तेसु वि तहा, णिरभिस्संगो उ होइ परिणामो ।
पडियारलिंगसिद्धो, उ णियमओ अण्णहारूवो ॥ २१६ ॥ ५/२२

छाया :- न च तस्य तेष्वपि तथा निरभिष्वङ्गस्तु भवति परिणामः ।
प्रतीकारलिङ्गसिद्धस्तु नियमतः अन्यथारूपः ॥ २२ ॥

ગાથાર્થ :- તે સામાયિકવાળા સાધુનો જે નિરાશંસ પરિણામ છે તે અપવાદના સેવન પ્રસંગે પણ નિયમા અન્યથારૂપ થતો નથી, અર્થાત્ બદલાઈને આશંસાવાળો બનતો નથી. કારણકે અન્યથારૂપ આશંસાવાળો બનેલો પરિણામ એ પ્રતીકારરૂપ ચિહ્નથી જણાઈ આવે છે. જો તેને આશંસા આની હોત તો તેના પ્રતીકારરૂપે તેનું પ્રાયશ્ચિત્ત કરત. તે પ્રાયશ્ચિત્ત કરતો નથી માટે નક્કી થાય છે કે તેને આશંસા આવી નથી પણ સમભાવ જળવાઈ રહ્યો છે.

ટીકાર્થ :- '**न य होइ**'= થતો નથી. '**तस्स**'= તે સામાયિકવાળા સાધુને '**तेसु वि**'= તે આગાર વડે અપવાદના સેવનમાં પણ '**तहा**'= પોતાને અનુભવસિદ્ધ એવો '**निरभिस्संगो परिणामो**'= નિરાશંસ પરિણામ, એવો ને એવો જ રહે છે. '**पडियारलिंगसिद्धो उ**'= પ્રતીકાર કરવારૂપ લિંગથી જણાતો '**अण्णहारूवो**'= અન્યથારૂપ અર્થાત્ આશંસારૂપ પરિણામ જો તે સામાયિકવાળા સાધુને આશંસા આવી ગઈ હોત તો તે તેનો પ્રતીકાર કરવા માટે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરત. આમ પ્રતીકાર એ તેનું લિંગ છે. આ લિંગથી સિદ્ધ હોવાથી તેનો નિરભિષ્વંગ જ પરિણામ છે.

અહીં તાત્પર્ય આ છે :- સામાયિકવાળો સાધુ આહાર લે તો પણ તેને આશંસા નથી અને આહાર ન લે તો પણ તેને આશંસા નથી. આથી નવકારશી આદિ પ્રત્યાખ્યાનમાં આગારો રાખવા છતાં તેનો નિરાશંસભાવનો પરિણામ જળવાઈ જ રહે છે, બદલાતો નથી. હંમેશા પોતાના પરિણામ દરેકને અનુભવસિદ્ધ હોય છે. આથી જો તેને આશંસા આવી હોત તો પોતાના એ દુષિત પરિણામને જાણીને તે તેની વિશુદ્ધિના માટે તેનું પ્રાયશ્ચિત્ત લેત. તે પ્રાયશ્ચિત્ત લેતો નથી માટે જણાય છે કે તેનો નિરભિષ્વંગ પરિણામ જળવાઈ રહ્યો છે. ॥ ૨૧૬ ॥ ૫/૨૨

પ્રશ્ન કરે છે કે આહારના પ્રત્યાખ્યાનમાં આગારો રાખીને અપવાદમાં પ્રવૃત્તિ કરનાર સાધુને તેના ઔત્સર્ગિક સામાયિકભાવનો વિઘાત કેમ નથી થતો ? અર્થાત્ થવો જોઈએ. તેનો પ્રત્યુત્તર આપતાં કહે છે :-

ण य पढमभाववाघाय मो उ एवं पि अवि य तस्सिद्धि ।
एवं चिय होइ दढं, इहरा वामोहपायं तु ॥ २१७ ॥ ५/२३

છાયા :- न च प्रथमभावव्याघातः मो तु एवमपि अपि च तत्सिद्धिः ।
एवमेव भवति दृढम् इतरथा व्यामोहप्रायं तु ॥ २३ ॥

ગાથાર્થ :- આહારવિષયક પ્રત્યાખ્યાનના આગારોથી અપવાદ સેવવા છતાં સાધુના મૂળભૂત સામાયિકભાવને હાનિ થતી જ નથી, ઉલ્ટું અપવાદોનો આશ્રય હોવાથી જ મૂળભાવની અતિશય સિદ્ધિ થાય છે. અપવાદોવાળા આહારાદિના પ્રત્યાખ્યાન ન કરે તો સાધુનું સામાયિક મૂઢતા તુલ્ય જ છે કારણ કે ઉપાયથી જ તેની સિદ્ધિ થઈ શકે છે. આહારાદિના પ્રત્યાખ્યાનનો સ્વીકાર એ તેનો ઉપાય છે.

ટીકાર્થ :- '**पढमभाववाघाय**'= સામાયિક સંબંધી સમભાવસ્વરૂપ મૂળ ભાવનો વિઘાત '**न य**'= નથી જ થતો. '**मो**'= આ અવ્યય પાદપૂર્તિ માટે છે, '**उ**'= અવધારણ અર્થમાં છે. '**एवं पि**'= આહારવિષયક પ્રત્યાખ્યાનમાં આગાર ન રાખવાની જેમ જ આગાર રાખવામાં પણ મૂળ સામાયિકભાવને કોઈપણ જાતની બાધા પહોંચતી નથી. '**अवि य**'= ઉલ્ટું '**एवं चिय**'= આ પ્રમાણે આહારવિષયક પ્રત્યાખ્યાન કરવાથી જ '**तस्सिद्धि**'= સમભાવની સિદ્ધિ '**होइ**'= થાય છે. '**दढं**'= અત્યંત '**इहरा**'= અપ્રમાદની વૃદ્ધિ કરનાર આહારવિષયક પ્રત્યાખ્યાન ન કરવાથી '**वामोहपायं तु**'= સામાયિક મૂઢતા તુલ્ય જ છે. તેથી એ સિદ્ધ થાય છે કે આહારનું પ્રત્યાખ્યાન એ સામાયિકભાવમાં લાભ કરનાર છે. ॥ ૨૧૭ ॥ ૫/૨૩

જો સામાયિકની પ્રતિજ્ઞા જીવનપર્યંતની જ હોય છે, થોડા કાળ માટેની નથી હોતી તો પછી શાસ્ત્રમાં સમભાવના મોક્ષ અને ગ્રહણનું નિરૂપણ કેમ કરવામાં આવ્યું છે ? સમભાવનો પરિણામ ચાલ્યો જાય છે, પાછો ફરીથી પ્રાપ્ત થાય છે તેમાં વચમાં અંતર્મુહૂર્ત કાળ પણ બતાવાયો છે, વળી નવું પ્રાપ્ત કરવામાં આવે ત્યારે પણ સામાયિકનો પરિણામ જઘન્યથી અંતર્મુહૂર્ત કાળ સુધી રહે છે એમ કહેવામાં આવ્યું છે તો પછી થોડા કાળ સુધી રહેનાર સામાયિકનો પરિણામ એ શાસ્ત્રમાં વર્ણવેલા જીવનપર્યંત સુધીના સામાયિકના પરિણામના જેવો જ હોય છે કે તેનાથી જુદા પ્રકારનો હોય છે ? આ શંકાનું સમાધાન આપતા કહે છે :-

उभयाभावे वि कुतो वि अग्गओ हंदि एरिसो चेव ।
तक्काले तब्भावो, चित्तखओवसमओ णेओ ॥ २१८ ॥ ५/२४

છાયા :- उभयाभावेऽपि कुतोऽपि अग्रतो हन्दि ईशश्चैव ।
तत्काले तद्भावश्चित्रक्षयोपशमतो ज्ञेयः ॥ २४ ॥

ગાથાર્થ :- સામાયિક સ્વીકાર્યા પછી આગળ જતાં એવું કોઈક પ્રતિપાતનું નિમિત્ત મળવાથી તે પરિણામ ચાલ્યો જાય છે અને તેની ક્રિયા પણ છૂટી જાય છે. આમ ઉભયાભાવ થતો હોવા છતાં જ્યારે સામાયિક સ્વીકારે છે, ત્યારે તો તે તાત્ત્વિક શાસ્ત્રોક્ત જ હોય છે. (એ વખતના પરિણામમાં કોઈ જાતનો ભેદ હોતો નથી માત્ર કર્મનો ક્ષયોપશમ વિવિધ પ્રકારનો હોવાથી તે પરિણામ અલ્પકાળ ટકે કે બહુકાળ ટકે એમ કાળની મર્યાદામાં ભેદ પડે છે, પણ પરિણામના સ્વરૂપમાં ભેદ હોતો નથી.)

ટીકાર્થ :- '**उभयाभावे वि**'= સામાયિકમાંથી જ્યારે પ્રતિપાત થાય છે ત્યારે (ભાવ=) પરિણામ અને ક્રિયા બંનેનો અભાવ થવા છતાં '**कुतो वि**'= સામાયિકના પ્રતિપાતના અનેક પ્રકારના હેતુઓમાંથી કોઈપણ, હેતુથી '**अग्गओ**'= આગળ જતાં અર્થાત્ સામાયિક સ્વીકાર્યા પછીના કાળમાં સામાયિકના પરિણામ અને ક્રિયાના પ્રતિપાતના અનેક કારણો સંભવે છે માટે '**कुतोऽपि**'= શબ્દનું ગ્રહણ કર્યું છે. '**हंदि**'= આમંત્રણ અર્થમાં છે. '**एरिसो एव**'= શાસ્ત્રમાં કહેલો તાત્ત્વિક પ્રકારનો જ હોય છે, તેનાથી વિપરીત પ્રકારનો હોતો નથી. '**तक्काले**'= વિવક્ષિત અંતર્મુહૂર્તમાં '**तब्भावो**'= સામાયિકનો સમભાવરૂપ પરિણામ '**चित्तखओवसमओ**'= ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ અનેક પ્રકારના સ્વભાવવાળો હોવાના કારણે (ઓછાવત્તા સમય રહેતો હોવા છતાં) ટુંક સમય પૂરતો રહેનાર સામાયિકનો પરિણામ એ જીવનપર્યંત રહેનાર સામાયિકના પરિણામ જેવો તાત્ત્વિક જ '**णेओ**'= જાણવો.

અંતર્મુહૂર્ત્ત જેટલા જઘન્યકાળમાં રહેનાર સામાયિકનો પરિણામ એ જીવનપર્યંત રહેનાર સામાયિકના પરિણામ કરતાં જુદા પ્રકારનો હોય છે (એના જેવો તાત્ત્વિક નથી હોતો) આ પ્રમાણે જેઓ માને છે તે માન્યતાનું અહીં ખંડન થાય છે.

કર્મના ક્ષયોપશમની વિવિધતાના કારણે તાત્ત્વિક એવો પણ સામાયિકનો પરિણામ ટુંકકાળ માત્ર જ ટકે એ સંભવિત છે. શાસ્ત્રમાં સામાયિકના પરિણામનો જઘન્ય કાળ પણ બતાવેલો હોવાથી તેનો નિષેધ કરી શકાય એમ નથી. અન્યથા જીવનપર્યંત સુધી રહે એ જ સામાયિકનો પરિણામ કહેવાય, સ્વલ્પકાળ રહેનાર એ સામાયિકનો પરિણામ ન કહેવાય એમ માનીએ તો શાસ્ત્રને અપ્રમાણભૂત માનવાનો પ્રસંગ આવે. ધર્મ અને અધર્મની વ્યવસ્થામાં શાસ્ત્રને જ પ્રમાણભૂત ગણવામાં આવે છે.

કારણકે કહ્યું છે કે :-

"ધર્મ કોને કહેવાય ? અધર્મ કોને કહેવાય ? એ નક્કી કરવામાં શાસ્ત્ર જ નિયામક છે. શાસ્ત્રની આજ્ઞાનું પાલન કરવાથી ધર્મ થાય છે અને શાસ્ત્રની આજ્ઞાથી વિરુદ્ધ વર્તન કરવાથી અધર્મ થાય છે." ॥ ૨૧૮ ॥ ૫/૨૪

*૫/૪ ગાથામાં '**भेदे विधिसमायुक्तम्**' જે કહેવાયું હતું, તે દ્વારનું વિવરણ કરતાં કહે છે :-*

आहारजाइओ एस एत्थ एक्को वि होति चउभेओ ।
असणाइजाइभेया, णाणाइपसिद्धिओ णेओ ॥ २१९ ॥५/२५

છાયા :- आहारजातित एषोऽत्र एकोऽपि भवति चतुर्भेदः ।
अशनादिजातिभेदाद् ज्ञानादिप्रसिद्धितो ज्ञेयः ॥ २५ ॥

ગાથાર્થ :- આહારજાતિની અપેક્ષાએ (જેનું ભક્ષણ કરાય તે આહાર એ દૃષ્ટિએ) આહાર એક જ હોવા છતાં (પ્રત્યાખ્યાનની અપેક્ષાએ) તે અશનાદિ જાતિના ભેદથી (અશન, પાન, ખાદિમ અને

સ્વાદિમ એમ) ચાર પ્રકારનો છે. અહીં પ્રત્યાખ્યાનના અવસરે જ્ઞાન આદિની સિદ્ધિ માટે એ ચાર પ્રકારનો આહાર જાણવો જોઈએ.

ટીકાર્થ :- '**आहारजाइओ**'= આહારની જાતિને આશ્રયીને '**एस**'= આ આહાર '**एक्को वि**'= સામાન્ય જાતિની અપેક્ષાએ એક હોવા છતાં પણ '**एत्थ**'= આ પ્રત્યાખ્યાનના અવસરે '**चउभेओ**'= ચાર પ્રકારનો '**होति**'= થાય છે. '**असणाइजाइभेया**'= અશન-પાન-ખાદિમ અને સ્વાદિમ એ જાતિના ભેદથી '**नाणाइपसिद्धिओ**'= જ્ઞાન, શ્રદ્ધા, આચરણ આદિની સિદ્ધિના માટે આહાર ચાર પ્રકારનો '**णेओ**'= જાણવો. અન્યથા જો આહારના અશનાદિ ભેદોનું જ્ઞાન ન હોય તો દુવિહાર આદિ પ્રત્યાખ્યાનના દરેકે દરેક ભેદોનું જ્ઞાન-શ્રદ્ધા વગેરે થાય નહિ. ॥ ૨૧૯ ॥ ૫/૨૫

હવે જ્ઞાન-શ્રદ્ધા આદિને જણાવે છે :-

णाणं सद्दहणं गहण, पालणा विरतिवुड्ढि चेवं ति ।
होइ इहरा उ मोहा, विवज्जओ भणियभावाणं ॥ २२० ॥ ५/२६

छाया :- ज्ञानं श्रद्धानं ग्रहणं पालना विरतिवृद्धिश्च एवमिति ।
भवति इतरथा तु मोहाद् विपर्ययो भणितभावानाम् ॥ २६ ॥

ગાથાર્થ :- ચાર પ્રકારના આહારની પ્રરૂપણા કરવાથી જ્ઞાન, શ્રદ્ધા, ગ્રહણ, પાલન અને વિરતિની વૃદ્ધિ થાય છે. જો ચાર પ્રકારના આહારની પ્રરૂપણા ન કરવામાં આવે તો જેનું પચ્ચક્ખાણ કરવાનું છે તેના વિભાગનું જ્ઞાન ન થવાથી અનંતરોક્ત જ્ઞાનાદિનો અભાવ થાય.

ટીકાર્થ :- '**नाणं**'= બોધ, '**सद्दहणं**'= શ્રદ્ધા-રૂચિ, '**गहण**'= શાસ્ત્રીય નિયમોનો સ્વીકાર '**पालणा**'= સ્વીકારેલા નિયમોનું પાલન '**विरतिवुड्ढि च**'= અને વિરતિની વૃદ્ધિ '**एवं ति**'= આહારના અશનાદિ ભેદોની પ્રરૂપણા કરવાથી જ '**होइ**'= થાય છે. આ '**होइ**' પદ જ્ઞાન-શ્રદ્ધા આદિ દરેક પદોની સાથે જોડાય છે. '**इहरा उ**'= જો આહારાદિ ભેદોનું વર્ણન ન કરવામાં આવે તો '**मोहा**'= જેનું પચ્ચક્ખાણ કરવાનું છે તેનું જ્ઞાન ન થવાથી '**भणियभावाणं**'= અનંતર કહેવામાં આવેલા જ્ઞાન, શ્રદ્ધા=આદિ ભાવોનો '**विवज्जओ**'= વિપર્યય થાય. આહારાદિ ભેદનું જ્ઞાન ન હોય તો પ્રત્યાખ્યાન સંબંધી જ્ઞાન-શ્રદ્ધા આદિ થતા નથી માટે જ્ઞાન-શ્રદ્ધા આદિના સંપાદનના માટે આહારાદિના ભેદોનું વર્ણન કરવું એ શાસ્ત્રીય જ છે, શાસ્ત્રથી વિરુદ્ધ નથી. ॥ ૨૨૦ ॥ ૫/૨૬

હવે અશનાદિ ભેદોનું નિરૂપણ કરતાં કહે છે :-

असणं ओयणसत्तुगमुग्गजगाराइ खज्जगविहि य ।
खीराइ सूरणाई मंडगपभिई य विण्णेयं ॥ २२१ ॥ ५/२७

छाया :- अशनं ओदनसक्तुकमुद्गजगार्यादि खाद्यकविधिश्च ।
क्षीरादि सूरणादि मण्डकप्रभृतिश्च विज्ञेयम् ॥ २७ ॥

ગાથાર્થ :- ભાત, સાથવો, મગ, (જગારી=) રાબ વગેરે, ખાજા આદિ પકવાન્ન, દૂધ આદિ, સૂરણ આદિ, (માંડા=) રોટલા-રોટલી આદિ અશન જાણવું.

ટીકાર્થ :- '**असणं**'= જેનું ભોજન કરાય છે તે અશન કહેવાય. આ અશન શબ્દની વ્યુત્પત્તિમાત્ર

છે પણ રૂઢિથી તો શાસ્ત્રમાં અથવા લોકમાં પ્રસિદ્ધ '**ओयणसत्तुगमुग्गजगाराइ**'= '**ओयण**' ચોખા (ઉપલક્ષણથી બધા જ પ્રકારના અનાજ) '**सत्तुग**'= સાથવો, શેકેલા જવ વગેરેનો લોટ, '**मुग्ग**'= મગ (ઉપલક્ષણથી સર્વ પ્રકારના કઠોળ), '**जगाराइ**' = રાબ વગેરે '**खज्जगविहि य**'= ખાજા, સુખડી, મોદક વગેરે પકવાન્ન, '**खीराइ**'= દૂધ વગેરે, આદિ શબ્દથી દહીં, ઘી વગેરેનું ગ્રહણ કરવું, '**सूरणाई**'= સૂરણ વગેરે બધી જાતના કંદ '**मंडकपभिई**'= રોટલા, રોટલી, પૂરી વગેરે '**विण्णेयं**'= (અશન) જાણવું. ॥ ૨૨૧ ॥ ૫/૨૭

હવે 'પાન'નું વર્ણન કરે છે :-

पाणं सोवीरजवोदगाइ चित्तं सुराइगं चेव ।
आउक्काओ सव्वो, कक्कडगजलाइयं च तहा ॥ २२२ ॥ ५/२८

છાયા :- पानं सौवीरयवोदकादि चित्रं सुरादिकं चैव ।
अप्कायः सर्वः कर्कटकजलादिकं च तथा ॥ २८ ॥

ગાથાર્થ :- કાંજી, જવ વગેરેના ધોવણનું પાણી, વિવિધ પ્રકારની મદિરા, બધી જાતનું (નદી, તળાવ વગેરેનું) પાણી, ચીભડા વગેરેનું પાણી એ પાન છે.

ટીકાર્થ :- '**पाणं**'= જેને પીવામાં આવે છે તેને 'પાન' કહેવામાં આવે છે. '**सोवीरजवोदगाइ**'= '**सोवीर**'= કાંજી, '**जवोदगाइ**'= જવના ધોવણનું પાણી, 'આદિ' શબ્દથી તલના ધોવણનું પાણી, (તુષોદક=) ચોખાના ધોવણનું પાણી ગ્રહણ કરાય છે. '**चित्तं**'= વિવિધ પ્રકારની '**सुराइयं चेव**'= મદિરા આદિ, 'આદિ' શબ્દથી '**सीधु**'= ગોળમાંથી બનાવેલી મદિરા '**प्रसन्ना**'= એક જાતની મદિરા વગેરેનું ગ્રહણ કરાય છે. '**आउक्काओ सव्वो**'= આશ્રયના ભેદથી નદી, સરોવર આદિમાં રહેલું સર્વ પ્રકારનું પાણી '**कक्कडगजलाइयं**'= ચીભડા વગેરેના રસથી મિશ્ર પાણી, 'આદિ' શબ્દથી ખજૂર, દ્રાક્ષ, આમલી, દાડમ વગેરેના પાણીનું ગ્રહણ કરવું. '**च तहा**'= આ બધા જ 'પાન' કહેવાય છે. ॥ ૨૨૨ ॥ ૫/૨૮

હવે ખાદિમનું વર્ણન કરે છે :-

भत्तोसं दंताई, खज्जूरं नालिकेरदक्खादी ।
कक्कडिगंबगफणसाइ बहुविहं खाइमं णेयं ॥ २२३ ॥ ५/२९

છાયા :- भक्तौषं दन्तादि खर्जूरं नालिकेरद्राक्षादि ।
कर्कटिकाम्रकपनसादि बहुविधं खादिमं ज्ञेयम् ॥ २९ ॥

ગાથાર્થ :- શેકેલાં ચણા, ઘઉં વગેરે અનાજ, ગોળથી સંસ્કારેલ દંતપવન વગેરે, ખજુર, નાળિયેર, દ્રાક્ષ વગેરે કાકડી, કેરી, ફણસ વગેરે અનેક પ્રકારનું ખાદિમ જાણવું.

ટીકાર્થ :- '**भत्तोसं**'= '**भक्त**' અને '**ओष**' શબ્દનો કર્મધારય સમાસ થયો છે. રૂઢિથી શેકેલા ચણા, ધાણા વગેરે ભક્તોષ કહેવાય છે, '**दन्ताई**'= ગોળથી સંસ્કારેલ દંતપવન આદિ-આ દંતપવન અમુક દેશવિશેષમાં પ્રસિદ્ધ છે, '**खज्जूरं**'= ખજૂર, '**नालिकेरदक्खादि**'= નાળિયેર, દ્રાક્ષ આદિ, 'આદિ' શબ્દથી દાડમ આદિનું ગ્રહણ થાય છે. '**कक्कडिगंबगफणसाइ**'= કાકડી, કેરી, પનસ આદિ '**बहुविहं**'= ઘણાં પ્રકારનાં ફળો '**खाइमं**'= ખાદિમ '**णेयं**'= જાણવું. ॥ ૨૨૩ ॥ ૫/૨૯

ખાદિમ કહેવાયું. હવે સ્વાદિમ કહે છે :-

दंतवणं तंबोलं, चित्तं तुलसीकुहेडगाई य ।
महुपिप्पलिसुंठाई य, अणेगहा साइमं होइ ॥ २२४ ॥ ५/३०

छाया :- दन्तपवनं ताम्बूलं चित्रं तुलसीकुहेडकादि च ।
मधुपिप्पली सुण्ठ्यादि च अनेकधा स्वादिमं भवति ॥ ३० ॥

ગાથાર્થ :- જેઠીમધ વગેરેનું દાતણ, નાગરવેલનાં પાન, તુલસી, અજમો વગેરે, મધ, પીપર, સૂંઠ આદિ અનેક પ્રકારનું સ્વાદિમ છે.

ટીકાર્થ :- '**दंतवणं**'= સચિત્ત તથા અચિત્ત દાતણ, '**तंबोलं**'= નાગરવેલનાં પાન, '**चित्तं**'= વિવિધ પ્રકારના '**तुलसीकुहेडगाई**'= '**तुलसी**'= તુલસી '**कुहेडगाई**'= અજમો વગેરે દ્રવ્યો (જીરૂ: હળદર વગેરે) '**मधुपिप्पलिसुंठाई**'= મધ, પીપર, સૂંઠ આદિ (આદિ શબ્દથી મરી, હરડેનું ગ્રહણ થાય છે.) '**अणेगहा**'= અનેક પ્રકારનું '**साइमं**'= સ્વાદિમ '**होइ**'= હોય છે. ॥ २२४ ॥ ५/३०

અશનાદિસંબંધી વ્યાપક ન્યાય બતાવતા કહે છે :-

लेसुद्देसेणेए, भेया एएसिं दंसिया एवं ।
एयाणुसारओ च्चिय, सेसा सयमेव विण्णेया ॥ २२५ ॥ ५/३१

छाया :- लेशोद्देशेन एते भेदा एतेषां दर्शिता एवम् ।
एतदनुसारत एव शेषाः स्वयमेव विज्ञेयाः ॥ ३१ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે અશનાદિ ચાર પ્રકારના આહારના આ ભેદો સંક્ષેપથી જણાવ્યા છે, બાકીના ભેદો આ બતાવેલા ભેદોને અનુસારે જાતે જ જાણી લેવા.

ટીકાર્થ :- '**लेसुद्देसेण**'= સંક્ષેપથી '**एते भेया**'= આ ભાત, સોવીર આદિ ભેદો '**एएसिं**'= અશનાદિના '**दंसिया**'= જણાવ્યા. '**एवं**'= આ પ્રમાણે '**एयाणुसारओ च्चिय**'= બતાવેલા ભેદોને અનુસારે જ '**सेसा**'= આના સમાન બાકીના ભેદો '**सयमेव**'= પોતાની બુદ્ધિથી '**विण्णेया**'= જે ભેદોનો જે પ્રકારના આહારમાં સમાવેશ થતો હોય તેમાં સમાવેશ કરવાનું જાણી લેવું. ॥ २२५ ॥ ५/३१

આહારનું પ્રત્યાખ્યાન અપ્રમાદની વૃદ્ધિ કરનાર છે એમ જણાવે છે.

तिविहाइभेयओ खलु, एत्थ इमं वण्णियं जिणिंदेहिं ।
एत्तो च्चिय भेएसु वि, सुहुमं ति बुहाणमविरुद्धं ॥ २२६ ॥ ५/३२

छाया :- त्रिविधादिभेदतः खलु अत्रेदं वर्णितं जिनेन्द्रैः ।
इत एव भेदेष्वपि सूक्ष्ममिति बुधानामविरुद्धम् ॥ ३२ ॥

ગાથાર્થ :- પ્રત્યાખ્યાનના અધિકારમાં તિવિહાર, ચોવિહાર આદિ ભેદો વડે પ્રત્યાખ્યાન જિનેશ્વર ભગવંતોએ કહેલું છે. આથી જ આહારાદિ ભેદોમાં પણ પ્રત્યાખ્યાન કરવું તે વધારે સૂક્ષ્મ હોવાથી પંડિતોને માન્ય છે.

ટીકાર્થ :- '**एत्थ**'= આ પ્રત્યાખ્યાનના અધિકારમાં '**तिविहाइभेयओ**'= તિવિહાર આદિના ભેદથી, 'આદિ' શબ્દથી ચોવિહારનું ગ્રહણ થાય છે. '**खलु**'= નિશ્ચે '**इमं**'= પ્રત્યાખ્યાન '**वण्णियं**'= કહ્યું છે.

'**जिणिंदेहि**'= રાગ, દ્વેષ અને મોહના ક્ષયથી જેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે તે જિનેશ્વર ભગવંતોએ '**एत्तो च्चिय**'= આ કારણથી જ '**भेएसु वि**'= અશનાદિ આહારભેદોમાં પણ અમુક દ્રવ્યનો ત્યાગ કરવારૂપ શાસ્ત્રોક્ત પ્રત્યાખ્યાન '**सुहुमं ति**'= તે સૂક્ષ્મ હોવાથી, પ્રમાદનો ત્યાગ સૂક્ષ્મ, સૂક્ષ્મતર આદિ અનેક પ્રકારે થઈ શકતો હોવાથી '**बुहाणं**'= પંડિતોને '**अविरुद्धं**'= માન્ય છે.

સર્વવિરતિમાં પણ 'હું આજે અમુક ખાખરા વગેરે દ્રવ્યો જ વાપરીશ, લેપ વગરનો જ આહાર વાપરીશ.' વગેરે અભિગ્રહ કરવા સ્વરૂપ આહારાદિ ભેદોનું પ્રત્યાખ્યાન સંભવે છે એમ કહેવાનો ભાવ છે. ॥ २२६ ॥ ५/३२

अण्णे भणंति जतिणो, तिविहाहारस्स ण खलु जुत्तमिणं ।
सव्वविरइओ एवं, भेयग्गहणे कहं सा उ? ॥ २२७ ॥ ५/३३

छाया :- अन्ये भणन्ति यतेस्त्रिविधाहारस्य न खलु युक्तमिदम् ।
सर्वविरते एवं भेदग्रहणे कथं सा तु ॥ ३३ ॥

गाथार्थ :- કેટલાક આચાર્યો કહે છે કે સાધુને સર્વવિરતિ હોવાથી તિવિહારનું પ્રત્યાખ્યાન યુક્ત નથી. અર્થાત્ તેણે ચોવિહારનું જ પ્રત્યાખ્યાન કરવું જોઈએ. તિવિહારના પ્રત્યાખ્યાનમાં આહારના એક ભેદનું ગ્રહણ કરવાની છૂટ હોવાથી તેમાં સર્વવિરતિ કેવી રીતે ટકે ?

टीकार्थ :- '**अण्णे**'= દિગંબર આદિ '**भणंति**'= કહે છે કે '**जतिणो**'= સાધુને '**तिविहाहारस्स**'= પાણી સિવાયના ત્રણ આહારના ત્યાગનું પ્રત્યાખ્યાન '**न खलु जुत्तं**'= નિશ્ચે યુક્ત નથી. '**इणं**'= પ્રત્યાખ્યાન '**सव्वविरइओ**'= સર્વવિરતિનું હોવાથી '**एवं**'= આ પ્રમાણે તિવિહારના પ્રત્યાખ્યાનમાં '**भेयग्गहणे**'= ત્રણ આહારનો ત્યાગ કરવા છતાં પાણી રૂપ એક આહારનું ગ્રહણ કરવાનું હોવાથી '**कहं सा उ ?**'= તેમાં તે સાધુને સર્વવિરતિ કેવી રીતે સંભવે ? અર્થાત્ સર્વવિરતિ સંભવે નહિ. સર્વવિરતિનો અર્થ આ પ્રમાણે થાય છે-સર્વ= બધા જ આહારનો વિરતિ= ત્યાગ, તિવિહારના પ્રત્યાખ્યાનમાં સંપૂર્ણપણે બધા જ આહારનો ત્યાગ કરાતો ન હોવાથી તે સર્વવિરતિ કહેવાય નહિ. માટે સર્વવિરતિવાળા સાધુને તિવિહારનું પ્રત્યાખ્યાન કરવું કલ્પે નહિ. ચોવિહારનું જ પ્રત્યાખ્યાન કરવું કલ્પે. એવી **દિગંબર** આદિની માન્યતા છે. 'तु' શબ્દ પુનઃ અર્થમાં છે. ॥ २२७ ॥ ५/३३

આ પ્રમાણે અન્ય આચાર્યોના અભિપ્રાયને જણાવીને હવે તેનું નિરાકરણ કરતાં કહે છે-

अपमायवुड्ढिजणगं एयं एत्थं ति दंसियं पुव्वं ।
तब्भोगमित्तकरणे सेसच्चागा तओ अहिगो ॥ २२८ ॥ ५/३४

छाया :- अप्रमादवृद्धिजनकम् एतद् अत्रेति दर्शितं पूर्वम् ।
तद्भोगमात्रकरणे शेषत्यागात् तकोऽधिकः ॥ ३४ ॥

गाथार्थ :- અહીં જૈનદર્શનમાં આહાર સંબંધી પ્રત્યાખ્યાન કરવું એ અપ્રમાદની વૃદ્ધિ કરાવનાર છે એમ પૂર્વે કહ્યું છે, તિવિહારના પ્રત્યાખ્યાનમાં માત્ર પાણીનો જ ઉપભોગ કરવાનો હોય છે આથી શેષ ત્રણ આહારનો ત્યાગ કરતો હોવાથી અપ્રમાદ અધિક થાય છે.

टीकार्थ :- '**अपमायवुड्ढिजणगं**'= અપ્રમાદની વૃદ્ધિને કરાવનાર '**एयं**'= આહારનું પ્રત્યાખ્યાન '**एत्थ ति**'= જૈનદર્શનમાં '**पुव्वं**'= પૂર્વે '**दंसियं**'= કહેવાયું છે, '**तब्भोगमित्तकरणे**'= તિવિહારના પ્રત્યાખ્યાનમાં

માત્ર પાણીનો જ ઉપભોગ કરવામાં '**सेसच्चागा**'= અશનાદિ ત્રણ આહારનો ત્યાગ થતો હોવાથી '**तओ**'= તે અપ્રમાદ '**अहिगो**'= અધિક થાય છે.

સર્વવિરતિ સામાયિકનું ગ્રહણ કરતી વખતે આહારનો ત્યાગ કરવામાં આવ્યો નથી. તેથી હવે તે આહારના પ્રત્યાખ્યાન કરે તો અપ્રમાદમાં વૃદ્ધિ જ થવાની છે, શાસ્ત્રમાં સાધુને તિવિહારનું પ્રત્યાખ્યાન પણ કહેલું છે તેથી તદનુસાર સાધુ તિવિહારનું પ્રત્યાખ્યાન કરે તો દોષ નથી. કારણ કે શાસ્ત્રકાર એ સર્વ જીવો ઉપર અનુગ્રહ કરનાર હોવાથી દોષ લાગે એવી પ્રવૃત્તિનો ઉપદેશ આપે જ નહિ. સમર્થ સાધુ જો સ્વયં ચોવિહારનું પ્રત્યાખ્યાન કરે તો તેનો નિષેધ કરવામાં આવતો નથી, તે કરી શકે છે. બાકી 'સાધુએ ચોવિહારનું પ્રત્યાખ્યાન જ કરવું જોઈએ' એવી પ્રરૂપણા કરવી એ ન્યાયસંગત નથી. આ વિષયમાં ગીતાર્થ વિદ્વાન મહાપુરુષોની આચરણા પ્રમાણભૂત છે. તેઓ ભૂમિકાને અનુસારે યથાશક્તિ માર્ગાનુસારી પ્રવૃત્તિ કરે કરાવે તો શાસ્ત્રના આરાધક જ છે, વિરાધક નથી. **॥ २२८ ॥ ५/३४**

ફરી પણ વાદી કહે છે :-

एवं कहंचि कज्जे, दुविहस्स वि तं ण होति चिंतमिणं ।
सच्चं जइणो णवरं, पाएण ण अण्णपरिभोगो ॥ २२९ ॥ ५/३५

छाया :- एवं कथञ्चित् कार्ये द्विविधस्यापि तन्न भवति चिन्त्यमिदम् ।
सत्यं यतेः नवरं प्रायेण न अन्यपरिभोगः ॥ ३५ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે અપ્રમાદની વૃદ્ધિ કરનાર હોવાથી સાધુને જો તિવિહારનું પ્રત્યાખ્યાન હોઈ શકે તો કોઈ કારણે માંદગી આદિ કાર્યમાં તેને શું દુવિહારનું પ્રત્યાખ્યાન કરવું ન કલ્પે ? આ વિચારવું. આચાર્ય ભગવંત ઉત્તર આપતા કહે છે કે તમારી વાત સત્ય છે. પરંતુ સાધુને પ્રાયઃ અશન-પાન સિવાય બીજા આહાર (ખાદિમ-સ્વાદિમ)નો ભોગ હોતો નથી.

ટીકાર્થ :- '**एवं**'= આ પ્રમાણે અપ્રમાદની વૃદ્ધિ કરનાર હોવાથી જો સાધુને આહારના પ્રત્યાખ્યાનમાં તિવિહારનું પ્રત્યાખ્યાન સ્વીકારવામાં આવે તો '**कहंचि**'= દેશકાળ રોગ આદિની અપેક્ષાએ કોઈ કારણે '**कज्जे**'= માંદગી આદિ અવસ્થામાં '**दुविहस्स वि**'= દુવિહારનું પણ, જેમાં અશન અને ખાદિમનો ત્યાગ કરવામાં આવે છે અને પાણી તથા સ્વાદિમનો ઉપભોગ કરવામાં આવે છે. '**तं**'= તે પ્રત્યાખ્યાન '**न होति**'= શું ન હોય ?- હોય જ છે, એમ વાદીનો અભિપ્રાય છે. '**चिंत्तमिदं**'= આ વિચારવું.

આચાર્ય કહે છે- '**सच्चं**'= તમારી વાત સત્ય છે. '**जतिणो**'= સાધુને માંદગી આદિ કારણે જ દુવિહારનું પ્રત્યાખ્યાન કલ્પે છે '**णवरं**'= ફક્ત '**पाएण**'= ઘણું કરીને પ્રાયઃ '**अण्णपरिभोगो**'= સ્વાદિમનો ઉપભોગ સાધુને '**न**'= હોતો નથી.

સાધુ સંસારથી વિરક્ત હોવાથી પુષ્ટ આલંબન સિવાય સ્વાદિમના ઉપભોગની પ્રવૃત્તિ કરતો જ નથી. સંસારથી વિરાગી બનેલાને જ સાધુધર્મ સ્વીકારવાનો અધિકાર છે. ભવાભિનંદી જીવ સર્વવિરતિ ગ્રહણ કરવા માટે અધિકારી નથી. જે મધ્યસ્થ (રાગ-દ્વેષ રહિત) હોય, બુદ્ધિમાન હોય અને આત્મકલ્યાણનો અર્થી હોય તેને જ શાસ્ત્રમાં સર્વવિરતિ સ્વીકારવાનો અધિકારી કીધો છે આવો વિદ્વાનોનો પ્રવાદ છે. **॥ २२९ ॥ ५/३५**

ભેદદ્વાર કહેવાયું. હવે ભોગદ્વાર કહે છે :-

विहिणा पडिपुण्णम्मी, भोगो विगए य थेवकाले उ।
सुहधाउजोगभावे, चित्तेणमणाकुलेण तहा ॥ २३० ॥ ५/३६

छाया :- विधिना प्रतिपूर्णे भोगो विगते च स्तोककाले तु ।
शुभधातुयोगभावे चित्तेनानाकुलेन तथा ॥ ३६ ॥

ગાથાર્થ :- (૧) સતત ઉપયોગપૂર્વક પાલનરૂપ વિધિથી, (૨) પ્રત્યાખ્યાન પૂર્ણ થયા પછી, (૩) પ્રત્યાખ્યાન પૂર્ણ થયા પછી પણ થોડો સમય પસાર થયા બાદ, (૪) વાત-પિત્ત અને કફ એ ત્રણ ધાતુઓ સમ બને ત્યારે, (૫) કાયાદિ યોગો સ્વસ્થ બને ત્યારે (૬) ચિત્તની વ્યાકુળતા રહિત ભોજન કરવું.

ટીકાર્થ :- '**विहिणा**'= આગમમાં કહેલી સ્પર્શના, પાલના વગેરે વિધિથી, '**पडिपुण्णम्मी**'= પ્રત્યાખ્યાન પૂર્ણ થયા પછી '**भोगो**'= આહારનો પરિભોગ કરવો અર્થાત્ ભોજન કરવું. '**विगए य थेवकाले उ**'= પ્રત્યાખ્યાન પૂર્ણ થયા પછી તેની ઉપર થોડો સમય પસાર થયા બાદ, **आगम**માં કહ્યું છે કે- "પ્રત્યાખ્યાન પૂર્ણ થયા પછી તરત જ વાપરે નહિ પરંતુ થોડો સમય વીત્યા બાદ વાપરે તો તે પ્રત્યાખ્યાન 'તીરિતં' થયું કહેવાય છે." પ્રત્યાખ્યાનની જે 'ફાસિયં' વગેરે છ શુદ્ધિ કહેવામાં આવી છે તેમાં 'તીરિયં'નામની આ ચોથી શુદ્ધિ છે. '**सुहधाउजोगभावे**'= વાયુ-પિત્ત અને કફ એ ત્રણ શરીરની ધાતુઓ શુભ અર્થાત્ સમ બને ત્યારે, (ભિક્ષાટનના શ્રમથી શરીરની ધાતુઓ વિષમ બની ગઈ હોય છે તેથી ભિક્ષાટનથી આવ્યા બાદ તરત જ વાપરવું નહિ પણ થોડો સમય સ્વાધ્યાયાદિ કરવા વડે વિસામો લેવાથી શરીરની ધાતુઓ સમ બની જાય ત્યારે ભોજન કરવું.) વળી મન, વચન અને કાયાના વ્યાપાર કુશળ હોય- સ્વસ્થ હોય ત્યારે '**चित्तेणमणाकुलेण**'= ચિત્તની વ્યાકુળતા રહિત '**तहा**'= તેવા પ્રકારના અનાકુળ ચિત્ત વડે પણ વ્યાકુળ ચિત્ત વડે નહિ.

વ્યાકુળ ચિત્તે ભોજન કરવાથી દોષ સંભવે છે, **सुश्रुत**ચિકિત્સાશાસ્ત્રમાં કહ્યું છે કે, "ઈર્ષ્યા, ભય અને ક્રોધથી વ્યાકુળ હોય, (આહારમાં) લુબ્ધ હોય, તરસ તથા દીનતાથી પીડાતો હોય, દ્વેષથી યુક્ત હોય- આવી અવસ્થામાં કરાતું ભોજન સમ્યક્ પચતું નથી." **॥ ૨૩૦ ॥ ૫/૩૬**

ચારિત્રધર્મમાં રક્ત મુનિઓ પ્રત્યાખ્યાનનો કાળ પૂર્ણ થયા બાદ પણ કઈ વિધિથી ભોજન કરે છે તે બે ગાથા વડે કહે છે :-

काऊण कुसलजोगं, उचियं तक्कालगोयरं णियमा।
गुरुपडिवत्तिप्पमुहं, मंगलपाढाइयं चेव ॥ २३१ ॥ ५/३७

छाया :- कृत्वा कुशलयोगं उचितं तत्कालगोचरं नियमात् ।
गुरुप्रतिपत्तिप्रमुखं मङ्गलपाठादिकं चैव ॥ ३७ ॥

सरिऊण विसेसेणं, पच्चक्खायं इमं मए पच्छा।
तह संदिसाविऊणं, विहिणा भुंजंति धम्मरया ॥ २३२ ॥ ५/३८ जुग्गं।

छाया :- स्मृत्वा विशेषेण प्रत्याख्यातम् इदं मया पश्चात् ।
तथा संदेश्य विधिना भुञ्जते धर्मरताः ॥ ३८ ॥ युग्मम् ।

ગાથાર્થ :- ધર્મમાં રક્ત એવા મુનિઓ ગુરુવિનય આદિ તથા નમસ્કાર મહામંત્ર વગેરેનો પાઠ કરવા સ્વરૂપ ઉચિત કુશળ વ્યાપારને ભોજન અવસરે નિયમા કરીને, 'મારા વડે પહેલા પોરિસી આદિ આ પ્રત્યાખ્યાન કરાયું છે, એમ વિશેષથી યાદ કરીને તથા ગુરુભગવંતની અનુજ્ઞા લઈને વિધિપૂર્વક ભોજન કરે છે.'

ટીકાર્થ :- '**उचियं**'= યોગ્ય '**कुशलजोगं**'= કુશળ વ્યાપારને '**काऊण**'= કરીને '**तक्कालगोयरं**'= ભોજનના અવસર સંબંધી '**नियमा**'= નિયમેન '**गुरुपडिवत्तिप्पमुहं**'= ગુરુભગવંતનો વિનય આદિ '**मंगलपाढाइयं चेव**'= નમસ્કાર મહામંત્રનો પાઠ, આદિ શબ્દથી **'धम्मो मंगलमुक्किट्ठं'** એ **દશવૈકાલિક** સૂત્ર આદિ પ્રશસ્ત શાસ્ત્રનો પાઠ કરવાનું ગ્રહણ થાય છે. તે સમયે અન્ય શાસ્ત્રનો પાઠ કરવો એ અનુચિત છે કારણકે નિમિત્તશાસ્ત્રોમાં તેનો નિષેધ કરાયો છે.જે આલોક અને પરલોક એમ ઉભયલોકમાં હિતકારી હોય એ જ પ્રશંસનીય છે, ગીતાર્થ મહાપુરુષની આચરણારૂપ આ પ્રવૃત્તિનું ખંડન કરવું નહિ. તેનું ખંડન કરવામાં અનુષ્ઠાનના ખંડનનો અને મહાપુરુષોની મહાન આશાતના કરવાનો એમ બે દોષનો સંભવ છે, સર્વપ્રકારે ઉચિતને જાણનારા એવા સંવિગ્ન ગીતાર્થ મહાપુરુષો જ દરેક બાબતમાં પ્રમાણભૂત કરવા યોગ્ય છે. તેમનું બહુમાન કરવાથી ખરી રીતે તો ભગવાનનું જ બહુમાન થાય છે. કારણકે ભગવાનની આજ્ઞા છે કે 'જે ગુરુને માને છે તે જ મને માને છે'- ગુરુભગવંતના વચનને નહિ માનનારને દોષ લાગે છે. એમ શાસ્ત્રમાં પ્રતિપાદન કરાયું છે.

'ચન્દ્રકવેધ્યપ્રકીર્ણક'ની ચિરંતનવાચનામાં કીધું છે કે :-

'છટ્ઠ અટ્ઠમ- ચાર ઉપવાસ- પાંચ ઉપવાસ આદિ તપશ્ચર્યામાં જે પરાક્રમ કરે છે પણ ગુરુની આજ્ઞા માનતો નથી તે સાધુ અનંતસંસારી થાય છે. ॥ ૧ ॥ (**'चन्द्रवेध्य०**' ગા.૩૫)

'સંસાર મહાસમુદ્રથી પાર પામેલા, સૂર્ય અને ચંદ્ર સમાન આચાર્યોના પગમાં જે નિત્ય પડે છે તે મુનિઓ ધન્ય છે.' ॥ ૨ ॥

'આચાર્યભગવંત ઉપરના ભક્તિરાગથી આલોકમાં કીર્તિ પ્રાપ્ત થાય છે, પરલોકમાં વિશિષ્ટ પ્રકારની દેવગતિ મળે છે. અને ધર્મમાં ઉત્તમ પ્રકારના બોધિની પ્રાપ્તિ થાય છે.' ॥ ૩ ॥

'દિવ્ય અવધિજ્ઞાન વડે જાણીને દેવલોકમાં દેવો પણ આચાર્ય ભગવંતોનું સ્મરણ કરતી વખતે આસન અને શયનને છોડીને ઊભા થાય છે.' ॥ ૪ ॥

દેવલોકમાં અપ્સરાના સમૂહની મધ્યમાં રહેલા દેવો પણ નિર્ગ્રન્થ પ્રવચનને વારંવાર યાદ કરતાં આચાર્યભગવંતને વંદન કરવા માટે આવે છે. ॥ ૫ ॥ (**चन्द्रवेध्य०** ગા.૩૧-૩૪)

આથી સંવિગ્ન ગીતાર્થ ભગવંતની આચરણાને પ્રમાણભૂત ગણીને તે આચરવી જોઈએ. **॥ ૨૩૧ ॥ ૫/૩૭**

'**पच्छा**'= ભોજનની પૂર્વના કાળમાં '**मए**'= મારા વડે '**पच्चक्खायं इमं**'= નવકારશી-પોરિસી આદિ આ પ્રત્યાખ્યાન કરાયું છે '**विसेसेणं**'= વિશેષથી '**सरिऊण**'= સ્મરણ કરીને '**तह**'= તથા '**संदिसाविऊणं**'= ''આપ મને અનુજ્ઞા આપો! હું પ્રત્યાખ્યાન પારું ?'' એમ ગુરુભગવંતની અનુજ્ઞા લઈને '**विहिणा**'= આ હમણાં કહેવામાં આવેલી વિધિ વડે અથવા શાસ્ત્રમાં કહેલી ભોજન કરતી વખતની વિધિ વડે '**धम्मरया**'= ધર્મમાં આસક્ત ચિત્તવૃત્તિવાળા મુનિઓ '**भुंजंति**'= ભોજન કરે છે.

ભોજન કરતાં પહેલા 'મેં' આ પ્રત્યાખ્યાન કર્યું છે' આમ સ્મરણ કરવું તે પ્રત્યાખ્યાનની છ શુદ્ધિમાંની પાંચમી કીર્તિ નામની શુદ્ધિ છે. **॥ ૨૩૨ ॥ ૫/૩૮**

૫-૪ ગાથામાં 'स्वयंपालनायां विधि समायुक्तं' માં કહેવાયેલું સ્વયંપાલના દ્વાર હવે કહે છે :-

सयंपालणा य एत्थं, गहियम्मि वि ता इमम्मि अन्नेसिं ।
दाणे उवएसम्मि य, ण होंति दोसा जहऽण्णत्थ ॥ २३३ ॥ ५/३९

छाया :- स्वयंपालना च अत्र गृहीतेऽपि तस्माद् अस्मिन् अन्येभ्यः ।
दाने उपदेशे च न भवन्ति दोषा यथाऽन्यत्र ॥ ३९ ॥

ગાથાર્થ :- આહાર પ્રત્યાખ્યાનમાં સ્વયં પાલન કરવાનું છે તેથી આહારનું પ્રત્યાખ્યાન ગ્રહણ કર્યું હોવા છતાં બીજાને આહાર આપવામાં અથવા તો આહારનો ઉપદેશ આપવામાં પ્રાણાતિપાત આદિના પ્રત્યાખ્યાનની જેમ કરાવવું અને અનુમોદવું એ બે દોષ લાગતા નથી.

ગાથાર્થ :- '**एत्थं**'= આહારપ્રત્યાખ્યાનના અધિકારમાં '**सयपालणा**'= સ્વયં પાલન કરવાનું છે. '**गहियम्मि वि**'= ગ્રહણ કર્યું હોવા છતાં પણ '**ता**'= તેથી '**इमम्मि**'= ઉપવાસ આદિનું પ્રત્યાખ્યાન '**अन्नेसिं**'= બીજા ભોજન કરનાર સાધુઓને '**दाणे**'= આહાર લાવીને આપવામાં '**उवएसम्मि य**'= 'અમુક શ્રાવકના ઘેર તમે વહોરવા જાઓ' એમ વચન વડે દાનવીર શ્રાવકકુલને બતાવવામાં '**न होंति दोसा**'= દોષો લાગતાં નથી. '**जह**'= જેમ '**अण्णत्थ**'= પ્રાણાતિપાત આદિના પ્રત્યાખ્યાનમાં કરવારૂપ અને અનુમતિરૂપ દોષ લાગે છે તેમ દોષ લાગતો નથી.

પ્રાણાતિપાત આદિના પ્રત્યાખ્યાનો ત્રિવિધ-ત્રિવિધે લેવામાં આવે છે આથી સ્વયં હિંસા કરવી નહિ, બીજા પાસે કરાવવી નહિ અને હિંસા કરનારની અનુમોદના કરવી નહિ- આ પ્રમાણેનું તેમાં પ્રત્યાખ્યાન હોવાથી તેમાં કરાવવું અને અનુમોદવું એ બંને વિકલ્પોનું પણ વર્જન કરવામાં આવે છે આ આહારનું પ્રત્યાખ્યાન ત્રિવિધ-ત્રિવિધે ગ્રહણ કરવામાં આવતું નથી પણ સ્વયં પાલન કરવારૂપ એકવિધ જ પ્રત્યાખ્યાન છે તેથી સ્વયં ઉપવાસ કરનાર નિર્જરાર્થી સાધુ આગમમાં કહેલા યોગ્ય સાધુને આહાર આપી શકે છે અને અનુમોદના કરી શકે છે. **॥ ૨૩૩ ॥ ૫/૩૯**

તે દાનવિધિને કહે છે :-

कयपच्चक्खाणो वि य, आयरियगिलाणबालवुड्ढाणं ।
देज्जाऽसणाइ संते, लाभे कयवीरियायारो ॥ २३४ ॥ ५/४०

छाया :- कृतप्रत्याख्यानोऽपि च आचार्यग्लान-बाल-वृद्धेभ्यः ।
दद्याद् अशनादि सति लाभे कृतवीर्याचारः ॥ ४० ॥

ગાથાર્થ :- પોતે આહારનું પ્રત્યાખ્યાન કર્યું હોવા છતાં લાભાંતરાયના ક્ષયોપશમથી પોતાને આહારાદિ મળે એમ હોય તો વીર્યાચારનું પાલન કરતો સાધુ આચાર્ય-ગ્લાન-બાળ-અને વૃદ્ધ સાધુઓને આહારાદિ લાવીને આપે.

ટીકાર્થ :- '**कयपच्चकखाणो वि य**'= પોતાને આહારનું પ્રત્યાખ્યાન હોવા છતાં પણ '**संते लाभे**'= પોતાને લાભાંતરાયનો ક્ષયોપશમ હોવાથી આહારાદિ મળે એમ હોય તો '**कयवीरियायारो**'= પોતાને પાળવા યોગ્ય વીર્યાચારનો વ્યાપાર જેણે કર્યો છે અથવા વીર્યાચારનું પાલન કરનાર સાધુ; '**आयरियगिलाणबालवुड्ढाणं**'= અધિક ગુણવાન એવા આચાર્ય આદિ પૂજ્યોને તથા અસમર્થ હોવાથી

સહાય કરવા યોગ્ય ગ્લાન-બાળ-વૃદ્ધ સાધુઓને '**असणाइ**'= અશનાદિ ચાર પ્રકારનો આહાર '**देज्जा**'= લાવી આપે.

શક્તિ હોવા છતાં જો એ શક્તિનો ઉપયોગ એને અનુરૂપ પ્રવૃત્તિ કરવા દ્વારા કરવામાં ન આવે તો એ શક્તિ નિષ્ફળ જાય છે. આથી આચાર્ય આદિની વેયાવચ્ચમાં સાધુ વીર્યાચારનું પાલન અવશ્ય કરે જ, તેથી પોતાને ઉપવાસાદિનું પ્રત્યાખ્યાન હોવા છતાં અશનાદિ વહોરી લાવીને તેમની ભક્તિ કરે. ॥ ૨૩૪ ॥ ૫/૪૦

હવે દાનના ઉપદેશવિધિને કહે છે :-

संविग्गअन्नसंभोइयाण देसेज्ज सड्ढगकुलाणि ।
अतरंतो वा संभोइयाण जह वा समाहीए ॥ २३५ ॥ ५/४१

छाया :- संविग्नान्यसाम्भोगिकानां देशयेत् श्राद्धककुलानि ।
अशक्नुवन् वा साम्भोगिकानां यथा वा समाधिना ॥ ४१ ॥

ગાથાર્થ :- સંવિગ્ન અન્યસાંભોગિક (ભિન્ન સામાચારીવાળા)ને શ્રાવકના ઘરો બતાવે. અથવા પોતે અસમર્થ હોય તો સાંભોગિક (એક સામાચારીવાળા)ને પણ શ્રાવકના ઘરો બતાવે. અથવા પોતાને અને બીજા સાધુઓને જે રીતે સમાધિ ઉપજે એ રીતે આહાર લાવી આપે અથવા શ્રાવકના ઘર બતાવે.

ટીકાર્થ :- '**संविग्ग**'= મોક્ષના અભિલાષી સંસારથી ભીરૂ અને જ્ઞાનાદિથી સંપન્ન એવા સંવિગ્ન '**अन्नसंभोइयाण**'= જેમની વાચના, આચાર અને ક્રિયાસ્થાનો ભિન્ન છે એ ભિન્ન સામાચારીવાળા સાધુને '**सड्ढगकुलाणि**'= દાનવીર શ્રાવકના કુળોને '**देसेज्ज**'= બતાવે '**अतरंतो वा**'= અથવા પોતે અસમર્થ હોય તો '**संभोइयाण**'= એક સામાચારીવાળા સાધુઓને પણ શ્રાવકના ઘર બતાવે.

આમ તો એક સામાચારીવાળાની સાથે માંડલીમાં ગોચરી કરી શકાય છે તેમને પરસ્પર એકબીજાની લાવેલી ગોચરી ખપે છે. પણ જો પોતે ગોચરી લાવવા માટે સમર્થ ન હોય તો તેમને લાવીને ન આપે પણ તેમને શ્રાવકના ઘર બતાવી દે.

ભિન્ન સામાચારીવાળાની સાથે માંડલીમાં ગોચરી કરવાની નથી હોતી કારણકે તેમના ભિન્ન આચારો જોઈને નૂતનદીક્ષિત સાધુને મતિવિભ્રમ થાય કે સાધુપણું સરખુ હોવા છતાં પરસ્પરના આચારમાં ભેદ કેમ છે ? માટે તેમની સાથે પરસ્પર ગોચરી લાવી આપવાનો વ્યવહાર હોતો નથી. તેમને માત્ર શ્રાવકના ઘર બતાવવાના હોય છે.

'**जह वा**'= '**वा**' શબ્દ વિકલ્પસૂચક છે. અથવા જે રીતે '**समाहीए**'= પોતાની સમાધિ રહે, પ્રાકૃત હોવાથી '**समाही**'= શબ્દનો સ્ત્રીલિંગમાં નિર્દેશ કર્યો છે. પોતાને અથવા બીજા સાધુઓને જે રીતે સમાધિ રહે એ રીતે કરે. ગોચરી લાવી આપે અથવા તેમને શ્રાવકના ઘર બતાવે.

આહારના પ્રત્યાખ્યાનવાળો સાધુ બીજા સાધુઓને આ રીતે ઉપદેશ કરી શકે છે, અર્થાત્ શ્રાવકના ઘર બતાવી શકે છે. ॥ ૨૩૫ ॥ ૫/૪૧

આ પ્રમાણે ભાવસાધુને આશ્રયીને આહારના પ્રત્યાખ્યાનની સ્વયં પાલના કહેવાઈ. પ્રત્યાખ્યાનવાળો સાધુ બીજા સાધુઓને અશનાદિનું દાન અને ઉપદેશ કરી શકે છે.હવે શ્રાવકને આશ્રયીને વિધિ કહે છે :-

एवमिह सावगाण वि, दाणुवएसाइ उचियमो णेयं ।
सेसम्मि वि एस विहि, तुच्छस्स दिसादवेक्खाए ॥ २३६ ॥ ५/४२

छाया :- एवमिह श्रावकाणामपि दानोपदेशादि उचितमेव ज्ञेयम् ।
शेषेऽपि एषः विधिः तुच्छस्य दिगाद्यपेक्षया ॥ ४२ ॥

गाथार्थ :- અહીં સ્વયંપાલના દ્વારમાં શ્રાવકોને પણ આ પ્રમાણે દાન-ઉપદેશ આદિ સંગત જાણવું. વસ્ત્રાદિમાં પણ આ જ વિધિ છે. દરિદ્ર શ્રાવકને આશ્રયીને દિગ્બંધની અપેક્ષાએ સંગત જાણવું.

ટીકાર્થ :- '**एवं**'= આ પ્રમાણે '**इह**'= પ્રત્યાખ્યાન અધિકારમાં સ્વયંપાલના દ્વારમાં '**सावगाण वि**'= સમ્યગ્દૃષ્ટિ આદિ શ્રાવકોને પણ '**दाणुवएसादि**'= દાન-ઉપદેશ આદિ, 'આદિ' શબ્દથી પ્રોત્સાહન કરવાનું ગ્રહણ થાય છે. '**उचियमो**'= ઉચિત '**णेयं**'= જાણવું. '**सेसम्मि वि**'= આહારપ્રત્યાખ્યાન સિવાયના બીજા વસ્ત્રાદિના દાન ઉપદેશ આદિની વિધિમાં '**एस विहि**'= હવે આગળ ઉપર વિધિ કહેવામાં આવે છે. '**तुच्छस्स**'= વૈભવને આશ્રયીને દરિદ્ર શ્રાવકને '**दिसादवेक्खाए**'= દિગ્બંધ આદિની અપેક્ષાએ દાન-ઉપદેશાદિ વર્તે છે. 'દિગ્' શબ્દનો અર્થ 'ગચ્છ' થાય છે. આદિ શબ્દથી કુળ, ગણનું ગ્રહણ થાય છે.

શ્રાવકને પ્રતિબોધ કરીને જેણે ધર્મ પમાડ્યો હોય તે એના ઉપકારી દિગાચાર્ય ગુરુ કહેવાય છે. નિર્ધન શ્રાવક સંપત્તિના અભાવે બધા સાધુભગવંતોને વસ્ત્રાદિ વહોરાવી ન શકે તો તે માત્ર પોતાના ઉપકારી દિગાચાર્ય ગુરુને વહોરાવે એવી વિધિ છે. પણ મહાધનવાન ઉદારચિત્તવાળા શ્રાવક માટે આ વિધિ નથી. તેણે તો બધા સાધુઓને વસ્ત્રાદિ વહોરાવવા જોઈએ. કારણ કે પ્રસિદ્ધ એવા **'પ્રત્યાખ્યાનસ્વરુપ' આગમ-ગાથા-૨૬૬**માં કહ્યું છે કે-

શ્રાવકે સંપત્તિ હોય તો ગુણવાન દરેક સુવિહિત સાધુભગવંતને કોઈપણ જાતનો ભેદ રાખ્યા વગર વસ્ત્રાદિનું દાન કરવું જોઈએ. નિર્ધન શ્રાવકે દિગ્બંધની અપેક્ષાએ વસ્ત્રાદિનું દાન કરવું જોઈએ ॥ **૨૩૬ ॥ ૫/૪૨.**

શ્રાવકની દાન આપવા સંબંધી વિધિનું વિવરણ કરતાં કહે છે :-

संतेअरलद्धिजुएअराइ भावेसु होइ तुल्लेसु ।
दाणं दिसाइभेए, तीएऽदिंतस्स आणादी ॥ २३७ ॥ ५/४३

छाया :- सदितरलब्धियुतेतरादिभावेषु भवति तुल्येषु ।
दानं दिगादिभेदे तयाऽददत आज्ञादयः ॥ ४३ ॥

गाथार्थ :- એક સાધુની પાસે વસ્ત્ર છે, બીજા સાધુની પાસે વસ્ત્ર નથી. જેમની પાસે વસ્ત્ર નથી તેમાં પણ એક સાધુ લબ્ધિવાળો છે જેથી પોતે વસ્ત્ર મેળવી શકે એમ છે જ્યારે બીજો સાધુ લબ્ધિરહિત છે જેથી તે જાતે વસ્ત્ર મેળવી શકે એમ નથી, આમ જ્યારે સાધુઓ ભિન્ન ભિન્ન અવસ્થાવાળા હોય ત્યારે નિર્ધન શ્રાવકે દિગ્બંધની અપેક્ષાએ દાન નહિ કરવાનું પણ લબ્ધિરહિત વસ્ત્ર વગરના સાધુને વસ્ત્રનું દાન કરવું જોઈએ. પરંતુ જ્યારે બધા જ સાધુઓ સમાન અવસ્થાવાળા હોય ત્યારે નિર્ધન શ્રાવકે દિગ્બંધની અપેક્ષાએ પોતાના ઉપકારી દિગાચાર્યને વસ્ત્રાદિનું દાન કરવું જોઈએ. આ પ્રમાણે જો દાન ન કરે તો તેને આજ્ઞાભંગ આદિ દોષો લાગે છે.

ટીકાર્થ :- '**संतेअरलद्धिजुएअरादिभावेसु**'= '**संत**'= એકની પાસે વસ્ત્ર છે, બીજાની પાસે '**इअर**'= વસ્ત્ર નથી. '**लद्धिजुए**'= જેમની પાસે વસ્ત્ર નથી તેમાં પણ એક સાધુ વસ્ત્ર મેળવવાની લબ્ધિવાળો છે. '**इअर**'= બીજો સાધુ વસ્ત્ર મેળવવાની લબ્ધિથી રહિત છે. '**आदि**' શબ્દથી ક્લેશથી મેળવી શકે એમ છે અથવા ક્લેશ વગર મેળવી શકે એમ છે. તેમજ તે સ્વપક્ષ અને પરપક્ષની લબ્ધિવાળો છે. સ્વપક્ષ એટલે સાધુસમુદાય અને પરપક્ષ એટલે ગૃહસ્થો. અર્થાત્ સાધુસમુદાયમાંથી બીજા સાધુની પરોક્ષ તે વસ્ત્રાદિ મેળવી શકે એમ છે તેમજ ભક્ત ગૃહસ્થો પાસેથી વસ્ત્રાદિ મેળવી શકે એમ છે. '**भावेसु**'= આ પ્રમાણે ભિન્ન ભિન્ન અવસ્થાવાળા સાધુ હોય ત્યારે '**दिसाइभेए**'= દિશા આદિની અપેક્ષાએ ભેદ રાખ્યા વગર '**दानं**'= દાન આપવાનું '**होइ**'= હોય છે.

અર્થાત્ ઉપર જણાવ્યા મુજબ જ્યારે ભિન્ન ભિન્ન અવસ્થાવાળા સાધુઓ હોય ત્યારે બુદ્ધિશાળી દાનના અધિકારી શ્રાવકે કોઈપણ જાતનો ભેદ રાખ્યા વગર જેને ધર્મોપકરણની જરૂર છે, જેના વગર તેના સંયમનો નિર્વાહ થાય એમ નથી એવા સાધુને ધર્મોપકરણનું દાન કરવું જોઈએ.

'**तुल्लेसु**'= સાધુઓ જ્યારે તુલ્ય અવસ્થાવાળા હોય ત્યારે '**दिसाइभेए**'= ઉપર દિશાના અભેદથી એમ અર્થ સંગત થતો હતો. અહીં દિશાનો ભેદ અર્થ સંગત થાય છે. અર્થાત્ સાધુને જો ધર્મની ક્ષતિ ન થતી હોય તો નિર્ધન શ્રાવક દિગ્બંધની અપેક્ષાએ દાન આપે. અર્થાત્ પોતાના ઉપકારી દિગાચાર્ય ગુરુને દાન આપે.

'**तीए**'= અમુક અવસ્થામાં દિશાની અપેક્ષા રાખ્યા વગર અને અમુક અવસ્થામાં દિશાની અપેક્ષા રાખીને '**अदिंतस्स**'= દાન નહિ આપનાર શ્રાવકને '**आणादी**'= આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના સ્વરૂપ શાસ્ત્રમાં કહેલા દોષો લાગે છે.

'विंशतिविंशिका- गाथा १७६'માં દાનધર્મનો અધિકારી શ્રાવક કોણ છે ? તે નીચે પ્રમાણે જણાવ્યું છેઃ-

'કુટુંબના વડીલ વડે જેને ઘરનો ભાર સોંપેલો હોય, ન્યાયોપાર્જિત ધનવાળો હોય, જેનો આશ્રિતવર્ગ સુખી હોય, તેમજ જે પોતે દયાળુ હોય તે ધર્મોપગ્રહકર દાનનો સમ્યગ્ દાતા થાય.' **॥ ૨૩૭ ॥ ૫/૪૩**

૫-૪ गाथामां 'अनुबन्धभावे विधिसमायुक्तम्' જે કહ્યું છે તે દ્વારનું હવે નિરૂપણ કરતાં કહે છે :-

भोत्तूणमुचियजोगं, अणवरयं जो करेइ अवहित्तो ।

णियभूमिगाएँ सरिसं, एत्थं अणुबंधभाववविही ॥ २३८ ॥ ५/४४

छाया :- भुक्त्वा उचितयोगमनवरतं यः करोति अव्यथितः ।
निजभूमिकायाः सदृशम् अत्र अनुबन्धभावविधिः ॥ ४४ ॥

ગાથાર્થ :- પ્રત્યાખ્યાનનો કાળ પૂર્ણ થયા બાદ ભોજન કર્યા પછી, ભાવથી અને કાયાથી પીડા રહિત એવો જે સાધુ પોતાની ભૂમિકાને અનુરૂપ સ્વાધ્યાય ધ્યાનાદિ ઉચિત યોગને સતત કરે છે તે સાધુના આહાર*પ્રત્યાખ્યાનના પરિણામનો વિચ્છેદ થતો નથી. અનુબંધ ચાલે છે.*

ટીકાર્થ :- '**जो**'= જે સાધુ '**भोत्तूणं**'= **પ્રત્યાખ્યાનનો કાળ પૂર્ણ થયા બાદ** ભોજન કરીને '**उचियजोगं**'= સ્વાધ્યાય-ધ્યાનાદિ ઉચિત વ્યાપારને '**अणवरयं**'= સતત '**करेइ**'= કરે છે. '**अव्वहिओ**'= કાયાથી અને ભાવથી અપીડિત '**नियभूमिगाइ**'= પોતાની ભૂમિકાને '**सरिसं**'= સદૃશ '**एत्थं**'= આ પ્રત્યાખ્યાનના અધિકારમાં '**अणुबंधभाववविही**'= કુશળ પ્રવાહના સાતત્યરૂપ અનુબંધ અને ભાવની વિધિ છે.

'જે સાધુ ઉચિત યોગને કરે છે' એટલું કહેવામાં વાક્ય અધૂરું રહે છે તેથી 'तस्य' શબ્દ અહીં અધ્યાહાર સમજવાનો છે. આથી 'તે સાધુને આ અનુબંધ અને ભાવની વિધિ છે' એમ વાક્યાર્થ ફલિત થાય છે.

પરમાર્થથી ભોજન કર્યા બાદ જે પોતાની-ગુરુ-ઉપાધ્યાય-પ્રવર્તક-સ્થવિર-ગીતાર્થ-સાધુ-શ્રાવક આદિ ભૂમિકાને યોગ્ય સ્વાધ્યાય આદિ પ્રવૃત્તિ કરે છે તેને જ પ્રત્યાખ્યાનનું સતત અનુપાલન થાય છે. અન્યથા તેની ભોજનની પ્રવૃત્તિ નિરર્થક થવાની આપત્તિ આવે છે. ધર્મના અર્થી જીવો સ્વાધ્યાયાદિ સંયમના યોગો સારી રીતે કરી શકાય એમ વિશિષ્ટ ગુણનો લાભ થાય એ માટે જ ભોજન કરે છે. જો ભોજન કર્યા પછી પણ સ્વાધ્યાયાદિ ન કરવામાં આવે તો ભોજન એ અભોજન જ છે, અર્થાત્ ભોજન કરવાનું કાંઈ ફળ ન મળવાથી ભોજન કરવાનું નિષ્ફળ ગયું. માટે અનુબંધને ઈચ્છનાર સાધુએ ભોજન કર્યા બાદ અવશ્ય ઉચિત યોગ આચરવો જ જોઈએ.

અનુબંધનું સ્વરૂપ દર્શાવવા દ્વારા અહીં પ્રત્યાખ્યાનનું **भावविधि समायुक्तत्वम्** પણ જણાવાઈ ગયું છે એમ જાણવું. કારણ કે ભાવપૂર્વકનું હોય તો જ પ્રત્યાખ્યાન ત્રિવિધ પ્રકારે પાળેલું થાય છે. માટે પ્રત્યાખ્યાનના નિરૂપણમાં સર્વત્ર ઉપલક્ષણથી ભાવપૂર્વકનું એ હોવું જોઈએ એમ અન્તર્ગત જણાવાય છે. ॥ ૨૩૮ ॥ ૫/૪૪

पुरुषनी भूमिकानी अपेक्षाए अने देशकाळना औचित्यनी अपेक्षाए कदाच भोजन कर्या बाद स्वाध्यायादिना बदले बीजो व्यापार योग्य होय तो ते प्रवृत्ति करवी ए पण निर्जरानुं ज कारण छे एम बतावता कहे छे :-

गुरुआएसेणं वा, जोगंतरगं पि तदधिगं तमिह ।
गुरुआणाभंगम्मि, सव्वेऽणत्था जओ भणितं ॥ २३९ ॥ ५/४५

छाया :- गुर्वादेशेन वा योगान्तरकमपि तदधिकं तदिह ।
गुर्वाज्ञाभङ्गे च सर्वे अनर्था यतो भणितम् ॥ ४५ ॥

गाथार्थ :- અથવા જે સાધુ ગુરુની આજ્ઞાથી પોતાની ભૂમિકાને અનુરૂપ વ્યાપાર સિવાયના બીજા વ્યાપાર કરે છે તેને પણ પ્રત્યાખ્યાનનો અનુબંધભાવ થાય છે. કારણકે તે સમયે તે યોગની પ્રધાનતા-આવશ્યકતા અધિક હોય છે. ગુરુની આજ્ઞાના ભંગમાં સર્વ અનર્થો રહેલા છે. આથી જ શાસ્ત્રમાં નીચે મુજબ કહ્યું છે.

ટીકાર્થ :- '**गुरुआएसेणं वा**'= બધા જ રત્નાધિકો પૂજ્ય હોવાથી ગુરુ છે અને મુખ્યસ્થાને છે. તેમની આજ્ઞાથી '**जोगंतरगं पि**'= પોતાની ભૂમિકાને અનુરૂપ સ્વાધ્યાયાદિ વ્યાપાર સિવાયનો બીજો વસ્ત્રપાત્રપરિકર્મરૂપ વ્યાપાર જે સ્વાધ્યાયાદિની વૃદ્ધિનું કારણ છે તેને કરે છે એમ પૂર્વની ગાથા સાથે સંબંધ છે. '**तदधिगं**'= તે સમયે સ્વાધ્યાયાદિ કરતાં વધારે મુખ્ય-આવશ્યક '**तमिह**'= તે વ્યાપાર છે- માટે ગુરુની આજ્ઞાથી બીજો વ્યાપાર પણ તે સાધુ કરે જ છે. તે બીજો વ્યાપાર પણ કર્મની નિર્જરાનું કારણ હોવાથી એના વડે પણ સ્વાધ્યાયાદિની જેમ પ્રત્યાખ્યાનની અનુબંધશુદ્ધિ થાય જ છે. હંમેશા ગુરુની આજ્ઞાનું પાલન એ જ સર્વત્ર કર્મની નિર્જરાનું કારણ છે. કારણ કે '**गुरुआणाभंगम्मि**'= ગુરુની આજ્ઞાના ભંગમાં '**सव्वे**'= બધા જ '**अणत्था**'= અનર્થો સંભવે છે એમ જાણવું. '**जओ**'= કારણકે **भणितं**= અન્યત્ર શાસ્ત્રમાં કહ્યું છે કે- ॥ ૨૩૯ ॥ ૫/૪૫.

અન્યત્ર શાસ્ત્રમાં જે કહ્યું છે, તે જ કહે છે :-

छट्ठट्ठमदसमदुवालसेहिं, मासद्धमासखमणेहिं।
अकरिंतो गुरुवयणं, अणंतसंसारिओ होति ॥ २४० ॥ ५/४६

छाया :- षष्ठाष्टमदशमद्वादशैः मासार्धमासक्षमणैः ।
अकुर्वन गुरुवचनम् अनन्तसंसारिको भवति ॥ ४६ ॥

ગાથાર્થ :- છઠ્ઠ - અઠ્ઠમ - ચાર ઉપવાસ - પાંચ ઉપવાસ - પંદર ઉપવાસ- માસક્ષમણ આદિ તપશ્ચર્યા કરતો હોવા છતાં સાધુ જો ગુરુની આજ્ઞાનું પાલન ન કરતો હોય તો તે અનંતસંસારી થાય છે.

ટીકાર્થ :- '**छट्ठट्ठमदसमदुवालसेहिं**'= છઠ્ઠ-અઠ્ઠમ-ચાર ઉપવાસ-પાંચ ઉપવાસ તપથી યુક્ત હોય, '**मासद्धमासखमणेहिं**'= પંદર ઉપવાસ તથા માસક્ષમણની તપશ્ચર્યાથી યુક્ત હોવા છતાં- અહીં માસક્ષમણ ઉપવાસનો સમુદાય હોવાથી સમુદાયની અપેક્ષાએ બહુવચન ન થાય પરંતુ તેમાં ઉપવાસ ઘણા હોવાથી તેની અપેક્ષાએ બહુવચન કર્યું છે. '**गुरुवयणं**'= ગુરુની આજ્ઞાનો ભંગ કરવા દ્વારા તેમના વચનને '**अकरिंतो**'= નહિ કરતો '**अणंतसंसारिओ**'= અનંતસંસારી '**होति**'= થાય છે. અર્થાત્ સંસારમાં અનંતકાળ સુધી રખડે છે. ॥૨૪૦॥ ૫/૪૬.

પ્રત્યાખ્યાનમાં ભાવની પ્રધાનતા છે એમ ઉપદેશ આપે છે :-

बज्झाभावेवि इमं, पच्चक्खंतस्स गुणकरं चेव।
आसवनिरोहभावा, आणाआराहणाओ य ॥ २४१ ॥ ५/४७

छाया :- बाह्याभावेऽपि इदं प्रत्याचक्षाणस्य गुणकरं चैव ।
आस्त्रवनिरोधभावाद् आज्ञाराधनाच्च ॥ ४७ ॥

ગાથાર્થ :- જે બાહ્ય વસ્તુ પોતાની પાસે ન હોય (અને ભવિષ્યમાં તે વસ્તુ પોતાને મળવાની સંભાવના પણ ન હોય) તે વસ્તુનું પણ પ્રત્યાખ્યાન એ પ્રત્યાખ્યાન લેનારને લાભ જ કરે છે. કારણ કે એનાથી આશ્રવનો નિરોધ થાય છે અને સર્વજ્ઞની આજ્ઞાનું પાલન થાય છે.

ટીકાર્થ :- '**बज्झाभावेऽवि**'= (દરિદ્રતા આદિના કારણે) આહારના વિષયભૂત મીઠાઈ આદિ વિશિષ્ટ પદાર્થો અથવા સામાન્યથી ધનધાન્ય આદિ સામાન્ય પદાર્થો પોતાની પાસે ન હોય, ભવિષ્યમાં તે મળવાની સંભાવના પણ ન હોય, આમ બાહ્ય પદાર્થનો અભાવ હોવા છતાં '**इमं**'= એ વસ્તુનું પ્રત્યાખ્યાન કરવું એ '**पच्चक्खंतस्स**'= પ્રત્યાખ્યાન કરનારને '**गुणकरं चेव**'= વિશુદ્ધ ભાવના કારણે લાભ કરનાર જ છે. '**आणाआराहणाओ य**'= ભગવાને શાસ્ત્રમાં ફરમાવેલી આજ્ઞાનું તેનાથી પાલન થતું હોવાથી. '**आसवनिरोहभावा**'= તેનાથી હિંસાદિ આશ્રવ દ્વારોની નિવૃત્તિ થતી હોવાથી. ('આદિ' શબ્દથી અનુબંધ અહિંસા જાણવી.)

મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ એ કર્મના આશ્રવના હેતુ છે. વસ્તુ હોય કે ન હોય પણ જ્યાં સુધી તેનું પ્રત્યાખ્યાન ન કરવામાં આવે ત્યાં સુધી તેની અવિરતિથી કર્મબંધ થયા જ કરે છે, માટે તેનું જો પ્રત્યાખ્યાન કરી લે તો અવિરતિ નામનો આશ્રવહેતુ રોકાઈ જાય છે, આ સ્વસંવેદનથી અનુભવાય છે.

જે વસ્તુ પોતાને સ્વાધીન છે તેનું પ્રત્યાખ્યાન કરવાનું સંગત જ છે. પણ જે વસ્તુ પોતાને સ્વાધીન

નથી તેનું પ્રત્યાખ્યાન કરવામાં આજ્ઞાની આરાધના આ રીતે છે કે આગમમાં પ્રત્યાખ્યેય તરીકે સર્વ વસ્તુઓ ગણવામાં આવી છે. પ્રત્યાખ્યેય એટલે જેનું પ્રત્યાખ્યાન કરવાનું છે તે પદાર્થ. હવે જો માત્ર સ્વાધીન પદાર્થનું જ પ્રત્યાખ્યાન કરવાનું હોત તો આગમમાં 'સર્વ' શબ્દનો પ્રત્યાખ્યેયના વિષય તરીકે પ્રયોગ કરવામાં ન આવત. એના બદલે એમ જણાવવામાં આવત કે સ્વાધીન વસ્તુનું જ પ્રત્યાખ્યાન કરવું, અસ્વાધીનનું ન કરવું, પરંતુ આગમમાં સામાન્યથી સર્વ પદાર્થની વિરતિનું વર્ણન આવે છે તેથી નક્કી થાય છે કે સ્વાધીન પદાર્થની જેમ અસ્વાધીન પદાર્થનું પણ પ્રત્યાખ્યાન કરી શકાય છે. કારણ કે આમાં પદાર્થની મુખ્યતા નથી પણ ભાવની શુદ્ધિની મુખ્યતા છે. ॥ ૨૪૧ ॥ ૫/૪૭

આ જ વાતનું સમર્થન કરવા માટે કહે છે :-

न य एत्थं एगंतो, सगडाहरणादि एत्थ दिट्ठंतो ।
संतं पि णासइ लहुं, होइ असंतं पि एमेव ॥ २४२ ॥ ५/४८

छाया :- न च अत्र एकान्तः शकटाहरणादि अत्र दृष्टान्तः ।
सदपि नश्यति लघु भवति असदपि एवमेव ॥ ४८ ॥

ગાથાર્થ :- બાહ્ય વસ્તુમાં એવો એકાંત નથી કે તેનો આપણી પાસે હંમેશા સદ્‌ભાવ જ રહેશે અથવા અસદ્‌ભાવ જ રહેશે. કારણકે પાપના ઉદયથી કોઈક વખત વિદ્યમાન વસ્તુ પણ નષ્ટ થઈ જાય છે અને પુણ્યના ઉદયથી કોઈક વખત અવિદ્યમાન વસ્તુ પણ પ્રાપ્ત થઈ જાય છે.- આ બાબતમાં ગાડાં વગેરેનું દૃષ્ટાંત છે.

ટીકાર્થ :- '**न य**'= નથી '**एत्थं**'= વસ્તુની વિદ્યમાનતા અને અવિદ્યમાનતાની બાબતમાં '**एगंतो**'= એકાન્ત-અર્થાત્ વિદ્યમાન વસ્તુ હંમેશા આપણી પાસે રહેશે જ અને અત્યારે અવિદ્યમાન વસ્તુ ભવિષ્યમાં કદાપિ નહિ જ મળે એવું એકાન્તે નથી. '**सगडाहरणादि**'= ગાડાનું દૃષ્ટાન્ત આદિ '**एत्थ**'= આ બાબતમાં '**दिट्ठंतो**'= દૃષ્ટાંત છે.

ગાડાનું દૃષ્ટાંત :- એક વખત ગૃહસ્થો વડે વિવિધ પ્રકારના નિયમો ગ્રહણ કરાતા હતા. તેમાં જે વસ્તુનો પોતાને પ્રાપ્ત થવાનો સંભવ નથી એવી વસ્તુના નિયમો કરાતા જોઈને આવા નિયમો કરવા એ નિષ્ફળ છે, એનાથી ધર્મ ન થાય એમ વિચારીને એક બ્રાહ્મણે મશ્કરીમાં કહ્યું કે જો અસંભવિત વસ્તુનો નિયમ ગ્રહણ કરવાથી ધર્મ થતો હોય તો 'ગાડું ભક્ષણ કરવું નહિ' એવો નિયમ તમારી જેમ મારે પણ હો. આમ મશ્કરીમાં તેણે નિયમ ગ્રહણ કર્યો. ત્યારબાદ ઘણાં વર્ષો વીતી ગયા. કોઈ એક વખત તે જંગલની મુસાફરી કરીને આવ્યો હતો, ઘણો જ ભૂખ્યો હતો ત્યારે કોઈ રાજપુત્રી મહાન પર્વના નિમિત્તે જમાડવાને માટે બ્રાહ્મણને શોધતી હતી, તેને આ બ્રાહ્મણ મળ્યો. તેણે બ્રાહ્મણના ભાણામાં ગાડાના આકારનું મિષ્ટાન્ન પીરસ્યું. તે જોઈને તેણે વિચાર્યું કે, 'સર્વ વસ્તુનો સંભવ હોઈ શકે છે માટે સંભવિત તથા અસંભવિત એમ બધી જ વસ્તુનો નિયમ લઈ શકાય છે' આવું જે સાધુઓ વડે કહેવાયું છે તે સાચું છે. આ ગાડું મને ભોજન માટે પ્રાપ્ત થયું છે. પણ મારી પ્રતિજ્ઞાનો લોપ હું કેમ કરું ? એમ વિચારીને તેણે તેનું ભક્ષણ ન કર્યું અને રાજપુત્રીને પ્રતિબોધ કરવા માટે પોતાનો બધો વૃત્તાંત જણાવ્યો.

સંક્ષેપથી આ ગાડાનું દૃષ્ટાંત કહેવાયું. આ જ વાતને સ્પષ્ટ કરે છે :- '**संतं पि**'= પોતાના ઘર આદિ વસ્તુ પણ '**नासइ**'= ભાગ્ય ફરી જવાથી (પાપના ઉદયથી) નષ્ટ થઈ જાય છે. '**एमेव**'= એ જ પ્રમાણે

પુણ્યના ઉદયથી '**असंतं पि**'= પહેલા નહિ વિદ્યમાન એવી વસ્તુ પણ '**लहुं**'= શીઘ્ર '**होइ**'= પ્રાપ્ત થાય છે.

માટે વસ્તુના વિદ્યમાનપણામાં કે અવિદ્યમાનપણામાં કોઈ એકાંત નથી. ॥ ૨૪૨ ॥ ૫/૪૮

ફરીથી પણ અસંભવિત વસ્તુ એ પ્રત્યાખ્યાનનો વિષય નથી અર્થાત્ તેનો નિયમ લેવો નિષ્ફળ છે એ મતનું ખંડન કરવા માટે કહે છે :-

ओहेणाविसयं पि हु, ण होइ एयं कहिंचि णियमेण ।
मिच्छासंसज्जियकम्मओ तहा सव्वभोगाओ ॥ २४३ ॥ ५/४९

છાયા :- ओघेनाविषयमपि खलु न भवति एतत् क्वचित् नियमेन ।
मिथ्यासंसज्जितकर्मतः तथा सर्वभोगात् ॥ ४९ ॥

ગાથાર્થ :- મિથ્યાભાવથી બાંધેલા કર્મના ઉદયથી અર્થાત્ અવિરતિના કારણે કોઈક દેશકાલમાં તેવા કોઈક વિશિષ્ટ પ્રકારે નિયમા સર્વવસ્તુના ભોગનો સંભવ હોવાથી પ્રત્યાખ્યાન એ સામાન્યથી કદી અવિષયવાળું હોતું નથી. અર્થાત્ સર્વ વસ્તુ પ્રત્યાખ્યાનનો વિષય બની શકે છે. બધી જ વસ્તુનો નિયમ લઈ શકાય છે.

ટીકાર્થ :- '**एयं**'= આ પ્રત્યાખ્યાન. '**ओहेण**'= સામાન્યથી '**अविसयं पि**'= વિષયરહિત પણ '**हु**'= વાક્યાલંકાર અર્થમાં છે. '**न होइ**'= નથી હોતું.

પ્રત્યાખ્યાન એ સ્વવિષયવાળું જ છે, અર્થાત્ બધા જ પદાર્થો એ પ્રત્યાખ્યાનના સ્વવિષયો છે.

'**कहंचि**'= કર્મની વિચિત્રતા લક્ષણ કોઈક પ્રકારે '**नियमेण**'= અવશ્યપણે '**मिच्छासंसज्जियकम्मओ**'= મિથ્યાભાવી જીવપ્રદેશોમાં જે કર્મ ચોંટે છે તે મિથ્યાસંસજ્જિતકર્મ કહેવાય છે. આ કહેવાનો ભાવ એ છે કે જીવે જુદા જુદા ફળ આપનારા જુદા જુદા અનેક પ્રકારના કર્મ બાંધેલા હોય છે તે કર્મ ઉદયમાં આવે છે ત્યારે તેના દોષથી જીવને સર્વવસ્તુની પ્રાપ્તિ થાય છે અને તેને ઇચ્છતો ન હોવા છતાં અનાભોગથી ભોગવે છે, '**तहा सव्वभोगाओ**'= તેવા કોઈ વિશિષ્ટ પ્રકારે સર્વવસ્તુનો ઉપભોગ સંભવતો હોવાથી.

આમ સર્વ વસ્તુના ભોગનો સંભવ હોઈ શકે છે એમ જાણનારા જ્ઞાની ભગવંતોએ પ્રત્યાખ્યાનનો વિષય સંભવિત અસંભવિત બધી જ વસ્તુ હોઈ શકે છે એમ કહ્યું છે. માટે તે એકાંતે વિષય વગરનું નથી.

અસંભવિત વસ્તુ પણ કોઈ વિશિષ્ટ પ્રકારે સંભવિત થઈ જાય છે. જેમ ગાડું મીઠાઈના સ્વરૂપમાં પેલા ગાડું ન ખાવાના નિયમવાળા બ્રાહ્મણને મળ્યું.

સર્વ વસ્તુનો નિયમ લઈ શકાય છે એમ સિદ્ધ થયું. ॥ ૨૪૩ ॥ ૫/૪૯

પ્રશ્ન - પોતે કરેલા કર્મના ફળવિપાકને પ્રાણીઓએ ભોગવવા જ પડે છે. હવે જે વસ્તુનો તેમણે નિયમ કર્યો છે તેને કર્મના ઉદયથી ભોગવવાનો પ્રસંગ આવશે. તેને જો એ ભોગવશે તો તેના નિયમનો ભંગ થશે અને જો નહિ ભોગવે તો કર્મ નિષ્ફળ જશે. આમ બંને રીતે આપત્તિ આવશે.

ઉત્ત૨ - કર્મ જો સોપક્રમી હોય તો તેના સ્થિતિ - રસને ઘટાડી શકાય છે. તેનો બીજી કર્મપ્રકૃતિમાં સંક્રમ કરી શકાય છે. આથી તેને રસોદયથી ભોગવવું જ પડે એવું નથી. માત્ર પ્રદેશોદયથી ભોગવવું પડે છે. આમ કર્મને અન્યથારૂપે વેદવાથી નિયમનું પાલન કરી શકાય છે અને વિરતિનો ભંગ થતો નથી. - વળી અન્યથારૂપે પણ તે ભોગવ્યું તો છે જ. આથી કર્મ નિષ્ફળ નથી ગયું.

આમ પ્રત્યાખ્યાન સફળ જ છે એમ બતાવે છેઃ-

विरईए संवेगा, तक्खयओ भोगविगमभावेण ।
सफलं सव्वत्थ इमं, भवविरहं इच्छमाणस्स ॥ २४४ ॥ ५/५०

छाया :- विरतेः संवेगात् तत्क्षयतः भोगविगमभावेन ।
सफलं सर्वत्रेदं भवविरहं इच्छतः ॥ २४४ ॥

ગાથાર્થ :- સંસારના વિરહને ઈચ્છનારા એવા પ્રત્યાખ્યાન કરનારા સાધુ અથવા શ્રાવકને મોક્ષના અભિલાષથી જાગેલા (વિરતિ=) તે તે વસ્તુનો ત્યાગ કરવાના પરિણામથી પૂર્વે બાંધેલા મિથ્યાસંસજ્જિત કર્મનો ક્ષય થવાથી તેનો જે ભોગફળ આપવાનો સ્વભાવ છે તે નષ્ટ થઈ જાય છે. આથી દ્રવ્ય-ક્ષેત્ર-કાલ આદિ સંબંધી અભિગ્રહો તેમજ વિદ્યમાન કે અવિદ્યમાન વસ્તુના અભિગ્રહો સફલ જ છે. અર્થાત્ વિરતિને બાધક કર્મનો ક્ષયોપશમ થઈ જાય છે તેથી પ્રત્યાખ્યાન વડે ત્યાગ કરેલી વસ્તુને ભોગવવાનો પ્રસંગ તેને હવે નહિ આવે.

ટીકાર્થ :- '**विरतीए**'= વિરતિ હોતે છતે અથવા વિરતિથી (વિરતિ= ત્યાગનો પરિણામ) '**संवेगा**'= સંવેગના અચિંત્ય સામર્થ્યથી (સંવેગ= મોક્ષનો અભિલાષ)- સંવેગપૂર્વક તે પ્રત્યાખ્યાન કરાય છે તેથી '**तक्खयओ**'= તે મિથ્યાસંસજ્જિતકર્મનો ક્ષય-ક્ષયોપશમ થવાથી '**भोगविगमभावेण**'= પૂર્વે બાંધેલા મિથ્યાકર્મના ઉદયથી પ્રાપ્ત થતા ભોગફળનો ક્ષય થવાથી અર્થાત્ હવે તે કર્મ ફળ નથી આપતું. '**सव्वत्थ**'= દ્રવ્ય, ક્ષેત્ર, કાળ આદિ સર્વ પ્રકારમાં '**भवविरहं**'= સંસારના વિયોગને '**इच्छमाणस्स**'= ઈચ્છનાર સાધુ અથવા શ્રાવકને '**इमं**'= આ પ્રત્યાખ્યાન '**सफलं**'= વિદ્યમાન ફળવાળું એટલે કે સફળ થાય છે. **॥ २४४ ॥ ५/५०**

॥ પાંચમું પ્રત્યાખ્યાનવિધિ નામનું પંચાશક પૂર્ણ થયું ॥

• • •

॥ षष्ठं स्तवविधि-पञ्चाशकम् ॥

ચોથા પંચાશકમાં પૂજાની વિધિ કહેવાઈ જે દ્રવ્યસ્તવસ્વરૂપ છે. ત્યારબાદ પ્રત્યાસત્તિન્યાયથી પાંચમા પંચાશકમાં પ્રત્યાખ્યાનવિધિ કહેવાઈ, જે ભાવસ્તવસ્વરૂપ છે, હવે પૂજાનો જ એક વિશિષ્ટ ભેદ હોવાથી દ્રવ્ય-ભાવસ્તવના સ્વરૂપના નિર્ણય માટે આ સ્તવવિધિ પંચાશક કહેવાય છે.

नमिऊण जिणं वीरं, तिलोगपुज्जं समासओ वोच्छं।
थयविहिमागमसुद्धं, सपरेसिमणुग्गहट्ठाए ॥ २४५ ॥ ६/१

છાયા :- नत्वा जिनं वीरं त्रिलोकपूज्यं समासतो वक्ष्ये ।
स्तवविधिमागमशुद्धं स्वपरयोरनुग्रहार्थाय ॥ १ ॥

ગાથાર્થ :- ત્રિભુવનપૂજ્ય શ્રી **વીરજિનને** નમસ્કાર કરીને સ્વપરના અનુગ્રહને માટે '**स्तवपरिज्ञा**' આદિ આગમથી શુદ્ધ સ્તવવિધિ સંક્ષેપથી કહીશ.

ટીકાર્થ :- જ્યારે એક જ કર્તા બે ક્રિયા કરતો હોય ત્યારે પહેલા કરાતી ક્રિયાને સંબંધક ભૂતકૃદન્તનો '**क्त्वा**' પ્રત્યય લાગે છે, અહીં 'નમસ્કાર કરવાની' અને 'સ્તવવિધિ કહેવાની' એમ બે ક્રિયા ગ્રંથકારમહર્ષિ કરે છે. તેમાં પ્રથમ ક્રિયા નમસ્કાર કરવાની છે તેથી 'नम्' ધાતુને '**वक्ष्ये**' ક્રિયાપદના સંબંધમાં સંબંધક ભૂતકૃદન્તનો '**क्त्वा**' પ્રત્યય લાગ્યો છે.

'**तिलोगपुज्जं**'= દેવ (ઉર્ધ્વલોકવાસી), અસુર (અધોલોકવાસી), મનુષ્ય (તીચ્છ્ર્લોકવાસી)થી પૂજનીય '**जिणं**'= રાગ-દ્વેષ આદિ દોષોના સમુદાયને જીતનાર, '**वीरं**'= મહાપરાક્રમી મહાવીરસ્વામી ભગવાનને '**नमिऊण**'= મન-વચન-કાયાથી નમસ્કાર કરીને, '**आगमसुद्धं**'= '**स्तवपरिज्ञा**' આદિ આગમના સમ્યગ્ બોધથી શુદ્ધ '**सपरेसिं**'= સ્વ અને પરને '**अणुग्गहट्ठाए**'= અનુગ્રહ કરવાની ઈચ્છાથી '**थयविहिं**'= સ્તવની વિધિને '**समासओ**'= સંક્ષેપથી '**वोच्छं**'= કહીશ. ॥ ૨૪૫ ॥ ૬/૧

હવે સ્તવવિધિને જ કહે છે :-

दव्वे भावे य थओ, दव्वे भावथयरागओ सम्मं ।
जिणभवणादिविहाणं भावथओ चरणपडिवत्ती ॥ २४६ ॥ ६/२

છાયા :- द्रव्ये भावे च स्तवो द्रव्ये भावस्तवरागतः सम्यक् ।
जिनभवनादिविधानं भावस्तवः चरणप्रतिपत्तिः ॥ २ ॥

ગાથાર્થ :- સ્તવ એટલે સ્તુત્ય એવા જિનેશ્વરદેવની પૂજા. તે સ્તવના બે પ્રકાર છે. (૧) દ્રવ્યસ્તવ અને (૨) ભાવસ્તવ- ભાવસ્તવના બહુમાનપૂર્વક જિનભવનાદિનું સમ્યક્ નિર્માણ કરવું એ દ્રવ્યસ્તવ છે. સર્વવિરતિનો સ્વીકાર કરવો એ ભાવસ્તવ છે.

ટીકાર્થ :- '**दव्वे**'= દ્રવ્યસ્તવ, '**भावे य**'= અને ભાવસ્તવ એ '**थओ**'= વિશિષ્ટ પ્રકારની પૂજા છે. '**दव्वे**'= દ્રવ્યસ્તવ કોને કહેવાય છે ? તે કહે છે- '**भावथयरागओ**'= સર્વવિરતિના બહુમાનથી-

(મોક્ષની પ્રાપ્તિ સર્વવિરતિથી જ થાય છે માટે સર્વવિરતિ જ ગ્રહણ કરવા યોગ્ય છે આવું તેના પ્રત્યે તેને બહુમાન છે, તે મેળવવાના ઉપાય તરીકે જ તે દ્રવ્યસ્તવ કરે છે.)

'**सम्मं**'= વિધિપૂર્વક '**जिणभवणादिविहाणं**'= જિનભવન આદિનું નિર્માણ કરવું, 'આદિ' શબ્દથી

જિનબિંબનું નિર્માણ કરવું વગેરેનું ગ્રહણ થાય છે. '**भावथओ**'= અને ભાવસ્તવ '**चरणपडिवत्ती**'= સર્વવિરતિની પ્રાપ્તિ-પ્રતિજ્ઞા કરવી તે છે. ॥ ૨૪૬ ॥ ૬/૨

द्रव्यस्तवना स्वरूपनुं वर्णन करवानी ईच्छाथी कहे छे :-

जिणभवणबिंबठावणजत्तापूजाइ सुत्तओ विहिणा ।
दव्वत्थउ त्ति णेयं, भावत्थयकारणत्तेण ॥ २४७ ॥ ६/३

छाया :- जिनभवन-बिम्बस्थापन-यात्रापूजादि सूत्रतो विधिना ।
द्रव्यस्तव इति ज्ञेयं भावस्तवकारणत्वेन ॥ ३ ॥

गाथार्थ :- શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરવામાં આવતા જિનભવન, જિનબિંબ, તેની પ્રતિષ્ઠા, અષ્ટાહ્નિકા મહોત્સવો, પુષ્પાદિપૂજા વગેરે અનુષ્ઠાનો સર્વવિરતિરૂપ ભાવસ્તવનું કારણ હોવાથી દ્રવ્યસ્તવ જાણવા.

ટીકાર્થ :- '**जिणभवणबिंबठावणजत्तापूजाई**'= '**जिनभवण**'= દેરાસર '**बिंबठावण**'= જિનપ્રતિમાની પ્રતિષ્ઠા '**जत्ता**'= જિનમહોત્સવ, '**पूजाइ**'= પુષ્પ-વસ્ત્રાદિથી પૂજા આદિ કરવા તે. આ બધા શબ્દોનો સમાહારદ્વન્દ્વ સમાસ થયો હોવાથી એકવચન કર્યું છે. '**सुत्तओ**'= શાસ્ત્રની **विहिणा**= વિધિ મુજબ- શાસ્ત્રમાં શ્રાવકોના કર્તવ્યોનો ઉપદેશ આપ્યો હોય છે કે શ્રાવકોનું કર્તવ્ય શું છે ? તે કર્તવ્ય કેવી રીતે કરવું જોઈએ ? - આ ઉપદેશને વિધિ કહેવામાં આવે છે. '**भावत्थयकारणत्तेण**'= ભાવસ્તવરૂપ સર્વવિરતિના પરિણામનું તે કારણ હોવાથી **'दव्वत्थउ त्ति'** દ્રવ્યસ્તવ છે એમ '**णेयं**'= જાણવું.

આગમમાં કહેલી વિધિ મુજબ દ્રવ્યસ્તવ કરવાથી જ સર્વવિરતિના પરિણામ જાગે છે. સર્વવિરતિ પ્રત્યેના બહુમાનથી જ, અર્થાત્ તેના પરિણામ જગાડવા માટે જ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરવામાં આવે છે. સર્વવિરતિથી નિરપેક્ષ પરિણામ અર્થાત્ સર્વવિરતિના બહુમાન વગર કરાતી જિનપૂજા આદિ એ દ્રવ્યસ્તવ કહેવાય જ નહિ. ॥ ૨૪૭ ॥ ૬/૩

आ द्रव्यस्तव એ ભાવસ્તવનું કારણ કેવી રીતે બને છે ? તે કહે છે :-

विहियाणुट्ठाणमिणं ति एवमेयं सया करेंताणं ।
होइ चरणस्स हेऊ, णो इहलोगादवेक्खाए ॥ २४८ ॥ ६/४

छाया :- विहितानुष्ठामिदमिति एवमेतत् सदा कुर्वताम् ।
भवति चरणस्य हेतुः नो इहलोकाद्यपेक्षया ॥ ४ ॥

गाथार्थ :- આપ્તપુરુષોએ પ્રરૂપેલું અને પૂર્વપુરુષોએ આચરેલું આ સુંદર અનુષ્ઠાન છે એવા ભાવપૂર્વક જિનભવનાદિ અનુષ્ઠાનો સદા કરનારને તે સર્વવિરતિનું કારણ બને છે. પરંતુ આલોક કે પરલોકના સુખની આશાથી કરવામાં આવે તો તે ચારિત્રનું કારણ બનતું નથી.

ટીકાર્થ :- '**विहियाणुट्ठाणं**'= પૂર્વપુરુષોએ પ્રરૂપેલું આચરેલું સુંદર અનુષ્ઠાન '**इणं ति**'= આ છે એવી બુદ્ધિથી '**एयं**'= આ જિનભવનાદિ અનુષ્ઠાન '**सया**'= સદા '**करेंताणं**'= કરનારને '**चरणस्स हेऊ**'= ચારિત્રના પરિણામનો હેતુ '**होइ**'= થાય છે. વ્યવચ્છેદ= નિષેધ કરવા યોગ્ય પરિણામને બતાવતા કહે છે '**नो**'= ચારિત્રના પરિણામનો હેતુ બનતું નથી. '**इहलोगादवेक्खाए**'= આ અનુષ્ઠાનથી મને આ મનુષ્યભવમાં અથવા પરલોકમાં દેવના ભવમાં અમુક ભૌતિક સુખોની પ્રાપ્તિ થાય'' એવા આશય પૂર્વક કરવાથી અર્થાત્ આવા નિયાણાના પરિણામથી કરવામાં આવે તો તે જિનભવનાદિ અનુષ્ઠાન ચારિત્રનો હેતુ બનતું નથી. ॥ ૨૪૮ ॥ ૬/૪

एवं चिय भावथए, आणाआराहणाउ रागो वि ।
जं पुण इयविवरीयं, तं दव्वथओ वि णो होइ ॥ २४९ ॥ ६/५

छाया :- एवमेव भावस्तवे आज्ञाराधनाद्रागोऽपि ।
यत् पुनरितिविपरीतं तद् द्रव्यस्तवोऽपि न भवति ॥ ५ ॥

गाथार्थ :- એ જ રીતે આજ્ઞાની આરાધનાથી ભાવસ્તવનો રાગ પણ થાય છે. જે અનુષ્ઠાન આનાથી વિપરીત છે તે દ્રવ્યસ્તવ પણ બનતું નથી.

टीकार्थ :- '**एवं चिय**'= ''આ અનુષ્ઠાન પૂર્વપુરુષથી વિહિત હોવાથી સુંદર છે'' એવી બુદ્ધિથી કરાતું જિનભવનાદિ અનુષ્ઠાન '**भावथए**'= ભાવસ્તવમાં '**आणाआराहणाउ**'= આગમની આરાધનાથી '**रागोऽवि**'= અનુરાગ-બહુમાનને પણ પ્રગટાવે છે. અર્થાત્ તે જેમ સર્વવિરતિની પ્રાપ્તિને કરાવે છે તેમ સર્વવિરતિના રાગને પણ ઉત્પન્ન કરે છે. '**जं पुण**'= જે જિનભવનાદિ અનુષ્ઠાન '**इयविवरीयं**'= આનાથી વિપરીત છે અર્થાત્ ''આ આપ્તપુરુષથી વિહિત અનુષ્ઠાન છે'' એવી બુદ્ધિથી નથી કરાતું, પણ આલોકાદિની આશંસાથી કરાય છે '**तं**'= તે અનુષ્ઠાન '**दव्वथओ वि**'= ભાવસ્તવનું કારણ ન બનતું હોવાથી-દ્રવ્યસ્તવ પણ '**नो होइ**'= બનતું નથી. ॥ ૨૪૯ ॥ ૬/૫

भावे अतिप्पसंगो आणाविवरीयमेव जं किंचि ।
इह चित्ताणुट्ठाणं, तं दव्वथओ भवे सव्वं ॥ २५० ॥ ६/६

छाया :- भावे अतिप्रसङ्ग आज्ञाविपरीतमेव यत्किञ्चित् ।
इह चित्रानुष्ठानं तद्द्रव्यस्तवो भवेत् सर्वम् ॥ ६ ॥

गाथार्थ :- અહીં સ્તવની વિચારણામાં જિનાજ્ઞાથી વિપરીત રીતે કરાતું હોવા છતાં જિનભવનાદિ અનુષ્ઠાન જો દ્રવ્યસ્તવરૂપ બનતું હોય તો જીવહિંસાદિ વિવિધ પ્રકારના જિનાજ્ઞાથી વિપરીત સર્વ અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ બની જાય, આમ અતિપ્રસંગ દોષ આવે છે. અર્થાત્ જીવહિંસાદિ બધા જ જિનાજ્ઞાથી વિપરીત અનુષ્ઠાનોને દ્રવ્યસ્તવ માનવાની આપત્તિ આવે છે. કારણ કે જીવહિંસાદિ અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ સ્વરૂપ ન હોવા છતાં તેમને દ્રવ્યસ્તવસ્વરૂપ માનવા પડશે. આ અતિવ્યાપ્તિ નામનો દોષ છે.

टीकार्थ :- '**भावे**'= દ્રવ્યસ્તવ બનતું હોય તો '**अतिप्पसंगो**'= અતિવ્યાપ્તિ નામના દોષની આપત્તિ આવે છે. '**आणाविवरीयमेव**'= આજ્ઞાથી વિપરીત અર્થાત્ શાસ્ત્રમાં નિષેધ કરાયેલા '**जं किंचि**'= જે કોઈ પણ '**इह**'= અહીં સ્તવની વિચારણામાં '**चित्ताणुट्ठाणं**'= જીવહિંસાદિ વિવિધ અનુષ્ઠાનો '**तं**'= તે '**सव्वं**'= સામાન્યથી બધા જ '**दव्वथओ**'= દ્રવ્યસ્તવ '**भवे**'= બની જાય.

આ ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ-

પૂર્વની ગાથામાં શ્રી ગ્રંથકાર મહર્ષિએ વિધાન કર્યું છે કે આલોકાદિની આશંસાથી જો જિનભવનાદિ અનુષ્ઠાન કરવામાં આવે તો તે જિનાજ્ઞાથી વિપરીત હોવાથી દ્રવ્યસ્તવ પણ બનતું નથી.

આ વિધાનની સામે વાદી દલીલ કરે છે કે ભલે તે અનુષ્ઠાન ભાવસ્તવ ન બને પણ દ્રવ્યસ્તવ તો બનશે જ.

આ દલીલનો પ્રત્યુત્તર આપતાં ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે જિનાજ્ઞાથી વિપરીત હોવા છતાં જો આ અનુષ્ઠાનને તમે દ્રવ્યસ્તવ કહેશો તો જીવહિંસાદિ જિનાજ્ઞાથી વિપરીત બધા અનુષ્ઠાનોને દ્રવ્યસ્તવ ગણવા પડશે, કારણકે બંનેમાં 'જિનાજ્ઞાથી વિપરીતપણું' એ દોષ સમાન છે. આમ અતિવ્યાપ્તિ નામનો દોષ આવે છે. ॥ ૨૫૦ ॥ ૬/૬

જિનાજ્ઞાવિપરીત હોવા છતાં જિનભવનાદિ અનુષ્ઠાનને જો દ્રવ્યસ્તવ, માનવામાં આવે તો જીવહિંસાદિ અનુષ્ઠાનને પણ દ્રવ્યસ્તવ માનવાનો વાદીને અતિવ્યાપ્તિ દોષ લાગશે એમ છઠ્ઠી ગાથામાં ગ્રંથકાર મહર્ષિએ જે દોષ આપ્યો તેનું નિવારણ કરવા માટે વાદી પ્રત્યુત્તર આપે છે કે-

जं वीयरागगामी, अह तं णणु गरहितं पि हु स एवं ।
सिय उचियमेव जं तं आणाआराहणा एवं ॥ २५१ ॥ ६/७

छाया :- यद् वीतरागगामी अथ तत् ननु गर्हितमपि खलु स एवम् ।
स्याद् उचितमेव यत्तत् आज्ञाराधना एवम् ॥ ७ ॥

ગાથાર્થ:- જિનાજ્ઞાવિપરીત પણ જે ***વીતરાગપરમાત્મા સંબંધી*** હોય તે જ માત્ર દ્રવ્યસ્તવ ગણાશે, બીજા નહિ. આમ માનવાથી હવે જીવહિંસાદિમાં અતિવ્યાપ્તિ નહિ જાય, કારણકે તે વીતરાગસંબંધી નથી.

ગ્રંથકારમહર્ષિ - *'વીતરાગ સંબંધી'* એટલું વિશેષણ ઉમેરવાથી ભલે જીવહિંસાદિમાં અતિવ્યાપ્તિ નહિ જાય પરંતુ જિનનિંદા કરવાના અનુષ્ઠાનને તો દ્રવ્યસ્તવ કહેવાની આપત્તિ જરૂર આવશે. કારણકે તે જિનાજ્ઞાવિપરીત હોવા સાથે વીતરાગપરમાત્માસંબંધી છે.

વાદી - જે જિનાજ્ઞાવિપરીત હોય, વીતરાગસંબંધી હોય અને ઉચિત હોય તે જ દ્રવ્યસ્તવ બનશે. આમ 'ઉચિત' વિશેષણને ઉમેરવાથી હવે જિનનિંદામાં અતિવ્યાપ્તિ નહિ જાય. કારણ કે તે ઉચિત નથી.

ગ્રંથકાર મહર્ષિ- જિનાજ્ઞાવિપરીત અને ઉચિત આ બંને પરસ્પર વિરોધી છે. જે ઉચિત હોય તે કદાપિ જિનાજ્ઞાવિપરીત હોય જ નહિ અને જે જિનાજ્ઞાવિપરીત હોય તે કદાપિ ઉચિત હોય જ નહિ.

જે ઉચિત હોય તે જિનાજ્ઞાના આરાધનસ્વરૂપ જ હોય, આથી સિદ્ધ થાય છે કે જે જિનભવનાદિ અનુષ્ઠાન જિનાજ્ઞાની આરાધનારૂપે શાસ્ત્રોક્ત વિધિથી કરવામાં આવે છે તે જ દ્રવ્યસ્તવ કહેવાય. જે જિનાજ્ઞાથી વિપરીતપણે આલોકાદિની આશંસાથી જિનભવનાદિ અનુષ્ઠાન કરવામાં આવે છે તે દ્રવ્યસ્તવ કહેવાય નહિ.

ટીકાર્થ :- '**जं वीयरागगामी**'= જે વીતરાગસંબંધી અનુષ્ઠાન હોય તે જ '**अह तं**'= જીવહિંસાદિ અનુષ્ઠાનની મધ્યમાંથી દ્રવ્યસ્તવ બને છે આમ સંબંધ જોડવાનો છે. '**णणु गरहियं पि**'= એમ માનવાથી નિંદ્ય એવા જિનનિંદાદિ અનુષ્ઠાન પણ '**स एव**'= દ્રવ્યસ્તવ બનવાની આપત્તિ આવશે. '**सिय**'= કદાચ વાદી આમ કહે તો એમ આશંકા કરે છે. '**जं**'= જે અનુષ્ઠાન '**उचियमेव**'= જિનપૂજાદિ ઉચિત જ હોય '**तं**'= તે જ દ્રવ્યસ્તવ બનશે. '**आणाआराहणा**'= આજ્ઞાની આરાધના જ '**एवं**'= ઉચિત હોવાથી દ્રવ્યસ્તવ બનશે અને તે અમને ઈષ્ટ જ છે. ॥ **૨૫૧** ॥ **૬/૭**

પૂર્વે જણાવેલી વાતની સ્પષ્ટતા કરે છે :-

उचियं खलु कायव्वं, सव्वत्थ सया नरेण बुद्धिमता ।
इइ फलसिद्धि णियमा, एस च्चिय होइ आण त्ति ॥ २५२ ॥ ६/८

छाया :- उचितं खलु कर्तव्यं सर्वत्र सदा नरेण बुद्धिमता ।
इति फलसिद्धीः नियमादेषैव भवति आज्ञे ति ॥ ८ ॥

ગાથાર્થ :- બુદ્ધિમાન પુરુષે સર્વ પ્રવૃત્તિમાં સદા ઉચિત જ કરવું જોઈએ. ઉચિત કરવાથી અવશ્ય કાર્યની સિદ્ધિ થાય છે. ઉચિત કરવું એ જ ભગવાનની આજ્ઞા છે.

ટીકાર્થ :- '**उचियं खलु**'= નિશ્ચે ઉચિત જ '**कायव्वं**'= કરવું જોઈએ. '**सव्वत्थ**'= ખેતર આદિમાં, અર્થાત્ ખેતી કરવી આદિ દરેક કાર્યમાં '**सया**'= હંમેશા '**बुद्धिमता**'= બુદ્ધિમાન-વિવેકી '**नरेण**'= પુરુષે '**इय**'= ઉચિત કરવાથી જ '**फलसिद्धी**'= કાર્યની સિદ્ધિ '**नियमा**'= અવશ્ય થાય છે. '**एस च्चिय**'= આ ઉચિત કરવું એ જ '**आण त्ति**'= ભગવાનની આજ્ઞા '**होइ**'= છે .

જે અનુચિત અનુષ્ઠાન કરે છે તે ભગવાનની આજ્ઞાને આરાધતો નથી, પણ વિરાધના કરે છે. **॥ ૨૫૨ ॥ ૬/૮**

जं पुण एयविउत्तं, एगंतेणेव भावसुण्णं ति ।
तं विसयम्मि वि ण तओ, भावथयाहेउतो णेयं ॥ २५३ ॥ ६/९

છાયા :- यत्पुनरेतद्वियुक्तमेकान्तेनैव भावशून्यमिति ।
तद्विषयेऽपि न तको भावस्तवाहेतुतो ज्ञेयम् ॥ ९ ॥

ગાથાર્થ :- જે અનુષ્ઠાન ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ ગુણદોષની વિચારણા કર્યા વગર માત્ર કદાગ્રહ વડે ઔદયિકભાવથી કરવામાં આવે છે : તે અનુષ્ઠાન ક્ષાયોપશમિકભાવથી શૂન્ય હોવાથી વીતરાગસંબંધી હોય તો પણ દ્રવ્યસ્તવ નથી એમ જાણવું. કારણ કે તે ભાવસ્તવનું કારણ બનતું નથી.

ટીકાર્થ :- '**जं पुण**'= જે અનુષ્ઠાન '**एयविउत्तं**'= ભગવાનની આજ્ઞાથી રહિત છે. '**एगंतेणेव**'= આજ્ઞાનુસારી ન હોવાના કારણે કદાગ્રહયુક્ત અને ગુણદોષ અર્થાત્ લાભાલાભની વિચારણાથી નિરપેક્ષપણે કરાતું હોવાથી '**भावसुण्णं ति**'= જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમ વગરનું માત્ર ઔદયિકભાવની પ્રવૃત્તિસ્વરૂપ જ છે. ક્ષાયોપશમિકભાવથી શૂન્ય છે. '**तं**'= તે અનુષ્ઠાન '**विसयम्मि वि**'= વીતરાગ પરમાત્માસંબંધી હોવા છતાં પણ '**न तओ**'= દ્રવ્યસ્તવ બનતું નથી. '**भावथयाहेउओ**'= ભાવસ્તવનું કારણ ન હોવાથી. આ શબ્દમાં ભાવપ્રધાન નિર્દેશ હોવાથી '**हेतु**' શબ્દ લખ્યો હોવા છતાં '**हेतुत्व**' શબ્દ સમજીને અર્થ કરવાનો છે. તેમાં ભાવવાચી 'त्व' પ્રત્યયનો લોપ થયો છે. ''ભાવસ્તવનું હેતુ પણ તેમાં ન હોવાથી'' એમ અર્થ છે. **॥ ૨૫૩ ॥ ૬/૯**

જે ભાવસ્તવનો હેતુ ન હોય તે અનુષ્ઠાન દ્રવ્યસ્તવ તરીકે કેમ માન્ય નથી એ કહે છે :-

समयम्मि दव्वसद्दो, पायं जं जोग्गयाए रूढो त्ति ।
णिरुवचरितो उ बहुहा, पओगभेदोवलंभाओ ॥ २५४ ॥ ६/१०

છાયા :- समये द्रव्यशब्दः प्रायो यद् योग्यतायां रूढ इति ।
निरुपचरितस्तु बहुधा प्रयोगभेदोपलम्भात् ॥ १० ॥

ગાથાર્થ :- કારણકે શાસ્ત્રમાં પ્રાયઃ 'દ્રવ્ય' શબ્દ એ નિરુપચરિત રીતે 'યોગ્યતા' અર્થમાં રૂઢ થયેલો છે, 'યોગ્યતા' અર્થમાં જ તેના અનેક પ્રકારે જુદા જુદા પ્રયોગો શાસ્ત્રમાં જોવા મળે છે. આથી ભાવસ્તવ બનવાની જેનામાં યોગ્યતા હોય તેને જ દ્રવ્યસ્તવ કહેવામાં આવે છે.

ટીકાર્થ :- '**समयम्मि**'= શાસ્ત્રમાં '**दव्वसद्दो**'= દ્રવ્ય શબ્દ '**पायं**'= ઘણું કરીને '**जं**'= જે કારણથી '**जोग्गयाए**'= યોગ્યતા અર્થમાં '**रूढो**'= પ્રસિદ્ધ છે '**त्ति**'= તે કારણથી '**णिरुवचरितो**'= અનુપચરિત અર્થાત્ કાલ્પનિક નહિ પણ વાસ્તવિક '**बहुहा**'= અનેક પ્રકારે '**पओगभेओवलंभाओ**'= જુદા જુદા પ્રયોગો જોવા મળતા હોવાથી જે અનુષ્ઠાન ભાવસ્તવની પ્રાપ્તિ કરાવવાની યોગ્યતાવાળું ન હોય તેને દ્રવ્યસ્તવ ન કહેવાય. **॥ ૨૫૪ ॥ ૬/૧૦**

'द्रव्य' शब्दनो योग्यता अर्थमां प्रयोग शास्त्रमां कराय ते छे ते दृष्टांत द्वारा जणावे छे :-

मिउपिंडो दव्वघडो, सुसावगो तह य दव्वसाहु त्ति ।
साहू य दव्वदेवो, एमाइ सुए जओ भणितं ॥ २५५ ॥ ६/११

छाया :- मृत्पिण्डो द्रव्यघटः सुश्रावकस्तथा च द्रव्यसाधुरिति ।
साधुश्च द्रव्यदेव एवमादि श्रुते यतो भणितम् ॥ ११ ॥

गाथार्थ :- માટીનો પિંડ એ દ્રવ્યઘટ છે, સુશ્રાવક એ દ્રવ્યસાધુ છે તથા સાધુ એ દ્રવ્યદેવ છે ઇત્યાદિ દૃષ્ટાન્તોમાં યોગ્યતા અર્થમાં દ્રવ્ય શબ્દનો શાસ્ત્રમાં પ્રયોગ કરાયેલો છે. માટીના પિંડમાં ઘટ બનવાની યોગ્યતા હોવાથી તેને દ્રવ્યઘટ કહેવામાં આવે છે, સુશ્રાવક એ ભવિષ્યમાં સાધુ બનનાર છે, સાધુ આવતા ભવમાં દેવ બનનાર છે માટે એવા પ્રકારની તેમનામાં રહેલી યોગ્યતાના કારણે અનુક્રમે તેમને દ્રવ્યસાધુ અને દ્રવ્યદેવ કહેવામાં આવે છે.

ટીકાર્થ :- '**मिउपिंडो**'= માટીનો પિંડ એ '**दव्वघडो**'= દ્રવ્યઘટ છે કારણ કે તે ઘટ પર્યાયનો હેતુ છે, તે પોતે જ ઘટરૂપે ભવિષ્યમાં બનનાર છે. '**सुसावगो**'= સુશ્રાવક એ '**दव्वसाहु त्ति**'= દ્રવ્યસાધુ છે, કારણ કે સુંદર દેશવિરતિના પરિણામથી તે ભાવિત થયેલો હોવાથી સાધુપણાના પરિણામ તેને સહેલાઈથી પ્રાપ્ત થાય છે. દેશવિરતિના અધ્યવસાયસ્થાનોની નજીકના જ અધ્યવસાયસ્થાનો સર્વવિરતિના છે તેથી તેની પ્રાપ્તિ સુલભ છે, ઘણું કરીને આવો સુશ્રાવક જ સાધુપણું સ્વીકારે છે. '**साहु य**'= અને સાધુ એ '**दव्वदेवो**'= દ્રવ્યદેવ છે. કારણ કે દેવના આયુષ્યનો તેને બંધ થાય છે '**एमादि**'= ઇત્યાદિ દૃષ્ટાંતો- 'આદિ' શબ્દથી 'દ્રવ્યનારક'નું ગ્રહણ થાય છે. '**जओ**'= કારણકે '**सुए**'= શાસ્ત્રમાં '**भणियं**'= દ્રવ્ય-શબ્દને આશ્રયીને કહેવાયેલા છે. ॥ ૨૫૫ ॥ ૬/૧૧

प्रस्तुत द्रव्यस्तवना स्वरूपनुं निगमन करतां कहे छे :-

ता भावत्थयहेऊ, जो सो दवत्थओ इहं इट्ठो ।
जो उ न एवंभूओ, स अप्पहाणो परं होति ॥ २५६ ॥ ६/१२

छाया :- तद् भावस्तवहेतुर्यः स द्रव्यस्तव इहेष्टः ।
यस्तु नैवम्भूतः स अप्रधानः परं भवति ॥ १२ ॥

गाथार्थ :- આ દ્રવ્યસ્તવના અધિકારમાં જે સાક્ષાત્ કે પરંપરાએ ભાવસ્તવનું કારણ બને છે તે અનુષ્ઠાન જ દ્રવ્યસ્તવ તરીકે ઈષ્ટ છે. જે અનુષ્ઠાન પરંપરાએ પણ ભાવસ્તવનું કારણ નથી બનતું તે માત્ર અપ્રધાન દ્રવ્યસ્તવ છે.

ટીકાર્થ :- '**ता**'= તેથી '**जो**'= જે '**भावत्थयहेऊ**'= પરંપરાએ પણ ભાવસ્તવનું કારણ બને છે '**सो**'= તે '**दवत्थओ**'= દ્રવ્યસ્તવ તરીકે '**इह**'= અહીં દ્રવ્યસ્તવના અધિકારમાં '**इट्ठो**'= માન્ય છે. '**जो उ**'= જે વળી '**न एवंभूओ**'= ભાવસ્તવ બનવાની યોગ્યતા વગરનું છે '**स**'= તે અનુષ્ઠાન '**अप्पहाणो**'= અપ્રધાન દ્રવ્યસ્તવ '**परं**'= કેવળ '**होति**'= બને છે.= કારણ કે તેમાં 'દ્રવ્ય' શબ્દ યોગ્યતા અર્થમાં વર્તતો નથી પણ **અપ્રધાન**= ગૌણ, ઉપચરિત અર્થમાં વર્તે છે. ॥ ૨૫૬ ॥ ૬/૧૨

अप्पाहण्णे वि इहं, कत्थइ दिट्ठो उ दव्वसद्दो त्ति ।
अंगारमद्दगो जह, दव्वायरिओ सयाऽभव्वो ॥ २५७ ॥ ६/१३

છાયા :- अप्राधान्येऽपि इह क्वचिद् दृष्टस्तु द्रव्यशब्द इति ।
अङ्गारमर्दको यथा द्रव्याचार्यः सदाऽभव्यः ॥ १३ ॥

ગાથાર્થ :- શાસ્ત્રમાં કોઈ કોઈ દૃષ્ટાન્તમાં દ્રવ્ય શબ્દનો અપ્રધાન અર્થમાં પણ પ્રયોગ કરાયેલો જોવા મળે છે. જેમકે સદા અભવ્ય એવા **અંગારમર્દક** આચાર્યને દ્રવ્યાચાર્ય તરીકે શાસ્ત્રમાં વર્ણવ્યાં છે.

ટીકાર્થ :- '**अप्पाहण्णे**'= અપ્રધાન અર્થમાં '**वि**'= પણ '**इहं**'= શાસ્ત્રમાં '**कत्थइ**'=કોઈક ઠેકાણે-કોઈક દૃષ્ટાન્તમાં '**दव्वसद्दो त्ति**'= દ્રવ્ય શબ્દ, '**दिट्ठो उ**'= જોવા મળે છે. એ કારણથી, '**जह**'= જેમકે '**अंगारमद्दगो**'= **અંગારમર્દ** '**सदा**'= હંમેશા '**अभव्वो**'= અભવ્ય-ભવ્યરાશિથી બહાર હોવાથી '**दव्वायरिओ**'= અપ્રધાન દ્રવ્યાચાર્ય છે.

અંગારમર્દકાચાર્યનો જીવ અભવ્ય હોવાથી તે કદી ભાવાચાર્ય બનવાનો નથી. ભાવાચાર્ય બનવાની યોગ્યતા તેનામાં ન હોવાથી તેને જે દ્રવ્યાચાર્ય કહ્યો છે તે અપ્રધાન અર્થમાં છે. **॥ ૨૫૭ ॥ ૬/૧૩**

अप्पाहण्णा एवं, इमस्स दव्वत्थवत्तमविरुद्धं ।
आणाबज्झत्तणओ, न होइ मोक्खंगया णवरं ॥ २५८ ॥ ६/१४

છાયા :- अप्राधान्यादेवमस्य द्रव्यस्तवत्वमविरुद्धम् ।
आज्ञाबाह्यत्वाद् न भवति मोक्षाङ्गता नवरम् ॥ १४ ॥

ગાથાર્થ :- અશુભ હોવાથી અને અયોગ્યતા અર્થમાં 'દ્રવ્ય' શબ્દનો પ્રયોગ થતો હોવાથી ભાવસ્તવનું કારણ ન બનનાર સ્તવનું 'દ્રવ્યસ્તવપણું' સંગત જ છે. આજ્ઞા બાહ્ય હોવાથી તે મોક્ષનું અંગ નથી બનતું. શાસ્ત્રોક્ત અનુષ્ઠાન જ મોક્ષનું અંગ બને છે એમ કહેવાયું છે.

ટીકાર્થ :- '**एवं**'= આ પ્રમાણે '**अप्पाहण्णा**'= અપ્રાધાન્યપણાથી '**इमस्स**'= આગમથી નિરપેક્ષ દ્રવ્યસ્તવનું '**दव्वत्थवत्तं**'= પૂર્વે જણાવેલું અપ્રધાન દ્રવ્યસ્તવપણું '**अविरुद्धं**'= અવિરુદ્ધ છે, અર્થાત્ યોગ્ય જ છે. '**आणाबज्झत्तणओ**'= શાસ્ત્રાજ્ઞાથી રહિત હોવાથી '**मोक्खंगया**'= મોક્ષનું કારણ '**न होइ**'= તે નથી બનતું '**नवरं**'= કેવલ આગમોક્ત અનુષ્ઠાનને જ મોક્ષના કારણરૂપે સ્વીકારેલું છે. **॥ ૨૫૮ ॥ ૬/૧૪**

તો શું આ અપ્રધાન દ્રવ્યસ્તવથી કાંઈપણ ફળ મળતું નથી ? એ આશંકાનું સમાધાન આપતાં કહે છે :-

भोगादिफलविसेसो, उ अत्थि एत्तो वि विसयभेदेण ।
तुच्छो उ तगो जम्हा, हवति पगारंतरेणावि ॥ २५९ ॥ ६/१५

છાયા :- भोगादिफलविशेषस्तु अस्ति इतोऽपि विषयभेदेन ।
तुच्छस्तु तको यस्माद् भवति प्रकारान्तरेणापि ॥ १५ ॥

ગાથાર્થ :- અપ્રધાન દ્રવ્યસ્તવથી પણ તે વીતરાગ સર્વજ્ઞની પૂજારૂપ હોવાથી ભોગોપભોગની પ્રાપ્તિ સ્વરૂપ ફળ મળે છે. પણ એવું તુચ્છ ફળ તો અકામનિર્જરા - બાલતપ આદિ બીજી રીતે પણ મળી શકે છે.

ટીકાર્થ :- '**एत्तो वि**'= આ અપ્રધાન દ્રવ્યસ્તવથી '**भोगादिफलविसेसो उ**'= ભોગોપભોગની પ્રાપ્તિ સ્વરૂપ ફળ તો '**अत्थि**'= મળે છે. '**विसयभेदेण**'= વીતરાગસર્વજ્ઞની પૂજા રૂપે હોવાથી '**तुच्छो उ**'= ફળને આશ્રયીને સ્વલ્પ છે '**जम्हा**'= કારણકે '**हवति पगारंतरेणावि**'= અકામનિર્જરા-બાલતપ અનુકંપા આદિ બીજા પ્રકારો વડે પણ '**तगो**'= ભોગોપભોગ ફળવિશેષ પ્રાપ્ત થાય છે.

મોક્ષની પ્રાપ્તિ થવી એ મહાન ફળ છે. એની અપેક્ષાએ સ્વર્ગાદિના ભોગોપભોગની પ્રાપ્તિ થાય એ તો અત્યંત તુચ્છ ફળ છે. જે વીતરાગપરમાત્મા સંબંધી અનુષ્ઠાનોથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે એમ છે એનાથી માત્ર સ્વર્ગાદિ સુખોની પ્રાપ્તિ કરવી એ લઘુતાજનક છે, અકિંચિત્કર છે. માટે અપ્રધાનદ્રવ્યસ્તવની અધ્યાત્મમાર્ગમાં મહત્તા ગણાતી નથી. જે પ્રધાનદ્રવ્યસ્તવ પરંપરાએ પણ મોક્ષની પ્રાપ્તિ કરાવનાર છે તેની જ મહત્તા છે. ॥ ૨૫૯ ॥ ૬/૧૫

પ્રધાનદ્રવ્યસ્તવ અને ભાવસ્તવ બંને શાસ્ત્રોક્ત વિધિસંપન્ન છે. તેથી શુભ પરિણામના હેતુ તરીકે બંને સમાન છે તો પછી પ્રધાનદ્રવ્યસ્તવને દ્રવ્યસ્તવ શાથી કહેવામાં આવે છે ? તેને ભાવસ્તવ શાથી કહેવામાં આવતું નથી ? આ શંકાનું સમાધાન આપતાં કહે છે :-

उचियाणुट्ठाणाओ, विचित्तजइजोगतुल्लमो एस ।
जं ता कह दव्वथओ ? तद्दारेणऽप्पभावाओ ॥ २६० ॥ ६/१६

छाया :- उचितानुष्ठानत्वाद् विचित्रयतियोगतुल्य एषः ।
यत्तत् कथं द्रव्यस्तवः? तद्द्वारेणाल्पभावात् ॥ १६ ॥

ગાથાર્થ :- પ્રધાનદ્રવ્યસ્તવ એ સ્વભૂમિકાને યોગ્ય ઉચિત શાસ્ત્રોક્ત અનુષ્ઠાન હોવાથી સાધુના વિવિધ વ્યાપારની સમાન જ છે. તો પછી તેને દ્રવ્યસ્તવ શાથી કહેવામાં આવે છે ? અર્થાત્ તેને ભાવસ્તવ કહેવામાં કેમ નથી આવતું ?

આ પ્રશ્નનું સમાધાન આપતાં ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે જિનપૂજાદિના નિર્માણ આદિ દ્વારા કરાતા દ્રવ્યસ્તવમાં સાધુના સ્વાધ્યાય-ધ્યાનાદિ અનુષ્ઠાનોના સદંશ ઊંચા ભાવો હોતા નથી. તેમાં ભાવની અલ્પતા હોવાના કારણે તેને ભાવસ્તવ કહેવામાં આવતું નથી.

ટીકાર્થ :- '**एस**'= આ પ્રધાનદ્રવ્યસ્તવ '**जं**'= જે કારણથી '**उचियाणुट्ठाणाओ**'= પોતાને ભૂમિકાને યોગ્ય શ્રાવકોને માટે ઉચિત-વિહિત અનુષ્ઠાન હોવાથી '**विचित्तजइजोगतुल्ल**'= સાધુના સ્વાધ્યાય - ધ્યાન આદિ વિવિધ વ્યાપારના જેવો જ છે, કારણ કે સાધુના વ્યાપારની જેમ આ દ્રવ્યસ્તવ પણ આગમવિહિત જ છે. '**ता**'= તો પછી '**कह**'= શાથી '**दव्वथओ**'?= તે દ્રવ્યસ્તવ કહેવાય છે ? '**तद्दारेण**'= દ્રવ્ય દ્વારા આ સ્તવ થતો હોવાથી '**अप्पभावाओ**'= સાધુના સ્વાધ્યાયાદિ વ્યાપાર કરતાં તેમાં ભાવની અલ્પતા હોય છે. ॥ ૨૬૦ ॥ ૬/૧૬

પૂર્વે કહેલા સમાધાનની સ્પષ્ટતા કરતાં જણાવે છે :-

जिणभवणादिविहाणद्दारेणं एस होति सुहजोगो ।
उचियाणुट्ठाणं पि य, तुच्छो जइजोगतो णवरं ॥ २६१ ॥ ६/१७

छाया :- जिनभवनादिविधानद्वारेण एषो भवति शुभयोगः ।
उचितानुष्ठानमपि च तुच्छो यतियोगतो नवरम् ॥ १७ ॥

ગાથાર્થ :- આ દ્રવ્યસ્તવ એ જિનભવન આદિના નિર્માણ દ્વારા શુભ વ્યાપાર અને ઉચિત અનુષ્ઠાન પણ બને છે, (સ્વરૂપથી તે શુભ નથી) તો પણ સાધુના વ્યાપાર કરતાં તે તુચ્છ, અસાર છે. (કારણ કે સાધુના સ્વાધ્યાયાદિ સર્વ વ્યાપારો સ્વરૂપથી શુભ છે.)

ટીકાર્થ :- '**एस**'= આ દ્રવ્યસ્તવ '**जिणभवणादिविहाणद्दारेणं**'= જિનભવનાદિના નિર્માણ દ્વારા '**नवरं**'=

ફક્ત '**सुहजोगो**'= શુભ વ્યાપાર '**होति**'= બને છે '**उचियाणुट्ठाणं पि य**'= આ ઉચિત અનુષ્ઠાન પણ '**जइजोगओ**'= સ્વાધ્યાયાદિ સાધુના સર્વ વ્યાપારથી '**तुच्छो**'= અસાર છે. કારણકે ભાવસ્તવ સંબંધી વિશિષ્ટ પ્રકારના શુભ વ્યાપારો તેમાં નથી.

સાધુના સ્વાધ્યાયાદિ વ્યાપારોની જેવા શુભ અધ્યવસાયો દ્રવ્યસ્તવમાં હોતા નથી, માટે તે તેના કરતાં અસાર છે. ॥ ૨૬૧ ॥ ૬/૧૭

સાધુના વ્યાપારોથી દ્રવ્યસ્તવ અસાર કેમ છે ? તે જણાવે છે :-

सव्वत्थ निरभिसंगत्तणेण जइजोगमो महं होइ ।
एसो उ अभिस्संगा, कत्थइ तुच्छे वि तुच्छो उ ॥ २६२ ॥ ६/१८

छाया :- सर्वत्र निरभिष्वङ्गत्वेन यतियोगो महान् भवति ।
एषस्तु अभिष्वङ्गात् क्वचित् तुच्छेऽपि तुच्छस्तु ॥ १८ ॥

ગાથાર્થ :- સાધુઓને ચેતન અને જડ સર્વ પદાર્થોમાં તથા દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ એ ચારેયમાં આસક્તિ નહિ હોવાથી તેમના વ્યાપારો મહાન હોય છે. જ્યારે આ દ્રવ્યસ્તવ કરનાર શ્રાવકને સ્ત્રી આદિ કોઈક સ્વરૂપથી અસાર પદાર્થમાં આસક્તિ હોવાથી તેમનો દ્રવ્યસ્તવ એ સાધુના વ્યાપાર કરતાં તુચ્છ છે.

ટીકાર્થ :- '**सव्वत्थ**'= ચેતન અને જડ સર્વ પદાર્થમાં અથવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ એ ચારેયમાં '**निरभिसंगत्तणेण**'= સંગ નહિ હોવાથી '**जइजोग**'= આસક્તિ નહિ હોવાના કારણે મનોયોગાદિ સાધુનો વ્યાપાર '**महं**'= મહાન '**होइ**'= છે. '**एसो उ**'= આ દ્રવ્યસ્તવસ્વરૂપ શુભયોગ '**कत्थइ**'= સ્ત્રી આદિ કોઈક પદાર્થમાં **अभिस्संगा** - આસક્તિ હોવાથી '**तुच्छे वि**'= તે સ્વરૂપથી અસાર હોવા છતાં પણ '**तुच्छो उ**'= તુચ્છ જ છે. ॥ ૨૬૨ ॥ ૬/૧૮

આ જ વાતને સમર્થન કરતાં કહે છે :-

जम्हा उ अभिस्संगो, जीवं दूसेइ णियमतो चेव ।
तद्दूसियस्स जोगो, विसघारिय जोगतुल्लो त्ति ॥ २६३ ॥ ६/१९

छाया :- यस्मात्तु अभिष्वङ्गो जीवं दूषयति नियमतश्चैव ।
तद्दूषितस्य योगो विषघारितयोगतुल्य इति ॥ १९ ॥

ગાથાર્થ :- કારણ કે અભિષ્વંગ એ નિયમા જીવને દૂષિત કરે છે. અને તેનાથી દૂષિત થયેલા જીવનો વ્યાપાર એ વિષથી વ્યાપ્ત થયેલા પુરુષના વ્યાપાર સદૃશ છે.

ટીકાર્થ :- '**जम्हा उ**'= કારણકે '**अभिस्संगो**'= અનુરાગનો પરિણામ '**जीवं**'= જીવને '**दूसेइ**'= સ્વભાવમાંથી વિકૃત કરે છે. '**नियमओ चेव**'= નિયમા જ '**तद्दूसियस्स**'= અભિષ્વંગથી ઉપદ્રવ પામેલા જીવનો '**जोगो**'= વ્યાપાર '**विसघारियजोगतुल्लो त्ति**'= ઝેરથી વ્યાપ્ત પુરુષના વ્યાપાર જેવો હોય છે.

જેના શરીરમાં ઝેર વ્યાપેલું હોય છે તે પુરુષ વિહ્વલતાના કારણે કોઈ જ કાર્ય સમ્યગ્ રીતે કરી શકતો નથી, તેની જેમ અભિષ્વંગરૂપી ઝેરથી દૂષિત શ્રાવકનું અનુષ્ઠાન સાધુના જેવું સમ્યગ્ બની શકતું નથી. શ્રાવકના અનુષ્ઠાનથી વિપરીત સાધુના અનુષ્ઠાનની શુદ્ધતા બતાવે છે. ॥ ૨૬૩ ॥ ૬/૧૯

जइणो अदूसियस्सा, हेयाओ सव्वहा णियत्तस्स ।
सुद्धो उ उवादेए, अकलंको सव्वहा सो उ ॥ २६४ ॥ ६/२०

छाया :- यतेरदूषितस्य हेयात् सर्वथा निवृत्तस्य ।
शुद्धस्तु उपादेये अकलङ्कः सर्वथा स तु ॥ २० ॥

गाथार्थ :- અભિષ્વંગથી અદૂષિત અને હેયપદાર્થોની ત્રિવિધત્રિવિધ સર્વપ્રકારે નિવૃત્તિ કરનારા એવા સાધુનો ઉપાદેય વસ્તુમાં યોગ શુદ્ધ અને સર્વથા નિષ્કલંક અર્થાત્ દોષરહિત હોય છે.

ટીકાર્થ :- '**अदूसियस्सा**'= રાગાદિના વિકારને નહિ પામેલા હોવાથી નિર્મળ '**हेयाओ**'= હિંસાદિ ત્યાજ્ય વસ્તુથી '**सव्वहा**'= સર્વથા- ત્રિવિધ ત્રિવિધ પ્રકારે '**नियत्तस्स**'= નિવૃત્ત થયેલા '**जइणो**'= સાધુનો '**उवादेए**'= સમ્યગ્જ્ઞાનાદિ ઉપાદેય વસ્તુમાં આજ્ઞાપૂર્વકની પ્રવૃત્તિ કરવાથી '**सव्वहा**'= સર્વ પ્રકાર વડે '**अकलंको**'= દોષરહિત '**सुद्धो उ**'= શુદ્ધ જ '**सो उ**'= વ્યાપાર હોય છે. ॥ २६४ ॥ ६/२०

ભાવસ્તવ અને દ્રવ્યસ્તવનો દૃષ્ટાંત દ્વારા ભેદ પ્રરૂપે છે :-

असुहतरंडुत्तरणप्पाओ दव्वत्थओऽसमत्तो य ।
णदिमादिसु इयरो पुण, समत्तबाहुत्तरणकप्पो ॥ २६५ ॥ ६/२१

छाया :- अशुभतरण्डोत्तरणप्रायो द्रव्यस्तवोऽसमाप्तश्च ।
नद्यादिषु इतरः पुनः समाप्तबाहूत्तरणकल्पः ॥ २१ ॥

गाथार्थ :- દ્રવ્યસ્તવ એ અશુભ કાષ્ઠ આદિથી નદી આદિને તરવા સમાન છે અને તેનાથી મોક્ષની પ્રાપ્તિ નહિ થતી હોવાથી તે અપૂર્ણ છે. જ્યારે ભાવસ્તવ એ બાહુથી નદી આદિને તરવા સમાન છે અને સંપૂર્ણ છે.

ટીકાર્થ :- '**असुहतरंडुत्तरणप्पाओ**'= કાંટાથી યુક્ત શાલ્મલી વૃક્ષની શાખાથી નદી આદિને તરવા સમાન '**दव्वत्थओ**'= દ્રવ્યસ્તવ '**असमत्तो य**'= તેનાથી મોક્ષની પ્રાપ્તિ નહિ થતી હોવાથી અપૂર્ણ છે. '**नदिमादिसु**'= નદી, સરોવર વગેરેમાં '**इयरो पुण**'= ભાવસ્તવ વળી '**समत्त**'= આત્મપરિણામરૂપ અથવા પરિપૂર્ણ છે. '**बाहुत्तरणकप्पो**'= બાહુ વડે તરવા સમાન છે.

દ્રવ્યસ્તવ એ કાંઈક સાવદ્ય હોવાથી તેને કાંટાવાળા કાષ્ઠની ઉપમા આપી છે. અને તેનાથી સીધો જ મોક્ષ થતો નથી પરંતુ ભાવસ્તવની પ્રાપ્તિ દ્વારા પરંપરાએ મોક્ષ થાય છે માટે તેને અપૂર્ણ કહ્યો છે. ભાવસ્તવમાં બાહ્ય કોઈ દ્રવ્યની અપેક્ષા નહિ હોવાથી તેને બાહુથી નદી આદિને તરવાની ઉપમા આપી છે. તેનાથી સીધો જ મોક્ષ થાય છે. માટે તે સંપૂર્ણ છે.

ભાવસ્તવ એ પોતે જ મોક્ષની પ્રાપ્તિ રૂપ પોતાનું કાર્ય કરવા સમર્થ હોવાથી તેનાથી સંપન્ન સાધુએ અશુભ એવા કાંટાવાળા કાષ્ઠ સમાન દ્રવ્યસ્તવનો ત્યાગ કર્યો છે અને બીજા કોઈ દ્રવ્યની તેને અપેક્ષા હોતી નથી. ॥ २६५ ॥ ६/२१

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનો ભેદ દર્શાવવા માટે ઘણાં દૃષ્ટાન્તો છે તેનું દિશાસૂચન કરવા કહે છે :-

कडुगोसधादिजोगा, मंथररोगसमसण्णिहो वा वि ।
पढमो विणोसहेणं, तक्खयतुल्लो य बीतिओ उ ॥ २६६ ॥ ६/२२

छाया :- कटुकौषधादियोगाद् मन्थररोगशमसन्निभो वापि ।
प्रथमो विनौषधेन तत्क्षयतुल्यश्च द्वितीयस्तु ॥ २२ ॥

ગાથાર્થ :- અથવા દ્રવ્યસ્તવ એ કડવા ઔષધ આદિના યોગથી દીર્ઘકાળે થનારા રોગોપશમ જેવો છે જ્યારે ભાવસ્તવ એ ઔષધ વગર જ રોગના ક્ષય સમાન છે.

ટીકાર્થ :- '**कडुगोसधादिजोगा**'= કડવા ઔષધ આદિના યોગથી 'આદિ' શબ્દથી ઓપરેશન કરવું (=શિરાવેધ), ક્ષારપાત આદિનું ગ્રહણ થાય છે, '**मंथररोगसमसण्णिहो**'= દીર્ઘકાળે-વિલંબે રોગના ઉપશમ જેવો '**पढमो**'= પ્રથમ દ્રવ્યસ્તવ છે. '**वा वि**'= અથવા '**विणोसहेणं**'= ઔષધ વગર જ '**तक्खयतुल्लोय**'= રોગના ક્ષય સમાન '**बीतिओ उ**'= બીજો ભાવસ્તવ છે.

દ્રવ્યસ્તવથી રોગ સર્વથા નાશ પામતો નથી. માટે 'ઉપશમ' શબ્દનો તેમાં પ્રયોગ કર્યો છે. અર્થાત્ રોગ થોડા સમય માટે માત્ર શાંત થાય છે પણ રોગ સર્વથા મૂળમાંથી નાશ પામતો નથી, ભાવસ્તવથી રોગનો મૂળમાંથી નાશ થાય છે. માટે તેમાં 'ક્ષય' શબ્દનો પ્રયોગ કર્યો છે. અહીંયા કર્મરૂપી રોગ સમજવાનો છે. ॥ ૨૬૬ ॥ ૬/૨૨

દ્રવ્યસ્તવથી કયું વિશિષ્ટ ફળ મળે છે ? તેનું પ્રતિપાદન કરે છે :-

पढमाउ कुसलबंधो, तस्स विवागेण सुगइमादीया ।
तत्तो परंपराए, बीतिओ वि हु होइ कालेणं ॥ २६७ ॥ ६/२३

છાયા :- प्रथमात् कुशलबन्धः तस्य विपाकेन सुगत्यादयः ।
ततः परम्परया द्वितीयोऽपि खलु भवति कालेन ॥ २३ ॥

ગાથાર્થ :- દ્રવ્યસ્તવથી પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાય છે. તે પુણ્યના ઉદયથી સદ્ગતિ આદિની પ્રાપ્તિ થાય છે. પછી તે દ્રવ્યસ્તવ કે સદ્ગતિની પરંપરાથી કાળાન્તરે ભાવસ્તવની પણ પ્રાપ્તિ થાય છે.

ટીકાર્થ :- '**पढमाउ**'= દ્રવ્યસ્તવથી '**कुसलबंधो**'= પુણ્યનો બંધ થાય છે. '**तस्स**'= તે પુણ્યના '**विवागेण**'= ફળ આપવાના સામર્થ્યરૂપ વિપાકથી અર્થાત્ ઉદયથી '**सुगइमादीया**'= દેવગતિ, મનુષ્યગતિ, સંપત્તિ, સૌભાગ્ય આદિ' '**सम्भवन्ति**' એ શબ્દ અધ્યાહાર છે. અર્થાત્ સંભવે છે. પ્રાપ્ત થાય છે. '**तत्तो**'= દ્રવ્યસ્તવની અથવા સદ્ગતિ આદિની '**परंपराए**'= નિરંતર સંતાનરૂપ પરંપરાથી અર્થાત્ નિરંતર પ્રાપ્તિથી '**बीतिओ वि**'= ભાવસ્તવ પણ '**हु**'= વાક્યાલંકારમાં છે. '**कालेणं**'= કેટલોક કાળ પસાર થયા પછી '**होइ**'= પ્રાપ્ત થાય છે.

તથાભવ્યત્વનો પરિપાક કરવાના જે કારણો છે તેમાંનું એક કારણ 'કાળ' પણ છે આથી '**कालेणं**' એમ કીધું છે. ॥ ૨૬૭ ॥ ૬/૨૩

દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવ શાથી મહાન છે ? તે કહે છે :-

चरणपडिवत्तिरूवो, थोयव्वोचियपवित्तिओ गुरुओ ।
संपुण्णाणाकरणं, कयकिच्चे हंदि उचियं तु ॥ २६८ ॥ ६/२४

છાયા :- चरणप्रतिपत्तिरूपः स्तोतव्योचितप्रवृत्तितो गुरुकः ।
सम्पूर्णाज्ञाकरणं कृतकृत्ये हन्दि उचितं तु ॥ २४ ॥

ગાથાર્થ :- ચારિત્રની પ્રાપ્તિસ્વરૂપ ભાવસ્તવ પૂજનીય ભગવાનસંબંધી ઉચિતપ્રવૃત્તિરૂપ હોવાથી (દ્રવ્યસ્તવ કરતાં) મહાન છે. વીતરાગ ભગવાનની આજ્ઞાનું સંપૂર્ણ પાલન કરવું એ કૃતકૃત્ય બનેલા વીતરાગભગવાન-સંબંધી ઉચિતપ્રવૃત્તિરૂપ છે.

टीकार्थ :- '**चरणपडिवत्तिरूवो**'= ચારિત્રની પ્રાપ્તિસ્વરૂપ '**थोयव्वोचियपवित्तिओ**'= પૂજનીય સર્વજ્ઞ ભગવાનસંબંધી ઉચિત પ્રવૃત્તિ હોવાથી '**गुरुओ**'= મહાન છે.

ભગવાનની આજ્ઞાનું પાલન કરવું એ જ ઉચિત પ્રવૃત્તિ છે. દ્રવ્યસ્તવ પણ ભગવાનની આજ્ઞા હોવાથી જ પ્રતિમાના પૂજનસ્વરૂપે કરવામાં આવે છે. આજ્ઞાને પ્રમાણભૂત ગણીને જ શ્રાવકો દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરે છે. કારણ કે શ્રાવકો જ દ્રવ્યસ્તવના અધિકારી હોવાથી તેમના માટે દ્રવ્યસ્તવ કરવાની આજ્ઞા છે. શાસ્ત્રાજ્ઞા વગર જે કોઈ પ્રવૃત્તિ કરવામાં આવે એ તો અપ્રવૃત્તિ સમાન જ છે. આથી પ્રતિમાપૂજનમાં હિંસાદિ આરંભનો સંભવ હોવા છતાં તે કરવાની શાસ્ત્રની આજ્ઞા હોવાથી શ્રાવકો તે કરે છે. માટે તેમના માટે દ્રવ્યસ્તવ એ ઉચિતપ્રવૃત્તિ જ છે. છતાં શાસ્ત્રની દૃષ્ટિએ લાભ-નુકસાન, બહુત્વ-અલ્પત્વની અપેક્ષાએ દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવ મહાન છે કારણ કે તેમાં ભગવાનની આજ્ઞાનું સંપૂર્ણ પાલન છે જ્યારે દ્રવ્યસ્તવમાં આંશિક પાલન છે.

'**संपुण्णाणाकरणं**'= સર્વવિરતિનું પાલન એ '**कयकिच्चे**'= જેમના સર્વ પ્રયોજન સિદ્ધ થઈ ગયા છે એવા ભગવાનને વિશે '**उचियं तु**'= ઉચિત છે. ભગવાન કૃતકૃત્ય હોવાથી તેમના માટે કાંઇ જ કરવાનું હોતું નથી, પુષ્પ આદિ કશું તેમને ઉપયોગી નથી : ફક્ત સર્વવિરતિનું પાલન કરવાનું જેમનામાં સામર્થ્ય હોય તેમણે ભાવસ્તવ કરવો જોઇએ, તેઓ તેના અધિકારી છે. જેમનામાં એ સામર્થ્ય નથી તેઓ દ્રવ્યસ્તવના અધિકારી છે. વળી સંપૂર્ણ ભાવસ્તવ કરવામાં તેની અન્તર્ગત દ્રવ્યસ્તવનું સંપાદન થઈ જાય છે. ॥ ૨૬૮ ॥ ૬/૨૪

णेयं च भावसाहुं, विहाय अण्णो चएति काउं जे ।
सम्मं तग्गुणणाणाभावा तह कम्मदोसा य ॥ २६९ ॥ ६/२५

छाया :- नेदं च भावसाधुं विहाय अन्यः शक्नोति कर्तुम् ।
सम्यक् तद्गुणज्ञानाभावात् तथा कर्मदोषाच्च ॥ २५ ॥

गाथार्थ :- આજ્ઞાપાલનના ગુણોનું (લાભનું) સમ્યગ્જ્ઞાન ન હોવાના કારણે અને કર્મદોષના કારણે સંપૂર્ણ આજ્ઞાનું પાલન કરવા માટે ભાવસાધુ સિવાય બીજો કોઈ સમર્થ નથી.

टीकार्थ :- '**इयं च**'= સંપૂર્ણ આજ્ઞાનું પાલન '**भावसाहुं**'= ભાવસાધુ '**विहाय**'= સિવાય '**अण्णो**'= બીજો કોઈ '**काउं**'= કરવા માટે '**चएति**'= સમર્થ '**ण**'= નથી '**जे**'= આ અવ્યય અવધારણ અર્થમાં છે. '**सम्मं**'= સમ્યગ્ '**तग्गुणणाणाभावा**'= આજ્ઞાપાલનના ગુણોનું જ્ઞાન નહિ હોવાથી, ભાવસાધુ આજ્ઞાના પાલનના લાભ જેટલા જાણે છે એટલા બીજા કોઈ જાણતા નથી. '**तह**'= તથા '**कम्मदोसा य**'= કદાચ કોઈને આજ્ઞાપાલનના લાભનું જ્ઞાન હોય તો પણ ચારિત્રમોહનીય કર્મનો ઉદય હોવાથી તે દીક્ષા લઈ શકતો નથી. ॥ ૨૬૯ ॥ ૬/૨૫

इतो च्चिय फुल्लामिसथूईपडिवत्तिपूयमज्झम्मि ।
चरिमा गरूई इट्ठा, अण्णेहि वि णिच्चभावाओ ॥ २७० ॥ ६/२६

छाया :- इत एव पुष्पामिषस्तुतिप्रतिपत्तिपूजामध्ये ।
चरमा गुर्वी इष्टा अन्यैरपि नित्यभावात् ॥ २६ ॥

ગાથાર્થ :- આથી જ અન્ય આચાર્યો પણ પુષ્પ, આહાર, સ્તુતિ અને પ્રતિપત્તિ એ ચાર પૂજાઓમાં છેલ્લી પૂજા નિત્ય હોવાથી છેલ્લી પૂજાને મહાન માને છે.

ટીકાર્થ :- '**एत्तो च्चिय**'= ભાવસાધુ જ સંપૂર્ણ આજ્ઞાનું પાલન કરવા સમર્થ હોવાથી જ '**फुल्लामिसथूईपडिवत्ति-पूयमज्झम्मि**'= '**फुल्ल**'= જાઈ વગેરેના પુષ્પો- ઉપલક્ષણથી વસ્ત્ર, રત્ન વગેરેનો આમાં અંતર્ભાવ થાય છે. '**आमिस**'= આહાર- ઉપલક્ષણથી પત્ર, ફળ વગેરેનું આમાં ગ્રહણ થાય છે. '**थुइ**'= વાણી વડે ગુણોનું કીર્ત્તન કરવું. '**पडिवत्ति**'= ચારિત્રનો સ્વીકાર, જેમાં અહિંસાદિના વૈરાગ્યપૂર્ણ પાલનની પ્રતિજ્ઞા કરવામાં આવે છે. '**पूयमज्झम्मि**'= આ ચાર પ્રકારની પૂજાની મધ્યમાં '**चरिमा**'= છેલ્લી પ્રતિપત્તિ પૂજા '**अण्णेहि वि**'= બીજા પણ ગ્રંથકારોએ '**निच्चभावाओ**'= તે નિત્ય હોવાથી અર્થાત્ જીવનના અંત સુધી સતત કરવામાં આવતી હોવાથી '**गरूई**'= મહાન '**इट्ठा**'= માની છે. બાકીની ત્રણ પૂજા તો અમુક કાળે જ કરવામાં આવે છે. **॥ ૨૭૦ ॥ ૬/૨૬**

दव्वत्थयभावत्थयरूवं, एयमिह होति दट्ठव्वं ।
अण्णोऽण्णसमणुविद्धं, णिच्छयतो भणियविसयं तु ॥ २७१ ॥ ६/२७

છાયા :- द्रव्यस्तवभावस्तवरूपं एतदिह भवति द्रष्टव्यम् ।
अन्योऽन्यसमनुविद्धं निश्चयतो भणितविषयं तु ॥ २७ ॥

ગાથાર્થ :- અહીં સ્તવઅધિકારમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું સ્વરૂપ આ પૂર્વમાં કીધા પ્રમાણે જાણવું. નિશ્ચયથી અર્થાત્ પરમાર્થથી તો કહેલાં વિષયવાળું જ એકબીજાની સાથે પરસ્પર સંકળાયેલું છે.

ટીકાર્થ :- '**दव्वत्थयभावत्थयरूवं**'= દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું સ્વરૂપ '**एयं**'= આ પૂર્વે કીધા પ્રમાણે '**इह**'= અહીં સ્તવ અધિકારમાં '**होति**'= હોય છે એમ '**दट्ठव्वं**'= જાણવું. '**अण्णोऽण्णसमणुविद्धं**'= પરસ્પર એકબીજાની સાથે સંકળાયેલું '**निच्छयतो**'= શાસ્ત્રના પરિણામરૂપ નિશ્ચયથી (પરમાર્થથી)- આ બંનેનું સમ્યક્ શાસ્ત્રપરિણતિથી પરસ્પર સંકળાયેલ '**भणियविसयं तु**'= પ્રતિપાદિત કરાયેલા વિષયવાળું જ સ્વરૂપ જાણવું.

સાધુને મુખ્યપણે ભાવસ્તવ અને ગૌણપણે દ્રવ્યસ્તવ છે. ગૃહસ્થને મુખ્યપણે દ્રવ્યસ્તવ અને ગૌણપણે ભાવસ્તવ છે. આથી અહીં બંને સ્તવ પરસ્પર સંકળાયેલા- સાપેક્ષ છે એમ કહ્યું છે. **॥ ૨૭૧ ॥ ૬/૨૭**

આ બંને સ્તવો પરસ્પર સંકળાયેલા શાથી છે ? તે કહે છે :-

जइणो वि हु दव्वत्थयभेदो अणुमोयणेण अत्थि त्ति ।
एयं च एत्थ णेयं, इय सुद्धं तंतजुत्तीए ॥ २७२ ॥ ६/२८

છાયા :- यतेरपि खलु द्रव्यस्तवभेद अनुमोदनेन अस्तीति ।
एतच्च अत्र ज्ञेयं इति शुद्धं तन्त्रयुक्त्या ॥ २८ ॥

ગાથાર્થ :- સાધુને પણ જિનપૂજાદિના દર્શનથી થયેલ હર્ષ-પ્રશંસા આદિ રૂપ અનુમોદના વડે દ્રવ્યસ્તવ છે, દ્રવ્યસ્તવ સંબંધી આ અનુમોદન (અથવા બંને સ્તવનું પરસ્પર અનુગતપણું) હવે પછીની ગાથામાં કહેવાશે તે પ્રમાણે શાસ્ત્રયુક્તિથી શુદ્ધ જાણવું.

ટીકાર્થ :- '**जइणो वि**'= સાધુને પણ '**दव्वत्थयभेदो**'= દ્રવ્યસ્તવનો અમુક ભેદ '**अणुमोयणेण**'=

ભગવાનની પૂજા જોવાથી ઉલ્લસિત થતા હર્ષરૂપ અનુમોદના વડે '**अत्थि त्ति**'= અનુમોદનાજનિત દ્રવ્યસ્તવ છે જ. એ કારણથી '**एत्थ**'= દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ સંબંધી '**इय**'= હવે પછી કહેવાશે એ પ્રમાણે '**तंतजुत्तीए**'= આગમયુક્તિથી '**एयं च**'= આ '**सुद्धं**'= પરસ્પર અનુગતપણાવડે શુદ્ધ જ '**णेयं**'= જાણવું. ॥ २७२ ॥ ६/२८

तंतम्मि वंदणाए, पूयणसक्कारहेउ उस्सग्गो ।
जतिणो वि हु णिद्दिट्ठो, ते पुण दव्वत्थयसरूवे ॥ २७३ ॥ ६/२९

छाया :- तन्त्रे वंदनायां पूजनसत्कारहेतुरुत्सर्गः ।
यतेरपि खलु निर्दिष्टः तौ पुनर्द्रव्यस्तवस्वरूपौ ॥ २९ ॥

गाथार्थ :- શાસ્ત્રમાં ચૈત્યવંદનામાં સાધુને પણ પૂજન-સત્કાર નિમિત્તનો કાયોત્સર્ગ કરવાનો કહ્યો છે. તે પૂજન સત્કાર એ દ્રવ્યસ્તવરૂપ છે.

टीकार्थ :- '**तंतम्मि**'= શાસ્ત્રમાં '**वंदणाए**'= ચૈત્યવંદનામાં '**पूयणसक्कारहेउ**'= પૂજન-સત્કાર નિમિત્તે '**उस्सग्गो**'= કાઉસ્સગ્ગ- '**जइणो वि हु**'= સાધુને પણ '**णिद्दिट्ठो**'= કહેલો છે. '**ते पुण**'= તે પૂજન-સત્કાર '**दव्वत्थयसरूवे**' દ્રવ્યસ્તવસ્વરૂપ છે.

અહીં '**ते**' નપુંસકલિંગ '**तद्**'નું દ્વિવચન છે. અથવા પ્રાકૃત હોવાથી '**ते**' એ'**तद्**' પુલિંગનું બહુવચન છે. જો નપુંસકલિંગ હોય તો '**ते पुण दव्वत्थयसरूवे**'= આ પ્રાકૃત ગાથાર્થની સંસ્કૃત છાયા '**ते पुनः द्रव्यस्तवरूपे**' આ પ્રમાણે છે. અને 'ते' એ **तद्** પુલિંગનું બહુવચન હોય તો તેની છાયા ''**तौ पुनः पूजन-सत्कारौ द्रव्यस्तवस्वरूपौ**'' આ પ્રમાણે થાય છે. ॥ २७३ ॥ ६/२९

मल्लाइएहिं पूजा, सक्कारो पवरवत्थमादीहिं ।
अण्णे विवज्जओ इह, दुहा वि दव्वत्थओ एत्थ ॥ २७४ ॥ ६/३०

छाया :- माल्यादिभिः पूजा सत्कारः प्रवरवस्त्रादिभिः ।
अन्ये विपर्यय इह द्विधाऽपि द्रव्यस्तवोऽत्र ॥ ३० ॥

गाथार्थ :- પુષ્પમાળા આદિથી થતી પૂજા એ પૂજન છે અને શ્રેષ્ઠ વસ્ત્ર આદિથી થતી પૂજા એ સત્કાર છે. કેટલાક આચાર્યો આનાથી વિપરીત કહે છે. અર્થાત્ શ્રેષ્ઠ વસ્ત્ર આદિથી થતી પૂજા એ પૂજન છે અને પુષ્પમાળા આદિથી થતી પૂજા એ સત્કાર છે એમ કહે છે. બંને અર્થ પ્રમાણે પૂજન સત્કાર એ દ્રવ્યસ્તવ છે.

टीकार्थ :- '**मल्लाइएहिं**'= માલારૂપે ગુંથેલા કે નહિ ગુંથેલા પુષ્પો વડે '**पूया**'= પૂજા. '**पवरपत्थमादीहिं**'= શ્રેષ્ઠ વસ્ત્ર આદિથી '**सक्कारो**'= સત્કાર '**अण्णे**'= બીજા આચાર્યો '**इह**'= પૂજન-સત્કાર સ્વરૂપમાં '**विवज्जओ**'= વિપર્યય માને છે. '**दुहा वि**'= બંને પક્ષમાં '**एत्थ**'= પૂજન-સત્કારરૂપે '**दव्वत्थओ**'= દ્રવ્યસ્તવ છે. ॥ २७४ ॥ ६/३०

વાદી પ્રશ્ન કરે છે કે દ્રવ્યસ્તવની અનુમોદના કરવારૂપે સાધુને પણ દ્રવ્યસ્તવ હોય છે, આવું કેમ કહેવાય છે ? અર્થાત્ આવું કથન એ યોગ્ય નથી કારણકે આ દ્રવ્યસ્તવ એ કથંચિત્ આરંભરૂપ હોવાથી ગૃહસ્થનું જ તે કર્તવ્ય છે. બીજા આરંભોની અનુમોદનાની જેમ આ આરંભની અનુમોદના કરવાથી પણ સાધુને સર્વવિરતિમાં અતિચાર લાગવાનો પ્રસંગ આવશે.

આ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે :-

ओसरणे बलिमादी, ण चेह जं भगवया वि पडिसिद्धं ।
ता एस अणुण्णाओ उचियाणं गम्मती तेण ॥ २७५ ॥ ६/३१

छाया :- अवसरणे बल्यादि न चेह यद् भगवताऽपि प्रतिषिद्धम् ।
तदेषोऽनुज्ञात उचितानां गम्यते तेन ॥ ३१ ॥

ગાથાર્થ :- તે ભગવાન વડે પણ સમવસરણમાં બલિ આદિનો જે અહીયાં નિષેધ નથી કરાયો તે કારણે દ્રવ્યસ્તવના અધિકારીનો દ્રવ્યસ્તવ ભગવાનને અનુમત છે એમ જણાય છે.

ટીકાર્થ :- '**ओसरणे**'= દેવતાએ બનાવેલ સમવસરણમાં '**बलिमादी**'= શાસ્ત્રમાં પ્રસિદ્ધ બલિ આદિ '**इह**'= અહીંયા '**भगवया वि**'= ભગવાન વડે પણ '**पडिसिद्धं**'= નિષેધ કરાયો '**न**'= નથી '**ता**'= તેથી '**एस**'= આ દ્રવ્યસ્તવ '**उचियाणं**'= રાજા અમાત્ય વગેરે તેના અધિકારી ગૃહસ્થોને '**तेण**'= તે ભગવાન વડે '**अणुण्णाओ**'= અનુમત '**गम्मती**'= જણાય છે. ॥ ૨૭૫ ॥ ૬/૩૧.

ण य भगवं अणुजाणति, जोगं मुक्खविगुणं कदाचिदपि ।
ण य तयणुगुणो वि तओ, ण बहुमतो होति अण्णेसिं ॥ २७६ ॥ ६/३२

छाया :- न च भगवान् अनुजानाति योगं मोक्षविगुणं कदाचिदपि ।
न च तदनुगुणो पि तको न बहुमतो भवति अन्येषाम् ॥ ३२ ॥

ગાથાર્થ :- ભગવાન મોક્ષને પ્રતિકૂળ ક્રિયાની ક્યારેય પણ અનુજ્ઞા આપે નહિ. અને સર્વજ્ઞને અનુમત અથવા મોક્ષને અનુકૂળ એવી ક્રિયામાં પણ (**अण्णेसिं**) સાધુઓની અનુમતિ ન હોય એવું બને નહિ.

ટીકાર્થ :- '**मुक्खविगुणं**'= મોક્ષને પ્રતિકૂળ '**जोगं**'= ક્રિયાની '**भगवं**'= તીર્થંકર પરમાત્મા '**अणुजाणति**'= અનુજ્ઞા આપે '**ण य**'= નહિ '**कदाचिदपि**'= ક્યારેય પણ અનુમતિ આપે નહિ એવો અર્થ છે. અને '**ण य**'= એવું બને નહિ કે '**तयणुगुणो वि**'= સર્વજ્ઞને અનુમત અથવા મોક્ષને અનુકૂળ પણ '**तओ**'= તે ક્રિયા '**अण्णेसिं**'= બીજાઓને અર્થાત્ સાધુઓને '**ण बहुमतो होति**'= અનુમત ન હોય. અર્થાત્ સાધુઓને તે બહુમત જ હોય. ઈષ્ટ જ હોય. ॥ ૨૭૬ ॥ ૬/૩૨

આ દ્રવ્યસ્તવની અનુમતિ બાબતનું રહસ્ય કહે છે:-

जो चेव भावलेसो, सो चेव य भगवतो बहुमतो उ ।
ण तओ विणेयरेणं ति, अत्थओ सो वि एमेव ॥ २७७ ॥ ६/३३

छाया :- य एव भावलेशः स एव च भगवतो बहुमतस्तु ।
न तको विनेतरेणेति अर्थतः सोऽपि एवमेव ॥ ३३ ॥

ગાથાર્થ :- દ્રવ્યસ્તવ કરતી વખતે શ્રાવકને જે ભગવદ્ બહુમાનરૂપી ભાવનો અંશ છે તે જ ભગવાનને અનુમત છે. પરંતુ દ્રવ્યસ્તવ વગર ભાવલેશ પ્રગટે નહિ. આથી અર્થાપત્તિથી ભાવલેશની જેમ દ્રવ્યસ્તવ પણ ગૌણપણે ભગવાનને અનુમત છે જ.

ટીકાર્થ :- '**जो एव भावलेसो**'= દ્રવ્યસ્તવ કરવાથી થતો ઉલ્લાસનો અતિશય '**सो चेव य**'= તે જ '**भगवतो**'= ભગવાનને '**बहुमतो उ**'= અનુમત છે. ગૃહસ્થો આરંભાદિથી નિવૃત્ત થયા નથી આથી તેઓ

સ્વયં આરંભાદિ કરવાના જ છે, તે આરંભાદિમાં ભગવાનની અનુમતિ હોતી જ નથી, માત્ર દ્રવ્યસ્તવમાં રહેલા ભાવલેશને ભગવાનની અનુમતિ છે, '**इयरेणं**'= દ્રવ્યસ્તવ '**विणा**'= વગર '**न तओ**'= તે ભાવલેશ હોતો નથી '**ति**'= એ કારણથી '**अत्थओ**'= અર્થાપત્તિથી '**सो वि**'= તે દ્રવ્યસ્તવ પણ '**एमेव**'= ગૌણપણે અનુમત જ છે. ॥ २७७ ॥ ६/३३

द्रव्यस्तव शाथी अनुमत छे ? ते कहे छे :-

कज्जं इच्छंतेणं, अणंतरं कारणं पि इट्ठं तु ।
जह आहारजतित्तिं, इच्छंतेणेह आहारो ॥ २७८ ॥ ६/३४

छाया :- **कार्यमिच्छता अनन्तरं कारणमपि इष्टं तु ।**
यथा आहारजतृप्तिमिच्छतेह आहारः ॥ ३४ ॥

गाथार्थ :- કાર્યને ઈચ્છનારા વડે તેનું અનંતર કારણ પણ ઈચ્છાયેલું છે. જેમકે આહારથી થનારી તૃપ્તિને ઈચ્છનારા વડે આહાર ઈચ્છાયેલો જ છે.

टीकार्थ :- '**कज्जं**'= કાર્યને '**इच्छंतेणं**'= ઈચ્છનારા વડે '**अणंतरं कारणं पि**'= તે કાર્યને સિદ્ધ કરનાર કારણ પણ '**इट्ठं तु**'= ઈચ્છાયેલું છે. કાર્યનું કારણ સાથે અવિનાભાવીપણું રહેલું છે. કારણ વગર કાર્ય થાય જ નહિ એથી બંનેનો પરસ્પર અવિનાભાવી સંબંધ છે, '**जह**'= જેમકે '**आहारजतित्तिं**'= આહારથી પ્રાપ્ત થતી તૃપ્તિને '**इच्छंतेणं**'= ઈચ્છનારા વડે '**आहारो**'= આહાર ઈચ્છાયેલો જ છે એમ સામર્થ્યથી સમજાય છે. ॥ २७८ ॥ ६/३४

द्रव्यस्तवनो भगवाने निषेध नथी कर्यो माटे तेमने ते अनुमत ज छे एम कहे छे :-

जिणभवणकारणाइ वि, भरहादीणं ण वारितं तेण ।
जह तेसिं चिय कामा, सल्लविसादीहिं णाएहिं ॥ २७९ ॥ ६/३५

छाया :- **जिनभवनकारणाद्यपि भरतादीनां न वारितं तेन ।**
यथा तेषामेव कामाः शल्यविषादिभिः ज्ञातैः ॥ ३५ ॥

गाथार्थ :- **श्री आदिनाथ** ભગવાને **ભરત** આદિને જે રીતે શલ્ય, વિષ આદિના દૃષ્ટાંતોથી વિષયોનો નિષેધ કર્યો છે તે રીતે જિનભવનનિર્માણ આદિનો નિષેધ કર્યો નથી.

टीकार्थ :- '**जिणभवणकारणाइ वि**'= પૂર્વે જે અધિકૃત હતું તે જિનભવનનાં નિર્માણ કરાવવાનો પણ '**भरहादीणं**'= **ભરત** આદિને '**ण वारितं**'= નિષેધ કર્યો નથી. '**तेण**'= ભગવાને '**जह**'= જેવી રીતે '**तेसिं चिय**'= તે **ભરત** આદિને જ '**कामा**'= કામભોગોનો '**सल्लविसादीहिं**'= શલ્ય, વિષ આદિના '**णाएहिं**'= દૃષ્ટાંતો વડે નિષેધ કર્યો. **शास्त्रमां** કહ્યું છે કે "કામભોગ એ શલ્ય સમાન છે, કામભોગ એ વિષ સમાન છે, કામભોગ એ સર્પ સમાન છે, કામભોગ સંસારને વધારનાર છે તેમજ કામભોગ એ દુર્ગતિને વધારનાર છે." ॥ २७९ ॥ ६/३५

ता तं पि अणुमयं चिय, अप्पडिसेहाउ तंत्तजुत्तीए ।
इय सेसाण वि एत्थं, अणुमोयणमादि अविरुद्धं ॥ २८० ॥ ६/३६

છાયા :- तत् तदपि अनुमतमेव अप्रतिषेधात् तन्त्रयुक्त्या ।
इति शेषाणामपि अत्र अनुमोदनमादि अविरुद्धम् ॥ ३६ ॥

ગાથાર્થ :- જિનભવનનિર્માણ આદિનો પ્રતિષેધ ન કર્યો હોવાથી શાસ્ત્રયુક્તિથી જિનભવનાદિ પણ ભગવાનને અનુમત જ છે, આ પ્રમાણે દ્રવ્યસ્તવમાં બીજાઓને પણ અનુમોદનાદિ વિરુદ્ધ નથી.

ટીકાર્થ :- '**ता**'= તેથી '**तं पि**'= જિનભવન કરાવવાનું પણ '**अणुमयं चिय**'= અનુમત જ છે. '**अप्पडिसेहाओ**'= ભગવાને **ભરતાદિને** તેનો પ્રતિષેધ નથી કર્યો એ કારણે '**तंत्तजुत्तीए**'= આગમની યુક્તિથી- જેનો પ્રતિષેધ ન કર્યો હોય એ અનુમત છે. '**अप्रतिषिद्धं अनुमतं**' આ ન્યાયથી '**इय**'= આ કારણથી '**सेसाण वि**'= સાધુઓને પણ '**एत्थं**'= દ્રવ્યસ્તવમાં '**अणुमोयणमाइ**'= અનુમોદન આદિ - 'આદિ' શબ્દથી અહીં 'કરાવવાનું' ગ્રહણ થાય છે.

દેશનામાં દ્રવ્યસ્તવનું ફળ બતાવવા દ્વારા સાધુ શ્રાવકને દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરવાને પ્રેરે છે. સાધુ દ્રવ્યસ્તવનો ગૃહસ્થને આદેશ કરતા નથી પણ માત્ર તેના લાભ અને ફળ બતાવે છે. જેથી તેઓ તેમાં પ્રવૃત્તિ કરે છે. આ રીતે તેઓ તેમને તેમાં પ્રવર્તાવે છે, આમ 'કરવું, કરાવવું અને અનુમોદવું' આ ત્રણમાંથી સાધુને દ્રવ્યસ્તવમાં 'કરાવવાનું' અને 'અનુમોદવાનું' '**अविरुद्धं**'= વિરુદ્ધ નથી અર્થાત્ કલ્પે છે. માત્ર સ્વયં 'કરવાનું' કલ્પતું નથી. ॥ ૨૮૦ ॥ ૬/૩૬

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ પરસ્પર અનુગત હોવાથી દ્રવ્યસ્તવની અનુમોદનાદિ સાધુને અવિરુદ્ધ છે તેનું સમર્થન કરવા માટે કહે છે :-

जं च चउद्धा भणिओ, विणओ उवयारिओ उ जो तत्थ ।
सो तित्थगरे णियमा, ण होइ दव्वत्थयादण्णो ॥ २८१ ॥ ६/३७

છાયા :- यच्च चतुर्धा भणितो विनयः औपचारिकस्तु यः तत्र ।
सः तीर्थंकरे नियमान्न भवति द्रव्यस्तवादन्यः ॥ ३७ ॥

ગાથાર્થ :- શાસ્ત્રમાં જે ચાર પ્રકારનો વિનય કહ્યો છે તેમાં જે ઔપચારિક વિનય છે તે તીર્થંકરને વિશે દ્રવ્યસ્તવથી અન્ય નથી જ. અર્થાત્ દ્રવ્યસ્તવ જ છે.

ટીકાર્થ :- '**जं च**'= જે કારણથી '**चउद्धा**'= જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને ઉપચારવિનય આ ચાર પ્રકારે '**विणओ**'= વિનય '**भणिओ**'= કહ્યો છે. '**जो तत्थ**'= તે ચાર વિનયમાં '**उवयारिओ**'= ઔપચારિક વિનય જે છે. '**सो**'= તે '**तित्थगरे**'= સાક્ષાત્ સર્વજ્ઞના વિષયમાં '**दव्वत्थयाद्**'= દ્રવ્યસ્તવથી '**अण्णो**'= બીજો '**नियमा**'= નિશ્ચે '**न होइ**'= હોતો નથી. અર્થાત્ તે દ્રવ્યસ્તવ જ છે. ॥ ૨૮૧ ॥ ૬/૩૭

एयस्स उ संपाडणहेउं तह चेव वंदणाए उ ।
पूजणमादुच्चारणमुववण्णं होइ जइणो वि ॥ २८२ ॥ ६/३८

છાયા :- एतस्य तु सम्पादनहेतुं तथैव वन्दनायां तु ।
पूजनाद्युच्चारणमुपपन्नं भवति यतेरपि ॥ ३८ ॥

ગાથાર્થ :- કાયોત્સર્ગથી દ્રવ્યસ્તવરૂપ ઔપચારિક વિનય કરવા માટે જ **'अरिहंत चेईयाणं'** એ વંદનાસૂત્રમાં 'પૂઅણવત્તિઆએ સક્કારવત્તિઆએ' ઇત્યાદિ પદોનું ઉચ્ચારણ સાધુઓ કરે છે તે યુક્ત છે.

टीकार्थ :- '**एयस्स उ**'= દ્રવ્યસ્તવના જ '**संपाडणहेउं**'= સંપાદનને માટે '**तह चेव**'= પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ એ પદોથી '**वंदणाए उ**'= ચૈત્યવંદનામાં '**पूजणमादुच्चारणं**'= પૂજન-સત્કારનું ઉચ્ચારણ '**जतिणो वि**'= ભાવસ્તવના અધિકારી સાધુને પણ '**उववण्णं**'= યુક્ત '**होइ**'= છે. ॥ २८२ ॥ ६/३८

इहरा अणत्थगं तं, ण य तयणुच्चारणेण सा भणिता ।
ता अभिसंधारणतो, संपाडणमिट्ठमेयस्स ॥ २८३ ॥ ६/३९

छाया :- इतरथा अनर्थकं तन्न च तदनुच्चारणेन सा भणिता ।
तस्मादभिसंधारणात् सम्पादनमिष्टमेतस्य ॥ ३९ ॥

गाथार्थ :- 'પૂઅણવત્તિયાએ' વગેરે પદોથી સાધુને જો દ્રવ્યસ્તવ ઈષ્ટ ન હોય તો તેઓને એ પદોનું ઉચ્ચારણ નિરર્થક બને. કારણકે 'પૂજન માટે' અને 'સત્કાર માટે' એવો એ પદોનો અર્થ છે. હવે સાધુને જો અનુમતિરૂપે અને કરાવવારૂપે પણ પૂજન અને સત્કાર ઈષ્ટ ન હોય તો પછી એ પદોનું તે ઉચ્ચારણ શા માટે કરે ? હવે સાધુને ચૈત્યવંદનામાં એ પદોનું ઉચ્ચારણ કરવાનું આગમમાં કહ્યું છે, તેના ઉચ્ચારણ વગર ચૈત્યવંદના થાય નહિ. તેથી પૂજાદિના આશયે જ કાયોત્સર્ગ કરાતો હોવાથી સાધુને દ્રવ્યસ્તવ કરવાનું ઈષ્ટ છે.

टीकार्थ :- '**इहरा**'= અન્યથા અર્થાત્ જો દ્રવ્યસ્તવ માટે ન હોય તો '**तं**'= પૂઅણવત્તિઆએ વગેરે પદોનું ઉચ્ચારણ '**अणत्थगं**'= નિરર્થક થાય. તે પદોનો અર્થ 'પૂજન માટે અને 'સત્કાર માટે' એવો થાય છે. હવે સાધુને અનુમતિરૂપે અને કરાવવારૂપે પણ તે પૂજન અને સત્કાર ઈષ્ટ ન હોય તો એ પદો બોલવાનું કોઈ પ્રયોજન રહે નહિ.

'**तदणुच्चारणेण**'= તે પદોનું ઉચ્ચારણ કર્યા વગર '**सा**'= ચૈત્યવંદના '**भणिता**'= આગમમાં કહેલી '**ण य**'= જ નથી '**ता**'= તેથી '**अभिसंधारणतो**'= વિશિષ્ટ ઈચ્છારૂપ અભિસંધિ વડે (તેવા આશયથી જ કાયોત્સર્ગ કરાતો હોવાથી) '**एयस्स**'= દ્રવ્યસ્તવનું '**संपाडणं**'= અનુમતિ અને કરાવવારૂપે સંપાદન '**इट्ठं**'= ઈષ્ટ છે, શાસ્ત્રસંમત છે. ॥ २८३ ॥ ६/३९.

જો શાસ્ત્રોક્ત હોવાથી દ્રવ્યસ્તવ સાધુને માટે ઉપાદેય છે અને શુભપરિણામનો હેતુ હોવાથી તે જો ભાવસ્તવનું કારણ બને છે તો પછી સાધુને દ્રવ્યસ્તવ સાક્ષાત્ શા માટે કરવાનો હોતો નથી ? તે કહે છે :-

सक्खा उ कसिणसंयमदव्वाभावेहिं णो अयं इट्ठो ।
गम्मइ तंतठितीए, भावपहाणा हि मुणउ त्ति ॥ २८४ ॥ ६/४० ॥

छाया :- साक्षात्तु कृत्स्नसंयमद्रव्यभावाभ्यां नो अयमिष्टः ।
गम्यते तन्त्रस्थित्या भावप्रधाना हि मुनय इति ॥ ४० ॥

गाथार्थ :- દ્રવ્યથી (=ક્રિયાથી) અને ભાવથી (= પરિણામથી) સાધુને સંપૂર્ણ સંયમ પાળવાનું હોવાથી સાક્ષાત્ દ્રવ્યસ્તવ કરવાનું ઈષ્ટ નથી, એમ આગમનીતિથી જણાય છે. કારણ કે મુનિઓ ભાવપ્રધાન હોય છે.

टीकार्थ :- '**सक्खा उ**'= સાક્ષાત્ પ્રવૃત્તિને આશ્રયીને '**कसिणसंयमदव्वाभावेहिं**'= ક્રિયાથી અને ભાવથી સર્વસંયમ પાળવાનું શાસ્ત્રમાં વિધાન હોવાથી અને તે વિધાન મુજબ જ સાધુ પ્રવૃત્તિ કરતાં હોવાથી **अयं**= દ્રવ્યસ્તવ **इट्ठो**= ઈષ્ટ **णो**= નથી **तंतठितीए**= એમ આગમનીતિથી **गम्मइ**= જણાય છે.

આમ શાથી કહેવામાં આવે છે ? તે કહે છે :- **भावपहाणा हि**= તેમને ભાવસ્તવ મુખ્ય છે, દ્રવ્યસ્તવ

ગૌણ છે આથી સ્વયં કરવારૂપ દ્રવ્યસ્તવનો તેમને નિષેધ છે **मुणउ त्ति**= સાધુઓ હોય છે. અર્થાત્ સાધુઓને ભાવની મુખ્યતા છે.

સાધુઓને શાસ્ત્રવિહિત ભાવસ્તવ જ મુખ્ય છે. અને એ ભાવસ્તવને વિરોધ ન આવે એવો સર્વજ્ઞની આજ્ઞાનુસારે યથાવિષય એવો દ્રવ્યસ્તવ પણ શાસ્ત્રસંમત છે. જો શાસ્ત્રસંમત દ્રવ્યસ્તવ તે ન કરે તો સર્વજ્ઞ પ્રત્યેનું બહુમાન જળવાય નહિ. સમ્યગ્દૃષ્ટિ જીવ સર્વજ્ઞનું એક વચન માન્ય કરે અને બીજું વચન માન્ય ન કરે એવો વિભાગ કરવો ઈષ્ટ નથી. જો તે એવો વિભાગ કરે તો તેનામાં સમ્યગ્દર્શન રહેતું નથી. ॥ ૨૮૪ ॥ ૬/૪૦

एएहिंतो अण्णे, जे धम्महिगारिणो उ तेसिं तु ।
सक्खं चिय विण्णेओ, भावंगतया जतो भणितं ॥ २८५ ॥ ६/४१

छाया :- एतेभ्योऽन्ये ये धर्माधिकारिणः तु तेषां तु ।
साक्षादेव विज्ञेयो भावाङ्गतया यतो भणितम् ॥ ४१ ॥

ગાથાર્થ :- સાધુઓ સિવાય બીજા શ્રાવકો જે ધર્મના અધિકારી છે તેમને ભાવસ્તવનું કારણ હોવાથી દ્રવ્યસ્તવ સાક્ષાત્, કારણરૂપે પણ કરવાનો હોય છે એમ જાણવું. કારણકે (નીચે પ્રમાણે) કહ્યું છે કે :-

ટીકાર્થ :- '**एएहिंतो**'= સંપૂર્ણ સંયમના પાળનાર મુનિઓ સિવાય '**अण्णे**'= બીજા શ્રાવકો '**जे**'= જેઓ '**धम्महिगारिणो**'= ધર્મના - દ્રવ્યસ્તવના અધિકારી છે. '**तेसिं तु**'= તેઓને તો '**भावंगतया**'= કુશળ પરિણામનો હેતુ હોવાથી તે ભાવસ્તવનું કારણ છે તેથી '**सक्खं चिय**'= સ્વયં કરણરૂપે દ્રવ્યસ્તવ '**विण्णेओ**'= જાણવો. '**जओ भणितं**'= કારણકે કહ્યું છે કે :- ॥ ૨૮૫ ॥ ૬/૪૧

શું કહ્યું છે તે કહે છે :-

अकसिणपवत्तगाणं, विरयाविरयाण एस खलु जुत्तो ।
संसारपयणुकरणे, दव्वत्थए कूवदिट्ठंतो ॥ २८६ ॥ ६/४२

छाया :- अकृत्स्नप्रवर्तकानां विरताविरतानामेषः खलु युक्तः ।
संसारप्रतनुकरणे द्रव्यस्तवे कूपदृष्टान्तः ॥ ४२ ॥

ગાથાર્થ :- જેઓ સંપૂર્ણ સંયમ પાળતા નથી એવા દેશવિરતિધર શ્રાવકોને માટે સંસાર ઘટાડનાર દ્રવ્યસ્તવ કરવા યોગ્ય જ છે. આ વિષે કૂપનું દૃષ્ટાંત છે.

ટીકાર્થ :- '**अकसिणपवत्तगाणं**'= જેઓ સંપૂર્ણ સંયમ નથી પાળતા તે '**विरयाविरयाण**'= દેશવિરતિધર શ્રાવકોને માટે '**एस खलु**'= આ દ્રવ્યસ્તવ '**जुत्तो**'= યોગ્ય જ છે. '**संसारपयणुकरणे**'= પ્રાકૃતમાં સમાસની અંદર શબ્દોના પૂર્વનિપાતનો નિયમ નથી અર્થાત્ ગમે તે શબ્દને પૂર્વમાં મૂકી શકાય છે. દ્રવ્યસ્તવ સંસારને ઘટાડે છે, તેથી સંસારને અલ્પ કરનાર છે એમ કહ્યું છે. '**दव्वत्थए**'= દ્રવ્યસ્તવમાં '**कूवदिट्ठंतो**'= કૂપનું દૃષ્ટાંત કહ્યું છે.

જેમ કૂવો ખોદતી વખતે તે ખોદનાર પુરુષને થાક લાગે છે, તરસ લાગે છે અને શરીર તથા કપડા મેલા થાય છે પરંતુ તેમાંથી નીકળેલા પાણી વડે સ્નાન આદિ કરવાથી એ થાક, મેલ અને તરસ દૂર થઈ જાય છે તેમ જ વળી ત્યારપછી હંમેશ માટે તે પુરુષના તેમજ બીજા પણ પુરુષોના થાક, મેલ અને તરસ તેના પાણીના સ્નાન-પાન અને અવગાહના આદિથી દૂર થાય છે. અને ઈચ્છિત કાર્યની સિદ્ધિ થાય છે.

એ જ રીતે શાસ્ત્રાનુસારે આ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરનારને તેના વડે જે શુભ ભાવ જાગે છે એનાથી તે કરવામાં આરંભથી જે પાપ લાગ્યું હતું એ તો ધોવાઈ જ જાય છે. તદુપરાંત ઈષ્ટકાર્યની સિદ્ધિ થાય છે. માટે પૂર્વાચાર્યોએ કૂપનું દૃષ્ટાંત આપ્યું છે. ॥ ૨૮૬ ॥ ૬/૪૨

હવે વાદી કહે છે :-

सो खलु पुप्फाईओ, तत्थुत्तो न जिणभवणमाई वि ।
आदिसद्दा वुत्तो तयभावे कस्स पुप्फादी ? ॥ २८७ ॥ ६/४३ ॥

छाया :- सः खलु पुष्पादिकः तत्रोक्तः न जिनभवनाद्यपि ।
आदि शब्दादुक्तः तदभावे कस्य पुष्पादिः ॥ ४३ ॥

ગાથાર્થ :- (**આવશ્યક**) શાસ્ત્રમાં પુષ્પો વગેરેને દ્રવ્યસ્તવ કહ્યો છે, જિનભવનાદિને દ્રવ્યસ્તવ કહ્યો નથી. આચાર્ય ભગવંત જવાબ આપે છે કે 'આદિ' શબ્દથી જિનભવનાદિને પણ દ્રવ્યસ્તવ કહ્યો જ છે. જો જિનભવન, જિનબિંબ આદિ ન હોય તો પુષ્પાદિથી પૂજા કોની કરશો ?

ટીકાર્થ :- '**पुप्फाईओ**'= પુષ્પ આદિને '**सो खलु**'= દ્રવ્યસ્તવ '**तत्थुत्तो**'= **आवश्यकसूत्र** આદિ શાસ્ત્રમાં કહ્યો છે. '**न जिणभवणमाई वि**'= જિનભવન આદિને કહ્યો નથી. આચાર્ય ભગવંત જવાબ આપે છેઃ- '**आदिसद्दा**'= આદિ શબ્દથી તે '**वुत्तो**'= શાસ્ત્રમાં કહેવાયો છે '**तयभावे**'= જિનભવનાદિના અભાવમાં '**कस्स**'= કોની '**पुप्फादी ?**'= પુષ્પ આદિથી પૂજા કરશો ? અર્થાત્ પૂજાનો વિષય પ્રતિમા છે કારણ કે તેની પૂજા કરવાની હોય છે હવે જો પ્રતિમા જ ન હોય તો કોની પૂજા કરશો ? ॥ ૨૮૭ ॥ ૬/૪૩

હવે વાદી કહે છે :-

णणु तत्थेव य मुणिणो पुप्फाइनिवारणं फुडं अत्थि ।
अत्थि तयं सयंकरणं पडुच्च नऽणुमोयणाई वि ॥ २८८ ॥ ६/४४

छाया :- ननु तत्रैव च मुनेः पुष्पादिनिवारणं स्फुटमस्ति ।
अस्ति तकं स्वयंकरणं प्रतीत्य नानुमोदनाद्यपि ॥ ४४ ॥

ગાથાર્થ :- ત્યાં શાસ્ત્રમાં જ સાધુને પુષ્પાદિપૂજાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે. આચાર્ય ભગવંતશ્રી ઉત્તર આપે છે કે ત્યાં પુષ્પાદિ પૂજા સ્વયં કરવાનો મુનિને નિષેધ છે, અનુમોદના આદિનો નિષેધ નથી.

ટીકાર્થ :- '**णणु**'= અક્ષમા અર્થમાં છે. અર્થાત્ સાધુને દ્રવ્યસ્તવ હોઈ શકે એ વાદીને માન્ય નથી. '**तत्थेव य**'= ત્યાં શાસ્ત્રમાં જ '**मुणिणो**'= સાધુને '**पुप्फादिनिवारणं**'= પુષ્પાદિપૂજા કરવાનો નિષેધ '**फुडं**'= સ્પષ્ટ રીતે '**अत्थि**'= કરાયેલો છે. આચાર્યભગવંત કહે છે :- '**सयकरणं**'= સ્વયં કરવારૂપે '**अत्थि तयं**'= તે પુષ્પાદિપૂજાનો નિષેધ છે. '**अणुमोयणाई वि**'= તેની અનુમોદના અને કરાવવારૂપે, નિષેધ '**न**'= નથી. ॥ ૨૮૮ ॥ ૬/૪૪

આ વિષયની જ પુષ્ટિ કરવા માટે કહે છે :-

सुव्वइ य वइररिसिणा, कारवणं पि हु अणुट्ठियमिमस्स ।
वायगगंथेसु तहा, एयगया देसणा चेव ॥ २८९ ॥ ६/४५

छाया :- श्रूयते च वैरऋषिणा कारापणमपि अनुष्ठितमस्य ।
वाचकग्रन्थेषु तथा एतद्गता देशना चैव ॥ ४५ ॥

ગાથાર્થ :- શ્રી વજ્રસ્વામીએ દ્રવ્યસ્તવ કરાવ્યો પણ હતો એમ સંભળાય છે. તથા શ્રી **ઉમાસ્વાતિ વાચક**ના ગ્રંથોમાં આ દ્રવ્યસ્તવ સંબંધી દેશના પણ છે.

ટીકાર્થ :- 'सुव्वइ य'= શાસ્ત્રમાં સંભળાય છે, **'वइररिसिणा'**= સંપૂર્ણ દશ પૂર્વધર પ્રવચનપ્રસિદ્ધ જંગમતીર્થ સમાન શ્રી **વજ્રસ્વામીએ 'इमस्स'**= દ્રવ્યસ્તવ **'कारवणं पि'**= કરાવવાનું પણ **'अणुट्ठियं'**= કર્યું છે. **'हु'**= શબ્દ વાક્યાલંકારમાં છે.

શાસનની અવહેલના અટકાવવાને માટે શ્રી **વજ્રસ્વામીએ** દેવતા આદિની પાસેથી પ્રાસુક પુષ્પો (**વજ્રસ્વામી**એ પુષ્પો જાતે ચુંટ્યા નથી પણ દેવતા વગેરેએ પહેલાં જે ચુંટેલા હતા તે જ પુષ્પો) લાવીને શ્રાવકોને આપ્યા હતા અને એ રીતે દ્રવ્યસ્તવ કરાવ્યો હતો.

'वायगगंथेसु'= શ્રી **ઉમાસ્વાતિ વાચક**વિરચિત **'धर्मरत्नावलि'** આદિ ગ્રંથોમાં **'तहा'**= તે પ્રકારે દેવતાથી રક્ષણ કરાયેલા ગ્રંથોમાં **'एयगया'**= આ દ્રવ્યસ્તવ સંબંધી **'देसणा चेव'**= દેશના સંભળાય છે.

કહ્યું છે કેઃ-"અરિહંત પરમાત્માની પૂજા અને સત્કાર નિમિત્તે પુષ્પમાળાનું આરોપણ, ધૂપ, દીપક, પંખો, ચામર, છત્ર વગરેના ત્યાગને કારણે ધનવ્યય દ્વારા પેદા થાય તે ધર્મ કહેવાય"॥ **૨૮૯ ॥ ૬/૪૫**

दव्वत्थओ वि एवं आणापरतंतभावलेसेण ।
समणुगउ च्चिय णेओऽहिगारिणो सुपरिसुद्धो त्ति ॥ २९० ॥ ६/४६

છાયા :- द्रव्यस्तवोऽपि एवमाज्ञापरतन्त्र भावलेशेन ।
समनुगत एवं ज्ञेयोऽधिकारिणः सुपरिशुद्ध इति ॥ ४६ ॥

ગાથાર્થ :- ગૃહસ્થનો દ્રવ્યસ્તવ પણ ઉપર જણાવેલી નીતિથી જો આજ્ઞાના પારતંત્ર્યપણાથી અને ભાવલેશથી યુક્ત હોય તો જ તે સુપરિશુદ્ધ છે એમ જાણવું.

ટીકાર્થ :- 'दव्वत्थओ वि'= દ્રવ્યસ્તવ પણ **'एवं'**= નીતિથી **'आणापरतंतभावलेसेण'**= અહીં ભાવપ્રધાન નિર્દેશ હોવાથી **'परतंत्र'** ને બદલે ભાવવાચક પ્રત્યયવાળો **'पारतन्त्र्य'** સમજવાનો છે. અર્થાત્ આજ્ઞાના પારતન્ત્ર્યપણાથી અને ભાવલેશથીઃ- આમાં દ્વન્દ્વ સમાસમાં એકવદ્ભાવ છે તેથી એકવચન કર્યું છે. સર્વવિરતિસંબંધી મહાન ભાવની અપેક્ષાએ આમાં ભાવની અલ્પતા હોવાથી ભાવલેશ શબ્દનો પ્રયોગ કર્યો છે. **'समणुगउ च्चिय'**= યુક્ત હોય તો જ **'अहिगारिणो'**= ગૃહસ્થનો **'सुपरिसुद्धो त्ति'**= સુવિશુદ્ધસ્વરૂપવાળો **'णेओ'**= જાણવો.

જે દ્રવ્યસ્તવમાં આજ્ઞાનું પારતન્ત્ર્ય નથી. તથા જે તેવા પ્રકારના કુશળ પરિણામથી યુક્ત નથી તે સુવિશુદ્ધ કહેવાય નહિ. જેમાં આ બે દોષ ન હોય તે જ સુવિશુદ્ધ દ્રવ્યસ્તવ છે. **॥ ૨૯૦ ॥ ૬/૪૬**

આથી જ કહે છે :-

लोगे सलाहणिज्जो, विसेसजोगाउ उण्णतिणिमित्तं ।
जो सासणस्स जायइ, सो णेओ सुपरिसुद्धो त्ति ॥ २९१ ॥ ६/४७

છાયા :- लोके श्लाघनीयो विशेषयोगाद् उन्नतिनिमित्तम् ।
यः शासनस्य जायते स ज्ञेयः सुपरिशुद्ध इति ॥ ४७ ॥

ગાથાર્થ :- જૈનેતર ધર્મમાં ન સંભવે એવી ઉદારતા અને ઔચિત્યરૂપ વિશેષતાના કારણે શિષ્ટલોકમાં જે પ્રશંસનીય બને અને જેનાથી શાસનની પ્રભાવના થાય તે દ્રવ્યસ્તવ સુવિશુદ્ધ જાણવો.

ટીકાર્થ :- '**लोगे**'= બધા જ લોકોમાં '**सलाहणिज्जो**'= પ્રશંસનીય બને તેવી '**विसेसजोगाउ**'= ઉદારતા, ઔચિત્ય આદિ વિશિષ્ટ પ્રવૃત્તિ વડે '**जो**'= જે '**सासणस्स**'= જૈનદર્શનની '**उन्नतिनिमित्तं**'= પ્રભાવનાનો હેતુ '**जायइ**'= થાય છે. '**सो**'= તે '**सुपरिसुद्धो त्ति**'= ઉપર જેનું વર્ણન કરવામાં આવ્યું છે તેવો દ્રવ્યસ્તવ સુવિશુદ્ધ '**णेओ**'= જાણવો. ॥ **૨૯૧** ॥ **૬/૪૭**

દ્રવ્યસ્તવમાં શું ભાવલેશ છે જેથી તેને આ પ્રમાણે સુવિશુદ્ધ કહેવામાં આવે છે ? આનો પ્રત્યુત્તર આપતાં જણાવે છેઃ-

तत्थ पुण वंदणाइम्मि उचियसंवेगजोगओ नियमा ।
अत्थि खलु भावलेसो, अणुभवसिद्धो विहिपराणं ॥ २९२ ॥ ६/४८

છાયા :- तत्र पुनः वन्दनादौ उचितसंवेगयोगतो नियमात् ।
अस्ति खलु भावलेशोऽनुभवसिद्धो विधिपराणाम् ॥ ४८ ॥

ગાથાર્થ :- દ્રવ્યસ્તવમાં ચૈત્યવંદનાદિમાં ઉચિત સંવેગના સંબંધથી વિધિમાં તત્પર જીવોને અનુભવસિદ્ધ અવશ્ય ભાવલેશ હોય છે.

ટીકાર્થ :- '**तत्थ पुण**'= દ્રવ્યસ્તવમાં '**वंदणाइम्मि**'= વંદન, પૂજન, સત્કાર આદિ દેશવિરતિધર શ્રાવકના અનુષ્ઠાનમાં '**उचियसंवेगजोगओ**'= તે તે પ્રવૃત્તિથી જન્ય સંવેગના સંબંધથી '**नियमा**'= અવશ્ય પણે '**भावलेसो**'= છૂપાવી ન શકાય એવો અધ્યવસાયનો લેશ '**अणुभवसिद्धो**'=પોતાને અનુભવથી સિદ્ધ '**विहिपराणं**'= વિધિમાં તત્પર જીવોને-વિધિમાં પ્રવૃત્ત '**अत्थि खलु**'= નિશ્ચે હોય છે ॥ **૨૯૨** ॥ **૬/૪૮**

ભાવનો અંશ અનુભવસિદ્ધ કેવી રીતે હોય છે ? તે કહે છે :-

दव्वत्थयारिहत्तं, सम्मं णाऊण भयवओ तंमि ।
तह उ पयट्टंताणं, तब्भावाणुमइओ सो य ॥ २९३ ॥ ६/४९

છાયા :- द्रव्यस्तवार्हत्वं सम्यग् ज्ञात्वा भगवतः तस्मिन् ।
तथा तु प्रवर्तमानानां तद्भावानुमतितः स च ॥ ४९ ॥

ગાથાર્થ :- સમગ્ર ઐશ્વર્યાદિગુણોથી યુક્ત ભગવાનનો પૂજન-સત્કારાદિથી દ્રવ્યસ્તવ કરવો તે ઉચિત છે એમ સમ્યગ્ જાણીને તેમના ગુણો પ્રત્યેના અનુરાગથી અર્થાત્ એ સ્વરૂપ ભાવસ્તવની અનુમતિથી દ્રવ્યસ્તવમાં તેવા પ્રકારની વિધિથી પ્રવર્તનાર શ્રાવકને દ્રવ્યસ્તવજન્ય ભાવલેશ હોય છે. આથી દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ બંને પરસ્પર સંકળાયેલા છે એ સિદ્ધ થાય છે.

ટીકાર્થ :- '**भगवओ**'= સમ્યગ્ ઐશ્વર્યાદિથી યુક્ત ભગવાનના '**दव्वत्थयारिहत्तं**'= દ્રવ્યસ્તવને વિશે પોતાનું યોગ્યપણું '**सम्मं**'= સમ્યગ્ '**नाऊणं**'= જાણીને '**तम्मि**'= દ્રવ્યસ્તવમાં '**तह उ**'= તેવા પ્રકારે '**पयट्टंताणं**'= વિધિથી પ્રવૃત્તિ કરનારને '**तब्भावाणुमतिओ**'= ભાવસ્તવના ભાવની અનુમતિથી અર્થાત્ ગુણોના અનુરાગથી (= **प्रतिबन्धाद्**) '**सो य**'= પ્રસ્તુત દ્રવ્યસ્તવ દ્વારા ભાવલેશ થાય છે.

આથી સિદ્ધ થાય છે કે દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ પરસ્પર સંકળાયેલા છે. ॥ **૨૯૩** ॥ **૬/૪૯**

આથી જ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની કર્તવ્યતાનું નિરૂપણ કરતાં કહે છે :-

अलमेत्थ पसंगेणं, उचियत्तं अप्पणो मुणेऊणं ।
दो वि इमे कायव्वा, भवविरहत्थं बुहजणेणं ॥ २९४ ॥ ६/५०

છાયા :- अलमत्र प्रसङ्गेन उचितत्वम् आत्मनो ज्ञात्वा ।
द्वावपि इमौ कर्तव्यौ भवविरहार्थं बुधजनेन ॥ ५० ॥

ગાથાર્થ :- અહીં પ્રસંગથી સર્યું. બુદ્ધિમાન માણસે સંસારનો અંત લાવવા માટે પોતાની યોગ્યતા જાણીને દ્રવ્ય-ભાવ બંને સ્તવ કરવા જોઈએ.

ટીકાર્થ :- '**एत्थ**'= અહીં '**पसंगेणं**'= પ્રસંગથી '**अलं**'= સર્યું. '**अप्पणो**'= પોતાનું '**उचियत्तं**'= અધિકારીપણાની અપેક્ષાએ યોગ્યપણું '**मुणेऊणं**'=જાણીને '**दो वि इमे**'= દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ બંને '**भवविरहत्थं**'= સંસારનો અંત લાવવા માટે '**बहुजणेणं**'= સાધુ અને શ્રાવકે '**कायव्वा**'= કરવા જોઈએ. ॥ ૨૯૪ ॥ ૬/૫૦

॥ છઠ્ઠું દ્રવ્યસ્તવ નામનું પંચાશક પૂર્ણ થયું. ॥

• • •

॥ सप्तमं जिनभवनविधि-पञ्चाशकम् ॥

छट्ठा पंचाशकमां जिनभवनादिनिर्माणस्वरूप द्रव्यस्तव कह्यो. हवे ते जिनभवन कराववा संबंधी विधिनो आ पंचाशकमां उपदेश आपतां कहे छे :-

नमिऊण वद्धमाणं, वोच्छं जिणभवणकारणविहाणं ।
संखेवओ महत्थं, गुरूवएसाणुसारेणं ॥ २९५ ॥ ७/१

छाया :- **नत्वा वर्धमानं वक्ष्ये जिनभवनकारणविधानम् ।**
सङ्क्षेपतो महार्थं गुरूपदेशानुसारेण ॥ १ ॥

गाथार्थ :- **श्री वर्धमानस्वामीने** नमस्कार करीने महान अर्थवाळी जिनभवननी विधिने गुरुभगवंतना उपदेशना अनुसारे हुं संक्षेपथी कहीश.

टीकार्थ :- '**वद्धमाणं**'= जेमनुं प्रवचन पोताना गुणो वडे वृद्धि पामतुं छे एे **वर्धमानस्वामी**ने '**नमिऊण**'= नमस्कार करीने '**महत्थं**'= जे परंपराएे मुक्तिनुं कारण बनती होवाथी महान प्रयोजनवाळी छे ते '**जिणभवणकारणविहाणं**'= जिनभवनने कराववानी विधिने '**गुरूवएसाणुसारेणं**'= आगमना जाणकार अने सदनुष्ठानमां तत्पर एवा आचार्यभगवंतनी परंपराथी प्राप्त थता वचनने अनुसारे '**संखेवओ**'= संक्षेपथी '**वोच्छं**'= कहीश. ॥ २९५ ॥ ७/१

ते विधिने ज संक्षेपथी कहे छे :-

अहिगारिणा इमं खलु कारेयव्वं विवज्जए दोसो ।
आणाभंगाउ च्चिय धम्मो आणाए पडिबद्धो ॥ २९६ ॥ ७/२

छाया :- **अधिकारिणा इदं खलु कारयितव्यं विपर्यये दोषः ।**
आज्ञाभङ्गादेव धर्म आज्ञायां प्रतिबद्धः ॥ २ ॥

गाथार्थ :- जिनमंदिर कराववानी योग्यतावाळा जीवे ज जिनमंदिर करावq जोईएे. जो योग्यता रहित जीव जिनभवन करावे तो भगवाननी आज्ञानो भंग थतो होवाथी अशुभ कर्मबंधरूप दोष लागे छे, कारणके आज्ञाना पालनमां ज धर्म छे.

टीकार्थ :- '**अहिगारिणा**'= शास्त्रमां कहेवायेली योग्यतावाळा जीवे ज '**इमं**'= आ जिनमंदिर '**खलु**'= निश्चे '**कारेयव्वं**'= करावq जोईएे- योग्यता वगरना जीवे करावq न जोईएे. '**विवज्जए**'= तेनाथी विपरीत करवामां अर्थात् अनधिकारी जो जिनमंदिर करावे तो - अपराध थाय छे. '**आणाभंगाउ**'= आज्ञानी विराधना करवाथी '**च्चिय**'= निश्चे, '**दोसो**'= शास्त्रवचनथी विरुद्ध करवाना कारणे दोष थाय छे '**धम्मो**'= धर्म '**आणाए**'= आज्ञानी साथे '**पडिबद्धो**'= नियत संबंधवाळो छे. ज्यां आज्ञानुं पालन छे त्यां धर्म छे. ज्यां आज्ञानुं पालन नथी त्यां धर्म नथी माटे आज्ञानी साथे धर्म प्रतिबद्ध छे एेम कहेवाय छे. ॥ २९६ ॥ ७/२

आराहणाइ तीए, पुण्णं पावं विराहणाए उ ।
एवं धम्मरहस्सं, विण्णेयं बुद्धिमंतेहिं ॥ २९७ ॥ ७/३

छाया :- **आराधनया तस्याः पुण्यं पापं विराधनया तु ।**
एतद्धर्मरहस्यं विज्ञेयं बुद्धिमद्भिः ॥ ३ ॥

ગાથાર્થ :- બુદ્ધિશાળી પુરુષોએ ધર્મનું આ રહસ્ય જાણવું કે આજ્ઞાની આરાધના કરવાથી પુણ્યકર્મનો બંધ થાય છે અને તેની વિરાધના કરવાથી પાપકર્મનો બંધ થાય છે.

ટીકાર્થ :- '**तीए**'= આજ્ઞાનું '**आराहणाए**'= પાલન કરવાથી '**पुण्णं**'= પુણ્યનો બંધ થાય છે. '**विराहणाए उ**'= તેનું પાલન ન કરવાથી '**पावं**'= પાપનો બંધ થાય છે. '**एवं**'= આ કહેવામાં આવ્યું તે '**बुद्धिमंतेहिं**'= બુદ્ધિમાન પુરુષોએ '**धम्मरहस्सं**'= ધર્મનું રહસ્ય '**विण्णेयं**'= જાણવું. ॥ ૨૯૭ ॥ ૭/૩

જિનમંદિરને અધિકારી પુરુષે જ કરાવવું જોઈએ એમ કહેવામાં આવ્યું છે. તો તેનો અધિકારી કોણ છે ? તે બે ગાથા દ્વારા જણાવે છે :-

अहिगारी उ गिहत्थो, सुहसयणो वित्तसंजुओ कुलजो ।
अक्खुद्दो धिइबलिओ, मतिमं तह धम्मरागी य ॥ २९८ ॥ ७/४

છાયા :- अधिकारी तु गृहस्थः शुभस्वजनो वित्तसंयुतः कुलजः ।
अक्षुद्रो धृतिबलिको मतिमान् तथा धर्मरागी च ॥ ४ ॥

गुरुपूयाकरणरई, सुस्सूसाइगुणसंगओ चेव ।
णायाऽहिगयविहाणस्स धणियमाणप्पहाणो य ॥ २९९ ॥ ७/५ जुग्गं ।

છાયા :- गुरुपूजाकरणरतिः शुश्रूषादिगुणसङ्गतश्चैव ।
ज्ञाताधिकृतविधानस्य धनिकमाज्ञाप्रधानश्च ॥ ५ ॥ युग्मम् ।

ગાથાર્થ :- જે ગૃહસ્થ શ્રાવકધર્મમાં રક્ત હોય, ધર્મ અને લોકવ્યવહારમાં કુશળ એવા સ્વજનના પરિવારવાળો હોય, ન્યાયનીતિથી ઉપાર્જિત કરેલા ધનવાળો હોય, ઉત્તમ કુળમાં જન્મેલો હોય, ઉદાર હોય, ધૃતિબળથી યુક્ત હોય, ઔત્પાતિકી આદિ બુદ્ધિસંપન્ન હોય તેમ જ ધર્મનો રાગી હોય, લૌકિક અને લોકોત્તર ગુરુજનની પૂજા કરવાની પ્રીતિવાળો હોય, શુશ્રુષાદિ ગુણોથી યુક્ત હોય,જિનભવનને કરાવવા સંબંધી વિધિનો જ્ઞાતા હોય અને અત્યંત આજ્ઞાપ્રધાન હોય તે જ જિનભવન કરાવવાને માટે અધિકારી છે.

ટીકાર્થ :- '**अहिगारी उ**'= જિનભવનાદિ કરાવવા માટે અધિકારી વળી '**गिहत्थो**'= શ્રાવકધર્મમાં રક્ત એવો ગૃહસ્થ '**सुहसयणो**'= ધર્મ તેમજ લોકધર્મના વ્યવહારમાં તત્પર એવા કુશલ સ્વજનોના પરિવારવાળો હોય, '**वित्तसंजुओ**'= ન્યાયનીતિથી ઉપાર્જિત ધનવાળો હોય, '**कुलजो**'= શુદ્ધ વંશમાં જન્મેલો અર્થાત્ ઉત્તમ કુળમાં જન્મેલો હોય, '**अक्खुद्दो**'= કૃપણ ન હોય, '**धिइबलिओ**'= ધૃતિબળથી સંપન્ન હોય, '**मतिमं**'= ઔત્પાતિકી આદિ બુદ્ધિનો સ્વામી હોય, અથવા પૂર્વાપરનો અર્થાત્ આગળપાછળનો વિચાર કરીને કાર્ય કરનાર હોય, '**तह**'= તથા '**धम्मरागी य**'= ધર્મનો રાગી હોય.

'**गुरुपूयाकरणरई**'= ગુરુ એટલે પૂજ્ય પુરુષો, તેમાં લૌકિક અને લોકોત્તર બંને પ્રકારના પૂજ્ય પુરુષોનો સમાવેશ થાય છે, પિતા વગેરે તથા વયોવૃદ્ધ પુરુષો એ લૌકિક પૂજ્યો છે. ધર્માચાર્ય વગેરે લોકોત્તર પૂજ્યો છે. તે બધા પૂજ્યોને જે જે રીતે પ્રસન્નતા પ્રાપ્ત થાય તે તે રીતે ચેષ્ટા કરે. ગુરુજનની પૂજા કરવામાં રતિવાળો હોવાથી, '**सुस्सूसाइगुणसंगओ चेव**'= શુશ્રૂષાદિ બુદ્ધિના આઠ ગુણોથી યુક્ત હોય.

આચારોપદેશની ૪૩મી ગાથામાં કહ્યું છે કે-

(૧) **શુશ્રૂષા**= તત્ત્વ સાંભળવાની ઈચ્છા, (૨) **શ્રવણ**= ઉપયોગપૂર્વક તત્ત્વ સાંભળવું, (૩) **ગ્રહણ**=

સાંભળેલા તત્ત્વને સમજવું, (૪) **ધારણા**= કરેલ અર્થને યાદ રાખવો, (૫) **ઉહ**= ધારણ કરેલ અર્થ શેમાં કેવી રીતે ઘટે છે તેની વિચારણા કરવી. (૬) **અપોહ**= ધારણ કરેલ અર્થ શેમાં કેવી રીતે નથી ઘટી શકતો તે વિચારવું. (૭) **અર્થવિજ્ઞાન**= ઉહ્-અપોહથી થયેલું તથા ભ્રમ, સંશય અને વિપર્યાસથી રહિત યથાર્થજ્ઞાન, (૮) **તત્ત્વજ્ઞાન**= અર્થવિજ્ઞાનથી થયેલ જ્ઞાનનો "આ આમ જ છે" એવો નિર્ણય કરવો. આ આઠ બુદ્ધિના ગુણો છે. તેનાથી યુક્ત હોય;

'**अहिगयविहाणस्स**'= જિનભવન કરાવવાની વિધિનો '**णाया**'= જ્ઞાતા હોય '**धणियं आणप्पहाणो य**'= આગમને જ પ્રધાન ગણનારો અર્થાત્ આગમને મુખ્ય રાખીને તદનુસાર પ્રવૃત્તિ કરનાર હોય, તે જિનભવનને કરાવવાનો અધિકારી છે. ॥ ૨૯૯ ॥ ૭/૫

एसो गुणड्ढिजोगा, अणेगसत्ताण तीइ विणिओगा ।
गुणरयणवियरणेणं, तं कारिंतो हियं कुणइ ॥ ३०० ॥ ७/६

छाया :- एष गुणर्द्धियोगाद् अनेकसत्त्वानां तस्या विनियोगात् ।
गुणरत्नवितरणेन तत् कारयन् हितं करोति ॥ ६ ॥

ગાથાર્થ :- આ અધિકારી જીવ અનેક ગુણોથી સમૃદ્ધ હોવાથી પોતાના દરેક કાર્યોમાં તે તે ગુણોનો વિનિયોગ કરતો હોવાથી તેના દરેક કાર્યો ગુણોથી સમૃદ્ધ હોવાથી જિનભવનને કરાવવા દ્વારા અનેક જીવોને સમ્યગ્દર્શનાદિ ગુણરત્નોની પ્રાપ્તિ કરાવીને તેમનું હિત કરે છે.

ટીકાર્થ :- '**एसो**'= આ અધિકારી જીવ '**गुणड्ढिजोगा**'= ગુણસમૃદ્ધિથી યુક્ત હોવાથી '**तीइ**'= તે ગુણસમૃદ્ધિના '**विणिओगा**'= વ્યાપારથી '**तं**'= તે જિનભવનને '**कारिंतो**'= કરાવતો '**गुणरयणवियरणेणं**'= પુણ્યાનુબંધી પુણ્ય, સમ્યક્ત્વાદિ ગુણરત્નોને પ્રાપ્ત કરાવવા દ્વારા '**अणेगसत्ताण**'= અનેક જીવોનું '**हियं**'= હિત '**कुणइ**'= કરે છે. અનેક જીવોને સમ્યગ્ દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ કરાવે છે. ॥ ૩૦૦ ॥ ૭/૬

જિનભવનથી અનેક જીવોને ગુણોની પ્રાપ્તિ થાય છે તે કહે છે :-

तं तह पवत्तमाणं, दट्ठुं केइ गुणरागिणो मग्गं ।
अण्णे उ तस्स बीयं, सुहभावाओ पवज्जंति ॥ ३०१ ॥ ७/७

छाया :- तं तथा प्रवर्तमानं दृष्ट्वा केचिद् गुणरागिणो मार्गम् ।
अन्ये तु तस्य बीजं शुभभावात् प्रपद्यन्ते ॥ ७ ॥

ગાથાર્થ :- તે અધિકારી જીવને જિનભવન કરાવવામાં શાસ્ત્રની વિધિ મુજબ પ્રવૃત્તિ કરતો જોઈને કેટલાક ગુણાનુરાગી જીવો શુભ અધ્યવસાયથી સમ્યગ્ દર્શનાદિ સ્વરૂપ માર્ગને પામે છે તો બીજા કેટલાક જીવો બોધિબીજને પામે છે.

ટીકાર્થ :- '**तं**'= તે અધિકારીને '**तह**'= તે પ્રમાણે શાસ્ત્રની વિધિમુજબ '**पवत्तमाणं**'= જિનભવન કરવામાં પ્રવૃત્તિ કરતાં '**दट्ठुं**'= જોઈને '**केइ**'= કેટલાક '**गुणरागिणो**'= ગુણાનુરાગી જીવો '**मग्गं**'= સમ્યગ્ દર્શનાદિસ્વરૂપ માર્ગને તેમજ '**अण्णे उ**'= બીજા જીવો '**सुहभावाओ**'= શુભ અધ્યવસાયોથી '**तस्स**'= તે સમ્યગ્ દર્શનાદિ માર્ગના '**बीयं**'= જૈન શાસનની પ્રશંસા કરવા દ્વારા બોધિબીજને '**पवज्जंति**'= પામે છે. ॥ ૩૦૧ ॥ ૭/૭

गुणानुरागी जीवोनो शुभभाव शाथी प्रशंसनीय बने छे ? ते कहे छे :-

जो च्चिय सुहभावो खलु, सव्वन्नुमयम्मि होइ परिसुद्धो ।
सो च्चिय जायइ बीयं, बोहीए तेणणाएण ॥ ३०२ ॥ ७/८

छाया :- य एव शुभभावः खलु सर्वज्ञमते भवति परिशुद्धः ।
स एव जायते बीजं बोधेः स्तेनज्ञातेन ॥ ८ ॥

गाथार्थ :- જિનશાસનની પ્રશંસાદિ કરવા સ્વરૂપ કર્મની લઘુતાના કારણે જે પરિશુદ્ધ શુભભાવ થાય છે તે પરિશુદ્ધ શુભભાવ જ સમ્યગ્ દર્શનનું બીજ બને છે. આ વિષયમાં ચોરનું દૃષ્ટાંત છે.

टीकार्थ :- '**जो च्चिय**'= જે નિશ્ચે '**परिसुद्धो**'= કર્મમળનો હ્રાસ થવાથી અને જીવવીર્યનો ઉત્કર્ષ થવાથી પરિશુદ્ધ '**सुहभावो**'= જૈનશાસનની પ્રશંસાદિ કરવા સ્વરૂપ શુભભાવ '**खलु**'= આ શબ્દ વાક્યાલંકાર માટે છે, '**सव्वन्नुमयम्मि**'= સર્વજ્ઞના શાસનસંબંધી '**होइ**'= થાય છે '**सो च्चिय**'= તે જ શુભભાવ '**बोहीए**'= સમ્યગ્ દર્શન સ્વરૂપ બોધિના લાભનું '**बीयं**'= કારણ, બીજ '**तेणणाएण**'= ચોરના દૃષ્ટાંતથી '**जायइ**'= થાય છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે :-

અહીં સમાન વયવાળા, મજબૂત સંઘયણવાળા અને પુરુષાર્થથી સાહસિક બનેલા બે ચોરો પહેલી જ વખત ચોરી કરવા ગયા ત્યાં જ તેવા પ્રકારની ભવિતવ્યતાના કારણે તેમજ તેઓના પાપકર્મના ઉદયથી રાજપુરુષોએ તેમને પકડી લીધા. તેમને પકડીને સાધુના ઉપાશ્રયની બાજુમાં થઈને નિગ્રહસ્થાને લઈ જતા હતા તેમાં એ બેમાંથી એક ચોરને સાધુની ક્રિયાને જોવાથી તેઓનું નિરાકુળપણું જાણીને મનમાં એવો વિચાર આવ્યો કે, "અહો ! આ સાધુઓને ધન્ય છે કે જેઓ હંમેશા ધર્મમાં જ રક્ત ચિત્તવાળા પોતાના કલ્યાણની જ પ્રવૃત્તિ કરી રહ્યાં છે જ્યારે અમારા જેવા તો ચોરીની પ્રવૃત્તિ કરનારા, સંક્લિષ્ટ મન વડે આલોકમાં પાપકાર્યના ફળના વિપાકને અનુભવતા, સુખને ભોગવતા નથી. ઉલ્ટું તેવા પ્રકારના લોકો વડે ઉપહાસ કરાતા, વિદ્વાન પુરુષોને માટે કરુણાના પાત્ર બનેલા, પોતાના દોષોના કારણે સંતાપ પામેલા દુઃખને જ ભોગવીએ છીએ. તેથી આ સાધુઓનું જીવન સફળ છે, અમારું નહિ."

બીજા ચોરને આ સાધુઓને જોઈને તેવા પ્રકારની રુચિનો પરિણામ પ્રાપ્ત થયો નહિ. પરંતુ ભારેકર્મીપણાથી તેમજ જીવવીર્યનો ઉત્કર્ષ ન થવાથી માત્ર ઉદાસીનભાવ જ પ્રાપ્ત થયો, આમ તે બંનેના અધ્યવસાયનો ભેદ હોવાથી સાધુની પ્રશંસા કરનાર ચોરે બોધિની પ્રાપ્તિ કરાવે એવું કર્મ બાંધ્યું અને ઉદાસીનભાવ રાખનાર બીજા ચોરે બોધિની પ્રાપ્તિ કરાવે એવું કર્મ ન બાંધ્યું.

હવે પરનિંદાનો ત્યાગ કરનારા આ બંને ચોરને અંત સમયે અતિક્લિષ્ટ પરિણામનો અભાવ હતો, વળી મૃદુસ્વભાવના કારણે મનુષ્યગતિ પ્રાયોગ્ય કર્મબંધ થયો. તેમજ કથંચિત્ ઉચ્ચગોત્રના વિપાકથી અને દાનાદિ શુભ કાર્યોથી બંધાયેલ પુણ્યકર્મના કારણે મનુષ્ય આયુષ્યનો બંધ થયો. જેથી **कौशाम्बी** નગરીમાં ભોગસંપત્તિથી યુક્ત એવા જુદા જુદા બે શ્રેષ્ઠિકુળમાં બંનેનો જન્મ થયો. ત્યાં પૂર્વભવના અભ્યાસ અને સંસ્કારના કારણે તે બંને વચ્ચે પરસ્પર ખૂબજ મૈત્રીભાવ હતો. બાળપણમાં સાથે જ બાળક્રીડા કરતા હતા ત્યારથી માંડીને નિરંતર સાથે ને સાથે જ તેઓ રહેતા હતા. બંનેએ એકસરખી કળા અને શિલ્પનું ગ્રહણ કર્યું હતું. બંનેના લગ્ન પણ એક જ સમયે થયા હતા. બંનેને સમાન જ આરંભ-પરિગ્રહ હતો. બંને જણા સાથે બેસીને જ જમતા હતા, સાથે જ હરતા ફરતા હતા. દરેક કાર્યમાં દરેક સમયે બંનેની ચિત્તવૃત્તિ સ્વયમેવ જ એકસરખી રહેતી હતી. તેમની આકૃતિ અને વિચારોનું

સમાનપણું જોઈને લોકોએ તેમનુ સાર્થક નામ પાડ્યું કે, "આ બંને **'સમચિત્ત'** છે." આ પ્રમાણે પરસ્પરની પ્રીતિપૂર્વક તેઓનો ઘણો કાળ પસાર થઈ ગયો.

હવે એક વખત ત્રણ લોકમાં માત્ર દીપક સમાન, સર્વજ્ઞ, સર્વદર્શી, પ્રાણીઓનું હિત કરવામાં તત્પર, ઈક્ષ્વાકુવંશરૂપી આકાશમાં ચંદ્ર સમાન ભગવાન **વર્ધમાનસ્વામી કૌશામ્બી** નગરીમાં સમવસર્યા. ત્યારે દેવ-દાનવ અને નરેન્દ્રો પણ આ ભગવાનનો મહિમા કરી રહ્યા છે. વળી તે સર્વલોકમાં પ્રસિદ્ધ છે અને સર્વસંશયને છેદનારા છે એમ જાણીને આ બંને મિત્રો તેમને વંદન કરવા માટે ગયા. ત્યારે ગયા ભવમાં સાધુજીવનની જેણે પ્રશંસા કરી હતી તે મિત્રને ભગવાનને વંદન કરતા અને તેમની દેશના સાંભળતા અપૂર્વ વિસ્મયપૂર્વકનો હર્ષનો અતિરેક થવાથી સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થઈ. ગયા ભવમાં સાધુજીવનના પ્રત્યે ઉદાસીનભાવ રાખનાર બીજા મિત્રને અત્યારે ભગવાનની દેશના સાંભળતા પણ ઉદાસીનભાવ જ કાયમ રહ્યો, શુભભાવની વૃદ્ધિ ન થઈ જેથી સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થઈ નહિ.

આ ચોરના દૃષ્ટાંતનું તાત્પર્ય એ છે કે શુભભાવના કારણે એક ચોર બીજા ભવમાં **કૌશામ્બી** નગરીમાં વણિક થઈને બોધિને પામ્યો. જ્યારે બીજો ચોર શુભભાવના અભાવના કારણે બીજા ભવમાં બોધિને પામ્યો નહિ. એમ જે કહેવામાં આવ્યું તે એ અર્થનું જ સમર્થન કરે છે કે શુભભાવ એ બોધિબીજનું કારણ છે.

આથી એ નક્કી થાય છે કે જિનભવન એ શુભભાવની ઉત્પત્તિનું કારણ હોવાથી જિનભવનને કરાવનાર બીજા જીવોને સમકિત પમાડે છે. ॥ ૩૦૨ ॥ ૭/૮

હવે જિનભવન કરાવવાની વિધિ કહે છે :-

जिणभवणकारणविही, सुद्ध भूमी १ दद्धा च कट्ठादी २ ।
भियगाणइसंधाणं३ सासयवुड्ढी४ य जयणा५ य ॥ ३०३ ॥ ७/९

છાયા :- जिनभवनकारणविधिः शुद्धा भूमिः दलं च काष्ठादि ।
भृतकानतिसंधानं स्वाशयवृद्धिश्च यतना च ॥ ९ ॥

ગાથાર્થ :- (૧) ભૂમિશુદ્ધિ, (૨) દળશુદ્ધિ, (૩) કર્મકરોને છેતરવા નહિ, (૪) શુભાશયની વૃદ્ધિ અને (૫) જયણા. આ જિનભવન કરાવવાની વિધિ છે.

ટીકાર્થ :- '**सुद्धा भूमी**'= શુદ્ધ ભૂમિ, '**दलं च कट्ठादी**'= શુદ્ધ કાષ્ઠ આદિ દળ '**भियगाणइसंधाणं**'= કર્મકરોને છેતરવા નહિ, '**सासयवुड्ढी**'= કુશળ પરિણામની વૃદ્ધિ, વિવેકની વૃદ્ધિ કરવી, '**जयणा**'= કાળને ઉચિત સંભવિત ઓછામાં ઓછા દોષોનું સેવન કરવા સ્વરૂપ જયણા, '**जिणभवणकारणविही**'= આ જિનભવનને કરાવવાની વિધિ છે. ॥ ૩૦૩ ॥ ૭/૯

दव्वे भावे य तहा, सुद्धा भूमी पएसऽकीला य ।
दव्वेऽपत्तिगरहिया, अण्णेसिं होइ भावे उ ॥ ३०४ ॥ ७/१०

છાયા :- द्रव्ये भावे च तथा शुद्धा भूमिः प्रदेशाकीला च ।
द्रव्ये अप्रीतिकरहिता अन्येषां भवति भावे तु ॥ १० ॥

ગાથાર્થ :- દ્રવ્યથી શુદ્ધ અને ભાવથી શુદ્ધ એમ બે પ્રકારની શુદ્ધ ભૂમિ છે. સાધુ અને શ્રાવકોને વસવા લાયક ઉચિત સ્થાન હોય ત્યાં જિનમંદિર બંધાવવું જોઈએ તેમજ તે સ્થાનમાં હાડકાં, ખીલાં

વગેરે અશુભ પદાર્થો ન હોવા જોઈએ. આ દ્રવ્યથી શુદ્ધ ભૂમિ છે. જ્યાં જિનમંદિર બંધાવવાથી તેની નજીકમાં રહેનાર અન્યલોકોને અપ્રીતિ ન થાય તે ભાવથી શુદ્ધ ભૂમિ છે.

ટીકાર્થ :- '**दव्वे**'= દ્રવ્યથી શુદ્ધ '**य**'= અને '**भावे**'= ભાવથી શુદ્ધ '**तहा**'= તે બે પ્રકારે '**सुद्धा भूमी**'= શુદ્ધ ભૂમિ છે. '**पएस**'= સાધુ અને શ્રાવકજનોને ઉચિત વસવા લાયક સ્થાન હોય '**अकीला य**'= હાડકાં, ખીલાં વગેરે અશુભ પદાર્થોથી રહિત હોય તેમજ **वास्तुविद्या** પ્રમાણે બધી જ રીતે યોગ્ય હોય '**दव्वे**'= તે દ્રવ્યથી શુદ્ધ ભૂમિ છે. '**अण्णेसिं**'= નજીકમાં રહેનાર મનુષ્ય આદિને '**अपत्तिगरहिया**'= અપ્રીતિથી રહિત હોય તે '**भावे उ**'= ભાવથી શુદ્ધ ભૂમિ '**होइ**'= થાય છે. ॥ ૩૦૪ ॥ ૭/૧૦

જિનભવન કરાવવામાં ભૂમિશુદ્ધિની શી જરૂર છે ? તેના હેતુ કહે છે :-

अपदेसंमि ण वुड्ढि, कारवणे जिणघरस्स ण य पूया ।
साहूणमणणुवाओ, किरियानासो उ अववाए ॥ ३०५ ॥ ७/११

છાયા :- अप्रदेशे न वृद्धिः कारणे जिनगृहस्य न च पूजा ।
साधूनामननुपातः क्रियानाशस्तु अवपाते ॥ ११ ॥

ગાથાર્થ :- જે પ્રદેશ અપલક્ષણથી યુક્ત હોય અને અસદાચારી લોકોના વસવાટવાળો હોય એવા શાસ્ત્રનિષિદ્ધ અપ્રશસ્ત સ્થાનમાં જિનમંદિર કરાવવામાં આવે તો જિનમંદિરના પ્રભાવની વૃદ્ધિ થતી નથી. તેમાંની પ્રતિમાઓની પૂજા થતી નથી. એવા અપ્રશસ્ત સ્થાનમાં સાધુઓ આગમન કરતા નથી અને કદાચ તેઓ આવે તો તેઓના આચારનો નાશ થાય છે.

ટીકાર્થ :- '**अपदेसंमि**'= શાસનમાં નિષેધ કરાયેલા અપ્રશસ્ત પ્રદેશમાં '**जिणघरस्स**'= જિનમંદિરને '**कारवणे**'= કરાવવામાં '**ण वुड्ढि**'= પ્રતિદિન વૃદ્ધિ થતી નથી. '**न य पूया**'= તેમાં રહેલા જિનબિંબોની પૂજા થતી નથી. '**साहूणमणणुवाओ**'= સાધુઓનું આગમન ન થાય. '**अववाए**'= એવા અપ્રશસ્ત સ્થાનમાં આવવાથી, હલકા લોકોનો સમાગમ થવાથી, '**किरियानासो उ**'= સાધુના આચારનો નાશ થાય. અપ્રશસ્ત સ્થાનમાં જિનભવન કરાવવાથી આ દોષોનો સંભવ છે.॥ ૩૦૫ ॥ ૭/૧૧.

અપ્રશસ્ત સ્થાનમાં જિનભવન કરાવવાથી બીજા આ દોષોનો પણ સંભવ છે. તે કહે છે :-

सासणगरहा लोए, अहिगरणं कुत्थियाण संपाए ।
आणादीया दोसा, संसारनिबंधणा घोरा ॥ ३०६ ॥ ७/१२

છાયા :- शासनगर्हा लोके अधिकरणं कुत्सितानां सम्पाते ।
आज्ञादयो दोषाः संसारनिबन्धना घोराः ॥ १२ ॥

ગાથાર્થ :- અપ્રશસ્ત સ્થાનમાં જિનભવન કરાવવાથી શાસનની હીલના થાય છે. નિન્દ્ય-હલકા લોકોના આવવાથી તેમની સાથે કલહ થાય છે. વળી સંસારવૃદ્ધિના કારણભૂત ભયંકર આજ્ઞાભંગાદિ દોષો લાગે છે.

ટીકાર્થ :- '**सासणगरहा लोए**'= લોકોમાં જૈનશાસનની નિંદા થાય છે કે "આ જૈનલોકો તદ્દન હલકા લોકો છે જેથી આવા કૂતરાને યોગ્ય એવા હલકા સ્થાનને ગ્રહણ કરે છે." '**अहिगरणं**'= કલહ થાય છે. '**कुत्थियाण**'= હલકા નિંદ્ય લોકોના '**संपाए**'= સમાગમથી, દારૂ પીનારા વગેરે હલકા લોકો

જિનમંદિરમાં આવીને ભગવાનની આશાતના કરે, તેમને રોકવામાં આવે તો તેઓ ઝઘડો કરે છે. **'आणादीया'**= આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના નામના **'संसारनिबंधणा'**= સંસારનું નિર્માણ કરનાર અર્થાત્ સંસારમાં રખડાવનાર, સંસારના કારણભૂત **'घोरा'**= પરિણામે ભયંકર **'दोसा'**= દોષો લાગે છે. ॥ ૩૦૬ ॥ ૭/૧૨

कीलादिसल्लजोगा, होंति अणिव्वाणमादिया दोसा ।
एएसि वज्जणट्ठा, जइज्ज इह सुत्तविहिणा उ ॥ ३०७ ॥ ७/१३

छाया :- कीलादिशल्ययोगाद् भवन्ति अनिर्वाणादयो दोषाः ।
एतेषां वर्जनार्थं यतेत इह सूत्रविधिना तु ॥ १३ ॥

ગાથાર્થ :- જિનમંદિરની ભૂમિમાં નીચે ખીલો કોઈ હાડકાં વગેરે અશુભ વસ્તુરૂપ શલ્ય રહ્યાં હોય તો, દૂર કરવામાં ન આવ્યા હોય તો અશાંતિ, ધનની હાનિ, કાર્યમાં અસફળતા, વગેરે દોષો થાય છે. માટે આ દોષોને દૂર કરવા માટે આગમમાં બતાવેલ વિધિ પ્રમાણે પ્રયત્ન કરવો જોઈએ.

ટીકા :- **'कीलादिसल्लजोगा'**= જિનભવનની નીચેની ભૂમિમાં જો ખીલો વગેરે શલ્ય હોય તો- 'આદિ' શબ્દથી કોલસો, હાડકાં વગેરે અશુભ પદાર્થનું ગ્રહણ કરાય છે. **'अनिव्वाणमादिया'**= અશાંતિ, ધનહાનિ, કાર્યમાં અસફળતા વગેરે **'दोसा'**= દોષો **'होंति'**= થાય છે. **'एएसि'**=આ દોષોના **'वज्जणट्ठा'**= વર્જન માટે **'इह'**= અહીં ભૂમિશુદ્ધિમાં **'सुत्तविहिणा उ'**= આગમની નીતિથી **'जएज्ज'**= પ્રયત્ન કરે. ॥ ૩૦૭ ॥ ૭/૧૩

અન્ય કોઈ લોકોને અપ્રીતિ ન થાય એવા સ્થાનમાં જિનભવન કરાવવાની શાસ્ત્રવિધિ છે. આ ભાવથી શુદ્ધ ભૂમિ છે એમ જે પહેલાં કહેવાયું છે તે વિષયમાં કહે છે :-

धम्मत्थमुज्जएणं, सव्वस्सापत्तियं न कायव्वं ।
इय संजमोऽवि सेओ, एत्थ य भयवं उदाहरणं ॥ ३०८ ॥ ७/१४

छाया :- धर्मार्थमुद्यतेन सर्वस्याप्रीतिकं न कर्तव्यम् ।
इति संयमोऽपि श्रेयानत्र च भगवान् उदाहरणम् ॥ १४ ॥

ગાથાર્થ :- ધર્મમાં ઉદ્યમ કરનાર જીવે કોઈને પણ અપ્રીતિ થાય એવું વર્તન ન કરવું જોઈએ. અપ્રીતિના ત્યાગથી સંયમ પણ પ્રશંસનીય બને છે. આ વિષયમાં ભગવાન **મહાવીરસ્વામી**નું ઉદાહરણ છે.

ટીકાર્થ :- **'धम्मत्थं'**= ધર્મને માટે **'उज्जएणं'**= ઉદ્યમ કરનારે **'सव्वस्स'**= બધાને જ અર્થાત્ કોઈપણ જીવને **'अपत्तियं'**= અપ્રીતિ થાય એવું કાર્ય **'न कायव्वं'**= ન કરવું જોઈએ. **'इय'**= આ પ્રકારે અર્થાત્ દરેક જીવની અપ્રીતિનો ત્યાગ કરવા વડે **'संजमोऽवि'**= ભાવસ્તવસ્વરૂપ સંયમ પણ, **'सेओ'**= અતિશય પ્રશસ્ત બને છે, તો દ્રવ્યસ્તવસ્વરૂપ જિનભવનાદિ વિશે તો શું કહેવું ? અર્થાત્ ભાવસ્તવમાં પણ જો અપ્રીતિનો ત્યાગ કરવાનો હોય છે તો દ્રવ્યસ્તવમાં તો વિશેષ તેનો ત્યાગ કરવો જોઈએ. **'एत्थ य'**= આ વિષયમાં **'भयवं'**= ભગવાન **વર્ધમાનસ્વામીનું** **'उदाहरणं'**= દૃષ્ટાંત છે. ॥ ૩૦૮ ॥ ૭/૧૪

ભગવાન વર્ધમાનસ્વામીનું જ દૃષ્ટાંત કહે છે :-

सो तावसासमाओ, तेसिं अप्पत्तियं मुणेऊणं ।
परमं अबोहिबीयं, तओ गतो हंतऽकाले वि ॥ ३०९ ॥ ७/१५

છાયા :- **स तापसाश्रमात् तेषां अप्रीतिकं ज्ञात्वा ।**
परममबोधिबीजं ततो गतो हन्त अकालेऽपि ॥ १५ ॥

ગાથાર્થ :- તાપસોને મારાથી સમ્યગ્ દર્શનના અભાવનું પ્રબળ કારણ એવી અપ્રીતિ થાય છે એમ જાણીને શ્રી **વર્ધમાનસ્વામી**એ તાપસના આશ્રમમાંથી અકાળે અર્થાત્ ચોમાસામાં પણ વિહાર કર્યો.

ટીકાર્થ :- '**सो**'= તે **વર્ધમાનસ્વામી** '**तावसासमाओ**'= કુલપતિથી અધિષ્ઠિત તાપસના આશ્રમમાંથી '**तेसिं**'= તાપસોને '**परमं**'= ઉત્કૃષ્ટ '**अबोहिबीयं**'= બોધિના અભાવનું કારણ '**अप्पत्तियं**'= સંકલેશ થતો '**मुणेऊणं**'= જાણીને '**तओ**'= તાપસના આશ્રમમાંથી '**हंत**'= આ શબ્દ આમંત્રણ અર્થમાં છે. '**अकाले वि**'= ચોમાસાના પંદર દિવસના અંતે '**गओ**'= વિહાર કરી ગયા. ॥ ૩૦૯ ॥ ૭/૧૫

इय सव्वेण वि सम्मं, सक्कं अप्पत्तियं सइ जणस्स ।
नियमा परिहरियव्वं, इयरंमि सतत्तचिंता उ ॥ ३१० ॥ ७/१६

છાયા :- **इति सर्वेणापि सम्यक् शक्यं अप्रीतिकं सकृज्जनस्य ।**
नियमात् परिहर्तव्यमितरस्मिन् स्वतत्त्वचिन्ता तु ॥ १६ ॥

ગાથાર્થ :- આમ ભગવાનના દૃષ્ટાંતથી ધર્મના અર્થી દરેક જીવોએ હંમેશા સમ્યગ્ રીતે શક્ય એટલી લોકોની અપ્રીતિનો ત્યાગ નિયમા કરવો જોઈએ. જો તે અશક્ય હોય તો સ્વરૂપચિંતા કરવી જોઈએ.

ટીકાર્થ :- '**इय**'= અહીં 'ઇતિ' શબ્દ હેતુ અર્થમાં છે. તેથી અર્થ એવો થાય કે આ પ્રમાણે ભગવાનનું દૃષ્ટાંત હોવાના કારણે '**सव्वेण वि**'= દરેક ધર્મના અર્થીએ પણ '**सम्मं**'= સમ્યક્ ન્યાયથી '**सक्कं**'= શક્ય હોય એટલો '**जणस्स**'= લોકની '**अप्पत्तियं**'= મધ્યસ્થ બુદ્ધિથી દ્વેષના કારણનો '**सइ**'= હંમેશા '**नियमा**'= નિયમા, અવશ્ય '**परिहरियव्वं**'= ત્યાગ કરવો જોઈએ. '**इयरंमि**'= અપ્રીતિનો ત્યાગ કરવો જ્યાં શક્ય ન હોય ત્યાં, **ધર્મ, જીવિત આદિ સ્વરૂપનું** ચિંતન કરવું શક્ય હોય ત્યાં '**सतत्तचिंता उ**'= પોતાની દોષની જ વિચારણા કરવી જોઈએ.

પોતે સમ્યગ્ વિધિપૂર્વક હોય, લોકોને દ્વેષ ન થાય એ માટે શક્ય પ્રયત્ન કરતો હોય છતાં પણ બીજાને અપ્રીતિ થતી હોય તો આ પ્રમાણે વિચારવું કે, 'આ મારો જ દોષ છે કે ગતજન્મમાં અમારા વડે ઉત્કૃષ્ટ પુણ્ય બંધાયું નથી જેથી મન-વચન-કાયાથી દોષ ન લગાડવા છતાં લોકોને અમારા ઉપર દ્વેષ થાય છે જો અમે વિશિષ્ટ પુણ્ય બાંધ્યું હોત તો ધર્મ કરનારા અમારા ઉપર આ લોકોને શુભભાવ જ થાત.'' આ થઈ સ્વરૂપની વિચારણા.॥ ૩૧૦ ॥ ૭/૧૬

હવે દળશુદ્ધિને આશ્રયીને કહે છે :-

कट्ठादी वि दलं इह सुद्धं जं देवतादुववणाओ ।
णो अविहिणोवणीयं, सयं च कारवियं जं णो ॥ ३११ ॥ ७/१७

છાયા :- **काष्ठाद्यपि दलमिह शुद्धं यद् देवताद्युपवनात् ।**
नो अविधिनोपनीतं स्वयं कारितं यन्नो ॥ १७ ॥

ગાથાર્થ :- અહીં જિનમંદિર માટેનું કાષ્ઠ આદિ દળ પણ તે શુદ્ધ છે જે વ્યંતર આદિ દેવતાથી અધિષ્ઠિત ઉપવનમાંથી લાવેલું ન હોય, જે અવિધિથી અર્થાત્ બળદ આદિને પીડા આપીને લવાયેલું ન હોય અને જે સ્વયં તૈયાર કરાવેલું ન હોય.

टीकार्थ :- '**कट्ठादी वि**'= કાષ્ઠ વગેરે, 'આદિ' શબ્દથી ઈંટ, પથ્થર વગેરેનું ગ્રહણ થાય છે. '**दलं**'= દળ '**इह**'= આ જિનભવનનિર્માણની વિધિમાં, '**जं**'= જે '**देवतादुववणाओ**'= વ્યંતરાદિ દેવતાથી અધિષ્ઠિત ઉપવનમાંથી, 'આદિ' શબ્દથી સિંહ, મનુષ્ય આદિનું ગ્રહણ થાય છે- સિંહ વગેરેથી આત્મવિરાધના થાય કારણ કે ત્યાંથી લેવા જતાં તે મારી નાંખે, દેવતા કે મનુષ્યની માલિકીનું હોય તો તેઓ રોષે ભરાય અને હેરાન કરે. '**अविहिणोवणीयं**'= ગાડામાં ખૂબ ભાર ભરીને બળદ આદિને મહાપીડા થાય એ રીતે લવાયેલું '**णो**'= ન હોય. '**सयं च**'= પોતે જાતે '**कारवियं**'= લાકડાં, મોટા વૃક્ષને કાપ્યાં '**जं**'= જે '**णो**'= ન હોય. કારણ કે વૃક્ષોને કાપવામાં મહા આરંભનો દોષ લાગે છે. તે કાષ્ઠાદિ દળ '**सुद्धं**'= શુદ્ધ છે. ॥ ૩૧૧ ॥ ૭/૧૭

કાષ્ઠાદિ દળનો શુદ્ધ અથવા અશુદ્ધપણાને જાણવાનો ઉપાય કયો છે ? તે કહે છે :-

तस्स वि य इमो णेओ सुद्धासुद्धपरिजाणणोवाओ ।
तक्कहगहणादिम्मी, सउणेयरसण्णिवातो जो ॥ ३१२ ॥ ७/१८

छाया :- तस्यापि च अयं ज्ञेयः शुद्धाशुद्धपरिज्ञानोपायः ।
तयोः कथाग्रहणादौ शकुनेतरसन्निपातो यः ॥ १८ ॥

ગાથાર્થ :- દળની શુદ્ધિ તથા અશુદ્ધિને જાણવાનો ઉપાય આ છે - દળને ખરીદવાની વિચારણા ચાલતી હોય, તેની ખરીદી થતી હોય કે લાવવામાં આવતું હોય વગેરે સમયે શુકન કે અપશુકન જે થાય તે તેની શુદ્ધિ અશુદ્ધિને જાણવાનો ઉપાય છે. કાર્યસાધક શુકન થાય તો દળ આદિ શુદ્ધ છે અને કાર્યને બાધક અપશુકન થાય તો તે અશુદ્ધ છે એમ જાણવું.

ટીકાર્થ :- '**तस्स वि य**'= તે દળનો પણ '**इमो**'= હમણાં કહેવામાં આવશે તે '**सुद्धासुद्धपरिजाणणोवाओ**'= આ દળ શુદ્ધ છે કે અશુદ્ધ છે એ જાણવાનો ઉપાય છે. '**णेओ**'= તે જાણવું. '**तक्कहगहणादिम्मी**'= તે દળ સંબંધી કથા અને ગ્રહણ આદિના સમયે - અર્થાત્ તે દળને ખરીદવાની વાતો થતી હોય અથવા તે ખરીદ કરાતું હોય 'આદિ' શબ્દથી તે ગ્રહણ કરીને લાવવામાં આવતું હોય, લાવીને તેને અમુક વિશિષ્ટ સ્થાનમાં મૂકવામાં આવતું હોય. આ બધાનું જ ગ્રહણ થાય છે. '**सउणेयरसण्णिवातो**'= તે સમયે લોક અને શાસ્ત્રમાં પ્રસિદ્ધ શકુન અથવા અપશુકન થાય તે.

જો શુકન થાય તો દળ શુદ્ધ છે એમ જાણવું અને જો અપશુકન થાય તો દળ અશુદ્ધ છે એમ જાણવું. ॥ ૩૧૨ ॥ ૭/૧૮

શુકન અને અપશુકનનું લેશથી પ્રતિપાદન કરતાં કહે છે :-

णंदादि सुहो सद्दो, भरिओ कलसो अत्थ सुंदरा पुरिसा ।
सुहजोगाइ य सउणो, कंदियसद्दादि इतरो उ ॥ ३१३ ॥ ७/१९

छाया :- नन्द्यादि शुभशब्दो भृतः कलशश्च सुन्दराः पुरुषाः ।
शुभयोगादि च शकुनः क्रन्दितशब्दादि इतरस्तु ॥ १९ ॥

ગાથાર્થ:- બાર પ્રકારના વાજિંત્રનો સમૂહ તે રૂપ નંદી- આ નંદી આદિનો ધ્વનિ, નિમિત્તશાસ્ત્રમાં પ્રસિદ્ધ શુભ શબ્દો, પાણી ભરેલો કળશ, સુંદર આકૃતિવાળા પુરુષો, શુભ યોગ આદિ શુકન છે. આક્રંદનો શબ્દ વગેરે અપશુકન છે.

ટીકાર્થ :- '**णंदादि**'= બાર પ્રકારના વાજિંત્રનો સમુદાય એ નંદી કહેવાય છે. તેનો ધ્વનિ અથવા તે સિવાય બીજા બે ત્રણ વાજિંત્રના સંયોગથી થતો ધ્વનિ તેમજ કેવળ એકાદ વાજિંત્રનો ધ્વનિ - આ બધા ધ્વનિનું 'આદિ' શબ્દથી ગ્રહણ થાય છે.

ભંભા, મૃદંગ, મર્દલ, કદંબ, ઝલ્લરી, હુડુક્ક, કાંસીયા, વીણા, વાંસળી, પડહ, શંખ અને પ્રણવ - આ બાર પ્રકારના વાજિંત્રના અવાજને નંદી કહેવામાં આવે છે.

'**सुहो सद्दो**'= નિમિત્તશાસ્ત્રમાં પ્રસિદ્ધ શુભ શબ્દો દા. ત. સિદ્ધ, ઇંદ્ર, ચંદ્ર, દેવેન્દ્ર, નરેન્દ્ર, ગોપેન્દ્ર, શૈલ, સમુદ્ર, ગજ, વૃષભ, સિંહ અને મેઘ - આ શબ્દોને નિમિત્તશાસ્ત્રમાં શુભ ગણવામાં આવ્યા છે.

'**भरिओ**'= જલ આદિથી ભરેલો- અહીં શ્લોકમાં જે પ્રાકૃત '**भरिओ**' શબ્દ છે. તેની સંસ્કૃત છાયા '**भरित**' થાય છે અથવા '**इतजन्तस्तारकादिषु**' માં 'ભર' શબ્દનો પાઠ હોવાથી બીજા સૂત્રથી '**भृतः**' એમ પણ થાય છે.

'**कलसो**'= ઘડો '**अत्थ**'= અહીં '**सुंदरा पुरिसा**'= જે પુરુષોના હાથ-પગ આદિ અવયવો સંપૂર્ણ હોય, હીન ન હોય, વિકલાંગ ન હોય એવા પુરુષો '**सुहजोगाइ**'= સુખકારી એવો ચંદ્ર-નક્ષત્ર આદિનો શુભ યોગ- 'આદિ' શબ્દથી શુભ મુહૂર્તાદિનું ગ્રહણ થાય છે. 'શુભ યોગ છે આદિમાં જેને તે શુભયોગાદિ'- આમ બહુવ્રીહિ સમાસ થાય છે. '**सउणो**'= આ બધા શુભ શુકનો છે. '**कंदियसद्दादि**'= આક્રંદનો શબ્દ બેસૂરો અવાજ. 'આદિ' શબ્દથી રૂદન, અપ્રીતિકર રૂપ વગેરેનું ગ્રહણ થાય છે. અહીં 'ક્રન્દિત શબ્દ છે આદિમાં જેને તે ક્રન્દિતશબ્દાદિ' એમ બહુવ્રીહિ સમાસ થાય છે. '**इयरो उ**'= શુકનથી વિપરીત અર્થાત્ અપશુકન છે. ॥ ૩૧૩ ॥ ૭/૧૯

દળની કથા તથા ગ્રહણ આદિ સમયે શુકન અને અપશુકન થવા વડે તેની શુદ્ધતા અને અશુદ્ધતાને જાણવાનો ઉપાય કહેવાયો. હવે તે પછીની વિધિ કહે છે :-

सुद्धस्स वि गहियस्सा, पसत्थादियहम्मि सुहमुहुत्तेणं ।
संकामणम्मि वि पुणो, विण्णेया सउणमादीया ॥ ३१४ ॥ ७/२०

છાયા :- शुद्धस्यापि गृहीतस्य प्रशस्तदिवसे शुभमुहूर्तेन ।
सङ्क्रामणेऽपि पुनर्विज्ञेयाः शकुनादयः ॥ २० ॥

ગાથાર્થ :- પ્રશસ્ત દિવસે શુભ મુહૂર્તમાં લીધેલા શુદ્ધ પણ દળને ખરીદેલા સ્થાનથી બીજા સ્થાને લઈ જવામાં પણ ફરી શુકન વગેરે જોવા જોઈએ.

ટીકાર્થ :- '**सुद्धस्स वि**'= શાસ્ત્રમાં જણાવેલા દોષથી રહિત શુદ્ધ દળને '**गहियस्सा**'= ગ્રહણ કરાયેલા '**पसत्थादियहम्मि**'= સુદ પંચમી આદિ શુભ દિવસે '**सुहमुहुत्तेणं**'= શાસ્ત્રમાં જણાવેલા શુભ મુહૂર્તે '**संकामणम्मि वि**'= વિવક્ષિત સ્થાને લઈ જવામાં પણ '**पुणो**'= વળી '**सउणमादीया**'= શુકન-અપશુકન આદિ; '**विण्णेया**'= જોવા કેમકે દરેક વિષયમાં શુકનપૂર્વકની પ્રવૃત્તિ એ ઈષ્ટફળની સિદ્ધિને સૂચવે છે. ॥ ૩૧૪ ॥ ૭/૨૦

દળશુદ્ધિનું વર્ણન કરાયું હવે કર્મકરોને ઠગવા નહિ એ સંબંધી કહે છે :-

कारवणे वि य तस्सिह, भितगाणऽतिसंधणं ण कायव्वं ।
अवियाहिगप्पदाणं, दिट्ठादिट्ठप्फलं एयं ॥ ३१५ ॥ ७/२१

छाया :- **कारापणेऽपि च तस्येह भृतकानामतिसन्धानं न कर्तव्यम् ।**
अपि चाधिकप्रदानं दृष्टादृष्टफलम् एतत् ॥ २१ ॥

गाथार्थ :- અહીયાં જિનભવનવિધિ અધિકારમાં જિનભવનને કરાવતી વખતે કર્મકરોને છેતરવા ન જોઈએ. બલ્કે તેમને અધિક આપવું જોઈએ. અધિક આપવાથી તેઓ ખુશ થઈને સારું અને અધિક કામ કરે એ દૃષ્ટ ફળ છે. અને બોધિબીજ પામે છે એ અદૃષ્ટફળ છે.

टीकार्थ :- '**इह**'= આ જિનભવનવિધિ અધિકારમાં '**तस्स**'= જિનભવનને '**कारवणे वि य**'= કરાવવામાં પણ '**भितगाण**'= કર્મકરોને '**अतिसंधाणं**'= ઠગવાનું '**न कायव्वं**'= કરવું નહિ. '**अवि य**'= પરંતુ '**अहिगप्पदाणं**'= નક્કી કરેલા કરતાં અધિક દ્રવ્યને આપવું. '**दिट्ठादिट्ठप्फलं**'= ખુશ થયેલા કર્મકરો અધિક સારું કામ કરે એ દૃષ્ટ ફળને અને તેઓ બોધિબીજ પામી જાય એ અદૃષ્ટ ફળને આપનારું '**एयं**'= આ અધિક દ્રવ્યનું પ્રદાન થાય છે. ॥ ૩૧૫ ॥ ૭/૨૧

આ દૃષ્ટાદૃષ્ટફળનું સ્પષ્ટીકરણ કરે છે :-

ते तुच्छगा वराया, अहिगेण दढं उविंति परितोसं ।
तुट्ठा य तत्थ कम्मं, तत्तो अहिगं पकुव्वंति ॥ ३१६ ॥ ७/२२

छाया :- **ते तुच्छका वराका अधिकेन दृढमुपयान्ति परितोषम् ।**
तुष्टाश्च तत्र कर्म ततोऽधिकं प्रकुर्वन्ति ॥ २२ ॥

गाथार्थ :- આ સલાટ વગેરે કર્મકરો અલ્પ વૈભવની જ આશાવાળા હોવાથી થોડા ધનની જ ઈચ્છા કરનારા હોય છે. આથી નક્કી કરેલા ધનથી અધિક ધન આપવાથી અત્યંત આનંદ પામે છે. ખુશ થયેલા તેઓ જિનભવનનું કામ પહેલા કરતાં અધિક કરે છે.

टीकार्थ :- '**ते**'= તે કર્મકરો '**तुच्छगा**'= અલ્પ વૈભવની આશા રાખનારા '**वराया**'= કરુણાના પાત્ર હોવાથી બિચારા '**अहिगेण**'= તેમને વેતન કરતાં અધિક આપવાથી '**दढं**'= અત્યંત '**परितोसं**'= આનંદ '**उविंति**'= પામે છે. '**तुट्ठा य**'= સંતુષ્ટ થયેલા '**तत्थ**'= તે જિનમંદિરમાં '**तत्तो**'= પહેલા કરતાં '**कम्मं**'= કામ '**अहिगं**'= પોતાની મતિ અને સંતોષપૂર્વક અધિક '**पकुव्वंति**'= કરે છે. ॥ ૩૧૬ ॥ ૭/૨૨

धम्मपसंसाएँ तहा, केई निबधंति बोहिबीयाइं ।
अण्णे उ लहुयकम्मा, एत्तो च्चिय संपबुज्झंति ॥ ३१७ ॥ ७/२३

छाया :- **धर्मप्रशंसया तथा केचित् निबध्नन्ति बोधिबीजानि ।**
अन्ये तु लघुकर्माण इत एव सम्प्रबुध्यन्ते ॥ २३ ॥

गाथार्थ :- વેતન કરતાં અધિક દ્રવ્ય આપવાથી સંતુષ્ટ થયેલા કેટલાક કર્મકરો ભાવપૂર્વક ધર્મની પ્રશંસા કરીને બોધિબીજને પ્રાપ્ત કરે છે. બીજા કેટલાંક લઘુકર્મી કર્મકરો આનાથી જ સમ્યગ્ દર્શનને પ્રાપ્ત કરે છે.

टीकार्थ :- '**तहा**'= ભાવપૂર્વકની '**धम्मपसंसाएँ**'= જૈન ધર્મની પ્રશંસા કરવા વડે '**केई**'= કેટલાક કર્મકરો '**बोहिबीयाइं**'= બોધિની પ્રાપ્તિ કરાવનાર પુણ્યને '**निबधंति**'= પ્રાપ્ત કરે છે. '**अण्णे उ**'= બીજા કેટલાંક કર્મકરો '**लहुयकम्मा**'= જ્ઞાનાવરણીયાદિ કર્મ જેમના અલ્પ થઈ ગયા છે અર્થાત્ હળુકર્મી થયા

છે તેવા '**एत्तो च्चिय**'= અધિક દ્રવ્ય આપવાથી જ '**संपबुज्झंति**'= સમ્યગ્ દર્શનને પામે છે. ॥ ૩૧૭ ॥ ૭/૨૩

लोगे य साहुवाओ, अतुच्छभावेण सोहणो धम्मो ।
पुरिसुत्तमप्पणीतो, पभावणा चेव तित्थस्स ॥ ३१८ ॥ ७/२४

છાયા :- लोके च साधुवादोऽतुच्छभावेन शोभनो धर्मः ।
पुरुषोत्तमप्रणीतः प्रभावना चैवं तीर्थस्य ॥ २४ ॥

ગાથાર્થ :- જિનભવન કરાવનારની ઉદારતાથી લોકોમાં જૈનધર્મનો યશ ફેલાય છે કે, "આ લોકોનો જૈનધર્મ ખૂબ જ સારો છે, ઉત્તમ પુરુષે પ્રરૂપેલો છે" આમ તીર્થની પ્રભાવના થાય છે.

ટીકાર્થ :- '**लोगे य**'= અને લોકોમાં '**साहुवाओ**'= યશ ફેલાય છે. '**अतुच्छभावेण**'= જિનભવન કરાવનારની ઉદારતાથી '**धम्मो**'= જૈનધર્મ '**सोहणो**'= સુંદર છે. '**पुरिसुत्तमप्पणीतो**'= સર્વજ્ઞે પ્રરૂપેલો છે, એવા પ્રકારની '**पभावणा चेव तित्थस्स**'= જૈનશાસનની પ્રભાવના અર્થાત્ ઉન્નતિ થાય છે. ॥ ૩૧૮ ॥ ૭/૨૪

હવે સ્વાશયની વૃદ્ધિ વિશે કહે છે :-

सासयवुड्ढी वि इहं, भुवणगुरुजिणिंदगुणपरिण्णाए ।
तब्बिंबठावणत्थं, सुद्धपवित्तीएँ नियमेण ॥ ३१९ ॥ ७/२५

છાયા :- स्वाशयवृद्धिरपि इह भुवनगुरुजिनेन्द्रगुणपरिज्ञया ।
तद्बिम्बस्थापनार्थं शुद्धप्रवृत्तेः नियमेन ॥ २५ ॥

ગાથાર્થ :- ભુવનગુરુ જિનેશ્વરદેવના ગુણોના જ્ઞાનથી તેમના બિંબની સ્થાપના માટે શુદ્ધપ્રવૃત્તિથી જિનભવનને કરાવનારને અવશ્ય શુભ આશયની વૃદ્ધિ થાય છે.

ટીકાર્થ :- '**इहं**'= આ જિનભવન કરાવવામાં '**भुवणगुरुजिणिंदगुणपरिण्णाए**'= ભુવનગુરુ તીર્થંકર પરમાત્માના ગુણોના જ્ઞાનથી '**तब्बिंबठावणत्थं**'= તીર્થંકર પરમાત્માના બિંબની સ્થાપનાને માટે '**सुद्धपवित्तीएँ**'= શુદ્ધ પ્રવૃત્તિથી '**सासयवुड्ढी वि**'= કુશળ પરિણામની વૃદ્ધિ પણ '**नियमेण**'= અવશ્ય થાય છે.

અહીં શુભભાવની વૃદ્ધિમાં જિનબિંબની પ્રતિષ્ઠા નિમિત્તે થતી શુદ્ધપ્રવૃત્તિ કારણ છે. શુદ્ધપ્રવૃત્તિમાં કારણ જિનના ગુણોનું યથાર્થજ્ઞાન છે. ॥ ૩૧૯ ॥ ૭/૨૫

पेच्छिस्सं इत्थमहं, वंदणगणिमित्तमागए साहू ।
कयपुण्णे भगवंते, गुणरयणणिही महासत्ते ॥ ३२० ॥ ७/२६

છાયા :- प्रेक्षिष्येऽत्राहं वन्दनकनिमित्तमागतान् साधून् ।
कृतपुण्यान् भगवतो गुणरत्ननिधीन् महासत्त्वान् ॥ २६ ॥

ગાથાર્થ :- જિનભવન કરાવનારને એવો શુભ ભાવ હોય છે કે અહીં ચૈત્યવંદના નિમિત્તે સાધુભગવંતો પધારશે, તે મહાપુણ્યશાળી, વિશિષ્ટ ભાવ ઐશ્વર્યથી સંપન્ન, ગુણરૂપી રત્નોના-નિધાન, મહાસત્ત્વશાળી એવા સાધુભગવંતોનું મને દર્શન થશે.

ટીકાર્થ :- '**इत्थ**'= આ જિનાયતનમાં '**अहं**'= હું '**वंदणगणिमित्तं**'= ચૈત્યવંદના નિમિત્તે '**आगए**'=

આવેલા '**साहू**'= સાધુઓનું '**पेच्छिस्सं**'= દર્શન કરીશ. '**कयपुण्णे**'= તેમનામાં ભાવસાધુપણાનો યોગ હોવાથી તેઓ પૂર્વ જન્મમાં બાંધેલા પુણ્યના ઉદયવાળા છે. '**भगवंते**'= તેઓ વિશિષ્ટ ભાવ ઐશ્વર્યથી સંપન્ન છે. '**गुणरयणणिही**'= ક્ષમા આદિ ગુણરત્નોના નિધાન છે. '**महासत्ते**'= મહાન વ્યવસાયને કરનારા-મહાસત્ત્વશાળી છે. ॥ ૩૨૦॥ ૭/૨૬

पडिबुज्झिस्संति इहं, दट्ठूण जिणिंदबिंबमकलंकं ।
अण्णे वि भव्वसत्ता, काहिंति ततो परं धम्मं ॥ ३२१ ॥ ७/२७

छाया :- प्रतिभोत्स्यन्ते इह दृष्ट्वा जिनेन्द्रबिम्बमकलङ्कम् ।
अन्येऽपि भव्यसत्त्वाः करिष्यन्ति ततः परं धर्मम् ॥ २७ ॥

गाथार्थ :- જિનમંદિરમાં શસ્ત્ર, સ્ત્રી આદિ દોષોથી રહિત જિનપ્રતિમાને જોઈને બીજા પણ ભવ્યજીવો સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે અને ત્યારબાદ ઉત્કૃષ્ટ ધર્મને કરશે.

ટીકાર્થ :- '**इहं**'= આ જિનાયતનમાં '**जिणिंदबिंबं**'= જિનેશ્વરદેવની પ્રતિમાને '**अकलंकं**'= સ્ત્રીસંગ તથા શસ્ત્ર આદિના સંગ વગેરે દોષોથી રહિત '**दट्ठूण**'= જોઈને, '**अण्णे वि**'= બીજા પણ '**भव्वसत्ता**'= તેવા પ્રકારના પ્રબળ પુણ્યથી પ્રેરાયેલા ભવ્યજીવો '**पडिबुज्झिस्संति**'= ભાવનિદ્રા સ્વરૂપ મિથ્યાત્વ દૂર થવાથી સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે, '**तओ परं**'= ત્યાર પછી '**परं**'= ઉત્કૃષ્ટ '**धम्मं**'= ધર્મને '**काहिंति**'= કરશે. ॥ ૩૨૧ ॥ ૭/૨૭

ता एयं मे वित्तं, जमेत्थमुवओगमेति अणवरयं ।
इय चिंताऽपरिवडिया, सासयवुड्ढी उ मोक्खफला ॥ ३२२ ॥ ७/२८

छाया :- तदेतत् मे वित्तं यदत्र उपयोगमेति अनवरतम् ।
इति चिन्ताऽप्रतिपतिता स्वाशयवृद्धिस्तु मोक्षफला ॥ २८ ॥

गाथार्थ :- જિનમંદિર તૈયાર થતાં જિનબિંબની સ્થાપના, સાધુભગવંતોનું દર્શન, અને ભવ્યજીવોને પ્રતિબોધ થશે તેથી જે ધન જિનમંદિરમાં વપરાય છે તે જ ધન મારું છે તે સિવાયનું પરમાર્થથી પારકું છે. આ પ્રમાણે સતત અવિચ્છિન્ન શુભ વિચારણા એ શુભ પરિણામની વૃદ્ધિ છે. અને તેનાથી અવશ્ય મોક્ષરૂપ ફળ મળે છે.

ટીકાર્થ :- '**ता**'= તેથી '**एयं**'= આજ '**मे**'= મારું '**वित्तं**'= ધન છે. '**जं**'= જે '**एत्थं**'= આ જિનાયતનમાં '**उवओगं**'= ઉપયોગમાં '**एति**'= આવે છે. '**अणवरयं**'= સતત '**इयं**'= આવા પ્રકારની '**चिंता**'= વિચારણા '**अपरिपडिया**'= અવિચ્છિન્ન રીતે, અહીં '**अपरिपडिया**' શબ્દની સંસ્કૃત છાયા '**अप्रतिपतिता**' કે '**अपतिपतिता**' એમ બે પ્રકારની થાય છે. '**सासयवुड्ढी उ**'= શુભ આશયની વૃદ્ધિ '**मोक्खफला**'= મોક્ષરૂપ ફળને અવશ્ય આપે છે. ॥ ૩૨૨ ॥ ૭/૨૮

હવે જયણાનું વિવરણ કરતાં કહે છે :-

जयणा य पयत्तेणं, कायव्वा एत्थ सव्वजोगेसु ।
जयणा उ धम्मसारो, जं भणियो वीयरागेहिं ॥ ३२३ ॥ ७/२९

छाया :- यतना च प्रयत्नेन कर्तव्या अत्र सर्वयोगेषु ।
यतना तु धर्मसारो यद् भणितो वीतरागैः ॥ २९ ॥

ગાથાર્થ :- જિનમંદિરનિર્માણનાં સર્વકાર્યોમાં પ્રયત્નપૂર્વક જયણા પાળવી જોઈએ, કારણકે વીતરાગ પરમાત્માએ જયણાને જ ધર્મનો સાર કહ્યો છે.

ટીકાર્થ :- '**एत्थ**'= અહીં જિનાયતનના નિર્માણમાં '**जयणा य**'= જયણા '**पयत्तेणं**'= પ્રયત્નપૂર્વક '**कायव्वा**'= કરવી જોઈએ. '**सव्वजोगेसु**'= સર્વ પ્રવૃત્તિમાં '**जं**'= કારણ કે '**जयणा उ**'= જયણા જ '**धम्मसारो**'= ધર્મનો ઉત્કર્ષ સાર '**वीयरागेहिं**'= વીતરાગ પરમાત્માએ '**भणियो**'= કહ્યો છે. ॥ ૩૨૩ ॥ ૭/૨૯

જયણાની સ્તુતિ કરતાં કહે છે :-

जयणा उ धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।
तव्वुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ॥ ३२४ ॥ ७/३०

છાયા :- यतना तु धर्मजननी यतना धर्मस्य पालनी चैव ।
तद्वृद्धिकरी यतना एकान्तसुखावहा यतना ॥ ३० ॥

ગાથાર્થ :- જયણા એ ધર્મની માતા છે. ધર્મનું રક્ષણ કરવા વડે તેનું પાલન કરનારી પણ જયણા જ છે. ધર્મની પુષ્ટિ અને વૃદ્ધિ કરનારી જયણા છે, જયણા એ મોક્ષને આપનારી છે.

ટીકાર્થ :- '**जयणा उ**'= જયણા '**धम्मजणणी**'= ધર્મની માતા છે. '**जयणा**'= જયણા '**धम्मस्स पालणी चेव**'= ધર્મનું રક્ષણ કરનાર હોવાથી તેનું પાલન કરનારી છે. '**जयणा**'= જયણા '**तव्वुड्ढिकरी**'= ધર્મની વૃદ્ધિ કરનારી છે. **जयणा**= જયણા '**एगंतसुहावहा**'= મોક્ષને આપનારી છે. ॥ ૩૨૪ ॥ ૭/૩૦

जयणाइ वट्टमाणो, जीवो सम्मत्तनाणचरणाणं ।
सद्धाबोहासेवणभावेणाराहगो भणितो ॥ ३२५ ॥ ७/३१

છાયા :- यतनया वर्तमानो जीवः सम्यक्त्वज्ञानचरणानाम् ।
श्रद्धाबोधासेवनभावेनाराधको भणितः ॥ ३१ ॥

ગાથાર્થ :- જયણામાં વર્તનાર જીવને જિનેશ્વરદેવોએ શ્રદ્ધા વડે સમ્યગ્ દર્શનનો, બોધ વડે સમ્યગ્જ્ઞાનનો અને આસેવના વડે સમ્યગ્ ચારિત્રનો આરાધક કહ્યો છે.

ટીકાર્થ:- '**जयणाए**'= જયણામાં '**वट्टमाणो**'= વર્તતો '**जीवो**'= જીવ '**सम्मत्तनाणचरणाणं**'= સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રનો '**सद्धाबोहासेवणभावेण**'= શ્રદ્ધા વડે સમ્યક્ત્વનો, બોધ વડે સમ્યગ્જ્ઞાનનો અને આસેવના વડે સમ્યગ્ ચારિત્રનો આમ ત્રણ ભાવરતનનો '**आराहगो**'= આરાધક '**भणितो**'= કહ્યો છે. ॥ ૩૨૫ ॥ ૭/૩૧

જયણાનું ફળ બતાવે છે :-

एसा य होइ नियमा, तदहिगदोसविणिवारणी जेण ।
तेण णिवित्तिपहाणा, विण्णेया बुद्धिमंतेहिं ॥ ३२६ ॥ ७/३२

છાયા :- एसा च भवति नियमात् तदधिकदोषविनिवारिणी येन ।
तेन निवृत्तिप्रधाना विज्ञेया बुद्धिमद्भिः ॥ ३२ ॥

ગાથાર્થ :- જિનભવનનિર્માણ આદિ ધર્મકાર્યોમાં જે થોડો આરંભ કરાય છે તે પણ જયણાપૂર્વક

કરાય છે અને તે સંસારના મોટા આરંભથી બચાવી લે છે તેથી જયણા એ અધિકદોષનું અવશ્ય નિવારણ કરનારી છે. તેથી બુદ્ધિશાળીઓએ જયણાને નિવૃત્તિની પ્રધાનતાવાળી જાણવી.

ટીકાર્થઃ- '**जेण**'= જે કારણથી '**एसा य**'= આ જયણા '**नियमा**'= અવશ્ય '**तदहिगदोसविणिवारणी**'= તેમાં જે આરંભ કરવો પડે છે તેના કરતાં બીજા અધિક આરંભરૂપ દોષનું તે નિવારણ કરનારી '**होइ**'= હોય છે. '**तेण**'= તે કારણથી '**णिवित्तिपहाणा**'= નિવૃત્તિની પ્રધાનતાવાળી '**बुद्धिमंतेहिं**'= બુદ્ધિશાળીઓએ '**विण्णेया**'= જાણવી.

સંસારના પોતાના ઘરકાર્ય આદિમાં પ્રવર્તતો ગૃહસ્થ જયણાની અપેક્ષા રાખતો નથી અને ગમે તેમ કરીને પણ પોતાનું અભિપ્રેત સાંસારિક કાર્ય કરે જ છે. જ્યારે ધર્મમાં પ્રવૃત્તિ કરનાર વ્યક્તિને ધર્મનો પક્ષપાત હોવાથી તે બધા જ કાર્ય જયણાપૂર્વક કરે છે. જેનાથી સંસારના અધિક આરંભરૂપ દોષોનું નિવારણ થાય છે. માટે જયણા એ નિવૃત્તિના ફળને આપનારી કહી છે. ॥ ૩૨૬ ॥ ૭/૩૨

અહીં જિનભવનનિર્માણના કાર્યસ્વરૂપ ચાલુ અધિકારમાં કઈ જાતની જયણા કરવાની હોય છે તે કહે છે :-

सा इह परिणयजलदलविसुद्धिरूवा उ होति णायव्वा ।
अण्णारंभणिवित्तीए अप्पणाऽहिट्ठणं चेव ॥ ३२७ ॥ ७/३३

છાયા :- सेह परिणतजलदलविशुद्धिरूपा तु भवति ज्ञातव्या ।
अन्यारम्भनिवृत्त्या आत्मनाऽधिष्ठानं चैवम् ॥ ३३ ॥

ગાથાર્થ :- અહીં જિનભવનનિર્માણમાં જયણા એ અચિત્ત જળ અને ત્રસજીવ રહિત વિશુદ્ધ દળનો ઉપયોગ કરવા સ્વરૂપ જાણવો. તથા બીજા આરંભને છોડીને જાતે જ નિર્માણના કાર્યમાં ઉપસ્થિત રહેવું. અર્થાત્ જાતે જ બધી દેખરેખ રાખવી એ જયણા છે.

ટીકાર્થઃ- '**सा**'= તે જયણા '**इह**'= અહીં પ્રસ્તુત જિનભવનનિર્માણના કાર્યમાં '**परिणयजलदल-विसुद्धिरूवा**'= ગાળેલા અચિત્ત જળ અને ત્રસજીવરહિત કાષ્ઠ વગેરે દળની વિશુદ્ધિસ્વરૂપ '**होति**'= હોય છે તે '**णायव्वा**'= જાણવા યોગ્ય છે. '**अन्नारंभणिवित्तीए**'= બીજા ખેતી આદિ કાર્યોને છોડીને '**अप्पणा**'= જાતે જ '**अहिट्ठणं चेव**'= ઉપસ્થિત રહેવું.

પોતાના બીજા બધા જ ઘરકાર્યોને છોડીને જિનભવનનિર્માણના કાર્યમાં જાતે જ દેખરેખ રાખવી જેથી કર્મકરો પણ જયણાપૂર્વક બધું કાર્ય કરે. આમ આ જયણા ખેતી આદિ આરંભોમાંથી નિવૃત્તિ કરાવનારી છે. ॥ ૩૨૭ ॥ ૭/૩૩

एवं च होइ एसा, पवित्तिरूवा वि भावतो णवरं ।
अकुसलणिवित्तिरूवा, अप्पबहुविसेसभावेणं ॥ ३२८ ॥ ७/३४

છાયા :- एवञ्च भवति एषा प्रवृत्तिरूपाऽपि भावतः नवरम् ।
अकुशलनिवृत्तिरूपा अल्पबहुविशेषभावेन ॥ ३४ ॥

ગાથાર્થ :- આ રીતે જયણા પ્રવૃત્તિસ્વરૂપ હોવા છતાં પરમાર્થથી આરંભના અલ્પ-બહુત્વભેદની દૃષ્ટિએ વિચારતાં અકુશળ આરંભની નિવૃત્તિરૂપ છે.

ટીકાર્થ :- '**एवं च**'= હમણાં આગળ જણાવ્યું તે રીતે '**एसा**'= આ જયણા '**पवित्तिफला**'= અલ્પ આરંભ દ્વારા હિંસાની પ્રવૃત્તિસ્વરૂપ હોવા છતાં '**वि**'= પણ '**भावतो**'= પરમાર્થથી '**नवरं**'= ફક્ત '**अप्पबहुविसेसभावेणं**'= પ્રવૃત્તિ અલ્પ આરંભની છે જ્યારે નિવૃત્તિ ઘણા આરંભની છે. આમ આરંભમાં અલ્પ-બહુત્વનો ભેદ હોવાથી '**अकुशलणिवित्तिरूवा**'= અધિક અકુશળ આરંભથી નિવૃત્તિ કરવાના સ્વભાવવાળી '**होति**'= હોય છે.

જિનભવન સંબંધી યતનામાં કિંચિત્ આરંભ થાય છે પણ સાથે સાથે ખેતી આદિ મોટા આરંભ બંધ થાય છે, આમ આરંભમાં પ્રવૃત્તિ કરતા નિવૃત્તિ અધિક હોવાથી પરમાર્થથી જયણા નિવૃત્તિસ્વરૂપ છે. ॥ ૩૨૮ ॥ ૭/૩૪

एत्तो च्चिय निद्दोसं, सिप्पादिविहाणमो जिणिंदस्स ।
लेसेण सदोसं पि हु, बहुदोसनिवारणत्तेण ॥ ३२९ ॥ ७/३५

छाया :- इत एव निर्दोषं शिल्पादिविधानं जिनेन्द्रस्य ।
लेशेन सदोषमपि खलु बहुदोषनिवारणत्वेन ॥ ३५ ॥

ગાથાર્થ :- આથી જ શ્રી **આદિનાથ ભગવાનની** શિલ્પ આદિ લોકવ્યવહારને બતાવવાની પ્રવૃત્તિ કાંઈક દોષિત હોવા છતાં બહુદોષોને અટકાવનારી હોવાથી નિર્દોષ છે.

ટીકાર્થ :- '**एत्तो च्चिय**'= આથી જ અર્થાત્ જયણા એ અધિક દોષથી નિવૃત્તિ કરાવનાર હોવાથી જ '**जिणिंदस्स**'= **આદિનાથ** ભગવાનનો '**सिप्पादिविहाण**'= શિલ્પ આદિનો ઉપદેશ '**मो**'= એ અવ્યય છે. '**लेसेण**'= અમુક અંશે '**सदोसं पि**'= દોષયુક્ત હોવા છતાં પણ '**हु**'= આ શબ્દ વાક્યાલંકાર માટે છે. '**बहुदोसनिवारणत्तेण**'= અધિક રાગદ્વેષવાળી પ્રવૃત્તિને અટકાવનાર હોવાથી '**निद्दोसं**'= ઔચિત્યવડે નિર્દોષ છે.

જો **આદિનાથ** ભગવાન શિલ્પકલા, રાજનીતિ આદિનું શિક્ષણ આપત નહિ તો લોકો ચોરી, પરસ્ત્રીગમન વગેરે મોટાં ગુનાઓ કરત જેથી તેમના આલોક અને પરલોક બંને બગડત. તેમાંથી બચાવવા માટે ભગવાને લોકવ્યવહાર પ્રવર્તાવ્યો છે. ॥ ૩૨૯ ॥ ૭/૩૫

કાંઈક દોષયુક્ત વસ્તુનું પ્રવર્તન કરવા છતાં ભગવાન નિર્દોષ કેવી રીતે ? એ શંકાનું સમાધાન કરતાં કહે છે:-

वरबोहिलाभतो सो, सव्वुत्तमपुण्णसंजुओ भयवं ।
एगंतपरहियरतो, विसुद्धजोगो महासत्तो ॥ ३३० ॥ ७/३६

छाया :- वरबोधिलाभकः सः सर्वोत्तमपुण्यसंयुतो भगवान् ।
एकान्तपरहितरतो विशुद्धयोगो महासत्त्वः ॥ ३६ ॥

जं बहुगुणं पयाणं, तं नाऊण तहेव दंसेइ ।
ते रक्खंतस्स ततो, जहोचियं कहं भवे दोसो? ॥ ३३१ ॥ ७/३७ जुग्गं ।

छाया :- यद् बहुगुणं प्रजानां तद् ज्ञात्वा तथैव दर्शयति ।
तान् रक्षतः ततो यथोचितं कथं भवेद् दोषः ॥ ३७ ॥ युग्मम् ।

ગાથાર્થ :- તીર્થંકરોનું બોધિ અપ્રતિપાતી હોવાથી વરબોધિ કહેવાય છે. તે વરબોધિવાળા હોવાથી

સર્વોત્તમ પુણ્યથી યુક્ત, એકાંતે પરહિતમાં રક્ત, વિશુદ્ધ યોગવાળા, મહાસત્ત્વશાળી **શ્રી આદિનાથ ભગવાન** પ્રજાને જેનાથી વધારે લાભ થાય તેને જ્ઞાનથી જાણીને ઔચિત્યપૂર્વક કાંઈક દોષવાળા એવા પણ તે શિલ્પ આદિને બતાવે છે અને આ રીતે પ્રજાનું ઘણા અનર્થોથી રક્ષણ કરે છે. તો તે ભગવાનને દોષ કેવી રીતે લાગે ? અર્થાત્ ન લાગે.

ટીકાર્થ :- '**वरबोहिलाभतो**'= તીર્થંકરના જીવને યોગ્ય એવા વરબોધિના લાભથી '**सो भयवं**'= તે **આદિનાથ** ભગવાન '**सव्वुत्तमपुण्णसंजुओ**'= સર્વોત્તમ પુણ્યથી યુક્ત '**एगंतपरहियरतो**'= એકાંતે પરહિતમાં જ પ્રવૃત્ત થયેલા '**विसुद्धजोगो**'= વિશુદ્ધમન-વચન અને કાયાના વ્યાપારવાળા '**महासत्तो**'= મહાસત્ત્વશાળી ॥ ૩૩૦ ॥ ૭/૩૬

'**जं**'= જે '**बहुगुणं**'= ઘણા લાભને કરનાર હોય '**पयाणं**'= સામાન્યથી બધા પ્રાણીઓને '**तं**'= તેને '**नाऊण**'= જાણીને '**तहेव**'= તે જ રીતે '**दंसेइ**'= ઉપદેશે છે. '**ते**'= તે પ્રજાનું '**रक्खंतस्स**'= રક્ષણ કરનારને '**ततो**'= તે શિલ્પ આદિના ઉપદેશથી '**जहोचियं**'= ઔચિત્યનું પાલન કરનારને '**दोसो**'= દોષ '**कहं भवे**'= કેવી રીતે લાગે ?

ભગવાન પ્રાણીઓને ઘણા લાભવાળી પ્રવૃત્તિનું દર્શન કરાવનાર હોવાથી તેમાં થતા આરંભનો તેમને જરાપણ દોષ લાગતો નથી. ॥ ૩૩૧ ॥ ૭/૩૭

તે શિલ્પ આદિના વિધાનમાં દેખીતો જ આરંભ દોષ વિદ્યમાન છે. આરંભ વગર શિલ્પ આદિ થઈ શકતા જ નથી. આ શંકાનું સમાધાન આપતાં કહે છે :-

तत्थ पहाणो अंसो, बहुदोसनिवारणाउ जगगुरुणो ।
नागादिरक्खणे जह, कड्ढणदोसे वि सुहजोगो ॥ ३३२ ॥ ७/३८

છાયા :- तत्र प्रधानोंऽशो बहुदोषनिवारणाज्जगद्गुरोः ।
नागादिरक्षणे यथा कर्षणदोषेऽपि शुभयोगः ॥ ३८ ॥

ગાથાર્થ :- તે શિલ્પાદિવિધાનમાં જગદ્ગુરુ ભગવાનનો મુખ્ય હેતુ લોકોને વધારે દોષોમાંથી બચાવી લેવાનો જ છે. જેમ સર્પથી બાળકનું રક્ષણ કરવા માટે માતા તેને એકદમ જ ખેંચી લે છે તેમાં બાળકના શરીરનું ઘર્ષણ થાય છે. એ દોષ હોવા છતાં માતાની તે પ્રવૃત્તિ શુભ જ છે.

ટીકાર્થ :- '**तत्थ**'= તે શિલ્પાદિ વિધાનમાં '**पहाणो अंसो**'= પ્રવૃત્તિ કરાવનાર મુખ્ય અંશ '**बहुदोसनिवारणाउ**'= વધારે દોષોનું નિવારણ કરવું એ જ '**जगगुरुणो**'= ભગવાનનો છે. '**नागादिरक्खणे**'= ઉપદ્રવ કરનાર સર્પ આદિથી રક્ષણ કરવા માટે '**जह**'= જેમ '**कड्ढणदोसे वि**'= માતા પુત્રને ખેંચે તેમાં પુત્રાદિને પીડા થાય એ દોષ હોવા છતાં '**सुहजोगो**'= તે માતા આદિની પ્રવૃત્તિ શુભ છે તે જ પ્રમાણે શિલ્પવિધાનમાં ભગવાનનો યોગ શુભ જ છે. નાગાદિથી રક્ષણમાં અધિક દોષનો અભાવ થવાથી જ તે શુભ યોગ છે. ॥ ૩૩૨ ॥ ૭/૩૮

ઉપર કહેલા દૃષ્ટાન્તનું વિવરણ કરતાં કહે છે :-

खड्डातडम्मि विसमे, इट्ठसुयं पेच्छिऊण कीलंतं ।
तप्पच्चवायभीया, तदाणणट्ठा गया जणणी ॥ ३३३ ॥ ७/३९

છાયા :- गर्तातटे विषमे इष्टसुतं प्रेक्ष्य क्रीडन्तम् ।
तत्प्रत्यपायभीता तदानयनार्थं गता जननी ॥ ३९ ॥

दिट्ठो य तीए नागो तं पति एंतो दुओ उ खड्डाए ।
तो कड्ढितो तगो तह पीडाए वि सुद्धभावाए ॥ ३३४ ॥ ७/४० जुग्गं ।

छाया :- दृष्टश्च तया नागः तं प्रति आयन् द्रुतस्तु गर्तायाः ।
ततः कर्षितः तकः तथा पीडायामपि शुद्धभावया ॥ ४० ॥ युग्मम् ।

ગાથાર્થ :- ખાડાના ઊંચા-નીચા કિનારે પ્રિયપુત્રને રમતો જોઈને અરે ! પુત્ર ખાડામાં પડી જશે એવા બાળકના અનર્થથી ભય પામેલી માતા તેને લેવા ગઈ.

તેવામાં તેણીએ ખાડામાંથી બાળક તરફ ઝડપથી આવતા સર્પને જોયો. તે જોઈને માતાએ પુત્રને બચાવી લેવાના શુભ ભાવથી, ખેંચવામાં બાળકના શરીરે પીડા થશે એમ જાણતી હોવા છતાં તેને એકદમ જ ખેંચી લીધો.

ટીકાર્થ :- '**विसमे**'= ઊંચા-નીચા '**खड्डातडम्मि**'= ખાડાના કિનારે '**कीलंतं**'= સ્વેચ્છાથી રમતા '**इट्ठसुयं**'= પ્રિયપુત્રને '**पेच्छिऊण**'= જોઈને '**तप्पच्चवायभीया**'= પુત્રને થનારા ખાડામાં પડી જવાના અનર્થથી ભયભીત થયેલી '**जणणी**'= માતા '**तदाणणट्ठा**'= પુત્રને લેવા માટે '**गया**'= ગઈ. **॥ ३३३ ॥ ७/३९**

'**तीए**'= માતા વડે '**तं पति**'= ત્યાં પુત્રની તરફ '**दुओ उ**'= શીઘ્ર ગતિથી- જલ્દીથી '**खड्डाए**'= ખાડામાંથી '**एंतो**'= આવતો '**नागो**'= સર્પ '**दिट्ठो य**'= સાક્ષાત્ પ્રત્યક્ષ જોવાયો '**तो**'= ત્યારબાદ '**तगो**'= તે પુત્રને '**अकच**' પ્રત્યયસહિત એવા **तत्** શબ્દથી **पाणिनी**એ રચેલા **भुंडक**માં કહેલા વિકલ્પથી શતૃ પ્રત્યય લાગવાથી આ '**तकः**' શબ્દ બનેલો છે. '**तह**'= તેવા પ્રકારની '**पीडाए वि**'= ઊંચી નીચી જગ્યામાં ઘસાવાથી તેમજ કાંટાવાળી શાખાની સાથે અથડાવાથી પીડા થવા છતાં '**सुद्धभावाए**'= બાળકના હિત માટે માતા વડે '**कड्ढितो**'= ખેંચી લેવાયો.

આવી રીતે ભગવાન **આદિનાથ** વડે પણ પ્રાણીઓ અધિક દોષોમાંથી બચાવી લેવાયા છે સામાન્યથી તો પ્રાણીઓની દોષમાં પ્રવૃત્તિ સ્વયમેવ જ હોય છે. ભગવાન તેમાં નિમિત્ત નથી. શરીર આદિના માટે દુઃખને દૂર કરવા માટે પ્રાણીઓ સ્વયમેવ જ ભોજન આદિની પ્રવૃત્તિ કરે છે. ભગવાન તો પોતાનું રાજા તરીકેનું ઔચિત્ય જાણીને, તેઓ તદ્દન અજ્ઞાન હોવાથી કાંઈક માત્ર, ખાસ આવશ્યક વસ્તુનો તેમને ઉપદેશ આપે છે. તે અપેક્ષાએ પ્રાણીઓ ભગવાનનો ઉપકાર માને છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ભગવાન ધર્મમાં પ્રવૃત્ત થવાનો અને પાપમાંથી નિવૃત્ત થવાનો જ ઉપદેશ આપે છે. માટે રાજ્યાવસ્થામાં **આદિનાથ ભગવાને** કહેલ શિલ્પાદિવિધાન નિર્દોષ છે. **॥३३४॥७/४०**

અધિકૃત વસ્તુનું સમર્થન કરવા માટે કહે છે:-

एवं च एत्थ जुत्तं, इहराऽहिगदोसभावओऽणत्थो ।
तप्परिहारेऽणत्थो, अत्थो च्चिय तत्तओ णेओ ॥ ३३५ ॥ ७/४१

छाया :- एतच्चात्र युक्तमितरथाधिकदोषभावतोऽनर्थः ।
तत्परिहारेऽनर्थोऽर्थ एव तत्त्वतो ज्ञेयः ॥ ४१ ॥

ગાથાર્થ :- ભગવાને લોકોને જે શિલ્પ આદિ શીખવાડ્યા તે ન્યાયયુક્ત જ છે. કારણ કે જો તે ન શીખવાડ્યા હોત તો લોકો ભૂખે મરવાથી ચોરી, લુંટફાટ, શિકાર આદિ ઘણા પાપો કરત. તે અધિક

દોષરૂપ હોવાથી મોટો અનર્થ થાત. લોકોને તે મોટા પાપરૂપ અનર્થથી બચાવનાર હોવાથી શિલ્પાદિમાં જે આરંભરૂપ સ્વલ્પ દોષ છે તે અનર્થ ન ગણાય પણ વાસ્તવિક રીતે તે અર્થ જ ગણાય, કારણ કે તેનાથી લોકોનું દુર્ગતિથી રક્ષણ કરવારૂપ ઈચ્છિત કાર્ય સિદ્ધ થાય છે.

ટીકાર્થઃ- '**एवं च**'= ભગવાનનું શિલ્પાદિનું વિધાન '**एत्थ**'= અહીયાં '**जुत्तं**'= ન્યાયયુક્ત છે. '**इहरा**'= અન્યથા અર્થાત્ જો તે વિધાન ન કર્યું હોત તો '**अहिगदोसभावओ**'= ચોરી, લુંટફાટ, શિકાર આદિ અધિક દોષોનું સેવન થવાથી '**अणत्थो**'= મોટો અનર્થ થાત. '**तत्परिहारे**'= આ મોટો અનર્થ દૂર થવાથી '**अणत्थो**'= આરંભરૂપ દોષ એ પેલા દૃષ્ટાંતમાં પુત્રને જે થોડી પીડા થઈ એના સદૃશ હોવાથી '**अत्थो च्चिय**'= ઈચ્છિત કાર્યની સિદ્ધિ કરનાર છે. માટે અર્થરૂપ જ '**तत्तओ**'= વાસ્તવિક રીતે '**णेओ**'= જાણવો.

સર્વત્ર પણ ઈચ્છિત કાર્યની સિદ્ધિ એ જ પરમાર્થથી અર્થ છે. તેની સિદ્ધિ કરવા માટે થોડા ઘણા જે કષ્ટ-ક્લેશ આદિ સહન કરવા પડે તે પીડારૂપ ગણાતા નથી.

દૃષ્ટાંતમાં સર્પ કરડવાથી પુત્રનું મૃત્યુ થાત એમાંથી પુત્રને બચાવી લેવો એ માતાનું ઈષ્ટ કાર્ય હતું. તે માટે તેને ખેંચવાથી તેના શરીર ઉપર થોડી પીડા થઈ તેને અનર્થરૂપ ગણવામાં આવતી નથી. તેમ ભગવાનનું ઈષ્ટ કાર્ય લોકોને પાપથી બચાવી લેવાનું હતું તે માટે શિલ્પાદિનું વિધાન કરવામાં જે આરંભાદિ થોડો દોષ સેવવો પડ્યો. તે અનર્થ ગણાય નહિ. ॥ ૩૩૫ ॥ ૭/૪૧

આ પ્રમાણે જિનભવનનું નિર્માણ કરવાની પ્રવૃત્તિ નિર્દોષ છે, એમ સિદ્ધ કરીને તે પ્રવૃત્તિ એ અહિંસાસ્વરૂપ છે તે બતાવતા કહે છે :-

एवं निवित्तिपहाणा, विण्णेया भावओ अहिंसेयं ।
जयणावओ उ विहिणा, पूजादिगया वि एमेव ॥ ३३६ ॥ ७/४२

છાયા :- एवं निवृत्तिप्रधाना विज्ञेया भावतोऽहिंसेयम् ।
यतनावतस्तु विधिना पूजादिगताऽपि एवमेव ॥ ४२ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે વિધિપૂર્વક જયણાયુક્ત ગૃહસ્થની આ જિનભવનના નિર્માણની પ્રવૃત્તિ એ ઘણાં પ્રાણીનું રક્ષણ કરનાર હોવાથી નિવૃત્તિપ્રધાન છે. તેથી ભાવથી તે અહિંસાસ્વરૂપ છે. એજ પ્રમાણે ભગવાનની પૂજા-સ્નાત્ર આદિ કરવારૂપ પ્રવૃત્તિ પણ અહિંસાસ્વરૂપ જ છે.

ટીકાર્થઃ- '**एयं**'= આ પ્રમાણે '**इयं**'= આ જિનભવન નિર્માણ કરવાની પ્રવૃત્તિ '**निवित्तिपहाणा**'= મુખ્યતાએ ઘણા જીવોનું રક્ષણ કરનારી '**भावओ**'= પરમાર્થથી '**अहिंसा**'= અહિંસા '**विण्णेया**'= જાણવી, '**जयणावओ उ**'= જયણાવાળાની '**विहिणा**'= શાસ્ત્રોક્ત વિધિપૂર્વકની '**पूजादिगया वि**'= પૂજા-સ્નાત્ર-વિલેપનાદિ પ્રવૃત્તિ '**एमेव**'= એ પ્રમાણે અહિંસા જ છે. ॥ ૩૩૬ ॥ ૭/૪૨

જિનભવનના નિર્માણ કર્યા પછીની વિધિ કહે છેઃ-

णिप्फाइऊणं एवं, जिणभवणं सुंदरं तहिं बिंबं ।
विहिकारियमह विहिणा, पतिट्ठवेज्जा लहुं चेव ॥ ३३७ ॥ ७/४३

છાયા :- निष्पाद्य एवं जिनभवनं सुन्दरं तत्र बिम्बम् ।
विधिकारितमथ विधिना प्रतिष्ठापयेत् लघु चैव ॥ ४३ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે સુંદર જિનભવનનું નિર્માણ કર્યા બાદ તેમાં વિધિપૂર્વક કરાવેલું જિનબિંબ વિધિપૂર્વક જલ્દીથી પ્રતિષ્ઠિત કરવું જોઈએ.

ટીકાર્થ :- '**एवं**'= આ પ્રમાણે '**जिणभवणं**'= દેરાસરનું '**निप्फा-इउणं**'= નિર્માણ કર્યા બાદ '**तहिं**'= તે જિનભવનમાં '**सुंदरं**'= શ્રેષ્ઠ '**बिंबं**'= જિનેશ્વરદેવની પ્રતિમા '**विहिकारियं**'= શાસ્ત્રોક્ત વિધિથી બનાવેલી '**अह**'= હવે '**विहिणा**'= શાસ્ત્રોક્ત વિધિપૂર્વક જ '**लहुं चेव**'= જલ્દીથી જ '**पतिट्ठवेज्जा**'= પ્રતિષ્ઠિત કરે. ॥૩૩૭॥૭/૪૩

एयस्स फलं भणियं, इय आणाकारिणो उ सड्ढस्स ।
चित्तं सुहाणुबंधं, णिव्वाणंतं जिणिंदेहिं ॥ ३३८ ॥ ७/४४

छाया :- एतस्य फलं भणितमिति आज्ञाकारिणस्तु श्राद्धस्य ।
चित्रं शुभानुबन्धं निर्वाणान्तं जिनेन्द्रैः ॥ ४४ ॥

ગાથાર્થ :- પ્રસ્તુત પંચાશકમાં જણાવ્યા પ્રમાણે તીર્થંકર પરમાત્માની આજ્ઞાનું પાલન કરનાર શ્રાવકને જિનભવન કરાવવાની વિધિનું મુક્તિ ન મળે ત્યાં સુધી દેવમનુષ્યગતિમાં વિશિષ્ટ અભ્યુદય અને કલ્યાણની સતત પરંપરારૂપ ફળ મળે છે. અંતે મોક્ષ મળે છે એમ જિનેશ્વરોએ કહ્યું છે.

ટીકાર્થ :- '**एयस्स**'= આ પંચાશકમાં કહેવામાં આવેલ બધાનું '**इय**'= આ પ્રમાણે '**आणाकारिणो**'= સર્વજ્ઞની આજ્ઞાનું પાલન કરનાર '**सड्ढस्स**'= શ્રાવકને '**चित्तं**'= દેવમનુષ્યજન્મમાં તેવા પ્રકારના વિવિધ અભ્યુદયરૂપ '**सुहाणुबंधं**'= જેનો અનુબંધ અર્થાત્ પરંપરા શુભ છે તે કલ્યાણની પરંપરારૂપ ફળ, '**णिव्वाणंतं**'= અને અંતે મોક્ષ '**फलं**'= ફળ પ્રાપ્ત થાય છે. તેમ '**जिणिंदेहिं**'= જિનેશ્વરોએ '**भणियं**'= કહ્યું છે. ॥ ૩૩૮ ॥ ૭/૪૪

ઉપરની ગાથામાં સામાન્યથી ફળ કહ્યું હવે ચાર ગાથામાં કયા ભાવથી ફળ મળે એમ વિષય વિભાગ કરીને કહે છે :-

जिणबिंबपइट्ठावणभावज्जियकम्मपरिणतिवसेणं ।
सुगतीइ पइट्ठावणमणहं सदि अप्पणो चेव ॥ ३३९ ॥ ७/४५

छाया :- जिनबिम्बप्रतिष्ठापन-भावार्जितकर्मपरिणतिवशेन ।
सुगतौ प्रतिष्ठापनमनघं सदा आत्मनश्चैव ॥ ४५ ॥

ગાથાર્થ :- જિનબિંબની પ્રતિષ્ઠાના ભાવથી ઉપાર્જિત પુણ્યકર્મના ઉદયથી સદા પોતાનું જ સદ્ગતિમાં નિરવદ્ય સ્થાપન થાય છે.

ટીકાર્થ :- '**जिणबिंबपइट्ठावण**'= જિનબિંબની પ્રતિષ્ઠા કરાવવામાં રહેલ '**भाव**'= ભાવથી '**अज्जिय**'= ઉપાર્જન કરેલા '**कम्म**'= પુણ્યકર્મના '**परिणतिवसेणं**'= ઉદયના સામર્થ્યથી '**सुगतीइ**'= સ્વર્ગ આદિ ગતિમાં '**सदि**'= સદા '**अप्पणो चेव**'= પોતાના આત્માનું જ '**अणहं**'= નિર્દોષ '**पइट्ठावणं**'= સ્થાપન થાય છે. ॥ ૩૩૯ ॥ ૭/૪૫

तत्थ वि य साहुदंसण भावज्जियकम्मतो उ गुणरागो ।
काले य साहुदंसणमहक्कमेणं गुणकरं तु ॥ ३४० ॥ ७/४६

छाया :- तत्रापि च साधुदर्शनभावार्जितकर्मतस्तु गुणरागः ।
काले च साधुदर्शनम् अथ क्रमेण गुणकरं तु ॥ ४६ ॥

ગાથાર્થ :- જિનભવનનું નિર્માણ કરવામાં અહીં દર્શનાર્થે પધારેલા સાધુભગવંતોના મને દર્શન થશે''

એવી જે ભાવના હોય છે તેનાથી બંધાયેલા પુણ્યકર્મથી તેને ગુણાનુરાગ પ્રગટે છે તેમજ અવસરે સાધુભગવંતોના દર્શન થાય છે. જે સાધુદર્શન તેને અવશ્ય, ક્રમશઃ ગુણોની પ્રાપ્તિ કરાવનાર થાય છે.

ટીકાર્થ :- '**तत्थ वि य**'= જિનભવનનું નિર્માણ કરવામાં '**साहुदंसण**'= સાધુના દર્શનનો '**भाव**'= જે ભાવ તેનાથી '**अज्जियकम्मतो**'= બંધાયેલા પુણ્યકર્મથી '**गुणरागो**'= ગુણોને વિશે પ્રીતિ થાય છે, '**काले य**'= અને અવસરે '**साहुदंसणं**'= સાધુનું દર્શન થાય છે. '**अहक्कमेणं**'= આની સંસ્કૃત છાયા '**अथ क्रमेण**' થાય અથવા '**यथाक्रमेण**' થાય. યથાક્રમ એટલે તેને અનુરૂપ જે જે ક્રમ, તેના વડે; અહીયાં વીપ્સા અર્થમાં '**यथा**'ની સાથે '**क्रम**' શબ્દનો અવ્યયીભાવ સમાસ થયો છે અને વિભક્તિનો લોપ નથી થયો તેથી '**अहक्कमेणं**' માં તૃતીયા વિભક્તિનો લોપ નથી કર્યો. (સાધુ દર્શન) '**गुणकरं तु**'= પુણ્યના સામર્થ્યથી ગુણ કરવાના સ્વભાવવાળું '**भवति**'નો અધ્યાહારથી સંબંધ જોડવો. અર્થાત્ હોય છે. ॥ ૩૪૦ ॥ ૭/૪૬

पडिबुज्झिस्संतऽन्ने, भावज्जियकम्मओ य पडिवत्ती ।
भावचरणस्स जायति एगंतसुहावहा नियमा ॥ ३४१ ॥ ७/४७.

छाया :- प्रतिभोत्स्यन्तेऽन्ये भावार्जितकर्मतश्च प्रतिपत्तिः ।
भावचरणस्य जायते एकान्तसुखावहा नियमात् ॥ ४७ ॥

ગાથાર્થ :- જિનભવનનું નિર્માણ કરતી વખતે તેને જે એવો ભાવ હતો કે "આ મંદિરમાં જિનપ્રતિમાના દર્શન કરીને બીજા જીવો પ્રતિબોધ પામશે." તે ભાવથી બંધાયેલા પુણ્ય વડે તેને એકાંતે મોક્ષ સુખને આપનાર એવા ચારિત્રના પરિણામની ભાવથી નિયમા પ્રાપ્તિ થાય છે.

ટીકાર્થ:- '**अन्ने**'= બીજા જીવો '**पडिबुज्झिस्संत**'= પ્રતિબોધ પામશે, આવા પ્રકારના '**भावज्जियकम्मओ**'= વિશિષ્ટ ભાવથી બંધાયેલા પુણ્યકર્મથી '**नियमा**'= પરંપરાએ અવશ્ય, અવ્યભિચારથી '**एगंतसुहावहा**'= ચારિત્રના પરિણામ એ મોક્ષનું અવંધ્ય કારણ હોવાથી એકાંતે સુખમય એવા મોક્ષને આપનાર '**भावचरणस्स**'= ચારિત્રના પરિણામની '**पडिवत्ती**'= પ્રાપ્તિ '**जायइ**'= થાય છે. ॥ ૩૪૧ ॥ ૭/૪૭

अपरिवडियसुहचिंताभावज्जियकम्मपरिणतीए उ ।
गच्छति इमीए अंतं, तओ य आराहणं लहइ ॥ ३४२ ॥ ७/४८

छाया :- अप्रतिपतितशुभचिन्ताभावार्जितकर्मपरिणत्यास्तु ।
गच्छति अस्या अन्तं ततश्च आराधनां लभते ॥ ४८ ॥

ગાથાર્થ :- સ્થિર એવા શુભ અધ્યવસાયરૂપ ભાવથી બંધાયેલા પુણ્યકર્મના ઉદયથી તે શુભ અધ્યવસાયના અથવા ચારિત્રના પ્રકર્ષને પામે છે. અને તેનાથી જ્ઞાનાદિની નિષ્પત્તિરૂપ આરાધનાને પ્રાપ્ત કરે છે.

ટીકાર્થ :- '**अपरिवडिय**'= પતન નહિ પામેલ અર્થાત્ સ્થિર '**सुहचिंता**'= શુદ્ધ અધ્યવસાયના '**भावेन**'= નિમિત્તથી અથવા પરિણામથી '**अज्जिय**'= બંધાયેલા '**कम्म**'= પુણ્યકર્મના '**परिणतीए उ**'= વિપાકોદયથી '**इमीए**'= શુભ અધ્યવસાયના અથવા ચારિત્રના સ્વીકારને '**अंतं**'= પ્રકર્ષના પારને '**गच्छति**'= પામે છે. '**तओ य**'= તે પ્રકર્ષથી '**आराहणं**'= જ્ઞાનાદિની નિષ્પત્તિ સ્વરૂપ આરાધનાને '**लहइ**'= પ્રાપ્ત કરે છે. ॥ ૩૪૨ ॥ ૭/૪૮

निच्छयणया जमेसा, चरणपडिवत्तिसमयतो पभिई ।
आमरणंतमजस्सं, संजमपरिपालणं विहिणा ॥ ३४३ ॥ ७/४९

છાયા :- निश्चयनयाद् यदेषा चरणप्रतिपत्तिसमयतः प्रभृति ।
आमरणन्तमजस्त्रं संयमपरिपालनं विधिना ॥ ४९ ॥

ગાથાર્થ :- કારણકે નિશ્ચયનયના મતે ચારિત્રસ્વીકારના સમયથી માંડીને મૃત્યુસુધી સતત આગમોક્ત વિધિથી સંયમનું પાલન કરવું એ જ આરાધના છે.

ટીકાર્થ :- '**निच्छयनया**'= નિશ્ચયનયના મતે '**जं**'= કારણ કે '**चरणपडिवत्तिसमयओ**'= ચારિત્રના સ્વીકારના સમયથી '**पभिति**'= આરંભીને '**आमरणंतं**'= મરણપર્યંત '**विहिणा**'= આગમોક્ત વિધિથી '**अजस्सं**'= સતત '**संजमपरिपालणं**'= સંયમનું પાલન કરવું તે '**एसा**'= આ આરાધના છે. **॥૩૪૩॥ ૭/૪૯**

आराहगो य जीवो, सत्तट्ठभवेहिं पावए णियमा ।
जम्मादिदोसविरहा, सासयसोक्खं तु निव्वाणं ॥ ३४४ ॥ ७/५०

છાયા :- आराधकश्च जीवः सप्ताष्टभवैः प्राप्नोति नियमात् ।
जन्मादिदोषविरहात् शाश्वतसौख्यं तु निर्वाणम् ॥ ५० ॥

ગાથાર્થ :- આરાધક જીવ સાત-આઠ ભવ વડે જ જન્મ-મરણાદિ દોષથી રહિત શાશ્વતસુખવાળા મોક્ષને નિયમા પ્રાપ્ત કરે છે.

ટીકાર્થ :- '**आराहगो य जीवो**'= આરાધક જીવ ચારિત્રના સ્વીકારથી માંડીને '**सत्तट्ठभवेहि**'= સાત અથવા આઠ ભવ વડે '**नियमा**'= અવશ્ય '**जम्मादिदोसविरहा**'= જન્મ-જરા-મરણ વગેરે દોષોથી રહિત '**सासयसोक्खं तु**'= શાશ્વત સુખવાળા જ '**निव्वाणं**'= સિદ્ધિપદને '**पावए**'= પ્રાપ્ત કરે છે. **॥ ૩૪૪ ॥ ૭/૫૦**

॥ સાતમું જિનભવનવિધિ નામનું પંચાશક સમાપ્ત થયું. ॥

• • •

॥ अष्टमं जिनबिम्बप्रतिष्ठाविधि-पञ्चाशकम् ॥

જિનભવનનું નિર્માણ કરાવ્યા બાદ તેને શૂન્ય નહિ રાખવા માટે જિનબિંબની પ્રતિષ્ઠા કરાવવાનો સંભવ છે.આથી તે સંબંધી વિધિને જણાવવા માટે કહે છે :-

नमिऊण देवदेवं, वीरं सम्मं समासओ वोच्छं ।
जिणबिंबपइट्ठाए, विहिमागमलोयनीतीए ॥ ३४५ ॥ ८/१

छाया :- नत्वा देवदेवं वीरं सम्यक् समासतो वक्ष्ये ।
जिनबिम्बप्रतिष्ठाया विधिमागमलोकनीत्या ॥ १ ॥

ગાથાર્થ :- દેવાધિદેવ **મહાવીરસ્વામીને** નમસ્કાર કરીને આગમ અને લોકનીતિના અનુસાર જિનબિંબની પ્રતિષ્ઠાની, સમ્યગ્ વિધિને સંક્ષેપથી કહીશ.

ટીકાર્થ :- '**देवदेवं**'= દેવો વડે સ્તુતિ કરવા યોગ્ય '**वीरं**'= **મહાવીરસ્વામી**ને '**नमिऊण**'= નમસ્કાર કરીને '**जिणबिंबपइट्ठाए**'= જિનબિંબની પ્રતિષ્ઠાની '**सम्मं**'= પ્રશસ્ત '**विहिं**'= વિધિને '**आगमलोयनीतीए**'= આગમ અને લોકનીતિના અનુસારે '**समासओ**'= સંક્ષેપથી '**वोच्छं**'= કહીશ. ॥ ૩૪૫ ॥ ૮/૧

जिणबिंबस्स पइट्ठा, पायं कारवियस्स जत्तेण ।
तक्कारवणंमि विहिं, पढमं चिय वण्णिमो ताव ॥ ३४६ ॥ ८/२

छाया :- जिनबिम्बस्य प्रतिष्ठा प्रायः कारितस्य यत्नेन ।
तत्कारणे विधिं प्रथममेव वर्णयामस्तावत् ॥ २ ॥

ગાથાર્થ :- યત્નપૂર્વક જિનપ્રતિમા કરાવ્યા બાદ પછી તેની પ્રતિષ્ઠા કરવાની હોય છે. આથી તેને કરાવવાની વિધિને અમે પહેલા વર્ણવીએ છીએ.

ટીકાર્થ :- '**पायं**'= પ્રાયઃ '**जत्तेण**'= સર્વ આદરપૂર્વક '**कारवियस्स**'= કરાવેલા- અર્થાત્ જિનપ્રતિમા ઘડાવ્યા બાદ '**जिणबिंबस्स**'= જિનપ્રતિમાની '**पइट्ठा**'= પ્રતિષ્ઠા થાય છે. '**तक्कारवणंमि**'= બિંબને ઘડાવવાની '**विहिं**'= વિધિને તેથી '**पढमं चिय**'= પહેલાં જ '**वण्णिमो**'= વર્ણવીએ છીએ. '**ताव**'= આ શબ્દ ક્રમને બતાવવા માટે છે. પ્રથમ જિનબિંબને ઘડાવવાનું હોય છે. ત્યારબાદ તેની પ્રતિષ્ઠા કરાવવાની હોય છે. ॥ ૩૪૬ ॥ ૮/૨

જિનબિંબને કરાવવાની વિધિને ઉત્સર્ગ અપવાદ વડે કહે છે :-

सोऊं णाऊण गुणे, जिणाण जायाए सुद्धबुद्धीए ।
किच्चमिणं मणुयाणं, जम्मफलं एत्तियं एत्थ ॥ ३४७ ॥ ८/३

छाया :- श्रुत्वा ज्ञात्वा गुणान् जिनानां जातायां शुद्धबुद्धौ ।
कृत्यमिदं मनुजानां जन्मफलं एतावदेवात्र ॥ ३ ॥

गुणपगरिसो जिणा खलु, तेसिं बिंबस्स दंसणं पि सुहं ।
कारावणेण तस्स उ, अणुग्गहो अत्तणो परमो ॥ ३४८ ॥ ८/४

छाया :- गुणप्रकर्षो जिनाः खलु तेषां बिम्बस्य दर्शनमपि सुखम् ।
कारणेन तस्य तु अनुग्रहो आत्मनः परमः ॥ ४ ॥

मोक्खपहसामियाणं, मोक्खत्थं उज्जएण कुसलेणं ।
तग्गुणबहुमाणादिसु, जतियव्वं सव्वजत्तेणं ॥ ३४९ ॥ ८/५

छाया :- मोक्षपथस्वामिकानां मोक्षार्थम् उद्यतेन कुशलेन ।
तद्गुणबहुमानादिषु यतितव्यं सर्वयत्नेन ॥ ५ ॥

तग्गुणबहुमाणाओ, तह सुहभावेण बज्झती नियमा ।
कम्मं सुहाणुबंधं, तस्सुदया सव्वसिद्धि त्ति ॥ ३५० ॥ ८/६

छाया :- तद्गुणबहुमानात् तथा शुभभावेन बध्यते नियमात् ।
कर्म शुभानुबन्धं तस्योदयात् सर्वसिद्धिरिति ॥ ६ ॥

गाथार्थ :- જિનેશ્વરના વીતરાગતા, તીર્થપ્રવર્તન આદિ ગુણોને સાંભળીને અને જાણીને શાસ્ત્રાનુસારી નિર્મળ બોધ થતાં જીવને નીચે મુજબ બુદ્ધિ થાય છેઃ- જિનબિંબ કરાવવું એ મનુષ્યોનું કર્તવ્ય છે. અને અહીં આ જ મનુષ્યજન્મનું ફળ છે.

જિનેશ્વરો જ સર્વજીવોમાં અધિક ગુણવાળા છે. તેમની પ્રતિમાનું દર્શન પણ શુભ છે આથી તેમના બિંબને કરાવવાથી આત્માને ઉત્કૃષ્ટ લાભ થાય છે.

મોક્ષમાર્ગમાં ઉદ્યત બનેલા બુદ્ધિશાળી જીવે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગના સ્વામી જિનેશ્વરદેવના ગુણ બહુમાનાદિમાં અર્થાત્ આન્તરપ્રીતિ-ભક્તિ પૂજાદિમાં સર્વ આદરપૂર્વક યત્ન કરવો જોઈએ.

જિનેશ્વરદેવના ગુણો પ્રત્યે બહુમાન રાખવાથી ઉત્તરોત્તર પ્રકર્ષ પામતા શુભ ભાવો વડે નિયમા પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે જેના ઉદયથી સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે.

જીવને આ પ્રમાણે શુદ્ધબુદ્ધિ ઉત્પન્ન થાય છે.

ટીકાર્થ :- '**जिणाण**'= જિનેશ્વરદેવના '**गुणे**'= તીર્થપ્રવર્તનાદિ ગુણોને '**सोउं**'= પહેલા સાંભળીને ત્યારપછી '**नाऊण**'= જાણીને '**सुद्धबुद्धीए**'= શાસ્ત્રાનુસારી નિર્મળ બુદ્ધિ '**जायाए**'= ઉત્પન્ન થતાં '**इणं**'= આ જિનબિંબ કરાવવું તે '**किच्चं**'= કર્તવ્ય છે. '**मणुयाणं**'= પુરુષોનું, ધર્મના મુખ્ય અધિકારી મનુષ્યો છે એમ જણાવવા માટે અહીં 'મનુષ્યો' શબ્દનું ગ્રહણ કર્યું છે બાકી બોધિલાભની પ્રાપ્તિ કરાવનાર હોવાથી દેવોનું પણ આ કર્તવ્ય છે. એમ શાસ્ત્રમાં કહેલું છે. '**एत्थ**'= અહીંયા '**जम्मफलं**'= જન્મનું ફળ '**एत्तियं**'= આ જ છે, બીજું નથી એમ કહેવાનો ભાવ છે. **॥ ३४७ ॥ ८/३**

'**जिणा**'= જિનેશ્વરદેવો '**खलु**'= નિશ્ચે '**गुणपगरिसो**'= ગુણના પ્રકર્ષવાળા છે. '**तेसिं**'= તે જિનેશ્વરના '**बिंबस्स**'= બિંબનું '**दंसणं पि**'= દર્શન કરવું એ પણ '**सुहं**'= શુભનું કારણ હોવાથી શુભ છે. '**तस्स उ**'= તે બિંબને '**कारावणेण**'= કરાવવા વડે '**अत्तणो**'= આત્માને '**परमो**'= ઉત્કૃષ્ટ '**अणुग्गहो**'= ઉપકાર થાય છે. **॥ ३४८ ॥ ८/४**

'**मोक्खत्थं**'= મોક્ષના માટે '**उज्जएण**'= ઉદ્યમવાળા '**कुसलेणं**'= બુદ્ધિશાળી જીવે '**मोक्खपहसामियाणं**'= સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગના અધિપતિ જિનેશ્વરદેવના '**तग्गुणबहुमाणादिसु**'= આન્તરપ્રીતિ, ભક્તિ, પૂજા વગેરે સ્વરૂપ તેમના ગુણોના બહુમાનાદિમાં '**सव्वजत्तेणं**'= સર્વ આદરપૂર્વક '**जतियव्वं**'= પ્રવર્તવું જોઈએ. **॥ ३४९ ॥ ८/५**

'**तग्गुणबहुमाणाओ**'= જિનેશ્વરના ગુણોના બહુમાનથી '**तह सुहभावेण**'= ઉત્તરોત્તર પ્રકર્ષવાળા એવા

વિવિધ પ્રકારના શુભ અધ્યવસાય વડે '**नियमा**'= અવશ્ય '**सुहाणुबंधं**'= પુણ્યાનુબંધી પુણ્ય '**कम्मं**'= કર્મ '**बज्झती**'= બંધાય છે. '**तस्सुदया**'= તેના ઉદયથી '**सव्वसिद्धि त्ति**'= સર્વ કાર્યની સિદ્ધિ થાય છે. ॥ ૩૫૦ ॥ ૮/૬

इय सुद्धबुद्धिजोगा, काले संपूइऊण कत्तारं ।
विभवोचियमप्पेज्जा मोल्लं अणहस्स सुहभावो ॥ ३५१ ॥ ८/७

छायाः- इति शुद्धबुद्धियोगात् काले सम्पूज्य कर्त्तारम् ।
विभवोचितमर्पयेत् मूल्यम् अनघस्य शुभभावः ॥ ७ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે શુદ્ધબુદ્ધિનો યોગ થવાથી ઉદારતા વડે પ્રશસ્ત અધ્યવસાયવાળો બનેલ જિનબિંબ કરાવનાર જીવ નિર્દોષ (અવ્યસની) શિલ્પીને શુભ અવસરે વસ્ત્રાદિથી સન્માન કરીને સ્વસંપત્તિ પ્રમાણે મૂલ્ય આપે.

ટીકાર્થ :- '**इय**'= આ પ્રમાણે '**सुद्धबुद्धिजोगा**'= નિર્મળ બુદ્ધિના યોગથી અથવા વ્યાપારથી '**काले**'= શુભ અવસરે '**संपूइऊण**'= વસ્ત્ર, ભોજન, પત્ર, પુષ્પ, ફળ આદિથી સન્માન કરીને '**विभवोचियं**'= પોતાના વૈભવને અનુરૂપ '**अणहस्स**'= વ્યસન વગરના '**कत्तारं**'= શિલ્પીને '**सुहभावो**'= ઉદારતાથી પ્રવર્ધમાન શુભ ભાવનાવાળો જિનબિંબ કરાવનાર '**मोल्लं**'= મૂલ્ય '**अप्पेज्जा**'= આપે. ॥ ૩૫૧ ॥ ૮/૭

નિર્દોષ શિલ્પી ન મળે તો વ્યસની શિલ્પીના માટે ગુણકારક વિધિ બતાવે છે :-

तारिसयस्साभावे, तस्सेव हितत्थमुज्जुओ नवरं ।
णियमेज्ज बिंबमोल्लं, जं उचियं कालमासज्ज ॥ ३५२ ॥ ८/८

छाया :- तादृशकस्याभावे तस्यैव हितार्थमुद्यतः नवरम् ।
नियमयेद् बिम्बमूल्यं यदुचितं कालमासाद्य ॥ ८ ॥

ગાથાર્થ :- અવ્યસની શિલ્પી ન મળે તો વ્યસની શિલ્પીના જ હિત માટે તત્પર બનેલો જિનબિંબ કરાવનાર શ્રાવક તે કાળને આશ્રયીને જે ઉચિત હોય તે મૂલ્ય જિનબિંબને ઘડાવવાનું નક્કી કરે.

ટીકાર્થ :- '**तारिसयस्स**'= તેવા અવ્યસની શિલ્પીના '**अभावे**'= અભાવમાં '**तस्सेव**'= તે વ્યસની શિલ્પીના જ '**हितत्थं**'= હિતને માટે '**उज्जुओ**'= પ્રયત્નશીલ શ્રાવક '**नवरं**'= ફક્ત '**बिंबमोल्लं**'= જિનબિંબ ઘડવાનું જે મૂલ્ય નક્કી કરે તેમાંથી થોડા રૂપિયા બિંબ ઘડવાની શરૂઆત કરે ત્યારે આપે. અર્ધું ઘડાઈ જાય ત્યારે થોડા આપે અને બિંબ સંપૂર્ણ ઘડાઈ જાય ત્યારે થોડા આપે એમ ત્રણ વિભાગ કરીને ટુકડે ટુકડે તેને મૂલ્ય આપવાનું નક્કી કરે. '**जं उचियं**'= જે ઉચિત હોય તે '**कालं**'= તે સમયે બજારમાં જે ભાવ ચાલતો હોય તેને '**आसज्ज**'= આશ્રયીને '**णियमेज्ज**'= નક્કી કરે. એકસાથે જો તેને બધા પૈસા આપી દે તો એ પૈસા તે વ્યસનમાં ખર્ચી નાખે માટે એમ ન કરતાં તેને ટુકડે ટુકડે થોડા થોડા આપ્યા કરે જેથી એ રકમ તે પોતાની જીવનજરૂરિયાત માટે જ ખર્ચે જેથી દુઃખી ન થાય. ॥ ૩૫૨ ॥ ૮/૮

વ્યસન વગરના શિલ્પીને જે મૂલ્ય આપે છે તે જ મૂલ્ય જો વ્યસની શિલ્પીને આપે તો શું દોષ લાગે તે કહે છેઃ-

देवस्स परीभोगो, अणेगजम्मेसु दारुणविवागो ।
तंमि स होइ णिउत्तो, पावो जो कारुओ इहरा ॥ ३५३ ॥ ८/९

છાયા :- देवस्य परिभोगोऽनेकजन्मसु दारुणविपाकः ।
तस्मिन् स भवति नियुक्तः पापो यः कारक इतरथा ॥ ९ ॥

ગાથાર્થ :- દેવદ્રવ્યનું ભક્ષણ અનેક જન્મોમાં ભયંકર વિપાકવાળું થાય છે. બિંબ ઘડવાનું મૂલ્ય જો નક્કી કરવામાં ન આવે તો જે દોષિત શિલ્પી છે, તે દેવદ્રવ્યના ભક્ષણમાં જોડાયેલો થાય છે. અર્થાત્ શિલ્પીને દેવદ્રવ્યનું ભક્ષણ કરાવવાનો દોષ બિંબ કરાવનાર શ્રાવકને લાગે છે.

ટીકાર્થ :- '**देवस्स**'= જિનદેવને અર્પિત કરેલાં દ્રવ્યનો- અહીં કારણમાં કાર્યનો ઉપચાર કરીને દેવદ્રવ્યનો દેવ તરીકે ઉલ્લેખ કર્યો છે. '**परीभोगो**'= ભક્ષણ '**देवस्य परिभोगो**'= એમ ષષ્ઠી તત્પુરુષ સમાસ કરાય અર્થાત્ જિનદેવને માટે કલ્પેલા દ્રવ્યનો પરિભોગ (ભક્ષણ) '**अणेगजम्मेसु**'= ઘણાં ભવોમાં '**दारुणविवागो**'= ભયંકર વિપાક આપનાર થાય છે. '**इहरा**'= અન્યથા, અર્થાત્ જો મૂલ્ય નક્કી કરવામાં ન આવે તો '**जो**'= જે '**पावो**'= વ્યસની '**कारुओ**'= શિલ્પી '**स**'= તે '**तंमि**'= તે દેવદ્રવ્યના ભક્ષણમાં '**णिउत्तो**'= સૂક્ષ્મબુદ્ધિ વગરના જિનબિંબ ઘડાવનાર શ્રાવક વડે જોડાયેલો '**होइ**'= થાય છે. ॥ ૩૫૩ ॥ ૮/૯

આ પ્રમાણે શાથી થાય છે તે કહે છે :-

जं जायइ परिणामे, असुहं सव्वस्स तं न कायव्वं ।
सम्मं णिरूविऊणं, गाढगिलाणस्स वाऽपत्थं ॥ ३५४ ॥ ८/१०

છાયા :- यज्जायते परिणामेऽशुभं सर्वस्य तन्न कर्तव्यम् ।
सम्यक् निरूप्य गाढग्लानस्य वाऽपथ्यम् ॥ १० ॥

ગાથાર્થ :- જે કાર્ય અતિશય ગ્લાનને અપથ્ય આપવાની જેમ પરિણામે પોતાને કે પરને કોઈને પણ અશુભફળ આપનારું થવાનો સંભવ હોય તેનો બરાબર વિચાર કરીને એવું કાર્ય કરવું ન જોઈએ.

ટીકાર્થ :- '**जं**'= જે કાર્ય '**सव्वस्स**'= બધા જ પ્રાણીઓમાંથી કોઈને પણ '**परिणामे**'= ભવિષ્યમાં '**असुहं**'= અશુભ કર્મબંધનો હેતુ '**जायइ**'= સંભવે છે. '**तं**'= તે કાર્ય '**न कायव्वं**'= કરવું નહિ. શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધ વર્તન કરવા દ્વારા પોતે જો બીજાને કર્મબંધ કરવામાં નિમિત્ત બનતો હોય તો તેને પોતાને પણ કર્મબંધ થાય છે. કારણ કે તેણે કર્મબંધમાં સહકાર આપ્યો છે. પણ પોતે શાસ્ત્રાજ્ઞાનું આરાધન કરતો હોય છતાં એ નિમિત્તે જો બીજો માણસ કર્મબંધ કરે તો તેમાં તેને પોતાને કર્મબંધ થતો નથી કારણ કે તેનો પોતાનો શાસ્ત્રાજ્ઞાનુસાર આરાધના કરવાનો પરિણામ એ કર્મબંધને અટકાવે છે. સામી વ્યક્તિ જે દોષમાં પ્રવૃત્તિ કરે છે તેમાં તે શાસ્ત્રાજ્ઞાથી માત્ર નિમિત્ત જ બન્યો છે તેમાં તેનો બિલકુલ સહકાર નથી. '**सम्मं**'= સમ્યગ્ ન્યાયથી '**निरूविऊणं**'= જે રીતે શિલ્પી કર્મબંધ ન કરે એ રીતે વિચારીને '**गाढगिलाणस्स**'= ગાઢ બીમારનું '**वा**'= જેમ '**अपत्थं**'= અહિત, ન કરવું જોઈએ એમ સંબંધ જોડવો.

જેમ અતિશય પીડિત માંદા માણસને ભવિષ્યમાં જે અહિત કરે એવું હોય તે અપથ્ય ત્યજાય છે તેમ આ શિલ્પીને મૂલ્ય આપવા બાબતમાં પણ જાણવું. ॥ ૩૫૪ ॥ ૮/૧૦

અવ્યસની શિલ્પીને પણ બિંબનું મૂલ્ય આપવામાં કદાચ કોઈ રીતે ભૂલ થઈ જાય તો વ્યસનીને મૂલ્ય આપવામાં જે દોષ લાગતો હતો તે દોષ બિંબ કરાવનાર શ્રાવકને લાગે કે નહિ ? એ સંશયને

દૂર કરતાં કહે છે કે તેને દોષ લાગતો નથી.

आणागारी आराहणेण तीए ण दोसवं होति ।
वत्थुविवज्जासम्मि, वि, छउमत्थो सुद्धपरिणामो ॥ ३५५ ॥ ८/११

छाया :- आज्ञाकारी आराधनेन तस्या न दोषवान् भवति ।
वस्तुविपर्यासेऽपि छद्मस्थः शुद्धपरिणामः ॥ ११ ॥

ગાથાર્થ :- આજ્ઞાનું પાલન કરનાર જિનબિંબ કરાવનારે શાસ્ત્રોક્ત વિધિમુજબ શિલ્પીને મૂલ્ય આપ્યું હોય છતાં છદ્મસ્થતાના કારણે શિલ્પીને ઓળખવામાં તેની કાંઇક ભૂલ થઈ ગઈ હોય અને તે નિર્દોષ માનેલો શિલ્પી અન્યથા કરે અર્થાત્ દેવદ્રવ્ય ભક્ષણ કરે તો તેમાં એ કરાવનાર દોષિત નથી કારણકે તેણે તો આજ્ઞાની આરાધના જ કરી છે. છદ્મસ્થ હોવાથી ભૂલ થવાનો સંભવ છે માટે કરાવનાર એ શુદ્ધ પરિણામવાળો જ છે.

ટીકાર્થ :- '**आणागारी**'= શાસ્ત્રાજ્ઞાનું પાલન કરનાર '**तीए**'= આજ્ઞાનું '**आराहणेण**'= આરાધના કરવાથી '**ण दोसवं होति**'= દોષિત બનતો નથી, '**वत्थुविवज्जासम्मि वि**'= નિર્દોષ શિલ્પી અન્યથા વર્તે અર્થાત્ દેવદ્રવ્યનું ભક્ષણ કરે તો પણ '**छउमत्थो**'= બિંબ કરાવનાર છદ્મસ્થ હોવાથી '**शुद्धपरिणामो**'= વિશુદ્ધ અધ્યવસાયવાળો છે. તેણે તો માત્ર અનુકંપાથી પ્રવૃત્તિ કરી છે. તેને પોતાને સંસાર પ્રત્યે બહુમાન નથી, આથી તે નિર્દોષ છે. ॥ ૩૫૫ ॥ ૮/૧૧

વિપર્યાસ થવા છતાં તે બિંબ કરાવનાર શાથી શુદ્ધ પરિણામવાળો છે ? તે જણાવે છે :-

आणापवित्तिओ च्चिय, सुद्धो एसो ण अण्णहा णियमा ।
तित्थगरे बहुमाणा, तदभावाओ य णायव्वो ॥ ३५६ ॥ ८/१२

छाया :- आज्ञाप्रवृत्तित एव शुद्ध एषः न अन्यथा नियमात् ।
तीर्थकरे बहुमानात् तदभावाच्च ज्ञातव्यः ॥ १२ ॥

ગાથાર્થ :- આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરવામાં તીર્થંકર પ્રત્યે બહુમાન હોવાથી પરિણામ નિયમા શુદ્ધ જાણવો અને આજ્ઞાથી નિરપેક્ષ પ્રવૃત્તિ કરવામાં તીર્થંકર પ્રત્યે બહુમાન ન હોવાથી નિયમા પરિણામ અશુદ્ધ જાણવો.

ટીકાર્થ :- '**आणापवित्तिओ च्चिय**'= સર્વજ્ઞની આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરવાથી જ '**एसो**'= પરિણામ '**सुद्धो**'= શુદ્ધ હોય છે. '**ण अण्णहा**'= અન્ય પ્રકારે નહિ અર્થાત્ આજ્ઞાથી નિરપેક્ષ પ્રવૃત્તિ કરવામાં શુદ્ધ નથી. '**णियमा**'= અવશ્ય '**तित्थगरे**'= તીર્થંકરના વિશે '**बहुमाणा**'= બહુમાન હોવાથી શુદ્ધ અથવા '**तदभावाओ**'= તીર્થંકરના પ્રત્યે બહુમાન ન હોવાથી પરિણામ અશુદ્ધ '**णायव्वो**'= જાણવો. જેમાં તીર્થંકરના પ્રત્યે બહુમાન હોય તે પરિણામ શુદ્ધ છે અને જો બહુમાન નથી તો તે પરિણામ અશુદ્ધ છે. ॥ ૩૫૬ ॥ ૮/૧૨

આ પ્રમાણે શાથી કહેવાય છે ? તે જણાવે છે :-

समतिपवित्ती सव्वा, आणाबज्झ त्ति भवफला चेव ।
तित्थगरुद्देसेण वि, ण तत्तओ सा तदुद्देसा ॥ ३५७ ॥ ८/१३

छाया :- स्वमतिप्रवृत्तिः सर्वा आज्ञाबाह्येति भवफला चैव ।
तीर्थकरोद्देशेनापि न तत्त्वतः सा तदुद्देशा ॥ १३ ॥

ગાથાર્થ :- સ્વમતિ મુજબ કરાતી સઘળી પ્રવૃત્તિ આજ્ઞાબાહ્ય હોવાથી સંસાર ફળવાળી જ છે અર્થાત્ સંસારને વધારનારી છે. તે પ્રવૃત્તિ તીર્થંકરના ઉદ્દેશથી કરાતી હોય તો પણ પરમાર્થથી તે તીર્થંકરના ઉદ્દેશવાળી નથી.

ટીકાર્થ :- '**समतीपवित्ती**'= પોતાની મતિ મુજબ કરાતી પ્રવૃત્તિ '**सव्वा**'= બધી જ '**आणाबज्झ त्ति**'= આજ્ઞાબાહ્ય હોવાથી '**भवफला चेव**'= સંસાર વધારનાર જ છે. '**तित्थगरुद्देसेण वि**'= જિનભવન નિર્માણ, બિંબપ્રતિષ્ઠા વગેરે તીર્થંકરના ઉદ્દેશથી કરાતી પ્રવૃત્તિ પણ '**तत्तओ**'= પરમાર્થથી '**सा**'= તે આજ્ઞાબાહ્ય સ્વમતિ પ્રવૃત્તિ '**तदुद्देसा**'= તીર્થંકરના ઉદ્દેશવાળી '**न**'= નથી.

આજ્ઞાની વિરાધના કરીને પોતાની મતિ મુજબ પ્રવૃત્તિ કરનાર તીર્થંકર સંબંધી કોઈ પ્રવૃત્તિ કરે તો પણ તાત્ત્વિક રીતે તે પ્રવૃત્તિ જિનસંબંધી નથી. માત્ર ઉપચારથી જ તે જિનસંબંધી છે કારણકે તેમાં આજ્ઞાની વિરાધના થાય છે. ॥ ૩૫૭ ॥ ૮/૧૩

આ વાતનું જ સમર્થન કરતાં કહે છે :-

मूढा अणादिमोहा, तहा तहा एत्थ संपयट्टंता ।

तं चेव य मण्णंता, अवमण्णंता न याणंति ॥ ३५८ ॥ ८/१४

ગાથા :- मूढा अनादिमोहात् तथा तथा अत्र सम्प्रवर्तमानाः ।

तमेव च मन्यमाना अवमन्यमाना न जानन्ति ॥ १४ ॥

ગાથાર્થ :- અનાદિકાળના મોહથી મૂઢ બનેલા પુરુષો જિનેશ્વરદેવ સંબંધી બિંબપ્રતિષ્ઠા, જિનપૂજા આદિ પ્રવૃત્તિમાં તે તે પ્રકારે આજ્ઞાની વિરાધના કરે છે પણ એમ જાણતા નથી કે જે જિનેશ્વરદેવને આરાધ્ય માનીને તેની પૂજાદિ કરે છે તે જિનેશ્વરદેવની જ તેઓ આ રીતે અવગણના કરી રહ્યા છે.

ટીકાર્થ :- '**मूढा**'= મૂર્ખ પુરુષો '**अणादिमोहा**'= અનાદિકાળના મોહના કારણે '**तहा तहा**'= તે તે પ્રકારે આજ્ઞાની વિરાધના કરવા દ્વારા '**एत्थ**'= તીર્થંકરના વિષયમાં '**संपयट्टंता**'= બિંબપ્રતિષ્ઠા આદિની પ્રવૃત્તિ કરતાં '**तं चेव य**'= તે જ તીર્થંકરપરમાત્માનું એકબાજુ '**मण्णंता**'= પૂજાદિ કરવા દ્વારા બહુમાન કરે છે અને બીજી બાજું '**अवमण्णंता**'= આજ્ઞાની વિરાધના કરવા દ્વારા તીર્થંકર પરમાત્માની અવગણના કરે છે એમ '**न याणंति**'= જાણતા નથી. ॥ ૩૫૮ ॥ ૮/૧૪

આ અધિકારનો ઉપસંહાર કરતાં કહે છે :-

मोक्खत्थिणा तओ इह, आणाए चेव सव्वजत्तेणं ।

सव्वत्थ वि जइयव्वं, सम्मं ति कयं पसंगेण ॥ ३५९ ॥ ८/१५

છાયા :- मोक्षार्थिना तत इह आज्ञयैव सर्वयत्नेन ।

सर्वत्रापि यतितव्यं सम्यगिति कृतं प्रसङ्गेन ॥ १५ ॥

ગાથાર્થ :- તે કારણથી મોક્ષના અર્થી પુરુષોએ સર્વ પરલોકના શુભકાર્યોમાં સર્વ પ્રયત્નપૂર્વક આજ્ઞાથી જ સમ્યગ્ પ્રવૃત્તિ કરવી જોઈએ, વધારે વિસ્તારથી સર્યું.

ગાથાર્થ :- '**मोक्खत्थिणा**'= મોક્ષના અર્થી પુરુષોએ '**तओ**'= તે કારણથી '**इह**'= પ્રસ્તુત અધિકારમાં '**आणाए चेव**'= સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાથી જ, '**सव्वजत्तेणं**'= સર્વ પ્રયત્ન અને આદરપૂર્વક '**सव्वत्थ वि**'= સર્વ શુભ અનુષ્ઠાનમાં '**संमं ति**'= સમ્યગ્ રીતે '**जतियव्वं**'= વર્તવું જોઈએ. '**कयं पसंगेण**'= વિસ્તારથી સર્યું. ॥ ૩૫૯ ॥ ૮/૧૫

બિંબ કરાવવા સંબંધી વિધિ કહીને હવે પ્રસ્તુત પ્રતિષ્ઠાવિધિને કહે છે :-

निप्फण्णस्स य सम्मं, तस्स पइट्ठावणे विही एस ।

सुहजोएण पवेसो, आयतणे ठाणठवणा य ॥ ३६० ॥ ८/१६

छाया :- निष्पन्नस्य च सम्यक् तस्य प्रतिष्ठापने विधिरेषः ।

शुभयोगेन प्रवेश आयतने स्थानस्थापना च ॥ १६ ॥

ગાથાર્થ :- વિધિ મુજબ ઘડાઈને તૈયાર થઈ ગયેલા જિનબિંબની પ્રતિષ્ઠા કરવાનો વિધિ આ પ્રમાણે છે- શુભ મુહૂર્તે જિનબિંબનો જિનમંદિરમાં પ્રવેશ કરાવવો અને તે બિંબને ઉચિત સ્થાને પધરાવવું.

ટીકાર્થ :- '**सम्मं**'= સમ્યગ્ વિધિ મુજબ '**निप्फण्णस्स य**'= તૈયાર થયેલા '**तस्स**'= તે બિંબની '**पइट्ठावणे**'= પ્રતિષ્ઠા કરવામાં '**एस**'= આ '**विही**'= વિધિ છે. '**सुहजोएण**'= શુભ ચંદ્ર-નક્ષત્રાદિ યોગમાં અથવા પ્રશસ્ત મન-વચન કાયાના વ્યાપાર વડે '**पवेसो**'= બિંબનો પ્રવેશ કરાવવો અને '**आयतणे**'= જિનભવનમાં '**ठाणठवणा य**'= ઉચિત સ્થાને પધરાવવું. **॥ ३६० ॥ ८/१६**

तेणेव खेत्तसुद्धी हत्थसयादिविसया निओगेण ।

कायव्वो सक्कारो, य गंधपुप्फादिएहिँ तहिं ॥ ३६१ ॥ ८/१७

छाया :- तेनैव क्षेत्रशुद्धिः हस्तशतादिविषया नियोगेन ।

कर्तव्यः सत्कारश्च गन्धपुष्पादिभिस्तस्मिन् ॥ १७ ॥

ગાથાર્થ :- પ્રતિષ્ઠા વખતે શુભ મન-વચન-કાયાથી જિનમંદિરની ચારે બાજુ સો હાથ કે એથી વધારે ક્ષેત્રની શુદ્ધિ- હાડકાં, માંસ આદિ અશુચિને દૂર કરવા દ્વારા અવશ્ય કરવો. તથા ત્યાં જિનભવનમાં સુગંધી પુષ્પ આદિથી સત્કાર કરવો.

ટીકાર્થ :- '**तेणेव**'= શુભ મન-વચન અને કાયાના યોગ વડે જ '**खेत्तसुद्धी**'= જિનભવનની ચારે બાજુ હાડકાં-માંસ આદિ અશુચિ પદાર્થોને દૂર કરવા દ્વારા ક્ષેત્રની શુદ્ધિ '**हत्थसयादिविसया**'= સો હાથ જેટલી કરવી, 'આદિ' શબ્દથી સો હાથથી વધારે ક્ષેત્રનું ગ્રહણ થાય છે. '**निओगेण**'= અવશ્યપણે '**गंधपुप्फादिएहिं**'= સુગંધી ગંધદ્રવ્યો તથા પુષ્પ-વસ્ત્ર આદિથી '**तहिं**'= તે જિનમંદિરમાં અથવા તે પ્રતિષ્ઠાના અવસરે '**सक्कारो**'= સત્કાર '**कायव्वो**'= કરવો. **॥ ३६१ ॥ ८/१७**

दिसदेवयाण पूया, सव्वेसिं तह य लोगपालाणं ।

ओसरणकमेणऽण्णे, सव्वेसिं चेव देवाणं ॥ ३६२ ॥ ८/१८

छाया :- दिग्देवतानां पूजा सर्वेषां तथा च लोकपालानाम् ।

अवसरणक्रमेणाऽन्ये सर्वेषां चैव देवानाम् ॥ १८ ॥

ગાથાર્થ :- ઇન્દ્ર આદિ સઘળા દિક્પાલની અને સઘળા લોકપાલ દેવોની પૂજા કરવી. સઘળા દેવોની સમવસરણના ક્રમથી પૂજા કરવી એમ બીજાઓ કહે છે.

ટીકાર્થ :- '**सव्वेसिं**'= સઘળા '**दिसदेवयाण**'= ઇન્દ્ર આદિ દિક્પાલની '**तह य**'= તથા '**लोगपालाणं**'= પૂર્વ આદિ દિશામાં રહેલા ઇંદ્રના **સોમ, યમ, વરુણ** અને **કુબેર** લોકપાલોની, '**पूया**'= પૂજા- તે આ પ્રમાણે છેઃ- પૂર્વ દિશામાં રહેલો ધનુર્ધારી અને હાથમાં કમંડલુને ધારણ કરનારો **સોમ** નામનો લોકપાલ

ઇંદ્રના આદેશથી શાંતિકર્મને કરે છે. એમ આગમમાં કીધું છે. દંડને હાથમાં ધારણ કરનાર **યમ** દક્ષિણ દિશામાં, પાશ નામના શસ્ત્રને હાથમાં ધારણ કરનાર **વરુણ** પશ્ચિમ દિશામાં અને ગદાને હાથમાં ધારણ કરનાર **કુબેર** ઉત્તરદિશામાં રહેલ છે. '**अण्णे**'= બીજા આચાર્યો કહે છે. '**ओसरणकमेण**'= બીજા **પંચાશકમાં** વર્ણવેલા સમવસરણના ક્રમથી '**सव्वेसिं चेव**'= બધાં જ '**देवाणं**'= દેવોની પૂજા કરવી એમ સંબંધ સમજવો. ॥ ૩૬૨ ॥ ૮/૧૮

આ દેવોની પૂજા શા માટે કરાય છે ? તે કહે છે :-

जमहिगयबिंबसामी, सव्वेसिं चेव अब्भुदयहेऊ ।
ता तस्स पइट्ठाए, तेसिं पूयादि अविरुद्धं ॥ ३६३ ॥ ८/१९

છાયા :- यदधिकृतबिम्बस्वामी सर्वेषामेव अभ्युदयहेतुः ।
तत् तस्य प्रतिष्ठायां तेषां पूजादि अविरुद्धम् ॥ १९ ॥

ગાથાર્થ :- પ્રસ્તુત બિંબના સ્વામી તીર્થંકર પરમાત્મા, ઇંદ્ર વગેરે બધા જ દેવોના અભ્યુદયનું કારણ છે. આથી તીર્થંકરની પ્રતિષ્ઠામાં દેવોનું પૂજન સત્કાર વગેરે વિરુદ્ધ નથી અર્થાત્ યોગ્ય છે.

ટીકાર્થ :- '**जं**'= જે કારણથી '**अहिगयबिंबसामी**'= અધિકૃત જિનબિંબના સ્વામી તીર્થંકર પરમાત્મા '**सव्वेसिं चेव**'= ઇન્દ્ર આદિ બધા જ દેવોના '**अब्भुदयहेऊ**'= અભ્યુદયના- વૃદ્ધિના હેતુ છે. '**ता**'= તેથી '**तस्स**'= ભગવાનની '**पइट्ठाए**'= પ્રતિષ્ઠા થતી હોય ત્યારે '**तेसिं**'= ઈન્દ્રાદિ દેવોની '**पूयादि**'= પૂજા-સત્કાર- બહુમાન આદિ '**अविरुद्धं**'= શાસ્ત્રથી અવિરુદ્ધ છે. ॥ ૩૬૩ ॥ ૮/૧૯

ઇંદ્રાદિ દેવોની પૂજા કયા કારણે યોગ્ય છે ? તે બતાવે છે :-

साहम्मिया य एते, महड्ढिया सम्मदिट्ठिणो जेण ।
एत्तो च्चिय उचियं खलु, एतेसिं एत्थ पूजादि ॥ ३६४ ॥ ८/२०

છાયા :- साधर्मिकाश्च एते महर्द्धिकाः सम्यग्दृष्टयः येन ।
अत एव उचितं खलु एतेषामत्र पूजादि ॥ २० ॥

ગાથાર્થ :- દિક્પાલ વગેરે દેવો જિનના ભક્ત હોવાથી સાધર્મિક છે, મહાન ઋદ્ધિસંપન્ન છે, સમ્યગ્દૃષ્ટિ છે આ ત્રણ કારણથી જ પ્રતિષ્ઠામાં તેઓનું પૂજન-સત્કાર વગેરે યોગ્ય જ છે.

ટીકાર્થ :- '**जेण**'= જે કારણથી '**साहम्मिया य**'= સાધર્મિક '**एते**'= દેવેન્દ્ર, લોકપાલ આદિ દેવો, '**महड्ढिया**'= મહાન ઋદ્ધિ-વિભૂતિ સંપન્ન '**सम्मदिट्ठिणो**'= સમ્યગ્દૃષ્ટિ છે, '**एत्तो च्चिय**'= આ સાધર્મિકપણા આદિના કારણથી જ '**एतेसिं**'= આ દેવોના '**एत्थ**'= પ્રતિષ્ઠાના અવસરે '**पूजादि**'= પૂજા-સત્કાર બહુમાન આદિ '**उचियं खलु**'= યોગ્ય જ છે. ॥ ૩૬૪ ॥ ૮/૨૦

तत्तो सुहजोएणं, सट्ठाणे मंगलेहिँ ठवणा उ ।
अभिवासणमुचिएणं, गंधोदगमादिणा एत्थ ॥ ३६५ ॥ ८/२१

છાયા :- ततः शुभयोगेन स्वस्थाने मङ्गलैः स्थापना तु ।
अधिवासनमुचितेन गन्धोदकादिना अत्र ॥ २१ ॥

ગાથાર્થ :- ત્યારબાદ સારા મુહૂર્ત્તે અધિવાસન કરવાના સ્થાને ચંદનાદિથી વિલેપન કરીને તે સ્થાન ઉપર

જિનબિંબની સ્થાપના મંગલ ગીતો ગાવાપૂર્વક કરવી. પછી સુગંધી જલ વગેરે યોગ્ય દ્રવ્યથી અધિવાસન કરવું. અધિવાસન એટલે તેવા પ્રકારની શુદ્ધિ કરવા વડે બિંબને પ્રતિષ્ઠાને યોગ્ય બનાવવું. (અધિવાસનની વિધિ પ્રતિષ્ઠાકલ્પમાં કહી છે.)

ટીકાર્થ :- '**तत्तो**'= ત્યારબાદ '**सुहजोएणं**'= પૂર્વે કહેલા વિશિષ્ટ પ્રકારના શુભ મુહૂર્ત્તે '**सद्वाणे**'= અધિવાસનના યોગ્ય સ્થાને '**मंगलेहिँ**'= પ્રશસ્ત મંગલગીતો ગાવા પૂર્વક '**ठवणा उ**'= સ્થાપના કરવી. '**उचिएणं**'= યોગ્ય '**गंधोदगमादिणा**'= સુગંધી દ્રવ્યોથી મિશ્રિત જલ આદિથી, આદિશબ્દથી પુષ્પમિશ્રિત જલનું ગ્રહણ થાય છે. '**एत्थ**'= પ્રતિષ્ઠામાં '**अभिवासणं**'= અધિવાસન કરવું. ॥ ३६५ ॥ ८/२१

चत्तारि पुण्णकलसा, पहाणमुद्दाविचित्तकुसुमजुया ।
सुहपुण्णचत्तचउतंतुगोच्छया होंति पासेसु ॥ ३६६ ॥ ८/२२

छाया :- चत्वारः पूर्णकलशाः प्रधानमुद्राविचित्रकुसुमयुताः ।
शुभपूर्णचत्रचतुस्तन्तुकावस्तृता भवन्ति पार्श्वेषु ॥ २२ ॥

ગાથાર્થ :- જે બિંબની પ્રતિષ્ઠા કરવાની છે તે બિંબની પાસે ચારે દિશામાં અખંડ, પાણીથી પૂર્ણ ભરેલા, ચાંદી-સુવર્ણ-રત્નના સિક્કાઓથી અને વિવિધ પુષ્પોથી યુક્ત વળી ચરખાથી કાંતેલા કાચા સુતરની કોકડીથી ભરેલા શુભ ચાર તાંતણાથી બાંધેલા કાંઠાવાળા ચાર શુભ કળશો મુકવામાં આવે છે.

ટીકાર્થ :- '**पहाणमुद्दाविचित्तकुसुमजुया**'= શ્રેષ્ઠ રૂપુ-સુવર્ણ-રત્નના સિક્કાઓથી અને વિવિધ પ્રકારના પુષ્પોથી યુક્ત '**सुहपुण्णचत्तचउतंतुगोच्छया**'= '**चत्र**'= ચરખો '**पुण्ण**'= શુભ કર્મમાં પ્રવૃત્ત એટલે પવિત્ર અથવા પૂર્ણ એટલે સાંધા વગરના ચરખાથી કાંતેલા અખંડ ચાર તાંતણાથી -અહીં સમાહાર દ્વન્દ્વ સમાસ હોવાથી એકવચન છે અને 'કં' પ્રત્યય લાગ્યો છે. શુભ એવા પૂર્ણ ચરખાથી કાંતેલા ચાર તાંતણાથી બાંધેલા અર્થાત્ કળશના કાંઠા ઉપર ચાર સુતરના તાંતણા બાંધેલા હોય તેવા '**चत्तारि**'= ચાર '**पुण्णकलसा**'= અખંડ કળશો '**पासेसु**'= જેની પ્રતિષ્ઠા કરવાની છે તે બિંબની ચારે દિશામાં '**होंति**'= મુકવામાં આવે છે. ॥ ३६६ ॥ ८/२२

मंगलदीवा य तहा, धयगुलपुण्णा सुभिक्खुभक्खा य ।
जववारयवण्णयसत्थिगादि सव्वं महारम्मं ॥ ३६७ ॥ ८/२३

छाया :- मङ्गलदीपाश्च तथा घृतगुडपूर्णाः शुभेक्षुभक्ष्याणि च ।
यववारकवर्णकस्वस्तिकादि सर्वं महारम्यम् ॥ २३ ॥

ગાથાર્થ :- બિંબ સમક્ષ ઘી-ગોળથી પૂર્ણ તથા સારા ભક્ષ્ય અને ભોજ્યથી યુક્ત મંગળ દીવા મૂકવા- કઠણ મીઠાઈ આદિને ભક્ષ્ય કહેવામાં આવે છે. અને ભોજ્યમાં પ્રવાહી પણ આવે છે. બીજા પાઠ પ્રમાણે સુંદર શેરડીના સાંઠાના ટુકડા તેમજ મીઠાઈ વગેરે ખાવા લાયક વસ્તુ મૂકવી. શરાવમાં રોપેલા જવના અંકુરા-જવારીયા, ચંદનનો સ્વસ્તિક-નંદાવર્ત વગેરે બધું અતિશય સુંદર કરવું.

ટીકાર્થ :- '**मंगलदीवा य**'= મંગલદીવા '**तहा**'= તથા '**घयगुलपुण्णा**'= ઘી,ગોળથી યુક્ત '**सुभिक्खुभक्खा य**'= સુંદર ભક્ષ્ય અને ભોજ્ય જેમાં છે તેવા મંગળદીવા- અહીં ભોજનના કઠણ પદાર્થને ભક્ષ્ય કહેવામાં આવે છે અને ભોજ્ય એ સામાન્યથી પ્રવાહીસ્વરૂપમાં પણ હોય છે-આ અર્થ '**शुभभक्षभोज्य**' પાઠ પ્રમાણેનો છે. બીજો પાઠ '**शुभेक्षुवृक्षाश्च**' છે. તેનો અર્થ શુભ શેરડીના સાંઠા એવો થાય છે. '**जववारयवण्णयसत्थिगादि**'='**जववारय**'= શરાવમાં રોપેલા જવના અંકુરા- અહીં ટીકામાં

આ શબ્દની છાયા '**जवकारका**' કરી છે. અર્થાત્ જવને કરનારા માટે ટીકામાં લખ્યું છે કે આ અંકુરામાંથી જવના બીજ થાય છે (**बीजावसानात्**) માટે તેને '**जवकारका**' કહેવામાં આવ્યા છે. '**वर्णक**' ચંદન અથવા બીજી સુંદર વસ્તુ '**सत्थिगादि**'= સાથિયો, જે ચાર પંખાવાળી આકૃતિનો છે. '**सव्वं**'= બધું '**महारम्मं**'= મહા રમણીય કરવું.

અહીં 'सुभिक्खुभक्खा' શબ્દના બે રીતે અર્થ કરી શકાય.

(૧) **सु+भिक्खु+भक्खा**= સુંદર ભક્ષ્ય અને ભોજ્ય

(૨) **सुभ+इक्खु+भक्खा**= સારા શેરડીના સાંઠા અને મીઠાઈ

બીજો પાઠ છે '**सुभिक्खुरुक्खा**'= સારા શેરડીના સાંઠા ॥ ૩૬૭ ॥ ૮/૨૩

मंगलपडिसरणाइं, चित्ताइं रिद्धिविद्धिजुत्ताइं ।
पढमदियहंमि चंदणविलेवणं चेव गंधड्ढं ॥ ३६८ ॥ ८/२४

છાયા :- मङ्गलप्रतिसरणानि चित्राणि ऋद्धिवृद्धियुक्तानि ।
प्रथमदिवसे चन्दनविलेपनमेव गन्धाढ्यम् ॥ २४ ॥

ગાથાર્થ :- પહેલા દિવસે અર્થાત્ અધિવાસન કરવાના દિવસે ઋદ્ધિ-વૃદ્ધિ (=ડાભ અને ધરો) એ બે ઔષધ સહિત વિચિત્ર મંગલ કંકણો(= મંગલ દોરા) પ્રતિમાજીના હાથે બાંધવા તથા પ્રતિમાજીને કપૂર-કસ્તુરી વગેરે સુગંધી પદાર્થોના મિશ્રણવાળા ચંદનનું વિલેપન કરવું.

ટીકાર્થ :- '**पढमदियहंमि**'= પ્રથમ દિવસે- (અધિવાસનના દિવસે) '**चित्ताइं**'= વિવિધ પ્રકારના '**रिद्धिविद्धिजुत्ताइं**'= શાસ્ત્રમાં પ્રસિદ્ધ રિદ્ધિ (=ડાભ) અને વૃદ્ધિ (=ધરો) ઔષધિઓથી યુક્ત '**मंगलपडिसरणाइं**'=મંગલાત્મક કંકણો બાંધવા '**गंधड्ढं**'= કપૂર- કસ્તુરી આદિની સુગંધથી મિશ્રિત '**चंदणविलेवणं**'= ચંદનનું વિલેપન કરવું. ॥ ૩૬૮ ॥ ૮/૨૪

चउणारीओमिणणं, णियमा अहिगासु णत्थि उ विरोहो ।
णेवत्थं च इमासिं, जं पवरं तं इहं सेयं ॥ ३६९ ॥ ८/२५

છાયા :- चतुर्नार्यवमानं नियमादधिकासु नास्ति तु विरोधः ।
नेपथ्यं च आसां यत् प्रवरं तदिह श्रेयः ॥ २५ ॥

ગાથાર્થ :- પવિત્ર ચાર સ્ત્રીઓએ પોંખણું કરવું. ચારથી વધારે સ્ત્રીઓ કરે તો શાસ્ત્રનો વિરોધ નથી પણ ચાર સ્ત્રીઓ તો અવશ્ય જોઈએ. આ સ્ત્રીઓના વસ્ત્રો જે સારા હોય તે અહીયાં કલ્યાણકારી છે, અર્થાત્ તેઓએ સારા વસ્ત્રો પહેરવા જોઈએ.

ટીકાર્થ :- '**नियमा**'= અવશ્ય '**चउणारीओमिणणं**'= પવિત્ર ચાર સ્ત્રીઓ વડે લૌકિકશાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા પોંખણા કરવા જોઈએ. '**अहिगासु**'= વધારે સ્ત્રીઓ પોંખણા કરે તો '**विरोहो**'= શાસ્ત્રનો વિરોધ '**नत्थि उ**'= નથી. '**णेवत्थं च**'= વસ્ત્રાભરણ સ્વરૂપ નેપથ્ય '**इमासिं**'= આ પોંખણા કરનાર સ્ત્રીઓના '**जं पवरं**'= જે ઉત્તમ પ્રકારના હોય '**तं**'= તે '**इहं**'= અહીં પ્રતિષ્ઠાના અવસરે '**सेयं**'= અતિ પ્રશસ્ત છે. અર્થાત્ શ્રેષ્ઠ વસ્ત્રાલંકાર જ પહેરવા જોઈએ, બીજા નહિ એવો ભાવ છે. ॥ ૩૬૯ ॥ ૮/૨૫

શ્રેષ્ઠ વસ્ત્રાભરણ એ ભોગનું અંગ હોવાથી રાગનું કારણ છે, તો તેમાં દોષ કેમ ન લાગે એ શંકાનું

સમાધાન આપતા કહે છે :-

जं एयवइगरेणं, सरीरसक्कारसंगयं चारु ।
कीरइ तयं असेसं, पुण्णणिमित्तं मुणेयव्वं ॥ ३७० ॥ ८/२६

છાયા :- यदेतद्व्यतिकरेण शरीरसत्कारसङ्गतं चारु ।
क्रियते तकदशेषं पुण्यनिमित्तं ज्ञातव्यम् ॥ २६ ॥

ગાથાર્થ :- જિનબિંબની પ્રતિષ્ઠાના સંબંધથી શરીરભૂષા માટે સુંદર વસ્ત્રોનું પરિધાન વગેરે જે કાંઈ સુંદર કરવામાં આવે છે તે બધું જ પુણ્યનો બંધ કરાવનાર છે એમ જાણવું.

ટીકાર્થ :- '**जं**'= જે વસ્ત્રાભરણાદિ નેપથ્ય '**एयवइगरेणं**'= જિન પ્રતિષ્ઠાના નિમિત્તે '**सरीरसक्कारसंगयं**'= શરીરની વિભૂષા સહિત '**चारु**'= મનોહર '**कीरइ**'= કરાય છે. '**तयं**'= તે નેપથ્યાદિ '**असेसं**'= બધું જ '**पुण्णनिमित्तं**'= પુણ્યનું કારણ છે એમ '**मुणेयव्वं**'= જાણવું- આ પ્રતિષ્ઠાના અવસરે જે શરીરવિભૂષા વગેરે ભોગ-શૃંગાર સજવામાં આવે છે તે ભગવાનની પૂજાના નિમિત્તે કરેલા હોવાથી પાપકર્મનો બંધ કરાવતા નથી. ઉલ્ટું જો સુંદર શણગાર ન સજે તો ભગવાનની આશાતના લાગે છે.- માટે શણગાર સજવા એ પુણ્યબંધનો હેતુ છે. ॥ ૩૭૦ ॥ ૮/૨૬

તે પુણ્યબંધનું કારણ શાથી છે ? તે કહે છે :-

तित्थगरे बहुमाणा, आणाआराहणा कुसलजोगा ।
अणुबंधसुद्धिभावा, रागादीणं अभावा च ॥ ३७१ ॥ ८/२७

છાયા :- तीर्थकरे बहुमानाद् आज्ञाराधनात् कुशलयोगात् ।
अनुबन्धशुद्धिभावाद् रागादीनामभावाच्च ॥ २७ ॥

ગાથાર્થ :- પ્રતિષ્ઠાના અવસરે સુંદર વસ્ત્રાભરણથી શરીરની વિભૂષા કરાય છે તેનાથી (૧) તીર્થંકરના પ્રત્યે બહુમાન થાય છે, (૨) ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે. (૩) શાસ્ત્રોક્ત હોવાથી શુભ પ્રવૃત્તિ થાય છે. (૪) કર્મના અનુબંધોની શુદ્ધિ થાય છે અને (૫) તેમાં રાગાદિનો અભાવ હોય છે - માટે તે પુણ્યબંધનું કારણ બને છે.

ટીકાર્થ :- '**तित्थगरे**'= તીર્થંકર પ્રત્યેના '**बहुमाणा**'= બહુમાનથી '**आणाआराहणा**'= આજ્ઞાની આરાધનાથી '**कुसलजोगा**'= શાસ્ત્રોક્ત હોવાથી કુશળપ્રવૃત્તિ હોવાથી '**अणुबंधसुद्धिभावा**'= કર્મના અનુબંધનો ક્ષય થવાથી '**रागादीणं**'= રાગાદિનો '**अभावा च**'= અભાવ હોવાથી - રાગાદિથી કલુષિત ચિત્તવાળા પુરુષો પ્રતિષ્ઠાદિ કાર્યોમાં આ પ્રમાણે વિધિપૂર્વક પ્રવૃત્તિ કરતા નથી. તેઓની પ્રવૃત્તિ શાસ્ત્રની વિધિ મુજબની નહિ પણ સ્વમતિપૂર્વકની હોય છે. પોતાનું ઈષ્ટ સાધવા માટે તેઓ બીજા પ્રાણીઓને ઉપઘાત થાય એવી પણ પ્રવૃત્તિ કરતા હોય છે, જ્યારે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પ્રવૃત્તિ કરનાર આ જીવોને આવી જાતનો સંક્લેશ ન હોવાથી રાગાદિનો અભાવ છે. ॥ ૩૭૧ ॥ ૮/૨૭

दिक्खियजिणोमिणणओ, दाणाओ सत्तितो तहेयम्मि ।
वेहव्वं दारिद्दं, च होइ ण कयाति नारीणं ॥ ३७२ ॥ ८/२८

છાયા :- दीक्षितजिनावमानतो दानात् शक्तितः तथैतस्मिन् ।
वैधव्यं दारिद्र्यं च भवति न कदाचित् नारीणाम् ॥ २८ ॥

ગાથાર્થ :- અધિવાસિત બનેલા જિનબિંબનું પોંખણું કરવાથી અને પોંખણું કરવા નિમિત્તે શક્તિ મુજબ દાન આપવાથી પોંખણું કરનારી સ્ત્રીઓને ક્યારેય પણ વૈધવ્ય અને દારિદ્ર્ય આવતું નથી.

ટીકાર્થ :- '**दिक्खियजिणोमिणणओ**'= અધિવાસિત જિનબિંબનું પોંખણું કરવાથી '**सत्तितो**'= શક્તિ મુજબ '**तहेयम्मि**'= તથા આ ભગવાનના પોંખણા નિમિત્તે '**दाणाओ**'= દાન આપવાથી '**वेधव्वं**'= વિધવાપણું '**दारिद्दं च**'= દરિદ્રપણું '**नारीणं**'= સ્ત્રીઓને '**कयाति**'= ક્યારેય પણ '**न होइ**'= આવતું નથી .

પોંખણું જો ભગવાન પ્રત્યેના ભક્તિભાવથી ભાવસંપન્નપણે કરવામાં આવે તો તેવા પ્રકારનો પુણ્યબંધ થવાથી પોંખણું કરનાર સ્ત્રીઓને અવૈધવ્યપણું વગેરે ગુણોની પ્રાપ્તિ થાય એ સંગત છે. જો ભાવપૂર્વક કરવામાં ન આવે તો આવો લાભ થવાની સંભાવનામાં નિયમ નથી. કદાચ ન પણ થાય. ॥ ૩૭૨ ॥ ૮/૨૮

उक्कोसिया य पूजा, पहाणदव्वेहिं एत्थ कायव्वा ।
ओसहिफलवत्थसुवण्णमुत्तरयणाइएहिं च ॥ ३७३ ॥ ८/२९

छाया :- उत्कर्षिका च पूजा प्रधानद्रव्यैरत्र कर्तव्या ।
औषधिफलवस्त्रसुवर्णमुक्तारत्नादिकैश्च ॥ २९ ॥

ગાથાર્થ :- આ અવસરે ઔષધિ, ફળ, વસ્ત્ર, સુવર્ણ, મોતી, રત્ન આદિ શ્રેષ્ઠ દ્રવ્યો વડે ઉત્કૃષ્ટ પ્રકારની પૂજા કરવી જોઈએ.

ટીકાર્થ :- '**एत्थ**'= આ અવસરે '**पहाणदव्वेहिं**'= ચંદન, કેસર, અગરૂ, કપૂર આદિ પ્રધાન દ્રવ્યો વડે '**ओसहिफलवत्थसुवण्णमुत्तरयणाइएहिं**'= ફળ આવતા જેનો નાશ થાય એ વનસ્પતિ ઔષધ કહેવાય છે. દા.ત. ચોખા-ઘઉં વગેરે- દાડમ, બીજોરું, નાળિયેર વગેરે ફળો, વસ્ત્ર-સુવર્ણ-મોતી-રત્નો વગેરે પ્રસિદ્ધ જ છે, તેના વડે '**उक्कोसिया य पूजा**'= ઉત્કૃષ્ટ પ્રકારની પૂજા '**कायव्वा**'= કરવી જોઈએ. ॥ ૩૭૩ ॥ ૮/૨૯

चित्तबलिचित्तगंधेहिं चित्तकुसुमेहिं चित्तवासेहिं ।
चित्तेहिं विऊहेहिं भावेहिं य विहवसारेण ॥ ३७४ ॥ ८/३०

छाया :- चित्रबलिचित्रगन्धैः चित्रकुसुमैश्चित्रवासैः ।
चित्रैर्व्यूहैर्भावैश्च विभवसारेण ॥ ३० ॥

ગાથાર્થ :- વિવિધ પ્રકારના બલિથી, વિવિધ પ્રકારના કોષ્ઠ, પુટપાક= અત્તર વગેરે સુગંધી દ્રવ્યોથી, વિવિધ પ્રકારના પુષ્પોથી, બીજી વસ્તુઓને પણ સુગંધિત બનાવે એવા વિવિધ સુગંધી દ્રવ્યોના ચૂર્ણોથી અને જુદા જુદા ભાવવાળી વિશિષ્ટ પ્રકારની રચનાઓથી વૈભવનો ઠાઠ કરવાપૂર્વક જિનબિંબની ઉત્કૃષ્ટ પૂજા કરવી જોઈએ.

ટીકાર્થ :- '**चित्तबलिचित्तगंधेहिं**'= વિવિધ પ્રકારના બલિ-નૈવેદ્યથી અને વિવિધ પ્રકારના કોષ્ઠપુટ (=અત્તર) વગેરે સુગંધી દ્રવ્યોથી, '**चित्तकुसुमेहिं**'= વિવિધ પ્રકારના પુષ્પોથી, '**चित्तवासेहिं**'= બીજી વસ્તુઓને પણ સુગંધિત કરે એવા વિવિધ પ્રકારના સુગંધી ચૂર્ણોથી '**चित्तेहिं विऊहेहिं**'= વિવિધ પ્રકારની વિશિષ્ટ રચનાથી '**भावेहिं य**'= ક્રીડા-આનંદ-ઉલ્લાસના ભાવોવાળા શ્રેષ્ઠ પ્રકારના આલેખનવાળી (રચનાઓથી) '**विहवसारेण**'= વૈભવના ઠાઠથી- ઉત્કૃષ્ટ પૂજા કરવી જોઈએ એમ ઉપરની ગાથા સાથે સંબંધ જોડવો. ॥ ૩૭૪ ॥ ૮/૩૦

एयमिह मूलमंगलमेत्तो च्चिय उत्तरा वि सक्कारा ।
ता एयम्मि पयत्तो, कायव्वो बुद्धिमंतेहिं ॥ ३७५ ॥ ८/३१

छाया :- एतदिह मूलमंगलमित एव उत्तरेऽपि सत्काराः ।
तदेतस्मिन् प्रयत्नः कर्तव्यो बुद्धिमद्भिः ॥ ३१ ॥

गाथार्थ :- પ્રતિષ્ઠા વખતે જિનબિંબની ઉત્કૃષ્ટ પૂજા એ મૂળ મંગલ છે. આ મૂળ મંગલથી જ પ્રતિષ્ઠા થયા પછી પ્રતિષ્ઠિત બિંબનો સત્કાર ઉત્તરોત્તર વધતો જાય છે. આથી બુદ્ધિમાન પુરુષોએ આ મૂળ મંગલમાં પ્રયત્ન કરવો જોઈએ.

टीकार्थ :- '**एयं**'= આ ઉત્કૃષ્ટ પૂજા '**इह**'= જિનબિંબના વિષયમાં '**मूलमंगलं**'= મૂળ મંગલ છે. '**एत्तो च्चिय**'= આ મૂળ મંગલથી જ '**उत्तरा वि**'= પ્રતિષ્ઠા પછી ઉત્તરોત્તર પણ '**सक्कारा**'= જિનબિંબનો સત્કાર પ્રવર્તે છે. '**ता**'= તેથી '**एयम्मि**'= આ મૂળ મંગલમાં '**बुद्धिमंतेहिं**'= બુદ્ધિમાન પુરુષોએ '**पयत्तो**'= પ્રયત્ન '**कायव्वो**'= કરવો. ॥ ૩૭૫ ॥ ૮/૩૧

चितिवंदण थुतिवुड्ढी, उस्सग्गो साहु सासणसुराए ।
थयसरण पूय काले, ठवणा मंगलगपुव्वा उ ॥ ३७६ ॥ ८/३२

छाया :- चैत्यवंदना स्तुतिवृद्धिरुत्सर्गः साधु शासनसुरायाः ।
स्तवस्मरणं पूजा काले स्थापना मङ्गलकपूर्वा तु ॥ ३२ ॥

गाथार्थ :- ત્યારબાદ ચૈત્યવંદન કરવું, પછી વર્દ્ધમાન સ્તુતિ બોલવી. જેમાં પૂર્વ પૂર્વના શ્લોકો કરતાં ઉત્તર ઉત્તરના શ્લોકોમાં અક્ષરો વધારે વધારે આવતા જાય અને છંદો પણ મોટા મોટા આવતા જાય તે વર્ધમાન સ્તુતિ કહેવાય છે. પછી અસંમૂઢ પદ અર્થાત્ એકાગ્રચિત્તે શાસનદેવીની આરાધનાને માટે કાઉસ્સગ્ગ કરવો. પછી સ્તવપાઠ કરવો એટલે કાઉસ્સગ્ગ પાર્યા પછી લોગસ્સનો પાઠ બોલવો. પછી ઈષ્ટ ગુરુ વગેરેનું સ્મરણ કરવું. પછી જિનબિંબની કે પ્રતિષ્ઠાકારકની પૂજા કરવી, પછી પ્રતિષ્ઠાના મુહૂર્ત્તનો સમય થતાં લગ્નના ઈષ્ટ અંશમાં નવકારમંત્ર બોલવા પૂર્વક કે બીજું કંઈ માંગલિક બોલવાપૂર્વક જિનબિંબની પ્રતિષ્ઠા કરવી.

टीकार्थ :- '**चितिवंदण**'= દેવવંદન કરવું. '**थुतिवुड्ढी**'= પ્રવર્ધમાન છંદ અને અક્ષરોવાળી સ્તુતિઓ બોલવી. '**उस्सग्गो**'= કાઉસ્સગ્ગ કરવો '**साहु**'= સારી રીતે એટલે અસંમૂઢપણે- સંમોહરહિતપણે કરાતો કાઉસ્સગ્ગ જ તાત્ત્વિક કાઉસ્સગ્ગ છે. તેનાથી અવિસંવાદપણે કાર્યની સિદ્ધિ થાય છે માટે જે રીતે સફળ બને એ રીતે કાઉસ્સગ્ગ કરવો. '**सासणसुराए**'= શ્રુતદેવતાનો, શાસનની અધિષ્ઠાયક દેવીનો, જૈન આગમના અધિષ્ઠાયક દેવ-દેવી હોય છે, અધિષ્ઠાયક વગરનું તે નથી હોતું. કારણ કે કહ્યું છે કે-

''આગમના સૂત્રો સર્વજ્ઞના વચનો છે તેથી તે લક્ષણથી યુક્ત છે. અને લક્ષણથી યુક્ત દરેક વસ્તુ દેવતાથી અધિષ્ઠિત હોય છે. અર્થાત્ તેના અધિષ્ઠાયક દેવ હોય છે.''

'**थय**'= સારા સ્તવનો પાઠ કરવો. '**सरण**'= ચૈત્ય તથા પોતાની ઉપર અનુગ્રહ કરનારા ગુરુ આદિનું સ્મરણ કરવું. '**पूय**'= પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ભગવંતની, બીજા પણ સ્મરણ કરવા યોગ્યની અથવા દેવની પૂજા કરવી. '**काले**'= પ્રતિષ્ઠા માટેના શુભ મુહૂર્ત્ત-ઈષ્ટ લગ્નાંશ સમયે '**मंगलपुव्वा उ**'= શ્રી નમસ્કાર મહામંત્ર બોલવા પૂર્વક અથવા બીજા પણ માંગલિક બોલવા પૂર્વક '**ठवणा**'= પ્રતિષ્ઠા કરવી. ॥ ૩૭૬ ॥ ૮/૩૨

पूया वंदणमुस्सग्ग पारणा भावथेज्जकरणं च ।
सिद्धाचलदीवसमुद्दमंगलाणं च पाढो उ ॥ ३७७ ॥ ८/३३

છાયા :- पूजा वन्दनमुत्सर्गः पारणा भावस्थैर्यकरणञ्च ।
सिद्धाचलद्वीपसमुद्रमङ्गलानां च पाठस्तु ॥ ३३ ॥

ગાથાર્થ :- પછી પ્રતિષ્ઠિત બિંબની પુષ્પાદિથી પૂજા કરવી. પછી ચૈત્યવંદન કરવું. પછી ઉપસર્ગની શાંતિ માટે કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગ પાર્યા પછી ચિત્તની સ્થિરતા કરવી. ભાવસ્થૈર્ય એટલે કરેલી પ્રતિષ્ઠાની આશીર્વાદના વચનો બોલીને, સ્થિરતાની ભાવના ભાવવી. આશીર્વાદ માટે સિદ્ધ, પર્વત, દ્વીપ, સમુદ્ર વગેરેની ઉપમાવાળી મંગલગાથાઓ બોલવી.

ટીકાર્થ :- '**पूया**'= પ્રતિષ્ઠિત જિનબિંબની પૂજા કરવી. '**वंदणं**'= ચૈત્યવંદન કરવું. '**उस्सग्ग**'= ઉપસર્ગની શાંતિ માટે કાઉસ્સગ્ગ કરવો. '**पारणा**'= કાઉસ્સગ્ગ પારવો. '**भावथेज्जकरणं च**'= ચિત્તની સ્થિરતા કરવી. '**सिद्धाचलदीवसमुद्दमंगलाणं**'= સિદ્ધક્ષેત્રમાં રહેલા સિદ્ધ પરમાત્મા, કુલાચલ પર્વતો, **જંબૂદ્વીપાદિ** દ્વીપો, **લવણસમુદ્ર** આદિના ઉપમાવાળી મંગલગાથાઓ બોલવી. **॥ ૩૭૭ ॥ ૮/૩૩**

તે મંગળગાથાઓ બતાવતાં કહે છે :-

जह सिद्धाण पतिट्ठा, तिलोगचूडामणिम्मि सिद्धिपदे ।
आचंदसूरियं तह, होउ इमा सुप्पतिट्ठ त्ति ॥ ३७८ ॥ ८/३४

છાયા :- यथा सिद्धानां प्रतिष्ठा त्रिलोकचूडामणौ सिद्धिपदे ।
आचन्द्रसूर्यं तथा भवतु इयं सुप्रतिष्ठेति ॥ ३४ ॥

ગાથાર્થ :- જેમ ત્રિભુવનના મુગટ સમાન સિદ્ધિપદમાં સિદ્ધભગવંતો ચંદ્ર અને સૂર્યની વિદ્યમાનતા સુધી શાશ્વત છે તેમ આ પ્રતિમાની પ્રતિષ્ઠા પણ શાશ્વતી બનો.

ટીકાર્થ :- '**जह**'= જે રીતે '**सिद्धाण**'= સિદ્ધ પરમાત્માની '**पतिट्ठा**'= પ્રતિષ્ઠા '**तिलोगचूडामणिम्मि**'= લોકના મસ્તકસ્થાને રહેલ '**सिद्धिपदे**'= સિદ્ધિક્ષેત્રે '**आचंदसूरियं**'= ચંદ્ર અને સૂર્ય જ્યાં સુધી છે ત્યાં સુધી અર્થાત્ શાશ્વતકાળ સુધી છે. '**तह**'= તે રીતે- શાશ્વત કાળ સુધી '**इमा**'= આ પ્રતિમા '**सुप्पतिट्ठ त्ति**'=શોભન પ્રતિષ્ઠાવાળી '**होउ**'= બનો. **॥ ૩૭૮ ॥ ૮/૩૪**

एवं अचलादीसु वि, मेरुप्पमुहेसु होति वत्तव्वं ।
एते मंगलसद्दा तम्मि, सुहनिबंधणा दिट्ठा ॥ ३७९ ॥ ८/३५

છાયા :- एवमचलादिष्वपि मेरुप्रमुखेषु भवति वक्तव्यम् ।
एते मङ्गलशब्दास्तस्मिन् शुभनिबन्धना दृष्टाः ॥ ३५ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે **મેરુ** આદિ પર્વતો સંબંધી પણ મંગળગાથાઓ બોલવી, પ્રતિષ્ઠા સમયે બોલાતા આવા મંગળવચનો કલ્યાણકારી બને છે. એમ શાસ્ત્રજ્ઞાતાઓએ જોયું છે.

ટીકાર્થ :- '**एवं**'= આ પ્રમાણે '**अचलादीसु वि**'= કુલાચલ પર્વત, શાશ્વત ક્ષેત્ર, નદી આદિ શાશ્વત ક્ષેત્ર સંબંધી '**मेरुप्पमुहेसु**'= **મેરુપર્વત** આદિ '**वत्तव्वं**'= તેના નામથી બોલવાનું '**होति**'= હોય છે, જેમકે-

"જેમ **જંબૂદ્વીપ**ની મધ્યમાં **મેરુપર્વત**ની શાશ્વત પ્રતિષ્ઠા છે તેમ આ પ્રતિષ્ઠા પણ ચંદ્રસૂયની જેમ દિવાકરૌ શાશ્વત હો."

''જેમ બધા દ્વીપોની મધ્યમાં **જંબૂદ્વીપ**ની શાશ્વત પ્રતિષ્ઠા છે તેમ આ પ્રતિષ્ઠા પણ ચંદ્રસૂર્યની જેમ શાશ્વતી હો.''

''જેમ બધા સમુદ્રોની મધ્યમાં **લવણસમુદ્ર**ની શાશ્વતી પ્રતિષ્ઠા છે તેમ આ પ્રતિષ્ઠા પણ ચંદ્રસૂર્યની જેમ શાશ્વતી હો.''

'**एते**'= આ '**मंगलसद्दा**'= મંગળશબ્દો '**तम्मि**'= તે પ્રતિષ્ઠાના અવસરે '**सुहनिबंधणा**'= કલ્યાણ કરનારા થાય છે એમ '**दिट्ठा**'= શાસ્ત્રજ્ઞોએ જોયું છે. ॥ ૩૭૯ ॥ ૮/૩૫

सोउ मंगलसद्दं, सउणंमि जहा उ इट्ठसिद्धि त्ति ।
एत्थं पि तहा संमं, विण्णेया बुद्धिमंतेहिं ॥ ३८० ॥ ८/३६

छाया :- श्रुत्वा मङ्गलशब्दं शकुने यथा तु इष्टसिद्धिरिति ।
अत्रापि तथा सम्यग् विज्ञेया बुद्धिमद्भिः ॥ ३६ ॥

ગાથાર્થ :- જેમ શુકનના વિષયમાં મંગળકારી શબ્દો સાંભળવાથી ઈષ્ટની સિદ્ધિ થાય છે તેમ પ્રતિષ્ઠામાં પણ તે ઈષ્ટની સિદ્ધિ કરનારા થાય છે એમ બુદ્ધિશાલીઓએ સમ્યગ્ જાણવું.

ટીકાર્થ :- '**सउणंमि**'= શુકનના વિષયમાં '**मंगलसद्दं**'= પ્રશસ્ત શબ્દો '**सोउ**'= સાંભળવાથી '**जहा उ**'= જે રીતે '**इट्ठसिद्धि त्ति**'= ઈષ્ટની સિદ્ધિ થાય છે. એ લોકપ્રસિદ્ધ છે. '**एत्थं पि**'= આ પ્રતિષ્ઠામાં પણ '**तहा**'= તે જ પ્રકારે '**बुद्धिमंतेहिं**'= બુદ્ધિશાળીઓએ '**संमं**'= ઈષ્ટની સિદ્ધિ સમ્યગ્ '**विण्णेया**'= જાણવી. ॥ ૩૮૦ ॥ ૮/૩૬

अण्णे उ पुण्णकलसादिठावणे उदहिमंगलादीणि ।
जंपंतऽण्णे सव्वत्थ भावतो जिणवरा चेव ॥ ३८१ ॥ ८/३७

छाया :- अन्ये तु पूर्णकलशादिस्थापने उदधिमङ्गलादीनि ।
जल्पन्ति अन्ये सर्वत्र भावतो जिनवराश्चैव ॥ ३७ ॥

ગાથાર્થ :- કેટલાક આચાર્યો પૂર્ણ કલશ મંગળદીપક આદિની સ્થાપના વખતે સમુદ્ર-અગ્નિ વગેરે શબ્દો બોલે છે. બીજા કેટલાક આચાર્યો એમ કહે છે કે પરમાર્થથી જિનેશ્વરદેવો જ મંગલરૂપ છે આથી બધા પ્રસંગોમાં જિનેશ્વરોના જ નામ બોલવા જોઈએ.

ટીકાર્થ :- '**अण्णे उ**'= કેટલાક આચાર્યો '**पुण्णकलसादिठावणे**'= પૂર્ણ કળશ, મંગલ દીપક આદિની સ્થાપના વખતે '**उदहिमंगलादीणि**'= ચાર સમુદ્રો, ત્રણ અગ્નિ આદિના નામ '**जंपंत**'= બોલે છે. '**अण्णे**'= બીજા કેટલાંક આચાર્યો '**सव्वत्थ**'= બધા જ પ્રસંગોમાં '**भावतो**'= પરમાર્થથી '**जिणवरा एव**'= જિનેશ્વરો જ મંગલરૂપ છે માટે તેમનું નામ જ ગ્રહણ કરવું જોઈએ એમ કહે છે. એવો ભાવ છે. ॥ ૩૮૧ ॥ ૮/૩૭

હવે પ્રતિષ્ઠા કર્યા પછીની વિધિ કહે છે :-

सत्तीएँ संघपूजा, विसेसपूजाउ बहुगुणा एसा ।
जं एस सुए भणिओ, तित्थयराणंतरो संघो ॥ ३८२ ॥ ८/३८

છાયા :- शक्त्या सङ्घपूजा विशेषपूजातो बहुगुणा एषा ।

यदेषः श्रुते भणितः तीर्थंकरानन्तरः सङ्घः ॥ ३८ ॥

ગાથાર્થ :- ત્યારપછી ચતુર્વિધ શ્રી સંઘની યથાશક્તિ પૂજા કરવી, વિશેષ પૂજા એટલે આચાર્યાદિ કોઈ એકાદ ગચ્છની પૂજા કરતા આ સંઘપૂજા અધિક ફળવાળી છે. કારણકે શાસ્ત્રમાં તીર્થંકર પછી સંઘને પૂજ્ય કહ્યો છે.

ટીકાર્થ :- '**सत्तीए**'= યથાશક્તિ '**संघपूजा**'= ચતુર્વિધ સંઘની પૂજા- અહીં 'કરવી' એ પ્રમાણે અધ્યાહાર સમજી લેવો. '**विसेसपूजा उ**'= માત્ર પોતાના ગુરુ આચાર્ય આદિની અથવા પોતાને માન્ય એકાદ ગચ્છના સાધુભગવંતોની પૂજા કરતાં '**एसा**'= આ સંઘપૂજા '**बहुगुणा**'= ઘણાં લાભવાળી છે. '**जं**'= કારણકે '**सुए**'= શાસ્ત્રમાં '**तित्थयराणंतरो**'= તીર્થંકરની પછી પૂજ્ય '**एस**'= આ '**संघो**'= સંઘ '**भणिओ**'= કહ્યો છે.

પૂજ્યતાની અપેક્ષાએ તીર્થંકરનું સ્થાન પ્રથમ છે અને બીજું સ્થાન તેમણે સ્થાપેલા ગણધરાદિ શ્રી સંઘનું છે. અથવા **अन्तरं** એટલે આંતરું, ભેદ **अनन्तरम्** એટલે ભેદ નથી,- અર્થાત્ તીર્થંકર અને શ્રીસંઘ વચ્ચે કોઈ જાતનો ભેદ નથી, સંઘ એ તીર્થંકરની તુલ્ય જ છે. અથવા વિશિષ્ટ આગમના અભિપ્રાયથી તીર્થંકર એ સંઘની પાછળ છે, તીર્થંકરને પણ સંઘ પૂજ્ય છે, પ્રવાહની અપેક્ષાએ શ્રી સંઘ એ શાશ્વત છે. આથી પૂર્વભવમાં સંઘની આરાધનાથી અથવા સહાયથી જ પોતે તીર્થંકર બન્યા છે માટે કૃતજ્ઞતાથી તીર્થંકરો પણ સંઘને પૂજ્ય માને છે અને '**नमो तित्थस्स**' કહીને તેની સ્તવના કરે છે. આમાં અભેદનયની અપેક્ષાએ તીર્થંકર અને સંઘનો અભેદ ગણ્યો છે. **॥ ૩૮૨ ॥ ૮/૩૮**

આ અર્થનું સમર્થન કરતાં કહે છે :-

गुणसमुदाओ संघो, पवयण तित्थं ति होंति एगट्ठा ।

तित्थगरो वि य एयं, णमए गुरुभावतो चेव ॥ ३८३ ॥ ८/३९

છાયા :- गुणसमुदायः सङ्घः प्रवचनं तीर्थमिति भवन्ति एकार्थाः ।

तीर्थंकरोऽपि च एतं नमति गुरुभावत चैव ॥ ३९ ॥

ગાથાર્થ :- ગુણનો સમૂહ સંઘ છે સંઘ, પ્રવચન, તીર્થ એ એક અર્થવાળા પર્યાયવાચી શબ્દો છે. તીર્થંકર પણ સંઘને પૂજ્યભાવથી નમસ્કાર કરે છે.

ટીકાર્થ :- '**गुणसमुदाओ**'= સમ્યગ્ દર્શનાદિ ગુણોનો સમૂહ '**संघो**'= સંઘ '**पवयण**'= પ્રવચન '**तित्थं ति**'= તીર્થ એ '**एगट्ठा**'= સમાન અર્થવાળા પર્યાયવાચી શબ્દો '**होंति**'= છે '**तित्थगरो वि य**'= તીર્થંકર પણ '**एयं**'= આ સંઘને '**गुरुभावतो चेव**'= તેનામાં રહેલા ગુણના ગૌરવપણાથી, તેને ગુરુ માનીને જ '**णमए**'= નમસ્કાર કરે છે. **॥ ૧૮૩ ॥ ૮/૩૯.**

આના સંબંધમાં શાસ્ત્રમાં જે કહ્યું છે તે જણાવે છે :-

तप्पुव्विया अरहया, पूजितपूया य विणयकम्मं च ।

कयकिच्चो वि जह कहं, कहेति नमते तहा तित्थं ॥ ३८४ ॥ ८/४०

છાયા :- तत्पूर्विका अर्हत्ता पूजितपूजा च विनयकर्म च ।

कृतकृत्योऽपि यथा कथां कथयति नमति तथा तीर्थम् ॥ ४० ॥

ગાથાર્થ :- પ્રવચનવાત્સલ્ય આદિથી તીર્થંકરનામકર્મનો બંધ થતો હોવાથી તીર્થંકરપણું સંઘનિમિત્તક છે. વળી પૂજિતપૂજા તથા વિનય કાર્ય પ્રવર્તાવવા માટે આ ત્રણ કારણોથી જેમ કૃતકૃત્ય હોવા છતાં તેઓ ધર્મદેશના આપે છે તે જ રીતે તીર્થંકરો સંઘને નમસ્કાર કરે છે.

ટીકાર્થ :- '**तप्पुव्विया**'= શ્રુતજ્ઞાનપૂર્વક અથવા શ્રુતજ્ઞાનના આધારભૂત સંઘના વાત્સલ્યથી તીર્થંકરનામકર્મનો બંધ થયો છે માટે '**अरहया**'= તીર્થંકરપણું એ સંઘનિમિત્તક છે, '**पूजितपूया य**'= વળી ભગવાન જો સંઘને પૂજે તો લોકમાં તેની પૂજા થાય માટે પૂજિતપૂજાને પ્રવર્તાવવા માટે, '**विणयकम्मं च**'= વિનય કરવા માટે, ભગવાનને વિનયમૂલક ધર્મ પ્રવર્તાવવો છે માટે તે સ્વયં સંઘનો વિનય કરે છે. '**कयकिच्चो वि**'= કૃતકૃત્ય હોવા છતાં- અમુક નયના અભિપ્રાયથી ભગવાનને કૃતકૃત્ય કીધા છે, બાકી હજી તેમને ચાર અઘાતી કર્મ ખપાવવાના બાકી હોવાથી તેઓ સંપૂર્ણ કૃતાર્થ થયા નથી. '**जह**'= જે રીતે '**कहं**'= દેશના '**कहेति**'= આપે છે. '**तहा**'= તે રીતે '**तित्थं**'= શ્રુતજ્ઞાન અથવા સંઘને '**नमते**'= નમસ્કાર કરે છે. ॥ ૩૮૪ ॥ ૮/૪૦

एयम्मि पूजियम्मी, नत्थि तयं जं न पूजियं होइ ।
भुअणे वि पूयणिज्जं, न गुणट्ठाणं ततो अण्णं ॥ ३८५ ॥ ८/४१

છાયા :- एतस्मिन् पूजिते नास्ति तकं यन्न पूजितं भवति ।
भुवनेऽपि पूजनीयं न गुणस्थानं ततो अन्यद् ॥ ४१ ॥

ગાથાર્થ :- સંઘની પૂજા કરવાથી જગતમાં એવો કોઈ પૂજ્ય નથી કે જેની પૂજા ન થઈ હોય અર્થાત્ બધા જ પૂજ્યોની પૂજા થઈ જાય છે. કારણકે સમસ્ત લોકમાં સંઘ સિવાય બીજું કોઈ પૂજનીય ગુણનું પાત્ર નથી.

ટીકાર્થ :- '**एयम्मि**'= આ સંઘની '**पूजियम्मी**'= પૂજા કરવાથી '**नत्थि तयं**'= તે નથી '**जं**'= જે '**न पूजियं होइ**'= પૂજાયું ન હોય અર્થાત્ બધાની જ પૂજા થઈ જાય એવો ભાવ છે. '**भुअणे वि**'= સમસ્ત લોકમાં પણ '**ततो**'= સંઘ સિવાય '**अण्णं**'= બીજું કોઈ '**पूयणिज्जं**'= પૂજ્યતમ '**गुणट्ठाणं**'= ગુણનું પાત્ર '**न**'= નથી. અર્થાત્ સંઘ જ સૌથી વધારે પૂજનીય છે. ॥ ૩૮૫ ॥ ૮/૪૧

तप्पूयापरिणामो, हंदि महाविसयमो मुणेयव्वो ।
तद्देसपूयणम्मि वि, देवयपूयादिणाएण ॥ ३८६ ॥ ८/४२

છાયા :- तत्पूजापरिणामो हन्दि महाविषयो ज्ञातव्यः ।
तद्देशपूजनेऽपि दैवतपूजादिज्ञातेन ॥ ४२ ॥

ગાથાર્થ :- સંઘપૂજાનો પરિણામ મહાવિષયવાળો જાણવો, સંઘના એક ભાગની પૂજા કરવા છતાં દેવપૂજા આદિના દૃષ્ટાંતથી સઘળા સંઘની પૂજા થઈ જાય છે.

ટીકાર્થ :- '**तप्पूयापरिणामो**'= સંઘની પૂજાનો પરિણામ '**हंदि**'= શબ્દ આમંત્રણ અર્થમાં છે. '**महाविसयमो**'= મોટા વિષયવાળો '**मुणेयव्वो**'= જાણવો. '**तद्देसपूयणम्मि वि**'= સંઘના એક ભાગ સ્વરૂપ કોઈ એક ગામ આદિના સંઘની પૂજા કરવા છતાં '**देवयपूयादिणाएण**'= દેવતાની પૂજા-સ્નાન-વિલેપનાદિના દૃષ્ટાંતથી સઘળા સંઘની પૂજા થઈ જાય છે.

જેમ દેવતાના પગ, મસ્તક, આદિ કોઈ એકાદ અંગની પૂજા કરવા છતાં સકલ દેવની પૂજા કરી ગણાય છે તેમ સંઘના એકાદ ભાગની પૂજા કરવા છતાં સર્વ સંઘની પૂજા થઈ જાય છે કારણ કે તેના મનનો પરિણામ સકલ સંઘની પૂજાનો છે. ॥ ૩૮૬ ॥ ૮/૪૨

आसन्नसिद्धियाणं, लिंगमिणं जिणवरेहिं पण्णत्तं ।
संघंमि चेव पूया, सामण्णेणं गुणणिहिम्मि ॥ ३८७ ॥ ८/४३

छाया :- आसन्नसिद्धिकानां लिङ्गमेतद् जिनवरैः प्रज्ञप्तम् ।
सङ्घ एव पूजा सामान्येन गुणनिधौ ॥ ४३ ॥

एसा उ महादाणं, एस च्चिय होति भावजण्णो त्ति ।
एसा गिहत्थसारो, एस च्चिय संपयामूलं ॥ ३८८ ॥ ८/४४

छाया :- एषा तु महादानम् एषैव भवति भावयज्ञ इति ।
एषा गृहस्थसार एषैव सम्पन्मूलम् ॥ ४४ ॥

ऍतीए फलं णेयं, परमं निव्वाणमेव णियमेण ।
सुरणरसुहाइं अणुसंगियाइं इह किसिपलालं व ॥ ३८९ ॥ ८/४५

छाया :- एतस्याः फलं ज्ञेयं परमं निर्वाणमेव नियमेन ।
सुरनरसुखानि आनुषङ्गिकाणि इह कृषिपलालमिव ॥ ४५ ॥

गाथार्थ :- કોઈપણ જાતના ભેદભાવ વગર ગુણોના ભંડાર એવા સંઘની પૂજા કરવી એ આસન્નસિદ્ધિક જીવોનું લક્ષણ છે એમ જિનેશ્વરોએ કહ્યું છે.

સંઘપૂજા જ મહાદાન છે. સંઘપૂજા જ વાસ્તવિક યજ્ઞ છે. સંઘપૂજા જ ગૃહસ્થધર્મનો સાર છે. સંઘપૂજા જ સંપત્તિનું મૂળ છે.

સંઘપૂજાનું મુખ્ય ફળ નિયમા મોક્ષની પ્રાપ્તિ જ છે. ખેતીમાં ઘાસની જેમ તેનું આનુષંગિક ફળ દેવ અને મનુષ્યલોકના સુખો છે.

टीकार्थ :- '**सामण्णेणं**'= સંઘની દરેક વ્યક્તિ પ્રત્યે સમાન એવા અધ્યવસાયથી ભેદભાવ વગર બધાની એકસરખી '**गुणणिहिम्मि**'= સકલ ગુણના નિધાન એવા '**संघंमि**'= સંઘની '**चेव**'= નિશ્ચે '**पूया**'= પૂજા કરવી '**इणं**'= આ સંઘપૂજાને '**जिणवरेहिं**'= જિનેશ્વરોએ '**आसन्नसिद्धियाणं**'= નજીકના કાળમાં જ મુક્તિએ જનારા જીવોનું '**लिंगं**'= ચિહ્ન '**पण्णत्तं**'= કહ્યું છે. ॥ ૩૮૭ ॥ ૮/૪૩

'**एसा उ**'= આ સંઘપૂજા '**महादाणं**'= બીજા બધા દાન કરતાં મહાદાન છે '**एस च्चिय**'= આ સંઘપૂજા જ '**भावजण्णो त्ति**'= ભાવયજ્ઞ '**होति**'= છે. '**एसा**'= આ સંઘપૂજા '**गिहत्थसारो**'= ગૃહસ્થધર્મનો સાર છે. '**एस च्चिय**'= આ સંઘપૂજા '**संपयामूलं**'= સર્વ સંપતિનો હેતુ છે. ॥ ૩૮૮ ॥ ૮/૪૪

'**ऍतीए**'= આ સંઘપૂજાનું '**परमं**'= મુખ્ય '**फलं**'= ફળ '**नियमेण**'= અવશ્ય '**निव्वाणमेव**'= મોક્ષની પ્રાપ્તિ જ છે અને '**सुरणरसुहाइं**'= દેવમનુષ્યના સુખો '**अणुसंगियाइं**'= ગૌણ ફળ છે '**इह**'= આ ફળને '**किसिपलालं व**'= ખેતીમાં ઘાસની જેમ '**णेयं**'= જાણવું.

જેમ ખેતીમાં મુખ્યફળ ધાન્યની પ્રાપ્તિ છે કારણ કે તેના માટે જ આ ખેતી કહેવામાં આવી છે. પણ ધાન્યની સાથે જે ઘાસ ઉગે છે તે એનું ગૌણ ફળ છે. તેમ અહીં મુખ્ય ફળ મોક્ષ છે. કારણ કે એના માટે પ્રવૃત્તિ કરવામાં આવી છે. પણ જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી ગૌણફળરૂપે દેવમનુષ્યના સુખો મળે છે. ॥ ૩૮૯ ॥ ૮/૪૫

कयमेत्थ पसंगेणं, उत्तरकालोचियं इहऽण्णं पि ।
अणुरूवं कायव्वं, तित्थुण्णतिकारगं णियमा ॥ ३९० ॥ ८/४६

छाया :- कृतमत्र प्रसङ्गेन उत्तरकालोचितम् इहान्यदपि ।
अनुरूपं कर्तव्यं तिर्थोन्नतिकारकं नियमात् ॥ ४६ ॥

गाथार्थ :- હવે વધારે વિસ્તારથી સર્યું. અહીં પ્રતિષ્ઠાના ઉત્સવમાં પ્રતિષ્ઠા થયા પછી કરવા લાયક બીજા પણ અનુકંપાદાન, અમારિઘોષણા વગેરે તીર્થની ઉન્નતિ કરનારા યોગ્ય કાર્યો અવશ્ય કરવા જોઈએ.

टीकार्थ :- '**एत्थ**'= અહીં અર્થાત્ સંઘપૂજાના અધિકારમાં '**पसंगेणं**'= વધારે વિસ્તારથી '**कयं**'= સર્યું. '**इह**'= આ પ્રતિષ્ઠા ઉત્સવમાં '**उत्तरकालोचियं**'= પ્રતિષ્ઠા પછીના કાળમાં ઉચિત '**अण्णं पि**'= બીજા પણ '**अणुरूवं**'= યોગ્ય '**तित्थुण्णतिकारगं**'= શાસનની પ્રભાવના કરનાર અનુકંપાદાન આદિ કાર્યો '**नियमा**'= અવશ્ય '**कायव्वं**'= કરવા. ॥ ३९० ॥ ८/४६

उचिओ जणोवयारो विसेसओ णवरं सयणवग्गम्मि ।
साहम्मियवग्गम्मि य एयं खलु परमवच्छल्लं ॥ ३९१ ॥ ८/४७

छाया :- उचितो जनोपचारो विशेषतो नवरं स्वजनवर्गे ।
साधर्मिकवर्गे च एतत्खलु परमवात्सल्यम् ॥ ४७ ॥

गाथार्थ :- પ્રતિષ્ઠા પછી યોગ્ય લોકોપચાર અર્થાત્ લોકોમાં પ્રચલિત એવો આદર કરવો. પરંતુ નજીકના સંબંધી એવા સ્વજનવર્ગનો વિશેષથી આદર કરવો. સાધર્મિક બંધુઓનો આદર કરવો એ પરમ વાત્સલ્ય છે.

टीकार्थ :- '**उचिओ**'= યોગ્ય '**जणोवयारो**'= સામાન્યથી લોકપૂજા કરવી. '**णवरं**'= ફક્ત-પરંતુ '**सयणवग्गम्मि**'= નજીકના સંબંધી હોવાથી સ્વજનવર્ગની '**विसेसओ**'= વિશેષથી કરવી. '**साहम्मियवग्गम्मि य**'= સ્વજન સિવાયના બીજા સાધર્મિકબંધુને વિશે '**एयं खलु**'= આ ઉપચાર કરવો લોકપ્રસિદ્ધ રીતે આદર કરવો, તે જ '**परमवच्छल्लं**'= શ્રેષ્ઠ વાત્સલ્ય છે. ॥ ३९१ ॥ ८/४७

अट्ठाहिया य महिमा, सम्मं अणुबंधसाहिगा केई ।
अण्णे उ तिण्णि दियहे, णिओगओ चेव कायव्वा ॥ ३९२ ॥ ८/४८

छाया :- अष्टाह्निका च महिमा सम्यगनुबन्धसाधिका केचित् ।
अन्ये तु त्रीन् दिवसान् नियोगतश्चैव कर्तव्या ॥ ४८ ॥

गाथार्थ :- કેટલાક આચાર્યો કહે છે કે પ્રતિષ્ઠા પ્રસંગે આઠ દિવસનો મહોત્સવ કરવો જોઈએ. આ મહોત્સવ સમ્યગ્ પૂજાના અનુબંધ (= અવિચ્છેદ સાતત્ય) ને કરાવનાર છે. બીજા આચાર્યો કહે છે કે ત્રણ દિવસનો મહોત્સવ અવશ્ય કરવો જોઈએ.

टीकार्थ :- '**अट्ठाहिया य महिमा**'= અષ્ટાહ્નિકા પૂજા અર્થાત્ આઠ દિવસનો મહોત્સવ, મહિમા શબ્દ સ્ત્રીલિંગમાં પણ વપરાય છે. કારણકે નીચેના શ્લોકમાં 'મહિમા' શબ્દનો સ્ત્રીલિંગમાં પ્રયોગ કરેલો જોવા મળે છે :- 'મહાન પણ રત્નો કાદવમાં હોય તો અજ્ઞાત અવસ્થામાં ત્યાં રહે છે. અને લોકો સમુદ્રમાં રત્નો મેળવવા જાય છે. તેનું કારણ, તે કાદવમાં રહેલા રત્નોની અવજ્ઞા કરવી છે એવું નથી, અને કાદવમાં પણ રત્નો હોય તેની ખબર નથી એવું નથી પણ સમુદ્રનો મહિમા જ એવો છે કે રત્નો મેળવવા લોકો ત્યાં જ જાય. આ સમુદ્રનો મહિમા છે.' '**सम्मं**'= સમ્યગ્-અવિપરીત સ્વરૂપવાળી '**अणुबंधसाहिगा**'= પ્રતિષ્ઠિત બિંબની સદા પૂજાના અનુબંધ (સાતત્ય)ને કરાવનાર છે.

'**केई**'= કેટલાક આચાર્યો માને છે કે આઠ દિવસનો મહોત્સવ કરવો જોઈએ. '**अण्णे उ**'= બીજા આચાર્યો કહે છે કે '**तिण्णि**'= ત્રણ '**दियहे**'= દિવસનો મહોત્સવ '**णिओगओ चेव**'= અવશ્ય જ '**कायव्वा**'= કરવો. ॥ ૩૯૨ ॥ ૮/૪૮

तत्तो विसेसपूयापुव्वं विहिणा पडिस्सरोमुयणं ।
भूय बलिदीणदाणं, एत्थं पि ससत्तिओ किंचि ॥ ३९३ ॥ ८/४९

છાયા :- ततो विशेषपूजापूर्वं विधिना प्रतिसरोन्मोचनम् ।
भूतबलिदीनदानमत्रापि स्वशक्तितः किमपि ॥ ४९ ॥

ગાથાર્થ :- ત્યારબાદ પૂર્વે કરી હતી તેની અપેક્ષાએ વિશેષપૂજા કરવાપૂર્વક વિધિપૂર્વક કંકણમોચન કરવું જોઈએ. આ પ્રસંગે પણ પોતાની શક્તિ પ્રમાણે કાંઈક ભૂતબલિ અને પ્રતિમાજીને બાંધેલા મંગલસૂત્રો છોડવા અનુકંપાદાન કરવું જોઈએ.

ટીકાર્થ :- '**तत्तो**'= ત્યારબાદ '**विसेसपूयापुव्वं**'= પૂર્વના દિવસે કરી હતી તેના કરતાં વિશેષ પ્રકારની પૂજા કરવા પૂર્વક '**विहिणा**'= શાસ્ત્રોક્ત સંપ્રદાયથી પ્રાપ્ત થયેલા મંત્રોચ્ચારપૂર્વક '**पडिस्सरोमुयणं**'= કંકણમોચન કરવું. '**भूयबलि**'= ભૂતોને રાંધેલા અન્નનો, પત્ર-પુષ્પ-ફળથી યુક્ત, સુગંધી દ્રવ્યોથી મિશ્ર એવો બલિ આપવો. '**दीणदाणं**'= ગરીબોને અનુકંપાદાન '**एत्थं पि**'= કંકણમોચનના અવસરે '**ससत्तिओ**'= પોતાના વૈભવને અનુસારે '**किंचि**'= કાંઈક કરવું. ॥ ૩૯૩ ॥ ૮/૪૯

तत्तो पडिदिणपूयाविहाणओ तह तहेह कायव्वं ।
विहिताणुट्ठाणं खलु, भवविरहफलं जहा होति ॥ ३९४ ॥ ८/५०

છાયા :- ततः प्रतिदिनपूजाविधानतस्तथा तथेह कर्तव्यम् ।
विहितानुष्ठानं खलु भवविरहफलं यथा भवति ॥ ५० ॥

ગાથાર્થ :- ત્યારબાદ પ્રતિદિન પૂજા કરવા પૂર્વક શાસ્ત્રમાં કહેલા પૂજા, ચૈત્યવંદન, યાત્રા, સ્નાત્ર વગેરે અનુષ્ઠાનો સંસારનો નાશ કરાવનાર જે રીતે થાય એ રીતે કરવા.

ટીકાર્થ :- '**तत्तो**'= મંગલસૂત્ર છોડ્યા બાદ કંકણમોચન કર્યા બાદ '**पडिदिणपूयाविहाणओ**'= પ્રતિદિન પૂજા કરવા દ્વારા '**विहिताणुट्ठाणं**'= અહીં કહેવાયેલા ભૂતબલિ આદિ અનુષ્ઠાનો તે શિષ્ટસમાચારીરૂપ હોવાથી અનુષ્ઠાન જ છે. તે સાવદ્ય નથી. '**भवविरहफलं**'= મોક્ષને આપનારા '**जहा होति**'= જે રીતે થાય '**तह तह**'= તે તે વિવિધ પ્રકારે '**इह**'= આ પ્રતિષ્ઠા થયા પછી '**कायव्वं**'= કરવા. ॥ ૩૯૪ ॥ ૮/૫૦

॥ આઠમું પ્રતિષ્ઠાવિધિ નામનું પંચાશક સમાપ્ત થયું ॥

• • •

॥ नवमं जिनयात्राविधान-पञ्चाशकम् ॥

प्रतिष्ठा બાદ યાત્રાનું વિધાન કરે છે :-

नमिऊण वद्धमाणं, सम्मं संखेवओ पवक्खामि ।
जिणजत्ताए विहाणं, सिद्धिफलं सुत्तणीईऍ ॥ ३९५ ॥ ९/१

छाया :- नत्वा वर्द्धमानं सम्यक् सङ्क्षेपतः प्रवक्ष्यामि ।
जिनयात्राया विधानं सिद्धिफलं सूत्रनीत्या ॥ १ ॥

ગાથાર્થ :- શ્રી વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને હું જિનયાત્રાની મોક્ષરૂપી ફળને આપનારી વિધિને શાસ્ત્રાનુસારે સમ્યગ્ રીતે સંક્ષેપથી કહીશ.

ટીકાર્થ :- 'वद्धमाणं'= જેઓ ગર્ભમાં આવ્યા ત્યારથી **सिद्धार्थराजा**ના રાજમંદિરમાં નિરંતર ધન-ધાન્યાદિ કલ્યાણની વૃદ્ધિ થતી હોવાથી માતા-પિતાએ જેમનું **वर्धमान** એવું નામ પાડ્યું છે. **वर्धमानस्वामी**ને **'नमिऊण'**= નમસ્કાર કરીને **'सम्मं'**= મન-વચન-કાયાથી સમ્યક્રીતે **'संखेवओ'**= વચનના વિસ્તારને છોડીને અર્થાત્ સંક્ષેપથી **'सिद्धिफलं'**= મુક્તિરૂપી ફળને આપનારી **'जिणजत्ताए'**= જિનયાત્રાની **'विहाणं'**= વિધિને **'सुत्तणीईए'**= આગમના અનુસારે **'पवक्खामि'**= કહીશ. ॥ ३९५ ॥ ९/१

યાત્રાની વિધિ અહીં શા માટે વર્ણવે છે તે કહે છે :-

दंसणमिह मोक्खंगं, परमं एयस्स अट्ठहाऽऽयारो ।
णिस्संकादी भणितो, पभावणंतो जिणिंदेहिं ॥ ३९६ ॥ ९/२

छाया :- दर्शनमिह मोक्षाङ्गं परमं एतस्य अष्टधाऽऽचारः ।
निःशङ्कादिर्भणितः प्रभावनान्तो जिनेन्द्रैः ॥ २ ॥

ગાથાર્થ :- સમ્યગ્દર્શન એ મોક્ષનું પ્રધાન કારણ છે, તેના નિઃશંકાથી માંડીને પ્રભાવના સુધીના આઠ આચારો જિનેશ્વરદેવોએ કહ્યા છે.

ટીકાર્થ :- 'दंसण'= સમ્યગ્દર્શન **'इह'**= અહીંયા-જિનશાસનમાં **'मोक्खंगं'**= મોક્ષનું **'परमं'**= પ્રધાન કારણ છે. **'एयस्स'**= આ સમ્યગ્દર્શનનો **'अट्ठहा'**= આઠ ભેદવાળો **'आयारो'**= આચાર **'निस्संकादी'**= નિઃશંકાથી માંડીને **'पभावणंतो'**= પ્રભાવના સુધીનો **'जिणिंदेहि'**= સર્વજ્ઞ ભગવંતોએ **'भणितो'**= કહ્યો છે. શ્રી **दशवैकालिक निर्युक्तिनी १८२**મી ગાથામાં કહ્યું છે :-

"નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા અને અમૂઢદૃષ્ટિ તથા ઉપબૃહંણા, સ્થિરીકરણ, સાધર્મિકવાત્સલ્ય અને પ્રભાવના એ આઠ સમ્યગ્દર્શનના આચાર છે." ॥ ३९६ ॥ ९/२

पवरा पभावणा इह, असेसभावंमि तीऍ सब्भावा ।
जिणजत्ता य तयंगं, जं पवरं ता पयासोऽयं ॥ ३९७ ॥ ९/३

छाया :- प्रवरा प्रभावनेह अशेषभावे तस्याः सद्भावात् ।
जिनयात्रा च तदङ्गं यत्प्रवरं तत्प्रयासोऽयम् ॥ ३ ॥

ગાથાર્થ :- નિઃશંકિતાદિ બધા ગુણો હોય તો જ પ્રભાવના નામના આઠમા આચારનો સંભવ હોવાથી

અહીં દર્શનાચારમાં પ્રભાવના આચાર સૌથી શ્રેષ્ઠ છે. જિનયાત્રા એ પ્રભાવનાનું શ્રેષ્ઠ અંગ હોવાથી તેનું વર્ણન કરવા માટે આ પ્રયાસ કરાય છે.

ટીકાર્થ :- '**असेसभावंमि**'= નિઃશંકિતાદિ સમ્યગ્ દર્શનના બધા ગુણો હોય તો જ '**तीएँ**'= પ્રભાવનાનો '**सब्भावा**'= સંભવ હોવાથી '**इह**'= દર્શનાચારમાં '**पभावणा**'= પ્રભાવના '**पवरा**'= પ્રધાન છે. '**जिणजत्ता य**'= અને જિનયાત્રા એ '**जं**'= જે કારણથી '**पवरं**'= ઉત્તમ '**तयंगं**'= પ્રભાવનાનું કારણ છે '**ता**'= તેથી '**अयं**'= આ '**पयासो**'= પ્રયાસ કરાય છે. ॥ ૩૯૭ ॥ ૯/૩

जत्ता महूसवो खलु, उद्दिस्स जिणे स कीरई जो उ ।
सो जिणजत्ता भण्णइ, तीएँ विहाणं तु दाणादी ॥ ३९८ ॥ ९/४

છાયા :- यात्रा महोत्सवः खलु उद्दिश्य जिनान् स क्रियते यस्तु ।
स जिनयात्रा भण्यते तस्याः विधानन्तु दानादि ॥ ४ ॥

ગાથાર્થ :- મહોત્સવ એ જ યાત્રા કહેવાય છે જિનને ઉદ્દેશીને જે મહોત્સવ કરાય તે જ જિનયાત્રા કહેવાય છે. તેનો દાન આદિ વિધિ છે.

ટીકાર્થ :- '**महूसवो**'= મહોત્સવ જ '**जत्ता**'= યાત્રા કહેવાય છે, '**खलु**'= આ શબ્દ વાક્યાલંકારમાં છે. '**जिणे**'= જિનેશ્વરને '**उदिस्स**'= ઉદ્દેશીને '**स कीरइ**'= તે કરાય છે. '**जो उ**'= જે વળી '**सो**'= તેમના ઉદ્દેશથી પ્રવર્તેલો તે મહોત્સવ '**जिणजत्ता**'= જિનયાત્રા '**भण्णइ**'= કહેવાય છે. '**तीए**'= જિનયાત્રાની '**विहाणं तु**'= વિધિ '**दाणादि**'= દાન આદિ છે. ॥ ૩૯૮ ॥ ૯/૪

दाणं १ तवोवहाणं २ सरीरसक्कार मो ३ जहासत्ति ।
उचितं च गीतवाइय ४, थुतिथोत्ता ५ पेच्छणादी ६ य ॥ ३९९ ॥ ९/५

છાયા :- दानं तपउपधानं शरीरसत्कारो यथाशक्तिः ।
उचितं च गीतवादितं स्तुतिस्तोत्राणि प्रेक्षणादि च ॥ ५ ॥

ગાથાર્થ :- જિનમહોત્સવમાં યથાશક્તિ (૧) દાન, (૨) તપશ્ચર્યા, (૩) દેહભૂષા (૪) ઉચિત ગીતવાદ્ય (૫) સ્તુતિસ્તોત્ર અને (૬) પ્રેક્ષણક આદિ કરવા. એ જિનયાત્રાનો વિધિ છે.

ટીકાર્થ :- '**दाणं**'= દાન આપવું '**तवोवहाणं**'= તપશ્ચર્યા '**सरीरसक्कार**'= દેહની વિભૂષા '**मो**'= નિપાત છે. '**जहासत्ति**'= શક્તિથી ઓછાવત્તા નહિ પણ પોતાની શક્તિમુજબ દાન આદિને કરવા. અહીં 'કરવા' અધ્યાહાર લેવું. '**उचितं च**'= અને યોગ્ય '**गीतवाइय**'= ગીતવાજિંત્ર, અહીં પ્રાકૃત હોવાથી વિભક્તિનો લોપ થયો છે. '**थुतिथोत्ता**'= સ્તુતિ અને સ્તોત્ર પ્રસિદ્ધ છે. '**पेच्छणादी य**'= પ્રેક્ષણક વગેરે પ્રસિદ્ધ છે. ॥ ૩૯૯ ॥ ૯/૫

ઉપર કહેલા દ્વારોનું વિવરણ કરવા માટે કહે છે :-

दाणं अणुकंपाए, दीणाणाहाण सत्तिओ णेयं ।
तित्थंकरणातेणं, साहूण य पत्तबुद्धीए ॥ ४०० ॥ ९/६

છાયા :- दानमनुकम्पया दीनानाथेभ्यः शक्तितो ज्ञेयम् ।
तीर्थङ्करज्ञातेन साधुनां च पात्रबुद्ध्या ॥ ६ ॥

ગાથાર્થ :- જિનયાત્રામાં તીર્થંકરના દૃષ્ટાંતથી દીન-અનાથજનોને અનુકંપાની બુદ્ધિએ યથાશક્તિ દાન કરવું અને સાધુઓને સુપાત્રબુદ્ધિથી દાન કરવું.

ટીકાર્થ :- '**दाणं**'= દાન '**अणुकंपाए**'= દયાથી '**दीणाणाहाण**'= દીન-અનાથોને દીન એટલે ક્ષીણ વૈભવવાળા માણસો અને 'અનાથ' એટલે શક્તિસામર્થ્ય વગરના તેઓ પણ ગરીબની જેમ દીન જ છે પણ શક્તિસામર્થ્ય વગરના છે એટલો ભેદ છે. '**सत्तिओ**'= પોતાની શક્તિ મુજબ '**णेयं**'= જાણવું. '**तित्थंकरणातेणं**'= દાનવ અને દેવોથી પૂજાયેલા ભગવાને ગૃહવાસમાં રાજ્યને છોડીને જ્યારે દીક્ષા લીધી ત્યારે એક વર્ષ સુધી સાંવત્સરિક દાન આપ્યુ હતું એ દૃષ્ટાંતથી '**साहूण य**'= અને યાત્રામાં પધારેલા સાધુભગવંતોને '**पत्तबुद्धीए**'= સુપાત્રબુદ્ધિથી દાન આપવું. ॥ ૪૦૦ ॥ ૯/૬

दान संबंधी कहेवायुं, हवे तप उपधान संबंधी कहे छे :-

एकासणाइ णियमा, तवोवहाणं पि एत्थ कायव्वं ।
तत्तो भावविसुद्धी, नियमा विहिसेवणा चेव ॥ ४०१ ॥ ९/७

छाया :- एकाशनादि नियमात् तप-उपधानमपि अत्र कर्तव्यम् ।
ततो भावविशुद्धिः नियमाद् विधिसेवना चैव ॥ ७ ॥

ગાથાર્થ :- જિનયાત્રામાં એકાસણું આદિ તપ અવશ્ય કરવો જોઈએ. તેનાથી અવશ્ય ભાવની વિશુદ્ધિ થાય છે અને વિધિનું પાલન '**नियमा**'= અવશ્ય થાય છે.

ટીકાર્થ :- '**एकासणाइ**'= એકાસણું આદિ '**तवोवहाणं पि**'= તપશ્ચર્યા '**एत्थ**'= આ જિનયાત્રામાં '**नियमा**'= અવશ્ય '**कायव्वं**'= કરવી. '**तत्तो**'= તપથી '**भावविसुद्धी**'= આહારના લાઘવપણાથી અને અપ્રમાદથી એ બે કારણથી અધ્યવસાયની વિશુદ્ધિ થાય છે. '**विहिसेवणा चेव**'= વિધિ એટલે ભગવાને જે કર્તવ્ય કરવાનો ઉપદેશ આપ્યો છે. તેની 'સેવા' એટલે પાલન થાય છે. ॥ ૪૦૧ ॥ ૯/૭

तप उपधान द्वार कहेवायुं. हवे शरीरसत्कार कहे छे :-

वत्थविलेवणमल्लादिएहिं विविहो सरीरसक्कारो ।
कायव्वो जहसत्तिं पवरो देविंदणाएणं ॥ ४०२ । ९/८

छाया :- वस्त्रविलेपनमाल्यादिभिः विविधः शरीरसत्कारः ।
कर्तव्यो यथाशक्ति प्रवरो देवेन्द्रज्ञातेन ॥ ८ ॥

ગાથાર્થ :- જિનમહોત્સવમાં દેવેન્દ્રના દૃષ્ટાંતથી યથાશક્તિ વસ્ત્ર, વિલેપન, પુષ્પમાળા આદિથી વિવિધ પ્રકારે ઉત્તમ શરીરવિભૂષા કરવી જોઈએ.

ટીકાર્થ :- '**वत्थविलेवणमल्लादिएहिं**'= વસ્ત્ર, વિલેપન, પુષ્પમાળા આદિ લોકપ્રસિદ્ધ છે. તેના વડે '**विविहो**'= અનેક પ્રકારની '**जहसत्तिं**'= શક્તિ મુજબ '**पवरो**'= સર્વોત્તમ પ્રકારની '**देविंदणाएणं**'= દેવેન્દ્રના દૃષ્ટાંતથી '**सरीरसक्कारो**'= શરીરની વિભૂષા '**कायव्वो**'= કરવી જોઈએ, જેમ અરિહંત ભગવંતના જન્મ-દીક્ષા-કેવલજ્ઞાનની ઉત્પત્તિ આદિ પ્રસંગોમાં દેવેન્દ્ર સર્વવિભૂતિ અને સર્વઆદરથી શરીરની વિભૂષા કરે છે, તેની જેમ બીજા બધાએ પણ કરવી. ॥ ૪૦૨ ॥ ૯/૮

उचियमिह गीयवाइयमुचियाण वयाइएहिं जं रम्मं ।
जिणगुणविसयं सद्धम्मबुद्धिजणगं अणुवहासं ॥ ४०३ ॥ ९/९

છાયા :- उचितमिह गीतवादितमुचितानां वयआदिकैर्यद् रम्यम् ।
जिनगुणविषयं सद्धर्मबुद्धिजनकमनुपहासम् ॥ ९ ॥

ગાથાર્થ :- સ્વભૂમિકાની અપેક્ષાએ વય-વિચક્ષણતા-રૂપ-સૌભાગ્ય આદિથી યુક્ત એવા યોગ્ય પુરુષોએ સદ્ધર્મની બુદ્ધિ ઉત્પન્ન કરનારા, જિનેશ્વરના ગુણોના વર્ણનવાળા રમ્ય ગીતો મશ્કરી પાત્ર ન બને. એમ ઉચિત રીતે ગાવા.

ટીકાર્થ :- '**इह**'= જિન મહોત્સવમાં '**उचियाण**'= પોતાની ભૂમિકાની અપેક્ષાએ ઉચિત '**वयाइएहिं**'= વય-વિચક્ષણતા-રૂપ-સૌભાગ્ય-ઉદારતા-ઐશ્વર્ય આદિથી યુક્ત '**जं रम्मं**'= જે રમ્ય હોય તેવા '**जिणगुणविसयं**'= ભગવાનના ક્ષમા આદિ ગુણોના વર્ણનવાળા '**सद्धम्मबुद्धिजणगं**'= સુંદર ધર્મમાં મતિને ઉત્પન્ન કરનારા '**अणुपहासं**'= મશ્કરી પાત્ર ન બને એવા '**उचियं**'= યોગ્ય '**गीयवाइयं**'= ગીત ગાવા અને વાજિંત્ર વગાડવા. ॥ ૪૦૩ ॥ ૯/૯

स्तुतिस्तोत्रनुं प्रतिपादन करवा माटे कहे छे :-

थुइथोत्ता पुण उचिया, गंभीरपयत्थविरइया जे उ ।
संवेगवुड्ढिजणगा, समा य पाएण सव्वेसिं ॥४०४॥९/१०

छाया :- स्तुतिस्तोत्राणि पुनरुचितानि गम्भीरपदार्थविरचितानि यानि तु ।
संवेगवृद्धिजनकानि समानि च प्रायेण सर्वेषाम् ॥१०॥

ગાથાર્થ :- જે સૂક્ષ્મબુદ્ધિથી જાણી શકાય એવા ગંભીર શબ્દ અને અર્થોથી રચાયેલ હોય અને જે સંવેગની વૃદ્ધિ કરનારા હોય તેમજ બધા જ સ્તુતિ કરનારા વડે જે એકસાથે એકસરખા અવાજે બોલાતા હોય તેવા સ્તુતિસ્તોત્ર જિનયાત્રામાં ઉચિત છે.

ટીકાર્થ :- '**थुइथोत्ता पुण**'= સ્તુતિસ્તોત્ર વળી '**गंभीरपयत्थविरइया**'= વિશિષ્ટ પ્રકારના આશય અને તાત્પર્યથી યુક્ત હોવાથી સૂક્ષ્મબુદ્ધિ વડે જે ગમ્ય હોય એવા ગંભીર શબ્દો અને અર્થથી રચાયેલા (રચના એટલે ક્રમસર શબ્દોના યોગ્ય ગોઠવણ) '**जे उ**'= જે હોય '**संवेगवुड्ढिजणगा**'= અતિશય મોક્ષના અભિલાષાને ઉત્પન્ન કરનારા '**पाएण**'= ઘણું કરીને '**सव्वेसिं**'= સર્વસ્તુતિ કરનારના '**समा य**'= પાઠ અને સ્વર આદિથી સમાન હોય અર્થાત્ ઊંચાનીચા સ્વરે નહિ પણ બધા એકસરખા અવાજે બોલતા હોય '**उचिया**'= જિનયાત્રામાં યોગ્ય છે. ॥ ૪૦૪ ॥ ૯/૧૦

हवे प्रेक्षणकद्वार कहे छे :-

पेच्छणगा वि नडादी, धम्मियणाडयजुआ इहं उचिया ।
पत्थावो पुण णेओ, इमेसिमारंभमादीओ ॥ ४०५ ॥ ९/११

छाया :- प्रेक्षणकान्यपि नटादीनि धार्मिकनाटकयुतानि इह उचितानि ।
प्रस्तावः पुनर्ज्ञेय एषामारम्भादिः ॥ ११ ॥

ગાથાર્થ :- જિનયાત્રામાં ધાર્મિક નાટકોથી યુક્ત એવા નટપ્રેક્ષણક વગેરે પણ યુક્ત છે. આ નાટકોનો અવસર મહોત્સવના પ્રારંભમાં, મધ્યમાં કે અંતે ગમે ત્યારે છે.

ટીકાર્થ :- '**नडादी**'= લોકપ્રસિદ્ધ નટ વગેરે '**पेच्छणगा वि**'= પ્રેક્ષણકો પણ '**इहं**'= જિનયાત્રામાં

'**धम्मियणाडयजुया**'= જિનેશ્વરના જન્મ-અતિશય આદિ ધાર્મિક નાટકથી યુક્ત '**उचिया**'= જ્યાં જેનો સંભવ હોય ત્યાં તે યોગ્ય છે. '**इमेसिं**'= આ પ્રેક્ષણકોનો '**आरंभमादीओ**'= યાત્રાના આરંભમાં, મધ્યમાં કે અંતમાં ગમે ત્યારે '**पत्थावो पुण**'= અવસર '**णेओ**'= જાણવો. ॥ ૪૦૫ ॥ ૯/૧૧

દાનાદિ યાત્રાવિધિ કહેવાઈ ત્યાં સર્વ યાત્રામાં દાન કરવાનું હોય છે. અહીં કાંઈ વિશેષ કહે છે :-

आरंभे च्चिय दाणं, दीणादीण मणतुट्ठिजणणत्थं ।
रण्णाऽमाघायकारणमणहं गुरुणा ससत्तीए ॥ ४०६ ॥ ९/१२

छाया :- आरम्भ एव दानं दीनादीनां मनस्तुष्टिजननार्थम् ।
राज्ञाऽमाघातकारणमनघं गुरुणा स्वशक्त्या ॥ १२ ॥

ગાથાર્થ :- દીન વગેરેના મનને તુષ્ટિ કરવા માટે મહોત્સવના પ્રારંભમાં જ દાન આપવું જોઈએ. તેમજ સિદ્ધાંતના જાણકાર ગુરુએ મહોત્સવના પ્રારંભથી જ પોતાની શક્તિ અનુસાર રાજાની પાસે નિર્દોષ રીતે અમારિપ્રવર્તન કરાવવું જોઈએ.

ટીકાર્થ :- '**आरंभे च्चिय**'= મહોત્સવના પ્રારંભમાં જ '**दीणादीण**'= દીન અનાથ વગેરેને '**मणतुट्ठीजणणत्थं**'= મનની પ્રસન્નતા કરવા માટે '**दाणं**'= દાન આપવું. '**गुरुणा**'= સિદ્ધાંતના જાણકાર ગુરુએ '**ससत्तीए**'= પોતાની શક્તિ અનુસાર '**रण्णा**'= રાજાની પાસે '**अमाघायकारणं**'= અમારિ પ્રવર્તાવવી અર્થાત્ અભયદાન પ્રવર્તાવવું. '**अणहं**'= નિર્દોષ રીતે અર્થાત હિંસાથી આજીવિકા ચલાવનાર માછીમાર આદિને માટે ભોજન આજીવિકાની વ્યવસ્થા કરી આપીને તેમનાથી થતી હિંસા બંધ કરાવવી જોઈએ. તેમ ન કરે તો તેમની આજીવિકાનો વિચ્છેદ થાય. ॥ ૪૦૬ ॥ ૯/૧૨

આ વસ્તુના સમર્થન માટે આગમની વિધિ કહે છે :-

विसयपवेसे रण्णो, उ दंसणं उग्गहादिकहणा य ।
अणुजाणावण विहिणा, तेणाणुण्णाएँ संवासो ॥ ४०७ ॥ ९/१३

छाया :- विषयप्रवेशे राज्ञस्तु दर्शनमवग्रहादिकथना च ।
अनुज्ञापनं विधिना तेनानुज्ञातेन संवासः ॥ १३ ॥

ગાથાર્થ :- દેશમાં પ્રવેશ કરીને રાજાનું દર્શન કરવું અર્થાત્ તેને મળવું. અવગ્રહાદિનું કથન કરવું. તેના દેશમાં વિધિપૂર્વક રજા માંગવી, તેની અનુજ્ઞા મેળવીને ત્યાં રહેવું.

ગાથાર્થ :- '**विसयपवेसे**'= દેશમાં પ્રવેશ કરીને '**रण्णो**'= રાજાનું '**दंसणं**'= દર્શન 'કરવું' એ અધ્યાહારથી સમજવું. '**उग्गहादिकहणा य**'= 'તમને હું શું આપું ?' એમ રાજા પૂછે ત્યારે "દેવેન્દ્ર - રાજા વગેરે જેઓ અવગ્રહ આપે છે તેમને જે ધર્મ કરે છે તેનો અમુક ભાગ મળે છે." એમ કહેવું. '**विहिणा**'= માલિકની તથા માલિકે જેને આદેશ (ભલામણ) કર્યો હોય તેની આગમમાં કહેલી વિધિપૂર્વક '**अणुजाणावण**'= અવગ્રહની અનુજ્ઞા મેળવવી. '**तेण**'= તે માલિક અથવા માલિકે જેને ભલામણ કરી હોય તેના વડે '**अणुण्णाए**'= રજા અપાયા પછી '**संवासो**'= તે ક્ષેત્રમાં રહેવું કલ્પે. ॥ ૪૦૭ ॥ ૯/૧૩

एसा पवयणणीति, एवं वसंताण णिज्जरा विउला ।
इहलोगम्मि वि दोसा, ण होंति णियमा गुणा होंति ॥ ४०८ ॥ ९/१४

छाया :- एषा प्रवचननीतिरेवं वसतां निर्जरा विपुला ।
इहलोकेऽपि दोषाः न भवन्ति नियमाद् गुणा भवन्ति ॥ १४ ॥

ગાથાર્થ :- આ આગમવિધિ છે. આવી વિધિથી રહેનારા સાધુઓને ઘણી નિર્જરા થાય છે. આ લોકમાં પણ શત્રુનો ઉપદ્રવ વગેરે દોષો થતાં નથી અને નિયમા લાભ થાય છે.

ટીકાર્થ :- '**एसा**'= આ '**पवयणणीति**'= આગમની વિધિ છે. '**एव**'= આ પ્રમાણે અનુજ્ઞા લઈને '**वसंताण**'= રહેનારા સાધુઓને '**विउला**'= વિપુલ પ્રમાણમાં '**णिज्जरा**'=નિર્જરા '**इहलोगम्मि वि**'= આ લોકમાં પણ '**दोसा**'= શત્રુના ઉપદ્રવ આદિ દોષો '**न होंति**'= થતા નથી. '**णियमा**'= અવશ્ય '**गुणा होंति**'= શાસનની ઉન્નતિ વગેરે લાભ થાય છે. ॥ ૪૦૮ ॥ ૯/૧૪

दिट्ठो पवयणगुरुणा, राया अणुसासिओ य विहिणा उ ।
तं नत्थि जण्ण वियरइ, कित्तियमिह अमाघाउ त्ति ?॥ ४०९ ॥ ९/१५

छाया :- दृष्टः प्रवचनगुरुणा, राजा अनुशासितश्च विधिना तु ।
तन्नास्ति यन्न वितरति कियदिह अमाघात इति ॥ १५ ॥

ગાથાર્થ :- સિદ્ધાંતના જાણકાર આચાર્ય ભગવંત જો રાજાને મળ્યા હોય અને વિધિપૂર્વક તેને ઉપદેશ આપ્યો હોય તો (પ્રસન્ન થયેલો) રાજા એવી કોઈ વસ્તુ નથી કે જે ન આપે ? અર્થાત્ બધું જ આપે. તો પછી અમારિ પ્રવર્તન કરાવવું એ તો તેના માટે શું વાત છે ? તે કરાવશે જ.

ટીકાર્થ :- '**दिट्ठो**'= દર્શન કરાયેલો અર્થાત્ મળાયેલો '**पवयणगुरुणा**'= અનુયોગના જાણકાર આચાર્ય વડે '**राया**'=રાજા '**अणुसासिओ य**'=અને ઉપદેશ અપાયેલો '**विहिणा उ**'=લોકને અને લોકોત્તરને સંમત વિધિ વડે '**तं नत्थि**'=તે વસ્તુ નથી '**जण्ण**'=જે ન '**वियरइ**'=આપે અર્થાત્ ઉપયોગી સર્વ વસ્તુ આપે જ. '**इह**'=યાત્રામાં '**अमाघाउ त्ति**'=અભયદાન આપવું તે. '**कित्तियं**=કેટલું છે ?॥૪૦૯॥ ૯/૧૫

एत्थमणुसासणविही, भणिओ सामण्णगुणपसंसाए ।
गंभीराहरणेहि, उत्तीहिं य भावसाराहिं ॥ ४१०॥ ९/१६

छाया :- अत्रानुशासनविधिर्भणितः सामान्यगुणप्रशंसया ।
गम्भीराहरणैरुक्तिभिश्च भावसाराभिः ॥ १६ ॥

ગાથાર્થ :- રાજાને ઉપદેશ આપવાની વિધિ આ છે :- (૧) સામાન્ય અર્થાત્ બધા જ ધર્મોમાં હોય એવા વિનય, દાક્ષિણ્ય, સૌજન્ય આદિ ગુણોની પ્રશંસા કરવી. (૨) ઉત્તમ પુરુષોના ગંભીર દૃષ્ટાંતો કહેવા અને (૩) ભાવ ભરેલા શ્લોકોનું વર્ણન કરવું.

ટીકાર્થ :- '**एत्थ**'= અહીં '**अणुसासणविही**'= રાજાને ઉપદેશ આપવાની વિધિ '**भणिओ**'= આ કહ્યો છે. '**सामण्णगुणपसंसाए**'= લોક અને લોકોત્તરમાં અવિરુદ્ધ એવા વિનય, દાક્ષિણ્ય-સૌજન્ય આદિ ગુણોની પ્રશંસા કરવી તથા '**गंभीराहरणेहि**'= મહાપુરુષ સંબંધી ગંભીર દૃષ્ટાંતો આપવા, '**भावसाराहिं**'= ભાવગર્ભિત '**उत्तीहिं य**'= શ્લોકો વર્ણવવા. ॥ ૪૧૦॥ ૯/૧૬

ઉપદેશની વિધિને જ કહે છે :-

सामण्णे मणुयत्ते, धम्माउ णरीसरत्तणं णेयं ।
इय मुणिऊणं सुंदर ! जत्तो एयम्मि कायव्वो ॥ ४११ ॥ ९/१७

छाया :- सामान्ये मनुजत्वे धर्मात् नरेश्वरत्वं ज्ञेयम् ।
इति ज्ञात्वा सुन्दर ! यत्न अत्र कर्तव्यः ॥ १७ ॥

ગાથાર્થ :- હે સુંદર ! મનુષ્ય તરીકે બધા જ મનુષ્યો સમાન હોવા છતાં ધર્મથી (=પુણ્યથી) કોઈક માણસ મનુષ્યોનો સ્વામી રાજા બને છે આ જાણીને ધર્મમાં પ્રયત્ન કરવો જોઈએ.

ટીકાર્થ :- '**मणुयत्ते**'= અન્ય મનુષ્યોની સાથે મનુષ્યપણું '**सामण्णे**'= સમાન હોવા છતાં '**धम्माउ**'= ધર્મથી '**णरीसरत्तणं**'= મનુષ્યના સ્વામી રાજાપણું '**णेयं**'= જાણવું. '**इय**'= આ પ્રમાણે '**मुणिऊणं**'= જાણીને '**सुंदर!**'= હે સુંદર ! હે રાજન! '**एयम्मि**'= આ ધર્મમાં '**जत्तो**'= પ્રયત્ન '**कायव्वो**'= કરવો.- અહીં ગાથામાં '**सुंदर!**' એમ સંબોધન કર્યું છે, ટીકામાં '**सुंदरः**' એમ પ્રથમા વિભક્તિ કરીને તેનો અર્થ પ્રધાન, એને યત્નનું વિશેષણ કર્યું છે. ॥ ૪૧૧ ॥ ૯/૧૭

ધર્મમાં યત્ન શા માટે કરવો જોઈએ ? તે કહે છે :-

इड्ढीण मूलमेसो, सव्वासिं जणमणोहराणं ति ।
एसो य जाणवत्तं, णेओ संसारजलहिम्मि ॥ ४१२ ॥ ९/१८

છાયા :- ऋद्धीनां मूलमेषः सर्वासां जनमनोहराणामिति ।
एषश्च यानपात्रं ज्ञेयः संसारजलधौ ॥ १८ ॥

ગાથાર્થ :- લોકોના ચિત્તને આકર્ષનારી મનુષ્ય અને દેવલોકસંબંધી સઘળી સંપત્તિનું કારણ ધર્મ છે. તથા સંસારસાગરને તરવા માટે ધર્મ એ જહાજ સમાન છે એમ જાણવું.

ટીકાર્થ :- '**जणमणोहराणं ति**'= લોકોના મનને આકર્ષનારી '**सव्वासिं**'= દેવ-મનુષ્યસંબંધી સઘળી '**इड्ढीण**'= ઋદ્ધિનું '**मूलं**'= કારણ '**एसो**'= આ ધર્મ છે. '**एसो य**'= અને આ ધર્મ '**संसारजलहिम्मि**'= સંસારસાગરને પાર ઉતરવાની ઈચ્છાવાળા માટે '**जाणवत्तं**'= તરવા માટે જહાજ છે એમ '**णेओ**'= જાણવું. ॥ ૪૧૨ ॥ ૯/૧૮

આ ધર્મ કેવી રીતે થાય છે ? તે કહે છે :-

जायइ य सुहो एसो उचियत्थापायणेण सव्वस्स ।
जत्ताएँ वीयरायाण विसयसारत्तओ पवरो ॥ ४१३ ॥ ९/१९

છાયા :- जायते च शुभ एष उचितार्थापादनेन सर्वस्य ।
यात्रया वीतरागाणां विषयसारत्वतः प्रवरः ॥ १९ ॥

ગાથાર્થ :- સર્વ કોઈનું ઉચિત કાર્ય કરવાથી શુભ ધર્મ થાય છે. જિનયાત્રા એ વીતરાગ સંબંધી હોવાથી અને વીતરાગ એ ઉત્તમ વિષય હોવાથી, વિષયના માહાત્મ્યથી તેનાથી શ્રેષ્ઠ ધર્મ થાય છે.

ટીકાર્થ :- '**सव्वस्स**'= બધાનું '**उचियत्थापायणेण**'= ઉચિત કાર્ય કરવાથી '**सुहो**'= તેનું નિમિત્ત શુભ હોવાથી '**एसो**'= આ ધર્મ શુભ '**जायइ य**'= થાય છે. '**वीयरायाण**'= વીતરાગની '**जत्ताएँ**'= યાત્રોત્સવ વડે '**विसयसारत्तओ**'= યાત્રાનો વિષય વીતરાગ છે, તેમના પ્રધાનપણાથી અર્થાત્ વિષયના માહાત્મ્યથી '**पवरो**'= શ્રેષ્ઠ ધર્મ થાય છે. ॥ ૪૧૩ ॥ ૯/૧૯

एतीएँ सव्वसत्ता, सुहिया खु अहेसि तंमि कालंमि ।
एण्हिं पि आमघाएण, कुणसु तं चेव एतेसिं ॥ ४१४ ॥ ९/२०

છાયા :- एतया सर्वसत्त्वाः सुखिता एव अभूवन् तस्मिन् काले ।
इदानीमपि अमाघातेन कुरु तदेव एतेषाम् ॥ २० ॥

ગાથાર્થ :- વીતરાગ પરમાત્મા જ્યારે વિચરતા હતા ત્યારે તેમના જન્માદિ પ્રસંગે બધા જીવો સુખી જ હતા. અત્યારે પણ અભયદાન આપવા વડે તું બધા પ્રાણીઓને સુખી કર.

ટીકાર્થ :- '**तंमि कालंमि**'= ભગવાન વિચરતા હતા તે કાળે '**एतीऍ**'= આ યાત્રા વડે '**सव्वसत्ता**'= બધા પ્રાણીઓ '**सुहिया खु**'=સુખી જ '**अहेसि**'=હતા. '**एण्हिं पि**'=અત્યારે પણ '**आमधाएण**'=અભયદાન આપવા વડે '**एतेसिं**'=આ બધા પ્રાણીઓનું '**तं चेव**'=સુખીપણું '**कुणसु**'= તું કર ॥ ૪૧૪ ॥ ૯/૨૦

જ્યારે તેવા પ્રકારના સિદ્ધાંતના જાણકાર આચાર્યભગવંત હાજર ન હોય ત્યારે શું વિધિ છે ? તે કહે છે :-

तम्मि असंते राया, दट्ठव्वो सावगेहि वि कमेणं ।

कारेयव्वो य तहा, दाणेण वि आमघाउ त्ति ॥ ४१५ ॥ ९/२१

છાયા :- तस्मिन् असति राजा द्रष्टव्यः श्रावकैरपि क्रमेण ।

कारयितव्यश्च तथा दानेनापि अमाघात इति ॥ २१ ॥

ગાથાર્થ :- આચાર્ય ન હોય તો શ્રાવકોએ પણ રાજકુળમાં પ્રસિદ્ધ રીત રિવાજ મુજબ રાજાને મળવું. અને છેવટે ધન આપીને પણ તેની પાસે જીવહિંસા બંધ કરાવવી.

ટીકાર્થ :- '**तम्मि**'= તે પ્રાવચનિક આચાર્ય ભગવંત '**असंते**'= હાજર ન હોય તો '**सावगेहि वि**'= શ્રાવકોએ પણ '**कमेणं**'= રાજકુળની નીતિ મુજબ '**राया**'= રાજાને '**दट्ठव्वो**'= મળવું '**तहा दाणेण वि**'= ધન આપવા દ્વારા પણ તેને પ્રસન્ન કરીને '**आमघाउ त्ति**'= અમારિ પ્રવર્તન '**कारेयव्वो य**'= કરાવવું. ॥ ૪૧૫ ॥ ૯/૨૧

પરપીડાના વર્જન માટે કહે છે :-

तेसिं पि घायगाणं, दायव्वं सामपुव्वगं दाणं ।

तत्तियदिणाण उचियं, कायव्वा देसणा य सुहा ॥ ४१६ ॥ ९/२२

છાયા :- तेषामपि घातकानां दातव्यं सामपूर्वकं दानम् ।

तावद्दिनानां उचितं कर्तव्या देशना च शुभा ॥ २२ ॥

ગાથાર્થ :- તે હિંસાથી આજીવિકા ચલાવનાર ઘાતકોને પણ પ્રીતિપૂર્વક યાત્રાદિનને ઉચિત અન્નપાનાદિનું દાન કરવું અને તમને પણ પુણ્યની પ્રાપ્તિ થશે એમ શુભ દેશના આપવી.

ટીકાર્થ :- '**तेसिं पि घायगाणं**'= તે હિંસાથી આજીવિકા ચલાવનાર ઘાતકોને પણ '**तत्तियदिणाण**'= યાત્રા જેટલા દિવસોને '**उचियं**'= યોગ્ય '**सामपुव्वगं**'= પ્રીતિપૂર્વક '**दाणं**'= અન્નપાનાદિનું દાન '**दायव्वं**'= આપવું '**देसणा य सुहा**'= ''તમને પણ જીવવધ નહિ કરવાથી ધર્મની પ્રાપ્તિ થશે'' એમ શુભ દેશના '**कायव्वा**'= કરવી. ॥ ૪૧૬ ॥ ૯/૨૨

આમ કરવાથી શો લાભ થાય છે ? તે કહે છે :-

तित्थस्स वण्णवाओ, एवं लोगम्मि बोहिलाभो य ।

केसिंचि होइ परमो, अण्णेसिं बीयलाभो त्ति ॥ ४१७ ॥ ९/२३

છાયા :- तीर्थस्य वर्णवाद एवं लोके बोधिलाभश्च ।

केषाञ्चिद् भवति परम अन्येषां बीजलाभ इति ॥ २३ ॥

ગાથાર્થ :- આમ કરવાથી લોકમાં જિનશાસનની પ્રશંસા થાય છે. તેથી કેટલાંક હળુકર્મી જીવોને ઉત્તમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, બીજાઓને બોધિબીજ - પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાય છે.

ટીકાર્થ :- '**एवं**'= આ પ્રમાણે કરવાથી '**तित्थस्स**'= જૈન શાસનની '**लोगम्मि**'= સર્વ લોકોમાં '**वण्णवाओ**'= પ્રશંસા અને '**केसिंचि य**'= કેટલાક લઘુકર્મી જીવોને '**बोहिलाभो य**'= સમ્યક્ત્વની પ્રાપ્તિ અને '**अण्णेसिं**'= બીજાઓને '**परमो**'= ઉત્કૃષ્ટ '**बीयलाभो त्ति**'= બોધિબીજ-પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ '**होइ**'= થાય છે. ॥ ૪૧૭ ॥ ૯/૨૩

જૈનશાસનની પ્રશંસા શા માટે ઈચ્છાય છે ? તે કહે છેઃ-

जा चिय गुणपडिवत्ती, सव्वण्णुमयम्मि होइ पडिसुद्धा ।
स च्चिय जायति बीयं, बोहीए तेणणाएणं ॥ ४१८ ॥ ९/२४

छाया :- या एव गुणप्रतिपत्तिः सर्वज्ञमते भवति परिशुद्धा ।
सा एव जायते बीजं बोधेः स्तेनज्ञातेन ॥ २४ ॥

ગાથાર્થ :- જૈનશાસન સંબંધી પરિશુદ્ધ ભાવગર્ભિત પ્રશંસાપૂર્વક ગુણોનો જે સ્વીકાર થાય છે તે જ ચોરના દૃષ્ટાંતથી સમ્યક્ત્વનું બીજ છે.

ટીકાર્થ :- '**जा च्चिय**'= જે કાંઈ '**पडिसुद्धा**'= ભાવગર્ભિત પ્રશંસા સ્વરૂપ પરિશુદ્ધ '**गुणपडिवत्ती**'= ગુણનો સ્વીકાર '**सव्वण्णुमयम्मि**'= જૈન શાસનમાં '**होइ**'= થાય છે. '**स च्चिय**'= તે જ '**बोहीए**'= સમ્યક્ત્વની પ્રાપ્તિનું '**बीयं**'= કારણ '**तेणणाएणं**'= પંચાશક ૭-૮માં કહેવાયેલા ચોરના દૃષ્ટાંતથી '**जायति**'= થાય છે. ॥ ૪૧૮ ॥ ૯/૨૪

તેનાથી વિપરીત કહે છે :-

इय सामत्थाभावे दोहि वि वग्गेहिं पुव्वपुरिसाणं ।
इय सामत्थजुयाणं, बहुमाणो होति कायव्वो ॥ ४१९ ॥ ९/२५

छाया :- इति सामर्थ्याभावे द्वाभ्यामपि वर्गाभ्यां पूर्वपुरुषाणाम् ।
इति सामर्थ्ययुतानां बहुमानो भवति कर्तव्यः ॥ २५ ॥

ગાથાર્થ :- આચાર્ય અને શ્રાવક બંને રાજાને મળીને હિંસા બંધ કરાવવા સમર્થ ન હોય તો બંનેએ હિંસા બંધ કરાવવાના સામર્થ્યવાળા પૂર્વના મહાપુરુષો ઉપર બહુમાન કરવું.

ટીકાર્થ :- '**इय सामत्थाभावे**'= આવા પ્રકારની શક્તિ ન હોય તો '**दोहि वि वग्गेहिं**'= સાધુ અને શ્રાવક બંને વર્ગોએ '**पुव्वपुरिसाणं**'= વર્તમાનકાળની અપેક્ષાએ પૂર્વ કાળમાં થઈ ગયેલા સાધુ અને શ્રાવકોનું '**इय सामत्थजुयाणं**'= જીવહિંસા બંધ કરાવવાના સામર્થ્યવાળાનું '**बहुमाणो**'= બહુમાન-પ્રીતિવિશેષ '**होति कायव्वो**'= કરવું જોઈએ. ॥ ૪૧૯ ॥ ૯/૨૫

બહુમાન વિશે કહે છે :-

ते धण्णा सप्पुरिसा, जे एयं एवमेव निस्सेसं ।
पुव्विं करिंसु किच्चं, जिणजत्ताए विहाणेणं ॥ ४२० ॥ ९/२६

छाया :- ते धन्याः सत्पुरुषाः ये एतद् एवमेव निःशेषम् ।
पूर्वमकार्षुः कृत्यं जिनयात्रायां विधानेन ॥ २६ ॥

ગાથાર્થ :- તે પુરુષો ધન્ય છે જેમણે વિધિપૂર્વક જિનયાત્રા કરાવવા દ્વારા આ સમગ્ર કાર્ય પૂર્વે ઉપર કહ્યું તે રીતે જીવહિંસા બંધ કરાવીને કર્યું હતું.

ટીકાર્થ :- '**ते**'= તે પૂર્વપુરુષો '**सप्पुरिसा**'= સત્પુરુષો '**धण्णा**'= ધન્ય છે. '**जे**'= જેઓએ '**एयं**'= આ '**एवमेव**'= ઉપર વર્ણન કર્યું છે તે પ્રમાણે જીવહિંસા બંધ કરાવીને '**जिणजत्ताए**'= જિનયાત્રાને '**विहाणेणं**'= કરાવવા દ્વારા '**निस्सेसं**'= સઘળું '**किच्चं**'= કાર્ય '**पुव्वि**'= પહેલાં '**करिंसु**'= કર્યું હતું. ॥ ૪૨૦ ॥ ૯/૨૬

अम्हे उ तह अधण्णा, धण्णा उण एत्तिएण जं तेसिं ।
बहुमण्णामो चरियं, सुहावहं धम्मपुरिसाणं ॥ ४२१ ॥ ९/२७

छाया :- वयं तु तथा अधन्याः धन्याः पुनरियता यत्तेषाम् ।
बहुमन्यामहे चरितं सुखावहं धर्मपुरुषाणाम् ॥ २७ ॥

ગાથાર્થ :- અમે તો જિનયાત્રાદિ કાર્યો શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરવા અસમર્થ હોવાથી અધન્ય છીએ. પરંતુ ધર્મપ્રધાન તે મહાપુરુષોના શુભનું કારણ એવા ચરિત્રનું બહુમાન અમે કરીએ છીએ એટલા પૂરતા અમે ધન્ય છીએ.

ટીકાર્થ :- '**अम्हे उ**'= અમે તો '**तह**'= તેવા પ્રકારના '**अधण्णा**'= ધન્ય નથી. અમારામાં પૂર્વના મહાપુરુષો જેવી ધન્યતા નથી. એવો ભાવ છે. '**एत्तिएण**'= એટલા માત્રથી જ '**धण्णा उण**'= ધન્ય છીએ કે '**जं**'= જે '**तेसिं**'= તે મહાપુરુષોના '**धम्मपुरिसाणं**'= ધર્મપ્રધાન પુરુષોના '**सुहावहं**'= સુખકારી અથવા શુભકારી '**चरियं**'= આચરણનું '**बहु मण्णामो**'= બહુમાન કરીએ છીએ. ॥ ૪૨૧ ॥ ૯/૨૭

इय बहुमाणा तेसिं, गुणाणमणुमोयणा णिओगेणं ।
तत्तो तत्तुल्लं चिय, होइ फलं आसयविसेसा ॥ ४२२ ॥ ९/२८

छाया :- इति बहुमानात्तेषां गुणानामनुमोदना नियोगेन? ।
ततः तत्तुल्यमेव भवति फलं आशयविशेषात् ॥ २८ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે પૂર્વમહાપુરુષોનું બહુમાન કરવાથી અવશ્ય તેમના ગુણોની અનુમોદના થાય છે. વિકલ અનુષ્ઠાન કરવા છતાં પણ મહાપુરુષોના ગુણોની અનુમોદનાના કારણે તેવા પ્રકારના વિશિષ્ટ શુભ અધ્યવસાયથી તેને પૂર્વના મહાપુરુષોના આચરણ સમાન જ ફળ મળે છે.

ટીકાર્થ :- '**इय**'= આ પ્રમાણે '**बहुमाणा**'= બહુમાન કરવાથી- પૂર્વના મહાપુરુષોના આચરણ ઉપર તેને ઉપચારથી નહિ પણ સ્વરૂપથી જ અત્યંત વિશિષ્ટ પ્રકારની પ્રીતિ છે. '**तेसिं**'= તે પૂર્વના મહાપુરુષોના '**गुणाणं**'= ગુણોની '**अणुमोयणा**'= અનુમોદના-અનુમતિ '**णिओगेणं**'= અવશ્યપણે '**तत्तो**'= તે પોતાના વિકલ અનુષ્ઠાનથી અથવા ગુણોની અનુમોદનાથી '**तत्तुल्लं चिय**'= પૂર્વના મહાપુરુષોના સદૃશ જ '**फलं**'= ફળ '**आसयविसेसा**'= વિશિષ્ટ અધ્યવસાયથી '**होइ**'= થાય છે.

શુભકાર્યને કરવાથી, કરાવવાથી અને અનુમોદવાથી આમ ત્રણે ય પ્રકારે પુણ્ય બંધાય છે, તેવી રીતે પાપ પણ અશુભ પ્રવૃત્તિને કરવા-કરાવવા અને અનુમોદવાથી બંધાય છે. આમાં **બળદેવમુનિ**ને સુપાત્રદાન આપનાર **રથકાર,** અને **હરણ**નું દૃષ્ટાંત છે. તેમાં **રથકાર**ે કરેલ દાનની અનુમોદના કરનાર **હરણ** પણ **રથકાર**ની જેમ પાંચમા દેવલોકમાં ગયો છે. ભાવથી તો તેને સત્ક્રિયા કરવાનો અધ્યવસાય છે જ.

પરંતુ પુણ્યનો અભાવ તેમાં અવરોધક બને છે. આથી વ્યક્તિનો એમાં કોઈ દોષ નથી-માટે દ્રવ્યથી તેનું અનુષ્ઠાન વિકલ હોવા છતાં પણ ભાવથી તો અવિકલ જ છે. માટે અનુમોદના કરનારને પણ પ્રવૃત્તિ કરવા સદૃશ જ ફળ મળે છે. ॥ ૪૨૨ ॥ ૯/૨૮

ઉપસંહાર કરતાં કહે છેઃ-

कयमेत्थ पसंगेणं तवोवहाणादिया वि णियसमए ।
अणुरूवं कायव्वा, जिणाण कल्लाणदियहेसु ॥ ४२३ ॥ ९/२९

છાયા :- कृतमत्र प्रसङ्गेन तप-उपधानादिका अपि निजसमये ।
अनुरूपं कर्तव्याः जिनानां कल्याणदिवसेषु ॥ २९ ॥

ગાથાર્થ :- આ વિષયમાં હવે વધારે પ્રસંગથી સર્યું. અર્થાત્ આ વિષય અહીં પૂર્ણ થાય છે. ચોવીસે જિનના પાંચ કલ્યાણકના દિવસોમાં તેના પોતાના અવસરે ઉચિત એવા તપ વગેરે કાર્યો કરવા જોઈએ.

ટીકાર્થ :- एत्थ पसंगेणं'= આહાર, અભયદાન આદિ આ પ્રસંગોથી '**कयं**'=સર્યું '**तवोवहाणादिया वि**'=તપ વગેરે કાર્યો પણ '**जिणाण**'=ચોવીસે ભગવાનના '**कल्लाणदियहेसु**'=પાંચ મહાકલ્યાણકના દિવસોમાં '**णियसमए**'= પોતાના કાળે '**अणुरूवं**'=ઔચિત્યથી '**कायव्वा**'=કરવા જોઈએ.॥ ૪૨૩ ॥ ૯/૨૯

આની ભાવના કરવા માટે કહે છે :-

पंच महाकल्लाणा, सव्वेसिं जिणाण होंति णियमेण ।
भुवणच्छेरयभूया, कल्लाणफला य जीवाणं ॥ ४२४ ॥ ९/३०

છાયા :- पञ्च महाकल्याणानि सर्वेषां जिनानां भवन्ति नियमेन ।
भुवनाश्चर्यभूतानि कल्याणफलानि च जीवानाम् ॥ ३० ॥

ગાથાર્થ :- સર્વ જિનેશ્વરદેવોના ત્રણ ભુવનમાં આશ્ચર્યભૂત અને સર્વજીવોનું કલ્યાણ કરનારા પાંચ મહાકલ્યાણકો અવશ્ય થાય છે.

ટીકાર્થ :- '**सव्वेसिं**'= બધા જ '**जिणाण**'= જિનેશ્વરોના '**पंच महाकल्लाणा**'= દેવભવમાંથી ચ્યવીને માતાના ગર્ભમાં અવતરણ-જન્મ-દીક્ષા-કેવલજ્ઞાનની ઉત્પત્તિ અને નિર્વાણ આ પાંચ મહાકલ્યાણકો '**णियमेण**'= અવશ્ય '**भुवणच्छेरयभूया**'= સકલ લોકમાં અદ્ભૂત સ્વરૂપવાળા '**जीवाणं**'= એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય-દેવ સુધીના જીવોનું '**कल्लाणफला**'= કલ્યાણ કરનારા '**होंति**'= થાય છે.

અનાદિકાળથી અવસર્પિણી-ઉત્સર્પિણી આદિ સર્વ કાળમાં થનારા જિનેશ્વરોના ચ્યવન-જન્મ આદિ કલ્યાણકોના દિવસો નિયત જ હોય છે. તે નિયત દિવસોમાં જ તે તે કલ્યાણકો થતા હોય છે. ॥ ૪૨૪ ॥ ૯/૩૦

તે પાંચ કલ્યાણકોનો નિર્દેશ કરવા કહે છે :-

गब्भे जम्मे य तहा, णिक्खमणे चेव णाणनिव्वाणे ।
भुवणगुरूण जिणाणं, कल्लाणा होंति णायव्वा ॥ ४२५ ॥ ९/३१

છાયા :- गर्भे जन्मनि च तथा निष्क्रमणे चैव ज्ञाननिर्वाणे ।
भुवनगुरूणां जिनानां कल्याणानि भवन्ति ज्ञातव्यानि ॥ ३१ ॥

ગાથાર્થ :- જગતપૂજ્ય જિનેશ્વરોના ગર્ભાવતરણ સમયે, જન્મ સમયે, દીક્ષા સમયે, કેવલજ્ઞાનની પ્રાપ્તિ સમયે અને નિર્વાણ સમયે કલ્યાણકો થાય છે એમ જાણવું.

ટીકાર્થ :- '**गब्भे**'= ગર્ભાવતાર સમયે '**जम्मे य**'= જન્મ સમયે '**तहा**'= તથા '**णिक्खमणे**'= દીક્ષા લેતી વખતે '**नाणनिव्वाणे**'= કેવલજ્ઞાનની ઉત્પત્તિ સમયે અને નિર્વાણ સમયે '**भुवणगुरूण**'= જગતપૂજ્ય '**जिणाणं**'= જિનેશ્વરોના '**कल्लाणा**'= કલ્યાણકો '**होंति**'= થાય છે. '**णायव्वा**'= જાણવા. ॥૪૨૫॥ ૯/૩૧

तेसु य दिणेसु धन्ना, देविंदाई करिंति भत्तिणया ।
जिणजत्तादीविहाणा, कल्लाणं अप्पणो चेव ॥ ४२६ ॥ ९/३२

છાયા :- तेषु च दिनेषु धन्या देवेन्द्रादयः कुर्वन्ति भक्तिनताः ।
जिनयात्रादिविधानात् कल्याणं आत्मनश्चैव ॥ ३२ ॥

ગાથાર્થ :- તે કલ્યાણકોના દિવસોમાં ભક્તિથી નમ્ર બનેલા પુણ્યશાળી દેવેન્દ્રો વગેરે પોતાના આત્માનું કલ્યાણ કરનારા જિનયાત્રા આદિ અનુષ્ઠાનો વિધિપૂર્વક કરે છે.

ટીકાર્થ :- '**तेसु य दिणेसु**'= તે કલ્યાણકોના દિવસોમાં '**भत्तिणया**'= ભક્તિથી નમ્ર '**धन्ना**'= પુણ્યશાળી '**देविंदाई**'= દેવ, અસુર આદિના અધિપતિઓ અર્થાત્ દેવેન્દ્ર અને દાનવેન્દ્રો '**कल्लाणं**'= કલ્યાણનો હેતુ '**अप्पणो चेव**'= અમારા જ. '**जिणजत्तादीविहाणा**'= વિધિપૂર્વક જિનયાત્રાદિ અનુષ્ઠાનો '**करिंति**'= કરે છે અર્થાત્ આ અમારા જ કલ્યાણનો હેતુ છે એમ માનીને જિનયાત્રાદિ કરે છે. ॥ ૪૨૬ ॥ ૯/૩૨

इय ते दिणा पसत्था, ता सेसेहिं पि तेसु कायव्वं ।
जिणजत्तादि सहरिसं, ते य इमे वद्धमाणस्स ॥ ४२७ ॥ ९/३३

છાયા :- इति ते दिनाः प्रशस्ताः तस्मात् शेषैरपि तेषु कर्तव्यम् ।
जिनयात्रादि सहर्षं तानि च इमानि वर्द्धमानस्य ॥ ३३ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે કલ્યાણકના દિવસો ઉત્તમ છે. તેથી બીજાઓએ પણ તે દિવસોમાં સહર્ષ જિનયાત્રાદિ કરવું જોઈએ. **શ્રી વર્ધમાનસ્વામી**ના કલ્યાણક દિવસો આ નીચેની ગાથામાં કહેવાશે તે છે.

ટીકાર્થ :- '**इय**'= આમ '**ते दिणा**'= તે કલ્યાણકદિવસો '**पसत्था**'= મંગળકારી છે. '**ता**'= તેથી '**सेसेहिं** '**जिणजत्तादि**'= જિનયાત્રાદિ **पि**'= બીજા મનુષ્યો પણ '**तेसु**'= તે દિવસોમાં '**कायव्वं**'= કરવું જોઈએ. '**इमे वद्धमाणस्स**'= **વર્ધમાનસ્વામી**ના આ '**सहरिसं**'= પ્રમોદપૂર્વક '**ते य**'= તે કલ્યાણક દિવસો (નીચે જણાવેલા) છે. ॥ ૪૨૭ ॥ ૯/૩૩

आसाढसुद्धछट्ठी, चेत्ते तह सुद्धतेरसी चेव ।
मग्गसिरकिण्हदसमी, वइसाहे सुद्धदसमी य ॥ ४२८ ॥ ९/३४

છાયા :- आषाढशुद्धषष्ठी चैत्रे तथा शुद्ध त्रयोदशी चैव ।
मृगशीर्षकृष्णदशमी वैशाखे शुद्धदशमी च ॥ ३४ ॥

कत्तियकिण्हे चरिमा, गब्भाइदिणा जहक्कमं एते ।
हत्थुत्तरजोएणं चउरो, तह सातिणा चरमोरों ॥ ४२९ ॥ ९/३५

છાયા :- कार्तिककृष्णे चरमा गर्भादिदिनानि यथाक्रमं एतानि ।
हस्तोत्तरयोगेन चत्वारि तथा स्वातिना चरमः ॥ ३५ ॥

ગાથાર્થ :- **શ્રી વર્ધમાનસ્વામી**નું અષાઢ સુદ છઠ્ઠના દિવસે ચ્યવનકલ્યાણક, ચૈત્ર સુદ તેરસના દિવસે જન્મકલ્યાણક, માગસર વદ દસમના દિવસે દીક્ષા કલ્યાણક અને વૈશાખ સુદ દસમે કેવલજ્ઞાનકલ્યાણક છે. કારતક વદ અમાસના દિવસે નિર્વાણ કલ્યાણ છે ચાર કલ્યાણકો હસ્તોત્તર એટલે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયા છે અને છેલ્લું નિર્વાણ કલ્યાણક સ્વાતિ નક્ષત્રમાં થયું છે.

ટીકાર્થ :- '**आसाढसुद्धछट्ठी**'= અષાઢ સુદ છઠ્ઠ '**चेत्ते तह सुद्धतेरसी चेव**'= ચૈત્ર સુદ તેરસ '**मग्गसिरकिण्हदसमी**'= માગસર વદ દસમ '**वइसाहे सुद्धदसमी य**'= વૈશાખ સુદ દસમ. ॥ ૪૨૮ ॥ ૯/૩૪

'**कत्तियकिण्हे चरिमा**'= કારતક વદ અમાવસ્યા '**गब्भाइदिणा**'= ચ્યવનકલ્યાણક આદિના દિવસો '**जहक्कमं**'= અનુક્રમે '**एते**'= આ છે. '**हत्थुत्तरजोएणं**'= હસ્તોત્તરા એટલે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રની સાથે ચંદ્રનો યોગ થયો ત્યારે '**चउरो**'= ચાર કલ્યાણકો '**तह**'= તથા '**सातिणा**'= સ્વાતિનક્ષત્રના યોગમાં '**चरमो**= છેલ્લું કલ્યાણક થયું. ॥ ૪૨૯ ॥ ૯/૩૫

अहिगयतित्थविहाया, भगवं ति णिदंसिया इमे तस्स ।
सेसाण वि एवं चिय, णियणियतित्थेसु विण्णेया ॥ ४३० ॥ ९/३६

छाया:- अधिकृततीर्थविधाता भगवानिति निदर्शितानीमानि तस्य ।
शेषाणामपि एवमेव निजनिजतीर्थेषु विज्ञेयानि ॥ ३६ ॥

ગાથાર્થ :- વર્તમાનતીર્થના સ્થાપક **શ્રીમહાવીરસ્વામી** ભગવાન છે. તેથી તેમના આ પાંચ કલ્યાણકદિવસો જણાવ્યાં અન્ય તીર્થંકરોના પણ કલ્યાણક દિવસો એ જ પ્રમાણે પોતપોતાના તીર્થમાં જાણવા.

ટીકાર્થ :- '**अहिगयतित्थविहाया**'= વર્તમાન તીર્થના સ્થાપક '**भगवंति**'= ભગવાન **શ્રી મહાવીરસ્વામી** છે. તેથી '**तस्स**'= તેમના '**इमे**'= આ કલ્યાણક દિવસો '**णिदंसिया**'= જણાવ્યા. '**सेसाण वि**'= બીજા તીર્થંકરોના પણ '**एवं चिय**'= આ પ્રમાણે જ '**णियणियतित्थेसु**'= પોતપોતાના તીર્થમાં '**विण्णेया**'= જાણવા. સંસ્કૃતમાં 'દિન' શબ્દ પુલ્લિંગમાં પણ છે તેથી તેના અનુસારે અહીં પુલ્લિંગમાં નિર્દેશ કર્યો છે. ॥ ૪૩૦ ॥ ૯/૩૬

હવે કલ્યાણકના દિવસોમાં જિનયાત્રાદિ કરવાનો ઉપદેશ શા માટે આપે છે ? તે જણાવે છેઃ-

तित्थगरे बहुमाणो, अब्भासो तह य जीयकप्पस्स ।
देविंदादिअणुगिती, गंभीरपरूवणा लोए ॥ ४३१ ॥ ९/३७

छाया :- तीर्थंकरे बहुमानो अभ्यासः तथा च जीतकल्पस्य ।
देवेन्द्राद्यनुकृतिर्गम्भीरप्ररूपणा लोके ॥ ३७ ॥

वण्णो य पवयणस्सा, इयजत्ताए जिणाण णियमेणं ।
मग्गाणुसारिभावो, जायइ एत्तो च्चिय विसुद्धो ॥ ४३२ ॥ ९/३८ जुग्गं ।
छाया :- वर्णश्च प्रवचनस्य इतियात्रया जिनानां नियमेन ।
मार्गानुसारिभावो जायते इत एव विशुद्धः ॥ ३८ ॥ युग्मम् ।

ગાથાર્થ :- આ પ્રમાણે જિનમહોત્સવ કરવાથી (૧) તીર્થંકર પ્રત્યે બહુમાન, (૨) પૂર્વપુરુષોએ આચરેલા આચારનો અભ્યાસ, (૩) દેવેન્દ્રો આદિનું અનુકરણ, (૪) લોકમાં ગંભીર પ્રરૂપણા (૫) લોકમાં જૈનશાસનની પ્રશંસા થાય છે, આથી જ અવશ્ય માર્ગાનુસારીભાવ વિશુદ્ધ થાય છે.

टीकार्थ :- '**तित्थगरे बहुमाणो**'= તીર્થંકરો પ્રત્યે બહુમાન '**तह य जीयकप्पस्स**'= પૂર્વપુરુષોએ આચરેલા આચારનો '**अब्भासो**'= અભ્યાસ '**देविंदादिअणुगिती**'= દેવેન્દ્ર-દાનવેન્દ્રોનું અનુકરણ '**गंभीरपरूवणा लोए**'= લોકોમાં પ્રસિદ્ધ થાય છે. કે ઉત્તમ પુરુષોએ સેવેલો આ ધર્મ છે, એ સિવાય આવી સત્પ્રવૃત્તિ કેવી રીતે હોય? ॥ ૪૩૧ ॥ ૯/૩૭

'**वण्णो य पवयणस्स**'= શાસનની પ્રશંસા- પ્રવચન એટલે સામાન્ય = સારી રીતે માન્ય એવું પ્રવચન, તેની પ્રશંસા. '**जिणाण**'= જિનેશ્વરોની '**इयजत्ताए**'= આવી જિનયાત્રાથી '**णियमेणं**'= અવશ્ય '**मग्गाणुसारिभावो**'= માર્ગાનુસારી '**विसुद्धो**'= નિષ્કલંક- વિશુદ્ધ ભાવ '**एत्तो च्चिय**'= જિનયાત્રાથી અથવા ઉપર વર્ણવેલા બહુમાન આદિ ગુણસમુદાયથી '**जायइ**'= થાય છે. ॥ ૪૩૨ ॥ ૯/૩૮

तत्तो सयलसमीहियसिद्धी णियमेण अविकलं जं सो ।
कारणमिमीऍ भणिओ, जिणेहिं जियरागदोसेहिं ॥ ४३३ ॥ ९/३९

छाया :- ततः सकलसमीहितसिद्धिः नियमेन अविकलं यत्सः ।
कारणमस्या भणितो जिनैः जितरागद्वेषैः ॥ ३९ ॥

गाथार्थ :- તે માર્ગાનુસારીભાવથી સંપૂર્ણપણે સકલ વાંછિતની સિદ્ધિ અવશ્ય થાય છે. કારણ કે રાગ-દ્વેષના વિજેતા જિનેશ્વરોએ તેને સકલ વાંછિતની સિદ્ધિનું કારણ કહ્યું છે.

टीकार्थ :- '**जं**'= જે કારણથી '**तत्तो**'= માર્ગાનુસારી ભાવથી '**सयलसमीहियसिद्धी**'= સર્વ ઈષ્ટફળની સિદ્ધિ '**णियमेण**'= અવશ્ય '**अविकलं**'= પરિપૂર્ણ '**जियरागदोसेहिं**'= મોહના વિકારથી રહિત '**जिणेहिं**'= જિનેશ્વરોએ કહ્યો '**सो**'= તે માર્ગાનુસારીભાવ '**इमीए**'= સકલ ઈષ્ટફળની સિદ્ધિનો '**कारणं**'= હેતુ '**भणिओ**'= કહ્યો છે. ॥ ૪૩૩ ॥ ૯/૩૯

માર્ગાનુસારીભાવની પ્રશંસા શાથી કરવામાં આવે છે ? તે કહે છે :-

मग्गाणुसारिणो खलु, तत्ताभिणिवेसओ सुभा चेव ।
होइ समत्ता चेट्ठा, असुभा वि य णिरणुबंध त्ति ॥ ४३४ ॥ ९/४०

छाया :- मार्गानुसारिणः खलु तत्त्वाभिनिवेशतः शुभैव ।
भवति समस्ता चेष्टा अशुभाऽपि च निरनुबन्धेति ॥ ४० ॥

गाथार्थ :- માર્ગાનુસારી વિશિષ્ટ ક્ષયોપશમવાળા જીવને તત્ત્વનો અતિ આગ્રહ હોવાથી તેની બધી ચેષ્ટા નિષ્પાપ-શુભ હોય છે. કદાચ તે કોઈક પાપક્રિયા કરતો હોય તો પણ તેનો અનુબંધ પડતો નથી અર્થાત્ તેનું પાપ પાપાનુબંધી હોતું નથી.

टीकार्थ :- '**मग्गाणुसारिणो खलु**'= વિશિષ્ટ ક્ષયોપશમવાળા માર્ગાનુસારી પુરુષની '**तत्ताभिणिवेसओ**'= તત્ત્વના આગ્રહના કારણે '**समत्ता**'= સમસ્ત '**चेट्ठा**'= ક્રિયા '**सुभा चेव**'= નિષ્પાપ જ '**होइ**'= હોય છે. '**असुभा वि य**'= તેની પાપક્રિયા પણ '**णिरणुबंध त्ति**'= અનુબંધ વગરની હોય છે તેને નિકાચિત પાપકર્મનો ક્ષય થઈ ગયો હોવાથી હવે પાપના અનુબંધનો ક્ષય થઈ ગયો હોય છે. ॥ ૪૩૪ ॥ ૯/૪૦

તેને પાપનો અનુબંધ શાથી નથી પડતો ? તેનું કારણ કહે છે :-

सो कम्मपारतंता, वट्टइ तीए ण भावओ जम्हा ।
इय जत्ताइ य बीयं, एवंभूयस्स भावस्स ॥ ४३५ ॥ ९/४१

छाया :- सः कर्मपारतन्त्र्याद् वर्तते तस्यां न भावतो यस्मात् ।
इति यात्रादि च बीजं एवम्भूतस्य भावस्य ॥ ४१ ॥

गाथार्थ :- માર્ગાનુસારી જીવ તત્ત્વના આગ્રહવાળો હોવાથી ચારિત્રમોહનીય કર્મની પરવશતાથી અશુભ ક્રિયામાં પ્રવર્તે છે આથી તેની તે અશુભ ક્રિયા દ્રવ્યથી હોય છે, ભાવથી નહિ. આ પ્રમાણે જિનયાત્રા-મહોત્સવાદિ સકલ કલ્યાણના કારણભૂત માર્ગાનુસારી ભાવનું બીજ છે અર્થાત્ અવન્ધ્ય કારણ છે.

ટીકાર્થ :- '**जम्हा**'= જે કારણથી '**सो**'= માર્ગાનુસારી પુરુષ '**कम्मपारतंता**'= કર્મની પરવશતાના કારણે '**तीए**'= અશુભ ચેષ્ટામાં દ્રવ્યથી '**वट्टइ**'= પ્રવર્તે છે. '**ण भावओ**'= માર્ગાનુસારી પુરુષને કર્મનો જે ક્ષયોપશમ થયો હોય છે તેના સામર્થ્યથી તો ભાવથી અશુભ ચેષ્ટામાં પ્રવૃત્તિ કરતો નથી. '**इय**'= આ પ્રમાણે '**जत्ताइ य**'= જિનયાત્રા આદિ '**एवंभूयस्स**'= સકલ કલ્યાણના નિધાનભૂત '**भावस्स**'= માર્ગાનુસારી ભાવનું '**बीयं**'= અવન્ધ્ય કારણ અર્થાત્ બીજ છે. ॥ ૪૩૫ ॥ ૯/૪૧

ता रहणिक्खमणादि वि, एते उ दिणे पडुच्च कायव्वं ।
जं एसो च्चिय विसओ, पहाण मो तीए किरियाए ॥ ४३६ ॥ ९/४२

छाया :- तस्माद् रथनिष्क्रमणाद्यपि एतानि तु दिनानि प्रतीत्य कर्तव्यम् ।
यदेष एव विषयः प्रधानः तस्याः क्रियायाः ॥ ४२ ॥

गाथार्थ :- તેથી આ કલ્યાણકના દિવસોમાં શહેરમાં જિનબિંબયુક્ત રથ તથા ચિત્રપટ આદિ ફેરવવા જોઈએ. કારણ કે રથયાત્રા આદિ માટે આ કલ્યાણકના દિવસો જ ઉત્તમ અવસર છે.

ટીકાર્થ :- '**ता**'= તેથી '**रहणिक्खमणादि वि**'= શહેરમાં રથ આદિને ફેરવવાનું પણ 'આદિ' શબ્દથી ચિત્રપટનું ગ્રહણ થાય છે. '**एते उ दिणे पडुच्च**'= આ કલ્યાણકના દિવસોને આશ્રયીને '**कायव्वं**'= કરવું '**जं**'= કારણકે '**एसो च्चिय**'= આ દિવસો જ '**मो**'= નિપાત છે. '**तीए किरियाए**'= રથ ફેરવવા આદિ ક્રિયાનો '**पहाण**'= (ઉત્તમ) સુંદર '**विसओ**'= વિષય છે. ॥ ૪૩૬ ॥ ૯/૪૨

પાંચ મહાકલ્યાણકના દિવસોમાં જિનયાત્રાદિનું વિધાન શા માટે કરાય છે ? તે કહે છે :-

विसयप्पगरिसभावे, किरियामेत्तं पि बहुफलं होइ ।
सक्किरिया वि हु ण तहा, इयरम्मि अवीयरागि व्व ॥ ४३७ ॥ ९/४३

छाया :- विषयप्रकर्षभावे क्रियामात्रमपि बहुफलं भवति ।
सत्क्रियाऽपि खलु न तथा इतरस्मिन् अवीतरागे इव ॥ ४३ ॥

गाथार्थ :- વિષય ઉત્કૃષ્ટ હોય તો સામાન્ય ક્રિયા પણ ઘણા ફળવાળી થાય છે. વિષય ઉત્તમ ન હોય તો વિશિષ્ટ ક્રિયા પણ અવીતરાગની જેમ ઘણા ફળવાળી થતી નથી.

ટીકાર્થ :- '**विसयप्पगरिसभावे**'= વિષય ઉત્તમ હોય તો '**किरियामेत्तं पि**'= સ્વશક્તિ અનુસારે કરાતી સામાન્ય ક્રિયા પણ '**बहुफलं**'= ઘણા ફળવાળી '**होइ**'= થાય છે. '**इयरम्मि**'= વિષય ઉત્તમ ન હોય તો, '**अवीयरागि व्व**'= અવીતરાગીની જેમ '**सक्किरिया वि**'= વિશિષ્ટ પ્રકારની સત્ક્રિયા પણ '**हु**'= શબ્દ પૂરણ માટે છે. '**तहा**'= વિશિષ્ટ ફળવાળી '**ण**'= થતી નથી.

વીતરાગના આલંબને જે ક્રિયા કરવામાં આવે છે તેનું જેટલું ફળ મળે છે એટલું ફળ અવીતરાગના આલંબને એ જ ક્રિયા કરવા છતાં નથી મળતું. એ જ રીતે ભગવાનના કલ્યાણકો એ ઉત્તમ વિષય હોવાથી તેનાં આલંબને જે કોઈ ક્રિયા કરવામાં આવે તેનું ફળ ઘણું મળે છે. ॥ ૪૩૭ ॥ ૯/૪૩

लद्धूण दुल्लहं ता, मणुयत्तं तह य पवयणं जइणं ।
उत्तमणिदंसणेसुं, बहुमाणो होइ कायव्वो ॥ ४३८ ॥ ९/४४

छाया :- लब्ध्वा दुर्लभं तस्मात् मनुजत्वं तथा च प्रवचनं जैनम् ।
उत्तमनिदर्शनेषु बहुमानो भवति कर्तव्यः ॥ ४४ ॥

गाथार्थ:- તેથી દુર્લભ મનુષ્યભવ અને જૈનશાસનને પામીને ઉત્તમ જીવોના દૃષ્ટાંતોમાં બહુમાન કરવું જોઈએ.

टीकार्थ :- '**ता**'= તેથી '**दुल्लहं**'= દુર્લભ '**मणुयत्तं**'= મનુષ્યપણું '**तह य**'= તથા '**पवयणं जइणं**'= જૈનશાસનને- 'જૈનમ્'ની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છે :- 'જિનેશ્વર સંબંધી આ' '**लद्धूण**'= પામીને '**उत्तमणिदंसणेसुं**'= ઉત્તમ દૃષ્ટાંતોમાં '**बहुमाणो**'= વિશિષ્ટ પ્રીતિ '**होइ कायव्वो**'= કરવી જોઈએ. ॥ ૪૩૮ ॥ ૯/૪૪

एसा उत्तमजत्ता, उत्तमसुयवण्णिया सदि बुहेहिं ।
सेसा य उत्तमा खलु, उत्तमरिद्धीऍ कायव्वा ॥ ४३९ ॥ ९/४५

छाया :- एषा उत्तमयात्रा उत्तमश्रुतवर्णिता सदा बुधैः ।
शेषा च उत्तमा खलु उत्तमर्ध्या कर्तव्या ॥ ४५ ॥

गाथार्थ :- કલ્યાણક સંબંધી આ મહોત્સવ ઉત્તમ છે અને ઉત્તમ શાસ્ત્રમાં કહેલા બીજા મહોત્સવો પણ ઉત્તમ છે. આથી બુદ્ધિશાળી મનુષ્યોએ સદા ઉત્તમ ઋદ્ધિથી મહોત્સવ કરવો જોઈએ.

टीकार्थ :- '**एसा उत्तमजत्ता**'= આ કલ્યાણક સંબંધી યાત્રા ઉત્તમ છે. '**सदि**'= સદા '**बुहेहिं**'= વિદ્વાનો વડે '**उत्तमसुयवण्णिया**'= **કલ્પ** આદિ ઉત્તમશાસ્ત્રોમાં વર્ણવેલી '**सेसा य**'= કલ્યાણક સિવાયના બીજા દિવસોમાં જિનયાત્રા '**उत्तमा खलु**'= ઉત્તમ જ છે. '**उत्तमरिद्धीए**'= શ્રેષ્ઠ ઋદ્ધિ વડે '**कायव्वा**'= કરવી જોઈએ. ॥ ૪૩૯ ॥ ૯/૪૫

ઉક્તથી વિપરીત કરવામાં જે દોષ સંભવે છે તે કહે છે :-

इयराऽतब्बहुमाणोऽवण्णा य इमीऍ णिउणबुद्धीए ।
एयं विचिंतियव्वं, गुणदोसविहावणं परमं ॥ ४४० ॥ ९/४६

छाया :- इतरथाऽतद्बहुमानोऽवज्ञा च अस्यां निपुणबुद्ध्या ।
एतद् विचिन्तयितव्यं गुणदोषविभावनं परमम् ॥ ४६ ॥

गाथार्थ :- અન્યથા અર્થાત્ જો જિનયાત્રા મહોત્સવો ઉત્તમ ઋદ્ધિ વડે ન કરવામાં આવે તો હીનગુણવાળાનું બહુમાન થાય છે અને આ ઉત્તમ જિનયાત્રાની અવજ્ઞા થાય છે એમ ઉત્તમ પ્રકારની ગુણદોષની વિચારણા સૂક્ષ્મબુદ્ધિથી કરવી જોઈએ. કેમકે સર્વ અનુષ્ઠાનોમાં ગુણદોષની વિચારણા મુખ્ય છે.

टीकार्थ :- '**इयरा**'= અન્યથા '**अतब्बहुमाणो**'= **तद्**= ઉત્તમ સ્થાન, **अतद्**= ઉત્તમથી નીચેના સ્થાને

રહેલા અર્થાત્ હીનગુણવાળા તેમનું બહુમાન '**इमीऍ**'= ઉત્તમયાત્રાની '**अवण्णा य**'= અને અવજ્ઞા થાય છે. '**निउणबुद्धीए**'= સૂક્ષ્મબુદ્ધિથી '**एयं**'= આ '**विचिंतियव्वं**'= વિચારણા કરવી. '**गुणदोषविहावणं**'= વસ્તુસ્વરૂપના ગુણદોષને જણાવનાર વિચારણા '**परमं**'= પ્રધાન છે. ॥ ૪૪૦ ॥ ૯/૪૬

ઉક્ત અર્થ ને જ સ્પષ્ટ કરવા કહે છે :-

जेट्ठंमि विज्जमाणे, उचिए अणुजेट्ठपूयणमजुत्तं ।
लोगाहरणं च तहा, पयडे भगवंतवयणम्मि ॥ ४४१ ॥ ९/४७

छाया :- ज्येष्ठे विद्यमाने उचिते अनुज्येष्ठपूजनमयुक्तम् ।
लोकाहरणं च तथा प्रकटे भगवद्वचने ॥ ४७ ॥

ગાથાર્થ :- જેમ યોગ્ય પૂજનીય વડીલ વિદ્યમાન હોય ત્યારે નાનાની પૂજા કરવી અયુક્ત છે. તેમ જિનાગમ વિદ્યમાન હોવા છતાં લૌકિક ઉદાહરણ લેવું એ અયુક્ત છે.

ટીકાર્થ :- '**उचिए**'= યોગ્ય (પૂજનીય) '**जेट्ठंमि**'= સૌથી મોટા પ્રથમસ્થાનીય વડીલ '**विज्जमाणे**'= વિરોધ વગર વિદ્યમાન હોય ત્યારે '**अणुजेट्ठपूयणं**'= તેનાથી ઉતરતા નીચેના સ્થાને રહેલાની પૂજા કરવી '**अजुत्तं**'= અયુક્ત છે, અનર્થને કરનાર છે. '**पयडे**'= પ્રસિદ્ધ '**भगवंतवयणम्मि**'= પ્રથમ સ્થાનવર્તી ભગવાનનું આગમ હોવા છતાં '**तहा**'= પ્રથમ સ્થાન તરીકે '**लोगाहरणं य**'= લોકનું ઉદાહરણ લેવું '**अजुत्तं**'= અયુક્ત છે.

જિનાગમ સૌપ્રથમ સ્થાને છે. લૌકિક અનુષ્ઠાનો એ તેનાથી ઉતરતા સ્થાને દ્વિતીય સ્થાને છે. તેને પ્રથમ સ્થાન અપાય નહિ પણ જો તે આગમથી અવિરોધી હોય તો દ્વિતીય સ્થાન તરીકે તેનું ઉદાહરણ લઈ શકાય. ॥ ૪૪૧ ॥ ૯/૪૭

આમ શાથી કહેવામાં આવે છે તે જણાવે છે :-

लोगो गुरुतरगो खलु, एवं सति भगवतो वि इट्ठो त्ति ।
मिच्छत्तमो य एयं, एसा आसायणा परमा ॥ ४४२ ॥ ९/४८

छाया :- लोको गुरुतरकः खलु एवं सति भगवतोऽपि इष्ट इति ।
मिथ्यात्वञ्च एतदेषा आशातना परमा ॥ ४८ ॥

ગાથાર્થ :- જિનાગમ હોવા છતાં લોકને પ્રમાણ કરવામાં ભગવાનથી પણ લોકને મહાન માન્યો. આ મિથ્યાત્વ છે અને સર્વજ્ઞની મહાન આશાતના છે.

ટીકાર્થ :- '**लोगो**'= લોક '**गुरुतरगो खलु**'= પૂજનીય તરીકે નિશ્ચે '**एवं सति**'= અનુજ્યેષ્ઠનું પૂજન કરવામાં '**भगवतो वि**'= ભગવાન કરતાં પણ '**इट्ठो त्ति**'= ઈષ્ટ મનાયો એ '**मिच्छत्तमो य**'= મિથ્યાત્વ છે, '**एयं**'= આ સર્વજ્ઞ કરતાં પણ લોકને મહાન માનવો તે '**एसा**'= આ સર્વજ્ઞની અવજ્ઞા કરવી તે '**परमा**'= મહાન '**आसायणा**'= આશાતના છે.

સૌ પ્રથમ સર્વજ્ઞનું વચન જ પ્રમાણભૂત ગણીને સ્વીકારવું જોઈએ ત્યાર પછી તેને વિરોધી ન હોય એવું લૌકિક ઉદાહરણ બીજા સ્થાને સ્વીકારવું જોઈએ. ॥ ૪૪૨ ॥ ૯/૪૮

इय अण्णत्थ वि सम्मं णाउं गुरुलाघवं विसेसेणं ।

इट्ठे पयट्टियव्वं, एसा खलु भगवतो आणा ॥ ४४३ ॥ ९/४९

छाया :- इति अन्यत्रापि सम्यग् ज्ञात्वा गुरुलाघवं विशेषेण ।

इष्टे प्रवर्तितव्यम् एषा खलु भगवत आज्ञा ॥ ४९ ॥

गाथार्थ :- કલ્યાણક મહોત્સવની જેમ બીજા દાનાદિ અનુષ્ઠાનોમાં પણ આ પ્રમાણે સમ્યગ્ રીતે પરસ્પરની અપેક્ષાએ ગુરુલાઘવને જાણીને ઈષ્ટમાં પ્રવૃત્તિ કરવી એ ભગવાનની આજ્ઞા છે.

टीकार्थ :- '**इय**'= આ પ્રમાણે '**अण्णत्थ वि**'= જિનમહોત્સવ સિવાય બીજા અનુષ્ઠાનોમાં પણ '**सम्मं**'= અવિપરીતપણે '**णाउं**'= જાણીને '**गुरुलाघवं**'= જેમાં ગુણ વધારે હોય અને દોષ ઓછા હોય અર્થાત્ જે કરવામાં લાભ ઘણો હોય અને નુકસાન ઓછું હોય તે '**विसेसेणं**'= પરસ્પરની અપેક્ષાએ વિવેકપૂર્વક '**इट्ठे**'= ઈષ્ટમાં '**पयट्टियव्वं**'= પ્રવૃત્તિ કરવી. '**एसा खलु**'= આ જ '**भगवतो**'= ભગવાનની '**आणा**'= આજ્ઞા છે. ॥ ૪૪૩ ॥ ૯/૪૯

प्रकरणनो उपसंहार करतां कहे छे :-

जत्ताविहाणमेयं, णाऊणं गुरुमुहाउ धीरेहिं ।
एवं चिय कायव्वं, अविरहियं भत्तिमंतेहिं ॥ ४४४ ॥ ९/५०

छाया :- यात्राविधानमेतद्, ज्ञात्वा गुरुमुखाद् धीरैः ।
एवमेव कर्तव्यम्, अविरहितं भक्तिमद्भिः ॥ ५० ॥

गाथार्थ :- આ જિનમહોત્સવની વિધિને ગુરુભગવંતના મુખેથી જાણીને ભક્તિમાન ધીરપુરુષોએ તે જ પ્રમાણે સદા કરવું જોઈએ.

टीकार्थ :- '**जत्ताविहाणमेयं**'= આ ઉપર કહેલી જિનયાત્રાની વિધિને '**णाऊणं**'= જાણીને '**गुरुमुहाउ**'= ગુરુવચનથી '**धीरेहिं**'= સ્થિરતાવાળા ધીરપુરુષોએ '**अविरहियं**'= નિરંતર '**भत्तिमंतेहिं**'= ભક્તિસંપન્ન પુરુષોએ '**एवं चिय**'= એ જ પ્રમાણે '**कायव्वं**'= કરવું જોઈએ. ॥ ૪૪૪ ॥ ૯/૫૦

॥ नवमुं जिनयात्राविधि पंचाशक समाप्त थयुं. ॥

• • •

॥ दशमं उपासक प्रतिमा-पञ्चाशकम् ॥

યાત્રાવિધિને કહ્યા બાદ હવે ઉપાસક પ્રતિમાને શ્રાવકના કર્તવ્યરૂપે બતાવે છે :-

नमिऊण महावीरं, भवहियट्ठाए लेसओ किंपि ।
वोच्छं समणोवासगपडिमाणं सुत्तमग्गेणं ॥ ४४५ ॥ १०/१

छाया :- नत्वा महावीरं भव्यहितार्थाय लेशतः किमपि ।
वक्ष्ये श्रमणोपासकप्रतिमानां सूत्रमार्गेण ॥ १ ॥

ગાથાર્થ :- **મહાવીરસ્વામી**ને નમસ્કાર કરીને શ્રાવકની પ્રતિમાને સૂત્રને અનુસારે ભવ્યજીવોના હિતને માટે સંક્ષેપથી કાંઈક કહીશ.

ટીકાર્થ :- '**महावीरं**'= મહાવીર્યની વિશેષ આરાધના કરવાથી મહાવીર્યવાન-મહાપરાક્રમી હોવાથી જે મહાવીર કહેવાયા છે તે ભગવાન **વર્ધમાનસ્વામી**ને '**नमिऊण**'= ભાવથી નમસ્કાર કરીને '**भव्वहियट्ठाए**'= ભવ્યજીવોના હિતને માટે '**लेसओ**'= સંક્ષેપથી '**समणोवासगपडिमाणं**'= શ્રાવકની પ્રતિમાના '**किंपि**'= કાંઈક સ્વરૂપને '**सुत्तमग्गेणं**'= આગમને અનુસારે '**वोच्छं**'= કહીશ. ॥ ૪૪૫ ॥ ૧૦/૧

તે શ્રાવકની પ્રતિમાઓ કેટલી છે ? તે કહે છે :-

समणोवासगपडिमा, एक्कारस जिणवरेहिं पण्णत्ता ।
दंसणपडिमादीया, सुयकेवलिणा जतो भणियं ॥ ४४६ ॥ १०/२

छाया :- श्रमणोपासकप्रतिमा एकादश जिनवरैः प्रज्ञप्ताः ।
दर्शनप्रतिमादिकाः श्रुतकेवलिना यतो भणितम् ॥ २ ॥

ગાથાર્થ :- જિનેશ્વરોએ દર્શનપ્રતિમા વગેરે શ્રાવકની અગિયાર પ્રતિમાઓ કહી છે. કારણ કે શ્રુતકેવલી **શ્રી ભદ્રબાહુસ્વામી**એ નીચે મુજબ પ્રતિમાઓ કહી છે.

ટીકાર્થ:- '**समणोवासगपडिमा**'= સાધુની જે ઉપાસના-સેવા કરે તે શ્રમણોપાસક કહેવાય. તેમની આગમમાં કહેલી પ્રતિમા '**दंसणपडिमादीया**'=દર્શનપ્રતિમા આદિ '**एक्कारस**'= અગિયાર '**जिणवरेहिं**'= જિનેશ્વરોએ '**पण्णत्ता**'= કહી છે. '**जतो**'= કારણકે '**सुयकेवलिणा**'= શ્રુતકેવલી **શ્રી ભદ્રબાહુસ્વામી**એ '**भणियं**'= કહ્યું છે. ॥ ૪૪૬ ॥ ૧૦/૨

તે અગિયાર પ્રતિમાને કહે છે :-

दंसणवयसामाइयपोसहपडिमाअबंभसच्चित्ते ।
आरंभपेसउद्दिट्ठवज्जए समणभूए य ॥ ४४७ ॥ १०/३

छाया :- दर्शन-व्रत-सामायिक-पौषध-प्रतिमा-अब्रह्म-सचित्ते ।
आरम्भ-प्रेषउद्दिष्टवर्जकः श्रमणभूतश्च ॥ ३ ॥

ગાથાર્થ :- (૧) દર્શન પ્રતિમા, (૨) વ્રત પ્રતિમા, (૩) સામાયિક પ્રતિમા, (૪) પૌષધ પ્રતિમા, (૫) પ્રતિમા પ્રતિમા, (૬) અબ્રહ્મવર્જન પ્રતિમા, (૭) સચિત્તવર્જન પ્રતિમા, (૮) આરંભવર્જન પ્રતિમા, (૯) પ્રેષ્ય આરંભવર્જન પ્રતિમા, (૧૦) ઉદ્દિષ્ટભક્તવર્જન પ્રતિમા અને (૧૧) શ્રમણભૂત પ્રતિમા- આ અગિયાર પ્રતિમા છે. આ દ્વારગાથા છે.

ટીકાર્થ :- '**दंसण**'= દર્શન પ્રતિમા, '**वय**'= વ્રત પ્રતિમા, '**सामाइय**'= સામાયિક પ્રતિમા, '**पोसह**'= પૌષધ પ્રતિમા, '**पडिमा**'= પ્રતિમા પ્રતિમા, '**अबंभ**'= અબ્રહ્મવર્જન પ્રતિમા, '**सच्चित्ते**'= સચિત્તવર્જન પ્રતિમા, '**आरंभ**'= આરંભવર્જન પ્રતિમા, '**पेस**'= પ્રેષ્ય આરંભવર્જન પ્રતિમા, '**उद्दिट्ठवज्जए**'= ઉદ્દિષ્ટભક્તવર્જન પ્રતિમા, '**समणभूए य**'= અને શ્રમણભૂત પ્રતિમા. ॥ ૪૪૭ ॥ ૧૦/૩

તેમાં પ્રથમ દર્શનપ્રતિમાની વ્યાખ્યા કરતાં કહે છે :-

दंसणपडिमा णेया, सम्मत्तजुयस्स जा इहं बोंदी ।
कुग्गहकलंकरहिया, मिच्छत्तखओवसमभावा ॥ ४४८ ॥ १०/४

છાયા :- दर्शनप्रतिमा ज्ञेया सम्यक्त्वयुतस्य या इह बोन्दीः ।
कुग्रहकलङ्करहिता मिथ्यात्वक्षयोपशमभावात् ॥ ४ ॥

ગાથાર્થ :- અહીં સમ્યગ્દર્શનયુક્ત જીવનું શરીર દર્શનપ્રતિમા છે. મિથ્યાત્વનો ક્ષયોપશમ હોવાથી દર્શનપ્રતિમા કદાગ્રહના કલંકથી રહિત હોય છે.

ટીકાર્થ :- '**इहं**'= આ પ્રતિમાના અધિકારમાં '**सम्मत्तजुयस्स**'= સમ્યગ્દર્શનથી યુક્ત શ્રાવકનું '**जा**'= જે '**बोंदी**'= શરીર તે '**दंसणपडिमा**'= દર્શન પ્રતિમા '**णेया**'= જાણવી, '**मिच्छत्तखओवसमभावा**'= મિથ્યાદર્શન મોહનીયકર્મનો ક્ષયોપશમ થવાથી '**कुग्गहकलंकरहिया**'= કદાગ્રહદોષથી રહિત હોય ॥ ૪૪૮ ॥ ૧૦/૪

કારણનો અભાવ હોવાથી કાર્યનો અભાવ થાય છે તે કહે છે :-

मिच्छत्तं कुग्गहकारणं ति, खओवसममुवगए तम्मि ।
ण तओ कारणविगलत्तणेण, सदि विसविगारो व्व ॥ ४४९ ॥ १०/५

છાયા :- मिथ्यात्वं कुग्रहकारणमिति क्षयोपशममुपगते तस्मिन् ।
न तकः कारणविकलत्वेन सदा विषविकार इव ॥ ५ ॥

ગાથાર્થ :- મિથ્યાત્વ એ કદાગ્રહનું કારણ છે. આથી મિથ્યાત્વનો ક્ષયોપશમ થાય ત્યારે કારણનો અભાવ થવાથી કદાગ્રહ રહેતો નથી. જેમ મંત્રાદિથી વિષની શક્તિ હણી લેવામાં આવે પછી વિષના વિકારોનો અભાવ થઈ જાય છે તેમ.

ટીકાર્થ :- '**मिच्छत्तं**'= મિથ્યાત્વમોહનીય કર્મ '**कुग्गहकारणं ति**'= કદાગ્રહનું કારણ છે તેથી '**खओवसममुवगए**'= ક્ષયોપશમ થાય ત્યારે '**तम्मि**'= તે મિથ્યાત્વનો '**कारणविगलत्तणेण**'= મિથ્યાદર્શનની શક્તિ હણાઈ ગઈ હોવાથી કારણનો અભાવ થવાથી '**सदि**'= સદા '**विसविगारो व्व**'= વિષના વિકારની જેમ '**ण तओ**'= તે કદાગ્રહ રહેતો નથી.

જેમ મંત્ર આદિથી વિષની શક્તિ સંહરી લેવામાં આવે પછી તેના વિકારો રહેતા નથી તેમ મિથ્યાત્વની શક્તિ સ્ખલિત થઈ જાય પછી કદાગ્રહ રહેતો નથી. ॥ ૪૪૯ ॥ ૧૦/૫

પ્રથમ પ્રતિમાધારી શ્રાવક કેવો હોય છે ? તેનું પ્રતિપાદન કરતાં કહે છે :-

होइ अणाभोगजुओ, ण विवज्जयवं तु एस धम्मम्मि ।
अत्थिक्कादिगुणजुतो, सुहाणुबंधी णिरतियारो ॥ ४५० ॥ १०/६

छाया :- भवति अनाभोगयुतो न विपर्ययवान् तु एष धर्मे ।

आस्तिक्यादिगुणयुतः शुभानुबन्धी निरतिचारः ॥ ६ ॥

गाथार्थ :- દર્શન પ્રતિમાધારી શ્રાવક શ્રુતચારિત્રધર્મમાં અજ્ઞાનતાવાળો હોઈ શકે છે પણ વિપરીત બોધવાળો ન હોય. તથા આસ્તિક્ય આદિ ગુણોથી યુક્ત, શુભ અનુબંધવાળો અને અતિચારથી રહિત હોય છે.

ટીકાર્થ :- '**एस**'= આ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક '**अणाभोगजुओ**'= અજ્ઞાનતાથી યુક્ત '**होइ**'= હોય છે. '**ण विवज्जयवं**'= અભિનિવેશથી થતા વિપરીત બોધવાળો ન હોય. '**धम्मम्मि**'= શ્રુતચારિત્રધર્મમાં '**अत्थिक्कादिगुणजुत्तो**'= આસ્તિક્ય- અનુકંપા-નિર્વેદ સંવેગ-પ્રશમ ગુણોથી યુક્ત,- બીજા શાસ્ત્રોમાં પ્રાધાન્યની અપેક્ષાએ પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય એ ક્રમથી આ ગુણો બતાવ્યા છે, અર્થાત્ પ્રથમ ગુણ શ્રેષ્ઠ હોવાથી તેને પહેલો જણાવ્યો છે અને આસ્તિક્યને છેલ્લો જણાવ્યો છે, જ્યારે અહીંયા અપેક્ષાએ આસ્તિક્ય આદિ ક્રમ જણાવ્યો છે કારણકે આસ્તિક્ય ગુણની પ્રાપ્તિ સૌ પ્રથમ થાય છે અને પ્રશમ ગુણની પ્રાપ્તિ સૌથી છેલ્લી થાય છે, '**सुहाणुबंधी**'= શુભનો અનુબંધ જેને છે તે- અર્થાત્ શુભ અનુબંધવાળો, '**णिरतियारो**'= શંકા વગેરે અતિચારોથી રહિત હોય. **॥૪૫૦॥ ૧૦/૬**

बोंदी य एत्थ पडिमा, विसिट्ठगुणजीवलोगओ भणिया ।
ता एरिसगुणजोगा, सुहो उ सो खावणत्थं ति ॥ ४५१ ॥ १०/७

छाया :- बोन्दिश्चात्र प्रतिमा विशिष्टगुणजीवलोकतो भणिता ।
तथेदृशगुणयोगात् शुभस्तु सः ख्यापनार्थमिति ॥ ७ ॥

गाथार्थ :- અહીયાં 'પ્રતિમા' શબ્દનો અર્થ 'શરીર' એ પ્રમાણે કર્યો છે, અર્થાત્ સમ્યગ્દર્શનરૂપ વિશિષ્ટગુણથી યુક્ત જીવનું શરીર તે દર્શનપ્રતિમા છે. મૂળ આગમમાં પ્રતિમા શબ્દનો અર્થ અભિગ્રહ કર્યો છે. તો અહીં ગ્રંથકારે તેનો અર્થ શરીર કેમ કર્યો છે ? એનું કારણ જણાવતાં કહે છે કે આવા ગુણિયલ જીવનું શરીર પણ શુભ જ છે એમ જણાવવા માટે આવો અર્થ કર્યો છે.

ટીકાર્થ:- '**बोंदी य**'= શરીરને '**एत्थ**'= અહીં '**पडिमा**'= પ્રતિમા '**विसिट्ठगुणजीवलोगओ**'= વિશિષ્ટ ગુણવાળા જીવના આધારરૂપ હોવાથી '**भणिया**'= કહી છે '**ता**'= તેથી '**एरिसगुणजोगा**'= સમ્યગ્દર્શન ગુણના સંબંધથી '**सुहो उ**'= શુભ જ છે '**सो**'= વિશિષ્ટ જીવિતરૂપ જીવલોક- અર્થાત્ કાયા, '**खावणत्थं ति**'= એમ જણાવવા માટે- વિશિષ્ટ જીવિતરૂપ હોવાથી તે પ્રતિમા કહેવાય છે. એમ સંબંધ છે.

વાસ્તવિક વિચારણામાં શરીર એ પ્રતિમા નથી. પરંતુ ગુણવાન જીવોનું શરીર પવિત્ર હોવાથી લોકોને માટે એ દર્શનીય બને છે તેથી તેને પ્રતિમા કહેવામાં આવે છે. લોકોમાં પણ ગુણવાનની મૂર્તિ જ પ્રશંસનીય ગણાય છે, નિર્ગુણીની નહિ, ગુણના અભાવવાળાનું શરીર દર્શનીય નથી, તેને પ્રતિમા કહેવાય નહિ.

શ્રી આચારાંગ-દશાશ્રુતસ્કંધ આદિ શાસ્ત્રોમાં તો એ શાસ્ત્રમાં જણાવેલા અમુક અનુષ્ઠાનને પ્રતિમા કહેવામાં આવી છે. મૂલ આગમ પ્રમાણભૂત હોવાથી પ્રતિમા શબ્દનો શબ્દાર્થ તેના અનુસારે જ જાણવો. પણ એ શબ્દાર્થની સાથે વિરોધ ન આવતો હોય તો બીજો પણ શબ્દાર્થ કરી શકાય છે, એમાં

કોઈ વિરોધ નથી, તે પણ ઉપાદેય બને છે માટે ગ્રંથકારે પ્રતિમા શબ્દમાં 'શરીર' અર્થની વિવક્ષા કરી છે. ॥ ૪૫૧ ॥ ૧૦/૭

દર્શનપ્રતિમા કહેવાઈ. ત્યારપછી હવે આ કહે છે :-

एवं वयमाईसु वि, दट्ठव्वमिणं ति णवरमेत्थ वया ।
घेप्पंतऽणुव्वया खलु, थूलगपाणवहविरयादी ॥ ४५२ ॥ १०/८

છાયા :- एवं व्रतादिष्वपि द्रष्टव्यमिदमिति नवरमत्र व्रतानि ।
गृह्यन्तेऽणुव्रतानि खलु स्थूलकप्राणवधविरत्यादीनि ॥ ८ ॥

ગાથાર્થ :- દર્શનપ્રતિમાની જેમ વ્રતપ્રતિમા વગેરે બીજી બધી પ્રતિમાઓમાં પણ પ્રતિમા શબ્દનો અર્થ શરીર એ પ્રમાણે જ જાણવો. બીજી વ્રતપ્રતિમામાં સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ આદિ પાંચ અણુવ્રતો જ સ્વીકારવામાં આવે છે.

ટીકાર્થ :- '**एवं**'= દર્શનપ્રતિમાની જેમ '**वयमाईसु वि**'= વ્રતપ્રતિમા આદિમાં પણ '**दट्ठव्वं**'= જાણવું. '**इणं ति**'= પ્રતિમા શબ્દના અર્થનું પ્રયોજન આ છે. અર્થાત્ વ્રતધરની મૂર્તિ, સામાયિકવાળાની મૂર્તિ એવો અર્થ જાણવો, '**नवरं**'= ફક્ત '**एत्थ**'= અહીંયાં '**वया**'= અણુવ્રતો '**घेप्पंत**'= ગ્રહણ કરવામાં આવે છે. '**अणुव्वया खलु थूलगपाणवहविरयादी**'= સ્થૂલપ્રાણવધવિરતિ વગેરે અણુવ્રતો કહેવાય છે. ॥ ૪૫૨ ॥ ૧૦/૮

ભાવથી તે વ્રતો ક્યારે થાય છે ? તે કહે છે :-

सम्मत्तोवरि ते सेसकम्मुणो अवगए पुहुत्तम्मि ।
पलियाण होंति णियमा, सुहायपरिणामरूवा उ ॥ ४५३ ॥ १०/९

છાયા :- सम्यक्त्वोपरि ते शेषकर्मणो अपगते पृथक्त्वे ।
पल्यानां भवन्ति नियमात् शुभात्मपरिणामरूपाणि तु ॥ ९ ॥

ગાથાર્થ :- સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે કર્મની અમુક સ્થિતિ ઘટે છે. ત્યારપછી એ બાકી રહેલી કર્મની સ્થિતિમાંથી અણુવ્રતને રોકનાર અપ્રત્યાખ્યાનીય કષાયની જ્યારે બેથી નવ પલ્યોપમ જેટલી સ્થિતિનો ક્ષય થાય છે ત્યારે અવશ્ય આત્માના પ્રશસ્ત પરિણામરૂપ અણુવ્રતોની પ્રાપ્તિ થાય છે.

ટીકાર્થ :- '**सम्मत्तोवरि**'= સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછીના કાળમાં '**ते**'= અણુવ્રતો '**सेसकम्मुणो**'= તે અણુવ્રતોને રોકનાર કર્મની '**पुहुत्तम्मि पलियाण**'= બેથી નવ પલ્યોપમ જેટલી સ્થિતિ- અહીંયા પલ્યોપમ શબ્દથી અદ્ધાપલ્યોપમ જે નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવોના આયુષ્યની ગણત્રી કરવા માટે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે તે સમજવાનો છે. '**अवगए**'= કાળથી અથવા જીવવીર્યથી આત્મપ્રદેશ ઉપરથી નષ્ટ થતાં '**होंति**'= પ્રાપ્ત થાય છે. '**णियमा**'= અવશ્ય '**सुहायपरिणामरूवा उ**'= આત્માના પ્રશસ્ત પરિણામ સ્વરૂપ અણુવ્રતો છે. ॥ ૪૫૩ ॥ ૧૦/૯

અણુવ્રતોની વિદ્યમાનતામાં જે ફળ પ્રાપ્ત થાય છે તે કહે છે :-

बंधादि असक्किरिया, संतेसु इमेसु पहवइ ण पायं ।
अणुकंपधम्मसवणादिया, उ पहवति विसेसेण ॥ ४५४ ॥ १०/१०

छाया :- **बन्धादिरसत्क्रिया सत्सु एषु प्रभवति न प्रायः ।**
अनुकम्पाधर्मश्रवणादिका तु प्रभवति विशेषेण ॥ १० ॥

गाथार्थ :- અણુવ્રતો વિદ્યમાન હોય ત્યારે બંધ-વધ-છવિચ્છેદ વગેરે અશુભ ક્રિયા પ્રાયઃ થતી નથી અને અનુકંપા, ધર્મશ્રવણ વગેરે વિશેષરૂપે થાય છે.

ટીકાર્થ :- '**बंधादि**'= બંધ-વધ-છવિચ્છેદ આદિ વ્રતમાં અતિચાર લગાડનાર '**असक्किरिया**'= અશુભ ચેષ્ટા '**इमेसु**'= આત્માના પ્રશસ્ત પરિણામસ્વરૂપ આ અણુવ્રતોની '**संतेसु**'= વિદ્યમાનતામાં '**पहवइ न**'= થતી નથી. '**पायं**'= ઘણું કરીને-કારણકે આ વ્રતો સ્થૂલહિંસાદિની વિરતિ સ્વરૂપ છે. '**अणुकंपधम्मसवणादिया उ**'= અનુકંપા, ધર્મશ્રવણાદિ સત્ક્રિયાઓ તો '**विसेसेण**'= અતિશયથી '**पहवति**'= પ્રબળપણે થાય છે. ॥ ૪૫૪ ॥ ૧૦/૧૦

વ્રતપ્રતિમા કહેવાઈ. હવે સામાયિકપ્રતિમાને કહે છે :-

सावज्जजोगपरिवज्जणादिरूवं तु होइ विण्णेयं ।
सामाइयमित्तरियं, गिहिणो परमं गुणट्ठाणं ॥ ४५५॥ १०/११

छाया :- **सावद्ययोगपरिवर्जनादिरूपं तु भवति विज्ञेयम् ।**
सामायिकमित्वरिकं गृहिणः परमं गुणस्थानम् ॥ ११ ॥

गाथार्थ :- સાવદ્યયોગના ત્યાગરૂપ અને નિરવદ્યયોગના સેવનરૂપ સામાયિક જાણવું. તે શ્રાવકને થોડા કાળ પૂરતું હોય છે અને તેમનું પ્રધાન ગુણસ્થાનક છે.

ટીકાર્થ :- '**सावज्जजोगपरिवज्जाणादिरूवं**'= સાવદ્યયોગ એટલે મન-વચન અને કાયાના પાપકારી વ્યાપારો, તેમનું વર્જન અને 'આદિ' શબ્દથી નિરવદ્ય યોગોનું સેવન આવા સ્વરૂપવાળું '**होइ**'= હોય છે તે. '**सामाइयं**'= સમભાવસ્વરૂપ સામાયિક '**विण्णेयं**'= જાણવું. '**इत्तरियं**'= ઈત્વર= થોડો કાળ - "તે છે જેને" તે 'ઈત્વરિક'-આમાં મત્વર્થીય 'ઈક' પ્રત્યય લાગ્યો છે. અર્થાત્ અલ્પકાળ માટે આચરવાનું હોય છે. '**गिहिणो**'= ગૃહસ્થોનું '**परमं**'= પ્રધાન '**गुणट्ठाणं**'= ગુણનું સ્થાન છે. ॥ ૪૫૫ ॥ ૧૦/૧૧

सामाइयम्मि उ कए, समणो इव सावओ जतो भणितो ।
बहुसो विहाणमस्स य, तम्हा एयं जहुत्तगुणं ॥ ४५६ ॥ १०/१२

छाया :- **सामायिके तु कृते श्रमण इव श्रावको यतो भणितः ।**
बहुशः विधानमस्य च तस्मादेतद् यथोक्तगुणम् ॥ १२ ॥

गाथार्थ :- સામાયિક કર્યું હોય ત્યારે શ્રાવકને સાધુ જેવો કહ્યો છે તથા સામાયિક ઘણી વખત કરવાનું કહ્યું છે તેથી સામાયિક પૂર્વોક્ત ગુણવાળું છે.

ટીકાર્થ :- '**सामाइयंमि उ कए**'= સામાયિક કર્યું હોય ત્યારે '**समणो इव**'= સાધુ જેવો '**सावओ**'= શ્રાવક '**जतो**'= જે કારણથી '**भणितो**'= કહ્યો છે તેમજ '**अस्स य**'= સામાયિકને '**बहुसो**'= ઘણી વખત '**विहाणं**'= કરવાનું '**जतो भणितो**'નો સંબંધ અહીં પણ જોડવાનો છે. અર્થાત્ જે કારણથી કહ્યું છે. '**तम्हा**'= તેથી '**एयं**'= સામાયિક '**जहुत्तगुणं**'= શાસ્ત્રોક્ત ગુણવાળું છે અર્થાત્ પ્રધાન ગુણસ્થાનક સ્વરૂપ છે. ॥ ૪૫૬ ॥ ૧૦/૧૨

मणदुप्पणिहाणादी ण होंति एयम्मि भावओ संते ।
सतिभावावट्ठियकारिया य सामण्णबीयं ति ॥ ४५७ ॥ १०/१३

છાયા :- **मनोदुष्प्रणिधानादीनि न भवन्ति एतस्मिन् भावतः सति ।**
स्मृतिभावावस्थितकारिता च श्रामण्यबीजमिति ॥ १३ ॥

ગાથાર્થ :- ભાવથી સામાયિક હોય ત્યારે મનોદુષ્પ્રણિધાન, વચનદુષ્પ્રણિધાન અને કાયદુષ્પ્રણિધાન ન હોય તથા સ્મૃતિભાવ અને અવસ્થિતકારિતા હોય. કારણકે સામાયિક સાધુપણાનું કારણ છે.

ટીકાર્થ:- '**मणदुप्पणिहाणादी**'= મનોદુષ્પ્રણિધાન આદિ- 'આદિ' શબ્દથી વાણી અને કાયાનું દુષ્પ્રણિધાન ગ્રહણ કરાય છે. '**ण होंति**'= હોતા નથી, '**एयम्मि**'= સામાયિક '**भावओ**'= ભાવથી '**संते**'= વિદ્યમાન હોય ત્યારે '**सतिभावावट्ठियकारिया य**'= સ્મૃતિભાવ હોય છે અર્થાત્ સ્મૃતિઅન્તર્ધાન નામના અતિચારનો ત્યાગ હોય છે. અને અવસ્થિતકારિતા હોય છે. અર્થાત્ અનવસ્થિતા અતિચારનો ત્યાગ હોય છે. '**सामण्णबीयं ति**'= સાધુત્વનું બીજ છે અર્થાત્ તેનાથી પ્રવ્રજ્યાના પરિણામ જાગે છે. પ્રથમ પંચાશકની ૨૬મી ગાથામાં આ અતિચારોનું વર્ણન કર્યું છે. ॥ ૪૫૭ ॥ ૧૦/૧૩

સામાયિક કહેવાયું. હવે પૌષધને કહે છે :-

पोसेइ कुसलधम्मे, जं ताऽऽहारादिचागणुट्ठाणं ।
इह पोसहो त्ति भण्णति, विहिणा जिणभासिएणेव ॥ ४५८ ॥ १०/१४

છાયા :- **पोषयति कुशलधर्मान् यत् तदाहारादित्यागानुष्ठानम् ।**
इह पौषध इति भण्यते विधिना जिनभाषितेनैव ॥ १४ ॥

ગાથાર્થ :- જે કુશળધર્મનું પોષણ કરે તે પૌષધ એવો પૌષધ શબ્દનો અર્થ છે તેથી જિનોક્તવિધિથી આહારાદિનો ત્યાગ કરવો તે પૌષધ છે.

ટીકાર્થ :- '**जं**'= જે કારણથી '**ता**'= તેથી '**कुसलधम्मे**'= કુશળ વ્યાપારનું, '**पोसेइ**'= પોષણ કરે છે '**जिणभासिएणेव**'= જિનેશ્વરે કહેલા જ '**विहिणा**'= ઉપાય વડે '**आहारादिचागणुट्ठाणं**'= આહારાદિનો ત્યાગ કરવો તે '**इह**'= આ પૌષધના અધિકારમાં '**पोसहो त्ति**'= પૌષધ '**भण्णति**'= કહેવાય છે, જે પોષણ કરે તે પૌષધ એ પ્રમાણે તેનો શબ્દાર્થ થાય છે. ॥ ૪૫૮ ॥ ૧૦/૧૪

પૌષધનો શબ્દાર્થ કહીને હવે તેના ભેદ કહે છે:-

आहारपोसहो खलु, सरीरसक्कारपोसहो चेव ।
बंभव्वावारेसु य, एयगया धम्मवुड्ढि त्ति ॥ ४५९ ॥ १०/१५

છાયા :- **आहारपौषधः खलु शरीरसत्कारपौषधश्चैव ।**
ब्रह्माव्यापारयोश्च एतद्गता धर्मवृद्धिरिति ॥ १५ ॥

ગાથાર્થ :- આહારપૌષધ, શરીરસત્કાર પૌષધ, બ્રહ્મચર્ય પૌષધ અને અવ્યાપાર પૌષધ એમ પૌષધના ચાર પ્રકાર છે. આહારાદિના ત્યાગથી ધર્મની વૃદ્ધિ થાય છે માટે તેને પૌષધ કહ્યો છે.

ટીકાર્થ :- '**आहारपोसहो खलु**'= આહારપૌષધ '**सरीरसक्कारपोसहो चेव**'= શરીરસત્કાર પૌષધ '**बंभव्वावारेसु य**'= બ્રહ્મચર્ય પૌષધ અને અવ્યાપાર પૌષધ '**एयगया**'= આહારાદિના ત્યાગથી '**धम्मवुड्ढि त्ति**'= ધર્મની વૃદ્ધિ થાય છે માટે પૌષધ કહેવાય છે. ॥ ૪૫૯ ॥ ૧૦/૧૫

પૌષધમાં જે તજવાનું છે તે કહે છે :-

अप्पडिदुप्पडिलेहियसेज्जासंथारयाइ वज्जेति ।
सम्मं च अणणुपालणमाहारादीसु एयम्मि ॥ ४६० ॥ १०/१६

छाया :- **अप्रतिदुष्प्रतिलेखित- शय्यासंस्तारकादि वर्जयति ।**
सम्यक् च अननुपालनमाहारादिषु एतस्मिन् ॥ १६ ॥

गाथार्थ :- પૌષધપ્રતિમાધારી શ્રાવક પૌષધમાં અપ્રત્યુપેક્ષિત- દુષ્પ્રત્યુપેક્ષિત શય્યાસંથારો, અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત શય્યાસંથારો, અપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રત્યુપેક્ષિત ઉચ્ચાર પ્રશ્રવણભૂમિ, અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રશ્રવણભૂમિ અને આહારાદિ ચારનું સમ્યગ્ પાલન ન કરવું તે- આ પાંચ અતિચારનો ત્યાગ કરે છે.

ટીકાર્થ :- '**एयम्मि**'= પૌષધમાં '**अप्पडिदुप्पडिलेहियसेज्जासंथारयाइ**'= પ્રતિલેખના નહિ કરેલા અથવા અવિધિથી પ્રતિલેખના કરેલા શય્યાસંથારાને- ઉપલક્ષણથી પ્રતિલેખના કર્યા વગરની સ્થંડિલ માત્રાની ભૂમિને '**वज्जेति**'= તજે છે. '**सम्मं च**'= ભાવ અને ક્રિયાથી '**आहारादीसु**'= આહારાદિ ચારનું '**अणणुपालणं**'= પાલન ન કરવું તે અતિચાર છે. તેને પણ તજે છે.

સામાયિક અને પૌષધ આ બંને શ્રાવકના વ્રતોમાં કહેવાઈ ગયા જ છે છતાં અહીં પ્રતિમામાં એ બંનેનું ફરી ગ્રહણ શાથી કર્યું છે ? તેનું કારણ જણાવે છે કે વ્રતોમાં તે પ્રતિદિનના અનુષ્ઠાન તરીકે અને સ્વલ્પકાળવાળા હોય છે જ્યારે અહીં પ્રતિમામાં તે વધારે કાળના અથવા તો યાવજ્જીવ સુધીના સંભવવાળા હોય છે એમ જણાવવા માટે તેમનું ફરી ગ્રહણ કરાયું છે માટે તેમાં કોઈ દોષ નથી. બીજા પ્રકરણોમાં તો આ બે પ્રતિમાને ધારણ કરનાર શ્રાવકમાં ઘણી મોટી યોગ્યતા જોઈએ એમ વર્ણવ્યું છે જ્યારે એ વ્રતોમાં એટલી યોગ્યતાની અપેક્ષા નથી હોતી, જો સામાયિક-પૌષધ વ્રત અને તેમની પ્રતિમામાં ભેદ ન હોત તો તેમની પ્રતિમામાં વિશિષ્ટ યોગ્યતાનું વર્ણન કરત નહિ. ॥ ૪૬૦ ॥ ૧૦/૧૬.

ચોથી પ્રતિમા કહેવાઈ, હવે પાંચમી કહે છે :-

सम्ममणुव्वयगुणवयसिक्खावयवं थिरो य णाणी य ।
अट्ठमिचउद्दसीसुं, पडिमं ठाएगराईयं ॥ ४६१ ॥ १०/१७

छाया :- **सम्यगणुव्रतगुणव्रतशिक्षाव्रतवान् स्थिरश्च ज्ञानी च ।**
अष्टमीचतुर्दश्योः प्रतिमां तिष्ठत्येकरात्रिकाम् ॥ १७ ॥

गाथार्थ :- સમ્યગ્ અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતને ધારણ કરનાર, સ્થિર અને જ્ઞાની શ્રાવક આઠમ-ચૌદસ, પૂનમ અને અમાવસ્યા એ પર્વદિવસોમાં સંપૂર્ણ રાત્રિ કાયોત્સર્ગ કરે એ પ્રતિમા છે.

ટીકાર્થ :- '**सम्मं**'= અવિપરીતપણે '**अणुव्वयगुणवयसिक्खावयवं**'= અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતયુક્ત '**थिरो य**'= ધીર અને '**णाणी य**'= સમ્યગ્જ્ઞાનસંપન્ન '**अट्ठमिचउद्दसीसुं**'= આઠમ, ચૌદશ તેમજ ઉપલક્ષણથી પૂનમ-અમાવસ્યા એ પર્વદિવસોમાં '**एगराईयं**'= આખી રાત્રિ સંબંધી '**पडिमं**'= કાયોત્સર્ગના અભિગ્રહ સ્વરૂપ પ્રતિમાને '**ठाए**'= રહે છે અર્થાત્ સેવે છે. ॥ ૪૬૧ ॥ ૧૦/૧૭

असिणाणवियडभोई, मउलियडो दिवसबंभयारी य ।
रत्तिं परिमाणकडो, पडिमावज्जेसु दियहेसु ॥ ४६२ ॥ १०/१८

छाया :- **अस्नानविकटभोजी मौलीकृतो दिवसब्रह्मचारी च ।**
रात्रौ परिमाणकृतः प्रतिमावर्जेषु दिवसेषु ॥ १८ ॥

गाथार्थ :- કાયોત્સર્ગ પ્રતિમાધારી શ્રાવક આ પ્રતિમાનો જેટલો કાળ છે એ કાળમાં કાયોત્સર્ગપ્રતિમા

સિવાયના દિવસોમાં સ્નાન ન કરે, રાત્રે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરે, મસ્તકે પાઘડી બાંધે, દિવસે સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરે અને રાત્રે પણ સ્ત્રીભોગનું પરિમાણ કરે.

ટીકાર્થ :- '**पडिमावज्जेसु दियहेसु**'= પ્રતિમા સિવાયના દિવસોમાં- અર્થાત્ આઠમ-ચૌદસ-પૂનમ-અમાવસ્યા સિવાયના દિવસોમાં '**असिणाण**'= વિવક્ષિતકાળ પર્યંત અર્થાત્ આ પ્રતિમાનો જેટલો કાળ હોય એટલા કાળ સુધી સ્નાન ન કરે '**वियडभोई**'= પ્રગટ ભોજન કરનારો અર્થાત્ રાત્રે ભોજન નહિ કરનારો અથવા વિગઈનું સેવન કરનારો '**मउलियडो**'= મસ્તક ઉપર વસ્ત્રની પાઘડી બાંધનાર- પ્રાકૃતમાં સમાસની અંદર પૂર્વ-પર નિપાતનો નિયમ નહિ હોવાથી 'કૃતમૌલિ'ના બદલે 'મૌલિકૃત' શબ્દનો પ્રયોગ કર્યો છે. '**दिवसबंभयारी य**'= સંપૂર્ણ દિવસ બ્રહ્મચારી હોય '**रत्तिं**'= રાત્રિમાં સ્ત્રીભોગનું પરિમાણ કરે. ॥ ૪૬૨ ॥ ૧૦/૧૮

झायइ पडिमाएँ ठिओ, तिलोगपुज्जे जिणे जियकसाए।
णियदोसपच्चणीयं, अण्णं वा पंच जा मासा ॥ ४६३ ॥ १०/१९

છાયા :- ध्यायति प्रतिमायां स्थितो त्रिलोकपूज्यान् जिनान् जितकषायान् ।
निजदोषप्रत्यनीकमन्यद् वा पञ्च यावन्मासान् ॥ १९ ॥

ગાથાર્થ :- કાયોત્સર્ગ પ્રતિમાધારી શ્રાવક કાઉસગ્ગમાં રહેલો જેમણે કષાયોને જીતી લીધા છે એવા ત્રિભુવનપૂજ્ય જિનનું ધ્યાન કરે. અથવા પોતાને જે દોષો પીડતા હોય એના પ્રતિપક્ષીભૂત ગુણોનું અથવા બીજી કોઈ વસ્તુનું ધ્યાન કરે. આ પ્રતિમાનો ઉત્કૃષ્ટ કાળ પાંચ માસનો છે.

ટીકાર્થ :- '**पडिमाएँ**'= પ્રતિમાના દિવસે કાઉસ્સગ્ગમાં '**ठिओ**'= રહેલો '**तिलोगपुज्जे**'= ત્રણ ભુવનમાં પૂજ્ય '**जियकसाए**'= જેમણે કષાય જીત્યા છે તે '**जिणे**'= જિનેશ્વરનું '**झायइ**'= ધ્યાન કરે છે. '**णियदोसपच्चणीयं**'= પોતાનામાં જે રાગાદિ દોષ હોય તેના પ્રતિપક્ષભૂત ગુણોને '**अण्णं वा**'= અથવા બીજી વસ્તુનું '**पंच जा मासा**'= પાંચ માસ સુધી આ પ્રતિમા પૂર્ણ ન થાય ત્યાં સુધી હંમેશા રાત્રિમાં ધ્યાનને કરે, એ ભાવ છે. ॥ ૪૬૩ ॥ ૧૦/૧૯

પાંચમી પ્રતિમા કહેવાઈ હવે છઠ્ઠી કહે છે :-

पुव्वोइयगुणजुत्तो, विसेसओ विजियमोहणिज्जो य।
वज्जइ अबंभमेगंतओ, उ राइं पि थिरचित्तो ॥ ४६४ ॥ १०/२०

છાયા :- पूर्वोदितगुणयुक्तो विशेषतो विजितमोहनीयश्च ।
वर्जयति अब्रह्ममेकान्ततस्तु रात्रावपि स्थिरचित्तः ॥ २० ॥

ગાથાર્થ :- પૂર્વોક્ત પ્રતિમાઓના ગુણોથી યુક્ત અને વિશેષથી કામ ઉપર વિજય મેળવનાર શ્રાવક છઠ્ઠી પ્રતિમામાં સ્થિર ચિત્તવાળો બનીને રાત્રે પણ સર્વથા અબ્રહ્મનો ત્યાગ કરે.

ટીકાર્થ :- '**पुव्वोइयगुणजुत्तो**'= પૂર્વપ્રતિમાના ગુણોથી યુક્ત '**विसेसओ**'= વિશેષથી '**विजियमोहणिज्जो य**'= મોહનીય ઉપર વિજય મેળવ્યો છે જેણે એવો '**अबंभ**'= અબ્રહ્મનો '**एगंतओ**'= એકાંતે '**राइं पि**'= રાત્રિમાં પણ '**थिरचित्तो**'= સ્થિર ચિત્તવાળો '**वज्जइ**'= ત્યાગ કરે છે. ॥ ૪૬૪ ॥ ૧૦/૨૦

सिंगारकहाविरओ, इत्थीए समं रहम्मि नो ठाइ।
चयइ य अतिप्पसंगं, तहा विहूसं च उक्कोसं ॥ ४६५ ॥ १०/२१

छाया :- शृङ्गारकथाविरतः स्त्रिया समं रहसि न तिष्ठति ।
त्यजति चातिप्रसङ्गं तथा विभूषां च उत्कृष्टाम् ॥ २१ ॥

गाथार्थ :- छट्ठी प्रतिमामां रहेलो श्रावक शृंगाररसनी कथा न करे, स्त्रीनी साथे एकांतमां न रहे. स्त्रीनी साथे आलापादि रूप अतिपरिचयनो त्याग करे अने शरीरनी विशिष्ट विभूषा न करे.

टीकार्थ :- '**सिंगारकहाविरओ**'= स्त्री संबंधी तेनी वेशभूषा आदि संबंधी शृंगारनी कथा न करे. '**इत्थीए समं**'= स्त्रीनी साथे '**रहम्मि नो ठाइ**'= एकांतमां रहे नहि '**य**'= अने '**अतिप्पसंगं**'= तेनी साथे आलाप करवो वगेरे अतिपरिचयनो '**तहा विहूसं च उक्कोसं**'= उत्कृष्ट प्रकारनी शरीरनी विभूषाने '**चयइ**'= तजे. ॥ ४६५ ॥ १०/२१

एवं जा छम्मासा, एसोऽहिगओ उ इहरहा दिट्ठं ।
जावज्जीवं पि इमं, वज्जइ एयम्मि लोगम्मि ॥ ४६६ ॥ १०/२२

छायाः- एवं यावत् षण्मासान् एषोऽधिकृतस्तु इतरथा दृष्टम् ।
यावज्जीवमपि इदं वर्जयति एतस्मिन् लोके ॥ २२ ॥

गाथार्थ :- अब्रह्म वर्जन प्रतिमाधारी श्रावक शृंगारकथा आदिना त्यागपूर्वक उत्कृष्टथी छ महिना सुधी अब्रह्मनो त्याग करे ते सिवायनो श्रावक जावजीव पण अब्रह्मनो त्याग करे छे एम आ लोकमां जोवामां आव्युं छे.

टीकार्थ :- '**एसोऽहिगओ**'=आ छट्ठी प्रतिमाधारी श्रावक '**एवं**'= आ प्रमाणे शृंगार कथा आदिना त्यागपूर्वक '**जा छम्मासा**'= छ महिना सुधी '**इहरहा**'= अन्यथा '**जावज्जीवं पि**'= जावजीव पण '**इमं**'= अब्रह्मनो '**वज्जइ**'= त्याग करे छे. '**एयम्मि लोगम्मि**'= मनुष्यलोकमां आ प्रमाणे '**दिट्ठं**'= जोवायुं छे. ॥ ४६६॥ १०/२२.

छट्ठी प्रतिमा कीधी, हवे सातमीने कहे छे :-

सच्चित्तं आहारं, वज्जइ असणादियं णिरवसेसं ।
असणे चाउलउंबिगचणगादी सव्वहा सम्मं ॥ ४६७ ॥ १०/२३

छायाः- सच्चितमाहारं वर्जयति अशनादिकं निरवशेषम् ।
अशने तन्दुलोम्बिकाचणकादि सर्वथा सम्यक् ॥ २३ ॥

गाथार्थ :- सातमी प्रतिमामां रहेलो श्रावक अशनादि चारे प्रकारना सचित्त भोजननो त्याग करे छे. अशनमां चोखा, घउं, चणा तल वगेरेनो विशुद्धभावथी सर्वथा (अपक्व, दुष्पक्व, तुच्छौषधि वगेरे अतिचारो न लागे ते रीते संपूर्ण पणे) त्याग करे छे.

टीकार्थ :- '**सच्चित्तं आहारं**'= सचित्त भोजननो '**वज्जइ**'= त्याग करे छे. '**असणादियं**'= अशनादि चार प्रकारना '**णिरवसेसं**'= सकल '**असणे**'= अशनमां '**चाउलउंबिगचणगादि**'= चोखा, घउं, चणा आदि स्वभावथी प्राप्त थयेलाने पण '**सव्वहा**'= सर्व प्रकारे '**सम्मं**'= सम्यग् विधिपूर्वक त्याग करे छे.

सचित्त अशननो ते पोते पोताने सचित्त भोजननो दोष न लागे माटे अचित्त करीने पछी भोजन

કરે છે. પણ સ્વાદની લોલુપતા માટે તેને અચિત્ત નથી કરતો, કારણકે સ્વાભાવિક રીતે જે અચિત્ત હોય તથા લોકવ્યવહારમાં જે અચિત્ત ગણાતા હોય એવા અશનાદિકને પણ જો સ્વાદની લોલુપતાથી વાપરે તો સચિત્તના ત્યાગી પ્રતિમાધારીને ભાવથી દોષ લાગે જ છે, ભલે દ્રવ્યથી દોષ ન લાગતો હોય. ॥ ૪૬૭ ॥ ૧૦/૨૩

पाणे आउक्कायं, सचित्तरससंजुअं तहऽण्णं पि ।
पंचुंबरिकक्कडिगाइयं च तह खाइमे सव्वं ॥ ४६८ ॥ १०/२४

છાયા :- पाने अप्कायं सचित्तरससंयुतं तथाऽन्यदपि ।
पञ्चोन्दुम्बरिकर्कटिकादिकं च तथा खादिमे सर्वम् ॥ २४ ॥

ગાથાર્થ :- પાણીમાં સચિત્ત પાણીનો તથા કાચા ફળના રસથી મિશ્રિત બીજા પણ પાનાહારનો ત્યાગ કરે છે. તથા ખાદિમમાં પાંચ પ્રકારનાં ઉદુંબર, કાકડી, દાડમ આદિ સર્વ પ્રકારના સચિત્તનો ત્યાગ કરે છે.

ટીકાર્થ :- '**पाणे**'= પાનાહારમાં '**आउक्कायं**'= વ્યવહારથી સચિત્ત પાણીનો '**सचित्तरससंजुअं तहऽण्णं पि**'= તેવા પ્રકારના કાચા ફળના સચિત્ત રસથી મિશ્ર બીજા પણ પાનાહારનો ત્યાગ કરે છે. એમ સંબંધ જોડવો. '**पंचुंबरिकक्कडिगाइयं**'= પાંચ ઉદુંબર અને કાકડી આદિ- 'આદિ શબ્દથી દાડમ આદિનું ગ્રહણ કરવું' '**तह**'= તથા '**खाइमे सव्वं**'= ખાદિમમાં સર્વ સચિત્તનો ત્યાગ કરે છે. ॥ ૪૬૮ ॥ ૧૦/૨૪

दंतवणं तंबोलं, हरेडगादी य साइमे सेसं ।
सेसपयसमाउत्तो, जा मासा सत्त विहिपुव्वं ॥ ४६९ ॥ १०/२५

છાયા :- दन्तपवनं ताम्बूलं हरीतक्यादि च स्वादिमे अशेषम् ।
शेषपदसमायुक्तो यावन्मासान् सप्त विधिपूर्वकम् ॥ २५ ॥

ગાથાર્થ :- પૂર્વની છ પ્રતિમાઓથી યુક્ત શ્રાવક સાત મહિના સુધી સ્વાદિમમાં દાતણ, તાંબૂલ, હરડે વગેરે સર્વ પ્રકારના સચિત્તનો વિધિપૂર્વક ત્યાગ કરે છે.

ટીકાર્થ :- '**दंतवणं**'= દાંતને શુદ્ધ કરવા માટેનું સચિત્ત દાતણ '**तंबोलं**'= તાંબૂલ, '**हरेडगादी य**'= હરડે વગેરે 'આદિ' શબ્દથી આમળા આદિનું ગ્રહણ થાય છે. '**साइमे**'= સ્વાદિમમાં '**सेसपयसमाउत्तो**'= પૂર્વની પ્રતિમામાં કહેલા ગુણોથી યુક્ત '**जा मासा सत्त**'= સાત મહિના સુધી '**विहिपुव्वं**'= વિધિપૂર્વક '**सेसं**'= સકલ સચિત્તનો ત્યાગ કરે છે એમ સંબંધ છે. ॥ ૪૬૯ ॥ ૧૦/૨૫

સાતમી પ્રતિમા કહેવાઈ. હવે આઠમીને કહે છે :-

वज्जइ सयमारंभं, सावज्जं कारवेइ पेसेहिं ।
पुव्वप्पओगओ च्चिय, वित्तिणिमित्तं सिढिलभावो ॥ ४७० ॥ १०/२६

છાયા :- वर्जयति स्वयमारम्भं सावद्यं कारयति प्रेष्यैः ।
पूर्वप्रयोगत एव वृत्तिनिमित्तं शिथिलभावः ॥ २६ ॥

ગાથાર્થ :- આઠમી પ્રતિમામાં શ્રાવક સાવદ્ય આરંભને પોતે જાતે કરતો નથી. પણ પ્રતિમા સ્વીકાર્યા પહેલા પોતાના આજીવિકા માટે જે ખેતી આદિ આરંભ ચાલતો હતો તેને જ નોકરની પાસે કરાવે. તેમાં પણ આરંભસંબંધી મંદ અધ્યવસાયવાળો હોય.

टीकार्थ :- '**सयं**'= પોતે જાતે કરવારૂપે '**आरंभं सावज्जं**'= સાવદ્ય આરંભને '**वज्जइ**'= તજે છે. '**पेसेहिं**'= નોકરોની પાસે '**कारवेइ**'= કરાવે છે. '**पुव्वप्पओगओ च्चिय**'= પ્રતિમા સ્વીકાર્યા પહેલા પોતાનો ચાલુ વ્યાપાર હોય તેમાં જ અર્થાત્ નવો વ્યાપાર શરૂ ન કરાવે '**वित्तिणिमित्तं**'= આજીવિકા નિમિત્તે '**सिढिलभावो**'= સ્વયં આરંભમાં તીવ્ર અધ્યવસાયવાળો ન હોય પણ મંદ પરિણામવાળો હોય.

શ્રાવક આરંભને જાતે નથી કરતો અને નોકરની પાસે કરાવે છે, એવું શા માટે કરે છે ? પોતે જાતે જયણા પાળી શકે એવી નોકરો કાંઈ જાળવવાના નથી, માટે બીજાના પાસે કરાવવા કરતાં પોતે જાતે કરવું એ જ વધારે યોગ્ય છે.

આ પ્રશ્નનું સમાધાન આપતાં કહે છે કે આમાં દોષ નથી કારણકે પૂર્વે તે પોતે જાતે જ કરતો હતો અને નોકરો પાસે નહોતો કરાવતો એવું નથી. પહેલાં પણ તે પોતે જાતે કરતો હતો અને સાથે સાથે નોકરોની પાસે ય કરાવતો હતો. તેમાં હવે એવો નિયમ છે કે પોતે જાતે કરવાનું બંધ કર્યું છે, માત્ર નોકરો પાસે જ કરાવે છે. પોતે જાતે આરંભ ન કરવામાં શો લાભ છે ? તે બતાવે છે. ॥ ૪૭૦ ॥ ૧૦/૨૬

निग्घिणतेगंतेणं, एवं वि हु होइ चेव परिचत्ता ।
एद्दहमेत्तोऽवि इमो, वज्जिज्जंतो हियकरो उ ॥ ४७१ ॥ १०/२७

छाया :- निर्घृणतैकान्तेन एवमपि खलु भवति चैव परित्यक्ता ।
इयन्मात्रोऽपि अयं वर्ज्यमानः हितकारस्तु ॥ २७ ॥

गाथार्थ :- આ પ્રમાણે સ્વયં આરંભ નહિ કરવામાં નિર્દયતાનો એકાન્તે ત્યાગ થાય જ છે. સ્વયં આરંભ કરવા રૂપ આટલા માત્ર પણ આરંભનો ત્યાગ હિતકર જ છે.

टीकार्थ :- '**एवं वि**'= આમ સ્વયં આરંભ નહિ કરવામાં '**निग्घिणता**'= નિર્દયતા '**एगंतेणं**'= એકાન્તે '**हु**'= વાક્યાલંકારમાં છે. '**परिचत्ता**'= ત્યજાયેલી '**होइ चेव**'= થાય જ છે. '**एद्दहमेत्तोऽवि**'= સ્વયં આરંભ કરવારૂપ આટલો માત્ર આરંભ પણ '**वज्जिज्जंतो**'= ત્યાગ કરાતો '**हियकरो उ**'= કલ્યાણકારી જ છે. ॥ ૪૭૧ ॥ ૧૦/૨૭

આ વિષયમાં હેતુ બતાવે છે :-

भव्वस्साणावीरियसंफासणभावतो णिओगेणं ।
पुव्वोइयगुणजुत्तो ता वज्जति अट्ठ जा मासा ॥ ४७२ ॥ १०/२८

छाया :- भव्यस्याज्ञावीर्यसंस्पर्शनभावतः नियोगेन ।
पूर्वोदित-गुणयुक्तस्तावद् वर्जयति अष्टौ यावन्मासान् ॥ २८ ॥

गाथार्थ :- સ્વયં આરંભનો ત્યાગ કરવાથી ભવ્યજીવને અવશ્ય ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે અને આંતરિક સામર્થ્યરૂપ વીર્યનું સ્પર્શન થાય છે, અર્થાત્ આંતરિક સામર્થ્ય ખીલે છે તેથી પૂર્વોક્ત સાત પ્રતિમાના ગુણોથી યુક્ત પ્રતિમાધારી શ્રાવક આઠમી પ્રતિમામાં આઠ મહિના સુધી સ્વયં આરંભ કરતો નથી.

टीकार्थ :- '**भव्वस्स**'= યોગ્ય જીવને '**आणावीरियसंफासणभावतो**'= ભગવાનની આજ્ઞાનું પાલન કરવાના ભાવથી અને વીર્ય ફોરવવાના ભાવથી '**णिओगेणं**'= અવશ્ય, આરંભ આટલો પણ તજવો એ

હિતકર છે. આ પ્રમાણે ભગવાનની આજ્ઞાનું પાલન તેમજ વીર્ય ફોરવવાથી આત્મસામર્થ્ય ખીલે છે. '**पुव्वोइयगुणजुत्तो**'= પૂર્વ કહેલી સાત પ્રતિમાના ગુણોથી યુક્ત '**ता**'= ત્યાં સુધી '**वज्जति**'= સ્વયં આરંભનો ત્યાગ કરે છે, કેટલા વખત સુધી ત્યાગે ? '**अट्ठ जा मासा**'= આઠ મહિના સુધી. ॥ ૪૭૨ ॥ ૧૦/૨૮

આઠમીપ્રતિમા કહેવાઈ. હવે નવમીને કહે છે :-

पेसेहि वि आरंभं, सावज्जं कारवेइ णो गुरुयं ।
अत्थी संतुट्ठो वा, एसो पुण होति विण्णेओ ॥ ४७३ ॥ १०/२९

છાયા :- प्रेष्यैरपि आरम्भं सावद्यं कारयति नो गुरुकम् ।
अर्थी सन्तुष्टो वा एषः पुन भवति विज्ञेयः ॥ २९ ॥

ગાથાર્થ :- નવમી પ્રતિમામાં રહેલો શ્રાવક નોકરો પાસે મોટા સાવદ્ય આરંભને કરાવતો નથી. (સામાન્ય નાના કાર્યો કરાવતો હોય.). આ શ્રાવક પોતે ધનવાન હોય અથવા મધ્યમ સ્થિતિવાળો હોવા છતાં અતિસંતુષ્ટ હોય એમ જાણવું.

ટીકાર્થ :- '**पेसेहि वि**'= નોકરો પાસે પણ '**गुरुयं**'= મોટા '**सावज्जं आरंभं**'= સાવદ્ય આરંભને '**कारवेइ णो**'= કરાવતો નથી. '**अत्थी**'= ધનવાન '**संतुट्ठो वा**'= અથવા મધ્યમ સ્થિતિવાળો હોવા છતાં અતિસંતોષી '**एसो पुण**'= આ '**होति**'= હોય છે. તેવું '**विण्णेओ**'= જાણવું. ॥ ૪૭૩ ॥ ૧૦/૨૯

તે મહાન આરંભ શાથી નથી કરાવતો ? એ કહે છે :-

निक्खित्तभरो पायं, पुत्तादिसु अहव सेसपरिवारे ।
थेवममत्तो य तहा, सव्वत्थ वि परिणओ नवरं ॥ ४७४ ॥ १०/३०

છાયા :- निक्षिप्तभरः प्रायः पुत्रादिषु अथवा शेषपरिवारे ।
स्तोकममत्वश्च तथा सर्वत्रापि परिणतः नवरम् ॥ ३० ॥

ગાથાર્થ :- નવમી પ્રતિમામાં રહેલો શ્રાવક પુત્ર-પૌત્ર આદિને અથવા નોકર કે બીજા સ્વજન આદિને પ્રાયઃ કુટુંબનો સમગ્ર ભાર સોંપી દે છે. તે ઘર-ખેતર આદિ મિલ્કતને વિશે અલ્પ મમત્ત્વવાળો અને પરિણત બુદ્ધિવાળો હોય છે.

ટીકાર્થ :- '**पायं**'= ઘણું કરીને '**पुत्तादिसु**'= પુત્ર-પૌત્ર આદિને '**अहव**'= અથવા '**सेसपरिवारे**'= પુત્ર આદિ સિવાયના યોગ્ય પરિવારને '**निक्खित्तभरो**'= કુટુંબનો ભાર સોંપી દે છે. '**तहा**'= તથા '**सव्वत्थ वि**'= ઘર-ખેતર-વન આદિ બધામાં જ '**नवरं**'= ફક્ત '**थेवममत्तो य**'= અલ્પ મમત્ત્વવાળો '**परिणओ**'= પરિણત બુદ્ધિવાળો હોય છે. અપરિણત બુદ્ધિવાળો ન હોય. ॥ ૪૭૪ ॥ ૧૦/૩૦

लोगववहारविरओ, बहुसो संवेगभावियमई य ।
पुव्वोदियगुणजुत्तो, णव मासा जाव विहिणा उ ॥ ४७५ ॥ १०/३१

છાયા :- लोकव्यवहारविरतो बहुशः संवेगभावितमतिश्च ।
पूर्वोदितगुणयुक्तो नव मासान् यावद् विधिना तु ॥ ३१ ॥

ગાથાર્થ :- આ પ્રતિમાધારી શ્રાવક લોકવ્યવહારથી નિવૃત્ત હોય. ધર્મના જ વ્યવહાર ખાસ કરે પોતાની બુદ્ધિને વારંવાર મોક્ષાભિલાષથી ભાવિત કરે. પૂર્વની આઠ પ્રતિમાના ગુણોથી યુક્ત તે નવ મહિના સુધી વિધિપૂર્વક આ નવમી પ્રતિમાનું પાલન કરે છે.

ટીકાર્થ :- '**लोगववहारविरओ**'= લોકવ્યવહારથી નિવૃત્તિ હોય છે. ખાસ કરીને ધાર્મિક વ્યવહાર જ કરતો હોય છે. '**बहुसो**'= વારંવાર '**संवेगभावियमई य**'= બુદ્ધિને મોક્ષના અભિલાષથી ભાવિત કરતો હોય છે. '**पुव्वोदियगुणजुत्तो**'= પૂર્વોક્ત આઠ પ્રતિમાના ગુણોથી યુક્ત '**णव मासा जाव**'= નવ મહિના સુધી '**विहिणा उ**'= શાસ્ત્રોક્ત વિધિ વડે પાલન કરે છે. ॥ ૪૭૫ ॥ ૧૦/૩૧

નવમી પ્રતિમા કહેવાઈ. હવે દશમી પ્રતિમાને કહે છે :-

उद्दिट्ठकडं भत्तं पि वज्जती किमुय सेसमारंभं ?।
सो होइ उ खुरमुंडो, सिहलिं वा धारती कोइ ॥ ४७६ ॥ १०/३२

છાયા :- उद्दिष्टकृतं भक्तमपि वर्जयति किमुत शेषमारम्भम् ।
सो भवति तु क्षुरमुण्डः शिखां वा धारयति कोऽपि ॥ ३२ ॥

ગાથાર્થ :- દશમી પ્રતિમામાં રહેલ શ્રાવક પોતાના માટે બનાવેલ ભોજનનો પણ ત્યાગ કરે છે તો પછી બીજા આરંભોનો તો વિશેષથી ત્યાગ કરે, તે મસ્તકે અસ્ત્રાથી સંપૂર્ણ મુંડન કરાવે છે. અથવા કોઈક ચોટલી રાખે છે.

ટીકાર્થ :- '**उद्दिट्ठकडं भत्तं पि**'= પોતાના માટે બનાવેલું ભોજન '**वज्जती**'= તજે છે. '**किमुय सेसमारंभं ?**'= તો બીજા સાવદ્ય આરંભની શી વાત કરવી ? અર્થાત્ તેને તો વિશેષથી તજે. '**सो होइ उ**'= તે દશમી પ્રતિમામાં રહેલો શ્રાવક હોય છે. '**खुरमुंडो**'= મસ્તકને અસ્ત્રાથી મુંડાવેલો '**सिहलिं वा**'= અથવા ચોટલીને '**धारती कोइ**'= કોઈક શ્રાવક ધારણ કરે છે. ॥ ૪૭૬ ॥ ૧૦/૩૨

जं णिहियमत्थजायं, पुट्ठो णियएहि णवरं सो तत्थ ।
जइ जाणइ तो साहे, अह णवि तो बेइ णवि जाणे ॥ ४७७ ॥ १०/३३

છાયા :- यन्निहितमर्थजातं पृष्टो निजकैः नवरं स तत्र ।
यदि जानाति तदा साधयति अथ नैव तदा ब्रूते नापि जाने ॥ ३३ ॥

ગાથાર્થ :- સ્વજન વગેરે ભૂમિ વગેરેમાં સ્થાપેલા ધન વિશે પૂછે તો જો પોતે જાણતો હોય તો કહીને બતાવે. ન કહે તો તેમના ધર્મવ્યવહારમાં ક્ષતિ આવે, માટે કહે છે. હવે જો પોતે જાણતો ન હોય તો 'હું નથી જાણતો' એમ જવાબ આપે છે.

ટીકાર્થ :- '**जं णिहियं**'= ભૂમિ વગેરેમાં જે સ્થાપેલું હોય '**अत्थजायं**'= ધન '**णियएहि**'= સ્વજનો વડે '**पुट्ठो**'= પૂછવામાં આવે તો '**णवरं**'= ફક્ત '**सो**'= દશમી પ્રતિમામાં રહેલો '**तत्थ**'= તે ધન વિશે '**जइ जाणइ**'= જો જાણતો હોય '**तो साहे**'= તો કહે તો સ્વજનોના ધર્મના પાલનને માટે કહે, જો ન કહે તો ધન વિના તેમના ધર્મવ્યવહારમાં ક્ષતિ થાય. '**अह णवि**'= જો ન જાણતો હોય '**तो बेइ**'= તો કહે કે '**णवि जाणे**'= હું જાણતો નથી. ॥ ૪૭૭ ॥ ૧૦/૩૩

આ દશમી પ્રતિમાધારી શ્રાવક કેવો હોય ? તે કહે છે :-

जतिपज्जुवासणपरो, सुहुमपयत्थेसु णिच्चतल्लिच्छो ।
पुव्वोदियगुणजुत्तो, दस मासा कालमासेणं ॥ ४७८ ॥ १०/३४

છાયા :- **यतिपर्युपासनपरः सूक्ष्मपदार्थेषु नित्यतल्लिप्सः ।**

पूर्वोदितगुणयुक्तो दश मासान् कालमासेन ॥ ३४ ॥

ગાથાર્થ :- આ પ્રતિમાધારી શ્રાવક સાધુસેવામાં તત્પર રહે છે. સૂક્ષ્મબુદ્ધિથી જાણી શકાય એવા બંધ-મોક્ષ આદિ પદાર્થોને જાણવામાં અતિશય ઉત્કંઠિત હોય છે. પૂર્વની નવ પ્રતિમાના ગુણોથી યુક્ત હોય છે. આ પ્રતિમાને પાળવાનું કાળપરિમાણ દશ મહિનાનું છે.

ગાથાર્થ :- '**जतिपज्जुवासणपरो**'= સાધુની સેવામાં તત્પર હોય છે. '**सुहुमपयत्थेसु**'= બંધ, મોક્ષ આદિ સૂક્ષ્મપદાર્થોને '**णिच्च**'= હંમેશા '**तल्लिच्छो**'= જાણવા માટે અતિશય ઉત્કંઠિત હોય છે. '**पुव्वोदियगुणजुत्तो**'= પૂર્વની નવ પ્રતિમાના ગુણોથી યુક્ત '**दस मासा**'= દશ માસ સુધી, અહીં '**यावत्**'= શબ્દ અધ્યાહાર સમજી લેવો. '**कालमासेणं**'= કાળના પરિમાણથી, શાસ્ત્રમાં 'માસ' શબ્દ કાળવાચી પણ છે અને ધાન્યવાચી પણ છે. કહ્યું છે કે :- ''માસ બે પ્રકારના કીધા છે. ધાન્યમાસ અને કાળમાસ'' અડદને 'માસ' કહેવામાં આવે છે. તે ધાન્યમાસ છે. અને 'માસ'નો બીજો અર્થ મહિનો થાય છે તે કાળવાચી થાય છે તેમાં અહીંયા તે કાળવાચી છે તેથી તેનો અર્થ 'મહિનો' એ પ્રમાણે કર્યો છે. ॥ ૪૭૮ ॥ ૧૦/૩૪

દશમી પ્રતિમા કહેવાઈ હવે અગ્યારમી પ્રતિમાને કહે છે :-

खुरमुंडो लोएण व, रयहरणं उग्गहं व घेत्तूण ।
समणब्भुओ विहरइ, धम्मं काएण फासंतो ॥ ४७९ ॥ १०/३५

છાયા :- **क्षुरमुण्डो लोचेन वा रजोहरणमवग्रहं वा गृहीत्वा ।**
श्रमणभूतो विहरति धर्मं कायेन स्पृशन् ॥ ३५ ॥

ગાથાર્થ :- અગિયારમી પ્રતિમામાં શ્રાવક અસ્ત્રાથી કે લોચથી મસ્તકને મુંડાવી, રજોહરણ, પાત્ર વગેરે સાધુના ઉપકરણો લઈને કાયાથી શ્રમણોપાસક ધર્મનું પાલન કરતો સાધુની સદશ જ ચેષ્ટા કરે છે.

ટીકાર્થ :- '**खुरमुंडो**'= અસ્ત્રાથી મસ્તક મુંડન કરેલો '**लोएण व**'= અથવા લોચથી મુંડન કરેલો '**रयहरणं**'= જીવરક્ષાના હેતુથી રજોહરણ '**उग्गहं य**'= પાત્રને '**घेत्तूण**'= ધર્મોપકરણની બુદ્ધિથી ગ્રહણ કરીને '**धम्मं**'= શ્રાવકના ધર્મને '**काएण**'= શરીર વડે '**फासंतो**'= આસેવન કરતો અર્થાત્ પાલન કરતો '**समणब्भुओ**'= સાધુની સદશ '**विहरइ**'= આચરણ કરે છે. ॥ ૪૭૯ ॥ ૧૦/૩૫

હવે તેની વિહારવિધિને કહે છે :-

ममकारेऽवोच्छिण्णे, वच्चति सण्णायपल्लि दट्ठुं जे ।
तत्थवि जहेव साहू, गेण्हति फासुं तु आहारं ॥ ४८० ॥ १०/३६

છાયા :- **ममकारेऽव्यवच्छिन्ने व्रजति संज्ञातपल्लिं द्रष्टुं ये ।**
तत्रापि यथैव साधुः गृह्णाति प्रासुकं तु आहारम् ॥ ३६ ॥

ગાથાર્થ :- તેને મમત્ત્વનો સર્વથા અભાવ થયો ન હોવાથી સ્વજનોના દર્શનની ઈચ્છાથી સ્વજનોના ગામ વગેરેમાં જાય તો પણ સ્વજનોના ઘરમાંથી પ્રાસુક અને એષણીય આહાર લે છે.

टीकार्थ :- '**ममकारेऽवोच्छिण्णे**'= મમત્ત્વનો અભાવ ન હોવાથી '**वच्चति**'= જાય છે. '**सण्णायपल्लि**'= સ્વજનોની નિવાસભૂમિમાં '**दट्ठुं**'= સ્વજનોના દર્શનની ઇચ્છાથી '**जे**'= આ અવ્યય છે. '**तत्थवि**'= સ્વજનોના ગામમાં રહેલો પણ '**साहू**'= સાધુની '**जहेव**'= જેમ '**फासुं तु आहारं**'= પ્રાસુક નિર્જીવ આહારને '**गेण्हति**'= ગ્રહણ કરે છે. ॥ ૪૮૦ ॥ ૧૦/૩૬

पुव्वाउत्तं कप्पति, पच्छाउत्तं तु ण खलु एयस्स ।
ओदणभिलिंगसूवादि सव्वमाहारजायं तु ॥ ४८१ ॥ १०/३७

छाया :- पूर्वायुक्तं कल्पते पश्चादायुक्तं तु न खलु एतस्य ।
ओदनभिलिङ्गसूपादिः सर्वमाहारजातं तु ॥ ३७ ॥

ગાથાર્થ :- સ્વજનોના ઘરમાંથી તેના ગયા પહેલા તેઓએ પોતાના માટે જે ભાત, મસુરની દાળ વગેરે બનાવ્યું હોય તે ગ્રહણ કરવું તેને કલ્પે છે પણ તેના ગયા પછી તે જે કાંઈ બનાવે તે લેવું તેને કલ્પતું નથી.

टीकार्थ :- '**पुव्वाउत्तं**'= તેના ગયા પહેલા સ્વજનોએ પોતાના માટે જે બનાવ્યું હોય તે '**कप्पति**'= કલ્પે છે. '**पच्छाउत्तं तु**'= તેના ગયા પછી જે બનાવવામાં આવ્યું હોય તે અર્થાત્ તે શ્રાવકને માટે બનાવેલું '**ण खलु**'= ગ્રહણ કરવું કલ્પતું નથી. '**एयस्स**'= આ શ્રમણભૂત પ્રતિમાધારી શ્રાવકને '**ओदणभिलिंगसूवादि**'= ભાત તથા મસુરની દાળ વગેરે '**सव्वमाहारजायं तु**'= સર્વ આહાર. કારણ કે કહ્યું છે કે :-

"તેના ગયા પહેલા બનાવેલ ભાત લેવો તેને કલ્પે છે પણ તેના ગયા પછી બનાવેલ મસુરની દાળ લેવી તેને કલ્પતી નથી." [**श्री कल्पसूत्र - सूत्र २६६**] ॥ ૪૮૧ ॥ ૧૦/૩૭

एवं उक्कोसेणं, एक्कारस मास जाव विहरेइ ।
एगाहादीयरेणं एवं सव्वत्थ पाएणं ॥ ४८२ ॥ १०/३८

ગાથાર્થ :- एवमुत्कृष्टेन एकादश मासान् यावद् विहरति ।
एकाहादीतरेणं एकाहादितसर्वत्र प्रायेण ॥ ३८ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે અગિયારમી પ્રતિમાને ઉત્કૃષ્ટથી અગિયાર મહિના સુધી પાળે. કદાચ મૃત્યુ થઈ જાય અથવા દીક્ષા લે તો એકાદ દિવસ પણ જઘન્યથી પાળે. આ પ્રમાણે દરેક પ્રતિમામાં પણ જઘન્યકાળ જાણવો.

टीकार्थ :- '**एवं**'= આ પ્રમાણે '**उक्कोसेणं**'= જો મૃત્યુ ન થઈ જાય તો અથવા દીક્ષા ન લે તો ઉત્કૃષ્ટથી '**एक्कारस मास जाव**'= અગિયાર મહિના સુધી '**विहरइ**'= અગિયારમી પ્રતિમાનું પાલન કરે છે '**एगाहादि**'= એક દિવસ, બે દિવસ વગેરે '**इयरेणं**'= જઘન્યથી '**एवं**'= આ પ્રમાણે જઘન્યકાળ '**पाएणं**'= ઘણું કરીને '**सव्वत्थ**'= પૂર્વની દરેક પ્રતિમાઓમાં પણ હોય છે. ॥ ૪૮૨ ॥ ૧૦/૩૮

આ પ્રમાણે પ્રતિમાનું વર્ણન કરીને હવે તેની પછીની વિધિ કહે છે :-

भावेऊणऽत्ताणं, उवेइ पव्वज्जमेव सो पच्छा ।
अहवा गिहत्थभावं, उचियत्तं अप्पणो णाउं ॥ ४८३ ॥ १०/३९

छाया :- भावयित्वाऽऽत्मानमुपैति प्रव्रज्यामेव सः पश्चात् ।
अथवा गृहस्थभावमुचितत्त्वमात्मनो ज्ञात्वा ॥ ३९ ॥

ગાથાર્થ :- પ્રતિમાના આચરણથી આત્માને ભાવિત કર્યા પછી પોતાની યોગ્યતાને જાણીને જો યોગ્યતા જણાય તો પ્રવજ્યાનો જ સ્વીકાર કરે છે, નહિતર ગૃહસ્થપણામાં જ રહે છે.

ટીકાર્થ :- '**अत्ताणं**'= આત્માને '**भावेऊण**'= પ્રતિમાના અનુષ્ઠાન વડે ભાવિત કરીને '**सो**'= તે શ્રમણભૂત શ્રાવક '**पच्छा**'= પ્રતિમાનું અનુષ્ઠાન પૂર્ણ થયા પછીના કાળમાં '**पव्वज्जमेव**'= પ્રવ્રજ્યાને જ '**अहवा**'= અથવા '**गिहत्थभावं**'= ગૃહસ્થપણાને '**उचियत्तं**'= પોતાની યોગ્યતા '**णाउं**'= જાણીને '**उवेइ**'= સ્વીકારે છે. ॥ ૪૮૩ ॥ ૧૦/૩૯

गहणं पव्वज्जाए, जओ अजोगाण णियमतोऽणत्थो ।
तो तुल्लिऊणऽप्पाणं, धीरा एयं पवज्जंति ॥ ४८४ ॥ १०/४०

छाया :- ग्रहणं प्रव्रज्याया यत अयोग्यानां नियमतोऽनर्थः ।
ततः तुलयित्वाऽऽत्मानं धीरा एतां प्रतिपद्यन्ते ॥ ४० ॥

ગાથાર્થ :- અયોગ્ય જીવોનો દીક્ષાસ્વીકાર અવશ્ય અનર્થરૂપ હોવાથી બુદ્ધિમાન પુરુષો પોતાની(આત્માની) યોગ્યતાનો નિર્ણય કરીને દીક્ષાનો સ્વીકાર કરે છે.

ટીકાર્થ :-'**पव्वज्जाए**'= લૌકિક ધર્મમાંથી લોકોત્તર ધર્મમાં જવા સ્વરૂપ પ્રવ્રજ્યાનો '**गहणं**'= સ્વીકાર '**जओ**'= જે કારણથી '**अजोगाण**'= અયોગ્યને '**णियमतो**'= અવશ્ય '**अणत्थो**'= અનર્થનો હેતુ છે. '**तो**'= તેથી '**अप्पाणं**'= આત્માની '**तुल्लिऊण**'= યોગ્યતાની પરીક્ષા કરીને પછી '**धीरा**'= સ્થિરબુદ્ધિવાળા '**एयं**'= પ્રવ્રજ્યાને '**पवज्जंति**'= સ્વીકારે છે. ॥ ૪૮૪ ॥ ૧૦/૪૦

तुलणा इमेण विहिणा, एत्तीए हन्दि नियमतो णेया ।
णो देसविरइकंडयपत्तीए विणा जमेस त्ति ॥ ४८५ ॥ १०/४१

छाया :- तुलना अनेन विधिना एतस्या हन्त नियमतो ज्ञेया ।
नो देशविरतिकण्डकप्राप्त्या विना यदेषेति ॥ ४१ ॥

ગાથાર્થ :- પ્રવ્રજ્યાની યોગ્યતાનો નિર્ણય પ્રતિમાના આચરણથી જ થાય છે. કારણ કે દેશવિરતિના અધ્યવસાયોની પ્રાપ્તિ થયા વિના અર્થાત્ ભાવથી દેશવિરતિના પરિણામનો સ્વીકાર થયા વિના દીક્ષા થતી જ નથી.

ટીકાર્થ :- '**एत्तीए**'= પ્રવ્રજ્યાની '**तुलणा**'= આત્માની યોગ્યતાની પરીક્ષા '**इमेण विहिणा**'= પ્રતિમાના અનુષ્ઠાનની વિધિથી '**नियमतो**'= અવશ્ય '**णेया**'= જાણવી કેમકે '**देसविरइकंडयपत्तीए**'= દેશવિરતિના અધ્યવસાયોની પ્રાપ્તિ થયા '**विणा**'= વિના **जं**= જે કારણથી '**एस त्ति**'= પ્રવ્રજ્યા '**णो**'=નથી થતી. ॥ ૪૮૫ ॥ ૧૦/૪૧

तीए य अविगलाए, बज्झा चेट्ठा जहोदिया पायं ।
होति णवरं विसेसा, कत्थति लक्खिज्जए ण तहा ॥ ४८६ ॥ १०/४२

छाया :- तस्याञ्च अविकलायां बाह्या चेष्टा यथोदिता प्रायः ।
भवति नवरं विशेषतः क्वचिद् लक्ष्यते न तथा ॥ ४२ ॥

ગાથાર્થ :- પરિપૂર્ણ દીક્ષામાં બાહ્યક્રિયા પ્રાયઃ આગમમાં કહ્યાં મુજબ થાય છે. કોઈક દેશકાળમાં કે

કોઈક પુરુષમાં અપવાદ અવસ્થામાં કારણસર બાહ્યક્રિયા આગમાનુસાર થતી દેખાતી નથી છતાં એ સમયે પણ દીક્ષા પરિપૂર્ણ જ છે.

ટીકાર્થ :- '**तीए य**'= તે પ્રવ્રજ્યા '**अविगलाए**'= ભાવથી સંપૂર્ણ હોય ત્યારે '**बज्झा चेट्ठा**'= બાહ્ય પડિલેહણાદિ ચેષ્ટા '**जहोदिया**'= આગમમાં કહ્યા મુજબની '**पायं**'= ઘણું કરીને '**होति**'= થાય છે. '**णवरं**'= ફક્ત '**विसेसा**'= અપવાદથી '**कत्थति**'= કોઈક દેશકાળ કે પુરુષ આદિમાં '**लक्खिज्जए ण तहा**'= ઉત્સર્ગાવસ્થામાં જે થતી હતી એવી દેખાતી નથી.

અપવાદ અવસ્થામાં ક્રિયા અન્યથા દેખાવા છતાં પ્રવ્રજ્યા સંપૂર્ણ જ છે. કારણ કે પુષ્ટ આલંબને જ અપવાદનું સેવન તે કરે છે. એ સિવાય તે અપ્રવૃત્તિ કરે જ નહિ. -આથી ક્રિયામાં ઓછાવત્તાપણું હોવા છતાં તેનો પરિણામ અન્યથા થતો નથી અર્થાત્ પરિણામ વિશુદ્ધ જ છે. વાસ્તવિક રીતે પરિણામ જ પ્રવ્રજ્યા સ્વરૂપ છે. પરિણામના એક અંગરૂપે ક્રિયાનું વિધાન છે. પરમાર્થથી ક્રિયા એ પરિણામથી પ્રેરાઈને જ કરાતી હોય છે.પરિણામ એ કારણ છે, ક્રિયા એ કાર્ય છે. કાર્યનો અભાવ હોય માટે કારણનો અભાવ છે એમ નહિ માનવાનું. ધૂમ એ કાર્ય છે, અગ્નિ એ કારણ છે. અયોગોલકમાં ધૂમ ન હોવા છતાં અગ્નિ છે. માટે ત્યાં કાર્ય ન હોવા છતાં પણ કારણ તો છે જ. આ બાબત સકલ લોકમાં સિદ્ધ જ છે. **॥૪૮૬॥૧૦/૪૨**

અયોગ્ય જીવો પ્રવ્રજ્યા લે તો અનર્થ શાથી થાય છે ? તે કહે છે :-

भवणिव्वेयाउ जतो, मोक्खे रागाउ णाणपुव्वाओ ।
सुद्धासयस्स एसा, ओहेण वि वण्णिया समए ॥ ४८७ ॥ १०/४३

છાયા :- भवनिर्वेदाद् यतः मोक्षे रागाद् ज्ञानपूर्वात् ।
शुद्धाशयस्य एषा ओघेनापि वर्णिता समये ॥ ४३ ॥

ગાથાર્થ :- કારણકે શાસ્ત્રમાં સામાન્યથી પણ સંસારના નિર્વેદથી મોક્ષના અભિલાષથી અને સમ્યગ્જ્ઞાનથી નિર્મળ અધ્યવસાયવાળા જીવને દીક્ષા હોય છે એમ કહ્યું છે.

ટીકાર્થ :- '**जतो**'= કારણકે '**भवणिव्वेयाउ**'= સંસારના નિર્વેદથી '**मोक्खे रागाउ**'= મોક્ષના અભિલાષથી '**णाणपुव्वाओ**'= સમ્યગ્ જ્ઞાનથી '**सुद्धासयस्स**'= વિશુદ્ધ અધ્યવસાયવાળાને '**एसा**'= આ પ્રવ્રજ્યા '**ओहेण वि**'= સામાન્યથી પણ '**समए**'= શાસ્ત્રમાં '**वण्णिया**'= કહી છે. ॥ ૪૮૭ ॥ ૧૦/૪૩

આ જ વાતને વર્ણવતાં શાસ્ત્રના વચનો કહે છે :-

तो समणो जइ सुमणो, भावेण य जइ ण होइ पावमणो ।
सयणे य जणे य समो, समो य माणावमाणेसु ॥ ४८८ ॥ १०/४४

છાયા :- ततः श्रमणो यदि सुमना भावेन च यदि न भवति पापमनाः ।
स्वजने च जने च समः समश्च मानापमानयोः ॥ ४४ ॥

ગાથાર્થ :- જેનું મન શોભન અધ્યવસાયવાળું હોય, જેનું મન જો ભાવથી પાપકારી અધ્યવસાય ન કરતું હોય, સ્વજન અને પારકાજનમાં તથા માન અને અપમાનમાં જે સમભાવવાળો હોય તે તો શ્રમણ કહેવાય છે.

ટીકાર્થ :- '**जइ**'= જો '**सुमणो**'= વૈમનસ્ય રહિત મનવાળો હોય, મનમાં કથંચિત સૌમનસ્યપણું આવવા માત્રથી શ્રમણ બનતો નથી પણ સાથોસાથ '**जइ**'= જો '**भावेण य**'= ભાવથી '**पावमणो**'= જેનું મન પાપમાં પ્રવૃત્ત '**ण होइ**'= ન હોય '**सयणे य**'= સ્વજનમાં અને '**जणे य**'= પારકા માણસમાં '**माणावमाणेसु**'= માન અને અપમાનમાં '**समो**'= સમભાવવાળો હોય '**तो समणो**'= તો શ્રમણ કહેવાય છે. ॥ ૪૮૮ ॥ ૧૦/૪૪

દરેક જણ પ્રતિમાના અનુષ્ઠાનને કર્યા પછી જ કાંઈ સર્વવિરતિને સ્વીકારતા નથી. તો આમ કેમ કહેવાય છે ? તે કહે છે :-

ता कम्मखओवसमा, जो एयपगारमंतरेणावि ।
जायति जहोइयगुणो, तस्स वि एसा तहा णेया ॥ ४८९ ॥ १०/४५

છાયા :- तस्मात् कर्मक्षयोपशमाद्य एतत्प्रकारमन्तेरणापि ।
जायते यथोदितगुणः तस्यापि एषा तथा ज्ञेया ॥ ४५ ॥

ગાથાર્થ :- તેથી કર્મનો ક્ષયોપશમ થવાથી જે જીવ પ્રતિમાના પાલન વિના પણ પ્રવ્રજ્યાને યોગ્ય ગુણવાળો થાય તો તેની પણ પ્રવ્રજ્યા પ્રતિમાનું સેવન કરનારા જેવી જાણવી.

ટીકાર્થ :- '**ता**'= તેથી '**कम्मखओवसमा**'= કર્મના ક્ષયોપશમથી '**जो**'= જે જીવ '**एयपगारमंतरेणावि**'= પ્રતિમાનું સેવન કર્યા વગર પણ '**जहोइयगुणो**'= શાસ્ત્રોક્ત પ્રવ્રજ્યાને માટે યોગ્ય ગુણવાળો '**जायति**'= થાય છે '**तस्सवि**'= તે પ્રતિમાનું સેવન નહિ કરનારને પણ '**एसा**'= આ પ્રવ્રજ્યા '**तहा**'= વિશિષ્ટ પ્રકારના ઉત્કૃષ્ટ પરિણામથી પ્રતિમાને સેવનારના જેવી જ '**णेया**'= જાણવી.

જે સંઘયણાદિની અશક્તિના કારણે તથા બાળપણના કારણે શાસ્ત્રોક્ત પ્રતિમાનું પાલન કરવા માટે સમર્થ ન હોય તે પ્રતિમાના પાલન વગર દીક્ષા લે તો તેને પણ પ્રતિમાનું પાલન કર્યા બાદ દીક્ષા લેનારની જેમ અધ્યવસાયની વિશુદ્ધિ હોઈ શકે છે એમ જાણવું. કારણકે દેશવિરતિના અધ્યવસાયસ્થાનોની પછીના તરતના જ અધ્યવસાયસ્થાનો સર્વવિરતિના હોય છે. ॥ ૪૮૯ ॥ ૧૦/૪૫

एत्तो च्चिय पुच्छादिसु, हंदि विसुद्धस्स सति पयत्तेणं ।
दायव्वा गीतेणं, भणियमिणं सव्वदंसीहिं ॥ ४९० ॥ १०/४६

છાયા :- अत एव पृच्छादिषु हन्ति विशुद्धस्य सदा प्रयत्नेन ।
दातव्या गीतेन भणितमिदं सर्वदर्शिभिः ॥ ४६ ॥

ગાથાર્થ :- આથી જ ગીતાર્થે સદા પૃચ્છાદિમાં જે વિશુદ્ધ જણાય તેને પ્રયત્નપૂર્વક નિમિત્તશુદ્ધિ આદિ જોઈને જ દીક્ષા આપવી એમ સર્વજ્ઞે કહ્યું છે.

ટીકાર્થ :- '**एत्तो च्चिय**'= આ કારણથી અથવા વિશુદ્ધિના ઉત્કર્ષથી '**पुच्छादिसु**'= દીક્ષા લેવા આવનારની પરીક્ષા કરવા માટે તેને પ્રશ્નો પૂછવામાં, 'આદિ' શબ્દથી તેનો ધર્મ બાબતનો અભિપ્રાય જાણવામાં '**विसुद्धस्स**'= તેના પ્રત્યુત્તર દ્વારા જો તે દીક્ષા માટે યોગ્ય અધિકારી જણાય તો તેનો જ પણ અયોગ્યને નહિ, '**सति**'= સદા '**पयत्तेणं**'= નિમિત્તશુદ્ધિ જાણવાના પ્રયત્નપૂર્વક દીક્ષા '**गीतेणं**'= ગીતાર્થ ગુરુભગવંતે '**दायव्वा**'= આપવી. '**इणं**'= આમ '**सव्वदंसीहि**'= સર્વજ્ઞોએ '**भणियं**'= કહ્યું છે. ॥ ૪૯૦ ॥ ૧૦/૪૬

આ જ અર્થનો અભ્યુચ્ચય કરતાં કહે છે :-

तह तम्मि तम्मि जोए, सुत्तुवओगपरिसुद्ध भावेण ।
दरदिण्णाए वि जओ, पडिसेहो वण्णिओ एत्थ ॥ ४९१ ॥ १०/४७

छाया :- तथा तस्मिंस्तस्मिन् योगे सूत्रोपयोगपरिशुद्धभावेन ।
इषद्दत्तायामपि यतः प्रतिषेधो वर्णितोऽत्र ॥ ४७ ॥

गाथार्थ :- तथा आगमમાં ઉપયોગવાળા હોવાથી વિશુદ્ધ અધ્યવસાયવાળા ગુરુએ દીક્ષા આપવાની ક્રિયા થોડી કરાવી દીધી હોય અર્થાત્ દીક્ષા આપવાની ક્રિયા ચાલુ હોય ત્યારે પણ દીક્ષા લેનારની જો અયોગ્યતા જણાય તો બાકી રહેલી તે તે પ્રકારે મુંડન વગેરે ક્રિયાઓ તેને કરાવવી નહિ એમ સૂત્રમાં નિષેધ કરવામાં આવ્યો છે.

टीकार्थ :- '**तह**'= તથા '**सुत्तुवओगपरिसुद्ध भावेण**'= આગમના ઉપયોગથી વિશુદ્ધ અધ્યવસાય વડે ગુરુ વડે '**दरदिण्णाए वि**'= દીક્ષા આપવાની ચાલું કરી હોય તો પણ '**तम्मि तम्मि जोए**'= દીક્ષા આપવાની ક્રિયામાં કરાવવામાં આવતા પ્રવ્રાજન-મુંડન આદિ બાકીના વ્યાપાર કરવાનો '**जओ**'= કારણ કે '**एत्थ**'= સૂત્રમાં '**पडिसेहो**'= પ્રતિષેધ '**वण्णिओ**'= કર્યો છે. ॥ ૪૯૧ ॥ ૧૦/૪૭

આ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે :-

पव्वाविओ सिय त्ति य, मुंडावेउमिच्चाइ जं भणियं ।
सव्वं चं इमं सम्मं, तप्परिणामे हवति पायं ॥ ४९२ ॥ १०/४८

छाया :- प्रव्राजितः स्यादिति च मुण्डापयितुमित्यादि यद्भणितम् ।
सर्वञ्चेदं सम्यक् तत्परिणामे भवति प्रायः ॥ ४८ ॥

गाथार्थ :- કદાચ અનુપયોગથી દીક્ષા આપી દીધી હોય તે પછી ખબર પડે કે આ માણસ દીક્ષાને અયોગ્ય છે તો તેનું મુંડન આદિ ન કરે ઇત્યાદિ શ્રી **कल्पभाष्य** શાસ્ત્રમાં કહ્યું છે. અર્થાત્ યોગ્યને મુંડન આદિ કરવું અયોગ્યને નહિ કરવું એમ જે વિધિપ્રતિષેધ કરવામાં આવ્યો છે તે બધું જ ચારિત્રના પરિણામને આશ્રયીને જ પ્રાયઃ હોય છે. અર્થાત્ જેનામાં ચારિત્રના પરિણામ નથી તે અયોગ્ય છે, જેનામાં પરિણામ છે તે યોગ્ય છે.

टीकार्थ :- '**सियत्ति य**'= અનુપયોગથી કદાચ '**पव्वाविओ**'= પ્રવ્રજ્યા આપી દીધી હોય અર્થાત્ ધર્મને સ્વીકાર્યો હોય '**मुंडावेउमिच्चाइ**'= મુંડન આદિ કરવા બાબતમાં વિધિ પ્રતિષેધ- અર્થાત્ યોગ્ય વ્યક્તિનું મુંડન કરવું અને અયોગ્યનું નહિ કરવું એમ વિધિ પ્રતિષેધ '**जं**'= જે '**भणियं**'= કહેવામાં આવ્યો છે '**सव्वं चं इमं**'= સૂત્રમાં કહેલા આ બધા જ વિધિપ્રતિષેધ '**सम्मं**'= સમ્યગ્ '**तप्परिणामे**'= દીક્ષા લેનારના યોગ્ય અથવા અયોગ્ય પરિણામને આશ્રયીને '**हवति पायं**'= પ્રાયઃ હોય છે, અન્યથા નહિ.

પ્રવ્રાજન, મુંડન, શિક્ષા આદિ વ્યાપારોમાં ચારિત્રના પરિણામ એ જ પ્રધાન કારણ છે આથી તે પરિણામને અનુસારે જ તે તે પ્રવૃત્તિ કરવામાં આવે છે. ॥ ૪૯૨ ॥ ૧૦/૪૮

जुत्तो पुण एस कमो, ओहेणं संपयं विसेसेणं ।
जम्हा असुहो कालो, दुरणुचरो संजमो एत्थ ॥ ४९३ ॥ १०/४९

छाया :- युक्तः पुनरेषः क्रम ओघेन साम्प्रतं विशेषेण ।
यस्मादशुभः कालो दुरनुचरः संयमोऽत्र ॥ ४९ ॥

ગાથાર્થ :- જો કે પ્રતિમાના પાલન વિના પણ યોગ્યને દીક્ષા હોઈ શકે છે છતાં સામાન્યથી પ્રથમ પ્રતિમાનો અભ્યાસ થાય, એ ક્રમ યોગ્ય છે. તેમાં પણ વર્તમાનકાળમાં તો એ ક્રમ વધારે યોગ્ય છે કારણ કે અત્યારે કાળ ખરાબ હોવાથી સંયમપાલન દુષ્કર છે.

ટીકાર્થ :- '**एस कमो**'= પ્રતિમા પાલન કર્યા બાદ દીક્ષા આપવા લેવાનો આ ક્રમ '**ओहेणं**'= સામાન્યથી જે કહેવામાં આવ્યો છે તે '**जुत्तो पुण**'= યોગ્ય છે '**संपयं**'= વર્તમાનકાળમાં '**विसेसेणं**'= વિશેષથી '**जम्हा**'= કારણકે '**असुहो कालो**'= દુઃષમા નામનો આ પાંચમા આરાનો કાળ અશુભ છે. '**एत्थ**'= આ કાળમાં '**संजमो**'= સંયમ પાલન '**दुरणुचरो**'= દુષ્કર છે. માટે ક્રમસર ઉત્તરોત્તર ગુણોનો આશ્રય કરવો જોઈએ. ॥ ૪૯૩ ॥ ૧૦/૪૯

પ્રતિમાપાલનના ક્રમથી પ્રવ્રજ્યા સ્વીકાર કરવાના વિધાનનું સમર્થન કરતાં કહે છે :-

तंतंतरेसु वि इसो, आसमभेओ पसिद्धओ चेव ।
ता इय इह जइयव्वं, भवविरहं इच्छमाणेहिं ॥ ४९४ ॥ १०/५०

છાયા :- तन्त्रान्तरेष्वपि अयमाश्रमभेदः प्रसिद्धकश्चैव ।
तदितीह यतितव्यं भवविरहमिच्छद्भिः ॥ ५० ॥

ગાથાર્થ :- જૈનેતર દર્શનમાં પણ ક્રમસર બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ એમ આશ્રમના ભેદો પ્રસિદ્ધ જ છે. આથી સંસારનો વિયોગ ઈચ્છનારાઓએ અને સર્વદર્શનોમાં શ્રેષ્ઠ એવા જિનાગમનું આલંબન લેનારાઓએ પૂર્વે કહ્યું તેમ પ્રતિમાપૂર્વક દીક્ષામાં પ્રયત્ન કરવો જોઈએ.

ટીકાર્થ :- '**तंतंतरेसु वि**'= સર્વનયોના સમૂહસ્વરૂપ જૈનશાસ્ત્રથી જુદા બીજા દર્શનોના શાસ્ત્રોમાં પણ '**इमो**'= આ '**आसमभेओ**'= બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ વગેરે આશ્રમના ભેદ '**पसिद्धओ चेव**'= પ્રસિદ્ધ જ છે.- તેમાં કોઈ જ વિવાદ ન હોવાથી તે સિદ્ધ જ છે, હવે સિદ્ધ કરવાના નથી '**ता**'= તેથી '**इय**'= પૂર્વે કહ્યા પ્રમાણે '**भवविरहं**'= સંસારના વિયોગને '**इच्छमाणेहिं**'= ઈચ્છનારા પુરુષોએ '**इह**'= પ્રતિમામાં '**जइयव्वं**'= પ્રયત્ન કરવો જોઈએ. પ્રથમ પ્રતિમાપાલન કર્યા પછી પણ ગમેતેમ દીક્ષા લઈ લેવી નહિ. અર્થાત્ પોતાની યોગ્યતાનો નિર્ણય કર્યા પછી જ દીક્ષા લેવી. ॥ ૪૯૪ ॥ ૧૦/૫૦

॥ ઉપાસક પ્રતિમા નામનું દશમું પંચાશક સમાપ્ત થયું. ॥

ધિ પ્રકરણ સમાપ્ત થાય છે.

• • •

॥ एकादशं साधुधर्मविधि - पञ्चाशकम् ॥

આ પ્રમાણે પ્રથમથી માંડીને દશ પ્રકરણો સુધીમાં શ્રાવકધર્મની પ્રરૂપણા કરાઈ. હવે સાધુધર્મની પ્રરૂપણા કરવાની ઈચ્છાથી કહે છે :-

नमिऊण वद्धमाणं, मोक्खफलं परममंगलं सम्मं ।
वोच्छामि साहुधम्मं, समासओ भावसारं तु ॥ ४९५ ॥ ११/१

छायाः- **नत्वा वर्द्धमानं मोक्षफलं परममङ्गलं सम्यक् ।**
वक्ष्यामि साधुधर्मं समासतो भावसारं तु ॥ १ ॥

ગાથાર્થ :- **શ્રી વર્દ્ધમાનસ્વામી**ને નમસ્કાર કરીને મોક્ષસાધક પરમ મંગલકારી, પ્રશસ્ત એવા સાધુધર્મને તેના ઐદમ્પર્યની સાથે સંક્ષેપથી કહીશ.

ટીકાર્થ :- '**वद्धमाणं**'= **વર્ધમાનસ્વામીને** '**नमिऊण**'= નમસ્કાર કરીને '**मोक्खफलं**'= મોક્ષ છે ફળ જેનું અર્થાત્ મોક્ષસાધક '**परममंगलं**'= શ્રેષ્ઠ મંગળસ્વરૂપ, કારણ કે જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ભાવમંગલ છે. '**सम्मं**'= પ્રશસ્ત '**साहुधम्मं**'= સાધુધર્મને '**समासओ**'= સંક્ષેપથી, સામાન્ય રીતે વિસ્તારથી તો બીજા ગ્રંથોમાં સાધુધર્મ કહેવાયો જ છે. પણ કેટલાક જિજ્ઞાસુઓને લાંબા વિવેચનોમાં કંટાળો આવતો હોય છે, તેમની ઉપર અનુગ્રહ કરવા માટે સંક્ષેપથી અહીં કહેવામાં આવે છે. '**भावसारं तु**'= ભાવપ્રધાન અર્થાત્ તેનું ઐદમ્પર્ય જણાવવાપૂર્વક સંક્ષેપમાં કહેવાનું આ ગ્રંથનું પ્રયોજન છે. કેટલાક જિજ્ઞાસુઓ ઐદમ્પર્યથી અજાણ હોય છે. તેમની ઉપર અનુગ્રહ કરવા માટે અહીં ઐદમ્પર્યને જણાવવામાં આવશે '**वोच्छामि**'= કહીશ. ॥ ૪૯૫ ॥ ૧૧/૧

તેમાં જેના ધર્મનું અહીં વર્ણન કરવામાં આવે છે તે સાધુ કોને કહેવાય ? તે કહે છેઃ-

चारित्तजुओ साहू, तं दुविहं देससव्वभेएण ।
देसचरित्ते न तओ, इयरम्मि उ पंचहा तं च ॥ ४९६ ॥ ११/२

छायाः- **चारित्रयुतः साधुः तद् द्विविधं देशसर्वभेदेन ।**
देशचारित्रे न तक इतरस्मिंस्तु पञ्चधा तच्च ॥ २ ॥

ગાથાર્થ :- જે ચારિત્રથી યુક્ત હોય તે સાધુ કહેવાય. તે ચારિત્ર દેશચારિત્ર અને સર્વચારિત્ર એમ બે પ્રકારનું છે. તેમાં દેશચારિત્રવાળો હોય તે સાધુ કહેવાતો નથી, જે સર્વચારિત્રવાળો હોય તે જ સાધુ કહેવાય છે. તે સર્વચારિત્રના પાંચ પ્રકાર છે.

ટીકાર્થ :- '**चारित्तजुओ**'= ચારિત્રથી યુક્ત હોય તે '**साहू**'= સાધુ કહેવાય. '**तं**'= તે ચારિત્ર '**देससव्वभेएण**'= દેશચારિત્ર અને સર્વચારિત્રના ભેદથી '**दुविहं**'= બે પ્રકારનું છે. '**देसचरित्ते**'= શ્રાવકને યોગ્ય એવા અનિંદિત ક્રિયાના કારણભૂત દેશચારિત્રવાળો '**न तओ**'= સાધુ કહેવાય નહિ. '**इयरम्मि उ**'= સર્વચારિત્ર સ્વરૂપ બીજા પ્રકારવાળો જ અર્થાત્ સર્વવિરતિની ક્રિયાના કારણભૂત એવા ચારિત્રના પરિણામમાં વર્તતો હોય તે જ સાધુ કહેવાય. '**तं च**'= અને તે સર્વચારિત્ર '**पंचहा**'= પાંચ પ્રકારનું છે. ॥ ૪૯૬ ॥ ૧૧/૨

સર્વચારિત્રના પાંચ ભેદને કહે છેઃ-

सामाइयत्थ पढमं, छेओवट्ठावणं भवे बीयं ।
परिहारविसुद्धीयं सुहुमं, तह संपरायं च ॥ ४९७ ॥ ११/३

छायाः- सामायिकमत्र प्रथमं छेदोपस्थापनं भवेद् द्वितीयम् ।
परिहारविशुद्धिकं सूक्ष्मं तथा सम्परायञ्च ॥ ३ ॥

तत्तो य अहक्खायं, खायं सव्वम्मि जीवलोगम्मि ।
जं चरिऊण सुविहिया, वच्चंति अणुत्तरं मोक्खं ॥ ४९८ ॥ ११/४ जुग्गं ।

छायाः- ततश्च यथाख्यातं ख्यातं सर्वस्मिन् जीवलोके ।
यच्चरित्वा सुविहिता व्रजन्ति अनुत्तरं मोक्षम् ॥ ४ ॥ युग्मम् ।

गाथार्थ :- પહેલું સામાયિક ચારિત્ર, બીજું છેદોપસ્થાપન ચારિત્ર, ત્રીજું પરિહારવિશુદ્ધિ ચારિત્ર, ચોથું સૂક્ષ્મસંપરાય ચારિત્ર અને પાંચમું જે સર્વજીવલોકમાં પ્રસિદ્ધ છે અને જેનું પાલન કરીને સાધુઓ શ્રેષ્ઠ એવા મોક્ષમાં જાય છે તે યથાખ્યાત ચારિત્ર છે.

ટીકાર્થ :- '**सामाइयत्थ**'= આમાં સામાઇય + અત્થ એમ બે શબ્દો છે. તેમાં પ્રાકૃતના કારણે '**अत्थ**' શબ્દના **अ**નો લોપ થવાથી **सामाईयत्थ** શબ્દ બન્યો છે. હવે સામાયિક ચારિત્ર એ '**पढमं**'= પહેલું છે, '**छेओवट्ठावणं**'= સાતિચાર અને નિરતિચાર મહાવ્રતના આરોપણ સ્વરૂપ છેદોપસ્થાપન ચારિત્ર '**भवे बीयं**'= બીજું છે, '**परिहारविसुद्धीयं**'= શાસ્ત્રમાં કહેલા પરિહાર નામના તપ વડે વિશુદ્ધિને પામેલા સાધુઓ પરિહારવિશુદ્ધ કહેવાય છે. તેઓનું જે ચારિત્ર તે પરિહારવિશુદ્ધીયં છે. આમાં 'પરિહારવિશુદ્ધ' શબ્દથી '**तेषाम् इदम्**' એ અર્થમાં, ગ્રહાદિ આકૃતિગણથી '**इय**' પ્રત્યય લાગીને '**परिहारविसुद्धीयं**' શબ્દ બન્યો છે. '**सुहुमं तह संपरायं च**'= સૂક્ષ્મસંપરાય અથવા પૂર્વના ગુણસ્થાનકોની અપેક્ષાએ આ ગુણસ્થાનકે અધ્યવસાયો સૂક્ષ્મ હોવાથી તેને સૂક્ષ્મ કહેવાય છે. સંસારમાં પરિભ્રમણના કારણભૂત લોભ કષાય અહીં માત્ર કિટ્ટીસ્વરૂપ જ છે, સ્પર્ધક સ્વરૂપે નથી માટે સૂક્ષ્મસંપરાય. સંપરાય એટલે કષાય. જે ચારિત્રમાં આવા કિટ્ટીસ્વરૂપ સૂક્ષ્મ કષાય છે તે ચારિત્રને સૂક્ષ્મસંપરાય કહેવામાં આવે છે. આમાં કષાય એ હેતુ છે. તે ફળસ્વરૂપ ચારિત્રનું વિશેષણ બન્યો છે. સૂક્ષ્મ અને સંપરાય એ બે શબ્દો મળીને 'સૂક્ષ્મસંપરાય' એવું એક નામ બન્યું છે. **॥४९७॥ ११/३**

'**तत्तो य**'= ત્યારબાદ '**अहक्खायं**'= યથાખ્યાત ચારિત્ર અથવા અકષાયચરિત્ર. '**खायं**'= પ્રસિદ્ધ છે. '**सव्वम्मि जीवलोगम्मि**'= સર્વલોકમાં- આ ચારિત્ર પામ્યા બાદ ટૂંક સમયમાં જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આથી તે સર્વલોકમાં પ્રસિદ્ધ છે. '**जं**'= જેને '**चरिऊण**'= સેવીને '**सुविहिया**'= શુભ અનુષ્ઠાનવાળા સાધુઓ '**अणुत्तरं**'= સર્વથી શ્રેષ્ઠ '**मोक्खं**'= સિદ્ધક્ષેત્રસ્વરૂપ અથવા સ્વરૂપાવસ્થારૂપ મોક્ષને '**वच्चंति**'= પામે છે. ॥ ४९८ ॥ ११/४

વાસ્તવિક રીતે તો આ પાંચે ય ચારિત્ર સામાયિકસ્વરૂપ જ છે. માત્ર તેમાં થોડી થોડી વિશિષ્ટતાના કારણે તેના પાંચ ભેદ ગણીને પાંચ જુદા જુદા નામ આપવામાં આવ્યા છે. આમ માનતા ગ્રંથકારમહર્ષિ એ ભેદોની વિવક્ષા કર્યા વગર તે સામાયિકની જ વ્યાખ્યા કરતાં કહે છે :-

समभावो सामाइयं, तणकंचणसत्तुमित्तविसओ त्ति ।
निरभिस्संगं चित्तं, उचियपवित्तिप्पहाणं च ॥ ४९९ ॥ ११/५

छायाः- समभावः सामायिकं तृणकञ्चन-शत्रुमित्रविषय इति ।
निरभिष्वङ्गं चित्तमुचितप्रवृत्तिप्रधानञ्च ॥ ५ ॥

ગાથાર્થ :- તૃણ-સુવર્ણમાં અને શત્રુ-મિત્રમાં સમભાવ તે સામાયિક. અર્થાત્ નિરભિષ્વંગ મન અને ઉચિતપ્રવૃત્તિપ્રધાન મન સામાયિક છે.

ટીકાર્થ :- '**समभावो**'= **समश्चासौ भावश्च इति समभावः** એમ કર્મધારય સમાસ થાય છે. અર્થાત્ મધ્યસ્થભાવથી ઉચિત પ્રવૃત્તિ કરવી તે સમભાવ છે. '**सामाइयं**'= સામાયિક. સામાયિકનો સમભાવ અર્થ એ પ્રવૃત્તિનિમિત્તના આધારે કર્યો છે. બાકી તેનું વ્યુત્પત્તિનિમિત્ત તો અનેક પ્રકારે થાય છે. કેવા પ્રકારના સમભાવને સામાયિક કહેવામાં આવે છે ? તો કહે છે કે- '**तणकंचणसत्तुमित्तविसओ त्ति**'= તૃણ અને સુવર્ણમાં અર્થાત્ દરેક અજીવ પદાર્થોમાં, શત્રુ અને મિત્રમાં અર્થાત્ દરેક જીવોના વિષયમાં - જગતમાં જીવ અને અજીવ સિવાય બીજો કોઈ પદાર્થ છે જ નહિ એટલે આનો અર્થ એ થયો કે જગતમાંની દરેક વસ્તુઓ અને જીવો પ્રત્યે '**निरभिस्संग**' = અનાસક્ત અર્થાત્ રાગ-દ્વેષ ન કરનાર એવું '**चित्तं**'= મન '**उचियपवित्तिप्पहाणं च**'= ઉચિત પ્રવૃત્તિ જેમાં પ્રધાન છે- અર્થાત્ પુણ્યશાળી એવો ધનાઢ્ય માણસ અને નિષ્પુણ્ય એવો ગરીબ માણસ સૌને પોતપોતાની અવસ્થાને અનુસારે પ્રવૃત્તિ જેમાં મુખ્ય છે- આ 'ઉચિત પ્રવૃત્તિપ્રધાન' એ વિશેષણથી સિદ્ધ થાય છે કે વીતરાગ બન્યા બાદ પણ યોગ્યતાની અપેક્ષાએ પરોપકારની પ્રવૃત્તિ કરે છે. ॥ ૪૯૯ ॥ ૧૧/૫.

सति एयम्मि उ णियमा, नाणं तह दंसणं च विण्णेयं ।
एएहिं विणा एयं, न जातु केसिंचि सद्धेयं ॥ ५०० ॥ ११/६

छायाः- सति एतस्मिंस्तु नियमाद् ज्ञानं तथा दर्शनञ्च विज्ञेयम् ।
एताभ्यां विना एतन्न जातु केषाञ्चित् श्रद्धेयम् ॥ ६ ॥

ગાથાર્થ :- સામાયિક હોય ત્યારે નિયમા જ્ઞાન અને દર્શન હોય જ એમ જાણવું. કારણકે જ્ઞાન, દર્શન વિના કોઈનું પણ સામાયિક શ્રદ્ધા કરવા યોગ્ય નથી, અર્થાત્ તે હોય જ નહિ.

ટીકાર્થ :- '**सति एयम्मि उ**'=આ સામાયિક હોય ત્યારે '**णियमा**'=અવશ્ય '**नाणं तह दंसणं च**'= જ્ઞાન અને દર્શન '**विण्णेयं**'=જાણવા. '**एएहिं विणा**'=જ્ઞાન અને દર્શન વિના '**एयं**'=આ સામાયિક '**केसिंचि**'=કોઈપણ જીવનું '**सद्धेयं**'=શ્રદ્ધા કરવા યોગ્ય '**न जातु**'=ક્યારે પણ હોય નહિ. ॥ ૫૦૦ ॥ ૧૧/૬

गुरुपारतंत नाणं, सद्दहणं एयसंगयं चेव ।
एत्तो उ चरित्तीणं, मासतुसादीण निद्दिट्ठं ॥ ५०१ ॥ ११/७

छायाः- गुरुपारतन्त्र्यं ज्ञानं श्रद्धानमेतत्सङ्गतश्चैव ।
अतस्तु चारित्रीणां माषतुषादीनां निर्दिष्टम् ॥ ७ ॥

ગાથાર્થ :- આથી જ માષતુષ આદિ ચારિત્રીઓને ગુરુપરતંત્રતારૂપ જ્ઞાન અને જ્ઞાનને અનુરૂપ દર્શન હોય છે એમ આ જ્ઞાનદર્શન બંનેનો સદ્ભાવ કહેલો છે.

ટીકાર્થ :- '**गुरुपारतंत**'= ગુરુપારતન્ત્ર્યસ્વરૂપ '**नाणं**'= જ્ઞાન-જ્ઞાન એ વ્યાપક છે અને ચારિત્ર એ વ્યાપ્ય છે, જ્યાં વ્યાપ્ય હોય ત્યાં વ્યાપક હોય જ, દા. ત. જ્યાં જ્યાં ધૂમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોય જ, જ્યાંથી જે સૂચવાય એ વ્યાપ્ય કહેવાય છે. અને ત્યાં ત્યાંથી જે સૂચવાય તે વ્યાપક કહેવાય છે. અહીં જ્યાં જ્યાંથી ધૂમાડો સૂચવાય છે. માટે ધૂમાડો વ્યાપ્ય છે અને ત્યાં ત્યાંથી અગ્નિ સૂચવાયેલો છે

માટે અગ્નિ વ્યાપક છે, એમ જ્યાં જ્યાં ચારિત્ર હોય, ત્યાં ત્યાં જ્ઞાન (તથા દર્શન) હોય જ, માટે ચારિત્ર વ્યાપ્ય છે અને જ્ઞાન (તથા દર્શન) વ્યાપક છે. માટે જ અતિશય જડબુદ્ધિવાળા એવા **માષતુષમુનિ**ને શ્રુતજ્ઞાન વિશેષ ન હોવા છતાં ગુરુસમર્પણ હતો એ જ એમનું જ્ઞાન છે. '**सद्दहणं**'= શ્રદ્ધા '**एयसंगयं चेव**'= જ્ઞાનથી યુક્ત-જ્ઞાનને અનુરૂપ જ '**एत्तो उ**'= આથી જ જ્ઞાનદર્શન વિના ચારિત્ર હોય જ નહિ માટે '**चरित्तीणं**'= મુનિઓને '**मासतुसादीण**'= **માષતુષ** આદિ '**निद्दिट्ठं**'= આ જ્ઞાન અને દર્શન કહ્યા છે. અર્થાત્ તેઓને શાસ્ત્રનું જ્ઞાન ન હતું પણ ગુરુસમર્પણ સ્વરૂપ જ્ઞાન તો હતું જ. ॥ ૫૦૧ ॥૧૧/૭

સાધુનું વર્ણન કરાયું, હવે તેના ધર્મનું વર્ણન કરાય છેઃ-

धम्मो पुण एयस्सिह, संमाणुट्ठाणपालणारूवो ।
विहिपडिसेहजुयं तं, आणासारं मुणेयव्वं ॥ ५०२ ॥ ११/८

છાયાઃ- धर्मः पुन एतस्येह सम्यगनुष्ठानपालनारूपः ।
विधिप्रतिषेधयुतं तदाज्ञासारं ज्ञातव्यम् ॥ ८ ॥

ગાથાર્થ :- અહીં શુભ અનુષ્ઠાનોનું પાલન કરવું એ સાધુનો ધર્મ છે. તે શુભઅનુષ્ઠાન સમ્યગ્ વિધિપ્રતિષેધથી યુક્ત અને આજ્ઞાપ્રધાન હોય છે એમ જાણવું.

ગાથાર્થ :- '**इह**'= આ અધિકારમાં '**धम्मो पुण एयस्स**'= સાધુનો ધર્મ '**संमाणुट्ठाणपालणारूवो**'= શુભ અનુષ્ઠાનના પાલન અર્થાત્ રક્ષણ કરવાના લક્ષણવાળો છે. '**तं**'= શુભ અનુષ્ઠાન '**विहिपडिसेहजुयं**'= ધ્યાન-અધ્યયને કરવા સ્વરૂપ વિધિથી અને હિંસા-જૂઠ આદિને કરવા નહિ એ સ્વરૂપ પ્રતિષેધથી યુક્ત '**आणासारं**'= સર્વજ્ઞની આજ્ઞાપ્રધાન '**मुणेयव्वं**'= જાણવું. ॥ ૫૦૨ ॥ ૧૧/૮

अग्गीयस्स इमं कह ? गुरुकुलवासाउ कह तओ गीओ ? ।
गीयाणाकरणाओ, कहमेयं ? णाणतो चेव ॥ ५०३ ॥ ११/९

છાયા :- अगीतस्य इदं कथम्? गुरुकुलवासात् कथं तको गीतः ।
गीताज्ञाकरणात् कथमेतत् ? ज्ञानतश्चैव ॥ ९ ॥

ગાથાર્થ :- પ્રશ્ન- અગીતાર્થને જ્ઞાન કેવી રીતે હોય ?

ઉત્તર :- અગીતાર્થને ગુરુકુલવાસના સેવનથી જ્ઞાન હોય.

પ્રશ્ન :- ગુરુકુલવાસના સેવનથી તે ગીતાર્થ કેવી રીતે થાય ?

ઉત્તર :- ગીતાર્થ ગુરુની આજ્ઞાનું પાલન કરવાથી તે ગીતાર્થ થાય.

પ્રશ્ન :- તે ગીતાર્થની આજ્ઞાનું પાલન કેવી રીતે થાય ?

ઉત્તર :- ગુરુપારતન્ત્ર્યરૂપ જ્ઞાનથી જ ગીતાર્થની આજ્ઞાનું પાલન થાય છે.

ટીકાર્થ :- '**अग्गीयस्स**'= અગીતાર્થને '**इमं**'= જ્ઞાન '**कह ?**'= કેવી રીતે ? '**गुरुकुलवासाउ**'= ગુરુકુલવાસથી હોય- આ ઉત્તર છે. '**कह तओ गीओ ?**'= ગુરુકુલવાસથી ગીતાર્થ કેવી રીતે થાય ? '**गीयाणाकरणाओ**'= ગીતાર્થની આજ્ઞાનું પાલન કરવાથી '**कहमेयं ?**'= ગીતાર્થની આજ્ઞાનું પાલન શાથી થાય ? '**णाणतो चेव**'= ગુરુપારતન્ત્ર્યરૂપ જ્ઞાનથી જ-ગુરુપરતંત્રતા એ જ્ઞાન જ છે. કારણકે જ્ઞાન વગર ગીતાર્થની આજ્ઞાનું પાલન થઈ શકે નહિ. ॥ ૫૦૩ ॥ ૧૧/૯.

चारित्तओ च्चिय दढं, मग्गणुसारी इमो हवइ पायं ।
एत्तो हिते पवत्तति, तहणाणातो सदंधो व्व ॥ ५०४ ॥ ११/१०

छायाः- चारित्रत एव दृढं मार्गानुसारी अयं भवति प्रायः ।
इतो हिते प्रवर्तते तथाज्ञानात् सदन्धवत् ॥ १० ॥

गाथार्थ :- साधु चारित्रना प्रभावे ज प्रायः अतिशय मार्गानुसारी होय छे अर्थात् मोक्षमार्गने अनुकूळ वर्तन करनारो होय छे. आथी तेवा प्रकारना बोधथी सदंधनी जेम ते हितमां प्रवृत्ति करे छे.

टीकार्थ :- '**इमो**'= साधु '**चारित्तओ च्चिय**'= चारित्रना प्रभावथी ज '**दढं**'= अतिशय '**मग्गणुसारी**'= स्वभावथी ज मोक्षमार्गने अनुकूळ प्रवृत्ति करनार '**हवइ पायं**'= घणुं करीने होय छे. '**एत्तो**'= मार्गानुसारीपणाथी **हिते** '**तहणाणातो**'= हित अने अहितनुं अविसंवादी ज्ञान तेने होवाथी '**सदंधो व्व**'= तेवा प्रकारना पुण्यशाळी अंध पुरुषनी जेम **पवत्तति**'= अहितनो त्याग करीने हितमां प्रवर्ते छे.

ते आ प्रमाणेः- मार्गमां जतो कोईक अंध पुरुष पोते देखतो नहि होवा छतां पण पुण्यना योगे पोतानी ईच्छापूर्वकनी प्रवृत्तिथी स्वाभाविक रीते ज मार्गमां चाले छे. खोटा मार्गे चडी जतो नथी, तेम आ अगीतार्थ साधु पण तेवा प्रकारना मार्गानुसारी गुणना योगे हितमां ज प्रवृत्ति करे छे. ॥ ५०४ ॥ ११/१०

अंधोऽणंधो व्व सदा, तस्साणाए तहेव लंघेइ ।
भीमं पि हु कंतारं, भवकतारं इय अगीतो ॥ ५०५ ॥ ११/११

छाया :- अन्धोऽनन्ध इव सदा तस्याज्ञया तथैव लङ्घयति ।
भीममपि खलु कान्तारं भवकान्तारमित्यगीतः ॥ ११ ॥

गाथार्थ :- सदा देखता पुरुषनी आज्ञामां रहेलो अंधपुरुष देखता पुरुषनी जेम ज तेनी साथे भयंकर पण जंगलने ओळंगी जाय छे. तेम गीतार्थनी आज्ञामां रहेल अगीतार्थ संसाररूप जंगलने ओळंगी जाय छे.

टीकार्थः- '**सदा**'= हंमेशा '**अणंधो व्व**'= देखता पुरुषनी जेम '**तस्स**'= तेना '**आणाए**'= उपदेशरूप आज्ञाथी अर्थात् तेना बतावेला रस्ते चालवाथी '**तहेव**'= देखता पुरुषनी जेम '**अंधो**'= चक्षु वगरनो अंधपुरुष '**भीमं पि**'= भयंकर पण '**हु**'= आ शब्द वाक्यालंकार माटे छे. अर्थात् वाक्यनी शोभा माटे छे, एटले के वाक्य सारुं लागे ते माटे मूक्यो छे पण तेनो कोई अर्थ करवानो नथी. '**कंतारं**'= जंगलने '**लंघेइ**'= तेना पगलाने अनुसरतो ओळंगी जाय छे. '**इय**'= आ प्रमाणे '**अगीतो**'= अगीतार्थ, '**भवकंतारं**'= संसाररूपी अटवीने "ओळंगी जाय छे" एम क्रियापदनो संबंध जोडवो. ॥ ५०५ ॥ ११/११

अगीतार्थ मुनि गीतार्थनी आज्ञाने अनुसरवाथी संसाराटवीने ओळंगी जाय छे एम कह्युं. तेमां आज्ञानी ज प्रधानता कहेवाई. अथवा आज्ञाप्रधान सम्यग् अनुष्ठान ज धर्म कहेवाय एम कह्युं छे, आथी आज्ञाने उद्देशीने ज कहे छे :-

आणारुइणो चरणं, आणाए च्चिय इमं ति वयणाओ ।
एत्तोऽणाभोगम्मि वि, पण्णवणिज्जो इमो होइ ॥ ५०६ ॥ ११/१२

છાયા :- आज्ञारुचेः चरणमाज्ञयैव इदमिति वचनात् ।
अतोऽनाभोगेऽपि प्रज्ञापनीयोऽयं भवति ॥ १२ ॥

ગાથાર્થ :- 'આજ્ઞામાં જ ચારિત્ર છે'' એવા શાસ્ત્રવચનથી આજ્ઞામાં રુચિવાળાને ચારિત્ર હોય. આજ્ઞામાં રુચિવાળો હોવાથી કદાચ અનાભોગથી શુભમાં અપ્રવૃત્તિ કે અશુભમાં પ્રવૃત્તિ તે કરતો હોય તો પણ અગીતાર્થ સાધુ પ્રજ્ઞાપનીય હોય છે. અર્થાત્ સમજાવીને તેને તેમાંથી વાળી શકાય છે.

ટીકાર્થ :- '**आणारुइणो**'= આજ્ઞામાં રુચિવાળાને '**चरणं**'= ચારિત્ર છે. '**आणाए च्चिय**'= આજ્ઞાથી જ '**इमं ति**'= આ ચારિત્ર છે એવા '**वयणाओ**'= શાસ્ત્રવચનથી '**एत्तो**'= આજ્ઞામાં રુચિવાળો હોવાથી '**अणाभोगम्मि वि**'= અજ્ઞાનતાથી કોઈક વખત અશુભ પ્રવૃત્તિ કરતો હોય તો પણ એ વિષયમાં '**पण्णवणिज्जो**'= સુખપૂર્વક સમજાવી શકાય એવો '**इमो**'= આ અગીતાર્થ '**होइ**'= હોય છે. ॥ ૫૦૬ ॥ ૧૧/૧૨

एसा य परा आणा, पयडा जं गुरुकुलं न मोत्तव्वं ।
आचारपढमसुत्ते, एत्तो च्चिय दंसियं एयं ॥ ५०७ ॥ ११/१३

છાયા :- एषा च परा आज्ञा प्रकटा यद् गुरुकुलं न मोक्तव्यम् ।
आचारप्रथमसूत्रे अत एव दर्शितमेतत् ॥ १३ ॥

ગાથાર્થ :- ભગવાનની પ્રકૃષ્ટ પ્રગટ આજ્ઞા છે કે ગુરુકુલવાસ ન છોડવો. આથી જ શ્રી **આચારાંગ**સૂત્રના પહેલા સૂત્રમાં **''ગુરુકુલ ન છોડવું''** એમ કહ્યું છે.

ટીકાર્થ :- '**एसा य**'= અને આ '**परा**'= પ્રકૃષ્ટ '**पयडा**'= પ્રગટ '**आणा**'= ભગવાનની આજ્ઞા છે. '**जं**'= કે '**गुरुकुलं**'= ગુરુકુળ '**न मोत्तव्वं**'= છોડવું નહિ. '**आचारपढमसुत्ते**'= શ્રી **આચારાંગસૂત્રના** પ્રથમ અધ્યયનના પ્રથમ સૂત્રમાં '**सुयं मे आउसंतेण**'= હે આયુષ્માન્ શિષ્ય ! ભગવાન પાસેથી મેં સાંભળ્યું છે'' આ સૂત્રમાં '**एत्तो च्चिय**'= આજ્ઞાની પ્રધાનતા હોવાથી જ '**एयं**'= ગુરુકુલને નહિ છોડવાનું '**दंसियं**'= કહ્યું છે. ॥ ૫૦૭ ॥ ૧૧/૧૩

एयम्मि परिच्चत्ते, आणा खलु भगवतो परिच्चत्ता ।
तीए य परिच्चागे, दोण्ह वि लोगाण चागो त्ति ॥ ५०८ ॥ ११/१४

છાયા :- एतस्मिन् परित्यक्ते आज्ञा खलु भगवतः परित्यक्ता ।
तस्याश्च परित्यागे द्वयोरपि लोकयोः त्याग इति ॥ १४ ॥

ગાથાર્થ :- ગુરુકુલને ત્યજવાથી ભગવાનની આજ્ઞાનો ત્યાગ થાય છે. અને જિનાજ્ઞાનો ત્યાગ કરવાથી બંને ય લોકનો ત્યાગ થાય છે.

ટીકાર્થ :- '**एयम्मि**'= ગુરુકુળને '**परिच्चत्ते**'= ત્યજવામાં '**आणा खलु**'= આજ્ઞા નિશ્ચે '**भगवतो**'= ભગવાનની '**परिच्चत्ता**'= ત્યજાઈ, '**तीए य**'= આજ્ઞાના '**परिच्चागे**'= ત્યાગમાં '**दोण्ह वि लोगाण**'= આલોક અને પરલોક એમ બંને લોકનો '**चागो त्ति**'= ત્યાગ થાય છે. અર્થાત્ બંને લોક નિષ્ફળ જાય છે. ॥ ૫૦૮ ॥ ૧૧/૧૪

ता न चरणपरिणामे, एयं असमंजसं इहं होति ।
आसण्णसिद्धियाणं, जीवाण तहा य भणियमिणं ॥ ५०९ ॥ ११/१५

छाया :- तन्न चरणपरिणाम एतदसमञ्जसमिह भवति ।
आसन्नसिद्धिकानां जीवानां तथा च भणितमिदम् ॥ १५ ॥

गाथार्थ :- તેથી તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમથી જેને ચારિત્રનો પરિણામ જાગ્યો છે એવા આસન્નસિદ્ધિક જીવો આવું ગુરુકુળત્યાગ જેવું અસમંજસ કાર્ય કરતા નથી, કારણકે આગમમાં કહ્યું છે કે :-

टीकार्थ :- '**ता**'= તેથી '**चरणपरिणामे**'= તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમથી ચારિત્રનો પરિણામ જાગ્યા પછી '**एयं**'= ગુરુકુળવાસનો ત્યાગ કરવા જેવા '**असमंजसं**'= અયોગ્ય કાર્ય '**आसण्णसिद्धियाणं**'= જે નજીકના કાળમાં જ મુક્તિને પ્રાપ્ત કરવાના છે એવા '**जीवाण**'= ભવ્ય જીવોને '**इहं**'= સાધુધર્મમાં '**न होति**'= થતા નથી. '**तहा य**'= તે કારણથી '**इणं**'= આ પ્રમાણે '**भणियं**'= આગમમાં કહ્યું છે. ॥ ૫૦૯ ॥ ११/१५

नाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य ।
धण्णा आवकहाए, गुरुकुलवासं न मुंचंति ॥५१० ॥ ११/१६

छाया :- ज्ञानस्य भवति भागी स्थिरतरको दर्शने चरित्रे च ।
धन्या यावत्कथिकं गुरुकुलवासं न मुञ्चन्ति ॥ १६ ॥

गाथार्थ :- (ગુરુકુળમાં રહેલ સાધુ) જ્ઞાનનો ભાગી થાય છે, દર્શન અને ચારિત્રમાં અત્યંત સ્થિર થાય છે. આથી ધન્ય સાધુઓ યાવજ્જીવ ગુરુકુળવાસને છોડતાં નથી.

टीकार्थ :- '**नाणस्स**'= શ્રુતજ્ઞાનનો '**भागी**'= પાત્ર 'પુરુષ-સાધુ' શબ્દ અહીં અધ્યાહાર સમજવાનો છે. '**होइ**'= થાય છે. '**दंसणे**'= સમ્યક્ત્વમાં '**चरित्ते य**'= અને ચારિત્રમાં '**थिरयरओ**'= અત્યંત દૃઢ થાય છે. '**धण्णा**'= ધન્ય સાધુઓ '**आवकहाए**'= જાવજ્જીવ સુધી '**गुरुकुलवासं** '= ગુરુકુળવાસને '**न मुंचंति**'= છોડતા નથી. ॥ ૫૧૦ ॥ ११/१६

तत्थ पुण संठिताणं, आणाआराहणा ससत्तीए ।
अविगलमेयं जायति, बज्झाभावेऽवि भावेणं ॥५११ ॥ ११/१७

छाया :- तत्र पुनः संस्थितानामाज्ञाऽऽराधनात् स्वशक्त्या ।
अविकलमेतज्जायते बाह्याभावेऽपि भावेन ॥ १७ ॥

गाथार्थ :- ગુરુકુળમાં રહેલા સાધુઓનું ચારિત્ર યથાશક્તિ આજ્ઞાની આરાધનાથી પૂર્ણ થાય છે. કદાચ તે બાહ્યથી પૂર્ણ ન હોય તો પણ ભાવથી પૂર્ણ હોય છે.

टीकार्थ :- '**तत्थ पुण**'= ગુરુકુળમાં '**संठिताणं**'= રહેલા સાધુઓનું, પાઠાન્તર '**वसतां**'નો પણ આ જ અર્થ છે. '**आणाआराहणा**'= આજ્ઞાનું પાલન કરવાથી '**ससत्तीए**'= પોતાની શક્તિ મુજબ '**अविगलं**'= સંપૂર્ણ '**एय**'= ચારિત્ર '**जायति**'= સંભવે છે. '**बज्झाभावेऽवि**'= આગમમાં કહેલી બાહ્ય ક્રિયાનો અભાવ હોય તો પણ '**भावेणं**'= ભાવને આશ્રયીને - અર્થાત્ દ્રવ્યથી અપૂર્ણ હોવા છતાં ભાવથી પૂર્ણ હોય છે. ॥ ૫૧૧ ॥ ११/१७

कुलवहुणायादीया, एत्तो च्चिय एत्थ दंसिया बहुगा ।
एत्थेव संठियाणं, खंतादीणं पि सिद्धि त्ति ॥५१२ ॥ ११/१८

છાયા :- कूलवधूज्ञातादयो इत एवात्र दर्शिता बहुकाः ।
अत्रैव संस्थितानां क्षान्त्यादीनामपि सिद्धिरिति ॥ १८ ॥

ગાથાર્થ :- આથી જ આગમમાં કુલવધૂ વગેરે ઘણા દૃષ્ટાંતો જણાવ્યા છે. ગુરુકુળમાં રહેનારા સાધુને ક્ષમા આદિ ગુણોની પણ સિદ્ધિ થાય છે.

ટીકાર્થ :- '**एत्तो च्चिय**'= ગુરુકુલવાસની મુખ્યતાથી જ '**एत्थ**'= શાસ્ત્રમાં '**कुलवहुणायादीया**'= કુલવધૂ વગેરેના દૃષ્ટાંતો '**बहुगा**'= ઘણાં '**दंसिया**'= જણાવ્યાં છે.

જેવી રીતે શ્વસુરકુળમાં રહેલી કુલવધૂ સ્ત્રી શિયળની રક્ષા અને વૈભવની સ્વામિની બનવા સ્વરૂપ ઘણાં ગુણોનું પાત્ર બને છે અર્થાત્ તેને આ બધા લાભો થાય છે તેમ ગુરુકુલમાં રહેલા સાધુને પણ જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે.

જેવી રીતે રાજકુળમાં રાજાની નજર સમક્ષ રહેતા રાજસેવક ઉપર પ્રસન્ન થઈને રાજા ઘણી કૃપા કરે છે તેમ ગુરુકુલમાં રહેવાથી સાધુને ગુરુની કૃપાથી જ્ઞાનાદિનો ઘણો લાભ થાય છે.

જેવી રીતે કલાચાર્યની ભક્તિ કરનાર શિષ્યને કલાચાર્યની પાસેથી ઘણી કલા આદિ શીખવા મળે છે તેમ ગુરુકુલમાં રહેવાથી સાધુને જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે.

'**एत्थेव**'= ગુરુકુલમાં જ '**संठियाणं**'= સમ્યગ્ રહેલા સાધુઓને '**खंतादीणं पि**'= ક્ષમા આદિ યતિધર્મના ગુણોની પણ '**सिद्धि त्ति**'= સિદ્ધિ થાય છે. ॥ ૫૧૨ ॥ ૧૧/૧૮

ગુરુકુલમાં રહેનાર સાધુને યતિધર્મની પ્રાપ્તિ થાય છે એમ કહ્યું તો હવે તે યતિધર્મનું વર્ણન કરતાં કહે છે. :-

खंती य मद्दवऽज्जवमुत्ती तव संजमे य बोद्धव्वे ।
सच्चं सोयं आकिंचणं च, बंभं च जतिधम्मो ॥५१३॥११/१९

છાયા :- क्षान्तिश्च मार्दवार्जवमुक्तयः तपः संयमश्च बोद्धव्यः ।
सत्यं शौचमाकिञ्चन्यञ्च ब्रह्म च यतिधर्मः ॥ १९ ॥

ગાથાર્થ :- ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારનો સાધુધર્મ છે.

ટીકાર્થ :- '**खंती**'= સહન કરવું, ક્રોધનો નિગ્રહ કરવો તે ક્ષમા '**य**'= અને માર્દવ, આર્જવ આદિ દરેક શબ્દની પછી આ 'ચ' શબ્દનો સંબંધ જોડવાનો છે. '**मद्दव**'= નમ્રતા. આ માર્દવ આદિ શબ્દોમાં વિભક્તિનો લોપ કરવામાં આવ્યો છે.- મૃદુ એટલે કોમળસ્વભાવવાળો તથા વિનયવાળો- આ શબ્દથી ભાવમાં પ્રત્યય કરીને માર્દવ શબ્દ બન્યો છે. માનનો અભાવ તે માર્દવ, અર્થાત્ નમ્રતા. '**अज्जव**'= સરળતા. 'ઋજુ' એટલે સ્વચ્છ આશયવાળો સરળ મનુષ્ય. તેને ભાવમાં પ્રત્યય કરીને આર્જવ શબ્દ બન્યો છે. આર્જવ એટલે માયાનો અભાવ-સરળતા. '**मुत्ती**' = નિર્લોભતા. પ્રાપ્ત થયેલી વસ્તુનો ત્યાગ કરવો તે. અર્થાત્ લોભનો અભાવ. '**तव**'= શાસ્ત્રમાં પ્રસિદ્ધ અનશનાદિ બાહ્યતપ અને પ્રાયશ્ચિત્તાદિ અભ્યંતર તપ '**संजमे य**'= મનસંયમ, વચનસંયમ અને કાયસંયમ એમ ત્રણ પ્રકારનો સંયમ '**बोद्धव्वे**' = જાણવો. '**सच्चं**'= સત્ય, તે ચાર પ્રકારનું છે. (૧) મનનો અવિસંવાદ, (૨) વચનનો

અવિસંવાદ, (૩) કાયાનો અવિસંવાદ અને (૪) કપટનો અભાવ. '**सोयं**'= પવિત્રતા- તે બાહ્ય શૌચ અને અભ્યન્તર શૌચ એમ તેના બે પ્રકાર છે, '**आकिंचणं च**'= પાંચ વિષયનો વૈરાગ્ય- 'અકિંચન' શબ્દથી ભાવમાં પ્રત્યય લગાડીને 'આકિંચન્ય' શબ્દ બન્યો છે. '**बंभं च**'= અને બ્રહ્મચર્ય **'जतिधम्मो**'= સાધુધર્મ ॥ ૫૧૩ ॥ ૧૧/૧૯

गुरुकुलवासच्चाए, णेयाणं हंदि सुपरिसुद्धि त्ति ।
सम्मं णिरूवियव्वं, एयं सति णिउणबुद्धीए ॥ ५१४ ॥ ११/२०

છાયા :- गुरुकुलवासत्यागे नैतेषां हंदि सुपरिशुद्धिरिति ।
सम्यक् निरूपयितव्यमेतत् सदा निपुणबुद्ध्या ॥ २० ॥

ગાથાર્થ :- ગુરુકુલવાસનો ત્યાગ કરવામાં આવે તો ક્ષમાદિ દશ સાધુધર્મની શુદ્ધિ જળવાતી નથી. આ વાત હંમેશા સૂક્ષ્મબુદ્ધિથી સમ્યગ્ રીતે વિચારવી.

ટીકાર્થ :- '**गुरुकुलवासच्चाए**'= ગુરુકુલવાસનો ત્યાગ કરવામાં આવે તો '**णेयाणं**'= ક્ષમા આદિ સાધુ ધર્મની '**सुपरिसुद्धि त्ति**'= બાહ્ય અને અંતરંગ દોષથી રહિતપણારૂપ શુદ્ધિ '**सम्मं**'= સમ્યગ્ રીતે '**ण**'= જળવાતી નથી. '**एयं**'= આ '**सति**'= હંમેશા '**णिउणबुद्धीए**'= સૂક્ષ્મબુદ્ધિથી '**णिरूवियव्वं**'= વિચારવું. ॥ ૫૧૪ ॥ ૧૧/૨૦.

ગુરુકુલવાસનો ત્યાગ કરવામાં જે દોષો રહેલા છે તે વર્ણવતાં કહે છે :-

खंतादभावओ च्चिय, णियमेणं तस्स होति चाउ त्ति ।
बंभं ण गुत्तिविगमा, सेसाणि वि एवं जोइज्जा ॥ ५१५ ॥ ११/२१

છાયા :- क्षान्त्याद्यभावत एव नियमेन तस्य भवति त्याग इति ।
ब्रह्म न गुप्तिविगमात् शेषाण्यपि एवं योजयेत् ॥ २१ ॥

ગાથાર્થ :- ક્ષમા આદિના અભાવથી જ ગુરુકુલવાસનો ત્યાગ થાય છે. તેથી બ્રહ્મચર્યની ગુપ્તિ ન રહેવાથી બ્રહ્મચર્ય રહેતું નથી. એવી રીતે તપ, સંયમાદિ બાકીના ગુણો રહેતા નથી તેની યથાસંભવ યોજના કરી લેવી.

ટીકાર્થ :- '**खंतादभावओ च्चिय**'= ક્રોધાદિ કષાયના ઉદયથી જ '**णियमेणं**'= અવશ્યપણે '**तस्स**'= ગુરુકુળનો '**चाउ त्ति**'= ત્યાગ થાય છે. '**बंभं न**'= ગુરુકુલવાસના ત્યાગમાં બ્રહ્મચર્ય રહેતું નથી. '**गुत्तिविगमा**'= નવ બ્રહ્મચર્યની ગુપ્તિ ન સાચવવાથી '**सेसाणि वि**'= બાકીના તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચન્ય '**एवं जोइज्जा**'= જે રીતે સંભવે નહિ તે રીતે યોજના કરી લેવી. ॥ ૫૧૫ ॥ ૧૧/૨૧

ગુરુકુળવાસના ગુણો (લાભ) વર્ણવે છે :-

गुरुवेयावच्चेणं, सदणुट्ठाणसहकारिभावाओ ।
विउलं फलमिब्भस्स व, विसोवगेणावि ववहारे ॥ ५१६ ॥ ११/२२

છાયા :- गुरुवैयावृत्येन सदनुष्ठानसहकारिभावात् ।
विपुलं फलमिभ्यस्य इव विंशोपकेनापि व्यवहारे ॥ २२ ॥

ગાથાર્થ :- ગુરુકુલવાસમાં રહેવાથી ગુરુભગવંતની વેયાવચ્ચ કરવાનો લાભ મળે છે તેમજ તેઓશ્રીના

શુભ અનુષ્ઠાનોમાં સહાયક થવાય છે આ રીતે ઘણી નિર્જરા કરી શકાય છે. જેમ ઘેર આવેલા શ્રીમંતનો કોડીના વીસમા ભાગ જેટલા ધન વડે તેની ભેગો વેપાર કરવાથી જેમ ઘણો લાભ થાય છે તેમ કર્મનિર્જરારૂપ મહાન લાભ થાય છે.

ટીકાર્થ :- '**गुरुवेयावच्चेणं**'= ગુરુની વેયાવચ્ચ કરવાથી '**सदणुट्ठाणसहकारिभावाओ**'= ગુરુને સત્કાર્યોમાં સહાય કરવાથી '**विउलं**'= ઘણી જ '**फलं**'= નિર્જરા થાય છે. અર્થાત્ મુક્તિરૂપ મોટું ફળ મળે છે. '**इब्भस्स व**'= મહાધનવાન શ્રીમંતનો જેમ '**विसोवगेणावि**'= કોડીના વીસમા ભાગ જેટલા ધન વડે પણ '**ववहारे**'= તે શ્રીમંત ઘેર પધાર્યા હોય ત્યારે તેમનો સત્કાર કરવાથી અથવા તેના ભેગો વેપાર કરવાથી. (ઘણો લાભ થાય તેમ)

(નિર્ધન માણસ પાસે ધન અલ્પ હોવાથી તે અલગ ધંધો કરી શકે એમ નથી પણ શ્રીમંતનો મોટો વેપાર ચાલતો હોય તેમાં પોતાનું થોડું ધન રોકીને જો તેના ભેગો એ વેપાર કરે તો તેને પણ કમાણી થાય છે. તેમ સાધુ પોતે એવા સદનુષ્ઠાન કરી શકે એમ નથી પણ ગુરુ જે સદનુષ્ઠાનો કરે છે તેમાં પોતે જો સહાય કરે તો તેને પણ નિર્જરા થાય જ છે.) ॥ ૫૧૬ ॥ ૧૧/૨૨

ગુરુકુલવાસ ન સેવવામાં આવે તો જે દોષો લાગે છે તે વર્ણવે છે :-

इहरा सदंतराया, दोसोऽविहिणा य विविहजोगेसु ।
हंदि पयट्टंतस्सा, तदण्णदिक्खावसाणेसु ॥ ५१७ ॥ ११/२३

छाया :- इतरथा सदाऽन्तरायाद् दोषोऽविधिना च विविधयोगेषु ।
हन्दि प्रवर्तमानस्य तदन्यदीक्षावसानेषु ॥ २३ ॥

ગાથાર્થ :- ગુરુકુલવાસનો ત્યાગ કરવાથી શિષ્યને સંભવિત એવા જ્ઞાનાદિ ગુણોનો વ્યાઘાત થાય છે. એ દોષ છે તથા પડિલેહણાથી માંડીને બીજાને દીક્ષા આપવા સુધીના બીજા બધા યોગોમાં અવિધિથી પ્રવર્તવાથી તેને દોષ થાય છે.

ટીકાર્થ :- '**इहरा**'= અન્યથા અર્થાત્ ગુરુકુલના ત્યાગથી '**सद्**'= શિષ્યમાં સંભવિત જ્ઞાનાદિ ગુણોનો '**अंतराया**'= અંતરાય થવાથી '**दोसो**'= જ્ઞાનાદિ ગુણોનો અભાવ થાય છે એ દોષ થાય છે. '**अविहिणा य**'= શાસ્ત્રમાં કહેલી વિધિને નહિ જાળવવાથી '**विविहजोगेसु**'= પડિલેહણાદિ વિવિધ યોગોમાં '**पयट्टंतस्सा**'= પ્રવૃત્તિ કરનારને '**तदण्णदिक्खावसाणेसु**'= '**तदन्य**'= ગુરુકુલવાસી સિવાયનો અર્થાત્ ગુરુકુલવાસનો ત્યાગી સાધુ કોઈ બીજા મુમુક્ષુને દીક્ષા આપે ત્યાં સુધીના વિવિધ યોગોમાં અવિધિપૂર્વક પ્રવર્તવાથી દોષો થાય છે.

ગુરુકુલનો ત્યાગ કરનાર સાધુ પોતે સ્વયં અવિધિથી પ્રવૃત્તિ કરે છે એ તો દોષરૂપ છે પણ તે જેને દીક્ષા આપશે એ તેનો શિષ્ય પણ તેનું જોઈને શાસ્ત્રથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરશે આ મોટો દોષ છે.

પોતે શાસ્ત્રથી ભ્રષ્ટ થયેલ છે માટે પોતાની પ્રવૃત્તિ શાસ્ત્રબાહ્ય હોવાથી શિષ્યાદિની પ્રવૃત્તિ મહાન દોષનો હેતુ બને છે માટે આમ કહ્યું છે. અવિધિનું આચરણ સમગ્ર શાસનને ગ્લાનિ પેદા કરનારું થાય છે અને અંતે શાસનનો નાશ કરનાર થાય છે. આ બધા કારણોથી ગુરુકુલવાસ જ કલ્યાણકર છે. ॥ ૫૧૭ ॥ ૧૧/૨૩

गुरुगुणरहिओ उ गुरुः, न गुरु विहिचायमो उ तस्सिट्ठो ।
अण्णत्थ संकमेणं, ण उ एगागित्तणेणं ति ॥ ५१८ ॥ ११/२४

छाया :- गुरुगुणरहितस्तु गुरुः, न गुरु विधित्यागस्तु तस्येष्टः ।
अन्यत्र सङ्क्रमेण न तु एकाकित्वेनेति ॥ २४ ॥

गाथार्थ :- ગુરુના ગુણોથી જે રહિત હોય તે ગુરુ તરીકે યોગ્ય નથી. આથી તેનો વિધિપૂર્વક ત્યાગ કરવો એ ઈષ્ટ છે. તે ગુરુનો ત્યાગ કરીને એકાકી વિચરવું નહિ પણ અન્ય સદ્ગુરુની નિશ્રામાં વિચરવું.

ટીકાર્થ :- '**गुरुगुणरहिओ**'= જ્ઞાન, ક્ષમા આદિ ગુણોથી રહિત હોય '**गुरु**'= તે ગુરુ '**न गुरु**'= તેવા પ્રકારના ગૌરવને યોગ્ય નથી તે ગુરુ તરીકે યોગ્ય નથી. '**विहिचायमो उ**'= વિધિપૂર્વકનો ત્યાગ '**तस्स**'= તેનો '**इट्ठो**'= ઈષ્ટ છે. કુગુરુનો અવિધિથી ત્યાગ કરવાથી શાસ્ત્રમાં કહેલા દોષોનો સંભવ છે તેમજ પોતાનામાં દુર્ગુણો આવે છે માટે તેનો વિધિપૂર્વક ત્યાગ કરવો જોઈએ. હવે તે ગુરુનો કઈ વિધિથી ત્યાગ કરવો જોઈએ ? તે કહે છે -'**अण्णत्थ**'= બીજા ગચ્છમાં અથવા બીજા પુરુષ પાસે '**संकमेणं**'= પ્રવેશ કરવા દ્વારા ત્યાગ કરવો '**ण उ**'= નહિ કે '**एगागित्तणेणं ति**'= ગુરુને છોડીને એકાકીપણે વિચરવા દ્વારા ત્યાગ કરવો. ॥ ૫૧૮ ॥ ૧૧/૨૪.

जं पिय ण या लभेज्जा, एक्कोऽविच्चादि भासियं सुत्ते ।
एवं विसेसविसयं, णायव्वं बुद्धिमंतेहिं ॥५१९॥११/२५

छाया :- यदपि च न वा लभेत एकोऽपीत्यादि भाषितं सूत्रे ।
एतद् विशेषविषयं ज्ञातव्यं बुद्धिमद्भिः ॥ २५ ॥

गाथार्थ :- ***श्री दशवैकालिक*** સૂત્રમાં જે આ પ્રમાણે કહ્યું છે કે, ''પોતાનાથી અધિક ગુણવાળાની કે સમાનગુણવાળા સાધુની સહાય ન મળે તો એકાકી પણ વિચરે.'' તે વિધાન વિશિષ્ટ ગીતાર્થ સાધુઓને માટે કહ્યું છે એમ બુદ્ધિશાળીએ જાણવું.

ટીકાર્થ :- '**जं पि य**'= જે પણ '**न या लभेज्जा, एक्कोऽविच्चादि**'= ''જો પોતાનાથી અધિક ગુણવાળા કે સમાન ગુણવાળા નિપુણ સાધુની સહાય ન મળે તો કામમાં આસક્તિ કર્યા વગર એકાકી પણ વિચરે.'' આ પ્રમાણે '**सुत्ते**'= **श्री दशवैकालिकसूत्र**માં '**भासियं**'= કહ્યું છે '**एयं**'= આ વિધાન '**विसेसविसयं**'= ગીતાર્થ જેવા વિશિષ્ટ સાધુઓ માટેનું '**बुद्धिमंतेहिं**'= વિચારમાં કુશળ પુરુષોએ '**णायव्वं**'= જાણવું. ॥ ૫૧૯ ॥ ૧૧/૨૫

पावं अणायरंतो, तत्थुत्तं ण य इमं अगीयस्स ।
अण्णाणी किं काहीच्चादीसुत्ताउ सिद्धमिणं ॥५२०॥११/२६

छाया :- पापमनाचरन् तत्रोक्तं न च इदमगीतस्य ।
अज्ञानी किं करीष्यतीत्यादी श्रुतात् सिद्धमिदम् ॥ २६ ॥

गाथार्थ :- કારણકે ગાથામાં જે 'પાપને નહિ આચરતો' એવું વિશેષણ મૂક્યું છે તે ગીતાર્થને જ સંભવી શકે છે, અગીતાર્થમાં એ વિશેષણ સંભવી શકતું નથી. કારણ કે તે પોતે અજ્ઞાની છે. અને **श्री दशवैकालिक** સૂત્રમાં જ બીજે ઠેકાણે કહ્યું છે કે ''અજ્ઞાની શું કરશે ?'- તે પાપનું વર્જન કેવી રીતે કરશે ?- માટે આ એકાકી વિચરવાનું વિધાન ગીતાર્થ-જ્ઞાની સાધુ માટે છે એમ સિદ્ધ થાય છે.

ટીકાર્થ :- '**पावे अणायरंतो**'= પાપનું વર્જન કરતો '**तत्थ**'= **श्री दशवैकालिक** સૂત્રમાં '**उत्तं**'=

કહ્યું છે. '**अगीयस्स**'= અગીતાર્થને, '**ण य इमं**'= આ પાપનું વર્જન સંભવતું નથી, કારણ કે તે અજ્ઞાની છે.- આ જ વાતનું સમર્થન કરે છે- '**अण्णाणी किं काहीच्चादी सुत्ताउ**'= અજ્ઞાની શું કરશે ? '**सिद्धमिणं**'= અગીતાર્થ પાપનું પરિવર્જન નહિ કરી શકે. એમ સિદ્ધ થાય છે. ॥ ૫૨૦ ॥ ૧૧/૨૬

ફરીથી પણ એ સૂત્ર વિશિષ્ટ સાધુ માટેનું છે એમ બતાવતા કહે છેઃ-

जाओ य अजाओ य, दुविहो कप्पो उ होइ णायव्वो ।
एक्केक्को वि य दुविहो, समत्तकप्पो य असमत्तो ॥५२१॥११/२७

छाया :- जातश्च अजातश्च द्विविधः कल्पस्तु भवति ज्ञातव्यः ।
एकैकोऽपि च द्विविधः समाप्तकल्पश्च असमाप्तः ॥ २७ ॥

ગાથાર્થ :- કલ્પના જાત અને અજાત એમ બે પ્રકાર છે. એ બે પ્રકારના સમાપ્ત અને અસમાપ્ત એમ બે પ્રકાર છે.

ટીકાર્થ :- '**जाओ य**'= (ગીતાર્થ હોવાથી) સ્વનિષ્પન્ન '**अजाओ य**'= અનિષ્પન્ન જેવો '**दुविहो**'= બે પ્રકારનો '**कप्पो उ**'= કલ્પ '**होइ**'= હોય છે '**णायव्वो**'= એમ જાણવું. '**एक्केक्को वि य**'= આ બંનેના '**दुविहो**'= બે પ્રકાર છે. '**समत्तकप्पो य**'= સમાપ્તકલ્પ '**असमत्तो**'= અસમાપ્તકલ્પ ॥ ૫૨૧ ॥ ૧૧/૨૭

જાત-અજાત, સમાપ્ત-અસમાપ્ત કલ્પ શબ્દોનું શાસ્ત્રીય પ્રવૃત્તિનિમિત્ત લક્ષણ કહે છે :-

गीयत्थो जायकप्पो, अग्गीओ खलु भवे अजाओ उ ।
पणगं समत्तकप्पो, तदूणगो होइ असमत्तो ॥५२२॥११/२८

छाया :- गीतार्थो जातकल्पः अगीतः खलु भवेदजातस्तु ।
पञ्चकं समाप्तकल्पः तदूनको भवति असमाप्तः ॥ २८ ॥

ગીથાર્થ :- ગીતાર્થનો (કે ગીતાર્થની નિશ્રાવાળા સાધુઓનો) વિહાર જાતકલ્પ છે. અગીતાર્થનો (કે ગીતાર્થની નિશ્રા સિવાયના સાધુઓનો) વિહાર અજાતકલ્પ છે. ચોમાસા સિવાય શેષકાળમાં પાંચ સાધુઓનો વિહાર સમાપ્તકલ્પ છે. તેનાથી ઓછા સાધુઓનો વિહાર અસમાપ્તકલ્પ છે.

ટીકાર્થ :- '**गीयत्थो जायकप्पो**'= જે કલ્પ ગીતાર્થના સંબંધવાળો છે તે કલ્પને જાતકલ્પ કહેવામાં આવે છે '**अग्गीओ**'= અગીતાર્થનો કલ્પ તે '**अजाओ उ**'= અજાતકલ્પ '**भवे**'= છે. '**पणगं**'= પાંચ સાધુઓનો કલ્પ તે '**समत्तकप्पो**'= સમાપ્તકલ્પ '**तदूणगो**'= પાંચથી ઓછા સાધુનો કલ્પ તે '**असमत्तो**'= અસમાપ્તકલ્પ '**होइ**'= છે. ॥ ૫૨૨ ॥ ૧૧/૨૮.

उउबद्धे वासासु उ, सत्त समत्तो तदूणगो इयरो ।
असमत्ताजायाणं, ओहेण ण किंचि आहव्वं ॥५२३॥११/२९

छाया :- ऋतुबद्धो वर्षासु तु सप्त समाप्तः तदूनक इतरः ।
असमाप्ताजातानामोघेन न किञ्चिदाभाव्यम् ॥ २९॥

ગાથાર્થ :- ઉપરની ગાથામાં પાંચ સાધુઓના કલ્પને સમાપ્ત કલ્પ કહ્યો તે ચોમાસા સિવાયના શેષકાળમાં જાણવું. ચોમાસામાં સાત સાધુઓનો કલ્પ તે સમાપ્તકલ્પ કહેવાય છે અને તેનાથી ઓછા સાધુઓનો કલ્પ

તે અસમાપ્ત કલ્પ કહેવાય છે. જે અસમાપ્તકલ્પવાળા અને અજાતકલ્પવાળા છે તેમનું ઉત્સર્ગથી કાંઈપણ (ક્ષેત્ર, શિષ્ય,આહાર-પાણી, વસ્ત્ર-પાત્ર વગેરે) આભાવ્ય (=માલિકીનું) થતું નથી.

ટીકાર્થ :- '**उउबद्धे**'= ચોમાસા સિવાયના આઠ મહિનામાં ઉપરની ગાથામાં કીધા પ્રમાણે જાણવું. '**वासासु उ**'= ચોમાસામાં '**सत्त**'= સાત સાધુઓનો કલ્પ તે '**समत्तो**'= સમાપ્તકલ્પ છે. '**तदूणगो**'= સાતથી ઓછા સાધુઓનો કલ્પ તે '**इयरो**'= અસમાપ્તકલ્પ છે. '**असमत्ताजायाणं**'= અસમાપ્ત અને અજાતકલ્પવાળાને '**ओहेण**'= ઉત્સર્ગથી '**ण किंचि आहव्वं**'= આગમમાં કહેલી કોઈપણ વસ્તુ માલિકીની થતી નથી અર્થાત્ તેના ઉપર તેમનો હક્ક રહેતો નથી. ॥ ૫૨૩ ॥ ૧૧/૨૯

एत्तो पडिसेहाओ, सामण्णणिसेहमो ऽवगंतव्वो ।
एएसि अतो वि इमं, विसेसविसयं मुणेयव्वं ॥ ५२४ ॥ ११/३०

छाया :- इतः प्रतिषेधात् सामान्यनिषेधो ऽवगन्तव्यः
एतेषामतोऽपीदं विशेषविषयं ज्ञातव्यम् ॥३०॥

ગાથાર્થ :- અસમાપ્ત અને અજાતકલ્પવાળાને આભાવ્યનો નિષેધ કર્યો. એથી સામાન્યથી તેમના વિહારનો પણ નિષેધ થઈ ગયેલો જ જાણવો. આ કારણે પણ શ્રી **દશવૈકાલિક** સૂત્રનું એકાકી વિહારવાળું સૂત્ર તે વિશિષ્ટ ગીતાર્થ સાધુ સંબંધી જ જાણવું. અર્થાત્ પાપનું પરિવર્જન કરતો એ વિશેષણથી અગીતાર્થ સાધુને એકાકીવિહારનો જેમ નિષેધ કરાયો છે તેમ આ આભાવ્યના નિષેધથી પણ અગીતાર્થને એકાકી વિહારનો નિષેધ કરાયો છે.

ટીકાર્થ :- '**एत्तो**'= આ આ ભાવ્યના '**पडिसेहाओ**'= પ્રતિષેધથી '**सामण्णणिसेहमो**'= વિહારનો નિષેધ '**अवगंतव्वो**'= જાણવો '**एएसि**'= અગીતાર્થને '**अतो वि**'= અગીતાર્થને વિહારના નિષેધથી પણ '**इमं**'= શ્રી **દશવૈકાલિક** સૂત્રનું એકાકી વિહારની અનુજ્ઞા આપતું સૂત્ર એ '**विसेषविषयं**'= ગીતાર્થ જેવા વિશિષ્ટ સાધુ માટેનું છે, પણ અગીતાર્થ એવા સામાન્ય સાધુ માટેનું નથી. એમ '**मुणेयव्वं**'= જાણવું. ॥ ૫૨૪ ॥ ૧૧/૩૦

एगागियस्स दोसा, इत्थीसाणे तहेव पडिणीए ।
भिक्खविसोहि महव्वय, तम्हा सबितिज्जए गमणं ॥ ५२५ ॥ ११/३१

छाया :- एकाकिनो दोषाः स्त्रीशुनि तथैव प्रत्यनीके ।
भिक्षाविशोधिमहाव्रतेषु तस्मात् सद्वितीयस्य गमनम् ॥ ३१ ॥

ગાથાર્થ :- એકાકી વિચરનાર સાધુને સ્ત્રી અનુકૂળ ઉપસર્ગ કરે, કૂતરા કે પ્રત્યનીક (=સાધુ પ્રત્યે દ્વેષ રાખનાર) તેને એકલો જાણીને પરાભવ કરે વગેરે દોષો સંભવે છે. વળી ભિક્ષાની શુદ્ધિ જળવાતી નથી તેમજ મહાવ્રતોનો ભંગ થવાનો સંભવ છે. માટે એકાકી વિચરવું નહિ પણ સમુદાયમાં વિચરવું.

ટીકાર્થ :- '**एगागियस्स**'= એકાકી વિચરતા સાધુને '**दोसा**'= દોષો સંભવે છે. '**इत्थी**'= સ્ત્રી ઉપસર્ગ કરે. '**साणे**'= કૂતરા કરડવા આવે '**तहेव**'= તેમજ '**पडिणीए**'= સાધુનો દ્વેષી પ્રતિકૂળ ઉપસર્ગ કરે. '**भिक्खविसोहि**'= બે સાધુ સાથે સંઘાટકમાં ગોચરી ગયા હોય તો એક સાધુ વ્હોરે અને બીજો સાધુ ઘરની અંદર ધ્યાન રાખી શકે કે તેઓ ગોચરી લાવવામાં કોઈ દોષ લગાડતા તો નથી ને ! સાધુ

એકાકી ગોચરી ગયો હોય તો ઘરમાં એકસાથે ધ્યાન રાખી શકે નહિ- આમ ભિક્ષાની શુદ્ધિ જળવાય નહિ. '**महव्वय**'= અહિંસા વગેરે પાંચ મહાવ્રતના પાલનમાં દોષનો સંભવ છે. સમુદાયમાં લજ્જાથી પણ મહાવ્રતોનું પાલન થાય. '**तम्हा**'= તેથી '**सबितिज्जए**'= સમુદાયમાં '**गमणं**'= વિચરવું. ॥ ૫૨૫॥ ૧૧/૩૧

गीयत्थो य विहारो, बीओ गीयत्थमीसओ भणिओ ।
एत्तो तइयविहारो, नाणुण्णाओ जिणवरेहिं ॥५२६॥११/३२

છાયા :- गीतार्थश्च विहारो द्वितीयो गीतार्थमिश्रको भणितः ।
इतः तृतीयविहारो नानुज्ञातो जिनवरैः ॥ ३२ ॥

ગાથાર્થ :- જિનેશ્વરોએ એક ગીતાર્થ વિહાર અને બીજો ગીતાર્થમિશ્ર વિહાર કહ્યો છે. આ સિવાયના ત્રીજા (એકાકી કે અનેક અગીતાર્થોના) વિહારની અનુજ્ઞા આપી નથી.

ટીકાર્થ :- '**गीयत्थो य विहारो**'= એક ગીતાર્થનો વિહાર, અહીંયા 'એક' શબ્દ અધ્યાહારથી સમજવાનો છે. '**बीओ**'= બીજો '**गीयत्थमीसओ**'= ગીતાર્થમિશ્ર અર્થાત્ ગીતાર્થની નિશ્રામાં અગીતાર્થ વિચરતા હોય તે '**भणिओ**'= કહ્યો છે. '**एत्तो**'= આ સિવાયનો '**तइयविहारो**'= ત્રીજો (એકલા અગીતાર્થનો) વિહાર '**जिणवरेहिं**'= જિનેશ્વરોએ '**नाणुण्णाओ**'= તેની અનુજ્ઞા આપી નથી. ॥ ૫૨૬ ॥ ૧૧/૩૨

ता गीयम्मि इमं खलु, तदण्णलाभंतरायविसयं तु ।
सुत्तं अवगंतव्वं, णिउणेहिं तंतजुत्तीए ॥५२७॥११/३३

છાયા :- तद्गीते इदं खलु तदन्यलाभान्तरायविषयमिति ।
सूत्रमवगन्तव्यं निपुणैः तन्त्रयुक्त्या ॥ ३३ ॥

ગાથાર્થ :- તેથી 'બીજા કોઈ ગુણવાન સાધુની સહાય ન મળે તો એકાકી વિચરવું' એમ એકાકીવિહારની સંમતિ આપતું '**न या लभेज्जा**' એ સૂત્ર ગીતાર્થ માટેનું જ છે એમ વિદ્વાન પુરુષોએ આગમયુક્તિથી જાણવું.

ટીકાર્થ :- '**ता**'= તેથી '**इमं**'= '**न या लभेज्जा**' એ **દશવૈકાલિક** આગમ સૂત્ર '**खलु**'= અવધારણ અર્થમાં છે, અર્થાત્ ગીતાર્થ સંબંધી જ '**तदण्णलाभंतरायविसयं तु**'= '**तदण्ण**' એટલે પોતાના સિવાયના બીજા ગીતાર્થની '**लाभ**' એટલે પ્રાપ્તિના '**अंतरायविसयं**'= અભાવના વિષયમાં '**सुत्तं**'= એકાકી વિચરવાની અનુજ્ઞા આપતું સૂત્ર '**गीयम्मि**'= ગીતાર્થ માટેનું '**णिउणेहिं**'= પૂર્વાપરનો સંબંધ જાણનાર વિદ્વાનોએ '**तंतजुत्तीए**'= આગમની યુક્તિથી '**अवगंतव्वं**'= જ જાણવું. ॥ ૫૨૭ ॥ ૧૧/૩૩

કોઈપણ સૂત્રના અર્થનો વિચાર કરતાં એ સૂત્ર કોને લાગુ પડે છે ? અને કોને લાગુ નથી પડતું ? એમ તેના વિષયનો વિભાગ સ્થાપવો જ જોઈએ. જો એ પ્રમાણે વિષયવિભાગ સ્થાપવાનો ન હોય તો શું ? - એ આગળ કહે છે :-

जं जह सुत्ते भणियं, तहेव जइ तं वियालणा णत्थि ।
किं कालियाणुओगो, दिट्ठी दिट्ठिप्पहाणेहिं ? ॥५२८॥११/३४

छाया :- यद् यथा सूत्रे भणितं तथैव यदि तत् विचारणा नास्ति ।
किं कालिकानुयोगो दृष्टो दृष्टिप्रधानैः ? ॥ ३४ ॥

गाथार्थ :- જે પ્રમાણે સૂત્રમાં કીધું છે તે પ્રમાણે માત્ર તેનો શબ્દાર્થ જ કરવાનો હોય, તેના રહસ્યની જો વિચારણા કરવાની ન હોય તો દૃષ્ટિપ્રધાન આચાર્યોએ કાલિકસૂત્રની વ્યાખ્યા કરવાની સંમતિ શા માટે આપી છે ?

ટીકાર્થ :- '**जं जह**'= જે વસ્તુ જે રીતે '**सुत्ते**'= **દશવૈકાલિક** સૂત્રમાં '**भणियं**'= કહી છે '**तहेव**'= તે જ પ્રમાણે માત્ર તેનો શબ્દાર્થ જ કરવાનો હોય '**जइ**'= જો '**तं वियालणा**'= તેના રહસ્યની વિચારણા અર્થાત્ તેના વિષયવિભાગની વ્યવસ્થા નક્કી કરવાની '**णत्थि**'= ન હોય તો '**किं**'= શા માટે ? '**कालियाणुओगो**'= અગિયાર અંગરૂપ કાલિકસૂત્રનો અનુયોગ અર્થાત્ વ્યાખ્યાન '**दिट्ठिप्पहाणेहिं**'= દૃષ્ટિવાદના જાણકારો અથવા જૈનદર્શનના પ્રધાન આચાર્યો વડે '**दिट्ठो**'= સંમત કરાયો છે ? તેથી સૂત્રના પૂર્વાપરભાવનો સંમત થાય એ રીતે વિચાર કરીને તે સૂત્ર કોના વિષયનું છે ? તે નક્કી કરવું જોઈએ. ॥ ૫૨૮ ॥ ૧૧/૩૪

જેનામાં ગુરુ તરીકેના ગુણ ન હોય તે ગુરુપણાને યોગ્ય નથી એવું જે ૧૧/૨૪મી ગાથામાં કહેવામાં આવ્યું છે તે કયા ગુણની અપેક્ષાએ કીધું છે ? તેનું સ્વરૂપ કહે છેઃ-

गुरुगुणरहिओ वि इहं, दट्ठव्वो मूलगुणविउत्तो जो ।
न उ गुणमेत्तविहीणो त्ति चंडरुद्दो उदाहरणं ॥ ५२९ ॥ ११/३५

छाया :- गुरुगुणरहितोऽपि इह द्रष्टव्यो मूलगुणवियुक्तो यः ।
न तु गुणमात्रविहीन इति चण्डरुद्र उदाहरणम् ॥ ३५ ॥

गाथार्थ :- જે મૂલગુણોથી રહિત હોય તેને 'ગુરુગુણથી રહિત' જાણવો અને તેનો ત્યાગ કરવો. પણ સામાન્ય ગુણોથી રહિત હોય તેનો ત્યાગ ન કરાય. અહીં **चंडरुद्राचार्य**નું દૃષ્ટાંત છે.

ટીકાર્થ :- '**गुरुगुणरहिओ वि**'= ગુરુના ગુણથી રહિત પણ '**इहं**'= આ અધિકારમાં '**दट्ठव्वो**'= તે જાણવો '**मूलगुणविउत्तो**'= મૂલગુણથી રહિત '**जो**'= જે હોય, '**न उ**'= પણ તે ન જાણવો કે જે '**गुणमेत्तविहीणो**'= વિશિષ્ટ ક્રોધનિગ્રહ આદિ ગુણોથી રહિત હોય. '**चंडरुद्दो**'= આ બાબતમાં **चंडरुद्राचार्य**નું '**उदाहरणं**'= દૃષ્ટાંત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

તે **चंडरुद्राचार्य** કર્તવ્ય કે અકર્તવ્ય બાબતમાં બહુ લાંબો દીર્ઘદૃષ્ટિથી વિચાર કર્યા વગર ઉતાવળા સ્વભાવના કારણે એકદમ જલ્દીથી જ તેમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરતા હતા, પરંતુ તેમના કરતાં વિશેષ ગુણવાન કોઈ વ્યક્તિ ન હોવાથી ગુરુ ભગવંતે તેઓને જ કાલ આદિને આશ્રયીને આચાર્યપદે સ્થાપ્યા હતા અને બધા સાધુઓ તેમને ગુરુ તરીકે માનીને તેમનું બહુમાન કરતા હતા. ॥ ૫૨૯ ॥ ૧૧/૩૫

મૂળગુણથી યુક્ત ગુરુની અવજ્ઞા ન કરવાનું કહે છે :-

जे इह होंति सुपुरिसा, कयण्णुया न खलु तेऽवमण्णंति ।
कल्लाणभायणत्तेण गुरुजणं उभयलोगहियं ॥ ५३० ॥ ११/३६

छाया :- य इह भवन्ति सुपुरुषाः कृतज्ञकाः न खलु तेऽवमन्यन्ते ।
कल्याणभाजनत्वेन गुरुजनं उभयलोकहितम् ॥ ३६ ॥

ગાથાર્થ :- મનુષ્યલોકમાં જે પુરુષો ઉત્તમ અને કૃતજ્ઞ છે તેઓ કલ્યાણપાત્ર હોવાથી ઉભયલોકમાં હિતકર એવા ગુરુની અવજ્ઞા કરતા નથી.

ટીકાર્થ :- '**जे**'= જેઓ '**इह**'= આ મનુષ્યલોકમાં '**सुपुरिसा**'= સત્પુરુષો '**कयण्णुया**'= કૃતજ્ઞ (કોઈએ તેમની ઉપર ઉપકાર કર્યો હોય તેને કદી ભૂલે નહિ.) '**होंति**'= છે '**ते**'= તેઓ '**कल्लाणभायणत्तेण**'= કલ્યાણના પાત્ર હોવાથી '**उभयलोगहियं**'= આલોક અને પરલોકમાં હિતકર '**गुरुजणं**'= પૂજ્ય ગુરુની '**अवमण्णंति**'= અવજ્ઞા કરતા '**न खलु**'= નિશ્ચે નથી. ॥ ૫૩૦ ॥ ૧૧/૩૬

આનાથી વિપરીત લોકો જેઓ ગુરુની અવજ્ઞા કરે છે તેમનું સ્વરૂપ વર્ણવે છે :-

जे उ तह विवज्जत्था, सम्मं गुरुलाघवं अयाणंता ।

सग्गाहा किरियरया, पवयणखिंसावहा खुद्दा ॥ ५३१ ॥ ११/३७

છાયા :- ये तु तथा विपर्यस्ताः सम्यग् गुरुलाघवमजानन्तः ।

स्वाग्रहात् क्रियारताः प्रवचनखिंसावहाः क्षुद्राः ॥ ३७ ॥

ગાથાર્થ :- જે પુરુષો મિથ્યાભિમાનના કારણે આનાથી વિપરીત છે તેઓ ગુરુલાઘવને સમ્યગ્ જાણતા નથી. સ્વાગ્રહથી ક્રિયામાં રત છે. પ્રવચનની અપભ્રાજનાનું કારણ છે અને ક્ષુદ્ર છે.

ટીકાર્થ :- '**जे उ**'= જેઓ વળી '**तह**'= મિથ્યાભિમાનથી '**विवज्जत्था**'= વિપરીત બુદ્ધિવાળા છે '**सम्मं**'= સમ્યગ્ પ્રકારે '**गुरुलाघवं**'= જેમાં ગુણ ઘણા છે અને દોષ ઓછા છે અર્થાત્ લાભ ઘણો છે અને નુકસાન ઓછું છે તે લાભાલાભને '**अयाणंता**'= સ્વરૂપથી નહિ જાણતા '**सग्गाहा**'= પોતાના કદાગ્રહથી '**किरियरया**'= તેવા પ્રકારની બાહ્યક્રિયામાં તત્પર છે '**पवयणखिंसावहा**'= આગળપાછળનો વિચાર કરતા ન હોવાથી શાસનની નિંદા કરાવનાર છે. '**खुद्दा**'= ક્ષુદ્ર છે, ઉદાર આશયવાળા નથી, કૃપણસ્વભાવવાળા છે. ॥ ૫૩૧ ॥ ૧૧/૩૭

पायं अभिण्णगंठी, तमाउ तह दुक्करं पि कुव्वंता ।

बज्झा व ण ते साहू, धंखाहरणेण विण्णेया ॥ ५३२ ॥ ११/३८

છાયા :- प्राय अभिन्नग्रन्थयः तमसस्तु तथा दुष्करमपि कुर्वन्तः ।

बाह्या इव न ते साधवो ध्वांक्षोदाहरणेन विज्ञेयाः ॥ ३८ ॥

ગાથાર્થ :- તથા અજ્ઞાનતાથી કુતીર્થિકોની જેમ તેવા પ્રકારના દુષ્કર પણ તપને કરનારા તેઓનો પ્રાયઃ ગ્રંથિભેદ થયો નથી. કાગડાના દૃષ્ટાંતથી તેમને સાધુ ન જાણવા.

ટીકાર્થ :- '**तमाउ**'= અજ્ઞાનતાથી '**तह**'= તેવા પ્રકારે '**दुक्करं पि**'= તપ વગેરે દુષ્કર અનુષ્ઠાનને '**कुव्वंता**'= કરતા હોવા છતાં '**बज्झा व**'= કુતીર્થિકની જેમ '**पायं**'= ઘણું કરીને '**अभिण्णगंठी**'= તેમને ગ્રંથિભેદ થયો નથી. '**धंखाहरणेण**'= કાગડાના દૃષ્ટાંતથી '**ते**'= તેઓ '**साहू**'= સાધુના ગુણોથી રહિત હોવાથી સાધુ **ण**= નથી '**विण्णेया**'= જાણવા, તે દૃષ્ટાંત આ પ્રમાણે છે :- **ઉપદેશપદ** ગ્રંથમાં **૮૨૪મી ગાથામાં** કહ્યું છે કે -

"કાગડાઓ વાવડીના કાંઠે રહેલા છે, તરસથી પીડા પામી રહ્યા છે ત્યારે ઉત્તમ સરોવરને છોડીને મૃગતૃષ્ણાને સરોવર સમજીને તે તરફ દોટ મૂકે છે."- આ રીતે અદ્ભૂત વસ્તુનો ત્યાગ કરીને અસદ્વસ્તુની ઇચ્છા કરનારો સાધુ કાગડા જેવો છે, તે સુસાધુ નથી. ॥ ૫૩૨ ॥ ૧૧/૩૮

तेसिं बहुमाणेणं, उम्मग्गऽणुमोयणा अणिट्ठफला ।
तम्हा तित्थगराणाठिएसु जुत्तोऽत्थ बहुमाणो ॥ ५३३ ॥ ११/३९

छाया :- तेषां बहुमानेन उन्मार्गानुमोदना अनिष्टफला ।
तस्मात्तीर्थकराज्ञास्थितेषु युक्तोऽत्र बहुमानः ॥ ३९ ॥

गाथार्थ :- ગુરુકુલત્યાગીઓનું બહુમાન કરવાથી અનિષ્ટફળવાળી ઉન્માર્ગની અનુમોદના થાય. તેથી પ્રસ્તુતમાં તીર્થંકરોની આજ્ઞામાં રહેલા સાધુઓનું જ બહુમાન કરવું યુક્ત છે.

ટીકાર્થ :- '**तेसिं**'= વિપરીતબુદ્ધિવાળા તે ગુરુકુલત્યાગીનું '**बहुमाणेणं**'= અંતરંગ પ્રીતિસ્વરૂપ બહુમાન કરવાથી '**उम्मग्गऽणुमोयणा**'= ઉન્માર્ગની અનુમોદના '**अणिट्ठफला**'= અનિષ્ટ ફળવાળી થાય. '**तम्हा**'= તેથી '**अत्थ**'= આ અધિકારમાં '**तित्थगराणाठिएसु**'= તીર્થંકરની આજ્ઞામાં રહેલા સાધુઓનું '**बहुमाणो**'= બહુમાન '**जुत्तो**'= યોગ્ય છે. ॥ ૫૩૩ ॥ ૧૧/૩૯.

ते पुण समिया गुत्ता, पियदढधम्मा जिइंदियकसाया ।
गंभीरा धीमंता, पण्णवणिज्जा महासत्ता ॥५३४॥११/४०

छाया :- ते पुनः समिता गुप्ताः प्रियदृढधर्मा जितेन्द्रियकषायाः ।
गम्भीरा धीमन्तः प्रज्ञापनीया महासत्त्वाः ॥ ४० ॥

गाथार्थ :- તે તીર્થંકરની આજ્ઞામાં રહેલા સાધુઓ પાંચ સમિતિથી યુક્ત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, પ્રિયધર્મા, દૃઢધર્મા, ઇંદ્રિયો અને કષાયોને જીતનારા, ગંભીર, બુદ્ધિશાળી, પ્રજ્ઞાપનીય અને મહાસત્ત્વશાળી છે.

ટીકાર્થ :- '**ते पुण**'= તે સાધુઓ '**समिया**'= પાંચ સમિતિથી સમિત, '**गुत्ता**'= ત્રણ ગુપ્તિથી ગુપ્ત '**पियदढधम्मा**'= પ્રિયધર્મા અને દૃઢધર્મા '**जिइंदियकसाया**'= સ્પર્શનેન્દ્રિય વગેરે ઇંદ્રિયોને અને ક્રોધ વગેરે કષાયોને જીતનાર '**गंभीरा**'= તેના હૃદયના ભાવોને કોઈ જાણી ન શકે એવા અથવા વિકારો વડે ક્ષોભ ન પામે એવા ગંભીર- કહ્યું છે કે-

''જેના પ્રભાવથી ક્રોધ-હર્ષ-ભય આદિ ભાવોના પ્રસંગ ઉપસ્થિત થાય તો પણ તેના વિકારો મુખ વગેરે ઉપર ન દેખાય તેને ગંભીરતા કહે છે.'' '**धीमंता**'= બુદ્ધિશાળી '**पण्णवणिज्जा**'= પ્રજ્ઞાપનીય એટલે સુખપૂર્વક સમજાવી શકાય એવા '**महासत्ता**'= મહાસત્ત્વશાળી, કહ્યું છે કે -

''આપત્તિમાં પણ મનમાં જરા પણ ગભરાટ પેદા ન થવા દે તેને સત્ત્વ કહે છે.'' ॥ ૫૩૪ ॥ ૧૧/૪૦

उस्सग्गववायाणं, वियाणगा सेवगा जहासत्तिं ।
भावविसुद्धिसमेता, आणारुतिणो य सम्मं ति ॥५३५॥११/४१

छाया :- उत्सर्गापवादयोः विज्ञायकाः सेवका यथाशक्तिः ।
भावविशुद्धिसमेता आज्ञारुचयश्च सम्यगिति ॥ ४१ ॥

गाथार्थ :- જેઓ ઉત્સર્ગ અને અપવાદને જાણનારા હોય, યથાશક્તિ તેને સેવનારા હોય, ભાવવિશુદ્ધિથી યુક્ત હોય અને સમ્યગ્ આજ્ઞાની રૂચિવાળા હોય.

ટીકાર્થ :- '**उस्सग्गववायाणं**'= ઉત્સર્ગ અને અપવાદના '**वियाणगा**'= જાણકાર હોય. '**जहासत्तिं**'= શક્તિને અનુસારે '**सेवगा**'= ઉત્સર્ગ અને અપવાદને લગભગ આચરનારા હોય. '**भावविसुद्धिसमेता**'= શુદ્ધ અધ્યવસાયોથી યુક્ત હોય. '**सम्मं ति**'= સમ્યગ્ રીતે '**आणारुतिणो य**'= આગમના અભિલાષવાળા

હોય **'આરાહણાપડાગા' ગ્રંથની ૧૬મી ગાથામાં** કહ્યું છે કે :-

"અધ્યવસાયની વિશુદ્ધિ વગર જેઓ ઉત્કૃષ્ટ તપ કરે છે તે તેમની બાળજીવ (અજ્ઞાની જીવ)ના જેવી લેશ્યા છે. માત્ર તપ કરવાથી વિશુદ્ધિ પામતા નથી." ॥ ૫૩૫ ॥ ૧૧/૪૧

सव्वत्थ अपडिबद्धा, मेत्तादिगुणण्णिया य णियमेण ।
सत्ताइसु होंति दढं, इय आययमग्गतल्लिच्छा ॥ ५३६ ॥ ११/४२

છાયા :- सर्वत्राप्रतिबद्धा मैत्र्यादिगुणान्विताश्च नियमेन ।
सत्त्वादिषु भवन्ति दृढमिति आयतमार्गतल्लिप्सा ॥ ४२ ॥

ગાથાર્થ :- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ એ બધામાં મમત્વ વગરના હોય. નિયમા દઢ રીતે સર્વ પ્રાણીઓને વિશે મૈત્રીભાવવાળા, અધિક ગુણવાનને વિશે પ્રમોદભાવવાળા, દુઃખી જીવોને વિશે કરુણાભાવવાળા અને અવિનયી અપ્રજ્ઞાપનીય જીવોને વિશે માધ્યસ્થભાવવાળા હોય, સમ્યગ્દર્શનાદિ રત્નત્રયી સ્વરૂપ મોક્ષમાર્ગની ઈચ્છાવાળા અથવા અત્યંત પ્રયત્નથી પ્રાપ્ત થયેલા માર્ગની ઈચ્છાવાળા હોય છે.

ટીકાર્થ :- '**सव्वत्थ**'= દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ દરેકમાં '**अपडिबद्धा**'= મમત્વ વગરના '**मेत्तादिगुणण्णिया**'= મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ ગુણથી યુક્ત હોય '**नियमेण**'= નિયમા '**सत्ताइसु**'= અનુક્રમે સર્વ પ્રાણીઓને વિશે મૈત્રી, અધિકગુણવાળાને વિશે પ્રમોદ, દુઃખી પ્રાણીઓને વિશે (કરુણા) એમ અવિનયીને વિશે (માધ્યસ્થ) '**दढं**'= અત્યંત '**होंति**'= હોય છે. '**इय**'= આ પ્રમાણે સદાકાળ (શાશ્વત) રહેનાર હોવાથી મોક્ષને આયત કહ્યો છે. '**आययमग्ग**'= મોક્ષનો માર્ગ-સમ્યગ્દર્શનાદિરૂપ રત્નત્રયી - અથવા '**आयतो**' એટલે અતિપ્રયત્નથી યુક્ત જે માર્ગ '**तल्लिच्छा**'= તેમાં તત્પર હોય. ॥ ૫૩૬ ॥ ૧૧/૪૨

एवंविहा उ णेया, सव्वणयमतेण समयणीतीए ।
भावेण भाविएहिं, सइ चरणगुणट्ठिया साहू ॥ ५३७ ॥ ११/४३

છાયા :- एवंविधास्तु ज्ञेयाः सर्वनयमतेन समयनीत्या ।
भावेन भावितैः सदा चरणगुणस्थिताः साधवः ॥ ४३ ॥

ગાથાર્થ :- શાસ્ત્રોક્ત નીતિસંબંધી પરમાર્થથી શુભ અધ્યવસાયથી ભાવિત થયેલાઓએ અર્થાત્ શાસ્ત્રના પરમાર્થને જાણનારાઓએ, જે સાધુઓ આવા(૪૦, ૪૧, ૪૨મી ગાથામાં કહેલા)ગુણવાળા હોય તેમને સર્વ નયોના અભિપ્રાયથી સદા ચારિત્રના પરિણામવાળા અને જ્ઞાનદર્શન રૂપ ગુણમાં રહેલા સાધુ જાણવા.

ટીકાર્થ :- '**समयणीतीए**'= શાસ્ત્રોક્ત નીતિથી '**भावेण**'= શુભ અધ્યવસાયરૂપ ભાવથી '**भाविएहिं**'= વાસિત થયેલા પુરુષોએ અર્થાત્ આગમના તત્ત્વને જાણનારાઓએ '**सइ**'= હંમેશા '**चरणगुणट्ठिया**'= ચરણ= ચારિત્રનો પરિણામ, ગુણ= જ્ઞાનદર્શનરૂપ ગુણ- અર્થાત્ ચારિત્રના પરિણામ અને જ્ઞાનદર્શનમાં રહેલા '**सव्वणयमतेण**'= જ્ઞાનનય તથા ક્રિયાનય અંતર્ગત્ સર્વનયના અભિપ્રાયથી '**एवंविहा उ**'= આવા ગુણવાળાને જ '**साहू**'= જ્ઞાન-દર્શન-ચારિત્રની શક્તિરૂપી પુરુષાર્થથી મોક્ષને સાધનારા હોવાથી સાધુ '**णेया**'= જાણવા. ॥ ૫૩૭ ॥ ૧૧/૪૩

णाणम्मि दंसणम्मि य, सति णियमा चरणमेत्थ समयम्मि ।
परिसुद्धं विण्णेयं, णयमयभेया जओ भणियं ॥ ५३८ ॥ ११/४४

छाया :- **ज्ञाने दर्शने च सति नियमाच्चरणमत्र समये ।**
परिशुद्धं विज्ञेयं नयमतभेदाद् यतो भणितम् ॥ ४४ ॥

गाथार्थ :- જ્ઞાન-દર્શન હોય તો જ ચારિત્ર વિશુદ્ધ જાણવું. કારણ કે જિનપ્રવચનમાં નયમતના ભેદની અપેક્ષાએ (નીચે મુજબ) કહ્યું છે.

टीकार्थ :- '**णाणम्मि**'= બોધસ્વરૂપ જ્ઞાન '**दंसणम्मि य**'= તત્ત્વની રુચિસ્વરૂપ દર્શન '**सति**'= વિદ્યમાન હોય તો '**नियमा**'= અવશ્ય '**चरणं**'= ચારિત્ર '**परिसुद्धं**'= વિશુદ્ધ '**विण्णेयं**'= જાણવું. '**जओ**'= કારણકે '**एत्थ समयम्मि**'= જિનપ્રવચનમાં '**नयमयभेया**'= નયમતના ભેદની અપેક્ષાએ '**भणियं**'= કહ્યું છે કે- ॥ ૫૩૮ ॥ ૧૧/૪૪

णिच्छयणयस्स चरणायविघाए णाणदंसणवहोऽवि ।
ववहारस्स उ चरणे, हयम्मि भयणा उ सेसाणं ॥५३९॥११/४५

छाया :- **निश्चयनयस्य चरणात्मविघाते ज्ञानदर्शनवधोऽपि ।**
व्यवहारस्य तु चरणे हते भजना तु शेषयोः ॥ ४५ ॥

गाथार्थ :- નિશ્ચયનયના મતે ચારિત્રના વિઘાતમાં જ્ઞાનદર્શનનો પણ વિઘાત થાય છે. વ્યવહારનયના મતે ચારિત્રના વિઘાતમાં જ્ઞાનદર્શનના વિઘાતની ભજના છે.

टीकार्थ :- '**निच्छयणयस्स**'= નિશ્ચયનયના મતે '**चरणायविघाते**'= ચારિત્રના સ્વરૂપનો નાશ થાય ત્યારે '**णाणदंसणवहोऽवि**'= જ્ઞાનદર્શનનો પણ વિઘાત થાય છે. '**ववहारस्स उ**'= વ્યવહારનયના મતે તો '**चरणे**'= ચારિત્રનો '**हयम्मि**'= પરિણામ અને ક્રિયા વડે નાશ થાય ત્યારે '**सेसाणं**'= જ્ઞાનદર્શનના નાશમાં '**भयणा उ**'= ભજના છે અર્થાત્ કોઈક વખત થાય અને કોઈક વખત ન પણ થાય. **॥ ૫૩૯ ॥ ૧૧/૪૫**

निश्चयनयना मतने ज कहे छे :-

जो जहवायं ण कुणति, मिच्छद्दिट्ठी तओ हु को अण्णो ? ।
वड्ढेइ य मिच्छत्तं, परस्स संकं जणेमाणो ॥॥५४०॥११/४६

छाया :- **यो यथावादं न करोति मिथ्यादृष्टिस्ततः खलु कोऽन्यः ।**
वर्धयति च मिथ्यात्वं परस्य शङ्कां जनयन् ॥ ४६ ॥

गाथार्थ :- જે જીવ આપ્તવચનનું પાલન નથી કરતો તેનાથી બીજો કયો જીવ મિથ્યાદૃષ્ટિ છે ? કારણ કે બીજાની શંકાને ઉત્પન્ન કરતો તે બીજાના મિથ્યાત્વને વધારે છે.

टीकार्थ :- '**जो**'= જે સાધુ '**जहवायं**'= આગમના વચનના અનુસારે '**न कुणइ**'= પાલન નથી કરતો '**तओ हु**'= તેનાથી '**को अण्णो ?**' '**मिच्छद्दिट्ठी**'= બીજો કોણ મિથ્યાદૃષ્ટિ હોય ? અર્થાત્ શાસ્ત્રની આજ્ઞા મુજબ નહિ વર્તનાર તે પોતે મિથ્યાદૃષ્ટિ જ છે એમ નિશ્ચયનયની માન્યતાનું રહસ્ય છે. '**मिच्छत्तं**'= '**परस्स**'= બીજાને '**संकं**'= શંકાને '**जणेमाणो**'= ઉત્પન્ન કરતો મિથ્યાત્વને '**वड्ढेइ य**'= વધારે છે. અર્થાત્ આગમથી વિરુદ્ધ તેનું વર્તન જોઈને બીજા જીવોને આગમના સત્યપણામાં શંકા થાય છે કે, "જો આગમનું વચન સાચું હોય તો આ માણસ તેનાથી વિરુદ્ધ શા માટે વર્તે ? ખરેખર! આ માણસને પણ આગમમાં શ્રદ્ધા નથી માટે તે આ પ્રમાણે વર્તે છે" આમ બીજા માણસોને આગમ

સાચું હશે કે ખોટું ? એમ શંકા ઉત્પન્ન કરે છે.આ પ્રમાણે નિશ્ચયનયની માન્યતા છે. ॥ ૫૪૦ ॥ ૧૧/૪૬

एवं च अहिनिवेसा, चरणविघाए ण णाणमादीया ।
तप्पडिसिद्धासेवणमोहासद्दहणभावेहिं ॥ ५४१ ॥ ११/४७

छाया :- एवं च अभिनिवेशाच्चरणविघाते न ज्ञानादयः ।
तत्प्रतिषिद्धासेवनमोहा श्रद्धानभावैः ॥ ४७ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે નિશ્ચયનયના મતે અભિનિવેશ (કદાગ્રહ)ના કારણે ચારિત્રના વિઘાતમાં જ્ઞાનાદિ ગુણોનો અભાવ હોય છે આગમમાં જેનો નિષેધ કર્યો છે તેનું આસેવન કરવાથી તેને ચારિત્ર ન હોય, અજ્ઞાનતાના કારણે જ્ઞાન ન હોય, અને શ્રદ્ધાના અભાવથી દર્શન ન હોય.

ટીકાર્થ :- '**एवं च**'= આ પ્રમાણે '**अहिनिवेसा**'= અત્યંત કદાગ્રહના કારણે '**चरणविघाए**'= ચારિત્રના પરિણામનો નાશ થાય ત્યારે '**तप्पडिसिद्धासेवणमोहासद्दहणभावेहिं**'= **तत्पडिसिद्ध** = આગમમાં નિષેધ કરાયેલાનું **आसेवण**= સેવન કરવાથી (ચારિત્ર) '**मोहो**'= અજ્ઞાન '**असद्दहणं**'= અશ્રદ્ધા-તેઓનું '**भावा**'= સદ્ભાવ અથવા ઉત્પત્તિ તેના કારણે '**नाणमादीया**'= જ્ઞાનાદિ ગુણો '**न**'= હોતા નથી. ॥ ૫૪૧ ॥ ૧૧/૪૭

अणभिनिवेसाओ पुण, विवज्जया होंति तव्विघाएऽवि ।
तक्कज्जुवलंभाओ, पच्छतावाइभावेण ॥ ५४२ ॥ ११/४८ ॥

छाया :- अनभिनिवेशात् पुनर्विपर्ययाद् भवन्ति तद्विघातेऽपि ।
तत्कार्योपलम्भात् पश्चात्तापादिभावेन ॥ ४८ ॥

ગાથાર્થ :- કદાગ્રહ ન હોય, વિપરીત બોધ ન હોય અને જો ચારિત્રનો વિઘાત થયો હોય તો જ્ઞાનદર્શનનો નાશ નથી થતો કારણ કે તેને પશ્ચાત્તાપ આદિ જે થાય છે તે જ્ઞાનાદિના જ કાર્યસ્વરૂપ છે, અર્થાત્ જ્ઞાનાદિ ન હોય તો પશ્ચાત્તાપ આદિ થાય નહિ. માટે જ્ઞાનાદિનો સદ્ભાવ છે.

ટીકાર્થ :- '**अणभिनिवेसाओ पुण**'= અભિનિવેશ (કદાગ્રહ) વગર '**विवज्जया**'= વિપર્યયનો અભાવ હોવાથી અર્થાત્ સત્ય બોધવાળી મતિ હોવાથી '**तव्विघाएऽवि**'= ચારિત્રના નાશમાં પણ '**ज्ञानादय**'-જ્ઞાનાદિનો અહીં સંબંધ જોડવાનો છે. '**होंति**'= સંભવે છે. '**तक्कज्जुवलंभाओ**'= જ્ઞાનદર્શનના કાર્ય ત્યાં જોવા મળતા હોવાથી '**पच्छतावाइभावेण**'= પશ્ચાત્તાપથી તે ચારિત્રના વિઘાતના પ્રતીકારરૂપ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવાથી અહીં પ્રાયશ્ચિત્તનો સદ્ભાવ છે, તે જ જ્ઞાનદર્શનનું કાર્ય છે. ॥ ૫૪૨ ॥૧૧/૪૮

तम्हा जहोइयगुणो, आलयसुद्धाइलिंगपरिसुद्धो ।
पंकयणातादिजुओ, विण्णेओ भावसाहु त्ति ॥ ५४३ ॥ ११/४९

छाया :- तस्माद्यथोदितगुण आलयशुद्ध्यादिलिङ्गपरिशुद्धः ।
पङ्कजज्ञातादियुतो विज्ञेयो भावसाधुरिति ॥ ४९ ॥

ગાથાર્થ :- તેથી જે શાસ્ત્રોક્ત ગુણવાળો, વસતિશુદ્ધિ આદિ લક્ષણોથી પરિશુદ્ધ હોય, કમળપત્રના દૃષ્ટાંત આદિથી યુક્ત હોય તેને ભાવસાધુ જાણવો.

ટીકાર્થ :- '**तम्हा**'= તેથી '**जहोइयगुणो**'= શાસ્ત્રોક્ત ગુણવાળો '**आलयसुद्धाइलिंगपरिसुद्धो**'= આલય, વિહાર, સ્થાન, ગમન, ભાષા, વિનયાદિ લિંગથી વિશુદ્ધ હોય. '**पंकयणातादिजुओ**'= કમળના દૃષ્ટાંતથી

યુક્ત જેમ કાદવમાં ઉત્પન્ન થયેલું અને જળથી વૃદ્ધિ પામેલું કમળ એ બંનેથી અલિપ્ત રહે છે તેમ કામથી ઉત્પન્ન થયો હોવા છતાં અને વિષયથી વૃદ્ધિ પામેલો હોવા છતાં સાધુ તેનાથી અસ્પૃષ્ટ-અલિપ્ત રહે છે. આ પ્રમાણે શરદઋતુના જળની જેમ તે સ્વચ્છ આશયવાળો હોય છે, ગગનની જેમ નિરાલંબન હોય છે વગેરે દૃષ્ટાંતો સમજવા. '**भावसाहु त्ति**'= ભાવપ્રધાન સાધુ '**विण्णेओ**'= જાણવો.

आलयशुद्धि- સ્ત્રી, પશુ, નપુંસક વગેરેથી રહિત વસતિમાં રહેવું,

विहारशुद्धि- સાધુધર્મના આચારનું પાલન કરવું તેને વિહાર કહે છે. શાસ્ત્રોક્ત માસકલ્પ આદિ વિધિપૂર્વક વિચરવું.

स्थानशुद्धि- અવિરુદ્ધસ્થાનમાં કાયોત્સર્ગ કરવો.

गमनशुद्धि- ઈર્યાસમિતિના પાલનપૂર્વક ગમન કરવું.

भाषाशुद्धि- અસત્ય, કર્કશ, હિંસાદિદોષને પેદા કરનારી શાસ્ત્રમાં નિષિદ્ધ ભાષા ન બોલવી.

विनयशुद्धि- આચાર્યાદિનો વિનય કરવો. ॥ ૫૪૩ ॥ ૧૧/૪૯

एसो पुण संविग्गो, संवेगं सेसयाण जणयंतो ।
कुग्गहविरहेण लहुं, पावइ मोक्खं सयासोक्खं ॥ ५४४ ॥ ११/५०

छाया :- एषः पुनः संविग्न संवेगं शेषकाणां जनयन् ।

कुग्रहविरहेण लघु प्राप्नोति मोक्षं सदासौख्यम् ॥ ५० ॥

गाथार्थ :- આ સંવેગી ભાવસાધુ, બીજા જીવોને સંવેગ પમાડતો તેનામાં કદાગ્રહ ન હોવાથી તે જલ્દીથી શાશ્વતસુખવાળા મોક્ષને પ્રાપ્ત કરે છે.

ટીકાર્થ :- '**एसो पुण**'= આ ભાવસાધુ '**संविग्गो**'= સંસારથી વિરક્ત થયેલો હોવાથી સંસારભીરુ છે. '**संवेगं**'= સંસારનો ભય અથવા મોક્ષનો અભિલાષ તેને '**सेसयाण**'= '**शेषा एव शेषका**'= આમાં 'શેષ' શબ્દથી સ્વાર્થિક '**क**' પ્રત્યય થયો છે. અર્થાત્ બીજાઓને '**जणयंतो**'= પમાડતો '**कुग्गहविरहेण**'= કદાગ્રહના ત્યાગથી '**लहुं**'= જલ્દીથી થાય એ રીતે- આ ક્રિયાવિશેષણ છે. '**सयासोक्खं**'= શાશ્વતસુખવાળા '**मोक्खं**'= મોક્ષને '**पावइ**'= પ્રાપ્ત કરે છે. ॥ ૫૪૪ ॥ ૧૧/૫૦

॥ સાધુધર્મવિધિ નામનું અગિયારમું પંચાશક સમાપ્ત થયું. ॥

• • •

।। द्वादशं साधुसामाचारी पञ्चाशकम् ।।

સાધુધર્મનું વર્ણન કર્યા બાદ હવે સાધુસામાચારીનું વર્ણન કરે છે :-

नमिऊण महावीरं, सामायारीं जतीण वोच्छामि ।
संखेवओ महत्थं, दसविहमिच्छादिभेदेण ॥ ५४५ ॥ १२/१

છાયા :- नत्वा महावीरं सामाचारीं यतीनां वक्ष्यामि ।
संक्षेपतो महार्थां दशविधामिच्छादिभेदेन ॥ १ ॥

ગાથાર્થ :- શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરીને મહાન અર્થવાળી, ઇચ્છાકાર આદિ ભેદથી દશ પ્રકારની સામાચારીને સંક્ષેપથી કહીશ.

ટીકા :- 'महावीरं' = જગતમાં અજોડ વીર એવા **મહાવીરસ્વામીને 'नमिऊण'** = નમસ્કાર કરીને **'संखेवओ'** = સંક્ષેપથી **'महत्थं'**= મોક્ષફળને આપનારી હોવાથી મહાન પ્રયોજનવાળી અથવા મહાપુરુષો વડે જ આચરી શકાય એવી મહાન વિષયવાળી **'इच्छादिभेदेण'**= હવે પછી કહેવામાં આવનાર ઇચ્છાકાર આદિ ભેદ વડે **'दसविहं'** = દશ પ્રકારની **'जतीणं'** = સાધુ સંબંધી **'सामायारीं'** = શિષ્ટપુરુષોએ આચરેલી ક્રિયાના સમૂહરૂપ સામાચારીને **'वोच्छामि'** = કહીશ.

સામાચારીના દશ ભેદ કહે છે :-

इच्छा १, मिच्छा २, तहक्कारो ३, आवस्सिया ४, य निसीहिया ५॥
आपुच्छणा ६, य पडिपुच्छा ७, छंदणा ८, निमंतणा ९ ॥ ५४६ ॥ १२/२

છાયાઃ- इच्छा-मिथ्या-तथाकार आवश्यकी च नैषेधिकी ।
आपृच्छना च प्रतिपृच्छा छन्दना च निमन्त्रणा ॥ २ ॥

उवसंपया १०, य काले, सामायारी भवे दसविहा उ ।
एएसिं तु पयाणं, पत्तेयपरूवणा एसा ॥ ५४७ ॥ १२/३ जुग्गं ।

છાયાઃ- उपसम्पदा च काले सामाचारी भवेद् दशविधा तु ।
एतेषां तु पदानां प्रत्येकं प्ररूपणा एषा ॥ ३ ॥ युग्मम् ।

ગાથાર્થ :- ઇચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર, આવશ્યકી, નૈષેધિકી, આપૃચ્છના, પ્રતિપૃચ્છના, છંદના, નિમંત્રણા અને ઉપસંપદા આ **આવશ્યક નિર્યુક્તિ**માંની **ઉપોદ્‌ઘાતનિર્યુક્તિ**માં 'કાળ' નામના દ્વારમાં ઉપક્રમકાળમાં વર્ણવેલી 'દશધા' સામાચારી છે. આ ઇચ્છાકાર આદિ દરેક પદોની પ્રરૂપણા આ (હવે પછીની ગાથાઓમાં કહેવામાં આવશે તે) છે.

ટીકાર્થ :- "**(૧) इच्छा- (૨) मिच्छा- (૩) तहक्कारो**"= ઇચ્છાકાર, મિથ્યાકાર અને તથાકાર 'કાર' શબ્દનો અર્થ 'પ્રયોગ કરવો' એવો થાય છે તે 'ઇચ્છા' અને 'મિચ્છા'ની સાથે પણ જોડવાનો છે, અર્થાત્ ઇચ્છાકાર ઇચ્છા શબ્દનો પ્રયોગ કરવો, મિચ્છાકાર મિચ્છા શબ્દનો પ્રયોગ કરવો વગેરે. **'आवस्सिया'**= આવશ્યિકી **'निसीहिया'**= નૈષેધિકી **'आपुच्छणा'**= આપૃચ્છના, **'पडिपुच्छा'**= પ્રતિપૃચ્છના **'छंदणा'**= છંદના **'निमंतणा'**= નિમંત્રણા ॥ ૫૪૬ ॥ ૧૨/૨

'उपसंपया'= ઉપસંપદા **'काले'**= કાળના વિષયમાં- અહીં સામાચારીનો અધિકાર ચાલતો હોવાથી (**આવશ્યકનિર્યુક્તિ**ની ઉપોદ્‌ઘાતનિર્યુક્તિમાં 'કાલ' નામના દ્વારમાં વર્ણવેલ) ઓઘસામાચારી-દશધા સામાચારી

અને પદવિભાગ સામાચારીના ઉપક્રમ સ્વરૂપ કાળના વિષયમાં- અન્યથા સામાન્યથી જ '**सामाचारी**'= સામાચારી '**भवे**'= છે. '**दसविहा उ**'= દશ પ્રકારની, '**एएसिं तु**'= આ ઈચ્છા આદિ દશ '**पयाणं**'= પદોની '**पत्तेय परूवणा**'= દરેકનો વિષય જણાવનારી પ્રરૂપણા '**एसा**'= આ છે, અર્થાત્ હવે કહેવામાં આવશે તે છે. ॥ ૫૪૭ ॥ ૧૨/૩

હવે ઈચ્છાકાર સામાચારીનો વિષય કહે છેઃ-

अब्भत्थणाइ करणे य कारवणेणं तु दोण्ह वि उचिए ।
इच्छक्कारो कत्थइ, गुरूआणा चेव य ठिति त्ति ॥ ५४८ ॥ १२/४

छायाः- अभ्यर्थनायां करणे कारणेन तु द्वयोरपि उचिते ।
इच्छाकारः क्वचिद् गुर्वाज्ञा चैव च स्थितिरिति ॥ ४ ॥

ગાથાર્થ :- અભ્યર્થક અને કારક એ બંનેના ઉચિત કોઈક વિષયમાં (બિમારી આદિ કોઈક ખાસ) કારણથી બીજાને (પોતાનું અમુક કાર્ય કરવા માટે) પ્રાર્થના કરવામાં તેમ જ બીજાનું કાર્ય પોતે કરી આપવા માટે પ્રાર્થના કરવામાં ઈચ્છાકાર શબ્દનો પ્રયોગ કરવો જોઈએ. કારણ કે આવી આપ્તપુરુષોની આજ્ઞા છે અને સાધુની મર્યાદા છે.

ટીકાર્થ :- '**अब्भत्थणाइ**'= પ્રાર્થના કરવામાં '**करणे य**'= અને બીજાનું કાર્ય કરવામાં '**कारवणेणं तु**'= કોઈ ખાસ કારણસર '**दोहि वि**'= બંનેના પણ '**उचिए**'= ઉચિત વિષયમાં '**इच्छक्कारो**'= ઈચ્છાકાર શબ્દ પ્રયોગ કરવો. '**कत्थइ**'= કોઈક વિષયમાં '**गुरुआणा चेव य**'= ગુરુની આજ્ઞા '**ठिति त्ति**'= મર્યાદા- ઈચ્છાકાર સામાચારીવિષયક આ પ્રાચીન દ્વારગાથા છે. ॥ ૫૪૮ ॥ ૧૨/૪.

આ દ્વારગાથાના દરેક દ્વારનું હવે અન્વયવ્યતિરેક વડે વ્યાખ્યાન કરે છેઃ-

सइ सामत्थे एसो, नो कायव्वो विणाऽहियं कज्जं ।
अब्भत्थिएण वि विहा, एवं खु जइत्तणं सुद्धं ॥ ५४९ ॥ १२/५

छायाः- सति सामर्थ्ये एषो, नो कर्तव्यो विनाऽधिकं कार्यम् ।
अभ्यर्थितेनापि वृथैवं खलु यतित्वं शुद्धम् ॥ ५ ॥

ગાથાર્થ :- પોતામાં એ કાર્ય કરવાનું સામર્થ્ય હોય તો ઈચ્છાકાર ન કરવો અર્થાત્ બીજા પાસે કરાવવું નહીં. વળી પોતાને આ કાર્ય કરતાં કોઈક વધારે વિશિષ્ટતર કાર્ય કરવાનું હોય એ સિવાય પણ ઈચ્છાકાર ન કરવો. પ્રાર્થના કરાયેલાએ પણ ઈચ્છાકારને નિષ્ફળ ન કરવો. આ પ્રમાણે જ સાધુપણું શુદ્ધ થાય છે.

ટીકાર્થ :- '**सइ सामत्थे**'= આ કાર્ય કરવાની પોતાની શક્તિ હોય તો '**एसो**'= ઈચ્છાકાર '**नो कायव्वो**'= કરવો નહિ. '**विणा**'= સિવાય કે '**अहियं कज्जं**'= પોતાને આ કાર્યથી વધારે લાભવાળું બીજું કાર્ય કરવાનું હોય - અર્થાત્ પોતાનું કાર્ય બીજાની પાસે ઉત્સર્ગ માર્ગે કરાવવું નહિ. પણ પોતાને બીજું કોઈ વધારે લાભવાળું કાર્ય કરવાનું હોવાથી આ કાર્ય કરવાનો સમય ન હોય તો આ કાર્ય બીજા પાસે કરાવી શકાય.- કારણકે તેમાં સ્વ-પર ઉભયને પ્રયોજનની સિદ્ધિ થાય છે. '**अब्भत्थिएण वि**'= પ્રાર્થના કરાયેલા બીજા સાધુએ પણ '**विहा**'= 'અભ્યર્થનાને નિષ્ફળ ન કરવી' એમ અધ્યાહાર છે. અર્થાત્ તેણે એ કાર્ય કરી આપવું જોઈએ. '**एवं खु**'= આ રીતે '**जइत्तणं**'= સાધુપણું '**सुद्धं**'= શુદ્ધ છે અર્થાત્ નિરુપચરિત નિર્દોષ છે એમ ભાવ છે. ॥ ૫૪૯ ॥ ૧૨/૫

હવે 'કરણ' વગેરે દ્વારોની વ્યાખ્યા કહે છેઃ-

कारणदीवणयाइ वि, पडिवत्तीइऽवि य एस कायव्वो ।

राइणियं वज्जेत्ता, तगोचिए तम्मि वि तहेव ॥ ५५० ॥१२/६

છાયાઃ- कारणदीपनायामपि प्रतिपत्तावपि च एषः कर्तव्यः ।

रात्निकं वर्जयित्वा तकोचिते तस्मिन्नपि तथैव ॥ ६ ॥

ગાથાર્થ :- પોતાનું કાર્ય કરવા માટે બીજા સાધુને પ્રાર્થના કરતી વખતે 'મારું આ કાર્ય કરવા હું સમર્થ નથી અથવા મારે બીજું વિશિષ્ટતર કાર્ય કરવાનું હોવાથી મને સમયનો અભાવ છે, માટે આપની ઇચ્છા હોય તો મારું આ કાર્ય કરી આપો' એમ કારણ જણાવવાપૂર્વક ઇચ્છાકાર કરવો જોઇએ. તેમ પ્રાર્થના કરાયેલ સાધુથી જો તે કાર્ય થઇ શકે એમ ન હોય તો તેણે પણ કારણ બતાવવાપૂર્વક ઇચ્છાકાર કરવો જોઇએ કે 'હું તમારું કાર્ય કરવા ઇચ્છું છું, પણ તે કરવા માટે હું સમર્થ નથી અથવા મારે બીજું વિશિષ્ટતર કાર્ય કરવાનું હોવાથી મને સમય નથી.'

તેમ જ 'હું તમારું કાર્ય કરી આપું' એમ કાર્યનો સ્વીકાર કરવામાં પણ ઇચ્છાકાર કરવો જોઇએ. સામાન્ય રીતે રત્નાધિક સિવાય ઇચ્છાકાર કરવો જોઇએ અર્થાત્ રત્નાધિકની પાસે કામ ન કરાવાય, પણ રત્નાધિકને ઉચિત જે કાર્ય હોય એમાં રત્નાધિકને પણ ઇચ્છાકાર કહી શકાય.

ટીકાર્થ :- '**कारणदीवणयाइ वि**'='મને ગુરુ ભગવંતે બીજું વધારે વિશિષ્ટ કાર્ય સોંપેલું છે' એમ કારણ જણાવવામાં, અવસર અનુસારે '**पडिवत्तीइऽवि य**'= બીજા સાધુનું કાર્ય કરવાનું સ્વયં સ્વીકારવામાં પણ '**एस**'= ઇચ્છાકાર '**कायव्वो**'= કરવો. '**राइणियं**'= જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નો વડે આરાધના વિશેષ કરી છે તે રાત્નિક કહેવાય. **રત્નાધિક** = પૂજ્ય પુરુષ તેને '**वज्जेत्ता**'= છોડીને અર્થાત્ તે પૂજ્ય હોવાથી તેમની પાસે પોતાનું કાર્ય સામાન્ય રીતે ન કરાવાય. '**तगोचिए**'= જ્ઞાનદર્શન પ્રભાવક એવા શાસ્ત્રોને ભણાવવા જેવા રત્નાધિકને ઉચિત કાર્ય કરવા માટે '**तम्मि वि**'= તે રત્નાધિકને વિશે પણ '**तहेव**'= ઇચ્છાકાર કરાય. અર્થાત્ શાસ્ત્ર ભણાવવા વગેરે રત્નાધિકને ઉચિત કાર્ય માટે તેમને પ્રાર્થના કરી શકાય કે 'આપની ઇચ્છા હોય તો અમને આ શાસ્ત્ર ભણાવો' વગેરે. ॥ ૫૫૦ ॥ ૧૨/૬.

एवं आणाऽऽराहणजोगाओ आभिओगियखओ त्ति ।

उच्चागोयनिबंधो, सासणवण्णो य लोगम्मि ॥ ५५१ ॥ १२/७

છાયાઃ- एवमाज्ञाऽऽराधनयोगाद् आभियोगिकक्षय इति ।

उच्चैर्गौत्रनिबन्धः शासनवर्णश्च लोके ॥ ७ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે ઇચ્છાકાર સામાચારીના પાલન સ્વરૂપ સર્વજ્ઞની આજ્ઞાનું આરાધન કરવાથી આભિયોગિક કર્મ (જેનાથી બીજાને પરાધીન રહેવું પડે, તેની નોકરી-સેવા કરવી પડે એવા નીચગોત્ર કર્મ)નો ક્ષય થાય છે, ઉચ્ચગોત્રનો બંધ થાય છે. અને લોકોમાં જૈનશાસનની પ્રશંસા થાય છે.

ટીકાર્થ :- '**एवं**'= આ પ્રમાણે સામાચારીનું પાલન કરવાથી'**आणाऽऽराहणजोगाओ**'= ગુરુ ભગવંતની અથવા સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાનું પાલન કરવાથી '**आभिओगिय खओ त्ति**'= બીજા જીવ ઉપર બળાત્કાર કરવાથી બંધાતું જે આભિયોગિક કર્મ તેનો ક્ષય થાય છે. '**उच्चगोयनिबंधो**'= બીજા જીવની પાસે બળાત્કારે

કામ કરાવવું એ તેનો પરાભવ કર્યો ગણાય. ઇચ્છાકાર કરવાથી તેનો પરાભવ થતો નથી . તેનું માન સચવાય છે અને એમ કરવાથી સમભાવનું ઉલ્લંઘન થતું નથી અર્થાત્ સ્વયં સમભાવમાં રહેવાય છે. દેશવિરતિ ગુણઠાણે સમતાભાવ ઉચ્ચગોત્રબંધના કારણ તરીકે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. જેને ભાવથી દેશવિરતિ ગુણઠાણું હોય તેને નીચગોત્રનો બંધ શાસ્ત્રમાં ખરેખર કોઈપણ સ્થાને દર્શાવ્યો નથી. વળી ગુણપ્રત્યયિક ઉચ્ચગોત્રનો ઉદય દેશવિરતિ શ્રાવકને હોય છે. તો પછી સર્વવિરતિધર સાધુને તો ગુણપ્રત્યયિક ઉચ્ચગોત્રનો ઉદય હોય જ ને ! '**सासणवण्णो य लोगम्मि**'= લોકોમાં જૈનશાસન પ્રત્યે બહુમાન જાગે છે કે "આ શાસનમાં કેવા કેવા સૂક્ષ્મ ભાવોનું નિરૂપણ કરવામાં આવ્યું છે કે લેશમાત્ર પણ પરપીડા અહીં કરવામાં આવતી નથી." ॥ ૫૫૧ ॥ ૧૨/૭

૧૨/૪ દ્વારગાથામાં જે કહ્યું હતું કે 'સાધુની આ મર્યાદા છે.' તે મર્યાદા શું છે ? તે કહે છે :-

आणाबलाभिओगो, निग्गंथाणं न कप्पए काउं।

इच्छा पउंजियव्वा, सेहे तह चेव राइणिए ॥५५२॥१२/८

છાયાઃ- आज्ञाबलाभियोगो निर्ग्रन्थानां न कल्पते कर्तुम् ।

इच्छा प्रयोक्तव्या शैक्षे तथा चैव रात्निके ॥ ८ ॥

ગાથાર્થઃ- સાધુઓને આજ્ઞા અને બળાત્કાર કરવાનું કલ્પે નહિ. નવદીક્ષિત હોય કે રત્નાધિક હોય બંને પ્રત્યે ઇચ્છાકાર કરવો જોઈએ.

ટીકાર્થ :- '**निग्गंथाणं**'= સાધુઓને '**आणाबलाभिओगो**'= બીજાને આજ્ઞા પૂર્વક બળાત્કાર અથવા બળાત્કારે કાર્ય કરાવવા માટે આજ્ઞાનો પ્રયોગ '**न कप्पए काउं**'= કરવો કલ્પે નહિ. '**सेहे**'= નવદીક્ષિત પ્રત્યે કે '**तह चेव**'= તેમજ '**राइणिए**'= રત્નાધિકના પ્રત્યે '**इच्छा**'= ઇચ્છાકારનો '**पउंजियव्वा**'= પ્રયોગ કરવો. અર્થાત્ "તમારી ઇચ્છા હોય તો આ કાર્ય કરાય" એમ કહેવું. ॥ ૫૫૨ ॥ ૧૨/૮

આજ્ઞા બળાત્કારના વિષયમાં અપવાદ કહે છેઃ-

जोग्गेऽवि अणाभोगा खलियम्मि खरंटणा वि उचिय त्ति।

ईसिं पण्णवणिज्जे, गाढाजोगे उ पडिसेहो ॥५५३॥१२/९

છાયા :- योग्येऽपि अनाभोगात् स्खलिते खरण्टनापि उचितेति ।

ईषत् प्रज्ञापनीये गाढायोग्ये तु प्रतिषेधः ॥ ९ ॥

ગાથાર્થ :- સમજાવી શકાય એવા યોગ્યને પણ અનુપયોગથી ભૂલ થતાં કાંઈક ઠપકો આપવો પણ યોગ્ય છે. અતિશય અયોગ્ય વ્યક્તિને ઠપકો નહિ આપવો.

ટીકાર્થ :- '**ईसिं**'= કાંઈક '**पण्णवणिज्जे**'= સમજાવી શકાય એવા '**जोग्गेऽवि**'=ગુણવાન યોગ્ય પુરુષ પણ '**अणाभोगा**'= અનુપયોગથી '**खलियम्मि**'= સાધ્વાચારમાં ભૂલ કરતો હોય અર્થાત્ માર્ગથી ભ્રષ્ટ થતો હોય તો '**खरंटणा वि**'= ઠપકો પણ '**उचिय त्ति**'= યોગ્ય જ છે. '**गाढाजोग्गे**'= અત્યંત અયોગ્ય અપ્રજ્ઞાપનીય વ્યક્તિને '**पडिसेहो**'= ઠપકો આપવાનો નિષેધ છે.

અયોગ્ય વ્યક્તિ પોતાનું આત્મકલ્યાણ જાણતો નથી તેથી તેને ઠપકો આપવાથી તેને અત્યંત સંક્લેશ થાય છે અને તે નિમિત્તે તે ઘણા પાપકર્મને બાંધે છે. કોઈનાં પણ કર્મબંધમાં નિમિત્ત બનવું ન જોઈએ. માટે આવી અયોગ્ય વ્યક્તિને ઠપકો આપવો નહિ. ॥ ૫૫૩ ॥ ૧૨/૯

ઇચ્છાકાર સામાચારીનું વર્ણન કર્યું. હવે મિચ્છાકાર સામાચારીનો વિષય કહે છે :-

संजमजोगे अब्भुट्ठियस्स जं किंचि वितहमायरियं ।

मिच्छा एतं ति वियाणिऊण तं दुक्कडं देयं ॥ ५५४ ॥ १२/१०

छाया :- **संयमयोगे अभ्युत्थितस्य यत्किञ्चिद्वितथमाचरितम् ।**

मिथ्या एतदिति विज्ञाय तद्दुष्कृतं देयम् ॥ १० ॥

ગાથાર્થ :- સંયમના યોગોમાં પ્રયત્નશીલ સાધુએ જે કાંઇ સંયમથી વિપરીત આચરણ થઈ ગયું હોય તો "આ મારાથી ખોટું થઇ ગયું છે" એમ જાણીને તેણે તેનું મિચ્છા મિ દુક્કડં દેવું જોઇએ.

ટીકાર્થ :- '**संजमजोगे**'= સંયમના વ્યાપારમાં '**अब्भुट्ठियस्स**'= ઉદ્યમી સાધુથી '**किंचि**'= જે કાંઇ '**वितहं**'= ખોટું '**आयरियं**'= આચરણ કરાયું હોય. '**एतं मिच्छा**'= મારું ખોટું **ति**'= આ આચરણ છે એમ '**वियाणिऊण**'= જાણીને '**तं दुक्कडं**'= મિચ્છા મિ દુક્કડં '**देयं**'= આપવું જોઇએ. ॥ ૫૫૪ ॥ ૧૨/૧૦

દુષ્કૃત વડે જે પાપકર્મ બંધાયું એ તો ભોગવવું જ પડે તો મિચ્છા મિ દુક્કડં આપવાથી શો લાભ થાય? એ શંકાનું સમાધાન આપતા કહે છે.

सुद्धेणं भावेणं, अपुणकरणसंगतेण तिव्वेणं ।

एवं तक्कम्मखओ, एसो से अत्थनाणंमि ॥ ५५५ ॥ १२/११

छाया :- **शुद्धेन भावेन अपुनःकरणसङ्गतेन तीव्रेण ।**

एवं तत्कर्मक्षय एषः तस्य अर्थज्ञाने ॥ ११ ॥

ગાથાર્થ :- 'ફરીથી હું આવું અકાર્ય નહિ કરું' એવા તીવ્ર શુદ્ધ ભાવપૂર્વક જો મિચ્છા મિ દુક્કડં આપવામાં આવે તો એ વિપરીત આચરણથી બંધાયેલું પાપકર્મ ક્ષય પામે છે. મિચ્છા મિ દુક્કડં શબ્દનો અર્થ જો જાણતો હોય તો શુભ ભાવ જાગે અને કર્મક્ષય થાય.

ટીકાર્થ :- '**सुद्धेणं**'= બંધાયેલા પાપકર્મનો ક્ષય કરવા યોગ્ય શુદ્ધ ભાવથી '**अपुणकरण**'='ફરીથી હું આવું અકાર્ય નહિ કરું.' એવા '**तिव्वेणं**'= ઉત્કૃષ્ટ ભાવથી '**एवं**'= મિચ્છા મિ દુક્કડં આપવાથી '**तक्कम्मखओ**'= પાપકર્મનો ક્ષય 'થાય છે' એ શબ્દ અધ્યાહારથી સમજવાનો છે. '**एसो**' = અને આ કર્મક્ષય '**से**'= તે મિચ્છા મિ દુક્કડંનો '**अत्थनाणंमि**'= અર્થ જાણવાથી થાય છે. આથી તેનો અર્થ કહેવાય છે. ॥ ૫૫૫ ॥ ૧૨/૧૧

હવે બે ગાથા દ્વારા 'મિચ્છા મિ દુક્કડં' એ પ્રાકૃત પદનો પૂર્વાચાર્યે કરેલી વ્યાખ્યાને અનુસારે અર્થ કહે છેઃ-

मि त्ति मिउमद्दवत्ते, छ त्ति उ दोसाण छादणे होति ।

मे त्ति य मेराएँ ठिओ, दु त्ति दुगुंछामि अप्पाणं ॥ ५५६ ॥ १२/१२

छाया :- 'मि' इति मृदुमार्दवत्वे 'छा' इति तु दोषाणां छादने भवति ।
'मे' इति च मर्यादायां स्थितो 'दु' इति जुगुप्से आत्मानम् ॥ १२ ॥

क त्ति कडं मे पावं, ड त्ति य डेवेमि तं उवसमेणं ।
एसो मिच्छादुक्कडपयक्खरत्थो समासेणं ॥ ५५७ ॥ १२/१३ जुग्गं ।

छाया :- 'क' इति कृतं मया पापं 'ड' इति च डिये तदुपशमेन ।
एव मिथ्यादुष्कृतपदाक्षरार्थः समासेन ॥ १३ ॥ युग्मम् ।

ગાથાર્થ :- 'મિચ્છા મિ દુક્કડં' પદમાં મિ, ચ્છા, મિ, દુ, ક્ક અને ડં એ છ અક્ષરો છે. દરેક અક્ષરોનો અર્થ આ પ્રમાણે છેઃ- 'મિ'= મૃદુતા (નમ્રતા), 'ચ્છા'= દોષોનું ચ્છાદન કરવું - રોકવું અર્થાત્ ફરી ન કરવા. 'મિ'= ચારિત્રના આચારોની મર્યાદામાં રહેલ 'દુ'= દુષ્કૃત કરનાર આત્માની નિંદા કરું છું. આ ચાર અક્ષરોનો સમુદિત અર્થ આ પ્રમાણે થાય છેઃ- કાયાથી અને ભાવથી નમ્ર બનીને, થયેલી ભૂલ ફરી નહિ કરું, એવા ભાવથી ચારિત્રના આચારમાં રહેલો હું દુષ્કૃત કરનારા મારા આત્માની નિંદા કરું છું. 'ક્ક'= મેં પાપ કર્યું છે એવી પાપની કબૂલાત, 'ડ'= ઉપશમથી પાપને ઓળંગી જાઉં છું. અર્થાત્ મેં પાપ કર્યું છે એવી પાપની કબૂલાત કરું છું અને ઉપશમભાવથી મારા એ પાપને હું નષ્ટ કરું છું. આ મિચ્છા મિ દુક્કડં પદના અક્ષરોનો સંક્ષેપથી અર્થ છે.

ટીકાર્થ :- '**मि**'= આ અક્ષરનો અર્થ '**मिउमद्दवत्ते**'= માર્દવપણું એવો થાય છે. મૃદુ શબ્દથી ભાવવાચક પ્રત્યય લાગીને માર્દવ શબ્દ બને છે. તેને ફરી ભાવવાચી 'ત્વ' પ્રત્યય લાગીને 'માર્દવત્વ' શબ્દ બને છે. માર્દવત્વ = વિનયથી નમન કરવાની ક્રિયા કરવી તે. '**छ त्ति**'= ચ્છા અક્ષરનો અર્થ '**दोसाण छादणे**'= દોષોને ઢાંકવા અર્થાત્ રોકવા ફરી ન કરવા. એવો '**होति**'= થાય છે. '**मे त्ति य**' = મે અક્ષરનો અર્થ '**मेराएँ ठिओ**'= સાધુના આચારની મર્યાદામાં રહેલો હું, ફરીથી તે પાપ નહિ કરવાના ભાવથી '**दु त्ति**' = '**दु**' અક્ષરનો અર્થ '**दुगुंछामि अप्पाणं**' =મારા આત્માને નિંદુ છું એવો થાય છે. ॥ ૫૫૬ ॥ ૧૨/૧૨

'**क**'= અક્ષરનો અર્થ '**कडं**'= કરાયું '**मे**' = મારાથી '**पावं**'=પાપ, અર્થાત્ 'મારાથી પાપ થયું છે, નથી કરાયું એમ નહિ' એમ પાપનો સ્વીકાર કરવાના અર્થમાં છે. '**ड त्ति य**'='ડ' અક્ષરનો અર્થ '**डेवेमि**' = અન્તર્ભાવિત **अपि** શબ્દ આમાં હોવાથી 'ઉલ્લંઘન કરું છું' એવો અર્થ થાય. '**तं**'= તે પાપને '**उवसमेणं**' = ક્રોધાદિના ઉપશમથી. '**एसो**'= આ હમણાં કહેવાયેલો '**मिच्छादुक्कडपयक्खरत्थो**'= 'મિચ્છા મિ દુક્કડં પદના અક્ષરો '**समासेणं**' = સંક્ષેપથી છે. પદના દરેકે દરેક અક્ષરોનો કાંઈને કાંઈ અર્થ હોય જ છે. જો એમ ન હોય તો અક્ષરોના સમુદાયરૂપ પદમાં અર્થનો અભાવ થઈ જાય. દા.ત. રેતના એક કણિયામાં તેલ નથી તો તેના ઘણાં કણિયાના સમુદાયમાંથી પણ તેલ ન જ નીકળે.પદનો અર્થ હોય છે એ પ્રસિદ્ધ છે માટે અક્ષરોનો પણ અર્થ છે જ. આખા '**मिच्छा मि दुक्कडं**' પદનો અર્થ એ છે કે ''આ મારા વડે જે કરાયું છે અથવા વિચારાયું છે તે ખોટું જ છે, દુષ્કૃત હોવાથી તજવા યોગ્ય જ છે' - અથવા 'આ મારા વડે કરાયું તે સુકૃત નથી, કરવા યોગ્ય નથી.' આમ બંને રીતે અર્થ સંગત થાય છે. ॥૫૫૭॥ ૧૨/૧૩

મિથ્યાકાર સામાચારીનું વર્ણન કરાયું. હવે તથાકાર સામાચારીને કહે છે :-

कप्पाकप्पे परिणिट्ठियस्स ठाणेसु पंचसु ठियस्स ।
संयमतवड्ढगस्स उ, अविगप्पेणं तहक्कारो ॥५५८॥१२/१४

छायाः- कल्पाकल्पे परिनिष्ठितस्य स्थानेषु पञ्चसु स्थितस्य ।
संयम तपआढ्यकस्य तु अविकल्पेन तथाकारः ॥

ગાથાર્થ :- કલ્પ-અકલ્પના-પૂર્ણજ્ઞાનવાળા, પાંચ મહાવ્રતોમાં રહેલા, સંયમ-તપથી પરિપૂર્ણ ગુરુના વચનમાં કોઈ જાતની શંકા વગર તથાકાર કરવો જોઈએ.

ટીકાર્થ :- '**कप्पाकप्पे**'= કલ્પ્ય અને અકલ્પ્ય વસ્તુમાં અથવા બાર પ્રકારનો કલ્પ અને તેનાથી વિપરીત

જે અકલ્પ તે પણ બાર પ્રકારનો જ છે. તે બંનેમાં '**परिणिट्ठियस्स**'= નિષ્ઠાને પામેલા સૂત્રાર્થ ઉભયમાં પારને પામેલા '**ठाणेसु**'= સાધુઓ વડે જેમાં રહેવાય છે તે સ્થાન કહેવાય. અર્થાત્ મહાવ્રતો તે '**पंचसु**'= પાંચને વિશે '**ठियस्स**'= પ્રતિષ્ઠિત થયેલા '**संयमतवङ्गस्स उ**'= સંયમ અને તપ એ બે શબ્દોનો દ્વન્દ્વ સમાસ કર્યો છે, સંયમ એ અધિક પૂજ્ય હોવાથી દ્વન્દ્વ સમાસમાં તેનો પૂર્વનિપાત કર્યો છે જેમ **दीक्षातपसी** આ દ્વન્દ્વ સમાસમાં '**दीक्षा**' શબ્દનો પૂર્વનિપાત કરવામાં આવ્યો છે તેમ- ત્યારબાદ **'संयमतप'** શબ્દનો '**आढ्य**' શબ્દની સાથે તૃતીયા તત્પુરુષ સમાસ કર્યો છે, અર્થાત્ સંયમ અને તપ વડે આઢ્ય= પરિપૂર્ણ વિષે સ્વાર્થિક 'કન્' પ્રત્યય લાગીને '**संयमतपाढ्यक**' શબ્દ બન્યો છે. '**उ**'= જ અર્થાત્ નિશ્ચે '**अविगप्पेणं**'= વિકલ્પ વગર- નિર્વિકલ્પે એવો અર્થ છે. '**तहक्कारो**'= તથાકાર અર્થાત્ '**तहत्ति**' શબ્દ અથવા તે અર્થવાળો બીજો શબ્દ પણ બોલવો.- **શ્રીકલ્પસૂત્ર**ના ૧૪મા સૂત્રમાં નીચે પ્રમાણે 'તથાકાર'નો પ્રયોગ કર્યો છે.:-

'હે ભગવંત ! આ આપે કહ્યું તે તેમ જ છે, હે ભગવંત ! આ સાચું જ છે. 'હે ભગવંત ! આ સંદેહ વગરનું જ છે. 'હે ભગવંત ! આ આમ જ છે, આ પ્રમાણે જ છે. ॥ ૫૫૮ ॥ ૧૨/૧૪

'तहत्ति' શબ્દ ક્યારે બોલવાનો હોય છે ? તે કહે છે :-

वायणपडिसुणणाए, उवएसे सुत्तअत्थकहणाए ।
अवितहमेयं ति तहा, अविगप्पेणं तहक्कारो ॥ ૫૫૯ ॥ ૧૨/૧૫

છાયા :- वाचनाप्रतिश्रवणायामुपदेशे सूत्रार्थकथनायाम् ।
अवितथमेतदिति तथा अविकल्पेन तथाकारः ॥ ૧૫ ॥

ગાથાર્થ :-ગુરુ ભગવંત જ્યારે કોઈ અપૂર્વ સૂત્રની વાચના આપતા હોય ત્યારે, ગુરુની આજ્ઞાને સ્વીકારતી વખતે, ઉપદેશ અપાતો હોય ત્યારે, સૂત્રની વ્યાખ્યા કરવામાં આવતી હોય ત્યારે 'આ સત્ય જ છે' એમ જણાવતો નિર્વિકલ્પે 'તહત્તિ' શબ્દનો પ્રયોગ કરવો.

ટીકાર્થ :- '**वायण**'= નવા સૂત્રની વાચના આપવામાં આવે ત્યારે '**पडिसुणणाए**'= ગુરુએ આજ્ઞા કરેલ કાર્યનો સ્વીકાર કરતી વખતે '**उवएसे**'= સામાન્યથી ઉપદેશ અપાતો હોય ત્યારે '**सुत्तअत्थकहणाए**'= સમ્યક્ સૂત્રની વ્યાખ્યા કરાતી હોય ત્યારે '**अवितहमेयं**'= આ સત્ય જ છે એમ જણાવતો '**तहा**'= આ તેમજ છે. એ પ્રમાણે '**अविगप्पेणं**'= સંદેહ વગર '**तहक्कारो**'= તથાકાર (**तहत्ति**) શબ્દ '**भवति**' શબ્દ અહીં અધ્યાહાર સમજવાનો છે, અર્થાત્ હોય છે- બોલાય છે. ॥ ૫૫૯ ॥ ૧૨/૧૫

જે ગુરુ ગીતાર્થતા આદિ ગુણોથી યુક્ત ન હોય તેમાં 'તહત્તિ' શબ્દ બોલવા માટે કયો વિધિ છે ? તે કહે છે :-

इयरम्मि विकप्पेणं, जं जुत्तिखमं तहिं न सेसम्मि ।
संविग्गपक्खिगे वा, गीए सव्वत्थ इयरेण ॥ ૫૬૦ ॥ ૧૨/૧૬

છાયાઃ- इतरस्मिन् विकल्पेन यद् युक्तिक्षमं तस्मिन्न शेषे ।
संविग्नपाक्षिके वा गीते सर्वत्र इतरेण ॥ ૧૬ ॥

ગાથાર્થઃ- ઉક્તગુણોથી રહિત ગુરુમાં વિકલ્પથી તહત્તિ કહેવું. તેમના યુક્તિયુક્ત વચનમાં 'તહત્તિ'

કહેવું, બીજા વચનમાં અર્થાત્ જે વચન યુક્તિયુક્ત ન હોય તેમાં **'तहत्ति'** કહેવું નહિ. અથવા ગીતાર્થ સંવિગ્નપાક્ષિકના સર્વ વચનોમાં અગીતાર્થ સાધુએ 'તહત્તિ' કહેવું.

ટીકાર્થ :- '**इयरम्मि**'=પૂર્વે કહેલા ગુણોથી રહિત ગુરુમાં '**विकप्पेणं**'= તહત્તિ શબ્દ બોલવામાં ભજના છે, '**जं**'= જે વચન '**जुत्तिखमं**'= યુક્તિયુક્ત છે અર્થાત્ જે વચનમાં સત્યપણાની ખાત્રી છે. '**तहिं**'= તેમાં **'तहत्ति'** કહેવું. '**न सेसम्मि**'= જે વચન યુક્તિયુક્ત હોવાની ખાત્રી નથી તેમાં **'तहत्ति'** કહેવું નહિ. '**संविग्गपक्खिगे वा**'= સંવિગ્નપાક્ષિક '**गीए**'= ગીતાર્થના '**सव्वत्थ**'= સર્વ વચનોમાં **'इयरेण'**= અગીતાર્થે, **'तहत्ति'** કહેવું એમ અધિકાર વર્તે છે. (સંવિગ્નપાક્ષિક આચારમાં શિથિલ હોય છે. પણ તેની પ્રરૂપણા શુદ્ધ જ હોય છે.)॥ ૫૬૦ ॥ ૧૨/૧૬

શા માટે આવો ઉપદેશ અપાય છે ? તે કહે છેઃ-

संविग्गोऽणुवएसं, न देइ दुब्भासियं कडुविवागं ।

जाणंतो तम्मि तहा, अतहक्कारो उ मिच्छत्तं ॥ ५६१ ॥ १२/१७

છાયાઃ- संविग्नोऽनुपदेशं न ददाति दुर्भाषितं कटुविपाकम् ।

जानन् तस्मिंस्तथा अतथाकारस्तु मिथ्यात्वम् ॥ १७ ॥

ગાથાર્થ :- આગમવિરુદ્ધ વચન એ કટુવિપાકના ફળને આપનારું છે એમ જાણતો સંવિગ્ન (સંસારભીરુ) ગુરુ આગમવિરુદ્ધ ઉપદેશ આપે નહિ. આથી તેના વચનમાં નિર્વિકલ્પે જો તથાકાર ન કરવામાં આવે તો મિથ્યાત્વ છે.

ટીકાર્થ :- '**संविग्गो**'= સંસારભીરુ ગુરુ પોતે જ **'अणुवएसं'**= અનુચિત ઉપદેશને **'न देइ'**= આપતા નથી. '**दुब्भासियं**'= આગમવિરુદ્ધ '**कडुविवागं**'= કડવા ભયંકર ફળ આપનારું '**जाणंतो**'= જાણતો '**तम्मि**'= ગુરુના વચનમાં '**तहा**'= તે પ્રકારે નિર્વિકલ્પે '**अतहक्कारो**'= તથાકાર ન કરવો અર્થાત્ સામાચારીથી વિરુદ્ધ કરવું **'मिच्छत्तं'**= તે મિથ્યાત્વ છે. માટે તેમાં પણ નિર્વિકલ્પે **'तहत्ति'** કહેવું.॥ ૫૬૧ ॥ ૧૨/૧૭

તથાકાર સામાચારીનું વર્ણન કરાયું. હવે આવશ્યકી સામાચારીનું નિરૂપણ કરે છે :-

कज्जेणं गच्छंतस्स गुरुणिओएण सुत्तणीइए ।

आवस्सिय त्ति णेया, सुद्धा अण्णत्थजोगाओ ॥ ५६२ ॥ १२/१८

છાયાઃ- कार्येण गच्छतो गुरुनियोगेन सूत्रनीत्या ।

आवश्यिकीति ज्ञेया शुद्धा अन्वर्थयोगात् ॥ १८ ॥

ગાથાર્થ :- ગુર્વાજ્ઞાથી સૂત્રોક્ત વિધિ વડે જ્ઞાનાદિ કાર્ય માટે જતાં સાધુની આવશ્યકી શુદ્ધ જાણવી. કારણકે તેમાં આવશ્યકી શબ્દનો અર્થ ઘટે છે.

ટીકાર્થ :- '**कज्जेणं**'= જ્ઞાનાદિ કાર્ય માટે '**गच्छंतस्स**'= જતાં એવા સાધુને 'સાધુ' શબ્દ અત્ર અધ્યાહારથી સમજવાનો છે. '**गुरुणिओएण**'= ગુર્વાજ્ઞાથી **'सुत्तणीइए'**= આગમની વિધિ વડે '**आवस्सिय त्ति**'= આવશ્યકી

'**णेया**'= જાણવી. '**सुद्धा**'= શુદ્ધ '**अण्णत्थजोगाओ**'= અવશ્ય કર્તવ્ય એવો '**आवश्यकी**'નો અર્થ તેમાં ઘટે છે માટે ॥ ૫૬૨ ॥ ૧૨/૧૮

'કાર્ય માટે જતાં' એમ જે કીધું તેમાં કયું કાર્ય હોય તે કહે છે :-

कज्जं पि नाणदंसणचरित्तजोगाण साहगं जं तु ।
जइणो सेसमकज्जं, न तत्थ आवस्सिया सुद्धा ॥ ५६३ ॥ १२/ १९

छाया :- कार्यमपि ज्ञानदर्शनचारित्रयोगानां साधकं यत्तु ।
यतेः शेषमकार्यं न तत्र आवश्यिकी शुद्धा ॥ १९ ॥

ગાથાર્થ :- જે કાર્ય જ્ઞાન-દર્શન-ચારિત્રના વ્યાપારોનું સાધક હોય એ જ સાધુ માટે કાર્ય જાણવું. બાકીનું એના માટે અકાર્ય છે. અકાર્યમાં આવશ્યકી શુદ્ધ નથી.

ટીકાર્થ :- '**कज्जं पि**'= કાર્ય પણ '**नाणदंसणचरित्तजोगाण**'= જ્ઞાન-દર્શન-ચારિત્રના યોગોનું '**साहगं**'= સાધક '**जं तु**'= જે હોય તે '**जइणो**'= સાધુનું '**सेसं**'= તે સિવાયનું બાકીનું '**अकज्जं**'= અકાર્ય છે. '**तत्थ**'= જ્ઞાનાદિ રહિત કાર્યમાં '**आवस्सिया**'= આવશ્યિકી '**न**'= નથી '**सुद्धा**'= શુદ્ધ પરંતુ તે આવશ્યિકી અશુદ્ધ જ છે કારણ કે આગમથી વિરુદ્ધ એ પ્રવૃત્તિ કરાય છે.॥ ૫૬૩ ॥ ૧૨/૧૯

वइमेत्तं निव्विसयं, दोसाय मुस त्ति एव विण्णेयं ।
कुसलेहिं वयणाओ, वइरेगेणं जओ भणिअं ॥५६४॥१२/२०

छाया :- वाङ्मात्रं निर्विषयं दोषाय मृषेति एव विज्ञेयम् ।
कुशलैः वचनाद् व्यतिरेकेण यतः भणितम् ॥ २० ॥

ગાથાર્થ :- નિષ્કારણ બહાર જનાર સાધુની આવશ્યકી નિરર્થક હોવાથી માત્ર શબ્દોચ્ચારણરૂપ છે. આવી આવશ્યકી મૃષાવાદ હોવાથી દોષના માટે થાય છે. આ પ્રમાણે કુશળોએ આગમના વચનથી જાણવું. કારણ કે આગમમાં વ્યતિરેકથી આ વાત જણાવી છે.

ટીકાર્થ :- '**वइमेत्तं**'= વચનમાત્ર અર્થાત્ શબ્દોચ્ચારણરૂપ '**निव्विसयं**'= નિરર્થક '**दोसाय**'= દોષ માટે થાય છે. '**मुस त्ति**'= મૃષાવાદ '**एव**'= જ છે એમ '**कुसलेहिं**'= બુદ્ધિમાન પુરુષોએ '**विण्णेयं**'= જાણવું. '**जओ**'= કારણ કે '**वयणाओ**'= આગમના વચનથી '**वइरेगेणं**'= વ્યતિરેકથી '**भणिअं**' =કહ્યું છે. ॥૫૬૪॥ ૧૨/૨૦

(કેમકે આગમ આવશ્યક નિર્યુક્તિમાં આ વાત વ્યતિરેકથી કહી છે.)

आवस्सिया उ आवस्सिएहिं सव्वेहिं जुत्तजोगस्स ।
एयस्सेसो उचिओ, इयरस्स न चेव नत्थि त्ति ॥ ५६५ ॥ १२/२१

छाया :- आवश्यिकी तु आवश्यकैः सर्वैर्युक्तयोगस्य ।
एतस्यैष उचित इतरस्य न चैव नास्तीति ॥ २१ ॥

छाया :- સાધુના નિત્યકર્તવ્યરૂપ જે આવશ્યક કર્તવ્યો છે તેમાં સર્વ કર્તવ્યોમાં ઉદ્યમી સાધુની જ આવશ્યકી શુદ્ધ છે. તેણે જ 'આવસ્સહી' એ પ્રમાણે શબ્દોચ્ચાર કરવો ઉચિત છે. બીજા સાધુઓ જેઓ આવશ્યક કર્તવ્યોમાં નિરુત્સાહી છે તેમને તે અનુચિત છે કારણ કે તેમને તેનો અન્વર્થ ઘટતો નથી.

ટીકાર્થ:- '**आवस्सिया उ**'= આવશ્યકી '**आवस्सिएहिं सव्वेहिं**'= સર્વ આવશ્યક કર્તવ્યોથી '**जुत्तजोगस्स**'= યુક્ત, ઉદ્યમી (ઉત્સાહી) '**एयस्स**'= એ ઉદ્યમી સાધુનો જ '**एसो**'= 'આવસ્સહી' એવો શબ્દોચ્ચાર '**उचिओ**'= યોગ્ય છે. '**इयरस्स**'= બીજા નિરુદ્યમી સાધુને '**न चेव**'=ઉચિત નથી '**नत्थि त्ति**'=કારણ કે તેમાં તેનો અન્વર્થ નથી ઘટતો. **॥ ५६५ ॥ १२/२१**

આવશ્યકી સામાચારી કહેવાઈ, હવે નિષીધિકા સામાચારીને વર્ણવે છે :-

एवोग्गहप्पवेसे, निसीहिया तह निसिद्धजोगस्स ।
एयस्सेसो उचिओ, इयरस्स ण चेव नत्थि त्ति ॥ ५६६ ॥ १२/२२

छायाः- एवमवग्रहप्रवेशे नैषेधिकी तथा निषिद्धयोगस्य ।
एतस्यैष उचित इतरस्य न चैव नास्तीति ॥ २२ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે શાસ્ત્રમાં નિષેધ કરાયેલા અશુભ વ્યાપારનો જેણે ત્યાગ કર્યો છે એવા સાધુને વસતિ આદિ અવગ્રહમાં પ્રવેશ કરતાં નૈષેધિકી સામાચારી હોય છે. અશુભ વ્યાપારરહિત સાધુને જ **'निसीहि'** શબ્દનો પ્રયોગ કરવો ઉચિત છે. બીજાને તો ઉચિત નથી કારણકે તેને નિસીહિનો અર્થ ઘટતો નથી.

ટીકાર્થ :- '**एवं**'= આ પ્રમાણે આવશ્યકીની જેમ જ '**उग्गहप्पवेसे**'=વસતિ આદિ અવગ્રહમાં પ્રવેશ કરતી વખતે, '**निसीहिया**'=નિષીધિકા સામાચારી '**तह**'=આગમમાં કહેલા '**निसिद्धजोगस्स**'=સાવદ્ય અશુભ વ્યાપારનો જેણે ત્યાગ કર્યો છે તેને '**एयस्स**'=અશુભ વ્યાપાર રહિત સાધુને '**एसो**'= આ'નિસીહિ' શબ્દ બોલવો '**उचिओ**'=યોગ્ય છે. '**इयरस्स**'= જેણે અશુભ વ્યાપારનો ત્યાગ કર્યો નથી તેને '**न चेव**'=નિસીહિ શબ્દ બોલવો ઉચિત નથી જ.'**नत्थि त्ति**=કારણ કે તેમાં નિસીહિ શબ્દનો અર્થ ઘટતો નથી.**॥ ५६६ ॥ १२/२२**

આ પ્રમાણે પ્રયત્નશીલ સાધુને જ નિષીધિકા સામાચારી હોય, એમ કેમ કહેવાય છે ? તે કહે છે :-

गुरुदेवोग्गहभूमीएँ जत्तओ चेव होति परिभोगो ।
इट्ठफलसाहगो सइ, अणिट्ठफलसाहगो इहरा ॥ ५६७ ॥ १२/२३

छायाः- गुरुदेवावग्रहभूम्या यत्नत एव भवति परिभोगः ।
इष्टफलसाधकः सदा अनिष्टफलसाधक इतरथा ॥ २३ ॥

ગાથાર્થ :- ગુરુ તથા દેવની અવગ્રહભૂમિનો યત્નથી કરેલો પરિભોગ સર્વદા ઈષ્ટફળનો સાધક થાય છે. અયત્નથી કરેલો પરિભોગ અનિષ્ટફળનો સાધક થાય છે.

ટીકાર્થ :- '**गुरुदेवोग्गहभूमीएँ**'= શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવી ગુરુની અવગ્રહ ભૂમિનો તથા દેવની અવગ્રહ ભૂમિનો '**जत्तओ चेव**'= યત્નપૂર્વક જ કરેલો '**परिभोगो**'= પરિભોગ '**सइ**'=હંમેશા '**इट्ठफलसाहगो**'= ઈચ્છિત ફળને આપનાર '**होति**'= થાય છે. '**इहरा**'= અયત્નથી કરાયેલો ગુરુ અને દેવની અવગ્રહભૂમિનો પરિભોગ એમ સંબંધ જોડવાનો છે. '**अणिट्ठफलसाहगो**'=અનિષ્ટફળને આપનાર થાય છે. **॥ ५६७ ॥ १२/२३**

આ વાતનું જ સમર્થન કરતાં કહે છે. :-

एत्तो ओसरणादिसु, दंसणमेत्ते गयादिओसरणं ।
सुव्वइ चेइयसिहराइएसु सुस्सावगाणं पि ॥५६८॥१२/२४

छायाः- इत अवसरणादिषु दर्शनमात्रे गजाद्यपसरणम् ।
श्रूयते चैत्यशिखरादिकेषु सुश्रावकाणामपि ॥ २४ ॥

ગાથાર્થ :- આથી સુશ્રાવકોનું પણ સમવસરણ આદિના અને જિનમંદિર શિખરાદિના દર્શનમાત્રથી હાથી આદિ ઉપરથી ઉતરી જવાનું સંભળાય છે.

ટીકાર્થઃ- 'एत्तो'= ગુરુ અને દેવની અવગ્રહભૂમિનો પરિભોગ યત્નપૂર્વક કરવાનો હોય છે. એ કારણથી **'ओसरणादिसु'**= તીર્થંકરના સમવસરણ આદિમાં- 'આદિ' શબ્દથી ધર્મકથા આદિનું ગ્રહણ થાય છે. **'दंसणमेत्ते'**= સમવસરણ-છત્રાતિછત્ર-ભગવાન-સિંહાસનાદિના જોવા માત્રથી **'गयादिओसरणं'**= હાથી-ઘોડા તથા રથ ઉપરથી ઉતરી જવાનું **'सुव्वइ'**= સંભળાય છે. **'चेइयसिहराइएसु'**= ચૈત્યના શિખરાદિને (જોવા માત્રથી) **'सुस्सावगाणं पि'**= સુશ્રાવકોનું પણ - અર્થાત્ કેવળ સાધુઓને જ નિષીધિકા સામાચારી છે એવું નથી પણ સુશ્રાવકોને પણ નિષીધિકા સામાચારીનું પાલન કરવાનું હોય છે. **॥ ૫૬૮॥૧૨/૨૪**

આ નિષેધિકા સામાચારી ભાવથી જેને હોય છે તે અધિકારીનો નિર્દેશ કરતાં કહે છે :-

जो होइ निसिद्धप्पा, निसीहिया तस्स भावतो होइ ।
अणिसिद्धस्स उ एसा, वइमेत्तं होइ दट्ठव्वा ॥५६९॥१२/२५

छाया :- यः भवति निषिद्धात्मा नैषेधिकी तस्य भावतो भवति ।
अनिषिद्धस्य तु एषा वाङ्मात्रं भवति द्रष्टव्या ॥ २५ ॥

ગાથાર્થ :- સાવદ્યયોગથી નિવૃત્ત બનેલા સાધુની નિસીહિ પરમાર્થથી થાય છે. જે સાવદ્યયોગથી નિવૃત્ત નથી થયો તે સાધુની નિસીહિ માત્ર શબ્દનો ઉચ્ચાર કરવારૂપ જ નિરર્થક જાણવી.

ટીકાર્થ :- 'जो'= જે પુરુષ **'निसिद्धप्पा'**= સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરેલો, **'होइ'**= છે **'तस्स'**= તેની **'निसीहिया'**= નિષીધિકા **'भावतो'**= ભાવથી **'होइ'**= થાય છે. **'अणिसिद्धस्स उ'**= પાપ-વ્યાપારનો ત્યાગ નહિ કરેલાની **'एसा'**= આ નિષીધિકા, **'वइमेत्तं'**= અર્થશૂન્ય માત્ર શબ્દોચ્ચારરૂપ જ **'होइ'**= હોય છે. **'दट्ठव्वा'**= જાણવી, કારણકે તેનાથી તેનું સાધ્ય સિદ્ધ થતું નથી. **॥ ૫૬૯ ॥ ૧૨/૨૫**

નિષીધિકા સામાચારી કહેવાઈ. હવે આપૃચ્છા સામાચારીને વર્ણવે છે :-

आपुच्छणा उ कज्जे, गुरुणो गुरुसम्मयस्स वा नियमा ।
एवं खु तयं सेयं, जायति सति णिज्जराहेऊ ॥५७०॥१२/२६

छाया :- आप्रच्छना तु कार्ये गुरोर्गुरुसम्मतस्य वा नियमात् ।
एवं खलु तकं श्रेयः जायते सदा निर्जराहेतुः ॥ २६ ॥

ગાથાર્થ :- જ્ઞાનાદિસંબંધી કોઈપણ કાર્ય ગુરુને કે ગુરુએ નિર્દેશ કરેલ સાધુભગવંતને અવશ્ય પૂછીને કરવું, કારણ કે ગુરુ આદિને પૂછીને કરેલું કાર્ય નિર્જરાનું કારણ હોવાથી કલ્યાણકારી બને છે.

ટીકાર્થ :-'आपुच्छणा'=આપૃચ્છાને કરનાર આપૃચ્છક કહેવાય. તેની જે પૃચ્છા તે આપૃચ્છના અર્થાત્ પૂછવું તે **'उ'**=પુનઃ **'कज्जे'**= કોઈક જ્ઞાનાદિ વિશેષ કાર્યમાં **'गुरुणो'**=ગુરુને **'गुरुसम्मयस्स वा'**= અથવા

ગુરુએ નિર્દેશ કરેલા સાધુને '**नियमा**'=અવશ્ય કરવી. '**एवं खु**'= આ રીતે જ '**तयं**'= તે વિશિષ્ટ કાર્ય '**सति**'= હંમેશા '**णिज्जराहेऊ**'=નિર્જરાનું કારણ '**सेयं**'=અતિ કલ્યાણકારી '**जायति**'=થાય છે. આપૃચ્છા કર્યા વગર જો કાર્ય કરવામાં આવે તો તે કલ્યાણકારી કે નિર્જરાનું કારણ બનતું નથી એમ તાત્પર્ય છે.॥ ૫૭૦ ॥ ૧૨/૨૬

એમ કહેવાનું શું કારણ છે ? તે કહે છે :-

सो विहिनाया तस्साहणंमि तज्जाणणा सुणायं ति ।
सन्नाणा पडिवत्ती, सुहभावो मंगलं तत्थ ॥ ५७१ ॥

છાયા :- स विधिज्ञाता तत्साधने तज्ज्ञानात् सुज्ञातमिति ।
स्वज्ञानात् प्रतिपत्तिः शुभभावो मङ्गलं तत्र ॥ २७ ॥

ગાથાર્થ:- તે ગુર્વાદિ એ કાર્યની વિધિને- ઉપાયને જાણતા હોય છે. તેમને પૂછવાથી તેઓ વિધિને જણાવે આથી તેમની પાસેથી શિષ્યને પણ વિધિનું જ્ઞાન થાય છે. આમ પોતાને વિધિનું જ્ઞાન થવાથી એ કાર્ય પોતે સારી રીતે કરી શકે છે. આ શુભ ભાવ એ કાર્યની સિદ્ધિ માટે મંગલરૂપ વિઘ્નનાશક છે.

ટીકાર્થ :- '**सो**'= ગુર્વાદિ '**विहिनाया**'= વિધિ-ઉપાયના જાણકાર હોય છે. '**तस्साहणंमि**'= એ કાર્યને સિદ્ધ કરવાની '**तज्जाणणा**'= ગુર્વાદિના જ્ઞાનથી અર્થાત્ તેમની પાસેથી '**सुणायं ति**'= પોતાને તે કાર્યની વિધિનું સુંદર જ્ઞાન થાય છે. '**सन्नाणा**'= સમ્યગ્ જ્ઞાનથી '**पडिवत्ती**'= તે કાર્ય કરાય છે. '**सुहभावो**'= શુભ પરિણામ '**तत्थ**'= તે કાર્યમાં '**मंगलं**'=કાર્યની સિદ્ધિને સૂચવનાર મંગળ છે. ॥ ૫૭૧ ॥૧૨/૨૭

આ વિષયમાં અન્વયની પ્રધાનતાથી કહે છે :-

इट्ठपसिद्धिऽणुबंधो, धण्णो पावखयपुण्णबंधाओ ।
सुभगइगुरुलाभाओ, एवं चिय सव्वसिद्धि त्ति ॥ ५७२ ॥ १२/२८

છાયા :- इष्टप्रसिद्धेरनुबन्धो धन्यः पापक्षयपुण्यबन्धनात् ।
शुभगतिगुरुलाभादेवमेव सर्वसिद्धिरिति ॥ २८ ॥

ગાથાર્થ :- આપૃચ્છના સામાચારીનું પાલન કરવાથી પાપનો ક્ષય અને પુણ્યનો બંધ થતો હોવાથી સદ્ગતિ અને સદ્ગુરુની પ્રાપ્તિ થાય છે. તેથી ઈષ્ટસિદ્ધિનો પ્રશસ્ત અનુબંધ પડે છે અર્થાત્ સતત ઈષ્ટસિદ્ધિની પરંપરા સર્જાય છે અને એ રીતે જ સર્વસાધ્યની સિદ્ધિ થાય છે.

ટીકાર્થ :- '**इट्ठपसिद्धिऽणुबंधो**'= ઈષ્ટ સિદ્ધિની સતત પરંપરા '**धण्णो**'= પ્રશસ્ત '**पावखयपुण्णबंधाओ**'= પાપનો ક્ષય અને પુણ્યનો બંધ થવાથી - અહીંયા એકવદ્ સમાસ થવાથી એકવચન કર્યું છે. '**सुभगइगुरुलाभाओ**'= પાપના ક્ષયનું ફળ સદ્ગતિ છે અને પુન્યબંધનું ફળ સદ્ગુરુનો લાભ છે એમ આ બંનેના ફળનો આમાં નિર્દેશ કર્યો છે. '**एवं चिय**'= આ રીતે જ '**सव्वसिद्धि त्ति**'= સર્વ સાધ્યની સિદ્ધિ થાય છે. ॥ ૫૭૨ ॥૧૨/૨૮

હવે વ્યતિરેકની પ્રધાનતાથી વર્ણવે છે :-

इहरा विवज्जतो खलु, इमस्स सव्वस्स होइ जं तेणं ।
बहुवेलाइकमेणं, सव्वत्थाऽऽपुच्छणा भणिया ॥ ५७३ ॥ १२/२९

છાયા :- इतरथा विपर्ययः खलु अस्य सर्वस्य भवति यत्तेन ।

बहुवेलादिक्रमेण सर्वत्राऽऽपृच्छना भणिता ॥ २९ ॥

ગાથાર્થ :- ગુરુને પૂછ્યા વિના કાર્ય કરવાથી પૂર્વોક્ત બધા લાભોથી વિપરીત થાય છે આથી આગમમાં બહુવેલ આદિના ક્રમથી દરેક કાર્યમાં આપૃચ્છના કરવાનું કહ્યું છે. અર્થાત્ ઉન્મેષ-નિમેષાદિ સામાન્ય કાર્યોમાં 'બહુવેલ'ના આદેશ દ્વારા અને વિશેષ કાર્યોમાં ગુરુને સાક્ષાત્ પૂછવા દ્વારા આપૃચ્છના સામાચારી બતાવી છે.

ટીકાર્થ :- '**जं**'= જે કારણથી '**इहरा**'= ગુર્વાદિને પૂછ્યા વગર કાર્ય કરવાથી '**विवज्जतो खलु**'= નિશ્ચે વિપર્યય જ '**इमस्स सव्वस्स**'= પૂર્વોક્ત સર્વ ગુણના સમૂહનો '**होइ**'= થાય છે. '**तेणं**'= તે કારણથી '**बहुवेलाइकमेणं**'= દિવસમાં વારંવાર કરાતા આંખ મીંચવા-ઉઘાડવા આદિ સામાન્ય કાર્યોમાં સવારે 'બહુવેલ' આદેશ લેવા દ્વારા અને વિશેષ કાર્યોમાં ગુરુને સાક્ષાત્ પૂછવા દ્વારા '**सव्वत्थ**'= બધા જ કાર્યોમાં '**आपुच्छणा**'= આપૃચ્છના સામાચારી '**भणिया**'= આગમમાં કહી છે. ॥ ૫૭૩ ॥૧૨ । ૨૯

આપૃચ્છના સામાચારી કહી હવે પ્રતિપૃચ્છાસામાચારી કહે છેઃ-

पडिपुच्छणा उ कज्जे, पुव्वणिउत्तस्स करणकालम्मि ।

कज्जंतरादिहेउं, णिदिट्ठा समयकेऊहिं ॥ ५७४ ॥ १२/३०

છાયા :- प्रतिपृच्छना तु कार्ये पूर्वनियुक्तस्य करणकाले ।

कार्यान्तरादिहेतोः निर्दिष्टा समयकेतुभिः ॥ ३० ॥

ગાથાર્થ :- પૂર્વે કોઈ કાર્યમાં વ્યાપારાયેલા સાધુને તે કાર્ય કરતી વખતે કદાચ બીજું કાર્ય કરવાનું હોય ઇત્યાદિ કારણથી પ્રતિપૃચ્છના કરવાનું શાસ્ત્રકારોએ કહ્યું છે.

ટીકાર્થ :- '**पडिपुच्छणा उ**'= વળી પ્રતિપૃચ્છના '**कज्जे**'= વિશિષ્ટ કાર્યમાં જ '**पुव्वणिउत्तस्स**' = પૂર્વ જેને અમુક કાર્ય કરવાની ગુર્વાદિએ આજ્ઞા કરી હોય તે સાધુને '**करणकालम्मि**'= તે કાર્ય કરતી વખતે '**कज्जंतरादिहेउं**'= પહેલા કરવા માટે કહેલા કાર્ય કરતાં બીજું અધિક લાભવાળું કાર્ય કરવાનો અવસર આવ્યો હોય તે માટે અથવા 'આદિ' શબ્દથી નિમિત્તમાં સ્ખલના થઈ હોય અર્થાત્ અપશુકનાદિ થયા હોય એ માટે '**समयकेऊहिं**'= આગમના જાણકાર શાસ્ત્રકારોએ '**णिदिट्ठा**'= કહી છે. ॥ ૫૭૪ ॥ ૧૨/૩૦

'कार्यान्तरादिहेउं' એમ જે પૂર્વની ગાથામાં કહ્યું છે તેની સ્પષ્ટતા કરતા કહે છે :-

कज्जंतरं न कज्जं, तेणं कालंतरे व कज्जं ति ।

अण्णो वा तं काहिति, कयं व एमादिया हेऊ ॥ ५७५॥ १२/३१

છાયા :- कार्यान्तरं न कार्यं तेन कालान्तरे वा कार्यमिति ।

अन्यो वा तत् करिष्यति कृतं वा एवमादिका हेतव : ॥ ३१ ॥

ગાથાર્થ :- શિષ્ય ગુર્વાદિએ પૂર્વે આજ્ઞા કરેલ કાર્યને કરતી વખતે ગુર્વાદિને ફરી પૂછે કે 'આ કાર્ય હું કરું ને ?'- આ પૂછવાનું કારણ એ છે કે કદાચ ત્યારે ગુરુ (૧) તેના કરતાં અધિક જરૂરી બીજું કાર્ય બતાવે. અથવા (૨) પહેલાં કહેલું કાર્ય હવે કરવાની જરૂર નથી એમ નિષેધ કરે, અથવા (૩) પછી

કરજે એમ કહે, અથવા (૪) એ કાર્ય બીજો સાધુ કરશે એમ કહે, અથવા (૫) એ કાર્ય બીજા સાધુએ કરી લીધું છે એમ કહે, અથવા (૬) પૂર્વે કહેલા કાર્ય અંગે વિશેષ સૂચન કરે- પ્રતિપૃચ્છા કરવાનાં આવા અનેક કારણો છે.

ટીકાર્થ :- '**कज्जंतरं**'= ગુરુ તેને એ કાર્ય કરતાં બીજું અધિક જરૂરી કાર્ય બતાવે. '**न कज्जं**'= આ કાર્ય હવે કરવાનું નથી એમ નિષેધ કરે. '**तेणं**'= એ પહેલાનું કાર્ય '**कालंतरे व**'= મોડેથી '**कज्जं ति**'= કરશે તો વાંધો નથી એમ કહે. '**अण्णो वा**'= અથવા બીજો સાધુ '**तं**'= તે કાર્ય '**काहिति**'= કરશે કારણ કે એ કરવા તે સમર્થ છે. અથવા '**कयं वा**'= બીજા સાધુએ એ કાર્ય કર્યું છે. '**एवमादिया**'= પ્રતિપૃચ્છનામાં સંભવિત આવા બીજા પણ '**हेऊ**'= કારણો જાણવા. ॥ ૫૭૫ ॥ ૧૨/૩૧.

अहवा वि पयट्टस्सा तिवारखलणाए विहिपओगेऽवि ।
पडिपुच्छण त्ति णेया, तहिं गमणं सउणवुड्ढीए ॥ ५७६ ॥ १२/३२

छाया :- अथवाऽपि प्रवृत्तस्य त्रिवारस्खलनायां विधिप्रयोगेऽपि ।
प्रतिपृच्छनेति ज्ञेया तत्र गमनं शकुनवृद्ध्या ॥ ३२ ॥

ગાથાર્થ :- અથવા એ કાર્યને કરવા જતાં ત્રણ ત્રણ વખત અપશુકન થાય તો એ અપશુકનનું નિવારણ કરવામાં પણ પ્રતિપૃચ્છા જાણવી. શુભ શુકન થયા બાદ જ ત્યાં જવું.

ટીકાર્થ :- '**अहवा वि**'= અથવા બીજી રીતે પ્રતિપૃચ્છા સામાચારીનો વિષય બતાવે છે. '**पयट्टस्सा**'= કાર્યનો પ્રારંભ કરવા પ્રવૃત્ત થયેલાને '**तिवारखलणाए**'= ત્રણ વખત અપશુકન થવાથી કાર્ય કરવામાં સ્ખલના થાય ત્યારે '**विहिपओगेऽवि**'= તેના નિવારણ માટે વિધિ કરવા છતાં '**पडिपुच्छण त्ति**'= પ્રતિપૃચ્છા કરવાનું '**णेया**'= જાણવું. અર્થાત્ આ સામાચારીનો આ વિષય પણ છે. '**तहिं गमणं**'= ત્રણવાર સ્ખલના થયા પછી પણ ત્યાં જવું પડે એમ હોય તો '**सउणवुड्ढीए**'= શુભ શુકન થયા પછી જ જવું. શુભ શુકન થયા વગર જવું નહિ. આગમમાં કહ્યું છે કે- કાર્ય કરતી વખતે પ્રથમ વખત જો અપશુકન થાય તો આઠ શ્વાસોચ્છ્વાસનો અર્થાત્ એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.- પછી કાર્ય શરૂ કરવું તેમાં બીજી વખત પણ જો અપશુકન થાય તો સોળ શ્વાસોચ્છ્વાસનો અર્થાત્ બે નવકારનો કાઉસ્સગ્ગ કરવો પછી કાર્ય શરૂ કરવું. તેમાં ત્રીજી વખત પણ અપશુકન થાય તો સંઘાટક જ્યેષ્ઠને પાછળ રાખવો. આ વિધિ કરવી, પછી ગુરુને પ્રતિપૃચ્છા કરી બીજા શુભ શુકન શોધવા.'' **॥ ૫૭૬ ॥ ૧૨/૩૨**

પ્રતિપૃચ્છાસામાચારીનો અન્યઆચાર્યોના મતે બીજો વિષય બતાવે છે.

पुव्वणिसिद्धे अण्णे, पडिपुच्छा किल उवट्ठिए कज्जे ।
एवं पि नत्थि दोसो, उस्सग्गाइहिं धम्मठिई ॥ ५७७ ॥ १२/३३

छाया :- पूर्वनिषिद्धे अन्ये प्रतिपृच्छा किल उपस्थिते कार्ये ।
एवमपि नास्ति दोष उत्सर्गादिभिः धर्मस्थितिः ॥ ३३ ॥

ગાથાર્થ :- બીજા આચાર્યો કહે છે કે- પૂર્વનિષિદ્ધ કાર્ય કરવાની જરૂરિયાત પડતાં ફરીથી ગુર્વાદિને તે કાર્ય કરવા માટે પૂછવું તે પ્રતિપૃચ્છા છે. આમ ફરી પૂછવામાં દોષ નથી. કારણ કે ઉત્સર્ગ-અપવાદથી ધર્મવ્યવસ્થા છે. પૂર્વે ઉત્સર્ગમાર્ગે ગુર્વાદિએ એ કાર્ય કરવાનો નિષેધ કર્યો હોય પણ અત્યારે અપવાદમાર્ગે એ કાર્ય કરવાની જરૂરિયાત કદાચ ઊભી થાય તો ગુર્વાદિકને પૂછવાથી તેઓ કદાચ અનુમતિ આપે.

ટીકાર્થ :- '**पुव्वणिसिद्धे**'= પૂર્વે ગુર્વાદિએ નિષિદ્ધ કરેલા કાર્યમાં '**अण्णे**'= બીજા આચાર્યો '**पडिपुच्छा**'= પ્રતિપૃચ્છા કરવી એમ માને છે. '**किल**'= આ શબ્દ આમવચનના સૂચન માટે છે. '**उवट्ठिए कज्जे**'= અત્યારે વર્તમાનકાળે તે કાર્ય કરવાનું ઉપસ્થિત થાય ત્યારે '**एवं पि**'= આ કારણે ફરી પૂછવામાં '**नत्थि दोसो**'= દોષ નથી કારણ કે '**उस्सग्गाइहिं**'= છદ્મસ્થ જીવોને ઉત્સર્ગ અને અપવાદ વડે '**धम्मठिई**'= ધર્મવ્યવહાર હોય છે. ઉત્સર્ગ અને અપવાદ એ બેમાંથી એકને પણ છોડીને ધર્મવ્યવહાર થઈ શકે નહિ. ॥ ૫૭૭ ॥ ૧૨/૩૩

પ્રતિપૃચ્છા સામાચારી કહેવાઈ. હવે છંદના સામાચારીને વર્ણવે છે.

पुव्वगहिएण छंदण, गुरुआणाए जहारिहं होति ।
असणादिणा उ एसा, णेयेह विसेसविसय त्ति ॥ ५७८ ॥ १२/३४

છાયા :- पूर्वगृहीतेन छन्दना गुर्वाज्ञया यथार्हं भवति ।
अशनादिना तु एषा ज्ञेयेह विशेषविषया इति ॥ ३४ ॥

ગાથાર્થ :- પૂર્વે લાવેલા અશનાદિથી યથાયોગ્ય બીજા સાધુઓને તે ગ્રહણ કરવા માટે ગુર્વાજ્ઞાથી નિમંત્રણા કરવી તે અહીં છંદના સામાચારી છે. આ સામાચારી વિશિષ્ટ સાધુ માટે છે.

ટીકાર્થ :- '**पुव्वगहिएण**'= પૂર્વે લાવેલા '**असणादिणा**'= અશનાદિથી '**जहारिहं**'= યથાયોગ્ય '**गुरुआणाए**'= ગુર્વાજ્ઞાથી '**छंदण**'= નિમંત્રણ કરવાનું '**होति**'= હોય છે. '**इह**'= અહીં '**उ एसा**'= છન્દના '**णेया**'= જાણવી '**विसेसविसय त्ति**'= વિશિષ્ટ સાધુના વિષયવાળી, અર્થાત્ આ સામાચારીનું પાલન વિશિષ્ટ સાધુઓએ જ કરવાનું હોય છે. સામાન્યથી બધા સાધુને આ સામાચારી હોતી નથી. **॥ ૫૭૮ ॥ ૧૨/૩૪**

આ છંદના કયા સાધુઓએ કરવાની હોય છે ? તે કહે છે :-

जो अत्तलद्धिगो खलु, विसिट्ठखमगो व पारणाइत्तो ।
इहरा मंडलिभोगो, जतीएँ तह एगभत्तं च ॥ ५७९ ॥ १२/३५

છાયા :- यो आत्मलब्धिकः खलु विशिष्टक्षपको वा पारणकवान् ।
इतरथा मण्डलीभोगो यतीनां तथा एकभक्तञ्च ॥ ३५ ॥

ગાથાર્થ : જે સાધુ આત્મલબ્ધિક હોય, અટ્ઠમાદિ વિકૃષ્ટ (વિશિષ્ટ) તપ કરતો હોય અથવા અસહિષ્ણુત્વાદિના કારણે માંડલીથી અલગ ભોજન કરતો હોય તે સાધુ છંદના કરે. તે સિવાયના બીજા સાધુઓને માંડલીમાં ભોજન અને એકાસણું હોય.

ટીકાર્થ :- '**जो**'= જે સાધુ '**अत्तलद्धिगो खलु**'= આત્મલબ્ધિક હોય અર્થાત્ એકાસણા સંબંધી સૂત્રાર્થ ઉભયનો જાણકાર હોય તેથી ગુરુએ તેમને માંડલીથી અલગ ભોજન કરવાની અનુમતિ આપી હોય એ કારણે તે પોતાની ગોચરી પોતે જ લાવીને માંડલીથી અલગ ભોજન કરતા હોય તે આત્મલબ્ધિક કહેવાય. '**विसिट्ठखमगो व**'= અટ્ઠમ આદિ વિકૃષ્ટ તપ કરતા હોય '**पारणाइत्तो**'= પારણા વડે પ્રસિદ્ધ તે પારણિક કહેવાય. એકાસણાદિ તપ કરવાને જે અસમર્થ હોય એવા સાધુ વહેલા ગોચરી લાવીને માંડલી સિવાય ભોજન કરતા હોય તે '**इहरा**'= અન્યથા ઉત્સર્ગથી તો '**मंडलिभोगो**'= સાધુઓ માંડલીમાં બધાની સાથે ભોજન કરે. કારણે લાવેલ ભિક્ષા વ્યક્તિગત નથી પણ સાધારણ છે,બધા સાધુઓની ભેગી છે. આથી વિશેષ એટલે વ્યક્તિગત કોઈ તેનું દાન કરી શકે નહિ પણ ગુરુભગવંતની અનુજ્ઞાપૂર્વક જ એ લાવેલ ભિક્ષામાંથી સાધુઓને આહારાદિ અપાય છે. '**तह**'= તથા '**जतीएँ**'= સાધુઓને '**एगभत्तं च**'= એકાસણું હોય. (છંદના

પૂર્વે લાવેલી ભિક્ષામાંથી કરવાની હોય છે. જેમને એકાસણું ન હોય તેઓ જ પૂર્વે ભિક્ષા લાવેલા હોય. એકાસણાવાળા સાધુને પૂર્વે લાવેલી ભિક્ષા હોય નહિ.) ॥ ૫૭૯ ॥ ૧૨ ॥ ૩૫

આત્મલબ્ધિવાળો સાધુ પોતાના પૂરતી જ ભિક્ષા લાવ્યો હોય, તે અધિક ભિક્ષા શા માટે લાવે. જેથી એમાંથી બીજા સાધુઓને તે આપે ? આ શંકાનું સમાધાન આપતાં કહે છે :-

नाणादुवग्गहे सति, अहिगे गहणं इमस्सऽणुण्णायं ।
दोण्ह वि इट्ठफलं तं, अतिगंभीराण धीराण ॥ ५८० ॥ १२/३६

છાયા :- ज्ञानाद्युपग्रहे सति अधिके ग्रहणमस्यानुज्ञातम् ।
द्वयोरपि इष्टफलं तदतिगम्भीरयोर्धीरयोः ॥ ३६ ॥

ગાથાર્થ :- સાધુઓના જ્ઞાનાદિગુણોની વૃદ્ધિ થતી હોય તો આત્મલબ્ધિક વગેરેને અધિક આહાર લાવવાની અનુજ્ઞા છે. અતિગંભીર અને ધીર એવા તે બંનેને અર્થાત્ દાન કરનાર અને લેનાર બન્ને સાધુને તે આપવું અને લેવું ઈષ્ટ ફળવાળું થાય છે.

ટીકાર્થ :- '**नाणादुवग्गहे**'= જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિનો '**सति**'= સંભવ હોય તો '**अहिगे**'= અધિક ભિક્ષા '**गहणं**'= લાવવાની '**इमस्स**'= આત્મલબ્ધિક સાધુને '**अणुण्णायं**'= અનુજ્ઞાત છે. '**दोण्ह वि**'= ભિક્ષા આપનાર સાધુને અને લેનાર સાધુને '**इट्ठफलं**'= ઈષ્ટફળ આપનાર થાય છે. '**तं**'= તે દાન અને ગ્રહણ '**अतिगंभीराण**'= ઉત્કૃષ્ટ ગંભીર આશયવાળા '**धीराण**'= સ્થિરતાવાળા તે બંને સાધુને -આમાં ભાવની મુખ્યતા છે. ॥ ૫૮૦ ॥ ૧૨ ॥ ૩૬

ભાવની પ્રધાનતા બતાવવા કહે છેઃ-

गहणे वि णिज्जरा खलु, अग्गहणे वि य दुविहा वि बंधो य ।
भावो एत्थ णिमित्तं, आणासुद्धो असुद्धो य ॥ ५८१ ॥ १२/३७

છાયા :- ग्रहणेऽपि निर्जरा खलु अग्रहणेऽपि च द्विधाऽपि बन्धश्च ।
भावोऽत्र निमित्तमाज्ञाशुद्धोऽशुद्धश्च ॥ ३७ ॥

ગાથાર્થ :- છંદના કરનાર સાધુ નિમંત્રણ કરે ત્યારે બીજો સાધુ તે ભિક્ષા લે કે ન લે એ બંને રીતે નિર્જરા અને બંધ થાય. નિર્જરા અને બંધમાં આજ્ઞાથી શુદ્ધ ભાવ અને અશુદ્ધ ભાવ નિમિત્ત-મુખ્ય કારણ છે.

ટીકાર્થ :- '**गहणे वि**'= બીજો સાધુ આહાર લે તો પણ '**णिज्जरा खलु**'= દાનના શુદ્ધ પરિણામવાળા છંદના કરનાર સાધુને નિર્જરા જ છે. '**अग्गहणे वि**'= બીજો સાધુ કદાચ ગ્રહણ ન કરે તો પણ તેને નિર્જરા જ છે એમ સંબંધ વર્તે છે, '**दुविहा वि**'= ગ્રહણ કરે કે ન કરે એ બંને રીતે પણ '**बंधो य**'= અશુદ્ધ પરિણામવાળાને કર્મબંધ થાય છે, '**भावो**'= અધ્યવસાય '**एत्थ**'= અહીંયા '**णिमित्तं**'= કારણ છે. '**आणासुद्धो असुद्धो य**'= આજ્ઞા શુદ્ધ ભાવ નિર્જરાનું કારણ અને આજ્ઞા અશુદ્ધ ભાવ એ બંધનું કારણ છે. ॥ ૫૮૧ ॥ ૧૨/૩૭.

છંદના સામાચારીનું વર્ણન કરાયું. હવે નિમંત્રણા સામાચારી વર્ણવે છે :-

सज्झायादुव्वाओ, गुरुकिच्चे सेसगे असंतम्मि ।
तं पुच्छिऊण कज्जे, सेसाण णिमंतणं कुज्जा ॥ ५८२ ॥ १२/३८

छाया :- स्वाध्यायादिपरिश्रान्तः गुरुकृत्ये शेषकेऽसति ।

तं पृष्ट्वा कार्ये शेषाणां निमन्त्रणं कुर्यात् ॥ ३८ ॥

गाथार्थ :- સ્વાધ્યાય આદિથી થાકેલો સાધુ, રત્નાધિકના કોઈ કાર્ય પોતાને કરવાના બાકી ન રહ્યા હોય તો ગુરુને પૂછીને, ગુરુ સિવાયના સાધુને 'હું આપના માટે આહારાદિ લાવું ? એમ ભક્ત-પાનાદિનું નિમંત્રણ કરે.

ટીકાર્થ :- '**सज्झायाद्**'= સ્વાધ્યાય કરવાથી '**उव्वाओ**'= થાકેલો સાધુ '**गुरुकिच्चे**'= ગુરુનું કાર્ય '**सेसगे**'= કરવાનું બાકી '**असंतम्मि**'= ન હોય તો '**तं**'= ગુરુને '**पुच्छिऊण**'= પૂછીને '**कज्जे**'= કાર્યનિમિત્તે '**सेसाण**'= ગુરુ સિવાયના બીજા સાધુઓને '**णिमंतणं**'= નિમંત્રણ '**कुज्जा**'= કરે.- 'પૂર્વે લાવેલા ન હોય એવા અશનાદિથી અર્થાત્ હવે અશનાદિ લાવવા માટે'- આ અધ્યાહાર સમજવું.

છંદના પૂર્વે લાવેલા આહારાદિ સંબંધી હોય છે જ્યારે નિમંત્રણા હવે પછી આહારાદિ લાવવા માટે કરવાની હોય છે આટલો એ બેમાં ભેદ છે. ॥ ૫૮૨ ॥ ૧૨/૩૮

સાધુઓને વૈયાવચ્ચ કરવા માટે શા માટે પ્રેરણા કરાય છે ? તે કહે છેઃ-

दुलहं खलु मणुयत्तं, जिणवयणं वीरियं च धम्मम्मि ।

एयं लद्धूण सया, अपमाओ होइ कायव्वो ॥ ५८३ ॥ १२/३९

छायाः- दुर्लभं खलु मनुजत्वं जिनवचनं वीर्यञ्च धर्मे ।

एतल्लब्ध्वा सदा अप्रमादो भवति कर्तव्यः ॥ ३९ ॥

गाथार्थः- મનુષ્યભવ, જિનવચન અને ચારિત્રધર્મમાં ઉત્સાહ આ ત્રણ દુર્લભ છે. આથી આ ત્રણ દુર્લભ વસ્તુને પામીને તેને સફળ કરવા માટે હંમેશા સાધુએ અપ્રમત્ત રહેવું જોઈએ.

ટીકાર્થ :- '**मणुयत्तं**'= મનુષ્યપણું '**जिणवयणं**'= સર્વજ્ઞનું વચન '**वीरियं च धम्मम्मि**'= ધર્મના વિષયમાં ઉત્સાહ (ઉદ્યમ) '**दुलहं खलु**'= દુર્લભ જ છે. '**एयं**'= આ ત્રણને '**लद्धूण**'= પામીને '**सया**'= હંમેશા '**अपमाओ**'= અપ્રમાદ અર્થાત્ અતિશય ઉદ્યમ '**कायव्वो**'= કરવાનો '**होइ**'= હોય છે. ॥૫૮૩॥ ૧૨/૩૯

સાધુઓએ નીચેની ગાથામાં જે કહેવાય છે તે પ્રમાણે વિચારવું જોઈએ એમ ઉપદેશ આપતાં કહે છે :-

दुग्गतरयणाययरयणगहणतुल्लं जईण किच्चं ति ।

आयतिफलमद्धुवसाहणं च णिउणं मुणेयव्वं ॥ ५८४ ॥ १२/४०

छायाः- दुर्गत-रत्नाकर-रत्नग्रहणतुल्यं यतीनां कृत्यमिति ।

आयतिफलमध्रुवसाधनञ्च निपुणं ज्ञातव्यम् ॥ ४० ॥

गाथार्थः- સાધુના સ્વાધ્યાય-વૈયાવચ્ચાદિ કાર્યો એ રત્નગ્રહણ કરવા સમાન છે. જેમ કોઈ ગરીબ માણસને રત્નોનું ઉત્પત્તિસ્થાન મળી જાય તો એ કેટલી લાલસાથી રત્નને ગ્રહણ કરે ? અર્થાત્ રત્નોને ગ્રહણ કર્યા વગર ન જ રહે ને ! એમ સાધુ રત્નોના ઉત્પત્તિસ્થાન સમાન સંયમજીવનને પામીને સ્વાધ્યાય-વૈયાવચ્ચાદિ રત્નોને ગ્રહણ કર્યા વગર ન જ રહે. આ શરીર-બુદ્ધિ-વીર્ય આદિ સાધનો અનિત્ય છે. તેનો ઉપયોગ જો વૈયાવચ્ચાદિમાં કરવામાં આવે તો તેનાથી ભવિષ્યમાં મળનારું ફળ જે મોક્ષ વગેરે એ શાશ્વત છે. આમ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું.

टीकार्थ :- '**दुग्गतरयणागररयणगहणतुल्लं**'= ગરીબ માણસને રત્નાકરની પ્રાપ્તિ થાય ત્યારે જેમ લાલસા વડે રત્નોને ગ્રહણ કરે તેમ '**जईण**'= સાધુને '**किच्चं ति**'= સ્વાધ્યાય, વૈયાવચ્ચાદિ કાર્ય રત્ન સમાન લાગતું હોવાથી તે કરવા માટે અત્યંત અભિલાષા હોય. '**आयतिफलं**'= ભવિષ્યકાળમાં મળનારું ફલ '**अद्धुवसाहणं च**'= વીર્ય આદિ સાધનો અનિત્ય છે એ '**णिउणं**'= સૂક્ષ્મ રીતે '**मुणेयव्वं**'= જાણવું, મન-વચન-કાયા-વીર્ય-બુદ્ધિ, કુશળતા, ક્ષયોપશમાદિ સાધનો અનિત્ય છે. જ્યારે સ્વાધ્યાય-વૈયાવચ્ચાદિ સાધુની આરાધનાના કૃત્યો એ પરિણામે ભવિષ્યમાં સુંદર ફળ આપનારા છે એમ જાણવું. અર્થાત્ વૈયાવચ્ચાદિમાં વિશેષ પ્રયત્નશીલ સાધુ બને. ॥ ૫૮૪ ॥ ૧૨/૪૦.

નિમંત્રણ કર્યા બાદ શેષ સાધુઓએ બતાવેલું કાર્ય કરતાં પહેલાં ગુરુને અવશ્ય પૂછવું જોઈએ એમ કહે છેઃ-

इयरेसिं अक्खित्ते, गुरुपुच्छाए णिओगकरणं ति ।
एवमिणं परिसुद्धं, वेयावच्चं तु अकएऽवि ॥ ५८५ ॥ १२ । ४१

छाया :- इतरेषामाक्षिप्ते गुरुपृच्छायाः नियोगकरणमिति ।
एवमिदं परिशुद्धं वैयावृत्यं तु अकृतेऽपि ॥ ४१ ॥

ગાથાર્થ :- બીજા સાધુઓએ કોઈ કાર્ય કરવાનું તેને કીધું હોય, તેમાં પણ તે કરતા પહેલા ગુરુને અવશ્ય પૂછવું. ગુરુને પૂછવાથી વૈયાવચ્ચ ન કરવા છતાં તે નિમંત્રણ નિર્દોષ જ બને છે.

ટીકાર્થ :- '**इयरेसिं**'= ગુરુ સિવાયના બીજા સાધુઓએ '**अक्खित्ते**'= બતાવેલું-અહીંયા 'કાર્ય' શબ્દ અધ્યાહારથી સમજવાનો છે.-અર્થાત્ સાધુઓએ તેને જે કાર્ય કરવાનું કહ્યું હોય તેમાં '**गुरुपुच्छाए**'= ગુરુને પૃચ્છા '**निओगकरणं ति**'= અવશ્ય કરવી કોઈએ. '**एवं**'= એ ગુરુને પૂછવાથી '**इणं**'= આ નિમંત્રણ '**वेयावच्चं तु**'= વૈયાવચ્ચ '**अकएऽवि**'= ન કરવા છતાં પણ '**परिसुद्धं**'= શુદ્ધ બને છે.

કોઈ બીજા સાધુએ તેને તેનું અમુક કાર્ય કરવા માટે કીધું હોય, તે કાર્ય કરતાં પહેલાં, તેણે ગુરુને પૂછવું જોઈએ કે, ''અમુક સાધુએ મને આ કાર્ય કરવાનું કીધું છે તે હું કરું ? ગુરુભગવંત જો તે કાર્ય કરવાની હા પાડે તો એ કાર્યને કરે પણ જો કોઈ કારણસર ગુરુ એ કાર્ય કરવાની ના પાડે તો તે એ કાર્ય ન કરે. આ રીતે કાર્ય ન કરવા છતાં તેને વૈયાવચ્ચ સંબંધી નિર્જરા થાય જ છે, કારણ કે તેનો ભાવ તો શુદ્ધ જ છે, પણ અધિક લાભની અપેક્ષાએ તેણે અન્યથા પ્રવૃત્તિ કરી છે. એ કાર્ય કરવામાં લાભ ન હોવાથી જ ગુરુએ ના પાડી હોય.- માટે આ બાબતમાં ગુરુ ભગવંત જ પ્રમાણભૂત છે. ॥૫૮૫॥ ૧૨/૪૧

નિમંત્રણ સામાચારી કહેવાઈ હવે ઉપસંપદા સામાચારી વર્ણવે છે.

उपसंपया य तिविहा, नाणे तह दंसणे चरित्ते य ।
दंसणनाणे तिविहा, दुविहा य चरित्तमट्ठाए ॥ ५८६ ॥ १२/४२

छायाः- उपसम्पद् च त्रिविधा ज्ञाने तथा दर्शने चरित्रे च ।
दर्शनज्ञानयोर्त्रिविधा द्विधा च चरित्रार्थाय ॥ ४२ ॥

ગાથાર્થ :- ઉપસંપદા સામાચારી જ્ઞાનસંબંધી, દર્શનસંબંધી અને ચારિત્રસંબંધી એમ ત્રણ પ્રકારે છે. જ્ઞાનસંબંધી અને દર્શનસંબંધી ઉપસંપદા ત્રણ પ્રકારે છે અને ચારિત્રસંબંધી ઉપસંપદા બે પ્રકારે છે.

ટીકાર્થ :- '**उपसंपया य**'= આત્મનિવેદનરૂપ ઉપસંપદા- (જ્ઞાનાદિ માટે ગુરુની રજાથી અન્ય આચાર્યની પાસે જઈને આત્મસમર્પણપૂર્વક તેની પાસે રહેવું તે ઉપસંપદા કહેવાય.) '**तिविहा**'= ત્રણ પ્રકારે છે. '**नाणे**'= જ્ઞાન સંબંધી '**तह**'= તથા '**दंसणे**'= દર્શન સંબંધી '**चरित्ते य**'= ચારિત્ર સંબંધી '**दंसणनाणे**'= દર્શન અને જ્ઞાન સંબંધી ઉપસંપદા '**तिविहा**'= ત્રણ પ્રકારે છે. '**चरित्तमट्ठाए**'= ચારિત્રસંબંધી ઉપસંપદા '**दुविहा य**'= બે પ્રકારની છે. ॥ ૫૮૬ ॥ ૧૨/૪૨.

આ ઉપસંપદાનું વિવરણ કરતાં કહે છે :-

वत्तणसंधणगहणे, सुत्तत्थोभयगया उ एस त्ति ।
वेयावच्चे खमणे, काले पुण आवकहियादी ॥ ५८७ ॥ १२/४३

છાયા :- वर्तन-सन्धान-ग्रहणे सूत्रार्थोभयगता तु एषेति ।
वैयावृत्ये क्षमणे काले पुनर्यावत्कथिक्यादि ॥ ४३ ॥

ગાથાર્થ:- જ્ઞાનસંબંધી ઉપસંપદાના સૂત્રસંબંધી, અર્થસંબંધી અને સૂત્રાર્થ-ઉભયસંબંધી એમ ત્રણ ભેદ છે. એ ત્રણેયના પરાવર્તન, અનુસંધાન અને ગ્રહણ એમ ત્રણ ભેદ થાય છે. આમ જ્ઞાનસંબંધી ઉપસંપદાના ૩ ☒૩= ૯ ભેદ છે. દર્શન પ્રભાવક **संमतितर्क** આદિ ગ્રંથોને આશ્રયીને આ જ નવ ભેદો દર્શનસંબંધી ઉપસંપદાના છે. ચારિત્ર ઉપસંપદાના વૈયાવચ્ચ અને તપ એમ બે ભેદ છે. આ બંને ભેદના કાળની અપેક્ષાએ યાવત્કથિક અને ઈત્વરકાલિક એમ બે ભેદ છે.૨ x ૨= કુલ ૪ ભેદ થાય.

ટીકાર્થ :- '**वत्तणसंधणगहणे**'= વર્તન= **આચારાદિ** ગ્રંથોનું પરાવર્તન કરવું. '**संधण**'= કોઈ ગ્રંથનો અમુક ભાગ વિચ્છિન્ન કે વિસ્મૃત થયો હોય તે ભાગનું અનુસંધાન કરવું. ગ્રહણ= નવા શ્રુતનું ગ્રહણ કરવું- આના માટે ઉપસંપદા લેવાય છે. આ ત્રણેયના દરેકના ત્રણ ત્રણ ભેદ છે, '**सुत्तत्थोभयगया उ**'= જ્ઞાન, ચારિત્ર અને પ્રભાવક જે ગ્રંથો તેના સૂત્ર-અર્થ-ઉભય સંબંધી '**एस त्ति**'= આ ઉપસંપદા છે. '**वेयावच्चे**'= વૈયાવચ્ચ સંબંધી '**खमणे**'= તપ સંબંધી '**काले पुण**'= કાળની વિચારણામાં '**आवकहियादी**'= યાવત્કથિક આદિ. 'આદિ' શબ્દથી ઈત્વરકાલિક ગ્રહણ થાય છે. ચારિત્રસંબંધી વૈયાવચ્ચ ઉપસંપદા યાવત્કથિક અને ઈત્વરકાલિક એમ બે પ્રકારની છે. તપસંબંધી પણ આ જ બે પ્રકારની છે. ॥૫૮૭॥૧૨/૪૩

શુદ્ધ ઉપસંપદા કેવી રીતે થાય ? તે કહે છે :-

संदिट्ठो संदिट्ठस्स, चोवसंपज्जई उ एमाई ।
चउभंगो एत्थं पुण, पढमो भंगो हवइ सुद्धो ॥ ५८८ ॥ १२/४४

છાયા :- सन्दिष्टः सन्दिष्टस्य चोपसम्पद्यते तु एवमादिः ।
चतुर्भङ्गोऽत्र पुनः प्रथमो भङ्गो भवति शुद्धः ॥ ४४ ॥

ગાથાર્થ :- ગુરુએ ઉપસંપદા લેવા માટે જેને રજા આપી હોય તે સાધુ ગુરુએ આજ્ઞા કરેલ આચાર્યની પાસે ઉપસંપદા સ્વીકારે આ પ્રથમ ભાંગો છે. આમાં ચાર ભાંગા થાય છે. તેમાં પ્રથમ ભાંગો શુદ્ધ છે.

ટીકાર્થ :- '**संदिट्ठो**'= ઉપસંપદા માટે ગુરુની આજ્ઞા મેળવી હોય તે સાધુ '**संदिट्ठस्स**'= ગુરુએ બતાવેલ આચાર્યની પાસે '**उवसंपज्जई उ**'= ઉપસંપદા સ્વીકારે '**एमाई**'= આ વગેરે '**चउभंगो**'= ચાર ભાંગા થાય છે. '**एत्थं पुण**'= આ ચાર ભાંગામાં '**पढमो भंगो**'= આ વર્ણવેલો પ્રથમ ભાંગો '**सुद्धो**'= શુદ્ધ '**हवइ**'= છે.

(૧) ગુરુની રજાથી જાય છે, ગુરુએ આજ્ઞા કરેલ આચાર્યની પાસે જાય છે.

(૨) ગુરુની રજાથી જાય છે પણ ગુરુએ આજ્ઞા કરેલ આચાર્ય કરતાં બીજા આચાર્ય પાસે જાય છે.

(૩) ગુરુની રજા વગર જાય છે પણ ગુરુએ આજ્ઞા કરેલ આચાર્યની પાસે જ જાય છે. અર્થાત્ ગુરુએ હમણાં જવાની ના પાડી હોય છતાં પણ જાય.

(૪) ગુરુની રજા નથી તેમ જ ગુરુએ બતાવેલ આચાર્ય પણ નથી. ॥ ૫૮૮ ॥ ૧૨/૪૪

હવે વર્તના આદિની વ્યાખ્યા કરે છે :-

अथिरस्स पुव्वगहियस्स वत्तणा जं इहं थिरीकरणं ।
तस्सेव पएसंतरणट्ठस्सऽणुसंधणा घडणा ॥ ५८९ ॥ १२/४५

છાયા :- अस्थिरस्य पूर्वगृहीतस्य वर्तना यदिह स्थिरीकरणम् ।
तस्यैव प्रदेशान्तरनष्टस्यानुसन्धना घटना ॥ ४५ ॥

ગાથાર્થ :- પૂર્વે ગ્રહણ કરેલું શ્રુત અસ્થિર થઈ ગયું હોય અર્થાત્ ભૂલાઈ ગયું હોય તેને પરાવર્તન કરવા દ્વારા સ્થિર કરવું તેને વર્તના કહે છે. પૂર્વે ગ્રહણ કરેલ શ્રુતમાં વચ્ચેનો અમુક ભાગ નષ્ટ થઈ ગયો હોય અથવા ભૂલાઈ ગયો હોય તે ખૂટતું શ્રુત બીજા જે આચાર્યની પાસે ઉપસ્થિત હોય તો તેમની પાસેથી એટલું શ્રુત મેળવીને પૂર્વશ્રુતની સાથે જોડી દેવું તેને અનુસંધાન કહે છે.

ટીકાર્થ :- '**जं**'= જે '**इहं**'= ઉપસંપદામાં '**अथिरस्स**'= અપરિચિત થયું હોય અર્થાત્ બરાબર પાકું-કડકડાટ આવડતું ન હોય '**पुव्वगहियस्स**'= પૂર્વે વાચના વડે પોતે ગ્રહણ કરેલું છે અર્થાત્ ભણેલો છે. તેને '**थिरीकरणं**'= બીજા આચાર્યની પાસે સ્થિર કરવું અર્થાત્ પરાવર્તન દ્વારા પાકું કરવું તે, '**वत्तणा**'= વર્તના કહેવાય. '**तस्सेव**'= તે પૂર્વગૃહીત શ્રુતનો જ '**पएसंतरणट्ठस्स**'= વચ્ચેનો અમુક પાઠ ખૂટતો હોય તેને '**घडणा**'= જોડવો તે. '**अणुसंधणा**'= અનુસંધાન કહેવાય છે. અર્થાત્ બીજા આચાર્યની પાસેથી એ ખૂટતો પાઠ મેળવીને તે સૂત્ર સળંગ આખું અક્ષત કરવું તે. ॥ ૫૮૯ ॥ ૧૨/૪૫.

गहणं तप्पढमतया, सुत्तादिसु नाणदंसणे चरणे ।
वेयावच्चे खमणे, सीदणदोसादिणाऽण्णत्थ ॥ ५९० ॥ १२/४६

છાયા :- ग्रहणं तत्प्रथमतया सूत्रादिषु ज्ञानदर्शनयोः चरणे ।
वैयावृत्त्ये क्षपणे सीदनदोषादिनाऽन्यत्र ॥ ४६ ॥

ગાથાર્થ :- જેનો પૂર્વે અભ્યાસ નથી કર્યો તે નવા શ્રુતજ્ઞાનના કે દર્શનશુદ્ધિના ગ્રંથોનો સૂત્રથી, અર્થથી કે ઉભયથી અભ્યાસ કરવો તેને ગ્રહણ કહે છે. ચારિત્ર સંબંધી ઉપસંપદાના વૈયાવચ્ચ સંબંધી અને તપસંબંધી એમ બે ભેદ છે. પોતાના ગચ્છમાં જ્ઞાનાદિ સીદાતા હોય એ કારણે બીજા ગચ્છમાં જાય. અથવા પોતાના ગચ્છમાં વૈયાવચ્ચ કરનારા બીજા સાધુઓ હોય તેથી પોતાને વૈયાવચ્ચનો લાભ ન મળતો હોય માટે વૈયાવચ્ચ કરવા બીજા ગચ્છમાં જાય. તથા પોતાના ગચ્છમાં સેવા કરનારા સાધુઓનો અભાવ હોવાથી વિકૃષ્ટ તપ થઈ શકે એમ ન હોય તો તપ કરવા માટે બીજા ગચ્છમાં જાય- આવા કોઈ સ્વગચ્છના દોષના કારણે બીજા ગચ્છમાં ઉપસંપદા સ્વીકારે.

ટીકાર્થ :- '**तप्पढमतया**'= પૂર્વે ભણ્યા ન હોય એવા અપૂર્વ (નવા) '**सुत्तादिसु**'= સૂત્ર, અર્થ અને

ઉભયનું '**नाणदंसणे**'= જ્ઞાનસંબંધી, દર્શનસંબંધી '**गहणं**'= વાચના અર્થાત્ ગ્રહણ કરવું, ભણવું '**चरणे**'= ચારિત્રમાં ઉપસંપદા એ '**वेयावच्चे**'=વૈયાવચ્ચ માટે '**खमणे**'= તપ માટે '**सीदणदोसादिणा**'= પોતાના, ગચ્છમાં જ્ઞાનાદિ સીદાતા હોય એવા દોષોથી સ્વગચ્છને છોડીને '**अण्णत्थ**'= બીજા ગચ્છમાં જાય અર્થાત્ પોતાના ગચ્છમાં આચારાદિનું પાલન ન થતું હોય તો ચારિત્ર માટે પણ બીજા ગચ્છમાં જાય. ॥ ૫૯૦ ॥ ૧૨ ॥ ૪૬

પૂર્વની ગાથામાં જે નથી કહેવામાં આવ્યું તે વિશેષથી કહે છે.

इत्तरियादिविभासा, वेयावच्चम्मि तह य खवगे वि ।
अविगिट्ठविगिट्ठंमि य, गणिणा गच्छस्स पुच्छाए ॥ ५९१ ॥ १२/४७

છાયા :- इत्वरिकादिविभाषा वैयावृत्ये तथा च क्षपकेऽपि ।
अविकृष्टविकृष्टे च गणिना गच्छस्य पृच्छया ॥ ४७ ॥

ગાથાર્થ :- વૈયાવચ્ચમાં ઇત્વરિક આદિના વિકલ્પો કરવા તથા તપમાં પણ વિકૃષ્ટ તપ અને અવિકૃષ્ટતપમાં વિકલ્પો કરવા. આચાર્યે ગચ્છને પૂછીને તપસ્વીની ઉપસંપદા સ્વીકારવી.

ટીકાર્થ :- '**इत्तरियादिविभासा**'= **ઇત્વરિ** = થોડા કાળ માટે વૈયાવચ્ચ કરવા આવ્યો હોય તે, **यावत्कथिक** = જાવજ્જીવ સુધી વૈયાવચ્ચ કરવા આવ્યો હોય-આના વિકલ્પો એ પ્રમાણે છે કે આચાર્યની પાસે બીજો વૈયાવચ્ચ કરનાર સાધુ હોય તે પણ ઈત્વરિક હોય અથવા યાવત્કથિક હોય તો આગંતુકને સ્વીકારવો કે નહિ એ માટેની શાસ્ત્રમાં વિધિ બતાવી છે, તે મુજબ કરવું. '**वेयावच्चम्मि**'= વૈયાવચ્ચ સંબંધી '**तह य**'= તથા '**खवगे वि**'= તપસ્વીની વિધિમાં '**अविगिट्ठविगिट्ठंमि य**'= છઠ્ઠ સુધીનો તપ કરનાર અવિકૃષ્ટ તપસ્વી કહેવાય, અઠ્ઠમથી વધારે તપ કરનાર તે વિકૃષ્ટ તપસ્વી કહેવાય. '**गणिणा**'= ગણના નાયક આચાર્યે '**गच्छस्स**'= ગચ્છના સાધુઓને '**पुच्छाए**'= પૂછવું જોઈએ- સાધુઓની સંમતિ હોય તો જ તપસ્વીને ઉપસંપદા આપે, જો તેમની સંમતિ ન હોય તો તેને ન સ્વીકારે, કારણ કે ગચ્છના સાધુઓની મરજીથી ઉપરવટ થઈને આચાર્ય ભગવંત જો તપસ્વીને ઉપસંપદા આપે તો સાધુઓ તેની સેવા ન કરે અને તપસ્વી સીદાય. ॥૫૯૧॥ ૧૨/૪૭

દશ પ્રકારની સામાચારી કહીને હવે ઉપસંહાર કરે છે :-

एवं सामायारी, कहिया दसहा समासओ एसा ।
संजमतवड्ढगाणं, णिग्गंथाणं महरिसीणं ॥ ५९२ ॥ १२/४८

છાયા :- एवं सामाचारी कथिता दशधा समासत एषा ।
संयमतपोभ्यामाढ्यकानां निर्ग्रन्थानां महर्षीणाम् ॥ ४८ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે સંયમ-તપથી પરિપૂર્ણ એવા નિર્ગ્રન્થ મહામુનિઓની આ દશ પ્રકારની સામાચારી સંક્ષેપથી કહી.

ટીકાર્થ:-'**एवं**'=આ પ્રમાણે '**एसा**'=આ '**संजमतवड्ढगाणं**'=સંયમ અને તપ વડે પરિપૂર્ણ એવા '**णिग्गंथाणं**'= નિર્ગ્રંથ સાધુઓની '**महरिसीणं**'= જ્ઞાનસંપન્ન મહામુનિઓની '**दसहा**'= દસ પ્રકારની '**समासओ**'= સંક્ષેપથી '**सामायारी**'= શિષ્ટપુરુષોએ આચરેલા ક્રિયાકલાપ સ્વરૂપ સામાચારી '**कहिया**'= કહેવાઈ. ॥૫૯૨॥૧૨/૪૮

આ સામાચારીનું ફળ દર્શાવે છે :-

एवं सामायारीं, जुंजंता चरणकरणमाउत्ता ।
साहू खवेंति कम्मं, अणेगभवसंचियमणंतं ॥ ५९३ ॥ १२/४९

छाया :- एतां सामाचारीं युञ्जानाः चरणकरणायुक्ताः ।
साधवः क्षपयन्ति कर्म अनेकभवसञ्चितमनन्तम् ॥ ४९ ॥

ગાથાર્થ :- ચરણસિત્તરી (મૂળગુણ) અને કરણસિત્તરી (ઉત્તરગુણ)માં અપ્રમત્તપણે ઉપર્યુક્ત અને આ સામાચારીને સારી રીતે પાળતા મુનિઓ અનેક ભવમાં ઉપાર્જન કરેલા અનંત કર્મોને ખપાવે છે.

ટીકાર્થ :- '**एयं**'= આ '**सामाचारीं**'= સામાચારીને '**जुंजंता**'= પાલન કરતાં '**चरणकरणमाउत्ता**'= આગમમાં પ્રસિદ્ધ ચરણસિત્તરી અને કરણસિત્તરીમાં અપ્રમત્ત '**साहू**'= સાધુઓ '**अणेगभवसंचियं**'= અનેક ભવમાં ઉપાર્જન કરેલા '**अणंतं**'= અપરિમિત '**कम्मं**'= જ્ઞાનાવરણાદિ કર્મને '**खवेंति**'= ખપાવે છે. ॥૫૯૩ ॥ ૧૨ । ૪૯

સામાચારીનું પાલન ન કરવાથી થતાં ફળને કહે છેઃ-

जे पुण एयविउत्ता, सग्गहजुत्ता जणंमि विहरंति ।
तेसिं तमणुट्ठाणं, नो भवविरहं पसाहेइ ॥ ५९४ ॥ १२/५०

छाया :- ये पुनरेतद्वियुक्ताः स्वाग्रहयुक्ता जने विहरन्ति ।
तेषां तदनुष्ठानं न भवविरहं प्रसाधयति ॥ ५० ॥

ગાથાર્થ :- જે સાધુઓ આ સામાચારીથી રહિત છે અને શાસ્ત્રથી નિરપેક્ષ રીતે પોતાના કદાગ્રહથી યુક્ત બનીને લોકમાં વિચરે છે તે સાધુઓનું એ સ્વાગ્રહવાળું અનુષ્ઠાન સંસારનો ક્ષય કરતું નથી.

ટીકાર્થ :- '**जे पुण**'= જે સાધુઓ '**एयविउत्ता**'= દશવિધ સામાચારીથી રહિત છે '**सग्गहजुत्ता**'= શાસ્ત્રથી નિરપેક્ષ બની પોતાના કદાગ્રહથી યુક્ત '**जणंमि**'= લોકમાં '**विहरंति**'= ચેષ્ટા કરે છે. '**तेसिं**'= એ સ્વાગ્રહયુક્ત સાધુઓનું '**तमणुट्ठाणं**'= તે કરાતું અનુષ્ઠાન '**भवविरहं**'= મોક્ષને '**पसाहेइ**'= સાધતું '**नो**'= નથી જ. ॥ ૫૯૪ ॥૧૨/૫૦

સાધુસામાચારી નામનું બારમું પંચાશક સમાપ્ત થયું.

● ● ●

॥ त्रयोदशं पिण्डविधान पञ्चाशकम् ॥

પિંડવિશુદ્ધિ સામાચારીની અંતર્ગત આવતી હોવાથી તેનું સ્વરૂપ વર્ણવે છે :-

नमिऊण महावीरं, पिंडविहाणं समासओ वोच्छं।
समणाणं पाउग्गं, गुरूवएसाणुसारेणं ॥५९५॥१३/१

छायाः- नत्वा महावीरं पिण्डविधानं समासतो वक्ष्ये ।
श्रमणानां प्रायोग्यं गुरूपदेशानुसारेण ॥ १ ॥

गाथार्थ :- **श्री महावीर स्वामी**ને નમસ્કાર કરીને સાધુઓને યોગ્ય પિંડગ્રહણનો વિધિ ગુરુભગવંતના ઉપદેશના અનુસારે સંક્ષેપથી કહીશ.

टीकार्थ :- '**महावीरं**'= મહાવીર્યવાળા ઐશ્વર્યાદિથી વિશેષ કરીને શોભતા હોવાથી ભગવાન **મહાવીર**ને '**नमिऊण**'= નમસ્કાર કરીને '**समणाणं**'= સાધુને '**पाउग्गं**'= ઉચિત '**पिंडविहाणं**'= પિંડસંબંધી વિધિને '**गुरुवएसाणुसारेणं**'= ગુરુભગવંતના ઉપદેશને અનુસારે '**समासओ**'= સંક્ષેપથી '**वोच्छं**'= કહીશ. ॥

सुद्धो पिंडो विहिओ, समणाणं संजमायहेउ त्ति।
सो पुण इह विण्णेओ, उग्गमदोसादिरहितो जो ॥५९६॥१३/२

छायाः- शुद्धः पिण्डो विहितः श्रमणानां संयमात्महेतुरिति ।
सः पुनरिह विज्ञेय उद्गमदोषादिरहितो यः ॥ २ ॥

गाथार्थ :- તીર્થંકર આદિએ, શુદ્ધ પિંડ એ સાધુના સંયમરૂપ આત્માના રક્ષણનો હેતુ છે એથી કરીને તે લેવાનું વિધાન કર્યું છે. જે પિંડ ઉદ્ગમદોષ આદિથી રહિત હોય તે શુદ્ધ જાણવો.

टीकार्थ :- '**समणाणं**'= સાધુઓને '**संजमायहेउ त्ति**'= સંયમરૂપી આત્માના રક્ષણનો હેતુ છે એમ કરીને '**सुद्धो**'= નિર્દોષ '**पिंडो**'= પિંડ '**विहिओ**'= લેવાનું વિધાન કર્યું છે. '**सो पुण**'= તે શુદ્ધ પિંડ વળી '**इह**'= અહીં પિંડના અધિકારમાં '**उग्गमदोसादिरहितो जो**'= જે ઉદ્ગમ આદિ દોષોથી રહિત હોય તે '**विण्णेओ**'= જાણવો. ॥ ૫૯૬ ॥૧૩/૨

ઉદ્ગમ આદિ દોષોને કહે છે :-

सोलस उग्गमदोसा, सोलस उप्पायणाएँ दोसा उ।
दस एसणाइ दोसा, बायालीसं इय हवंति ॥५९७॥१३/३

छायाः- षोडश उद्गमदोषाः षोडश उत्पादनाया दोषास्तु ।
दश एषणायां दोषाः द्विचत्वारिंशदिति भवन्ति ॥ ३ ॥

गाथार्थ :- સોળ ઉદ્ગમ દોષો, સોળ ઉત્પાદન દોષો અને દસ એષણાના દોષો એમ બેંતાલીસ દોષો છે.

टीकार्थ :- '**सोलस**'= સોળ '**उग्गमदोसा**'= ઉદ્ગમના દોષો '**सोलस**'= સોળ '**उप्पायणाए**'= ઉત્પાદનાના '**दोसा उ**'=દોષો '**दस**'= દશ '**एसणाइ**'= એષણાના '**दोसा**'= દોષો '**बायालीसं**'= બધા મળીને બેંતાલીશ દોષો '**इय**'= આ પ્રમાણે '**हवंति**'= થાય છે. ॥૫૯૭ ॥ ૧૩ । ૩

ઉદ્ગમ શબ્દનો અર્થ કહે છેઃ-

तत्थुग्गमो पसूती, पभवो एमादि होंति एगट्ठा ।
सो पिंडस्साहिगतो, इह दोसा तस्सिमे होंति ॥ ५९८ ॥ १३/४

छाया :- तत्रोद्गमः प्रसूतिः, प्रभव एवमादयो भवन्ति एकार्थाः ।
सः पिण्डस्याधिकृत इह दोषास्तस्येमे भवन्ति ॥ ४ ॥

ગાથાર્થ :- તેમાં ઉદ્ગમ, પ્રસૂતિ, પ્રભવ વગેરે બધા સમાન અર્થવાળા શબ્દો છે. ઉદ્ગમ એટલે ઉત્પત્તિ, તે ઉત્પત્તિ અહીંયા પિંડ સંબંધી સમજવાની છે. તે ઉદ્ગમના આ કહેવાતા (સોળ) દોષો છે.

ટીકાર્થ :- '**तत्थ**'= તેમાં '**उग्गमो पसूती पभवो**'= ઉદ્ગમ, પ્રસૂતિ, અને પ્રભવ '**एमादि**'= વગેરે '**एगट्ठा**'= સમાનાર્થવાળા શબ્દો '**होंति**'= છે. '**सो**'= તે ઉદ્ગમ '**पिंडस्स**'= પિંડ સંબંધીનો '**अहिगतो**'= અધિકૃત છે '**इह**'= આ પિંડના વિષયમાં '**तस्स**'= તે ઉદ્ગમના '**इमे**'= આ '**दोसा**'= કહેવાતા દોષો '**होंति**'= છે. ॥ ૫૯૮ ॥ ૧૩/૪

હવે ઉદ્ગમના દોષોને કહે છે :-

आहाकम्मुद्देसिय, पूतिकम्मे य मीसजाए य ।
ठवणा पाहुडिया य, पाओयर-कीअ-पामिच्चे ॥ ५९९ ॥ १३/५

छाया :- आधाकर्मौद्देशिकं पूतिकर्म च मिश्रजातश्च ।
स्थापना प्राभृतिका च प्राष्दुकार-क्रीत-अपमित्यम् ॥ ५ ॥

परियट्टिए अभिहडे, उब्भिण्णे मालोहडे इय ।
अच्छेज्जे अणिसट्ठे, अज्झोयरए य सोलसमे ॥ ६०० ॥ १३/६ जुग्गं ।

छाया :- परिवर्तितं अभिहृतम् उद्भिन्नं मालापहृतमिति ।
आच्छेद्यम् अनिसृष्टम् अध्यवपूरकं च षोडश ॥ ६ ॥ युग्मम् ।

ગાથાર્થ :- આધાકર્મ, ઔદ્દેશિક, પૂતિકર્મ, મિશ્રજાત, સ્થાપના, પ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્યક, પરિવર્તિત, અભ્યાહૃત, ઉદ્ભિન્ન, માલાપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અને અધ્યવપૂરક એ સોળમો દોષ છે.

ટીકાર્થ :- '**आहाकम्म**'= આધાકર્મ '**उद्देसिय**'= ઔદ્દેશિક '**पूतिकम्मे**'= પૂતિકર્મ '**मीसजाए य**'= મિશ્રજાત '**ठवणा**'= સ્થાપના '**पाहुडिया य**'= પ્રાભૃતિકા '**पाओयर**'= પ્રાદુષ્કરણ '**कीअ**'= ક્રીત દોષ '**पामिच्चे**'= પ્રામિત્યક '**परियट्टिए**'= પરાવર્તિત '**अभिहडे**'= અભ્યાહૃત '**उब्भिण्णे**'= ઉદ્ભિન્ન '**मालोहडे य**'= માલાપહૃત '**अच्छेज्जे**'= આચ્છેદ્ય '**अणिसट्ठे**'= અનિસૃષ્ટ '**अज्झोयरए य**'= અને અધ્યવપૂરક '**सोलसमे**'= એ સોળમો દોષ છે. ॥ ૫૯૯ ॥ ૧૩/૫ ॥ ૬૦૦ ॥ ૧૩/૬

વ્યાપ્ય-વ્યાપક સ્વરૂપ વિશેષ લક્ષણ છોડીને સામાન્યથી કહે છે :-

सच्चित्तं जमचित्तं साहूणऽट्ठाएँ कीरए जं च ।
अच्चित्तमेव पच्चति आहाकम्मं तयं भणियं ॥ ६०१ ॥ १३/७

છાયા :- सचित्तं यदचित्तं साधूनामर्थाय क्रियते यच्च ।
अचित्तमेव पच्यते आधाकर्म तकत् भणितम् ॥ ७ ॥

ગાથાર્થ :- સાધુને માટે અર્થાત્ સાધુના સંકલ્પથી જે સચિત્ત વસ્તુને અચિત્ત કરવામાં આવે તે આધાકર્મ છે તેમજ અચિત્ત વસ્તુને અગ્નિથી રાંધે તે પણ આધાકર્મ કહેવાય છે.

ટીકાર્થ :- '**साहूणऽट्ठाएँ**'= સાધુનો મનમાં સંકલ્પ કરીને અર્થાત્ સાધુને માટે '**सच्चित्तं**'= ધાન્ય-ફળ આદિ સચિત્ત વસ્તુને '**जं**'= જે '**अचित्तं**'= અચિત્ત '**कीरए**'= કરવામાં આવે '**जं च**'= અને જે '**अच्चित्तमेव**'= અચિત્ત કણિકાદિને '**पच्चत्ति**'= અગ્નિ ઉપર પકાવવામાં આવે છે.'**तयं**'= તેને '**आहाकम्मं**'= આધાકર્મ '**भणियं**'= કહ્યું છે. ॥ ૬૦૧ ॥ ૧૩/૭

હવે ઔદ્દેશિક દોષને કહે છેઃ-

उद्देसिय साहुमाई, ओमच्चए भिक्खवियरणं जं च ।
उव्वरियं मीसेउं, तविउं उद्देसियं तं तु ॥ ६०२ ॥ १३/८

છાયા :- उद्दिश्य साध्वादीन् अवमात्यये भिक्षावितरणं यच्च ।
उद्धरितं मिश्रयित्वा तापयित्वा औद्देशिकं तत्तु ॥ ८ ॥

ગાથાર્થ :- દુષ્કાળ વીતી ગયા બાદ ગૃહસ્થ એમ વિચારે કે "**સાધુસંતોને ભિક્ષા આપવાથી પુણ્ય બંધાય છે માટે અમુક બે કે ચાર વગેરે સંખ્યામાં સાધુસંતોને મારે ભિક્ષા આપવી છે**" આવા ઉદ્દેશથી શ્રમણોને જે ભિક્ષા આપવામાં આવે તે '**ઉદ્દિષ્ટ ઔદ્દેશિક**' દોષ છે. તેમજ જમણવારમાં વધેલા ભાત આદિને દહીં આદિથી મિશ્રિત કરીને ભિક્ષા આપવામાં આવે તે '**ઔદ્દેશિક**' નામનો ભેદ છે અને વધેલા લાડવાના ચૂર્ણને અગ્નિ ઉપર ઘી વગેરે નાંખીને સંસ્કાર કરીને લાડવા બનાવીને ભિક્ષા આપવામાં આવે તે '**કર્મ ઔદ્દેશિક**' નામનો દોષ છે.

ટીકાર્થ :- '**साहुमाई**'= નિર્ગ્રન્થ-શાક્ય-તાપસ-ગૈરિક અને આજીવક નામના શ્રમણોને '**उद्देसिय**'= ઉદ્દેશીને '**ओमच्चए**'= દુકાળ વીત્યા પછી '**भिक्खवियरणं**'= આહારનું દાન કરવું. તે ઉદ્દિષ્ટ ઔદ્દેશિક નામનો દોષ છે. '**जं च**'= અને જે '**उव्वरियं**'= જમણવાર આદિમાં વધેલા ભાત આદિને '**मीसेउं**'= દહીં આદિથી મિશ્રિત કરીને- 'વહોરાવવું તે '**कृत औद्देशिक**' નામનો દોષ છે. જેમાં અગ્નિની વિરાધના કરવામાં નથી આવતી. '**तविउं**'= ગોળ-મોદક આદિના ચૂર્ણને અગ્નિ ઉપર તપાવીને ઘી વગેરેથી જે સંસ્કારવામાં આવે છે તે. '**कर्म औद्देशिक**' નામનો દોષ છે જેમાં અગ્નિની વિરાધના કરવામાં આવે છે. '**उद्देसियं तं तु**'= આ બધા ઔદ્દેશિક દોષ કહેવાય છે. ઔદ્દેશિકના (૧) ઉદ્દિષ્ટ (૨) કૃત અને (૩) કર્મ આ ત્રણ ભેદ છે ॥ ૬૦૨ ॥ ૧૩ । ૮

પૂતિદોષને કહે છેઃ-

कम्मावयवसमेयं संभाविज्जति जयं तु तं पूइं ।
पढमं चिय गिहिसंजयमीसोवखडाइ मीसं तु ॥ ६०३ ॥ १३। ९

છાયા :- कर्मावयवसमेतं संभाव्यते यकत्तु तत्पूतिम् ।
प्रथममेव गृहिसंयतमिश्रोपस्कृतादि मिश्रं तु ॥ ९ ॥

ગાથાર્થ :-જે ભોજન આધાકર્મ ભોજનના અંશથી યુક્ત થાય તે પૂતિદોષ છે. પ્રથમથી જ ગૃહસ્થ અને સાધુ માટે ભેગું બનાવવામાં આવે તે મિશ્રદોષ છે.

ટીકાર્થ :- '**जयं तु**'= જે આહાર '**कम्मावयवसमेयं**'= આધાકર્મ ભોજનના અંશથી યુક્ત '**संभाविज्जति**'= હોવાની સંભાવના કરાય અર્થાત્ જણાય, '**तं पूइं**'= તે આહાર પૂતિદોષથી દૂષિત છે. '**पढमं चिय**'= પ્રથમથી જ અર્થાત્ ભાતનું આંધણ મૂકવાના સમયે જ '**गिहिसंजयमीसो**'= ગૃહસ્થ અને સાધુ બંનેને માટે ભેગું '**उवखडाइ**'= રાંધવામાં આવે '**मीसं तु**'= તે આહાર મિશ્રદોષથી દૂષિત છે. ॥ ૬૦૩ ॥ ૧૩/૯.

સ્થાપના અને પ્રાભૃતિક દોષને કહે છેઃ-

साहोभासियखीराइठावणं साहूणऽट्ठाए ।
सुहुमेयरमुस्सक्कणमवसक्कणमो य पाहुडिया ॥ ६०४ ॥ १३/१०

છાયા :- साध्ववभाषितक्षीरादिस्थापनं साधूनामर्थाय ।
सूक्ष्मेतरमुत्ष्वष्कणमवष्वष्कणं च प्राभृतिका ॥ १० ॥

ગાથાર્થ :- સાધુએ માંગેલુ દૂધ વગેરે સાધુને માટે રાખી મૂકવામાં આવે તે સ્થાપના દોષ છે. સૂક્ષ્મ ઉત્ષ્વષ્કણ, બાદર ઉત્ષ્વષ્કણ, સૂક્ષ્મ અવષ્વષ્કણ અને બાદર અવષ્વષ્કણ એ પ્રાભૃતિકા દોષ છે.

ટીકાર્થ :- '**साहोभासिय**'= સાધુએ યાચેલા '**खीराइ**'= દૂધ આદિને '**साहूणऽट्ठाए**'= સાધુના માટે જે ગૃહસ્થ વડે સ્થાપન કરાય છે તે '**ठावणं**'= સ્થાપના દોષ છે. હવે પ્રાભૃતિકાને કહે છે. :- '**सुहुमेयरम्**'= સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે '**उस्सक्कणं**'= મોડું કરવું '**अवसक्कणं**'= વહેલું કરવું '**मो**'= આ નિપાત છે, '**पाहुडिया**'= પ્રાભૃતિકા નામનો દોષ છે. અર્થાત્ સાધુભગવંત ગામમાં વહેલા અથવા મોડા પધારવાના હોય તો તેમને વહોરાવવાનો લાભ મળે એ માટે લગ્નાદિ ઉત્સવો વહેલા મોડા રાખે તે પ્રાભૃતિકા દોષ છે. ॥ ૬૦૪ ॥ ૧૩/૧૦

પ્રાદુષ્કરણ અને ક્રીત દોષ કહે છે :-

णीयदुवारंधयारे गवक्खकरणाइ पाउकरणं तु ।
दव्वाइएहिं किणण, साहूणट्ठाएँ कीयं तु ॥ ६०५॥ १३/११

છાયા :- नीचद्वारान्धकारे गवाक्षकरणादि प्रादुष्करणं तु ।
द्रव्यादिभिः क्रयणं साधूनामर्थाय क्रीतं तु ॥ ११ ॥

ગાથાર્થ :- નીચા દ્વારના કારણે ઘરમાં અંધારું પડતું હોય તેથી સાધુ વહોરે નહિ. આથી સાધુના માટે બારી આદિ કરાવે તે પ્રાદુષ્કરણ છે. દ્રવ્યાદિથી સાધુ માટે ખરીદવું તે ક્રીત દોષ છે.

ટીકાર્થ :- '**णीयदुवारंधयारे**'= નીચા દ્વારના કારણે ઘરમાં અંધારું પડતું હોય તેથી '**गवक्खकरणाइ**'= બારી વગેરે કરાવવા તે. 'આદિ' શબ્દથી પ્રકાશ માટે મણિ મૂકે અથવા દીવો કરે તેનું ગ્રહણ થાય છે. '**पाउकरणं तु**'= પ્રકાશ કરવો તે પ્રાદુષ્કરણ દોષ છે, હવે ક્રીત દોષ કહે છે. :- '**दव्वाइएहिं**'= દ્રવ્ય અને ભાવથી '**साहूणट्ठाएँ**'= સાધુના માટે '**किणण**'= ખરીદવું તે '**कीयं तु**'= ક્રીત નામનો દોષ છે.

પૈસા વગેરે કોઈ વસ્તુ આપીને ખરીદે તે દ્રવ્યક્રીત છે, પોતાની સંગીત, નાટક આદિ કળાથી લોકોને ખુશ કરીને તેના બદલામાં તેમની પાસેથી સાધુને વહોરાવવા માટે કોઈ વસ્તુ ગ્રહણ કરે તે ભાવક્રીત છે. ॥ ૬૦૫ ॥ ૧૩/૧૧.

હવે પ્રામિત્યક અને પરિવર્તિત દોષ કહે છે :-

पामिच्चं जं साहूणऽट्ठा उच्छिंदिउं दियावेइ ।
पल्लट्टिउं च गोरवमादी परियट्टियं भणियं ॥ ६०६ ॥ १३/१२

છાયા :- अपमित्यं यत् साधूनामर्थात् उच्छिद्य ददाति ।
परिवर्त्य च गौरवादि परिवर्तितं भणितम् ॥ १२ ॥

ગાથાર્થ :- ઉછીનું લાવીને સાધુને વહોરાવે તે પ્રામિત્યક દોષ છે. સાધુનું બહુમાન સાચવવા અને પોતાની લઘુતા ન દેખાય એ માટે પોતાની પાસે જે કોદરા જેવી હલકી વસ્તુ હોય તે આપીને કોઈની પાસેથી ઉત્તમ જાતિના ચોખા લાવીને વહોરાવે, આમ અદલોબદલો કરવો તે પરાવર્તિત દોષ છે.

ટીકાર્થ :- '**जं**'= જે '**साहूणऽट्ठा**'= સાધુના માટે '**पामिच्चं**'= પ્રામિત્યક એટલે '**उच्छिंदिउं**'= ઉછીનું માંગી લાવીને અર્થાત્ 'હમણાં તમે મને અમુક વસ્તુ આપો હું પછી તમને એ આપી દઈશ' એમ ઉધાર લાવીને '**दियावेइ**'= આપે '**पल्लट्टिउं वा**'= અદલોબદલો કરીને '**वा**'= વા શબ્દ '**च**' ના અર્થમાં છે એટલે 'અને' પૂર્વનો જે પ્રામિત્યક દોષ છે તેની અપેક્ષાએ આ '**वा**' શબ્દ છે. અર્થાત્ પ્રામિત્યક અને પરાવર્તિત, '**गोरवमादी**'= સાધુઓનું ગૌરવ-બહુમાન થાય એ માટે પોતાની કોદરા વગેરે હલકી વસ્તુ બીજાને આપીને તેની પાસેથી ઉત્તમ ચોખાથી બનાવેલ ભાત વગેરે લાવીને સાધુને આપે તે '**परियट्टियं**'= પરાવર્તિત નામનો દોષ '**भणियं**'= કહ્યો છે. ॥ ૬૦૬ ॥ ૧૩ । ૧૨

હવે અભ્યાહૃત અને ઉદ્ભિન્ન દોષ કહે છે :-

सग्गामपरग्गामा, जमाणिउं आहडं तु तं होइ ।
छगणादिणोवलित्तं, उब्भिंदिय जं तमुब्भिण्णं ॥ ६०७ ॥ १३/१३

છાયા :- स्वग्रामपरग्रामाद्यदानीय आहृतं तु तद्भवति ।
छगणादिनोपलिप्तमुद्भिद्य यत्तदुद्भिन्नम् ॥ १३ ॥

ગાથાર્થ :- સ્વ-પર ગામથી લાવીને આપે તે અભ્યાહૃત દોષ છે. છાણ આદિથી લીંપેલું ઉખેડીને આપે તે ઉદ્ભિન્ન દોષ છે.

ટીકાર્થ :- '**सग्गामपरग्गामा**'= સ્વગામ કે પરગામથી '**जं**'= જે '**आणिउं**'= લાવીને આપે '**तं**'= તે '**आहडं तु**'= અભ્યાહૃત દોષ '**होइ**'= થાય છે. હવે ઉદ્ભિન્ન દોષ કહે છે:- '**छगणादिणा**'= છાણ, લાખ કે મીણ આદિથી '**उवलित्तं**'= લીંપેલું '**उब्भिंदिय**'= ઉખેડીને '**जं**'= જે આપે '**तं**'= તે '**उब्भिण्णं**'= ઉદ્ભિન્ન દોષ છે.

હવે માલાપહૃત અને આચ્છેદ્ય દોષ કહે છે :-

मालोहडं तु भणियं, जं मालादीहि देति घेत्तूणं ।
अच्छेज्जं चाच्छिंदिय, जं सामीभिच्चमादीणं ॥ ६०८ ॥ १३/१४

છાયા :- मालापहृतं तु भणितं यन्मालादिभ्यो ददाति गृहीत्वा ।
आच्छेद्यं चाच्छिद्य यत्स्वामी भृत्यादीनाम् ॥ १४ ॥

ગાથાર્થ :- માળ વગેરે સ્થાનથી નિસરણી આદિ વડે ઉતારીને સાધુને આપે એ માલાપહૃત દોષ કહ્યો છે. નોકર વગેરેનું તેમના પાસેથી ઝુંટવીને સ્વામી આપે તે આચ્છેદ્ય દોષ છે.

ટીકાર્થ :- '**मालोहडं तु**'= માલાપહૃત દોષ '**भणियं**'= તે કહ્યો છે '**जं**'= જે '**मालादीहि**'= માળ આદિ ઉપરથી '**घेत्तूणं**'= નિસરણી આદિથી ઉતારીને '**देति**'= આપે. હવે આચ્છેદ્ય દોષ કહે છે :- '**भिच्चमादीणं**'= ગોપાલ આદિ નોકરોનું '**जं**'= જે દૂધ આદિ '**चाच्छिदिय**'= ઝુંટવીને '**सामी**'= નાયક સાધુને આપે તે '**अच्छेज्जं**'= આચ્છેદ્ય નામનો આહારનો દોષ છે. ॥ ૬૦૮ ॥ ૧૩/૧૪.

હવે અનિસૃષ્ટ અને અધ્યવપૂરક દોષ કહે છેઃ-

अणिसिट्ठं सामण्णं, गोट्ठिगभत्तादि ददउ एगस्स ।
सट्ठा मूलद्दहणे, अज्झोयर होइ पक्खेवो ॥ ६०९ ॥ १३/१५

છાયા :- अनिसृष्टं सामान्यं गोष्ठिकभक्तादि ददत एकस्य ।
स्वार्थं मूलाद्रहणे अध्यवपूरको भवति प्रक्षेपः ॥ १५ ॥

ગાથાર્થ :- અનેકની માલિકીવાળું સામુદાયિક ભોજન વગેરે બધા માલિકની સંમતિ લીધા વગર કોઈ એક વ્યક્તિ આપે તે અનિસૃષ્ટ દોષ છે, પોતાના માટે રાંધવાનું શરું કર્યા પછી સાધુનું આગમન સાંભળીને તેમાં નવું ઉમેરે તે અધ્યવપૂરક દોષ છે.

ટીકાર્થ:- '**सामण्णं**'= સામુદાયિક બધાનું ભેગું '**गोट्ठिगभत्तादि**'= ન્યાત વગેરેનું ભોજન '**एगस्स**'= કોઈ એક જણ '**ददउ**'= આપે. '**अणिसिट्ठं**'= અનિસૃષ્ટ નામનો દોષ છે. '**सट्ठा**'= પોતાના માટે '**मूलद्दहणे**'= તપેલીમાં આંધણ મૂક્યું હોય '**पक्खेवो**'= ઘણા સાધુનું આગમન સાંભળીને તેમાં ચોખા, મગ, આદિને ઉમેરે તે '**अज्झोयर**'= આપે તો અધ્યવપૂરક દોષ '**होइ**'= થાય છે. ॥ ૬૦૯ ॥ ૧૩/૧૫

આ સોળ ઉદ્ગમદોષમાં અવિશોધિકોટિ અને વિશોધિકોટિ એમ બે વિભાગ પાડે છેઃ-

कम्मुद्देसियचरमतिग पूइयं मीस चरमपाहुडिया ।
अज्झोयर अविसोही, विसोहिकोडी भवे सेसा ॥ ६१० ॥१३/१६

છાયા :- कर्मौद्देशिकचरमत्रिकं पूतिकं मिश्रं चरमप्राभृतिका ।
अध्यवपूरको अविशोधिः विशोधिकोटी भवेत् शेषा ॥ १६ ॥

ગાથાર્થ :- આધાકર્મ, વિભાગ ઔદ્દેશિકના સમુદ્દેશ કર્મ, આદેશકર્મ અને સમાદેશકર્મ એ છેલ્લા ત્રણ ભેદ, બાદર ભક્તપાનપૂતિ, બાદરપ્રાભૃતિકા, મિશ્રજાત અને અધ્યવપૂરક એ બંનેના પાખંડી અને યતિ એ છેલ્લા ભેદ, એમ છ મૂળભેદના ઉત્તરભેદ ગણતાં દશભેદ અવિશોધિકોટિવાળા છે. બાકીના બધા ઉદ્ગમદોષો વિશોધિકોટિવાળા છે.

ટીકાર્થ :- '**कम्म**'= આધાકર્મ '**उद्देसिय चरमतिग**'= વિભાગ ઔદ્દેશિકના યાવદર્થિક ભેદ સિવાયના સમુદ્દેશકર્મ-આદેશકર્મ અને સમાદેશકર્મ એ છેલ્લા ત્રણ ભેદ '**पूइयं**'= પૂતિકર્મ '**मीस**'= મિશ્રજાતના પાખંડી અને યતિ એમ છેલ્લા બે ભેદ '**चरमपाहुडिया**'= બાદરપ્રાભૃતિકા '**अज्झोयर**'= અધ્યવપૂરકના પાખંડી અને યતિ એમ છેલ્લા બે ભેદ '**अविसोही**'= અવિશોધિકોટીના કહ્યા છે. '**सेसा**'= અહીં ગણાવ્યા છે એ સિવાયના બાકીના ભેદો '**विसोहीकोडी**'= વિશોધિકોટીના '**भवे**'= છે.

અવિશોધિકોટિ-જે દોષોથી દૂષિત આહાર શુદ્ધ આહારમાં પડ્યા પછી શુદ્ધ આહારમાંથી સંપૂર્ણ કાઢી લેવા છતાં બાકીનો શુદ્ધ આહાર પણ અશુદ્ધ જ રહે, શુદ્ધ ન બને તે દોષો અવિશોધિકોટિના છે. આ

દોષવાળા આહારથી ખરડાયેલ પાત્ર પણ રાખ વગેરેથી બરોબર સાફ કર્યા પછી ત્રણ વાર ધોઈને બરોબર સૂકાઈ ગયા પછી જ શુદ્ધ બને અને પછી તેમાં શુદ્ધ આહાર લઈ શકાય.

વિશોધિકોટિ - જે દોષોથી દૂષિત આહાર, શુદ્ધ આહારમાં પડ્યા પછી શુદ્ધ આહારમાંથી સંપૂર્ણ લઈ લીધા પછી બાકીનો આહાર શુદ્ધ બને, તે પાત્રને રાખ વગેરેથી સાફ કરવાની જરૂર નથી હોતી તે દોષો વિશોધિકોટિના છે.

અવિશોધિકોટિમાં મૂળ છ કર્મ આવે છેઃ- (૧) આધાકર્મ, (૨) ઔદ્દેશિક, (૩) પૂતિ (૪) મિશ્રજાત (૫) પ્રાભૃતિકા અને (૬) અધ્યવપૂરક- ઉત્તરભેદ દશ થાય છે.

સમુદ્દેશ = પાખંડીને આપવાનો સંકલ્પ, **આદેશ**- પાંચ શ્રમણોને આપવાનો સંકલ્પ, **સમાદેશ** - માત્ર જૈન મુનિઓને આપવાનો સંકલ્પ, **યાવદર્થિક**= ગૃહસ્થ ભિક્ષાચર કે સાધુસંતો વગેરે દરેકને આપવાનો સંકલ્પ. ॥ ૬૧૦ ॥ ૧૩ । ૧૬

સોળ ઉદ્ગમદોષ કહેવાયા, હવે ઉત્પાદનાદોષને કહે છેઃ-

उप्पायण संपायण, णिव्वत्तण मो य होंति एगट्ठा ।
आहारस्सिह पगता, तीए दोसा इमे होंति ॥ ६११ ॥ १३/१७

છાયા :- उत्पादनं सम्पादना निर्वर्तना च भवन्ति एकार्थाः ।
आहारस्येह प्रकृतास्तस्या दोषाः इमे भवन्ति ॥ १७ ॥

ગાથાર્થ :- ઉત્પાદના, સંપાદના અને નિર્વર્તના આ શબ્દો સમાન અર્થવાળા છે. અહીં આહારના ઉત્પાદનનો અધિકાર છે. તેના દોષો આ પ્રમાણે છે.

ટીકાર્થ :- '**उप्पायण**'= ઉત્પાદના (મેળવવું) '**संपायण**'= સંપાદના '**णिव्वत्तण**'= નિર્વર્તના '**मो**'= નિપાતન છે. '**होंति**'= છે. '**एगट्ठा**'= એક અર્થાત્ સમાન અર્થવાળા '**आहारस्स**'= આહાર સંબંધી '**इह**'= આ અધિકારમાં '**पगता**'= પ્રસ્તુત '**तीए**'= ઉત્પાદનાના '**दोसा**'= દોષો '**इमे**'= હમણાં કહેવાશે તે '**होंति**'= છે. ॥ ૬૧૧ ॥૧૩/૧૭

ઉત્પાદનાના દરેક દોષોના નામનો નિર્દેશ કરે છેઃ-

धाती दूति णिमित्ते, आजीव वणीमगे तिगिच्छा य ।
कोहे माणे माया, लोभे य हवंति दस एते ॥ ६१२ ॥ १३/१८

છાયા :- धात्री दूती निमित्तम् आजीवो वनीपकः चिकित्सा च ।
क्रोधः मानो माया लोभश्च भवन्ति दश एते ॥ १८ ॥

पुव्विपच्छासंथव, विज्जा मंते य चुण्ण जोगे य ।
उप्पायणयाएँ दोसा सोलसमे मूलकम्मे य ॥ ६१३ ॥ १३/१९ जुग्गं ।

છાયા :- पूर्वपश्चात् संस्तवो विद्या मन्त्रश्च चूर्णो योगश्च ।
उत्पादनायाः दोषाः षोडश मूलकर्म च ॥ १९ ॥ युग्मम् ।

ગાથાર્થ :- (૧) ધાત્રી, (૨) દૂતી, (૩) નિમિત્ત, (૪) આજીવ, (૫) વનીપક, (૬) ચિકિત્સા (૭) ક્રોધ (૮) માન, (૯) માયા અને (૧૦) લોભ આ દશ દોષો છે. (૧૧) પૂર્વ-પશ્ચાત્સંસ્તવ, (૧૨) વિદ્યા (૧૩)

મંત્ર (૧૪) ચૂર્ણ, (૧૫) યોગ અને સોળમો (૧૬) મૂળકર્મ - આ સોળ ઉત્પાદનાના દોષો છે.

ટીકાર્થ :- '**धाती**'= ધાત્રી દોષ, '**दूति**'= દૂતી દોષ '**णिमित्ते**'= નિમિત્ત દોષ '**आजीव**'= આજીવ દોષ '**वणीमगे**'= વનીપકદોષ '**तिगिच्छा य**'= ચિકિત્સા દોષ '**कोहे**'= ક્રોધ દોષ '**माणे**'= માનદોષ '**माया**'= માયાદોષ '**लोभे य**'= લોભ દોષ '**एते**'= આ '**दस**'= દશ દોષો '**हवंति**'= છે. ॥ ६१२ ॥ १३/१९.

'**पुव्विपच्छासंथव**'= પૂર્વ-પશ્ચાત્ સંસ્તવ દોષ માતા-પિતા-સસરા આદિનો પરિચય '**विज्जा**'= વિદ્યા દોષ '**मंते य**'= મંત્ર દોષ, '**चुण्ण**'= ચૂર્ણ દોષ '**जोगे य**'= યોગ દોષ '**मूलकम्मे य**'= અને મૂળકર્મ '**सोलसमे**'= સોળમો '**उप्पायणयाएँ**'= ઉત્પાદનાના આ છે. '**दोसा**'= દોષો ॥ ६१३ ॥ १३/१९.

આ દોષોનું સ્વરૂપ વર્ણવે છે :-

धाइत्तणं करेती, पिंडट्ठाए तहेव दूतित्तं ।
तीयादिणिमित्तं वा, कहेइ जच्चाइ वाऽऽजीवे ॥ ६१४ ॥ १३/२०

छाया : धात्रीत्वं करोति पिण्डार्थाय तथैव दूतीत्वम् ।
अतीतादिनिमित्तं वा कथयति जात्यादि वाऽऽजीवेत् ॥ २० ॥

जो जस्स कोइ भत्तो, वणेइ तं तप्पसंसणेणेव ।
आहारट्ठा कुणति व, मूढो सुहुमेयरतिगिच्छं ॥ ६१५ ॥ १३/२१

छाया : यो यस्य कोऽपि भक्तो वनति तं तत्प्रशंसनेनैव ।
आहारार्थं करोति वा मूढः सूक्ष्मेतरचिकित्साम् ॥ २१ ॥

कोहप्फल संभावण पडुपण्णो होइ कोहपिंडो उ ।
गिहिणो कुणदऽहिमाणं, मायाए दवावए तह य ॥ ६१६ ॥ १३/२२

छाया :- क्रोधफल सम्भावन-प्रत्युत्पन्नो भवति क्रोधपिण्डस्तु ।
गृहिणः करोति अभिमानं मायया दापयति तथा च ॥ २२ ॥

अतिलोभा परियडती, आहारट्ठाएँ संथवं दुविहं ।
कुणइ पउंजइ विज्जं, मंतं चुण्णं च जोगं च ॥ ६१७ ॥ १३/२३

छाया :- अतिलोभात् पर्यटति आहारार्थं संस्तवं द्विविधम् ।
करोति प्रयुक्ते विद्यां, मन्त्रं चूर्णं च योगं च ॥ २३ ॥

अन्नमिह कोउगाइ व, पिंडत्थं कुणइ मूलकम्मं तु ।
साहुसमुत्था एते, भणिया उप्पायणादोसा ॥ ६१८ ॥ १३/२४ पंचगं ।

छाया :- अन्यदिह कौतुकादि वा पिण्डार्थं करोति मूलकर्म तु ।
साधुसमुत्था एते भणिता उत्पादनादोषाः ॥ २४ ॥ पञ्चकम् ।

ગાથાર્થ :- સાધુ આહાર મેળવવા માટે ગૃહસ્થને ખુશ કરવા તેના બાળકને સ્નાન કરાવે, વસ્ત્રાલંકાર પહેરાવે, દૂધ પીવડાવે, ખોળામાં બેસાડે અને રમાડે એમ પાંચ પ્રકારે ધાત્રીપણું કરે તે ધાત્રીદોષ છે. તેમ

જ આહાર મેળવવા માટે સાધુ ગૃહસ્થના પરસ્પર સંદેશા પહોંચાડે તે દૂતી દોષ છે. ભૂત-ભવિષ્ય-વર્તમાનના સુખ-દુઃખ સંબંધી નિમિત્તો કહીને ભિક્ષા મેળવવી તે નિમિત્ત દોષ છે. સાધુ જાતિ, કુળ, ગણ, કર્મ અને શિલ્પ એ પાંચમાંથી કોઈ પ્રકારે ગૃહસ્થની સાથે પોતાની ગૃહસ્થાવસ્થાની સમાનતા બતાવીને ભિક્ષા મેળવે તે આજીવ દોષ છે.

ગૃહસ્થ જો શાક્યાદિનો ભક્ત હોય તો. શાક્યાદિની પ્રશંસા કરીને તે ગૃહસ્થને પ્રસન્ન કરીને આહાર મેળવે તે વનીપકદોષ છે. આહાર મેળવવા માટે મૂઢ એવો સાધુ ગૃહસ્થની સૂક્ષ્મ-બાદર ચિકિત્સા કરે તે ચિકિત્સા દોષ છે.

ગુસ્સે થયેલો સાધુ અમુક અનર્થ કરશે એવો ભય ઉત્પન્ન કરીને મેળવેલો આહાર એ ક્રોધપિંડ છે. ગૃહસ્થમાં અભિમાન ઉત્પન્ન કરીને તેની પાસેથી ભિક્ષા મેળવે તે માનપિંડ છે. માયાથી ગૃહસ્થને છેતરીને ભિક્ષા મેળવે તે માયાપિંડ છે.

આહારની લાલસાથી ઘણા ઘરોમાં ભિક્ષા માટે ફરે તે લોભપિંડ છે. સંસ્તવ એટલે પરિચય-પૂર્વસંસ્તવ એટલે માતા-પિતા આદિનો પરિચય અને પશ્ચાત્ સંસ્તવ એટલે સાસુ-સસરા આદિનો સંબંધ-ગૃહસ્થને આ સગાસંબંધીનો સંબંધ બતાવીને ભિક્ષા મેળવે તે પૂર્વપશ્ચાત્ સંસ્તવ દોષ છે. આહાર મેળવવા માટે વિદ્યા, મંત્ર, ચૂર્ણ અને યોગનો પ્રયોગ કરે તે અનુક્રમે વિદ્યાપિંડ, મંત્રપિંડ, ચૂર્ણપિંડ અને યોગપિંડ છે.

ભિક્ષા માટે કૌતુકાદિ બીજું પણ કાંઈ કરે તે મૂળકર્મદોષ છે. સાધુથી ઉત્પન્ન થતા આ ઉત્પાદનાના દોષો છે.

ટીકાર્થ :- '**धाइत्तणं**'= સ્નાન કરાવનાર, વસ્ત્રાલંકાર પહેરાવનાર, દૂધ પીવડાવનાર, ખોળામાં બેસાડનાર અને રમાડનાર એમ પાંચ પ્રકારની ધાવમાતા હોય છે. સાધુ ગૃહસ્થના બાળકને સ્નાન કરાવવા વિગેરે ધાવમાતાની જેવું કામ **'पिंडट्ठाए'**= આહાર મેળવવા માટે '**करेती**'= કરે તે ધાત્રીદોષ છે. '**तहेव**'= તે પ્રમાણે '**दूतित्तं**'= દૂતીપણું અર્થાત્ ગૃહસ્થના એકબીજાને સમાચાર પહોંચાડવા તે કરે તો દૂતી દોષ છે. '**तीयादिणिमित्तं वा कहेइ**'= ગૃહસ્થને ભૂત-ભવિષ્યાદિ સંબંધી નિમિત્ત કહે તે નિમિત્તદોષ છે. '**जच्चाइ वाऽऽजीवे**'= ગૃહસ્થ જે જાતિ, કુળ, ગણ, કર્મ અને શિલ્પ આદિથી પોતાનો જીવનનિર્વાહ ચલાવતો હોય પોતે પણ ગૃહસ્થપણામાં એ જ જાતિ આદિથી જીવનનિર્વાહ ચલાવતો હતો એમ સમાનતા બતાવે એ આજીવદોષ છે. ॥ ૬૧૪ ॥ ૧૩ । ૨૦

'**जो**'= જે બૌદ્ધભિક્ષુનો ઉપાસકાદિ ગૃહસ્થ '**जस्स**'= જે શાક્યાદિનો '**कोइ**'= કોઈ '**भत्तो**'= ભક્ત હોય '**तप्पसंसणेणेव**'= તે શાક્યાદિ ભિક્ષુની પ્રશંસા કરવા દ્વારા '**वणेइ तं**'= તેની પાસે ભિક્ષાની યાચના કરે તે વનીપકદોષ છે. '**मूढो**'= મૂઢ એવો સાધુ '**आहारट्ठा**'= આહારનિમિત્તે '**सुहुमेयरतिगिच्छं**'= સૂક્ષ્મ કે બાદર ચિકિત્સા '**कुणति**'= કરે, તે ચિકિત્સા દોષ છે. રોગની દવા બતાવવી કે વૈદ્ય બતાવવો એ સૂક્ષ્મચિકિત્સા જ્યારે રોગની દવા આપવી એ બાદર ચિકિત્સા છે. પરંતુ આગમમાં કહ્યા પ્રમાણે જો ચિકિત્સા કરે તો એ દોષ નથી, કારણ કે એ સાધાર્મિક વાત્સલ્યરૂપ હોવાથી એનાથી ઉચ્ચગોત્રનો બંધ થાય છે. અને તેનાથી આરાધકભાવ જળવાય છે,- શાસ્ત્રથી વિપરીત રીતે કરે તો તે ચિકિત્સા દોષ છે. ॥ ૬૧૫ ॥ ૧૩/૨૧

'**कोहप्फलसंभावणपडुपण्णो**'= ક્ષપકર્ષિની જેમ ગૃહસ્થને ભય બતાવીને ભિક્ષા મેળવે અર્થાત્ સાધુને ભિક્ષા નહિ આપવામાં આવે તો તે ગુસ્સે થઈને શ્રાપ આપશે એવો ભય બતાવીને ભિક્ષા મેળવે તે '**कोहपिंडो उ**'= ક્રોધપિંડ નામનો દોષ '**होइ**'= છે. '**गिहिणो**'= ગૃહસ્થને '**कुणऽहिमाणं**'= **सेवतिका**સાધુની જેમ અભિમાન ઉત્પન્ન કરાવીને ભિક્ષા મેળવે, ''સાધુને માટે તે માનપિંડ નામનો દોષ છે'' એમ

અધ્યાહાર સમજવાનું છે. '**मायाए दवावए तह य**'= તે પ્રમાણે **आषाढाभूति** સાધુની જેમ માયા કરીને જે ભિક્ષા મેળવે તે માયાપિંડ નામનો દોષ છે. ॥ ६१६ ॥ १३/२२

'**अतिलोभा**'= અતિશય લોભથી '**परियडती**'= બહુ ઘરે ફરે તે લોભપિંડ નામનો દોષ છે. સિંહકેસર મોદકના અભિલાષાવાળા સાધુનું આમાં દૃષ્ટાંત જાણવું. '**आहारट्ठाएँ**'= ભિક્ષાને માટે '**संथवं दुविहं**'= બે પ્રકારના સંબંધીઓનો પરિચય, માતા-પિતા આદિ પિતૃપક્ષની ઓળખાણ કાઢવી તે પૂર્વસંસ્તવ કહેવાય અને સાસુ-સસરા વગેરે શ્વસુરપક્ષની ઓળખાણ કાઢવી તે પશ્ચાત્ સંસ્તવ કહેવાય, દાતાર ગૃહસ્થની સાથે પોતાનો આવો કોઈ સંબંધ '**कुणइ**'= બતાવે એ સંસ્તવપિંડ નામનો દોષ છે. '**विद्यां**'= સ્ત્રી દેવતા અર્થાત્ દેવી જેની અધિષ્ઠાયિકા હોય તે વિદ્યા કહેવાય તેનો, '**मंतं**'= પુરુષદેવ જેનો અધિષ્ઠાયક હોય તે મંત્ર કહેવાય તેનો '**चुण्णं च**'= અંજનાદિ એકદમ ઝીણું ચૂર્ણ તેનો '**जोगं च**'= તેવા પ્રકારના દ્રવ્યને ભેગા કરીને બનાવેલ લેપ વગેરે તેનો ભિક્ષા માટે, '**पउंजइ**'= પ્રયોગ કરે. આ ચારે ય- અનુક્રમે વિદ્યાપિંડ, મંત્રપિંડ, ચૂર્ણપિંડ અને યોગપિંડ નામના દોષો છે. ॥ ६१७ ॥ १३ । २३

'**अन्नमिह**'= અહીંયા આવા પ્રકારનું બીજું પણ કાંઈક '**कोउगाइ व**'= વિશિષ્ટ પ્રમાણવાળી વનસ્પતિના મૂળિયાં આદિથી સ્નાન કરાવવું વગેરેને '**पिंडत्थं कुणइ**'= ભિક્ષાને મેળવવા માટે કરે અર્થાત્ પુત્રની પ્રાપ્તિ માટે ગર્ભાધાન થાય એવી વિશિષ્ટ ઔષધિના મૂળિયાં વગેરેથી સ્નાન કરાવે વગેરે, તેવી રીતે કોઈકને ગર્ભપાત કરાવે વગેરે કરાવવું તે '**मूलकम्मं तु**'= મૂળકર્મ નામનો દોષ છે. '**साहुसमुत्था**'= સાધુથી ઉત્પન્ન થતા '**एते**'= આ દોષોને '**उप्पायणादोसा**'= ઉત્પાદન દોષો '**भणिया**'= કીધાં છે. ॥ ६१८ ॥ १३/२४

હવે એષણા દોષોને કહે છેઃ-

एषण गवेसणऽण्णेसणा य गहणं च होंति एगट्ठा ।
आहारस्सिह पगता, तीइ य दोसा इमे होंति ॥ ६१९ ॥ १३/२५

छायाः- एषणा गवेषणा अन्वेषणा च ग्रहणं च भवन्ति एकार्थाः ।
आहारस्येह प्रकृतास्तस्याश्च दोषा इमे भवन्ति ॥ २५ ॥

गाथार्थ :- એષણા, ગવેષણા, અન્વેષણા અને ગ્રહણ આ બધા સમાન અર્થવાળા શબ્દો છે અહીં આહારની એષણાનો અધિકાર છે. તેના દોષો આ પ્રમાણે છે.

टीकार्थ :- '**एषण**'= એષણા '**गवेसणऽण्णेसणा य**'= ગવેષણા, અન્વેષણા '**गहणं**'= અને ગ્રહણ '**एगट्ठा**'= સમાન અર્થવાળા શબ્દો '**होंति**'= છે. '**आहारस्सिह**'= અહીં આહારનો '**पगता**'= અધિકાર છે. '**तीइ य**'= તે એષણાના '**दोसा**'= દોષો '**इमे**'= હમણાં નીચેની ગાથામાં કહેવાશે તે '**होंति**'= છે. ॥ ६१९ ॥ १३/२५

संकिय मक्खिय णिक्खित्त पिहिय साहरिय दायगुम्मीसे ।
अपरिणय लित्त छड्डिय, एसणदोसा दस हवंति ॥ ६२० ॥ १३/२६

छायाः- शङ्कितं म्रक्षितं निक्षिप्तं पिहितं संहृतं दायक उन्मिश्रम् ।
अपरिणतं लिप्तं छर्दितं एषणादोषा दश भवन्ति ॥ २६ ॥

गाथार्थ-टीकार्थ :- શંકિત, મ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, દાયક, ઉન્મિશ્ર, અપરિણત, લિપ્ત અને છર્દિત આ દશ એષણાના દોષો છે. ॥ ६२० ॥ १३/२६.

એષણાના દોષોનું જ વર્ણન કરે છે :-

कम्मादि संकति तयं, मक्खियमुदगादिणा उ जं जुत्तं ।
णिक्खित्तं सजियादो, पिहियं तु फलादिणा ठइयं ॥ ६२१ ॥ १३/२७

छाया :- कर्मादि शङ्कते तकत् म्रक्षितमुदकादिना तु यद् युक्तम् ।
निक्षिप्तं सजीवादौ पिहितं तु फलादिना स्थगितम् ॥ २७ ॥

मत्तगगयं अजोग्गं, पुढवादिसु छोढु देइ साहरियं ।
दायग बालादीया, अजोग्ग बीजादि उम्मीसं ॥ ६२२ ॥ १३/२८

छाया :- मात्रकगतमयोग्यं पृथिव्यादिषु क्षिप्त्वा ददाति संहृतम् ।
दायकबालादिका अयोग्या बीजाद्युन्मिश्रम् ॥ २८ ॥

अपरिणयं दव्वं चिय, भावो वा दोण्ह दाण एगस्स ।
लित्तं वसादिणा छड्डियं तु परिसाडणावंतं ॥ ६२२ ॥ १३/२९ तिगं ।
अपरिणतं द्रव्यमेव भावो वा द्वयोः दान एकस्य ।
लिप्तं वसादिना छर्दितं तु परिशाटनावत् ॥ २९ ॥ त्रिकम् ।

ગાથાર્થ :- (૧) જે આહારમાં આધાકર્મ આદિ કોઈ દોષની શંકા પડે તે શંકિત, (૨) જે આહાર સચિત્ત પાણી આદિથી યુક્ત હોય તે મ્રક્ષિત, (૩) સચિત્ત આદિ વસ્તુ ઉપર જે આહાર મૂકેલો હોય તે નિક્ષિપ્ત, (૪) જે આહાર ફળ આદિથી ઢાંકેલો હોય તે પિહિત. (૫) ભાજનમાં રહેલી વહોરાવવાને અયોગ્ય વસ્તુને પૃથ્વી આદિ ઉપર નાંખીને તે ખાલી થયેલા ભાજન વડે આપે તે સંહૃત, (૬) બાળક વગેરે અયોગ્ય દાતા ભિક્ષા આપે તો દાયક, (૭) સચિત્ત બીજ વગેરેથી મિશ્ર આહાર તે ઉન્મિશ્ર, (૮) વહોરાવવાની વસ્તુ (આહાર) અપરિણત એટલે અચિત્ત થયેલ ન હોય. અથવા બે માલિકમાંથી એકને વહોરાવવાની ભાવના ન હોય તે અપરિણત, (૯) ચરબી આદિથી ખરડાયેલી વસ્તુ આપે તે લિપ્ત, (૧૦) ઢોળતો ઢોળતો આપે તે છર્દિત.

ટીકાર્થ :- '**कम्मादि**'= જે આહાર આધાકર્માદિ કોઈક દોષથી દૂષિત હોવાની '**संकति**'= શંકા કરે અર્થાત્ શંકા પડતી હોય તે આહાર '**तयं**'= શંકિત દોષવાળો છે. '**उदगादिणा**'= સચિત્ત પાણી આદિથી '**जं**'= જે આહાર '**जुत्तं**'= યુક્ત હોય તે '**मक्खियं**'= મ્રક્ષિત દોષ છે. '**सजियादो**'= સચિત્ત-અચિત્ત વસ્તુ ઉપર સ્થાપેલ આહાર '**णिक्खित्तं**'= નિક્ષિપ્ત દોષયુક્ત છે. '**फलादिणा**'= ફળ આદિથી '**ठइयं**'= ઢાંકેલુ હોય તે '**पिहियं तु**'= પિહિત દોષયુક્ત છે. ॥ ૬૨૧ ॥ ૧૩/૨૭

'**मत्तगगयं**'= ભાજનમાં રહેલી '**अजोग्गं**'= વહોરાવવાને અયોગ્ય ફોતરા આદિ વસ્તુને '**पुढवादिसु**'= પૃથ્વી આદિ ઉપર '**छोढु**'= નાંખીને (ખાલી કરીને) '**देइ**'= તે ભાજનથી આપે તે '**साहरियं**'= સંહૃત દોષ છે '**दायग**'= દાયક (દાતાર) '**बालादीया**'= બાળક, વૃદ્ધ, રોગી, અનધિકારી વગેરે '**अजोग्ग**'= જે દાન આપવા માટે અયોગ્ય છે તે વહોરાવે તો દાયક દોષ છે. '**बीयादिउम्मीसं**'= બીજ આદિ સચિત્ત વસ્તુથી જે આહાર મિશ્ર હોય તે. 'ઉત્'= પ્રબળતાથી '**मिश्रम्**'= મિશ્ર કરેલું તે ઉન્મિશ્ર દોષ છે. ॥ ૬૨૨ ॥ ૧૩/૨૮.

'**अपरिणयं दव्वं चिय**'= અપ્રાસુક દ્રવ્ય '**भावो वा दोण्ह दाण एगस्स**'= અથવા બે માલિકમાંથી એક

માલિકને વહોરાવવાની ભાવના ન હોય તે ભાવ અપરિણત કહેવાય. '**लित्तं वसादिणा**'= ચરબી આદિ નિંદ્ય વસ્તુથી ખરડાયેલું હોય તે લિપ્ત દોષયુક્ત છે. '**परिसाडणावंतं**'= વહોરાવવા માટે લાવતાં અથવા વહોરાવતા વચ્ચે ઢોળાતું હોય તે '**छड्डियं तु**'= છર્દિત દોષયુક્ત છે. ॥ ૬૨૩ ॥ ૧૩/૨૯.

एयद्दोसविसुद्धो, जतीण पिंडो जिणेहिऽणुण्णाओ।
सेसकिरियाठियाणं, एसो पुण तत्तओ णेओ ॥ ६२४ ॥ १३/३०

छाया :- एतद्दोषविशुद्धो यतीनां पिण्डो जिनैरनुज्ञातः ।
शेषक्रियास्थितानामेषः पुनः तत्त्वतो ज्ञेयः ॥ ३० ॥

છાયા :- સાધુઓને ઉપર જણાવ્યા એ બેંતાલીસ દોષોથી રહિત પિંડ ગ્રહણ કરવાની જિનેશ્વરોએ અનુમતિ આપી છે. પરંતુ જે સાધુ સૂત્ર-અર્થ પોરિસી, પ્રતિલેખનાદિ ક્રિયાઓમાં રક્ત હોય તેનો જ બેંતાલીસ દોષથી રહિત પિંડ તાત્ત્વિક રીતે શુદ્ધ જાણવો.

ટીકાર્થ :- '**एयद्दोसविसुद्धो**'= આ બેંતાલીસ દોષોથી રહિત '**जतीण**'= સાધુઓને '**पिंडो**'= પિંડ ગ્રહણ કરવાની '**जिणेहि**'= જિનેશ્વરોએ '**अणुण्णाओ**'= અનુજ્ઞા આપી છે. '**सेसकिरियाठियाणं**'= સૂત્રપોરિસી, અર્થપોરિસી, પડિલેહણા, પ્રતિક્રમણાદિ સાધુની દરેક ક્રિયામાં રક્ત હોય એવા સાધુને '**एसो पुण**'= આ બેતાલીસ દોષરહિત પિંડ '**तत्तओ**'= વાસ્તવિક રીતે '**णेओ**'= જાણવો. - જે સાધુ સ્વાધ્યાયાદિમાં રક્ત નથી તે બેતાલીસ દોષરહિત પિંડ ગ્રહણ કરે તો પણ તે શુદ્ધ ન ગણાય. ॥ ૬૨૪ ॥ ૧૩/૩૦.

આ વાતનું સમર્થન કરે છેઃ-

संपत्ते इच्चाइसु, सुत्तेसु णिदंसियं इयं पायं।
जतिणो य एस पिंडो, ण य अन्नह हंदि एयं तु ॥ ६२५ ॥ १३/३१

छाया :- सम्प्राप्ते इत्यादिषु सूत्रेषु निदर्शितमिदं प्रायः ।
यतेश्च एषः पिण्डो न च अन्यथा हन्दि एतत्तु ॥ ३१ ॥

ગાથાર્થ :- બધા જ સાધ્વાચારમાં તત્પર હોય એ સાધુને પિંડવિશુદ્ધિ હોય છે એ વાત **શ્રી દશવૈકાલિકસૂત્ર**ના **'संपत्ते भिक्खकालंमि' (अध्य. ५-उद्देशो-१ गाथा-१.)** વગેરે ઘણાં સૂત્રોમાં જણાવેલી છે. સાધુએ આવો વિશુદ્ધ પિંડ જ ગ્રહણ કરવાનો છે અન્યથા તેનામાં સાધુપણું રહેતું જ નથી.

ટીકાર્થ :- '**संपत्ते**'= સૂત્રપોરિસી-અર્થપોરિસીનો સ્વાધ્યાય કર્યા બાદ ભિક્ષાનો અવસર પ્રાપ્ત થાય ત્યારે '**इच्चाइसु**'=શ્રી **દશવૈકાલિકસૂત્રના** આ **'संपत्ते भिक्खकालंमि'** એ વગેરે '**सुत्तेसु**'= સૂત્રોમાં '**णिदंसियं**'= જણાવ્યું છે કે '**इयं**'= બધા જ સાધ્વાચારમાં તત્પર '**पायं**'= ઘણું કરીને '**जतिणो य**'= એવા સાધુનો '**एस पिंडो**'= આ વિશુદ્ધ પિંડ છે, '**अन्नह**'= અન્ય પ્રકારે '**एयं तु**'= સાધુપણું,- '**ण य**'= રહેતું નથી. બધા જ સાધ્વાચારમાં તત્પર સાધુનો જ બેંતાલીસ દોષરહિત પિંડ વિશુદ્ધ છે અને એ સાધુમાં જ સાચું સાધુપણું છે એમ અહીં જણાવે છે. ॥ ૬૨૫ ॥૧૩/૩૧

આહાર દૂષિત છે એનું જ્ઞાન કેવી રીતે થાય; તે કહે છે :-

दोसपरिण्णाणं पि हु, एत्थं उवओगसुद्धिमाईहिं।
जायति तिविहणिमित्तं, तत्थ तिहा वण्णियं जेण ॥ ६२६॥ १३/३२

छाया :- दोषपरिज्ञानमपि खल्वत्र उपयोगशुद्ध्यादिभिः ।
जायते त्रिविधनिमित्तं तत्र त्रिधा वर्णितं येन ॥ ३२ ॥

ગાથાર્થ :- આ પિંડના વિષયમાં ઉપયોગની શુદ્ધિ આદિથી દોષનું જ્ઞાન થાય છે. કારણ કે તેમાં ભૂત-વર્તમાન અને ભવિષ્યના ભેદથી ત્રણ પ્રકારે કાયિક-વાચિક-માનસિક એમ ત્રણ પ્રકારના નિમિત્તો કહ્યાં છે. તેનાથી દોષનું જ્ઞાન થાય છે. ઉપયોગશુદ્ધિ એટલે ભિક્ષા માટે જતી વખતે ભિક્ષાની અનુજ્ઞા માટે જે કાઉસ્સગ્ગ કરવામાં આવે છે તેની શુદ્ધિ- 'આદિ' શબ્દથી દર્શન અને પ્રશ્ન વગેરેનું ગ્રહણ થાય છે. અર્થાત્ ગૃહસ્થના ઘેર રસોઇ ઘણી હોય, એ જોઈને પણ ખબર પડે કે ઘરના માણસો થોડા છે અને રસોઈ ઘણી બનાવી છે માટે સાધુને માટે બનાવી હશે, અથવા ગૃહસ્થોને એ વિષયક પ્રશ્નો પૂછીને પણ આહારનું નિર્દોષપણું કે દૂષિતપણું જાણી શકાય છે.

ટીકાર્થ :- '**दोसपरिण्णाणं पि**'= આહારના દોષનું જ્ઞાન પણ '**हु**'= વાક્યાલંકારમાં છે. '**एत्थं**'= પિંડમાં '**उवओगसुद्धिमाईहिं**'= ઉપયોગની શુદ્ધિ આદિ પ્રકારો વડે '**जायति**'= થાય છે. '**जेण**'= જે કારણથી, '**तत्थ**'= પિંડના વિષયમાં '**तिहा**'= ભૂત-વર્તમાન અને ભવિષ્યના ભેદથી ત્રણ પ્રકારે '**तिविहणिमित्तं**'= કાયિક-વાચિક-માનસિક ભેદથી ત્રણ પ્રકારે નિમિત્ત '**वण्णियं**'= કહ્યું છે.- તેથી દોષનું જ્ઞાન પણ થાય છે. ॥ ૬૨૬ ॥ ૧૩/૩૨.

भिक्खासद्दोऽवेवं, अणियतलाभविसउ त्ति एमादी।
सव्वं चिय उववन्नं, किरियावंतंमि उ जतिम्मि ॥ ६२७ ॥ १३/३३

छाया :- भिक्षाशब्दोप्येवम् अनियतलाभविषय इति एवमादि ।
सर्वमेव उपपन्नं क्रियावति तु यतौ ॥ ३३ ॥

ગાથાર્થ :- જેમ પિંડ શબ્દ યતિના આહારમાં જ ઘટે છે તેમ ભિક્ષા શબ્દ પણ યતિની ભિક્ષામાં જ ઘટે છે. જ્યાં આહાર લાવવાના ઘરો નક્કી હોય અને તે ઘરોમાંથી કયો અને કેટલો આહાર લાવવાનો એ પણ નક્કી જ હોય તો એ નિયતલાભ કહેવાય. એવા નિયતલાભવાળી ભિક્ષા માટે ભિક્ષા શબ્દ ન વપરાય. જ્યાં આહાર લાવવા માટે કયા ઘરોમાં જવાનું છે એ નક્કી નથી અને કયા ઘરમાંથી કેટલો અને કેવો આહાર મળશે એ નક્કી નથી તેને 'અનિયતલાભ' કહેવાય. આવા અનિયતલાભના વિષયમાં જ ભિક્ષા શબ્દનો પ્રયોગ કરાય એમ શાસ્ત્રમાં કહ્યું છે. શાસ્ત્રોક્ત ક્રિયાયુક્ત સાધુમાં આ બધું ઘટે છે માટે તેની ભિક્ષા માટે જ ભિક્ષા શબ્દનો પ્રયોગ કરવો યોગ્ય છે.

ટીકાર્થ :- '**भिक्खासद्दोऽवेवं**'= ભિક્ષા શબ્દનો પ્રયોગ પણ આ પ્રમાણે '**अणियतलाभविसउ त्ति**'= અનિયતલાભના વિષયવાળો છે, ભિક્ષા માટેના ઘરો નક્કી ન હોય અને ત્યાંથી કેટલો આહાર મળશે? એનું પ્રમાણ નક્કી ન હોય એને 'અનિયતલાભ' કહેવાય. આવો અનિયતલાભ એ ભિક્ષા શબ્દનો વિષય છે. '**एमादी**'= આમ જે કહ્યું છે. '**सव्वं चिय**'= આ બધું જ '**किरियावंतंमि उ**'= શાસ્ત્રોક્ત ક્રિયાથી યુક્ત '**जतिम्मि**'= સાધુમાં '**उववन्नं**'= ઘટે છે. ભિક્ષા શબ્દનો અર્થ સર્વદોષરહિત અનિયતરીતે પ્રાપ્ત થતો

આહાર એવો થાય છે, તેથી તે ક્રિયાયુક્ત સાધુની ભિક્ષામાં જ ઘટે છે એમ કહેવાનો ભાવ છે. ॥ ૬૨૭ ॥ ૧૩/૩૩

હવે કોઈ વાદીની આશંકાને કહે છેઃ-

अण्णे भणंति समणादत्थं उद्देसियादि संचाए ।
भिक्खाए अणडणं चिय, विसेसओ सिट्ठगेहेसु ॥ ६२८ ॥ १३/३४

छाया :- अन्ये भणन्ति श्रमणाद्यर्थमुद्देशिकादि संत्यागे ।
भिक्षायै अनटनमेव विशेषतः शिष्टगेहेषु ॥ ३४ ॥

ગાથાર્થ :- અન્ય વાદીઓ એમ કહે છે કે સાધુના નિમિત્તે બનાવેલા ઔદેશકાદિ આહાર જો સાધુને કલ્પતો ન હોય તો તેણે ભિક્ષાએ જવાનું જ બંધ કરવું પડશે. તેમાં ય શિષ્ટપુરુષોના ઘરોમાં તો ભિક્ષા માટે વિશેષે કરીને નહિ જઈ શકાય. અર્થાત્ એવી નિર્દોષ ભિક્ષા મળવાનો સંભવ જ નથી.

ટીકાર્થ :- '**अण्णे**'= કેટલાક વાદીઓ '**भणंति**'= કહે છે '**समणादत्थं**'= શ્રમણાદિના નિમિત્તે બનાવેલા '**उद्देसियादि**'=ઔદ્દેશિકાદિ આહાર જો '**संचाए**'= સાધુને ત્યજવાનો હોય એમ તમારા વડે ઈચ્છાય છે તો '**विसेसओ**'= વિશેષે કરીને '**सिट्ठगेहेसु**'= બ્રાહ્મણાદિ શિષ્ટ પુરુષોના ઘરોમાં '**भिक्खाए अणडणं चिय**'= ભિક્ષા માટે જવાનું જ બંધ કરવાનું પ્રાપ્ત થશે. ॥ ૬૨૮ ॥ ૧૩/૩૪

ભિક્ષાનું અનટન શાથી પ્રાપ્ત થશે ? તેનો હેતુ કહે છે :-

धम्मट्ठा आरंभो, सिट्ठगिहत्थाण जमिह सव्वोऽवि ।
सिद्धो त्ति सेसभोयणवयणाओ तंतणीतीए ॥ ६२९ ॥ १३/३५

छाया :- धर्मार्थमारम्भः शिष्टगृहस्थानां यदिह सर्वोऽपि ।
सिद्ध इति शेषभोजनवचनात् तन्त्रनीत्या ॥ ३५ ॥

ગાથાર્થ :- **શ્રુતિ-સ્મૃતિ** આદિ શાસ્ત્રોમાં ગૃહસ્થોને **'શેષભોજન'** કરવાનું કહ્યું છે. અર્થાત્ ગુર્વાદિને આપ્યા પછી જે વધ્યું હોય તે ગૃહસ્થ જમે એમ કહ્યું છે. તેથી નક્કી થાય છે કે શિષ્ટ ગૃહસ્થોનો, રસોઈ રાંધવી વગેરે બધો જ આરંભ પુણ્યના માટે જ હોય છે.

ટીકાર્થ :- '**जं**'= જે કારણથી '**इह**'= આર્યદેશમાં '**सिट्ठगिहत्थाण**'= **સ્મૃતિ** આદિ ગ્રન્થોને અનુસરનારા શિષ્ટ ગૃહસ્થોનો '**धम्मट्ठा**'= પુણ્યના માટે '**आरंभो**'= રસોઈ બનાવવાનો આરંભ '**सव्वो वि**'= બધો જ હોય છે '**सिद्धो त्ति**'= એમ સિદ્ધ થાય છે. કેમકે '**तंतणीतीए**'= **શ્રુતિ-સ્મૃતિ** આદિ ગ્રન્થોમાં- '**सेसभोयणवयणाओ**'= ગુર્વાદિને આપ્યા પછી બાકી રહેલું ગૃહસ્થ ભોજન કરે એવી આજ્ઞા છે. ॥ ૬૨૯ ॥ ૧૩/૩૫

तम्हा विसेसओ चिय, अकयाइ गुणा जईण भिक्ख त्ति ।
एयमिह जुत्तिजुत्तं, संभवभावेण ण तु अन्नं ॥ ६३० ॥ १३/३६

छाया :- तस्माद् विशेषत एव अकृतादिगुणा यतीनां भिक्षेति ।
एतदिह युक्तियुक्तं सम्भवभावेन न तु अन्यत् ॥ ३६ ॥

ગાથાર્થ :- તેથી સાધુના માટે જે કરી ન હોય, કરાવી ન હોય તેમ જ સાધુનો સંકલ્પ પણ જેમાં કરવામાં આવ્યો ન હોય એવી ભિક્ષા મળવાનો જો સંભવ હોય તો જ સાધુની ભિક્ષા આવા ગુણવાળી હોવી જોઈએ

એવી આપ્તપુરુષોની આજ્ઞા યુક્તિયુક્ત ગણાય, પણ એવી ભિક્ષા મળવાનો સંભવ જ નથી માટે સાધુની ભિક્ષાના એ આપ્તપુરુષોએ કહેલા વિશેષણો યુક્તિયુક્ત નથી.

ટીકાર્થ :- '**तम्हा**'= તેથી '**विसेसओ चिय**'= વિશેષે કરીને જ '**अकयाइ गुणा**'= સાધુને માટે જે કરી ન હોય અને સાધુનો જેમાં સંકલ્પ ન કર્યો હોય એવા ગુણવાળી '**जईण भिक्ख त्ति**'= સાધુની ભિક્ષા હોય '**संभवभावेण**'= જો તેનો સંભવ હોય અર્થાત્ એવી ભિક્ષા મળવાનો સંભવ હોય તો જ '**एयमिह**'= આ વાત અહીં '**जुत्तिजुत्तं**'= યુક્તિસંગત થાય '**ण तु अन्नं**'= જો અસંભવિત હોય તો યુક્તિયુક્ત ન ગણાય,- અર્થાત્ 'અકૃત અકારિત-અસંકલ્પિત' આ વિશેષણો યુક્તિસંગત નથી. ॥ ૬૩૦ ॥ ૧૩/૩૬

આનો ઉત્તર આપતાં કહે છેઃ-

भण्णति विभिण्णविसयं, देयं अहिगिच्च एत्थ विण्णेओ ।
उद्देसिगादिचाओ, ण सोचिआरंभविसओ उ ॥ ६३१॥ १३/३७

छाया :- भण्यते विभिन्नविषयं देयमधिकृत्य अत्र विज्ञेयः ।
उद्देशिकादित्यागो न स्वोचितारम्भविषयस्तु ॥ ३७ ॥

ગાથાર્થ :- ઉત્તર આપે છે કે ગૃહસ્થ જ્યારે આટલો આહાર પોતાના કુટુંબના માટે અને આટલો આહાર દાન આપવા માટે એમ મનમાં સંકલ્પપૂર્વક વિભાગ પાડીને રસોઈ બનાવે તે આહાર-ઔદ્દેશિકાદિ દોષથી દૂષિત હોવાના કારણે સાધુને કલ્પતો નથી, તેનો ત્યાગ કરવાનો છે એમ જાણવું, પણ ગૃહસ્થ પોતાના કુટુંબ માટે રસોઇ બનાવ્યા પછી તેમાંથી દાન આપવાનો વિચાર કરે એ આહાર સાધુને કલ્પી શકે છે, તે દૂષિત નથી.

ટીકાર્થ :- '**भण्णति**'= વાદીની શંકાનું સમાધાન આપતાં કહે છે - '**विभिण्णविसयं**'= પોતાના કુટુંબ માટેનું અમુક અને દાન આપવા માટેનું અમુક એમ જુદા જુદા વિભાગનો જેમાં સંકલ્પ કરવામાં આવ્યો હોય તે '**देयं**'= આહારાદિ દાનની વસ્તુને '**अहिगिच्च**'= આશ્રયીને '**उद्देसिगादिचाओ**'= ઔદ્દેશિકાદિનો ત્યાગ '**एत्थ**'= આ અધિકારમાં '**विण्णेओ**'= જાણવો. પરંતુ '**सोचिआरंभविसओ उ**'= તે સ્વોચિત આરંભના વિષયવાળો,'**ण**'= નથી. અર્થાત્ ગૃહસ્થો પોતાના કુટુંબના માટે જે દરરોજ રસોઈ બનાવતા હોય તેમાંથી સાધુને વહોરાવે તો તે સાધુને કલ્પે છે, તેનો ત્યાગ કરવાનો નથી. ॥ ૬૩૧ ॥ ૧૩/૩૭

संभवइ य एसोऽवि हु, केसिंची सूयगादिभावेऽवि ।
अविसेसुवलंभाओ, तत्थ वि तह लाभसिद्धीओ ॥ ६३२ ॥ १३/३८

छाया :- सम्भवति च एषोऽपि खलु केषाञ्चित् सूतकादिभावेऽपि ।
अविशेषोपलम्भात् तत्रापि तथा लाभसिद्धेः ॥ ३८ ॥

ગાથાર્થ :- શિષ્ટ ગૃહસ્થો પુણ્યના માટે જ રસોઈ બનાવતા હોય એવું નથી. તેઓ માત્ર પોતાના કુટુંબ માટે જ રસોઈ બનાવતા હોય એ સંભવિત છે. કારણ કે જન્મ-મરણ આદિ-સૂતકના પ્રસંગોમાં પુણ્ય માટે દાન આપવાનું નથી હોતું ત્યારે પણ તેઓના ઘરોમાં સૂતક સિવાયના અવસરે જેટલી અને જેવી રસોઈ બનતી હતી તેવી અને તેટલી જ રસોઈ બનતી જોવા મળે છે. અને તેમાંથી દીન, અનાથ, દુઃખી માણસોને તેઓ દાન આપતા હોય છે, માત્ર પોતાના કુટુંબ માટે બનાવેલી રસોઈમાંથી પણ દીન-અનાથને તેમના ઘરમાંથી આહારની પ્રાપ્તિ થતી જોવા મળે છે.

ટીકાર્થ :- '**केसिंची**'= શિષ્ટગૃહસ્થોને '**सूयगादिभावेऽवि**'= સૂતકાદિ અવસરે જ્યારે સાધુસંતોને પુણ્ય

માટે દાન આપવાનો નિષેધ છે ત્યારે પણ '**एसोऽवि हु**'= માત્ર પોતાના કુટુંબના માટે રસોઈનો આરંભ કરવાનું '**संभवइ य**'= સંભવિત છે. '**तत्थ वि तह**'= સૂતકનો અભાવ હતો. ત્યારની જેમ જ સૂતકના અવસરમાં પણ '**अविसेसुवलंभाओ**'= હંમેશા પ્રમાણે જ રસોઈ બનતી જોવા મળતી હોવાથી '**लाभसिद्धीओ**'= દીન, અનાથ, દુઃખી માણસોને આહારની પ્રાપ્તિ થતી દેખાતી હોવાથી. ॥ ६३२ ॥ १३/३८

एवंविहेसु पायं, धम्मट्ठा णेव होइ आरंभो ।
गिहिसु परिणाममेत्तं, संतं पि य णेव दुट्ठं ति ॥ ६३३ ॥ १३/३९

छाया :- एवंविधेषु प्रायः धर्मार्थं नैव भवति आरम्भः ।
गृहिषु परिणाममात्रं सदपि च नैव दुष्टमिति ॥ ३९ ॥

गाथार्थ :- સૂતકાદિ પ્રસંગોમાં પણ રોજ પ્રમાણે આહાર દેખાતો હોય એવા મધ્યસ્થ શિષ્ટગૃહસ્થોના ઘરોમાં પુણ્ય માટે આરંભ ન જ હોય. પોતાના માટે બનાવેલી રસોઈમાંથી દાન આપવાનો તેમને ભાવ હોય એટલા માત્રથી કાંઈ તેમાં દોષ નથી. દાન માટે અધિક રસોઈ બનાવે તો દોષ છે.

ટીકાર્થ :- '**एवंविहेसु गिहिसु**'= મધ્યસ્થ શિષ્ટગૃહસ્થોના ઘરોમાં '**पायं**'= ઘણું કરીને '**आरंभो**'= સ્વોચિત આરંભ '**धम्मट्ठा**'= પુણ્યના નિમિત્તે '**णेव होइ**'= હોતો જ નથી, '**परिणाममेत्तं**'= જો તેમણે દાન આપવા માટે અધિક રસોઈ બનાવી નથી પણ પોતાના કુટુંબ માટે જે રસોઈ બનાવી છે તેમાંથી તેમને શ્રમણાદિને દાન આપવાનો શુભ અધ્યવસાય જાગે કે '**संतं पि य**'= મને આ દાન પુણ્ય બંધાવનારું થાઓ '**णेव दुट्ठं ति**'= તે દુષ્ટ નથી. કારણ કે આહારના બેંતાલીસ દોષોમાં તેને ગણાવ્યો નથી, જો દાન આપવા માટે અધિક રસોઈ બનાવી ન હોય પણ પોતાના કુટુંબના માટે બનાવેલ રસોઈમાંથી પુણ્યના આશયથી તે દાન આપે તો કોઈપણ શાસ્ત્રમાં તેને દુષ્ટ કહ્યો નથી. માટે તે નિર્દોષ જ છે. ॥ ६३३ ॥ १३/३९

तहकिरियाऽभावाओ, सद्धामेत्ताउ कुसलजोगाओ ।
असुहकिरियादिरहियं, तं हंदुचितं तदण्णं व ॥ ६३४ ॥ १३/४०

छाया :- तथाक्रियाऽभावात् श्रद्धामात्रं कुशलयोगात् ।
अशुभक्रियादिरहितं तं हन्दि उचितं तदन्यदिव ॥ ४० ॥

गाथार्थ :- અશુભ વિચાર, વાણી અને કાયાના વ્યાપારથી રહિત એવો ઉપર જણાવ્યો એ દાન સંબંધી કેવળ શુભભાવ એ (૧) શ્રમણાદિ માટે આરંભ કરવારૂપ અશુભ ક્રિયાથી રહિત હોવાથી, (૨) આ દાન મને પુણ્યબંધ કરાવનાર થાઓ એવી માત્ર શ્રદ્ધારૂપ હોવાથી અને (૩) પ્રશસ્ત મન-વચન અને કાયાના વ્યાપારરૂપ હોવાથી ઉચિત જ છે. જેમ ચૈત્યવંદનાદિ શુભ પરિણામ ઉચિત છે તેમ આ દાનનો શુભ પરિણામ પણ ઉચિત જ છે.

ટીકાર્થ :- '**तहकिरियाऽभावाओ**'= શ્રમણાદિના માટે અધિક આરંભ ન કર્યો હોવાથી '**सद्धामेत्ताउ**'= **''આ બધું જ મને પુણ્યના માટે થાઓ''** એવી મનની શ્રદ્ધારૂપ હોવાથી '**कुसलजोगाओ**'= કાયા અને વચનના સુંદર વ્યાપારરૂપ હોવાથી '**असुहकिरियादिरहियं**'= સાવદ્ય અધ્યવસાય, વચન અને કાયાના વ્યાપારથી રહિત એવો '**तं**'= કેવળ શુભ પરિણામ '**हंदुचितं**'= ઉચિત જ છે. તેનો નિષેધ કરવામાં આવ્યો નથી. '**तदण्णं व**'= ચૈત્યવંદનાદિ શુભ પરિણામની જેમ, દાન આપતી વખતે પુણ્યબંધનો શુભ સંકલ્પ અને ચૈત્યવંદનાદિનો શુભ સંકલ્પ આ બંન્નેમાં કોઈ ભેદ નથી. બંન્ને સરખા જ અને નિરવદ્ય છે. ॥ ६३४ ॥ १३/४०

આનું જ સમર્થન કરવા માટે કહે છે :-

न खलु परिणाममेत्तं, पदाणकाले असक्किरहियं ।
गिहिणो तणयं तु जइं, दूसइ आणाएँ पडिबद्धं ॥ ६३५ ॥ १३/४१

छाया :- न खलु परिणाममात्रं प्रदानकाले असत्क्रियारहितम् ।
गृहिणः सत्कं तु यतिं दूषयति आज्ञायां प्रतिबद्धम् ॥ ४१ ॥

ગાથાર્થ :- જો સાધુના માટે અધિક આરંભ કરવામાં આવ્યો ન હોય તો દાન આપતી વખતે 'આનાથી મને પુણ્યબંધ થાઓ' એવો ગૃહસ્થનો શુભ સંકલ્પ તે સર્વજ્ઞની આજ્ઞામાં રહેલા સાધુને દૂષિત કરતો જ નથી.

ટીકાર્થ :- '**न खलु**'= નથી જ, '**परिणाममेत्तं**'= શુભ સંકલ્પસ્વરૂપ પરિણામ માત્ર આ કર્તા છે. '**पदाणकाले**'= દાન આપતી વખતે સામાન્યથી જ '**असक्किरहियं**'= જેમાં સાધુના નિમિત્તે અધિક આરંભ કરવામાં આવ્યો નથી. એવો '**गिहिणो तणयं तु**'= ગૃહસ્થના સંબંધી અર્થાત્ ગૃહસ્થનો '**जइं**'= સાધુને-અહીં કર્મ અર્થમાં દ્વિતીયા છે. કેવા સાધુને દૂષિત નથી કરતો? તે કહે છે- '**आणाहं**'= સર્વજ્ઞના વચનરૂપ આજ્ઞામાં '**पडिबद्धं**'= રહેલાને, અર્થાત્ સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે વર્તનારને '**दूसइ**'= દૂષિત કરતો અર્થાત્ દૂષિત નથી જ કરતો. ॥ ૬૩૫ ॥ ૧૩/૪૧

આ પંચાશકની ૧૩/૧૪ ગાથામાં ''શિષ્ટ ગૃહસ્થોના ઘરમાં વિશેષથી ભિક્ષા માટે જઈ નહિ શકાય'' એવું જે કીધું છે તેનું નિરાકરણ કરતાં કહે છેઃ-

सिट्ठा वि य केइ इहं, विसेसओ धम्मसत्थकुसलमती ।
इय न कुणंति वि अणडणमेवं भिक्खाएँ वतिमेत्तं ॥ ६३६ ॥ १३/४२

छाया :- शिष्टा अपि च केचिदिह विशेषतो धर्मशास्त्रकुशलमतयः ।
इति न कुर्वन्ति अपि अनटनमेव भिक्षायै वाङ्मात्रम् ॥ ४२ ॥

ગાથાર્થ :- લોકમાં કેટલાક શિષ્ટો પણ પુણ્યાર્થે આરંભ નથી કરતા, ધર્મશાસ્ત્રમાં કુશળમતિવાળા શિષ્ટો વિશેષથી પુણ્યાર્થે આરંભ કરતા નથી, આ પ્રમાણે નિશ્ચિત હોવાથી 'ભિક્ષા માટે નહિ ફરી શકાય એમ કહેવું એ વચનમાત્ર છે અર્થાત્ નિરર્થક છે.'

ટીકાર્થ :- '**सिट्ठा वि य केइ**'= કેટલાક શિષ્ટો પણ '**इहं**'= અહીં લોકમાં '**विसेसओ**'= વિશેષથી '**धम्मसत्थकुसलमती**'= ધર્મશાસ્ત્રમાં નિષ્ણાત બુદ્ધિવાળા '**इय**'= સાધુના માટે અધિક આરંભ '**न कुणंति वि**'= નથી જ કરતા. '**एवं**'= આ કહેલી યુક્તિથી '**भिक्खाए**'= ભિક્ષા માટે '**अणडणं**'= નહિ ફરવાનું '**वतिमेत्तं**'= વાદીનું કહેલુ વચનમાત્ર જ છે. નિરર્થક છે. ॥ ૬૩૬ ॥ ૧૩/૪૨.

दुक्करयं अह एयं, जइधम्मो दुक्करो चिय पसिद्धं ।
किं पुण ? एस पयत्तो, मोक्खफलत्तेण एयस्स ॥ ६३७ ॥ १३/४३

छाया :- दुष्करकमथ एतद्यतिधर्मो दुष्कर एव प्रसिद्धम् ।
किं पुन? एष प्रयत्नो मोक्षफलत्वेन एतस्य ॥ ४३ ॥

ગાથાર્થ :- જો તું એમ માને છે કે નિર્દોષ ભિક્ષાગ્રહણ દુષ્કર છે તો આચાર્ય કહે છે કે સાધુધર્મ દુષ્કર

જ છે એમ પ્રસિદ્ધ છે.'' નિર્દોષ ભિક્ષાગ્રહણમાં આટલો પ્રયત્ન કેમ છે? **ઉત્તરઃ-** તે મોક્ષને આપનાર છે માટે.

ટીકાર્થ :- '**अह एयं**'= અકૃત-અકારિત-અસંકલ્પિત નિર્દોષ ભિક્ષાનું ગ્રહણ કરવું તે. '**दुक्करयं**'= દુષ્કર છે. '**जइधम्मो**'= આચાર્ય ભગવંત ઉત્તર આપે છે કે સાધુધર્મ '**दुक्करो चिय**'= દુષ્કર જ છે '**पसिद्धं**'= એ પ્રસિદ્ધ છે. '**किं पुण ? एस पयत्तो**'= નિર્દોષ ભિક્ષા ગ્રહણ માટે આટલો પ્રયત્ન શા માટે કરાય છે ? '**एयस्स**'= સાધુને (યતિધર્મનું) '**मोक्खफलत्तेण**'= મોક્ષ જેનું ફળ છે તે મોક્ષફળ. તેને ભાવમાં 'ત્વ' પ્રત્યય કર્યો છે-અર્થાત્ મોક્ષનું તે કારણ હોવાથી ॥ ૬૩૭ ॥ ૧૩/૪૩.

એષણામાં તત્પર સાધુને કથંચિત્ અશુદ્ધ આહારનો પરિભોગ થઈ જાય તો તેને દોષ લાગે કે નહિ ? એ શંકાનું સમાધાન આપતાં કહે છેઃ-

भोगंमि कम्मावावारदारतोऽवित्थ दोसपडिसेहो ।
णेओ आणाजोएण कम्मुणो चित्तयाए य ॥ ६३८ ॥ १३/४४

छायाः- भोगे कर्मव्यापारद्वारतोऽप्यत्र दोषप्रतिषेधः ।
ज्ञेय आज्ञायोगेन कर्मणः चित्रतया च ॥ ४४ ॥

ગાથાર્થ :- કર્મના સામર્થ્યથી કદાચ અશુદ્ધ આહારનું ભક્ષણ થઈ જાય તો પણ સાધુએ ભગવાનની આજ્ઞાનું પાલન કરેલ હોવાથી તેમ જ કર્મની વિચિત્રતા આ બે કારણે તેને દોષ લાગતો નથી.

ટીકાર્થ :- '**भोगंमि**'= અશુદ્ધ આહારનું ભક્ષણ કરવા છતાં '**कम्मावावारदारतोऽवित्थ**'= કર્મના વ્યાપાર દ્વારા અર્થાત્ કર્મના સામર્થ્યથી અહીં '**दोसपडिसेहो**'= દોષ લાગતો નથી એમ '**णेओ**'= જાણવું. '**आणाजोएण**'= ભગવાનની આજ્ઞાનું પાલન કરેલું હોવાથી '**कम्मुणो**'= જ્ઞાનાવરણીયાદિ કર્મની '**चित्तयाए य**'= વિચિત્રતાથી- સાધુએ તો નિર્દોષ આહાર માટે જ ગવેષણા કરી છે પણ છદ્મસ્થ હોવાથી અજ્ઞાનતાના કારણે દોષની તેને ખબર ન પડી માટે અશુદ્ધ આહારને તે નિર્દોષ માનીને વાપરે છે, માટે સાધુ પોતે નિર્દોષ જ છે. ॥૬૩૮ ॥ ૧૩/૪૪

इहरा ण हिंसगस्स वि, दोसो पिसियादिभोत्तु कम्माओ ।
जं तस्सिद्धिपसंगो, एयं लोगागमविरुद्धं ॥ ६३९ ॥ १३/४५

छायाः- इतरथा न हिंसकस्यापि दोषः पिशितादिभोक्तुः कर्मतः ।
यत्तत् सिद्धिप्रसङ्ग एतल्लोकागमविरुद्धम् ॥ ४५ ॥

ગાથાર્થ :- આજ્ઞાયોગમાં રહેલ સાધુને કર્મના કારણે કદાચ અશુદ્ધ આહારનું ભક્ષણ થઈ જાય તો પણ તેને દોષ લાગતો નથી એમ જે કહ્યું તેમાં દોષ ન લાગવાનું કારણ આજ્ઞાયોગ છે, કર્મ નહિ. જો આમ માનવામાં ન આવે તો માંસાદિનું ભક્ષણ કરનાર હિંસકને પણ દોષ ન લાગે. કારણકે એવા પ્રકારના કર્મના ઉદયના કારણે તે હિંસા કરે છે આમ હિંસકને દોષાભાવનો પ્રસંગ આવે છે જે લોકથી અને આગમથી વિરુદ્ધ છે. અર્થાત્ આજ્ઞાયોગના કારણે જ સાધુને દોષભાવ છે, હિંસકને આજ્ઞાયોગ નથી માટે તેને દોષ લાગે જ.

ટીકાર્થ :- '**इहरा**'= આજ્ઞાયોગના કારણે સાધુને દોષ લાગતો નથી એમ માનવામાં ન આવે તો '**ण हिंसगस्स वि दोसो**'= હિંસકને પણ કર્મબંધરૂપ દોષ ન લાગવો જોઈએ. '**पिसियादिभोत्तु**'= પ્રાણીની હિંસા કરીને માંસ ખાનારને '**कम्माओ**'= કર્મના કારણે '**जं**'= જે કારણથી '**तस्सिद्धिपसंगो**'= દોષાભાવની

સિદ્ધિ થવાનો પ્રસંગ આવે '**एयं**'= હિંસકને દોષ ન લાગે એમ માનવું એ '**लोगागमविरुद्धं**'= લોકવિરુદ્ધ અને આગમવિરુદ્ધ છે. માટે દોષના અભાવનું કારણ આજ્ઞાયોગ છે, ઉપર કર્મને કારણ કહ્યું અહીં નહિ. ॥ ૬૩૯ ॥ ૧૩/૪૫

ता तहसंकप्पो च्चिय, एत्थं दुट्ठे त्ति इच्छियव्वमिणं ।
तदभावपरिण्णाणं, उवओगादीहिँ उ जतीण ॥ ६४० ॥ १३/४६

छायाः- तस्मात् तथासङ्कल्प एवात्र दुष्ट इति एष्टव्यमिदम् ।
तदभावपरिज्ञानमुपयोगादिभिस्तु यतीनाम् ॥ ४६ ॥

ગાથાર્થ :- તેથી રસોઈ બનાવતી વખતે આટલું સાધુ માટે અને આટલું કુટુંબના માટે એમ વિભાગ પાડીને અધિક રસોઈ કરવાનો જે આરંભ થાય છે તેમાં ગૃહસ્થનો એવો જે સંકલ્પ છે તે જ દોષિત છે. એમ માનવું જોઈએ. સાધુને ગૃહસ્થના આ સંકલ્પના અભાવનું જ્ઞાન ઉપયોગ વખતે નિમિત્તશુદ્ધિ આદિથી થાય છે.

ટીકાર્થ :- '**ता**'= તેથી '**तहसंकप्पो च्चिय**'= સાધુના માટે અધિક રસોઈ કરવાનો સંકલ્પ જ '**एत्थं**'= પિંડના ગ્રહણ કરવામાં '**दुट्ठो त्ति**'= દોષનું કારણ છે '**इच्छियव्वं**'= માનવું જોઈએ, '**इणं**'= આમ '**तदभावपरिण्णाणं**'= સંકલ્પના અભાવનું અથવા દોષના અભાવનું જ્ઞાન '**उवओगादीहिँ उ**'= ઉપયોગ વખતે નિમિત્તશુદ્ધિ આદિથી '**जतीण**'= સાધુને થાય છે. **'निमित्तचूलिका'** આદિ ગ્રંથોમાં નિમિત્તશુદ્ધિ આદિનું સૂક્ષ્મતાથી વિવેચન કરવામાં આવ્યું છે માટે તેના અનુસારે નિમિત્તશુદ્ધિ આદિને જાણવા. ॥ ૬૪૦ ॥ ૧૩/૪૬.

ઉદ્ગમ આદિ દોષો કોનાથી થાય છે ? તે જણાવવા કહે છેઃ-

गिहिसाहूभयपहवा, उग्गमउप्पायणेसणादोसा ।
एए तु मंडलीए, णेया संजोयणादीया ॥ ६४१ ॥ १३/४७

छाया :- गृहिसाधूभयप्रभवा उद्गमउत्पादनैषणादोषाः ।
एते तु मण्डल्यां ज्ञेया संयोजनादिकाः ॥ ४७ ॥

ગાથાર્થ :- ઉદ્ગમ દોષો ગૃહસ્થથી, ઉત્પાદન દોષો સાધુથી અને એષણાદોષો ગૃહસ્થ તથા સાધુ ઉભયથી થાય છે. નીચે કહેવાશે તે સંયોજનાદિ દોષો ભોજન માંડલીમાં થનારા જાણવા.

ટીકાર્થ :- '**उग्गमउप्पायणेसणादोसा**'= ઉદ્ગમ, ઉત્પાદન અને એષણા દોષો જે પહેલા વર્ણવવામાં આવ્યા છે તે '**गिहिसाहूभयपहवा**'= અનુક્રમે ગૃહસ્થથી થતા, સાધુથી થતા દોષો અને ગૃહસ્થ-સાધુ એ બંનેથી થતા દોષો છે. '**एए तु**'= હવે કહેવાશે તે '**संजोयणादीया**'= સંયોજના દોષ વગેરે '**मंडलीए**'= ભોજન કરતી વખતે માંડલીના દોષો '**णेया**'= જાણવા. ॥ ૬૪૧ ॥ ૧૩/૪૭

હવે માંડલીના દોષો વર્ણવે છેઃ-

संयोजणा पमाणे, इंगाले धूम कारणे चेव ।
उवगरण भत्तपाणे, सबाहिरब्भंतरा पढमा ॥ ६४२ ॥ १३/४८

छाया :- संयोजना प्रमाणमङ्गारो धूमः कारणं चैव ।
उपकरणे भक्तपाने सबाह्याभ्यन्तरा प्रथमा ॥ ४८ ॥

ગાથાર્થ :- સંયોજના, પ્રમાણ, ઈંગાલ, ધૂમ અને કારણ એ પાંચ માંડલીના દોષો છે. તેમાં (૧) અભ્યંતર ઉપકરણ સંયોજના, (૨) બાહ્ય ઉપકરણ સંયોજના, (૩) અભ્યન્તર ભક્તપાનસંયોજના અને (૪) બાહ્ય ભક્તપાન સંયોજના એ પ્રથમના અર્થાત્ સંયોજના દોષના ભેદો છે.

ટીકાર્થ :- '**संयोजणा**'= સંયોજના, '**पमाणे**'= પ્રમાણ, '**इंगाले**'= ઈંગાલ, '**धूम**'= ધૂમ '**कारणे चेव**'= અને કારણ એ પાંચ માંડલીના દોષો છે. તેમાં સંયોજનાદોષનું નિરૂપણ કરે છે- '**उवगरण**'= ઉપકરણના વિષયવાળી '**भत्तपाणे**'= ભક્તપાન વિષયવાળી '**सबाहिरब्भंतरा**'= બાહ્ય અને અભ્યન્તરના ભેદ સહિત '**पढमा**'= સંયોજના,- બાહ્ય ઉપકરણ સંયોજના, અભ્યંતર ઉપકરણ સંયોજના, બાહ્યભક્તપાન સંયોજના, અભ્યન્તર ભક્તપાન સંયોજના - આ બધા જ ભેદો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. ॥ ૬૪૨ ॥ ૧૩/૪૮

હવે પ્રમાણ વગેરે દોષોનું નિરૂપણ કરે છેઃ-

बत्तीस कवल माणं, रागदोसेहिं धूमइंगालं ।

वेयावच्चादीया, कारणमविहिंमि अइयारो ॥ ६४३ ॥ १३/४९

છાયા :- द्वात्रिंशत् कवलमानं रागद्वेषाभ्यां धूमाङ्गारम् ।

वैयावृत्यादयः कारणमविधौ अतिचारः ॥ ४९ ॥

ગાથાર્થ :- આહારનું પ્રમાણ બત્રીસ કોળિયા છે. રાગ-દ્વેષથી અનુક્રમે અંગાર અને ધૂમ દોષ થાય. વૈયાવચ્ચ વગેરે આહારના કારણો છે. અવિધિ કરવામાં અતિચાર થાય.

ટીકાર્થ :- '**बत्तीस कवल**'= બત્રીસ કોળિયા '**माणं**'= પ્રમાણ કહેવાય છે. '**रागदोसेहिं**'= રાગ અને દ્વેષ વડે અનુક્રમે '**धूमइंगालं**'= અંગાર અને ધૂમદોષ થાય છે. રાગદ્વેષની સાથે અનુક્રમનો સંબંધ જોડવા માટે '**इंगालधूम**'= શબ્દ હોવો જોઈએ પણ 'ધૂમ'માં અલ્પ અક્ષરો હોવાથી '**लध्वक्षरा... एकम्**'= એ **'सिद्धहेम-૩-૧-૧૬.'** સૂત્રથી ધૂમ શબ્દનો પૂર્વનિપાત કર્યો છે.- દ્વન્દ્વ સમાસમાં અલ્પઅક્ષરવાળા શબ્દનો પૂર્વનિપાત કરવામાં આવે છે.- ભોજન વપરાતાં રાગ કરવાથી ચારિત્ર અંગારા સદૃશ બને છે અને દ્વેષ કરવાથી તે ધૂમસદૃશ બને છે. '**वेयावच्चादीया कारणं**'= વેયાવચ્ચ આદિ ભોજન કરવાના કારણો છે. 'આદિ' શબ્દથી વેદના આદિનું ગ્રહણ થાય છે. **'ओघनिर्युक्ति'** ગ્રંથની ૫૮૨મી ગાથામાં કહ્યું છે કે, "ક્ષુધા વેદનીયને શમાવવા માટે, વેયાવચ્ચ કરવા માટે, ઈર્યાસમિતિનું પાલન કરવા માટે, સંયમયોગોમાં પ્રવર્તન કરવા માટે, પ્રાણ ટકાવવા માટે અને છઠ્ઠું ધર્મચિંતન અર્થાત્ તત્ત્વચિંતન કરવા માટે આ છ કારણે સાધુ ભોજન કરે." '**अविहिंमि**'= અવિધિ કરવામાં '**अइयारो**'= અતિચાર લાગે છે. માટે અવિધિ કરવી નહીં.

સંયોજના દોષ- (૧) **ઉપકરણસંયોજનઃ-** ચોલપટ્ટો નવો હોય તો વિભૂષાને માટે કપડો પણ નવો જ ઓઢે તે. (૨) ભક્તપાનસંયોજનાઃ- આહારમાં સ્વાદ વધારવા માટે દૂધની અંદર ખાંડ મિશ્રિત કરે તે.

(૨) પ્રમાણદોષ- પુરુષનો ૩૨ કોળિયા અને સ્ત્રીનો ૨૮ કોળિયા આહાર પ્રમાણસર ગણાય છે. તેનાથી વધારે વાપરે તે પ્રમાણદોષ કહેવાય.

(૩) ઈંગાલદોષ- ભોજન તથા તેના દાતારની પ્રશંસા કરતો વાપરે તે ઈંગાલદોષ છે.

(૪) ધૂમદોષ- ભોજન તથા તેના દાતારની નિંદા કરતો વાપરે તે ધૂમ દોષ છે.

(૫) **કારણાભાવ** - વેયાવચ્ચાદિ કારણે ભોજન કરવાની સાધુને આજ્ઞા છે. તેમાંથી કોઈ પણ કારણ હોય

નહિ છતાં જો ભોજન કરે તો કારણાભાવ દોષ લાગે છે. ॥ ૬૪૩ ॥ ૧૩/૪૯

આ પ્રકરણનો ઉપસંહાર કરતાં કહે છેઃ-

एयं णाऊणं जो, सव्वं चिय सुत्तमाणतो कुणति ।
काउं संजमकायो, सो भवविरहं लहुं लहति ॥ ६४४ ॥ १३/५०

छायाः- एतज्ज्ञात्वा यः सर्वमेव सूत्रमानतः करोति ।
कृत्वा संयमकायं सो भवविरहं लघु लभते ॥ ५० ॥

ગાથાર્થ :- જે સાધુ આ પિંડવિધાનને જાણીને સર્વજ્ઞવચનને પ્રમાણભૂત ગણીને તદનુસાર બધું કરે છે અર્થાત્ પિંડના (બેંતાલીસ + પાંચ = સુડતાલીસ) દોષોનો ત્યાગ કરે છે તે સાધુ પોતાની કાયાને સંયમપ્રધાન બનાવીને જલ્દી સંસારના અંતને પામે છે.

ટીકાર્થ :- '**एयं**'= પૂર્વ કહેલા આ પિંડવિધાનને '**णाऊणं**'= જાણીને '**जो**'= જે સાધુ '**सव्वं चिय**'= ૪૭ દોષના સમૂહને '**सुत्तमाणतो**'= સૂત્રપ્રામાણ્યથી '**कुणति**'= કરે છે '**काउं**'= આગમમાં જે વિધિ તથા પ્રતિષેધ કરવામાં આવ્યા છે તે પ્રમાણે કરીને '**संजमकायो**'= ચારિત્રને અથવા સંયમરાશિને '**सो**'= તે સાધુ '**भवविरहं**'= સંસારના અંતને '**लहुं**'= જલ્દીથી '**लहति**'= પ્રાપ્ત કરે છે. ॥ ૬૪૪ ॥ ૧૩/૫૦

॥ પિંડવિધિ નામનું તેરમું પંચાશક સમાપ્ત થયું. ॥

• • •

।। चतुर्दशं शीलाङ्गविधि पञ्चाशकम् ।।

પૂર્વે ઉદ્ગમાદિદોષના ત્યાગ સ્વરૂપ સાધુની આહારવિશુદ્ધિનું નિરૂપણ કરાયું. હવે સાધુધર્મ સંબંધી શીલાંગવિધિનું નિરૂપણ કરવા કહે છે.

नमिऊण वद्धमाणं, सीलंगाइं समासओ वोच्छं।
समणाण सुविहियाणं, गुरूवएसाणुसारेणं ॥ ६४५ ॥ १४/१

छाया :- नत्वा वर्द्धमानं शीलाङ्गानि समासतो वक्ष्ये ।
श्रमणानां सुविहितानां गुरूपदेशानुसारेण ॥ १ ॥

ગાથાર્થ :- શ્રી મહાવીરસ્વામીને પ્રણામ કરીને શુભ અનુષ્ઠાન કરનારા સાધુઓના શીલાંગોને સંક્ષેપથી જિનવચનાનુસાર કહીશ.

ટીકાર્થ :- '**वद्धमाणं**'= **મહાવીરસ્વામી**ને '**नमिऊण**'= નમસ્કાર કરીને '**सुविहियाणं**'= શોભન અનુષ્ઠાનવાળા '**समणाण**'= સાધુના '**सीलंगाइं**'= શીલના અવયવો અથવા કારણો એવા શીલાંગોને '**गुरूवएसाणुसारेणं**'= ગુર્વાજ્ઞાને અનુસરીને '**समासओ**'= સંક્ષેપથી '**वोच्छं**'= કહીશ. ॥ ૬૪૫ ॥ ૧૪/૧.

सीलंगाण सहस्सा, अट्ठारस एत्थ होंति णियमेणं।
भावेण समणाणं, अखंडचारित्तजुत्ताणं ॥ ६४६ ॥ १४/२

छाया :- शीलाङ्गानां सहस्त्राणि अष्टादशात्र भवन्ति नियमेन ।
भावेन श्रमणानामखण्डचारित्रयुक्तानाम् ॥ २ ॥

ગાથાર્થ:- શ્રી જિનપ્રવચનમાં અખંડ ચારિત્રયુક્ત ભાવસાધુઓને અવશ્ય અઢાર હજાર શીલાંગો હોય છે.

ટીકાર્થ:- '**एत्थ**'= જિન પ્રવચનમાં '**सीलंगाण सहस्सा अट्ठारस**'= અઢાર હજાર શીલાંગો '**नियमेणं**'= અવશ્ય- અઢાર હજાર જ હોય છે, તેનાથી ઓછાવત્તા નથી હોતા '**अखंड चारित्तजुत्ताणं**'= અખંડચારિત્રયુક્ત '**भावेण समणाणं**'= ભાવસાધુઓને '**होंति**'= હોય છે. ॥ ૬૪૬ ॥ ૧૪/૨

અઢારહજાર શીલાંગ કેવી રીતે બને છે ? તે કહે છે:-

जोए करणे सण्णाइंदियभूमादिसमणधम्मे य।
सीलंगसहस्साणं, अट्ठारसगस्स णिप्फत्ती ॥ ६४७ ॥ १४/३

छायाः- योगे करणे संज्ञेन्द्रियभूम्यादि श्रमणधर्मे च ।
शीलाङ्गसहस्त्राणामष्टादशकस्य निष्पत्तिः ॥ ३ ॥

ગાથાર્થ :- યોગ, કરણ, સંજ્ઞા, ઈન્દ્રિય, પૃથ્વીકાયાદિ અને શ્રમણધર્મ એ બધાના સંયોગથી અઢાર હજાર શીલાંગો થાય છે.

ટીકાર્થ:- '**जोए**'= યોગ '**करणे**'= કરણ, '**सण्णा**'= સંજ્ઞા '**इंदियभूमादिसमणधम्मे य**'= ઈન્દ્રિય, પૃથ્વીકાય આદિ અને શ્રમણધર્મના સંયોગથી '**सीलंगसहस्साणं अट्ठारसगस्स**'= અઢાર હજાર શીલાંગોની '**णिप्फत्ती**'= સિદ્ધિ થાય છે. ॥ ૬૪૭ ॥ ૧૪/૩

યોગ વગેરેના ભેદોને કહે છે :-

करणादि तिण्णि जोगा, मणमादीणि उ हवंति करणाइं ।
आहारादी सण्णा, चउ सोत्ताइंदिया पंच ॥ ६४८ ॥ १४/४

छाया :- करणादयः त्रयो योगा मन आदीनि तु भवन्ति करणानि ।
आहारादयः संज्ञा चतस्त्रः श्रोतादीन्द्रियाणि पञ्च ॥ ४ ॥

भोमादी णव जीवा, अजीवकाओ उ समणधम्मो उ ।
खंतादि दसपगारो, एव ठिए भावणा एसा ॥ ६४९ ॥ १४/५ जुम्मं ।

छायाः- भूम्यादय नव जीवा अजीवकायस्तु श्रमणधर्मस्तु ।
क्षान्त्यादिः दशप्रकार एव स्थिते भावना एषा ॥ ५ ॥ युग्मम् ।

ગાથાર્થ :- કરણ આદિ ત્રણ યોગ, મન આદિ ત્રણ કરણ, આહારાદિ ચાર સંજ્ઞા, શ્રોત્રાદિ પાંચ ઈન્દ્રિયો, પૃથ્વીકાયાદિ નવ જીવકાય અને દશમો અજીવકાય, ક્ષમાદિ દશ શ્રમણધર્મ- આ મૂળપદો છે તેના ભાંગાની ભાવના આ પ્રમાણે છે (જે હવે પછીની ત્રણ ગાથામાં કહેવાશે.)

ટીકાર્થ:- '**करणादि**'= કરવું, કરાવવું અને અનુમોદવું એ રૂપ '**तिण्णि**'= ત્રણ '**जोगा**'= યોગ છે. યોગ એટલે વ્યાપાર = પ્રવૃત્તિ,- કરવું વગેરે પ્રવૃત્તિ-સ્વરૂપ હોવાથી તેમને યોગ કીધા છે. '**मणमादीणि उ**'= મન વગેરે (મન, વચન, કાયા) '**हवंति करणाइं**'= કરણ છે. પ્રવૃત્તિ કરવામાં જે અત્યંત મહત્ત્વનું સાધન હોય તેને કરણ કહેવામાં આવે છે. આ મન વગેરે અત્યંત મહત્ત્વના સાધન હોવાથી તેમને કરણ કહ્યા છે, '**आहारादी**'= આહાર-સંજ્ઞા વગેરે '**सण्णा चउ**'= ચાર સંજ્ઞા છે. '**सोत्ताइंदिया पंच**'= શ્રોત્રેન્દ્રિયાદિ પાંચ ઈન્દ્રિયો છે. ॥ ૬૪૮ ॥ ૧૪/૪

'**भोमादी णव जीवा**'= પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય એ નવ પ્રકારના જીવો '**अजीवकाओ उ**'= અને અજીવકાય દશમો, તેનો પણ આરંભ ત્યજવાનો છે. '**समणधम्मो उ**'= સાધુધર્મ '**खंतादी दसपगारो**'= ક્ષમા, મૃદુતા, સરળતા, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારનો છે. '**एव ठिए**'= આ પ્રમાણે મૂળ પદાર્થોનો સમૂહ હોતે છતે '**भावणा एसा**'= તેના ભાંગાની ભાવના આ પ્રમાણે છે. ॥ ૬૪૯ ॥ ૧૪/૫.

ण करति मणेण आहारसण्णविप्पजढगो उ णियमेण ।
सोतिंदियसंवुडो पुढविकायआरंभ खंतिजुओ ॥ ६५० ॥ १४/६

छायाः- न करोति मनसाऽऽहारसंज्ञाविप्रहीणस्तु नियमेन ।
श्रोत्रेन्द्रियसंवृतः पृथ्वीकायाऽऽरम्भं क्षान्तियुतः ॥ ६ ॥

ગાથાર્થ :- આહારસંજ્ઞારહિત, શ્રોત્રેન્દ્રિયના સંવરવાળો (શ્રોત્રેન્દ્રિયનો વિષય જે શબ્દ છે. તેમાં રાગદ્વેષને નહિ કરનારો), ક્ષમાયુક્ત, મનથી પૃથ્વીકાયની હિંસા કરે નહિ. આ પ્રમાણે શ્રમણધર્મના પહેલાં ક્ષમા નામના ભાંગાની વિચારણા થઈ.

ટીકાર્થ:- '**मणेण**'= મનથી '**आहारसण्णविप्पजढगो उ**'= આહારસંજ્ઞાથી રહિત '**णियमेणं**'= અવશ્ય '**सोइंदियसंवुडो**'= શ્રોત્રેન્દ્રિયના સંવરવાળો '**पुढविकायआरंभ**'= આ કર્મકારક છે તેથી દ્વિતીય વિભક્તિ છે. અર્થાત્ પૃથ્વીકાયના આરંભને '**खंतिजुओ**'= ક્ષમાયુક્ત '**ण करति**'= કરે નહિ. ॥ ૬૫૦ ॥ ૧૪/૬.

इय मद्दवादिजोगा, पुढविक्काए भवंति दस भेया ।
आउक्कायादीसु वि, इय एते पिंडियं तु सयं ॥ ६५१ ॥ १४/७

छाया :- इति मार्दवादियोगात् पृथिवीकाये भवन्ति दश भेदाः ।
अप्कायादिष्वपि इति एते पिण्डितास्तु शतम् ॥ ७ ॥

सोइंदिएण एयं, सेसेहि वि जं इमं तओ पंच ।
आहारसण्णजोगा, इय सेसाहिं सहस्सदुगं ॥ ६५२ ॥ १४/८

श्रोतेन्द्रियेणैतच्छेषैरपि यदिदं ततः पञ्च ।
आहारसंज्ञायोगादिति शेषाभिः सहस्त्रद्वयम् ॥ ८ ॥

एयं मणेण वइमादिएसु एयं ति छस्सहस्साइं ।
ण करइ सेसेहिं पि य एए सव्वेऽपि अट्ठारा ॥ ६५३ ॥ १४/९

छाया :- एतन्मनसा वागाद्यो एतदिति षट्सहस्राणि ।
न करोति शेषयोरपि च एते सर्वेऽपि अष्टादश ॥ ९ ॥

गाथार्थ :- પૃથ્વીકાયના આરંભનો ક્ષમા પદની સાથે આ પ્રથમ ભાંગો થયો તે રીતે શ્રમણધર્મના બાકીના માર્દવ આદિ નવ પદોની સાથે વારાફરતી ભાંગા કરવામાં આવે તો પૃથ્વીકાયના આરંભના દશ ભાંગા થાય. આ જ રીતે અપ્કાયના આરંભથી માંડીને અજીવકાયના આરંભ સુધીના દરેકના દશ દશ ભાંગા ગણતાં બધા મળીને સો ભાંગા થાય.-

આ સો ભાંગા શ્રોત્રેન્દ્રિયના સંવરવાળાના થયા. એવી રીતે ચક્ષુરિન્દ્રિય વગેરે પાંચે ય ઇંદ્રિયના દરેકના સો સો ભાંગા ગણતા પાંચસો ભાંગા થાય. આ પાંચસો ભાંગા આહારસંજ્ઞાથી રહિત સાધુના થયા. એવી રીતે ભયસંજ્ઞા વગેરે ચારે ય સંજ્ઞા રહિતના દરેકના પાંચસો પાંચસો ભાંગા ગણતાં બે હજાર ભાંગા થાય.

આ બે હજાર ભાંગા મન સંબંધી થયા. એવી રીતે વચન આદિ સંબંધી ત્રણે ય ના બબ્બે હજાર ગણતા છ હજાર ભાંગા થાય. આ છ હજાર ભાંગા કરે નહિ પદ સાથેના થયા. એ રીતે કરાવે નહિ, અનુમોદે નહિ, એમ ત્રણે ય પદના છ છ હજાર ગણતા અઢાર હજાર ભાંગા થાય.

ટીકાર્થ :- '**इय**'= આ રીતે '**मद्दवादिजोगा**'= માર્દવ આદિ પદોના સંબંધથી '**पुढविक्काए**'= પૃથ્વીકાયના આરંભના '**भवंति दस भेया**'= દશ ભેદ થાય છે, '**आउक्कायादीसु वि**'= અપ્કાયાદિના આરંભના પણ '**इय**'= આ પ્રમાણે દરેકના દશ દશ ગણતાં '**एते**'= એ બધા '**पिंडियं तु**'= ભેગા મળીને '**सयं**'= સો થાય છે ॥ ૬૫૧ ॥ ૧૪/૭

'**सोइंदिएण एयं**'= શ્રોત્રેન્દ્રિય સાથે આ સો ભાંગા થયા, '**सेसेहि वि**'= બાકીની ચક્ષુરિન્દ્રિય આદિ ચારની સાથે '**जं**'= જે કારણથી '**इमं**'= દરેકના સો સો થાય '**तओ**'= તેથી '**पंच**'= પાંચસો થાય '**आहारसण्णजोगा**'= આહારસંજ્ઞાના યોગથી '**इय**'= એ પ્રમાણે '**सेसाहिं**'= બાકીની ભયસંજ્ઞા આદિના યોગથી '**सहस्सदुगं**'= બધા મળીને બે હજાર થાય, કારણકે પાંચસોને ચાર વડે ગુણવાથી બે હજાર થાય. ॥ ૬૫૨ ॥ ૧૪/૮

'**एयं**'= આ બે હજાર ભાંગા '**मणेण**'= મનના સંયોગથી પ્રાપ્ત થયા, '**वइमादिएसु**'= વચન અને કાયયોગની સાથે '**एयं ति**'= બબ્બે હજાર થાય તેથી '**छस्सहस्साइं**'= બધા મળીને છ હજાર થયા. '**ण**

करइ'= 'કરે નહિ' એના આ છ હજાર ભાંગા થાય. '**सेसेहिं पि य**'= બાકીના 'કરાવે નહિ' વગેરે બે પદની સાથે '**एए**'= છ છ હજાર થાય. '**सव्वेऽपि**'= બધા મળીને '**अट्ठारा**'= અઢાર હજાર '**भवन्ति**'= શબ્દ અધ્યાહાર સમજવાનો છે. અર્થાત્ થાય છે. ॥ ६५३ ॥ १४/९.

આ અધિકારના રહસ્યને કહે છેઃ-

एत्थ इमं विण्णेयं अइदंपज्जं तु बुद्धिमंतेहिं।
एक्कं पि सुपरिसुद्धं सिलंगं सेससब्भावे ॥ ६५४ ॥ १४/१०

छाया :- अत्रेदं विज्ञेयमैदम्पर्यं तु बुद्धिमद्भिः ।
एकमपि सुपरिशुद्धं शीलाङ्गं शेषसद्भावे ॥ १० ॥

गाथार्थ :- બુદ્ધિમાનોએ અઢાર હજાર ભાંગાઓમાં આ પ્રમાણે રહસ્ય જાણવું કે વિવક્ષિત કોઈ એક શીલાંગ પણ, તે સિવાયના બીજા બધા શીલાંગો હોય તો જ સુપરિશુદ્ધ નિરતિચાર હોય.

टीकार्थ :- '**बुद्धिमंतेहिं**'= બુદ્ધિશાળીઓએ '**एत्थ**'= આ શીલાંગના અધિકારમાં '**इमं**'= આ કહેવામાં આવતું '**अइदंपज्जं तु**'= ભાવાર્થ રૂપ વાક્યનું તાત્પર્ય અર્થાત્ રહસ્ય '**विण्णेयं:**'= જાણવું. '**एक्कं पि**'= એક પણ કાર્યરૂપ '**सीलंगं**'= શીલાંગ '**सेससब्भावे**'= ભાવથી બાકીના શીલાંગો હોય તો જ '**सुपरिसुद्धं**'= નિર્દોષ હોય છે. ॥ ६५४ ॥१४/१०.

દૃષ્ટાન્ત દ્વારા આ બાબતનું સમર્થન કરતા કહે છેઃ-

एक्को वाऽऽयपएसोऽसंखेयपएससंगओ जह तु।
एतं पि तहा णेयं, सतत्तचाओ इहरहा उ ॥ ६५५ ॥

छायाः- एको वाऽऽत्मप्रदेशोऽसङ्ख्येयप्रदेशसङ्गतो यथा तु ।
एतदपि तथा ज्ञेयं स्वतत्त्वत्याग इतरथा तु ॥ ११ ॥

गाथार्थ :- જેમ આત્માના અસંખ્યાત પ્રદેશો હંમેશા ભેગા જોડાયેલા જ હોય છે, તેમાંથી એક પણ આત્મપ્રદેશ કદી છૂટો પડતો નથી તેમ આ અઢારહજાર શીલાંગો હંમેશા ભેગા એકસાથે જ હોય છે. એમાંથી કોઈ એકાદ શીલાંગ સ્વતંત્ર હોતો નથી. અર્થાત્ સાધુ એકાદ શીલાંગથી યુક્ત હોય, બીજા શીલાંગો તેમાં ન હોય એવું બને નહિ. અન્યથા અર્થાત્ સ્વતંત્ર એકાદ શીલાંગને માનવામાં તેના સ્વરૂપનો જ ત્યાગ થઈ જાય છે, તે શીલાંગ કહેવાય જ નહિ. અર્થાત્ હોય તો બધા જ હોય, નહિતર એકપણ ન હોય.

टीकार्थः- '**जह तु**'= જેમ '**एक्को वाऽऽयपएसो**'= એકપણ આત્મપ્રદેશ, '**असंखेयपएससंगओ**'= તેના સમાનજાતિવાળા બીજા અસંખ્યાતપ્રદેશની સાથે જોડાઈને રહેવું તે અવિભાગવૃત્તિવાળો જ હોય, કદી બીજાને છોડીને એકલો રહે નહિ. '**एतं पि**'= આ શીલાંગ પણ '**तहा**'= તે પ્રમાણે અવિભાગવૃત્તિવાળા પરસ્પર જોડાયેલા જ '**णेयं**'= જાણવા. '**इहरहा उ**'= અન્યથા '**सतत्तचाओ**'= સ્વરૂપનો ત્યાગ થાય. ॥ ६५५ ॥ १४/११

ઉપર કહેલી વાતના સમર્થન માટે યુક્તિ બતાવે છે :-

जम्हा समग्गमेयं पि सव्वसावज्जयोगविरती उ।
तत्तेणेगसरूवं, ण खंडरूवत्तणमुवेइ ॥ ६५६ ॥ १४/१२

छायाः- **यस्मात् समग्रमेतदपि सर्वसावद्यत्यागविरतिस्तु ।**
तत्त्वेनैकस्वरूपं न खण्डरूपत्वमुपैति ॥ १२ ॥

गाथार्थ :- કારણકે પરિપૂર્ણ શીલ પણ પરમાર્થથી સર્વસાવદ્યયોગની વિરતિના સ્વભાવવાળું જ છે. શીલ સર્વ પાપની નિવૃત્તિરૂપ હોવાથી તે અઢાર હજાર શીલાંગ સ્વરૂપ જ છે. તેથી તેમાંથી એકાદની ન્યૂનતા હોય તો તે શીલસ્વરૂપને પામતું નથી. તેનું સ્વરૂપ ખંડિત થઈ જાય છે.

ટીકાર્થ :- '**जम्हा**'= કારણકે '**समग्गं**'= પરિપૂર્ણ '**एयं पि**'= શીલ પણ '**सव्वसावज्जयोगविरइ उ**'= સર્વ સાવદ્યયોગની વિરતિના સ્વભાવવાળું જ છે. '**तत्तेण**'= પરમાર્થથી '**एगसरूवं**'= સકલરૂપવાળું '**ण खंडरूवत्तणमुवेइ**'= એમાંથી ન્યૂનતા હોય તો તેનું સ્વરૂપ જળવાતું નથી,- બધા જ પાપોનો ત્યાગ કરવા સ્વરૂપ સર્વવિરતિ છે. આથી તેમાં અઢાર હજાર બધા જ શીલાંગનું પાલન અવશ્ય જોઈએ, એકાદ-બે પણ ઓછા પાળે તો સર્વવિરતિ રહી શકે નહિ. ॥ ૬૫૬ ॥ ૧૪/૧૨.

एयं च एत्थ एवं, विरतीभावं पडुच्च दट्ठव्वं ।
न उ बज्झं पि पवित्तिं, जं सा भावं विणा वि भवे ॥ ६५७ ॥ १४/१३

छायाः- **एतच्चात्रैवं विरतिभावं प्रतीत्य द्रष्टव्यम् ।**
न तु बाह्यामपि प्रवृत्तिं यत्सा भावं विनाऽपि भवेत् ॥ १३ ॥

गाथार्थः- પ્રસ્તુતમાં અખંડશીલ બાહ્ય ક્રિયારૂપ પ્રવૃત્તિને આશ્રયીને નહિ પરંતુ વિરતિના પરિણામને આશ્રયીને જાણવું. કારણ કે ભાવસાધુને બાહ્ય અશુભ પ્રવૃત્તિ અશુભ પરિણામ વગર પણ સંભવે છે.

ટીકાર્થ :- '**एयं च एत्थ एवं**'= પ્રસ્તુતમાં અખંડશીલ '**विरतीभावं**'= વિરતિના અંતરંગ પરિણામને '**पडुच्च**'= આશ્રયીને '**दट्ठव्वं**'= જાણવું '**न उ बज्झं पि पवित्तिं**'= ક્રિયારૂપ બાહ્યપ્રવૃત્તિને આશ્રયીને નહિ. '**जं**'= કારણ કે '**सा**'= તે બાહ્યપ્રવૃત્તિ '**भावं विणा वि**'= અશુભ પરિણામ વગર પણ '**भवे**'= ભાવસાધુને હોય. અર્થાત્ ભાવસાધુને અશુભપ્રવૃત્તિ કદાચ કરવી પડે પણ તેને તેમાં રસ ન હોય, તેના પરિણામ અશુભ ન હોય, એવી રીતે દ્રવ્યસાધુની કદાચ સારી પણ બાહ્યપ્રવૃત્તિ શુભ અધ્યવસાય વગરની હોઈ શકે એવું બને. ॥ ૬૫૭ ॥ ૧૪/૧૩

ઉપર કહેલી વાતને સમજાવતા કહે છેઃ-

जह उस्सग्गंमि ठिओ, खित्तो उदयंमि केणति तवस्सी ।
तव्वहपवत्तकायो, अचलियभावोऽपवत्तो तु ॥ ६५८ ॥ १४/१४

छायाः- **यथा उत्सर्गे स्थितः क्षिप्त उदके केनचित्तपस्वी ।**
तद्वधप्रवृत्तकायोऽचलितभावोऽप्रवृत्तस्तु ॥ १४ ॥

गाथार्थ :- જેમકે કાઉસ્સગ્ગમાં રહેલા સાધુને કોઈએ પાણીમાં નાંખી દીધો. અહીં સાધુની કાયા પાણીના જીવોની હિંસામાં પ્રવૃત્ત હોવા છતાં તેના પોતાના સમભાવના પરિણામ ચલિત ન થયા હોવાથી તે સાધુ પરમાર્થથી પાણીના જીવોની હિંસામાં પ્રવૃત્ત નથી.

ટીકાર્થ:- '**जह**'= જેમકે '**उस्सग्गंमि ठिओ**'= કાઉસ્સગ્ગમાં રહેલાં '**तवस्सी**'= સાધુને '**केणति**'= કોઈક દેવાદિએ '**उदयंमि**'= નદી આદિના, પાણીમાં '**खित्तो**'= નાંખી દીધો '**तव्वहपवत्तकायो**'= તેનું શરીર પાણીના જીવોની હિંસામાં પ્રવૃત્ત છે છતાં પણ '**अचलियभावो**'= શરીરને પાણીનો સ્પર્શ થતો હોવા

છતાં તેના સમભાવના પરિણામ ચલાયમાન થયા નથી તેથી '**अपवत्तो तु**'= પરમાર્થથી તે હિંસામાં પ્રવૃત્ત નથી જ. ॥ ૬૫૮ ॥ ૧૪/૧૪

પૂર્વગાથામાં દૃષ્ટાન્ત કહ્યું હવે દાર્ષ્ટાન્તિક કહે છે :-

एवं चिय मज्झत्थो, आणाओ कत्थई पयट्टंतो ।
सेहगिलाणादट्ठा, अपवत्तो चेव णायव्वो ॥ ६५९ ॥ १४/१५

છાયા :- एवमेव मध्यस्थ आज्ञातः क्वचित् प्रवर्तमानः ।
शैक्षग्लानाद्यर्थं अप्रवृत्तश्चैव ज्ञातव्यः ॥ १५ ॥

ગાથાર્થ :- એ પ્રમાણે જ સમભાવમાં રહેલો મધ્યસ્થ સાધુ નૂતન દીક્ષિત, ગ્લાન આદિના માટે આજ્ઞાથી અર્થાત્ આગમના અનુસારે ક્વચિત્ હિંસામાં પ્રવર્તતો હોવા છતાં પરમાર્થથી નહિ પ્રવર્તેલો જ જાણવો.

ટીકાર્થ :- '**एवं चिय**'= પાણીમાં નંખાયેલા સાધુની જેમ જ '**मज्झत्थो**'= સમભાવમાં રહેલો સાધુ '**आणाओ**'= આગમને અનુસારે '**कत्थई**'= કોઈક વખત દ્રવ્યહિંસા આદિમાં '**पयट्टंतो**'= પ્રવૃત્તિ કરતો હોવા છતાં '**सेहगिलाणादट्ठा**'= નૂતન દીક્ષિત, ગ્લાન આદિને માટે, આદિ શબ્દથી કુલગણસંઘ આદિના કાર્ય માટે '**अपवत्तो चेव णायव्वो**'= પોતે સામાયિકભાવમાં સ્થિર હોવાથી હિંસામાં અપ્રવૃત્ત જ જાણવો. ॥ ૬૫૯ ॥ ૧૪/૧૫.

आणापरतंतो सो, सा पुण सव्वण्णुवयणओ चेव ।
एगंतहिया वेज्जगणातेणं सव्वजीवाणं ॥ ६६० ॥ १४/१६

છાયા :- आज्ञापरतन्त्रः स सा पुनः सर्वज्ञवचनतश्चैव ।
एकान्तहिता वैद्यकज्ञातेन सर्वजीवानाम् ॥ १६ ॥

ગાથાર્થ :- પ્રસ્તુત સાધુ આજ્ઞાને આધીન છે. તે આજ્ઞા સર્વજ્ઞના વચનરૂપ હોવાથી જ વૈદ્યશાસ્ત્રના દૃષ્ટાંતથી સર્વજીવોનું એકાંતે હિત કરનારી છે.

ટીકાર્થ :- '**आणापरतंतो सो**'= પ્રસ્તુત સાધુ આજ્ઞાને આધીન છે. '**सा पुण**'= તે આજ્ઞા '**सव्वण्णुवयणओ चेव**'=સર્વજ્ઞના વચનરૂપ હોવાથી '**एगंतहिया**'=અત્યન્ત સુંદર છે '**वेज्जगणातेणं**' ચિકિત્સાશાસ્ત્રના દૃષ્ટાંતથી '**सव्वजीवाणं**'= બધા જ જીવોને, - આયુર્વેદ શાસ્ત્રમાં જેમ માંદા અને સાજા બધાના જ હિતની વાતો બતાવેલી છે તેમ સર્વજ્ઞના વચનમાં જગતના દરેક જીવોના હિતની વાતો જ ઉપદેશેલી છે. ॥ ૬૬૦ ॥ ૧૪/૧૬.

भावं विणा वि एवं, होति पवत्ती ण बाहते एसा ।
सव्वत्थ अणभिसंगा, विरतीभावं सुसाहुस्स ॥ ६६१ ॥ १४/१७

છાયા :- भावं विनाऽपि एवं भवति प्रवृत्तिः न बाधते एषा ।
सर्वत्र अनभिष्वंगा विरतिभावं सुसाधोः ॥ १७ ॥

ગાથાર્થ :- આજ્ઞાપરતંત્રતાથી આ પ્રમાણે અવિરતિના પરિણામ વિના પણ દ્રવ્યહિંસા આદિમાં પ્રવૃત્તિ થાય છે. એ પ્રવૃત્તિ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવમાં પ્રતિબંધરહિત હોવાથી સુસાધુના સર્વસાવદ્યથી નિવૃત્તિરૂપ વિરતિના પરિણામને ખંડિત કરતી નથી.

टीकार्थ :- '**भावं विणा वि**'= અવિરતિરૂપ અશુભભાવ વગર પણ '**एवं**'= આ પ્રમાણે આજ્ઞા પરતંત્રતાથી વર્તનાર સાધુની '**होति पवत्ती**'= દ્રવ્યહિંસા આદિમાં પ્રવૃત્તિ હોય છે. '**सव्वत्थ**'= દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ એ ચારમાં '**अणभिसंगा**'= મમત્ત્વ ન હોવાથી '**सुसाहुस्स**'= સમભાવવાળા સાધુના '**विरतीभावं**'= વિરતિના પરિણામને '**ण बाहते एसा**'= તે દ્રવ્યથી હિંસાદિની પણ પ્રવૃત્તિ બાધા કરતી નથી. ॥ ६६१ ॥ १४/१७

પૂર્વે કહ્યું તેનાથી વિપરીત વાતને કહે છે :-

उस्सुत्ता पुण बाहति, समतिवियप्पसुद्धा वि णियमेणं ।
गीतणिसिद्धपवज्जणरूवा णवरं णिरणुबंधा ॥ ६६२ ॥ १४/१८

छाया :- उत्सूत्रा पुनर्बाधते स्वमतिविकल्पशुद्धाऽपि नियमेन ।
गीतनिषिद्धप्रतिपादनरूपा नवरं निरनुबन्धा ॥ १८ ॥

गाथार्थ:- ગીતાર્થ જેનો નિષેધ કરે છે એના પ્રતિપાદનરૂપ ઉત્સૂત્રપ્રવૃત્તિ એ ભલે પોતાના મતિવિકલ્પથી શુદ્ધ લાગતી હોય છતાં પણ તે અવશ્ય વિરતિના પરિણામને ખંડિત કરે જ છે. પરંતુ એ પ્રવૃત્તિ જો કદાગ્રહથી યુક્ત ન હોય તો અનુબંધ વગરની હોય છે.

टीकार्थ:- '**गीतणिसिद्ध पवज्जणरूवा**'= ગીતાર્થ વડે નિષેધ કરાયેલી પ્રવૃત્તિ '**उस्सुत्ता पुण**'= સૂત્રથી વિરુદ્ધ '**समतिवियप्पसुद्धा वि**'= પોતાની બુદ્ધિથી શુદ્ધ લાગતી હોય તો પણ '**णियमेणं**'= અવશ્યપણે '**बाहति**'= વિરતિના પરિણામને ખંડિત કરે છે. '**णवरं**'= ફક્ત અભિનિવેશ વગરની તે પ્રવૃત્તિ- આ પ્રવૃત્તિને નિરનુબંધ કરે છે માટે સામર્થ્યથી એમ સમજાય છે કે તે અભિનિવેશ વગરની જ હોવી જોઈએ. '**निरणुबंधा**'= અનુબંધ વગરની હોય છે. અર્થાત્ કદાગ્રહ જો ન હોય તો તે જીવ પ્રજ્ઞાપનીય હોવાથી તેની ઉત્સૂત્રપ્રવૃત્તિથી કર્મબંધ થાય છે પણ તેનો અનુબંધ નથી પડતો. એટલે પ્રજ્ઞાપનીય જીવની પ્રવૃત્તિ નિરનુબંધ(અટકાવી શકાય તેવી)હોય છે. ॥६६२॥ १४/१८

इयरा उ अभिणिवेसा, इयरा ण य मूलछिज्जविरहेण ।
होएसा एत्तो च्चिय, पुव्वायरिया इमं चाहू ॥ ६६३ ॥ १४/१९

छायाः- इतरा तु अभिनिवेशाद् इतरा न च मूलच्छेद्यविरहेण ।
भवत्येषा अत एव पूर्वाचार्या इदं चाहुः ॥ १९ ॥

गाथार्थ :- પોતાના મતિવિકલ્પથી શુદ્ધ લાગતી પ્રવૃત્તિ પણ જો તે ગીતાર્થથી નિષિદ્ધ કરાયેલાના પ્રતિપાદનરૂપ ઉત્સૂત્ર પ્રવૃત્તિ હોય અને તે અભિનિવેશથી કરાતી હોય તો તે સાનુબંધ કર્મનો બંધ કરાવે છે. આવી ક્લિષ્ટ આશયવાળી મૂળ નામના પ્રાયશ્ચિત્તને યોગ્ય પ્રવૃત્તિ બાર કષાયના ઉદય વગર સંભવતી નથી. આથી જ પૂર્વાચાર્યોએ આ પ્રમાણે કહ્યું છે.

टीकार्थ :- '**इयरा उ अभिणिवेसा**'= ગીતાર્થથી નિષિદ્ધના પ્રતિપાદનરૂપ સ્વમતિ વિકલ્પશુદ્ધ ઉત્સૂત્ર પ્રવૃત્તિ અભિનિવેશના કારણે '**इयरा**'= સાનુબંધ કર્મબંધને કરાવનારી છે કારણ કે તેમાં આશય ક્લિષ્ટ છે રાગ-દ્વેષ અને મોહનો ઉત્કર્ષ હોય તો જ ઉત્કૃષ્ટ કદાગ્રહવાળી પ્રવૃત્તિ સંભવે છે. **'અષ્ટકપ્રકરણ'ની ૧૭૦મી ગાથામાં** કહ્યું છે કે- ''રાગ-દ્વેષ અને મોહ એ ચિત્તની મલિનતા કરાવનારા છે.- આ રાગાદિના ઉત્કર્ષથી જ પરમાર્થથી કદાગ્રહમાં ઉત્કૃષ્ટતા આવે છે''. '**ण य मूलछिज्जविरहेण**'= ચારિત્રનો મૂળથી નાશ કરનાર બાર કષાયના ઉદયમાં મૂળ નામનાં પ્રાયશ્ચિત્તનું વિધાન કરેલું હોવાથી એવા કષાયના ઉદય સિવાય પૂર્વાચાર્યો '**चाहू**'= કહે છે. ॥ ६६३ ॥ १४/१९

તે પૂર્વાચાર્યના વચન આ પ્રમાણે છેઃ-

गीयत्थो य विहारो, बीओ गीयत्थमीसओ भणितो ।
एत्तो तइयविहारो, णाणुण्णाओ जिणवरेहिं ॥ ६६४ ॥ १४/२०

છાયાઃ- गीतार्थश्च विहारो द्वितीयो गीतार्थमिश्रको भणितः ।
अतः तृतीयविहारो नानुज्ञातो जिनवरैः ॥ २० ॥

ગાથાર્થ :- જિનેશ્વરોએ જેમાં બધાં જ સાધુ બહુશ્રુત હોય તે ગીતાર્થનો એક વિહાર અને બીજો ગીતાર્થોથી યુક્ત અગીતાર્થો જેમાં હોય તે ગીતાર્થમિશ્રિત વિહાર એમ બે વિહારો કહ્યાં છે. આ બે સિવાય ત્રીજા અગીતાર્થના સ્વતંત્ર વિહારની અનુમતિ આપી નથી.

ટીકાર્થ :- '**गीयत्थो य विहारो**'= જેમાં બધા જ ગીતાર્થો છે તેઓ જે સંયમના આચારોનું પાલન કરે છે તે '**बीओ**'= બીજો '**गीयत्थमीसओ**'= ગીતાર્થસાધુની નિશ્રામાં અગીતાર્થો જેમાં વિચરે છે તે ગીતાર્થમિશ્રિત વિહાર '**भणितो**'= કહ્યો છે. '**एत्तो**'= આ બે વિહાર સિવાયનો '**तइयविहारो**'= ફક્ત અગીતાર્થોના જ વિહારની '**जिणवरेहिं**'= સર્વજ્ઞ ભગવંતોએ '**णाणुण्णाओ**'= અનુજ્ઞા આપી નથી, (**વિહાર** = સાધ્વાચારનું પાલન.) ॥ ૬૬૪ ॥ ૧૪/૨૦

गीयस्स ण उस्सुत्ता, तज्जुत्तस्सेयरस्स वि तहेव ।
णियमेण चरणवं जं, ण जाउ आणं विलंघेइ ॥ ६६५ ॥ १४/२१

છાયાઃ- गीतस्य न उत्सूत्रा तद्युक्तस्येतरस्यापि तथैव ।
नियमेन चरणवान् यन्न जातु आज्ञां विलङ्घयति ॥ २१ ॥

ગાથાર્થ :- ગીતાર્થની તથા ગીતાર્થયુક્ત અગીતાર્થની પણ કદીપણ સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ થાય નહિ. કારણકે ગીતાર્થ એ અવશ્ય ચારિત્રવાળા છે તેથી તે ક્યારેય પણ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરે નહિ.

ટીકાર્થ :- '**गीयस्स**'= ગીતાર્થની '**ण उस्सुत्ता**'= ઉત્સૂત્ર પ્રવૃત્તિ હોય નહિ. '**तहेव**'= તે પ્રમાણે જ '**तज्जुत्तस्स**'= ગીતાર્થયુક્ત '**इयरस्स**'= અગીતાર્થની '**जं**'= જે કારણથી '**णियमेण**'= અવશ્ય '**चरणवं**'= ચારિત્રવાન એવો '**जाउ**'= કદાપિ '**आणं**'= આજ્ઞાને '**विलङ्घेइ**'= ઉલ્લંઘે '**ण**'= નહિ. ॥ ૬૬૫ ॥ ૧૪/૨૧

ण य तज्जुत्तो अण्णं, ण णिवारइ जोग्गयं मुणेऊणं ।
एवं दोण्ह वि चरणं, परिसुद्धं अण्णहा णेव ॥ ६६६ ॥ १४/२२

છાયા :- न च तद्युक्तोऽन्यं न निवारयति योग्यतां ज्ञात्वा ।
एवं द्वयोरपि चरणं परिशुद्धमन्यथा नैव ॥ २२ ॥

ગાથાર્થ :- (ગીતાર્થમિશ્રિત વિહારમાં) ચારિત્રયુક્ત ગીતાર્થ મુનિ સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કરતાં એવા અગીતાર્થને જો તેનામાં યોગ્યતા જણાય તો તેને તેમ કરતાં ન રોકે એવું ન બને. અર્થાત્ તેને અવશ્ય રોકે જ. આ પ્રમાણે ગીતાર્થ અને અગીતાર્થ એ બંનેનું ચારિત્ર શુદ્ધ હોય. ગીતાર્થની નિશ્રા વગરનાં અગીતાર્થનું ચારિત્ર અશુદ્ધ હોય.

ટીકાર્થ :- '**जोग्गयं**'= અગીતાર્થમાં દોષનો ત્યાગ કરવાનાં ઔચિત્યને '**तज्जुत्तो**'= ચારિત્રયુક્ત '**अण्णं**'= અગીતાર્થને '**ण णिवारइ**'= નિવારે નહિ. '**ण य**'= એવું બને નહિ. '**मुणेऊणं**'= જાણીને '**एवं**'= આ

પ્રમાણે ઉપર પ્રમાણે કહેલી નીતિથી '**दोण्ह वि**'= ગીતાર્થ અને અગીતાર્થ બન્નેનું '**चरणं**'= ચારિત્ર '**परिसुद्धं**'= નિર્દોષ હોય. '**अण्णहा**'= અન્યથા અર્થાત્ ગીતાર્થ અને ગીતાર્થમિશ્રિત આ બે વિહાર સિવાયનું ચારિત્ર '**णेय**'= કોઈપણ રીતે શુદ્ધ હોય જ નહિ. ॥ ६६६ ॥ १४/२२.

વિરતિભાવના અખંડ સ્વરૂપનું નિગમન કરતાં કહે છેઃ-

ता एव विरतिभावो, संपुण्णो एत्थ होइ णायव्वो ।
णियमेणं अट्ठारससीलंगसहस्सरूवो उ ॥ ६६७ ॥ १४/२३

छाया :- तदेव विरतिभावः सम्पूर्णोऽत्र भवति ज्ञातव्यः ।
नियमेन अष्टादशशीलाङ्गसहस्त्ररूपस्तु ॥ २३ ॥

ગાથાર્થ:- તેથી પ્રસ્તુતમાં અઢાર હજાર શીલાંગ હોય તો જ વિરતિનો પરિણામ અખંડ જળવાય છે એમ નિશ્ચે જાણવું.

ટીકાર્થ:- '**ता एव**'= તેથી ઉપર કહેલી નીતિથી '**एत्थ**'= પ્રસ્તુત અધિકારમાં '**णियमेणं**'= અવશ્ય '**अट्ठारससीलंगसहस्सरूवो उ**'= અઢાર હજાર શીલાંગ સ્વરૂપ જ '**विरतिभावो**'= વિરતિનો પરિણામ '**संपुण्णो**'= અખંડ '**होइ**'= હોય છે '**णायव्वो**'= એમ જાણવું. ॥ ६६७ ॥ १४/२३

ऊणत्तं ण कयाइ वि, इमाण संखं इमं तु अहिकिच्च ।
जं एयधरा सुत्ते, णिद्दिट्ठा वंदणिज्जा उ ॥ ६६८ ॥ १४/२४

छाया :- ऊनत्वं न कदाचिदपि एषां सङ्ख्यां इमां तु अधिकृत्य ।
यदेतद्धराः सूत्रे निर्दिष्टा वन्दनीयास्तु ॥ २४ ॥

ગાથાર્થ:- શીલાંગોની અઢાર હજારની સંખ્યામાંથી ક્યારે પણ એક વગેરે શીલાંગ ન્યૂન ન હોય. કારણકે પ્રતિક્રમણમાં **अट्ठाईजेसु सूत्र**માં અઢાર હજાર શીલાંગોને ધારણ કરનારાઓને જ વંદનીય કહ્યા છે, બીજાને નહિ.

ટીકાર્થ:- '**ऊणत्तं**'= ન્યૂનપણું '**ण कयाइ वि**'= ક્યારેય પણ હોય નહિ. '**इमाण**'= આ શીલાંગોની '**संखं इमं तु**'= આ અઢાર હજારની સંખ્યાને, **इदम्** સર્વનામ પ્રત્યક્ષ વસ્તુને જણાવનાર છે. પ્રસ્તુતમાં અઢાર હજાર શીલાંગોની વિચારણા ચાલે છે તેથી તેના માટે **इदम्** સર્વનામનો પ્રયોગ કર્યો છે. '**अहिकिच्च**'= આશ્રયીને '**जं**'= કારણ કે '**एयधरा**'= અઢાર હજાર શીલાંગોને ધારણ કરનારાઓને '**सुत्ते**'= **अट्ठाईजेसु सूत्रમાં પ્રતિક્રમણ અધ્યયનમાં** '**वंदणिज्जा उ**'= વંદનીય. 'જ'કાર ઉપર જોડવાનો એટલે શીલાંગને ધારણ કરનારાઓને જ '**णिद्दिट्ठा**'= કહ્યાં છે. ॥ ६६८ ॥ १४/२४

કેવા ગુણયુક્ત સાધુ આ અઢાર હજાર શીલાંગોને અખંડ પાળી શકે ? તે કહે છેઃ-

ता संसारविरत्तो, अणंतमरणादिरूवमेयं तु ।
णाउं एयविउत्तं, मोक्खं च गुरूवएसेणं ॥ ६६९ ॥ १४/२५

छाया :- तत् संसारविरक्तोऽनन्तमरणादिरूपमेतत्तु ।
ज्ञात्वा एतद्वियुक्तं मोक्षं च गुरूपदेशेन ॥ २५ ॥

परमगुरुणो य अणहे, आणाए गुण तहेव दोसे य ।
मोक्खट्ठी पडिवज्जिय, भावेण इमं विसुद्धेणं ॥ ६७० ॥ १४/२६

छाया :- परमगुरोश्च अनघानाज्ञाया गुणान् तथैव दोषांश्च ।
मोक्षार्थी प्रतिपद्य भावेन इदं विशुद्धेन ॥ २६ ॥

विहिताणुट्ठाणपरो, सत्तऽणुरूवमियरं पि संधंतो ।
अण्णत्थ अणुवओगा, खवयंतो कम्मदोसे वि ॥ ६७१ ॥ १४/२७

छाया :- विहितानुष्ठानपरः शक्त्यनुरूपमितरदपि सन्धयन् ।
अन्यत्र अनुपयोगात् क्षपयन् कर्मदोषानपि ॥ २७ ॥

सव्वत्थ णिरभिसंगो, आणामेत्तंमि सव्वहा जुत्तो ।
एगग्गमणो धणियं, तम्मि तहाऽमूढलक्खो य ॥ ६७२ ॥ १४/२८

छाया :- सर्वत्र निरभिष्वङ्ग आज्ञामात्रे सर्वथा युक्तः ।
एकाग्रमनाः धणियं तस्मिन् तथाऽमूढलक्षश्च ॥ २८ ॥

तह तइलपत्तिधारगणातगतो राहवेहगगतो वा ।
एयं चएइ काउं, ण उ अण्णो खुद्दसत्तो त्ति ॥ ६७३ ॥ १४/२९

छाया :- तथा तैलपात्रीधारकज्ञातगत राधावेधकगतो वा ।
एतच्छक्नोति कर्तुं न त्वन्यः क्षुद्रसत्त्व इति ॥ २९ ॥

गाथार्थ :- તેથી જે જીવ ગુરુના આજ્ઞાનુસારી ઉપદેશથી સંસારને અનંત જન્મ-જરા-મરણાદિરૂપ જાણીને અને મોક્ષને અનંત જન્મ-જરા-મરણાદિથી રહિત જાણીને સંસારથી વિરક્ત બન્યો હોય,

તથા જિનાજ્ઞાની આરાધનાથી પ્રાપ્ત થતા નિર્દોષ ગુણોને અને વિરાધનાથી પ્રાપ્ત થતાં દોષોને જાણીને મોક્ષાર્થી બનવા પૂર્વક વિશુદ્ધ અધ્યવસાય વડે આ શીલાંગોને સ્વીકારીને.

આગમોક્ત અનુષ્ઠાનો કરવામાં યથાશક્તિ તત્પર હોય તથા જે અનુષ્ઠાનોને કરવાની શક્તિ ન હોય તેને ભાવથી કરતો હોય અર્થાત્ કરવાનો ભાવ રાખતો હોય, આગમમાં નહિ કહેલા અનુષ્ઠાનોને નહિ કરતો અર્થાત્ તે કરવાનો ભાવ પણ ન રાખતો હોય તેમજ વિહિત અનુષ્ઠાન કરવા દ્વારા રાગાદિનો ક્ષય કરતો હોય.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવમાં મમત્ત્વરહિત હોય, દરેક પ્રકારે આજ્ઞામાં જ ઉદ્યત હોય. આજ્ઞામાં જ અત્યંત એકાગ્રમનવાળો હોય, આજ્ઞામાં જ અમૂઢ લક્ષ્યવાળો હોય અર્થાત્ આજ્ઞાસંબંધી સુનિશ્ચિત બોધવાળો હોય.

તથા તેલનું પાત્ર ધારણ કરનાર **શ્રેષ્ઠિપુત્ર**ની જેમ અપ્રમત્ત હોય, વળી **રાધાવેધ**ના દૃષ્ટાંતની જેમ નિશ્ચલ દૃષ્ટિવાળો હોય- આવા ગુણવાળો સાધુ જ આ અઢાર હજાર શીલાંગ યુક્ત અખંડ ચારિત્ર પાળવાને સમર્થ બને છે. બીજા અલ્પસત્ત્વવાળા જીવો તે પાળવાને સમર્થ બનતા નથી.

ટીકાર્થ :- '**ता**'= તેથી '**गुरूवएसेणं**'= ગુરુના ઉપદેશથી '**संसारविरत्तो**'= સંસારથી વિરક્ત બન્યો હોય, '**अणंतमरणादिरूवं**'= અનંત મરણાદિ સ્વરૂપ, 'આદિ' શબ્દથી જન્મ, જરા, રોગનું ગ્રહણ થાય છે. '**एयं तु**'= આ સંસારને '**एयविउत्तं**'= મરણાદિથી રહિત '**मोक्खं च**'= અને મોક્ષને '**णाउं**'= જાણીને. ॥ ६६९ ॥ १४/२५

'**परमगुरुणो य**'= તીર્થંકરની '**अणहे**'= નિર્દોષ '**आणाए**'= આજ્ઞાથી '**गुणे**'= પ્રાપ્ત થતા ગુણોને '**तहेव**'= તે જ પ્રમાણે (તેની વિરાધનાથી) પ્રાપ્ત થતાં '**दोसे य**'= દોષોને જાણીને '**मोक्खट्ठी**'= મોક્ષનો અર્થી જીવ '**इमं**'= આ શીલને '**भावेण**'= અંતઃકરણથી '**विसुद्धेणं**'= વિશુદ્ધ પરિણામ વડે '**पडिवज्जिय**'= પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકારીને ॥ ૬૭૦ ॥ ૧૪/૨૬.

'**विहिताणुट्ठाणपरो**'= શાસ્ત્રવિહિત અનુષ્ઠાન કરવામાં તત્પર '**सत्तऽणुरूवं**'= યથાશક્તિ '**इयरं पि**'= બીજા પણ શાસ્ત્રોક્ત અનુષ્ઠાનો જે પોતે કરવા શક્તિમાન ન હોય તેને '**संधंतो**'= ભાવથી સ્વીકારવા દ્વારા કરતો અર્થાત્ દ્રવ્યથી કરી શકતો નથી પણ ભાવથી તેને કરતો હોય, તે કરવાના ભાવ રાખતો હોય, '**अण्णत्थ**'= શાસ્ત્રમાં જે વિહિત ન કર્યા હોય તે અનુષ્ઠાનોમાં '**अणुवओगा**'= ઉપયોગ ન રાખતો અર્થાત્, તે કરવાની ભાવના ન રાખતો હોય. '**कम्मदोसे वि**'= કર્મકૃત રાગાદિવિકારોને. '**खवयं तो**'= વિહિત અનુષ્ઠાનોને કરવાથી જ ક્ષય કરતો હોય. ॥૬૭૧॥ ૧૪/૨૭.

'**सव्वत्थ**'= દ્રવ્ય-ક્ષેત્ર આદિ દરેકમાં '**णिरभिसंगो**'= મમત્વરહિત હોય, '**आणामेत्तंमि**'= ભગવાનની આજ્ઞામાં જ '**सव्वहा**'= સર્વ પ્રકારે '**जुत्तो**'= ઉદ્યત અને ઉત્સાહી હોય '**एगग्गमणो**'= એકાગ્રમનવાળો હોય, '**धणियं**'= અત્યંત '**तम्मि**'= શીલમાં '**तहा**'= વિવિધ ઉપયોગના ભેદથી '**अमूढलक्खो य**'= અવંધ્ય લક્ષ્યવાળો હોય. ॥૬૭૨॥ ૧૪/૨૮.

'**तह**'= તથા, આ શબ્દ અભ્યુચ્ચય અર્થમાં છે, અભ્યુચ્ચય= અને, '**तइलपत्तिधारगणायगतो**'= તેલનું પાત્ર ધરનારના દૃષ્ટાંતની જેમ અત્યંત અપ્રમત્ત હોય, '**राहवेहगगओ वा**'= અથવા રાધાવેધ કરનારની જેમ તેમાં જ એકદૃષ્ટિવાળો અર્થાત્ શીલમાં જ એકદૃષ્ટિવાળો હોય, (આવો જીવ) '**एयं**'= આ શીલને '**चएइ काउं**'= કરવાને સમર્થ છે '**ण उ अण्णो**'= ઉપર કહેલા ગુણોથી રહિત એવો બીજો જીવ '**खुद्दसत्तो त्ति**'= કૃપણ અર્થાત્ અલ્પસત્ત્વવાળો જીવ આ શીલને પાળવા સમર્થ નથી. ॥ ૬૭૩ ॥ ૧૪/૨૯.

एत्तो चिय णिद्दिट्ठो, पुव्वायरिएहि भावसाहु त्ति ।
हंदि पमाणठियट्ठो, तं च पमाणं इमं होइ ॥ ६७४ ॥ १४/३०

छाया :- अत एव निर्दिष्टः पूर्वाचार्यैः भावसाधुरिति ।
हंदि प्रमाणस्थितार्थः तच्च प्रमाणमिदं भवति ॥ ३० ॥

गाथार्थः- શીલ દુર્ધર હોવાથી (**श्री भद्रबाहुस्वामी** વગેરે) પૂર્વાચાર્યોએ ભાવસાધુનો નિર્ણય અનુમાન પ્રમાણથી થાય છે એમ (શ્રી **दशवैकालिक निर्युक्ति गाथा ૩૫૦**માં) કહ્યું છે. તે અનુમાનપ્રમાણ આ છે -

ટીકાર્થઃ- '**एत्तो चिय**' પૂર્વે કહેલા હેતુઓથી જ '**णिद्दिट्ठो**' કહ્યું છે. '**पुव्वायरिएहि**' પૂર્વાચાર્યોએ '**भावसाहु त्ति**' ભાવસાધુ '**हंदि पमाणठियट्ठो**' પ્રતિજ્ઞા, હેતુ આદિ પંચાવયવી વાક્ય વડે જેમાં સાધ્યની સિદ્ધિ કરવામાં આવેલ છે તે અનુમાનપ્રમાણ વડે સિદ્ધ કરાય છે. '**तं च पमाणं**' અને તે પ્રમાણ અર્થાત્ તેને સિદ્ધ કરનાર અનુમાનવાક્ય '**इमं होइ**' આ છે. ॥ ૬૭૪ ॥ ૧૪/૩૦

सत्थुत्तगुणो साहू, ण सेस इइ णे पइण्ण इह हेऊ ।
अगुणत्ता इइ णेओ, दिट्ठंतो पुण सुवण्णं व ? ॥ ६७५ ॥ १४/३१

छायाः- शास्त्रोक्तगुणः साधुः न शेष इति नः प्रतिज्ञा इह हेतुः ।
अगुणत्वादिति ज्ञेयो दृष्टान्तः पुनः सुवर्णवत् ॥ ३१ ॥

गाथार्थ :- ''જે શાસ્ત્રોક્ત ગુણોથી યુક્ત છે તે ભાવસાધુ છે. જે શાસ્ત્રોક્ત ગુણોથી રહિત છે તે ભાવસાધુ

નથી'' આ અમારી પ્રતિજ્ઞા= પક્ષ છે. ''શાસ્ત્રોક્ત ગુણોથી રહિત હોવાથી'' એ પ્રતિજ્ઞાનો હેતુ છે. સુવર્ણની જેમ એ દૃષ્ટાંત છે.

ટીકાર્થઃ- '**सत्थुत्तगुणो**'= શાસ્ત્રોક્ત ગુણવાળો '**साहू**'= ભાવ સાધુ છે. '**ण सेस**'= એ સિવાયનો અર્થાત્ ગુણોથી રહિત એ સાધુ નથી. '**इइ**'= આ પ્રમાણે '**णे**'= અમારી '**पइण्ण**'= વિધિ અને નિષેધ બંને સ્વરૂપ પ્રતિજ્ઞા= પક્ષ છે. અર્થાત્ **વિધિ**= ગુણવાળો હોય તે સાધુ છે. **પ્રતિષેધ**= ગુણ વગરનો હોય તે સાધુ નથી. '**इह**'= આ પ્રતિજ્ઞામાં '**हेऊ**'= હેતુ છે '**अगुणत्ता**'= નિર્ગુણ હોવાથી. આ પ્રતિષેધ વાક્યનો હેતુ છે.- વિધિવાક્યનો '**सगुणत्वात्**'= 'ગુણયુક્ત હોવાથી' એ પ્રમાણે હેતુ આક્ષિપ્ત થયેલો '**णेओ**'= જાણવો. '**दिट्ठंतो पुण**'= દૃષ્ટાંત વળી '**सुवण्णं व**'= 'કૃત્રિમ સુવર્ણની જેમ'- આ પ્રતિષેધ વાક્યનું દૃષ્ટાંત છે. 'તાત્ત્વિક સુવર્ણની જેમ' એ વિધિવાક્યનું દૃષ્ટાંત છે. ॥ ૬૭૫ ॥૧૪/૩૧.

સુવર્ણના ગુણોનું વર્ણન કરે છેઃ-

विसघाइ १ रसायण २ मंगलट्ठ ३ विणीए ४ पयाहिणावत्ते ।
गरुए ६ अडज्झ ७ कुत्थे ८ अट्ठ सुवण्णे गुणा होंति ॥ ६७६ ॥ १४/३२

छायाः- विषघाती-रसायन-मङ्गलार्थ-विनीतं प्रदक्षिणावर्तम् ।
गुरुकमदाह्यमकुत्स्यमष्टौ सुवर्णे गुणाः भवन्ति ॥ ३२ ॥

ગાથાર્થ :- (૧) સુવર્ણ ઝેરનો નાશ કરે છે, (૨) રસાયન છે, (૩) મંગલને કરનાર છે. (૪) તેને વાળીને તેનો ઘાટ ઘડી શકાય એવું વિનીત છે. (૫) પ્રદક્ષિણાવર્ત છે. (૬) ભારે છે. (૭) અગ્નિમાં બળતું નથી. અને (૮) કોહવાતું-સડતું નથી. સુવર્ણના આ આઠ ગુણો છે.

ટીકાર્થ :- ૧ '**विसधाइ**'= ઝેરનો નાશ કરવાના સ્વભાવવાળું, **૨** '**रसायण**'= વૃદ્ધાવસ્થાને અટકાવનાર રસાયન છે. **૩** '**मंगलट्ठ**'= મંગળને કરનારું છે. **૪** '**विणीए**'= વિનીત છે અર્થાત્ મૃદુ હોવાથી તેમાંથી કડા, કુંડળ, હાર વગેરેના ઘાટ ઘડી શકાય એમ સહેલાઈથી વાળી શકાય છે. **૫** '**पयाहिणावत्ते**'= અગ્નિના તાપથી પૂર્વ આદિ દિશાના ક્રમે જમણી તરફ ગોળ ગોળ ફરે છે. **૬** '**गरुए**'= સારયુક્ત હોવાથી ભારે છે. પોલું સાર વગરનું નથી. **૭** '**अडज्झ**'= અગ્નિ વડે તે શુદ્ધ થાય છે. કહ્યું છે કે- 'સુવર્ણ' અગ્નિમાં બળતું નથી કે નાશ પામતું નથી. **૮** '**अकुत्थे**'= બીજા દ્રવ્યોની જેમ તે સડતું કે બગડતું નથી. '**अट्ठ**'= આઠ '**सुवण्णे गुणा होंति**'= સુવર્ણના ગુણો છે. તેના સ્વરૂપની સાથે તે જોડાયેલા જ છે. તેનામાં તે હંમેશા હોય જ છે. ॥ ૬૭૬ ॥ ૧૪/૩૨

ભાવસાધુમાં દૃષ્ટાન્તભૂત સુવર્ણના સદૃશ જ ગુણો હોય છે તે કહે છેઃ-

इय मोहविसं घायइ, सिवोवएसा रसायणं होति ।
गुणओ य मंगलट्ठं, कुणति विणीओ य जोग्गो त्ति ॥ ६७७ ॥ १४/३३

छाया :- इति मोहविषं घातयति शिवोपदेशाद् रसायनं भवति ।
गुणतश्च मङ्गलार्थं करोति विनीतश्च योग्य इति ॥ ३३ ॥

मग्गणुसारि पयाहिण, गंभीरो गरुयओ तहा होइ ।
कोहग्गिणा अडज्झो, अकुत्थ सइ सीलभावेणं ॥ ६७८ ॥ १४/३४

छायाः- **मार्गानुसारी प्रदक्षिणो गम्भीरो गुरुकस्तथा भवति ।**

क्रोधाग्निना अदाह्योऽकुत्स्योऽसकृत्शीलभावेन ॥ ३४ ॥

गाथार्थ :- સુવર્ણની જેમ સાધુ પણ મોહરૂપી ઝેરનો નાશ કરે છે. (૧) મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને રસાયનની જેમ ભવ્યજીવોને અજર-અમર બનાવે છે. (૨) જ્ઞાનાદિ ગુણો વડે તે લોકોનું મંગળ કરે છે અર્થાત્ વિઘ્નોનો નાશ કરે છે. (૩) વિનયી હોવાથી તેને સહેલાઈથી હિતશિક્ષા દ્વારા કેળવણી આપી શકાય એવી તેનામાં યોગ્યતા છે. (૪)

વિશિષ્ટ ક્ષયોપશમથી યુક્ત હોવાથી તે મોક્ષમાર્ગને અનુસરનારો હોય છે. અર્થાત્ ધર્મકાર્યોમાં સદા અનુકૂળ હોય છે આ તેનો પ્રદક્ષિણાવર્ત ગુણ છે (૫), ગંભીર આશયવાળો હોય છે, સ્થિરચિત્તવાળો હોય છે એ તેની ગુરુતા છે. અસ્થિર -ડામાડોલ ચિત્તવાળો નથી હોતો. (૬) ક્રોધરૂપી અગ્નિથી કદી બળતો નથી. (૭) શીલરૂપી સુગંધી વડે હંમેશા સુગંધયુક્ત છે. તેનામાં દુર્ગંધ નથી. (૮)

ટીકાર્થઃ- '**इय**'= આ પ્રમાણે '**मोहविसं**'= મોહ એ જીવની વિવેકરૂપી ચેતનાનો નાશ કરનાર હોવાથી તેને ઝેરની ઉપમા આપી છે. અર્થાત્ મોહરૂપી ઝેરનો '**घायइ**'= નાશ કરે છે. '**सिवोवएसा**'= મોક્ષનો ઉપદેશ આપતા હોવાથી '**रसायणं होति**'= રસાયણ જેમ વૃદ્ધાવસ્થાને અટકાવે છે તેમ લોકોને મોક્ષમાં અજર-અમર બનાવે છે માટે તે રસાયન છે. '**गुणओ य**'= જ્ઞાનાદિ ગુણો વડે '**मंगलट्ठं कुणति**'= મંગળનું કાર્ય કરે છે. '**विणीओ य जोग्गो त्ति**'= તેનામાં વિનયગુણની યોગ્યતા હોવાથી તેને સહેલાઈથી ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા પમાડી શકાય છે. ॥ ૬૭૭ ॥ ૧૪/૩૩.

'**मग्गणुसारि**'= વિશિષ્ટ ક્ષયોપશમથી માર્ગાનુસારી હોવાથી '**पयाहिण**'= ધર્મકાર્યોમાં અનુકૂળ હોય છે. '**गंभीरो**'= અતુચ્છ આશયવાળો '**गरुयओ तहा होइ**'= સારયુક્ત હોવાથી તે આકડાના રૂની જેમ અસ્થિર નથી હોતો, હલકા ચિત્તવાળો આમતેમ દોરવાઈ જાય. તેનું ચિત્ત ડામાડોળ અસ્થિર હોય, પણ ગંભીર આશયવાળા એવા અસ્થિર નથી હોતા. '**कोहग्गिणा**'= ક્રોધરૂપી અગ્નિ વડે '**अडज्झो**'= શુદ્ધ સ્વરૂપવાળા હોવાથી બળતાં નથી. '**सइ सीलभावेणं**'= હંમેશા ચારિત્રયુક્ત હોવાથી '**अकुत्थो**'= દુર્ગંધવાળા નથી, અર્થાત્ સુગંધી છે. ॥ ૬૭૮ ॥ ૧૪/૩૪.

एवं दिट्ठंतगुणा, सज्झंमि वि एत्थ होंति णायव्वा ।
ण हि साहम्माभावे, पायं जं होइ दिट्ठंतो ॥ ६७९ ॥ १४/३५

छायाः- **एवं दृष्टान्तगुणाः साध्येऽपि अत्र भवन्ति ज्ञातव्याः ।**
न हि साधर्म्याभावे प्रायो यद्भवति दृष्टान्तः ॥ ३५ ॥

गाथार्थ :- આ પ્રમાણે દૃષ્ટાંતભૂત સુવર્ણના વિષઘાતી વગેરે ગુણો ભાવસાધુરૂપ સાધ્યમાં પણ હોય છે એમ જાણવું. કારણ કે સાધ્યની સાથે સદૃશતા ન હોય તે પ્રાયઃ દૃષ્ટાંત ન કહેવાય.

ટીકાર્થઃ- '**एवं**'= આ પ્રમાણે '**दिट्ठंतगुणा**'= દૃષ્ટાંતરૂપ સુવર્ણના ગુણો '**सज्झंमि वि**'= સાધ્યના ધર્મથી યુક્ત હોય તે સાધ્ય અથવા તો ધર્મી કહેવાય છે. સાધુ એ સાધ્ય છે. '**एत्थ**'= આ (સાધુના) અધિકારમાં '**होंति णायव्वा**'= હોય છે એમ જાણવું. '**साहम्माभावे**'= સદૃશતાના અભાવમાં '**पायं**'= ઘણું કરીને '**होइ दिट्ठंतो**'= દૃષ્ટાંત હોય, '**ण हि**'= નહિ, આથી દૃષ્ટાન્ત અને સાધ્ય એ બેમાં સદૃશતા હોવી જોઈએ એમ માનવું જોઈએ. ॥ ૬૭૯ ॥ ૧૪/૩૫.

કયું સુવર્ણ વિષઘાતી આદિ ગુણોથી યુક્ત હોય? જેનું અહીં દૃષ્ટાન્ત તરીકે ગ્રહણ કરવામાં આવ્યું છે તે કહે છે :-

चउकारणपरिसुद्धं, कसछेयतावतालणाए य ।
जं तं विसघाति रसायणादि गुणसंजुयं होइ ॥ ६८० ॥ १४/३६

छायाः- चतुष्कारणपरिशुद्धं कषछेदतापताडनया च ।
यत्तद्विषघाति-रसायनादि-गुणसंयुतं भवति ॥ ३६ ॥

गाथार्थ :- જે સોનું કષ, છેદ, તાપ અને તાડનારૂપ કારણોથી (પરીક્ષાઓથી) નિર્દોષ સિદ્ધ થાય તે સોનું વિષઘાતી, રસાયણ વગેરે ગુણોથી યુક્ત હોય છે, બીજું નહિ.

टीकार्थः- '**चउकारणपरिसुद्धं**'= ચાર વિશુદ્ધિના કારણો (પરીક્ષા) વડે વિશુદ્ધિને પામેલું '**कसछेयतावतालणाए य**'= કષ, છેદ, તાપ અને તાડના વડે '**जं**'= જે સુવર્ણ '**तं**'= તે સોનું '**विसघातिरसायणादि गुणसंजुयं**'= વિષઘાતી-રસાયનાદિ ગુણોથી યુક્ત '**होइ**'= હોય છે, બીજું નહિ. ॥ ૬૮૦ ॥ ૧૪/૩૬.

સાધ્યભૂત ભાવસાધુમાં ચાર કારણોથી વિશુદ્ધિને બતાવે છેઃ-

इयरम्मि कसाईया, विसिट्ठलेसा तहेगसारत्तं ।
अवगारिणि अणुकंपा, वसणे अइणिच्चलं चित्तं ॥ ६८१ ॥ १४/३७

छायाः- इतरस्मिन् कषादयो विशिष्टलेश्या तथैकसारत्वम् ।
अपकारिणि अनुकम्पा व्यसने अतिनिश्चलं चित्तम् ॥ ३७ ॥

गाथार्थ :- સાધુમાં કષ વગેરેથી શુદ્ધિ આ પ્રમાણે છેઃ- વિશિષ્ટ પ્રકારની શુભ લેશ્યા એ તેની કષશુદ્ધિ છે. બાહ્યક્રિયા અને અંતરંગ ભાવ એ બેમાં એકરૂપતા (સદૃશતા) એ તેની છેદશુદ્ધિ છે અપકાર કરનાર ઉપર પણ અનુકંપા કરવી એ તાપશુદ્ધિ છે. અને ગમે એવા સંકટમાં પણ ચિત્તની નિશ્ચલતા રાખવી ? એ તાડનાશુદ્ધિ છે.

गाथार्थः- '**इयरम्मि**'= સાધુમાં '**कसाईया**'= (૨) કષ આદિ અનુક્રમે '**विसिट्ठलेसा**'= શુભ લેશ્યા, '**तहेगसारत्तं**'= બાહ્યક્રિયા અને અંતરંગ ભાવમાં એકરૂપતા અર્થાત્ સમાનતા '**अवगारिणि**'= (૩)ઉપસર્ગ કરનાર ઉપર '**अणुकंपा**'= દયા, પણ દ્વેષ ન કરવો. '**वसणे**'= જે કલ્યાણનો નાશ કરે તે વ્યસન કહેવાય છે. ચિત્તમાં વિહ્વલતાને ઉત્પન્ન કરનારું, કલ્યાણમાં વિઘ્ન કરનારું બાહ્ય કે આધ્યાત્મિક કાર્ય એ વ્યસન છે. તેમાં '**अइणिच्चलं चित्तं**'= (૪) અતિ નિષ્કંપ મન

અહીં (૧) જાતિમાન સુવર્ણની રેખા (કષ) સમાન શુભલેશ્યા છે, (૨) સુવર્ણમાં ગમે ત્યાં અંદર બહાર છેદે પણ એકસરખાપણું જ હોય તે એની છેદ પરીક્ષા છે તેમ અહીં અંતરંગ ભાવ અને બાહ્યક્રિયામાં સમાનતા એ છેદ શુદ્ધિ છે (૩) અગ્નિના તાપથી સુવર્ણ પોતાના મૂળ સ્વરૂપને છોડતું નથી તેમ અહીં અપકારીની ઉપર અનુકંપા રાખવી એ તાપશુદ્ધિ છે. (૪) અચેતન સોનામાં તાડન કરવાથી જેમ વિકાર નથી થતો તેમ ચિત્તની નિશ્ચલતા એ તાડનાશુદ્ધિ છે. ॥ ૬૮૧ ॥ ૧૪/૩૭

૧૪/૩૧ ગાથામાં જે 'અગુણત્વ' હેતુ મૂક્યો છે તેનું વિવરણ કરતાં કહે છે :-

तं कसिणगुणोवेयं, होइ सुवण्णं ण सेसयं जुत्ती ।
णवि णाम रूवमेत्तेण, एवमगुणो भवति साहू ॥ ६८२ ॥ १४/३८

छायाः- तत्कृत्स्नगुणोपेतं भवति सुवर्णं न शेषकं युक्तिः ।
नापि नाम रूपमात्रेण एवमगुणो भवति साधुः ॥ ३८ ॥

ગાથાર્થ :- જેમ પૂર્વોક્ત આઠ ગુણોથી યુક્ત સુવર્ણ એ તાત્ત્વિક સુવર્ણ છે, ગુણોથી રહિત સુવર્ણ એ તાત્ત્વિક સુવર્ણ નથી કેમકે તે નકલી સુવર્ણ છે. તેમ શાસ્ત્રોક્ત સાધુના ગુણોથી રહિત સાધુને વેશમાત્રથી તાત્ત્વિક સાધુ કહેવો નહિ.

ટીકાર્થ :- '**तं**'= સોનું '**कसिणगुणोवेयं**'= તેના બધા જ ગુણોથી અર્થાત્ આઠ ગુણોથી યુક્ત હોય તો જ '**होइ सुवण्णं**'= લોકમાં તેનો સુવર્ણ તરીકે વ્યવહાર કરાય છે. '**ण सेसयं जुत्ती**'= કષ, છેદ, તાપ પરીક્ષાને માટે અયોગ્ય નકલી સુવર્ણને વ્યવહારમાં સુવર્ણ કહેવામાં આવતું નથી. '**रूवमेत्तेण**'= વેશમાત્રથી પણ '**एवं**'= નકલી સુવર્ણની જેમ '**अगुणो**'= સાધુને યોગ્ય ગુણોથી રહિત '**भवति साहू**'= સાધુ થતો '**णवि**'= નથી. આ 'વિ= અપિ શબ્દ ભિન્ન ક્રમવાળો છે અર્થાત્ તેનો સંબંધ '**ण**'= ની સાથે જોડવાનો નથી. 'પણ' સાથે જોડવાનો છે. '**णाम**'= આ શબ્દ સંભાવના અર્થમાં છે.- અર્થાત્ ગુણરહિત સાધુ એ માત્ર સાધુવેશને ધારણ કરવામાત્રથી ભાવસાધુ કદીપણ બને જ નહિ. ॥ ૬૮૨ ॥ ૧૪/૩૮

जुत्तीसुवण्णगं पुण, सुवण्णवण्णं तु जदिवि कीरेज्जा ।
ण हु होति तं सुवण्णं, सेसेहिं गुणेहिऽसंतेहिं ॥ ६८३ ॥ १४/३९

छायाः- युक्तिसुवर्णकं पुनः सुवर्णवर्ण तु यद्यपि क्रियेत ।
न खलु भवति तत्सुवर्णं शेषैर्गुणैरसद्भिः ॥ ३९ ॥

ગાથાર્થ :- સુવર્ણ ન હોવા છતાં તાંબુ આદિ બીજા દ્રવ્યોના સંયોગથી બનાવેલ નકલી સુવર્ણને અસલી સુવર્ણના જેવું પીળું કરવામાં આવે છે તો પણ તે બાકીના વિષઘાતી આદિ ગુણોથી રહિત હોવાથી અસલી સુવર્ણ બનતું નથી.

ટીકાર્થઃ- '**जुत्तीसुवण्णगं पुण**'= તાંબુ આદિ બીજા દ્રવ્યોથી મિશ્રિત નકલી સુવર્ણ '**सुवण्णवण्णं तु**'= અસલી સુવર્ણના સદૃશ, પીળા વર્ણવાળું '**जदिवि**'= જોડે '**कीरेज्जा**'= માયાવી પુરુષો વડે કરવામાં આવે છે. '**ण हु होति 'सेसेहिं गुणेहि**'= પીળા વર્ણ સિવાયના બાકીના વિષઘાતી વગેરે ગુણો '**असंतेहिं**'= તેનામાં ન હોવાથી '**तं सुवण्णं**'= તે સુવર્ણ બનતું નથી. ॥ ૬૮૩ ॥ ૧૪/૩૯.

जे इह सुत्ते भणिया, साहुगुणा तेहिं होइ सो साहू ।
वण्णेणं जच्चसुवण्णगं व्व संते गुणणिहिम्मि ॥ ६८४ ॥ १४/४०

छायाः- य इह सूत्रे भणिताः साधुगुणास्तैः भवति सः साधुः ।
वर्णेन जात्यसुवर्णक इव सति गुणनिधौ ॥ ४० ॥

ગાથાર્થ :- જેમ પીળો વર્ણ હોવા સાથે બીજા પણ વિષઘાતી આદિ ગુણો હોય તો જ તે અસલી સુવર્ણ બને છે તેમ આપ્તપ્રણીત શીલાંગ પ્રતિપાદક સૂત્રમાં જે સાધુના ગુણો વર્ણવ્યા છે તે ગુણોથી યુક્ત હોય તે જ ભાવસાધુ છે.

ટીકાર્થઃ- '**जे इह सुत्ते**'= પ્રમાણભૂત આપ્તપ્રણીત સૂત્રમાં જે અહીં '**साहुगुणा**'= સાધુના ગુણો પ્રશમ આદિ ગુણો '**भणिया**'= કહેવામાં આવ્યા છે. '**तेहिं**'= તે ગુણો વડે '**सो साहू**'= તે સાધુ થાય છે. '**वण्णेणं**'= પીળો વર્ણ હોય તો અથવા તેનાથી યુક્ત હોય '**जच्चसुवण्णगं व**'= એવા અસલી સુવર્ણની જેમ '**गुणणिहिम्मि**'= વિષઘાતી - રસાયનાદિ ગુણનો રાશિ '**संते**'= વિદ્યમાન હોય તો જ- જેમ પીળા વર્ણમાત્રથી જ નહિ પણ ગુણયુક્ત સુવર્ણ જ જાતિસુવર્ણ ગણાય છે. તેમ વેશમાત્રથી નહિ પણ ગુણયુક્ત સાધુ જ ભાવસાધુ ગણાય છે. ॥ ૬૮૪ ॥ ૧૪/૪૦

जो साहू गुणरहिओ, भिक्खं हिंडेति ण होति सो साहू ।
वण्णेणं जुत्तिसुवण्णगं वऽसंते गुणणिहिम्मि ॥ ६८५ ॥ १४/४१

छायाः- यः साधुः गुणरहितो भिक्षां हिण्डते न भवति सः साधुः ।
वर्णेन युक्तिसुवर्णक इव असति गुणनिधौ ॥ ४१ ॥

ગાથાર્થ :- જેમ વિષઘાતાદિ ગુણોથી રહિત નકલીસુવર્ણ માત્ર પોતાના પીળાવર્ણથી જ અસલી સોનું બનતું નથી તેમ સાધુના ગુણોથી રહિત સાધુ ખાલી ભિક્ષા માટે ફરવા માત્રથી ભાવસાધુ બનતો નથી.

ટીકાર્થ :- '**जो साहू**'= જે સાધુ '**गुणरहिओ**'= પ્રશમાદિ ગુણોથી રહિત '**भिक्खं हिंडेति**'= માત્ર ભિક્ષા માટે ફરે છે. અર્થાત્ ભિક્ષાચર્યાથી જીવનનિર્વાહ કરે છે એટલા માત્રથી '**ण होति सो साहू**'= તે ભાવસાધુ બનતો નથી કારણકે જે મોક્ષરૂપી કાર્યની સિદ્ધિ કરવી છે તે કાર્યને તે સિદ્ધ કરી શકતો નથી. '**वण्णेणं**'= માત્ર પીળા વર્ણથી યુક્ત '**जुत्तिसुवण्णगं व**'= વ્યવહાર માટે અયોગ્ય નકલી સુવર્ણની જેમ '**असंते गुणणिहिम्मि**'= વિષઘાતી આદિ ગુણનો રાશિ તેનામાં ન હોવાથી- જેમ ગુણરહિત તે સુવર્ણ જાત્યસુવર્ણ નથી ગણાતું તેમ પ્રશમાદિ ગુણરહિત સાધુ ભાવસાધુ ગણાતો નથી. ॥ ૬૮૫ ॥ ૧૪/૪૧.

उद्दिट्ठकडं भुंजति, छक्कायपमद्दणो घरं कुणति ।
पच्चक्खं च जलगते, जो पियइ कह णु सो साहु ? ॥ ६८६ ॥ १४/४२

छायाः- उद्दिष्टकृतं भुङ्क्ते षट्कायप्रमर्दनो गृहं करोति ।
प्रत्यक्षञ्च जलगतान् यः पिबति कथं नु सः साधुः ॥ ४२ ॥

ગાથાર્થ :- જે સાધુના ઉદ્દેશથી બનાવાયેલ આધાકર્મ આદિ આહારનું ભોજન કરે છે. પૃથ્વીકાયાદિ છકાય જીવોની જે ઈરાદાપૂર્વક હિંસા કરે છે, ઘર બનાવે છે, તથા પ્રત્યક્ષ પાણીમાં રહેલા જીવોને પીએ છે- ઉપયોગ કરે છે, તે સાધુ કેવી રીતે હોય ?

ટીકાર્થ :- '**उद्दिट्ठकडं**'= સામાન્યથી આધાકર્માદિ દોષથી દુષ્ટ '**भुंजति**'= આહારનું ભોજન કરે છે '**छक्कायपमद्दणो**'= કારણ વગર જ અત્યંત નિરપેક્ષ થઈને જે છ કાયના જીવોની હિંસા કરે છે '**घरं**'= આ મારો ઉપાશ્રય છે. એવી બુદ્ધિથી ઘરને '**कुणति**'= કરે છે, તેમાં અત્યંત મમત્ત્વને કરે છે. '**पच्चक्खं च**'= અને પ્રત્યક્ષ '**जलगते**'= જળમાં રહેલા પોરા આદિ જીવોને '**जो पियइ**'= જે પીએ છે. '**कह णु सो साहु ?**'= તે સાધુ કેવી રીતે હોઈ શકે ? અર્થાત્ તે સાધુ જ નથી. ॥ ૬૮૬ ॥ ૧૪/૪૨.

अण्णे उ कसादीया, किल एते एत्थ होंति णायव्वा ।
एताहिँ परिक्खाहिं, साहुपरिक्खेह कायव्वा ॥ ६८७ ॥ १४/४३

छाया :- अन्ये तु कषादयः किल एतेऽत्र भवन्ति ज्ञातव्याः ।
एताभिः परीक्षाभिः साधुपरीक्षेह कर्तव्या ॥ ४३ ॥

ગાથાર્થ :- બીજા આચાર્યો કહે છે કે સાધુના અધિકારમાં આ ઉપર જણાવેલા આધાકર્માદિનું ભોજન વગેરે અનુક્રમે કષ-છેદ આદિ જાણવા. સુવર્ણની જેમ કષ આદિથી પરીક્ષા કરાય છે તેમ આ આધાકર્માદિ ભોજન આદિ ચાર પરીક્ષા વડે સાધુની પરીક્ષા કરવી.

ટીકાર્થ :- '**अण्णे उ**'= બીજા વિદ્વાનો કહે છે '**एत्थ**'= આ અધિકારમાં '**किल एते**'= ઉપરની ગાથામાં કહેવાયેલા આધાકર્માદિ ચાર '**कसादीया**'= કષ આદિ '**होंति**'= છે. '**णायव्वा**'= જાણવા.

'**एताहिँ**'= આ ચાર '**परिक्खाहिं**'= પરીક્ષા વડે '**साधुपरिक्खा**'= સાધુની પરીક્ષા '**इह**'= અહીં '**कायव्वा**'= સુવર્ણપરીક્ષાની જેમ કરવી. ॥ ૬૮૭ ॥ ૧૪/૪૩.

સાધનવાક્યના નિગમનને કહે છે :-

तम्हा जे इह सुत्ते, साहुगुणा तेहिँ होइ सो साहू ।
अच्चंतसुपरिसुद्धेहिं मोक्खसिद्धि त्ति काऊण ॥ ६८८ ॥ १४/४४

छायाः- तस्माद्य इह सूत्रे साधुगुणास्तैर्भवति सः साधुः ।
अत्यन्तसुपरिशुद्धैः मोक्षसिद्धिरिति कृत्वा ॥ ४४ ॥

ગાથાર્થ :- તેથી સૂત્રમાં સાધુના જે ગુણો વર્ણવ્યા છે, અત્યંતપરિશુદ્ધ તે ગુણો વડે જ તે ભાવસાધુ બને છે, કારણકે મોક્ષની સિદ્ધિ એ ગુણોથી જ થાય છે. અને મોક્ષની સાધના કરે તે જ સાધુ છે.

ટીકાર્થ :- '**तम्हा**'= તેથી '**जे**'= જે '**इह**'= પ્રસ્તુત અધિકારમાં '**सुत्ते**'= પૂર્વાપર અવિરોધી આગમમાં કહેલી યુક્તિઓથી ગર્ભિત સૂત્રમાં '**साहुगुणा**'= સાધુના ગુણો વર્ણવ્યા છે. '**अच्चंतसुपरिसुद्धेहिं**'= અતિ નિર્દોષ '**तेहिँ**'= તે ગુણો વડે '**होइ**'= હોય છે. '**सो साहू**'= મોક્ષરૂપી વિશિષ્ટ કાર્યને સાધવામાં સમર્થ તે સાધુ '**मोक्खसिद्धि त्ति काऊण**'= મોક્ષની સિદ્ધિ થાય છે એથી કરીને (=તે માટે) ગુણરહિત સાધુ મોક્ષની પ્રાપ્તિ કરી શકતો નથી.

નિર્ગુણી સાધુ એ સાધુ નથી એમ જે કહ્યું તે તેઓ ઉપરના દ્વેષથી નથી કહ્યું, કારણ દ્વેષ એ તો ભાવ સામાયિકમાં ક્ષતિ લાવનાર છે. પરંતુ પ્રત્યાસત્તિ ન્યાયથી જે સાધુના ગુણો મોક્ષપ્રાપ્તિના કારણભૂત છે તેમને જ અહીં સાધુત્વના કારણરૂપે સ્થાપ્યા છે, તે સિવાયના બીજાનો નિષેધ કર્યો છે. કારણ કે કારણ જ કાર્યને ઉત્પન્ન કરવા માટે સમર્થ છે. જે સાધુગુણો મોક્ષના અવન્ધ્ય કારણ છે તેનો જ ઉપદેશ આપવાનો આ પ્રસ્તુત અધિકાર ચાલે છે માટે એમાં કોઈ દોષ નથી. ॥ ૬૮૮ ॥ ૧૪/૪૪.

આ અધિકારનો ઉપસંહાર કરતાં કહે છેઃ-

अलमेत्थ पसंगेणं, सीलंगाइं हवंति एमेव ।
भावसमणाण सम्मं, अखंडचरित्तजुत्ताणं ॥ ६८९ ॥ १४/४५

छायाः- अलमत्र प्रसङ्गेन शीलाङ्गानि भवन्ति एवमेव ।
भावश्रमणानां सम्यगखण्डचारित्रयुक्तानाम् ॥ ४५ ॥

ગાથાર્થ :- શીલાંગના અધિકારમાં વિસ્તારથી સર્યું. અખંડચારિત્રયુક્ત ભાવસાધુને ભાવથી પરસ્પર સાપેક્ષ જ શીલાંગો હોય છે. કારણકે ભાવવિરતિ વગર એક પણ શીલાંગ હોઈ શકે નહિ અને અઢાર હજાર શીલાંગો સંપૂર્ણપણે હોય તો જ ભાવથી વિરતિ હોય છે.

ટીકાર્થઃ- '**एत्थ**'= શીલાંગના અધિકારમાં '**पसंगेणं**'= વિસ્તારથી '**अलम्**'= સર્યું, '**एमेव**'= આ પ્રમાણે ભાવથી પરસ્પર એકબીજાને સાપેક્ષ જ '**भावसमणाणं**'= ભાવસાધુઓને '**सम्मं**'= અવિપરીત પણે '**अखंडचरित्तजुत्ताणं**'= સંપૂર્ણ ચારિત્રવાળાને '**सीलंगाइं**'= શીલાંગો '**हवंति**'= હોય છે. -અર્થાત્ કોઈ એકલું શીલાંગ હોઈ શકે નહિ. હોય તો બધા જ હોય, નહિતર એક પણ ન હોય - ભાવથી વિરતિ હોય તો જ અઢાર હજાર શીલાંગો સંભવે છે, અને અઢારહજાર પૂરેપૂરા શીલાંગો હોય તો જ ભાવવિરતિ સંભવે છે. ॥ ૬૮૯ ॥ ૧૪/૪૫.

इय सीलंगजुया खलु, दुक्खंतकरा जिणेहिँ पण्णत्ता ।
भावपहाणा साहू, ण तु अण्णे दव्वलिंगधरा ॥ ६९० ॥ १४/४६

छायाः- इति शीलाङ्गयुताः खलु दुःखान्तकराः जिनैः प्रज्ञप्ताः ।
भावप्रधानाः साधवो न तु अन्ये द्रव्यलिङ्गधराः ॥ ४६ ॥

गाथार्थ :- આ પ્રમાણે સંપૂર્ણ શીલાંગોથી યુક્ત અને શુભ અધ્યવસાયોની પ્રધાનતાવાળા સાધુઓ જ દુઃખનો નાશ કરે છે, નહિ કે દ્રવ્યલિંગધારીઓ, એમ જિનેશ્વરોએ કહ્યું છે.

ટીકાર્થ :- '**इय**'= આ પ્રમાણે ઉપર કહેવાયેલી નીતિથી '**सीलंगजुया खलु**'= સંપૂર્ણ શીલાંગોથી યુક્ત જ '**दुक्खंतकरा**'= દુઃખોનો અંત કરનારા '**जिणेहिँ**'= જિનેશ્વર ભગવંતોએ '**भावपहाणा**'= શુભ ભાવનાની પ્રધાનતાવાળા '**साहू**'= સાધુ '**पण्णत्ता**'= કહ્યાં છે. '**ण तु अण्णे दव्वलिंगधरा**'= ભાવનિરપેક્ષ અર્થાત્ ભાવશૂન્ય માત્ર દ્રવ્યથી સાધુવેશ ધારણ કરનારાઓ દુઃખનો અંત કરતા નથી.

ભાવસાધુઓને દ્રવ્યથી લિંગધારી સાધુઓ ઉપર દ્વેષ નથી હોતો કારણ કે દરેક જીવો પોતપોતાના કર્મને આધીન છે. બળવાન કર્મ જ તેમની પાસે શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કરાવે છે. કહ્યું છે કેઃ-

"ધીર પુરુષ શાસ્ત્રથી પરિકર્મિત બુદ્ધિ વડે કાંઈક જુદું જ કરવાને ઈચ્છે છે પણ સ્વામી જેવું બળવાન કર્મ તેની પાસે (ધાર્યા કરતાં) કાંઈક જુદું જ કરાવે છે." ॥ ૬૯૦ ॥ ૧૪/૪૬.

ભાવપ્રધાન સાધુઓની જે વાત કરી તેનો ભાવાર્થ કહે છે :-

संपुण्णा वि य किरिया, भावेण विणा ण होति किरिय त्ति ।
णियफलविगलत्तणओ, गेवेज्जुववायणाएणं ॥ ६९१ ॥ १४/४७

छाया :- सम्पूर्णाऽपि च क्रिया भावेन विना न भवति क्रियेति ।
निजफलविकलत्वतो ग्रैवेयकोपपातज्ञातेन ॥ ४७ ॥

गाथार्थ :- ગ્રૈવેયક નામના વિમાનમાં ઉત્પત્તિરૂપ દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે કે સંપૂર્ણ પણ વિરતિરૂપ ક્રિયા જો તેમાં સમ્યક્ત્વ આદિ પ્રશસ્ત ભાવ ન હોય તો પરમાર્થથી ક્રિયા બનતી નથી કારણ કે ક્રિયા સ્વફળથી રહિત છે.

ટીકાર્થ :- '**संपुण्णावि य किरिया**'=પ્રાણાતિપાતાદિની વિરતિરૂપ સંપૂર્ણ પણ ક્રિયા '**भावेण विणा**'= સમ્યક્ત્વ આદિ ભાવ વગરની '**णियफलविगलत्तणओ**'=પોતાના ફળથી રહિત હોવાથી '**गेवेज्जुववायणाएणं**'=ગ્રૈવેયકમાં ઉત્પત્તિના દૃષ્ટાંતથી '**ण होति किरिय त्ति**'= ક્રિયા બનતી નથી.॥ ૬૯૧ ॥ ૧૪/૪૭

आणोहेणाणंता, मुक्का गेवेज्जगेसु उ सरीरा ।
ण य तत्थासंपुण्णाएँ, साहुकिरियाए उववाओ ॥ ६९२ ॥ १४/४८

छाया :- आज्ञौघेनानन्तानि मुक्तानि ग्रैवेयकेषु तु शरीराणि ।
न च तत्रासम्पूर्णया साधुक्रियया उपपातः ॥ ४८ ॥

गाथार्थ :- આગમમાં ભગવાને કહ્યું છે કે સમ્યક્ત્વ આદિ ભાવશૂન્ય માત્ર ઓઘથી ક્રિયા કરવા દ્વારા જીવ ભૂતકાળમાં ગ્રૈવેયકવિમાનમાં અનંતીવાર ઉત્પન્ન થઈને અનંતીવાર મર્યો છે અર્થાત્ અનંતા

ગ્રૈવેયકદેવ તરીકે શરીર ગ્રહણ કરીને છોડ્યા છે. સંપૂર્ણ ક્રિયાનું પાલન કર્યા સિવાય કદીપણ ગ્રૈવેયકમાં ઉત્પત્તિ થતી નથી.

ટીકાર્થ :- '**आणा**'= ભગવાનની આજ્ઞા છે કે (આગમમાં કહ્યું છે કે) '**ओहेण**'= સામાન્યથી અર્થાત્ ભાવશૂન્ય ક્રિયા કરવા દ્વારા '**मुक्का**'= છોડ્યા છે. '**गेवेज्जगेसु**'= ચૌદ રાજરૂપ લોકપુરુષની ડોકના આભરણના સ્થાને આવેલા વિમાનો ગ્રૈવેયક કહેવામાં આવે છે, તેમાં '**सरीरा**'= દરેક જીવે એ દેવ સંબંધી વૈક્રિય શરીરો,'**असंपुण्णाएँ साहुकिरियाए**'= સાધુ ક્રિયાના અધૂરા પાલનથી '**य तत्थ**'= અને ત્યાં ગ્રૈવેયકમાં '**उववाओ**'= ઉપપાત '**ण**'= થતો નથી ॥ ૬૯૨॥૧૪/૪૮.

ता णंतसोऽवि पत्ता, एसा ण उ दंसणं पि सिद्धं ति ।
एवमसग्गहजुत्ता, एसा ण बुहाण इट्ठ त्ति ॥ ६९३ ॥ १४/४९

छाया :- तदनन्तशोऽपि प्राप्ता एषा न तु दर्शनमपि सिद्धमिति ।
एवमसद्ग्रहयुक्ता एषा न बुधानामिष्टेति ॥ ४९ ॥

ગાથાર્થ :- તેથી સંપૂર્ણક્રિયા અનંતીવાર પણ પ્રાપ્ત થઈ. છતાં સમ્યક્ત્વ પણ પ્રાપ્ત ન થયું. આ પ્રમાણે કદાગ્રહથી યુક્ત ક્રિયા વિદ્વાનોને ઈષ્ટ નથી.

ટીકાર્થ :- '**ता**'= તેથી '**णंतसोऽवि**'= અનંતીવાર પણ '**पत्ता एसा**'= આ સંપૂર્ણ ક્રિયા પ્રાપ્ત થઈ '**ण उ दंसणं पि सिद्धं ति**'= સમ્યક્ત્વ પણ પ્રાપ્ત ન થયું. '**एवम्**'= આ પ્રમાણે '**असग्गहजुत्ता**'= કદાગ્રહથી યુક્ત '**एसा**'= આ ક્રિયા '**ण बुहाण इट्ठ त्ति**'= વિદ્વાનોને અભિમત નથી. - તેથી ભાવસહિત કરાયેલી ક્રિયા જ ઈષ્ટફળને આપનારી છે. ॥ ૬૯૩ ॥ ૧૪/૪૯

इय णियबुद्धीएँ इमं आलोएऊण एत्थ जइयव्वं ।
अच्चंतभावसारं, भावविरहत्थं महजणेणं ॥ ६९४ ॥ १४/५०

छायाः- इति निजबुद्ध्या इदमालोच्य अत्र यतितव्यम् ।
अत्यन्तभावसारं भवविरहार्थं महाजनेन ॥ ५० ॥

ગાથાર્થ :- આ પ્રમાણે ભાવસહિત ક્રિયાનું જ ઈષ્ટફળ સાધકપણું છે એમ પોતાની બુદ્ધિથી સમ્યગ્ વિચારીને સાધુઓએ સંસારનો નાશ કરવા માટે અત્યંત ભાવપૂર્વકની ક્રિયામાં પ્રયત્ન કરવો.

ટીકાર્થ :- '**इय**'= આ પ્રમાણે ઉપર કહેલાં ન્યાયથી '**इमं**'= **ભાવક્રિયાનું** ઈષ્ટફળને આપવાપણું '**णियबुद्धीए**'= અવિપરીત પોતાની બુદ્ધિથી '**आलोएऊण**'= વિચારીને '**भावविरहत्थं**'= મુક્તિને માટે '**महजणेणं**'= સાધુભગવંતોએ '**एत्थ**'= ક્રિયામાં '**जहयव्वं**'= પ્રયત્ન કરવો. '**अच्चंतभावसारं**= અત્યંત ભાવપૂર્વક- આ ક્રિયાવિશેષણ છે. **॥ ૬૯૪ ॥ ૧૪/૫૦**

॥ शीलांगविधि नामनुं चौदमुं पंचाशक समाप्त थयुं ॥

• • •

॥ पञ्चदशं आलोचनाविधि पञ्चाशकम् ॥

૧૫. આલોચનાવિધિ પંચાશક

શીલાંગવિધિનું વર્ણન કર્યા બાદ હવે તેની વિશુદ્ધિને માટે શાસ્ત્રાનુસારી આલોચનાને કહે છે :-

नमिऊण तिलोगगुरुं, वीरं सम्मं समासओ वोच्छं ।
आलोयणाविहाणं, जतीण सुत्ताणुसारेणं ॥ ६९५ ॥ १५/१

છાયા :- नत्वा त्रिलोकगुरुं वीरं सम्यक् समासतो वक्ष्ये ।
आलोचनाविधानं यतीनां सूत्रानुसारेण ॥ १ ॥

ગાથાર્થ :- ત્રણલોકને પૂજ્ય **મહાવીરસ્વામી**ને નમસ્કાર કરીને સાધુઓની સમ્યગ્ આલોચનાવિધિને આગમાનુસારે સંક્ષેપથી કહીશ.

ટીકાર્થ :- '**तिलोगगुरुं**'= ત્રણલોકને પૂજ્ય '**वीरं**'= કષાયાદિ શત્રુનો પરાભવ કરવામાં પરાક્રમી **વીરપ્રભુ**ને '**नमिऊण**'= નમીને '**जतीण**'= સાધુની '**सम्मं**'= ભાવક્રિયાની વિશુદ્ધિ સ્વરૂપ ન્યાયથી '**आलोयणाविहाणं**'= આલોચના સંબંધી કર્તવ્યનો ઉપદેશ અર્થાત્ વિધિને '**सुत्ताणुसारेणं**'= આગમના અનુસારે '**समासओ**'= સંક્ષેપથી '**वोच्छं**'= કહીશ. **॥ ૬૯૫ ॥ ૧૫/૧**

आलोयणं अकिच्चे, अभिविहिणा दंसणं ति लिंगेहिं ।
वइमादिएहि सम्मं, गुरुणो आलोयणा णेया ॥ ६९६ ॥ १५/२

છાયા :- आलोचनमकृत्ये, अभिविधिना दर्शनमिति लिङ्गैः ।
वागादिकैः सम्यग्, गुरोरालोचना विज्ञेया ॥ २ ॥

ગાથાર્થ :- સાધુને જે કાર્ય કરવા યોગ્ય નથી તે અકાર્ય કહેવાય. આવા અકાર્યોની આલોચના કરવાની હોય છે. અર્થાત્ આલોચના એ અકાર્યના વિષયવાળી છે. પોતાના અકાર્યને ગુરુની સમક્ષ વાણી-કાયા આદિના લિંગથી અર્થાત્ વાણીથી, કાયાથી સંપૂર્ણપણે પ્રગટ કરવા તે આલોચના જાણવી.

ટીકાર્થ :- '**आलोयणं**'= આલોચના '**अकिच्चे**'= સાધુઓના અકાર્યના વિષયવાળી છે. '**आलोयणं**' શબ્દ પછી જોડવાનો છે. '**वइमादिएहि**'= વિશિષ્ટ વાણી તથા કાયાના આકારોરૂપી '**लिंगेहिं**'= લક્ષણો વડે '**सम्मं**'= અવિપરીતપણે '**अभिविहिणा**'= સંપૂર્ણપણે '**दंसणं**'= પ્રગટ કરવા- ''પોતાના તે અકાર્યને'' એટલું અધ્યાહાર સમજવું. '**गुरुणो**'= આચાર્યની, સામર્થ્યથી '**पादमूले**'= પાસે એમ અર્થ જણાય છે '**आलोयणा**'= તે આલોચના છે, અહીં 'તિ' શબ્દનો સંબંધ છે.અર્થાત્ એમ '**ति**'= આ શબ્દ ભિન્નક્રમમાં છે અર્થાત્ તેને '**णेया**'= જાણવું, કારણકે પ્રસ્તુત આલોચના શબ્દનો અર્થ તેમાં રહેલો છે. **॥ ૬૯૬ ॥ ૧૫/૨**

અકાર્ય કરવાથી જે પાપકર્મ બંધાયું, એ તો બંધાઈ જ ગયું છે અને તેને અવશ્ય ભોગવવું જ પડશે, તો પછી આલોચના કરવાથી શું લાભ થાય ? એ શંકાનું સમાધાન કરતાં કહે છેઃ-

आसेविते विऽकिच्चेऽणाभोगादीहिं होति संवेगा ।
अणुतावो तत्तो खलु, एसा सफला मुणेयव्वा ॥ ६९७ ॥ १५/३

છાયા :- आसेवितेऽपि अकृत्ये अनाभोगादिभिः भवति संवेगात् ।
अनुतापः ततः खलु एषा सफला ज्ञातव्या ॥ १ ॥

ગાથાર્થ :- અજ્ઞાનતા આદિથી અકાર્ય કરવા છતાં સંવેગથી તેનો પશ્ચાત્તાપ થાય છે. એ પશ્ચાત્તાપથી આલોચના સફળ જાણવી.

ટીકાર્થ :- '**अणाभोगादीहिं**'= અજ્ઞાનતાથી, કર્મના દોષથી, સામગ્રીના અભાવથી સંયોગવશાત્ '**आसेविते विऽकिच्चे**'= અકાર્ય આચરવા છતાં '**संवेगा**'= સંસારના ભયથી '**अणुतावो**'= પશ્ચાત્તાપ '**होति**'= થાય છે. '**तत्तो खलु**'= અને તે પશ્ચાત્તાપથી '**एसा**'= આલોચના '**सफला**'= સફળ '**मुणेयव्वा**'= જાણવી, અર્થાત્ નિષ્ફળ ન જાણવી. **॥ ६९७ ॥ १५/३**

તેનો ભાવાર્થ સમજાવે છે :-

जह संकिलेसतो इह, बंधो वोदाणओ तहा विगमो ।
तं पुण इमीइ नियमा, विहिणा सइ सुप्पउत्ताए ॥ ६९८ ॥ १५/४

છાયા :- यथा संक्लेशत इह बन्धो व्यवदानतस्तथा विगमः ।
तत्पुनरनया नियमाद्विधिना सदा सुप्रयुक्तया ॥ ४ ॥

ગાથાર્થ :- જેમ રાગાદિ સંક્લેશથી અહીં કર્મનો બંધ થાય છે તેમ ચિત્તની વિશુદ્ધિથી કર્મની નિર્જરા થાય છે. સદા વિધિપૂર્વક ભાવથી કરેલી આલોચનાથી અવશ્ય ચિત્તની વિશુદ્ધિ થાય છે.

ટીકાર્થ :- '**जह**'= જેમ '**संकिलेसतो**'= ચિત્તની મલિનતારૂપી સંક્લેશથી **इह**= જૈન પ્રવચનમાં '**बंधो**'= જ્ઞાનાવરણાદિ કર્મથી જીવનો બંધ થાય છે. '**तहा**'= તેમ '**वोदाणओ**'= ચિત્તની વિશુદ્ધિથી '**विगमो**'= બંધનો નાશ થાય છે. '**विहिणा**'= આગમમાં કહેલી વિધિથી '**सइ**'= હંમેશા '**सुप्पउत्ताए**'= સારી રીતે ભાવપૂર્વક કરેલી '**तं पुण**'= તે ચિત્તની વિશુદ્ધિ '**इमीए**'= આલોચનાથી '**नियमा**'= અવશ્ય થાય છે. આમ આલોચનાથી લાભ થતો હોવાથી આલોચના કરવી. **॥ ६९८ ॥ १५/४**

સુપ્રયુક્ત આલોચનાથી ચિત્તની વિશુદ્ધિરૂપ ફળ બતાવાયુ, હવે આલોચના જો વિધિપૂર્વક ન કરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ નથી થતી તે બતાવે છે :-

इहरा विवज्जओऽवि हु, कुवेज्जकिरियादिणायतो णेओ ।
अवि होज्ज तत्थ सिद्धी, आणाभंगा न पुण एत्थ ॥ ६९९ ॥ १५/५

છાયા :- इतरथा विपर्ययोऽपि खलु कुवैद्यक्रियादिज्ञाततो ज्ञेयः ।
अपि भवेत्तत्र सिद्धिराज्ञाभङ्गान्न पुनरत्र ॥ ५ ॥

ગાથાર્થ :- આલોચના જો અવિધિથી કરવામાં આવે તો કુવૈદ્યે કરેલી રોગની ચિકિત્સા આદિના દૃષ્ટાંતથી વિપર્યય થતો જાણવો, અર્થાત્ કુવૈદ્યની દવાથી જેમ રોગ મટતો નથી તેમ આલોચના જો અવિધિથી કરવામાં આવે તો ચિત્તની વિશુદ્ધિસ્વરૂપ ઈષ્ટફળની પ્રાપ્તિ થતી નથી, પરંતુ અનર્થ થાય છે. જો રોગીનું પુણ્ય પ્રબળ હોય તો કદાચ કુવૈદ્યની ચિકિત્સાથી પણ તે નીરોગી થઈ જાય એ સંભવિત છે પણ અવિધિથી આલોચના કરવામાં તો ભગવાનની આજ્ઞાનો ભંગ થતો હોવાથી ક્યારેય પણ ચિત્તશુદ્ધિ થવાનો સંભવ છે જ નહિ.

ટીકાર્થ :- '**इहरा**'= અન્યથા જો અવિધિથી આલોચના કરવામાં આવે તો '**विवज्जओऽवि**'= વિપર્યય પણ થાય છે. અર્થાત્ અનર્થ પણ થાય છે. '**हु**'= વાક્યલંકાર અર્થમાં છે. '**कुवेज्जकिरियादिणायतो**'= કુવૈદ્યે કરેલી ચિકિત્સા આદિના દૃષ્ટાંતથી '**णेओ**'= જાણવો અર્થાત્ કુવૈદ્યના ઉપદેશથી કરાયેલી ચિકિત્સા રોગને મટાડતી નથી, ઉલ્ટું રોગને વધારે છે. તેમ- 'આદિ' શબ્દથી જેમને વિદ્યા અથવા મંત્રની સિદ્ધિ

નથી થઈ એવા ગુરુની પાસેથી વિદ્યા અથવા મંત્રની સાધના કરવી તે નિષ્ફળ અથવા અનર્થકારી છે તેમ આ દૃષ્ટાંતનું ગ્રહણ થાય છે. '**अवि**'= સંભાવના અર્થમાં છે. અર્થાત્ આમ સંભવે છે કે '**होज्ज तत्थ सिद्धी**'= રોગીના પુણ્યના બળથી કુવૈદ્યની ચિકિત્સાથી પણ તે કદાચ નીરોગી થઈ જાય '**आणाभंगा**'= પણ સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ થતો હોવાથી '**न उण एत्थ**'= અવિધિથી કરેલી આલોચનાથી ચિત્તવિશુદ્ધિ થાય જ નહિ. ॥ ૬૯૯ ॥ ૧૫/૫

આ વાતની જ સ્પષ્ટતા કરે છે :-

तित्थगराणं आणा, सम्मं विहिणा उ होइ कायव्वा ।
तस्सऽण्णहा उ करणे, मोहादतिसंकिलेसो त्ति ॥ ७०० ॥ १५/६

छायाः- तीर्थकराणामाज्ञा सम्यग्विधिना तु भवति कर्तव्या ।
तस्या अन्यथा तु करणे मोहादतिसंक्लेश इति ॥ ६ ॥

बंधो य संकिलेसा ततो न सोऽवेति तिव्वतरगाओ ।
ईसिमलिणं न वत्थं सुज्झइ नीलीरसादीहिं ॥ ७०१ ॥ १५/७ जुग्गं ।

छाया :- बन्धश्च संक्लेशात्ततो न स अपैति तीव्रतरकात् ।
इषन्मलिनं न वस्त्रं शुद्ध्यति नीलीरसादिभिः ॥ ७ ॥ युग्मम् ।

गाथार्थ :- તીર્થકરની આજ્ઞા સમ્યગ્ વિધિપૂર્વક જ પાળવી જોઈએ. મોહથી તે આજ્ઞાનું પાલન ન કરવાથી અતિશય સંક્લેશ અર્થાત્ ચિત્તની અતિશય મલિનતા થાય છે.

સંક્લેશથી અશુભકર્મનો બંધ થાય છે. તે અશુભકર્મબંધ તેના કરતાં પણ વધારે તીવ્ર એવા સંક્લેશથી દૂર થાય નહિ. જેમ અલ્પ મલિન વસ્ત્ર એ નીલીરસ જેવા અધિક મલિન કરનાર દ્રવ્યથી શુદ્ધ થાય જ નહિ.

टीकार्थः- '**तित्थगराणं आणा**'= તીર્થકરોની આજ્ઞા '**सम्मं**'= સમ્યગ્ '**विहिणा उ**'= વિધિપૂર્વક જ '**होइ कायव्वा**'= પાળવી જોઈએ, '**तस्स**'= તે આજ્ઞાનું '**अण्णहा उ करणे**'= પાલન નહિ કરવાથી '**मोहाद्**'= મોહથી '**अतिसंकिलेसो त्ति**'= અતિ સંક્લિષ્ટ અધ્યવસાય થાય છે. ॥ ૭૦૦ ॥ ૧૫/૬

'**बंधो य**'= અને કર્મબંધ '**संकिलेसा**'= અશુભ અધ્યવસાયથી થાય છે. '**तिव्वतरगाओ**'= અતિશય તીવ્ર એવા '**ततो**'= સંક્લેશથી '**न सोऽवेति**'= તે કર્મબંધ દૂર થતો નથી. આ વાતનું સમર્થન કરવા દૃષ્ટાંત કહે છેઃ- '**ईसिमलिणं**'= અલ્પ મલિન '**वत्थं**'= વસ્ત્ર '**नीलीरसादीहिं**'= નીલીરસ જેવા વિશેષ મલિન કરનારા દ્રવ્યોથી. '**न सुज्झइ**'= શુદ્ધ થતું નથી. (દુષ્કૃતના આસેવનના કારણભૂત સંક્લેશ કરતાં અવિધિથી આલોચના કરવામાં રહેલા આજ્ઞાભંગથી થયેલો સંક્લેશ વધારે તીવ્રતર હોવાથી તે દુષ્કૃતસેવનથી થયેલા કર્મબંધનો નાશ ન કરી શકે.) ॥ ૭૦૧ ॥ ૧૫/૭

एत्थं पुन एस विही, अरिहो अरिहंमि दलयति कमेणं ।
आसेवणादिणा खलु, सम्मं दव्वादिसुद्धीए ॥ ७०२ ॥ १५/८

छाया :- अत्र पुनरेष विधिः अर्हरर्हे ददाति क्रमेण ।
आसेवनादिना खलु सम्यग् द्रव्यादिशुद्धौ ॥ ८ ॥

गाथार्थ :- અહીં આલોચનાની વિધિ આ પ્રમાણે છેઃ- યોગ્ય જીવે યોગ્ય ગુરુની પાસે આસેવનાદિના

ક્રમથી જ સમ્યગ્ પ્રશસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં આલોચના કરવી જોઈએ. - આ દ્વારગાથા છે.

ટીકાર્થ :- '**एत्थं पुन**'= આલોચનામાં '**एस विही**'= આ કહેવામાં આવશે તે વિધિ છે. (૧) યોગ્ય જીવ '**अरिहंमि**'= (૨) યોગ્ય ગુરુની પાસે '**आसेवणादिणा खलु**'= આગળ કહેવામાં આવશે તે આસેવનાદિના '**कमेणं**'= (૩) અનુક્રમે '**सम्मं**'= (૪) સમ્યગ્ '**दव्वादिसुद्धीए**'= જ્યારે (૫) દ્રવ્ય ક્ષેત્રાદિ પ્રશસ્ત હોય ત્યારે આલોચના કરવી.- આ વસ્તુ પ્રશસ્ત હોવાથી '**दलयति**'= આપે.

આ દ્વારગાથા છે આ પાંચ દ્વારોનું આગળ વર્ણન કરાશે. ॥ ૭૦૨ ॥ ૧૫/૮

कालो पुण एतीए, पक्खादी वण्णितो जिणिंदेहिं।
पायं विसिट्ठगाए, पुव्वायरिया तथा चाहू ॥७०३॥१५/९

છાયા :- कालः पुनरेतस्याः पक्षादिर्वर्णितो जिनेन्द्रैः ।
प्रायो विशिष्टकायाः पूर्वाचार्यास्तथा चाहुः ॥ ९ ॥

ગાથાર્થ :- જિનેશ્વરોએ વિશિષ્ટ આલોચનાનો કાળ પ્રાયઃ પક્ષ, ચાર માસ વગેરે કહ્યો છે. પૂર્વાચાર્યોએ તે જ પ્રમાણે કહ્યું છે. (સામાન્ય આલોચના તો પ્રતિદિન બે ટાઈમ પ્રતિક્રમણમાં કરાય છે.)

ટીકાર્થ :- '**जिणिंदेहिं**'= જિનેશ્વરોએ '**पायं**'= ઘણું કરીને (અર્થાત્ સંયોગાનુસાર વહેલી-મોડી પણ કરે.) '**विसिट्ठगाए**'= અપ્રમત્ત સાધુના વિષયવાળી વિશિષ્ટ '**पुण एतीए**'= આલોચનાનો '**कालो**'= અવસર '**पक्खादी**'= પક્ખી ચોમાસી '**वण्णितो**'= કહ્યો છે. '**पुव्वायरिया**'= પૂર્વાચાર્યોએ '**तथा चाहू**'= તે પ્રમાણે કહ્યું છે. **॥ ૭૦૩ ॥ ૧૫/૯**

पक्खियचाउम्मासे, आलोयण नियमसा उ दायव्वा।
गहणं अभिग्गहाण य, पुव्वग्गहिए निवेएउं ॥७०४॥१५/१०

છાયા :- पाक्षिकचातुर्मासे आलोचना नियमेनैव तु दातव्या ।
ग्रहणमभिग्रहाणाच्च पूर्वगृहीतान् निवेद्य ॥ १० ॥

ગાથાર્થ :- પખવાડીયે તથા ચાર મહિને આલોચના અવશ્ય કરવી જોઈએ. તથા પૂર્વે ગ્રહણ કરેલા અભિગ્રહો ગુરુને જણાવીને નવા અભિગ્રહો લેવા જોઈએ.

ટીકાર્થ :- '**पक्खियचाउम्मासे**'= પક્ખી અને ચોમાસીમાં- અહીં સ્વાર્થમાં 'स्यय्' પ્રત્યય લાગીને '**चातुर्मास्य**' શબ્દ બન્યો છે. '**आलोयण**'= આલોચના '**नियमसा उ**'= નિયમા '**दायव्वा**'= કરવી. '**पुव्वग्गहिए**'= પોતે પૂર્વે લીધેલા અભિગ્રહોનું વિરાધન કર્યા વગર પાલન કરીને પૂર્ણ કર્યા તેનું '**निवेएउं**'= ગુરુ ભગવંતને નિવેદન કરીને '**अभिग्गहाण य**'= દાંડાની પ્રમાર્જના કરવી વગેરે નવા અભિગ્રહોનું '**गहणं**'= ગ્રહણ કરવું.

સાધુઓ એવા દેશમાં વિચરતા હોય કે જ્યાં ગીતાર્થની પ્રાપ્તિ થતી ન હોય, આ પરિસ્થિતિમાં આગમમાં જણાવેલ વિધિ અનુસાર, પ્રમાદથી થયેલા કે બીજી રીતે થયેલા અકાર્યોની આલોચના લેવાનો અન્ય સમય પણ હોઈ શકે છે એમ જાણવું.**॥ ૭૦૪ ॥ ૧૫/૧૦**

પક્ખી આદિમાં આલોચના કરવાનું શું કારણ છે ? તે જણાવે છેઃ-

जीयमिणं आणाओ, जयमाणस्स वि य दोससब्भावा।
पम्हुसणपमायातो, जलकुंभमलादिणाएणं ॥७०५॥१५/१५

छाया :- **जीतमिदमाज्ञातो यतमानस्यापि च दोषसद्भावात् ।**
विस्मरणप्रमादाभ्यां जलकुम्भमलादिज्ञातेन ॥ ११ ॥

गाथार्थ :- પક્ખી વગેરેમાં આલોચના કરવી એવી પૂર્વમુનિઓની આચરણા છે, તથા જિનાજ્ઞા છે તેમ જ અત્યંત અપ્રમત્ત સાધુને પણ છદ્મસ્થતાના કારણે અપરાધનો સંભવ છે. જેમ પાણી ભરવાના ઘડાને દરરોજ સાફ કરવા છતાં તેમાં સૂક્ષ્મ કચરો રહી જવાનો સંભવ છે તેમ અપ્રમત્ત સાધુને પણ વિસ્મૃતિ અને પ્રમાદથી અપરાધનો સંભવ છે માટે પક્ખી આદિમાં તેની આલોચના કરવી જોઈએ.

ટીકાર્થ :- '**जीयमिणं**'= આ આચરણા છે અર્થાત્ પૂર્વમુનિઓથી (૧) ચાલી આવતો આ ચિરંતન આચાર છે. તે માટે '**आणाओ**'= (૨) આગમમાં કહેલું છે માટે '**जयमाणस्स वि**'= અત્યંત અપ્રમત્તને પણ છદ્મસ્થ હોવાથી '**दोससब्भावा**'= (૩) અપરાધનો સંભવ હોવાથી '**पम्हुसण**'= ભ્રષ્ટ થયેલું સ્મરણ અથવા સ્મરણમાંથી ભ્રષ્ટ થયેલું અર્થાત્ વિસ્મરણ '**पमायातो**'= પ્રમાદથી, કોઈક વખત વિસ્મરણ થવાથી અને કોઈક વખત પ્રમાદ થવાથી અપરાધનો સંભવ છે. પ્રમત્ત અને અપ્રમત્ત આ બે ગુણસ્થાનકો અંતર્મુહૂર્ત કાળે પરાવર્તન પામતા હોવાથી અપ્રમત્ત યતિને પણ પ્રમાદનો સંભવ છે. '**जलकुंभमलादिणाएणं**'= પાણી ભરવાના કુંભમાંના મળ આદિના દૃષ્ટાંતથી. 'આદિ' શબ્દથી ઘડો, ડોલ, ઘરનો કચરો-વગેરેનું ગ્રહણ થાય છે. જેમ પાણી ભરવાનો કુંભ રોજ ધોવામાં આવતો હોવા છતાં તેમાં સૂક્ષ્મ કચરો રહી જવાનો સંભવ છે જેને પખવાડિયે વિશેષ રીતે સાફ કરવામાં આવે છે- તથા જેમ ઘરનો કચરો રોજ સાફ કરવા છતાં પખવાડિયે તેને વિશેષ સાફ કરવામાં આવે છે તેમ હંમેશા દૈવસિક આદિ પ્રતિક્રમણમાં રોજ અપરાધની શુદ્ધિ કરવામાં આવતી હોવા છતાં પક્ખી આદિમાં તેની વિશેષથી શુદ્ધિ કરવામાં આવે છે. ॥ ૭૦૫ ॥ ૧૫/૧૧

આલોચનાની વિધિમાં પાંચ દ્વાર કહ્યા છે, તેમાનું 'યોગ્ય જીવે' એ પહેલા દ્વારનું વર્ણન કરે છે.

संविग्गो उ अमाई, मइमं कप्पट्ठिओ अणासंसी ।
पण्णवणिज्जो सद्धो, आणाइत्तो दुकडतावी ॥ ७०६ ॥ १५/१२

छाया :- **संविग्नस्तु अमायी मतिमान् कल्पस्थितोऽनाशंसी ।**
प्रज्ञापनीयः श्राद्ध आज्ञावान् दुष्कृततापी ॥ १२ ॥

तव्विहिसमुस्सुगो खलु, अभिग्गहासेवणादिलिंगजुत्तो ।
आलोयणापयाणे, जोग्गो भणितो जिणिंदेहिं ॥ ७०७ ॥ १५/१३ जुग्गं ।

छाया :- **तद्विधिसमुत्सुकः खलु अभिग्रहासेवनादिलिङ्गयुतः ।**
आलोचनाप्रदाने योग्यो भणितो जिनेन्द्रैः ॥ १३ ॥ युग्गम् ।

गाथार्थ :- સંવિગ્ન, માયારહિત, બુદ્ધિશાળી, કલ્પસ્થિત, સાંસારિક આશંસાથી રહિત, પ્રજ્ઞાપનીય, શ્રદ્ધાળુ, આજ્ઞાનુસારી, દુષ્કૃતનો પશ્ચાત્તાપ કરનાર આલોચનાની વિધિ પાળવામાં ઉત્સાહી અને અભિગ્રહના પાલનાદિ લિંગયુક્ત સાધુ આલોચના કરવાને યોગ્ય છે એમ જિનેશ્વરોએ કહ્યું છે.

ગાથાર્થ :- '**संविग्गो**'= સંસારથી ભય પામેલ હોય, '**अमाइ**'= માયારહિત સ્વસ્થ આશયવાળો હોય, '**मइमं**'= બુદ્ધિશાળી હોય, '**कप्पट्ठिओ**'= સ્થવિરકલ્પ, જાતકલ્પ, સમાપ્તકલ્પ આદિ કલ્પમાં રહેલો હોય, '**अणासंसी**'= નિરાશંસી અર્થાત્ સાંસારિક ફળની અપેક્ષા રાખતો ન હોય, '**पण्णवणिज्जो**'=

સહેલાઈથી સમજાવી શકાય એવો હોય, '**सद्धो**'= શ્રદ્ધાળુ હોય, '**आणाइत्तो**'= આજ્ઞા= આગમ તેના વડે જે પ્રસિદ્ધ હોય અર્થાત્ આજ્ઞાનુસારી હોય, '**दुकडतावी**'= પાપનો પશ્ચાત્તાપ કરનારો હોય ॥ ૭૦૬ ॥ ૧૫/૧૨.

ટીકાર્થ :- '**तव्विहिसमुस्सुगो खलु**'= આલોચનાની વિધિનો અત્યંત અભિલાષી હોય, '**अभिग्गहासेवणादिलिंगजुत्तो**'= અભિગ્રહોને ગ્રહણ કરે, તેનું પાલન કરે અને તેનો બરાબર નિર્વાહ કરીને પૂરા કરે વગેરે લિંગથી યુક્ત હોય, '**आलोयणापयाणे**'= આવો સાધુ આલોચના આપવા માટે '**जिणिंदेहि**'= જિનેશ્વરોએ '**जोग्गो**'= યોગ્ય '**भणितो**'= કહ્યો છે. ॥ ૭૦૭ ॥ ૧૫/૧૩

હવે યોગ્ય ગુરુની પાસે આલોચના કરે તે બીજું દ્વાર કહે છે :-

आयारवमोहारव, ववहारोवीलए पकुव्वी य ।
निज्जव अवायदंसी, अपरिस्सावी य बोद्धव्वो ॥ ७०८ ॥ १५/१४

छायाः- आचारवानवधारवान्- व्यवहारापव्रीडकः प्रकुर्वी च ।
निर्यापको अपायदर्शी अपरिश्रावी च बोद्धव्यः ॥ १४ ॥

ગાથાર્થ :- આચારવાન, અવધારણાવાન, વ્યવહારવાન, અવપીડક, પ્રકુર્વી, નિર્યાપક, અપાયદર્શી અને અપરિશ્રાવી (આચાર્ય આલોચના આપવા માટે યોગ્ય) જાણવા.

ટીકાર્થ :- '**आयारव**'= પાંચ પ્રકારના આચારોનું પાલન કરનાર,- ''આચાર જેની પાસે છે તે આચારવાન'' એમ વ્યુત્પત્તિ કરવાની છે. '**ओहारव**'= સાધુઓ પોતાના જે અપરાધો તેમને કહે તે બધાને યાદ રાખી શકે એવી યાદશક્તિથી યુક્ત હોય, '**ववहारो**'= આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, આજ્ઞાવ્યવહાર, ધારણાવ્યવહાર અને જીતવ્યવહારના જાણકાર હોય, '**ओवीलए**'= લજ્જા-ભય આદિના કારણે દોષોને છુપાવતા સાધુને મધુર વચનોથી લજ્જા આદિ દૂર કરાવીને તેની પાસે બધા જ દોષો પ્રગટ કરાવે. '**पकुव्वी य**'= સાધુને જે પ્રાયશ્ચિત્ત આવ્યું હોય તેને સહાય કરવાની ભાવનાથી તેની પાસે પ્રાયશ્ચિત્તનો તપ શરૂ કરાવે. '**निज्जव**'= સાધુના પ્રાયશ્ચિત્તનો નિર્યાપક અર્થાત્ એવું કરે જેથી સાધુ પોતાનું પ્રાયશ્ચિત્ત બરાબર પૂર્ણ કરે. '**अवायदंसी**'= પ્રાયશ્ચિત્ત ન કરવાથી જે આલોકમાં કે પરલોકમાં અનર્થો થાય છે તે તેને સમજાવીને પાપોની શુદ્ધિ કરાવે. '**अपरिस्सावी य**'= ભાંગેલા માટલા આદિ વાસણોમાંથી પાણી આદિ વસ્તુ બહાર ઢોળાય તે વાસણ પરિશ્રાવી કહેવાય. આલોચનાચાર્ય આવા ન હોય પણ આલોચક સાધુના અપરાધો બીજા કોઈને કહે નહિ એવા તે ગંભીર હોય, તે '**बोद्धव्वो**'= યોગ્ય જાણવા. ॥ ૭૦૮ ॥ ૧૫/૧૪

तह परहियम्मि जुत्तो, विसेसओ सुहुमभावकुसलमती ।
भावाणुमाणवं तह, जोग्गो आलोयणायरिओ ॥ ७०९ ॥ १५/१५

छाया :- तथा परहिते युक्तः विशेषतः सूक्ष्मभावकुशलमतिः ।
भावानुमानवांस्तथा योग्य आलोचनाचार्यः ॥ १५ ॥

ગાથાર્થ :- પરનું હિત કરવામાં ઉદ્યત હોય, સૂક્ષ્મભાવોમાં વિશેષથી કુશળ મતિવાળા હોય, તથા આલોચકના ભાવોને તેની ચેષ્ટા આદિથી બરાબર અનુમાન કરી શકે - આવા ગુણોથી યુક્ત આચાર્ય આલોચના આપવા માટે યોગ્ય છે.

ટીકાર્થ :- '**तह**'= તથા '**परहियम्मि जुत्तो**'= પરનું હિત કરવામાં ઉત્સાહી હોય, '**विसेसओ सुहुमभावकुसलमती**'= બંધ-મોક્ષ આદિ સૂક્ષ્મ ભાવોમાં વિશેષે કરીને નિપુણ બુદ્ધિવાળા હોય, '**तह**'= તથા '**भावाणुमाणवं**'= ભાવ= જીવનો અધ્યવસાય તે સંબંધી જે અનુમાન તે ભાવાનુમાન અર્થાત્ આલોચકના ચિત્તના અભિપ્રાયનું તેની ચેષ્ટા-વચન આદિથી સાચુ અનુમાન કરનારા હોય, '**आलोयणायरिओ**'= તેવા આલોચના આપનાર ગુરુ ભગવંત '**जोग्गो**'= યોગ્ય જાણવા. ॥ ૭૦૯ ॥ ૧૫/૧૫

હવે ક્રમ દ્વારનું વર્ણન કહે છે :-

दुविहेणऽणुलोमेणं, आसेवणवियडणाभिहाणेणं ।
आसेवणाणुलोमं, जं जह आसेवियं वियडे ॥ ७१० ॥ १५/१६

છાયા :- द्विविधेनानुलोम्येन आसेवना-विकटनाभिधानेन ।
आसेवनानुलोम्यं यद्यथा आसेवितं विकटयति ॥ १६ ॥

आलोयणाणुलोमं, गुरुगऽवराहे उ पच्छओ वियडे ।
पणगादिणा कमेणं, जह जह पच्छित्तवुड्ढी उ ॥ ७११ ॥ १५/१७ जुग्गं

છાયા :- आलोचनानुलोम्यं गुरुकापराधांस्तु पश्चाद्विकटयति ।
पञ्चकादिना क्रमेण यथा यथा प्रायश्चितवृद्धिस्तु ॥ १७ ॥

ગાથાર્થ :- આસેવના અને આલોચના નામના બે પ્રકારના ક્રમથી આલોચના કરે, જે અપરાધ જે ક્રમથી સેવ્યો હોય તે અપરાધને તે ક્રમે ગુરુને કહે તે આસેવનાક્રમ છે. અર્થાત્ જે અપરાધ પહેલો સેવ્યો હોય તેને પહેલાં કહે અને પછી સેવ્યો હોય તેને પછી કહે.

નાના અપરાધોને પહેલા કહે અને મોટા અપરાધોને પછી કહે તે આલોચનાક્રમ છે. અર્થાત્ પંચક આદિના ક્રમથી જેમ જેમ પ્રાયશ્ચિત્તની વૃદ્ધિ થાય તેમ તેમ દોષોને કહે.

ટીકાર્થ :- '**दुविहेण**'= બે પ્રકારના '**अणुलोमेणं**'= અનુકૂળ 'ક્રમથી' એમ આગળ કહેવાના છે તેનું આ વિશેષણ છે, અર્થાત્ અનુકૂળ ક્રમથી '**आसेवणवियडणाभिहाणेणं**'= આસેવના અને આલોચના નામના ક્રમથી '**आसेवणाणुलोमं**'= આસેવનાક્રમ તેનું સ્વરૂપ કેવું છે તે કહે છે- '**जं जह आसेवियं**'= જે દોષ જે ક્રમથી સેવ્યો હોય તે ક્રમથી '**वियडे**'=ગુરુને જણાવે- અર્થાત્ દોષ નાનો હોય કે મોટો હોય પણ જો તે પહેલાં સેવ્યો હોય તો પહેલાં કહે અને પછી સેવ્યો તો પછી કહે. ॥ ૭૧૦ ॥ ૧૫/૧૬

'**आलोयणाणुलोमं**'= આલોચનાક્રમ-હવે તેનું સ્વરૂપ કેવું હોય? તે કહે છેઃ- '**गुरुगऽवराहे उ**'= જેમાં મોટું પ્રાયશ્ચિત્ત આવે તેવા દોષોને '**पच्छओ**'= પાછળથી '**वियडे**'= ગુરુને કહે. અર્થાત્ જેમાં ઓછું પ્રાયશ્ચિત્ત આવતું હોય એવા દોષોને પહેલાં કહે, તે પછી વધારે પ્રાયશ્ચિત્તવાળા મોટા અપરાધોને કહે. '**पणगादिणा कमेणं**'= પંચક આદિ ક્રમથી અર્થાત્ નાના મોટા પ્રાયશ્ચિત્તના ક્રમથી '**जह जह पच्छित्तवुड्ढी उ**'= જેમ જેમ પ્રાયશ્ચિત્ત મોટું મોટું આવતું જાય તેમ તેમ- અર્થાત્ જેમાં પંચરાત્રિ પ્રાયશ્ચિત્ત આવતું હોય તે દોષો પહેલાં કહે, તે પછી 'દશક' પ્રાયશ્ચિત્તવાળા દોષોને કહે તે પછી 'પંચદશક=પંદર' પ્રાયશ્ચિત્તવાળા દોષોને કહે.

ગીતાર્થ સાધુ પ્રાયશ્ચિત્તના જાણકાર હોવાથી તે આ આલોચનાક્રમથી આલોચના કહે અને અગીતાર્થ સાધુ આસેવનાક્રમથી આલોચના કરે. ॥ ૭૧૧ ॥ ૧૫/૧૭

तह आउट्टियदप्पप्पमायओ कप्पओ वऽजयणाए।

कज्जे वा जयणाए, जहट्ठियं सव्वमालोए ॥७१२॥१५/१८

छाया :- तथाऽऽकुट्टिका-दर्पप्रमादतः कल्पतो वा यतनया ।

कार्ये वाऽयतनया यथास्थितं सर्वमालोचयेत् ॥ १८ ॥

गाथार्थ :- तथा आकुट्टिकाथी, दर्पथी, प्रमादथी, कल्पथी अयतनापूर्वक કે તેવા પ્રયોજનમાં જયણાપૂર્વક એમ જેવી રીતે દોષ સેવ્યો હોય તે બધું ગુરુને જણાવે.

टीकार्थः- '**तह**'= તથા '**आउट्टिय**'= ઈરાદાપૂર્વક જાણી જોઈને '**दप्प**'= કૂદવું વગેરે દર્પથી '**पमायओ**'= મદિરા આદિ પાંચ પ્રકારના પ્રમાદથી, સ્મૃતિભ્રંશ આદિ પ્રમાદથી પણ '**कप्पओ**'= કલ્પ= આચાર તેનાથી '**वऽजयणाए**'= અજયણાથી- 'જે સેવ્યો હોય તે' એટલું અધ્યાહાર સમજવાનું છે. '**कज्जे वा जयणाए**'= આ પણ કલ્પની અંતર્ગત જ આવે છે- પુષ્ટાલંબને જયણાપૂર્વક '**जहट्ठियं**'= જે જેવી રીતે દોષ સેવ્યો હોય તેને તે રીતે સાચોસાચ '**सव्वमालोए**'= વિશુદ્ધિની ઈચ્છાવાળો બધું જ ગુરુને કહે. ॥ ૭૧૨ ॥ ૧૫/૧૮

હવે 'द्रव्यादिशुद्धि' द्वारनुं वर्णन करे छेः-

दव्वादीसु सुहेसुं, देया आलोयणा जतो तेसुं।

होति सुहभाववुड्ढी, पाएण सुहा उ सुहहेऊ ॥७१३॥१५/१९

छाया :- द्रव्यादिषु शुभेषु देया आलोचना यतस्तेषु ।

भवति शुभभाववृद्धिः प्रायेण शुभास्तु शुभहेतवः ॥ १९ ॥

गाथार्थ :- પ્રશસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં આલોચના કરવી જોઈએ કારણ કે શુભ ક્રિયાદિમાં શુભ ભાવની વૃદ્ધિ થાય છે. પ્રાયઃ કરીને શુભ પદાર્થો એ શુભભાવના હેતુ બને છે.

टीकार्थः- '**दव्वादीसु**'= દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ '**सुहेसुं**'= પ્રશસ્ત અનુકૂળ હોય ત્યારે '**आलोयणा**'= પોતાના દોષોને ગુરુની સમક્ષ પ્રગટ કરવારૂપ આલોચના, '**देया**'= આપવી '**जतो**'= કારણ કે '**तेसुं**'= શુભ દ્રવ્યાદિમાં '**सुहभाववुड्ढी**'= કુશળ અધ્યવસાયની વૃદ્ધિ '**होति**'= થાય છે. '**पाएण**' ઘણું કરીને '**सुहा उ**'= સ્વરૂપથી શુભ જ દ્રવ્યાદિ '**सुहहेऊ**'= ભવિષ્યના શુભનું સફળ કારણ છે. પ્રશસ્ત દ્રવ્યાદિથી શુભ અધ્યવસાયો જાગે છે જે સંક્લેશની નાબૂદી કરનાર હોવાથી અને પુણ્યાનુબંધી પુણ્યના બંધનું કારણ હોવાથી ભવિષ્યમાં શુભને કરે છે. ॥ ૭૧૩ ॥ ૧૫/૧૯

હવે શુભ દ્રવ્યાદિનું વર્ણન કરે છે :-

दव्वे खीरदुमादी, जिणभवणादी य होइ खेत्तम्मि।

पुण्णतिहिपभिति काले, सुहोवओगादि भावे उ॥७१४॥१५/२०

छाया :- द्रव्ये क्षीरद्रुमादि जिनभवनादि च भवति क्षेत्रे ।

पूर्णतिथिप्रभृतिकाले शुभोपयोगादि भावे तु ॥ २० ॥

गाथार्थ :- દ્રવ્યમાં દૂધવાળા વૃક્ષો વગેરે, ક્ષેત્રમાં જિનમંદિર વગેરે, કાળમાં શુક્લ પંચમી તિથિ વગેરે અને ભાવમાં શુભ અધ્યવસાય વગેરે પ્રશસ્ત છે.

टीकार्थ :- '**दव्वे**'= દ્રવ્યવિષયક-અહીંયા અધિકારથી 'વિશુદ્ધિ' અર્થ સમજાય છે. અર્થાત્ દ્રવ્યવિષયક

વિશુદ્ધિ '**खीरदुमादी**'= દૂધવાળા વૃક્ષો (જેમને છેદવાથી અંદરથી દૂધ નીકળે એવા વૃક્ષો) આદિ શબ્દથી ચંપક, અશોક વૃક્ષ વગેરે પ્રશસ્ત વૃક્ષોનું ગ્રહણ થાય છે. '**खेत्तम्मि**'= ક્ષેત્રવિષયક વિશુદ્ધિ '**जिणभवणादी य**'= જિનમંદિર આદિ, 'આદિ' શબ્દથી શેરડીનું ખેતર, ચોખાનું ખેતર વગેરેનું ગ્રહણ થાય છે. '**होइ**'= છે. '**पुण्णतिहिपभिति काले**'= કાળવિષયક વિશુદ્ધિ શુક્લ પંચમી આદિ પૂર્ણતિથિઓ '**सुहोवओगादि भावे उ**'= ભાવવિષયક વિશુદ્ધિ શુભ અધ્યવસાય આદિ, 'આદિ' શબ્દથી નિમિત્તશાસ્ત્રમાં કહેલા શુભ ભાવો-શકુનાદિનું ગ્રહણ થાય. ॥ ૭૧૪ ॥ ૧૫/૨૦

सुहदव्वादिसमुदए, पायं जं होइ भावसुद्धि त्ति ।
ता एयम्मि जएज्जा, एसा आणा जिणवराणं ॥७१५॥१५/२१

છાયા :- शुभद्रव्यादिसमुदये प्रायः यद्भवति भावशुद्धिरिति ।
तदेतस्मिन् यतेत एषा आज्ञा जिनवराणाम् ॥ २१ ॥

ગાથાર્થ :- શુભ દ્રવ્યાદિના સમૂહમાં પ્રાયઃ ભાવની વિશુદ્ધિ થાય છે આથી શુભદ્રવ્યાદિના સમૂહમાં પ્રયત્ન કરવો એવી જિનાજ્ઞા છે.

ટીકાર્થ :- '**सुहदव्वादिसमुदए**'= શુભ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના સમુદાયમાં '**पायं**'= ઘણું કરીને '**जं**'= જે કારણથી '**भावसुद्धि त्ति**'= ભાવશુદ્ધિ '**होइ**'= થાય છે. '**ता**'= તેથી '**एयम्मि**'= દ્રવ્યાદિના સમુદાયમાં '**जएज्जा**'= પ્રયત્ન કરવો '**एसा**'= આ '**जिणवराणं**'= જિનેશ્વરોની '**आणा**'= આજ્ઞા છે. ॥ ૭૧૫ ॥ ૧૫/૨૧

આલોચનાવિધિનું વ્યાખ્યાન કર્યું હવે આલોચના કરવા યોગ્ય અપરાધોને કહે છે :-

आलोएतव्वा पुण, अइयारा सुहुमबायरा सम्मं ।
नाणायारादिगया, पंचविहो सो य विण्णेओ ॥७१६॥१५/२२

છાયા :- आलोचयितव्याः पुनरतिचाराः सूक्ष्मबादराः सम्यक् ।
ज्ञानाचारादिगताः पञ्चविधः स च विज्ञेयः ॥ २२ ॥

ગાથાર્થ :- જ્ઞાનાચાર આદિના નાના-મોટા અતિચારોની વિશુદ્ધ ભાવે આલોચના કરવી જોઈએ. તે આચાર જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને વીર્ય એમ પાંચ પ્રકારનો જાણવો.

ટીકાર્થ :- '**आलोएतव्वा पुण**'= ગુરુની સમક્ષ આલોચના કરવી જોઈએ, અર્થાત્ ગુરુને કહેવા જોઈએ. '**अइयारा**'= અપરાધો '**सुहुमबायरा**'= સૂત્રમાં કહેલા નાના-મોટા '**सम्मं**'= સમ્યગ્ ન્યાયથી, ભાવવિશુદ્ધિથી '**णाणायारादिगया**'= જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર અને વીર્યાચાર સંબંધી '**पंचविहो**'= પાંચ પ્રકારનો '**सो य**'= તે આચાર '**विण्णेओ**'= જાણવો. ॥ ૭૧૬ ॥ ૧૫/૨૨

જ્ઞાનાચારના ભેદોને કહે છે :-

काले विणए बहुमाणे उवहाणे तहा अनिण्हवणे ।
वंजणअत्थतदुभए, अट्ठविहो नाणमायारो ॥७१७॥१५/२३

છાયા :- काले विनये बहुमाने उपधाने तथा अनिह्नवने ।
व्यञ्जनार्थतदुभये, अष्टविधो ज्ञानमाचारः ॥ २३ ॥

ગાથાર્થ :- કાળ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવ, વ્યંજન, અર્થ અને તદુભય એ આઠ પ્રકારનો જ્ઞાનાચાર છે.

टीकार्थ :- '**काले**'= કાળસંબંધી જ્ઞાનાચાર- શાસ્ત્રમાં જે કાળે સ્વાધ્યાય કરવાનો નિષેધ કર્યો છે તે કાળે સ્વાધ્યાય ન કરવો તે કાલાચાર. '**विणए**'= જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના પુસ્તકાદિ સાધનોનો ઉપચારરૂપ વિનય કરવો પણ અવિનય ન કરવો તે વિનયાચાર. '**बहुमाणे**'= જ્ઞાન, જ્ઞાની આદિ પ્રત્યે આંતરિક પ્રીતિ રાખવી, દ્વેષ ન કરવો તે બહુમાનાચાર. '**उवहाणे**'= જે સૂત્ર અધ્યયનાદિને ભણવા માટે જે તપ કરવાનો શાસ્ત્રમાં વિધિ બતાવ્યો છે તે તપ કરવાપૂર્વક તે સૂત્રાદિને ભણવા તે ઉપધાનાચાર. જો એ તપ કર્યા વગર, ભણવામાં આવે તો શ્રુતની આશાતના થાય છે,- કહ્યું છે કે,

"કેવળજ્ઞાન વડે તત્ત્વને જાણીને કેવલી ભગવાને જે આજ્ઞા ફરમાવી છે તેનાથી વિપરીત કરવામાં આજ્ઞાભંગનું મહાન પાપ લાગે છે." **(पंचवत्थुगं-गाथा-५९०)**

'**तहा**'= તથા '**अनिण्हवणे**'= સૂત્ર-અર્થ અને તદુભય જેમની પાસે ભણ્યા હોય તે ગુરુનો અપલાપ ન કરવો અર્થાત્ જેમની પાસે ભણ્યા હોઈએ તે ગુરુનું જ નામ જાહેર કરવું પણ તેને છુપાવવું નહિ. '**वंजण**'= સૂત્રોના અક્ષરોમાં કોઈ જાતનો વધારો ઘટાડો કરવો નહિ પણ તે જેવા સ્વરૂપે છે તે જ રીતે બોલવા કે લખવા. '**अत्थ**'= સૂત્રનો ખોટો અર્થ ન કરવો. '**तदुभए**'= અર્થજ્ઞાનપૂર્વક સૂત્ર બોલવાની ક્રિયા તે તદુભય છે. સૂત્ર અને અર્થ બંનેમાં એકીસાથે ગોટાળો કરે તો તદુભય આચારવિષયક દોષ છે. સૂત્ર પણ શુદ્ધ બોલવું અને તેનો અર્થ પણ સાચો જ બોલવો તે તદુભય આચાર છે. આ આચારનું પાલન ન કરે તે સૂત્ર-અર્થમાં વિસંવાદ થાય. '**अट्ठविहो**'= આઠ પ્રકારનો '**नाणमायारो**'= શાસ્ત્રપ્રસિદ્ધ જ્ઞાનાચાર છે. ॥ ૭૧૭ ॥ ૧૫/૨૩

સમ્યગ્દર્શન અને તેના હેતુમાં અભેદ ઉપચાર કરીને દર્શનાચારના ભેદોને કહે છે

निस्संकिय निक्कंखिय, निव्वितिगिच्छा अमूढदिट्ठी य ।
उववूहथिरीकरणे, वच्छल्लपभावणे अट्ठ ॥ ७१८ ॥ १५/२४

छायाः- निःशङ्कित-निष्काङ्क्षित-निर्विचिकित्सा अमूढदृष्टिश्च ।
उपबृंहस्थिरीकरणयोः वत्सलप्रभावनयोरष्ट ॥ २४ ॥

ગાથાર્થ :- નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ આઠ પ્રકારના દર્શનાચાર છે.

ટીકાર્થઃ- '**निस्संकिय**'= શંકા= શંકા કરવી, તેનો અભાવ એ નિઃશંકિતમ્ '**निक्कंखिय**'= કાંક્ષા= અન્યદર્શનની ઈચ્છા, તેનો અભાવ એ નિઃકાંક્ષિતમ્- અથવા ભાવપ્રધાન નિર્દેશ હોવાથી અહીં ભાવવાચી અર્થ સમજવાનો છે. નિઃશંકિતમ્= શંકારહિતપણું; નિઃકાક્ષિતમ્= કાંક્ષારહિતપણું '**निव्वितिगिच्छा**'= વિચિકિત્સા= ફળમાં સંશય કરવો. જેમકે, 'હું જે આ સંયમ-તપ વગેરેના કષ્ટો સહન કરું છું તેનું પરલોકમાં મને ફળ મળશે કે નહિ ? આમ ધર્મના ફળસંબંધી જે શંકા થાય તે વિચિકિત્સા કહેવાય છે. તેનો અભાવ એ નિર્વિચિકિત્સા. '**अमूढदिट्ठी य**'= જેની દૃષ્ટિ મૂઢતા વગરની છે' એમ બહુવ્રીહિ સમાસ કરાય અથવા 'મૂઢતા વગરની દૃષ્ટિ' એમ કર્મધારય સમાસ કરાય. અર્થાત્ કુતીર્થિકોની ઋદ્ધિ જોવા છતાં મુંઝાવું નહિ. '**उववूह**'= ધાર્મિક માણસના પ્રશસ્ત સદ્ભૂત (સાચા) સદ્ગુણોની પ્રશંસા કરીને તેને પ્રોત્સાહિત કરવો અર્થાત્ તેના ભાવમાં વૃદ્ધિ લાવવી. '**थिरीकरणे**'= પ્રમાદના કારણે ધર્માનુષ્ઠાનમાં શિથિલ બનેલાને પ્રેરણા કરીને ધર્મમાં સ્થિર કરવા તે ધર્માનુરાગી વ્યક્તિ સંબંધી આ આચાર છે. '**वच्छल्ल**'= સાધર્મિક બંધુઓનું વાત્સલ્ય કરવું તે. પોતાના શરીરના ભોગે પણ સાધર્મિકનું કાર્ય કરી આપવું. તથા તેમને અન્નપાણી-ઔષધ આદિ જરૂરી વસ્તુ આપવી તે વાત્સલ્ય આચાર છે. '**पभावणे**'=

કોઈક સાધુ અથવા શ્રાવકથી શાસનની અપભ્રાજના થઈ હોય ત્યારે તેના દોષો ઢંકાઈ જાય એ રીતે અથવા શાસનની અપભ્રાજના ન પણ થઈ હોય ત્યારે પોતાના ગુણો વડે શાસનની પ્રભાવના કરવી તે પ્રભાવના આચાર છે.- આ આઠ દર્શનાચાર છે. ॥ ૭૧૮ ॥ ૧૫/૨૪

હવે ચારિત્રાચારના ભેદો કહે છે :-

पणिहाणजोगजुत्तो, पंचहिं समितीहिं तीहिं गुत्तीहिं।
एस चरित्तायारो, अट्ठविहो होइ णायव्वो ॥७१९॥१५/२५

છાયાઃ- प्रणिधानयोगयुक्तः पञ्चसु समितिषु तिसृषु गुप्तिषु ।
एषश्चारित्राचारो अष्टविधो भवति ज्ञातव्यः ॥ २५ ॥

ગાથાર્થ :- પ્રણિધાન એટલે શુભવિષયમાં મનની એકાગ્રતા- યોગ એટલે ધર્મપ્રવૃત્તિ અથવા ચિત્તવૃત્તિનો નિરોધ અથવા ઉચિત અનુષ્ઠાન, પ્રણિધાન સ્વરૂપ યોગ અથવા પ્રણિધાન અને યોગ - તે બંનેથી યુક્ત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી ઓળખાતો આ ચારિત્રાચાર આઠ પ્રકારનો જાણવો.

ટીકાર્થઃ- '**पणिहाण**'= શુભ વિષયમાં મનની એકાગ્રતા, તે સ્વરૂપ '**जोग**'= જે ધર્મની પ્રવૃત્તિ તેનાથી યુક્ત, અથવા યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ અથવા ઉચિત અનુષ્ઠાન,- પછી પ્રણિધાન અને યોગ આ બે શબ્દનો દ્વન્દ્વ સમાસ કરીને તેમનાથી યુક્ત એમ અર્થ કરવો. '**पंचहिं समितीहिं**'= ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણા સમિતિ, આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિ અને પારિષ્ઠાપનિકા સમિતિ એ પાંચ સમિતિ વડે '**तीहिं गुत्तीहिं**'= મન-વચન અને કાયાની રક્ષા સ્વરૂપ ત્રણ ગુપ્તિ વડે ઓળખાતો '**एस चरित्तायारो**'= આ ચારિત્રાચાર '**अट्ठविहो होइ**'= આઠ પ્રકારનો છે એમ '**णायव्वो**'= જાણવો. ॥ ૭૧૯ ॥ ૧૫/૨૫.

હવે સામાન્યથી તપાચારના ભેદ દર્શાવતા તેના સ્વરૂપને કહે છે :-

बारसविहम्मि वि तवे, साब्भिंतरबाहिरे कुसलदिट्ठे।
अगिलाए अणाजीवी, णायव्वो सो तवायारो ॥७२०॥१५/२६

છાયા :- द्वादशविधेऽपि तपसि साभ्यन्तरबाह्ये कुशलदृष्टे ।
अग्लान्या अनाजीवी ज्ञातव्यः स तप आचारः ॥ २६ ॥

ગાથાર્થ :- સર્વજ્ઞપ્રરૂપિત છ પ્રકારના અભ્યંતર અને છ પ્રકારના બાહ્ય એમ બાર પ્રકારના તપમાં જે ખેદરહિત નિઃસ્પૃહપણે પ્રવૃત્તિ કરે છે તે તપાચાર જાણવો,- અહીં તપ અને તપ કરનાર એ બંનેમાં અભેદ ઉપચાર કર્યો છે.

ટીકાર્થઃ- '**बारसविहम्मि वि तवे**'= બાર પ્રકારના પણ તપમાં '**साब्भिंतरबाहिरे**'= પ્રાયશ્ચિત્ત-વિનય-વૈયાવચ્ચ સ્વાધ્યાય-કાઉસ્સગ્ગ અને ધ્યાન સ્વરૂપ છ પ્રકારના અભ્યંતરતપ અને અનશન-ઉણોદરી-વૃત્તિસંક્ષેપ-વિગઈત્યાગ-કાયક્લેશ અને સંલીનતા સ્વરૂપ છ પ્રકારના બાહ્યતપ સ્વરૂપ '**कुसलदिट्ठे**'= સર્વજ્ઞે કહેલા '**अगिलाए**'= તપથી કંટાળ્યા વગર '**अणाजीवी**'= નિરાશંસી-દુન્યવી સ્વાર્થ માટે તપનો ઉપયોગ કરનાર એ તપનો આજીવક કહેવાય છે. નિઃસ્પૃહપણે તપ કરનાર એ તપનો અનાજીવક છે. '**सो**'= આવા પ્રકારનો '**तवायारो**'= તપાચાર. '**णायव्वो**'= જાણવો. અહીં તપ અને તપને કરનાર એ બંને વચ્ચે અભેદ ઉપચાર કર્યો છે. ॥ ૭૨૦ ॥ ૧૫/૨૬.

હવે વીર્યાચારનું સ્વરૂપ વર્ણવતાં કહે છે :-

अणिगूहियबलविरिओ, परक्कमइ जो जहुत्तमाउत्तो ।
जुंजइ य जहत्थामं, णायव्वो वीरियायारो ॥ ७२१ ॥ १५/२७

छायाः- अनिगूहितबलवीर्यः पराक्रमते यो यथोक्तमायुक्तः ।
युङ्क्ते च यथास्थामं ज्ञातव्यो वीर्याचारः ॥ २७ ॥

गाथार्थ :- જે જીવ બળ અને વીર્યને છુપાવ્યા વિના ઉપયોગપૂર્વક આગમ પ્રમાણે ધર્મક્રિયામાં પ્રવૃત્તિ કરે છે અને શક્તિ અનુસારે આત્માને ધર્મક્રિયામાં જોડે છે તે વીર્યાચાર જાણવો.

टीकार्थः- '**जो**'= જે પુરુષ '**जहुत्तं**'= આગમને અનુસારે '**आउत्तो**'= ઉપયોગપૂર્વક '**बल**'= માંસ અને લોહીના સંચયથી ઉત્પન્ન થયેલી શક્તિ, '**विरिओ**'= વીર્યાન્તરાયના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ શક્તિ,- બળ અને વીર્ય એમ દ્વન્દ્વ સમાસ છે. '**अणिगूहिय**'= જેણે બળ અને વીર્યને છુપાવ્યા નથી તે '**परक्कमइ**'= ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ કરે છે. '**जहत्थामं**'= યથાશક્તિ 'ધર્મપ્રવૃત્તિને' એ અધ્યાહાર સમજવાનું છે. '**जुंजइ य**'= કરે છે. '**वीरियायारो**'= વીર્યાચાર,- અહીં આચાર અને આચારવાન વચ્ચે અભેદ ઉપચાર કર્યો છે, '**णायव्वो**'= જાણવો. ॥ ૭૨૧ ॥ ૧૫/૨૭

एयम्मि उ अइयारा, अकालपढणाइया णिरवसेसा ।
अपुणकरणुज्जएणं, संवेगाऽऽलोइयव्व त्ति ॥ ७२२ ॥ १५/२८

छाया :- एतस्मिंस्तु अतिचारा अकालपठनादिका निरवशेषाः ।
अपुनःकरणोद्यतेन संवेगादालोचयितव्या इति ॥ २८ ॥

गाथार्थ :- પૂર્વોક્ત પાંચ આચારોમાં અકાળે સ્વાધ્યાય આદિ સૂક્ષ્મ અને બાદર જે કોઈ અતિચાર લાગ્યા હોય તે બધાની 'આ દોષોને ફરી નહિ કરું' એવા પરિણામવાળા બનીને સંવેગથી આલોચના કરવી.

टीकार्थ :- '**एयम्मि उ**'= આ પાંચ પ્રકારના આચારમાં '**अकालपढणाइया**'= અકાળે સ્વાધ્યાય કરવો વગેરે, 'આદિ' શબ્દથી અવિનય-અબહુમાન આદિ અપરાધોનું ગ્રહણ થાય છે. '**णिरवसेसा**'= એ બધા જ '**अइयारा**'= અપરાધોની '**अपुणकरणुज्जएणं**'= ભાવથી ફરીથી આ અપરાધોને નહિ કરવાના પરિણામવાળાએ- અચિંત્ય કર્મના સામર્થ્યથી કદાચ આ અપરાધો થવાની દ્રવ્ય સંભાવના છે માટે ભાવથી એ વિશેષણ કહ્યું છે. '**संवेगा**'= સંસારના ભયથી '**आलोइयव्व त्ति**'= આલોચના કરવી, અર્થાત્ ગુરુને કહેવા. ॥ ૭૨૨ ॥ ૧૫/૨૮

अहवा मूलगुणाण, एते एवं तहुत्तरगुणाणं ।
एएसिमह सरूवं, पत्तेयं संपवक्खामि ॥ ७२३ ॥ १५/२९

छाया :- अथवा मूलगुणानामेत एवं तथोत्तरगुणानाम् ।
एतेषामथ स्वरूपं प्रत्येकं सम्प्रवक्ष्यामि ॥ २९ ॥

गाथार्थ :- અથવા મહાવ્રત વગેરે મૂળગુણના અને પિંડવિશુદ્ધિ વગેરે ઉત્તરગુણના અતિચારોની ઉક્ત રીતે આલોચના કરવી. હવે મૂળગુણ અને ઉત્તરગુણ એ બંનેના અતિચારોનું સ્વરૂપ અલગ અલગ કહીશ.

टीकार्थः- '**अहवा**'= અથવા '**तह**'= તથા '**उत्तरगुणाणं**'= ઉત્તરગુણોના '**मूलगुणाणं**'= મૂળગુણોના '**एते**'= અતિચારો '**एवं**'= આ પ્રમાણે સ્વરૂપવાળા છે '**एएसिं**'= મૂળગુણ અને ઉત્તરગુણોનું '**अह**'= હવે '**सरूवं**'= સ્વરૂપ '**पत्तेयं**'= અલગ અલગ '**संपवक्खामि**'= કહીશ. ॥ ૭૨૩ ॥૧૫/૨૯

पाणातिपातविरमणमादी निसिभत्तविरइपज्जंता ।

समणाणं मूलगुणा, तिविहं तिविहेण णायव्वा ॥ ७२४ ॥ १५/३०

छायाः- प्राणातिपात-विरमणादयः निशाभक्तविरतिपर्यन्ताः ।

श्रमणानां मूलगुणास्त्रिविधं त्रिविधेन ज्ञातव्याः ॥ ३० ॥

गाथार्थ :- साधुना प्राणातिपात विरमणथी मांडीने रात्रिभोजन विरमण सुधीना मूलगुणो त्रिविध-त्रिविधथी जाणवा.

टीकार्थः- '**पाणातिपातविरमणमादी**'= प्राणातिपातविरमण आदि '**निसिभत्तविरइपज्जंता**'= रात्रिभोजनविरमण सुधीना '**समणाणं**'= साधुना '**मूलगुणा**'= मूळगुणो '**तिविहं**'= करवुं-करावबुं-अनुमोदवारूपे '**तिविहेण**'= मन-वचन-कायाथी '**णायव्वा**'= जाणवा. ॥ ७२४ ॥ १५/३०

पिंडविसुद्धादीया, अभिग्गहंता य उत्तरगुण त्ति ।

एतेसिं अइयारा, एगिंदियघट्टणादीया ॥ ७२५ ॥ १५/३१

छाया :- पिण्डविशुद्ध्यादयोऽभिग्रहान्ताश्च उत्तरगुणा इति ।

एतेषामतिचारा एकेन्द्रियघट्टनादिकाः ॥ ३१ ॥

गाथार्थ :- पिंडविशुद्धिथी मांडीने अभिग्रह सुधीना उत्तरगुणो छे. एकेन्द्रियनो संघट्टो आदि मूळगुण उत्तरगुणना अतिचारो छे.

टीकार्थ :- '**पिंडविसुद्धादीया**'= पिंडविशुद्धि-समिति-भावना-प्रतिमा वगेरे '**अभिग्गहंता य**'= अभिग्रह सुधीना '**उत्तरगुण त्ति**'= मूळगुणना पालनमां हेतुभूत उत्तरगुणो छे. '**एतेसिं**'= आ मूळगुण अने उत्तरगुणना '**एगिंदियघट्टणादीया**'= एकेन्द्रियनो संघट्टो, परितापन आपवो, कष्ट आपवुं वगेरे '**अइयारा**'= अतिचारो छे. ॥ ७२५ ॥ १५/३१

पुढवादिघट्टणादी, पयलादी तुच्छऽदत्तगहणादी ।

गुत्तिविराहण कप्पट्ठममत्त दियगहियभुत्तादी ॥ ७२६ ॥ १५/३२

छाया :- पृथिव्यादिघट्टनादयः प्रचलादयस्तुच्छादत्तग्रहणादि ।

गुप्तिविराधन-कल्पार्थ-ममता-दिवागृहीतभुक्तादिः ॥ ३२ ॥

गाथार्थ :- पृथ्वी आदिनो संघट्टो करवो वगेरे (प्रथम मूळगुण व्रतना अतिचार) प्रचला वगेरे (बीजा महाव्रतना अतिचार), तुच्छ अदत्तनुं ग्रहण करवुं वगेरे (त्रीजा महाव्रतना अतिचार) ब्रह्मचर्यनी नवगुप्तिनी विराधना (चोथा महाव्रतना अतिचार) बाळकनुं ममत्त्व वगेरे (पांचमा महाव्रतना अतिचार), दिवसे वहोरेलुं रात्रे वापरवुं वगेरे (छट्ठा रात्रिभोजन विरमणव्रतना अतिचार) मूळगुणना अतिचारो छे.

टीकार्थः- '**पुढवादिघट्टणादी**'= पृथ्वी, पाणी, अग्नि, वायु, वनस्पति, बेइन्द्रिय आदि जीवोनो संघट्टो करवो वगेरे (प्रथम महाव्रतना अतिचार) '**पयलादी**'= बेठा बेठा, के ऊभा ऊभा जे ऊंघ आवे तेने प्रचला कहेवाय छे.- पोताने आवी रीते झोकां आवता होय त्यारे कोई पूछे के तमे ऊंघो छो ? - तो पोते जवाब आपे के 'हुं ऊंघतो नथी'- आ मृषावाद छे. (बीजा व्रतना अतिचार), '**तुच्छ**'= स्वल्प '**अदत्तगहणादी**'= अदत्तनुं ग्रहण करवुं वगेरे (त्रीजा व्रतना अतिचार), '**गुत्तिविराहण**'= नव ब्रह्मचर्यनी गुप्तिनी विराधना (चोथा महाव्रतना अतिचार) '**कप्पट्ठममत्त**'= शय्यातर आदिना बाळकनुं

મમત્વ કરવું. (પાંચમા મહાવ્રતના અતિચાર) '**दियगहियभुत्तादी**'= દિવસે વહોરેલું દિવસે વાપરવું વગેરે જે છઠ્ઠા વ્રતના ભાંગા છે તેમાં અતિચાર લગાડવો તે. (છઠ્ઠા વ્રતનો અતિચાર)

છઠ્ઠા રાત્રિભોજન વિરમણવ્રત સહિત પાંચ મહાવ્રતસ્વરૂપ મૂળગુણોના આ અતિચારો છે. ॥ ૭૨૬ ॥ ૧૫/૩૨

હવે ઉત્તરગુણના અતિચારો કહે છે :-

भोगो अणेसणीएऽसमियत्तं भावणाणऽभावणया ।
जहसत्तिं चाकरणं, पडिमाण अभिग्गहाणं च ॥ ७२७ ॥ १५/३३

छायाः- भोगोऽनेषणीये असमितत्वं भावनानामभावनता ।
यथाशक्ति चाकरणं प्रतिमानामभिग्रहाणाञ्च ॥ ३३ ॥

ગાથાર્થ :- અનેષણીય અશનાદિનો ઉપભોગ કરવો, સમિતિનું પાલન ન કરવું, ભાવનાઓ ન ભાવવી, યથાશક્તિ પ્રતિમાઓનું અને અભિગ્રહોનું સેવન ન કરવું, એ અનુક્રમે પિંડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, પ્રતિમા, અભિગ્રહ આદિ રૂપ ઉત્તરગુણના અતિચારો છે.

ટીકાર્થ :- '**भोगो अणेसणीए**'= દોષિત અશનાદિનો ઉપભોગ કરવો, '**असमियत्तं**'= સમિતિનું પાલન ન કરવું. '**भावणाण**'= અનિત્યત્વ આદિ બાર ભાવનાઓ તથા મહાવ્રતની પચીસ ભાવનાઓને '**अभावणया**'= ભાવવી નહિ- પ્રાકૃત હોવાથી અહીં ભાવવાચી 'તા' પ્રત્યય સ્વાર્થમાં લાગ્યો છે. '**जहसत्तिं**'= શક્તિ અનુરૂપ '**चाकरणं**'= સેવન ન કરવું '**पडिमाण**'= શાસ્ત્રમાં કહેલી 'માસિકી' વગેરે સાધુની બાર પ્રતિમાઓનું '**अभिग्गहाणं च**'= દાંડો પ્રમાર્જવો વગેરે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિષયક અભિગ્રહોને ન કરે. '**अकरणं**' શબ્દનો અહીં પણ સંબંધ જોડવાનો છે. પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણોના આ અતિચારો છે. ॥ ૭૨૭ ॥ ૧૫/૩૩.

एते इत्थऽइयारा, असद्दहणादी य गरुय भावाणं ।
आभोगाणाभोगादिसेविया तह य ओहेणं ॥ ७२८ ॥ १५/३४

छायाः- एतेऽत्रातिचारा अश्रद्धानादयश्च गुरुका भावानाम् ।
आभोगानाभोगादि सेवितास्तथा च ओघेन ॥ ३४ ॥

ગાથાર્થ :- આ મૂળગુણ-ઉત્તરગુણ સંબંધી અતિચારો ઉપરાંત જીવાદિ પદાર્થોની અશ્રદ્ધા-વિપરીત પ્રરૂપણા વગેરે મોટા અતિચારો છે. આ અતિચારો આભોગથી (જાણી જોઈને), અનાભોગથી(= અજાણતાં) તથા સામાન્યથી સેવાયેલા હોય છે.

ટીકાર્થ :- '**एते**'= આ '**इत्थऽइयारा**'= અહીંયા અતિચારો '**असद्दहणादी य**'= અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા આદિ '**गरुय**'= મોટા છે. '**भावाणं**'= જીવાદિ પદાર્થોની '**आभोगाणाभोगादिसेविया**'= જાણતા-અજાણતા-પ્રમાદ-રાગાદિથી સેવાયેલા '**तह य ओहेणं**'= તથા કેટલાક સામાન્યથી સેવાયેલા હોય છે. ॥ ૭૨૮ ॥ ૧૫/૩૪

ગુરુ ભગવંત શિષ્યોને કેવી રીતે પ્રેરણા કરીને અતિચારની આલોચના કરાવે ? કહે છે :-

संवेगपरं चित्तं, काऊणं तेहिं तेहिं सुत्तेहिं ।
सल्लाणुद्धरणविवागदंसगादीहिं आलोए ॥ ७२९ ॥ १५/३५

છાયાઃ- संवेगपरं चित्तं कृत्वा तैस्तैः सूत्रैः ।
शल्यानुद्धरण-विपाक-दर्शकादिभिरालोचयेत् ॥ ३५ ॥

ગાથાર્થઃ- શલ્યોનો ઉદ્ધાર ન કરવાથી થતા વિપાકને બતાવનારા વગેરે તે તે સૂત્રોથી ચિત્તને સંવેગપ્રધાન કરીને ગુરુ શિષ્યોની પાસે આલોચના કરાવે.

ટીકાર્થઃ- '**सल्ल**'= માયા, નિદાન, મિથ્યાત્ત્વ આદિ ભાવશલ્યોનો '**अणुद्धरणविवागदंसगादीहिं**'= ઉદ્ધાર ન કરવાથી તેના જે ભયંકર ફળો પ્રાપ્ત થાય છે તે બતાવનારા '**तेहिं तेहिं सुत्तेहिं**'= તે તે સૂત્રો વડે '**संवेगपरं**'= સંવેગપ્રધાન '**चित्तं**'= મનને '**काऊणं**'= કરીને '**आलोए**'= શિષ્યોની પાસે ગુરુ આલોચના કરાવે. ॥ ૭૨૯ ॥૧૫/૩૫

ભાવશલ્યો કયા છે ? જેનો ઉદ્ધાર કરવામાં ન આવે તો દોષ લાગે ? તે કહે છે :-

सम्मं दुच्चरितस्सा, परसक्खिगमप्पगासणं जं तु ।
एयमिह भावसल्लं, पण्णत्तं वीयरागेहिं ॥ ७३० ॥ १५/३६

છાયા :- सम्यग् दुश्चरितस्य परसाक्षिकमप्रकाशनं यत्तु ।
एतदिह भावशल्यं प्रज्ञप्तं वीतरागैः ॥ ३६ ॥

ગાથાર્થ :- ગુરુની સમક્ષ દુષ્કૃતનું સમ્યગ્ રીતે યથાવસ્થિત ભાવથી પ્રકાશન ન કરવું એ ભાવશલ્ય છે એમ વીતરાગ ભગવંતોએ કહ્યું છે.

ટીકાર્થ :- '**जं तु**'= જે '**दुच्चरितस्सा**'= દુષ્કૃતને '**परसक्खिगं**'= ગુરુની સાક્ષીએ '**सम्मं**'= અવિપરીત રીતે અર્થાત્ જે રીતે દુષ્કૃત કર્યું હોય તે રીતે- આ ક્રિયાવિશેષણ છે. '**अप्पगासणं**'= પ્રગટ ન કરવા-જેવા હોય તેવા કહેવા નહિ '**एयमिह**'= એને અહીયાં '**भावसल्लं**'= આત્માને શલ્યની જેમ પીડા કરનાર હોવાથી ભાવશલ્ય '**वीयरागेहिं**'= અરિહંત પરમાત્મા વડે '**पण्णत्तं**'= કહેવામાં આવ્યું છે. ॥ ૭૩૦ ॥ ૧૫/૩૬

શલ્યોનો ઉદ્ધાર નહિ કરવાના ફળને બતાવનારા તે સૂત્રો કયા છે ? જેના દ્વારા ગુરુ શિષ્યના ચિત્તમાં સંવેગ ઉત્પન્ન કરે છે તેનું દિશાસૂચન કરતાં કહે છે :-

नवि तं सत्थं व विसं व, दुप्पउत्तो व कुणति वेतालो ।
जंतं व दुप्पउत्तं, सप्पो व पमादिओ कुद्धो ॥ ७३१ ॥ १५/३७

છાયા :- नापि तं शस्त्रं वा विषं दुष्प्रयुक्तः वा करोति वेतालः ।
यन्त्रं वा दुष्प्रयुक्तं सर्पो वा प्रमादितः क्रुद्धः ॥ ३७ ॥

जं कुणइ भावसल्लं, अणुद्धितं उत्तिमट्ठकालम्मि ।
दुल्लहबोहीयत्तं, अणंतसंसारियत्तं च ॥ ७३२ ॥ १५/३८ जुग्गं ।

છાયા :- यं करोति भावशल्यम् अनुद्धृतम् उत्तमार्थकाले ।
दुर्लभबोधित्वं अनन्तसंसारिकत्वं च ॥ ३८ ॥ युग्मम् ।

ગાથાર્થઃ- શસ્ત્ર, હલાહલ ઝેર, અવિધિથી સાધેલ રાક્ષસ, અવિધિથી ઉપયોગ કરેલ શતઘ્ની વગેરે યંત્ર અવગણના કરવાથી (=છંછેડવાથી) ગુસ્સે થયેલો સર્પ જે નુકસાન ન કરે તે નુકસાન મરણ સમયે નહિ ઉદ્ધરેલું ભાવશલ્ય કરે છે. અનશન સમયે ભાવશલ્યનો ઉદ્ધાર ન કરવામાં આવે, તો બોધિ

(=જિનધર્મની પ્રાપ્તિ) દુર્લભ બને છે અને અનંત સંસાર થાય છે.

ટીકાર્થ :- '**सत्थं व**'= હિંસા કરનાર શસ્ત્ર-અહીં કર્તાકારક અર્થમાં પ્રથમ વિભક્તિ છે. '**विसं व**'= મારણાત્મક ઝેર '**दुप्पउत्तो व**'= અવિધિથી સાધેલો '**कुणति**'= કરે છે. '**वेतालो**'= રાક્ષસ-કર્તાકારક છે. '**जंतं व**'= શતઘ્ની વગેરે યંત્ર, '**दुप्पउत्तं**'= અવિધિથી ઉપયોગ કરાયેલ '**सप्पो व**'= સર્પ '**पमादिओ**'= અવજ્ઞા કરાયેલો (=છંછેડાયેલો) '**कुद्धो**'= ગુસ્સે થયેલો '**तं**'= તેવા અનર્થને-અહીં કર્મ અકારક અર્થમાં દ્વિતીયા વિભક્તિ છે. '**नवि**'= નથી કરતો ॥ **७३१ ॥ १५/३७ ॥**

'**उत्तिमट्ठकालम्मि**'= મૃત્યુ સમયે '**अणुद्धितं**'= જીવરૂપી શરીરમાંથી દૂર કાઢવામાં ન આવ્યું હોય તે '**जं**'= જે આ કર્તાકારક છે. '**भावसल्लं**'= મિથ્યાત્વ આદિ ભાવશલ્ય '**कुणइ**'= કરે છે. '**दुल्लहबोहियत्तं**'= દુર્લભબોધિપણું '**अणंतसंसारियत्तं च**'= સમ્યક્ત્વ અને ચારિત્રની પ્રાપ્તિ થયા પછી અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલો સંસાર બાકી રહે છે. તેમાં પણ અનંત ઉત્સર્પિણી અવસર્પિણી જેટલો કાળ હોય છે.- અર્થાત્ અર્ધપુદ્ગલ પરાવર્તકાળ જેટલો અનંત સંસાર ॥ ૭૩૨ ॥ ૧૫/૩૮

आलोयणं अदाउं, सइ अण्णम्मि वि तहऽप्पणो दाउं।
जे वि हु करेंति सोहिं, तेऽवि ससल्ला विणिद्दिट्ठा ॥ ७३३ ॥ १५/३९

छाया :- आलोचनामदत्त्वा सति अन्यस्मिन्नपि तथाऽऽत्मनो दत्त्वा ।
येऽपि खलु कुर्वन्ति शोधिं तेऽपि सशल्या विनिर्दिष्टाः ॥ ३९ ॥

गाथार्थ :- જેઓ ગુરુની પાસે આત્મદોષની આલોચના કર્યા વગર શુદ્ધિ કરે છે. તથા બીજા ગીતાર્થ હાજર હોવા છતાં લજ્જા, ગારવ આદિના કારણે તેમની પાસે આલોચના ન લેતાં પોતાની જાતે જ પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધિ કરે છે. તેમને પણ સશલ્ય કહ્યાં છે.

गाथार्थः- '**आलोयणं**'= પોતાના દોષોની આલોચના '**अदाउं**'= ગુરુની પાસે નહિ કરીને, અર્થાત્ ગુરુને પોતાના દોષો જણાવે નહિ.- અહીંયા 'ગુરુ' શબ્દ અધ્યાહારથી સમજવાનો છે. '**अण्णम्मि वि**'= આગમમાં કહેલા બીજા કોઈ ગીતાર્થ '**सइ**'= વિદ્યમાન હોવા છતાં '**तह अप्पणो दाउं**'= લજ્જા-ગારવ-વિદ્વત્તાના અભિમાનથી પોતાની જાતે જ આલોચના કરીને '**जे वि हु**'= જે અવિવેકી સાધુઓ '**करेंति सोहिं**'= પ્રાયશ્ચિત્ત કરે છે. '**तेवि**'= પ્રાયશ્ચિત્ત કરવા છતાં તેઓ પણ '**ससल्ला विणिदिट्ठा**'= શલ્ય સહિત કહ્યા છે, પણ તેઓ નિઃશલ્ય નથી,- શલ્યરહિત હોય તેનામાં જ સાધુપણું હોય છે. ॥ ૭૩૩ ॥ ૧૫/૩૯

किरियण्णुणा वि सम्मं पि रोहिओ जह वणो ससल्लो उ।
होइ अपत्थो एवं, अवराहवणोऽवि विण्णेओ ॥७३४॥१५/४०

छाया :- क्रियाज्ञेनापि सम्यगपि रोहितो यथा व्रणः सशल्यस्तु ।
भवति अपथ्य एवं अपराधव्रणोऽपि विज्ञेयः ॥ ४० ॥

गाथार्थ :- સમ્યક્ ચિકિત્સાશાસ્ત્રના જાણકાર એવા કુશળ વૈદ્ય વડે સમ્યગ્ રીતે રૂઝવવામાં આવેલું વ્રણ પણ જો તેમાં પરું વગેરે શલ્ય રહી ગયું હોય તો અર્થાત્ તેમાંથી અંદરનું શલ્ય જો દૂર કરવામાં ન આવ્યું હોય તો તે પરિણામે અહિતકર બને છે તેમ અપરાધરૂપી વ્રણ પણ જો મિથ્યાત્વ વગેરે શલ્ય દૂર કરવામાં ન આવ્યા હોય તો પરિણામે અહિતકર થાય છે.

ટીકાર્થ :- '**किरियण्णुणा वि**'= ચિકિત્સારૂપી ક્રિયાને જે જાણે તે ક્રિયાજ્ઞ કહેવાય છે. ક્રિયાજ્ઞ વડે એટલે ચિકિત્સાશાસ્ત્રમાં કુશળ પુરુષ વડે પણ '**सम्मं पि**'= સમ્યગ્ અર્થાત્ વ્રણ હવે ગળતું નથી, તેમાંથી પરૂં વગેરે બહાર નિકળતું નથી પીડા કરતું નથી. એવી રીતે '**रोहिओ**'= રૂઝવવામાં આવેલું

'**जह**'= જેમ '**वणो**'= વ્રણ '**ससल्लो उ**'= જો તેમાં શલ્ય રહી ગયું હોય, શલ્ય કાઢી નાંખવામાં ન આવ્યું હોય તો '**होइ अपत्थो**'= અહિત કરનાર થાય છે. કારણ કે અંદર હજી શલ્ય રહી ગયું છે. '**एवं**'= એજ પ્રમાણે '**अवराहवणोऽवि**'= અપરાધરૂપી વ્રણ પણ '**विण्णेओ**'= મિથ્યાત્વાદિ ભાવશલ્યનો ઉદ્ધાર નહિ કર્યો હોવાથી જાણવું.

અહીં જો શલ્યનો ઉદ્ધાર કરવામાં ન આવે તો તો તેના કેવા ફળ મળે છે ? એ ત્રણ સૂત્રોમાં બતાવ્યું છે. તેનાથી દુર્લભબોધિપણું તથા અનંતસંસારીપણું થાય છે એનું નિરૂપણ કરતું પ્રથમ ૧૫/૩૮મું સૂત્ર છે. બીજા ૧૫/૩૯ સૂત્રમાં તેનું સશલ્યપણું બતાવ્યું છે ત્રીજા ૧૫/૪૦માં સૂત્રમાં શલ્યસહિત વ્રણને રૂઝવવા જેવું તેનું અહિત કરવાપણું બતાવ્યું છે. આ પ્રમાણે આના જેવા બીજા સૂત્રો પણ જાણવા. ॥ ૭૩૪ ॥ ૧૫/૪૦.

હવે આલોચનાના વિષયભૂત ક્ષેત્ર અને કાળને કહેવાની ઈચ્છાથી કહે છે :-

सल्लुद्धरणनिमित्तं, गीयस्सन्नेसणा उ उक्कोसा ।
जोयणसयाइं सत्त उ, बारस वरिसाइं कायव्वा ॥ ७३५ ॥ १५/४१

छाया :- शल्योद्धरणनिमित्तं गीतस्यान्वेषणा तु उत्कर्षात् ।
योजनशतानि सप्त तु द्वादश वर्षाणि कर्तव्या ॥ ४१ ॥

ગાથાર્થ :- આલોચના માટે ગીતાર્થ ગુરુની ઉત્કૃષ્ટથી ક્ષેત્રથી સાતસો યોજન સુધી અને કાળથી બાર વર્ષ સુધી તપાસ કરવી જોઈએ.

ટીકાર્થ:- '**सल्लुद्धरणनिमित्तं**'= ભાવશલ્યના ઉદ્ધાર માટે '**गीयस्स**'= ગીતાર્થ ગુરુની '**अन्नेसणा**'= શોધ '**उक्कोसा**'= ઉત્કૃષ્ટથી '**जोयणसयाइं सत्त उ**'= ક્ષેત્રની અપેક્ષાએ સાતસો યોજન સુધી '**बारस वरिसाइं**'= કાળની અપેક્ષાએ બાર વર્ષ સુધી '**कायव्वा**'= કરવી, જે કાળમાં ગીતાર્થ સાધુની દુર્લભતા હોય એ કાળને આશ્રયીને આ વાત કરી છે. ॥ ૭૩૫ ॥ ૧૫/૪૧

હવે આલોચના કરનાર સાધુ કેવા સંવેગપૂર્વક કેવા ભાવથી આલોચના કરે છે ? તે છ ગાથાઓમાં કહે છે :-

मरिउं ससल्लमरणं, संसाराडविमहाकडिल्लम्मि ।
सुचिरं भमंति जीवा, अणोरपारंमि ओइण्णा ॥ ७३६ ॥ १५/४२

छाया :- मृत्वा सशल्यमरणं संसाराटवीमहागहणे ।
सुचिरं भ्रमन्ति जीवा अनर्वाक्पारे अवतीर्णाः ॥ ४२ ॥

ગાથાર્થ :- જીવો શલ્ય સહિત મરીને અનાદિ-અનંત સંસારરૂપ અતિશય ગહન જંગલમાં પ્રવેશ કરીને અત્યંત લાંબા કાળ સુધી ભટકે છે.

ટીકાર્થ :- '**जीवा**'= જીવો '**ससल्लमरणं**'= શલ્યસહિત મરણને '**मरिउं**'= સેવીને ક્યાં ? '**संसाराडविमहाकडिल्लम्मि**'= સંસારરૂપ અતિશય ગહન જંગલમાં '**अणोरपारंमि**'= જેનો સામો કાંઠો દેખાતો નથી એવા અપાર (સંસારમાં) '**ओइण्णा**'= પ્રવેશેલા '**सुचिरं**'= લાંબા કાળ સુધી '**भमंति**'= ભટકે છે. ॥ ૭૩૬ ॥૧૫/૪૨

उद्धरियसव्वसल्ला, तित्थगराणाए सुत्थिया जीवा ।
भवसयकयाइँ खविउं, पावाइँ गया सिवं थामं ॥ ७३७ ॥ १५/४३

छाया :- उद्धृतसर्वशल्या तीर्थकराज्ञायां सुस्थिताः जीवाः ।

भवशतकृतानि क्षपयित्वा पापानि गताः शिवं स्थानम् ॥ ४३ ॥

गाथार्थ :- गुणवान जीवो तीर्थंकरनी आज्ञा वडे सर्व भावशल्योनो उद्धार करीने सेंकडो भवोना पापोने खपावीने मुक्तिने प्राप्त करे छे.

टीकार्थ :- '**तित्थगराणाए**'= तीर्थंकरना उपदेशथी '**उद्धरियसव्वसल्ला**'= सूक्ष्म-बादर बधा ज शल्योनो उद्धार करनारा '**सुत्थिया जीवा**'= सुखी अथवा गुणवान जीवोए '**भवसयकयाइं**'= मनुष्य-तिर्यंच वगेरे सेंकडो भवमां बांधेला '**पावाइं**'= पापकर्मने '**खविउं**'= खपावीने '**सिवं धामं**'= मुक्ति नामना निरुपद्रवी स्थानने '**गया**'= प्राप्त कर्युं छे ॥ ७३७ ॥ १५/४३

सल्लुद्धरणं च इमं, तिलोगबंधूहिँ दंसियं सम्मं ।

अवितहमारोग्गफलं, धण्णोऽहं जेणिमं णायं ॥७३८ ॥ १५/४४

छाया :- शल्योद्धरणं चेदं त्रिलोकबन्धुभिर्दर्शितं सम्यक् ।

अवितथमारोग्यफलं धन्योऽहं येनेदं ज्ञातम् ॥ ४४ ॥

गाथार्थ :- साथे ज अवश्य भावआरोग्य रूपी फळने आपनार आ भावशल्यनो उद्धार करवानुं त्रणलोकना बंधु जिनेश्वरदेवोओ सम्यग् कहेल छे. खरेखर ! हुं धन्य छुं- पुण्यशाळी छुं जे मारा वडे आ शल्योद्धार करवानुं जणायुं.

टीकार्थः- '**सम्मं**'= अविपरीत '**आरोग्गफलं**'= भावआरोग्यना फळने आपनार '**सल्लुद्धरणं च इमं**'= आगमथी प्रत्यक्ष एवो आ शल्यनो उद्धार '**तिलोगबंधूहिं**'= सर्वजीवोना बांधव अरिहंत परमात्माओ '**दंसियं**'= बतावेल छे. '**धण्णोऽहं**'= हुं पुण्यशाळी छुं '**जेण**'= जे मारा वडे '**इमं णायं**'= आ शल्योद्धार स्वरूपथी जणायो. ॥ ७३८ ॥ १५/४४

ता उद्धरेमि सम्मं, एयं एयस्स नाणरासिस्स ।

आवेदिउं असेसं, अणिदाणो दारुणविवागं ॥७३९ ॥ १५/४५

छायाः- तदुद्धरामि सम्यगेतदेतस्य ज्ञानराशेः ।

आवेद्य अशेषमनिदानो दारुणविपाकम् ॥ ४५ ॥

गाथार्थ :- आथी हुं नियाणा रहित बनीने भयंकर फळ आपनार संपूर्ण भावशल्यने आ ज्ञानना राशि गुरु समक्ष विधिपूर्वक जणावीने दूर करुं.

टीकार्थः- '**नाणरासिस्स**'= ज्ञानना राशि '**एयस्स**'= आ गुरुने '**सम्मं**'= विधिपूर्वक '**आवेदिउं**'= कहीने '**असेसं**'= संपूर्ण '**ता**'= तेथी, '**अणिदाणो**'= नियाणा रहित, एवो हुं '**दारुणविवागं एयं**'= भयंकर फळवाळा एवा आ भावशल्यने '**उद्धरेमि**'= दूर करुं ॥ ७३९ ॥ १५/४५

इय संवेगं काउं, मरुगाहरणादिएहिं चिंधेहि ।

दढमपुणाकरणजुत्तो, सामायारिं पउंजेज्जा ॥७४० ॥ १५/४६

छायाः- इति संवेगं कृत्वा मरुकाहरणादिभिः चिह्नैः ।

दृढमपुनःकरणयुक्तः सामाचारीं प्रयुञ्जीत ॥ ४६ ॥

गाथार्थ :- आ प्रमाणे संवेगने करीने ब्राह्मण आदिना दृष्टांतथी 'फरीथी आ पाप हुं नहि करुं'

એવા દૃઢ પરિણામથી યુક્ત તે વિધિપૂર્વક આલોચનાને કરે.

ટીકાર્થ :- '**इयं**'= આ પ્રમાણે '**संवेगं काउं**'= અકલ્યાણ કરનાર ભાવશલ્યના ઉદ્ધાર દ્વારા સંવેગને સ્વયમેવ કરીને '**मरुगाहरणादिएहिं चिंधेहि**'= બ્રાહ્મણનું દૃષ્ટાંતઃ- કોઈ એક તાપસે લાલસાથી તાપસને માટે અભક્ષ્ય એવા માછલાનું ભોજન કર્યું, એનાથી અજીર્ણ થયું પણ લજ્જાથી વૈદ્યને પોતાને માછલાના ભોજનથી અજીર્ણ થયું છે એ જણાવ્યું નહિ, માત્ર તેણે કંદમૂળનો આહાર કર્યો છે એમ જાણીને વૈદ્યે એ પ્રમાણે ચિકિત્સા કરી, અજીર્ણનું મૂળ કારણ ન જણાવવાથી રોગ મટ્યો નહિ. છેવટે મરણના ભયથી તાપસે લજ્જા છોડીને વૈદ્યને પોતે માછલાનું ભોજન કર્યું છે એ સાચી વાત જણાવી ત્યારે તેની સાચી ચિકિત્સા થઈ અને તે સાજો થયો. શાસ્ત્રમાં પ્રસિદ્ધ આવા મરૂક વગેરેના દૃષ્ટાંતોથી '**अपुणकरणजुत्तो**'= ફરીથી પાપ નહિ કરવાના '**दढं**'= અત્યંત નિયમવાળો '**सामायारिं**'= શિષ્ટાચરણ ક્રિયાસ્વરૂપ સામાચારીને '**पउंजेज्जा**'= આચરે, અર્થાત્ આલોચના કરે. ॥ ૭૪૦ ॥૧૫/૪૬.

ભાવ આલોચના કેવી રીતે કરવી ? તે કહે છે :-

जह बालो जंपंतो, कज्जमकज्जं व उज्जुयं भणति ।
तं तह आलोइज्जा, मायामयविप्पमुक्को उ ॥ ७४१ ॥ १५/४७

छायाः- यथा बालो जल्पन् कार्यमकार्यं वा ऋजुकं भणति ।
तं तथा आलोचयेत् मायामदविप्रमुक्तस्तु ॥ ४७ ॥

ગાથાર્થઃ- જેમ બાળક સરળપણે કાંઈ પણ છુપાવ્યા વગર કાર્ય-અકાર્ય બધું જ કહી દે છે તેવી રીતે સાધુ માયા અને મદથી મુક્ત થઈને ગુરુની સમક્ષ પોતાના સમગ્ર અપરાધોને જરા પણ છુપાવ્યા વગર કહે.

ટીકાર્થ :- '**जह बालो**'= જેમ બાળક '**जंपंतो**'= બોલતો '**कज्जमकज्जं व**'= કાર્ય કે અકાર્ય-જેવું હોય તેવું જરા પણ છુપાવ્યા વગર '**उज्जुयं**'= કપટ વગર સરળતાથી '**भणति**'= કહે છે, '**मायामयविप्पमुक्को उ**'= માયા અને મદથી રહિત સાધુ. '**तं**'= તે કાર્ય કે અકાર્યને '**तह**'= બાળકની જેમ જરા પણ છુપાવ્યા વગર સરળતાથી '**आलोइज्जा**'= ગુરુને પોતાના અપરાધ કહે. ॥ ૭૪૧ ॥ ૧૫/૪૭

આલોચના સમ્યક્ કરાઈ એનું લિંગ શું ? તે કહે છે :-

आलोयणासुदाणे, लिंगमिणं बिंति मुणियसमयत्था ।
पच्छित्तकरणमुचितं, अकरणयं चेव दोसाणं ॥ ७४२ ॥ १५/४८

छाया :- आलोचनासुदाने, लिङ्गमिदं ब्रुवते ज्ञातसमयार्थाः ।
प्रायश्चित्तकरणमुचितम् अकरणकं चैव दोषाणाम् ॥ ४८ ॥

ગાથાર્થ :- ગુરુના ઉપદેશ અનુસારે યોગ્ય પ્રાયશ્ચિત્ત કરવું અને દોષોને ફરી સેવવા નહિ એ સમ્યગ્ આલોચના કરવાનું લિંગ છે. એમ સિદ્ધાંતના અર્થોના જાણકાર વિદ્વાનો કહે છે.

ટીકાર્થ :- '**उचितं**'= ગુરુના ઉપદેશને અનુસારે '**पच्छित्तकरणं**'= પ્રાયશ્ચિત્ત કરવું, '**दोसाणं**'= અપરાધોને '**अकरणयं**'= ફરીથી નહિ સેવવા '**चेव**'= જ '**इणं**'= આ હમણાં કહેવામાં આવે છે '**आलोयणासुदाणे**'= આલોચના સમ્યગ્ કર્યાનું '**लिंगं**'= લિંગ તે '**मुणियसमयत्था**'= આગમના અર્થના જાણકાર વિદ્વાનો '**बिंति**'= કહે છે. ॥ ૭૪૨ ॥ ૧૫/૪૮

કેવી રીતે કરેલી આલોચના શુદ્ધિ કરનારી બને છે ? તે કહે છે :-

इय भावपहाणाणं, आणाए सुट्ठियाण होति इमं ।
गुणठाणसुद्धिजणगं, सेसं तु विवज्जयफलं ति ॥ ७४३ ॥ १५/४९

छाया :- इति भावप्रधानानामाज्ञायां सुस्थितानां भवति इदम् ।
गुणस्थानशुद्धिजनकं शेषं तु विपर्ययफलमिति ॥ ४९ ॥

गाथार्थ :- આ પ્રમાણે સંવેગના ભાવયુક્ત અને આજ્ઞાને અનુસરનારા સાધુઓનું આલોચનાનું દાન ગુણસ્થાનકની નિર્મળતા કરનારું છે જ્યારે એનાથી વિપરીત રીતે કરવામાં આવેલી આલોચના એ આનાથી વિપરીત ફળને આપનાર છે.

टीकार्थ :- '**इय**'= આ પ્રમાણે '**भावपहाणाणं**'= બહુમાનના ભાવયુક્ત '**आणाए सुट्ठियाण**'= આલોચના ક્રિયાનો ઉપદેશ કરનારી આજ્ઞાને અનુસરનારા સાધુઓની '**होइ**'= થાય છે. '**इमं**'= આલોચનાદિ ક્રિયા '**गुणठाणसुद्धिजणगं**'= સર્વવિરતિના જે પ્રમત્ત અને અપ્રમત્ત બે ગુણઠાણા છે. તેની વિશુદ્ધિને કરનાર '**सेसं तु**'= સમ્યગ્ આલોચનાના જે લક્ષણો બતાવ્યા છે તેનાથી રહિત આલોચના એ સાધુની યોગ્યતાના અભાવે '**विवज्जयफलं ति**'= વિપરીત ફળને આપનારી થાય છે.- શાસ્ત્રથી વિપરીત ભાવ અને ક્રિયા કદી ગુણઠાણાની શુદ્ધિ કરાવે નહિ.- માટે આગમને અનુસારે કરાયેલી આલોચના જ પ્રશસ્ત છે, સમ્યગ્ છે. ॥ ૭૪૩ ॥ ૧૫/૪૯

આલોચનાને આશ્રયીને જ ઉપદેશ આપે છે :-

लद्धूण माणुसत्तं, दुलहं चईऊण लोगसण्णाओ ।
लोगुत्तमसण्णाए, अविरहियं होति जतितव्वं ॥ ७४४ ॥ १५/५०

छाया :- लब्ध्वा मानुषत्वं दुर्लभं त्यक्त्वा लोकसंज्ञाः ।
लोकोत्तमसंज्ञायाम् अविरहितं भवति यतितव्यम् ॥ ५० ॥

गाथार्थ :- દુર્લભ મનુષ્યભવ મેળવીને લોકસંજ્ઞાનો ત્યાગ કરીને લોકોત્તમ સંજ્ઞામાં સતત પ્રયત્ન કરવો જોઈએ.

टीकार्थ :- '**दुलहं**'= સમુદ્રમાં પડી ગયેલ રત્નની પુનઃ પ્રાપ્તિરૂપ દુર્લભ '**लद्धूण**'= પ્રાપ્ત કરીને '**माणुसत्तं**'= મનુષ્યપણું '**लोगसण्णाओ**'= ભગવાનના વચનથી પ્રતિકૂળ વર્તન કરનારી ભવાભિનંદી જીવોની ક્રિયાસદૃશ અશિષ્ટ લોકોની માન્યતારૂપ લોકસંજ્ઞાને **चईऊण**- ત્યજીને '**लोगुत्तमसण्णाए**'= ગુણ અને દોષનું નિરૂપણ જેમાં મુખ્ય સ્વરૂપે રહેલું છે એવો જિનવચન ઉપદેશ કે જેના દ્વારા પ્રજ્ઞાના દોષો નષ્ટ કરાયા છે તે લોકોત્તમ સંજ્ઞામાં '**अविरहियं**'= સતત '**होति जतितव्वं**'= પ્રયત્ન કરવો જોઈએ. અર્થાત્ લોકસંજ્ઞાનો ત્યાગ કરવા દ્વારા લોકોત્તમ સંજ્ઞા વડે જ પ્રયત્ન કરવો. આમાં એમ કહેવા માંગે છે કે આલોચના ગમે તેમ નહિ કરવી પણ શાસ્ત્રમાં બતાવેલી વિધિપૂર્વક શુદ્ધ કરવી. ॥ ૭૪૪ ॥ ૧૫/૫૦

॥ आलोचनाविधि नामनुं पंदरमुं पंचाशक समाप्त थयुं. ॥

• • •

।। षोडशं प्रायश्चित्तविधि पञ्चाशकम् ।।

ક્યારેક અપરાધ થવાથી સાધુને પ્રાયશ્ચિત્ત આવવાનો સંભવ છે. આથી આલોચનાવિધિનું નિરૂપણ કર્યા બાદ પ્રાયશ્ચિત્તના ભેદનું નિરૂપણ કરતા કહે છે :-

नमिऊण वद्धमाणं, पायच्छित्तं समासतो वोच्छं ।
आलोयणादि दसहा, गुरूवएसाणुसारेणं ॥ ७४५ ॥ १६/१

છાયા :- नत्वा वर्धमानं प्रायश्चित्तं समासतो वक्ष्ये ।
आलोचनादि दशधा गुरूपदेशानुसारेण ॥ १ ॥

ગાથાર્થ :- શ્રી વર્ધમાનસ્વામીને પ્રણામ કરીને આલોચના આદિ દશ પ્રકારનું પ્રાયશ્ચિત્ત ગુરુ ભગવંતના ઉપદેશાનુસારે સંક્ષેપથી કહીશ.

ટીકાર્થ :- 'नमिऊण'= મન-વચન અને કાયાની નમ્રતા વડે પ્રણામ કરીને **'वद्धमाणं'= મહાવીર સ્વામીને,** (ભગવાન **મહાવીરસ્વામી** જ્યારે ગર્ભમાં હતા ત્યારે જ્ઞાતકુળમાં ધન આદિની વિશેષ પ્રકારે વૃદ્ધિ થઈ હોવાથી તેમના માતા-પિતાએ તેમનું નામ **'વર્ધમાન'** રાખ્યું હતું- (**આવશ્યક નિર્યુક્તિ- ગા. ૧૦૯૧ની હારિભદ્રીય ટીકા**માં કહ્યું છે.)

ભગવાનના કેવળજ્ઞાનાદિ ગુણો તો હંમેશા અવસ્થિત જ હતા, તે ઓછાવત્તા થતા નથી તેથી એ અપેક્ષાએ તેમને 'વર્ધમાન' નથી કીધા પણ માંગલિકપણાથી અહીયાં તેમનો **'વર્ધમાન'** નામથી નિર્દેશ કરાયો છે. **'पायच्छित्तं'**= પ્રાયશ્ચિત્ત 'ચિતિધાતુ'નો સંજ્ઞાન અને શુદ્ધિ આ બે અર્થ થાય છે. અહીં તેનો 'શુદ્ધિ' અર્થ લઈને ''પ્રાયઃ ચિત્તની શુદ્ધિ જેનાથી થાય છે તે પ્રાયશ્ચિત્ત'' એમ વ્યુત્પત્તિ કરી છે. આમાં 'પ્રાયઃ' શબ્દ એમ સૂચવે છે કે ભાવપૂર્વક કરેલું પ્રાયશ્ચિત્ત મન શુદ્ધિનું કારણ બને છે, ભાવ વિનાનું નહિ, **'आलोयणादि'**= હમણા કહેવામાં આવશે તે આલોચના આદિ **'दसहा'**= દશ પ્રકારે **'गुरूवएसाणुसारेणं'**= પોતાના ગુરુભગવંતના ઉપદેશને અનુસારે **'समासतो'**= સંક્ષેપથી, મૂળ આગમમાં વિસ્તારથી કહેલું છે, અહીં વિસ્તારથી ન કહેતા સંક્ષેપથી **'वोच्छं'**= કહીશ. ॥ ૭૪૫ ॥ ૧૬/૧

પ્રાયશ્ચિત્ત દશ પ્રકારે છે એમ કહ્યું, તે દશ પ્રકાર જણાવે છે :-

आलोयण पडिक्कमणे, मीस विवेगे तहा विउस्सग्गे ।
तव छेय मूल अणवट्ठया य पारंचिए चेव ॥ ७४६ ॥ १६/२

છાયા :- आलोचना प्रतिक्रमणं मिश्रं विवेकः तथा व्युत्सर्गः ।
तपश्छेदः मूलम् अनवस्थाप्यता च पाराञ्चिकमेव ॥ २ ॥

ગાથાર્થ :- પ્રાયશ્ચિત્તના આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂળ, અનવસ્થાપ્ય અને પારાંચિક એમ દશ પ્રકાર છે.

ટીકાર્થ:- 'आलोयण'= આલોચના એટલે સ્વદોષો ગુરુને વિધિપૂર્વક કહેવા તે, અમુક દોષો ગુરુને કહેવામાત્રથી જ નાશ પામે એવા હોય છે તે દોષોને આલોચનાર્હ કહેવાય છે તેવા અપરાધોમાં આ આલોચના પ્રાયશ્ચિત્ત આપે છે. **'पडिक्कमणे'**= 'મિચ્છા મિ દુક્કડં' આપવું એ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત છે.અમુક દોષો માત્ર 'મિચ્છા મિ દુક્કડં' કહેવાથી નાશ પામે એવા હોય છે તે પ્રતિક્રમણાર્હ કહેવાય છે. એવા અપરાધોમાં આ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત અપાય છે. **'मीस'**= આલોચના અને પ્રતિક્રમણ એ બંને કરવા તે મિશ્ર પ્રાયશ્ચિત્ત છે. આલોચના અને પ્રતિક્રમણ બંને કરવાથી જે અપરાધો નાશ પામે

તે મિશ્રાર્હ કહેવાય છે. એવા અપરાધોમાં આ મિશ્ર પ્રાયશ્ચિત્ત અપાય છે. '**विवेगे**'= આમાં દોષિત ભોજનાદિનો ત્યાગ કરવો તે - અર્થાત્ તેને પરઠવી દેવો એ પ્રાયશ્ચિત્ત છે. '**तहा विउस्सग्गे**'= પ્રાયશ્ચિત્તરૂપે કાઉસ્સગ્ગ કરવો. '**तव**'= પ્રાયશ્ચિત્તરૂપે બાહ્ય-અભ્યન્તર તપ કરવો તે, '**छेय**'= તપથી શુદ્ધિ ન થઈ શકે એવા અપરાધોના પ્રાયશ્ચિત્તમાં સાધુના 'અહોરાત્ર પંચક' આદિ ક્રમથી દીક્ષા પર્યાયનો છેદ કરાય છે. '**मूल**'= સાધુના મૂળથી સર્વ દીક્ષાપર્યાયનો છેદ કરીને આ પ્રાયશ્ચિત્તમાં ફરીથી મહાવ્રતો ઉચ્ચરાવાય છે. '**अणवट्ठया य**'= અનવસ્થાપ્ય અધિક દુષ્ટ પરિણામવાળો સાધુ પ્રાયશ્ચિત્ત તરીકે આપેલો તપ પૂર્ણ ન કરે ત્યાં સુધી તેને વ્રતો આપવામાં નથી આવતા. તપ પૂરો કર્યા પછી ફરી દીક્ષા અપાય છે. '**पारंचिए चेव**'= લિંગ, ક્ષેત્ર, કાળ, અને તપના ભેદવાળું, અપરાધોનું અંત કરનારું અંતિમ પ્રાયશ્ચિત્ત, જેનાથી અધિક કોઈ પ્રાયશ્ચિત્ત નથી ॥ ૭૪૬ ॥ ૧૬/૨

પ્રાયશ્ચિત્ત શબ્દના પદભેદથી થતાં અર્થને કહે છે :-

पावं छिंदति जम्हा, पायच्छित्तं ति भण्णए तेण ।
पाएण वा वि चित्तं, सोहयती तेण पच्छित्तं ॥ ७४७ ॥ १६/३
छाया :- पापं छिनत्ति यस्मात् पापछिदिति भण्यते तेन ।
प्रायेण वापि चित्तं शोधयति तेन प्रायश्चित्तम् ॥ ३ ॥

ગાથાર્થ :- પાપને છેદે છે તેથી તે પાપચ્છિદ્ કહેવાય છે, પ્રાકૃતના કારણે પાપચ્છિદ્ શબ્દનું પાયચ્છિત્ત રૂપ બને છે. અથવા પ્રાયઃ ચિત્તને નિર્મળ કરે છે તેથી તે પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

ટીકાર્થ :- '**पावं**'= પાપને '**छिंदति**'= છેદે છે. '**जम्हा**'= જે કારણથી '**पायच्छित्तं ति**'= પાપચ્છિદ્ (પાયચ્છિત્ત) એ પ્રમાણે '**भण्णए**'= કહેવાય છે, '**तेण**'= તે કારણથી '**पाएण वा वि**'= અથવા પ્રાયઃ '**चित्तं**'= ચિત્તને '**सोहयती**'= શુદ્ધ કરે છે. '**तेण**'= તેથી '**पच्छित्तं**'= પ્રાયશ્ચિત્ત કહેવાય છે. ॥ ૭૪૭ ॥ ૧૬/૩

આ પ્રાયશ્ચિત્ત ભાવથી કોને સંભવે છે ? તે કહે છે :-

भव्वस्सस्साणारुइणो संवेगपरस्स वण्णियं एयं ।
उवउत्तस्स जहत्थं, सेसस्स उ दव्वतो णवरं ॥ ७४८ ॥ १६/४
छाया :- भव्यस्याज्ञारुचेः संवेगपरस्य वर्णितमेतत् ।
उपयुक्तस्य यथार्थं शेषस्य तु द्रव्यतः नवरम् ॥ ४ ॥

ગાથાર્થ :- ભવ્ય, આજ્ઞાની રુચિવાળો હોય, સંવેગી હોય અને અપરાધ તથા પ્રાયશ્ચિત્ત આદિમાં ઉપયોગવાળો હોય તે ભાવથી પ્રાયશ્ચિત્ત કરી શકે છે. આવા ગુણ ન હોય તે માત્ર દ્રવ્યથી જ પ્રાયશ્ચિત્ત કરી શકે છે.

ટીકાર્થ :- भव्वस्सस्स= નિકટ ભવ્યજીવનું (મોક્ષ જેમનો નજીક છે તે નિકટભવી અથવા આસન્નભવી કહેવાય છે) '**आणारुइणो**'= આગમ ઉપર બહુમાનવાળા સમ્યગ્દૃષ્ટિનું '**संवेगपरस्स**'= સંવેગી સાધુનું '**एयं**'= પ્રાયશ્ચિત્ત '**वण्णियं**'= કહ્યું છે. '**उवउत्तस्स**'= સર્વ અપરાધસ્થાનોમાં સાવધાનનું '**जहत्थं**'= યથાર્થ, સાચું-પોતાનું કાર્ય સાધનાર અર્થાત્ સફળ '**सेसस्स उ**'= આ ગુણો જેનામાં ન હોય તેનું '**दव्वतो**'= દ્રવ્યથી જ હોય. '**णवरं**'= ફક્ત. અર્થાત્ તે પોતાનું કાર્ય જે પાપનો નાશ કરવો તે કરી શકતું નથી. ॥ ૭૪૮ ॥ ૧૬/૪

આ વાતનો ભાવાર્થ કહે છે :-

सत्थत्थबाहणाओ, पायमिणं तेण चेव कीरंतं ।
एयं चिय संजायति, वियाणियव्वं बुहजणेणं ॥ ७४९ ॥

छायाः- शास्त्रार्थबाधनात् प्राय इदं तेन चैव क्रियमाणम् ।
एतदेव सञ्जायते विज्ञातव्यं बुधजनेन ॥ ५ ॥

ગાથાર્થ :- શાસ્ત્રની આજ્ઞાની વિરાધના કરવાથી જે પાપ બંધાય છે તેની શુદ્ધિ કરવા માટે પ્રાયશ્ચિત્ત કરવાનું હોય છે, હવે પ્રાયશ્ચિત્ત જ જો શાસ્ત્રની આજ્ઞાનો ભંગ કરીને અવિધિથી કરવામાં આવે તો તેનાથી પાપની શુદ્ધિ કેવી રીતે થાય ? ઉલ્ટું તેનાથી પાપ જ બંધાય છે એમ પંડિત પુરુષોએ જાણવું.

ટીકાર્થ :- '**सत्थत्थबाहणाओ**'= શાસ્ત્રની આજ્ઞાનો ભંગ કરવાથી અર્થાત્ હિંસા વગેરે પાપ તે શાસ્ત્રની આજ્ઞાથી વિરુદ્ધ હોવાથી '**पायमिणं**'= તેની શુદ્ધિ કરવા પ્રાયશ્ચિત્ત કરાય છે.- આમાં પ્રાયશ્ચિત્ત એ હિંસાના નિમિત્તે કરાતું નથી પણ શાસ્ત્રની આજ્ઞા વિરુદ્ધ કર્યું એના નિમિત્તે છે. શાસ્ત્રની આજ્ઞાનું આરાધન કરવું એ જ મહાન છે. આથી જ શાસ્ત્રવિહિત હિંસામાં પ્રાયશ્ચિત્ત કરવાનું હોતું નથી. '**तेण चेव**'= શાસ્ત્રોક્ત વિધિનો ભંગ કરીને અર્થાત્ અવિધિથી '**कीरंतं**'= કરાતું પ્રાયશ્ચિત્ત '**एयं चिय**'= પાપરૂપ જ '**संजायति**'= થાય છે. શાસ્ત્રની આજ્ઞાથી વિરુદ્ધ હિંસાદિ જેમ પાપરૂપ છે તેમ શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધ કરાતું પ્રાયશ્ચિત્ત પણ પાપરૂપ જ છે. '**बुहजणेणं**'= તત્ત્વના જાણકાર વિદ્વાનોએ આનો ભાવાર્થ કહ્યો છે કે શાસ્ત્રની આજ્ઞા મુજબ જે કાંઈ કરવામાં આવે તે જ આરાધના છે. એ સિવાયના બધી વિરાધના છે '**वियणियव्वं**'= ગંભીરતાપૂર્વક નિપુણ બુદ્ધિથી વિચારવું. ॥ ૬૪૯ ॥ ૧૬/૫

આ જ વાતની સ્પષ્ટતા કરતા કહે છે :-

दोसस्स जं णिमित्तं, होति तगो तस्स सेवणाए उ ।
न उ तक्खउ त्ति पयडं, लोगंमि वि हंदि एयं ति ॥ ७५० ॥ १६/६

छाया :- दोषस्य यन्निमित्तं भवति तकः तस्य सेवनया तु ।
न तु तत्क्षय इति प्रकटं लोकेऽपि हन्दि एतदिति ॥ ६ ॥

ગાથાર્થ :- અપરાધનું અવંધ્યકારણ શાસ્ત્રાર્થની વિરાધના છે. તેના સેવનથી જ દોષ થાય છે. જેનું સેવન કરવાથી દોષ લાગતો હોય તેનું સેવન કરવાથી દોષનો ક્ષય ન જ થાય. આ વાત લોકમાં પણ પ્રસિદ્ધ છે.

ટીકાર્થ :- '**दोसस्स**'= અપરાધનું '**जं णिमित्तं**'= જે અવંધ્યકારણ છે તેનાથી '**तगो**'= દોષ '**होति**'= ઉત્પન્ન થાય છે. '**तस्स सेवणाए उ**'= તે દોષના નિમિત્તનું સેવન કરવાથી જ '**न उ तक्खउ त्ति**'= તે દોષનો ક્ષય થાય નહિ. '**हंदि**'= આમંત્રણ અર્થમાં છે. '**एयं ति**'= આ કાર્યકારણ ભાવ અર્થાત્ કારણ હોય ત્યાં કાર્ય ઉત્પન્ન થાય પણ કાર્યનો અભાવ ઉત્પન્ન ન થાય. આ વાત '**लोगंमि वि**'= જનસમુદાયમાં પણ '**पयडं**'= પ્રસિદ્ધ છે. આનો ભાવાર્થ આ છેઃ- ૧૬/૪ ગાથામાં વર્ણવેલા ગુણવાળો અધિકારી સાધુ જો શાસ્ત્રાર્થને બાધા ન પહોંચે એ રીતે પ્રવૃત્તિ કરે તો પ્રાયશ્ચિત્ત વડે દોષની શુદ્ધિ થાય છે, જે સાધુ શાસ્ત્રાર્થનું ઉલ્લંઘન કરીને પ્રાયશ્ચિત્ત કરે છે તેને પ્રાયશ્ચિત્ત કરવા છતાં દોષની શુદ્ધિ થતી નથી. કારણ કે દોષનું મૂળ કારણ જે શાસ્ત્રાર્થનું ઉલ્લંઘન છે એ તો તેમાં હાજર જ છે. માટે દોષની જેણે વિશુદ્ધિ કરવી હોય એ કલ્યાણના અર્થીએ હંમેશા શાસ્ત્રની આજ્ઞાનું આરાધન કરવામાં જ પ્રયત્ન કરવો જોઈએ. ॥ ૭૫૦ ॥ ૧૬/૬

પૂર્વાચાર્યોએ આ પ્રાયશ્ચિત્તને જેની સાથે સરખાવ્યું છે તેનો સંબંધ બતાવવા કહે છે :-

दव्ववणाहरणेणं, जोजितमेतं विदूहिँ समयंमि ।
भाववणतिगिच्छाए, सम्मं ति जतो इमं भणितं ॥ ७५१ ॥ १६/७

छायाः- द्रव्यव्रणाहरणेन योजितमेतद्विद्वद्भिः समये ।
भावव्रणचिकित्सायां सम्यगिति यत इदं भणितम् ॥ ७ ॥

ગાથાર્થ :- શ્રી ભદ્રબાહુસ્વામી (પૂર્વાચાર્ય) એ **'કાયોત્સર્ગ નિર્યુક્તિ' શાસ્ત્રમાં (૧૪૧૯ થી ૧૪૨૪** એ છ ગાથાઓમાં) દ્રવ્યવ્રણના દૃષ્ટાંતથી ચારિત્રાચારરૂપ ભાવવ્રણની ઘટના ચિકિત્સાની સાથે સારી રીતે કરી છે. તેમણે આ પ્રમાણે કહ્યું છે.

ટીકાર્થઃ- 'समयंमि'= શાસ્ત્રમાં **'भाववणविगिच्छाए'**= પ્રસ્તુત ભાવવ્રણની ચિકિત્સામાં **'दव्ववणाहरणेणं'**= હવે પછી કહેવામાં આવનાર દ્રવ્યવ્રણના દૃષ્ટાંતથી **'विदूहिँ'**= તેના જાણકાર પૂર્વાચાર્યોએ **'सम्मं ति'**= સમ્યગ્ સ્વરૂપથી **'जोजितमेतं'**= પ્રાયશ્ચિત્તની ઘટના કરી છે. **'जतो'**= કારણકે **'इदं'**= આ પ્રત્યક્ષરૂપ યત્નને (**ભદ્રબાહુસ્વામિએ**) **'भणितं'**= કહેલ છે. ॥ ૭૫૧ ॥ ૧૬/૭

શાસ્ત્રમાં જે કહ્યું છે તે કહે છે :-

दुविहो कायंमि वणो, तब्भव आगंतुगो य णायव्वो ।
आगंतुगस्स कीरति, सल्लुद्धरणं न इतरस्स ॥ ७५२ ॥ १६/८

छाया :- द्विविधः काये व्रणः तद्भव आगन्तुकश्च ज्ञातव्यः ।
आगन्तुकस्य क्रियते शल्योद्धरणं नेतरस्य ॥ ८ ॥

ગાથાર્થ :- શરીરમાં તદ્ભવ અને આગંતુક એમ બે પ્રકારના વ્રણ જાણવા. તેમાં ગુમડાં વગેરે તદ્ભવ વ્રણ છે અને કાંટો વાગે વગેરે આગંતુક વ્રત છે. આગંતુકવ્રણમાં શલ્યનો ઉદ્ધાર કરાય છે, તદ્ભવમાં કરાતો નથી.

ટીકાર્થ :- 'दुविहो'= બે પ્રકારનો **'कायंमि'**= શરીરમાં **'वणो'**= વ્રણ હોય છે. **'तब्भव'**= શરીરમાં જ ઉત્પન્ન થયેલ ગુમડાં-ફોલ્લાં વગેરે. **'आगंतुगो य'**= અને કાંટા વગેરે બહારના દ્રવ્ય શરીરમાં પ્રવેશવાથી જે વ્રણ થાય છે તે આગંતુક વ્રણ **'णायव्वो'**= જાણવો. **'आगंतुगस्स'**= કાંટા વગેરેથી થયેલ આગંતુક વ્રણમાં **'सल्लुद्धरणं'**= કાંટાને બહાર કાઢી નાંખવારૂપ શલ્યનો ઉદ્ધાર **'कीरति'**= કરાય છે. **'न इतरस्स'**= તદ્ભવમાં નહિ. કારણકે એમાં બહારથી શરીરમાં કાંઈ પ્રવેશ્યું નથી. ॥૭૫૨॥ ૧૬/૮

દ્રવ્યવ્રણની ચિકિત્સા માટે કરાતી ક્રિયાને બતાવવા કહે છે :-

तणुओ अतिक्खतुंडो, असोणितो केवलं तयालग्गो ।
उद्धरिउं अवउज्झइ, सल्लो न मलिज्जइ वणो य ॥ ७५३ ॥ १६/९

छाया :- तनुको अतीक्ष्णतुण्डो अशोणितः केवल त्वग्लग्नः ।
उद्धृत्य अपोह्यते शल्यो न मल्यते व्रणस्तु ॥ ९ ॥

ગાથાર્થ :- જે શલ્ય બહુ જ કૃશ (=અલ્પ) હોય, તીક્ષ્ણમુખવાળું ન હોય અર્થાત્ શરીરને ભેદીને બહુ અંદર ગયું ન હોય, લોહીવાળું ન હોય, કેવળ ચામડીને જ લાગેલું હોય, તે શલ્યમાં માત્ર કાંટા

વગેરે શલ્યને ખેંચીને બહાર કાઢવામાં આવે છે, વ્રણનું મર્દન કરવામાં આવતું નથી.

ટીકાર્થ :- '**तणुओ**'= સ્વરૂપથી કૃશ (અલ્પ) '**अतिक्खतुंडो**'= તીક્ષ્ણમુખવાળું ન હોય '**असोणितो**'= લોહી સુધી પહોંચ્યું નથી '**केवलं तयालग्गो**'= માત્ર ચામડીને જ લાગેલું હોય '**सल्लो**'= કાંટા વગેરેથી (સોય વગેરેથી) શલ્ય, '**उद्धरिउं**'= ખેંચીને '**अवउज्झइ**'= બહાર કઢાય છે. પ્રાચીન શાસ્ત્રોમાં શલ્ય શબ્દ પુલિંગ પણ છે. '**न मलिज्जइ वणो य**'= વ્રણનું મર્દન કરવામાં નથી આવતું. કાંટો વગેરે કાઢી નાંખવાથી જ વ્રણ રૂઝાઈ જાય છે. ॥ ૭૫૩ ॥ ૧૬/૯

लग्गुद्धियम्मि बीए, मलिज्जइ परमदूरगे सल्ले।
उद्धरणमलणपूरण, दूरयरगए उ ततियगम्मि ॥ ७५४ ॥ १६/१०

छाया :- लग्नोद्धृते द्वितीये मल्यते परमदूरगे शल्ये ।
उद्धरण-मलन-पूरणानि दूरतरगते तु तृतीयके ॥ १० ॥

ગાથાર્થ :- જે શલ્ય શરીરમાં પ્રથમ પ્રકારના શલ્ય કરતાં કાંઈક દઢ લાગેલું હોય પણ બહુ ઊંડુ ગયું ન હોય એવા બીજા પ્રકારના શલ્યમાં શલ્યનો ઉદ્ધાર અને વ્રણનું મર્દન બંને કરવામાં આવે છે. એનાથી કાંઈક વધારે ઊંડા ગયેલા ત્રીજા પ્રકારના શલ્યમાં શલ્યોદ્ધાર, વ્રણનું મર્દન કરીને તેમાં કાનનો મેલ પૂરવામાં આવે છે.

ટીકાર્થ :- '**लग्गुद्धियम्मि**'= દઢ રીતે લાગેલું હોય તે '**बीए**'= બીજા પ્રકારના શલ્યમાં '**मलिज्जइ परं**'= વ્રણનું મર્દન કરવામાં આવે છે. અહીયાં 'તે વ્રણ' એમ અધ્યાહાર સમજવાનું છે. '**अदूरगे सल्ले**'= શરીરમાં બહુ ઊંડુ ન ગયું હોય તે '**उद्धरणमलणपूरण**'= શલ્યનો ઉદ્ધાર, વ્રણનું મર્દન, અને કાનનો મેલ તેમાં ભરવો એ ત્રણે ય કરાય છે. '**दूरयरगए उ**'= અત્યંત દૂર શરીરમાં ગયેલા '**ततियगम्मि**'= ત્રીજા વ્રણમાં-કાંટો વગેરે કાઢ્યા પછી જો તેમાં ખાડો પડ્યો હોય તો અંદર કાનનો મેલ ભરવામાં આવે છે. ॥ ૭૫૪ ॥૧૬/૧૦

मा वेअणा उ तो उद्धरित्तु गालिंति सोणिय चउत्थे।
रुज्झइ लहुं ति चेट्ठा, वारिज्जइ पंचमे वणिणो ॥ ७५५ ॥ १६/११

छाया :- मा वेदना तु तत उद्धृत्य गालयन्ति शोणितं चतुर्थे ।
रुध्यते लध्विति चेष्टा वार्यते पञ्चमे व्रणिनः ॥ ११ ॥

ગાથાર્થ :- ચોથા પ્રકારના શલ્યમાં વૈદ્યો વ્રણમાંથી શલ્ય કાઢ્યા બાદ વેદના ન થાય એ માટે કેટલુંક લોહી કાઢી નાંખે છે. પાંચમા પ્રકારના શલ્યમાં વૈદ્યો શલ્યોદ્ધાર કરીને વ્રણ જલ્દી રૂઝાઈ જાય માટે વ્રણવાળાને ચાલવા વગેરેની ક્રિયા કરવાનો નિષેધ કરે છે.

ટીકાર્થ :- '**चउत्थे**'= ચોથા વ્રણમાં '**मा वेअणा उ**'= વેદના ન થાય '**तो**'= એ માટે '**उद्धरित्तु**'= શલ્યનો ઉદ્ધાર કરીને '**गालिंति सोणिय**'= કેટલુંક લોહી કાઢી નાંખે છે, '**पंचमे**'= પાંચમા શલ્યમાં '**वणिणो**'= વ્રણવાળા પુરુષને '**रुज्झइ लहुं ति**'= વ્રણ જલ્દીથી રૂઝાઈ જાય માટે '**चेट्ठा**'= ચાલવા વગેરે ક્રિયાનો '**वारिज्जइ**'= નિષેધ કરાય છે. ॥ ૭૫૫ ॥ ૧૬/૧૧.

रोहेति वणं छड्डे, हितमितभोजी अभुंजमाणो वा।
तत्तियमेत्तं छिज्जति, सत्तमए पूइमंसादी ॥ ७५६ ॥ १६/१२.

छाया :- रोहति व्रणं षष्ठे हितमितभोजी अभुञ्जमानो वा ।
तावन्मात्रं छिद्यते सप्तमके पूतिमांसादि ॥ १२ ॥

गाथार्थ :- છઠ્ઠા પ્રકારના શલ્યનો ઉદ્ધાર થઈ ગયા પછી વ્રણવાળો પુરુષ ચિકિત્સા પ્રમાણે પથ્ય અને અલ્પ ભોજન કરીને અથવા સર્વથા ભોજનનો ત્યાગ કરીને વ્રણને રૂઝવે છે. સાતમા પ્રકારના શલ્યમાં શલ્યોદ્ધાર કર્યા પછી શલ્યથી દૂષિત થયેલા માંસ-મેદ વગેરેને કાઢી નાંખવામાં આવે છે.

ટીકાર્થ :- '**छट्ठे**'= છઠ્ઠા દ્રવ્યવ્રણમાં '**हितमितभोजी**'= પથ્ય અને અલ્પ ભોજન કરનારો '**अभुंजमाणो वा**'= અથવા વ્રણની ચિકિત્સાને અનુસારે ભોજનનો ત્યાગ કરનારો '**वणं**'= વ્રણને '**रोहेति**'= રૂઝવે છે. '**सत्तमए**'= સાતમા વ્રણમાં '**तत्तियमेत्तं**'= એટલા માત્ર (જેટલું દૂષિત થયું હોય એટલું) '**पूइमंसादी**'= દૂષિત માંસ-મેદ આદિને '**छिज्जति**'= છેદીને કાઢી નાંખે છે. ॥ ૭૫૬ ॥ ૧૬/૧૨

तह वि य अठायमाणे, गोणसखइयादि रप्पुए वा वि ।
कीरति तदंगछेदो, सअट्ठितो सेसरक्खट्ठा ॥ ७५७ ॥ १६/१३

छाया :- तथापि च अतिष्ठति गोनसखादितादौ रप्पुके वापि ।
क्रियते तदङ्गच्छेदः सास्थिकः शेषरक्षार्थम् ॥ १३ ॥

गाथार्थ :- સર્પ, ઘો વગેરેએ શરીરમાં ડંસ માર્યો હોય એવા વ્રણમાં કે વલ્મીક રોગમાં ઉક્ત ચિકિત્સાથી વ્રણ ન રૂઝાવાથી બાકીના અંગોના રક્ષણ માટે દૂષિત અંગનો હાડકાં સહિત છેદ કરવામાં આવે છે.

ટીકાર્થ :- '**तह वि य**'= આટલી ચિકિત્સા કર્યા પછી પણ જો '**अठायमाणे**'= વ્રણ રૂઝાય નહિ તો '**गोणसखइयादि**'= સર્પ કરડ્યો હોય વગેરેમાં '**रप्पुए वा वि**'= વાયુપ્રધાન ઝેરમાં વલ્મીક નામના રોગમાં '**सेसरक्खट्ठा**'= બાકીના દૂષણ વગરના અંગની રક્ષા માટે '**तदंगछेदो**'= તે દૂષિત અંગનો છેદ '**सअट्ठितो**'= હાડકાંની સાથે-'હાડકાની સાથે જે વર્તે છે તે' એમ સહબહુવ્રીહિ સમાસ છે. '**कीरति**'= કરાય છે. ॥ ૭૫૭ ॥ ૧૬/૧૩

હવે આ દ્રવ્યવ્રણની સમાનતાથી ભાવવ્રણને વર્ણવે છેઃ-

मूलुत्तरगुणरूवस्स ताइणो परमचरणपुरिसस्स ।
अवराहसल्लपभवो, भाववणो होति णायव्वो ॥ ७५८ ॥ १६/१४

छाया :- मूलोत्तरगुणरूपस्य तायिनः परमचरणपुरुषस्य ।
अपराधशल्यप्रभवो भावव्रणो भवति ज्ञातव्यः ॥ १४ ॥

गाथार्थ :- મૂલગુણ-ઉત્તરગુણ સ્વરૂપવાળા અને જીવોનું સંસારસાગરથી રક્ષણ કરનારા પરમ ચારિત્રરૂપ પુરુષને અપરાધરૂપ શલ્યથી ભાવવ્રણ થાય છે.

ટીકાર્થ :- '**मूलुत्तरगुणरूवस्स**'= અહિંસા આદિ મૂળગુણો અને પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણ સ્વરૂપ વાળા '**ताइणो**'= સંસારથી રક્ષણ કરાવનાર '**परमचरणपुरिसस्स**'= એવા પરમચારિત્રરૂપી પુરુષને એવા (-'ચારિત્રરૂપી પુરુષ' પરમ એવો ચારિત્રપુરુષ' એમ કર્મધારય સમાસ થયો છે.) '**अवराहसल्लपभवो**'= અપરાધરૂપી શલ્યના નિમિત્તે થયેલું '**भाववणो होति णायव्वो**'= ભાવવ્રણ હોય છે એમ જાણવું. ॥ ૭૫૮ ॥ ૧૬/૧૪

एसो एवंरूवो, सविगिच्छो एत्थ होइ विण्णेओ ।
सम्मं भावाणुगतो, णिउणाए जोगिबुद्धीए ॥ ७५९ ॥ १६/१५

छाया :- एष एवंरूपः सचिकित्सोऽत्र भवति विज्ञेयः ।
सम्यग् भावानुगतो निपुणया योगिबुद्ध्या ॥ १५ ॥

गाथार्थ :- પ્રાયશ્ચિત્તના અધિકારમાં ઉક્ત સ્વરૂપવાળા ભાવવ્રણને હવે ચિકિત્સા સહિત અને સમ્યગ્ રહસ્ય સહિત યોગીઓની સૂક્ષ્મબુદ્ધિથી જાણવું જરૂરી છે.

गाथार्थ :- '**एत्थ**'= આ પ્રાયશ્ચિત્તના અધિકારમાં '**एवंरूवो**'= ઉક્તસ્વરૂપવાળો '**एसो**'= ભાવવ્રણ '**साविगिच्छो**'= ચિકિત્સા સહિત '**सम्मं भावाणुगतो**'= સમ્યગ્ રહસ્યસહિત, '**णिउणाए**'= સૂક્ષ્મ '**होइ विण्णेओ**'= જાણવા યોગ્ય છે. '**जोगिबुद्धीए**'= યોગીપુરુષની બુદ્ધિથી,- યોગીઓની બુદ્ધિ અવિપરીત હોવાથી તે વસ્તુના સાચા સ્વરૂપ જાણે છે, તેમના જ્ઞાનમાં વિપર્યય નથી હોતો. ॥ ૭૫૯ ॥ ૧૬/૧૫

भिक्खायरियादि सुज्झति, अइयारो कोइ वियडणाए उ ।
बितिओ उ असमितो मि त्ति कीस? सहसा अगुत्तो वा ॥ ७६० ॥ १६/१६

छाया :- भिक्षाचर्यादिः शुद्ध्यति अतिचारः कोऽपि विकटनया तु ।
द्वितीयस्तु असमितोऽस्मीति कस्मात् ? सहसा अगुप्तो वा ॥ १६ ॥

सद्दादिएसु रागं, दोसं व मणे गओ तइयगम्मि ।
णाउं अणेसणिज्जं, भत्तादि विगिंचण चउत्थे ॥ ७६१ ॥ १६/१७

छाया :- शब्दादिकेषु रागं द्वेषं वा मनसि गतस्तृतीयके ।
ज्ञात्वा अनेषणीयं भक्तादि 'विगिंचण' चतुर्थे ॥ १७ ॥

उस्सग्गेण वि सुज्झति, अइयारो कोइ कोइ उ तवेणं ।
तह वि य असुज्झमाणे छेयविसेसा विसोहंति ॥ ७६२॥ १६/१८ तिगं ।

छाया :- उत्सर्गेणापि शुद्ध्यति अतिचारः कोऽपि कोऽपि तु तपसा ।
तथापि च अशुद्ध्यति छेदविशेषा विशोधयन्ति ॥ १८ ॥ त्रिकम् ।

गाथार्थ :- ભિક્ષાચર્યા આદિમાં જે સૂક્ષ્મ અતિચાર લાગ્યા હોય તે પ્રથમ દ્રવ્યશલ્ય તુલ્ય છે. જેમ પ્રથમ શલ્યમાં માત્ર શલ્યને બહાર કાઢી નાંખવાનો હોય છે. એ સિવાય બીજી કોઈ ચિકિત્સા કરવાની હોતી નથી, તેમ આ અપરાધમાં માત્ર ગુરુભગવંતની આગળ આલોચના જ કરવાની હોય છે. ગુરુની આગળ અપરાધ પ્રગટ કરવા માત્રથી તેની શુદ્ધિ થઈ જાય છે, તેમાં બીજું કોઈ વિશેષ પ્રાયશ્ચિત્ત હોતું નથી.

સમિતિ-ગુપ્તિનો જ્યારે સહસાત્કારે ભંગ થઈ જાય ત્યારે તે બીજા દ્રવ્યશલ્ય તુલ્ય અપરાધ છે. તેમાં જેમ માત્ર વ્રણનું મર્દન કરવાનું હોય છે તેમ આ અપરાધમાં "અરે ! હું કોઈ પણ પુષ્ટ કારણ વગર જ સમિતિ-ગુપ્તિમાં પ્રમાદી કેમ બન્યો ?" એવા પશ્ચાત્તાપ સહિત 'મિચ્છા મિ દુક્કડં' બોલવાનું હોય છે, આ પ્રતિક્રમણ નામનું બીજા નંબરનું પ્રાયશ્ચિત્ત છે, એટલામાત્રથી એની શુદ્ધિ થઈ જાય છે.

ઈષ્ટ-અનિષ્ટ શબ્દાદિ વિષયોમાં માત્ર મનથી જ્યારે રાગ-દ્વેષ થઈ જાય ત્યારે તેની ત્રીજા મિશ્ર નામના પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય છે. આ ભાવવ્રણ એ ત્રીજા દ્રવ્યશલ્યતુલ્ય છે. એમાં જેમ વ્રણમર્દન કરીને કાનનો

મેલ પૂરવાનો હોય છે. તેમ આ મિશ્રપ્રાયશ્ચિત્તમાં ગુરુને અપરાધ જણાવવા રૂપ આલોચના કરવાની હોય છે અને ગુરુ ભગવંત કહે કે 'મિચ્છા મિ દુક્કડં' દો એટલે 'મિચ્છા મિ દુક્કડં' દેવાનું હોય છે.

અનેષણીય ભોજનાદિ ગ્રહણ કરવારૂપ અપરાધની ચોથા વિવેક નામના પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય છે. તે ચોથા દ્રવ્યશલ્યતુલ્ય છે. તેમાં જેમ ખરાબ લોહી બહાર કાઢી નાંખવાનું હોય છે તેમ આમાં અશુદ્ધ આહાર પરઠવવાનો હોય છે.

અશુભ સ્વપ્ન વગેરે કોઈક અપરાધની પાંચમા કાયોત્સર્ગ નામના પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય છે. આ અપરાધ પાંચમા દ્રવ્યશલ્ય તુલ્ય છે. તેમાં જેમ ચાલવા વગેરે ક્રિયા કરવાનો વૈદ્ય નિષેધ કરે છે તેમ આમાં પણ કાયોત્સર્ગમાં ચેષ્ટાનો નિષેધ કરાય છે.

પૃથ્વીકાયનો સંઘટ્ટો આદિ કોઈક અપરાધની શુદ્ધિ તપ નામના પ્રાયશ્ચિત્તથી થાય છે. આ અપરાધ છઠ્ઠા દ્રવ્યશલ્ય તુલ્ય છે. તેમાં જેમ અપથ્ય આહારનો ત્યાગ અથવા સર્વથા ભોજનનો ત્યાગ વૈદ્ય કરાવે છે. તેમ આમાં તપ કરવાનો હોય છે.

તપથી પણ જો અપરાધની શુદ્ધિ થાય તેમ ન હોય તો તેની શુદ્ધિ છેદ પ્રાયશ્ચિત્તથી કરવામાં આવે છે, છઠ્ઠા દ્રવ્યશલ્ય તુલ્ય આ અપરાધ છે. તેમાં જેમ બગડેલ માંસાદિનો છેદ કરવામાં આવે છે તેમ આ અપરાધમાં પાંચ અહોરાત્રાદિ ક્રમે દીક્ષાપર્યાયનો છેદ કરવામાં આવે છે.

ટીકાર્થ :- '**भिक्खायरियादि**'= ભિક્ષાચર્યા આદિમાં ગમનાગમનવિષયક '**कोइ**'= કોઈક '**अइयारो**'= અપરાધ '**वियडणाए उ**'= સ્વલ્પ હોવાથી આલોચના વડે જ '**सुज्झति**'= શુદ્ધિને પામે છે. અર્થાત્ તેમાં ગુરુને અપરાધ જણાવવા સ્વરૂપ આલોચના પ્રાયશ્ચિત્ત જ છે. બીજા પ્રાયશ્ચિત્તની તેમાં જરૂર નથી હોતી. '**बितिओ उ**'= બીજો અપરાધ '**असमितो मि त्ति**'= સમિતિમાં ઉપયોગરહિત '**कीस ?**'= ક્યા કારણે હું થયો? '**सहसा**'= કોઈપણ પ્રયોજન વગર જ '**अगुत्तो वा**'= ગુપ્તિમાં ઉપયોગ રહિત. અર્થાત્ સમિતિ કે ગુપ્તિમાં કોઈપણ પુષ્ટાલંબન સિવાય હું કેમ પ્રમાદી બન્યો ? તેથી પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્તના વિષયભૂત આ અપરાધ 'મિચ્છા મિ દુક્કડં' દેવાથી શુદ્ધ થાય છે. જ્યારે સમિતિ-ગુપ્તિનો સહસાત્કારે ભંગ થઈ જાય ત્યારે માત્ર 'મિચ્છા મિ દુક્કડં' કહેવા સ્વરૂપ આ બીજા નંબરનું પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત છે. ॥ ૭૬૦ ॥ ૧૬/૧૬

'**सद्दादिएसु**'= શબ્દ-રૂપ આદિ વિષયોમાં '**रागं**'= આસક્તિ '**दोसं व**'= અથવા અપ્રીતિ '**मणे गओ**'= માત્ર મનમાં જ થાય છે પણ રાગ-દ્વેષની કોઈ પ્રવૃત્તિ કરી નથી. '**तइयगम्मि**'= ત્રીજા અપરાધમાં ત્રીજા મિશ્ર પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય છે. અર્થાત્ તેની શુદ્ધિ માટે આલોચન (=ગુરુને જણાવવું) અને પ્રતિક્રમણ મિચ્છા મિ દુક્કડં દેવું બંને કરવાનું હોય છે. '**अणेसणिज्जं**'= અકલ્પનીય-દોષિત '**भत्तादि**'= ભોજન, પાણી વગેરે '**णाउं**'= શાસ્ત્રથી પરિકર્મિત થયેલી બુદ્ધિવડે જાણીને '**विगिंचण**'= પરઠવવું. '**चउत्थे**'= ચોથા વિવેકપ્રાયશ્ચિત્તને યોગ્ય અપરાધમાં દોષિત આહારાદિને પરઠવવાથી શુદ્ધિ થાય છે. ॥ ૭૬૧ ॥ ૧૬/૧૭

'**अइयारो**'= અતિચાર '**कोइ**'= કોઈપણ જાતના હિંસા આદિના ભાવ ન હોવા છતાં માત્ર હિંસા આદિનું સ્વપ્ન આવ્યું હોય તે '**कोइ उ तवेणं**'= તપપ્રાયશ્ચિત્તને યોગ્ય કોઈ અતિચાર છે. '**उस्सग्गेण वि**'= તે કાયોત્સર્ગથી પણ '**सुज्झति**'= શુદ્ધિને પામે છે. '**तेऽवि य**'= તપ વડે પણ '**असुज्झमाणे**'= જેની શુદ્ધિ થાય નહિ તેવા અપરાધની '**छेयविसेसा**'= છેદ આદિ વિશિષ્ટ પ્રાયશ્ચિત્તથી '**विसोहंति**'= શુદ્ધિ કરે

छे. '**असुज्झमाणे**'= शब्दमां धातु परस्मैपदी होवा छतां '**ताच्छील्य-वयो-वचन-शक्तिषु परस्मैपदानामपि**'' એ સૂત્રથી 'शक्ति' અર્થમાં **आनस्** પ્રત્યય લાગીને **सुज्झमान** શબ્દ બન્યો છે. **सुज्झमान**= શુદ્ધિની શક્તિથી યુક્ત **असुज्झमान**= શુદ્ધિની શક્તિ વગરનું. ॥ ७६२ ॥ १६/१८

छेद प्रायश्चित्तथी अपराधनी शुद्धि केवी रीते थाय छे ? ए जणावे छे :-

छिज्जति दूसियभावो, तहोमरायणियभावकिरियाए ।
संवेगादिपभावा, सुज्झइ णाता तहाऽऽणाओ ॥ ७६३ ॥ १६/१९

छाया :- छिद्यते दूषितभावः तथाऽवमरात्निकभावक्रियया ।
संवेगादिप्रभावात् शुद्ध्यति ज्ञाता तथाऽऽज्ञातः ॥ १९ ॥

गाथार्थ :- છેદ પ્રાયશ્ચિત્તમાં અહોરાત્ર પંચક આદિ ક્રમથી દીક્ષા પર્યાયને ન્યૂન કરવાથી દૂષિતભાવ દૂર થાય છે. તેનો પર્યાય ઓછો થવાથી તે હવે નાનો બને છે આથી તેને સંવેગાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે તેના પ્રભાવથી તેમજ સર્વજ્ઞની આજ્ઞાનું પાલન થવાથી આગમની વિધિપૂર્વક કરેલા આ પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય છે અથવા પ્રાયશ્ચિત્ત સેવનાર સાધુ શુદ્ધ થાય છે.

टीकार्थ :- '**तहा**'= પંચકછેદાદિ પ્રકાર વડે '**छिज्जति**'= અહોરાત્ર પંચકાદિ ક્રમથી દીક્ષાપર્યાયને ઓછો કરાય છે. '**दूसियभावो**'= દૂષિત અધ્યવસાય, '**ओमरायणियभावकिरियाए**'= દીક્ષાપર્યાયના લઘુપણાની ક્રિયાથી અર્થાત્ દીક્ષાપર્યાય કપાઈ જવાથી દૂર થાય છે, આમાં '**अवम**' અને '**रत्निक**' નો કર્મધારય સમાસ કરીને '**भाव**'= શબ્દની સાથે તેનો ષષ્ઠી તત્પુરુષ સમાસ કરીને પછી '**क्रिया**'= શબ્દની સાથે ષષ્ઠીતત્પુરુષ સમાસ કર્યા બાદ તૃતીયા વિભક્તિ કરી છે. '**संवेगादिपभावा**'= સંવેગ, નિર્વેદ આદિ ગુણોના સામર્થ્યથી '**णाता**'= ન્યાયથી આગમમાં કહેલી વિધિથી '**तहाऽऽणाओ**'= તથા સર્વજ્ઞની આજ્ઞાથી '**सुज्झइ**'= છેદ પ્રાયશ્ચિત્તને યોગ્ય અપરાધની શુદ્ધિ થાય છે.

અથવા અપરાધ અને અપરાધ કરનાર સાધુનો અભેદ ઉપચાર કરવાથી '**णाता**'= બુદ્ધિમાન સાધુ સંવેગાદિના પ્રભાવથી તથા સર્વજ્ઞની આજ્ઞાથી શુદ્ધ થાય છે. તેનો દૂષિત અધ્યવસાય દૂર થાય છે. ॥ ७६३ ॥ १६/१९

मूलादिसु पुण अहिगयपुरिसाभावेण नत्थि वणचिंता ।
एतेंसि पि सरूवं, वोच्छामि अहाणुपुव्वीए ॥ ७६४ ॥ १६/२०

छाया :- मूलादिषु पुनरधिकृतपुरुषाभावेन नास्ति व्रणचिन्ता ।
एतेषामपि स्वरूपं वक्ष्यामि यथानुपूर्विम् ॥ २० ॥

गाथार्थ :- મૂળ વગેરે પ્રાયશ્ચિત્તને યોગ્ય અપરાધમાં ચારિત્રનો સર્વથા અભાવ જ થાય છે. આલોચનાદિ સાત પ્રાયશ્ચિત્તમાં વ્રણના દૃષ્ટાંતથી જે વિચારણા કરી તેવી વિચારણા અહીં મૂળ અનવસ્થાપ્ય અને પારાંચિક પ્રાયશ્ચિત્તમાં કરાતી નથી કારણ કે શરીર હોય તો તેમાં વ્રણનો સંભવ છે. મૂળ આદિમાં ચારિત્રરૂપી શરીરનો નાશ થઈ ગયો છે. હવે મૂળ આદિનું સ્વરૂપ ક્રમશઃ કહીશ.

टीकार्थः- '**मूलादिसु पुण**'= મૂળ-અનવસ્થાપ્ય અને પારાંચિક પ્રાયશ્ચિત્તમાં '**अहिगयपुरिसाभावेण**'= ચારિત્રરૂપી પુરુષનો જ અભાવ હોવાથી '**वणचिंता**'= દ્રવ્યવ્રણના જેવી વિચારણા '**नत्थि**'= સંભવતી નથી. '**एतेंसि पि**'= મૂળ આદિનું '**सरूवं**'= સ્વરૂપ '**अहाणुपुव्वीए**'= અનુક્રમે '**वोच्छामि**'= કહીશ. ॥ ७६४ ॥ १६/२०

पाणातिवातपभितिसु, संकप्पकएसु चरणविगमम्मि ।
आउट्टे परिहारा, पुण वयठवणं तु मूलं ति ॥ ७६५ ॥ १६/२१

छाया :- प्राणातिपातप्रभृतिषु संकल्पकृतेषु चरणविगमे ।
आवृत्ते परिहारात् पुनर्व्रतस्थापनं तु मूलमिति ॥ २१ ॥

गाथार्थ :- संकल्पथी अर्थात् आवेशपूर्वक ઈરાદાથી કરેલા પ્રાણિવધ, મૃષાવાદ આદિ અપરાધોમાં ચારિત્રનો અભાવ થતાં હવે ફરીથી આવો અપરાધ પોતે નહિ કરે એવા પરિણામવાળા સાધુમાં દોષની શુદ્ધિને માટે ફરીથી મહાવ્રતોનું સ્થાપન કરવું તે મૂળ પ્રાયશ્ચિત્ત છે. અર્થાત્ આમાં તેનો સંપૂર્ણ દીક્ષાપર્યાય કાપી નાંખીને તેને ફરીથી દીક્ષા આપવામાં આવે છે.

ટીકાર્થ :- '**संकप्पकएसु**'= ઈરાદાપૂર્વક જાણીજોઈને કરાયેલા '**पाणातिवातपभितिसु**'= પ્રાણિવધ આદિ અપરાધોમાં '**चरणविगमम्मि**'= ચારિત્રના પરિણામ નષ્ટ થવાથી ચારિત્રનો જ નાશ થવામાં '**आउट्टे**'= ફરીથી આવો દોષ પોતે નહિ સેવે એમ ચારિત્રનો પરિણામ જાગે ત્યારે '**परिहारा**'= અપરાધની શુદ્ધિને માટે '**पुण वयठवणं**'= ફરીથી મહાવ્રત ઉચ્ચરાવવા સ્વરૂપ '**मूलं ति**'= મૂળ પ્રાયશ્ચિત્ત છે. ॥ ૭૬૫ ॥ ૧૬/૨૧

હવે મૂળપ્રાયશ્ચિત્ત બાદ અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તનો વિષય કહે છે :-

साहम्मिगादितेयादितो, तहा चरणविगमसंकेसे ।
णोचियतवेऽकयम्मी, ठविज्जति वएसु अणवट्ठो ॥ ७६६ ॥ १६/२२

छाया :- साधर्मिकादिस्तेयादितः तथा चरणविगमसंक्लेशे ।
नोचिततपसिऽकृते स्थाप्यते व्रतेषु अनवस्थाप्यः ॥ २२ ॥

गाथार्थ :- સાધર્મિક આદિની ઉત્તમ વસ્તુની ચોરી આદિ કરવાથી તે પ્રકારે ચારિત્રનો અભાવ થાય એવો સંક્લેશ ઉત્પન્ન થયો હોય ત્યારે તે જ્યાં સુધી આગમમાં કહેલ તપને પ્રાયશ્ચિત્તરૂપે ન કરે ત્યાં સુધી તેને ફરીથી વ્રતોમાં સ્થાપવામાં ન આવે. અર્થાત્ આગમોક્ત તપ પૂર્ણ કર્યા બાદ ફરીથી તેને મહાવ્રત ઉચ્ચરાવવામાં આવે તે સાધુ અનવસ્થાપ્ય છે. અભેદ ઉપચારથી તે પ્રાયશ્ચિત્તને પણ અનવસ્થાપ્ય કહ્યું છે.

ટીકાર્થ :- '**साहम्मिगादितेयादितो**'= સાધર્મિક કે અન્યતીર્થિકાદિની વસ્તુની ચોરી કરવાથી અથવા તેની સાથે મારામારી કરવાથી- અહીંયા સાધર્મિક શબ્દની પછી જે 'આદિ' શબ્દ છે તેનો અર્થ અન્યતીર્થિકાદિ કરવાનો છે અને 'તેયાદિ'માં જે 'આદિ' શબ્દ છે તેનો અર્થ તાડન કરવું વગેરે એ પ્રમાણે કરવાનો છે. '**तहा**'= તે આગમમાં કહેલ પ્રકારે '**चरणविगमसंकेसे**'= ચારિત્રનો નાશ થાય એવો સંક્લેશ ઉત્પન્ન થયો હોય ત્યારે, '**उचियतवे**'= પ્રાયશ્ચિત્તરૂપે આગમમાં કહેલ તપ '**अकयम्मी**'= ન કરે ત્યાં સુધી '**ठविज्जति वएसु**'= વ્રતમાં સ્થાપવામાં અર્થાત્ ફરીથી તેને વ્રત ઉચ્ચરાવવામાં '**णो**'= આવતા નથી. '**अणवट्ठो**'= આ સાધુને અનવસ્થાપ્ય કહેવાય છે. સાધુની સાથે અભેદ ઉપચાર કરીને આ પ્રાયશ્ચિત્તને પણ અનવસ્થાપ્ય કહેવામાં આવે છે. ॥ ૭૬૬ ॥ ૧૬/૨૨

હવે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તની બાદ પારાંચિકનો વિષય કહે છે :-

अण्णोऽण्णमूढदुट्ठातिकरणतो तिव्वसंकिलेसंमि ।
तवसाऽतियारपारं, अंचति दिक्खिज्जति ततो य ॥ ७६७ ॥ १६/२३

छाया :- अन्योऽन्य-मूढ-दुष्टातिकरणतस्तीव्रसंक्लेशे ।

तपसाऽतिचारपारमञ्चति दीक्ष्यते ततश्च ॥ २३ ॥

गाथार्थः- અન્યોન્ય અતિકરણ, મૂઢ અતિકરણ અને દુષ્ટ અતિકરણથી અર્થાત્ તેવા પ્રકારની પ્રવૃત્તિ વારંવાર કરવાથી, તીવ્રસંક્લિષ્ટ પરિણામ થતાં શાસ્ત્રોક્ત તપ (જઘન્યથી ૬ માસ અને ઉત્કૃષ્ટથી બાર વર્ષના તપ)થી અતિચારના પારને પામે અર્થાત્ શુદ્ધ બને પછી તેને દીક્ષા આપવામાં આવે છે, આ પારાંચિક પ્રાયશ્ચિત છે.

ટીકાર્થઃ- '**अण्णोऽण्णमूढदुट्ठातिकरणतो**'= શાસ્ત્રમાં પ્રસિદ્ધ અન્યોન્યકરણ મૂઢકરણ અને દુષ્ટકરણથી '**तिव्वसंकिलेसंमि**'= ઉત્કૃષ્ટ સંક્લેશના પરિણામમાં '**तवसा**'= શાસ્ત્રોક્ત તપ વડે '**अतियारपारं**'= અપરાધના પારને '**अंचति**'= પામે અર્થાત્ અપરાધની શુદ્ધિ કરે, '**ततो य**'= તપ વડે વિશુદ્ધ બન્યા પછી જ '**दिक्खिज्जति**'= દીક્ષા અપાય છે, અન્યથા તે દીક્ષાને પણ યોગ્ય બનતો નથી.

પોતે તપ કરીને વિશુદ્ધ બનેલો પુનઃ દીક્ષાને યોગ્ય બને છે. શાસ્ત્રાનુસાર, વિશેષ સંક્લેશ પામેલો હોવાથી પોતે પાપસેવન કરવાથી અયોગ્યતાને પામેલો છે એમ પોતે જાણે છે. એ સિવાયના બીજા તો દીક્ષાને માટે અધિકારી જ નથી, અન્યોન્ય અતિકરણ- બે પુરુષોની પરસ્પર વેદવિકારની ક્રિયા કરવી.

મૂઢ અતિકરણ - પાંચમી થીણદ્ધિનિદ્રાને વશ બનીને પ્રવૃત્તિ કરવી.

દુષ્ટ અતિકરણ - તેના કષાયદુષ્ટ અને વિષયદુષ્ટ એમ બે ભેદ છે.

તે બંનેના સ્વપક્ષ અને પરપક્ષ એમ બે ભેદ છે.

સ્વપક્ષકષાય દુષ્ટ - સાધુનો ઘાત કરે.

પરપક્ષકષાય દુષ્ટ - રાજાનો વધ કરે.

સ્વપક્ષવિષયદુષ્ટ - શ્રમણીની સાથે અબ્રહ્મનું સેવન કરે.

પરપક્ષવિષયદુષ્ટ - રાણીની સાથે અબ્રહ્મનું સેવન કરે. ॥ ૭૬૭ ॥ ૧૬/૨૩

अण्णेसिं पुण तब्भवतदण्णवेक्खाएँ जे अजोग त्ति ।

चरणस्स ते इमे खलु, सलिंगचितिभेदमादीहिं ॥ ७६८ ॥ १६/२४

छाया :- अन्येषां पुनस्तद्भवतदन्यापेक्षया येऽयोग्या इति ।

चरणस्य त इमे खलु स्वलिङ्गचितिभेदादिभिः ॥ २४ ॥

ગાથાર્થ :- અન્યદર્શન તથા જૈનદર્શનના બીજા આચાર્યોના મતે દીક્ષામાટે અયોગ્ય ગણાયેલા બીજા પુરુષની અપેક્ષાએ વધારે સંક્લિષ્ટ હોવાથી તે ભવમાં- અર્થાત્ જે ભવમાં અપરાધ કર્યો તે ભવમાં જેઓ દીક્ષાને અયોગ્ય છે તેઓ આ સ્વલિંગભેદ અને ચૈત્યભેદ કરનારા સાધુઓ છે. સ્વલિંગભેદ એટલે ઋષિહત્યા કરનારા તથા શ્રમણીની સાથે અબ્રહ્મને સેવનારા અને ચૈત્યભેદ એટલે જિનપ્રતિમાનો અને ચૈત્યદ્રવ્યનો વિનાશ કરનારા - તેઓ આ ભવમાં દીક્ષા આપવા માટે અત્યંત અયોગ્ય છે, તેઓને આ ભવમાં ફરી દીક્ષા અપાતી નથી.

ટીકાર્થ :- '**अण्णेसिं पुण**'= અન્યદર્શનીય તથા જૈનદર્શનના જ બીજા આચાર્યોના મતે '**तब्भव**'= અપરાધ કર્યો એ ભવમાં '**तदण्णवेक्खाएँ**'= દીક્ષાને અયોગ્ય એવા પરપુરુષની અપેક્ષાએ ઘણા સંક્લિષ્ટ હોવાથી '**जे अजोग त्ति**'= જે અયોગ્ય છે '**चरणस्स**'= ચારિત્રને માટે '**ते इमे खलु**'= તે આ છે.

ક્યા સાધુઓ અયોગ્ય છે ? તે જણાવે છે. '**सलिंगचितिभेदमादीहिं**'= ઋષિહત્યા આદિ સ્વલિંગભેદથી અને જિનપ્રતિમાનો વિનાશ કરવાથી ચૈત્યભેદ કરનારા તેઓ અત્યન્ત અયોગ્ય છે બાકી સામાન્યથી આગળના સૂત્રમાં જેમનું વર્ણન કરવામાં આવ્યું છે તે સાધુઓ આ અત્યંત અયોગ્ય સાધુના જેટલા સંક્લિષ્ટ ન હોવાથી તેઓ કથંચિત્ અમુક પ્રકારે અર્થાત્ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ બને પછી તે ભવમાં પણ દીક્ષાને યોગ્ય બનવાનો સંભવ છે. ॥ ૭૬૮ ॥ ૧૬/૨૪

આ બીજા આચાર્યોના મતનું પણ કથંચિત્ સમર્થન કરતાં આચાર્ય કહે છે :-

आसयविचित्तयाए, किलिट्ठयाए तहेव कम्माणं ।
अत्थस्स संभवातो, णेयं पि असंगयं चेव ॥ ७६९ ॥ १६/२५

छाया :- आशयविचित्रतया क्लिष्टतया तथैव कर्मणाम् ।
अर्थस्य सम्भवात् नेदमपि असङ्गतं चैव ॥ २५ ॥

ગાથાર્થ :- જીવોના અધ્યવસાયો વિચિત્ર પ્રકારના હોવાના કારણે તથા ચારિત્રમોહનીય આદિ પાપકર્મોનો નિકાચિતબંધ થયો હોવાથી હમણાં જણાવ્યો એવો અપરાધ કરનારા જીવો દીક્ષા માટે અત્યંત અયોગ્ય જ સંભવે છે માટે આ અન્ય આચાર્યોનો મત પણ કથંચિત્ સંગત છે, સર્વથા અસંગત નથી.

ટીકાર્થ :- '**आसयविचित्तयाए**'= જીવોના અધ્યવસાયના વિચિત્રપણાથી '**किलिट्ठयाए**'= નિકાચિત ક્લિષ્ટ બંધ થયો હોવાથી '**तहेव**'= તથા પ્રકારે '**कम्माणं**'= ચારિત્રમોહનીય કર્મ અથવા જ્ઞાનાવરણીયાદિ કર્મોનો '**अत्थस्स**'= દીક્ષાના અભાવની અપેક્ષાએ વિચારતાં અત્યંત અયોગ્યતાનો અર્થાત્ દીક્ષા માટે અત્યંત અયોગ્યપણાનો '**संभवातो**'= સંભવ હોવાથી '**णेयं पि**'= આ અન્ય આચાર્યોનો મત પણ '**असंगयं चेव**'= સર્વથા અસંગત નથી, પરંતુ કથંચિત્ સંગત છે. ॥ ૭૬૯ ॥ ૧૬/૨૫

પારાંચિક પ્રાયશ્ચિત્તના અધિકારને આશ્રયીને હવે આ વર્ણવે છે :-

आगममाई य जतो, ववहारो पंचहा विणिद्दिट्ठा ।
आगम सुय आणा धारणा य जीए य पंचमए ॥ ७७० ॥ १६/२६

छाया :- आगमादिश्च यतो व्यवहारः पञ्चधा विनिर्दिष्टः ।
आगमः श्रुतमाज्ञा धारणा च जीतं च पञ्चमकः ॥ २६ ॥

एयाणुसारतो खलु, विचित्तमेयमिह वण्णियं समए ।
आसेवणादिभेदा, तं पुण सुत्ताउ णायव्वं ॥ ७७१ ॥ १६/२७

छाया :- एतदनुसारतः खलु विचित्रमेतदिह वर्णितं समये ।
आसेवनादिभेदात् तत् पुनः सूत्रात् ज्ञातव्यम् ॥ २७ ॥

ગાથાર્થ :- કારણ કે પ્રાયશ્ચિત્તના વિષયમાં જિનેશ્વરદેવોએ આગમ વગેરે પાંચ પ્રકારનો વ્યવહાર કહ્યો છે. આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, આજ્ઞાવ્યવહાર, ધારણાવ્યવહાર અને પાંચમો જીતવ્યવહાર.

પ્રતિસેવા વગેરેના ભેદથી આ પાંચ પ્રકારના વ્યવહારના અનુસારે આગમમાં અનેક પ્રકારનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે. તે આગમમાંથી જાણી લેવું.

ટીકાર્થ :- '**आगममाई य**'= આગમ આદિ '**जतो**'= કારણકે '**ववहारो**'= વ્યવહાર '**पंचहा**'= પાંચ પ્રકારનો '**विणिद्दिट्ठो**'= કહ્યો છે. તે પાંચ પ્રકારનો વ્યવહાર કેવો છે; તે જણાવવા માટે તેના ભેદનું

વર્ણન કરે છેઃ- (૧) '**आगम**'= કેવલજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની તથા ચૌદપૂર્વધરો આગમવ્યવહારથી પ્રાયશ્ચિત્ત આપે છે તેઓ જ્ઞાની હોવાથી અપરાધી વ્યક્તિના મનના અભિપ્રાયને જ્ઞાનથી સાક્ષાત્ જાણે છે અથવા ઉપાયો વડે જાણે છે. તેના અભિપ્રાયને તેઓ જેવા હોય એવા સાચા જ જાણે છે, એમાં કદી ભૂલ થતી નથી, તેના આખા જીવનસંબંધી અપરાધને તેઓ સાક્ષાત્ પ્રત્યક્ષરૂપે દેખતા હોય છે (૨) '**सुय**'= બીજો શ્રુતવ્યવહાર છે તેઓ શ્રુતના અનુસારે પ્રાયશ્ચિત્તને આપે છે. તે શ્રુતવિષયવાળો આ શ્રુતવ્યવહાર છે. (૩) '**आणा**'= એક ગીતાર્થ અન્ય સ્થળે રહેલા ગીતાર્થની પાસે પોતાની આલોચના કરવાની હોય પણ પોતે ત્યાં જઈ શકે એમ ન હોય તો કોઈ બુદ્ધિશાળી સારી યાદશક્તિવાળા અગીતાર્થને ગૂઢ સાંકેતિક ભાષામાં પોતાના અતિચારો કહીને પેલા દૂર દેશમાં રહેલા ગીતાર્થની પાસે મોકલે. પેલા ગીતાર્થ પણ ગૂઢ ભાષામાં પ્રાયશ્ચિત્ત કહીને મોકલે, તે અગીતાર્થ ધારણાશક્તિવાળો હોવાથી બરાબર યાદ રાખીને જરાપણ ભૂલ્યા વગર તે બધું જ કહે- આ આજ્ઞાવ્યવહાર છે. (૪) '**धारणा य**'= ગીતાર્થ ગુરુએ દેશકાળને અનુસારે- દ્રવ્યાદિ, પુરુષ અને પ્રતિસેવનાને જાણીને જે અતિચારોનું જે પ્રાયશ્ચિત્ત અનેકવાર આપ્યું હોય તે શિષ્યે સાંભળ્યું હોય તેને બરાબર યાદ રાખીને શિષ્ય તેવા જ દ્રવ્યાદિમાં તેવા જ અપરાધમાં તે જ પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપે. આ ધારણાના વિષયવાળો હોવાથી ધારણાવ્યવહાર કહેવાય છે. (૫) '**जीए य पंचमए**'= પાંચમો જીત વ્યવહાર છે. પૂર્વ પુરુષોએ આચરેલો આચાર તે જીત કહેવાય છે. તે પણ આગમિક પુરુષોએ આચરેલો હોવાથી તથા અનાદિકાળથી સિદ્ધ જીતવ્યવહારની અંતર્ગત હોવાથી પ્રામાણિક જ છે. જીતવ્યવહાર વિના પાંચ વ્યવહારની સંખ્યા સંગત નહિ થાય. માટે આ પણ વ્યવહાર છે. ॥ ૭૭૦ ॥ ૧૬/૨૬

'**एयाणुसारतो**'= આ પાંચ પ્રકારના વ્યવહારને અનુસારે જ '**विचित्तमेयं**'= આ પારાંચિક અનેક પ્રકારનું '**इह**'= અહીં '**वण्णियं**'= કહ્યું છે. '**समए**'= શાસ્ત્રમાં '**आसेवणादिभेदा**'= આસેવના-આશાતનાના ભેદથી '**तं पुण**'= તે પારાંચિક પ્રાયશ્ચિત્ત '**सुत्ताउ**'= આગમમાંથી '**णायव्वं**'= જાણવું. ॥ ૭૭૧ ॥ ૧૬/૨૭

एवं च एत्थ तत्तं, असुहज्झवसाणओ हवति बंधो ।

आणाविराहणाणुगमेयं, पि य होति दट्ठव्वं ॥ ७७२ ॥ १६/२८

छाया :- एतच्चात्र तत्त्वमशुभाध्यवसानतो भवति बन्धः ।

आज्ञाविराधनानुगमिदमपि च भवति द्रष्टव्यम् ॥ २८ ॥

सुहभावा तव्विगमो, सोऽवि य आणाणुगो णिओगेण ।

पच्छित्तमेस सम्मं, विसिट्ठओ चेव विण्णेओ ॥ ७७३ ॥ १६/२९ जुम्मं ।

छाया :- शुभभावात्तद्विगमः सोऽपि च आज्ञानुगो नियोगेन ।

प्रायश्चित्तमेषः सम्यग् विशिष्टक एव विज्ञेयः ॥ २९ ॥ युग्मम् ।

गाथार्थ :- પ્રાયશ્ચિત્તના વિષયમાં આ તત્ત્વ છે કે અશુભ અધ્યવસાયથી અશુભ કર્મનો બંધ થાય છે. જિનાજ્ઞાનું પાલન ન કરવું, તેની વિરાધના કરવી એ જ અશુભ અધ્યવસાય છે.

શુભભાવથી અશુભ કર્મનો નાશ થાય છે. શુભભાવ જિનાજ્ઞાને અનુસરવાથી જ થાય છે. અર્થાત્ જે જિનાજ્ઞાનુસારી છે તે જ ભાવ શુભ છે, એ સિવાયનો ભાવ અશુભ જ છે. વિશિષ્ટ શુભભાવ જ યથાર્થ પ્રાયશ્ચિત્ત જાણવો.

टीकार्थ :- '**एवं च**'= આ '**एत्थ**'= અહીં દશ પ્રકારના પ્રાયશ્ચિત્તના અધિકારમાં '**तत्तं**'= પરમાર્થ-રહસ્ય છે. '**असुहज्झवसाणओ**'= અશુભ અધ્યવસાયથી '**हवति**'= થાય છે. '**बंधो**'= કર્મનો બંધ- દૂધ અને પાણીની જેમ પરસ્પરમાં ભળી જવાથી આત્મપ્રદેશની સાથે કર્મસ્કંધો એકમેક થઈ જાય છે તેને બંધ કહેવામા આવે છે. '**आणाविराहणाणुगं**'= ભગવાનના વચનરૂપી આજ્ઞાની વિરાધનાથી યુક્ત-વિરાધના એટલે આજ્ઞાનું પાલન નહિ કરવું તેનાથી યુક્ત '**एयं पि य**'= અશુભ અધ્યવસાય પણ '**होति दट्ठव्वं**'= હોય છે એમ જાણવું. આજ્ઞાની વિરાધના કરવી એ જ અશુભ અધ્યવસાય છે. આજ્ઞાનું પાલન કરનારને અશુભ અધ્યવસાય સંભવતો નથી એમ તાત્પર્ય છે. ॥ ૭૭૨ ॥ ૧૬/૨૮

'**सुहभावा**'= શુભ અધ્યવસાયથી '**तव्विगमो**'= કર્મનો નાશ થાય છે. '**सोऽवि य**'= તે શુભ અધ્યવસાય પણ '**आणाणुगो**'= જિનાજ્ઞાનું પાલન કરવા સ્વરૂપ છે અર્થાત્ જિનાજ્ઞાથી યુક્ત જ હોય છે. '**णिओगेण**'= નિયમા '**पच्छित्तं**'= પ્રાયશ્ચિત્ત અર્થાત્ દોષની વિશુદ્ધિના હેતુભૂત '**एस**'= આ શુભ ભાવ '**सम्मं**'= અવિપરીત '**विसिट्ठओ चेव**'= સામાન્ય નહિ પણ વિશિષ્ટ પ્રકારનો '**विण्णेओ**'= જાણવો. પ્રાયશ્ચિત્તની ક્રિયા એ શુભભાવના જ અંગરૂપ છે અથવા તે કર્મના ક્ષય માટે છે માટે તેમાં સામાન્ય શુભભાવ નહિ પણ વિશિષ્ટ પ્રકારનો શુભભાવ જોઈએ. ॥ ૭૭૩ ॥ ૧૬/૨૯

પ્રાયશ્ચિત્તમાં સામાન્ય શુભભાવથી દોષની શુદ્ધિ થતી નથી પણ વિશિષ્ટ પ્રકારનો શુભભાવ હોય તો જ દોષની શુદ્ધિ થાય છે એમ જણાવે છે :-

असुहज्झवसाणाओ, जो सुहभावो विसेसओ अहिगो ।
सो इह होति विसिट्ठो, न ओहतो समयनीतीए ॥ ७७४ ॥ १६/३०

छायाः- अशुभाध्यवसानाद् यः शुभभावो विशेषतोऽधिकः ।
स इह भवति विशिष्टो न ओघतः समयनीत्या ॥ ३० ॥

ગાથાર્થ :- અપરાધ કરતી વખતે જે અશુભભાવ હતો તેના કરતાં અધિક પ્રમાણમાં શુભભાવ થાય તે જ અહીં આગમના સિદ્ધાંત મુજબ વિશિષ્ટ શુભભાવ છે, સામાન્યમાત્ર શુભભાવ નહિ.

ટીકાર્થઃ- '**असुहज्झवसाणाओ**'= અપરાધ કરતી વખતના અશુભ અધ્યવસાયથી '**जो सुहभावो**'= તે બાદ પ્રાયશ્ચિત્ત કરતી વખતનો શુભભાવ '**विसेसओ**'= વિશેષ પ્રકારે '**अहिगो**'= દોષનો નાશ કરવા માટે સમર્થ થાય એટલો અધિક તેના પ્રતિપક્ષભૂત એવો '**सो**'= તે શુભભાવ '**इह**'= આ અધિકારમાં '**न ओहतो**'= સામાન્યથી શુભભાવ માત્ર નહિ. '**समयनीतीए**'= આગમની નીતિથી '**विसिट्ठो**'= અતિશયવાળો (= વિશિષ્ટ શુભભાવ) '**होति**'= છે. ॥ ૭૭૪ ॥ ૧૬/૩૦

એનાથી વિપરીતપણામાં દોષ જણાવે છે :-

इहरा बंभादीणं, आवस्सयकरणतो उ ओहेणं ।
पच्छित्तं ति विसुद्धी, ततो न दोसो समयसिद्धो ॥ ७७५ ॥ १६/३१

छाया :- इतरथा ब्राह्म्यादीनामावश्यककरणतस्तु ओघेन ।
प्रायश्चित्तमिति विशुद्धिस्ततो न दोषः समयसिद्धः ॥ ३१ ॥

ગાથાર્થ :- અન્યથા જો સામાન્ય શુભભાવ માત્રથી જ જો પ્રાયશ્ચિત્ત થઈ જતું હોત તો **બ્રાહ્મી** આદિને આવશ્યક(= પ્રતિક્રમણ) કરવાથી થયેલા માત્ર શુભભાવથી પ્રાયશ્ચિત્ત થઈ ગયું હોત, તેનાથી કર્મનો નાશ

થઈ ગયો હોત આમ વિશુદ્ધિ થઈ જવાથી શાસ્ત્રપ્રસિદ્ધ સ્ત્રીનામકર્મના બંધરૂપ દોષ થયો ન હોત.

ટીકાર્થ :- '**इहरा**'= અન્યથા જો સામાન્ય શુભભાવથી જ દોષની વિશુદ્ધિ થઈ જતી હોત તો '**बंभादीणं**'= **બ્રાહ્મી-સુંદરી** આદિને પૂર્વજન્મમાં '**आवस्सयकरणतो उ**'= દેવસિક આદિ પ્રતિક્રમણ કરવાથી જ '**ओहेणं**'= સામાન્યથી '**पच्छित्तं ति**'= પ્રાયશ્ચિત્ત થઈ ગયું હોત એ કારણે '**विसुद्धी**'= દોષની શુદ્ધિ થઈ ગઈ હોત. '**ततो**'= આવશ્યકરૂપ પ્રાયશ્ચિત્તથી '**समयसिद्धो**'= સ્ત્રીનામગોત્રકર્મના બંધસ્વરૂપ શાસ્ત્રપ્રસિદ્ધ '**न दोसो**'= દોષ થયો ન હોત.

શાસ્ત્રમાં **બ્રાહ્મી-સુંદરી** આદિને સ્ત્રીનામકર્મના બંધનું પ્રતિપાદન કરેલું છે તેથી જણાય છે કે સામાન્યમાત્ર શુભભાવથી દોષની વિશુદ્ધિ થતી નથી. ॥ ૭૭૫ ॥ ૧૬/૩૧

ઉપસંહાર કરતાં કહે છે :-

ता एयंमि पयत्तो, कायव्वो अप्पमत्तयाए उ।

सतिबलजोगेण तहा, संवेगविसेसजोगेण ॥ ७७६ ॥ १६/३२

छायाः- तदेतस्मिन् प्रयत्नः कर्तव्योऽप्रमत्ततया तु ।

स्मृतिबलयोगेन तथा संवेगविशेषयोगेन ॥ ३२ ॥

ગાથાર્થ :- વિશિષ્ટ શુભભાવ જ શુદ્ધિનું કારણ છે માટે અપ્રમત્તતા, નાના મોટા અતિચારોને યાદ રાખવા સંબંધી સ્મરણશક્તિ, અતિશય ભવભયરૂપ સંવેગ આ ત્રણના યોગથી વિશિષ્ટ શુભભાવ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ટીકાર્થઃ- '**ता**'= તેથી '**एयंमि**'= વિશિષ્ટ શુભભાવમાં '**पयत्तो**'= પ્રકૃષ્ટ પ્રયત્ન '**अप्पमत्तयाए उ**'= અપ્રમત્તતાથી જ '**सतिबलजोगेण**'= સ્મૃતિના સામર્થ્યના વ્યાપારથી (અપરાધોને બરાબર યાદ રાખવામાં) '**तहा**'= તથા '**संवेगविसेसजोगेण**'= અતિશય સંવેગપૂર્વક (સંવેગ વડે) '**कायव्वो**'= કરવો જોઈએ. ॥ ૭૭૬ ॥ ૧૬/૩૨

વિશિષ્ટભાવનું સંપૂર્ણપણું આ જ રીતે થાય છે એમ બતાવતાં કહે છે :-

एतेण पगारेणं, संवेगाइसयजोगतो चेव ।

अहिगयविसिट्ठभावो, तहा तहा होति नियमेणं ॥ ७७७ ॥ १६/३३

छायाः- एतेन प्रकारेण संवेगातिशययोगतश्चैव ।

अधिकृतविशिष्टभावः तथा तथा भवति नियमेन ॥ ३३ ॥

ગાથાર્થ :- આ રીતે એટલે બત્રીશમી ગાથામાં કહ્યું તેમ અપ્રમત્તતા, સ્મરણશક્તિ તથા અતિશય સંવેગથી આત્મવીર્યોલ્લાસ પ્રગટે છે અને તેનાથી દોષની વિશુદ્ધિના હેતુભૂત વિશિષ્ટ શુભભાવ અવશ્ય થાય છે.

ટીકાર્થ :- '**एतेण पगारेणं**'= ૩૨મી ગાથામાં કહેલા સ્મૃતિબળ આદિથી '**संवेगाइसयजोगतो चेव**'= અતિશય સંવેગથી જ '**अहिगयविसिट्ठभावो**'= દોષનો નાશ કરવામાં સમર્થ અધિકૃત વિશિષ્ટ ભાવ '**तहा तहा**'= તે તે પ્રકારે જીવના અતિશય વીર્યોલ્લાસથી '**होति नियमेणं**'= અવશ્યપણે થાય છે. ॥ ૭૭૭ ॥ ૧૬/૩૩

तत्तो तव्विगमो खलु, अणुबंधावणयणं व होज्जाहि ।

जं इय अपुव्वकरणं, जायति सेढी य विहियफला ॥ ७७८ ॥ १६/३४

छायाः- ततस्तद्विगमः खल्वनुबन्धापनयनं वा भवेत् ।
यदिति अपूर्वकरणं जायते श्रेणिश्च विहितफला ॥ ३४ ॥

गाथार्थ :- વિશિષ્ટ શુભભાવથી અશુભ અધ્યવસાય વડે બંધાયેલા કર્મોનો નાશ થાય જ છે. અથવા કર્મોનો સર્વથા નાશ ન થાય તો તેના અનુબંધનો વિચ્છેદ થાય છે. કારણકે વિશિષ્ટ શુભભાવથી અપૂર્વકરણ નામનું આઠમું ગુણસ્થાનક તથા સિદ્ધાંતમાં જેના ફળનું વર્ણન કર્યું છે તેવી ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ થાય છે.

ટીકાર્થ :- '**तत्तो**'= શુભ ભાવથી '**तव्विगमो खलु**'= અશુભ અધ્યવસાયથી થયેલો કર્મબંધનો નાશ જ થાય. '**अणुबंधावणयणं व होज्जाहि**'= અથવા શુભભાવથી કદાચ કર્મનો સર્વથા નાશ ન થાય તો તેના અનુબંધનો વિચ્છેદ થાય છે. '**जं**'= કારણ કે '**इय**'= આ પ્રમાણે જ '**अपुव्वकरणं**'= શ્રેણિની અન્તર્ગત આઠમું અપૂર્વકરણ નામનું ગુણસ્થાનક '**विहियफला**'= તથા શાસ્ત્રમાં વર્ણવેલા ફળવાળી '**सेढी य**'= ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ '**जायति**'= પ્રાપ્ત થાય છે.

કર્મનો ક્ષય અને સર્વકર્મના અનુબંધના વ્યવચ્છેદ દ્વારા અપૂર્વકરણ નામનું આઠમું ગુણઠાણું તથા ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિની સાધકોને પ્રાપ્તિ થાય છે. ॥ ૭૭૮ ॥ ૧૬/૩૪

एवं निकाइयाण वि, कम्माणं भणियमेत्थ खवणं ति ।

तं पि य जुज्जइ एवं, तु भावियव्वं अतो एयं ॥ ७७९ ॥१६/३५

छाया :- एवं निकाचितानामपि कर्मणां भणितमत्र क्षपणमिति ।

तदपि च युज्यत एवं तु भावयितव्यमत एतत् ॥ ३५ ॥

गाथार्थ :- આમ હોવાથી શ્રેણિમાં નિકાચિત કર્મોનો ક્ષય થાય છે એમ જે કહ્યું છે તે પણ આ રીતે શુભભાવથી જ ઘટે છે. વિશિષ્ટ શુભભાવ વગર બીજા કોઈથી કર્મનો ક્ષય થાય જ નહિ. આથી શુભભાવ વડે જ પ્રાયશ્ચિત્ત દોષોની શુદ્ધિ કરે છે એમ વિચારવું.

ટીકાર્થ :- '**एवं**'= આમ હોવાથી અર્થાત્ વિશિષ્ટ શુભભાવથી અપૂર્વકરણ ગુણસ્થાનક અને શ્રેણિની પ્રાપ્તિ થતી હોવાથી '**निकाइयाण वि कम्माणं**'= નિકાચિત અવસ્થામાં રહેલા જ્ઞાનાવરણીય આદિ કર્મોની '**भणियं**'= કહી છે. '**एत्थ**'= શ્રેણિમાં '**खवणं ति**'= ક્ષપણા- ગાથામાં '**यद्**' શબ્દનો પ્રયોગ નથી કર્યો પણ તેનો અર્થ સમજી લેવાનો છે '**यद्**'= જે '**तं पिय**'= તે ક્ષપણા પણ '**जुज्जइ**'= ઘટે છે. '**एवं तु**'= શ્રેણિમાં ભાવની જ મુખ્યતા હોય છે. અપૂર્વકરણાદિ ગુણસ્થાનકોમાં જે નિકાચિત કર્મોની ક્ષપણા કહી છે તે તેવા પ્રકારના શુભભાવ સિવાય બીજા કોઈથી થતી નથી. આમ કર્મક્ષયનું કારણ હોવાથી તે શુભભાવ જ કરવા યોગ્ય છે એમ જાણવું. '**अतो**'= આ શુભભાવના કારણે જ '**एयं**'= આ પ્રાયશ્ચિત્તથી દોષની શુદ્ધિ થાય છે એમ '**भावियव्वं**'= વિચારવું.

વિશિષ્ટ પ્રકારના શુભભાવ સિવાય પ્રાયશ્ચિત્ત પણ દોષની શુદ્ધિરૂપ પોતાનું કાર્ય કરતું નથી માટે કલ્યાણના અર્થીએ શુભભાવનો જ આશ્રય કરવા યોગ્ય છે. કારણ કે વિશિષ્ટ શુભભાવથી યુક્ત હોય

તો જ પ્રાયશ્ચિત્તનું અનુષ્ઠાન પણ દોષની વિશુદ્ધિસ્વરૂપ પોતાના ફળ (= કાર્ય)ને સાધે છે ॥ ૭૭૯ ॥ ૧૬/૩૫

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે.

विहियाणुट्ठाणंमी, एत्थं आलोयणादि जं भणियं ।

तं कह पायच्छित्तं, दोसाभावेण तस्स त्ति ? ॥ ७८० ॥ १६/३६

છાયા :- विहितानुष्ठानेऽत्रालोचनादि यद्भणितम् ।
तत्कथं प्रायश्चित्तं दोषाभावेन तस्येति ? ॥ ३६ ॥

अह तं पि सदोसं चिय, तस्स विहाणं तु कह णु समयम्मि? ।
न य नो पायच्छित्तं, इमं पि तह कित्तणाओ उ ॥ ७८१ ॥ १६/३७ जुम्मं ।

છાયા :- अथ तदपि सदोषमेव तस्य विधानं तु कथं नु समये? ।
न च नो प्रायश्चित्तं इदमपि तथाकीर्तनात्तु ॥ ३७ ॥ युग्मम् ।

ગાથાર્થ :- પ્રાયશ્ચિત્તના અધિકારમાં ચૈત્યવંદન આદિ વિહિત અનુષ્ઠાનોમાં જે આલોચના - પ્રતિક્રમણ આદિ પ્રાયશ્ચિત્તો કહ્યા છે તે શા માટે ? કારણ કે તે વિહિત અનુષ્ઠાનો નિર્દોષ હોય છે તો તેમાં પ્રાયશ્ચિત્તની શી જરૂર છે ?

હવે વિહિત અનુષ્ઠાનો કરવામાં પણ દોષ લાગતો હોય તો શાસ્ત્રમાં તે અનુષ્ઠાનો કરવાનું વિધાન શા માટે કરવામાં આવ્યું છે ? હવે વિહિત અનુષ્ઠાનો નિર્દોષ જ છે અને તેમાં આલોચના, ઈરિયાવહિયા પડિક્કમવા વગેરે જે કરાય છે તે પ્રાયશ્ચિત્તરૂપે નથી કરાતા એમ પણ કહેવું યોગ્ય નથી કારણ કે શાસ્ત્રમાં આલોચના આદિનું પ્રાયશ્ચિત્તરૂપે જ પ્રતિપાદન કરાયું છે.

ટીકાર્થ :- '**विहियाणुट्ठाणंमी**'= ચૈત્યવંદન સાધર્મિક વંદના આદિમાં '**एत्थं**'= આ પ્રાયશ્ચિત્તના અધિકારમાં '**आलोयणादि**'= આલોચના આદિ- 'આદિ' શબ્દથી ઈરિયાવહિયા પડિક્કમવાનું ગ્રહણ થાય છે. '**जं भणियं**'= જે કહ્યું છે '**तं**'= તો '**दोसाभावेण**'= દોષરહિત નિર્દોષપણું હોવાથી '**तस्स त्ति**'= ચૈત્યવંદનાદિ વિહિત અનુષ્ઠાનનું '**कह पायच्छित्तं**'= પ્રાયશ્ચિત્ત શા માટે ? ॥ ૭૮૦ ॥ ૧૬/૩૬

'**अह**'= હવે '**तं पि**'= વિહિત અનુષ્ઠાન પણ '**सदोसं चिय**'= અપરાધવાળા જ છે તો '**तस्स**'= તે વિહિત અનુષ્ઠાનોનું '**विहाणं तु**'= વિધાન અર્થાત્ કર્તવ્ય તરીકે ઉપદેશ '**कह णु समयम्मि?**'= શાસ્ત્રમાં શા માટે કરવામાં આવે? અર્થાત્ સદોષ અનુષ્ઠાનો જે હોય તેને કરવાનો ઉપદેશ શાસ્ત્રમાં કદી આપે નહિ. '**इमं पि**'= આલોચના આદિ '**तह कित्तणाओ उ**'= શાસ્ત્રમાં તેનું પ્રાયશ્ચિત્ત તરીકે જ પ્રતિપાદન કરેલું હોવાથી '**न य नो पायच्छित्तं**'= પ્રાયશ્ચિત્ત નથી એમ નહિ. અર્થાત્ પ્રાયશ્ચિત્ત જ છે ॥ ૭૮૧ ॥ ૧૬/૩૭.

શિષ્યના આ પ્રશ્નનો આચાર્ય ભગવંત પ્રત્યુત્તર આપે છે :-

भण्णइ पायच्छित्तं, विहियाणुट्ठाणगोयरं चेयं ।
तत्थ वि य किंतु सुहुमा, विराहणा अत्थि तीऍ इमं ॥ ७८२ ॥ १६/३८

છાયા :- भण्यते प्रायश्चित्तं विहितानुष्ठानगोचरं चैतत् ।
तत्रापि च किन्तु सूक्ष्मा विराधनाऽस्ति तस्येदम् ॥ ३८ ॥

ગાથાર્થ :- આચાર્ય ભગવંત દ્વારા ઉત્તર અપાય છે, કે આલોચના આદિ પ્રાયશ્ચિત્ત જ છે અને તે વિહિત અનુષ્ઠાનના વિષયવાળું જ છે, આ વાત સત્ય છે, પણ આગમોક્ત ક્રિયામાં પણ જે સૂક્ષ્મ વિરાધના થાય છે તેની શુદ્ધિ માટે આલોચનાદિ પ્રાયશ્ચિત્ત છે.

ટીકાર્થ :- '**भण्णइ**'= અહીં ઉત્તર અપાય છે. '**पायच्छित्तं विहियाणुट्ठाणगोयरं च**'= પ્રાયશ્ચિત્ત છે અને તે વિહિત અનુષ્ઠાનના વિષયવાળું છે. '**एयं**'= આલોચના આદિ- આ તમારી વાત સત્ય છે. પરંતુ '**तत्थ वि यं**'= વિહિત અનુષ્ઠાનમાં પણ '**किंतु**'= પણ '**सुहुमा विराहणा**'= ઈર્યાપથસ્વરૂપ અલ્પ વિરાધના '**अत्थि**'= થાય છે '**तीए**'= તે સૂક્ષ્મ વિરાધનામાં '**इमं**'= આ આલોચનાદિ પ્રાયશ્ચિત્ત છે. તાત્પર્ય એ છે કે અનુષ્ઠાનો સ્વરૂપે શુદ્ધ છે એટલે અનુષ્ઠાનો કરવા સંબંધ પ્રાયશ્ચિત્ત નથી પણ તેમાં જે સૂક્ષ્મ વિરાધના થાય છે એ સંબંધી પ્રાયશ્ચિત્ત હોય છે. ॥ ૭૮૨ ॥૧૬/૩૮

આ જ વાતને આગમથી દૃઢ કરાવે છે :-

सव्वावत्थासु जओ, पायं बंधो भवत्थजीवाणं ।
भणितो विचित्तभेदो, पुव्वायरिया तहा चाहू ॥ ७८३ ॥ १६/३९

छायाः- सर्वावस्थासु यतः प्रायो बन्धो भवस्थजीवानाम् ।
भणितो विचित्रभेदः पूर्वाचार्यास्तथा चाहुः ॥ ३९ ॥

ગાથાર્થ :- કારણ કે સંસારી જીવોને સરાગ-વીતરાગ આદિ સર્વ અવસ્થામાં પ્રાયઃ અનેક પ્રકારનો કર્મબંધ કહ્યો છે. આ પ્રમાણે પૂર્વાચાર્યો કહે છે.

ટીકાર્થઃ- '**सव्वावत्थासु**'= સરાગ-વીતરાગ આદિની ચેષ્ટાસ્વરૂપ સર્વ અવસ્થાઓમાં '**जओ**'= કારણકે '**पायं**'= ઘણું કરીને '**बंधो**'= સામાન્યથી કર્મબંધ '**भवत्थजीवाणं**'= સંસારમાં રહેલા સંસારી જીવોને- અયોગીકેવલી અવસ્થામાં (=૧૪મા ગુણઠાણે) કર્મબંધ નથી હોતો માટે 'પ્રાયઃ' શબ્દ લખ્યો છે. તે સંસારી છે પણ તેમને કર્મબંધ હોતો નથી. '**भणितो**'= કહ્યો છે. '**विचित्तभेदो**'= વિવિધ પ્રકારનો '**पुव्वायरिया**'= પૂર્વાચાર્યો '**तहा** = તે પ્રમાણે '**चाहू**'= કહે છે. ॥ ૭૮૩ ॥ ૧૬/૩૯.

सत्तविहबंधगा होंति पाणिणो आउवज्जियाणं तु ।
तह सुहुमसंपराया, छव्विहबंधा विणिद्दिट्ठा ॥ ७८४ ॥ १६/४०

छायाः- सप्तविधबन्धका भवन्ति प्राणिन आयुर्वर्जितानां तु ।
तथा सूक्ष्मसम्पराया: षड्विधबन्धा विनिर्दिष्टाः ॥ ४० ॥

मोहाउयवज्जाणं, पगडीणं ते उ बंधगा भणिता ।
उवसंतखीणमोहा, केवलिणो एगविहबंधा ॥ ७८५ ॥ १६/४१

छाया :- मोहायुर्वर्जानां प्रकृतीनां ते तु बन्धका भणिताः ।
उपशान्तक्षीणमोहाः केवलिन एकविधबन्धाः ॥ ४१ ॥

ते पुण दुसमयट्ठितियस्स बंधगा न पुण संपरायस्स ।
सेलेसीपडिवण्णा, अबंधगा होंति विण्णेया ॥ ७८६ ॥ १६/४२

छायाः- ते पुनर्द्विसमयस्थितिकस्य बन्धका न पुनः सम्परायस्य ।
शैलेशीप्रतिपन्ना अबन्धका भवन्ति विज्ञेयाः ॥ ४२ ॥

अपमत्तसंजयाणं, बंधठिती होति अट्ठ उ मुहुत्ता ।
उक्कोसेण जहण्णा, भिण्णमुहुत्तं तु विण्णेया ॥ ७८७ ॥ १६/४३

छाया :- अप्रमत्तसंयतानां बन्धस्थितिर्भवत्यष्ट तु मुहूर्त्तान् ।
उत्कर्षेण जघन्या भिन्नमुहूर्त्तं तु विज्ञेया ॥ ४३ ॥

जे उ पमत्ताणाउट्टियाएँ बंधंति तेसि बंधठिती ।
संवच्छराणि अट्ठ उ, उक्कोसियरा मुहुत्तंतो ॥ ७८८ ॥ १६/४४ पंचगं ।

छायाः- ये तु प्रमत्ता अनाकुट्टिकया बध्नन्ति तेषां बन्धस्थितिः ।
संवत्सरान् अष्ट तु उत्कर्षेतरा मुहूर्त्तान्तः ॥ ४४ ॥ पञ्चकम् ।

गाथार्थ :- નવ ગુણસ્થાનક સુધીના જીવો આયુષ્યકર્મનો બંધ જ્યારે ન કરતા હોય ત્યારે સાત મૂળકર્મને બાંધતા હોય છે. દશમા સૂક્ષ્મસંપરાય ગુણઠાણે છ મૂળકર્મ બાંધે છે એમ કહ્યું છે.

તેઓ મોહનીય અને આયુષ્યકર્મ સિવાયના છ મૂળકર્મને બાંધે છે. ઉપશાંતમોહ (= ૧૧મા ગુણઠાણે), ક્ષીણમોહ (= ૧૨મા ગુણઠાણે)અને કેવલી (= સયોગી કેવલી-૧૩મા ગુણઠાણે) મૂળકર્મ એક માત્ર શાતાવેદનીય જ બાંધતા હોય છે.

તેઓ શાતાવેદનીયની માત્ર બે સમયની જ સ્થિતિ બાંધે છે. તેમને આ બંધ યોગપ્રત્યયિક હોય છે. તેમને કષાયનો ઉદય ન હોવાથી સાંપરાયિક (=કષાયપ્રત્યયિક)બંધ નથી હોતો. ૧૪મા ગુણઠાણે શૈલેશી અવસ્થામાં કર્મનો બંધ હોતો નથી.

અપ્રમત્તસંયતોને ઉત્કૃષ્ટ બંધસ્થિતિ આઠ મુહૂર્તની હોય છે અને જઘન્ય બંધસ્થિતિ અંતર્મુહૂર્તની જાણવી.

જે પ્રમત્ત સંયતો ઈરાદા વગર પ્રાણાતિપાત આદિ કરે છે તેમની ઉત્કૃષ્ટથી આઠ વર્ષની અને જઘન્યથી અંતર્મુહૂર્તની સ્થિતિ બંધાય છે.

ટીકાર્થઃ- '**सत्तविहबंधगा**'= સાત મૂળકર્મને બાંધનારા '**होंति**'= હોય છે. '**पाणिणो**'= પ્રાણીઓ '**आउवज्जियाणं तु**'= આયુષ્ય સિવાયની- અહીં '**प्रकृतीनाम्**' "પ્રકૃતિઓને" એ અધ્યાહાર સમજવાનું છે. '**तहा**'= તથા '**सुहुमसंपराया**'= દશમા સૂક્ષ્મસંપરાય ગુણઠાણે રહેલા જીવો '**छव्विहबंधा**'= છ મૂળકર્મને બાંધનારા '**विणिद्दिट्ठा**'= કહ્યા છે. ॥ ૭૮૪ ॥ ૧૬/૪૦

'**मोहाउयवज्जाणं**'= મોહનીય અને આયુષ્યકર્મ સિવાયની '**पगडीणं**'= કર્મપ્રકૃતિના '**ते उ**'= તે સૂક્ષ્મસંપરાય ગુણઠાણવાળા જીવો '**बंधगा**'= બંધક '**भणिता**'= કહ્યા છે. '**उवसंतखीणमोहा केवलिणो**'= ઉપશાંતમોહ (=૧૧મા ગુણઠાણે) ક્ષીણમોહ (=૧૨મા ગુણઠાણે) અને કેવલી (=૧૩મા ગુણઠાણે) આ ત્રણે ય પણ '**एगविहबंधा**'= શાતાવેદનીય એક જ કર્મને બાંધે છે. ॥ ૭૮૫ ॥ ૧૬/૪૧

'**ते पुण**'= તે ત્રણે ય પણ '**दुसमयट्ठितियस्स**'= ઈર્યાપથનિમિત્તે બે સમયની સ્થિતિવાળી શાતાવેદનીયને

જ '**बंधगा**'= બાંધનારા હોય છે. '**न पुण संपरायस्स**'= સંસારના કારણભૂત કષાયપ્રત્યયિક બંધ કરતા નથી માત્ર યોગપ્રત્યયિક જ બંધ કરે છે, '**सेलेसीपडिवण्णा**'= શૈલેશી અવસ્થામાં (=૧૪મા ગુણઠાણે) રહેલા '**अबंधगा होंति विण्णेया**'= કર્મને બાંધતા નથી એમ જાણવું. ॥ ૭૮૬ ॥ ૧૬/૪૨

'**अपमत्तसंजयाणं**'= અપ્રમત્ત સાધુઓને '**बंधठिती**'= કર્મબંધની સ્થિતિ '**अट्ठ उ मुहुत्ता**'= બે નાલિકા પ્રમાણ આઠ મુહૂર્ત્તની '**उक्कोसेण**'= ઉત્કૃષ્ટથી '**जहण्णा**'= જઘન્યથી '**भिण्णमुहुत्तं तु**'= અંતર્મુહૂર્ત્તની '**विण्णेया**'= જાણવી. આ બંધસ્થિતિ અપ્રમત્તવિશેષને આશ્રયીને જાણવી. કોઈ અપ્રમત્તમુનિ શાતાવેદનીય બાંધતો ન હોય તેને પ્રાણાતિપાત આદિમાં આ પ્રમાણેની સ્થિતિ શાસ્ત્રમાં કહી છે. કારણકે અપ્રમાદમાં ઘણી વિવિધતા હોય છે. ॥ ૭૮૭ ॥ ૧૬/૪૩ ।

'**जे उ पमत्ता**'= જે પ્રમત્તસંયતો '**अणाउट्टियाएँ**'= અનાકુટ્ટીથી (ઇરાદાપૂર્વક ન કરતાં હોય) '**बंधंति**'= પ્રાણાતિપાત આદિથી કર્મ બાંધે છે. '**तेसि**'= તે પ્રમત્તસંયતોની '**बंधठिती**'= શાતાવેદનીય બંધસ્થિતિ '**संवच्छराणि**'= બાર માસ પ્રમાણ વર્ષો '**अट्ठ उ**'= આઠની જ '**उक्कोसियरा**'= ઉત્કૃષ્ટ અને જઘન્ય '**मुहुत्तंतो**'= અંતર્મુહૂર્ત્ત પ્રમાણ ॥ ૭૮૮ ॥ ૧૬/૪૪

હવે ચાલુ અધિકારમાં આની યોજના કરે છેઃ-

ता एवं चिय एयं, विहियाणुट्ठाणमेत्थ हवइ त्ति ।

कम्माणुबंधछेयणमणहं आलोयणादिजुयं ॥ ७८९ ॥ १६/४५

छाया :- तस्मादेवमेव एतद्विहितानुष्ठानमत्र भवतीति ।
कर्मानुबन्धछेदनमनघमालोचनादियुतम् ॥ ४५ ॥

ગાથાર્થ :- સર્વ અવસ્થામાં કર્મબંધ છે તેથી વિરાધનાની શુદ્ધિ કરવી જરૂરી હોવાથી અહીંયા આલોચનાદિ પ્રાયશ્ચિત્ત સહિત આગમોક્ત અનુષ્ઠાનો કર્મના અનુબંધને છેદનારા અને નિર્દોષ બને છે.

ટીકાર્થ :- '**ता**'= તેથી '**एवं चिय**'= સૂક્ષ્મવિરાધનાનો સંભવ હોવાથી '**एयं**'= પ્રાયશ્ચિત્ત '**विहियाणुट्ठाणं**'= વિહિત અનુષ્ઠાન '**एत्थ**'= આ અધિકારમાં '**कम्माणुबंधछेयणं**'= કર્મના અનુબંધને છેદનાર '**अणहं**'= નિર્દોષ '**आलोयणादिजुयं**'= આલોચનાદિથી યુક્ત '**हवइ त्ति**'= થાય છે.

ચૈત્યવંદન :- સાધર્મિકવંદન આદિ વિહિતઅનુષ્ઠાનના વિષયવાળું હોવાથી વિહિત અનુષ્ઠાન આલોચનાદિને યોગ્ય જ છે એમ કહ્યું. ॥ ૭૮૯ ॥ ૧૬/૪૫

તેમાં પ્રાયશ્ચિત્તપણાના અભાવની આશંકા કરતો વાદી અને તે આશંકાને દૂર કરતાં આચાર્ય ભગવંત આ પ્રમાણે કહે છેઃ-

विहिताणुट्ठाणत्तं, तस्स वि एवं ति ता कहं एयं ।

पच्छित्तं णणु ! भण्णति, समयंमि तहा विहाणाओ ॥ ७९० ॥ १६/४६

छायाः- विहितानुष्ठानत्वं तस्याप्येवमिति तत्कथमेतत् ।
प्रायश्चित्तं ननु ! भण्यते समये तथा विधानात् ॥ ४६ ॥

ગાથાર્થ :- વાદી આશંકા કરે છે કે આ પ્રમાણે તો આલોચનાદિ પ્રાયશ્ચિત્તનું પણ વિહિત અનુષ્ઠાનપણું

થાય છે. તો પછી તેને પ્રાયશ્ચિત્ત કેવી રીતે કહેવાય ? આચાર્ય ભગવંત પ્રત્યુત્તર આપે છે કે શાસ્ત્રમાં આલોચનાદિને પ્રાયશ્ચિત્ત તરીકે વર્ણવેલું હોવાથી તે પ્રાયશ્ચિત્ત છે.

ટીકાર્થ :- '**विहिताणुट्ठाणत्तं**'= વિહિત અનુષ્ઠાનપણું છે '**तस्स वि**'= તે આલોચના આદિનું '**एवं ति**'= ઉપર કહ્યા પ્રમાણે '**ता**'= તેથી '**कहं**'= કયા પ્રકારે? '**एयं**'= આલોચના આદિનું '**पच्छित्तं**'= પ્રાયશ્ચિત્ત '**णणु**'= વાદીનો મત ખોટો છે, એમ અક્ષમા અર્થમાં આ શબ્દ છે. '**भण्णति**'= આચાર્ય ભગવંત પ્રત્યુત્તર આપે છે. '**समयंमि**'= શાસ્ત્રમાં '**तहा**'= આલોચના આદિને પ્રાયશ્ચિત્ત તરીકે '**विहाणाओ**'= કહેલા હોવાથી ॥ ૭૯૦ ॥ ૧૬/૪૬

આ જ વાતની વિચારણા કરે છે :-

विहियाणुट्ठाणं चिय, पायच्छित्तं तदण्णहा न भवे ।
समए अभिहाणाओ, इट्ठत्थपसाहगं नियमा ॥ ७९१ ॥ १६/४७

છાયા :-विहितानुष्ठानमेव प्रायश्चित्तं तदन्यथा न भवेत् ।
समये अभिधानाद् इष्टार्थप्रसाधकं नियमात् ॥ ४७ ॥

ગાથાર્થ :- શાસ્ત્રમાં કહેલું હોવાથી પ્રાયશ્ચિત્ત એ વિહિત અનુષ્ઠાન જ છે. જો તે વિહિત અનુષ્ઠાન ન હોત તો દોષની વિશુદ્ધિસ્વરૂપ ઈષ્ટાર્થને સાધક ન હોત. અથવા બીજો અર્થ-શાસ્ત્રમાં કહેલું હોવાથી પ્રાયશ્ચિત્ત એ નિયમા ઈષ્ટાર્થનું સાધક જ છે જો તે ઈષ્ટાર્થનું સાધક ન હોત તો તે વિહિત અનુષ્ઠાન ન હોત.

ટીકાર્થ:- '**विहियाणुट्ठाणं चिय**'= શાસ્ત્રોક્ત અનુષ્ઠાન જ છે. '**पायच्छित्तं**'= પ્રાયશ્ચિત્ત. '**तद**'= તે પ્રાયશ્ચિત્ત '**अण्णहा**'= જો વિહિત અનુષ્ઠાન ન હોત તો '**न भवे**'= સંભવે નહિ. '**समए अभिहाणाओ**'= શાસ્ત્રમાં કહેલું હોવાથી- આ હેતુ છે. '**इट्ठत्थपसाहगं**'= ઈષ્ટફળને આપનાર '**नियमा**'= અવશ્ય.

અથવા બીજો અર્થ:- '**समये अभिहाणाओ**'= શાસ્ત્રમાં કહેલું હોવાથી '**इट्ठत्थवसाहगं**'= ઈષ્ટ ફળને આપનાર છે. '**नियमा**'= અવશ્ય, આ અર્થની અપેક્ષાએ પણ પ્રાયશ્ચિત્ત એ વિહિત અનુષ્ઠાનરૂપ જ છે. ॥ ૭૯૧ ॥૧૬/૪૭

હવે સાધુના બધાં જ અનુષ્ઠાનો એ વિવક્ષાથી પ્રાયશ્ચિત્તરૂપ જ છે એમ પ્રતિપાદન કરે છે :-

सव्वा वि य पव्वज्जा, पायच्छित्तं भवंतरकडाणं हवइ त्ति'= થાય છે.
पावाणं कम्माणं, ता एत्थं नत्थि दोसो त्ति ॥ ७९२ ॥ १६/४८

છાયા:- सर्वापि च प्रव्रज्या प्रायश्चित्तं भवान्तरकृतानाम् ।
पापानां कर्मणां तदत्र नास्ति दोष इति ॥ ४८ ॥

ગાથાર્થ :- માત્ર પ્રાયશ્ચિત્ત જ શું કામ ? સંપૂર્ણ જ દીક્ષા ભવાંતરમાં કરેલાં પાપકર્મોનું પ્રાયશ્ચિત્ત છે, શુદ્ધિનું કારણ છે. આથી પ્રાયશ્ચિત્તરૂપે વિહિત અનુષ્ઠાનને માનવામાં દોષ નથી.

ટીકાર્થ:- '**सव्वा वि य**'= સમગ્ર પણ '**पवज्जा**'= ભાગવતી દીક્ષા-ધર્મવ્યાપારને આશ્રયીને '**पायच्छित्तं**'= વિશુદ્ધિનું કારણ છે. '**भवंतरकडाणं**'= પૂર્વજન્મોમાં કરેલા '**पावाणं कम्माणं**'= જ્ઞાનાવરણીય આદિ અશુભકર્મોની '**ता**'= તેથી '**एत्थं**'= વિહિતઅનુષ્ઠાનને પ્રાયશ્ચિત્ત તરીકે માનવામાં '**नत्थि दोसो त्ति**'= કોઈ દોષ નથી ॥ ૭૯૨ ॥ ૧૬/૪૮

પ્રાયશ્ચિત્ત સમ્યગ્ રીતે આચર્યું છે એનું લિંગ શું છે :-

चिण्णस्स णवरि लिंगं, इमस्स पाएण अकरणं तस्स ।
दोसस्स तहा अण्णे, नियमं परिसुद्धए बिंति ॥ ७९३ ॥ १६/४९

छायाः- चीर्णस्य केवलं लिङ्गमस्य प्रायेण अकरणं तस्य ।
दोषस्य तथा अन्ये नियमं परिशुद्धके ब्रुवते ॥ ४९ ॥

ગાથાર્થઃ- જે દોષનું પ્રાયશ્ચિત્ત કર્યું હોય એ દોષ ફરીથી પ્રાયઃ સેવવો નહિ એ પ્રાયશ્ચિત્ત સમ્યગ્ કર્યાનું લિંગ છે. કેટલાંક આચાર્યો જે દોષનું સેવન કર્યું હોય એ દોષની વિશુદ્ધિ માટે સંસારપર્યંત તે દોષને ન કરવારૂપ અકરણનિયમને શુદ્ધ પ્રાયશ્ચિત્ત કહે છે.

ટીકાર્થઃ- '**चिण्णस्स**'= સમ્યગ્ આચરેલો '**णवरि**'= ફક્ત '**लिंगं**'= લક્ષણ '**इमस्स**'= આ પ્રાયશ્ચિત્તનું '**पाएण**'= ઘણું કરીને '**अकरणं**'= ન કરવો તે છે. '**तस्स दोसस्स**'= તે પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષને '**तहा अण्णे**'= તથા સૂક્ષ્મબુદ્ધિવાળા બીજા આચાર્યો '**नियमं**'= અકરણનિયમને- જેમ ગ્રંથિભેદ સંસારમાં એક જ વખત થાય છે તેમ હવે સંસારપર્યંત ફરીથી આ દોષને નહિ કરવારૂપ અકરણનિયમને '**परिसुद्धए**'= દોષની વિશુદ્ધિ માટે '**बिंति**'= કહે છે. ॥ ૭૯૩ ॥ ૧૬/૪૯

આ સૂક્ષ્મબુદ્ધિવાળા બીજાનો મત સંગત જ છે તે કહે છે :-

निच्छयणएण संजमठाणापातंमि जुज्झति इमं पि ।
तह चेव पयट्टाणं, भवविरहपराणं साहूणं ॥ ७९४ ॥ १६/५०

छाया :- निश्चयनयेन संयमस्थानापाते युज्यते इदमपि ।
तथा चैव प्रवृत्तानां भवविरहपराणां साधूनाम् ॥ ५० ॥

ગાથાર્થ :- નિશ્ચયનયના મતે સંસારનો ઉચ્છેદ કરવામાં તત્પર તથા દેવગતિમાં પણ સંયમથી ભાવિતાત્મારૂપે જ પ્રવૃત્તિ કરનારા સાધુઓને અવ્યક્તભાવ સામાયિકમાંથી પતન થતું ન હોવાથી આ સૂક્ષ્મબુદ્ધિવાળા આચાર્યોનો મત પણ ઘટે જ છે.

ટીકાર્થ :- '**निच्छयणएण**'= નિશ્ચયનયના મતે '**संजमठाणायातंमि**'= દેવગતિમાં પણ તેવા પ્રકારનું અવ્યક્તભાવનું સામાયિક હોવાથી, અર્થાત્ તેનો પ્રતિપાત ન થવાથી '**इमं पि**'= સૂક્ષ્મબુદ્ધિવાળાનો મત '**तह चेव**'= સામાયિકભાવથી ભાવિતપણે '**पयट्टाणं**'= પ્રવૃત્તિને કરનારા '**भवविरहयराणं**'= સંસારનો ઉચ્છેદ કરવામાં તત્પર '**साहूणं**'= સાધુઓને '**जुज्झति**'= સુસંગત જ છે.

સાધુઓ સાધુધર્મથી એટલા ભાવિત થયેલા હોય છે કે એના સંસ્કારો દેવગતિમાં પણ હાજર હોવાથી ત્યાં પણ સ્વરૂપથી સુંદર જ પ્રવૃત્તિ કરે છે, તેમનાથી ખરાબ પ્રવૃત્તિ થતી જ નથી. ॥ ૭૯૪ ॥ ૧૬/૫૦.

॥ સોળમું પ્રાયશ્ચિત્તવિધિ પ્રકરણ નામનું પંચાશક સમાપ્ત થયું. ॥

• • •

॥ सप्तदशं स्थिताऽस्थितकल्पं- पञ्चाशकम् ॥

પૂર્વોક્ત પ્રાયશ્ચિત્તથી વિશુદ્ધ સાધુઓના સ્થિતાદિકલ્પનું પ્રતિપાદન કરવા કહે છે :-

नमिऊण महावीर ठियादिकप्पं समासओ वोच्छं ।
पुरिमेयरमज्झिमजिणविभागतो वयणनीतीए ॥७९५॥१७/१

છાયા :- नत्वा महावीरं स्थितादिकल्पं समासतो वक्ष्ये ।
पूर्वेतर-मध्यम-जिनविभागतो वचननीत्या ॥ १ ॥

ગાથાર્થ :- શ્રી મહાવીરસ્વામીને પ્રણામ કરીને પહેલા-છેલ્લા અને મધ્યના બાવીશ જિનોના વિભાગને આશ્રયીને સ્થિતાસ્થિતકલ્પને આગમની નીતિથી સંક્ષેપથી કહીશ.

ટીકાર્થ :- '**नमिऊण**'= નમસ્કાર કરીને '**महावीरं**'= **મહાવીરસ્વામી**ને- આ નામ તેમનું દેવતાએ પાડેલું છે, આગમમાં પ્રસિદ્ધ છે. '**ठियादिकप्पं**'= દશપ્રકારના સ્થાનના વિષયવાળા સ્થિતાસ્થિતકલ્પને '**समासओ**'= સંક્ષેપથી '**पुरिमेयरमज्झिमजिणविभागतो**'= પહેલા અને છેલ્લા જિનના સાધુઓનો સ્થિતકલ્પ અને મધ્યના બાવીશ તીર્થંકરનો અસ્થિત કલ્પ એમ વિભાગ વડે '**वयणनीतीए**'= આગમમાં કહેલી નીતિથી '**वोच्छं**'= કહીશ. ॥ ૭૯૫ ॥ ૧૭/૧

તેમાં સ્થિતકલ્પ પ્રથમ હોવાથી તેનું પ્રતિપાદન કરવા કહે છે :-

दसहोहओ उ कप्पो, एसो उ पुरिमेयराण ठियकप्पो ।
सययासेवणभावा, ठियकप्पो णिच्चमज्जाया ॥७९६॥१७/२

છાયા :- दशधौघतस्तु कल्प एषस्तु पूर्वेतराणां स्थितकल्पः ।
सततासेवनभावात् स्थितकल्पो नित्यमर्यादा ॥ २ ॥

ગાથાર્થ :- કલ્પના સામાન્યથી આચેલક્ય વગેરે દશ પ્રકાર છે, પહેલાં અને છેલ્લાં જિનના સાધુઓને આશ્રયીને દશ પ્રકારનો આ કલ્પ સ્થિતકલ્પ કહેવાય છે. કારણકે તેમને એનું આચરણ સદા કરવાનું હોય છે. આગમમાં જે પુષ્ટ આલંબનો કહ્યાં છે તે સિવાય તેમને આ કલ્પનું ઉલ્લંઘન કરવાનું હોતું નથી આથી તેમના માટે એ નિત્યમર્યાદારૂપ છે. પુષ્ટ આલંબને તો તેઓ જેમાં વધારે લાભ હોય એનું આચરણ કરે છે.

ટીકાર્થ :- '**दसहा**'= દશ પ્રકારનો '**ओहओ**'= સામાન્યથી '**कप्पो**'= વ્યવસ્થારૂપ આચાર છે. '**एसो उ**'= આ દશ પ્રકારનો કલ્પ '**पुरिमेयराण**'= પ્રથમ અને ચરમ જિનના સાધુઓનો '**ठियकप्पो**'= સ્થિતકલ્પ છે. '**सययासेवणभावा**'= તેમને તે સતત આચરવાનો હોવાથી '**ठियकप्पो**'= સ્થિતકલ્પ કહેવાય છે. '**णिच्चमज्जाया**'= આગમમાં જે પુષ્ટ આલંબનો કહ્યાં છે તે સિવાય તેઓએ આનો ત્યાગ કરવાનો હોતો નથી. આવી હંમેશની મર્યાદારૂપ આ કલ્પ છે. પુષ્ટ આલંબને તેનો ત્યાગ કરી શકાય છે. કારણ કે જેમાં વધુ લાભ હોય તેનું તેઓ આચરણ કરે છે. ॥ ૭૯૬ ॥ ૧૭/૨

સ્થિતકલ્પનું નિત્ય આચરણ શાથી કરવાનું હોય છે ? તે કારણ જણાવે છે.

ततिओसहकप्पोऽयं, जम्हा एगंततो उ अविरुद्धो ।
सययं पि कज्जमाणो, आणाओ चेव एतेसिं ॥ ७९७ ॥ १७/३

छाया :- तृतीयौषधकल्पोऽयं यस्मादेकान्ततस्त्वविरुद्धः ।
सततमपि क्रियमाण आज्ञात एवैतेषाम् ॥ ३ ॥

गाथार्थ :- જે કારણથી સ્થિતકલ્પ ત્રીજા ઔષધ સમાન છે તેથી પહેલાં અને છેલ્લાં જિનના સાધુઓને માટે આગમની આજ્ઞાપૂર્વક તેનું સતત પાલન કરવું એ એકાંતે હિતકર જ છે.

ટીકાર્થઃ- '<u>ततिओसहकप्पो</u>'= તૃતીય ઔષધ સદૃશ '**अयं**'= આ સ્થિતકલ્પ છે. '**जम्हा**'= જે કારણથી '**आणाओ चेव**'= તેથી આગમની આજ્ઞાપૂર્વક '**एतेसिं**'= પ્રથમ અને ચરમ જિનના સાધુઓને આ કલ્પનું પાલન કરવાથી તેઓનું કલ્યાણ જ થાય છે. '**सययं पि**'= નિરંતર '**कज्जमाणो**'= કરાતો '**एगंततो**'= એકાન્તે જ '**अविरुद्धो**'=પરિણામે હિતકારી હોવાથી યોગ્ય જ છે. **॥ ७९७ ॥ १७/३**

ત્રીજા ઔષધનું સ્વરૂપનું વર્ણન કરે છે :-

वाहिमवणेइ भावे, कुणइ अभावे तयं तु पढमं ति ।
बितियमवणेति न कुणति, तइयं तु रसायणं होति ॥ ७९८ ॥ १७/४

छाया :- व्याधिमपनयति भावे करोति अभावे तकं तु प्रथममिति ।
द्वितीयमपनयति न करोति तृतीयं तु रसायनं भवति ॥ ४ ॥

गाथार्थ :- પહેલા પ્રકારનું ઔષધ રોગ હોય તો દૂર કરે છે પણ રોગ ન હોય તો નવો રોગ ઉત્પન્ન કરે છે. બીજા પ્રકારનું ઔષધ રોગ હોય તો દૂર કરે છે, પણ રોગ ન હોય તો નવો રોગ ઉત્પન્ન કરતો નથી. જ્યારે ત્રીજા પ્રકારનું ઔષધ રોગ હોય તો તેને દૂર કરીને પુષ્ટિ વગેરે કરે છે અને જો રોગ ન હોય તો નવો રોગ ઉત્પન્ન નથી કરતો પણ તે રસાયણરૂપ બને છે અર્થાત્ બળ, વીર્ય, રૂપ વગેરે વધારે છે.

ટીકાર્થ :- '<u>पढमं ति</u>'= પહેલાં પ્રકારનું ઔષધ '**भावे**'= રોગ હોય તો '**वाहिं**'= રોગને '**अवणेइ**'= દૂર કરે છે. 'શરીરમાં' શબ્દ અધ્યાહાર સમજવાનો છે. '**अभावे**'= રોગ ન હોય તો '**तयं तु**'= રોગને '**कुणइ**'= ઉત્પન્ન કરે છે. '**बितियं**'= બીજા પ્રકારનું ઔષધ '**अवणेति**'= રોગ હોય તો દૂર કરે છે. '**न कुणति**'= નવો રોગ ઉત્પન્ન નથી કરતો '**तइयं तु**'= ત્રીજું ઔષધ તો '**रसायणं होति**'= વ્યાધિ હોય તો તેને દૂર કરે છે. વ્યાધિ ન હોય તો નવો વ્યાધિ ઉત્પન્ન નથી કરતો પરંતુ શરીરને ગુણ કરે છે. બળ-વીર્ય વધારે છે. **॥ ७९८ ॥ १७/४**

દૃષ્ટાન્તને કહીને હવે દાર્ષ્ટાન્તિકમાં તેની ઘટમાનતા કરતાં કહે છે :-

एवं एसो कप्पो, दोसाभावेऽवि कज्जमाणो उ ।
सुंदरभावाओ खलु, चरित्तरसायणं णेओ ॥ ७९९ ॥ १७/५

छाया :- एवमेषः कल्पो दोषाभावेऽपि क्रियमाणस्तु ।
सुन्दरभावात् खलु चारित्ररसायणं ज्ञेयः ॥ ५ ॥

गाथार्थ :- ત્રીજા ઔષધની જેમ આ સ્થિતકલ્પ દોષ ન લાગ્યો હોય તો પણ આચરવામાં આવે તો પોતે

શુભ હોવાથી જ ચારિત્રરૂપી શરીરમાં રસાયણની જેમ પુષ્ટિ કરનાર હોવાથી ચારિત્રરસાયણ જાણવો.

ટીકાર્થ :- '**एवं**'= તૃતીય ઔષધની જેમ '**एसो कप्पो**'= આ સ્થિતકલ્પ '**दोसाभावेऽवि**'= અપરાધ ન કર્યો હોય તો પણ '**कज्जमाणो उ**'= આચરવામાં આવે તો '**सुंदरभावाओ खलु**'= પોતે સુંદર હોવાથી જ '**खलु**'= આ શબ્દ વાક્યાલંકારમાં છે. '**चरित्तरसायणं**'= ચારિત્રની પુષ્ટિના હેતુરૂપ રસાયણ '**णेओ**'= જાણવો. **॥ ૭૯૯ ॥ ૧૭/૫**

કલ્પ સામાન્યથી દશ પ્રકારનો છે એમ પહેલાં જે કહ્યું તે દશ ભેદને બતાવે છે :-

आचेलक्कु १ द्देसिय २, सिज्जायर ३ रायपिंड ४ किइकम्मे ।
वय ६ जेट्ठ ७ पडिक्कमणे ८, मासं ९ पज्जोसवण १० कप्पो ॥ ८०० ॥ १७/६

छायाः- आचेलक्यौद्देशिक - शय्यातर- राजपिण्ड - कृतिकर्म ।
व्रतानि-ज्येष्ठ-प्रतिक्रमणे मास - पर्युषणकल्पः ॥ ६ ॥

ગાથાર્થ :- કલ્પના- આચેલક્ય, ઔદ્દેશિક, શય્યાતરપિંડ, રાજપિંડ, કૃતિકર્મ, વ્રત, જ્યેષ્ઠ, પ્રતિક્રમણ, માસકલ્પ અને પર્યુષણ એમ દશ પ્રકાર છે.

ટીકાર્થ :- '**आचेलक्कं**'= આચેલક્ય, '**उद्देसिय**'= ઔદ્દેશિકમ્ '**सिज्जायर**'= શય્યાતર પિંડ '**रायपिंड**'= રાજપિંડ '**किइकम्मे**'= કૃતિકર્મ '**वय**'= મહાવ્રતો '**जेट्ठ**'= જ્યેષ્ઠ '**पडिक्कमणे**'= પ્રતિક્રમણ '**मासं**'= માસકલ્પ '**पज्जोसवण कप्पो**'= પર્યુષણાકલ્પ **॥ ૮૦૦ ॥ ૧૭/૬**

छसु अट्ठितो उ कप्पो, एत्तो मज्झिमजिणाण विण्णेओ ।
णो सययसेवणिज्जो, अणिच्चमेरासरूवो त्ति ॥ ८०१ ॥ १७/७

छाया :- षट्सु अस्थितस्तु कल्पोऽतः मध्यमजिनानां विज्ञेयः ।
नो सततसेवनीयोऽनित्य - मर्यादास्वरूप इति ॥ ७ ॥

ગાથાર્થ :- બાવીસ જિનના સાધુઓને આ દશ કલ્પમાંથી છ કલ્પમાં અનિયતકલ્પ છે કારણ કે તે છ સ્થાનો અનિયતમર્યાદાવાળા હોવાથી તેમણે તે હંમેશા સેવવાના હોતા નથી. અર્થાત્ તે સાધુઓ આ છ કલ્પનું ક્યારેક પાલન કરે છે ક્યારેક પાલન નથી કરતા.

ટીકાર્થઃ- '**मज्झिमजिणाणं**'= મધ્યના બાવીશ જિનના સાધુઓને '**एत्तो**'= આ દશમાંથી '**छसु**'= છ સ્થાનોમાં '**अट्ठितो**'= અનવસ્થિત '**उ**'= પુનઃ '**कप्पो**'= કલ્પ '**विण्णेओ**'= જાણવો. '**णो सययसेवणिज्जो**'= દશ સ્થાનની અપેક્ષાએ હંમેશા આચરવાના હોતા નથી. '**अणिच्चमेरासरूवो त्ति**'= અનિત્ય મર્યાદાસ્વરૂપવાળા- તેઓ પણ કોઈક વખત દશે દશ સ્થાનોનું પાલન કરે છે અને કોઈક વખત આ સ્થાનોનું પાલન નથી કરતા માટે તે અનિત્ય મર્યાદાવાળા છે. **॥ ૮૦૧ ॥ ૧૭/૭**

છ સ્થાનોમાં અસ્થિતકલ્પ છે એમ કહ્યું તે છ સ્થાનોને વિષય દ્વારા બતાવતાં કહે છે :-

आचेलक्कुद्देसियपडिक्कमणरायपिंडमासेसु ।
पज्जुसणाकप्पंमि य, अट्ठियकप्पो मुणेयव्वो ॥ ८०२ ॥ १७/८

छाया :- आचेलक्यौद्देशिक- प्रतिक्रमण - राजपिण्डमासेषु ।
पर्युषणाकल्पे च अस्थितकल्पो ज्ञातव्यः ॥ ८ ॥

ગાથાર્થ :- આચેલક્ય, ઔદ્દેશિક, પ્રતિક્રમણ, રાજપિંડ, માસકલ્પ અને પર્યુષણાકલ્પ આ છ માં મધ્યમજિનના સાધુઓનો અસ્થિતકલ્પ જાણવો.

ટીકાર્થ :- '**आचेलक्कु**'= આચેલક્ય '**उद्देसिय**'= ઔદ્દેશિક '**पडिक्कमण**'= પ્રતિક્રમણ '**रायपिंड**'= રાજપિંડ '**मासेसु**'= માસકલ્પના વિષયમાં '**पज्जुसणाकप्पंमि य**'= **દશાશ્રુતસ્કંધ**માંનો પર્યુષણાકલ્પ આ છ મધ્યમ જિનમાં સાધુઓ માટે '**अट्ठियकप्पो**'= અસ્થિતકલ્પ '**मुणेयव्वो**'= જાણવો.॥ ૮૦૨ ॥ ૧૭ । ૮

सेसेसुं ठियकप्पो, मज्झिमगाणं पि होइ विण्णेओ ।
चउसु ठिता छसु अठिता, एत्तो च्चिय भणियमेयं तु ॥ ८०३ ॥ १७/९

छाया :- शेषेषु स्थितकल्पो मध्यमकानामपि भवति विज्ञेयः ।
चतुर्षु स्थिताः षट्सु अस्थिता अत एव भणितमेतत्तु ॥ ९ ॥

ગાથાર્થ :- બાકીના શય્યાતરપિંડ આદિ ચાર કલ્પ મધ્યમ જિનના સાધુઓને પણ સ્થિત જ છે. આથી જ આગમમાં ''મધ્યમ જિનના સાધુઓ ચાર કલ્પમાં સ્થિત છે અને છ કલ્પમાં અસ્થિત છે'' એમ કહ્યું છે.

ટીકાર્થ:- '**सेसेसुं**'= બાકીના ચાર સ્થાનમાં '**ठियकप्पो**'= સ્થિતકલ્પ '**मज्झिमगाणं पि**'= મધ્યમ તીર્થંકરના સાધુઓને પણ '**होइ**'= હોય છે. '**विण्णेओ**'= એમ જાણવો. '**एत्तो च्चिय**'= પૂર્વોક્ત કારણથી જ '**चउसु ठिता छसु अठिता**'= ચારમાં સ્થિત અને છમાં અસ્થિત '**भणियमेयं तु**'= બીજા ગ્રંથમાં કહ્યું છે. ॥ ૮૦૩ ॥ ૧૭ । ૯

सिज्जायरपिंडंमि य, चाउज्जामे य पुरिसजेट्ठे य ।
कितिकम्मस्स य करणे, ठिइकप्पो मज्झिमाणं पि ॥ ८०४ ॥ १७/१०

छाया :- शय्यातरपिण्डे च चातुर्यामे च पुरुषज्येष्ठे च ।
कृतिकर्मणश्च करणे स्थिकल्पो मध्यमानामपि ॥ १० ॥

ગાથાર્થ :- શય્યાતર પિંડ, ચાર મહાવ્રતો, પુરુષજ્યેષ્ઠતા અને કૃતિકર્મ એ ચારમાં મધ્યમજિનના સાધુઓને પણ સ્થિતકલ્પ છે.

ટીકાર્થ :- '**सिज्जायरपिंडंमि य**'= શય્યાતરપિંડ '**चाउज्जामे य**'= ચાર મહાવ્રતો '**कितिकम्मस्स य करणे**'= કૃતિકર્મ કરવામાં '**पुरिसजेट्ठे य**'= પુરુષજ્યેષ્ઠપણું '**मज्झिमाणं पि**'= મધ્યમતીર્થંકરના સાધુઓને પણ '**ठिइकप्पो**'= આ સ્થિતકલ્પ છે. ॥ ૮૦૪ ॥ ૧૭/૧૦

આચેલક્ય આદિ દશ સ્થાનનું સ્વરૂપ વર્ણવતાં કહે છેઃ-

दुविहा एत्थ अचेला, संतासंतेसु होंति विण्णेया ।
तित्थगरऽसंतचेला, संताऽचेला भवे सेसा ॥ ८०५ ॥ १७/११ ॥

छाया :- द्विविधा अत्र अचेलाः सदसत्सु भवन्ति विज्ञेयाः ।
तीर्थंकरा असच्चेलाः सदचेला भवेयुः शेषाः ॥ ११ ॥

ગાથાર્થ :- અહીં સ્થિતકલ્પવિચારમાં સ્વરૂપથી અચેલક (= વસ્ત્ર ન હોવાથી) અને શાસ્ત્રોક્ત

અચેલક (= વસ્ત્ર હોવા છતાં શાસ્ત્રદૃષ્ટિએ અચેલક) એમ બે પ્રકારે અચેલક જાણવા. તીર્થંકરો ઇંદ્રે આપેલું દેવદૂષ્ય ન હોય ત્યારે અચેલક બને છે સાધુઓ વસ્ત્ર હોવા છતાં અચેલક છે.

ટીકાર્થ :- '**एत्थ**'= સ્થિતકલ્પની વિચારણામાં '**दुविहा**'= બે પ્રકારના '**अचेला**'= સ્વરૂપથી વસ્ત્ર વગરના અચેલક અને વસ્ત્રસહિત હોવા છતાં શાસ્ત્રોક્ત અચેલક '**संतासंतेसु**'= વસ્ત્ર હોવા છતાં અને વસ્ત્ર ન હોય ત્યારે- અહીં '**वस्त्र**' શબ્દ અધ્યાહૃત સમજવો. '**होंति विण्णेया**'= જાણવા. '**तित्थगरऽसंतचेला**'= ઇંદ્રએ આપેલું દેવદૂષ્ય ન હોય ત્યારે તીર્થંકરો વસ્ત્રના પરિભોગના અભાવે '**सेसा**'= શેષ સાધુઓ '**संताऽचेला**'= અને વસ્ત્ર હોવા છતાં અચેલક '**भवे**'= હોય છે. **॥ ૮૦૫ ॥ ૧૭/૧૧**

आचेलक्को धम्मो, पुरिमस्स य पच्छिमस्स य जिणस्स ।
मज्झिमगाण जिणाणं, होइ सचेलो अचेलो य ॥ ८०६ ॥ १७/१२

છાયા :- आचेलक्यो धर्मः पूर्वस्य च पश्चिमस्य च जिनस्य ।
मध्यमकानां जिनानां भवति सचेलोऽचेलश्च ॥ १२ ॥

ગાથાર્થ:- પહેલાં અને છેલ્લાં જિનના સાધુઓને અચેલક (વસ્ત્રના અભાવવાળો) ચારિત્રધર્મ છે. મધ્યમ જિનના સાધુઓને સચેલક અને અચેલક ચારિત્રધર્મ હોય છે.

ટીકાર્થ:- '**आचेलक्को धम्मो**'= તેમાં માત્ર શ્વેતવસ્ત્ર જ સાધુઓ ધારણ કરતા હોવાથી અચેલક ધર્મ '**पुरिमस्स य**'= **શ્રી ઋષભદેવ** ભગવાનના '**पच्छिमस्स य**'= અને **મહાવીરસ્વામી** '**जिणस्स**'= ભગવાનના સાધુઓનો '**मज्झिमगाण जिणाणं**'= મધ્યમ જિનના સાધુઓનો '**सचेलो अचेलो य**'= આગમ નીતિથી સચેલક અને અચેલક ધર્મ '**होइ**'= હોય છે.

પહેલાં અને છેલ્લાં જિનના સાધુઓ અલ્પમૂલ્યવાળા માત્ર શ્વેત વસ્ત્રો જ ધારણ કરતાં હોવાથી તેઓ વસ્ત્રરહિત હોય છે એમ કહ્યું છે, મધ્યમજિનના સાધુઓ શ્વેતવસ્ત્ર પણ ધારણ કરે છે તેમ જો નિર્દોષ મળે તો રાતા, નીલા વગેરે પાંચે ય વર્ણવાળા વસ્ત્રોને ધારણ કરે છે. ઘણી કિંમતવાળા વસ્ત્રો પણ નિર્દોષ મળતા હોય તો ધારણ કરવાની તેમને શાસ્ત્રની અનુજ્ઞા છે. માટે તેમને સચેલક કહ્યા છે. આમ ભગવાને પુરુષની ભૂમિકાને લક્ષ્યમાં રાખીને સચેલક અને અચેલક એમ બંને પ્રકારનો ધર્મ બતાવ્યો છે. તેથી તે બંને પણ નિર્દોષ છે. **॥ ૮૦૬ ॥ ૧૭/૧૨**

વસ્ત્રો ધારણ કરવા છતાં પહેલાં અને છેલ્લાં જિનના સાધુઓને અચેલકપણું શી રીતે સંભવે છે ? તે સમજાવે છે :-

अमहद्धण भिन्नेहि य, आचेलक्कमिह होइ वत्थेहिं ।
लोगागमनीतीए, अचेलगत्तं तु पच्चयतो ॥ ८०७ ॥ १७/१३

છાયા :- अमहाधनैर्भिन्नैश्च आचेलक्यमिह भवति वस्त्रैः ।
लोकागमनीत्या अचेलकत्वं तु प्रत्ययतः ॥ १३ ॥

ગાથાર્થ :- અહીયાં વસ્ત્રો અલ્પમૂલ્યવાળા અને જીર્ણ હોવાથી અચેલકપણું કહ્યું છે. કારણકે લોકનીતિથી તેમ જ આગમનીતિથી તેમાં અચેલકપણાની પ્રતીતિ થાય છે.

टीकार्थ :- '**अमहद्धण**'= અલ્પમૂલ્યવાળા '**भिन्नेहि य**'= ખંડિત-જીર્ણ '**वत्थेहिं**'= વસ્ત્રો વડે '**आचेलक्कं**'= અચેલકપણું '**इह**'= આ અધિકારમાં '**होइ**'= સંભવે છે કેમકે '**लोगागमनीतीए**'= લોકવ્યવહારથી તેમ જ આગમનીતિથી '**अचेलगत्तं**'= અચેલકપણું '**पच्चयतो**'= પ્રતીત થાય છે.

લોકમાં અનુચિત વસ્ત્રો પહેરનારને 'વસ્ત્ર વગરનો છે' એમ વ્યવહાર કરાય છે જ્યારે વસ્ત્રમાં મમત્ત્વ ન હોવાથી આગમમાં સાધુઓને અચેલક કહ્યાં છે. આ વાત લોકમાં પ્રસિદ્ધ જ છે. આમ લોકનીતિથી અને આગમનીતિથી બંને રીતે સાધુઓને વસ્ત્ર હોવા છતાં અચેલક છે. **॥ ८०७ ॥ १७/१३**

उद्देसियं तु कम्मं, एत्थं उद्दिस्स कीरतेंयं ति ।
एत्थ वि इमो विभागो, णेओ संघादवेक्खाए ॥ ८०८ ॥ १७/१४

छाया :- औद्देशिकं तु कर्म अत्र उद्दिश्य क्रियते तकदिति ।
अत्रापि अयं विभागो ज्ञेयः सङ्घाद्यपेक्षया ॥ १४ ॥

गाथार्थ :- અહીં સાધુને ઉદ્દેશીને જે કરવામાં આવે તેને ઔદ્દેશિક કહેવામાં આવે છે. ઔદ્દેશિક એટલે આધાકર્મ. ઔદ્દેશિકના વિષયમાં પણ સંઘ અને શ્રમણને આશ્રયીને ગ્રાહ્ય-અગ્રાહ્ય વિભાગ આ પ્રમાણે છે.

टीकार्थः- '**एत्थं**'= આ અધિકારમાં '**उद्दिस्स**'= સાધુને ઉદ્દેશીને '**कीरते**'= જે કરાય છે '**तयं ति**'= તે '**उद्देसियं तु कम्मं**'= આધાકર્મ ઔદ્દેશિક છે '**एत्थ वि**'= આમાં પણ '**इमो विभागो**'= અર્થની વ્યાખ્યારૂપ આ વિભાગ '**संघादवेक्खाए**'= સંઘ આદિની અપેક્ષાએ '**णेओ**'= જાણવો. **॥ ८०८ ॥ १७/१४**

એ વિભાગને કહે છે :-

संघादुद्देसेणं, ओघादीहिं समणाइ अहिकिच्च ।
कडमिह सव्वेसिं चिय, न कप्पई पुरिमचरिमाणं ॥ ८०९ ॥ १७ । १५

छाया :- सङ्घाद्युद्देशेन ओघादिभिः श्रमणादीनधिकृत्य ।
कृतमिह सर्वेषामेव न कल्पते पूर्वचरमाणाम् ॥ १५ ॥

गाथार्थ :- ઓઘ આદિ શાસ્ત્રમાં કહેલા પ્રકારે સંઘ, કુળ, ગણ આદિના ઉદ્દેશથી કે સકલ સાધુ-સાધ્વીને આશ્રયીને સામાન્યથી કે કોઈ એક સાધુ કે સાધ્વીને માટે વિશેષથી બનાવવામાં આવ્યું હોય તે પહેલાં અને છેલ્લાં તીર્થંકરના સાધુઓને બધાને જ માટે અકલ્પ્ય બને છે. જેને માટે બનાવવામાં આવ્યું છે તેને તો નથી જ ખપતું પણ એ સિવાયના બીજા કોઈપણ સાધુ સાધ્વીને પણ તે ખપતું નથી.

टीकार्थः- '**पुरिमचरिमाणं**'= પહેલા અને છેલ્લા જિનના સાધુઓને '**इह**'= આ સ્થિતકલ્પના અધિકારમાં '**संघादुद्देसेणं**'= સંઘ આદિના ઉદ્દેશથી- 'આદિ' શબ્દથી કુળ, ગણ આદિનું ગ્રહણ થાય છે. '**ओघादीहिं**'= શાસ્ત્રમાં કહેલા ઓઘ આદિ પ્રકારે '**समणाइ**'= સાધુ આદિને, 'આદિ શબ્દથી સાધ્વી આદિ સકલ ભેદોનું ગ્રહણ થાય છે. '**अहिकिच्च**'= આશ્રયીને '**कडमिह**'= બનાવેલું '**सव्वेसिं चिय**'= દરેકે દરેક જેના માટે બનાવવામાં આવ્યું છે તેને તેમજ બીજા બધા જ સાધુસાધ્વીઓને '**न कप्पइ**'= ખપતું નથી. **॥ ८०९ ॥ १७ । १५**

मज्झिमगाणं तु इयं, कडं जमुद्दिस्स तस्स चेव त्ति ।
नो कप्पइ सेसाण उ, कप्पइ तं एस मेर त्ति ॥ ८१० ॥ १७/१६

છાયા :- मध्यमकानां तु इदं कृतं यमुद्दिश्य तस्य चैवेति ।
नो कल्पते शेषाणां तु कल्पते तदेषा मर्यादेति ॥ १६ ॥

ગાથાર્થ :- મધ્યમ જિનના સાધુઓમાં જે સંઘ આદિને ઉદ્દેશીને બનાવેલું હોય તે સંઘ આદિને ન કલ્પે, બાકીના સાધુઓને કલ્પે છે. કારણ કે તે સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી તથા લોકો પણ પ્રજ્ઞાપનીય હોવાથી જિનેશ્વરોએ તેમના માટે આવી મર્યાદા કરી છે.

ટીકાર્થ :- '**मज्झिमगाणं तु**'= મધ્યમ તીર્થંકરના સાધુઓને '**इयं**'= જેનો અધિકાર ચાલે છે તે ઔદ્દેશિક '**कडं**'= બનાવ્યું હોય. '**जमुद्दिस्स**'= જે સાધુ આદિને ઉદ્દેશીને '**तस्स चेव त्ति**'= તે જ સાધુ આદિને '**नो कप्पइ**'= ખપતું નથી. '**सेसाणं उ**'= બીજા સાધુઓને તો '**कप्पइ**'= ખપે છે. '**तं**'= તે ઔદ્દેશિક, તેમના માટે તે અકલ્પ્ય નથી. '**एस मेर त्ति**'= એ સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોય છે તથા લોકો પણ પ્રજ્ઞાપનીય હોવાથી તેમને જો સમજાવવામાં આવે કે સાધુને દોષિત આહાર ખપે નહિ તો તેઓ સમજીને બીજી વખત એવો દોષિત આહાર બનાવે નહિ.- આથી આ પ્રમાણે વ્યવસ્થા કરાઈ છે. **॥ ૮૧૦ ॥ ૧૭/૧૬**

सेज्जायरो त्ति भण्णति, आलयसामी उ तस्स जो पिंडो ।
सो सव्वेसि न कप्पति, पसंगगुरुदोसभावेण ॥ ८११ ॥ १७/१७

છાયાઃ- शय्यातर इति भण्यते आलयस्वामी तु तस्य यः पिण्डः ।
स सर्वेषां न कल्पते प्रसङ्गगुरुदोषभावेन ॥ १७ ॥

ગાથાર્થ :- સાધુઓના આશ્રયનો માલિક એ શય્યાતર કહેવાય છે. તેમનો જે પિંડ તે દરેક જિનના સાધુઓને તેમજ બીજા આશ્રયમાં રહેલા સાધુઓને કોઈને પણ ખપતો નથી, કેમકે તે ગ્રહણ કરવાના પ્રસંગમાં ઘણા મોટા દોષો થાય છે.

ટીકાર્થઃ- '**सेज्जायरो त्ति**'= શય્યાતર '**भण्णति**'= કહેવાય છે. '**आलयसामी उ**'= સાધુના આશ્રયનો માલિક '**तस्स**'= તેનો '**जो पिंडो**'= જે પિંડ '**सो**'= તે '**सव्वेसि**'= બીજા આશ્રયમાં રહેલા સાધુઓને પણ '**न कप्पति**'= ખપતો નથી. '**पसंगगुरुदोसभावेण**'= પ્રકૃષ્ટ સંગ તે પ્રસંગ કહેવાય. તેમાં ઘણા દોષો થાય છે. ॥ ૮૧૧ ॥ ૧૭ । ૧૭.

શય્યાતરનો પિંડ ગ્રહણ કરવાથી જે દોષો લાગે તે કહે છેઃ-

तित्थंकरपडिकुट्ठो, अण्णायं उग्गमो वि य न सुज्झे ।
अविमुत्ति यऽलाघवया, दुल्लहसेज्जा विउच्छेओ ॥ ८१२ ॥ १७/१८

છાયાઃ- तीर्थङ्करप्रतिक्रुष्टोऽज्ञातम् उद्गमोऽपि च न शुध्यति ।
अविमुक्तिश्च अलाघवता दुर्लभशय्या व्यवच्छेदः ॥ १८ ॥

ગાથાર્થ :- અજ્ઞાત ભિક્ષાનું અપાલન, ઉદ્ગમની અશુદ્ધિ, અવિમુક્તિ, અલાઘવતા, દુર્લભશય્યા અને વિચ્છેદ- આ દોષો થવાના કારણે તીર્થંકરોએ શય્યાતરપિંડનો નિષેધ કર્યો છે.

ટીકાર્થઃ- '**अण्णायं**'= અજ્ઞાત કુળોમાંથી ઉંછભિક્ષા- અર્થાત્ અપરિચિત ઘરોમાંથી થોડી થોડી ભિક્ષા લેવાનો સાધુનો જે આચાર છે તેનું પાલન ન થાય. '**उग्गमो वि य**'= શય્યાતર, સાધુ માટે દોષિત ગોચરી બનાવે માટે ઉદ્ગમદોષની '**न सुज्झे**'= શુદ્ધિ જળવાતી નથી. '**अविमुत्ति**'=સાધુને લોભ લાગે

'**अलाघवया**'= લાઘવનો અભાવ તે અલાઘવ. તેને ભાવમાં 'તા' પ્રત્યય લાગવાથી અલાઘવતા શબ્દ બન્યો છે. સાધુ મમત્ત્વથી અધિક આહાર-ઉપધિ વગેરે સ્વીકારે તેથી લાઘવપણું જાળવી ન શકે. '**दुल्लहसेज्जा**'= સાધુને વસતિ દુર્લભ થઈ જાય. કારણકે ગૃહસ્થ એમ વિચાર કરે કે જો સાધુને વસતિ આપીશું તો આહાર પણ આપવો પડશે માટે આહાર આપવાની શક્તિ ન હોય તો વસતિ આપે નહિ. અથવા ઘરના માલિકને એવી ઈચ્છા થાય કે સાધુને કાંઈ એકલી વસતિ આપવી યોગ્ય નથી, તેમને આહાર ન આપીએ તો સારું ન લાગે. આવા કારણોથી તે વસતિ આપે નહિ માટે વસતિ દુર્લભ થઈ જાય. જ્યારે તેને આહાર આપવાની શક્તિ હોય ત્યારે જ તે વસતિ આપે, અન્યથા ન આપે, '**विउच्छेओ**'= શય્યાનો વિચ્છેદ થાય. ભવિષ્યમાં વિશિષ્ટ સામર્થ્યના અભાવે નિર્વાહ ન થવાથી, પૂર્વે પણ સામર્થ્ય હોવા છતાં કોઈ ન આપે તેથી '**तित्थंकर**'= તીર્થંકરોએ '**पडिकुट्ठो**'= નિષેધ કર્યો છે. એમ બંને અવસ્થામાં શય્યાનો વિચ્છેદ થાય. આમ શય્યાતરનો પિંડ ગ્રહણ કરવામાં શાસ્ત્રમાં આ દોષો બતાવ્યા છે. ॥ ૮૧૨ ॥ ૧૭ । ૧૮.

पडिबंधनिरागरणं, केइ अण्णे अगहियगहणस्स ।
तस्साउंटणमाणं, एत्थऽवरे बेंति भावत्थं ॥ ८१३ ॥ १७/१९.

छायाः- प्रतिबन्धनिराकरणं केचिद् अन्ये अगृहीतग्रहणस्य ।
तस्याकण्टनमाज्ञामत्र अपरे ब्रुवन्ति भावार्थम् ॥ १९ ॥

गाथार्थ :- કેટલાંક આચાર્યો કહે છે કે સાધુ અને શય્યાતરનો અત્યંત ઉપકાર્ય ઉપકાર ભાવથી સ્નેહ ન થાય માટે શય્યાતરપિંડના ગ્રહણનો નિષેધ છે. કેટલાંક આચાર્યો કહે છે કે શય્યાતર પિંડ ન લેવાથી શય્યાતરને સાધુની નિઃસ્પૃહતા જોઈને તેમના પ્રત્યે પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે, અને કેટલાંક આચાર્યો કહે છે કે સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞા એ જ એનું તાત્પર્ય છે.

टीकार्थ :- '**केइ**'= કેટલાંક આચાર્યો કહે છે કે, '**पडिबंधनिरागरणं**'= સાધુ અને શય્યાતર વચ્ચે પરસ્પર મમત્ત્વનો અભાવ થાય છે. '**अण्णे**'= બીજા આચાર્યો '**अगहियगहणस्स**'= ભોજનપાણી ગ્રહણ ન કરવાથી '**तस्स**'= શય્યાતરને '**आउंटं**'= આકર્ષણ થાય છે, '**अवरे**'= બીજા આચાર્યો '**आणं**'= સર્વજ્ઞની આજ્ઞા લઈ '**एत्थ**'= આમાં '**भावत्थं**'= તાત્પર્ય છે એમ '**बेंति**'=કહે છે. આ ત્રણ તાત્પર્ય છે. ॥ ૮૧૩ ॥ ૧૭ ॥ ૧૯

मुदितादिगुणो राया, अट्ठविहो तस्स होति पिंडो त्ति ।
पुरिमेयराणमेसो, वाघातादीहिं पडिकुट्ठो ॥ ८१४ ॥ १७/२०

छायाः- मुदितादिगुणो राजा अष्टविधः तस्य भवति पिण्ड इति ।
पूर्वेतराणामेष व्याघातादिभिः प्रतिक्रुष्टः ॥ २० ॥

गाथार्थ :- મુદિત આદિ ગુણોથી યુક્ત હોય તે રાજા છે. તેનો પિંડ આઠ પ્રકારનો છે. પહેલા-છેલ્લા જિનના સાધુઓને વ્યાઘાત આદિના કારણોથી તેને ગ્રહણ કરવાનો નિષેધ છે.

टीकार्थः- 'मुदितादिगुणो राया'= આગમમાં કહેલા મુદિતાદિ ગુણયુક્ત હોય તે રાજા કહેવાય છે, **बृहत्कल्पभाष्य गाथा-६३८. निशीथभाष्य गाथा-२४९८** "જે મુદિત અને અભિષિક્ત હોય તે રાજા કહેવાય છે. મુદિત એટલે શુદ્ધરાજવંશીય, અર્થાત્ જેના માતાપિતા રાજવંશીય હોય તે. જેના મસ્તકે રાજાએ

કે પ્રજાએ રાજ્યાભિષેક કર્યો હોય અથવા જેણે **ભરતરાજા**ની જેમ જાતે જ રાજ્યાભિષેક કર્યો હોય તે અભિષિક્ત'' '**अट्ठविहो**'= આગળ કહેવામાં આવશે તે આઠ પ્રકારનો '**तस्स**'= રાજાનો '**होति**'= હોય છે. '**पिंडो त्ति**'= જેનો પ્રસ્તુતમાં અધિકાર ચાલે છે તે રાજપિંડ. '**पुरिमेयराणं**'= **ઋષભદેવ** અને **મહાવીર સ્વામી**ના સાધુઓને '**एसो**'= આ રાજપિંડ ગ્રહણ કરવાનો '**वाघातादीहिं**'= આગળ કહેવાશે તે વ્યાઘાત આદિ દોષોના કારણે '**पडिकुट्ठो**'= નિષેધ કરાયો છે. ॥ ૮૧૪ ॥૧૭ । ૨૦

વ્યાઘાત આદિ દોષોને જણાવે છે.

ईसरपभितीहिं तहिं, वाघातो खद्धलोहुदाराणं ।
दंसणसंगो गरहा, इयरेसि न अप्पमादाओ ॥ ८१५ ॥ १७/२१

છાયા :- ईश्वरप्रभृतिभिस्तस्मिन् व्याघातः प्रभूतलोभोदाराणाम् ।
दर्शनसङ्गो गर्हा इतरेषां न अप्रमादात् ॥ २१ ॥

ગાથાર્થ :- રાજપિંડ લેવામાં રાજપુરુષોથી રાજકુળમાં પ્રવેશ આદિમાં વ્યાઘાત થાય, ઘણું મળવાથી લોભ લાગે, સુંદર શરીરવાળા માણસો તથા હાથી-ઘોડા આદિને જોઈને કોઈકને આસક્તિ થઈ જાય તથા લોકોમાં નિંદા થાય. મધ્યમ જિનના સાધુઓને પ્રમાદ ન હોવાથી આ દોષોનો સંભવ નથી માટે તેઓને માટે રાજપિંડનો નિષેધ નથી.

ટીકાર્થ:- '**ईसर**'= રાજા તરફથી જેમને ચામર આદિ અલંકારો આપવામાં આવ્યા હોય, તે ઈશ્વર કહેવાય તેઓ '**पभितीहिं**'= તથા કોટવાળ, તલાટી, માંડલિક વગેરે મંડળનો અધિપતિ તે માંડલિક કહેવાય. (જેની ચારે તરફ એક યોજન સુધીમાં ગામ વગેરે ન હોય તેવું ગામ મડંબ કહેવાય છે.) તેઓ પરિવાર સહિત પ્રવેશતા હોય કે નીકળતા હોય. '**तहिं**'= રાજકુળમાં '**वाघातो**'= તેમનાથી વ્યાઘાત થાય. સાધુનું મસ્તક મુંડન કરેલું હોય તે જોઈને તેમને અપશુકન થયા એમ લાગે એટલે સાધુનો તિરસ્કાર કરે, મારે પણ ખરા, વળી રાજદ્વારમાં હાથી-ઘોડા વગેરેની ખૂબ ભીડ હોય એથી સ્ખલના થાય. પડી જવાથી શરીરને વાગે, પાત્રા ફૂટી જાય, તથા ભીડના કારણે જવા આવવામાં ઘણો સમય લાગે એથી સ્વાધ્યાય આદિની હાનિ થાય. '**खद्ध**'= ત્યાં ઘણું મળવાથી '**लोह**'= લોભ લાગે. અહીં '**खद्धे लोह**'= એમ સપ્તમી તત્પુરુષ સમાસ થાય છે. **હૈમદેશીનામમાલા-૨,૬૭**માં '**खद्ध**' પ્રભૂત અર્થમાં દેશ્ય શબ્દ છે. '**उदाराणं**'= સુંદર શરીરવાળા હાથી, ઘોડા, સ્ત્રી, પુરુષોને '**दंसणसंगो**'= જોવાથી કોઈકને આસક્તિ થાય. અહીં '**दंसणे संगो**'= એમ સપ્તમી તત્પુરુષ સમાસ થયો છે. '**गरहा**'= લોકોમાં નિંદા થાય કે આ સાધુઓએ જિંદગીમાં કાંઈ કલ્યાણ જોયું જ નથી તેથી બીજાની આવી રિદ્ધિસિદ્ધિ જોઈને તેમનું ચિત્ત આકર્ષાય છે અને તેઓ તેમાં આસક્ત થઈ જાય છે.- પ્રથમ અને ચરમ જિનના સાધુઓમાં પ્રમાદના કારણે આવા વ્યાઘાત આદિ દોષો સંભવે છે. '**इयरेसि**'= મધ્યમતીર્થંકરના સાધુઓને રાજપિંડ ગ્રહણ કરવામાં આ વ્યાઘાત આદિ દોષો '**न**'= સંભવતા નથી; '**अप्पमादाओ**'= તેમનામાં પ્રમાદનો અભાવ હોવાથી- તે પૂજ્ય સાધુભગવંતો ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી તેમના દરેક અનુષ્ઠાનો વિશિષ્ટ પ્રકારના અપ્રમાદથી જ યુક્ત હોય છે. માટે પ્રમાદ અપ્રમાદના કારણે સાધુઓને રાજપિંડ- ગ્રાહ્ય-અગ્રાહ્યપણામાં આવો ભેદ પાડવામાં આવ્યો છે. ॥ ૮૧૫ ॥ ૧૭/૨૧

असणादीया चउरो, वत्थं पायं च कंबलं चेव ।
पाउंछणगं च तहा, अट्ठविहो रायपिंडो उ ॥ ८१६ ॥ १७/२२

छाया :- **अशनादिकाश्चत्वारो वस्त्रं पात्रं च कम्बलं चैव ।**
पादप्रोञ्छनं च तथा अष्टविधो राजपिण्डस्तु ॥ २२ ॥

गाथार्थ :- अशन, पान, खादिम, स्वादिम એ ચાર તથા વસ્ત્ર, પાત્ર, કંબલ અને રજોહરણ એ ચાર-એમ આઠ પ્રકારનો રાજપિંડ છે.

टीकार्थः- '**असणादीया**'= અશન-પાન-ખાદિમ અને સ્વાદિમ આહાર '**तहा**'= તથા '**चउरो**'= ચાર '**वत्थं पायं च कंबलं चेव**'= વસ્ત્ર, પાત્ર, કંબલ '**पाउंछणगं च**'= અને રજોહરણ '**अट्ठविहोरायपिंडो उ**'= આઠ પ્રકારનો રાજપિંડ ત્યાજ્ય છે. **॥ ८१६ ॥ १७/२२**

कितिकम्मं ति य दुविहं, अब्भुट्ठाणं तहेव वंदणगं ।
समणेहि य समणीहि य, जहारिहं होति कायव्वं ॥ ८१७ ॥ १७/२३

छायाः- **कृतिकर्मेति च द्विविधमभ्युत्थानं तथैव वन्दनकम् ।**
श्रमणैश्च श्रमणीभिश्च यथार्हं भवति कर्तव्यम् ॥ २३ ॥

गाथार्थः- કૃતિકર્મના અભ્યુત્થાન અને દ્વાદશાવર્તાદિ વંદન એમ બે પ્રકાર છે. સાધુઓએ અને સાધ્વીઓએ ચારિત્રપર્યાયની વૃદ્ધિ પ્રમાણે યથાયોગ્ય તે બંને પ્રકારે કૃતિકર્મ કરવાનું હોય છે.

टीकार्थः- '**कितिकम्मं ति य**'= કૃતિકર્મ એ '**दुविहं**'= બે પ્રકારનું છે. '**अब्भुट्ठाणं**'= (આચાર્યાદિ પધારે ત્યારે) ઊભા થવું. '**तहेव**'= તેમજ '**वंदणगं**'= દ્વાદશાવર્તાદિ વંદન '**समणेहि य**'= સાધુઓએ અને '**समणीहि य**'= સાધ્વીઓએ '**जहारिहं**'= યથાયોગ્ય '**होति कायव्वं**'= કરવાનું હોય છે. **॥ ८१७ ॥ १७/२३.**

सव्वाहिं संजतीहिं, कितिकम्मं संजयाण कायव्वं ।
पुरिसोत्तमो त्ति धम्मो, सव्वजिणाणं पि तित्थेसु ॥ ८१८ ॥ १७/२४

छायाः- **सर्वाभिः संयतीभिः कृतिकर्म संयतानां कर्तव्यम् ।**
पुरुषोत्तम इति धर्मः सर्वजिनानामपि तीर्थेषु ॥ २४ ॥

गाथार्थ :- સર્વ જિનોના તીર્થોમાં ધર્મ પુરુષની પ્રધાનતાવાળો હોવાથી સર્વ સાધ્વીઓએ સાધુઓને વંદન કરવું જોઈએ.

टीकार्थः- '**सव्वजिणाणं पि**'= સર્વ તીર્થંકરોના પણ '**तित्थेसु**'= પ્રવચનમાં '**पुरिसोत्तमो त्ति**'= પુરુષપ્રધાન '**धम्मो**'= ધર્મ હોવાથી '**सव्वाहिं**'= સર્વ '**संजतीहिं**'= સાધ્વીઓએ '**संजयाण**'= સાધુઓને '**कितिकम्मं**'= વંદન '**कायव्वं**'= કરવું જોઈએ. **॥ ८१८ ॥ १७/२४**

વંદન ન કરવામાં થતાં દોષોને કહે છે :-

एयस्स अकरणंमी, माणो तह णीयकम्मबंधो त्ति ।
पवयणखिंसाऽयाणग, अबोहि भववुड्ढि अरिहंमि ॥ ८१९ ॥ १७/२५

छाया :- **एतस्य अकरणे मानः तथा नीचकर्मबन्ध इति ।**
प्रवचनखिंसा अज्ञायका अबोधिः भववृद्धिरर्हे ॥ २५ ॥

गाथार्थ :- વંદન કરવા યોગ્યને વંદન ન કરે તો અભિમાન, નીચગોત્રકર્મનો બંધ, આ બધા અજ્ઞાની છે એવી શાસનની નિંદા, અબોધિ અને સંસારની વૃદ્ધિ થાય છે.

ટીકાર્થ :- '**एयस्स**'= કૃતિકર્મને '**अकरणंमी**'= ન કરે તો '**माणो**'= કરવા યોગ્ય ન કરવાથી અહંકાર સેવાય છે. '**तह**'= તથા '**णीयकम्मबंधो त्ति**'= વિનય ન કરવાથી નીચ ગોત્રકર્મનો બંધ થાય છે. '**पवयणखिंसा**'= ધર્મના મૂળમાં વિનય છે એમ પ્રતિપાદન કરવા છતાં આ બધા સ્વયં વંદન કરતા નથી તેથી આ શાસન શું પ્રમાણભૂત નહિ હોય ? જેથી આ સાધુઓ આ પ્રમાણે વર્તે છે? એમ શાસનની નિંદા થાય. '**अयाणग**'= આ સાધુઓ અજ્ઞાની છે જેથી લોકવ્યવહારને પણ જાણતા નથી એમ નિંદા થાય. '**अबोहि**'= બોધિની પ્રાપ્તિ ન થાય એવું કર્મ બંધાય. '**भववुड्ढि**'= સંસારની વૃદ્ધિ થાય. '**अरिहंमि**'= વંદનને યોગ્યને વંદન ન કરવાથી આ દોષો થાય છે. **॥ ૮૧૯ ॥ ૧૭/૨૫**

વળી કહે છે :-

पंचवतो खलु धम्मो, पुरिमस्स च पच्छिमस्स य जिणस्स ।
मज्झिमगाण जिणाणं, चउव्वतो होति विण्णेओ ॥ ८२० ॥ १७/२६

छाया :- पञ्चव्रतः खलु धर्मः पूर्वस्य च पश्चिमस्य च जिनस्य ।
मध्यमकानां जिनानां चतुर्व्रतः भवति विज्ञेयः ॥ २६ ॥

ગાથાર્થ :- પહેલાં અને છેલ્લાં જિનના સાધુઓને પાંચ મહાવ્રતવાળો જ ધર્મ હોય છે. મધ્યમજિનના સાધુઓને ચાર મહાવ્રતવાળો ચારિત્રધર્મ હોય છે.

ટીકાર્થ :- '**धम्मो**'= ધર્મ '**पुरिमस्स च**'= **ઋષભસ્વામી** અને '**पच्छिमस्स य**'= **મહાવીરસ્વામી** '**जिणस्स**'= ભગવાનનો ઉચ્ચરવારૂપ ધર્મ અને '**पंचवतो खलु**'= પાંચ મહાવ્રતવાળો જ '**मज्झिमगाण जिणाणं**'= બાવીસ તીર્થંકરોનો ઉચ્ચરવારૂપ ધર્મ '**चउव्वतो**'= ચાર મહાવ્રતવાળો ધર્મ '**होति**'= હોય છે. તે '**विण्णेओ**'= જાણવું.

ચોવીશે તીર્થંકરોના સાધુ ભગવંતોને પાંચ મહાવ્રતો જ પાળવાના હોય છે. માત્ર ઉચ્ચારમાં જ પાંચ અને ચાર એમ શબ્દોનો ભેદ છે. પરમાર્થથી તો બધાનો ધર્મ સરખો છે. **॥ ૮૨૦ ॥ ૧૭/૨૬**

આ વાતની જ સ્પષ્ટતા કરે છે :-

णो अपरिग्गहियाए, इत्थीए जेण होइ परिभोगो ।
ता तव्विरईए च्चिय, अबंभविरइ त्ति पण्णाणं ॥ ८२१ ॥ १७/२७

छायाः- नो अपरिगृहीतायाः स्त्रिया येन भवति परिभोगः ।
तत् तद्विरत्यैव अब्रह्मविरतिरिति प्रज्ञानाम् ॥ २७ ॥

ગાથાર્થ :- બાવીશ તીર્થંકરોના શાસનમાં ચોથા મહાવ્રતનો પાંચમાં મહાવ્રતમાં સમાવેશ કર્યો છે, સ્ત્રીને પરિગ્રહમાં ગણવામાં આવે છે કારણકે સ્ત્રીનો સ્વીકાર કર્યા વગર તેનો ઉપભોગ થઈ શકતો નથી. તેથી એ સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી પરિગ્રહની વિરતિમાં જ અબ્રહ્મની વિરતિ આવી જાય છે એમ સમજે છે. આમ તેઓને ચોથું અને પાંચમું મહાવ્રત ભેગું એકમાં જ ગણવામાં આવે છે તેથી તેમને ચાર મહાવ્રત છે. જ્યારે પહેલાં-છેલ્લાં જિનના શાસનમાં એ બે મહાવ્રતો અલગ અલગ ગણવામાં આવેલ છે તેથી પાંચ મહાવ્રત હોય છે.

ટીકાર્થઃ- '**जेण**'=જે કારણથી '**अपरिग्गहियाए**'= નહિ સ્વીકારેલી '**इत्थीए**'=સ્ત્રીનો '**परिभोगो**'=ઉપભોગ '**होइ**'=થતો '**नो**'= નથી. '**ता**'=તેથી '**तव्विरइए च्चिय**'= પરિગ્રહની વિરતિમાં જ '**पण्णाणं**'=જાણકાર

અથવા પ્રજ્ઞાવાળાઓને '**अबंभविरइ ति**'=અબ્રહ્મની વિરતિનો સમાવેશ થઈ જાય છે.॥ ૮૨૧ ॥ ૧૭/૨૭

दुण्हऽवि दुविहोऽवि ठिओ, एसो आजम्ममेव विण्णेओ ।
इय वइभेया दुविहो, एगविहो चेव तत्तेणं ॥ ८२२ ॥ १७/२८

छाया :- द्वयोरपि द्विविधोऽपि स्थित एष आजन्मैव विज्ञेयः ।
इति वाग्भेदाद् द्विविध एकविध एव तत्त्वेन ॥ २८ ॥

ગાથાર્થ :- પહેલાં-છેલ્લાં જિનના સાધુઓનો પાંચ મહાવ્રતરૂપ અને બાવીસ જિનના સાધુઓનો ચાર મહાવ્રતરૂપ કલ્પ સ્થિતકલ્પ છે તથા એ બંનેને આ બંને પ્રકારનો કલ્પ જીવનપર્યંત પાળવાનો હોય છે એમ જાણવું. આમાં 'પાંચ' અને 'ચાર' એમ માત્ર વચનના ભેદથી જ બે પ્રકાર છે. બાકી વાસ્તવિક રીતે તે એકરૂપે સમાન જ છે.

ટીકાર્થ:- '**दुण्हऽवि**'= પહેલાં-છેલ્લાં જિનનો અને બાવીશ જિનનો એમ બંનેનો '**दुविहोऽवि**'= અનુક્રમે પાંચ મહાવ્રત અને ચાર મહાવ્રતરૂપ '**आजम्ममेव**'= જીવનપર્યંત '**एसो**'= આ સ્થિતકલ્પ '**ठिओ**'= કહેવાયો છે. '**विण्णेओ**'= જાણવો '**इय**'= આમ કહ્યા પ્રમાણે '**वइभेया**'= વ્રતના પાંચ અને ચાર એવા ઉચ્ચારણના ભેદથી '**दुविहो**'= બે પ્રકાર છે. '**तत्तेणं**'= પરમાર્થથી તો '**एगविहो**'= એકરૂપ જ છે.

સાધુઓના પ્રાજ્ઞપણાના ભેદથી શિષ્યોની ઉપર અનુગ્રહ કરવા માટે જ તીર્થંકર પરમાત્માએ આ પ્રમાણે મહાવ્રતોમાં ભેદ પાડ્યો છે. ॥ ૮૨૨ ॥ ૧૭/૨૮

उवठावणाएँ जेट्ठो, विण्णेओ पुरिमपच्छिमजिणाणं ।
पव्वज्जाए उ तहा, मज्झिमगाणं निरतियारो ॥ ८२३ ॥ १७/२९

छाया :- उपस्थापनया ज्येष्ठो विज्ञेयः पूर्वपश्चिमजिनानाम् ।
प्रव्रज्यया तु तथा मध्यमकानां निरतिचारः ॥ २९ ॥

ગાથાર્થ :- પહેલાં અને છેલ્લાં જિનના સાધુઓમાં સાધુ ઉપસ્થાપનાથી અર્થાત્ વડીદીક્ષાથી જ્યેષ્ઠ (= મોટો) જાણવો. અર્થાત્ જેની વડીદીક્ષા પહેલી થઈ હોય, પર્યાયમાં તે મોટો ગણાય છે. જ્યારે બાવીશ જિનના સાધુઓમાં નિરતિચાર સાધુ દીક્ષાથી જ્યેષ્ઠ ગણાય છે. તેમનામાં વડીદીક્ષા કરવાની હોતી નથી.

ટીકાર્થ :- '**पुरिमपच्छिमजिणाणं**'= પહેલાં અને છેલ્લાં જિનના સાધુઓમાં '**उवठावणाएँ**'= મહાવ્રતના આરોપણરૂપ વડીદીક્ષાથી '**जेट्ठो**'= રત્નાધિક અર્થાત્ પર્યાયમાં મોટો '**विण्णेओ**'= જાણવો. '**तहा**'= તથા '**मज्झिमगाणं**'= મધ્યમ તીર્થંકરના સાધુઓમાં '**पव्वज्जाए उ**'= સામાયિક ઉચ્ચરાવવારૂપ દીક્ષાથી '**निरतियारो**'= બધા જ અતિચારથી રહિત હોય તે જ્યેષ્ઠ ગણાય છે એમ સંબંધ છે. ॥ ૮૨૩ ॥ ૧૭/૨૯

વડીદીક્ષાના પર્યાયથી જ્યેષ્ઠ ગણાય છે એમ કહ્યું તો એ વડીદીક્ષાની વિધિનું વર્ણન કરતાં કહે છે :-

पढिए य कहिएँ अहिगएँ, परिहर उवठावणाएँ कप्पो त्ति ।
छक्कं तीहिँ विसुद्धं, सम्मं नवएण भेएण ॥ ८२४ ॥ १७/३०

छायाः- पठिते च कथितेऽधिगते परिहरन् उपस्थापनाया कल्प इति ।
षट्कं त्रिभिर्विशुद्धं सम्यग् नवकेन भेदेन ॥ ३० ॥

ગાથાર્થ :- શ્રી **આચારાંગસૂત્ર**ના **શસ્ત્રપરિજ્ઞા** નામના અધ્યયનને સૂત્રથી કંઠસ્થ કરી લે, ગુરુ અર્થ સમજાવે- આમ સૂત્ર અને અર્થ એ બંને રીતે જાણી લે ત્યારે ભૂતકાળમાં સેવેલા અવ્રતની નિંદા કરવા રૂપે વર્તમાનમાં તેના સંવરરૂપે અને ભવિષ્યકાળમાં નહિ સેવવાના પચ્ચક્ખાણરૂપે એમ ત્રણકાળની વિશુદ્ધિ રૂપે છ પ્રકારના અવ્રતનો અને છ જીવનિકાયનો મન-વચન-કાયથી કરવું, કરાવવું અને અનુમોદવું એમ નવ પ્રકારે જે ત્યાગ કરે તે જીવ મહાવ્રતોનું આરોપણ કરવા માટે યોગ્ય છે.

ટીકાર્થ :- '**पढिए य**'= **શસ્ત્રપરિજ્ઞા** અધ્યયન વગેરેને સૂત્રથી કંઠસ્થ કરી લે, '**कहिएँ**'= ગુરુ તેના અર્થ સમજાવે '**अहिगएँ**'= સમ્યગ્ જાણી લે, '**परिहर**'= શાસ્ત્રમાં જેનો નિષેધ કર્યો છે તેને નહિ સેવતો અર્થાત્ ત્યાગ કરતો '**उवठावणाएँ**'= મહાવ્રતના આરોપણને માટે '**कप्पो त्ति**'= યોગ્ય છે. શેનો ત્યાગ કરતો ? એ જણાવે છે- '**छक्कं**'= છ અવ્રતને અને છ જીવનિકાયને '**तीहिँ**'= ભૂત, વર્તમાન અને ભવિષ્યના કાળવડે અનુક્રમે '**विसुद्धं**'= નિંદા, સંવરણ અને પચ્ચક્ખાણ કરવા દ્વારા વિશુદ્ધપણે '**सम्मं**'= શાસ્ત્રની વિધિથી '**नवएण भेदेण**'= મન-વચન અને કાયાથી કરવું-કરાવવું અને અનુમોદવા રૂપે. ॥ ૮૨૪ ॥ ૧૭/૩૦

पितिपुत्तमाइयाणं, समगं पत्ताण जेट्ठ पितिपभिई ।
थेवंतरे विलंबो, पण्णवणाए उवट्ठवणा ॥ ८२५ ॥ १७/३१

છાયા :- पितापुत्रादीनां समकं प्राप्तानां ज्येष्ठाः पितृप्रभृतयः ।
स्तोकान्तरे विलम्बः प्रज्ञापनया उपस्थापना ॥ ३१ ॥

ગાથાર્થ :- એકી સાથે યોગ્યતાને પામેલાં પિતા-પુત્ર વગેરેમાં પિતા વગેરે જ્યેષ્ઠ થાય. યોગ્યતાને પામવામાં થોડું અંતર હોય તો વિલંબ કરવો અર્થાત્ રાહ જોવી, વધારે અંતર હોય તો પિતા આદિને સમજાવીને પુત્ર આદિની ઉપસ્થાપના-વડીદીક્ષા કરવી.

ટીકાર્થ :- '**पितिपुत्तमाइयाणं**'= પિતા-પુત્ર આદિ- 'આદિ' શબ્દથી કાકા-મામા આદિનું ગ્રહણ થાય છે. '**समगं**'= એકીસાથે '**पत्ताण**'= ઉપસ્થાપનાની યોગ્યતાને પામેલામાં '**पितिपभिई**'= પિતા વગેરે વડીલોને '**जेट्ठ**'= પર્યાયમાં જ્યેષ્ઠ કરવામાં આવે છે. '**थेवंतरे**'= પુત્ર આદિ યોગ્ય બની ગયા હોય પણ પિતા આદિને યોગ્ય બનવામાં હજી થોડી વાર હોય તો '**विलंबो**'= પુત્ર આદિને વિલંબ કરાવે છે. અર્થાત્ થોડી રાહ જોવડાવે છે પણ પિતાને જ જ્યેષ્ઠ બનાવે છે. '**पण्णवणाए**'= પુત્ર આદિ યોગ્ય થઈ ગયા હોય, પિતા આદિ યોગ્ય ન થયા હોય અને બીજું સારું મુહૂર્ત્ત આવતું ન હોય તો પિતા આદિ વડિલોને સમજાવીને તેમની સંમતિથી '**उवट्ठवणा**'= પુત્ર આદિની વડીદીક્ષા પહેલાં કરી દે. પિતા આદિની તેઓ યોગ્ય બને ત્યારે પાછળથી વડીદીક્ષા કરે. ॥ ૮૨૫ ॥ ૧૭/૩૧

सपडिक्कमणो धम्मो, पुरिमस्स य पच्छिमस्स य जिणस्स ।
मज्झिमगाण जिणाणं, कारणजाए पडिक्कमणं ॥ ८२६ ॥ १७/३२

છાયા :- सप्रतिक्रमणो धर्मः पूर्वस्य च पश्चिमस्य च जिनस्य ।
मध्यमकानां जिनानां कारणजाते प्रतिक्रमणम् ॥ ३२ ॥

गमणागमणविहारे, सायं पाओ य पुरिमचरिमाणं ।
णियमेण पडिक्कमणं, अइयारो होउ वा मा वा ॥ ८२७ ॥ १७/३३

छाया :- गमनागमनविहारे सायं प्रातश्च पूर्वचरमाणाम् ।
नियमेन प्रतिक्रमणम् अतिचारो भवतु वा मा वा ॥ ३३ ॥
मज्झिमगाण उ दोसे, कहंचि जायम्मि तक्खणा चेव ।
दोसपडियारणाया, गुणावहं तह पडिक्कमणं ॥ ८२८ ॥ १७/३४

छाया :- मध्यमकानां तु दोषे, कथञ्चिज्जाते तत्क्षणात् चैव ।
दोषप्रतिकारज्ञाताद् गुणावहं तथा प्रतिक्रमणम् ॥ ३४ ॥

गाथार्थ :- પહેલાં અને છેલ્લાં જિનના સાધુઓનો ધર્મ પ્રતિક્રમણ સહિતનો છે અર્થાત્ તેમને સવાર-સાંજ બંને વખત છ આવશ્યકરૂપ પ્રતિક્રમણ રોજ કરવાનું હોય છે. મધ્યમ જિનના સાધુઓને જ્યારે દોષ લાગે ત્યારે જ પ્રતિક્રમણ કરવાનું હોય છે.- તેમને રોજ પ્રતિક્રમણ કરવાનું હોતું નથી.

પ્રથમ અને ચરમજિનના સાધુઓને ઉપાશ્રયની બહાર જવા-આવવામાં તથા વિહારમાં તેમ જ સાંજે અને સવારે અતિચાર લાગે કે ન લાગે પણ અવશ્ય પ્રતિક્રમણ કરવાનું હોય છે.

મધ્યમજિનના સાધુઓને કથંચિત્ દોષ લાગી જાય તો તરત જ તે જ સમયે દોષના નિવારણને માટે ગુણકારક એવું પ્રતિક્રમણ કરવાનું હોય છે. તેમને દૈવસિક અને રાત્રિક પ્રતિક્રમણ હોય છે પણ તે રોજ કરવાનું નથી હોતું, જ્યારે દોષ લાગે ત્યારે જ કરવાનું હોય છે.

ટીકાર્થઃ- '**पुरिमस्स य पच्छिमस्स य जिणस्स**'= પહેલાં અને છેલ્લાં જિનના સાધુઓને '**सपडिक्कमणो धम्मो**'= પ્રતિક્રમણ સહિતનો ધર્મ છે. '**मज्झिमगाण जिणाणं**'= બાવીશ તીર્થંકરના સાધુઓને '**कारणजाए**'= કારણ ઉત્પન્ન થાય ત્યારે અર્થાત્ દોષ લાગે ત્યારે અથવા ઘણાં અતિચાર લાગે ત્યારે- અહીં 'જાત' શબ્દનો અર્થ (૧) ઉત્પન્ન થાય ત્યારે અને (૨) સમૂહ એમ બે પ્રકારે કર્યો છે. '**पडिक्कमणं**'= પ્રતિક્રમણ કરવાનું હોય છે. હંમેશા કરવાનું હોતું નથી. ॥ ૮૨૬ ॥ ૧૭/૩૨

'**गमणागमणविहारे**'= ચૈત્ય અને સાધુને વંદનાદિ માટે ગમન= જવું, આગમન-આવવું અને વિહાર કરવામાં ઈરિયાવહિયા પડિક્કમવાના હોય છે. અને '**सायं**'= સાંજે સંધ્યા સમયે '**पाओ य**'= પ્રભાત સમયે '**पुरिमचरिमाणं**'= પહેલાં છેલ્લાં જિનના સાધુઓને '**अइयारो होउ वा मा वा**'= અતિચાર લાગ્યો હોય કે ના લાગ્યો હોય. '**नियमेण**'= અવશ્ય '**पडिक्कमणं**'= ઈરિયાવહિયા પડિક્કમવારૂપ પ્રતિક્રમણ તથા દૈવસિક અને રાત્રિક પ્રતિક્રમણ કરવાનું હોય છે. ॥ ૮૨૭ ॥ ૧૭/૩૩

'**मज्झिमगाण उ**'= મધ્યમજિનના સાધુઓને '**कहंचि**'= કોઈક વખત પ્રમાદથી '**दोसे**'= અપરાધ '**जायम्मि**'= થયો હોય ત્યારે '**तक्खणा चेव**'= કાળનો વિલંબ કર્યા વગર તે જ ક્ષણે- તરત જ '**दोसपडिवारणाए**'= દોષના નિવારણ માટે '**गुणावहं**'= ગુણકારક એવું '**तह पडिक्कमणं**'= તેમને પણ પ્રતિક્રમણ હોય છે. સાંજે અને સવારે આવશ્યક ક્રિયારૂપ પ્રતિક્રમણ તેમને હોતું નથી અર્થાત્ નિયમિત રોજ પ્રતિક્રમણ કરવાનું નથી હોતું પણ જ્યારે દોષ લાગે ત્યારે કરવાનું હોવાથી તેમને તે પ્રતિક્રમણ અનિયમિત છે. છતાં પ્રતિક્રમણ કરવાનું હોય છે ખરું, કારણ કે તેમને પણ સામાયિક આદિ આવશ્યકના સૂત્રો હોય છે. જો પ્રતિક્રમણ ન કરવાનું હોય તો આવશ્યક સૂત્રો શા માટે હોય ?- આ પ્રતિક્રમણ સંધ્યાકાળની સાથે સંબંધ ધરાવતું હોવાથી સાંજે સંધ્યા સમયે દૈવસિક પ્રતિક્રમણ અને રાત્રે જો અતિચાર લાગ્યા હોય તો સવારે સંધ્યા સમયે રાઈપ્રતિક્રમણ કરવાનું હોય છે. અનાદિકાળથી આ સ્થાપિત વ્યવહાર છે. ॥ ૮૨૮ ॥ ૧૭/૩૪

पुरिमेयरतित्थयराण, मासकप्पो ठिओ विणिद्दिट्ठो ।
मज्झिमगाण जिणाणं, अट्ठियओ एस विण्णेओ ॥ ८२९ ॥ १७/३५

છાયા :- पूर्वेतरतीर्थकराणां मासकल्पः स्थितो विनिर्दिष्टः ।
मध्यमकानां जिनानामस्थितक एसो विज्ञेयः ॥ ३५ ॥

ગાથાર્થ :- પ્રથમ અને ચરમજિનના સાધુઓને માસકલ્પ એ સ્થિતકલ્પ તરીકે કહ્યો છે. મધ્યમજિનના સાધુઓને તે અસ્થિતકલ્પ તરીકે જાણવો.

ટીકાર્થ :- '**पुरिमेयरतित्थयराण**'= પ્રથમ અને ચરમ તીર્થંકરના સાધુઓને '**मासकप्पो**'= માસકલ્પ એટલે ચોમાસા સિવાયના કાળમાં એક સ્થાને એક મહિના સુધી રહેવાની સાથે સંબંધ ધરાવતું આ એક વિશિષ્ટ અનુષ્ઠાન છે. અર્થાત્ એક સ્થાને એક મહિના સુધી અવસ્થાન કરવો. એટલું જ માત્ર નહિ પણ પડિલેહણાદિ આવશ્યક ક્રિયાઓ, સ્વાધ્યાયાદિ કરવા વગેરેથી યુક્ત '**ठिओ**'= સ્થિતકલ્પ '**विणिद्दिट्ठो**'= કહ્યો છે. '**मज्झिमगाण जिणाणं**'= મધ્યમ તીર્થંકરના સાધુઓને '**अट्ठियओ**'= અસ્થિતકલ્પ સ્વરૂપ જ '**एस**'= માસકલ્પ '**विण्णेओ**'= જાણવો. લાભાલાભની અપેક્ષાએ તેઓ એક મહિનાથી ઓછોવત્તો કાળ પણ રહે છે. આમ તેઓને માસકલ્પ અસ્થિત છે. ॥ ૮૨૯ ॥ ૧૭/૩૫

पडिबंधो लहुयत्तं, न जणुवयारो न देसविण्णाणं ।
नाणाराहणमेए, दोसा अविहारपक्खम्मि ॥ ८३० ॥ १७/३६

છાયાઃ- प्रतिबन्धो लघुकत्वं न जनोपकारः न देशविज्ञानम् ।
नाज्ञाराधनमेते दोषा अविहारपक्षे ॥ ३६ ॥

ગાથાર્થ :- માસકલ્પ ન કરવાથી સાધુઓને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ આદિનું મમત્ત્વ થાય તથા લોકોમાં તેમની લઘુતા થાય, લોકો ઉપર ઉપકાર ન થાય, જુદા-જુદા દેશોનું જ્ઞાન ન થાય તથા ભગવાનની આજ્ઞાનું આરાધન ન થાય એ દોષો થાય છે.

ટીકાર્થઃ- '**पडिबंधो**'= દ્રવ્ય-ક્ષેત્ર-કાળ આદિનું મમત્ત્વ થાય. '**लहुयत्तं**'= લોકોમાં તેની લઘુતા થાય, લોકોને તેના પ્રત્યે માન-સન્માન ન રહે '**न जणुवयरो**'= આગમની વિધિ અનુસારે વિહાર કરનારા ગુણવાન, સર્વ જીવોનું હિત કરવામાં તત્પર સાધુઓથી જુદા જુદા દેશોમાં રહેલા ધર્માર્થી લોકોને તેમના દર્શન, સેવાભક્તિ, વિનય કરવાથી જે લાભ થાય છે તથા તેમની પાસેથી ધર્મનું શ્રવણ કરવાથી જે મહાન ઉપકાર થાય છે તે એક જ ક્ષેત્રમાં સ્થિરવાસ કરનાર સાધુથી થતો નથી. '**न देसविण्णाणं**'= વિહાર ન કરવાથી વિવિધ દેશોના ધાર્મિક-સામાજિક વ્યવહાર આદિની જાણકારી ન થાય, સમુદાય-ગચ્છનો સુખપૂર્વક નિર્વાહ ન થાય માટે સ્વ અને પરનો ઉપકાર કરવામાં સમર્થ હોય અને વિહારનું પ્રયોજન ઉપસ્થિત થાય ત્યારે એક જ સ્થાનમાં સ્થિરવાસ કરવો સાધુને સંભવતો નથી. '**णाणाराहणं**'= સર્વજ્ઞની આજ્ઞાની આરાધના થતી નથી. '**एए दोसा**'= આ બધા દોષો '**अविहारपक्खम्मि**'= માસકલ્પ વિહાર ન કરવાથી થાય છે. માટે શાસ્ત્રાનુસારી માસકલ્પ વિહાર કરવો એ જ સાધુને માટે કલ્યાણકારી છે. ॥ ૮૩૦ ॥ ૧૭/૩૬

कालादिदोसओ पुण, न दव्वओ एस कीरइ णियमा ।
भावेण उ कायव्वो, संथारगवच्चयादीहिं ॥ ८३१ ॥ १७/३७

છાયાઃ- कालादिदोषतः पुनर्न द्रव्यतः एषः क्रियते नियमात् ।
भावेन तु कर्तव्यः संस्तारकव्यत्ययादिभिः ॥ ३७ ॥

ગાથાર્થ :- દુ:ષમકાળ આદિના દોષથી બાહ્યથી માસકલ્પ ન કરી શકાય તો પણ શયનભૂમિ આદિ બદલીને ભાવથી અવશ્ય કરવો જોઈએ.

ટીકાર્થ:- '**कालादिदोसओ पुण**'= દુ:ષમકાળ તથા માસકલ્પને યોગ્ય ક્ષેત્ર ન મળવાના કારણે '**न**'= ન '**दव्वओ**'= દ્રવ્યથી સકલ ક્રિયા દ્વારા '**एस**'= આ માસકલ્પ '**कीरइ**'= કરાય '**नियमा**'= અવશ્ય '**भावेण उ**'= ભાવને આશ્રયીને '**संथारगवच्चयाइहिं**'= સંથારાની ભૂમિને બદલાવવા દ્વારા '**कायव्वो**'= કરવો જોઈએ. કહ્યું છે કે :-

"ગોચરીની દુર્લભતા આદિને કારણે ક્ષેત્રપરિવર્તન શક્ય ન હોય ત્યારે તે જ ક્ષેત્રમાં મકાન, શેરીનું પરાવર્તન કરવું અથવા શયનભૂમિ આદિ બદલીને ભાવથી માસકલ્પ અવશ્ય કરવો જોઈએ."॥ **८३१ ॥ १७/३७**

पज्जोसवणाकप्पोऽपेवं पुरिमेयराइभेदेणं ।
उक्कोसेयरभेओ, सो नवरं होइ विण्णेओ ॥ ८३२ ॥ १७/३८

छायाः- पर्युषणाकल्पोऽप्येवं पूर्वेतरादिभेदेन ।
उत्कर्षेतरभेदः सो नवरं भवति विज्ञेयः ॥ ३८ ॥

ગાથાર્થ :- માસકલ્પની જેમ પર્યુષણાકલ્પ પણ પહેલાં-છેલ્લાં અને મધ્યમજિનના સાધુઓના ભેદથી સ્થિત અને અસ્થિત એમ ભિન્ન છે. પણ આમાં માસકલ્પથી આટલી વિશેષતા છે કે આમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે ભેદ છે.

ટીકાર્થ :- '**पज्जोसवणाकप्पोऽपेवं**'= પર્યુષણાકલ્પ પણ આ પ્રમાણે '**पुरिमेयराइभेदेणं**'= પહેલા અને છેલ્લા જિનના સાધુ આદિના ભેદથી 'આદિ' શબ્દથી મધ્યમજિનના સાધુનું ગ્રહણ થાય છે. '**उक्कोसेतरभेदो**'= ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ બે ભેદ છે જેના એવો '**नवरं**'= ફક્ત '**सो**'= તે પર્યુષણાકલ્પ '**होइ**'= હોય છે. '**विण्णेओ**'= એમ જાણવું. ॥ ૮૩૨ ॥ ૧૭ । ૩૮

चाउम्मासुक्कोसो, सत्तरि राइंदिया जहण्णो उ ।
थेराण जिणाणं पुण, णियमा उक्कोसओ चेव ॥ ८३३ ॥ १७ । ३९

छायाः- चातुर्मासोत्कर्षः सप्ततिं रात्रिंदिवानि जघन्यस्तु ।
स्थविराणां जिनानां पुनर्नियमाद् उत्कर्षकश्चैव ॥ ३९ ॥

ગાથાર્થ :- અષાડ સુદ પૂનમથી કાર્તિક સુદ પૂનમ સુધી ચાર મહિનાનો ઉત્કૃષ્ટ પર્યુષણાકલ્પ છે. ભાદરવા સુદ પાંચમથી કાર્તિક સુદ પૂનમ સુધી સીત્તેર દિવસનો જઘન્ય પર્યુષણાકલ્પ છે. આ બે ભેદ સ્થવિરકલ્પીઓને હોય છે. જિનકલ્પીઓ અપવાદ રહિત હોવાથી તેમને એક જ ઉત્કૃષ્ટ પર્યુષણાકલ્પ હોય છે.

ટીકાર્થ :- '**थेराण**'= સ્થવિરકલ્પીને '**चाउम्मास**'= ચાર મહિનાનો, અહીં 'ચાતુર્માસ' શબ્દને સ્વાર્થમાં '**ष्यञ्**' પ્રત્યય લાગીને '**चाउम्मास**'= શબ્દ બન્યો છે '**उक्कोसो**'= ઉત્કૃષ્ટ પર્યુષણાકલ્પ હોય છે. '**सत्तरि**'= સીત્તેર '**राइंदिया**'= અહોરાત્રનો '**जहण्णो उ**'= જઘન્ય હોય છે. '**जिणाणं पुण**'= જિનકલ્પીને તો '**नियमा**'= અવશ્ય '**उक्कोसओ चेव**'= ઉત્કૃષ્ટ જ ચાતુર્માસ હોય છે, જઘન્ય નહિ ॥ ૮૩૩ ॥૧૭ । ૩૯

दोसासति मज्झिमगा, अच्छंति उ जाव पुव्वकोडी वि ।
इहरा उ ण मासं पि हु, एवं खु विदेहजिणकप्पे ॥ ८३४ ॥१७/४०

छाया :- दोषासति मध्यमका आसते तु यावत् पूर्वकोटीमपि ।
इतरथा तु न मासमपि खल्वेवं खलु विदेहजिनकल्पे ॥ ४० ॥

ગાથાર્થ :- મધ્યમજિનના સાધુઓ દોષ ન લાગે તો એક ક્ષેત્રમાં પૂર્વકોડ વર્ષો સુધી પણ રહે અને દોષ લાગે તો એક મહિનો પણ ન રહે. **મહાવિદેહ**ના સાધુઓને આ દશ કલ્પો મધ્યમજિનના સાધુઓની જેમ જ હોય છે.

ટીકાર્થ :- '**मज्झिमगा**'= મધ્યમતીર્થંકરના સાધુઓ '**दोसासति**'= દોષ ન લાગે ત્યારે '**जाव पुव्वकोडी वि**'= પૂર્વકોડ વર્ષો સુધી પણ '**अच्छंति उ**'= એક જ ક્ષેત્રમાં રહે છે. '**इहरा उ**'= અન્યથા= દોષ લાગે તો '**ण मासं पि**'= એક મહિનો પણ ન રહે. '**हु**'= વાક્યાલંકારમાં છે. '**एवं खु**'= આ મધ્યમજિનના સાધુઓના પ્રમાણે જ '**विदेहजिणकप्पे**'= **મહાવિદેહ** ક્ષેત્રના જિનના સાધુઓનો કલ્પ છે. **॥ ૮૩૪ ॥ ૧૭/૪૦**

एवं कप्पविभागो, ततिओसहणातओ मुणेयव्वो ।
भावत्थजुओ एत्थ उ, सव्वत्थ वि कारणं एयं ॥ ८३५ ॥ १७/४१

છાયા :- एवं कल्पविभागः तृतीयौषधज्ञाततो ज्ञातव्याः ।
भावार्थयुतोऽत्र तु सर्वत्रापि कारणमेतत् ॥ ४१ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે દશે ય કલ્પોમાં સ્થિત અને અસ્થિત એવો જે કલ્પનો વિભાગ છે તે ત્રીજા ઔષધના દૃષ્ટાંતથી રહસ્યયુક્ત અર્થાત્ સહેતુક જાણવો. એમાં હેતુ નીચે મુજબ છે.

ટીકાર્થ:- '**एवं**'= આ પ્રમાણે '**कप्पविभागो**'= આચેલક્ય આદિ દશ પ્રકારનો સ્થિત અસ્થિતકલ્પ વિભાગ '**ततिओसहणातओ**'= ત્રીજા ઔષધના દૃષ્ટાંતથી '**भावत्थजुओ**'= રહસ્યયુક્ત '**मुणेयव्वो**'= જાણવો. '**एत्थ उ**'= દશવિધ કલ્પમાં '**सव्वत्थ वि**'= સ્થિત અસ્થિતાદિ દરેકમાં '**कारणं**'= નિમિત્ત '**एयं**'= આ નીચે કહેવાશે તે છે. ॥ ૮૩૫ ॥ ૧૭ । ૪૧

તે હેતુ કહે છેઃ-

पुरिमाण दुव्विसोज्झो, चरिमाणं दुरणुपालओ कप्पो ।
मज्झिमगाण जिणाणं, सुविसोज्झो सुहणुपालो य ॥ ८३६ ॥ १७/४२

છાયા :- पूर्वेषां दुर्विशोध्याः चरमाणां दुरनुपालकः कल्पः ।
मध्यमकानां जिनानां सुविशोध्यः सुखानुपालश्च ॥ ४२ ॥

ગાથાર્થ :- કલ્પ પહેલા જિનના સાધુઓને દુર્વિશોધ્ય છે અર્થાત્ અતિચારની શુદ્ધિ કષ્ટથી કરાવી શકાય છે. છેલ્લા જિનના સાધુઓને દુષ્પાલ્ય છે. અર્થાત્ કષ્ટથી પળાવી શકાય છે. મધ્યમ જિનના સાધુઓને સુવિશોધ્ય અને સુપાલ્ય છે.

ટીકાર્થ :- '**पुरिमाण**'= પ્રથમ જિનના સાધુઓને '**दुव्विसोज्झो**'= કષ્ટથી શુદ્ધિ કરાવી શકાય છે. '**चरिमाणं**'=છેલ્લા જિનના સાધુઓને '**दुरणुपालओ**'= દુરનુપાલ-દુઃખે કરીને પાળી શકાય છે તે, આમ સ્વાર્થમાં '**क**' પ્રત્યય લાગીને 'દુરનુપાલક' બન્યો છે. અર્થાત્ કષ્ટથી પાળી શકાય એવો '**कप्पो**'= કલ્પ છે. '**मज्झिमगाण जिणाणं**'= મધ્યમતીર્થંકરના સાધુઓને માટે તે '**सुविसोज्झो**'= સુખેથી અતિચારની શુદ્ધિ કરાવી શકાય અને '**सुहणुपालो य**'= સુખેથી પાળી શકાય એવો છે. **॥ ૮૩૬ ॥ ૧૭/૪૨**

उज्जुजडा पुरिमा खलु, णडादिणायाउ होंति विण्णेया ।
वक्कजडा उण चरिमा, उजुपण्णा मज्झिमा भणिया ॥ ८३७ ॥ १७/४३

છાયા :- ऋजुजडाः पूर्वे खलु नटादिज्ञातात् भवन्ति विज्ञेयाः ।
वक्रजडाः पुनश्चरमा ऋजुप्रज्ञाः मध्यमा भणिताः ॥ ४३ ॥

ગાથાર્થ :- નટ આદિના દૃષ્ટાંતથી પહેલા જિનના સાધુઓ ઋજુ-જડ, છેલ્લા જિનના સાધુઓ વક્ર-જડ અને મધ્યમજિનના સાધુઓ ઋજુ-પ્રાજ્ઞ જાણવા.

ટીકાર્થ :- '**उज्जुजडा**'= સરળ અને જડ. અહીંયા 'ઋજુ' અને 'જડ' શબ્દનો કર્મધારય સમાસ કર્યો છે '**पुरिमा खलु**'= પ્રથમ જિનના સાધુઓ. '**णडादिणायाउ**'= નટ આદિના દૃષ્ટાન્તથી- 'આદિ' શબ્દથી નાટક-ખેલ વગેરેનું ગ્રહણ થાય છે. '**होंति**'= હોય છે. '**विण्णेया**'= સરળપણું અને જડપણાના કારણે જાણવું.- તેમનામાં બુદ્ધિની જડતા આ પ્રમાણે છે કે તેમને ગુરુએ નટનો ખેલ જોવાની ના પાડી એટલા માત્રથી તેઓ સમજી શક્યા નહિ કે નટડી એ તો વધારે રાગનું કારણ છે માટે તેનો ખેલ પણ જોવાય નહિ. આથી નટડીનો ખેલ તેઓ જોવા ઊભા રહ્યા, પણ જ્યારે ગુરુ ભગવંતે સમજાવ્યું કે રાગનું કારણ હોવાથી નટડીનો ખેલ પણ જોવાય નહિ ત્યારે સરળ હૃદયવાળા હોવાથી ગુરુનું વચન સ્વીકારીને તે ખેલ જોવાનો પણ બંધ કર્યો આ તેમની સરળતા છે. હવે '**वक्रजडा पुण**'= વક્ર અને જડ હોય '**चरिमा**'= ચરમજિનના સાધુઓ.- સામાન્યથી તેમનામાં જડતા હોવાથી દોષોને સેવે છે અને વળી વક્રતાના કારણે ગુરુનું વચન જલદીથી સ્વીકારતા નથી, ઘણા બહાના કાઢે છે,- (**भूयसाम्**= લગભગ ઘણા સાધુઓમાં આ વક્રતા દોષનો સંભવ છે) '**उजुपण्णा**'= પ્રજ્ઞા= જાણનાર આમાં 'પ્ર' ઉપસર્ગ પૂર્વક 'જ્ઞા' ધાતુને '**आतश्चोपसर्ग**' એ સૂત્રથી '**क**' પ્રત્યય લાગ્યો છે. પ્રાજ્ઞ= વિચક્ષણ= જડતાનો અભાવ (જડતાનો વિરોધી આ ગુણ છે.) ઋજુત્વ= શુભભાવપણું 'ઋજુ' અને 'પ્રજ્ઞા' શબ્દનો કર્મધારય સમાસ થયો છે. '**मज्झिमा**'= મધ્યમતીર્થંકરના સાધુઓ '**भणिया**'= કહ્યાં છે.

મધ્યમજિનના સાધુઓ પ્રાજ્ઞ હોવાથી સહેલાઈથી દોષોને જાણી શકે છે અને ઋજુ હોવાથી સરળતાથી પોતાની ભૂલ કબૂલ કરીને તેની વિશુદ્ધિ કરે છે. ॥ ૮૩૭ ॥ ૧૭ । ૪૩

कालसहावाउ च्चिय, एतो एवंविहा उ पाएणं ।
होंति अओ उ जिणेहिं एएसि इमा कया मेरा ॥ ८३८ ॥ १७/४४

छायाः- कालस्वभावादेव एते एवंविधास्तु प्रायेण ।
भवन्ति अतस्तु जिनैरेतेषामियं कृता मर्यादा ॥ ४४ ॥

ગાથાર્થ :- કાળના પ્રભાવથી જ સાધુએ પ્રાયઃ આવા સરળતા-જડતા વગેરેના સ્વભાવવાળા હોય છે. આથી જિનેશ્વરોએ એમની આ સ્થિત-અસ્થિત કલ્પરૂપ મર્યાદા કરી છે.

ટીકાર્થ :- '**कालसहावाउ च्चिय**'= કાળના સામર્થ્યથી જ (અવસર્પિણી કાળમાં જેમ જેમ પડતો કાળ આવતો જાય છે તેમ તેમ જીવોમાં પ્રાયઃ કષાયબહુલતા આવતી જાય છે.) '**एतो**'= ઋજુ તથા જડ સાધુઓ '**एवंविहा उ**'= આવા સ્વભાવવાળા '**पाएणं**'= ઘણું કરીને '**होंति**'= હોય છે.- આ પ્રમાણે કાળના વિભાગો પાડ્યા છે.- તે તે કાળમાં બધા જ સાધુઓ કાંઈ આવા સ્વભાવવાળા હોતા નથી, પણ ઘણું કરીને આવા સ્વભાવવાળા હોય છે. તેથી 'પ્રાયઃ' લખ્યું છે. '**अओ उ**'= આ કારણથી જ '**जिणेहिं**'= અનુગ્રહ કરવામાં તત્પર જિનેશ્વરોએ '**एएसि**'= ઋજુ, જડ આદિ સાધુઓને આશ્રયીને '**इमा**'= આ સ્થિત-અસ્થિત કલ્પની '**मेरा**'= મર્યાદા '**कया**'= કરી છે. ॥ ૮૩૮ ॥ ૧૭ । ૪૪

एवंविहाण वि इहं, चरणं दिट्ठं तिलोगणाहेहिं ।
जोगाण थिरो भावो, जम्हा एएसि सुद्धो उ ॥ ८३९ ॥ १७ /४५

छायाः- एवंविधानामपीह चरणं दृष्टं त्रिलोकनाथैः ।
योग्यानां स्थिरो भावो यस्मादेतेषां शुद्धस्तु ॥ ४५ ॥

अथिरो उ होइ इयरो, सहकारिवसेण ण उण तं हणइ ।
जलणा जायइ उण्हं, वज्जं ण उ चयइ तत्तं पि ॥ ८४० ॥ १७ /४६

छाया :- अस्थिरस्तु भवति इतरः सहकारिवशेन न पुनस्तद्धन्ति ।
ज्वलनाज्जायते उष्णं वज्रं न तु त्यजति तत्त्वमपि ॥ ४६ ॥

गाथार्थ :- સરળતા-જડતા આદિથી યુક્ત હોવા છતાં પણ જે જીવો પ્રવ્રજ્યાને યોગ્ય છે તેમનામાં ચારિત્ર હોય એમ ત્રણ લોકના નાથ જિનોએ જોયું છે. કારણ કે જીવોમાં સ્થિર અને અસ્થિર એમ બે પ્રકારના ભાવ હોય છે. તેમાં ઋજુ-જડ વગેરેનો સ્થિરભાવ તે શુદ્ધ જ હોય છે.

દ્રવ્યાદિ સામગ્રી તથા કર્મોદયરૂપ સહકારી કારણના વશથી કોઈક વખત તેમનો અસ્થિરભાવ અશુદ્ધ બને છે પણ તે પેલા શુદ્ધ ભાવનો નાશ કરતો નથી. જેમકે અગ્નિના સાન્નિધ્યથી વજ્ર ગરમ બને છે પણ તે પોતાના મૂળ સ્વરૂપ વજ્રત્વનો ત્યાગ કરતું નથી, અર્થાત્ અગ્નિથી જેમ લાકડું ભસ્મીભૂત થાય છે. તેમ વજ્ર ભસ્મીભૂત થતું નથી.

ટીકાર્થ :- '**इहं**'= મનુષ્યલોકમાં પ્રસ્તુત કલ્પના અધિકારમાં '**एवंविहाण वि**'= ઋજુ જડ સાધુઓને પણ '**तिलोकगणाहेहिं**'= ત્રણ લોકના નાથ જિનોએ '**चरणं**'= ચારિત્ર '**दिट्ठं**'= કેવલજ્ઞાનરૂપી ચક્ષુથી જોયું છે. '**जम्हा**'= કારણ કે '**एएसि**'= આ ઋજુ-જડ સાધુઓનો '**जोगाण**'= પ્રવ્રજ્યાને યોગ્ય જીવોને '**थिरो भावो**'= સ્થિર અધ્યવસાય '**सुद्धो उ**'= શુદ્ધ જ હોય છે. ॥ ૮૩૯ ॥ ૧૭/૪૫

'**अथिरो उ**'= કોઈક વખત આવનાર અસ્થિર ભાવ '**इयरो**'= અશુદ્ધ '**होइ**'= હોય છે. '**सहकारिवसेण**'= દ્રવ્ય-ક્ષેત્ર આદિ સામગ્રી અથવા કર્મોદયરૂપી સહકારી કારણના સામર્થ્યથી '**तं**'= યોગ્ય-શુદ્ધ સ્થિર ભાવને '**हणइ**'= ઉચ્છેદ કરવા દ્વારા નાશ કરતો-દૃષ્ટાંત કહે છેઃ- '**जलणा**'= અગ્નિથી '**उण्हं**'= ગરમ '**वज्जं**'= પૃથ્વીના વિકારરૂપે, વજ્ર '**जायइ**'= થાય છે. '**न उण**'= નથી '**तत्तं पि**'= પોતાનું સ્વરૂપ વજ્રપણાને '**न उ चयइ**'= સર્વથા ત્યજતું નથી,

જેવી રીતે અગ્નિના સંપર્કથી લાકડા ભસ્મીભૂત થાય છે તેમ અગ્નિના સંપર્કથી વજ્ર ગરમ થવા છતાં ભસ્મસાત્ થતું નથી. ॥ ૮૪૦ ॥ ૧૭/૪૬.

इय चरणम्मि ठियाणं, होइ अणाभोगभावओ खलणा ।
न उ तिव्वसंकिलेसा, णऽवेति चारित्तभावोऽवि ॥ ८४१ ॥ १७/४७

छायाः- इति चरणे स्थितानां भवत्यनाभोगभावतः स्खलना ।
न तु तीव्रसंक्लेशात् नापैति चारित्रभावोऽपि ॥ ४७ ॥

गाथार्थ :- આ રીતે ચારિત્રમાં રહેલાઓને અજ્ઞાનપણાથી સ્ખલના થાય છે. અર્થાત્ અતિચાર લાગે છે. પણ તીવ્ર સંક્લેશનો અભાવ હોવાથી ચારિત્રના પરિણામનો નાશ થતો જ નથી.

ટીકાર્થ :- '**इय**'= આ રીતે '**चरणम्मि**'= ચારિત્રમાં '**ठियाणं**'= રહેલાને '**अणाभोगभावओ**'= અજાણતાં '**खलणा**'= ક્રિયાના સાતત્યપણામાં અપ્રવૃત્તિરૂપ સ્ખલના (= અતિચાર) '**होइ**'= થાય છે. '**तिव्वसंकिलेसा**'= આદ્ય બાર કષાયના ઉદયથી પ્રાપ્ત થયેલો સંક્લેશ '**न उ**'= નથી તેથી. '**चारित्तभावोऽवि**'= ચારિત્રનો પરિણામ '**णऽवेति**'= નષ્ટ થતો નથી પણ તે પરિણામ અસ્થિર થાય છે. ॥ ૮૪૧ ॥ ૧૭ । ૪૭

चरिमाण वि तह णेयं, संजलणकसायसंगयं चेव ।
माइट्ठाणं पायं, असइं पि हु कालदोसेणं ॥ ८४२ ॥ १७ /४८

छायाः- चरमाणामपि तथा ज्ञेयं सञ्ज्वलन-कषाय-सङ्गतं चैव ।
मातृस्थानं प्रायः असकृदपि खलु कालदोषेण ॥ ४८ ॥

गाथार्थ :- જેમ પ્રથમ જિનના સાધુઓની અનાભોગથી થતી સ્ખલના ચારિત્રનો નાશ કરનાર નથી. તેમ છેલ્લા જિનના સાધુઓનું દુઃષમાકાળના પ્રભાવથી પ્રાયઃ અનેક વખત થતું માતૃસ્થાન (= માયા) પણ ચારિત્રને બાધક બનતું નથી. કારણ કે સંજ્વલનકષાય સંબંધી જ છે.

ટીકાર્થઃ- '**चरिमाण वि**'= ચરમ જિનના સાધુઓને પણ '**तह**'= તે પ્રમાણે '**णेयं**'= ચારિત્ર જાણવું. '**संजलणकसायसंगयं चेव**' સંજ્વલન નામના મંદ કષાયથી યુક્ત '**माइट्ठाणं**'= માયાસ્થાન= માયા '**पायं**'= ઘણું કરીને- કેટલાંક સાધુઓને માયા હોતી જ નથી માટે 'પ્રાયઃ' લખ્યુ છે. '**असइं पि**'= અનેક વખત થતું '**हु**'= વાક્યાલંકારમાં છે '**कालदोसेणं**'= દુઃષમા કાળના સ્વભાવથી છે. ॥ ૮૪૨ ॥ ૧૭/૪૮

ઉક્તિથી વિપરીત કહે છે :-

इहरा उ न समणत्तं, असुद्धभावाउ हंदि विण्णेयं ।
लिंगंमि वि भावेणं, सुत्तविरोहा जओ भणियं ॥ ८४३ ॥ १७/४९

छाया :- इतरथा तु न श्रमणत्वमशुद्धभावाद् हन्दि विज्ञेयम् ।
लिङ्गेऽपि भावेन सूत्रविरोधाद् यतो भणितम् ॥ ४९ ॥

गाथार्थ :- અન્યથા જો સાધુઓની માયા સંજ્વલન કષાયના બદલે આદ્ય બાર કષાયથી યુક્ત હોય તો એ અશુદ્ધ પરિણામના કારણે દ્રવ્યથી સાધુવેશ હોવા છતાં ભાવથી સાધુપણું રહે નહિ એમ જાણવું. કારણકે તેમનામાં ભાવથી સાધુપણું માનવામાં આગમની સાથે વિરોધ આવે છે. કારણ કે આગમમાં કહ્યું છે કે :-

ટીકાર્થઃ- '**इहरा उ**'= અન્યથા અર્થાત સંજ્વલન કષાયયુક્ત માયા ન હોય તો '**असुद्धभावाउ**'= અશુદ્ધ અધ્યવસાયના કારણે '**लिंगंमि वि**'= રજોહરણ આદિ સાધુવેશ હોવા છતાં '**भावेणं**'= અંતરંગ પરિણામસ્વરૂપ ભાવથી '**न समणत्तं**'= સાધુપણું હોય નહિ, '**हंदि**'= આમંત્રણ અર્થમાં છે. '**विण्णेयं**'= એમ જાણવું. '**सुत्तविरोहा**'= આગમની સાથે વિરોધ આવતો હોવાથી '**जओ**'= કારણ કે '**भणियं**'= કહ્યું છે કે- ॥ ૮૪૩ ॥ ૧૭ । ૪૯

सव्वेऽवि य अइयारा, संजलणाणं तु उदयतो होंति ।
मूलच्छेज्जं पुण होति बारसण्हं कसायाणं ॥ ८४४ ॥ १७/५०

छायाः- सर्वेऽपि चातिचाराः संज्वलनानां तूदयतो भवन्ति ।
मूलच्छेद्यं पुनर्भवति द्वादशानां कषायाणाम् ॥ ५० ॥

गाथार्थ :- બધા જ અતિચારો સંજ્વલન કષાયના ઉદયથી જ થાય છે. અનંતાનુબંધી આદિ બાર કષાયના ઉદયમાં ચારિત્રનો મૂળથી નાશ થાય છે.

ટીકાર્થ :- '**सव्वेऽवि य**'= બધાં પણ '**अइयारा**'= અતિચારો '**संजलणाणं तु**' સંજ્વલન કષાયના

જ '**उदयतो**'= વિપાકોદયથી '**होंति**'= થાય છે. '**मूलच्छेज्जं पुण**'= મૂળ પ્રાયશ્ચિત્તથી જ જેની વિશુદ્ધિ થાય એવું ચારિત્ર '**होति**'= હોય છે. '**बारसण्हं कसायाणं**'= બાર કષાયોના ઉદયથી અહીં 'ઉદયથી' શબ્દનો અધ્યાહારથી સંબંધ કરાય છે. અર્થાત્ ચારિત્રનો મૂળથી નાશ થાય. 'ચારિત્ર' શબ્દ અધ્યાહાર જાણવો. ॥ ૮૪૪ ॥ ૧૭/૫૦.

एवं च संकिलिट्ठा, माइट्ठाणंमि णिच्चतल्लिच्छा ।
आजीवियभयगत्था, मूढा नो साहुणो णेया ॥ ८४५ ॥ १७/५१

છાયાઃ- एवञ्च सङ्क्लिष्टाः मातृस्थाने नित्यं तल्लिप्साः ।
आजीविकाभयग्रस्ताः मूढाः न साधवो ज्ञेयाः ॥ ५१ ॥

ગાથાર્થ :- આમ સંજ્વલન સિવાયના કષાયના ઉદયથી સંક્લિષ્ટ ચિત્તવાળા, સદા માયામાં તત્પર, ધન આદિથી રહિત હોવાના કારણે આજીવિકાના ભયથી વ્યાકુળ અને મૂઢ જેઓ છે તેમને સાધુ ન જાણવા.

ટીકાર્થ :- '**एवं च**'= આ પ્રમાણે હોવાથી '**संकिलिट्ठा**'= આદ્ય બાર કષાયના ઉદયના કારણે સંક્લિષ્ટ ચિત્તવાળા '**माइट्ठाणंमि**'= માયાસ્થાનમાં '**निच्चतल्लिच्छा**'= નિત્ય તત્પર '**आजीवियभयगत्था**'= ધન આદિથી રહિત, હોવાથી "દુષ્કાળ આદિમાં અમે કેવી રીતે જીવીશું ?" એમ આજીવિકાના ભયથી વ્યાકુળ મનવાળા '**मूढा**'= મોહથી મૂઢ '**नो साहुणो णेया**'= ભાવસાધુ ન જાણવા. ॥ ૮૪૫ ॥ ૧૭ । ૫૧

संविग्गा गुरुविणया, नाणी दंतिंदिया जियकसाया ।
भवविरहे उज्जुत्ता, जहारिहं साहुणो होंति ॥ ८४६ ॥ १७/५२

છાયા :- संविग्ना गुरुविनताः ज्ञानिनो दान्तेन्द्रिया जितकषायाः ।
भवविरहे उद्युक्ता यथार्हं साधवो भवन्ति ॥ ५२ ॥

ગાથાર્થ :- જેઓ સંવિગ્ન છે, ગુરુનો વિનય કરનારા છે, સમ્યગ્જ્ઞાની છે. ઇન્દ્રિયોનું દમન કરનારા છે, કષાયોને જીતનારા છે અને દેશકાળની અપેક્ષાએ સંસારનો ક્ષય કરવામાં ઉદ્યમી છે તેઓ ભાવસાધુ છે.

ટીકાર્થ :- '**संविग्गा**'= સંસારથી ભય રાખનારા, તેનાથી વૈરાગ્ય પામેલા હોવાથી '**गुरुविणया**'= ગુરુનો વિનય કરનારા, નમ્ર, ગુરુને અનુકૂળ વર્તનારા, '**नाणी**'= સમ્યગ્ જ્ઞાની '**दंतिंदिया**'= ઇંદ્રિયોનું દમન કરનારા '**जियकसाया**'= ક્રોધ આદિ કષાયોનો નિગ્રહ કરનારા '**भवविरहे**'= પોતાના સંસારનો ક્ષય કરવામાં '**उज्जुत्ता**'= ઉદ્યમી '**जहारिहं**'= દેશકાળની અપેક્ષાએ યથાયોગ્ય '**साहुणो**'= ભાવ સાધુઓ '**होंति**'= હોય છે. ॥ ૮૪૬ ॥ ૧૭/૫૨.

સ્થિતાસ્થિત વિધિપ્રકરણ નામનું સત્તરમું પંચાશક સમાપ્ત થયું. ॥

• • •

॥ अष्टादशं भिक्षुप्रतिमा- पञ्चाशकम् ॥

સ્થિતાસ્થિતકલ્પમાં વર્ણવેલા ગુણોથી યુક્ત સાધુઓમાં જ પ્રતિમાકલ્પની યોગ્યતા સંભવે છે માટે સંબંધથી પ્રતિમાકલ્પનું વર્ણન કરવા કહે છે :-

णमिऊण वद्धमाणं, भिक्खुप्पडिमाण लेसओ किंपि ।
वोच्छं सुत्ताएसा, भव्वहियट्ठाएँ पयडत्थं ॥ ८४७ ॥ १८/१

छाया :- नत्वा वर्धमानं भिक्षुप्रतिमानां लेशतः किमपि ।
वक्ष्ये सूत्रादेशाद् भव्यहितार्थाय प्रकटार्थम् ॥ १ ॥

ગાથાર્થ :- શ્રી મહાવીરસ્વામીને પ્રણામ કરીને ભવ્યજીવોના હિત માટે **શ્રી દશાશ્રુતસ્કંધસૂત્ર**ના અનુસારે ભિક્ષુપ્રતિમાઓનું સ્પષ્ટ અર્થ સમજાય તે રીતે સંક્ષેપથી કાંઈક વર્ણન કરીશ.

ટીકાર્થ:- '**णमिऊण**'= નમસ્કાર કરીને '**वद्धमाणं**'= કલ્યાણ અને વિજયથી વધતા એવા **વર્ધમાનસ્વામી**ને '**भिक्खुपडिमाण**'= ભિક્ષુની પ્રતિમાઓનું '**सुत्ताएसा**'= આગમના અનુસારે '**भव्वहियट्ठाए**'= ભવ્યજીવોના હિતના માટે '**पयडत्थं**'= સ્પષ્ટ અર્થમાં '**लेसओ**'= સંક્ષેપથી '**किंपि**'= કાંઈક '**वोच्छं**'= કહીશ. ॥ ૮૪૭ ॥ ૧૮/૧

ભિક્ષુપ્રતિમા= સાધુઓની વિશિષ્ટ પ્રતિજ્ઞા

बारस भिक्खूपडिमा, ओहेणं जिणवरेहिं पण्णत्ता ।
सुहभावजुया काया, मासादीया जतो भणियं ॥ ८४८ ॥ १८/२

छाया :- द्वादश भिक्षुप्रतिमा ओघेन जिनवरैः प्रज्ञप्ताः ।
शुभभावयुताः काया मासादिका यतो भणितम् ॥ २ ॥

ગાથાર્થ :- જિનેશ્વરોએ પ્રશસ્ત અધ્યવસાયથી યુક્ત સાધુની કાયારૂપ સામાન્યથી માસિકી વગેરે બાર ભિક્ષુ પ્રતિમાઓ કહી છે.

ટીકાર્થ :- '**जिणवरेहिं**'= જિનેશ્વરોએ '**सुहभावजुया**'= શુભભાવથી યુક્ત '**काया**'= (સાધુઓની) શરીરરૂપ '**मासादीया**'= માસિકી વગેરે "માસ આદિમાં છે જેમની તે માસાદિકા" એમ વ્યુત્પત્તિ છે. '**जतो**'= કારણ કે '**भणियं**'= કહ્યું છે કે '**बारस भिक्खूपडिमा**'= શાસ્ત્રપ્રસિદ્ધ બાર ભિક્ષુપ્રતિમા '**ओहेणं**'= સામાન્યથી '**पण्णत्ता**'= કહી છે. ॥ ૮૪૮ ॥ ૧૮/૨

શાસ્ત્રમાં જે કહ્યું છે તે કહે છે :-

मासादी सत्तंता, पढमाबितितइयसत्तराइदिणा ।
अहराइ एगराई, भिक्खूपडिमाण बारसगं ॥ ८४९ ॥ १८/३

छाया :- मासादयः सप्तान्ताः प्रथमाद्वितीया-तृतीया-सप्तरात्रिदिनानि ।
अहोरात्रिकी एकरात्रिः भिक्षुप्रतिमानां द्वादशकम् ॥ ३ ॥

ગાથાર્થ :- એક માસથી આરંભીને ક્રમશઃ એક એક માસની વૃદ્ધિથી સાત માસ પર્યંતની સાત પ્રતિમાઓ

છે. ત્યારબાદ પહેલી સાતરાત્રિદિવસની, બીજી સાતરાત્રિદિવસની અને ત્રીજી સાતરાત્રિદિવસની એમ ત્રણ પ્રતિમાઓ સાત રાત્રિદિવસની છે. ત્યારબાદ અહોરાત્રિકીની એક પ્રતિમા અને છેલ્લી પ્રતિમા એકરાત્રિની છે. આમ બાર ભિક્ષુપ્રતિમાઓ છે.

ટીકાર્થ :- '**मासादी**'= એક માસથી માંડીને '**सत्तंता**'= સાત માસ સુધીની સાત પ્રતિમાઓ છે. પહેલી પ્રતિમા એક મહિનાની, બીજી પ્રતિમા બે મહિનાની, ત્રીજી પ્રતિમા ત્રણ મહિનાની, ચોથી પ્રતિમા ચાર મહિનાની, પાંચમી પ્રતિમા પાંચ મહિનાની, છઠ્ઠી પ્રતિમા છ મહિનાની, સાતમી સાત મહિનાની એમ સાત પ્રતિમાઓ છે. તેના પછીની '**पढमाबिइतइयसत्तराइदिणा**'= પહેલી સાતરાત્રિદિવસની આઠમી પ્રતિમા, બીજી સાતરાત્રિદિવસની નવમી પ્રતિમા, ત્રીજી સાતરાત્રિદિવસની દશમી પ્રતિમા- આ ત્રણેય પ્રતિમાઓ દરેક સાત સાત દિવસે પૂર્ણ થાય છે. '**अहराइ**'= અહોરાત્રિકી અગ્યારમી પ્રતિમા (= દિવસ અને રાત્રિ મળીને એક અહોરાત્ર થાય છે.) '**एगराई**'= માત્ર એક રાત્રિની એકરાત્રિકી બારમી પ્રતિમા, આ '**बारसगं**'= બાર '**भिक्खूपडिमाण**'= ભિક્ષુપ્રતિમાઓ છે. ॥ ૮૪૯ ॥ ૧૮/૩

બાર પ્રતિમાને સ્વીકારનાર સાધુ કેવા હોય ? તે વર્ણવે છેઃ-

पडिवज्जइ एयाओ, संघयणधिईजुओ महासत्तो ।
पडिमाउ भावियप्पा, सम्मं गुरुणा अणुण्णाओ ॥ ८५० ॥ १८/४

છાયા :- प्रतिपद्यत एताः संहननधृतियुतो महासत्त्वः ।
प्रतिमा भावितात्मा सम्यग् गुरुणा अनुज्ञातः ॥ ४ ॥

ગાથાર્થ :- સંઘયણ અને ધૃતિથી યુક્ત હોય, મહાસત્ત્વશાળી હોય, ભાવિતાત્મા હોય, ગુરુ વડે આગમાનુસારે અનુજ્ઞા અપાયેલ હોય એ સાધુ આ પ્રતિમાઓને સ્વીકારે છે.

ટીકાર્થઃ- '**एयाओ**'= આ '**पडिमाउ**'= ભિક્ષુપ્રતિમાઓને **संघयणधिईजुओ**= પ્રથમના ત્રણ સંઘયણમાંથી કોઈ એક મજબૂત સંઘયણવાળો, દૃઢ ધૃતિ (= ચિત્તની સ્વસ્થતા)થી યુક્ત હોય, '**महासत्तो**'= મહાસાત્ત્વિક હોય-દીનતારહિત હોય, સત્ત્વસંપન્ન હોય. '**भावियप्पा**'= ધર્મથી વાસિત અંતઃકરણવાળો હોય, '**सम्मं**'= વિધિપૂર્વક '**गुरुणा**'= ગુરુ વડે તથા પૂજ્યશ્રી સંઘ વડે '**अणुण्णाओ**'= અનુજ્ઞા અપાયેલ હોય તે '**पडिवज्जई**'= સ્વીકારે છે ॥ ૮૫૦ ॥ ૧૮/૪

गच्छे च्चिय निम्माओ, जा पुव्वा दस भवे असंपुण्णा ।
नवमस्स तइयवत्थू, होइ जहण्णो सुयाभिगमो ॥ ८५१ ॥ १८/५

છાયા :- गच्छ एव निर्मातो यावत्पूर्वाणि दश भवेद् असम्पूर्णानि ।
नवमस्य तृतीयवस्तु भवति जघन्यः श्रुताभिगमः

ગાથાર્થ :- ગચ્છમાં રહીને જ પાંચ તુલનાઓ વડે ઘડાયેલો હોય અર્થાત્ યોગ્યતાને કેળવી હોય, ઉત્કૃષ્ટથી કાંઈક ન્યૂન દશપૂર્વ અને જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી વસ્તુ સુધીનું શ્રુત જાણનાર હોય.

ટીકાર્થ :- '**गच्छे च्चिय**'= સાધુ સમુદાયરૂપ ગચ્છમાં જ '**निम्माओ**'= કેળવાયેલો હોય '**जा पुव्वा दस भवे असंपुण्णा**'= ઉત્કૃષ્ટથી કાંઈક ન્યૂન દશપૂર્વ સુધીનું જ્ઞાન હોય અને '**जहण्णो**'= જઘન્યથી '**नवमस्स तइयवत्थू**'= નવમા **પ્રત્યાખ્યાનપૂર્વ**ની ત્રીજી **આચાર વસ્તુ** સુધીની '**सुयाहिगमो**'= શ્રુતજ્ઞાન અર્થાત્ શ્રુતની સંપત્તિ '**होइ**'= હોય છે. ॥ ૮૫૧ ॥ ૧૮/૫

वोसट्ठचत्तदेहो, उवसग्गसहो जहेव जिणकप्पी ।
एसण अभिग्गहीया, भत्तं च अलेवडं तस्स ॥ ८५२ ॥ १८/६

छायाः- व्युत्सृष्टत्यक्तदेहः उपसर्गसहो यथैव जिनकल्पी ।
एषणा अभिगृहीता भक्तं च अलेपकृतं तस्य ॥ ६ ॥

गाथार्थ :- કાયાને વોસિરાવી દીધી હોય તેમજ તજી દીધી હોય, જિનકલ્પી સાધુની જેમ ઉપસર્ગને સહન કરવામાં સમર્થ હોય, સાત પિંડૈષણામાંથી બે એષણાથી ભોજન-પાણી ગ્રહણ કરવાનો અભિગ્રહ કરતા હોય, અને અલેપકૃત ભોજન કરતા હોય.

ટીકાર્થ :- '**वोसट्ठ**'= શરીરનું કોઈપણ જાતનું પરિકર્મ અર્થાત્ સારસંભાળ કરે નહિ એ રીતે શરીરને વોસિરાવી દીધું હોય. '**चत्तदेहो**'= શરીરને ત્યજી દીધું હોય અર્થાત્ શરીર ઉપરનું મમત્વ ત્યજી દીધું હોય. '**उवसग्गसहो**'= દેવકૃત, મનુષ્યકૃત, તિર્યંચકૃત અને આત્માકૃત એમ ચાર પ્રકારના ઉપસર્ગોને સહન કરવામાં સમર્થ હોય. '**जहेव**'= જેમ '**जिणकप्पी**'= જિનકલ્પને સ્વીકારનાર સાધુ-તેની જેમ ઉપસર્ગને સહન કરનાર હોય. '**एसणं**'= સાત પ્રકારની એષણા

(૧) **असंसृष्टा**= ગૃહસ્થના નહિ ખરડાયેલા પાત્રથી કે હાથથી ભિક્ષા લેવી.

(૨) **संसृष्टा**= ગૃહસ્થના ખરડાયેલા પાત્રથી કે હાથથી ભિક્ષા લેવી.

(૩) **उद्धृता**= ગૃહસ્થે પોતાના માટે મૂળ વાસણમાંથી બીજા વાસણમાં કાઢેલા આહારને બીજા વાસણથી લેવો.

(૪) **अल्पलेपा**= લેપરહિત પૌંઆ વગેરે લેવું.

(૫) **अवगृहीता**= ભોજન વખતે થાળીમાં પીરસેલું ભોજન તે થાળીથી જ લેવું

(૬) **प्रगृहीता**= ભોજન વખતે પીરસવા માટે કે ખાવા માટે હાથમાં લીધેલું ભોજન લેવું.

(૭) **उज्झितधर्मा**= જે આહાર ગૃહસ્થ તજી દેવાનો હોય તે લેવો.

આ સાત એષણામાંથી પહેલી બે એષણા વડે ખપતું નથી. પાછળની પાંચ એષણાથી ખપે છે. તે પાંચમાંથી પણ વિવક્ષિત દિવસે તો એક એષણા વડે ભોજન અને એક એષણા વડે પાણીને ગ્રહણ કરવાનો '**अभिग्गहीया**' અભિગ્રહ કરનાર હોય. '**भत्तं च**'= ભોજન '**अलेवडं**'= શાસ્ત્રસિદ્ધ અલેપકૃત '**तस्स**'= તેમને હોય. ॥ ૮૫૨ ॥ ૧૮/૬

गच्छा विणिक्खमित्ता, पडिवज्जइ मासियं महापडिमं ।
दत्तेग भोयणस्सा, पाणस्स वि एग जा मासं ॥ ८५३ ॥ १८/७

छायाः- गच्छाद् विनिष्क्रम्य प्रतिपद्यते मासिकीं महाप्रतिमाम् ।
दत्तिरेका भोजनस्य पानस्यापि एका यावन्मासम् ॥ ७ ॥

गाथार्थ :- ગચ્છમાં જ પરિકર્મમાં ઘડાઈ ગયેલા તે મહાત્મા ગચ્છમાંથી નીકળીને પહેલી માસિકી મહાપ્રતિમાને સ્વીકારે છે. તેમાં એક મહિના સુધી ભોજનની એક દત્તિ અને પાણીની એક દત્તિ હોય છે. દત્તિ એટલે અવિચ્છિન્નપણે ધાર તૂટ્યા વિના એક વખતે પાત્રમાં જેટલું પડે તેટલું જ લેવાનું.

ટીકાર્થ :- '**गच्छा**'= સમુદાયમાંથી '**विणिक्खमित्ता**'= નીકળીને '**पडिवज्जइ**'= સ્વીકારે છે. '**मासियं**'= માસિકી (=એક માસ સુધી પાળવાની)- "એક મહિના વડે નિવૃત્તા (= બનેલી) તે માસિકી" એમ વ્યુત્પત્તિ

થાય છે. '**महापडिमं**'= મહાપ્રતિમાને '**दत्तेग**'= અવિચ્છિન્ન પણે એકધારાથી આપવું તે દત્તિ કહેવાય. એવી એક દત્તિ '**भोयणस्सा**'= ભોજનની '**पाणस्स वि**'= પાણીની પણ '**एग**'= એક દત્તિ '**जा मासं**'= એક મહિના સુધી. ॥ ૮૫૩ ॥ ૧૮/૭ ॥

आदीमज्झवसाणे, छग्गोयरहिंडगो इमो णेओ ।
णाएगरायवासी, एगं च दुगं च अण्णाए ॥ ८५४ ॥ १८/८

छायाः- आदिमध्यावसाने षड्गोचरहिंडकोऽयं ज्ञेयः ।
ज्ञातैकरात्रवासी एकं च द्विकं च अज्ञाते ॥ ८ ॥

ગાથાર્થ :- દિવસની આદિમાં, મધ્યમાં અને અંતે અર્થાત્ ભિક્ષાકાળ થયા પહેલાં, ભિક્ષાકાળ વખતે અથવા ભિક્ષાકાળ વીતી ગયા પછી (અન્ય ભિક્ષાચરોને અપ્રીતિ ન થાય એ માટે તેઓ જે કાળે ભિક્ષા લેવા જતા હોય તે સિવાયના કાળમાં આ મહાત્મા ભિક્ષા માટે જાય.) છ ગોચરભૂમિમાં આ પ્રતિમાધારી સાધુ ગોચરી માટે ફરે એમ જાણવું. જો આ પ્રતિમાધારી સાધુ છે એમ ગામમાં ખબર પડી ગઈ હોય તો ત્યાં એક જ દિવસ રહીને બીજા દિવસે વિહાર કરી જાય. અને કોઈને ખબર ન પડી હોય તો ગામ આદિમાં એક અથવા બે દિવસ રહે.

ટીકાર્થઃ- '**आदीमज्झवसाणे**'= પહેલા કલ્પેલા દિવસના આદિ, મધ્યમ અને અંત કાળમાં '**छग्गोयरहिंडगो**'= છ ગોચરભૂમિ પ્રમાણે ભિક્ષા માટે ફરનાર '**इमो**'= પ્રતિમાસંપન્ન આ સાધુ '**णेओ**'= જાણવો. '**णाएगरायवासी**'= આ પ્રતિમાસંપન્ન મહાત્મા છે' એમ લોકોને ખબર પડી જાય તો બીજા દિવસે જ ત્યાંથી વિહાર કરી જાય અર્થાત્ ત્યાં એક જ દિવસ રોકાય. ''એકરાત્રવાસી= એક રાત્રિ રહેવાનું શીલ છે જેનું તે'' આ પ્રમાણે વ્યુત્પત્તિ થાય છે. '**एगं च दुगं च अण्णाए**'= જો લોકોને તેની પ્રતિમાધારી સાધુ તરીકે ઓળખાણ થઈ ન હોય તો તે ગામમાં એક અથવા બે દિવસ રોકાય.

(૧) **ગોચરભૂમિ :-** (૧) પેટા- પેટીની જેમ ગામમાં ચારે દિશામાં ચાર શ્રેણિઓથી ઘરના વિભાગ કરીને તેની વચ્ચેના ઘરો છોડીને ચાર દિશામાં કલ્પેલી ચાર લાઈનમાં જ ગોચરી જવું.

(૨) **અર્ધપેટા :-** પેટીની જેમ ચાર શ્રેણિની કલ્પના કરીને બે દિશાની બે શ્રેણિમાં જ ગોચરી જવું.

(૩) **ગોમૂત્રિક :-** સામસામે રહેલાં ઘરોની બે શ્રેણિમાં ગોમૂત્રિકાની જેમ ફરે અર્થાત્ ડાબી શ્રેણિમાં પહેલા ઘરમાં જાય પછી જમણી શ્રેણિના પહેલા ઘરમાં જાય. પછી ડાબી શ્રેણિમાં બીજા ઘરે જાય, પછી જમણી શ્રેણીના બીજા ઘરે જાય આમ ગોમૂત્રિકાની જેમ સામસામી ઘરોમાં ગોચરી માટે ફરે.

(૪) **પતંગવીથિકા :-** પતંગિયાની જેમ અનિયતક્રમથી આડાઅવળા ગોચરી માટે ફરે.

(૫) **શંબૂકવૃત્તા :-** શંખમાં જેમ ગોળાકારે આંટા હોય છે તેમ ગોળાકારે ગોચરી માટે ફરે. તેમાં ગામમાં સૌથી વચ્ચેના ઘરમાંથી શરૂ કરીને ગોળ ગોળ ઘરોમાં ફરતા ગામના સૌથી છેડા ઉપર રહેલા ઘરમાં જાય અથવા છેડાના ઘરથી શરૂ કરીને સૌથી વચ્ચેના ઘરમાં છેલ્લે આવે.

(૬) **ગત્વાપ્રત્યાગતઃ-** ઉપાશ્રયની એક તરફની ગૃહશ્રેણિમાં ક્રમશઃ દરેક ઘરમાં ભિક્ષા લેતાં લેતાં શ્રેણી પૂરી કરીને તેની સામેની શ્રેણિમાં ક્રમશઃ દરેક ઘરમાં ભિક્ષા લેતાં લેતાં ઉપાશ્રય તરફ પાછા ફરવું. ॥ ૮૫૪ ॥ ૧૮/૮

जायणपुच्छाणुण्णावणपण्हवागरणभासगो चेव ।
आगमणवियडगिहरुक्खमूलगावासयतिगो त्ति ॥ ८५५ ॥ १८/९ ॥

छाया :- याचन-पृच्छा-ऽनुज्ञापन-प्रश्नव्याकरण-भाषकश्चैव ।
आगमन-विकटगृह-वृक्षमूलकाऽवासकत्रिक इति ॥ ९ ॥

गाथार्थ :- તે મહાત્મા યાચના, પૃચ્છા, અનુજ્ઞા અને પ્રશ્નનો ઉત્તર આપવો. એમ ચાર કારણે બોલે- એ સિવાય મૌન રહે. તથા ધર્મશાળા, ખુલ્લું ઘર અને વૃક્ષની નીચે એમ ત્રણ સ્થાનમાં રહે.

ટીકાર્થ :- '**जायण**'= તે મહાત્મા સંથારો, ઉપાશ્રય આદિની યાચના કરવાની હોય ત્યારે બોલે. '**पुच्छा**'= માર્ગ પૂછવા માટે બોલે. '**अणुण्णावण**'= અવગ્રહ, તૃણ, કાષ્ઠ આદિની અનુજ્ઞા માંગતા બોલે. '**पण्हवागरण**'= પ્રશ્નનો ઉત્તર આપતાં '**भासगो चेव**'= નિરવદ્ય ભાષા બોલે. '**आगमणवियडगिहरुक्खमूलगावासयतिगो त्ति**'= આગમનગૃહ= જ્યાં કાર્પટિક આદિ વિસામો લેતાં હોય તે ધર્મશાળામાં વિકટગૃહ= જેની ઉપર છાપરું હોય અને નીચે આવરણ હોય પણ ચારે દિશામાં ખુલ્લું હોય એવાં ખુલ્લાં ઘરમાં, 'વૃક્ષમૂળ'= વૃક્ષની નીચે ઘર- જ્યાં પાંદડાં, પુષ્પ, ફળ, બીજ કે ત્રસજીવો પડતાં ન હોય એવા સાધુને માટે નિવાસ યોગ્ય સ્થાનમાં- જ્યાં પાંદડાં વગેરે પડતાં હોય ત્યાં તો પ્રતિમાધારી સિવાય બીજા સાધુઓને પણ નિવાસ કરવો યોગ્ય નથી.

આ ત્રણ નિવાસભૂમિ છે જેથી તે '**आगमन.....वासयतिगो**' એમ સમાસ થાય છે. અથવા બીજો અર્થ એમ થાય કે ધર્મશાળા, ખુલ્લું ઘર અને વૃક્ષની નીચે એ આવાસોમાં જે પ્રવેશે છે (= **अतिगच्छति**) અર્થાત્ નિવાસ કરે છે. પહેલા અર્થમાં (**आवासय+तिगो**) બીજા અર્થમાં (**आवासय+अतिगतो**) ॥ ૮૫૫ ॥ ૧૮/૯

पुढवीकट्ठजहऽऽत्थिण्णसारसाई न अग्गिणो बीहे ।
कट्ठाइ पायलग्गं, णऽवणेइ तहऽच्छिकणुगं वा ॥ ८५६ ॥ १८/१०

छायाः- पृथ्वीकाष्ठ-यथास्तीर्ण-सारशायी न अग्नेर्बिभेति ।
काष्ठादि पादलग्नं नापनयति तथाऽक्षिकणुकं वा ॥ १०॥

गाथार्थ :- પૃથ્વીશિલામાં, કાષ્ઠપાટમાં, પોલાણ વગેરેથી રહિત પાથરેલા સંથારામાં શયન કરે. અગ્નિથી ભય ન પામે. પગમાં લાગેલા કાષ્ઠ વગેરેને ન કાઢે, આંખમાં પડેલી ધૂળને કાઢે નહિ.

ટીકાર્થ :- '**पुढवीकट्ठजहऽऽत्थिण्णसारसाई**'= ''પૃથ્વી, કાષ્ઠ અને પોલાણરહિત પાથરેલા ઘાસમાં શયન કરવાનું શીલ છે જેનું તે'' આમ વ્યુત્પત્તિ થાય છે. અર્થાત્ કારણે શયન કરવું પડે તો પોલાણરહિત- પૃથ્વીશિલા, કાષ્ઠશિલા અને પાથરેલા ઘાસ વગેરેનો સંથારો- આ ત્રણ સંથારા ઉપર શયન કરે. '**न अग्गिणो बीहे**'= અગ્નિથી ડરતા નથી. કાયોત્સર્ગ આદિમાં રહેલા હોય ત્યાં એકદમ આગ લાગે તો પોતે સત્ત્વશીલ હોવાથી ત્યાંથી ડરીને ખસે નહિ કાઉસ્સગ્ગ ન કરતાં હોય ત્યારે દૂરથી જો અગ્નિ આવતો હોય તો તે અનર્થનું કારણ હોવાથી ખસી જાય પણ કર્મના સામર્થ્યથી તે આવી પડે તો ભય રાખે નહિ. '**कट्ठाइ**'= કાષ્ઠ, કાંકરો વગેરે '**पायलग्गं**'= પગમાં લાગ્યો હોય તો '**णऽवणेति**'= તેને પગમાંથી કાઢે નહિ. '**तह**'= તથા '**अच्छिगणुगं वा**'= આંખમાં સૂક્ષ્મ ધૂળની રજ કે કણિયો ખૂંચી ગયો હોય તો તેને કાઢે નહિ ॥ ૮૫૬ ॥ ૧૮/૧૦

जत्थऽत्थमेइ सूरो, न तओ ठाणा पयं पि संचरइ ।
पायादि न पखालइ एसो वियडोदगेणावि ॥ ८५७ ॥ १८/११

छाया :- यत्रास्तमेति सूर्यो न ततः स्थानात् पदमपि सञ्चरति ।
पादादि न प्रक्षालयति एषो विकृतोदकेनापि ॥ ११ ॥

गाथार्थ :- જ્યાં સૂર્યાસ્ત થાય તે સ્થાનથી એક પગલું પણ ચાલે નહિ. હાથપગ વગેરેને અચિત્ત પાણીથી પણ ધોવે નહિ.

ટીકાર્થ :- '**जत्थ**'= ગામ,જંગલ વગેરે જે ઠેકાણે '**अत्थमेइ सूरो**'= સૂર્ય અસ્ત પામે '**तओ ठाणा**'= તે સ્થાનથી '**पयं पि**'= એક પગલું માત્ર પણ '**संचरइ**'= આગળ ચાલે '**न**'= નહિ અર્થાત્ ઊભા રહી જાય. '**एसो**'= આ પ્રતિમાધારી સાધુ '**वियडोदगेणावि**'= પ્રાસુક (અચિત્ત) પાણીથી પણ. '**पायादि**'= હાથ-પગ વગેરે '**न पखालेइ**'= ધોવે નહિ. ॥ ૮૫૭ ॥ ૧૮/૧૧

दुट्ठऽस्सहत्थिमाई, तओ भएणं पयं पि णोसरई ।

एमादिनियमसेवी, विहरइ जाऽखंडिओ मासो ॥ ८५८ ॥ १८/१२

છાયા :- दुष्टाश्वहस्त्यादयस्ततो भयेन पदमपि नोपसरति ।

एवमादिनियमसेवी विहरति यावदखण्डितो मासः ॥ १२ ॥

ગાથાર્થ :- તે મહાત્મા દુષ્ટ અશ્વ, હાથી વગેરેથી ભયના કારણે એક પગલું પણ ખસે નહિ. આવા અભિગ્રહોનું પાલન કરતાં તે મહાત્મા એક મહિના સુધી વિચરે.

ટીકાર્થ :- '**दुट्ठऽस्सहत्थिमाई**'= મદોન્મત્ત તોફાની ઘોડા, હાથી વગેરે જેનાથી ડરીને લોકો દૂર નાસે છે. '**तओ**'= તેનાથી '**भएणं**'= ભયમોહનીયના ઉદયથી ભયરૂપ આત્મપરિણામ વડે '**पयं पि**'= એક પગલું પણ '**णोसरइ**'= ખસતાં નથી. '**एमादिइनियमसेवी**'= આ વગેરે આગમમાં કહેલા અભિગ્રહોને સેવતા '**जाऽखंडिओ मासो**'= સંપૂર્ણ એક મહિના સુધી '**विहरइ**'= પોતાની ચર્યા વડે વિચરે છે. ॥ ૮૫૮ ॥ ૧૮/૧૨.

पच्छा गच्छमईई, एवं दुम्मासि तिमासि जा सत्त ।

नवरं दत्तिविवड्ढी, जा सत्त उ सत्तमासीए ॥ ८५९ ॥ १८/१३

છાયા :- पश्चाद् गच्छमत्येति एवं द्विमासा त्रिमासा यावत् सप्त ।

नवरं दत्तिविवृद्धिः यावत् सप्त तु सप्तमासिकायाम् ॥ १३ ॥

ગાથાર્થ :- આ એક મહિનાની પ્રતિમા પૂર્ણ થયા બાદ તે ગચ્છમાં પ્રવેશ કરે છે. બે મહિનાની, ત્રણ મહિનાની યાવત્ સાત મહિનાની પ્રતિમા સુધી આ જ વિધિ છે. પણ દત્તિની વૃદ્ધિ થાય-દ્વિમાસિકામાં બે દત્તિ, ત્રિમાસિકીમાં ત્રણ દત્તિ યાવત્ સપ્તમાસિકીમાં સાત દત્તિ હોય.

ટીકાર્થ :- '**पच्छा**'= એક મહિનાની પ્રતિમા પૂર્ણ થયા પછી '**गच्छमईई**'= ગચ્છમાં પ્રવેશે છે. '**एवं**'= માસિકી પ્રતિમાની જેમ '**दुम्मासि तिमासि जा सत्त**'= દ્વિમાસિકી, ત્રિમાસિકીથી માંડીને સપ્તમાસિકી સુધીની પ્રતિમાઓ છે. '**नवरं**'= ફક્ત '**दत्तिविवड्ढी**'= એક એક દત્તિની વૃદ્ધિ થાય છે. '**जा सत्त उ**'= યાવત્ સાત દત્તિ '**सत्तमासीए**'= સાતમી પ્રતિમામાં હોય છે. ॥ ૮૫૯ ॥ ૧૮/૧૩

तत्तो य अट्ठमी खलु, हवइ इहं पढमसत्तराइंदी ।

तीए चउत्थचउत्थेणऽपाणएणं अह विसेसो ॥ ८६० ॥ १८/१४

છાયા :- ततश्च अष्टमी खलु भवति इह प्रथमसप्तरात्रिंदिनान् ।
तस्यां चतुर्थचतुर्थेनापानकेन अथ विशेषः ॥ १४ ॥

ગાથાર્થ :- પછી પહેલી સાત અહોરાત્રવાળી આઠમી પ્રતિમા ધારણ કરે. તેમાં આટલી વિશેષતા છે કે એકાંતરે ચોવિહાર ઉપવાસ કરે. (પારણે આયંબિલ કરે, દત્તિનો નિયમ નથી.)

ટીકાર્થ :- '**तत्तो य**'= ત્યારબાદ '**इहं पढमसत्तराइंदी**'= પહેલી સાત રાત્રિદિવસવાળી '**अट्ठमी खलु**'=

આઠમી પ્રતિમા '**तीए**'= તે આઠમી પ્રતિમામાં '**हवइ**'= હોય છે. '**चउत्थचउत्थेण**'= એકાંતર ઉપવાસનો તપ કરે છે. અર્થાત્ એકાંતરે ભોજન કરે છે એટલું અધ્યાહાર છે. '**अपाणएणं**'= પાણી વગરનો ચોવિહાર '**अह विसेसो**'= પૂર્વની પ્રતિમાઓ કરતાં આમાં આટલું વિશેષ છે. ॥ ૮૬૦ ॥ ૧૮/૧૪.

આઠમી પ્રતિમામાં બીજું શું વિશેષ કરે છે ? તે કહે છે :-

उत्ताणग पासल्ली, णेसज्जी वावि ठाणगं ठाउं।
सहउवसग्गे घोरे, दिव्वादी तत्थ अविकंपो ॥ ८६१ ॥ १८/१५

छाया :- उत्तानकः पार्श्वशयितः निषद्यावान् वापि स्थानकं स्थित्वा ।
सहते उपसर्गान् घोरान् दिव्यादीन् तत्र अविकम्पः ॥ १५ ॥

ગાથાર્થ :- આ પ્રતિમામાં ચત્તા સૂવે, પડખે સૂવે કે પલાંઠી વાળીને બેસે, તથા દિવ્ય આદિ ઘોર ઉપસર્ગોને ચલિત બન્યા વિના સહન કરે.

ટીકાર્થ :- '**तत्थ**'= તે પ્રતિમામાં '**उत्ताणग**'= ચત્તા સૂતેલાની જેમ '**पासल्ली**'= પડખે સૂતેલાની જેમ '**णेसज्जी**'= નિષદ્યામાં રહેલાંની જેમ અર્થાત્ અત્યંત શય્યામાં રહેલાં રાજાની જેમ (પલાંઠી વાળીને બેસવાની જેમ) '**वावि**'= અથવા પણ '**ठाणगं**'= વિશિષ્ટ આસનો '**ठाउं**'= કરીને અર્થાત્ શરીરને આવા આસનોમાં સ્થાપીને '**दिव्वादी**'= દેવકૃત-મનુષ્યકૃત વગેરેના '**घोरे**'= ભયંકર '**उवसग्गे**'= પુરુષો વડે જે એકમેકરૂપે કરાય છે તે ઉપસર્ગો- તેને '**अविकंपो**'= મનથી અને શરીરથી ચલાયમાન થયા વગર '**सह**'= ભાવથી સત્ત્વશાલી હોવાથી સહન કરે છે. ॥ ૮૬૧ ॥ ૧૮/૧૫

दोच्चा वि एरिस च्चिय, बहिया गामाइयाण नवरं तु ।
उक्कुडलगंडसाई, दंडाययओ व्व ठाऊणं ॥ ८६२ ॥ १८/१६

छाया :- द्वितीयापि इदृश्येव बहिस्तात्ग्रामादीनां नवरं तु ।
उत्कुटुकलगण्डशायी दण्डायतको वा स्थित्वा ॥ १६ ॥

ગાથાર્થ :- બીજી સાત અહોરાત્રવાળી પ્રતિમા પણ પહેલી સાત અહોરાત્રવાળી પ્રતિમા જેવી જ છે. ગામ વગેરેની બહાર રહે પણ ઉત્કટુક આસને બેસે, વાંકા કાષ્ઠની જેમ સૂવે અથવા લાકડીની જેમ લાંબા સૂવે.

ટીકાર્થ:- '**दोच्चा वि**'= બીજી સાત અહોરાત્રવાળી '**एरिस च्चिय**'= પ્રથમ સાતઅહોરાત્રના જેવી જ છે. '**बहिया गामाइयाण**'= ગામ અને નગર આદિની બહાર '**नवरं तु**'= ફક્ત '**उक्कुडसादी**'= ઉત્કટુક આસને (ઉભડક પગે) '**लगंडसादी**'= વાંકા લાકડાની જેમ અર્થાત્ જમીનને માત્ર મસ્તક અને પગની એડી અડે તે રીતે કે જમીનને માત્ર પીઠ અડે (મસ્તક અને પગ અદ્ધર રહે) તેમ સૂવે, વજ્રસંઘયણવાળા હોવાથી ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું ધ્યાન કરતાં. '**दंडाययओ व्व**'= અથવા લાંબા થઈને શિલા વગેરેને આખું શરીર અડે તે રીતે '**ठाऊणं**'= રહીને સૂવે. ॥ ૮૬૨ ॥ ૧૮/૧૬

तच्चा वि एरिस च्चिय, नवरं ठाणं तु तस्स गोदोही ।
वीरासणमहवा वि हु, ठाएज्जा अंबखुज्जो उ ॥ ८६३ ॥ १८/१७

छाया :- तृतीयापि ईदृश्येव नवरं स्थानन्तु तस्य गोदोही ।
वीरासनमथवापि खलु तिष्ठेद् आम्रकुब्जो तु ॥ १७ ॥

ગાથાર્થ :- ત્રીજી સાત અહોરાત્રિવાળી પ્રતિમા પણ પહેલી સાત અહોરાત્રિ પ્રતિમાની જેવી જ છે પણ તેમાં આટલી વિશેષતા છે કે તે ગોદોહિકા આસને બેસે અથવા વીરાસને કે આમ્રફળની જેમ વાંકી રીતે બેસે.

ટીકાર્થ:- '**तच्चा वि**'= ત્રીજી સાત અહોરાત્રિવાળી પ્રતિમા પણ '**एरिसच्चिय**'= ઉપર વર્ણવેલા સ્વરૂપવાળી જ છે. '**णवरं**'= ફક્ત '**ठाणं तु**'= શરીરના સંસ્થાનરૂપ આસનવિશેષ '**तस्स**'= પ્રતિમાધારી સાધુનું '**गोदोही**'= ગોદોહિકા આસન- ગાયને દોહતી વખતે જેમ બે પગના તળિયાના આગળના ભાગના આધારે ઊભડક બેસવામાં આવે છે તેમ રહેવું તે ગોદોહિકા આસન કહેવાય. '**वीरासनमहवा वि हु**'= અથવા વીરાસન આસને રહે. ગુરુ આ આસનને વજ્રસંહનન આસન કહે છે.- જેમકે કોઈ રાજા વગેરે સિંહાસન ઉપર બેઠા હોય ત્યાં કોઈક કારણસર નીચેથી સિંહાસનને ખસેડી લેવામાં આવે ત્યારે તે અધ્ધર જે રીતે બેઠા હોય તે રીતે રહેવું એ વીરાસન કહેવાય છે. આમાં જમીન ઉપર માત્ર બે પગ અડતા હોય છે.-મજબૂત બળવાન સંઘયણવાળા તેઓ નિષ્પ્રકંપ રીતે આ આસનમાં રહીને ધર્મધ્યાન તથા શુક્લધ્યાનનું ધ્યાન કરતા હોય છે. લોકમાં ભોજન વખતના આસનને વીરાસન કહેવામાં આવે છે, '**अंबखुज्जो उ**'= કેરીની જેમ કાંઈક નમેલા વાંકાં રહેવું તે આમ્રકુબ્જ આસન છે. '**ठाएज्जा**'= આ આસને રહે. ॥ ૮૬૩ ॥ ૧૮/૧૭

एमेव अहोराई, छट्ठं भत्तं अपाणगं णवरं ।
गामणगराण बाहिं, वाघारियपाणिए ठाणं ॥ ८६४ ॥ १८/१८

છાયા :- एवमेव अहोरात्रिकी षष्ठं भक्तमपानकं नवरम् ।
ग्रामनगरेभ्यो बहिर्व्याघारितपाणिके स्थानम् ॥ १८ ॥

ગાથાર્થ :- આ જ રીતે (અગિયારમી) એક અહોરાત્રપ્રમાણવાળી પ્રતિમા છે. તેમાં આટલી વિશેષતા છે કે ચોવિહાર છઠ્ઠનો તપ હોય તથા ગામ-નગરની બહાર હાથ લાંબા કરીને રહે.

ટીકાર્થ :- '**एमेव**'= ઉપર કહ્યું તે સ્વરૂપવાળી '**अहोराई**'= અહોરાત્ર પ્રમાણવાળી પ્રતિમા હોય છે. '**णवरं**'= ફક્ત તેમાં આટલી વિશેષતા છે. '**छट्ठं भत्तं**'= બે ઉપવાસરૂપ છઠ્ઠનો તપ કરવાનો હોય છે. સામાન્યરીતે એક દિવસના બે ભોજન ગણાય છે. આથી બે દિવસના ઉપવાસમાં ચાર ભોજનનો ત્યાગ થાય. અત્તરવાયણા અને પારણામાં એકાસણું કરવાનું હોય એટલે તે બે દિવસના એક એક ભોજનનો ત્યાગ થાય- આમ બધા મળીને છ ભોજનનો ત્યાગ થતો હોવાથી તેને 'છઠ્ઠભક્ત' કહેવામાં આવે છે. અહીં '**छट्ठं**'માં અનુસ્વાર છન્દના કારણે છે. '**अपाणगं**'= આ પ્રતિમામાં ચોવિહાર કરવાનો હોય છે. '**तस्यां विधेयम्**'= તેમાં કરવાનો હોય છે.- આટલું અધ્યાહાર સમજવાનું છે. '**गामणगराणं**'= ગામ-નગર પ્રસિદ્ધ છે. તેની '**बाहिं**'= બહાર '**वाघारियपाणिए**'= લાંબા હાથ કરીને '**ठाणं**'= આ પ્રતિમાધારીને રહેવાનું હોય છે. ॥ ૮૬૪ ॥ ૧૮/૧૮

एमेव एगराई, अट्ठमभत्तेण ठाण बाहिरओ ।
ईसीपब्भारगओ, अणिमिसणयणेगदिट्ठीए ॥ ८६५ ॥ १८/१९

છાયા :- एवमेव एकरात्रिकी अष्टमभक्तेन स्थानं बहिस्तात् ।
इषत्प्राग्भारगतोऽनिमिषनयनैकदृष्टिकः ॥ १९ ॥

साहट्टु दोऽवि पाए, वाघारियपाणि ठायती ठ्ठाणं ।
वाघारि लंबियभुओ, अंते य इमीऍ लद्धि त्ति ॥ ८६६ ॥ १८/२० जुम्मं ।

छाया :- संहृत्य द्वावपि पादौ व्याघारितपाणिस्तिष्ठति स्थानम् ।
व्याघारित-लम्बितभुजोऽन्ते च अस्या लब्धिरिति ॥ २० ॥ युग्मम् ।

ગાથાર્થ :- અહોરાત્રિકી પ્રતિમાની જેમ જ એકરાત્રિકી પ્રતિમા છે. આમાં અઠ્ઠમનો તપ હોય છે. ગામની બહાર કાંઈક કુબડો હોય એવી સ્થિતિમાં કાયોત્સર્ગ મુદ્રાએ રહે. કોઈ એક પદાર્થ ઉપર નેત્રોને મીંચ્યા વગર અનિમેષ સ્થિર દૃષ્ટિ રાખે.

પગની જિનમુદ્રા અર્થાત્ પગની પાનીમાં આંગળા આગળ ચાર આંગળનું અને એડી આગળ સાડા ત્રણ આંગળનું અંતર રહે તે જિનમુદ્રા કહેવાય છે. બે હાથ લટકેલા રહે એવી રીતે કાયાના સંસ્થાનમાં રહે. આના સમ્યગ્ પાલનના અંતે લબ્ધિ પ્રગટે છે.

ટીકાર્થ :- '**एमेव**'= આ પ્રમાણે જ '**एगराई**'= એકરાત્રિકી પ્રતિમા છે. '**अट्ठमभत्तेण**'= ત્રણ ઉપવાસ વડે '**बाहिरओ**'= ગામ-નગરાદિની બહાર '**ईसीपब्भारगओ**'= ભાર ઉપાડેલા પુરુષની જેમ કાંઈક નમેલો અર્થાત્ કુબડા માણસના જેવા આસને '**अणिमिसणयण**'= દેવાદિ ઉપસર્ગોમાં લોચન મીંચ્યા વગર '**एगदिट्ठीए**'= કોઈ એક પદાર્થ ઉપર સ્થિર દૃષ્ટિવાળો '**ठाण**'= અવસ્થાન કરે છે. **॥ ૮૬૫ ॥ ૧૮/૧૯**

'**साहट्टु**'= વચ્ચે ચાર આંગળનું- આંતરું હોય એ રીતે '**दो वि पाए**'= બે પગને ભેગા કરીને '**वाघारियपाणि**'= લાંબા હાથ કરીને '**ट्ठाणं**'= આસને '**ठायति**'= રહે છે. '**वाघारि**'= વાઘારિત શબ્દનો અર્થ '**लंबियभुजो**'= લાંબા કરેલા હાથવાળો એવો થાય છે. '**अंते य**'= સર્વ પ્રતિમાના અંતે કરાતી '**इमीऍ**'= આ એકરાત્રિકી પ્રતિમાના અંતે '**लद्धि त्ति**'= લબ્ધિ પ્રગટે છે. પ્રતિમાની અંતે લબ્ધિ પ્રગટે છે, પહેલાં નહિ.

આ પ્રતિમા સ્વીકાર્યા પહેલાં દરેકમાં તેનું પરિકર્મ અર્થાત્ અભ્યાસ કરવાનો હોય છે. તેમાં જેટલા મહિનાનું અનુષ્ઠાન હોય એટલા જ મહિનાનું પરિકર્મ કરવાનું હોય છે. જેમકે પહેલી પ્રતિમા એક મહિનાની છે તો તેનું પરિકર્મ પણ એક મહિનાનું કરવાનું હોય છે. બીજીમાં બે મહિનાનું, ત્રીજીમાં ત્રણ મહિનાનું એમ સાતમી પ્રતિમામાં સાત મહિનાનું પરિકર્મ કરવાનું હોય છે.

ચોમાસામાં પ્રતિમા સ્વીકારવામાં આવતી નથી. પહેલી-બીજી-ત્રીજી-ચોથી પ્રતિમા સુધીમાં પરિકર્મ અને અનુષ્ઠાન બંને એક જ વર્ષમાં સંભવે છે. તત્ત્વથી તો પહેલી પ્રતિમાનું પરિકર્મ એક મહિનાનું અને તેનું અનુષ્ઠાન એક મહિનાનું એમ બે મહિના થાય. બીજી પ્રતિમાનું પરિકર્મ બે મહિનાનું અને તેનું અનુષ્ઠાન પણ બે મહિનાનું એટલે તેમાં ચાર મહિના થાય. આમ પહેલી અને બીજી પ્રતિમામાં બધા મળીને (૨+૪)= છ મહિના થાય. આથી એક વર્ષમાં જ તે બે પ્રતિમા થઈ જાય. તે પછીના વર્ષે ત્રીજી પ્રતિમાનું પરિકર્મ ત્રણ મહિનામાં અને તેનું અનુષ્ઠાન ત્રણ મહિનામાં એમ છ મહિનામાં તે પૂર્ણ થાય. પછી ત્રીજા વર્ષે ચોથી પ્રતિમાનું પરિકર્મ ચાર મહિનામાં અને તેનું અનુષ્ઠાન ચાર મહિનામાં એમ આઠ મહિનામાં તે પૂર્ણ થાય, ત્યાર પછી ચોથા વર્ષે પાંચમી પ્રતિમાનું પરિકર્મ પાંચ મહિનામાં થાય. તેનું અનુષ્ઠાન એ જ વર્ષે થઈ શકે નહિ. કારણકે ચોમાસામાં અનુષ્ઠાન થઈ શકતું નથી. આથી પાંચમી - છઠ્ઠી અને સાતમી પ્રતિમાઓમાં બે-બે વર્ષ લાગે. આમ સાત પ્રતિમા કરવામાં નવ વર્ષ લાગે. ॥ ૮૬૬ ॥ ૧૮/૨૦

આ પ્રમાણે પ્રતિમાકલ્પનું આગમાનુસારે વર્ણન કરાયું ત્યારે તેના વિષયના વિભાગને નહિ જાણતો કોઈક વાદી આ પ્રતિમાકલ્પ અયોગ્ય છે. એમ સંભાવના કરતાં પૂછે છે :-

आह-न पडिमाकप्पे सम्मं गुरुलाघवाइचिंत त्ति ।
गच्छाउ विणिक्खमणाइ न खलु उवगारगं जेण ॥ ૮૬૭ ॥ ૧૮/૨૧

છાયા :- आह-न प्रतिमाकल्पे सम्यग् गुरुलाघवादिचिन्तेति ।
गच्छाद् विनिष्क्रमणादि न खलु उपकारकं येन ॥ २१ ॥

ગાથાર્થ :- અન્ય કહે છેઃ- પ્રતિમાકલ્પમાં ગુણદોષના ગુરુલાઘવપણાની સમ્યગ્ વિચારણા નથી, કારણકે ગચ્છમાંથી નીકળવું વગેરે લાભકારી નથી.

ટીકાર્થ :- '**आह**'= અન્ય કોઈ કહે છે. '**पडिमाकप्पे**'= પૂર્વે કહેવામાં આવેલા પ્રતિમાકલ્પમાં '**सम्मं**'= સમ્યગ્ ન્યાયથી '**गुरुलाघवाइ चिंत त्ति**'= જેમાં લાભ થોડો થતો હોય તેને છોડીને તેની અપેક્ષાએ જેમાં લાભ ઘણો હોય તેને કરવું એને ગુરુલાઘવ કહેવામાં આવે છે. અર્થાત્ વિશિષ્ટ ફળની પ્રાપ્તિ થવી તેને ગુરુલાઘવ કહેવામાં આવે છે. તેની વિચારણા એ ગુરુલાઘવ વિચારણા. '**न**'= નથી. '**गच्छाउ**'= ગચ્છમાંથી '**विणिक्खमणाइ**'= નીકળીને એકલા વિચરવું તે વગેરે '**उवगारगं**'= ગુરુ કે સાધુ આદિને ઉપકાર કરનાર '**ण खलु**'= નથી જ '**जेण**'= જે કારણથી. ॥ ૮૬૭ ॥ ૧૮/૨૧

तत्थ गुरुपारतंतं, विणओ सज्झाय सारणा चेव ।
वेयावच्चं गुणवुड्ढि तह य णिप्फत्ति संताणो ॥ ८६८ ॥ १८/२२

છાયા :- तत्र गुरुपारतन्त्र्यं विनयः स्वाध्यायः स्मारणा चैव ।
वैयावृत्यं गुणवृद्धिस्तथा च निष्पत्तिस्सन्तानः ॥ २२ ॥

ગાથાર્થ :- જ્યાં ગચ્છવાસમાં ગુરુપારતંત્ર્ય, વિનય, સ્વાધ્યાય, સારણા-વારણા વગેરે વૈયાવચ્ચ, ગુણની વૃદ્ધિ, શિષ્યની પ્રાપ્તિ અને શિષ્ય પરંપરા આટલા લાભો થાય છે.

ટીકાર્થ :- '**तत्थ**'= ગચ્છમાં '**गुरुपारतंतं**'= ગુરુને આધીનપણું '**विणओ**'= વિનયને યોગ્ય વડીલોનો વિનય '**सज्झाय**'=વાચના વગેરે પાંચે ય પ્રકારનો સ્વાધ્યાય '**सारणा चेव**'= કોઈક વખત કોઈ આવશ્યક કાર્ય કરવાનું ભૂલી જાય તો તેને યાદ કરાવવું. '**वेयावच्चं**'= વૈયાવચ્ચ- 'વ્યાવૃત્ત' શબ્દથી ભાવ અર્થમાં ય પ્રત્યય લાગીને 'વૈયાવૃત્ય' શબ્દ બન્યો છે. '**गुणवुड्ढि**'= ગુરુ વગેરેની પાસેથી જ્ઞાન આદિ ગુણોની વૃદ્ધિ થાય. '**तह य**'= તથા સમુચ્ચય અર્થમાં છે. '**णिप्फत्ति**'= ગુરુ વગેરે તેને શિષ્યો કરી આપે. '**संताणो**'= શિષ્યો થવાથી સારા સાધુઓ આદિ શિષ્યની પરંપરા અર્થાત્ શિષ્ય-પ્રશિષ્યનો વંશ ચાલે આવા લાભો પ્રાપ્ત થાય છે. ॥ ૮૬૮ ॥ ૧૮/૨૨

दत्तेगाइगहोऽवि हु, तह सज्झायादभावओ न सुहो ।
अंताइणो वि पीडा, धम्मकायस्स न य सुसिलिट्ठं ॥ ८६९ ॥ १८/२३

છાયા :- एकादिदत्तिग्रहोऽपि खलु तथा स्वाध्यायाद्यभावतो न शुभः ।
अन्तादिनोऽपि पीडा धर्मकायस्स न च सुश्लिष्टम् ॥ २३ ॥

ગાથાર્થ :- તે રીતે એકદત્તિ વગેરે પણ સ્વાધ્યાયાદિ ન થવાથી લાભકારી નથી. અન્તપ્રાન્તરૂક્ષ એવું હલકું ભોજન કરીને આ ધર્મકાયાને પીડા આપવી એ યુક્ત નથી જ.

ટીકાર્થ :- '**दत्तेगाइगहोऽवि हु**'= એક દત્તિ વગેરેનો અભિગ્રહ પણ '**हु**'= વાક્યાલંકારમાં છે. '**तह**'= તે પ્રકારે '**सज्झायादभावओ**'= નિરંતર સ્વાધ્યાય-ધ્યાન આદિ ન થવાથી '**न सुहो**'= કલ્યાણકારી નથી. ગચ્છમાં તો નિરંતર સ્વાધ્યાયાદિ થાય છે એ વાદી-પ્રતિવાદી ઉભયને પ્રસિદ્ધ છે. '**अंताइणो वि**'= અન્તપ્રાન્તરૂક્ષ અર્થાત્ લુખ્ખા સુકા ભોજનથી પણ '**धम्मकायस्स**'= સાધુની ધર્મકાયાને '**पीडा**'= પીડા '**सुसिलिट्ठं**'= યુક્ત '**न च**'= નથી જ. ॥ ૮૬૯ ॥ ૧૮/૨૩

एवं पडिमाकप्पो, चिंतिज्जंतो उ निउणदिट्ठीए ।
अंतरभावविहीणो, कह होइ विसिट्ठगुणहेऊ ? ॥ ८७० ॥ १८/२४

छायाः- एवं प्रतिमाकल्पः चिन्त्यमानस्तु निपुणदृष्ट्या ।
आन्तरभावविहीनः कथं भवति विशिष्टगुणहेतुः? ॥ २४ ॥

गाथार्थ :- આ રીતે સૂક્ષ્મબુદ્ધિથી વિચારતાં પ્રતિમાકલ્પ પરમાર્થથી માત્ર ક્રિયાનું જ તેમાં પ્રાધાન્યપણું હોવાથી અંતરંગ ભાવશૂન્યતાના કારણે વિશિષ્ટ લાભનો હેતુ કેવી રીતે થાય ?

टीकार्थ :- '**एवं**'= આ પ્રમાણે '**पडिमाकप्पो**'= પૂર્વે કહેવામાં આવેલો પ્રતિમાકલ્પ '**चिंतिज्जंतो**'= વિચારવામાં આવે તો '**निउणदिट्ठीए**'= સૂક્ષ્મદૃષ્ટિથી '**अंतरभावविहीणो**'= અંતરંગ ભાવશૂન્ય માત્ર ક્રિયાના જ પ્રાધાન્યપણાથી '**विसिट्ठ गुणहेऊ ?**'= વિશિષ્ટ ઉપકારનું કારણ '**कह होइ**'=કેવી રીતે થાય ? ॥ ૮૭૦ ॥ ૧૮/૨૪

भण्णइ विसेसविसओ, एसो न उ ओहओ मुणेयव्वो ।
दसपुव्वधरादीणं, जम्हा एयस्स पडिसेहो ॥ ८७१ ॥ १८/२५

छाया :- भण्यते विशेषविषय एषो न तु ओघतो ज्ञातव्यः ।
दशपूर्वधरादीनां यस्मादेतस्य प्रतिषेधः ॥ २५ ॥

गाथार्थ :- પ્રત્યુત્તર અપાય છે. પ્રતિમાકલ્પ તે બધા સાધુના માટે નહિ પરંતુ વિશિષ્ટ સાધુઓ માટે જાણવો. કારણકે દશપૂર્વધર વગેરેને આનો નિષેધ છે.

टीकार्थ :- '**भण्णति**'= ઉત્તર કહેવાય છે. '**विसेसविसओ**'= વિશિષ્ટ સાધુના વિષયવાળો '**एसो**'= પ્રતિમાકલ્પ છે '**न उ ओहओ**'= સામાન્ય સાધુના માટે નથી. '**मुणेयव्वो**'= વિશિષ્ટ ગુણનું કારણ હોવાથી જાણવો. '**जम्हा**'= જે કારણથી '**दसपुव्वधरादीणं**'= દશ પૂર્વધર આદિને- 'આદિ' શબ્દથી ચૌદ પૂર્વધરનું ગ્રહણ થાય છે. '**एयस्स**'= પ્રતિમાકલ્પનો '**पडिसेहो**'= નિષેધ કહ્યો છે. ॥ ૮૭૧ ॥ ૧૮/૨૫

पत्थुयरोगचिगिच्छावत्थंतरतव्विसेससमतुल्लो ।
तह गुरुलाघवचिंतासहिओ तक्कालवेक्खाए ॥ ८७२ ॥ १८/२६

छाया :- प्रस्तुतरोगचिकित्सावस्थान्तर- तद्विशेषसमतुल्यः ।
तथा गुरुलाघवचिन्तासहितः तत्कालापेक्षया ॥ २६ ॥

गाथार्थ :- કોઈ એક રોગની ચિકિત્સા ચાલતી હોય તેવામાં તેનાથી અધિક કોઈ બીજો રોગ આવી પડે તો એ સમયે પ્રસ્તુત રોગની ચાલુ ચિકિત્સાને છોડીને નવા અધિક રોગની ચિકિત્સા કરવી જેમ લાભદાયક છે તેમ સ્થવિરવાસના બધા જ અનુષ્ઠાનો જેણે કરી લીધા છે તે કાળે તેણે પ્રતિમાકલ્પ સ્વીકારવો એ ગુરુલાઘવની વિચારણાથી યુક્ત જ છે.

टीकार्थः- 'पत्थुयरोगचिगिच्छावत्थंतरतव्विसेससमतुल्लो'= કોઈ એક રોગની ચિકિત્સા ચાલતી હોય એવામાં બીજો કોઈ અધિક રોગ આવી પડે એ અવસ્થામાં તે અધિક રોગના ઉપશમ સદૃશ - (આમાં પહેલાં 'પ્રસ્તુત' શબ્દનો 'રોગચિકિત્સા' શબ્દની સાથે કર્મધારય સમાસ કર્યો છે, ત્યારબાદ 'પ્રસ્તુત રોગચિકિત્સા' શબ્દનો 'અવસ્થાન્તર' શબ્દની સાથે ષષ્ઠી તત્પુરુષ સમાસ કર્યો છે.) અવસ્થાન્તર એટલે ''તેના કરતાં બીજા અધિક રોગની ઉત્પત્તિ''- ત્યારબાદ પ્રસ્તુતરોગ- ચિકિત્સાવસ્થાન્તર શબ્દનો 'તદ્વિશેષ'

શબ્દની સાથે કર્મધારય સમાસ કરીને '**सम**' શબ્દની સાથે ષષ્ઠી તત્પુરુષ સમાસ કરીને તેનો 'તુલ્ય' શબ્દની સાથે તૃતીયા તત્પુરુષ સમાસ કર્યો છે. '**तह**'= તે પ્રકારે '**गुरुलाघवचिंतासहिओ**'= ગુરુલાઘવની વિચારણાથી યુક્ત છે- અર્થાત્ સામાન્ય રોગના સદૃશ સામાન્યદોષની ચિકિત્સા સમાન સ્થવિરકલ્પ છે. જ્યારે પ્રતિમાકલ્પ એ વિશિષ્ટ મોટા દોષની ચિકિત્સા સમાન હોવાથી વધારે લાભદાયી છે. '**तक्कालवेक्खाए**'= પ્રતિમાકલ્પ સ્વીકારવાના કાળની અપેક્ષાએ- અર્થાત્ તે કાળે તેના માટે પ્રતિમાકલ્પનો સ્વીકાર વધારે લાભકારક છે. ॥ ૮૭૨ ॥ ૧૮/૨૬.

હવે સંક્ષેપથી કહેલી આ વાતને વિશેષ સ્પષ્ટ કરવા માટે દૃષ્ટાન્ત દ્વારા તેને સમજાવે છે :-

निवकरलूताकिरियाजयणाए हंदि जुत्तरूवाए ।
अहिदट्ठादिसु छेयादि वज्जयंतीह तह सेसं ॥ ८७३ ॥ १८/२७

છાયા :- नृपकरलूताक्रियायतनायां हन्दि युक्तरूपायाम् ।
अहिदष्टादिषु छेदादिभ्यो वर्जयन्तीह तथा शेषाम् ॥ २७ ॥

ગાથાર્થ :- જેમ રાજાના હાથમાં થયેલ લૂતા નામના રોગને મંત્રથી દૂર કરવાનો યોગ્ય પ્રયત્ન ચાલતો હોય તે દરમ્યાન તુરત મારી નાંખનાર સર્પદંશ વગેરે અન્ય અવસ્થા થાય તો લૂતાની ચિકિત્સાને છોડીને પહેલાં એ સર્પદંશની ચિકિત્સા કરવાની હોય છે તેથી લૂતાની ચિકિત્સાને બંધ કરે છે.

ટીકાર્થ:- '**निवकरलूताकिरियाजयणाए**'= રાજાના હાથમાં થયેલી લૂતાની ચિકિત્સા માટે પ્રયત્ન ચાલતો હોય ત્યારે- આમાં 'નૃપ શબ્દનો' 'કર' શબ્દની સાથે ષષ્ઠી તત્પુરુષ સમાસ પછી તેનો 'લુતા' શબ્દની સાથે સપ્તમી તત્પુરુષ સમાસ કરીને 'ક્રિયાયતના' શબ્દની સાથે સપ્તમી તત્પુરુષ સમાસ કર્યો છે. લૂતાની ચિકિત્સા મંત્ર તથા અપમાર્જન એટલે પ્રયત્નથી ધોઈને સાફ કરવું, વગેરે રૂપે કરવામાં આવે છે. '**हंदि जुत्तरूवाए**'= ઉચિત '**अहिदट्ठाइसु**'= રાજાને અધિક જોખમી એવા સર્પદંશ વગેરેમાં 'રાજાને' એ અધ્યાહારથી સમજવાનું છે. '**छेयादि**'= મોટા સર્પદંશરૂપ દોષનું નિવારણ કરવા માટે સમર્થ એ અવયવનો છેદ કરવો- અથવા શેક કરવો વગેરે ચિકિત્સા કરાય છે. '**इह**'= આ સમયે '**तह**'= તે પ્રકારે '**सेसं**'= પૂર્વકાળની ચાલતી લૂતા સંબંધી મંત્ર અપમાર્જનાદિ ક્રિયાને '**वज्जयंती**'= બંધ કરે છે. ॥ ૮૭૩ ॥ ૧૮/૨૭

एवं चिय कल्लाणं जायइ एयस्स इहरहा न भवे ।
सव्वत्थावत्थोचियमिह कुसलं होइऽणुट्ठाणं ॥ ८७४ ॥ १८/२८

છાયા :- एवमेव कल्याणं जायत एतस्य इतरथा न भवेत् ।
सर्वत्रावस्थोचितमिह कुशलं भवति अनुष्ठानम् ॥ २८ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે તે સર્પદંશાદિ મોટા દોષની ચિકિત્સા કરવા દ્વારા જ રાજાનું કલ્યાણ થાય છે. અન્યથા જો એમ ન કરવામાં આવે અર્થાત્ સર્પદંશની ચિકિત્સા ન કરાય અને પૂર્વની લૂતાની ચિકિત્સા જ જો ચાલુ રાખવામાં આવે તો કલ્યાણ ન થાય, ઉલ્ટું રાજાનું મૃત્યુ થઈ જાય. માટે સર્વ પુરુષને માટે તે તે અવસ્થાને ઉચિત અનુષ્ઠાન કરવું એ જ કુશળ કરનારું થાય છે.

ટીકાર્થ:- '**एवं चिय**'= આ પ્રમાણે મોટા દોષનો ઉપશમ કરવા દ્વારા જ '**कल्लाणं**'= ઈચ્છિત આરોગ્ય '**जायइ**'= પ્રાપ્ત થાય છે. '**एयस्स**'= હાથમાં લૂતા થયેલ રાજાનું '**इहरहा**'= અન્યથા અર્થાત્ જો સર્પદંશની ચિકિત્સા માટે છેદ-દાહ વગેરે ન કરવામાં આવે અને યંત્ર-અપમાર્જનરૂપ લૂતાની જ જો ચિકિત્સા ચાલુ રાખવામાં આવે તો '**न भवे**'= કલ્યાણ થાય નહિ. વધારે મોટો દોષ થવાના કારણે મૃત્યુ થઈ જાય.'**सव्वत्थ**'=

સર્વ પુરુષને આદિમાં **'अवत्थोचियं'**= તે તે અવસ્થાને યોગ્ય **'इह'**= અહીંયા **'अणुट्ठाणं'**= કાર્યવિશેષરૂપ અનુષ્ઠાન **'कुसलं'**= કલ્યાણનું કારણ **'होइ'**= બને છે. ॥ ૮૭૪ ॥ ૧૮/૨૮

इय कम्मवाहिकिरियं, पव्वज्जं भावओ पवण्णस्स ।
सई कुणमाणस्स तहा, एयमवत्थंतरं णेयं ॥ ८७५ ॥ १८/२९

छाया :- इति कर्मव्याधिक्रियां प्रव्रज्यां भावतः प्रपन्नस्य ।
सदा कुर्वाणस्य तथा एतदवस्थान्तरं ज्ञेयम् ॥ २९ ॥

ગાથાર્થ :- આ પ્રમાણે કર્મરૂપી રોગની ચિકિત્સારૂપે ગુરુ-લાઘવની અપેક્ષાએ ભાવથી પ્રવ્રજ્યા સ્વીકારનાર અને ગચ્છવાસમાં રહીને કર્મરોગની ચિકિત્સા સદા કરનાર સાધુને આ પ્રતિમાકલ્પ અવસ્થાન્તર સમાન જાણવું.

ટીકાર્થ :- **'इय'**= આ પ્રમાણે **'कम्मवाहिकिरियं'**= કર્મરોગની ચિકિત્સારૂપ **'पव्वज्जं'**= દીક્ષાને **'भावओ'**=ગુરુ-લાઘવની અપેક્ષાએ ભાવથી **'पवण्णस्स'**= સ્વીકારનાર **'सइ'**= સદા **'कुणमाणस्स'**= કર્મરોગની ચિકિત્સા કરનાર સાધુને **'तहा'**= તે તે ગચ્છવાસ વગેરે પ્રકારથી **'एवं'**= આ પ્રતિમાકલ્પ અનુષ્ઠાન **'अवत्थंतरं'**= રાજાના દૃષ્ટાંતમાં અધિક દોષના કારણભૂત સર્પદંશ સદૃશ તીવ્ર કર્મોદયસ્વરૂપ **'णेयं'**= જાણવું.- આથી અવસ્થાન્તરરોગના ઉપશમ સદૃશ પ્રતિમાકલ્પ છે. એમ સિદ્ધ થયું. **॥ ૮૭૫ ॥ ૧૮/૨૯.**

વિશિષ્ટ અવસ્થાને ઉચિત આ પ્રતિમાકલ્પ એ સામાન્યથી ગચ્છવાસ કરતાં ઘણો જ ચઢીયાતો-શ્રેષ્ઠ છે એમ બતાવતાં આમ કહે છે:-

तह सुत्तवुड्ढिभावे, गच्छे सुत्थंमि दिक्खभावे य ।
पडिवज्जइ एयं खलु, ण अण्णहा कप्पमवि एवं ॥ ८७६ ॥ १८/३०

छाया :- तथा सूत्रवृद्धिभावे, गच्छे सुस्थे दीक्ष्याभावे च ।
प्रतिपद्यते एतं खलु नान्यथा कल्पमपि एवम् ॥ ३० ॥

ગાથાર્થ :- તથા શ્રુતજ્ઞાનની વૃદ્ધિ થતી હોય, ગચ્છ બાધાથી રહિત હોય, દીક્ષા લેનાર કોઈ ન હોય ત્યારે જ પ્રતિમાકલ્પને સ્વીકારે છે. અન્યથા સંહનન, ધૃતિ આદિ હોવા છતાં પ્રતિમાકલ્પને પણ ન સ્વીકારે.

ટીકાર્થ :- **'तह'**= ગચ્છમાં પહેલાંની જેમ જ **'सुत्तवुड्ढिभावे'**= સૂત્ર-અર્થ અને ઉભયને આપવામાં સમર્થ બીજા બહુશ્રુતસાધુઓ હોવાથી આ સાધુ પ્રતિમાકલ્પ લે તો પણ સાધુઓને સૂત્રાર્થની ક્ષતિ થવાનો સંભવ ન હોય ત્યારે વાચનાદિ અસ્ખલિતપણે ચાલુ રહેતી હોય ત્યારે, **'गच्छे'**= ગચ્છ **'सुत्थंमि'**= બાધારહિત સ્વસ્થ હોય ત્યારે **'दिक्खभावे य'**= અધિકતર ગુણવાન કોઈ દીક્ષા લેનાર ન હોય ત્યારે **'एयं'**= આ પ્રતિમાકલ્પને સાધુ **'एवं'**= આ પ્રમાણે આગમમાં કહેલી વિધિ મુજબ **'खलु'**= શબ્દ વાક્યાલંકારમાં છે. **'पडिवज्जइ'**= સ્વીકારે છે. **'अण्णहा'**= અન્યથા અર્થાત્ ગચ્છમાં તેના સિવાય સાધુઓને વાચનાદિ આપનાર બીજા કોઈ બહુશ્રુત સાધુ ન હોય, ગચ્છ સ્વસ્થ ન હોય અને કોઈ ગુણવાન દીક્ષા લેનાર હોય આ ત્રણ મોટા કાર્યને કરનારનો અભાવ હોય ત્યારે **'कप्पमवि'**= નિર્જરાનાં કારણભૂત એવો આ કલ્પ પણ **'ण'**= ન સ્વીકારે. ॥ ૮૭૬ ॥ ૧૮/૩૦

इहरा न सुत्तगुरुता, तयभावे ण दसपुव्विपडिसेहो ।
एत्थं सुजुत्तिजुत्तो, गुरुलाघवचिंतबज्झंमि ॥ ८७७ ॥ १८/३१

छाया :- इतरथा न सूत्रगुरुता तदभावे न दशपूर्विप्रतिषेधः ।
अत्र सुयुक्तियुक्तो गुरुलाघवचिन्ताबाह्ये ॥ ३१ ॥

ગાથાર્થ :- અન્યથા જો આગમોક્ત વિધિ મુજબ પ્રતિમાકલ્પ સ્વીકારવામાં ન આવે અર્થાત્ ગચ્છમાં બીજા કોઈ બહુશ્રુતના અભાવે સાધુઓને શ્રુતની વૃદ્ધિમાં ક્ષતિ આવતી હોય છતાં તે પ્રતિમાકલ્પ સ્વીકારે તો તેણે ભગવાનના આગમનું ગૌરવ કર્યું ન થાય. પ્રવચનમાં આગમનું જો ગૌરવ ન હોત તો દશપૂર્વધરને પ્રતિમાકલ્પનો સ્વીકાર કરવાનો આગમમાં નિષેધ કરવામાં ન આવત. દશપૂર્વધરાદિ વિશિષ્ટ આગમધર હોવાથી તે પ્રવચનને વિશેષ પ્રકારે ઉપકારી હોવાથી પ્રતિમાકલ્પની આરાધના કરવા કરતાં ગચ્છવાસમાં રહેવાથી તેમને વિશેષ લાભ થાય તેમ હોવાથી તેમને પ્રતિમાકલ્પનો સ્વીકાર કરવાનો આગમમાં નિષેધ કરવામાં આવ્યો છે. આમ ગુરુલાઘવની વિચારણા કરવામાં આવી જ છે. જો ગુરુલાઘવની વિચારણા કર્યા વગર ગમે તે રીતે પ્રતિમાકલ્પ સ્વીકારવાનો હોત તો દશપૂર્વધર આદિને પ્રતિમાકલ્પના સ્વીકારનો આગમમાં જે નિષેધ કરાયો છે તે યુક્તિસંગત ન થાત. અન્યથા ગુરુ-લાઘવની વિચારણા કર્યા વગર પ્રતિમાકલ્પ સ્વીકારવામાં શ્રુતનું ગૌરવ ન સચવાય, અને તે ગૌરવના અભાવમાં અહીંયા જે દશપૂર્વીને પ્રતિમાકલ્પ સ્વીકારવામાં દોષ કહ્યો છે તે યુક્તિસંગત ન થાય.

ટીકાર્થઃ- '**एत्थं**'= આ પ્રતિમાકલ્પમાં '**इहरा**'= અન્યથા ગમે તે રીતે પ્રતિમાકલ્પના સ્વીકારમાં '**न सुत्तगुरुया**'= ભગવાનના આગમનું ગૌરવ ન થાય. '**तयभावे**'= આગમની ગુરુતાના અભાવે '**दसपुव्विपडिसेहो**'= ચૌદ પૂર્વી દશપૂર્વધર આદિને પ્રતિમાકલ્પના સ્વીકારનો નિષેધ '**गुरुलाघवचिंतबज्झंमि**'= ગુરુલાઘવની ચિંતા કર્યા વગર ગમે તે રીતે પ્રતિમાકલ્પને સ્વીકારવામાં '**सुजुत्तिजुत्तो**'= સારી રીતે યુક્તિથી સંગત '**ण**'= ન થાય. ॥ ૮૭૭ ॥ ૧૮/૩૧

ગુરુલાઘવચિંતા કોને કહેવાય ? તે કહે છે :-

अप्पपरिच्चाएणं, बहुतरगुणसाहणं जहिं होइ ।
सा गुरुलाघवचिंता, जम्हा णाओववण्ण त्ति ॥ ८७८ ॥ १८/३२

છાયા :- अल्पपरित्यागेन बहुतरगुणसाधनं यत्र भवति ।
सा गुरुलाघवचिन्ता यस्मात् न्यायोपपन्नेति ॥ ३२ ॥

ગાથાર્થ :- જે વિચારણામાં અલ્પ લાભને જતો કરીને જેમાં ઘણો લાભ થતો હોય તેને સ્વીકારવાનું વિચારવામાં આવે તે ગુરુલાઘવની વિચારણા ન્યાયસંગત છે.

ટીકાર્થ :- '**अप्पपरिच्चाएणं**'= થોડા લાભને જતો કરીને '**बहुतरगुणसाहणं**'= ઘણાં લાભની સિદ્ધિ '**जहिं**'= જેમાં '**होइ**'= થાય છે. '**सा**'= તે '**गुरुलाघवचिंता**'= ગુરુલાઘવની વિચારણા '**जम्हा**'= જે કારણથી '**णाओववण्ण त्ति**'= ન્યાયસંગત છે. ॥ ૮૭૮ ॥ ૧૮/૩૨.

वेयावच्चुचियाणं, करणनिसेहेणमंतरायं ति ।
तं पि हु परिहरियव्वं, अइसुहुमो होउ एसो त्ति ॥ ८७९ ॥ १८/३३

છાયા :- वैयावृत्योचितानां करणनिषेधेनान्तराय इति ।
सोऽपि खलु परिहर्तव्योऽतिसूक्ष्मो भवतु एष इति ॥ ३३ ॥

ગાથાર્થ :- પ્રતિમાકલ્પમાં વૈયાવચ્ચ કરવાનો નિષેધ હોવાથી (અર્થાત્ તેમાં કોઈની વૈયાવચ્ચ કરવાની નથી હોતી.) વૈયાવચ્ચને ઉચિત બાળ-વૃદ્ધ-ગ્લાન આદિની વૈયાવચ્ચમાં અંતરાય થાય છે. (આમ વાદી કહે છે) પણ તે અંતરાય એ પારમાર્થિક અંતરાય નથી માટે તે ગણના યોગ્ય નથી. આ અતિસૂક્ષ્મ દોષ છે.

टीकार्थ :- '**वेयावच्चुचियाणं**'= ગુરુ-બાળ-વૃદ્ધ આદિ વૈયાવચ્ચને યોગ્ય સાધુની '**करणणिसेहेणं**'= પ્રતિમાકલ્પ સ્વીકારને વૈયાવચ્ચ કરવાનો નિષેધ હોવાથી '**अंतरायं ति**'= વૈયાવચ્ચમાં અંતરાય થાય છે. '**तं पि हु**'= તે અંતરાય પણ '**परिहरियव्वं**'= પારમાર્થિક અંતરાય ન હોવાથી અંતરાયરૂપ ગણવા યોગ્ય નથી. '**एसो त्ति**'= આ દોષ '**अइसुहुमो**'= અતિસૂક્ષ્મ '**होउ**'= થાય છે.

આ અતિશય સૂક્ષ્મ દોષ હોવાના કારણે પ્રતિમાકલ્પ સ્વીકારવામાં વૈયાવચ્ચમાં અંતરાય પડે છે એમ વિચારવું એ મૂઢતા છે. આ વૈયાવચ્ચનું કાર્ય તો બીજા સાધુઓ પણ કરી શકે છે. કારણકે ગચ્છવાસી ઘણાં સાધુઓ ગુરુ-બાળ-વૃદ્ધ સાધુની વૈયાવચ્ચ યથાશક્તિ કરતા જ હોય છે. આથી કોઈ યોગ્ય સાધુ પ્રતિમાકલ્પ સ્વીકારે તો પણ ગચ્છમાં કાંઈ વૈયાવચ્ચના કાર્યમાં ખામી આવતી નથી, વળી ગચ્છ સ્વસ્થ હોય ત્યારે જ પ્રતિમાકલ્પ સ્વીકારવાનો હોય છે, અન્યથા નહિ, માટે પ્રતિમાકલ્પ એ શુભ આલંબન જ છે. ॥ ૮૭૯ ॥ ૧૮/૩૩

ता तीए किरियाए जोग्गयं उवगयाण नो गच्छे।
हंदि उविक्खा णेया, अहिगयरगुणे असंतंमि ॥ ८८० ॥१८/३४

छाया :- तस्मात्तस्याः क्रियाया योग्यतामुपगतेषु नो गच्छे ।
हन्दि उपेक्षा ज्ञेया अधिकतरगुणे असति ॥ ३४ ॥

गाथार्थ :- તેથી જો પ્રતિમાકલ્પનો સ્વીકાર કરવા કરતાં ગચ્છમાં રહેવાથી કોઈ વિશેષ લાભ થવાનો ન હોય તો પ્રતિમાકલ્પને યોગ્યતા પામેલા સાધુઓની ગચ્છની ઉપેક્ષા ન જાણવી અર્થાત્ તેમને પ્રતિમાકલ્પ સ્વીકારવો યોગ્ય છે.

टीकार्थ :- '**ता**'= તેથી '**अहिगयरगुणे**'= સૂત્રવૃદ્ધિ આદિ સ્વરૂપ વિશેષ ગુણ (લાભ) '**असंतंमि**'= જો ન હોય તો '**तीए किरियाए**'= પ્રતિમાકલ્પ સ્વીકારવા આદિ ક્રિયાની '**जोग्गयं**'= યોગ્યતાને (= સમર્થપણાને) '**उवगयाण**'= પામેલા સાધુઓની '**गच्छे**'= ગચ્છમાં '**हंदि**'= '**उवेक्खा**'= પ્રતિમાકલ્પના સ્વીકારવામાં ઉદાસીનતાસ્વરૂપ ઉપેક્ષા '**नो**'= નહિ '**णेया**'= જાણવી.

જો ગચ્છમાં સાધુઓની સૂત્રવૃદ્ધિમાં ક્ષતિ આવતી હોય, ગચ્છ સ્વસ્થ ન હોય, તેમાં વૈયાવચ્ચ કરનારની આવશ્યકતા હોય વગેરે કારણ હોય તો પ્રતિમાકલ્પ સ્વીકારવાનો નિષેધ કહેલો જ છે.- આવું કોઈ કારણ ન હોય તો સમર્થ સાધુએ આ કલ્પનો સ્વીકાર કરવો જ જોઈએ. ॥ ૮૮૦ ॥ ૧૮/૩૪

परमो दिक्खुवयारो, जम्हा कप्पोचियाण वि णिसेहो।
सह एयंमि उ भणिओ, पयडो च्चिय पुव्वसूरीहिं ॥ ८८१ ॥१८/३५

छायाः- परमो दीक्षोपकारो यस्मात् कल्पोचितानामपि निषेधः ।
सति एतस्मिंस्तु भणितः प्रकट एव पूर्वसूरिभिः ॥ ३५ ॥

गाथार्थ :- દીક્ષાપ્રદાન પરમ ઉપકાર છે. કારણકે **श्री भद्रबाहुस्वामी** આદિ પૂર્વાચાર્યોએ દીક્ષાનો ઉપકાર થતો હોય તો સંઘયણ-શ્રુત આદિ સંપત્તિથી કલ્પને સ્વીકારવા માટે યોગ્ય સાધુઓને પણ **(निशीथ भाष्य- गाथा २४१५** વગેરેમાં) કલ્પ સ્વીકારવાનો નિષેધ કર્યો છે.

टीकार्थ :- '**दिक्खुवयारो**'= દીક્ષા આપવાનો ઉપકાર '**परमो**'= શ્રેષ્ઠ છે. '**जम्हा**'= કારણકે '**कप्पोचियाण वि**'= જિનકલ્પ પ્રતિમાકલ્પને માટે ઉચિત સાધુઓને પણ '**सति एयंमि**'= દીક્ષાપ્રદાનનો ઉપકાર થતો હોય તો '**पयडो च्चिय**'= સ્પષ્ટ રીતે જ '**पुव्वसूरीहिं**'= પૂર્વાચાર્યો વડે, '**भणिओ**'= શાસ્ત્રમાં '**णिसेहो**'= નિષેધ કહેવાયો છે.

કલ્પનો સ્વીકાર કર્યા પછી દીક્ષા આપી શકાતી નથી આથી કલ્પનો સ્વીકાર કરતી વખતે કોઈ દીક્ષા લેવા આવે તો કલ્પનો સ્વીકાર કરવાનું છોડીને તેને દીક્ષા આપે. કારણ કે કલ્પના સ્વીકાર કરતાં દીક્ષા આપવામાં વધુ લાભ છે. (આમ સૂત્રની વૃદ્ધિનો ગચ્છમાં અભાવ થતો હોય, ગચ્છમાં સ્વસ્થતા ન હોય. તથા કોઈ દીક્ષા લેવા આવતું હોય- આ ત્રણ કારણે કલ્પ- સ્વીકારવાનું બંધ રાખે- કારણ કે કલ્પસ્વીકાર કરવા કરતાં એમાં વિશેષ લાભ છે.) ॥ ૮૮૧ ॥ ૧૮/૩૫ ॥

अब्भुज्जयमेगयरं, पडिवज्जिउकामु सोऽवि पव्वावे ।
गणिगुणसलद्धिओ खलु, एमेव अलद्धिजुत्तो वि ॥ ८८२ ॥ १८/३६

છાયા :- अभ्युद्यतमेकतरं प्रतिपत्तुकामः सोऽपि प्रव्राजयति ।
गणिगुणस्वलब्धिकः खलु एवमेव अलब्धियुक्तोऽपि ॥ ३६ ॥

ગાથાર્થ :- પાદપોપગમન આદિ અભ્યુદ્યત મરણ કે જિનકલ્પ-પ્રતિમાકલ્પ આદિ અભ્યુદ્યત વિહારને સ્વીકારવાની ઈચ્છાવાળો હોય તે પણ ગણિગુણોથી અને સ્વલબ્ધિથી યુક્ત હોય તો દીક્ષા આપે, જે સ્વલબ્ધિથી યુક્ત ન હોય તે પણ(જો લબ્ધિવાળા આચાર્યની નિશ્રાવાળો હોય તો) અવશ્ય દીક્ષા આપે.

ટીકાર્થઃ- '**अब्भुज्जयं**'= પાદપોપગમ અનશનાદિ અભ્યુદ્યત મરણ કે જિનકલ્પ-પ્રતિમાકલ્પાદિ અભ્યુદ્યતવિહાર '**एगयरं**'= આ બેમાંથી એકને પણ '**पडिवज्जिउकामु**'= સ્વીકારવાની ઈચ્છાવાળા '**सोऽवि**'= પ્રતિમાકલ્પને સ્વીકારવાની યોગ્યતાવાળા મહાત્મા '**गणिनो**'= ગણના નાયક આચાર્યના '**गुणा**'= સૂત્રાર્થનું પારગામીપણું, નિર્વાણસાધકતા, પ્રિયધર્મીપણું, દૃઢધર્મીપણું વગેરે ગુણોની '**सलद्धिओ**'= સમાન લબ્ધિવાળો (અથવા સ્વલબ્ધિથી યુક્ત હોય તો) '**पव्वावे**'= પરોપકારસમર્થ એવી દીક્ષાને આપે. '**खलु**'= વાક્યાલંકારમાં છે. '**एमेव**'= એ જ પ્રમાણે '**अलद्धिजुत्तो वि**'= પ્રતિમાકલ્પને સ્વીકારવાની ઈચ્છાવાળા મહાત્મા ગણિગુણલબ્ધિથી રહિત હોય તો પણ દીક્ષાને આપે.

આમ કહેવા દ્વારા આગમમાં પરોપકારની પ્રધાનતા-મહાનતા છે એમ જણાવે છે. કોઈ વિશિષ્ટ દીક્ષા લેનાર વ્યક્તિને દીક્ષા આપવી એમાં ઘણો મોટો લાભ છે, પ્રતિમાકલ્પના સ્વીકારમાં એનાથી ઓછો લાભ છે. દરેક ઠેકાણે પરોપકારની જ પ્રધાનતા છે માટે આગમની આવી પ્રવૃત્તિ છે. (આ પ્રમાણે પ્રતિમાકલ્પ ગુરુલાઘવની વિચારણા સહિત છે એનું સમર્થન કર્યું.) ॥ ૮૮૨ ॥ ૧૮/૩૬

કર્મરોગની ચિકિત્સા કરનારને આ પ્રતિમાકલ્પ એ અવસ્થાંતર સમાન જાણવું એમ જે (૨૯મી ગાથામાં) કહ્યું છે તે કયા કારણોથી થાય છે.) તે જણાવે છે :-

तं चावत्थंतरमिह, जायइ तह संकिलिट्ठकम्माओ ।
पत्थुयनिवाहिदट्ठाइ जह तहा सम्ममवसेयं ॥ ८८३ ॥ १८/३७

છાયા :- तच्चावस्थान्तरमिह जायते तथा सङ्क्लिष्टकर्मणः ।
प्रस्तुतनृपादिदष्टादि यथा तथा सम्यगवसेयम् ॥ ३७ ॥

ગાથાર્થ :- જેમ લૂતારોગવાળા રાજાને સર્પદંશ વગેરે અન્ય અવસ્થા થાય છે તેમ સાધુને પ્રવ્રજ્યામાં વિશિષ્ટ ચિકિત્સાથી ખપી શકે એવા અશુભકર્મના ઉદયથી પ્રતિમાકલ્પરૂપ અન્ય અવસ્થા હોય છે. આ વિષય બરાબર જાણવો.

टीकार्थः-'तं चावत्थतरं'= તે અવસ્થાંતર **'इह'**= આ અધિકારમાં **'जायइ'**= સંભવે છે **'तहसंकिलिट्ठ-कम्माओ'**=તેવા પ્રકારના સંક્લિષ્ટ કર્મના ઉદયથી **'पत्थुयनिवाहिदट्ठाइ'**= આગળ કહેવામાં આવેલા નૃપના દૃષ્ટાંતમાં મોટા દોષરૂપ સર્પદંશાદિની **'जह'**= જેમ **'तहा'**= તે પ્રમાણે **'सम्ममवसेयं'**= સમ્યગ્ જાણવું.

પ્રતિમાકલ્પ સ્વીકારનારને તીવ્ર અશુભ કર્મનો ઉદય હોય છે તે જ અહીં અવસ્થાંતર જાણવી, જો તીવ્ર અશુભકર્મનો ઉદય ન હોય તો પ્રતિમાકલ્પનો સ્વીકારવાનું તત્વજ્ઞો વડે ઈચ્છાતું નથી. તે અશુભકર્મ પ્રતિમાકલ્પથી જ ખપે એવા હોય છે માટે તે સ્વીકારાય છે. ॥ ૮૮૩ ॥ ૧૮/૩૭

તીવ્ર અશુભકર્મના ઉદયરૂપ અવસ્થાંતર એ પ્રતિમાકલ્પના અનુષ્ઠાનથી જ સાધ્ય છે અર્થાત્ આ અનુષ્ઠાનથી જ એ કર્મ ખપે એવા છે એમ કેવી રીતે જણાય છે ? એ આશંકાનો ઉત્તર આપે છે.

अहिगयसुंदरभावस्स विग्घजणगं ति संकिलिट्ठं च ।
तह चेव तं खविज्जइ, एत्तो च्चिय गम्मए एयं ॥ ८८४ ॥ १८/३८

छायाः- अधिकृतसुन्दरभावस्य विघ्नजनकमिति सङ्क्लिष्टं च ।
तथा चैव तत्क्षप्यते इत एव गम्यते एतत् ॥ ३८ ॥

ગાથાર્થ :- આ અવસ્થાંતરરૂપ અશુભકર્મનો ઉદય તે વિશિષ્ટ જ્ઞાનાદિના કારણરૂપ સુંદર અધ્યવસાયમાં વિઘ્ન કરનાર છે (સામાન્ય દીક્ષામાં વ્યાઘાત કરનાર છે) એથી જ અશુભ છે. એ કર્મ પ્રતિમાકલ્પના સ્વીકારથી જ દૂર કરી શકાય છે એમ આગમમાં જે પ્રતિમાકલ્પનું વિધાન કર્યું છે એનાથી જ જણાય છે, સિદ્ધ થાય છે.

ટીકાર્થઃ- 'अहिगयसुंदरभावस्स'= વિશિષ્ટ જ્ઞાનાદિના કારણભૂત વિશિષ્ટ સુંદર અધ્યવસાયમાં **'विग्घजणगं ति'**= વિઘ્નકરનાર છે તેથી **'संकिलिट्ठं च'**= અને સંકલેશયુક્ત છે **'तं'**= તે અવસ્થાંતરરૂપ સંક્લિષ્ટ કર્મ **'तह चेव'**= પ્રતિમાકલ્પના સ્વીકારથી જ **'खविज्जइ'**= દૂર કરાય છે. **'एत्तो च्चिय'**= આગમમાં કરવામાં આવેલા પ્રતિમાકલ્પના વિધાનથી જ **'एयं'**= આ પ્રસ્તુત વાત **'गम्मए'**= જણાય છે. ॥ ૮૮૪ ॥ ૧૮/૩૮

'પ્રતિમાકલ્પમાં ધર્મકાયાને પીડા થાય છે તે સંગત નથી', એમ પહેલાં વાદીએ કહ્યું છે તેનો પરિહાર કરતાં કહે છે :-

एत्तो अतीव णेया, सुसिलिट्ठा धम्मकायपीडा वि ।
आंताइणो सकामा, तह तस्स अदीणचित्तस्स ॥ ८८५ ॥ १८/३९

छाया :- अतोऽतीव ज्ञेया सुश्लिष्टा धर्मकायपीडापि ।
अन्ताऽऽदिनः सकामा तथा तस्य अदीनचित्तस्य ॥ ३९ ॥

ગાથાર્થ :- આ અશુભકર્મનો ક્ષય પ્રતિમાકલ્પથી જ થાય છે માટે અંત-પ્રાંત ભોજન કરનારા (અંત= વધેલું, પ્રાંત= તાજું નહિ અર્થાત્ લૂખુસૂકું) પ્રતિમાધારીને કાયાની પીડા પણ અત્યંત સંગત છે. કારણકે માનસિક દીનતાથી રહિત તે ઈચ્છાપૂર્વક પીડાને સહન કરે છે.

ટીકાર્થ :- 'अंताइणो'= અંત-પ્રાંત ભોજન કરનારને- અહીં વ્યુત્પત્તિ આ પ્રમાણે છેઃ- અંત ભોજનને ખાવાનો જેનો સ્વભાવ છે તે અંતભોજી- **'सुसिलिट्ठा'**= યુક્તિયુક્ત **'अतीव'**= અત્યંત **'णेया'**= જાણવી. **'एत्तो'**= આ કારણથી **'अदीणचित्तस्स'**= માનસિક દીનતાથી રહિત **'तस्स'**= પ્રતિમાધારીને **'सकामा'**= પોતાની ઈચ્છાથી કરતો હોવાથી **'धम्मकायपीडा वि'**=ધર્મશરીરને પીડા પણ **'तह'**= તે સકામ નિર્જરા થાય છે. ॥ ૮૮૫ ॥ ૧૮/૩૯

આ વાતનું જ સમર્થન કરે છેઃ -

ण हु पडइ तस्स भावो, संजमठाणाउ अवि य वड्ढेइ ।
ण य कायपायओऽवि हु, तदभावे कोइ दोसो त्ति ॥ ८८६ ॥ १८/४०

છાયા :- न खलु पतति तस्य भावः संयमस्थानादपि च वर्धते ।
न च कायपाततोऽपि खलु तदभावे कोऽपि दोष इति ॥ ४० ॥

ગાથાર્થ :- કાયપીડા હોવા છતાં પ્રતિમાધારીના ભાવો સંયમસ્થાનથી (સ્વીકૃતચારિત્રની શુદ્ધિવિશેષથી) પડતા નથી, બલ્કે વધે છે. ભાવ ન પડે તો કાયા પડવા છતાં કોઈપણ જાતનું દૂષણ લાગતું નથી.

ટીકાર્થ :- '**तस्स**'= પ્રતિમાધારીનો '**भावो**'= અધ્યવસાય '**संजमठाणाउ**'= ચારિત્રસ્થાનથી '**न य कायपायओऽवि**'= કાયા પડવા છતાં પણ '**न हु पडइ**'= પડતો નથી જ. '**अवि य**'= બલ્કે '**वड्ढेइ**'= વૃદ્ધિ પામે છે. '**हु**'= વાક્યાલંકાર છે. '**तदभावे**'= ભાવ ન પડે તો '**कोइ दोसो त्ति**'= કોઈ જાતનો દોષ (નથી.) ॥ ૮૮૬ ॥ ૧૮/૪૦.

चित्ताणं कम्माणं, चित्तो च्चिय होइ खवणुवाओ वि ।
अणुबंधछेयणाई, सो उण एवं ति णायव्वो ॥ ८८७ ॥ १८/४१

છાયા :- चित्राणां कर्मणां चित्र एव भवति क्षपणोपायोऽपि ।
अनुबन्धछेदनादेः स पुनः एवमिति ज्ञातव्यः ॥ ४१ ॥

ગાથાર્થ :- ક્લિષ્ટ, ક્લિષ્ટતર, ક્લિષ્ટતમ એમ વિચિત્ર પ્રકારના જ્ઞાનાવરણીયાદિ કર્મોના અનુબંધના નાશનો અને સર્વથા નાશનો ઉપાય પણ સ્થવિરકલ્પ, પ્રતિમાકલ્પ ઈત્યાદિ વિચિત્ર જ હોય, તે કર્મના ક્ષયના ઉપાયની વિવિધતા તે આ પ્રતિમાકલ્પના વિધાનથી જાણવી, જો એમ ન હોત તો આગમમાં આ પ્રતિમાકલ્પનું વિધાન શા માટે કરાત?

ટીકાર્થઃ- '**चित्ताणं**'= જુદા જુદા સ્વભાવવાળા '**कम्माणं**'= જ્ઞાનાવરણીયાદિ કર્મોના '**खवणुवाओ वि**'= ક્ષયનો ઉપાય પણ '**चित्तो च्चिय**'= પ્રતિમાનુષ્ઠાન આદિ વડે વિવિધ પ્રકારનો '**होइ**'= હોય છે. '**अणुबंधछेयणादी**'= કર્મના અનુબંધ (= કર્મની પરંપરા)ના નાશ આદિનો '**सो उण**'= તે વળી ક્ષપણાનો ઉપાય '**एवं ति**'= પ્રતિમાકલ્પના વિધાન વડે '**णायव्वो**'= જાણવો. ॥ ૮૮૭ ॥ ૧૮/૪૧

इहरा उ णाभिहाणं, जुज्जइ सुत्तंमि हंदि एयस्स ।
एयंमि अवसरंमी, एसा खलु तंतजुत्ति त्ति ॥ ८८८ ॥ १८/४२

છાયા :- इतरथा तु नाभिधानं युज्यते सूत्रे हन्दि एतस्य ।
एतस्मिन्नवसर एषा खलु तन्त्रयुक्तिरिति ॥ ४२ ॥

ગાથાર્થ :- જો પ્રતિમાકલ્પ વિના જ વિચિત્ર કર્મોનો ક્ષય થતો હોત તો સૂત્રમાં સ્થવિરકલ્પના સઘળા કર્તવ્યો પૂર્ણ થયા બાદ પ્રતિમાકલ્પના સ્વીકારનું જે આગમમાં કથન કરવામાં આવ્યું છે તે અસંગત બને. આ શાસ્ત્રીય યુક્તિ છે.

ટીકાર્થઃ- '**इहरा उ**'= અન્યથા અર્થાત્ પ્રતિમાકલ્પના સ્વીકાર વગર જ જો વિચિત્ર કર્મોનો ક્ષય થતો હોત તો '**सुत्तंमि**'= આગમમાં '**हंदि एयस्स**'= પ્રતિમાકલ્પનું '**एयंमि अवसरंमि**'= પ્રતિમાકલ્પના

સ્વીકારને યોગ્ય અવસરે '**अभिहाणं**'= નિરૂપણ '**जुज्जइ**'= ઘટતું '**ण**'= નથી. '**एसा खलु**'= આ જ '**तंतजुत्ति त्ति**'= શાસ્ત્રીય યુક્તિ છે. ॥ ૮૮૮ ॥ ૧૮/૪૨

अण्णे भणंति एसो, विहियाणुट्ठाणमागमे भणिओ ।
पडिमाकप्पो सेट्ठो, दुक्करकरणेण विण्णेओ ॥ ८८९ ॥ १८/४३

छाया :- अन्ये भणन्ति एषो विहितानुष्ठानमागमे भणितः ।
प्रतिमाकल्पः श्रेष्ठो दुष्करकरणेन विज्ञेयः ॥ ४३ ॥

गाथार्थ :- અન્ય આચાર્યો કહે છે કે આ પ્રતિમાકલ્પ આગમમાં કહેલું વિહિત અનુષ્ઠાન= ઉચિત ક્રિયારૂપ છે તે આગમમાં કહેલ હોવાથી દુષ્કર ક્રિયા કરવા દ્વારા સ્થવિરકલ્પ કરતાં શ્રેષ્ઠ જાણવો.

टीकार्थ :- '**अण्णे**'= જૈનદર્શનમાં જ રહેલા સૂક્ષ્મબુદ્ધિ વગરના અન્ય આચાર્યો '**भणंति**'= પ્રતિપાદન કરે છે કે, '**एसो**'= આ પ્રતિમાકલ્પ '**आगमे**'= શાસ્ત્રમાં '**विहियाणुट्ठाणं**'= કર્તવ્યરૂપ અનુષ્ઠાન તરીકે '**भणिओ**'= કહેલો છે. '**पडिमाकप्पो**'= પ્રતિમાકલ્પ '**दुक्करकरणेण**'=દુષ્કર ક્રિયા કરવા દ્વારા '**सिट्ठो**'= આગમમાં કહેલ હોવા માત્રથી જ શ્રેષ્ઠ '**विण्णेओ**'= જાણવો. ॥ ૮૮૯ ॥ ૧૮/૪૩

અન્ય આચાર્યોના મતની અસંગતતા બતાવતાં કહે છે :-

विहियाणुट्ठाणं पि य सदागमा एस जुज्जई एवं ।
जम्हा ण जुत्तिबाहियविसओऽवि सदागमो होति ॥ ८९० ॥ १८/४४

छाया :- विहितानुष्ठानमपि च सदागमादेषो युज्यते एवम् ।
यस्मान्न युक्तिबाधितविषयोऽपि सदागमो भवति ॥ ४४ ॥

गाथार्थ :- આ પ્રતિમાકલ્પરૂપ વિહિત અનુષ્ઠાન પણ સદાગમથી કહેવાયું હોય તો સંગત થાય છે. કારણ કે જેમાં યુક્તિ ઘટતી ન હોય એવો યુક્તિથી બાધિતવિષયવાળો આગમ એ સદાગમ કહેવાય નહિ.

टीकार्थ :- '**एस**'= પ્રતિમાકલ્પ '**विहियाणुट्ठाणं पि य**'= કર્તવ્યરૂપ અનુષ્ઠાન પણ '**सदागमा**'= સદાગમથી '**जुज्जइ**'= ઘટે છે. '**एवं**'= આ પ્રમાણે કહ્યું છે. '**जम्हा**'= કારણકે '**जुत्तिबाहियविसओऽवि**'= યુક્તિથી બાધિત છે વિષય જેનો તે યુક્તિબાધિત વિષયવાળો એમ બહુવ્રીહિ સમાસ થાય છે. અર્થાત્ જે આગમમાં યુક્તિ ઘટતી ન હોય તે '**सदागमो**'= પ્રશસ્ત આગમ '**होति**'= હોતો '**न**'= નથી,- તે પ્રશસ્ત આગમ કહેવાય જ નહિ એવો અર્થ છે. (અન્ય આચાર્યે યુક્તિને છોડીને માત્ર આગમને મહત્ત્વ આપ્યું છે તે યોગ્ય નથી.) એમ કહેવાનો ભાવ છે. ॥ ૮૯૦ ॥ ૧૮/૪૪.

जुत्तीए अविरुद्धो, सदागमो सावि तयविरुद्ध त्ति ।
इय अण्णोऽण्णाणुगयं, उभयं पडिवत्तिहेउ त्ति ॥ ८९१ ॥ १८/४५

छायाः- युक्त्या अविरुद्धः सदागमः सापि तदविरुद्धेति ।
इति अन्योऽन्यानुगतमुभयं प्रतिपत्तिहेतुरिति ॥ ४५ ॥

गाथार्थ :- સદાગમ એ યુક્તિથી વિરુદ્ધ નથી હોતો અને યુક્તિ એ સદાગમથી વિરુદ્ધ નથી હોતી આમ અતીન્દ્રિય પદાર્થના નિર્ણયમાં જેમાં આગમ અને યુક્તિ બંને અવિરુદ્ધ રીતે મળતા હોય તે જ સ્વીકારાય છે.

टीकार्थः- '**जुत्तीए**'= યુક્તિથી '**अविरुद्धो**'= અબાધિત '**सदागमो**'= સદાગમ હોય છે. '**सावि**'= તે

પ્રત્યક્ષાદિ યુક્તિ પણ '**तदविरुद्ध त्ति**'= આગમથી અવિરુદ્ધ હોય છે. '**इयं**'= આ પ્રમાણે '**अण्णोऽण्णाणुगयं**'= પરસ્પર સંકળાયેલા '**उभयं**'= યુક્તિ અને સદાગમ બંને '**पडिवत्तिहेउ त्ति**'= અતીન્દ્રિયપદાર્થના નિર્ણયમાં ઉપાયરૂપ છે. ॥ ૮૯૧ ॥ ૧૮/૪૫

कयमेत्थ पसंगेणं, झाणं पुण णिच्चमेव एयस्स ।
सुत्तत्थाणुसरणमो, रागाइविणासणं परमं ॥ ८९२ ॥ १८/४६

છાયા :- कृतमत्र प्रसङ्गेन ध्यानं पुनर्नित्यमेव एतस्य ।
सूत्रार्थानुस्मरणतः रागादिविनाशनं परमम् ॥ ४६ ॥

ગાથાર્થ :- અહીંયા વધારે વિસ્તારથી સર્યું, પ્રતિમાધારીને હંમેશા સૂત્ર અને અર્થના ચિંતનરૂપ શ્રેષ્ઠ એવું રાગાદિનો વિનાશ કરનારું ધર્મધ્યાન અને શુક્લધ્યાન હોય છે.

ટીકાર્થ :- '**कयमेत्थ पसंगेणं**'= અહીંયા વિસ્તારથી સર્યું, '**एयस्स**'= પ્રતિમાધારીને '**झाणं पुण**'= એકાગ્રતારૂપ ધ્યાન '**निच्चमेव**'= હંમેશા જ '**सुत्तत्थाणुसरणमो**'= સૂત્ર અને અર્થનું ચિંતન કરવાથી '**रागादिविणासणं**'= રાગ-દ્વેષ-મોહનો નાશ કરનારું '**परमं**'= મુક્તિનું કારણ હોવાથી શ્રેષ્ઠ એવું ધર્મધ્યાન આદિ હોય છે. ॥ ૮૯૨ ॥ ૧૮/૪૬

શ્રી પંચાશક પ્રકરણની શ્રીયશોભદ્રસૂરીશ્વરજીવિરચિત લઘુટીકા અહીં સમાપ્ત થાય છે.

(અઢારમા પંચાશકની સુડતાલીશમી ગાથાથી ગ્રંથના અંત સુધીની (૧૮/૪૭ થી ૧૯/૪૪) સર્વ ગાથાનો **શ્રી અભયદેવસૂરિવિરચિત** ટીકાનો ભાવાનુવાદ પ.પૂ. **આચાર્યશ્રી રાજશેખરસૂરિજી મ.**નો અત્રે રજુ કરાય છે.)

હવે પ્રતિમા સંબંધી જ ઉપદેશ આપતા ગ્રંથકારશ્રી કહે છે :-

एया पवज्जियव्वा, एयासिं जोग्गयं उवगएणं ।
सेसेणवि कायव्वा, केइ पइण्णाविसेस त्ति ॥ ८९३ ॥ १८/४७

છાયા :- एताः प्रतिपत्तव्या एतासां योग्यतामुपगतेन ।
शेषेणापि कर्तव्याः केचित् प्रतिज्ञाविशेषा इति ॥ ४७ ॥

ગાથાર્થ :- પ્રતિમાસ્વીકારની યોગ્યતાને પામેલા સાધુએ પ્રતિમાઓ સ્વીકારવી જોઈએ. તેની યોગ્યતાથી રહિત સાધુએ પણ કોઈક અભિગ્રહો કરવા જોઈએ.

ટીકાર્થ :- '**एय त्ति**'= હમણાં કહેવાયેલી ભિક્ષુપ્રતિમાને '**एयासिं**'= આ પ્રતિમાઓની '**जोग्गयं**'= યોગ્યતાને '**उवगएणं**'= પ્રાપ્ત કરેલા સાધુએ '**पवज्जियव्वा**'= સ્વીકારવી જોઈએ. પ્રતિમાની યોગ્યતાને નહિ પામેલા સાધુ માટે શો વિધિ છે ? તે કહે છેઃ- '**सेसेण वि**'= યોગ્યતારહિત બીજા સાધુઓએ પણ '**केइ**'= કોઈક '**पइण्णाविसेस त्ति**'= વિશિષ્ટ અભિગ્રહો '**त्ति**'= સમાપ્તિ અર્થમાં છે '**कायव्वा**'= કરવા જોઈએ. ॥ ૮૯૩ ॥ ૧૮/૪૭

તે અભિગ્રહોને કહે છે :-

जे जंमि जंमि कालंमि बहुमया पवयणुण्णतिकरा य ।
उभओ जोगविसुद्धा, आयावणठाणमाईया ॥ ८९४ ॥ १८/४८

છાયા :- ये यस्मिन् यस्मिन् काले बहुमता प्रवचनोन्नतिकराश्च ।
उभाभ्यां योगविशुद्धा आतापनस्थानादिकाः ॥ ४८ ॥

ગાથાર્થ :- જે જે કાળમાં નિરવદ્ય વ્યાપારવાળા ઠંડી વગેરે સહન કરવું, ઉત્કુટુક વગેરે આસને બેસવું વગેરે વિવિધ અભિગ્રહો જે ગીતાર્થને બહુમાન્ય હોય અને શાસનની પ્રભાવના કરાવનાર હોય તેને ભાવથી અને ક્રિયાથી એમ ઊભય રીતે સ્વીકારવા જોઈએ.

ટીકાર્થ :- '**जे**'= જે અભિગ્રહો '**जंमि जंमि कालंमि**'= જે જે અવસરે '**बहुमया**'= ગીતાર્થોને બહુમાન્ય

હોય, '**पवयणुण्णइकरा य**'= અદ્‌ભૂત હોવાથી પ્રશંસાનું કારણ હોવાથી શાસનની પ્રભાવનાનું કારણ હોય '**उभओ**'= ક્રિયાથી અને ભાવથી એમ ઉભય રીતે '**जोगविसुद्धा**'= નિરવદ્ય વ્યાપારવાળા '**आयावणठाणमाइया**'= **आतापना**= ઠંડી સહન કરવી, **स्थान**= ઉત્કુટુક આસને બેસવું વગેરે- આદિ શબ્દથી વિવિધ દ્રવ્યાદિ અભિગ્રહો સ્વીકારવા જોઈએ. ॥ ૮૯૪ ॥ ૧૮/૪૮.

અભિગ્રહો ન કરવાના દોષોને કહે છે :-

एएसिं सइ विरिए, जमकरणं मयपमायओ सो उ।
होअइयारो सो पुण, आलोएयव्वओ गुरुणो ॥ ८९५ ॥ १८/४९

छायाः- एतेषां सति वीर्ये यदकरणं मदप्रमादतः स तु ।
भवति अतिचारः स पुन आलोचितव्यो गुरोः ॥ ४९ ॥

ગાથાર્થ :- છતી શક્તિએ મદ અને પ્રમાદથી અભિગ્રહો ન કરવા તે અતિચાર છે. તે અતિચારની ગુરુ પાસે આલોચના લઈ શુદ્ધિ કરવી જોઈએ.

ટીકાર્થઃ- '**सइ विरिए**'= છતી શક્તિએ '**एएसिं**'= વિશિષ્ટ અભિગ્રહો '**जमकरणं**'= જે ન કરવા-શાથી ન કરવા ? તે કહે છે- '**मयपमायओ**'= ગર્વ અને આળસ વડે '**सो उ**'= તે '**होअइयारो**'= અતિચાર છે '**सो पुण**'= તે અતિચાર '**गुरुणो**'= આલોચનાચાર્યને '**आलोएयव्वओ**'= શુદ્ધિના માટે જણાવવો. ॥ ૮૯૫ ॥ ૧૮/૪૯.

ઉક્ત અર્થ (અભિગ્રહો)ના ફળને કહેવા દ્વારા પ્રકરણનો ઉપસંહાર કરતાં ગ્રંથકાર કહે છે :-

इय सव्वमेवमवितहमाणाए भगवओ पकुव्वंता।
सयसामत्थऽणुरूवं, अइरा काहिंति भवविरहं ॥ ८९६ ॥ १८/५०

छाया :- इति सर्वमेवमवितथमाज्ञया भगवतः प्रकुर्वाणाः ।
स्वसामर्थ्यानुरूपमचिरं करिष्यन्ति भवविरहम् ॥ ५० ॥

॥ इति साधुप्रतिमाप्रकरणम् ॥ १८ ॥

ઉક્ત અર્થના (=અભિગ્રહોના) ફળને કહેવા દ્વારા પ્રકરણો ઉપસંહાર કરતાં ગ્રંથકાર કહે છે-

ગાથાર્થ :- આ બધા અભિગ્રહોને ઉક્ત રીતે સ્વશક્તિ અનુસાર જિનાજ્ઞાથી અવિપરીતપણે કરનારા જીવો જલ્દી સંસારનો ક્ષય કરશે.

ટીકાર્થ :- '**इय**'= આ અભિગ્રહોને '**सव्वं**'= સમસ્ત '**एवं**'= કહેલી વિધિથી '**सामत्थऽणुरुवं**'= પોતાની શક્તિના અનુસારે '**भगवओ**'= સર્વજ્ઞની '**आणाए**'= આજ્ઞા પ્રમાણે- સ્વમતિથી નહિ- '**अवितहं**'= અવિપરીતપણે- કેવી રીતે ? '**पकुव्वंता**'= કરનારા, કેવી રીતે કરાય તે કહે છેઃ- '**अइरा**'= શીઘ્રપણે '**भवविरहं**'= સંસારનો ક્ષય '**काहिंति**'= કરશે. ॥ ૮૯૬ ॥ ૧૮/૫૦

॥ અઢારમું ભિક્ષુપ્રતિમા પંચાશક સમાપ્ત થયું ॥

• • •

॥ अथ एकोनविंशतिपञ्चाशकः ॥ १९ ॥

नमिऊण वद्धमाणं, तवोवहाणं समासओ वोच्छं।
सुत्तभणिएण विहिणा, सपरेसिमणुग्गहट्ठाए ॥ ८९७ ॥ १९/१
नत्वा वर्द्धमानं तपउपधानं समासतो वक्ष्ये ।
सूत्रभणितेन विधिना स्वपरेषामनुग्रहार्थाय ॥ १ ॥

१९. तपोविधि पंचाशक

અઢારમાં પંચાશકમાં સાધુની પ્રતિમાઓ કહી, તે તપરૂપ છે, આથી હવે તપના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે તપ પ્રકરણનું પ્રતિપાદન કરવાની ઈચ્છાવાળા ગ્રંથકાર મંગલ વગેરે જણાવે છે.

ગાથાર્થ-ટીકાર્થ- શ્રી **મહાવીરસ્વામી**ને પ્રણામ કરીને સ્વ-પરના ઉપકાર માટે આગમમાં કહ્યા પ્રમાણે (**તવોવહાણં**=) સંયમરૂપ કાયાને ટકાવનારું તપનું સંક્ષેપથી વર્ણન કરીશ.**॥ ૮૯૭ ॥ ૧૯/૧**

अणसणमूणोयरिया, वित्तीसंखेवणं रसच्चाओ।
कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥ ८९८ ॥ १९/२

अनशनमूनोदरिका वृत्तिसंक्षेपणं रसत्यागः ।
कायक्लेशः संलीनता च बाह्यस्तपो भवति ॥ २ ॥

હવે તપના ભેદોને જણાવતા ગ્રંથકાર કહે છે-

ગાથાર્થ- અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ (છ) બાહ્યતપ છે.

ટીકાર્થ-અનશન- અનશન એટલે ભોજન ન કરવું. તેના યાવત્કથિક અને ઈત્વર એમ બે ભેદ છે. યાવત્કથિકના પાદપોપગમન, ઈંગિતમરણ અને ભક્તપ્રત્યાખ્યાન એમ ત્રણ ભેદ છે. પાદપોપગમનમાં પરિસ્પંદ (=હલન-ચલન વગેરે) અને પ્રતિકર્મ (=શરીરસેવા)નો સર્વથા અભાવ હોય છે. ચારે આહારનો ત્યાગ હોય છે. ઈંગિતમરણમાં પણ તે જ પ્રમાણે હોય છે. પણ નિયત કરેલા દેશમાં ફરવા આદિની છૂટ હોય છે. ભક્તપરિજ્ઞામાં (ફરવા આદિની છૂટ ઉપરાંત) પ્રતિકર્મ હોય છે. તથા ત્રણ કે ચાર પ્રકારના આહારનો ત્યાગ હોય છે. ઈત્વર અનશન ઉપવાસથી છ માસ સુધીનું હોય છે.

ઊણોદરી- અલ્પ આહાર ખાવાથી પેટ પૂરું ન ભરવું તે ઊણોદરી. આના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ છે. ઓછું ખાવું એ દ્રવ્ય ઊણોદરી છે. બત્રીસ કોળિયા પૂર્ણ આહાર છે. આથી બત્રીશ કોળિયાથી એક વગેરે કોળિયા જેટલો આહાર ઓછો લેવાથી દ્રવ્ય ઊણોદરીના અનેક પ્રકાર છે. કષાયોનો ત્યાગ ભાવ ઊણોદરી છે

વૃત્તિસંક્ષેપ- વૃત્તિ= ભિક્ષાચર્યા. સંક્ષેપ= અલ્પ કરવી. ભિક્ષાચર્યાને અલ્પ કરવી, અર્થાત્ દ્રવ્યાદિ અભિગ્રહો લેવા, તે વૃત્તિસંક્ષેપ છે. તે આ પ્રમાણે-

લેપવાળું કે લેપરહિત જ દ્રવ્ય લઈશ વગેરે દ્રવ્ય અભિગ્રહ છે. સ્વગામમાં જ, પરગામમાં જ, કે આટલા ઘરોમાં જ લઈશ વગેરે ક્ષેત્ર અભિગ્રહ છે. દિવસના પહેલા મધ્ય કે પાછલા ભાગમાં જ લઈશ વગેરે કાળ અભિગ્રહ છે. મૂળ ભોજનમાંથી હાથ કે ચમચા વગેરેમાં લીધું હોય, કે થાળી વગેરેમાં મૂક્યું હોય તે જ લઈશ, ગાયન કરતાં કે રુદન કરતાં આપે તો જ લઈશ ઈત્યાદિ ભાવ અભિગ્રહ છે.

રસત્યાગ- દૂધ, દહીં આદિ બધા કે અમુક રસનો ત્યાગ.

કાયક્લેશ- ઉચિત રીતે કાયાને કષ્ટ આપવું તે કાયક્લેશ. વીરાસન, ઉત્કુટુકાસન, ગોદોહિકાસન

વગેરે આસને રહેવું, શીત, પવન અને તાપ વગેરે સહન કરવું, મસ્તકનો લોચ કરવો વગેરે અનેક પ્રકારે કાયક્લેશ તપ છે.

संलीनता- સંલીનતા એટલે સંવર કરવો-રોકવું. તેના ઇંદ્રિય, કષાય, યોગ અને વિવિક્તચર્યા એમ ચાર પ્રકાર છે. એમાં પ્રથમના ત્રણનો અર્થ પ્રસિદ્ધ છે. સ્ત્રી, પશુ, નપુંસક અને કુશીલથી રહિત નિર્દોષ સ્થાનમાં રહેવું તે વિવિક્તચર્યા છે.

આ તપ કરાતું હોય ત્યારે લોકોથી પણ જણાતું હોવાથી અને સ્થૂલદૃષ્ટિવાળા કુતીર્થિકોમાં પણ તપ તરીકે પ્રસિદ્ધ હોવાથી આ બાહ્ય તપ છે. ॥ ૮૯૮ ॥ ૧૯/૨

पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गोऽविय, अब्भिंतरओ तवो होइ ॥ ॥ ८९९ ॥ १९/३
प्रायश्चित्तं विनयो वैयावृत्यं तथैव स्वाध्यायः ।
ध्यानमुत्सर्गोऽपि च आभ्यन्तरकं तपो भवति ॥ ३ ॥

બાહ્યતપ કહ્યો, હવે અભ્યંતર તપને કહે છે-

ગાથાર્થ- પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને ઉત્સર્ગ એ (છ) અભ્યંતર તપ છે.

ટીકાર્થ- (૧) **પ્રાયશ્ચિત્ત**- પ્રાયશ્ચિત્ત શબ્દનો અર્થ અને આલોચનાદિ ભેદો પહેલાં (સોળમાં પંચાશકમાં) કહેલ છે.

(૨) **વિનય**- જેનાથી કર્મો દૂર કરાય તે વિનય. તેના જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન,વચન, કાયા અને ઉપચાર એમ સાત ભેદ છે.

મતિ આદિ જ્ઞાનની શ્રદ્ધા, ભક્તિ, બહુમાન, તેમાં જણાવેલા અર્થોનું ચિંતન અને ગુરુ પાસે વિધિપૂર્વક પાઠ લઈને અભ્યાસ કરવો એમ પાંચ પ્રકારે જ્ઞાન વિનય છે.

જેઓ દર્શનગુણમાં અધિક (=વિશુદ્ધ શ્રદ્ધાવાળા) હોય તેમનો વિનય કરવો એ દર્શનવિનય છે. દર્શનવિનયના શુશ્રૂષા અને અનાશાતના એમ બે ભેદ છે. તેમાં શુશ્રૂષાના દશ ભેદ છે. તે આ પ્રમાણે-

(૧) **सत्कार**= વંદન કરવું. (૨) **अभ्युत्थान**= આવે ત્યારે ઊભા થવું. (૩) **सन्मान**= વસ્ત્રાદિ આપવું. (૪) **आसनाभिग्रह**= આવે ત્યારે કે ઊભા હોય ત્યારે આસન આપવું, આસન ઉપર બેસવાની વિનંતિ કરવી વગેરે. (૫) **आसनानुप्रदान**= તેમની ઇચ્છાનુસાર તેમનું આસન એક સ્થાનેથી બીજા સ્થાને મૂકવું. (૬) **कृतिकर्म**= વંદન કરવું. (૭) **अंजलिग्रह**= દર્શન થતાં અંજલિ જોડીને બે હાથ મસ્તકે લગાડવા. (૮) **आगच्छदनुगमन**= આવે ત્યારે સામા જવું (૯) **स्थितपर्युपासन**= બેઠા હોય ત્યારે પગ દબાવવા વગેરે સેવા કરવી. (૧૦) **गच्छदनुगमन**= જાય ત્યારે થોડા માર્ગ સુધી તેમની સાથે જવું.

અનાશાતના વિનયના પંદર ભેદ છે. તે આ પ્રમાણે- તીર્થંકર, ધર્મ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, કુલ, ગણ, સંઘ, સાંભોગિક, ક્રિયા અને પાંચ જ્ઞાન એ પંદરનો આશાતનાત્યાગ, ભક્તિ, બહુમાન અને પ્રશંસા એ ચાર પ્રકારે વિનય કરવો. (**ધર્મ**= ચારિત્ર અથવા ક્ષમાદિ દશવિધ.) ક્રિયા એટલે આસ્તિક્ય.

ચારિત્ર વિનયના સામાયિક આદિ પાંચ ચારિત્રની મનથી શ્રદ્ધા કરવી, કાયાથી સ્પર્શના-પાલન કરવું અને વચનથી પ્રરૂપણા કરવી એમ ત્રણ પ્રકાર છે.

આચાર્યાદિ વિષે અપ્રશસ્ત મન-વચન-કાયાનો નિરોધ કરવો અને પ્રશસ્ત મન આદિ પ્રવર્તાવવા, અર્થાત્ મનથી દુષ્ટ વિચારનો, વચનથી અનુચિત વાણીનો, અને કાયાથી અયોગ્ય વર્તનનો ત્યાગ કરવો અને મનથી આદરભાવ રાખવો, વચનથી ગુણોની પ્રશંસા કરવી અને કાયાથી સેવા કરવી એ મન-વચન-કાયા રૂપ વિનય છે.

ઉપચાર એટલે સુખકારી ક્રિયાવિશેષ, એવી ક્રિયાથી થતો વિનય તે ઔપચારિક વિનય છે. ઔપચારિક વિનયના સાત પ્રકારો છે. તે આ પ્રમાણે- (૧) **અભ્યાસાસન**= આદેશના અર્થી બનીને, અર્થાત્ ક્યારે મને આદેશ કરે અને હું એ આદેશને પાળું એવી ભાવનાથી સદા આચાર્યની પાસે બેસવું. (૨) **છન્દોઽનુવર્તન**= આચાર્યની ઇચ્છા પ્રમાણે વર્તવું. (૩) **કૃતપ્રતિકૃતિ**= આચાર્યની ભક્તિથી નિર્જરા થશે એટલું જ નહિ, પણ પ્રસન્ન થયેલા આચાર્ય મને શ્રુત ભણાવશે એવી ભાવનાથી આહારાદિ લાવી આપવો વગેરે સેવા કરવી. (૪) **કારિતનિમિત્તકરણ**= આ આચાર્યે મને શ્રુતજ્ઞાન આપ્યું છે ઇત્યાદિ ઉપકારોને નિમિત્ત બનાવીને તેમનો વિશેષ વિનય કરવો અને ભક્તિ કરવી. (૫) **દુઃખાર્તગવેષણા**= માંદગી આદિ દુઃખને દૂર કરવાના ઉપાયો કરવા. (૬) **દેશકાળજ્ઞાન**= દેશ અને કાળને જાણીને તે તે દેશ અને કાળ પ્રમાણે આચાર્યાદિની જરૂરિયાતોને સમજીને સેવા કરવી. (૭) **સર્વત્રાનુમતિ**= સર્વ કાર્યો તેમની અનુમતિથી-રજા લઈને કરવાં.

(૩) **વૈયાવૃત્ત્ય**= વ્યાવૃત્ત એટલે અશનાદિ આપવાની પ્રવૃત્તિવાળો. વ્યાવૃત્તનો- અશનાદિ આપવાની પ્રવૃત્તિવાળાનો ભાવ કે ક્રિયા તે વૈયાવૃત્ત્ય. આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષ, સાધર્મિક, કુલ, ગણ અને સંઘ એ દશનું વૈયાવૃત્ત્ય કરવું એ વૈયાવૃત્ત્યના દશ ભેદો છે.

(૪) **સ્વાધ્યાય**= સુ=સારી રીતે. **આ**=મર્યાદાથી, અર્થાત્ કાળ વગેરે જ્ઞાનાચારના પાલનપૂર્વક. અધ્યાય એટલે ભણવું. સારી રીતે મર્યાદાથી ભણવું તે સ્વાધ્યાય. તેના વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એમ પાંચ ભેદો છે.

(૫) **ધ્યાન**= અંતર્મુહૂર્ત સુધી ચિત્તની એકાગ્રતા તે ધ્યાન. તેના આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ એમ ચાર ભેદ છે. આમાં પહેલા બે ધ્યાન સંસારનાં અને છેલ્લા બે મોક્ષનાં કારણ છે. આથી છેલ્લા બે જ તપરૂપ છે.

(૬) **ઉત્સર્ગ**= ઉત્સર્ગ એટલે ત્યાગ કરવો. તેના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ છે. તે બંનેના ચાર ભેદ છે. દ્રવ્ય ઉત્સર્ગના ચાર ભેદ આ પ્રમાણે છે- ગણ (-પ્રતિમાકલ્પ આદિ સ્વીકારવાના કાળે ગણનો ત્યાગ કરવો.) દેહ(-સંલેખના કાળે દેહનો ત્યાગ કરવો.) આહાર (-અશુદ્ધ આહારનો ત્યાગ કરવો.) ઉપધિ(-અતિરિક્ત વસ્ત્રાદિનો ત્યાગ કરવો.) ચિત્તમાં રહેલા ક્રોધાદિ ચાર કષાયોનો ત્યાગ એ ચાર પ્રકારનો ભાવ ઉત્સર્ગ છે.

આ છ પ્રકારનો તપ લોકમાં પ્રાયઃ તપ તરીકે ઓળખાતો નથી, અન્યદર્શનીઓથી ભાવથી કરાતો નથી, મોક્ષપ્રાપ્તિનું અંતરંગ કારણ છે, આથી અભ્યંતર છે. ॥ ૮૯૯ ॥ ૧૯ । ૩

एसो बारसभेओ, सुत्तनिबद्धो तवो मुणेयव्वो ।
एयविसेसो उ इमो, पइण्णगो णेगभेउ त्ति ॥ ९०० ॥ १९/४
एतद् द्वादशभेदं सूत्रनिबद्धं तपो ज्ञातव्यम् ।
एतद्विशेषस्तु इदं प्रकीर्णकमनेकभेदमिति ॥ ४ ॥

પ્રકીર્ણક તપનું સ્વરૂપ-

ગાથાર્થ-ટીકાર્થ- આ બાર પ્રકારનો તપ સૂત્રમાં કહેલો છે. જેનો આ બાર પ્રકારના તપમાં સમાવેશ થાય છે. પણ સૂત્રમાં સાધુપ્રતિમા આદિની જેમ સ્પષ્ટરૂપે ઉલ્લેખ નથી તે તપવિશેષ પ્રકીર્ણક તપ છે. પ્રકીર્ણક તપનો સૂત્રમાં સ્પષ્ટરૂપે ઉલ્લેખ ન હોવા છતાં સૂત્રવિરુદ્ધ નથી, કારણ કે બાર પ્રકારના તપમાં તેનો સમાવેશ થઈ જાય છે. આ પ્રકીર્ણક તપ હવે પછીની ગાથાઓમાં કહેવાશે. પ્રકીર્ણક તપ અનેક પ્રકારના

આલંબનવાળો હોવાથી અનેક પ્રકારનો છે, અને તે અનંતરોક્ત તપનો ભેદ જ છે. ॥ ૯૦૦ ॥ ૧૯ । ૪

तित्थयरनिग्गमादी, सव्वगुणपसाहणं तवो होइ ।
भव्वाण हिओ नियमा, विसेसओ पढमठाणीणं ॥ ९०१ ॥ १९/५

तीर्थंकरनिर्गमादि सर्वगुणप्रसाधनं तपो भवति ।
भव्यानां हितं नियमाद् विशेषतः प्रथमस्थानिनाम् ॥ ५ ॥

પ્રકીર્ણક જ તપને જણાવતાં ગ્રંથકાર કહે છે-

ગાથાર્થ- તીર્થંકર નિર્ગમન આદિ (પ્રકીર્ણક) તપ સર્વગુણોનો સાધક છે. ભવ્ય જીવોનું અવશ્ય હિત કરે છે. અવ્યુત્પન્નબુદ્ધિવાળા જીવોનું વિશેષથી હિત કરે છે.

ટીકાર્થ- જે તપથી તીર્થંકરોએ દીક્ષા લીધી હતી તે તીર્થંકર નિર્ગમન તપ છે. આદિશબ્દથી તીર્થંકરજ્ઞાન, તીર્થંકરનિર્વાણ વગેરે સમજવું. આ તપમાં તીર્થંકરની પ્રવ્રજ્યા આદિનું આલંબન છે. આ આલંબન અતિશય શુભભાવરૂપ છે. આથી આ તપ આલોકસંબંધી વગેરે ઉપકાર કરનાર હોવાથી સર્વગુણોનો સાધક છે અને એથી જ ભવ્ય જીવોનું અવશ્ય હિત કરે છે. તેમાં પણ અવ્યુત્પન્નબુદ્ધિવાળા (ધર્મના સંબંધમાં બહુ અજ્ઞાન) જીવોનું વિશેષ હિત કરે છે. તપ એકાંતે હિતકર હોવાથી આલંબન વિના પણ અત્યંત શુભભાવ થતો હોવાથી સર્વ પ્રકારનો તપ હિતકર જ છે. ॥ ૯૦૧ ॥ ૧૯/૫

तित्थगरनिग्गमो खलु, ते जेण तवेण निग्गया सव्वे ।
ओसप्पिणीए सो पुण, इमीए एसो विणिद्दिट्ठो ॥ ९०२ ॥ १९/६

तीर्थङ्करनिर्गमः खलु ते येन तपसा निर्गताः सर्वे ।
अवसर्पिण्यां तत्पुन अस्यामेतद् विनिर्दिष्टः ॥ ६ ॥

તેમાં તીર્થંકરનિર્ગમન તપનું પ્રતિપાદન કરતાં ગ્રંથકાર કહે છે-

ગાથાર્થ-ટીકાર્થ- આ અવસર્પિણીમાં બધા તીર્થંકરોએ જે તપ કરીને દીક્ષા લીધી તેને તીર્થંકર નિર્ગમન તપ કહ્યો છે. તે તપ આ (= નીચેની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) છે. ॥ ૯૦૨ ॥ ૧૯/૬

सुमइ त्थ निच्चभत्तेण निग्गओ वसुपुज्ज जिणो चउत्थेण ।
पासो मल्ली वि य अट्ठमेण सेसा य छट्ठेणं ॥ ९०३ ॥ १९/७

सुमतिश्च नित्यभक्तेन निर्गतो वासुपूज्यो जिनश्चतुर्थेन ।
पार्श्वो मल्ली अपि च अष्टमेन शेषास्तु षष्ठेन ॥ ७ ॥

તિર્થંકરનિર્ગમન તપને જ કહે છે-

ગાથાર્થ-ટીકાર્થ- સુમતિનાથ ભગવાને એકાસણું, **વાસુપૂજ્ય સ્વામિએ** ઉપવાસ, **પાર્શ્વનાથ** અને **મલ્લિનાથ** ભગવાને અઠ્ઠમ, બાકીના **વીશ** તીર્થંકરોએ છઠ્ઠ કરીને દીક્ષા લીધી હતી. ॥ ૯૦૩ ॥ ૧૯/૭

उसभाइकमेणेसो, कायव्वो ओहओ सइ बलम्मि ।
गुरुआणापरिसुद्धो, विसुद्धकिरियाएँ धीरेहिं ॥ ९०४ ॥ १९/८

ऋषभादिक्रमेण एषः कर्तव्य ओघतः सति बले ।
गुर्वाज्ञापरिशुद्धो विशुद्धक्रियया धीरः ॥ ८ ॥

તિર્થંકરનિર્ગમન તપને કરવાની વિધિને કહે છે-

ગાથાર્થ-ટીકાર્થ - સાત્ત્વિક જીવોએ ઉત્સર્ગથી શક્તિ હોય તો **ઋષભાદિ** જિનના ક્રમથી આ તપ કરવો જોઈએ. શક્તિ ન હોય તો ક્રમ વિના પણ કરવામાં દોષ નથી. તથા આ તપ ગુરુની આજ્ઞાના પાલનથી પરિશુદ્ધ અને નિરવદ્ય અનુષ્ઠાનથી કરવો જોઈએ. ॥ ૯૦૪ ॥ ૧૯/૮

अण्णे तम्मासदिणेसु, बेंति लिंगं इमस्स भावंमि ।

तप्पारणसंपत्ती, तं पुण एयं इमेसिं तु ॥ ९०५ ॥ १९/९

अन्ये तन्मासदिनेषु ब्रूवते लिङ्गमस्य भावे ।

तत्पारणसम्पत्तिः तत्पुनरेतदेतेषान्तु ॥ ९ ॥

તીર્થંકરનિર્ગમન તપની વિધિમાં મતાંતરને કહે છે-

ગાથાર્થ-ટીકાર્થ- બીજા આચાર્યો કહે છે કે- **ઋષભાદિજિનો**ના દીક્ષાતપના જે મહિના અને જે તિથિઓ છે તે મહિનાઓમાં અને તે તિથિઓમાં આ તપ કરવો જોઈએ. જેમકે- **ઋષભદેવ**ના દીક્ષાતપમાં ચૈત્રવદ આઠમના દિવસે જ છઠ્ઠ કરવો જોઈએ, **શ્રીમહાવીરસ્વામી**ના દીક્ષાતપમાં માગસર વદ દશમના દિવસે જ છઠ્ઠ કરવો જોઈએ. (અર્થાત્ આઠમના બીજો ઉપવાસ આવે તે રીતે કરવો જોઈએ.) આ રીતે બીજા તીર્થંકરના દીક્ષાતપ માટે પણ સમજવું. તથા પારણામાં **ઋષભાદિજિનો**નું જે દ્રવ્યથી પારણું થયું હતું તે દ્રવ્યની પ્રાપ્તિ થવી એ તપ સારી રીતે થયો છે એનું લક્ષણ છે. અર્થાત્ **ઋષભાદિતીર્થંકરો**એ જે દ્રવ્યથી પારણું કર્યું હતું તે દ્રવ્યથી પારણું કરવું જોઈએ. **ઋષભાદિતીર્થંકરો**એ કયા દ્રવ્યથી પારણું કર્યું હતું તે નીચે પ્રમાણે છે ॥ ૯૦૫ ॥ ૧૯ । ૯

उसभस्स उ इक्खुरसो, पारणए आसि लोगनाहस्स ।

सेसाणं परमण्णं, अमयरसरसोवमं आसी ॥ ९०६ ॥ १९/१०

ऋषभस्य तु इक्षुरसः पारणके आसीत् लोकनाथस्य ।

शेषाणां परमान्नममृतरस-रसोपममासीत् ॥ १० ॥

ઋષભાદિ જિનોએ જે દ્રવ્યથી પારણું કર્યું હતું તે દ્રવ્યને જ કહે છે-

ગાથાર્થ-ટીકાર્થ- શ્રી ઋષભદેવના પારણામાં ઇક્ષુરસ હતો અને બાકીના જિનોના પારણામાં અમૃતરસના જેવી સ્વાદિષ્ટ ખીર હતી ॥ ૯૦૬ ॥ ૧૯/૧૦

संवच्छरेण भिक्खा, लद्धा उसभेण लोगनाहेण ।
सेसेहिं बीयदियहे, लद्धाओ पढमभिक्खाओ ॥ ९०७ ॥ १९/११

संवत्सरेण भिक्षा लब्धा ऋषभेण लोकनाथेन ।
शेषैः द्वितीयदिवसे लब्धा प्रथमभिक्षाः ॥ ११ ॥

પારણાના જ પ્રસંગથી તે તે જિનને પ્રથમભિક્ષા કેટલા કાળે મળી તેનું વર્ણન કરે છે-

ગાથાર્થ-ટીકાર્થ- લોકનાથ **શ્રી ઋષભદેવ**ને પહેલી ભિક્ષા એક વર્ષે મળી. બીજા તીર્થંકરોને દીક્ષાના બીજા દિવસે પહેલી ભિક્ષા મળી. ॥ ૯૦૭ ॥ ૧૯/૧૧

तित्थंकरनाणुप्पत्तिसन्निओ तह परो तवो होइ ।
पुव्वोइएण विहिणा, कायव्वो सो पुण इमो त्ति ॥ ९०८ ॥ १९/१२

तीर्थङ्करज्ञानोत्पत्तिसंज्ञितं तथा अपरं तपो भवति ।
पूर्वोदितेन विधिना कर्तव्यं तत्पुनरिदमिति ॥ १२ ॥

તીર્થંકર જ્ઞાનોત્પત્તિ નામના તપનું વર્ણન-

ટીકાર્થ- તીર્થંકરજ્ઞાનોત્પત્તિ નામનો બીજો તપ છે. તે પૂર્વોક્ત વિધિથી કરવો, અર્થાત્ **ઋષભાદિ** જિનના ક્રમથી, ગુરુની આજ્ઞાના પાલનથી પરિશુદ્ધ અને નિરવદ્ય અનુષ્ઠાન વડે કરવો. તથા મતાંતરથી જે મહિનાઓમાં જે દિવસોમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ હોય તે મહિનાઓમાં તે દિવસોમાં તપ કરવો. આ તપ નીચે પ્રમાણે છે. ॥ ૯૦૮ ॥ ૧૯/૧૨

अट्ठमभत्तंतंमि य, पासोसहमल्लिरिट्ठनेमीणं ।
वसुपुज्जस्स चउत्थेण छट्ठभत्तेण सेसाणं ॥ ९०९ ॥ १९/१३

अष्टमभक्तान्ते च पार्श्वर्षभमल्लिरिष्ठनेमीनाम् ।
वासुपूज्यस्य चतुर्थेन षष्ठभक्तेन शेषाणाम् ॥ १३ ॥

उसभाइयाणमेत्थं, जायाइं केवलाइँ नाणाइं ।
एयं कुणमाणो खलु, अचिरेणं केवलं लहइ ॥ ९१० ॥ १९/१४

ऋषभादिकानामत्र जातानि केवलानि ज्ञानानि ।
एतत्कुर्वाणः खलु अचिरेण केवलं लभते ॥ १४ ॥

કયા જિનને કયા તપમાં કેવળજ્ઞાન પ્રગટ થયું તેને કહે છે-

ગાથાર્થ-ટીકાર્થ- શ્રી પાર્શ્વનાથ, ઋષભદેવ, મલ્લિનાથ અને **નેમિનાથ** એ ચાર જિનોને અટ્ઠમના અંતે, **શ્રી વાસુપૂજ્યજિનને** ઉપવાસમાં અને બાકીના જિનોને છટ્ઠના તપમાં કેવલજ્ઞાન થયું હતું.

ઋષભાદિજિનોને આ તપમાં કેવળજ્ઞાન થયું હતું માટે આ તપ કરનાર જલદી કેવલજ્ઞાન પામે છે. ॥ ૯૦૯ ॥ ૧૯/૧૩॥ ૯૧૦ ॥ ૧૯/૧૪

तित्थयरमोक्खगमणं, अहावरो एत्थ होइ विज्ञेओ ।
जेण परिनिव्वुया ते, महाणुभावा तओ य इमो ॥ ९११ ॥ १९/१५

तीर्थंकरमोक्षगमनमथापरमत्र भवति विज्ञेयम् ।
येन परिनिर्वृतास्ते महानुभावाः तकच्च इदम् ॥ १५ ॥

તીર્થંકર મોક્ષગમન તપનું વર્ણન

ગાથાર્થ-ટીકાર્થ- અહીં અચિંત્ય શક્તિવાળા શ્રી તીર્થંકરો જે તપથી મોક્ષમાં ગયા તે તીર્થંકર મોક્ષગમન નામનો અન્ય તપ છે. તે તપ આ પ્રમાણે છે. ॥ ૯૧૧ ॥ ૧૯/૧૫

निव्वाणमंतकिरिया, सा चोद्दसमेण पढमनाहस्स ।
सेसाण मासिएणं, वीरजिणिंदस्स छट्ठेणं ॥ ९१२ ॥ १९/१६
निर्वाणमन्तक्रिया सा चतुर्दशभक्तेन प्रथमनाथस्य ।
शेषाणां मासिकेन वीरजिनेन्द्रस्य षष्ठेन ॥ १६ ॥

તીર્થંકરો કયા તપથી મોક્ષમાં ગયા તેને કહે છે -

ગાથાર્થ-ટીકાર્થ- મોક્ષ એટલે અંતક્રિયા. **શ્રી આદિનાથ** છ ઉપવાસથી, **શ્રી વીરજિન** છઠ્ઠથી અને બાકીના જિનો માસખમણથી મોક્ષમાં ગયા હતા. ॥ ૯૧૨ ॥ ૧૯/૧૬

अट्ठावयचंपोर्ज्जितपावासंमेयसेलसिहरेसु ।
उसभवसुपुज्जनेमीवीरो सेसा य सिद्धिगया ॥ ९१३ ॥ १९/१७

अष्टापद-चम्पो-ज्जयन्त-पापा-सम्मेत-शैलशिखरेषु ।
ऋषभ-वासुपूज्य-नेमि-वीरः शेषाश्च सिद्धिं गताः ॥ १७ ॥

હવે પ્રસંગથી તીર્થંકરો જે સ્થાનમાં નિર્વાણ પામ્યા તે સ્થાનને જણાવવા માટે કહે છે.

ગાથાર્થ-ટીકાર્થ- શ્રી **આદિનાથ**, **વાસુપૂજ્યસ્વામી**, **નેમિનાથ** અને **વીરજિન** અનુક્રમે **અષ્ટાપદ પર્વત**, **ચંપાનગરી**, **ઉર્જ્જયંત**(=**ગિરનાર**) **પર્વત** અને **પાવાપુરી** નગરીમાં અને બાકીના જિનો **સમ્મેત પર્વત**ના શિખર ઉપર મોક્ષ પામ્યા છે. ॥ ૯૧૩ ॥ ૧૯/૧૭

चंदायणाइ य तहा, अणुलोमविलोमओ तवो अवरो ।
भिक्खाकवलाण पुढो, विण्णेओ वुड्ढिहाणीहिं ॥ ९१४ ॥ १९/१८

चन्द्रायणादि च तथा अनुलोम-विलोमतः तपोऽपरम् ।
भिक्षाकवलानां पृथग् विज्ञेयो वृद्धिहानिभिः ॥ १८ ॥

ચાંદ્રાયણતપનું વર્ણન-

ગાથાર્થ- અનુક્રમથી અને વિપરીતક્રમથી ભિક્ષાની કે કોળિયાની વૃદ્ધિહાનિથી ચાંદ્રાયણ તપ થાય છે.

ટીકાર્થ - આદિ શબ્દથી આગમમાં પ્રસિદ્ધ ભદ્રા, મહાભદ્રા, સર્વતોભદ્રા, રત્નાવલી, કનકાવલી, લઘુસિંહનિષ્ક્રીડિત, મહાસિંહનિષ્ક્રીડિત, આયંબિલ વર્ધમાન, ગુણરત્ન સંવત્સર, સપ્તસપ્તમિકા આદિ ચાર પ્રતિમા, કલ્યાણક વગેરે તપોનું ગ્રહણ કરવું. ॥ ૯૧૪ ॥ ૧૯/૧૮

सुक्कंमि पडिवयाओ, तहेव वुड्ढीएँ जाव पण्णरस ।
पंचदसिपडिवयाहिं, तो हाणी किण्हपडिवक्खे ॥ ९१५ ॥ १९/१९

शुक्ले प्रतिपदः तथैव वृद्धया यावत्पञ्चदश ।
पञ्चदशप्रतिपदि ततो हानिं कृष्णप्रतिपक्षे ॥ १९ ॥

ચાંદ્રાયણ પ્રતિમાના યવમધ્યા અને વજ્રમધ્યા એમ બે ભેદ છે, તેમાં પહેલાં યવમધ્યપ્રતિમાને જણાવતા ગ્રંથકાર કહે છે-

ગાથાર્થ-ટીકાર્થ-શુક્લપક્ષમાં એકમના દિવસે એક ભિક્ષા કે એક કોળિયા જેટલો, બીજના દિવસે બે ભિક્ષા કે બે કોળિયા જેટલો, એમ ક્રમશઃ એક એક દિવસે એક એક ભિક્ષા કે કોળિયાની વૃદ્ધિ કરતાં કરતાં પૂનમના દિવસે પંદર ભિક્ષા કે પંદર કોળિયા જેટલો આહાર કરવો. વદપક્ષમાં એકમના દિવસે પંદર ભિક્ષા કે પંદર કોળિયા જેટલો, બીજના દિવસે ચૌદ ભિક્ષા કે ચૌદ કોળિયા જેટલો, એમ ક્રમશઃ એક એક દિવસે એક એક ભિક્ષા કે એક એક કોળિયાની હાનિ કરતાં અમાસના દિવસે એક ભિક્ષા કે એક કોળિયા જેટલો આહાર લેવો એ યવમધ્યા પ્રતિમા છે. ॥ ૯૧૫ ॥ ૧૯/૧૯

किण्हे पडिवइ पणरस, इगेगहाणी उ जाव इक्को उ ।

अमवस्सपडिवयाहिं, वुड्ढी पन्नरस पुन्नाए ॥ ९१६ ॥ १९/२०
कृष्णे प्रतिपदि पञ्चदश एकैकहानिस्तु यावद् एकस्तु ।
अमावस्याप्रतिपदोर्वृद्धिः पञ्चदश पूर्णायाम् ॥ २० ॥

બીજી વજ્રમધ્યા પ્રતિમાને કહે છે-

ગાથાર્થ-ટીકાર્થ- કૃષ્ણપક્ષમાં એકમના દિવસે પંદર ભિક્ષા કે પંદર કોળિયા જેટલો આહાર લેવો. પછી ક્રમશઃ એક એક દિવસે એક એક ભિક્ષા કે એક એક કોળિયાની હાનિ કરતાં કરતાં અમાસના દિવસે એક ભિક્ષા કે એક કોળિયા જેટલો આહાર લેવો. શુક્લપક્ષમાં એકમના દિવસે પણ એક ભિક્ષા કે એક કોળિયા જેટલો આહાર લેવો. પછી ક્રમશઃ એક એક દિવસે એક એક ભિક્ષા કે એક એક કોળિયાની વૃદ્ધિ કરતાં કરતાં પૂનમના દિવસે પંદર ભિક્ષા કે પંદર કોળિયા જેટલો આહાર લેવો તે વજ્રમધ્યા પ્રતિમા છે. ॥ ૯૧૬ ॥ ૧૯ । ૨૦

एत्तो भिक्खामाणं, एगा दत्ती विचित्तरूवावि ।
कुक्कुडिअंडगमेत्तं कवलस्स वि होइ विण्णेयं ॥ ९१७ ॥ १९/२१
इत्तो भिक्षामानमेका दत्तिर्विचित्ररूपाऽपि ।
कुक्कुट्यण्डमात्रं कवलस्यापि भवति विज्ञेयम् ॥ २१ ॥

અહીં તપમાં ભિક્ષા આદિ લેવાનું કહ્યું. આથી ભિક્ષા આદિના લક્ષણને (= પ્રમાણને) કહે છે-

ગાથાર્થ-ટીકાર્થ- એકવાર ભોજન નાખવું તે દત્તિ છે. એક દત્તિ એક ભિક્ષા છે. એક વાર નાખેલું ભોજન (દાળ-ભાત વગેરે ભેગું કરવાથી) બહુ કે થોડાં દ્રવ્યોવાળું હોય, એક કે અનેક દ્રવ્યોવાળું હોય તો પણ એક દત્તિ= એક ભિક્ષા ગણાય. કુકડીના ઈંડા જેટલું કોળિયાનું પ્રમાણ છે. ॥ ૯૧૭ ॥ ૧૯/૨૧

एयं च कीरमाणं, सफलं परिसुद्धजोगभावस्स ।
निरहिगरणस्स णेयं, इयरस्स न तारिसं होइ ॥ ९१८ ॥ १९/२२
एतच्च क्रियमाणं सफलं परिशुद्धयोगभावस्य ।
निरधिकरणस्य ज्ञेयमितरस्य न तादृशं भवति ॥ २२ ॥

તપના અધિકારમાં જ વિશેષ કહે છે-

ગાથાર્થ-ટીકાર્થ- નિર્દોષ ક્રિયાવાળા, નિર્દોષ ભાવવાળા અને અતિશય મહારંભ રૂપ કે કલહરૂપ અધિકરણથી રહિતને આ તપ સફળ બને છે= મોક્ષાદિ ફળ આપનારું થાય છે. બીજાને આ તપ તેવું સફળ બનતું નથી. અર્થાત્ આ તપથી અધિકરણથી રહિતને જેવું ફળ મળે છે તેવું ફળ અધિકરણથી યુક્તને મળતું નથી. ॥ ૯૧૮ ॥ ૧૯/૨૨

अन्नोऽवि अत्थि चित्तो, तहा तहा देवयानिओगेण ।
मुद्धजणाण हिओ खलु, रोहिणिमादि मुणेयव्वो ॥ ९१९ ॥ १९/२३
अन्यदपि अस्ति चित्रं तथा तथा देवतानियोगेन ।
मुग्धजनानां हितं खलु रोहिण्यादि ज्ञातव्यम् ॥ २३ ॥

રોહિણી આદિ વિવિધ તપોનો નિર્દેશ -

ગાથાર્થ-ટીકાર્થ- લોકરૂઢિ પ્રમાણે **રોહિણી** આદિ દેવતાને ઉદ્દેશીને કરવામાં આવતા રોહિણી આદિ બીજાં પણ વિવિધ તપો છે. આ તપો વિષયાભ્યાસ રૂપ હોવાથી મુગ્ધ લોકોને અવશ્ય હિતકર જાણવા. ॥ ૯૧૯ ॥ ૧૯/૨૩

रोहिणि अंबा तह मंदउण्णया सव्वसंपयासोक्खा ।
सुयसंतिसुरा काली, सिद्धाईया तहा चेव ॥ ९२० ॥ १९/२४

रोहिणी अम्बा तथा मन्दपुण्यिका सर्वसम्पत्सौख्याः ।
श्रुतशान्तिसुरा काली सिद्धायिका तथा चैव ॥ २४ ॥

દેવતાઓને જ જણાવતા ગ્રંથકાર કહે છે-

ગાથાર્થ-ટીકાર્થ- રોહિણી, અંબા, મંદપુણ્યિકા, સર્વસંપત્, સર્વસૌખ્યા, શ્રુતદેવતા, શાંતિદેવતા, કાલી, સિદ્ધાયિકા આ (નવ) દેવતા છે. ॥ ૯૨૦ ॥ ૧૯/૨૪

एमाइदेवयाओ, पडुच्च अवऊसगा उ जे चित्ता ।
णाणादेसपसिद्धा, ते सव्वे चेव होंति तवो ॥ ९२१ ॥ १९/२५

एवमादिदेवताः प्रतीत्य अपवसनानि तु ये चित्राः ।
नानादेशप्रसिद्धास्ते सर्वे चैव भवन्ति तपः ॥ २५ ॥

ગાથાર્થ- આ નવ વગેરે દેવતાની આરાધના માટે જે વિવિધ તપો જુદા જુદા દેશમાં પ્રસિદ્ધ છે, તે બધા તપ છે.

ટીકાર્થ- તેમાં રોહિણી તપમાં સાત વર્ષ અને સાત મહિના સુધી રોહિણી નક્ષત્રના દિવસે ઉપવાસ કરવો અને **વાસુપૂજ્યજિન**ની પ્રતિમાની પ્રતિષ્ઠા અને પૂજા કરવી. અંબા તપમાં પાંચ પાંચમમાં એકાસણું વગેરે તપ કરવો અને **નેમિનાથ** ભગવાનની તથા **અંબિકાદેવી**ની પૂજા કરવી. શ્રુતદેવતા તપમાં અગિયાર અગિયારસમાં ઉપવાસ, મૌનવ્રત અને **શ્રુતદેવતા**ની પૂજા કરવી. બાકીના તપો રૂઢિ પ્રમાણે જાણી લેવા. ॥ ૯૨૧ ॥ ૧૯/૨૫

जत्थ कसायनिरोहो, बंभं जिणपूयणं अणसणं च ।
सो सव्वो चेव तवो, विसेसओ मुद्धलोयंमि ॥ ९२२ ॥ १९/२६
यत्र कषायनिरोधो ब्रह्म जिनपूजनमनशनं च ।
तत्सर्वं चैव तपो विशेषतो मुग्धलोके ॥ २६ ॥

હવે દેવતાના ઉદ્દેશથી (=દેવતાની આરાધના માટે) કરાતા ઉક્ત તપને તપ કેવી રીતે કહેવાય ? એવી આશંકા કરીને કહે છે-

ગાથાર્થ- જે તપમાં કષાયનો નિરોધ થાય, બ્રહ્મચર્યનું પાલન થાય, જિનપૂજા અને ભોજનનો ત્યાગ થાય તે સર્વ તપ છે, મુગ્ધલોકોમાં વિશેષરૂપે તપ છે.

ટીકાર્થઃ- પહેલીવાર તપમાં પ્રવૃત્તિ કરનાર મુગ્ધલોક તે પ્રમાણે=દેવતા વગેરેના ઉદ્દેશથી (= પુણ્યબંધ માટે) પ્રવૃત્ત થાય. પછી અભ્યાસ થવાના કારણે કર્મક્ષય માટે પણ તપમાં પ્રવૃત્તિ કરે, તે શરૂઆતથી જ મોક્ષ માટે પ્રવૃત્તિ કરવા સમર્થ બનતો નથી. કારણ કે અજ્ઞાન છે= મોક્ષ વગેરેના યથાર્થ જ્ઞાનથી રહિત છે. જ્યારે સદ્બુદ્ધિ જીવો આ તપનું વિધાન મોક્ષ માટે જ છે એવી બુદ્ધિથી જ તપ કરે છે. કહ્યું છે કે- **मोक्षायैव तु घटते विशिष्टमतिरुत्तमः पुरुषः (तत्त्वार्थाधिगम संबंधकारिका गाथा-५ उत्तरार्ध)**= વિશિષ્ટ મતિમાન પુરુષ મોક્ષ

માટે જ પ્રયત્ન કરે છે. (=મોક્ષ માટે જ ધર્મ કરે છે.) કરે. મોક્ષ માટે પ્રયત્ન આગમોક્ત વિધિથી જ કારણ કે આગમ સિવાય બીજા આલંબનમાં અનાભોગ કારણ છે. (અર્થાત્ આગમ સિવાય બીજું આલંબન લેવામાં અજ્ઞાનતા કારણ છે. જ્યાં અજ્ઞાનતા હોય ત્યાં મોક્ષ માટે પ્રયત્ન ન થઈ શકે. માટે આગમનું આલંબન લઈને આગમોક્ત વિધિથી જ તપ કરવો જોઈએ). ॥ ૯૨૨ ॥ ૧૯/૨૬

एवं पडिवत्तीए, एत्तो मग्गाणुसारिभावाओ ।
चरणं विहियं बहवो, पत्ता जीवा महाभागा ॥ ९२३ ॥ १९/२७
एवं प्रतिपत्त्या इतो मार्गानुसारिभावात् ।
चरणं विहितं बहवः प्राप्ता जीवा महाभागाः ॥ २७ ॥

દેવતાના ઉદ્દેશથી (=દેવતાની આરાધના માટે) કરાતો આ તપ સર્વથા નિષ્ફળ છે કે કેવળ આ લોકનું જ ફળ આપે છે એવું નથી, કિંતુ ચારિત્રનું પણ કારણ છે. આથી તપ ચારિત્રનું કારણ છે એ વિષયને જણાવતાં ગ્રંથકાર કહે છે -

ગાથાર્થ-ટીકાર્થ- શુભ અનુષ્ઠાનોમાં (=ધર્મક્રિયામાં) વિઘ્નો ન આવે ઇત્યાદિ હેતુથી સાધર્મિક દેવતાઓની તપ રૂપ આરાધનાથી અને જેનું સ્વરૂપ પૂર્વે (૨૬મી) ગાથામાં જણાવ્યું છે તે કષાય આદિના નિરોધની પ્રધાનતાવાળા તપથી માર્ગાનુસારી ભાવ= મોક્ષમાર્ગને અનુકૂળ અધ્યવસાય થાય છે. માર્ગાનુસારી ભાવથી ઘણા મહાનુભાવ જીવો આપ્તોપદિષ્ટ ચારિત્રને પામ્યા છે. ॥ ૯૨૩ ॥ ૧૯/૨૭

सव्वंगसुंदरो तह, निरुजसिहो परमभूसणो चेव ।
आयइजणगो सोहग्गकप्परुक्खो तहण्णोऽवि ॥ ९२४ ॥ १९/२८
सर्वाङ्गसुन्दरस्तथा निरुजशिखः परमभूषणश्चैव ।
आयतिजनकः सौभाग्यकल्पवृक्षः तथाऽन्योऽपि ॥ २८ ॥

पढिओ तवो विसेसो अण्णेहिं वि तेहिं तेहिं सत्थेहिं ।
मग्गपडिवत्तिहेऊ हंदि विणेयाणुगुण्णेणं ॥ ९२५ ॥ १९/२९
पठितस्तपोविशेषोऽन्यैरपि तेषु तेषु शास्त्रेषु ।
मार्गप्रतिपत्तिहेतुः हंदि विनेयानुगुण्येन ॥ २९ ॥

ગાથાર્થ :- સર્વાંગસુંદર, નિરુજશિખ, પરમભૂષણ, આયતિજનક, સૌભાગ્ય આ તપો છે. તથા બીજાં પણ વિશેષતપો બીજાઓએ તે તે શાસ્ત્રમાં કહ્યાં છે. આ તપો નવા અભ્યાસી જીવોની યોગ્યતાનુસાર મોક્ષમાર્ગના સ્વીકારનું કારણ જાણવા. (૨૮-૨૯)

ટીકાર્થ :- જે તપથી સર્વ અંગો સુંદર થાય તે સર્વાંગસુંદર. જે તપનું મુખ્ય ફળ રોગનાશ છે તે નિરુજશિખ, જે તપથી ઉત્તમ આભૂષણો મળે તે પરમભૂષણ. જે તપ ભવિષ્યમાં ઇષ્ટફળ આપે તે આયતિજનક. જે તપ સૌભાગ્ય મેળવવામાં કલ્પવૃક્ષ સમાન છે તે સૌભાગ્યકલ્પવૃક્ષ. આ તપો નવા અભ્યાસી જીવોની યોગ્યતાનુસાર મોક્ષમાર્ગના સ્વીકારનું કારણ છે. મોક્ષમાર્ગના સ્વીકારનું કારણ વ્યવહારથી મોક્ષમાર્ગ જ છે.

પૂર્વપક્ષ- આ તપો અભિષ્વંગ(=રાગ) વાળા હોવાથી મુક્તિમાર્ગ નથી.

ઉત્તરપક્ષ :- કોઈક નવા અભ્યાસી જીવો એવા હોય છે કે જે પ્રારંભમાં અભિષ્વંગવાળા અનુષ્ઠાનમાં પ્રવર્તે છે, અર્થાત્ અભિષ્વંગથી= સંસારસુખના રાગ આદિથી અનુષ્ઠાનમાં જોડાય છે, પણ પછી (મોક્ષ આદિનું જ્ઞાન થતાં) અભિષ્વંગ રહિત અનુષ્ઠાન પામે છે. આથી તેવા જીવોને આ તપ મોક્ષમાર્ગ

પમાડનાર બને છે. ॥ ૯૨૪ ॥ ૧૯ । ૨૮ ॥ ૯૨૫ ॥ ૧૯/૨૯

अट्ठोववासा एगंतरेण विहिपारणं च आयामं ।
सव्वंगसुंदरो सो होइ तवो सुक्कपक्खंमि ॥ ९२६ ॥ १९/३०

अष्टावुपवासा एकान्तरेण विधिपारणञ्च आचामाम्लम् ।
सर्वाङ्गसुन्दरं तद्भवति तपः शुक्लपक्षे ॥ ३० ॥

खमयादभिग्गहो इह, सम्मं पूया य वीयरागाणं ।
दाणं च जहासत्तिं, जइदीणाईण विण्णेयं ॥ ९२७ ॥ १९/३१ जुम्मं ।

क्षमताद्यभिग्रह इह सम्यग् पूजा च वीतरागाणाम् ।
दानञ्च यथाशक्ति यतिदीनादीनां विज्ञेयम् ॥ ३१ ॥ युग्मम् ।

હવે સર્વાંગસુંદર આદિ વિશેષ પ્રકારના તપનું વિવરણ કરતા ગ્રંથકાર કહે છે-

ગાથાર્થ-ટીકાર્થ- શુક્લપક્ષમાં એકાંતરે આઠ ઉપવાસ કરવા અને દરેક ઉપવાસના પારણે પ્રત્યાખ્યાન સંબંધી સ્પર્શન આદિ વિધિપૂર્વક આયંબિલ કરવું એ સર્વાંગસુંદર તપ છે. **॥ ૯૨૬ ॥ ૧૯/૩૦**

ગાથાર્થ-ટીકાર્થ :- આ તપમાં ક્ષમા, નમ્રતા, સરળતા આદિનો નિયમ, ભાવથી જિનપૂજા અને સાધુ, ગરીબ વગેરેને યથાશક્તિ દાન કરવું. ॥ ૯૨૭ ॥ ૧૯/૩૧

एवं चिय निरुजसिहो, नवरं सो होइ किण्हपक्खंमि ।
तह य गिलाण तिगिच्छाभिग्गहसारो मुणेयव्वो ॥ ९२८ ॥ १९/३२
एवमेव निरुजशिखः नवरं स भवति कृष्णपक्षे ।
तथा च ग्लान-चिकित्साभिग्रहसारो ज्ञातव्यः ॥ ३२ ॥

નિરુજશિખ તપનું વર્ણન-

ગાથાર્થ-ટીકાર્થ :- સર્વાંગસુંદરની જેમ નિરુજશિખ તપ છે. પણ તે વદમાં કરવો અર્થાત્ વદપક્ષમાં એકાંતરે આઠ ઉપવાસ કરવા અને દરેક ઉપવાસના પારણે આયંબિલ કરવું એ નિરુજશિખતપ છે. પથ્ય આહાર આદિનું દાન કરીને મારે ગ્લાનની વેયાવચ્ચ કરવી એવો નિયમ કરવો. ॥ ૯૨૮ ॥ ૧૯ । ૩૨

बत्तीसं आयामं, एगंतरपारणेण सुविसुद्धो ।
तह परमभूसणो खलु, भूसणदाणप्पहाणो य ॥ ९२९ ॥ १९/३३

द्वात्रिंशदाचामाम्लानि एकान्तरपारणेन सुविशुद्धानि ।
तथा परमभूषणः खलु भूषणदानप्रधानश्च ॥ ३३ ॥

પરમભૂષણ તપનું વર્ણન-

ગાથાર્થ-ટીકાર્થ- એકાંતરે બત્રીશ નિર્દોષ આયંબિલ કરવાં તથા જિનને તિલક આદિ આભૂષણો ચઢાવવાં એ પરમભૂષણ તપ છે. ॥ ૯૨૯ ॥ ૧૯ । ૩૩

एवं आयइजणगो, विण्णेओ नवरमेस सव्वत्थ ।
अणिगूहियबलविरियस्स होइ सुद्धो विसेसेणं ॥ ९३० ॥ १९/३४

एवमायतिजनको विज्ञेयः नवरमेषः सर्वत्र ।
अनिगूहितबलवीर्यस्य भवति शुद्धो विशेषेण ॥ ३४ ॥

આયતિજનક તપનું વર્ણન-

ગાથાર્થ - પરમભૂષણ તપની જેમ એકાંતરે બત્રીસ આયંબિલ કરવાં એ આયતિજનક તપ છે. પણ આ તપમાં આટલી વિશેષતા છે કે સર્વ ધર્મકાર્યોમાં બળ અને વીર્યને નહિ ગોપવનારનો આ તપ વિશેષ શુદ્ધ થાય છે.

ટીકાર્થ- **બળ**= શરીરની શક્તિ. **વીર્ય**= ચિત્તનો ઉત્સાહ ॥ ૯૩૦ ॥ ૧૯ । ૩૪

चित्ते एगंतरओ, सव्वरसं पारणं च विहिपुव्वं ।
सोहग्गकप्परुक्खो, एस तवो होइ कायव्वो ॥ ९३१ ॥ १९/३५

चैत्रे एकान्तरकः सर्वरसं पारणञ्च विधिपूर्वम् ।
सौभाग्यकल्पवृक्ष एषः तपो भवति कर्तव्यः ॥ ३५ ॥

સૌભાગ્ય કલ્પવૃક્ષ તપનું વર્ણન-

ગાથાર્થ-ટીકાર્થ- ચૈત્રમાસમાં એકાંતરે ઉપવાસ કરવા. પારણે ગુરુદાન આદિ વિધિપૂર્વક સર્વ વિગઈવાળું ભોજન કરવું એ સૌભાગ્ય કલ્પવૃક્ષ તપ છે. ॥ ૯૩૧ ॥ ૧૯ । ૩૫

दाणं च जहासत्तिं, एत्थ समत्तीएँ कप्परुक्खस्स ।
ठवणा य विविहफलहरसंणामियचित्तडालस्स ॥ ९३२ ॥ १९/३६

दानञ्च यथाशक्ति अत्र समाप्तौ कल्पवृक्षस्य ।
स्थापना च विविध-फलभर-सन्नामित-चित्रडालस्य ॥ ३६ ॥

ગાથાર્થ-ટીકાર્થ- આ તપમાં અથવા પૂર્ણ થાય ત્યારે યથાશક્તિ સાધુ આદિને દાન આપવું તથા વિવિધ ફળોના ભારથી લચી પડેલી વિવિધ શાખાઓવાળા સોનેરી ચોખાના કલ્પવૃક્ષની સ્થાપના કરવી. ॥ ૯૩૨ ॥ ૧૯/૩૬

एए अवऊसणगा, इट्ठफलसाहगा उ सट्ठाणे ।
अण्णत्थजुया य तहा, विण्णेया बुद्धिमंतेहिं ॥ ९३३ ॥ १९ /३७

एतानि अवजोषणकानि इष्टफलसाधकानि तु स्वस्थाने ।
अन्वर्थयुक्तानि च तथा विज्ञेयानि बुद्धिमद्भिः ॥ ३७ ॥

મુગ્ધજીવોને આ તપથી લાભ -

ગાથાર્થ-ટીકાર્થ- આ તપોની આરાધના મુગ્ધ નવા અભ્યાસી જીવોને ઈષ્ટફળ સાધે છે અને તપો અન્વર્થયુક્ત છે= અર્થયુક્ત નામવાળા છે. તપનાં નામોના અર્થો અઠ્ઠાવીસમી ગાથામાં જણાવ્યા છે. ॥ ૯૩૩ ॥ ૧૯ । ૩૭

इंदियविजओऽवि तहा, कसायमहणो य जोगसुद्धीए ।
एमादओऽवि णेया, तहा तहा पंडियजणाओ ॥ ९३४ ॥ १९/३८
इन्द्रियविजयोऽपि तथा कषायमथनश्च योगशुद्धिः ।
एवमादयोऽपि ज्ञेया तथा तथा पण्डितजनात् ॥ ३८॥

ઇન્દ્રિયજય વગેરે તપોનો નિર્દેશ-

ગાથાર્થ- ઇંદ્રિયવિજય, કષાયમથન, યોગશુદ્ધિ ઇત્યાદિ તપો પણ છે, કયો તપ કેવી રીતે કરવો અને કેટલા દિવસનો છે તે તપની આચરણા અનુભવી લોક પાસેથી જાણી લેવું.

ટીકાર્થ :- ઇંદ્રિયવિજય વિશેષ પ્રકારનો તપ છે. તેનો અન્વર્થ (=નામ પ્રમાણે થતો અર્થ) પ્રસિદ્ધ છે. તથા કષાયમથન તપનો પણ અન્વર્થ સ્પષ્ટ જ છે. જેનાથી મન-વચન-કાયાના વ્યાપારો નિર્દોષ બને તે યોગશુદ્ધિ તપ. આ તપનું સ્વરૂપ આચરણાથી જાણી લેવું. તે આ પ્રમાણે-ઇંદ્રિયવિજયમાં એક ઇંદ્રિયને આશ્રયીને પુરિમઢ્ઢ, એકાસણું, નીવિ, આયંબિલ અને ઉપવાસ એ પાંચ તપની એક ઓળી કરવી. એ પ્રમાણે બીજી ચાર ઇંદ્રિયોને આશ્રયીને એક એક ઓળી કરવી. આમ ઇંદ્રિયવિજય તપમાં પચીશ દિવસો થાય. કષાયમથન તપમાં એક કષાયને આશ્રયીને એકાસણું, નીવિ, આયંબિલ અને ઉપવાસ એ ચાર તપની એક ઓળી કરવી.એ પ્રમાણે બીજા ત્રણ કષાયોને આશ્રયીને ત્રણ ઓળી કરવી. આમ કષાયમથન તપમાં સોળ દિવસો થાય. યોગશુદ્ધિ તપમાં નીવિ,આયંબિલ અને ઉપવાસ એ ત્રણની એક ઓળી એવી ત્રણ ઓળી એક એક યોગને આશ્રયીને કરવી. આ તપમાં નવ દિવસો થાય.

આદિ શબ્દથી અષ્ટકર્મસૂદન, તીર્થંકર માતૃ, સમવરણ તપ, નંદીશ્વર, પુંડરીક, અક્ષયનિધિ, સર્વસૌખ્યસંપત્તિ વગેરે તપો સમજવા. તેનો વિધિ વગેરે આ પ્રમાણે છે. અષ્ટકર્મસૂદન તપમાં ક્રમશઃ ઉપવાસ, એકાસણું, એક દાણાનું ઠામ ચોવિહાર આયંબિલ, એકલઠાણું, એકદત્તિ આયંબિલ, નીવિ,આયંબિલ, આઠ કોળિયાનું એકાસણું એ આઠ તપની એક ઓળી એવી આઠ ઓળી કરવી. આમ આ તપ ૬૪ દિવસે પૂર્ણ થાય. ભાદરવા માસમાં તીર્થંકરની માતાની પૂજાપૂર્વક સાત એકાસણાથી તીર્થંકર માતૃતપ થાય છે. ભાદરવા માસમાં જ સમવસરણની પૂજાપૂર્વક એકાસણું, નીવિ, આયંબિલ અને ઉપવાસ એ ચારમાંથી શક્તિ પ્રમાણે કોઈ એક તપ ૧૬ દિવસ સુધી કરવો. એ પ્રમાણે ચાર ભાદરવા માસમાં ચોસઠ દિવસોથી આ તપ પૂર્ણ થાય. અમાવસ્યામાં પટમાં આલેખેલા નંદીશ્વર જિનચૈત્યની પૂજા પૂર્વક ઉપવાસ આદિ કોઈ તપ કરવો એ નંદીશ્વર તપ છે. ચૈત્ર પૂર્ણિમાના દિવસે **શ્રી પુંડરીક ગણધર**ની પૂજા પૂર્વક ઉપવાસ આદિ કોઈ તપ કરવો એ પુંડરીક તપ છે. જિનબિંબ સમક્ષ કળશ સ્થાપીને તેમાં પ્રતિદિન એક મુઠી ચોખા નાખવાથી જેટલા દિવસે તે કળશ ચોખાથી પૂર્ણ ભરાય તેટલા દિવસ એકાસણું વગેરે તપ કરવો એ અક્ષયનિધિ તપ છે. એક એકમમાં, બે બીજમાં, ત્રણ ત્રીજમાં, એમ યાવત્ પંદર પૂર્ણિમામાં ઉપવાસ કરવો એ સર્વ સૌખ્યસંપત્તિ તપ છે. આ પ્રમાણે બીજાં પણ તપો છે. ॥ ૯૩૪ ॥ ૧૯/૩૮

चित्तं चित्तपयजुयं, जिणिंदवयणं असेससत्तहियं ।

परिसुद्धमेत्थ किं तं, जं जीवाणं हियं णत्थि ? ॥ ९३५ ॥ १९/३९

चित्रं चित्रपदयुतं जिनेन्द्रवचनमशेषसत्त्वहितम् ।

परिशुद्धमत्र किं तद्यज्जीवानां हितं नास्ति ? ॥ ३९ ॥

આ તપો આગમમાં દેખાતા નથી એવી શંકાનું સમાધાન કરતા ગ્રંથકાર કહે છે-

ગાથાર્થ :- જિનાગમ અદ્‌ભુત, અથવા અનેક પ્રકારનું છે. જિનાગમ વિવિધપદોથી યુક્ત, સઘળા જીવોને હિતકારક-ઉપકારક અને પરિશુદ્ધ(=નિર્દોષ) છે. જીવોને જે હિતકર છે જિનાગમમાં તે શું નથી ?

ટીકાર્થ :- અદ્‌ભુત જિનાગમમાં અનેક અતિશયો કહેલા હોવાથી જિનાગમ અદ્‌ભુત છે. અનેક પ્રકારનું-અંગશ્રુત અને અંગબાહ્યશ્રુત આદિ ભેદોથી અનેક પ્રકારનું છે.

विविधपदोथी युक्तः- વિવિધ અર્થોનું પ્રતિપાદન કરનારા શબ્દોથી યુક્ત છે.

सघळा जीवोने हितकारक :- ભવ્ય જીવોની યોગ્યતાનુસાર મોક્ષમાર્ગને સ્વીકારવાના ઉપાયોને જણાવનાર હોવાથી સઘળા જીવોને હિતકારક= ઉપકારક છે.

परिशुद्ध :- સુવર્ણની જેમ કષ, છેદ અને તાપથી નિર્દોષ છે.

આ પ્રમાણે જીવોને જે હિતકર હોય અને જિનાગમમાં ન હોય તે શું છે ? અર્થાત્ જીવોને જે હિતકર હોય તે બધું જ જિનાગમમાં છે આથી આ તપ (વર્તમાનકાળમાં) દેખાતા આગમમાં ઉપલબ્ધ થતો ન હોય તો પણ ઉપલબ્ધ છે એમ સમજવું. કારણ કે આ તપ તેવા પ્રકારના લોકોને હિતકર છે. ॥ ૯૩૫ ॥ ૧૯ । ૩૯

सव्वगुणपसाहणमो, णेओ तिहि अट्ठमेहि परिसुद्धो ।
दंसणनाणचरित्ताण एस रेसिंमि सुपसत्थो ॥ ९३६ ॥ १९/४०

सर्वगुणप्रसाधनो ज्ञेयः त्रिभिरष्टमैः परिशुद्धः ।
दर्शनज्ञानचारित्राणामेषः निमित्तं सुप्रशस्तः ॥ ४० ॥

દર્શન-જ્ઞાન-ચારિત્ર તપનું વર્ણન-

गाथार्थ-टीकार्थ :- દર્શન-જ્ઞાન-ચારિત્ર નિમિત્તે ત્રણ અઠ્ઠમોથી તપવિશેષ થાય છે. આ તપ સર્વગુણોને લાવનાર, નિર્દોષ અને અતિશય શુભ છે. આમાં એક અઠ્ઠમ દર્શનગુણની શુદ્ધિ માટે છે. એ પ્રમાણે બીજા બે અઠ્ઠમ જ્ઞાન અને ચારિત્રની શુદ્ધિ માટે છે. ॥ ૯૩૬ ॥ ૧૯ । ૪૦

एएसु वट्टमाणो, भावपवित्तीएँ बीयभावाओ ।
सुद्धासयजोएणं, अनियाणो भवविरागाओ ॥ ९३७ ॥ १९/४१

एतेषु वर्त्तमानो भावप्रवृत्त्या बीजभावात् ।
शुद्धाशययोगेन अनिदानो भवविरागात् ॥ ४१ ॥

સર્વાંગસુંદર આદિ તપોમાં જીવ (મને સુંદર શરીર મળે ઇત્યાદિ) નિદાન સહિત પ્રવૃત્તિ કરે છે, આથી આ તપો કરવા યોગ્ય નથી એવી શંકાને દૂર કરવા આ તપોમાં પ્રવૃત્તિ કરનાર જીવનિદાન રહિત છે તે જણાવે છે-

गाथार्थ :- (**भावपवित्तीए**=) બહુમાનપૂર્વકની ક્રિયાથી આ તપોમાં પ્રવર્તતો જીવ (**सुद्धासयजोगेणं**=) શુદ્ધાશયના સંબંધથી બોધિબીજ થવાથી અને ભવવિરાગ થવાથી નિદાનરહિત છે.

टीकार्थ :- આ તપોમાં પ્રવૃત્તિ કરતો જીવ બહુમાનપૂર્વક ક્રિયા કરે છે આથી નિદાન રહિત છે. કારણ કે બહુમાનપૂર્વકની ક્રિયાથી શુભાશય= શુભ અધ્યવસાય થાય છે. શુભ અધ્યવસાયથી બોધિબીજ અને સંસારનિર્વેદ થાય છે. આથી આ તપો સંસારનિર્વેદ વગેરેનું કારણ થાય છે. જે સંસારનિર્વેદ વગેરેનું કારણ હોય તે બોધિ આદિની માગણીની જેમ નિદાન નથી. ઉક્ત તપો કેટલાક જીવોને સંસારનિર્વેદ આદિના હેતુઓ હોવાથી નિદાન રહિત છે. ॥ ૯૩૭॥ ૧૯/૪૧

विसयसरूवणुबंधेहिं तह य सुद्धं जओ अणुट्ठाणं ।
णिव्वाणंगं भणियं, अण्णेहिवि जोगमग्गंमि ॥ ९३८॥ १९/४२

विषयस्वरूपानुबन्धरूद्येषु तथा च शुद्धं यतोऽनुष्ठानम् ।
निर्वाणाङ्गं भणितमन्यैरपि योगमार्गे ॥ ४२ ॥

एयं च विसयसुद्धं, एगंतेणेव जं तओ जुत्तं ।
आरोग्गबोहिलाभाइपत्थणाचित्ततुल्लं ति ॥ ९३९॥ १९/४३ ॥ जुम्मं ॥

एतच्च विषयशुद्धमेकान्तेनैव यत्ततो युक्तम् ।
आरोग्य-बोधिलाभादि-प्रार्थना-चित्ततुल्यमिति ॥ ४३ ॥ युग्मम्

આ તપો નિદાન રહિત હોવાથી જ મોક્ષનું કારણ છે એ વિષય અન્ય આચાર્યોના મતથી જણાવતા ગ્રંથકાર કહે છે :-

ગાથાર્થ :- અન્ય દર્શનીઓએ પણ અધ્યાત્મશાસ્ત્રોમાં વિષય, સ્વરૂપ અને અનુબંધથી શુદ્ધ અનુષ્ઠાનને મોક્ષનું કારણ કહ્યું છે. આથી આ તપો વિષયાદિથી શુદ્ધ હોવાથી નિદાન રહિત છે.

ટીકાર્થ-વિષયશુદ્ધ :- વિષય એટલે તપનું આલંબન, જેમ કે તીર્થંકર નિર્ગમન તપનું તીર્થંકરની પ્રવ્રજ્યા આલંબન છે= નિમિત્ત છે. જે તપમાં વિષય શુદ્ધ હોય તે તપ વિષયશુદ્ધ છે.

સ્વરૂપશુદ્ધઃ- જે તપનું આહારત્યાગ, બ્રહ્મચર્ય, જિનપૂજા, સાધુદાન આદિ સ્વરૂપ શુદ્ધ હોય તે તપ સ્વરૂપશુદ્ધ છે.

અનુબંધશુદ્ધઃ- જે તપના પરિણામનો ભંગ ન થાય, બલ્કે ઉત્તરોત્તર વધે એ તપ અનુબંધશુદ્ધ છે. ॥ ૯૩૮॥ ૧૯ । ૪૨

ગાથાર્થઃ- (**एतच्च**=) અનંતર ઉક્ત તપ વિષયશુદ્ધ છે. વિષયશુદ્ધ હોવાથી આરોગ્યબોધિલાભ આદિની પ્રાર્થનાવાળા ચિત્તની તુલ્ય છે. આથી સર્વથા સંગત જ છે

ટીકાર્થ :- અનંતરોક્ત તપ સર્વ દોષોથી રહિત તીર્થંકરના આલંબનવાળું હોવાથી વિષયશુદ્ધ છે. આથી એ તપ માગણીથી યુક્ત હોવા છતાં **आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु**= "મોક્ષને, મોક્ષનું કારણ બોધિલાભને અને બોધિલાભનું કારણ ઉત્કૃષ્ટ સમાધિને= સમતાને આપો." એવી માગણીની પ્રધાનતાવાળા ચિત્ત સમાન હોવાથી સર્વથા જ સંગત છે, અર્થાત્ જેમ આવી માગણી નિદાન નથી, તેમ આ તપનો વિષય અરિહંત હોવાથી આ તપ નિદાનરૂપ નથી. ॥ ૯૩૯॥ ૧૯ । ૪૩

जम्हा एसो सुद्धो, अणियाणो होइ भावियमईणं ।
तम्हा करेह सम्मं, जह विरहो होइ कम्माणं ॥ ९४०॥ १९/४४
यस्मादेतत् शुद्धमनिदानं भवति भावितमतीनाम् ।
तस्मात् कुरुत सम्यग् यथा विरहो भवति कर्मणाम् ॥ ४४ ॥

एकोनविंशतितमं पञ्चाशकं समाप्तम् ॥ १९ ॥

આ પ્રમાણે હમણાં જ કહેલો (સર્વપ્રકારનો) તપ નિદાનથી રહિત છે એમ સિદ્ધ કર્યું. હવે ઉપદેશ આપતા ગ્રંથકાર કહે છે-

ગાથાર્થ :- અનંતરોક્ત તપ સદાગમથી વાસિત ચિત્તવાળા જીવોને પૂર્વોક્ત યુક્તિથી નિદાન રહિત નિર્દોષ થાય છે. આથી ભાવશુદ્ધિથી જ્ઞાનાવરણીયાદિ કર્મોનો વિરહ= નાશ થાય તે રીતે આ તપ જ કરો.

ટીકાર્થ :- અહીં વિરહ શબ્દના પ્રયોગથી આ પ્રકરણ આચાર્ય શ્રી **હરિભદ્રસૂરિ** મહારાજે કર્યું છે એનું સૂચન કર્યું છે. કારણ કે વિરહ શબ્દ તેમની કૃતિનું ચિહ્ન છે. ॥ ૯૪૦॥ ૧૯/૪૪

ઓગણીસમાં પંચાશકની ટીકા પૂર્ણ થઈ.

શ્વેતાંબરોમાં મુખ્ય આગમવેદી પુરુષોમાં શ્રેષ્ઠ અને ચૌદસો (૧૪૦૦) પ્રકરણોના પ્રણેતા સુગૃહીતનામધેય આચાર્ય **શ્રી હરિભદ્રસૂરિ**એ રચેલા **'પંચાશક'** નામના પ્રકરણની 'શિષ્યહિતા' નામની આ ટીકા સમાપ્ત થઈ.

તાડપત્ર - પૂ. યશોભદ્રસૂરિવૃત્તિ લેખન પ્રશસ્તિ

વિશાલ ચંદ્રકુળમાં ચંદ્રના કિરણ સદૃશ ઉજ્જ્વળ ગુણથી યુક્ત, કલિકાળના કલંકિત મળથી મુક્ત શ્રી **જિનેશ્વર** નામના સૂરીશ્વર થયા (૧) તેમના શિષ્યોમાં જિનશાસનની સાધના કરવામાં જ એકાગ્ર મનવાળા,

તપ તેજથી સૂર્યની જેવા પ્રસિદ્ધ **શ્રી જિનચંદ્રસૂરીશ્વર** નામના શ્રેષ્ઠ શિષ્ય છે.(૨)

ભવ્યજીવોને બોધ કરવામાં તત્પર, સ્થવિરના જેવા સ્થિર, આગમના જાણકાર **શ્રી અભયદેવસૂરીશ્વર** નામના તેમના બીજા પણ ઉત્તમભવ્ય શિષ્ય છે. (૩) તથા દૃઢધર્મી, ધર્મની રૂચિવાળા, ધર્મના ઉપદેશક મુનિ **શ્રી ધર્મદેવઉપાધ્યાયજી** તેમના શિષ્ય છે. (૪)

શ્રી **લાટ**દેશમાં શુદ્ધવંશી લોકોથી સમૃદ્ધ, જિનમંદિરોથી સમૃદ્ધ, રત્નનો જાણે સમુદ્ર હોય, એવું **વટપદ્ર** નામનું નગર છે, જ્યાં **રત્નસમુદ્ર** નામનો રાજા છે. (૫)

તે નગરમાં શ્રદ્ધાળુ, દૃઢ સમ્યકૃત્વવાળો, વિચક્ષણતા ગુણથી યુક્ત જીવાદિ પદાર્થોનો જ્ઞાતા, ધન-ધાન્યથી આઢ્ય, નિર્મળચિત્તવાળો **અમ્મ** નામનો શ્રેષ્ઠ શ્રાવક અમાત્ય વસે છે જેણે આ મનુષ્યલોકમાં યુવાની, ધન,ધાન્ય વગેરેને અનિત્ય જાણીને પરલોક સંબંધી ધર્મકાર્યો કરવા દ્વારા પોતે કૃતકૃત્ય થયો છે. (૬-૭)

તેની **હોલ્લા** નામની પત્ની છે જે સ્થિર સ્વભાવવાળી, સંસારભાવનાથી ભાવિત, નિર્મળ ચિત્તવાળી, સંવેગમાં તત્પર, સત્યવક્તા, વિનયી, જિનપૂજાના કર્તવ્યમાં રક્ત, ગુરુસાધુને દાન આપવામાં તત્પર ધર્મમાં જ રાગી, તપ અને સંયમમાં ઉદ્યમી, દાનની રુચિવાળી, રૂપવતી સ્વભાવથી જ કરુણાસભર ચિત્તવાળી અને જિનવચનથી ભાવિત મતિવાળી છે. (૮-૯-૧૦)

જ્ઞાનનું દાન એ જ જૈનધર્મની પ્રાપ્તિનું ઉત્તમ સાધન છે એમ પોતાની પત્નીની સાથે સમ્યગ્ વિચારીને જ્ઞાનદાનના રાગી બનેલા કલિકાલમાં ધર્મ એ જ મોટામાં મોટો પરોપકાર છે. એમ જાણીને શ્રુતજ્ઞાન ઉપરના આદરથી નિર્જરાને માટે તે **અમ્મ** અમાત્યે પાપનો નાશ અને સંસારનો ઉચ્છેદ કરનારી યશકીર્તિ જેવા ઉજ્જ્વળ વર્ણવાળી સૂત્રસહિત **શ્રી પંચાશકસૂત્ર**ની વૃત્તિ લખાવી છે. (૧૧-૧૨-૧૩)

જ્યાં સુધી મેરુપર્વતની શિખા છે, જ્યાં સુધી ચંદ્રસૂર્ય પોતપોતાના માંડલામાં ભ્રમણ કરે છે,જ્યાં સુધી ગ્રહ અને નક્ષત્રો છે. ત્યાં સુધી આ પુસ્તક વૃદ્ધિ પામો. (૧૪)

શ્રુતજ્ઞાનના દાનથી મનુષ્ય નિશ્ચે અત્યંત કૃતાર્થ થાય છે, લોકમાં પ્રશંસાને પામે છે અને કદી પણ આપત્તિને પામતો નથી. (૧૫)

જ્ઞાન વડે મનુષ્યલોકમાં જીવ સર્વપદાર્થોનો જ્ઞાતા બને છે, પૂજનીય બને છે, અને યશને વરેલો પ્રશંસનીય બને છે. (૧૬)

જિનેશ્વરભગવંતે પ્રરૂપેલું જ્ઞાન વિવેકને ઉત્પન્ન કરે છે, વળી તે મોક્ષસુખનું પ્રધાન કારણ છે, અને એકમાત્ર તે જ નરકગતિનું નિવારણ કરનાર છે. (૧૭)

જ્ઞાનનું દાન કરનાર મનુષ્ય કદાપિ અપયશના કલંકને પ્રાપ્ત કરતો નથી. શ્રુતજ્ઞાનના દાન વડે નિર્વિકલ્પે સંસારના વિસ્તારને ઉલ્લંઘી જાય છે. (૧૮)

જ્ઞાનનું ફળ વિરતિ છે, વિરતિથી આશ્રવનો નિરોધ થાય છે,આશ્રવનો નિરોધ થવાથી સંવર થાય છે અને સંવરથી વિપુલ તપ થાય છે. (૧૯)

તપનું ફળ નિર્જરા છે, નિર્જરાથી કર્મનો ક્ષય થાય છે. કર્મના ક્ષયથી જીવ સિદ્ધ, બુદ્ધ અને શાશ્વત બને છે. (૨૦)

શ્રી હરિભદ્રસૂરિવિરચિત **શ્રી પંચાશકસૂત્ર**ની **શ્રીયશોભદ્રસૂરિ**વિરચિત ટીકાનો ભાવાનુવાદ કરવામાં મારા મંદ ક્ષયોપશમના કારણે જિનાજ્ઞાથી વિરુદ્ધ તેમજ **શ્રી ગ્રંથકારમહર્ષિ** અને **શ્રી ટીકાકાર મહર્ષિ**ના આશય વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં.

॥ શ્રી ॥ **॥ શુભં ભવતુ ॥** **॥ શ્રી ॥**

● ● ●

Manav Kalyan Sansthan



પંચાશક પ્રકરણ ગુજરાતી ભાવાનુવાદ

Manav Kalyan Sansthan